1948 - 1958

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧, ૧૯૫૮, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

* મેં રાજકારણ શા માટે છોડ્યું ? *

(ગતાંકથી ચાલુ)

(શ્રી. જયપ્રકાશ નારાયણના પ્રસ્તુત નિવેદન અંગે વિનોબાજી જણાવે છે કે "જ્યારથી જયપ્રકાશજી સાથે મારો પરિચય થયો છે ત્યારથી તેમના અનેક ગુણોની મારા પર છાપ પડી છે. તે બધામાં મને સૌથી વધારે ખેંચે છે તેમના હૃદયની સરળતા. એમની સરળતાને કારણે તેમનાં માટે ઠીક ઠીક ગેરસમજ પણ થઇ છે. એ જ સરળતાને લીધે તે પોતે પણ ભૂલો કરી શકે છે. ગાંધીજીએ સ્વરાજ્યની એક વ્યાખ્યા 'ભૂલ કરવાનો હક્ક' એવી કરેલી. જે ભૂલ નથી કરી શકતો તે કશું જ કરી શકતો નથી. જયપ્રકાશજીના નિવેદનમાં વાચકોને સરળ હૃદયનું સ્વચ્છ ચિત્ર જોવા મળશે, એમના વૈચારિક પરિવર્તનની એક સુવ્યવસ્થિત પ્રક્રિયાનું તેમને દર્શન થશે. એના પડઘા ઘણાના હૃદયમાં પડશે. મારી તો નિશ્ચિત માન્યતા છે કે અનેકવિધ એકાંગી સદ્‌વિચાર-ધારાઓ પરિપૂર્ણતાને શોધતી છેવટે સર્વોદયના સમુદ્રમાં મળવાની છે. આ જે કાંઈ બને તે ખરું, પણ એમનું એ નિવેદન સર્વોદય વિચારના ઊંડાણમાં લઈ જવા માટે, વાંચકોને ચિન્તન માટે જરૂર પ્રેરણા આપશે એવો મને વિશ્વાસ છે." અહિં જણાવતાં આનંદ થાય છે કે શ્રી જયપ્રકાશના આ નિવેદનનો હિંદી અનુવાદ 'સર્વોદય કે માર્ગ પર' સર્વ સેવા સંઘ, રાજઘાટ, કાશી તરફથી બહાર પાડવામાં આવેલ છે અને તેની કિંમત ચાર આના રાખવામાં આવી છે. **તંત્રી**)

ભારત માટે પાઠ

આ બધું આપણને અને ઔદ્યોગિક રીતે પછાત એવા એશિયાના બીજા બધા દેશોને પાઠ શીખવી જાય છે. દરેક એશિયાઈ દેશ ઔદ્યોગીક વિકાસ ઝડપી ગતિએ કરવા ઇચ્છે છે. રશિયા અને બીજા સામ્યવાદી દેશોનો અનુભવ વધુ ઝડપથી દોડવાથી શું પરિણામો આવે છે તે આપણને શીખવે છે. આથી, એશિયાએ સમાજવાદ પ્રાપ્ત કરવા પોતાને અનુકુળ એવો માર્ગ શોધવો રહ્યો અને ઔદ્યોગીકરણનું માળખું પણ પોતાની સગવડ ને સાધનો મુજબ જ ગોઠવવું રહ્યું. જો એમ માનવામાં આવતું હોય કે ઔદ્યોગીકરણની ઝડપ ગમે તે રહી, પણ લોકશાહી ઢબે કાર્યક્રમ આગળ ધપતો રહે તો કાંઇ વાંધો નથી, તો તે માન્યતા ભ્રામક છે. રશિયા અને બીજા દેશોનો રાજકિય આર્થિક અનુભવ આપણને કહી જાય છે કે અમુક મર્યાદા બહારની ગજબની એવી ઝડપ રાખવાથી સરમુખત્યારશાહી પેદા થવાના સંજોગો ચોક્કસપણે ઉભા થતાં જ રહે છે.

મારા માનસિક ઘડતરની વાત આગળ ચલાવું તો જેમ જેમ આ બધા અનુભવની છાપ મારા મન પર સચોટતાથી પડતી ગઇ તેમ તેમ વિકેન્દ્રીકરણ તરફ મારું મન લોભાતું ગયું, રાજ્યની સત્તાની પકડ પણ ઢીલી પડવી જોઇએ એમ મને થતું ગયું અને મને એમ થવા લાગ્યું કે સામાજીક નિયમનો અને વિકાસના જુદા જુદા સ્વરૂપોનો અવશ્ય વિચાર થવો જોઇએ.

માર્કર્સવાદ પ્રમાણે તો જો સામાજીક ક્રાન્તિ થતી હોય તો બધાં સાધનો સાચા જ ગણાય છે. માર્કર્સવાદને નીતિ નિયમો સાથે સંબંધ નથી. પણ જો કે માર્કર્સવાદીઓને આ માટે ભલેને ઉતારી પાડવામાં આવતા હોય પણ, શબ્દોમાં નહીં તો વર્તનમાં, તો સમસ્ત રાજકારણમાં વર્ષોથી હકીકતે આવું બનતું જ રહ્યું છે. આજે પણ દરેક જગ્યાએ રાજકિય પગલાની ભૂમિકા એ હોય છે કે સાધ્ય સારૂં હોય તો સાધન તો ગમે તે હોય તે ચાલે. મહાત્મા ગાંધીજી જેવી મહાન વિભૂતિ કોઇક જ વાર રાજકિય ક્ષેત્રમાં ચમકી જાય છે ને ધર્મ ને રાજકારણનો સમન્વય કરવાનો ગંભીર પ્રયત્ન થતો રહે છે.

રશિયાની બાબતમાં તો ખરાબ સાધનોથી ખરાબ હેતુઓ સાધવામાં આવ્યા હતા. ખાસ કરીને કહેવાતા રાજકિય શુદ્ધિ (purge) માટેના પ્રયાસોમાં જે ભયંકર કત્લે આમ ચલાવવામાં આવી હતી તેથી માર્કર્સવાદના ક્રાન્તિકારી શાસ્ત્રમાંથી મારો વિશ્વાસ સમૂળગો ઉડી ગયો અને હું પોતે મારા મનમાં નિર્ણય કરવા લાગ્યો કે ખરાબ સાધનો વડે હિતકારક સાધ્ય કદિ પણ સાંપડી શકે ખરૂં ?

હું જેમ આ બધી વિમાસણમાં પડ્યો હતો તેમ કોંગ્રેસ સમાજવાદી પક્ષ ને બીજા મારા સહકાર્યકર્તાઓ પણ પડ્યા હતા. આ વિચાર-મંથન મને ગાંધીજીની વધુને વધુ સમીપ લાવતું હતું. પણ હજુ હું પૂરો પલોટાયો ન હતો અને તેથી લોકશાહી સમાજવાદના મધ્યાંતરે આવીને હું અટકયો. મારે કાંઇક એવો માર્ગ પકડવો હતો કે જે સમાજવાદના વિવિધ સ્વરૂપોને હું ધીક્કારતો થયો હતો તેમાંનો ન હોય, અને છતાં જે સમાજમાં આમૂલાગ્ર ક્રાન્તિ લાવી સ્વતંત્રતા, સમાનતા, ભ્રાતૃભાવ-એ બધા માનવગુણોને વિકસાવવામાં મદદકર્તા નિવડે. મારે કહેવું જોઇએ કે મારા વિચારોને ચોક્કસ સ્વરૂપ આપવું મુશ્કેલ હતું અને એ કાર્ય હજી પણ અધૂરું જ છે.

સમાજવાદ-યુરોપ, રશિયા અને એશિયાનો

જ્યારથી એશિયાઇ દેશોએ યુરોપથી છૂટા પડી સ્વતંત્રતા મેળવવા માંડી છે, ત્યારથી આપણને સૌને જાતજાતની સલાહ સૂચનાઓ મળતી રહે છે. જો યુરોપનો સામ્યવાદ નિષ્ફળ સાબીત થયો છે, તો યુરોપનો સમાજવાદ પણ સફળ સાબીત થયો નથી જ. આંતરરાષ્ટ્રીય સમાજવાદના ક્ષેત્રમાં જર્મનીની સોશિયલ ડેમોક્રેટીક પાર્ટીનું નામ મોટું હતું. તેની સાથે એંજલ્સ, બેબેલ, કૉટ્સ્કી, લીબ્નેકટ, અને બીજાનાં નામો જોડાયેલાં હતાં. પણ, પ્રથમ વિશ્વયુદ્ધ પછી તેમને તક મળી ગઇ હોવા છતાં પરિણામ ખૂબ નિરાશાજનક જ આવ્યું. ફ્રેંચ સમાજવાદની તવારીખ તો ખૂબ દુઃખદ છે. ઇંગ્લંડ પણ હજી સમાજવાદી લોકશાહીના ધ્યેયને પહોંચ્યું નથી અને મજૂર પક્ષે જે 'કલ્યાણકારી રાજ્ય'ની કલ્પના ઉભી કરી છે તેમાં ગાબડાં પડતા રહે છે ને એવો ભય ઉભો થાય છે કે તે 'તકસાધુ રાજ્ય' બની જશે. સ્વીડનની સિદ્ધિઓ સારી છે. ત્યાંની વસ્તીનું પ્રમાણ ઓછું છે ને સહકારી ક્ષેત્ર ઉપર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. સમાજવાદને સર્વોદયને માર્ગે ફેરવવામાં સ્વીડનનો અનુભવ આપણને ખૂબ ઉપયોગી બને તેમ છે.

એક બીજી વાત. માર્કર્સ અને બીજા વિચારકોને આધારે પણ સમાજવાદ યુરોપમાં મૂડીવાદ પૂર્ણ મધ્યાન્હે પહોંચ્યો પછી આવ્યો. એશિયામાં હજી ઔદ્યોગીક મૂડીવાદી વિકાસની શરૂઆત થાય છે. યુરોપને મુકાબલે એશિયાઇ દેશો વધુ પડતા ખેતીપ્રધાન છે ને ખેતીનું અર્થશાસ્ત્ર દેશના અર્થતંત્રને વધુ પડતું અસર કરનારૂં છે. આમ યુરોપીય

સમાજવાદ કે રશિયાના સામ્યવાદ કરતાં જુદી એવી વિચારસરણીએ ને ઢબે આગળ વધવાની આપણે ત્યાં આવશ્યકતા ઉભી થાય છે. આપણે કયો માર્ગ પકડવો તે નક્કી કરતાં પહેલાં બે અનુભવો આપણે બરાબર પચાવવા જોઇએઃ એક તો, સામાજીક ક્રાન્તિની ગાંધીજીની વિચારસરણી અને તે રીતે આગળ વિચારતાં ભૂદાન, ગ્રામદાન અને ગ્રામરાજના નવા વિચારો; અને બીજી બાજુ સમાજવાદ તરીકે ખોટી રીતે ઓળખાતા પગલાંઓ, જેવા કે આર્થિક કે ઔદ્યોગીક એકમોનું તુમારશાહી સંચાલન અને રાજકીય માલીકી ને અંકુશ નીચે આર્થિક પ્રવૃત્તિના અનુભવો. આ બંનેની ચકાસણી થવી જોઇએ.

સમાજવાદથી સર્વોદય તરફ

મેં ઉપર જે પ્રવાહો આલેખ્યા છે તે વ્યક્તિગત છે તેવું કશું નથી. જૂના સમાજવાદી પક્ષ અને કોંગ્રેસ સમાજવાદી પક્ષના કાર્યકર્તાઓની આ સામૂહિક વિચારણા હતી. નિર્ણયો પણ લગભગ સાથે બેસીને વિચાર્યા હતા. લોકશાહીના સિદ્ધાંતોનો આગ્રહ, વિકેન્દ્રીકરણની ખાસ જરૂરિઆત, સાધ્યને અનુરૂપ એવા જ સાધનો હોવા જોઇએ તેવી તીવ્ર ઇચ્છા—આ બધો સામાન્ય અનુભવમાંથી તારવેલો સારબોધ હતો. આવી રીતે માર્કર્સ–લેનીનથી પ્રભાવિત કોંગ્રેસ સમાજવાદી પક્ષનું લોકશાહી સમાજવાદી પ્રજાસમાજવાદી પક્ષમાં રૂપાંતર થતું ગયું. અહીં સુધી પક્ષના કાર્યકર્તાઓ ને હું સહપ્રવાસી હતા.પણ પછીથી અમે છૂટા પડયા. તે છૂટા પડવાનું નિમિત્ત તે કે જેને 'જીવનદાન'નું મોટું નામ આપવામાં આવ્યું છે. આ જીવનદાનનો અર્થ એટલો જ કે પક્ષ ને સત્તાના રાજકારણમાંથી નિવૃત્તિ લઈ જીવનનો શેષ ભાગ ભૂદાન અને સર્વોદય પ્રવૃત્તિમાં ગાળવાનો મેં સુખદ નિર્ણય લીધો.

મારા જીવનપથને ઉજાળતી જે દીવાદાંડીઓ હતી—ભ્રાતૃભાવ, સમાનતા અને સ્વતંત્રતા અને જેણે મને લોકશાહી સમાજવાદ સુધી પહોંચાડયો હતો તે મને આગળને આગળ પ્રકાશ દેખાડતી ગઈ. મને દુઃખ માત્ર એટલું જ છે કે ગાંધીજીની હયાતી દરમ્યાન મને આ રસ્તો ન સૂઝયો. થોડા વર્ષથી મારા મનમાં એવું વસી ગયું છે કે આજે સમાજવાદને આપણે જે રીતે સમજીએ છીએ તે રીતે તે માનવસમાજને સ્વતંત્રતા, ભ્રાતૃભાવ, સમાનતા અને શાંતિના ધ્યેય સુધી પહોંચાડી શકશે નહીં. અલબત્ત, બીજી કોઈ પણ સામાજીક વિકાસની પદ્ધતિ કરતાં સમાજવાદ આ ધ્યેયની નજીક જવા માટે મહત્વનું ને કિંમતી સાધન છે. પણ, ઉપર દર્શાવેલા ધ્યેયને પહોંચવાનો રાજમાર્ગ તો એક જ છે અને તે સર્વોદય. સ્વતંત્રતાનું સ્વપ્નું ખોટું પડયું એમ કહેનારા કહે છે તેમ સમાજવાદનું સ્વપ્નું પણ ખોટું ન પડે તે માટે સમાજવાદના વિચારોનું સર્વોદયના વિચારોમાં પરિવર્તન થવાની જરૂર છે.

માનવસ્વભાવ, ચૈતન્ય, સમાજ, સંસ્કાર, આધુનિક વિજ્ઞાન એ બધા ગહન વિષયો પર વિચાર કરતાં મને એવું લાગ્યું છે કે નીતિશાસ્ત્રના મૂળમાં એ રહેલું છે કે મનુષ્ય તેના અસ્તિત્વના મૂળનો વિચાર કરે અને પોતાના આત્માને ખોળે અને ઢંઢોળે. આટલું જે અનુભવે તેને માટે નીતિમાર્ગનું અનુસરણ એટલું જ રહેલું અને સ્વાભાવિક છે, જેટલું શ્વાસોચ્છવાસ લેવાનું કાર્ય છે. મને ખબર છે કે કેટલાકને આ બધું રાજકીય અને આર્થિક આંદોલનની ચર્ચા માટે અપ્રસ્તુત લાગવાનો સંભવ છે. મને તો એવી પ્રતીતિ થઈ ચૂકી છે કે વ્યક્તિગત અને જાહેર, આર્થિક અને બીજા એવા અનેક પગલાંઓની નિર્ણયાત્મક ભૂમિકા માનવ જીવન તરફની દરેકની શું દૃષ્ટિ છે તે પર આધારિત છે.

સમાજવાદ અને જરૂરિયાતો ઉપર મર્યાદા

સમાજવાદ અને સામ્યવાદ બંને ભૌતિક સમૃદ્ધિ ઉપર ખાસ ભાર મૂકે છે. ઉત્પાદન વધતું રહેવું જોઇએ અને જીવનધોરણની સપાટી ઉંચીને ઉંચી આવતી રહેવી જોઇએ એવું ઇચ્છે છે. માણસની જે સ્થૂળ જરૂરિયાતો રહે છે તે સંતોષાવી જોઇએ જ એ બરાબર છે. ગરીબ અને પીડિતો વતી જ્યારે આ કહેવામાં આવે ત્યારે આ બાજુ તરફ દુર્લક્ષ કરી જ ન શકાય. ભારત જેવા ગરીબ અને આર્થિક દૃષ્ટિએ પછાત એવા દેશમાં સામાજીક ઉત્થાનનું મુખ્ય લક્ષ જનતાના જીવનધોરણમાં વધારો કરવાનું જ હોઈ શકે. એ પણ તદ્દન સાચું છે. પણ–આ સાથે સાથે એ પણ જાણી લેવું જોઇએ કે સ્થૂળ સમૃદ્ધિ ઉપર જ ભાર મૂકવો અને માણસની રાક્ષસી ભૂખ ઉઘાડી તેની જરૂરિયાતો વધાર્યે જ જવી એ વિચારધોરણ હિતકારક નથી. જો માનવ સમાજમાં જરૂરિયાતો વધારવાની જ હરીફાઈ થતી આવે તો તે સંતોષી શકાય નહીં અને પરિણામ અશાંતિમાં જ આવે. માનવ જરૂરિયાતોની માંગ–આવશ્યક, સામાન્ય, મોજશોખની ને બીજી જાતની–જો વધતી ને વધતી જ રહે તો કોઇ પણ કાળે તે સંપૂર્ણતઃ સંતોષી શકાય નહીં અને પરિણામે વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે, જૂથ–જૂથ વચ્ચે અને રાષ્ટ્રો–રાષ્ટ્રો વચ્ચે બિનઅંકુશિત હરિફાઇઓ થતી જ રહે. આમાં એક આગળ વધી જાય, બીજો તેને પહોંચવા પ્રયત્ન કરે, ત્રીજો પોતાનો પહેલો નંબર સાચવી રાખવા જ પ્રયત્ન કરે, ચોથો બધાને ગમે તેમ મહાત કરીને આગળ આવવાના વિચારમાં રહે. આવા સમાજમાં અશાંતિ, અરાજકતા, હિંસા, યુદ્ધ એ બધું અનિવાર્ય બની રહે છે. મેં ઉપર ઉલ્લેખ કર્યો તે બધાં જીવનના મૂલ્યોને ગૌણસ્થાન આપવામાં આવે છે. મુખ્યસ્થાન આ "ભૂખ" લે છે. ધર્મ, કળા, તત્વજ્ઞાન, વિજ્ઞાન એ બધાને જીવનની આ 'ભૂખ' સંતોષાય તે માટે તહેનાતમાં ખડે પગે રહેવું પડે છેઃ જરૂરિયાતો વધારો, તે બધી સંતોષો, તે સંતોષાય તે પહેલાં બીજી જરૂરિયાતો ખોળી કાઢો. સમાનતા, ભ્રાતૃભાવ, સ્વતંત્રતા એ બધું આ ભૌતિક સમૃદ્ધિના પૂરમાં ખેંચાઈ જશે. માનવજીવનની પ્રતિષ્ઠા નહીં રહે, તેનું સમતુલન નહીં રહે. આજે તો સામાન્યપણે બધા રાજકીય પક્ષો—સમાજવાદી પક્ષ, મજૂર પક્ષ અને મજૂર સંગઠન વિ.–કોઇ પણ જીવનની સમગ્ર દૃષ્ટિની (whole view of life) વાત નથી કરતું. કરે છે ફકત જીવનની ભૌતિક સુખ–સગવડની વાતો (material aspects of life) મેં જે બાબત રજુ કરી છે તે રીતે જો સમાજવાદી પક્ષ સમજે તો વિજ્ઞાન, ઔદ્યોગીકરણ, સામાજીક ઘડતર અને આંતરરાષ્ટ્રીય સંબંધો એ બધા પ્રશ્નો પરત્વેના તેમના દૃષ્ટિબિન્દુમાં ફરક પડી જાય.

સમાજવાદી માર્ગ તો એ છે કે સૌ કોઇના સામૂહિક પ્રયાસોથી જે કાંઈ સૌ કોઈ માટે મેળવે તેનો ઉપભોગ સ્વેચ્છાએ સૌને કરવા દેવો જોઇએ. આમાં આ બેંચણી જેટલી વધુને વધુ અંતઃકરણપૂર્વકની થાય તેટલી માત્રામાં સમાજવાદની સફળતા વધે ને સમાજમાં વિષમતા ને સંઘર્ષ ઘટે. જે વ્યક્તિઓનો સમાજ બને છે તે બધાં સ્વેચ્છાએ પોતાની જરૂરિયાતો અંકુશિત રાખે તો જ આમ બની શકે. આ સ્વેચ્છા, શિસ્ત, વ્યવસ્થા રશિયાની જેમ કેન્દ્રીતપણે થઇ શકે અથવા આત્મ સંયમ દ્વારા થઇ શકે, આત્મસંયમ કેળવી, જરૂરિયાતો મર્યાદિત કરી, હસ્તે મોંએ, તે બીજાને સહકાર આપે તેટલો સમાજવાદ વધુ વ્યવહારૂ બને. આમાં ઉપરથી નિયમની ફરજ પાડવામાં આવે અને માનવના દિલમાં ભાવના જાગે એ બે વચ્ચેનો ફરક પાયાનો બની રહે છે.

પક્ષીય અને બિનપક્ષીય રાજકારણ

આ ચર્ચા સર્વોદય અને સમાજવાદ, પક્ષ અને સત્તાનું રાજકારણ અને તેથી સદંતર વિરહનું એવું રાજકારણ એ બધી સમસ્યાઓના વર્તુળના મધ્યબિન્દુમાં મને ખેંચી જાય છે. ચર્ચા–વિચારણા અર્થે વિનોબાજીએ આ માટે **રાજનીતિ** અને **લોકનીતિ** એવા શબ્દો વાપર્યા છે. મેં રાજકારણમાંથી છૂટા થવાનું નક્કી કર્યું એનું કારણ મને કંટાળો આવ્યો હતો એ નહીં, અથવા હું હિંમત હારી ગયો છું એ નહીં, પણ રાજકારણ મારફતે આપણે જે હેતુ સાધવો છે તે સાધી શકાશે નહીં જ એમ મને ચોક્કસ દેખાવા લાગ્યું એ છે. આપણો હેતુ તો ચોક્કસ છે જ—સમાનતા, સ્વતંત્રતા ભ્રાતૃભાવ અને શાંતિ. શું તે પક્ષ ને સત્તાના રાજકારણ મારફતે જ સાધી શકાશે? રાજકારણ એટલે રાજ્યશાસ્ત્ર, તે મારફતે નહીં તો બીજા કોઇ માર્ગે

આ શક્ય છે? રાજ્ય સિવાય બીજા કોઈ માર્ગે સામાજીક માળખાને બદલી શકાય ખરૂં જેથી આપણો ઝડપી વિકાસ સાધી શકાય?

બીજો માર્ગ—લોકસેવકસંઘ અને ગાંધીજી

બીજો શક્ય માર્ગ જરૂર છે. મહાત્મા ગાંધીજીએ આપણને તે બતાવ્યો હતો. પણ મારે કબુલ કરવું જોઇએ, એ મને પહેલા દેખાતો ન હતો. સ્વરાજ્યની લડતમાં ગાંધીજીએ અહિંસાનો વિજય થતો આપણને દેખાડયો હતો. આપણને એમાં શ્રદ્ધા હતી જ એવું નથી, પણ એ માર્ગે આપણે સફળ થયા, લોકજાગૃતિ જણાઈ અને આંદોલન જાગ્યું. બીજા બધા કહેવાતા માર્ગો ઉપર ગાંધીજીએ બતાવેલા માર્ગે વિજય મેળવ્યો એ ચોક્કસ, પણ એ જ માર્ગે સમાજની વ્યવસ્થા બદલી શકાય તે બતાવવાનો તેમને વખત ન રહ્યો. તેમણે આ બાબતમાં પોતાના વિચારો જાહેર કર્યા, પણ બરાબર સ્પષ્ટીકરણ થાય તે પહેલાં વિધિએ નિષ્ઠુર રીતે તેમને ઉપાડી લીધા. આજે મને લાગે છે કે તે વખતે તેઓ ચોક્કસ રીતે નવનિર્માણની ભવિષ્યની ઇમારતના પાયા નાંખતા હતા. રાજકીય આઝાદી મળી છતાં તેમણે સત્તાનો મોહ જતો કર્યો અને કોંગ્રેસે રાજકારણમાંથી ખસી જઈ સેવા-ક્ષેત્રમાં ખૂંચી જવું જોઇએ અને લોકસેવક સંઘમાં ફેરવાઈ જવું જોઇએ એ મુજબ તેમણે આપેલી મહત્વની સલાહને આપણે ગંભીર-પણે વિચારી શકયા નહિ. તેનો અર્થ પણ આપણે બરાબર તારવી શકયા નહીં. તેમના ગયા પછી શોક ને દુઃખનું મોજું આખા દેશ ઉપર ફરી વળ્યું અને તેમાં આ બધું તળિયે જઇને બેઠું. સ્વાભાવિક રીતે જ ગાંધીજીની પછીના નેતાઓ ઉપર જનતાની નજર ચોંટી અને તેમણે આ બાબતમાં ચૂપકીદી જ સેવવાનું પસંદ કર્યું. ગાંધીજીએ કોંગ્રેસને લોકસેવક-સંઘની સૂચના આપી એના પાયામાં એ બાબત રહેલી છે કે ગાંધીજી કોઈ પક્ષના નેતા ન હતા, તે સત્તા મેળવવા મથતા ન હતા; તે દેશના હતા. આખો દેશ તેમના માટે હતો. ગાંધીજીના નેતૃત્વ નીચેનું રાજ-કીય આંદોલન એ લોકનીતિ હતી, અને નહીં કે રાજનીતિ.

રાજકારણ અને સત્તા

આઝાદી પછી જે બનતું ગયું તેથી મેં ખિન્નતા અનુભવી, અસંતોષથી કંટાળી હું બીજો માર્ગ શોધવામાં પડયો. પક્ષનું રાજ-કારણ (party system) એટલે જ સત્તાધિકારો માટે પડાપડી. હું જોતો ગયો કે સંપત્તિ, સંગઠન, પ્રચારતંત્ર એ બધાને જોરે રાજકિય પક્ષ લોકોની ખાંધ ઉપર ચઢતો ગયો. જનતાનું રાજ્ય એ પક્ષનું રાજ્ય બન્યું. પક્ષનું રાજ્ય છેવટે તો અમુક સત્તાલોભી જૂથનું રાજ્ય બન્યું. લોકશાહી એટલે મતદાન કરવું એટલો જ અર્થ તારવવામાં આવ્યો. આ મતદાન ઉપર પણ ઘણી મર્યાદાઓ હોય એ દેખીતું હતું, કારણ ઉમેદવારો થોડાક જ ને એક બે પક્ષના જ રહેતા, મતદારો સમક્ષના પ્રશ્નો પણ અસ્પષ્ટ રહેતા અને પરિસ્થિતિ અવાસ્તવિક રહેતી.

મૂળ અંગ્રેજી: **શ્રી જયપ્રકાશ નારાયણ**

અપૂર્ણ ભાવાનુવાદ: **શ્રી કાન્તિલાલ બરોડીઆ**

બાલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ

(પંજાબમાં વસતા અને લોકસભાના એક સભ્ય શ્રી દીવાનચંદ શર્માએ તા. ૬–૯–૫૭ ના રોજ લોકસભામાં દાખલ કરેલ 'બાલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ'નો ગુજરાતી અનુવાદ તા. ૯–૧૧–૫૭ ના 'જૈન' પત્રમાંથી નીચે મુજબ ઉધ્ધૃત કરવામાં આવે છે. આ બીલ તેના ક્રમ મુજબ ગયા ડીસેંબર માસની ૨૦ મી તારીખે રજુ થવાનું હતું પણ સમયના અભાવે તેની રજુઆત મુલતવી રહી લાગે છે. હવે લોકસભાની આગામી બેઠકમાં રજુ થવા સંભવ છે. તંત્રી)

સને ૧૯૫૭ નું બીલ નં. ૫૬

બાલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ, ૧૯૫૭

બાળકોની સંન્યાસ દીક્ષા અટકાવવાની જોગવાઇ કરતું બીલ

ભારત ગણતંત્રના આઠમા વર્ષમાં લોકસભા દ્વારા કાયદો થવો જરૂરી છે કે—

૧. (૧) આ કાયદો ૧૯૫૭ નો બાલસંન્યાસ દીક્ષાપ્રતિબંધક કાયદો કહેવાશે.

(૨) તે જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય સમસ્ત ભારતને લાગુ પડશે.

(૩) તે કેન્દ્રીય સરકાર સરકારી ગેઝેટમાં અધિસૂચન પ્રસિદ્ધ કરીને નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.

૨. આ કાયદામાં વિષય તથા સંદર્ભથી બાધ આવતો હોય તે સિવાય.

(૧) 'બાળક' એટલે અઢાર વર્ષની ઉંમર કરતાં ઓછી ઉંમરના કોઇ પણ સ્ત્રીપુરુષ.

(૨) 'કોર્ટ' એટલે કલકત્તા, મદ્રાસ અને બૃહદ્ મુંબઇમાં પ્રેસી-ડેન્સી મેજીસ્ટ્રેટની કોર્ટ અને બીજે સ્થળે ફર્સ્ટ કલાસ મેજી-સ્ટ્રેટની કોર્ટ.

(૩) 'સંન્યાસ દીક્ષા' એ સંજ્ઞાનો અર્થ કોઇ પણ બાળકે દુન્યવી બાબતનો ત્યાગ કરવો અને પોતાના કુદરતી કુટુંબના સભ્યો સાથેના સંબંધો તોડી નાંખવા તે, અને કોઇ પણ બાળકને કોઈ પણ શખ્સે કોઇ પણ નામે ઓળખાતા કોઈ પણ ધાર્મિક પંચમાં સંન્યાસી, યતિ, મુનિ, સૂરિ, વૈરાગી, મહંત, ચેલા, બ્રહ્મચારી, સાધુ, ફકીર, તપસ્વી, સંત તરીકે અથવા બીજા કોઇ પણ નામે દીક્ષા આપવી તે.

૩. જો કોઈ પણ શખ્સ કોઇ પણ બાળકને સંન્યાસ દીક્ષા અપાવે અથવા કોઇ પણ બાળકને સંન્યાસ દીક્ષા આપવાની વિધિ કરાવે, ચલાવે, સંચાલન કરે, ઉત્તેજે અથવા પરવાનગી આપે તો તેને ત્રણ મહિના સુધીની સાદી કેદની અને દંડની શિક્ષા થશે.

૪. (૧) જ્યાં કોઈ પણ બાળકને સંન્યાસ દીક્ષા આપવામાં આવી હોય ત્યાં તે બાળકનો કાયદેસર અથવા ગેર–કાયદેસર કબ્જો ધરા-વનાર જો કોઈ પણ શખ્સ, મા–બાપ અથવા વાલી તરીકેના અથવા બીજા કોઇ પણ દરજ્જામાં સંન્યાસ દીક્ષાને ઉત્તેજન મળે તેવું કંઇ પણ કૃત્ય કરે, અથવા તે વિધિ કરવામાં પરવાનગી આપે, અથવા તે વિધિ થતી અટકાવવામાં બેદરકારીભરી રીતે નિષ્ફળ જાય, તો તેને ત્રણ મહિનાની સાદી કેદની અને દંડની શિક્ષા થશે.

(૨) આ કલમના હેતુ સારુ, વિરુદ્ધમાં કંઇ પણ પુરવાર કરવામાં આવે તે સિવાય અને ત્યાં સુધી એમ અનુમાન કરવું કે જ્યાં કોઈ પણ બાળકને સંન્યાસ દીક્ષા આપવામાં આવે ત્યાં એવા બાળકનો હવાલો ધરાવનાર શખ્સ સંન્યાસ દીક્ષા વિધિ થતો અટકાવવામાં બેદરકારીભરી રીતે નિષ્ફળ ગયો છે.

૫. આ-કાયદા-અન્વયના ગુનાઓ બીન-વારંટી ગણવા.

૬. (૧) આ કાયદામાં વિરુદ્ધમાં ગમે તે મજકુર હોય તે છતાં કોર્ટને ફરિયાદ અથવા બીજી રીતે તેની સમક્ષ મૂકવામાં આવેલી માહિતી પરથી એમ ખાતરી થાય કે કોઇ પણ બાળકની સંન્યાસ દીક્ષા ગોઠવવામાં આવી છે અથવા તેનો વિધિ કરવામાં આવનાર છે, તો તે આ કાયદાની કલમો ૩ અને ૪ માં જણાવેલા કોઈ પણ શખ્સની સામે સંન્યાસ દીક્ષાનો પ્રતિબંધ કરતો હુકમ કરવાને મુખત્યાર છે.

(૨) કોર્ટ પોતાની ઇચ્છાથી અથવા કોઈ પણ શખ્સની અરજી ઉપરથી એમ ફરમાવવાને મુખત્યાર છે કે બાળકનો હવાલો ધરાવનાર કોઇ પણ શખ્સ હોય તો તેણે, તે નક્કી કરે તે સ્થળે અને સમયે અને તેવા શખ્સ સમક્ષ એવા બાળકને રજૂ કરવું અથવા રજૂ કરાવવું અને તે બાળકની જાતના હવાલા તથા સંરક્ષણ માટે તથા ખર્ચ માટે આદેશ કરવાને મુખત્યાર છે.

૭. બાળકની દરેક સંન્યાસ દીક્ષા, આ કાયદો અમલમાં આવે તે પહેલાં અપાયેલી હોય કે પછી અપાયેલી હોય તે રદ બાતલ ગણવી.

૮. સને ૧૮૯૮ ના ફૌજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં ગમે તે મજકુર હોય તે છતાં પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટની અથવા પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટ કરતાં ઉતરતી કોર્ટ આ કાયદા અન્વયેના ગુનાઓનો ઇન્સાફ આપવો નહિ.

૯. સન ૧૮૯૮ ના ફૌજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં ગમે તે મજકુર હોય તે છતાં, પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટની અથવા પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટ, એમાંથી જેની હકુમતની સ્થાનિક હદમાં આરોપ મૂકાયેલ શખ્સ મળી આવે તે આ કાયદા અન્વયના ગુનાઓનો ઇન્સાફ આપવાને મુખ્તયાર છે.

ઉદ્દેશો અને કારણોનું નિરૂપણ :-

કેટલાક શખ્શો અતિ ઉત્સાહથી તરુણ છોકરાઓ અને છોકરીઓને સાધુઓ સાધ્વીઓના પંથમાં દીક્ષા આપવાની પ્રવૃત્તિઓમાં,-તે બાળકો એવી દીક્ષાનો રહસ્યાર્થ અને પરિણામો સમજી ન શકતાં હોવા છતાં અથવા તેનું તેમને ભાન ન હોવા છતાં-મચી રહે છે. કેટલાક કિસ્સાઓમાં આવા અનિચ્છનીય પરિણામો ઉપજાવે છે.

બાળકોની કુમળી વયનો દુરૂપયોગ કરવામાં ન આવે અને શોષણ વિરુદ્ધ તથા નૈતિક અને ભૌતિક લાગની વિરૂદ્ધ બાલ્યાવસ્થા અને યુવાનીને સંરક્ષણ મળે એવી ખાતરી આપવા માટે આવી પ્રવૃત્તિઓ ઉપર અંકુશ રાખવા સારૂ તાત્કાલિક ઉપાય ઇચ્છનીય છે. બાળકને સંન્યાસ દીક્ષા અપાવવા બદલ અથવા તેની સંન્યાસ દીક્ષાની વિધિ કરવા, ચલાવવા વગેરે બદલ શિક્ષા કરવાનો તેમજ સંન્યાસ દીક્ષાવાળા સંબંધ ધરાવતા બાળકનો હવાલો ધરાવતા શખ્સ માટે પણ શિક્ષા કરવાનો ઠરાવ આ કાયદો કરવા ધારે છે. સંન્યાસ દીક્ષાને રદ-બાતલ ગણવા માટે પણ તેમાં ઠરાવ કરવામાં આવ્યો છે. બાળકની સંન્યાસ વિધિ થતી અટકાવવા માટેનો હુકમ કાઢવા માટે અને બાળકના હવાલા સંરક્ષણ વગેરે માટે આદેશ કાઢવા માટે પણ ઠરાવો કરવામાં આવ્યા છે.

પ્રણય ત્રિકોણના ઉકેલની પાર્શ્વભૂમિકા

પ્રબુધ્ધ જીવનના વાચકોને યાદ હશે કે તા. ૧-૧૨-૫૭ ના પ્રબુધ્ધ જીવનમાં 'પ્રણય ત્રિકોણનો શ્રી હંસાબહેને સૂચવેલો ઉકેલ' એ મથાળા નીચે એક નોંધ પ્રગટ કરવામાં આવી હતી, અને તેમાં વડોદરામાં તા. ૨૯ મી ઓકટોબરના રોજ ભરાયેલ અખિલ ભારત મહિલા પરિષદની ગુજરાતી શાખાના પ્રાન્તિક અધિવેશનની વિષય-વિચારણી સમિતિમાં રજુ કરવામાં આવેલ અમુક એક ઠરાવની ચર્ચાના સંદર્ભમાં 'પ્રણય ત્રિકોણ સમયે પહેલી પત્નીએ માનવતાની દૃષ્ટિએ ત્રિકોણમાંથી ખસી જવું જોઇએ' એ મતલબના ઉદ્ગારો અધિવેશનના પ્રમુખસ્થાને બીરાજેલા શ્રી હંસાબહેને વ્યકત કર્યાનું જણાવવામાં આવ્યું હતું. આ આખો પ્રસંગ શું હતો તેને લગતી જરૂરી માહીતી અખિલ ભારત મહિલા પરિષદની સાબરમતી શાખાના મંત્રી તરફથી બહાર પાડવામાં આવેલ નિવેદનમાં પ્રગટ કરવામાં આવી છે. અહિં એ જણાવવું જરૂરી છે કે અખિલ ભારત મહિલા પરિષદની અમદાવાદ ખાતે બે શાખાઓ છે. એક શહેર શાખા જેને અમદાવાદ શાખા તરીકે ઓળખવામાં આવે છે અને જેમાં શ્રી વિનોદિની મનુભાઈ નીલકંઠ અને એમની સમાન વિચારસરણી ધરાવતી બહેનોનું પ્રભુત્વ છે. અને બીજી એલીસ બ્રીજની આ બાજુએ વસતી બહેનોની શાખા જે સાબરમતી શાખા તરીકે ઓળખાય છે. પ્રસ્તુત નિવેદન જરૂર પુરતું ટુંકાવીને નીચે આપવામાં આવે છે:-

"તા. ૩૦-૩૧ ઓકટોબર ૧૯૫૭ ના રોજ અ. હિં. મ. પરિષદની ગુજરાત શાખાની પ્રાંતિક પરિષદનું અધિવેશન હતું એ તો આપ જાણતા જ હશો. તા. ૨૯ ઓકટોબરના રોજ વિષય વિચારિણી સમિતિની બેઠક રાત્રે આઠ વાગે મળવાની હતી. એ માટે મધ્યસ્થનાં બધાં પ્રતિનિધિ તા. ૨૯ મી થી ત્યાં આવી ગયાં હતાં. સાબરમતી શાખા તરફથી સાત ઠરાવ મૂકવામાં આવ્યા હતા અને બધા જ મોટે ભાગે સામાજિક ઠરાવો હતા. તેમાં અમારો પ્રથમ ઠરાવ નીચે મુજબ હતો:-

"સામાજિક જીવન અને રાષ્ટ્ર જીવનનું મૂલ્યાંકન વધુ ઉચ્ચતર બને એ અતિ આવશ્યક પરિસ્થિતિ છે. કેટલીક વખતે સમાજની પ્રતિષ્ઠિત વ્યકિતઓ અને જેમનાં ચારિત્ર્ય ઉપર સામાજિક જીવનનાં મૂલ્યાંકનો આધાર છે, તેઓ અ-સામાજિક કૃત્યોમાં પરોક્ષ કે અપરોક્ષ સંડોવાય છે, ત્યારે સમાજ આંચકો અને દુઃખ અનુભવે છે. આવી વ્યકિતઓ સંભાવિત સ્થાન ઉપર રહી ના શકે તે માટે પ્રચંડ આન્દોલન જગાવવું જોઇએ એમ આજની પરિષદ માને છે."

"આ ઠરાવ સામે અ. હિં. મ. પ. ની અમદાવાદની શાખાનો વિરોધ હતો. તેમનું કહેવું હતું કે, "આ ઠરાવ અમને સ્પર્શે છે માટે તમે ના લાવો" અમારી બહેનોનું કહેવું એમ હતું કે અંગત બાબતોનો વિચાર ના કરતાં આવા સામાજિક ઠરાવો પસાર કરવા દેવા જોઇએ. છેવટે અમદાવાદ શાખાની બહેનો જેઓ બપોરે અમારા ઉતારે આવી હતી તેમણે કહ્યું કે તમે ઠરાવમાં આટલો સુધારો લાવો કે, "હવે પછી એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી લગ્ન કરે તેને સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન ના મળવું જોઇએ, થઇ ગયાં છે તેને ભૂલી જાવ." અમારી બહેનોએ, બહુ કડવાશ ના વધી જાય એટલા માટે એટલું પણ કબુલ રાખ્યું કે કોઇ પણ શાખા આવો સુધારો મૂકશે તો અમે વિરોધ નહિ કરીએ. અમારે સમાજમાં આજે બનતાં અસામાજિક કૃત્યો રોકવાં છે, અમારે થઈ ગયેલાં સામે કંઈ કહેવું નથી પણ આ સબંધી કંઈ કરવાનો પ્રસંગ જ ઉભો ના થયો.

"વિ. વિ. સમિતિની બેઠક શરૂ થતાં જ શ્રી હંસાબહેન મહેતા જેઓ આ પરિષદના પ્રમુખ હતાં તેમણે કાંઇ પૂર્વગ્રહથી દોરાઇને પોતાનું વકતવ્ય શરૂ કર્યું. પ્રાંતિક પરિષદમાં પેશ કરવાના ઠરાવો એક માસ પહેલાં મોકલાતાં હોય છે. આ રીતે જે ઠરાવો આવ્યા હતા તે જ રજુ થવાના હતા. શ્રી હંસાબહેનને બે શબ્દો બોલવા વિનંતિ થતાંની સાથે જ તેમણે કહેવા માંડયું કે "અમુક જ જાતના ઠરાવો લાવવા જોઇએ. સ્ત્રી સંગઠનનાં અને રચનાત્મક ઠરાવો જ જોઇએ. સ્ત્રીઓએ સ્ત્રીઓની પાછળ ના પડવું જોઇએ. બહેનો કામ કરતી હોય તેમના વર્તન તરફ ન જોતાં એમને કામ કરવા દેવું જોઇએ" ઇત્યાદિ. અમારો ઠરાવ પોતાને સ્પર્શતો હોઈ, અમદાવાદ શાખાને ઉડાવી દેવો હતો. આવો સામાજિક ઉન્નતિનો ઠરાવ ઉડાવવા માટે કોઈ રસ્તો ન હતો. એટલે એમણે બધે એમજ કહેવા માડયું કે આ ઠરાવ અંગત છે અને શ્રી વિનોદિની બહેનને કાઢી મૂકવા માટે જ લાવવામાં આવ્યો છે. શ્રી વિનોદિનીબહેન ત્યાં કયો હોદ્દો ભોગવે છે તેની અમને જાણ નથી તેમજ એ સાથે અમારે કાંઇ લેવા દેવા નથી. ફકત આ ઠરાવ ઉડાવી દેવાનું આ એક મોટું હથિયાર તેમને હાથ લાગ્યું છે. એથી ઘણી બહેનો ભોળવાય પણ છે. અમને જણાવતાં દુઃખ થાય છે કે અમારા આ ઠરાવનો ગયે વર્ષે વલસાડમાં પણ ભૂખ વિરોધ થયો હતો અને તે આ જ કારણે. થયો હતો.

"ખેર! શ્રી હંસાબહેનના ભાષણ પછી ઠરાવનું વાંચન શરૂ થયું. ત્યાં પણ સામાન્ય પ્રણાલિકા તોડી શ્રી હંસાબહેને એ ઠરાવ ગુજરાત શાખાના મંત્રી પાસે વંચાવ્યો. અમારી શાખા તરફથી ઠરાવ મૂકનાર અને ટેકો આપનાર બહેનો પહેલેથી નકકી કરવામાં આવી હતી; પરંતુ ઠરાવ મૂકવાની પણ શ્રી હંસાબહેને અમને તક આપી નહિ, ઠરાવ વંચાયો કે તરત જ શ્રી હંસાબહેને કહ્યું કે "ઠરાવ અસ્પષ્ટ છે, માટે હું Rule out કરું છું. (કાનુન બહાર જાહેર કરૂં છું.)" અમારામાંથી જે બહેન ઠરાવ મૂકવાનાં હતાં તે શ્રી મનોરમા ઠાકોરે ઉભા થઇ સ્પષ્ટ કરવા તૈયારી બતાવી અને પ્રમુખના રૂલીંગ સામે થોડું બોલ્યા, પણ શ્રી હંસાબહેને એમના મુદ્દાનો અસ્વીકાર કરતાં જણાવ્યું કે "પ્રમુખને આ પ્રમાણે ઠરાવ Rule out કરવાની સત્તા હોય છે. પાર્લામેન્ટમાં-કોર્પોરેશનમાં-બધે જ એમ હોય છે અને હું Rule out કરું છું." તરત જ શ્રી ઉદયપ્રભાબહેન ઉભા થયાં અને ઠરાવને Rule out નહિ કરતાં ચર્ચામાં મૂકવા દેવા વિનંતિ કરતાં તેમણે કહ્યું કે "પ્રસ્તુત ઠરાવ

અસ્પષ્ટ લાગતો હોય તો કોઈ પણ સૂચનો સુધારા મૂકો–અમે એ સ્વીકારવા તૈયાર છીએ, પણ આ ઠરાવને આપ Rule out ના કરો. અમારી પાસે આવા ઘણા કિસ્સા આવે છે બહેનો દુઃખી થાય છે. આ અનિષ્ટને અટકાવવા માટે આવા ઠરાવો જરૂરી છે." એમ કહી એમણે એવા એક બે દાખલા ત્યાં રજૂ પણ કર્યા, પણ શ્રી હંસાબહેને ડોકું હલાવ્યે જ રાખ્યું અને ઠરાવને હાસ્યાસ્પદ બનાવતાં કહ્યું કે "અસામાજિક કૃત્ય કોને કહેવાય ? એમ તો રસ્તામાં થુંકવું એ પણ અસામાજિક કહેવાય." આ ઠરાવને અંગત સ્વરૂપ આપતાં તેમણે કહ્યું કે "સ્ત્રીઓએ આગળ આવતી સ્ત્રી તરફ કાદવ ઉછાળવો જોઇએ નહિ. એને આગળ લાવવા પ્રયત્ન કરવો જોઇએ. કોઈ સ્ત્રી પરદેશી કપડાં પહેરી પરદેશી કાપડની દુકાને પિકેટિંગ કરવા આવે તોયે હું તો આવકાર. એક ઉપર બીજીમાં જે દાખલા બને છે તેમાં બાળલગ્નો જવાબદાર છે. માટે માબાપોને શિક્ષા કરવી જોઇએ. અહીં મહાગુજરાત કે કોંગ્રેસને વચ્ચે ના લાવવી જોઇએ." આથી શ્રી ઉદયપ્રભાબહેને ફરી ઉભા થઈ જણાવ્યું કે, "આને અંગત ના લેતાં આપણે સામાજિક પ્રશ્ન ગણી ચર્ચા કરવી જોઇએ. હું પ્રમુખશ્રીને વિનંતિ કરું છું કે આને અંગત ના ગણો અને તેની લેખિત નોંધ લો." છતાં શ્રી હંસાબહેને ઠરાવને Rute Out કર્યો. વધારામાં જણાવ્યું છે કે, 'કોઇ પરિણિત પુરૂષ બીજી સ્ત્રીના સંબંધમાં આવે અને ત્રણ જીવ દુઃખી થતા હોય તો એક જીવે–પ્રથમ પત્નીએ–ખસી જવું જોઇએ એમ હું માનું છું." આથી અમારી બહેનોને ઘણું જ દુઃખ લાગ્યું. ઠરાવ મૂકવા દેવો તો જોઇતો જ હતો, પછી ભલે એ ઉડી જાય–એમ અમારી બહેનોનું માનવું હતું. આથી જ્યાં બીજો ઠરાવ વંચાવા માંડ્યો ત્યાં અમારા એક પ્રતિનિધિ શ્રી કુમુદબહેન શુકલ ઉભાં થયાં અને જણાવ્યું કે "અમો અમારા બધા જ ઠરાવ પાછા ખેંચી લેવા માગીએ છીએ, કેમકે અમારા તો લગભગ બધા જ ઠરાવો સામાજિક ઠરાવો છે અને ચર્ચામાં મૂકવા દેવા પણ ના માંગતા હો અને Rule out જ કરવાનાં હો તો અમારે મૂકવા જ નથી." શ્રી હંસાબહેને જણાવ્યું. "જેવી તમારી મરજી." આથી શ્રી કુમુદબહેન ઉઠીને બહાર ચાલ્યાં ગયાં અને ત્યાર પછી એક પછી એક બધી જ બહેનો બહાર ચાલી ગઈ. ત્યાર બાદ અમારી શાખાના સર્વ પ્રતિનિધિઓ ઉતારે મળ્યાં અને ચર્ચા કરી નકકી કર્યું કે બીજે દિવસે કોઇએ પણ પ્રાંતિક પરિષદમાં હાજર ના રહેવું. ત્યાર બાદ વિચારતાં લાગ્યું કે આપણે પ્રાંતિક પરિષદમાં હાજર રહેવા નથી માગતા એ ગુજરાત શાખાના બધા જ પ્રતિનિધિઓને જણાવવું જોઇએ. આથી બીજે દિવસે તે મુજબની પત્રિકા છપાવી વહેંચી. પછી અમે જમી પરવારી સ્ટેશને ગયાં અને તે સાંજે જ વડોદરા છોડી ગયાં.

"ત્યાર બાદ તા. ૪ નવેંબરનો શ્રી ધ્રુલતાબહેન પારેખ જેઓ ગુજરાત શાખાના મંત્રી છે તેમનો લખેલો પત્રે અમને મળ્યો છે અને તેમાં અમારા ઉપર જણાવેલા વર્તન અંગે અમારી શાખા ઉપર તેમજ અધિવેશનગાં હાજર રહેલી બહેનો ઉપર ગુજરાત શાખા શિસ્તનાં પગલાં લેવા માંગે છે એમ જણાવવામાં આવ્યું છે."

પ્રસ્તુત નિવેદનમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રણય ત્રિકોણના સચવાયલા ઉકેલની ચર્ચા તા. ૧–૧૧–૫૭ ના પ્રબુદ્ધ જીવનમાં વિસ્તારથી કરવામાં આવી છે. ઉપરના નિવેદનની બીજી વિગતો વાંચતાં શ્રી હંસાબહેને સાબરમતી શાખાના ઠરાવને જે રીતે–rule-out કર્યો, કાનુન બહાર જાહેર કર્યો તે રીત અને તે માટે દર્શાવવામાં આવેલું કારણ વ્યાજબી છે કે નહિ એ મુદ્દો ખાસ ચર્ચા–વિચારણા માગે છે. વિષય વિચારિણી સમિતિનો અહેવાલ વાંચતાં પ્રસ્તુત ઠરાવ સંબંધે શ્રી હંસાબહેને અખત્યાર કરેલું વળણ એક તટસ્થ પ્રમુખનું નહિ પણ પૂર્વબધ્ધ વિચારસરણીથી પ્રેરિત હોય એમ કોઇને પણ લાગ્યા વિના નહિ રહે. હવે ધારો કે આવો ઠરાવ મહિલા પરિષદે કરવો ન જોઇએ એવો શ્રી હંસાબહેનનો અંગત અભિપ્રાય હોય તો પણ, તે ઠરાવ પરિષદમાં લેવા યોગ્ય છે કે નહિ તેની મુકત ચર્ચા થવા દીધા સિવાય પ્રસ્તુત ઠરાવ વંચાતાંની સાથે જ તેને શ્રી હંસાબહેને પોતે માની લીધેલી પ્રમુખની સત્તાની રૂએ કાનુન બહાર જાહેર કર્યો. આવી રીત રસમ કોઈ પણ જવાબદાર પરિષદ કે વિષય વિચારણી સમિતિમાં કોઈ પણ જવાબદાર પ્રમુખે ધારણ કર્યાનું આજ સુધી જોવા કે સાંભળવામાં આવ્યું નથી. સાધારણ રીત રસમ એવી હોય છે કે જેના નામે તે ઠરાવ મોકલવામાં આવેલ હોય તે વ્યકિત અથવા તો સંસ્થાના પ્રતિનિધિ તે ઠરાવ રજુ કરે; અન્ય પ્રતિનિધિઓમાંથી કોઈ પણ પ્રતિનિધિને તે ઠરાવ વાંધા ભરેલો લાગે તો તે સામે તે પોતાનો વિરોધ દર્શાવે, અન્ય પ્રતિનિધિઓ ઠરાવના મુદ્દાના ગુણદોષની ચર્ચા કરે, પ્રમુખ પ્રતિનિધિઓને જરૂરી માર્ગદર્શન આપે અને છેવટે તે ઠરાવ લેવો કે ન લેવો તે બહુમતીથી નક્કી કરવામાં આવે. આવી પરિસ્થિતિમાં એવા સંયોગો જરૂર કલ્પી શકાય છે કે જ્યારે બન્ને પક્ષને સાંભળીને તે ઠરાવ ઉપર મત ન લેતાં પ્રમુખ કારણો આપીને પોતાની સત્તાથી રજુ કરવામાં આવેલ ઠરાવને કાનુન બહાર જાહેર કરી શકે છે. પ્રસ્તુત ઠરાવ સંસ્થાના બંધારણની કોઇ કલમ વિરૂદ્ધ હોય, સંસ્થાએ સ્વીકારેલા શિસ્ત કે સિદ્ધાન્તની વિરૂદ્ધ હોય, કોઇની અંગત નાલેશી થાય તેવો હોય અથવા તો સરકારી કાયદાકાનુનને અથવા તો રાજ્યસંસ્થા પ્રત્યેની વફાદારીને એકાન્તપણે પ્રતિકુળ હોય –આવા સંયોગોમાં પ્રમુખ પોતાની મુનસફીથી રજુ કરવામાં આવેલ ઠરાવને જરૂર કાનુન બહાર કરી શકે છે, પણ પ્રસ્તુત ઠરાવમાં તો એવું કશું જ હતું નહિ. પ્રસ્તુત ઠરાવ નહિ લેવા સંબંધમાં પ્રમુખ તરફથી માત્ર એટલું જ જણાવવામાં આવ્યું હતું કે "ઠરાવ અસ્પષ્ટ છે, માટે હું 'રૂલ આઉટ' કરૂં છું." જો ઠરાવ અસ્પષ્ટ હતો તો તે ઠરાવ મૂકનારના મનનો ભાવ અને અભિપ્રાય ધ્યાનમાં લઇને તે ઠરાવને વધારે સ્પષ્ટ અને વિષદ કરવામાં પ્રમુખે મદદરૂપ થવું જોઇતું હતું– અને એ જરૂરી પણ હતું, કારણ કે પ્રસ્તુત ઠરાવનું સ્વરૂપ અતિ વ્યાપક અને એ કારણે અસ્પષ્ટ જેવું હતું જ, અને જે સામાજિક અનિષ્ટનો ખ્યાલ રાખીને આ ઠરાવ ઘડવામાં આવ્યો હતો તે સામાજિક અનિષ્ટને જ ઠરાવ સ્પર્શે અને એથી વધારે વ્યાપક પ્રદેશને ન સ્પર્શે એવી તકેદારીનો આ ઠરાવમાં અભાવ હતો અને તેથી જે આકારમાં આ ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો તે જ આકારમાં આ ઠરાવ પસાર થયો હોત તો તેનું કશું જ ઇષ્ટ પરિણામ આવવા સંભવ નહોતો–પણ આમ કરવાને બદલે, આ પ્રકારનો ઠરાવ રજુ કરવા અને પસાર કરાવવા ઇચ્છતી બહેનો પ્રત્યે લેશ માત્ર સહાનુભૂતિ ન દાખવતાં– તેમને સમજવા અને મદદરૂપ બનવાનો કશો પણ પ્રયત્ન ન કરતાં– ઠરાવને હાસ્યાપદ રૂપ આપીને પોતાની સત્તાની રૂએ તે ઠરાવને ઉડાડી દેવામાં શ્રી હંસાબહેને પ્રમુખ તરીકેની સત્તાનો કેવળ આપખુદ તેમજ ગેરકાનુની ઉપયોગ કર્યો છે એમ કહ્યા વિના નહિ ચાલે.

અને આ આપખુદીને–પ્રમુખ તરીકેની સત્તાના દુરૂપયોગને–જાણે કે ઢાંકવા ખાતર ન હોય તેમ ગુજરાત શાખાના મંત્રી શ્રી ધ્રુલતાબહેન પારેખે અપમાન અને તુંદમીજાજથી ધવાયલી સાબરમતી શાખાની બહેનો સામે અને ખુદ શાખા સામે પણ શિસ્તનાં પગલાં લેવાની ધમકી આપી છે. આ પણ એક ચોરી ઉપર શિરજોરી જેવી ઘટના છે. આ ધમકીનો સાબરમતી શાખાએ સવિસ્તર જવાબ આપ્યો છે. આશા રાખીએ કે પ્રસ્તુત શિસ્તપ્રકરણ આથી આગળ નહિ વધે, કારણ કે આવાં શિસ્ત પ્રકરણો આગળ વધવાનું પરિણામ મોટા ભાગે ભાગે સંસ્થાના સંગઠનને–કાર્યશકિતને–શિથિલ બનાવવામાં અને ઉપયોગી કાર્યકર્તાઓને ગુમાવવામાં આવે છે. **પરમાનંદ**

વિષય સૂચિ

		પૃષ્ઠ
મેં રાજકારણ શા માટે છોડ્યું ?	જયપ્રકાશ નારાયણ	૧૫૯
બાલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ		૧૬૧
પ્રણયત્રિકોણની પાર્શ્વભૂમિકા	પરમાનંદ	૧૬૨
હિંદી સામે દક્ષિણ ભારતના આગેવાનોનો ધુંધવાટ	પરમાનંદ	૧૬૪
બટાટા તથા કંદમૂળ વિષે એક ચર્ચાપત્ર	રતિલાલ ચીમનલાલ શાહ	૧૬૬
શ્રી રતિલાલ ચીમનલાલ શાહને પ્રત્યુત્તર	પરમાનંદ	૧૬૭

હિંદી સામે દક્ષિણ ભારતના આગેવાનોનો અવિચારી ધુંધવાટ

દક્ષિણ હિન્દુસ્થાનમાં–ખાસ કરીને મદ્રાસ પ્રદેશમાં–ભારતની અખંડ એકતાને જર્જરિત કરે એવાં આન્દોલનો એક પછી એક ઉભા થતાં જોઇને કોઇ પણ રાષ્ટ્રનિષ્ઠ ભારતવાસી ઊંડો ખેદ અને ચિન્તા અનુભવ્યા સિવાય રહી શકે તેમ નથી. દ્રાવીડ કાઝગામ આન્દોલને અને તેના નેતા શ્રી ઇ. વી. આર્. રામસ્વામી નાયકરે શરૂઆતમાં રામાયણ અને રામની મૂર્તિ સામે, પછી બ્રાહ્મણો સામે, અને પછી રાજ્યના બંધારણ તથા ગાંધીજીની છબી સામે શરૂ કરેલ ઝેરી આન્દોલન સૌ કોઇને વિસ્મિત અને ચિન્તાગ્રસ્ત બનાવી રહ્યું હતું. એમ છતાં આ આન્દોલન બહુ નાના વર્ગને અને તે પણ બેજવાબદાર અણઘડ સમુદાયને સ્પર્શેલું હતું અને ક્ષણિક ઉછાળા જેવું લાગતું હતું.

તાજેતરમાં તા. ૨૨ મી ડીસેંબરના રોજ ભારતમાં સત્તાવાર ભાષા તરીકે હિંદીનો અમલ કરવા સામે વિરોધ કરવા માટે અને અંગ્રેજી ભાષાને દેશની સત્તાવાર ભાષા તરીકે ચાલુ રાખવાની માગણી કરવા માટે. મદ્રાસ ખાતે એક સંમેલન (The Union Language Convention of South India) ભરવામાં આવ્યું હતું અને આ સંમેલનમાં જેમના પ્રત્યે રાષ્ટ્રના વડિલો મુરબ્બીઓ તરીકે ભારતની પ્રજા આજ સુધી આદરપૂર્વક જોતી આવી છે એવા અનુભવવૃધ્ધ અને પ્રૌઢ દેશનાયકોએ ભાગ લીધો હતો. અન્નામલાઇ યુનિવર્સિટીના માજી વાઇસ–ચેન્સેલર ડૉ. એમ્. રત્નસ્વામી સંમેલનના સ્વાગત–પ્રમુખ હતા; માઇસોરના માજી દીવાન સર મીરઝા ઇસ્માઇલે સંમેલનનું ઉદ્ઘાટન કર્યું હતું. ડૉ. સી. પી રામસ્વામી આયરે સંમેલનનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. શ્રી ચક્રવર્તી રાજગોપાલાચાર્ય સંમેલનના મુખ્ય પ્રયોજક હતા અને મુખ્ય ઠરાવ પણ તેમણે જ રજુ કર્યો હતો. શ્રી પી. ટી. રાજન, શ્રી પી. કોદન્ડરાવ વગેરે દક્ષિણ ભારતની કેટલીક આગેવાન વ્યકિતઓએ મુખ્ય ઠરાવના સમર્થનમાં પ્રવચનો કર્યા હતાં.

પ્રારંભમાં ડૉ. એમ. રત્નસ્વામીએ ઉપસ્થિત થયેલા પ્રતિનિધિઓને આવકાર આપતાં જણાવ્યું હતું કે "આ બાબતનો આપણે લાભાલાભની દૃષ્ટિએ વિચાર કરવો ઘટે છે. અંગ્રેજીને સત્તાવાર ભાષા તરીકે ચાલુ રાખવાથી રાજ્યવહીવટ વધારે સરળ થશે કે અંગ્રેજીનું સ્થાન બીજી કોઈ ભાષાને આપવાથી આપણું વહીવટી કાર્ય વધારે સરળ થશે એ પ્રશ્ન આપણી સામે છે અને વિચારણા માગે છે. હિંદી એક પછાત ભાષા છે અને એનો વિકાસ કંઈ સમયથી રૂંધાઇ ગયો છે; તેથી હિંદી ભાષા અદ્યતન વિચારોની વાહક બનવાની જરા પણ યોગ્યતા ધરાવતી નથી. આવી ભાષાને સત્તાવાર ભાષા તરીકે સ્વીકારવી તે મોટરકારના જમાનામાં બળદગાડીના ઉપયોગને આગળ ધરવા બરોબર છે. વળી હિંદીને અંગ્રેજીની સમકક્ષા ઉપર મૂકવાથી 'ઉત્તરના આધિપત્ય'નો પોકાર વધારે જોરદાર બનવા સંભવ છે."

ત્યારબાદ સંમેલનનું ઉદ્ઘાટન કરતાં સર મીરઝા ઇસ્માઇલે જણાવ્યું કે "હિંદીઘેલા લોકો આખા દેશ ઉપર સત્તાવાર ભાષા તરીકે હિંદીને લાદવાનો જે પ્રયત્ન કરી રહ્યા છે તે સામે જોરદાર વિરોધ વ્યક્ત કરવા માટે આપણે અહિં એકઠા થયા છીએ. આમ કરીને આપણે કોઈ વિભાગીય હિતોને આગળ ધરી રહ્યા નથી, પણ માતૃભૂમિ પ્રત્યેની એક પવિત્ર ફરજ બજાવી રહ્યા છીએ."

"હિંદીને સત્તાવાર ભાષા બનાવવાની હીલચાલ પાછળ રાષ્ટ્રમાં એકતાની સભાનતાને પુષ્ટ કરવાની જે ભાવના અને નિષ્ઠા રહેલી છે તેની આપણે જરૂર કદર કરીએ છીએ. ઐતિહાસિક દૃષ્ટિએ અને સ્વાભાવિક ધોરણે સ્વયં રાષ્ટ્રીય હોય–આવી કોઈ રાષ્ટ્રીય ભાષા આપણને ઉપલબ્ધ હોય તો તેના વડે રાષ્ટ્રીય એકતાને ખૂબ જોર મળે એમાં કોઈ શક નથી. પણ હિંદી આ કોટિની ભાષા છે નહિ અને મને લાગે છે કે તે કોટિની કદિ બની શકશે નહિ. હિંદી ભાષા આપણી પ્રજાના એક વર્ગની–જરૂર એક બહુ મોટા વર્ગની–ભાષા છે. બીજા પ્રદેશોમાં તેનો પ્રચાર થાય તે ઇચ્છવાયોગ્ય છે અને એમ છતાં એ પ્રચાર ઉપરછલ્લો અને કૃત્રિમ જ રહેવાનો છે. કારણ કે જે બીજા અનેક માટે મુખ્યત્વે કરીને પરાઈ જેવી ભાષા છે તે તેમના ઉપર લાદવાથી આપણામાં કદિ એકતાની ભાવના ઉત્પન્ન કરી શકાય જ નહિ. આમ હોવાથી આપણે યુનીયન ગવર્મેન્ટની સત્તાવાર ભાષા તરીકે અંગ્રેજીને ચાલુ રહેવા દઇએ અને આપણને એકત્ર અને સંગઠિત કરનાર શક્તિ તરીકે તેને ઉપયોગી ભાગ ભજવવા દઇએ એ જ માત્ર ઇચ્છવાયોગ્ય છે. આજ સુધી આપણને તેનાથી ખૂબ લાભ થયો છે અને આ અસરકારક પુરવાર થયેલા સાધનના ઉપયોગથી આપણને વંચિત રાખે એવી શૈક્ષણિક પદ્ધતિઓ આપણે અમલી ન બનાવીએ તો હજુ પણ આપણે અંગ્રેજી ભાષાદ્વારા ખૂબ લાભ ઉઠાવી શકીએ તેમ છે."

ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી બોલતાં ડૉ. સી. પી. રામસ્વામી આયરે જણાવ્યું હતું કે "હિંદી હજુ તો ઘડાતી ભાષા છે અને આ હકીકતનો તો રાજ્યબંધારણમાં પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. આમ હોવાથી હિંદીનો જ્યાં સુધી પૂરો વિકાસ ન થાય ત્યાં સુધી આપણે રાહ જોવી જોઇએ. વળી દેશની ઔદ્યોગિક, સાંસ્કારિક અને વૈજ્ઞાનિક પ્રગતિ માટેની જરૂરિયાતોને હિંદી ભાષા કોઇ પણ રીતે પહોંચી શકે તેમ છે જ નહિ. આ કાર્ય માત્ર અંગ્રેજીથી જ થઇ શકે તેમ છે. વહીવટી દૃષ્ટિએ પણ, જો હિંદીને સત્તાવાર ભાષા તરીકે સ્વીકારવામાં આવે તો હિંદી નહિ બોલતી જનતા અત્યન્ત પ્રતિકુળ પરિસ્થિતિનો ભોગ બની જશે."

ત્યારબાદ મુખ્ય ઠરાવ રજુ કરતાં શ્રી રાજગોપાલાચાર્યે જણાવેલું કે "ભારતની એકતા વિષે મારાથી વધારે દિલચસ્પી ધરાવનાર અન્ય કોઇને હું કલ્પી શકતો નથી, પણ આ એકતાની બાબતનો આપણે મનસ્વી રીતે વિચાર કરવો ન જોઇએ પણ વર્તમાનને લક્ષ્યમાં રાખીને વિચાર કરવો જોઇએ. કેવળ લાગણીવશ થઇને અંગ્રેજીને સત્તાવાર ભાષા તરીકે ચાલુ રાખવાના લાભો ગુમાવવા એ કેવળ બેવકુફીભર્યું લેખાશે." આગળ ચાલતાં શ્રી રાજગોપાલાચાર્યે જણાવ્યું. "અંગ્રેજીને ચાલુ રાખવાના આપણા આ પ્રયત્નનો જબરજસ્ત વિરોધ થશે અને તેનો આપણે બળવાન સામનો કરવાનો રહેશે એ આપણે ખાસ ધ્યાનમાં રાખવાનું છે. ઉત્તર હિંદમાં હિંદી વિષે કેવી લાગણી પ્રવર્તે છે તેનો તમને ખ્યાલ નથી. જો દક્ષિણ હિંદે અથવા તો અહિંદીભાષી પ્રદેશોએ પોતાની લડતમાં સફળતા પ્રાપ્ત કરવી હશે તો તેમણે ખૂબ જોસથી, પૂરી તકેદારીપૂર્વક, સંગઠિત થઇને કામ લેવું પડશે. જો એમ નહિ કરવામાં આવે તો સફળતા નહિ મળે. આજે દક્ષિણ ભારત ઉપર ઉત્તર ભારતના શાસનની ખૂબ વાતો ચાલી રહી છે. સિવાય કે દક્ષિણમાં આપસઆપસમાં મતભેદ ઉભા થાય અને ભંગાણ પડે, ઉત્તર ભારત દક્ષિણ ભારત ઉપર કદિ પણ હકુમત સ્થાપી નહિ શકે."

શ્રી રાજગોપાલાચાર્યે વિશેષમાં ચેતવણી આપી કે "હિંદીને સત્તાવાર ભાષા તરીકે અમલી બનાવવામાં આવશે તો તે પગલું દેશ માટે ભારે આત્મઘાતક નિવડશે અને તેથી આખરે દેશની કાયા છિન્નભિન્ન થઈ જશે. આ બાબતમાં મદ્રાસ પ્રદેશની સરકારે જે ઠરાવ કર્યો છે કે અંગ્રેજી અને હિંદી–બન્નેને સત્તાવાર ભાષા તરીકે અમલી બનાવવી જોઇએ–આ ઠરાવ દ્વારા વ્યક્ત થતું મદ્રાસ સરકારનું માનસ ખેદ ઉપજાવે તેવું છે. આમ દ્વિધા નીતિ ધારણ કરવાથી આપણી લડતને સફળ બનાવી નહિ શકાય. હું મદ્રાસ સરકારને ચેતવણી આપું છું કે આવી બાંધછોડ વ્યાજબી કે હિતાવહ નથી. આ બાબત તરફ પ્રાદેશિક સરકારનું હું ખાસ ધ્યાન ખેંચું છું. આજે આવી નીતિ અખત્યાર કરવી સહેલી છે, પણ આગળ ઉપર તે ભારે પડવાની છે. આજે તો આપણ સર્વેએ એકત્ર થઇને આ લડત ચલાવવાની છે." આમ કહીને શ્રી રાજગોપાલાચાર્યે અંગ્રેજી ભાષાની તરફેણ કરતો અને હિંદીનો વિરોધ કરતો એક લાંબો ઠરાવ રજુ કર્યો હતો. આ ઠરાવની વિગતો આપવા માટે અહિં અવકાશ નથી. પણ તેમાંની એક દલીલ ખાસ ધ્યાન ખેંચે તેવી છે અને તે એ કે હિંદી એ લઘુ-

મતીની ભાષા છે એટલે કે ભારતની ૪૨ ટકા વસ્તી આ ભાષાનો ઉપયોગ કરે છે અને તેથી તેને સત્તાવાર ભાષાનું સ્થાન આપવું ન જોઇએ. આમ કહેનારા ભુલી જાય છે કે આખા દેશમાં અંગ્રેજી બોલનારા તથા સમજનારા માત્ર ત્રણ ટકા જ છે, અને એમ છતાં અંગ્રેજી સત્તાવાર ભાષા તરીકે ચાલુ રહેવી જોઇએ એવો આગ્રહ કરે છે.

આ ઠરાવનો અમલ કરવા માટે ડૉ. સી. પી. રામસ્વામી આયર અને શ્રી રાજગોપાલાચાર્યની એક પગલા સમિતિ નીમવામાં આવી છે અને ઠરાવને અમલી બનાવવા માટે યોગ્ય લાગે તેવાં પગલાં ભરવાની આ સમિતિને કુલ સત્તા આપવામાં આવી છે.

હિંદી વિરુદ્ધ અને અંગ્રેજીના સમર્થનમાં દક્ષિણ ભારતમાં કેવી ચળવળ શરૂ થઈ છે અને કેવી મોટી મોટી વ્યક્તિઓ તે ચળવળના અગ્રેસરો છે અને કેવી પરિભાષામાં પોતાના વિચારોનો આગ્રહ તેઓ રજુ કરે છે તેનો પ્રબુધ્ધ જીવનના વાંચકોને ખ્યાલ આવે તે હેતુથી પ્રસ્તુત સંમેલનની વિગતો આટલા લંબાણથી આપવાનું ઉચિત ધાર્યું છે. આ સંમેલન સત્તાવાર ભાષા તરીકે અંગ્રેજી ચાલુ રહેવી જોઇએ એટલો જ વિચાર રજુ કરીને અટકતું નથી, પણ એ વિચારને વ્યક્ત કરતા ઠરાવનો અમલ કરવા માટે પગલા સમિતિ નીમે છે અને તેમની વાણી કેવળ જેહાદની છે.

સર મીરઝા ઇસ્માઇલિ જણાવે છે કે હિંદી સામેની આ લડત તેઓ કોઇ વિભાગીય હિતો ધ્યાનમાં રાખીને ચલાવી રહ્યા નથી. આ ખરેખર સાચું છે? એ કોણ નથી જાણતું કે અંગ્રેજી ઉપરના પેઢી દર પેઢીના પ્રભુત્વ વડે દક્ષિણ ભારતના અને ખાસ કરીને મદ્રાસ, માઇસોર અને મલબારના લોકો ઘણી મોટી સંખ્યામાં સરકારી નોકરીઓ અને અધિકારો ધરાવે છે અને અંગ્રેજીનું સ્થાન હિંદી લે તો તેમની આ જમાવટને ભારે ધક્કો લાગવાનો તેમને મોટો ભય છે? અને તેટલા જ કારણસર હિંદી સામે તેમની ઝુંબેશ આજે કેટલાએક સમયથી ચાલી રહી છે. વસ્તુતઃ આ તેમનો ભય વધારે પડતો છે. જે પ્રજા અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ જમાવી શકી છે તે પ્રજાને હિંદી ઉપર પ્રભુત્વ જમાવવામાં કોઇ મુશ્કેલી પડવાની નથી. અને તે માટે તેમને પૂરતો સમય આપવામાં આવ્યો છે. વળી અંગ્રેજી સાથે તેમને કોઇ નજીકનું સગપણ નથી; અને હિંદી સાથે તેમને કોઇ દૂરનું પરાયાપણુ નથી. જે કાંઇ ખમવું પડે તે સ્થિત્યન્તરનાં કારણે બે પાંચ વર્ષ પૂરતું ખમવું પડે. હિંદીના સર્વવ્યાપી સ્વીકાર દ્વારા દેશની એકતા અને સંગઠ્ઠિતતાને અનેકગણું જોર મળે તેમ છે એમાં કોઇ શક નથી. આ એકતા ખાતર આ પ્રજાસમુદાય આટલો સરખો પણ ભોગ આપવાને તૈયાર નથી, એટલું જ નહિ પણ, એ ટુંકા સ્વાર્થ ખાતર આ પ્રશ્ન ઉપર એક સામુદાયિક લડત ઉભી કરવા સુધીનો આ આગેવાનો વિચાર કરી રહ્યા છે એ હકીકત ખરેખર ભારતના કોઇ દુર્દૈવની આગાહી આપી રહી હોય એમ લાગે છે.

આ સંમેલનમાં અન્ય મોટી મોટી વ્યક્તિઓની સામેલગીરીનો આપણે કદાચ બહુ વિચાર ન કરીએ, પણ જેમણે ગાંધીજીનું લગભગ જીંદગીભર પડખું સેવ્યું છે એવા આપણ સર્વના મુરબ્બી, મિત્ર, સાથી અને સલાહકારસમા શ્રી રાજગોપાલાચાર્ય જેવી વ્યકિત જે હિંદીના ગાંધીજી અગ્રગણ્ય પુરસ્કર્તા હતા તે જ હિંદી સામેની ચળવળના અગ્રણી બને અને જો તેમનું મન્તવ્ય સ્વીકારવામાં ન આવે તો સમગ્ર ભારત સામે જેહાદ ઉભી કરવાની ધમકી આપે–એ જોઇને આપણું દિલ ઊંડો વિષાદ અનુભવે છે. ભારતની એકતાની તમન્ના જેમની નસેનસમાં અને અંગે અંગમાં વ્યાપી રહી છે એવા–આજના ભારતના ચેતનાપુરુષ–પં. જવાહરલાલ નહેરૂને આ સંમેલનની વિગતો જાણીને કેટલી વેદના થઇ હશે તે તેમના નીચેના ઉદ્‌ગારો દ્વારા આપણે કલ્પી શકીએ છીએ.

તા. ૨૪ મી ડીસેંબરના રોજ કલકત્તા ખાતે ભરાયલી અખિલ હિંદ લેખક પરિષદ સમક્ષ બોલતાં ઉપર જણાવેલ 'ધી યુનિયન લેંગ્વેજ કન્વેન્વેન્શન ઓફ સાઉથ ઇન્ડીઆ'ના ઠરાવો અને ભાષણોને અનુલક્ષીને પં. જવાહરલાલ નહેરૂએ જણાવ્યું હતું કે "દક્ષિણ ભારતની નામાંકિત વ્યક્તિઓ કે જેમના વિષે મને ઊંડો આદર છે અને જેમની સલાહ હું હમેશા શોધતો આવ્યો છું—આવી વ્યક્તિઓ એક ભાષાના પ્રશ્ન ઉપર આટલી બધી ઉશ્કેરાઈ જાય અને hysterical બની જાય એ ભારે દુઃખદ–વેદનાજનક છે. ઉશ્કેરાટ અને હીસ્ટીરીયા વડે કોઇ પણ સમસ્યાનો ઉકેલ લાવી શકાતો નથી. આ પ્રશ્નને ઉત્તરના દક્ષિણ ઉપરના એક આક્રમણ તરીકે ચીતરવામાં આવે અને આ આક્રમણથી બચવા માટે એક ધ્વજ નીચે દક્ષિણના લોકોને એકત્ર થવાની હાકલ કરવામાં આવે એ જોઇને મને ભારે આશ્ચર્ય થાય છે. આ આક્રમણ તે શું છે તે મારી કોઇ સમજમાં આવતું નથી. આવા કોઇ પ્રશ્ન ઉપર કોઇ જુવાનીયાઓ પગલા સમિતિઓ ઉભી કરે તો તે પૂરતું ખરાબ અને અનિચ્છનીય છે. પણ જ્યારે પ્રૌઢ પુરૂષો, ડાહ્યા ગણાતા માણસો પણ આવું કરવા બહાર પડે અને પગલા સમિતિની વાત ઉચ્ચારે ત્યારે તેવી ઘટના સખ્ત આઘાત આપનારી અને ચોંકાવનારી બની જાય છે. આ બાબતને સાવ સામાન્ય લોકોની ભાષામાં વ્યક્ત કરવી હોય તો 'તમે આ બધું મગજ ઠેકાણે રાખીને બોલો છો ને? તમારી બુદ્ધિ તો ઠેકાણે છે ને?' એમ કહી શકાય. હિંદીભાષી ઉત્તરના લોકો દક્ષિણ ભારતના લોકો ઉપર જોહુકમી ચલાવે છે એમ કહેવું તે કેવળ સમજણ વિનાની–અક્કલ વિનાની–વાત છે. આવી કલ્પના કરનારા લોકો પવનચક્કી સામે ધુરકતા ડૉન કવીક્ઝોટ જેવા લાગે છે. ભારતની એકતા જળવવી અને દેશને છિન્નભિન્ન કરે એવાં વૃત્તિવલણોને ઉત્તેજન ન આપવું એ આજે સૌથી વધારે મહત્વની બાબત છે."

પરમાનંદ

અજન્ટા–એલોરાની સફળ યાત્રા

પૂર્વનિયત કાર્યક્રમ મુજબ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની યાત્રિક મંડળીની બસ તા. ૨૦ મી ડીસેંબરની સવારે સાત વાગ્યે પાયધુનીથી ઉપડી હતી અને જુદા જુદા સ્થાનેથી યાત્રિકોને લેતી લેતી સાડા આઠ વાગ્યા લગભગ થાણા પહોંચી હતી; ત્યાં સંઘની કાર્યવાહીના સભ્ય શ્રી રતિલાલ ઉજમશી શાહ તરફથી ચા નાસ્તા વડે યાત્રિક સંઘનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સંઘમાં ૧૨ બહેનો હતી અને ૩૩ ભાઇઓ હતા, બપોરના બે વાગ્યા લગભગ નાસિક પહોંચ્યા હતા. ત્યાં ભોજન કરીને આગળ ચાલ્યા અને રાત્રીના સાડા અગિયાર વાગ્યે ઔરંગાબાદ પહોંચ્યા. સ્ટેશન નજીની ધર્મશાળામાં બધાં સ્થિર થયાં બીજે દિવસે સવારે નવ વાગ્યે બધાં તૈયાર થઇને ઉપડયાં; એલોરાની ગુફાઓ શકય તેટલી જોઇ; નજીકમાં આવેલ સર્વોત્કૃષ્ટ જ્યોતિર્લિંગ તરીકે ઓળખાતા ઘૃષ્ણેશ્વર મહાદેવનું મંદિર જોયું, ત્યાં જ ભોજન કર્યુ; પાછા ફરતા દોલતાબાદનો કીલ્લો જોયો; રાત્રે સાડા સાત વાગ્યે ઔરંગાબાદ પાછા આવ્યા. ભોજન કરીને રાત્રી આરામમાં પસાર કરી. બીજે આખો દિવસ અજન્ટાની ગુફાઓ જોવામાં પસાર કર્યો. પછીના દિવસે સવારે ઔરંગાબાદ છોડતાં પહેલાં ઔરંગાબાદમાં આગ્રાના મશહુર તાજમહાલની નકલ સમી–ઔરંગઝેબની બીબીની–કબર છે તે જોઇ લીધી. સાંજના નાશિક અને રાત્રીના બાર વાગ્યા લગભગ મુંબઇ પાછા આવી પહોંચ્યા.

સંઘ દ્વારા યોજાતા આજ સુધીનાં પર્યટનોમાં આ સૌથી વધારે મોટું એટલે કે ચાર દિવસનું, ઘણા મોટા પ્રદેશને આવરી લેતું–લગભગ ૭૨૫ માઇનું–પર્યટન હતું અને સૌથી વધારે આનંદદાયી નીવડયું હતું. સદ્‌ભાગ્યે ગુજરાતના જાણીતા ચિત્રકાર જ માત્ર નહિ પણ કળાગુરૂ શ્રી રવિશંકર મ. રાવળ અમારી સાથે જોડાવા માટે અમદાવાદથી ખાસ આવ્યા હતા અને મીયાગામથી ફોટોગ્રાફી જેમના ખાસ શોખનો વિષય છે એવા ભાઇ શ્રી સુમનભાઇ શેઠ પણ અમારા આ યાત્રાસંઘમાં જોડાયા હતા. શ્રી સુરજચંદ્ર ડાંગી પણ સાથે જ હતા. મંડળીનાં નાનાં મોટાં બધાં વચ્ચે એકરૂપતાની ભારે જમાવટ થઇ હતી–અને પ્રવાસના ચારે દિવસ એક સરખા આનંદ વિનોદમાં પસાર થયા હતા. આ પ્રવાસના અનેક મીઠાં સ્મરણો મનમાં છલોછલ ભર્યા છે, સુતાં જાગતાં સ્મરણપટ ઉપર તરવર્યા જ કરે છે. આ સ્મરણો શબ્દબદ્ધ થાય કે ન થાય, પણ તત્કાળ તેની ટુંક વિગત આ અંકમાં આપવી જ જોઇએ એ હેતુથી આ નોંધ લખી છે. એલોરા અજન્ટા વિષે હાલ એટલું કહેવું બસ થશે કે એલોરા અને અજન્ટામાં જે જોયું તે આજ સુધી તે વિષે કરેલી કલ્પનાને ખરેખર વટાવી જાય તેવું હતું. ભારતની સભ્યતાના એક મહાન સીમાચિહ્ન–રૂપ આ બન્ને સ્થળોનાં દર્શન કરતાં જે કૃત્યકૃત્યતા અનુભવી તેવી કૃત્યકૃત્યતા ભાગ્યે જ અન્ય સ્થળોનાં દર્શન કરતાં ભૂતકાળમાં અનુભવી હશે. દરેક ભારતવાસીએ આ બન્ને સ્થળોની એક વખત યાત્રા કરવાનો નિરધાર કરવો જ જોઇએ.

પરમાનંદ

બટાટા તથા કંદમૂળ વિષે એક ચર્ચાપત્ર

(તા. ૧-૧૦-૫૭ ના તથા તા. ૧૫-૧૦-૫૭ ના પ્રબુધ્ધ જીવનમાં અનુક્રમે પ્રગટ થયેલ 'બટાટા કંદમૂળ હોવાનો માન્યતાભ્રમ' અને 'કંદમૂળની ભક્ષ્યાભક્ષ્યતા' એ બે લેખોમાં રજુ કરવામાં આવેલ બાબતો સંબંધી શ્રી રતિલાલ ચીમનલાલ શાહ તરફથી એક ચર્ચાપત્ર મળ્યું છે, જેનો આગળના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલ 'બટાટાની અર્વાચીનતા પ્રાચીનતા વિષે'ની એક નોંધમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત ચર્ચાપત્ર નીચે મુજબ છે. **તંત્રી**)

બટાટા કંદમૂળ હોવા માન્યતાભ્રમ નથી.

તા. ૧-૧૦-૫૭ ના પ્રબુધ્ધ જીવનમાં "બટાટા કંદમૂળ હોવાનો માન્યતાભ્રમ" એ શિર્ષક હેઠળનો આખો લેખ ધ્યાનપૂર્વક વાંચ્યા પછી, જે વિચારો ઉદ્‌ભવ્યા તથા મ્હારા અભ્યાસ દરમ્યાન જે જાણવા મળ્યું તે રજુ કરૂં છું.

કોઇ પણ ધર્મ કરતાં જૈન ધર્મના આચાર-વિચારોમાં તથા આહારવિહારના નિયમોમાં અહિંસા દૃષ્ટિને લક્ષમાં રાખીને જ તેનું ઘડતર થયેલું છે. વસ્ત્રોના સંબંધમાં રેશમી વસ્ત્રો કેમ પવિત્ર ગણાયાં હશે કે તે કયારથી દાખલ થયાં તે સંબંધમાં તો મ્હેં ખાસ અભ્યાસ કર્યો નથી, કારણ કે હું સ્થાનકવાસી સંપ્રદાયમાં જન્મ્યો અને મોટો થયો હોઇ તેની કોઈ વખત જરૂર પડી નથી.

પણ જ્યાં સુધી પ્રત્યેક વનસ્પતિકાય, સાધારણ વનસ્પતિકાય, સ્કંધ અને પ્રદેશોના વિવરણોને સંબંધ છે ત્યાં સુધી તો આપણે એટલું જરૂર માનવું પડશે કે જૈન શાસ્ત્રો જેટલી ઝીણવટભરી સમજ અન્ય કોઇ દર્શનકારોએ આપી નથી.

કંદમૂળને જૈનો અભક્ષ્ય ગણે છે. કારણ કે તે સાધારણ વનસ્પતિકાય છે અને તેમાં અનંત જીવો હોય છે. પરંતુ માત્ર મૂળનેજ અનંતકાય કે સાધારણ વનસ્પતિકાય કહેવાય એવો કોઇ નિયમ નથી.

બટાટા જેમ ફળની માફક જમીનની અંદર ઉગે છે, તેમ સીંગ (મગફળી) પણ જમીનની અંદર ફળની માફક ઉગે છે છતાં તે પણ લીલી હોય ત્યાં સુધી કંદમૂળ અર્થાત અનન્તકાય જ ગણાય છે.

તે ઉપરાંત પુગ, શેવાળ, ખીલાડીના ટોપ, થોર, કુંવાર, ખરસાંણી વિગેરે જમીનની ઉપર ઉગે છે, છતાંય સાધારણ વનસ્પતિકાય ગણાય છે.

બટાટા ભારતની જુના કાળની કોઈ પેદાશ નથી તથા અન્ય કંદોની જેમ બટાટા સૂચવતો કોઈ સંસ્કૃત કે પ્રાકૃત શબ્દ નથી એમ કહેવામાં આવ્યું છે તે બરાબર નથી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીસમા અધ્યાયની છન્નુમી ગાથા આ પ્રમાણે છેઃ-

साहारणसरीरा उ, णेगहा ते पकित्तिया ।
आलुए मूलए चेव, सिंगबेरे तहेव य ॥

ગુજરાત સિવાયના ભારતના અન્ય પ્રદેશોમાં બટાટાને આલુના નામે ઓળખવામાં આવે છે. ઉપરની ગાથામાં આવેલ અર્ધમાગધી ભાષાના આલુ શબ્દમાં તેનું મૂળ છે.

ઉપરની ગાથામાં સાધારણ વનસ્પતિકાયના ભેદો બતાવવામાં આવ્યા છે. તેમાં કહ્યું છે કે સાધારણ વનસ્પતિકાયના અનેક ભેદો છે. આલુ (એટલે બટાટા), મૂળા તથા આદુ વિગેરે. આલુ-બટાટા, મૂળા અને આદુ એ ત્રણેની ઉગવાની રીતમાં ફેર છે. બટાટા, ભોંયસીંગ વિ. જમીનની અંદર જ છોડ થઈ ફળની માફક આવે છે. મૂળા એ સીધું મૂળ હોય છે, ગાજર, ખીટરૂટ વિ. તેમાં આવે છે, અને જેનો ટુકડો કાપીને જમીનમાં નાખવાથી વધે છે, તેવી જાતોમાં આદુ, હળદર વિ. નો સમાવેશ થાય છે.

કોઇ પણ ધર્મના આચાર વિચારનાં નિયમનો તેના સિધ્ધાંતાનુસાર તેનો પ્રવર્તકોના ઉપદેશના આધાર ઉપર ઘડાયેલા હોય છે. ઉત્તરાધ્યન સૂત્ર એટલે ભગવાન મહાવીરનો અંતિમ વારસો તેમાં ઉપર મૂજબ છે. અને શાસ્ત્રોને લિપિબધ્ધ કરવાનું કાર્ય શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે વીરાત્ ૯૮૦ માં કર્યું. એટલે જો બટાટા ઈ. સ. ૧૬૪૫ પછી ભારતમાં આવ્યા હોય તો ઇ. સ. ૪૫૪ માં બટાટા સૂચવતો આલુ શબ્દ કયાંથી આવ્યો ? આથી કાં તો બટાટા તે કાળમાં હોવા જોઇએ એમ માનવું જોઇએ અને તેમ ન માનીએ તો ભગવાન મહાવીરના ત્રિકાળદર્શીપણામા શ્રધ્ધા રાખવી જોઇએ.

જેનો કોઈ પણ ટુકડો રોપવાથી ઉગે તે જ સાધારણ વનસ્પતિકાય કહેવાય એવો કોઈ નિયમ નથી. કારણ કે કુંણી, ગાજર, મૂળા એ બધામાંથી કોઇનો પણ ગમે તે ટુકડો કાપીને રોપવાથી ઉગતો નથી. તેનાં બીજ રોપવાં પડે છે.

તેમ છતાંય બટાટામાંથી તો તેનો આંખવાળા ભાગનો ટુકડો કાપીને રોપવાથી ઉગે છે. એટલે તે તો અનંતકાય જ છે એમ નક્કી થાય છે.

કંદમૂળની ભક્ષ્યાભક્ષતા ?

તા. ૧૫-૧૦-૫૭ ના અંકમાં ઉપરના શિર્ષક હેઠળ જે તાકિક વિચારણા રજુ કરવામાં આવી છે, તેમાં પણ સમજપૂર્વકના તર્કનો અભાવ છે.

આ આખા લેખનો આધાર, જે ત્રણ નિયમો કલ્પવામાં આવ્યા છે, તેમાંના ત્રીજા નિયમ ઉપર છે જે આ પ્રમાણે છે :-

"ચાલુ જીવનનિર્વાહ માટે જ્યાં અલ્પવિકસિત જીવોની અધિકતર હિંસા અને અધિકતર વિકસિત જીવોની અલ્પ હિંસા-એ બન્ને વચ્ચે પસંદગી કરવાની હોય ત્યાં અલ્પવિકસિત જીવોની અધિકતર હિંસાને પસંદગી આપવી અને અધિકતર વિકસિત જીવોની હિંસાથી બને તેટલા દૂર રહેવું."

હવે કંદમૂળ એટલે કે સાધારણ વનસ્પતિકાય અથવા અનન્તકાયના જીવો કરતાં પ્રત્યેક વનસ્પતિકાયના જીવો વધુ વિકસિત છે એમ પ્રતિપાદન કરવાનો જે પ્રયત્ન કરવામાં આવ્યો છે તે બરાબર છે કે કેમ તે જોઇએ.

કબુતરને ચણ નાખવામાં કે પાણીના પ્યાલામાં પડેલી માંખીને બચાવવામાં ધર્મ મનાય છે. તેનું કારણ એ છે કે કબુતર અને માંખી એ વધુ વિકસિત જીવો છે, અને તે માટે તેમની જીંદગી બચાવવામાં પુણ્ય માન્યું છે. પણ એ કઈ રીતે વધુ વિકસિત છે ? શું તેમના શરીરનું કદ મોટું છે માટે વધુ વિકસિત છે ? ના. જો તેમ હોય તો માનવી કરતાં હાથી કે ઘોડાને વધુ વિકસિત માનવા જોઇએ.

ખરી રીતે જીવોનો વિકાસ તેનામાં કેટલા પ્રાણ છે એ ઉપરથી ગણાય છે. જૈન શાસ્ત્રો દશ પ્રાણ કહે છે. સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, અને શ્રોત એ પાંચ ઇન્દ્રિયો, મન, વચન, કાયનાં બળ તથા શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દસ પ્રાણ પૈકી કોનામાં કેટલા પ્રાણ છે એ ઉપર તે જીવના વિકાસનો આધાર છે.

હવે સાધારણ અને પ્રત્યેક બન્ને જાતના વનસ્પતિકાયના જીવોને સ્પર્શેન્દ્રિય, કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ ચાર જ પ્રાણ હોય છે; એટલે બન્ને સમકક્ષાના જીવો છે. તેથી જેમાં વધુ જીવોની હિંસા થતી હોય તે કાર્ય કરવું ન જોઇએ તે દૃષ્ટિએ સાધારણ વનસ્પતિકાય જૈનોને માટે વર્જ્ય ગણાય. કારણ કે સાધારણ વનસ્પતિકાયમાં એક સોયના અગ્ર ઉપર રહે એટલામાં અસંખ્યાતી શ્રેણી છે, અકેકી શ્રેણીમાં અસંખ્યાતા પ્રતર છે, અકેકા પ્રતરમાં અસંખ્યાતા ગોળા છે, અકેકા ગોળામાં અસંખ્યાતા શરીર છે, અને એકેકા શરીરમાં અનંત જીવ છે. આ શાસ્ત્રોનું કથન છે, અને આ વનસ્પતિકાયનું આયુષ્ય જઘન્ય અન્તર્મુહૂર્ત્તનું અને ઉત્કૃષ્ટ દસ હજાર વર્ષનું કહેલું છે.

આજના વૈજ્ઞાનિકોની દૃષ્ટિએ કેળાં, બટાટા કે સુરણ વચ્ચે જીવબહુલતાનો કોઈ ભેદ નથી. પરંતુ આજનું વિજ્ઞાન શું સંપૂર્ણ છે ? ના. વિજ્ઞાન હજુ તો પ્રયોગાવસ્થામાં છે. આજે વૈજ્ઞાનિકો એક વાત કરે છે તો કાલે વળી તેજ વાતને તેઓ ખોટી ઠરાવે છે.

આજથી થોડાંક વર્ષો પહેલાં વનસ્પતિમાં જીવ છે એમ પણ વૈજ્ઞાનિકો માનતા નહોતા. તે કેટલા પ્રયોગો, કેટલાં સાધનો અને સમયના ભોગે હવે માને છે. વળી વનસ્પતિના શ્વાસોચ્છ્વાસ અને તેને થતી સુખદુઃખની લાગણીનો પણ હવે સ્વીકાર થાય છે. ત્યારે આજથી હજારો વર્ષ પહેલાં જે જ્ઞાનીઓએ કોઈ પણ જાતનાં બાહ્ય સાધનો વિના આ બધી વાતો કહી, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વિગેરેના જીવો, તેના ભેદો, તેનાં કુળ ઇત્યાદિ બતાવ્યાં, તેમની વાતોમાં શ્રદ્ધા શા માટે ન રાખવી?

કંદમૂળ અને પ્રત્યેક વનસ્પતિકાયનાં શાકભાજી વચ્ચે બીજો તફાવત છે અને તે એ કે બીજાં શાકભાજી જલ્દી સડી જાય છે, તેમાં જીવાત પડે છે, જ્યારે કંદમૂળ લાંબો વખત સુધી ટકી શકે છે. ત્યારે જે વસ્તુ સડી જવાની કે નકામી થઈ જવાની હોય તેનો ઉપયોગ કરી નાખવો એ વધારે આયુષ્યવાળાનો ઘાત કરવા કરતાં વધુ સારું નથી? એટલે એ દૃષ્ટિએ પણ સાધારણ વનસ્પતિકાય વર્જ્ય છે.

ભીંડા, વાલોળ, કારેલાં વિ. માં ઇયળો થાય છે. તેનો અર્થ એ છે કે તેમાંથી વનસ્પતિકાયના જીવો ઓછા થતાં તેનું શરીર બીજા જીવોનું રહેઠાણ બનતું જાય છે. એટલે કંદમૂળ જેવી લાંબો સમય ટકનાર વસ્તુઓના બદલે તેનો જ વેળાસર ઉપયોગ કરી નાખવો એ બહેતર છે. શાકને સુધારતાં કોઈ જીવની હિંસા ન થાય તે માટે ઉપયોગ રાખવો જોઈએ. શાસ્ત્રકારોએ કહ્યું છે કે ક્રિયાએ કર્મ, ઉપયોગે ધર્મ, પરિણામે બંધ અને ભૂલ એ મિથ્યાત્વ.

આમ દરેક રીતે જોતાં કંદમૂળ જૈનોને માટે તો ત્યાજ્ય ગણાવું જોઇએ.

એકેન્દ્રિય કરતાં બેઇન્દ્રિય જીવની હિંસામાં અનેક ગણો દોષ છે, કારણ કે તેમાં ચાર પ્રાણ અને છ પ્રાણનો તફાવત છે. પણ જ્યારે સમકક્ષાના જીવોની હિંસાનો પ્રશ્ન આવે ત્યારે શેમાં ઓછી સંખ્યા હણાય છે એ ઉપયોગ રાખવો જોઇએ. એ દૃષ્ટિએ પ્રત્યેક કરતાં સાધારણ વનસ્પતિકાય એટલે કે બીજા શાકો કરતાં કંદમૂળમાં ખૂબજ જીવોનો ઘાત થતો હોઇ તેનો ઉપયોગ વધુ દોષપાત્ર ગણાય.

રતિલાલ ચીમનલાલ શાહ

શ્રી રતિલાલ ચીમનલાલ શાહને પ્રત્યુત્તર

ઉપરના ચર્ચાપત્રને ધ્યાનમાં રાખીને લખાયલો નીચેનો પ્રત્યુત્તર ભાઇશ્રી રતિલાલ ચીમનલાલને સંતોષ આપી શકશે કે કેમ તે વિષે હું સાશંક છું; કારણ કે ગમે તેટલી લાંબી ચર્ચા–પ્રતિચર્ચા કરવામાં આવે તો પણ જ્યાં એક બાજુએ ધાર્મિક માન્યતાનો પ્રશ્ન હોય છે ત્યાં મન્તવ્યભેદનું નિવારણ લગભગ અશક્ય હોય છે. આમ છતાં આ પ્રશ્નોએ બીજા કેટલાંએક ભાઈ બહેનોના દિલમાં તર્કવિતર્ક ઉભા કર્યા છે તેમને નીચેનો પ્રત્યુત્તર વધારે વિચાર કરવાનો ખોરાક પુરો પાડશે એવી મને આશા છે.

બટાટા તથા કંદમૂળ વિષે

ઉત્તરાધ્યયન સૂત્રની જે ગાથામાં 'આલુ' શબ્દનો ઉલ્લેખ આવે છે તેની ચર્ચા આગળના તા. ૧–૧૨–૫૭ ના પ્રબુદ્ધ જીવનમાં વિસ્તારથી હું કરી ચુકયો છું, અને તે દ્વારા એમ પુરવાર કરવામાં આવ્યું છે કે તે ગાથામાં આવતો 'આલુ' શબ્દ બટાટાવાચક નથી અને તેથી તેના આધાર ઉપર કરવામાં આવેલી બટાટાની પ્રાચીનતાની કલ્પનાને કશો પાયો નથી.

આ ઉપરાંત પ્રસ્તુત શ્લોકમાં આવતા 'મૂલએ' શબ્દનો અર્થ સાદૃશ્ય–સંભ્રમને વશ થઇને ચર્ચાપત્રીએ 'મૂળા' એવો જે અર્થ કર્યો છે તે પણ બરોબર નથી. તેનો ખરો અર્થ મૂળો–Roots–થાય છે. એ હકીકત ચર્ચાપત્રીના ધ્યાન બહાર ગઈ લાગે છે કે કાંદા સાથે વળગેલા પાંદડાઓને ખરી રીતે મૂળા તરીકે ઓળખવામાં આવે છે અને તે તો પ્રત્યેક વનસ્પતિકાય છે અને જૈનો માટે ભક્ષ્ય લેખાય છે.

બટાટા પ્રાચીન હોય તો પણ જે અર્થમાં કંદમૂળ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે તે અર્થમાં બટાટા કંદમૂળ તો નથી જ, અને સાધારણ વનસ્પતિકાયનાં 'છિન્નરૂહ' વગેરે મુખ્ય લક્ષણો તે કોટિમાં લેખાતા બીજા દ્રવ્યોને લાગુ પડતા હોય કે ન હોય, પણ બટાટાને તો લાગુ પડતા જ નથી. આ સંબંધમાં મૂળ લેખમાં જે કાંઈ જણાવવામાં આવ્યું છે તેમાં કશું ઉમેરવાપણું રહેતું નથી.

ભાઇશ્રી રતિલાલ બટાટા માફક ઉગતી ભોયશીંગને–તે લીલી હોય તે દરમિયાન–સાધારણ વનસ્પતિકાય લેખાય છે એમ જણાવે છે. પં. બેચરદાસને આ વિષે પુછાવતાં તેઓ જણાવે છે કે આ માન્યતા કેટલેક ઠેકાણે પ્રથાગત હોવા છતાં તેને કોઇ શાસ્ત્રીય આધાર હોવાનું તેમના જાણવામાં આવ્યું નથી.

કંદમૂળની ભક્ષ્યાભક્ષ્યતાને લગતા મારા લેખ અંગે અહિં ફરીથી સ્પષ્ટ કરવાની જરૂર છે કે એ લેખમાં મેં કોઈ નિર્ણયાત્મક વિધાન કર્યું નથી, પણ એક તર્કસરણી રજુ કરી છે. તે સામે ભાઇશ્રી રતિલાલે પોતાના ચર્ચાપત્રમાં એક પ્રતિતર્કસરણી રજુ કરી છે. તેમાં તેઓ જણાવે છે કે કયો જીવ વધારે કે ઓછો વિકસિત છે તે તેના કદ ઉપરથી નહિ, પણ તેમાં રહેલ પ્રાણની સંખ્યા ઉપરથી નિશ્ચિત કરવું ઘટે છે, અને એ રીતે પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાય–ઉભયમાં ચાર પ્રાણ રહેલા હોવાથી એકને અન્યથી વધારે વિકસિત કલ્પવું તે બરાબર નથી. આ તેમની વિચારસરણી અમુક અંશે વ્યાજબી છે, પણ સરખા પ્રાણ ધરાવતા જીવોમાં પણ ઓછી વધતી વિકસિતતાની કલ્પનાને અવકાશ છે. દા. ત. દશ પ્રાણ ધરાવતા પશુઓ અને મનુષ્યો વચ્ચે રહેલો તફાવત. આ મુદ્દો તેમના ધ્યાન બહાર હોય એમ લાગે છે. પશુ તથા મનુષ્ય વચ્ચે જે તફાવત રહેલો છે જેને લીધે પશુ કરતાં માનવીની હિંસાને આપણે ઘણી વધારે દોષપાત્ર લેખીએ છીએ તે મુજબ કંદમૂળ જેવા સાધારણ વનસ્પતિકાયની રચના અને દુધી, ટમેટા જેવા પ્રત્યેક વનસ્પતિકાયની ભિન્ન પ્રકારની રચના–એકમાં ક્ષણે ક્ષણે મરતા અનેક સુક્ષ્મતમ જીવો છે અને અન્યમાં એક દેહવ્યાપી ચોક્કસ મર્યાદાવાળું આયુષ્ય ધરાવતો એક જીવ છે–આવો બન્ને વચ્ચે રહેલો ફરક ધ્યાનમાં લેતાં પ્રત્યેક કરતાં સાધારણ વનસ્પતિકાયનો ઉપભોગ અલ્પતર દોષવાળો હોવો જોઇએ–આવું અનુમાન અથવા તો તર્ક આપણને પ્રાપ્ત થાય છે. એક બીજું દૃષ્ટાન્ત વિચારીએ. પાણીમાં પાર વિનાના પોરાઓ–જીવો–હોય છે, એમ છતાં અન્ય ખાદ્ય અને પેય પદાર્થોની સરખામણીએ પાણીના ઉપયોગને ઓછો દોષપાત્ર લેખવામાં આવ્યો છે, જો કે તે જીવો પણ એકેન્દ્રિય અને ચાર પ્રાણવાળા હોય છે. આવી માન્યતા પાછળ પણ ઉપર જણાવી તેવી જ કોઇ તર્કભૂમિકા હોવી જોઇએ.

ભાઇશ્રી રતિલાલની બીજી એક દલીલ એવી છે કે કંદમૂળ વધારે ટકે છે તેથી તે વધારે આયુષ્યવાળું છે અને બીજાં શાક ભાજી બહુ ટકતા નથી, જલ્દિ સડી જાય છે તેથી ઓછા આયુષ્યવાળા છે, અને આમ હોવાથી ઓછા આયુષ્યવાળા જીવોનો ઉપયોગ કરી નાખવો તે તેમની દૃષ્ટિએ વધારે ઇચ્છવા યોગ્ય છે. કંદમૂળ વધારે ટકે છે તેથી વધારે આયુષ્યવાળું છે એ કલ્પના બરોબર નથી, કારણ કે તેમના જ વર્ણન પ્રમાણે સાધારણ વનસ્પતિકાયમાં એક સોયના અગ્રભાગ ઉપર રહે એટલામાં અસંખ્યાતી શ્રેણી છે, એકેકી શ્રેણીમાં અસંખ્યાતા પ્રતર છે, એકેકા પ્રતરમાં અસંખ્યાતા ગોળા છે, એકેકા ગોળામાં અસંખ્યાતા શરીર છે અને એકેકા શરીરમાં અનન્ત જીવ છે, આ વર્ણન અત્યુક્તિની પરાકાષ્ટા જેવું લાગે છે. આમ છતાં પણ આ વર્ણન કંદમૂળની જીવ–બહુલતા અંગે સાચી વસ્તુસ્થિતિ રજુ કરનારું છે એમ માની લઇએ તો પણ, આવા જીવોનું આયુષ્ય જઘન્ય અન્તર્મુહૂર્તથી વધારે હોઈ ન શકે આવું અનુમાન વધારે સ્વાભાવિક લાગે છે. આની અપેક્ષાએ ચિરાયુષી લાગતા પ્રત્યેક વનસ્પતિકાયનાં દ્રવ્યો વર્જ્ય લેખાવા ઘટે."

ધર્મ, વિજ્ઞાન અને સર્વજ્ઞત્વ

આ બધી ચર્ચા તો એક શાસ્ત્રીય માન્યતાને સ્વીકારીને કરવામાં આવી છે, પણ આ ચર્ચાના અનુસંધાનમાં એ જણાવવું જરૂરી છે કે વૈજ્ઞાનિક દૃષ્ટિએ કેળાં, બટાટા કે સુરણ વચ્ચે જીવબહુલતા અંગે કશો ભેદ નથી એ હકીકતની, વિજ્ઞાન તો અપૂર્ણ છે, પ્રયોગાવસ્થામાં છે એમ કહીને, આપણે ઉપેક્ષા કરી ન જ શકીએ. ભૌતિક વિજ્ઞાનના પ્રદેશમાં વિજ્ઞાન જે માન્યતાઓને અનુમત નહિ કરે તેની શાસ્ત્રાધીન માન્યતાઓ આજના વખતમાં લાંબો વખત ટકી શકે તે સંભવિત નથી. જ્ઞાનીઓએ વર્ણવેલા પૃથ્વીના સ્વરૂપ કરતાં આજે અન્ય પ્રકારના પુરવાર થયેલા અને ચોતરફના આકાશ ઉડ્ડયનવડે અનુભવગોચર બનેલા પૃથ્વીના સ્વરૂપનો કોઇથી પણ ઇનકાર થઈ શકે તેમ છે જ નહિ. આ જ વિચાર ચંદ્ર અને સૂર્ય અને તેની ગતિ-સ્થિરતા અંગેના સાંપ્રદાયિક ખ્યાલો અને આજે વૈજ્ઞાનિક સાધનો વડે પુરવાર થયેલા તેના વાસ્તવિક સ્વરૂપ વચ્ચે રહેલા તફાવતને પણ લાગુ પડે છે. શાસ્ત્રો પ્રમાણે અવિભાજ્ય લેખાતું પરમાણુ આજે સુવિભાજ્ય બન્યું છે. શબ્દની પૌદ્ગલિકતા અને અગ્નિ અથવા પ્રકાશની સજીવતા આજના વિજ્ઞાને ખોટી-નિરાધાર-પુરવાર કરી છે. ભૌતિક ક્ષેત્રને લગતી શાસ્ત્રીય માન્યતાઓ તે તે કાળની સમજણ, અવલોકન, કલ્પના, અનુભવ, અન્તઃસ્ફુરણ અને સંશોધનના સીમાચિહ્નરૂપ છે એમ સમજવું અને સ્વીકારવું ઘટે છે. ભૌતિક વિજ્ઞાનના પ્રદેશમાં તે તે માન્યતાઓ અન્તિમ સત્યો હોઈ ન જ શકે. ત્યાર બાદ વિજ્ઞાને ભૌતિક વિજ્ઞાનના અનેક પ્રદેશોમાં અસાધારણ પ્રગતિ કરી છે અને આપણી અનેક રૂઢ માન્યતાઓને ખોટી અથવા તો આધાર રહિત પુરવાર કરી છે. અલબત્ત કોઈ કોઈ માન્યતા સાચી પણ પુરવાર થઈ છે. આમાં પણ મૂળ સમજણ અને વિજ્ઞાનદ્વારા આપણને પ્રાપ્ત થયેલી સમજણ વચ્ચે ઘણું મોટું અન્તર છે એ હકીકત આપણા ખ્યાલ બહાર જવી ન ઘટે. દાખલા તરીકે વનસ્પતિની સજીવતા ભગવાન મહાવીરના કાળથી પ્રરૂપિત થતી આવેલી માનવામાં આવે છે. પણ તે સજીવતાનો આધાર એટલા જ માત્ર ખ્યાલ ઉપર રહેલો હતો કે જે પદાર્થ સ્વતઃ વધે-ઉગે તે પદાર્થને દ્રવ્યને સજીવ લેખવું. આ ખ્યાલ સ્વીકારીને આપણે વનસ્પતિને સજીવ લેખી; પણ જ્યાં સુધી પ્રસિદ્ધ હિંદી વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં સુખદુઃખનું સંવેદન અને વનસ્પતિના મર્મભાગ ઉપર Stimulant-ઉત્તેજક દ્રવ્યની ઉત્તેજનાપરિણામી અસર-આ બન્ને બાબતો પ્રાયોગિક રીતે સિધ્ધ કરી આપી નહોતી, ત્યાં સુધી વનસ્પતિ-વિષયક સુખદુઃખાત્મક સંવેદન માત્ર આપણી કલ્પનાનો જ વિષય હતો. એવી જ રીતે જૈન ધર્મમાં પ્રરૂપવામાં આવેલ અનેકાન્તવાદ અને વિજ્ઞાનાચાર્ય સ્વ. આઇન્સ્ટીને પ્રરૂપેલ Theory of Relativity-સાપેક્ષતાવાદ-બન્નેના મૂળમાં જરૂર સમાન દૃષ્ટિકોણ છે. એમ છતાં પણ આધુનિક વિજ્ઞાનની અનેક શોધખોળો, અને ગણિતશાસ્ત્રના અસાધારણ વિકાસના આધાર ઉપર સ્વતંત્ર સંશોધન અને વિરાટ વિશ્વના વેધક અવલોકન દ્વારા ડો. આઇન્સ્ટીને સાપેક્ષતાવાદનું જે ભવ્ય નિરૂપણ કર્યું છે તેની પાસે જૈન શાસ્ત્રગ્રંથોમાં અનેકાન્તવાદનું કરવામાં આવેલ નિરૂપણ કેવળ બાલક્રીડા જેવું લાગે છે. અહિંસાના તાત્વિક વિચારની પણ આજે કેટલી બધી શાખા પ્રશાખાઓ ફૂટવા લાગી છે, જેનો મૂળ પ્રરૂપકને ખ્યાલ સરખો પણ કદાચ ન હોય!

આ રીતે આજનું વિજ્ઞાન ભૌતિક ક્ષેત્રે ધાર્મિક લેખાતી કેટલીયે માન્યતાઓને ખોટી પુરવાર કરે છે અને જ્યાં સાચી પુરવાર કરે છે ત્યાં પણ એ માન્યતાઓને કોઈ નવા જ રૂપમાં તે આપણી સામે રજુ કરે છે. આ પ્રકારે આજે અનેક ધાર્મિક માન્યતાઓ અને વૈજ્ઞાનિક શોધ ખોળો વચ્ચે મોટા વિસંવાદ જોવામાં આવે છે. આજના યુગનું વિજ્ઞાનપ્રધાન માનસ લક્ષ્યમાં લેતાં જે કોઈ લોકો પોતાને વારસામાં મળેલ ધર્મને-સંપ્રદાયને-જીવન્ત રાખવા માગતા હોય અને ઉત્તરોત્તર પેઢીના લોકો ધર્મનું અવલંબન લઇને આત્મશ્રેય સાધે એમ ઇચ્છતા હોય તેમણે ભૌતિક ક્ષેત્રને લગતી ધાર્મિક માન્યતાઓને આજના વિજ્ઞાનને અનુરૂપ બનાવવા અને એ રીતે ધર્મ અને વિજ્ઞાન વચ્ચે સુસંગતિ પેદા કરવા તૈયાર રહેવું પડશે. આજ બાબત પ્રબુધ્ધ જીવનના આગળના અંકમાં પ્રગટ થયેલ દીલ્હી ખાતે તાજેતરમાં ભરાયલા સર્વ ધર્મ સંમેલનના પ્રમુખસ્થાનેથી ડૉ. રાધાકૃષ્ણને પોતાના પ્રવચનમાં બહુ સ્પષ્ટ અને સચોટપણે જણાવી છે.

વસ્તુતઃ ધર્મનો ખરો સંબંધ માનવી જીવનનાં મૂલ્યો અને તેમાંથી ફલિત થતા આચાર વિચાર સાથે રહેલો છે. આ બાબતમાં દરેક ધર્મની એક આગવી દૃષ્ટિ રહેલી હોય છે. આ સાથે દરેક ધર્મના શાસ્ત્રોમાં ભૌતિક જગત વિષે ભિન્ન ભિન્ન પ્રકારના મન્તવ્યો અન્તર્ગત કરવામાં આવેલાં હોય છે. આ મન્તવ્યોનું, તત્કાલીન વૈજ્ઞાનિક સંશોધનની દૃષ્ટિએ, જરૂર મહત્વ છે, પણ ધર્મના મૂળ તત્વો સાથે-તેમાં પ્રરૂપવામાં આવેલી ચોક્કસ વિચારસરણી સાથે-આ મન્તવ્યોનો કોઇ એવો સંબંધ છે જ નહિ કે જેને લીધે, આ મન્તવ્યોમાંથી અમુક મન્તવ્યો આધુનિક વિજ્ઞાનના ધોરણે ખોટાં પુરવાર થતાં ધર્મના મૂળ તત્વોને જરા પણ વાંધો આવે. દા. ત. પૃથ્વીને સપાટ થાળી જેવી કલ્પવામાં આવતી હતી, તેના બદલે ગોળ પુરવાર થાય તો તેથી આત્મ-તત્વના અસ્તિત્વને અથવા તો અહિંસા, સત્ય આદિ આચાર-નિયમોને જરા પણ બાધ આવતો નથી. આમ વિચારવા જતાં જો કોઇ બાધ આવતો હોય તો તે માત્ર ધાર્મિક લેખાતી ભૌતિક જગતને લગતી માન્યતાઓ સાથે સંકળાયેલા સર્વજ્ઞત્વના ખ્યાલ સાથે આવે છે. પણ સર્વજ્ઞત્વનો આવો વ્યાપક ખ્યાલ છોડીને જો આપણે સર્વજ્ઞત્વનો આટલો જ અર્થ કરીએ કે જેણે જીવ, જગત્ અને ઇશ્વર વિષે જગતના લોકોને એવું માર્ગદર્શન આપ્યું કે જેના જ્ઞાન અને સાક્ષાત્કાર વડે જીવનના સર્વ પ્રશ્નોનો સહજપણે અને પરસ્પર વિરોધી ન હોય એવો ઉકેલ સાધી શકાય તે 'સર્વજ્ઞ', તો આવા સર્વજ્ઞત્વને વિજ્ઞાન સાથે લેશ માત્ર અંધડાવાપણું સંભવે નહિ. કોણે કરાવેલું માગદર્શન ઉપરોકત પ્રકારનું છે તે આખરે શ્રધ્ધાનો વિષય રહેવાનો, અને જેના માટે જેનું માર્ગદર્શન આ પ્રકારે શ્રધ્ધેય બને તેના માટે તે લોકોત્તર પુરુષ 'સર્વજ્ઞ' પદને લાયક લેખાવાનો. આ રીતે વિચારતાં સર્વજ્ઞત્વની કલ્પના પણ બુધ્ધિગમ્ય બનશે, અને સર્વજ્ઞત્વને લગતો આજે જે આંધળો વિવાદ ચાલે છે તેનો પણ અન્ત આવશે.

કંદમૂળના પ્રશ્નની ચર્ચા કરતાં ધર્મ, વિજ્ઞાન અને સર્વજ્ઞત્વના એક અતિ વિશાળ અને ગંભીર પ્રશ્નની ચર્ચામાં હું ઉતરી ગયો, પણ એ એક રીતે ઠીક થયું. કારણ કે ભૌતિક બાબતોને લગતી કોઇ પણ ધાર્મિક માન્યતાનું સમર્થન કરનાર સામે જ્યારે તેને પ્રતિકુળ આજનું વૈજ્ઞાનિક મન્તવ્ય રજુ કરવામાં આવે છે ત્યારે છેવટે તે 'આ બધું સર્વજ્ઞપ્રરૂપિત છે અને તેથી સ્વીકારવા યોગ્ય છે' એવી દલીલનો આશ્રય લે છે અને તેથી આ સર્વજ્ઞત્વ અંગેના વિચારની સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી સત્યના ક્ષેત્રમાં આગળ વધવાનું સૌ કોઈ માટે અશકય બને છે.

ઉપરની બધી ચર્ચાના પરિણામે આપણી કંદમૂળને લગતી મૂળ બાબત અંગે આપણા માટે એવો નિર્ણય ફલિત થાય છે કે કંદમૂળ અથવા તો સાધારણ વનસ્પતિકાયને લગતા જૈન ધર્મના સાંપ્રદાયિક ખ્યાલોએ પણ પોતાની યથાર્થતા પુરવાર કરવા માટે આખરે તો વિજ્ઞાનની કસોટીમાંથી જ પસાર થવાનું છે, અને તે કસોટીનું જે પરિણામ આવે તે ઉપરથી તેની અનન્ત જીવાત્મકતાનો આખરી નિર્ણય કરવાનો રહે છે.

પરમાનંદ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧૫, ૧૯૫૮, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ગુજરાત અને બંગાળાને સાંકળતી કાળજુની સાંસ્કૃતિક પરંપરા

અમદાવાદ ખાતે ગત ડીસેંબર માસની ૨૮–૨૯ તારીખો દરમિયાન મળેલા અખિલ ભારતીય બંગ સાહિત્ય સંમેલનમાં પ્રસ્તુત સંમેલનના સ્થાયી પ્રમુખ શ્રી દ્વિજેન્દ્રલાલ દાસે કરેલા પ્રવચનમાં ગુજરાત અને બંગાળાના સૈકાજુના પરસ્પર સાંસ્કૃતિક સંબંધોનું નિરૂપણ કરતાં, નીચે મુજબ જણાવ્યું હતું:—

મારા જેવા અનેક બંગાળીઓનાં યૌવનસભર સમણાં, આ અમદાવાદ શહેર સાથે સંકળાયેલાં છે. સૌ પ્રથમ ભારતીય આઇ. સી. એસ. શ્રી સત્યેન્દ્રનાથ ટાગોર, વિશ્વકવિ ટાગોરના મોટા ભાઇ હતા અને આ શહેરમાં શાહી બાગમાં આવેલા જુના જમાનાના બાદશાહોના એકાદ મહેલમાં નિવાસ કરતા હતા. ત્યારે રવીન્દ્રનાથ તેમની કિશોર વયમાં શાંત જ્યોત્સના–રસેલી રજનિમાં, આવા એક મહેલની અગાશીમાં એકલા વિહરતા. પોતાના પ્રારંભકાળનાં ગીતો એમણે અહીં જ રચેલાં અને સંગીતમાં ગૂંથેલાં.

"નલિની. ખોલોગો આંખિ,
ધૂમ એખોનો ભાંગીલો નાકિ?"

(હે સરોજ, તારાં ચક્ષુ ખોલ, શું તારી નિદ્રા હજી પૂરી થઈ નથી?)

આ પરિષદના ખંડમાં જ, મેં આ ગીત મારા મનમાં ગુંજાવ્યું છે. હું જાણું છું કે આજે અમદાવાદની આ જ્યોત્સના–ઝરતી રાતે આપણામાંના અનેકને પણ નિંદર નહિ આવે.

ટાગોરની અમર ગાથા "ધી હંગ્રી સ્ટોન્સ" નું જાદુ આ નગર પર છવાયેલું છે. અમારે માટે આ કહાણીના સૌંદર્યે, અસંખ્ય સમણાંને આકાર અર્પ્યો છે. રવીન્દ્રનાથ આ સંમેલનનાં સૌ પ્રથમ પ્રમુખ હતા. એમના આશીર્વાદથી પાવન થયેલાં અમે, આ સંમેલનના સભ્યો, અમારી વાર્ષિક પરિષદ માટે આ નગરને આંગણે આવ્યા છીએ. આ સંમેલનને શહેર વતી સત્કારવાની માનનીય નગરપતિએ તત્કાળ તત્પરતા દાખવી છે. આવું સ્વાગત, ભારતીય સાહિત્યની પરિષદોના ઇતિહાસમાં કદાચ અપૂર્વ જ હશે. આ સંમેલનમાં, બંગાળ અને ગુજરાતના પુરાણા સંબંધોના કડીબંધ ઇતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેરાય છે.

બંગાળ અને ગુજરાતના ભૂતકાલિન સંબંધોની લગભગ વિસ્મૃત બની ચૂકેલી કહાણી આજે અનંત ઇતિહાસના ઉછંગમાં નવજીવન પામે છે. ઇસ્વીસનના પ્રથમ સૈકામાં લખાયેલા "પેરીપ્લસ ઓફ ધી ઇરિથ્રીઅન સી" માં બંગાળ અને ગુજરાત વચ્ચે ધીકતા વેપારનો ઉલ્લેખ આપણને જોવા મળે છે. જો કે એ જમાનામાં, એમની મદદમાં આજનાં વૈજ્ઞાનિક સાધનો નહોતાં છતાં ય બંગાળી વ્યાપારીઓ, બંગાળનો ઉપસાગર, હિંદી મહાસાગર અને અરબી સમુદ્ર પાર કરીને ગુજરાતનાં અનેક બંદરો સાથે વેપાર કરવા માટે આવતા હતા. તેઓ પાણી જેવું પારદર્શક મસલીન અને રેશમ લઇને આવતા અને અહીંથી આ પ્રદેશની વાણિજ્યની જણસો પોતાની સાથે લઈ જતા.

ગુજરાતના ભાવભીના મિત્રોને એ જાણીને પણ આનંદ થશે કે, એ જમાનાના બંગ સાહિત્યમાં પણ ગુજરાતું એક અતિ સુંદર ચિત્ર-વર્ણન-આલેખાયેલું પડયું છે. કવિ કંકણ મુકુંદરામે પોતાના "ચંડી કાવ્ય" માં ગાયું છે: "બધા સોદાગરો સમુદ્રની સફરે નીકળી પડે છે તેમની નાવો વાણીજ્યની જણસો વહે છે."

સાગરખેડુ ગુજરાતીઓ

ગુજરાતના સાહસિક સાગરખેડુઓ તો પોતાની નાની હોડીઓમાં પણ ઠેઠ બંગાળ સુધી આવતા. પોર્ટુગીઝ સૈનિક–નાવિક અલબુકર્કે પણ પોતાની નોંધપોથીમાં, બન્ને પ્રાંત વચ્ચેના ધમધોકાર વ્યાપારનો નિર્દેશ કર્યો છે.

બંગાળી કવિ વિજયગુપ્તે આલેખેલાં વર્ણનોમાં, આપણને ગુર્જર દેશની સમૃદ્ધિનું ભવ્ય ચિત્ર સાંપડે છે.

"આ દેશના લોકો અતિ સમૃદ્ધ છે. તેઓ રત્નોના હાર સંગ્રહે છે. જ્યારે અમાસ પછી પૂર્ણિમા આવે છે ત્યારે તેઓ સાગરના તરંગો પર સ્વાર થઈને નીકળી પડે છે અને–ઢગલાબંધ મોતી અને શંખ લઈ આવે છે, વગેરે."

બંગાળી ચંડિકાવ્યમાં, બંગાળી સફરીઓની ગુજરાતની સફરનું નીચેનું વર્ણન જોવા મળે છે.

"સપ્ત ગ્રામેર એને કેથાય ના જાય?"
(સપ્ત ગ્રામના વેપારીઓ ક્યાં નથી જતા?)

તેઓ હિંદી મહાસાગર પર સવાર થઈને શ્રી લંકા અને દક્ષિણ ભારતના કિનારા સુધી જતા હતા એટલું જ નહિ, તેઓ ઠેઠ પાટણ, અણહિલ પાટણ કે સોમનાથ પાટણની સફરો ખેડતા હતા. કવિ બંશીદાસની "મનસા મંગલ" કૃતિમાં આપણને નીચેનું વર્ણન પ્રાપ્ત થાય છે.

ગોપાલ મીર બાહર હલેસાથી હંકારાતી ૪૦ હોડીના કાફલા સાથે નીકળી પડે છે અને પોતાની મંઝિલ પાટણ હોવાની ઘોષણા કરે છે.

જમીન માર્ગે પણ બંગાળ અને ગુજરાત ઉજ્જૈનને રસ્તે સંકળાયેલાં હતાં. પ્રાચીન વિદ્યા અને ધમધોકાર વેપારના ધામ સમા આ શહેર દ્વારા બંગાળીઓ બર્યાગાઝા, અથવા ભૃગુકચ્છ–જેને આજે આપણે ભરૂચ કહીએ છીએ ત્યાં સુધી આવતા. માત્ર વેપાર માટે જ નહિ, જ્ઞાન અને સંસ્કૃતિના વિનિમય માટે પણ આ માર્ગ વપરાતો હતો.

રાજદ્વારી સત્તાના સંઘર્ષ અને અથડામણના એ પુરાણા દિવસોમાં જમીનમાર્ગ કરતાં દરિયાઈ માર્ગ વધુ લોકપ્રિય હોય એ તદ્દન સ્વાભાવિક છે. જ્યાં સુધી બંગાળી પ્રજા એક સાગરખેડુ પ્રજા રહી ત્યાં સુધી ગુજરાત સાથેનો આ સંપર્ક અખંડ ચાલુ રહ્યો હતો. ત્યાર પછી છેક વર્તમાન સદીના આરંભમાં આ સંપર્ક પાછો પ્રગાઢ બન્યો.

પ્રાચીન દિવસોમાં દૂર દૂરના માર્ગોએ થઇને જે મહાન બંગાળીઓ કાઠિયાવાડ આવ્યા હતા અને પોતાની સાથે બંગાળની સંસ્કૃતિની જ્યોત લેતા આવ્યા હતા, તેઓ આજે ઔદિચ્ય ગૌડ બ્રાહ્મણને નામે અહીં ઓળખાય છે. આચાર્ય દિનેશચંદ્ર સેને પોતાના "બૃહત્તર બંગ" નામના પુસ્તકમાં આનો નિર્દેશ કર્યો છે. આવા સાંસ્કૃતિક સંબંધો આપણી અનેક સમાન પ્રકારની પૂજાઓ અને સમાન સ્વરૂપના ઉત્સવોમાં જોવા મળે છે. ગુજરાતમાં આપણે શીતળા (શ્રીતલા) ની પૂજા જોઇએ છીએ જે

બંગાળમાં ઘણી પ્રચલિત છે. ગુજરાતના મેઢેરા વિસ્તારમાં છેક બારમી સદીમાં શીતલાની પ્રતિમા મળી આવી છે. મહાન પુરાતત્વવિદ્ શ્રી હેન્રી કઝીનના મતે, સેન્જકપુરમાં મળી આવેલી પ્રતિમા આ સંબંધની બીજી એક વધુ સાબિતી છે. બંગાળની "મનસા" પ્રતિમા, એ ગુજરાતના દેલમાલ વિસ્તારમાંની દેવી લીમવેજી માતાની મૂર્તિ જેવી જ છે. અમે બંગાળીઓ આ ચતુર્ભુજ દેવીના નાગમુકુટથી ઘણા સુપરિચીત છીએ.

શ્રીકૃષ્ણની આરાધના

આ પ્રગાઢ સંબંધની સૌથી સબળ સાબિતી તો શ્રીકૃષ્ણની આરાધનામાં મળી રહે છે. સદીઓના રાજદ્વારી ઝંઝાવાતો અને સામાજીક ઉથલપાથલો છતાં બંગાળીઓ સદાય દ્વારિકાની યાત્રા ઝંખાતા રહ્યા છે, દ્વારિકાધીશને ચરણે તેમણે પોતાનું સર્વસ્વ સમર્પીત કર્યું છે. અનાદી કાળથી શ્રીકૃષ્ણ અંગે રચાયેલાં ગીતો અને કાવ્યોએ બંગાળના હૃદયનું દર્શન કરાવ્યું છે, એટલુંજ નહીં એને વધુ ભક્તીભીનું બનાવ્યું છે. વીક્રમ સંવત ૧૩૪૮ માં સારંગ દેવે, અનવારાના શિલાલેખનો પ્રારંભ, બંગાળના "ગીત ગોવિંદ" ની શરૂઆતની પંક્તિઓથી કર્યો છે. "ગીત ગોવિંદ" ના રચયિતા જયદેવે પણ, પોતાના અમર દિવ્ય ગાનમાં ગુર્જરી રાગનો અહોળો ઉપયોગ કર્યો છે. "ચંદન ચર્ચિત, નીલ કલેવર, પીતવસન "વનમાલી" એ બંગાળના હૈયાને યુગોથી ગુજરાત પ્રત્યે આકર્ષ્યું છે. આ પૃથ્વીનાં અનેક સત્યો સપનાની જેમ વિલય પામશે પરંતુ બંગાળીના મનમંદિરમાં દ્વારિકાધિશનું સ્થાન સદાય અચલ અને સર્વોપરિ રહેશે.

બંગાળના નવોત્થાનને પગલે પગલે આપણે જોઇએ છીએ કે, આધુનિક બંગાલી વાઙ્મયના એક આદ્ય સાહિત્યકાર શ્રી રમેશચન્દ્ર દત્તે પોતાનાં પશ્ચિમાત્ય જ્ઞાન અને આધુનિક શાસનના અનુભવને વડોદરામાં સાકાર કર્યો હતો.

ગુજરાતના ગરબા

અને એ પણ આ જ ધરતી હતી કે જ્યાં શ્રી અરવિંદે પોતાના રાષ્ટ્રભક્તિના સમણાંની ફિલ્મસૃષ્ટીનું નિર્માણ આરંભ્યું હતું. છંદ-સમ્રાટ સત્યેન્દ્રનાથ દત્તે ગુજરાતના ગરબાના સૌંદર્ય તથા લાલિત્યને પોતાના કાવ્યમાં ગુંથ્યો છે.

"પાંખો ના સઈ આજ
પાંખો ના ઘરે રહતે.
ચાંદ જાગે પાપીયા કે
દુટો કથા કહતે"

(ના, ના, હું ઘેર રહી શકતી નથી. હે પ્રિય ! ઘેર રહી શકતી નથી. પેલા પપિહાની સાથે ગોઠડી કરવા ચંદ્રમા ઉગી ચૂક્યો છે.)

ગુજરાતની રાજકુમારી દેવળદેવીની જીવનકથા બંગાળની રંગભૂમિ પર નિહાળતાં અમે આ નિઃસહાય રાજકુમારી પ્રત્યેની સહાનુભૂતિમાં અશ્રુ વહાવ્યાં છે. આ અતિ લોકપ્રિય બનેલા નાટકે, બંગાળ અને ગુજરાતનો સ્નેહસંબંધ ખરે જ અતિ ગાઢ બનાવ્યો છે.

રાષ્ટ્રપિતા અને ગુરૂદેવ

આ સંબંધનું સૌથી વધુ આશ્ચર્યજનક ઉદાહરણ તો આ વીસમી સદીમાં નોંધાયું છે. બે મહાનમાનવોએ, ભારતના પુનરોત્થાનનો આવિષ્કાર આરંભ્યો હતો. આ બે મહાનમાનવોનો પ્રાદુર્ભાવ બંગાળ અને ગુજરાતમાં થયો હતો. તેમનું કાર્યક્ષેત્ર અને પ્રજ્ઞા, પ્રાંત, દેશ, સાગર અને ગિરિ સીમાઓથી પર હતાં અને તેમણે સમગ્ર વિશ્વને એક નૂતન સ્વપ્નનો, એક નૂતન સત્યના શોધનનો આસ્વાદ કરાવ્યો હતો, ગુરુદેવનો સરસ્વતી પ્રવાહ અને રાષ્ટ્રપિતાનો સંદેશ એકબીજાનાં પૂરક હતાં અને તેણે આપણા આ ભૌતિક જીવનને જ નહિ પરંતુ આપણા સમગ્ર અસ્તિત્વને એક નવી રીતે સમૃદ્ધ બનાવ્યું હતું. એક મહામાનવ, સૌંદર્ય અને રસની અલૌકિક સૃષ્ટિનો રસાસ્વાદ આમ જનતાને કરાવવા ઝંખતો હતો અને પ્રાર્થતો હતો.

"ભારતેરે સેઇ સ્વર્ગે કરો જાગરિત"

(હે મહા પિતા ! મારા દેશને મુક્તિના સ્વર્ગમાં જાગ્રત કરો)

બીજો મહામાનવ, આમજનતાને જાગ્રત કરીને તેમને પોતાની (જનતાની) તાકાતથી પરિચિત કરવા પુરુષાર્થ કરતો હતો અને આ પાર્થિવ ધરતી પર જ રાષ્ટ્રને પોતાના પગ પર ઊભું કરવા માગતો હતો. જગતના ઇતિહાસમાં આવું ભવ્ય અને ઉજ્જવળ પ્રકરણ નિરન્વયાય મળતું નથી. ભારતના ભાગ્યવિધાતાએ, પોતાના વિપુલ આશીર્વાદ વરસાવીને, પૂર્વમાં રવિન્દ્રનાથના ગીતગુંજન અને પશ્ચિમમાં સાબરમતિના સંતની સત્યાગ્રહ ફિલ્મસૃષ્ટીરૂપી ઉપાદાન વડે ભારતના આત્માની જે મૂર્તિ ઘડી તે એકની એક જ હતી. પ્રેમ અને અહિંસા એ એક જ સંવેદનના બે આવિર્ભાવ છે, એક જ સત્યનાં બે દર્શનો છે. રોમાં રોલાં જેવી વિશ્વપ્રજ્ઞા-વ્યક્તિ જ, ગુરૂદેવ અને મહાત્મા એ બન્ને ભિન્ન ભિન્ન રીતે છતાં વિશ્વવ્યાપી છે એનું દર્શન પામી શકી હતી. એકે પ્રજ્ઞા દ્વારા અને બીજાએ સત્યના પ્રયોગો દ્વારા પોતાની પરિપૂર્ણતા સાધી હતી. શાંતિનિકેતન અને સાબરમતીનાં સમણાં સમાન જ હતાં, તેમના આદર્શ પણ સમાન હતા. બંગાળ અને ગુજરાતના મિત્રો, બંગાળ અને ગુજરાતના સર્વ સાહિત્યકારો તથા સાહિત્યપ્રેમીઓ, સમગ્ર દુનિયાની માનવતાની એકતાનું દર્શન કરનાર એ મહામાનવોની સ્મૃતિમાં આપણે આજે આપણું શિષ ઝુકાવીએ. તેમણે પાવન કરેલા દેશમાં જ અને દુનિયામાં આજે આપણે જીવી રહ્યા છીએ. દેશભરમાં આપણે તેમનો સંદેશો સાંભળ્યો છે. તેથી જ અમે બંગવાસીઓએ બારડોલીના સરદારને ભારતના સરદાર તરીકે સ્વીકાર્યા છે તો પશ્ચિમભારતે પણ બંગાળના વીર નેતાજીને સન્માનપૂર્વક સ્મર્યા છે. ભારતના ઇતિહાસની એ કાળરાત્રિએ જ્યારે એક યવન સોમનાથને આંગણે આવી ઊભો હતો ત્યારે ભારત મોહનિદ્રામાં પડ્યું હતું. આજે એ મોહ પણ નષ્ટ થયો છે અને એ નિદ્રાય ઊડી ગઇ છે. જ્યાં નૂતન જાગ્રતિનાં પડઘમ શૌથી વધુ પ્રચંડ બન્યાં હતાં તેવા, રાષ્ટ્રના આ બે પ્રદેશો-ગુજરાત અને બંગાળ-આજે સાબરમતીને આરે આ સાહિત્ય સંમેલનમાં એક નવી જ રીતે અને નવા જ ક્ષેત્રમાં ફરી એક બને છે. હવે આપણું કોઈ સમણું વણફળ્યું નહિ રહે.

આધુનિક સ્ત્રીઓનો જીવન-પુરૂષાર્થ

ગઈ કાલ સુધી સ્ત્રી દબાયલી, છુંદાયલી અને અસહાય જીવનનો ભોગ બનેલી માલુમ પડતી હતી. તેનામાં સ્વતંત્ર પુરૂષાર્થ અને સાહસનાં ભાગ્યે જ દર્શન થતાં હતાં. આધુનિક યુગ સ્ત્રીઉત્થાનનો યુગ છે. પરિણામે પૂર્વમાં તેમ જ પશ્ચિમમાં, એક યા બીજા ક્ષેત્રમાં, એક રીતે કે બીજી રીતે પોતાના જીવનમાં અસાધારણ પુરૂષાર્થ દાખવતી અને પ્રતિકુળ સંયોગોને પાર કરીને ઉંચે આવતી બહેનોની રોચક અને રોમાંચક કથાઓ આપણને અવારનવાર સાંભળવા મળે છે. આવાં બે દૃષ્ટાન્ત નીચે આપવામાં આવે છે. એક પૂર્વની સન્નારીનું, બીજું પશ્ચિમની એક યુવતીનું.

એક ભારતીય સન્નારીનો જીવન પુરૂષાર્થ

મણિબેનનો પરિચય મને તેની અઢાર ઓગણીસ વર્ષની ઉંમરે થયેલો.

મારા ભાઇને હવાફેર કરવા પ્લોટમાં અમે લઇ ગયેલા ત્યારે મણિની બાને ક્ષય થયેલો. તે કારણે તેનું કુટુંબ અમારી પાસેના બ્લોકમાં રહેવા આવેલું. એ કુટુંબમાં બીમાર માતા સિવાય તેના પિતા, પાંચ બહેનો અને બે ભાઇ મળી દસેક જણ હતાં.

સૌથી મોટી મણિ અને સૌથી નાનો ભાઈ છ માસનો હશે. બાને ક્ષય થયેલો એટલે નાના બાળાને દૂધ પાઇને ઉછેરવાનું, દવાદારૂની સારવાર કરવાનું, રસોઇ, કપડાં, વાસણ, ચાર બહેનો તેમજ એક ભાઇને સંભાળવાનું દરેક કામ મણિને માથે હતું. પિતા હતા વેપારી એટલે રાત્રે મોડા આવે ને સવારે દુકાને જાય.

મણિ દેખાવે ઊંચી, દૂબળીપાતળી અને શ્યામવર્ણી, પણ તેની સાથે વાત કરીએ ત્યારે જીભની મીઠાશથી આપણને સ્વજન જેવી લાગે. તેના એટલા કામ વચ્ચે પણ અમારે ત્યાં કંઇ જરૂર હોય ત્યારે ખડે પગે હાજર. આથી અમારા ઘરમાં મણિ સૌનો આવકાર પામી હતી.

બે માસ પછી મણિની બાના રોગે હુમલો કર્યો અને ત્યાં જ તે સાત બાળકો અને આધેડ વયના પતિને મૂકીને ગુજરી ગયાં.

મણિ છ માસ પહેલાં જ વિધવા થઇને માને ઘેર આવેલી એટલે વૈધવ્યના દુઃખથી તેનો ચહેરો દબાયેલો અને ઉદાસીન હતો જ, તેમાં બાનાં મૃત્યુથી વધારો થયો.

ઓછું હતું તે બીજા એક વરસમાં બાળકોને નોધારા મૂકી પિતા ગુજરી ગયા. હવે મણિનાં દુઃખનો કોઇ પાર ન રહ્યો છ ભાંડરડાંને સાચવવા ઉપરાંત આર્થિક વ્યવસ્થા કરવાનું પણ તેને માથે આવ્યું.

પણ કોણ જાણે કયાંથી તેનામાં હિંમત આવી ગઇ. તેણે તરત જ વિદ્યાલયમાં અભ્યાસ શરૂ કર્યો. માત્ર ચાર ગુજરાતી ચોપડીનું તેનું પહેલાંનું ભણતર થયું હશે, પણ બીજાં બે ત્રણ વર્ષમાં તેણે કર્વે મેટ્રિકની પરીક્ષા આપી. પાસ થઇ. ત્યારે તો અમને ખૂબ જ નવાઇ લાગેલી.

એટલેથી જ ન અટકતાં અમદાવાદ કર્વે કોલેજમાં વધુ અભ્યાસ માટે છ ભાંડરડાને પાડોશી તથા સ્નેહીઓને ભળાવીને ભણવા ગઇ.

પાછળથી એક નાની બહેન બારીએથી પડીને ગુજરી ગઇ અને મણિને દોડતા આવવું પડયું. એવામાં બીજી એક બહેનને ક્ષય થયો. તેને સારવાર માટે ગામડાંમાં રાખવી પડી. તેની વ્યવસ્થા કરીને તે પાછી ભણવા ગઇ.

એ બહેન માંડ સાજી થઇ, ત્યાં એક બીજી મોટીબેનને હૃદયરોગ થયો એટલે તેની સારવારમાં હાજર થઈ ગઇ. એ બહેન પણ થોડા જ વખતમાં બે વરસનો બાબો મૂકીને ગુજરી ગઇ. તેને ઉછેરવાની જવાબદારી પણ ભડની માફક તેણે ઉપાડી લીધી.

મણિને માથે આફત ઉપર આફતનાં વાદળાં ઊતરવા જ માંડયાં હતાં, છતાં જ્યારે મણિ મળે ત્યારે તેનો ચહેરો જોઇએ, તેની વાત સાંભળીએ ત્યારે તેના મોં પર ન મળે થાક કે ન મળે કંટાળો.

આમ તો બીજી ઘણી મૂંઝવણો હતી. તેમાં આર્થિક મૂંઝવણ મોટી હતી. દાગીનો વેચે, વાસણ વેચે, પણ કોઇની પાસે માગવાનું નહિ તેમ જ કોઇ દિવસ તેના મોંમાંથી નિરાશાનો બોલ પણ ન સાંભળ્યો.

એવી જ મુશ્કેલીમાં મણિ બી. એ. થઇ અને વિદ્યાલયમાં નોકરી લીધી.

કમાણી કરી ભાઇને પરણાવ્યો, પણ થોડા જ વખતમાં તેની પત્ની ગુજરી ગઇ. એ ભાઈ પણ હતો જરા અચોકસ મગજનો, એટલે તેને પણ સાચવવો પડતો. એક બહેનને પરણાવી, તે સાસરે જાય જ નહિ. તેને માંડ સમજાવીને ઠેકાણે પાડી. બીજી બે બહેનોને જી. એ. સુધી ભણાવી અને પરણાવી. છ માસનો મૂકેલો ભાઇ મોટો થયો, બી. એસસી સુધી ભણાવ્યો અને પરણાવી નોકરીએ લગાડયો. તેમાં તેને ઠીક ઠીક આર્થિક મુશ્કેલીઓ સહન કરવી પડી, એટલે વિદ્યાલય છોડી અમદાવાદમાં નોકરી લીધી.

અહીં પણ તે નિરાંતે બેઠી નહિ. થોડા જ વખતમાં નોકરી કરતાં કરતાં બી. ટી. અને પી. એ. ની પરીક્ષાઓ પસાર કરી.

આટલી મુશ્કેલીમાં પણ કોઇ સંબંધી, મિત્રોને જરૂર પડે તો કોઇની માંદગીના બિછાના પાસે વગર બોલાવ્યે પહોંચી જાય. તો કોઇની સુવાવડ કરવા પહોંચે. વળી કોઇને વડી પાપડ જેવી જરૂરિયાતની ચીજો બનાવીને પહોંચાડે. કોઇને બે દિવસ બાળકોને મૂકીને બહારગામ જવું હોય તો તે તેના ઉપર જ નજર કરે. દસ શેરનો ભાર ઉપાડી લાવવો હોય તો પણ તે હસતે મોંએ તૈયાર.

સ્કૂલમાં મણિબેન મણિબેન થાય. પટાવાળાથી માંડીને હેડમાસ્તર સુધીનાં કામોમાં મણિબેન પહોંચી જાય.

ઉમર અડતાલીસ જેટલી થવા આવી પણ હજુ તેણે જંપ ભોગવ્યો નથી. તેની હિંમત તો અજબ જેવી. ન કોઇથી ડરે ન કોઇથી દબાય. ભલભલાને મોંએ સાચી વાત સંભળાવી દે. નિશાળના વિદ્યાર્થીઓને પ્રવાસે લઇને જાય ત્યારે છોકરાઓ માને ભૂલી જાય તેવી સંભાળ અને હેત રાખે.

હું તો તેમને જ્યારે મળું છું ત્યારે એમ જ થાય છે, કે ક્યાં પેલી અઢાર વરસની દૂબળી પાતળી શોકથી ગ્લાન મુખવાળા મણિ! અને કયાં આજના જાજરમાન મણિબહેન. પોતાના જ પુરૂષાર્થથી આત્મવિકાસ પામી ભાંડરડાને પણ ભણાવી ગણાવી ઠેકાણે પાડયા.

મને તો તેના તરફ જોઇને માન થાય છે, સ્ત્રી-શકિતનું આદર્શ પાત્ર જોઇને સંતોષ થાય છે."

નર્મદાબહેન રાવળ

પશ્ચિમની એક યુવતીની સાહસકથા

ઈવા વાઇલ્ડ કરીને એક છોકરી છે. પંદર વર્ષની ઉંમરથી તેને એમ થયું છે. કે, જિન્દગીમાંથી આપણને જે જોઇતું હોય તે ત્યારે જ મળી શકે, જો આપણે જોખમ ખેડવા તૈયાર હોઇએ...અને તેણે ખૂબ જોખમ ખેડયાં છે.

પંદર વર્ષની ઉમરે તેણે શાળા છોડી દીધી. એક ખેતર ઉપર કામવાળી તરીકે તેણે કામ કર્યું. પછી એક જગ્યાએ ત્રણ મહિના રસોઇયણ તરીકે અને એક શ્રીમંત કુટુંબ પોતાના જહાજમાં પ્રવાસે નીકળ્યું હતું તેમાં બાળકોની આયા તરીકે કામ કર્યું. અહીંથી તેને થોડા પૈસા મળ્યા એટલે તે લંડન ગઇ, અને ત્યાં પણ કામ કરનારી બાઈ તરીકે રહી. અહીં અચાનક તેને થયું કે મારે આખું યુરોપ જોવું હોય તો આમ જવામાં શો વાંધો છે? જરૂર પડશે ત્યારે તેવું કામ કરી લઇશ...

અને તે ફ્રાન્સ ગઇ. પૈસામાં તે ભારે કરકસર કરતી ને માત્ર ખોરાક પાછળ જ ખર્ચ કરતી. ફ્રાન્સમાં તેણે દ્રાક્ષના બગીચામાં દ્રાક્ષ ચૂંટવાનું કામ કર્યું અને રહી 'યૂથ હોસ્ટેલ' નામે ઓળખાતી હોસ્ટેલોમાં, જ્યાં તેને રહેવા માટે માત્ર નામના જ નાણાં આપવા પડયાં. તે ત્યાંથી પછી જર્મની ગઈ, જર્મનીથી ડેન્માર્ક ગઇ. પગપાળા, ટ્રેઇનમાં રસ્તા પર ખટારો કે લોરી મળી જાય તો તેમાં તે પ્રવાસ કરતી. ડેન્માર્કમાં એક અંગ્રેજ જહાજ તેણે જોયું. એની પર જઈ તેણે કામ કર્યું, તે જહાજ તેને પાછું જર્મની લઇ ગયું.

પછી તે સ્પેનમાં ગઇ. ત્યાં તેણે ખેતરો પર કામ કરીને પૈસા મેળવ્યા. આ બધું કરવામાં તેને ઘણી વાર મુશ્કેલીઓ વેઠવી પડતી. પૈસા તો અવારનવાર ખૂટી જતા, પણ બીજી તકલીફો ય ઊભી થતી. એક વાર પોલીસે શંકાથી તેને પકડીને થોડા દિવસ કસ્ટડીમાં રાખી હતી. તેમને એની પાછળ કશા જાસૂસી કામની ગંધ આવી હતી. 'નહિ તો સારા ઘરની છોકરી આવી ભમે શા માટે? પણ તેમને કાંઇ મળ્યું નહિ.' છોકરીએ કહ્યું કે તેને પરિભ્રમણનો શોખ છે એટલે તે ફરે છે. તેના પાસપોર્ટ વગેરે બધું બરોબર હતું, એટલે પછી તેને છોડી મૂકવી પડી.

સ્પેનથી તે ત્યાંના પર્વતોમાં ગઇ અને સ્પેનનાં વિખ્યાત જીપ્સીઓના ટોળાં સાથે થોડો વખત ગાળ્યો તેમના ઘરમાં તે રહી. તેમની જેમ જમીન ઉપર સૂતી, અને તેમનાં કપડાં પહેર્યાં.

એક વખત તે બરફ પર સ્કીઇંગ કરવા ગઈ હતી ત્યાં એક કુટુંબ સાથે તેને સ્નેહ થઇ ગયો. એ લોકો બધાં રોમ ફરવા જતાં હતાં એટલે સાથે તે પણ ઊપડી ને રોમ જોઈ નાખ્યું.

હવે તે પાછી લંડનમાં આવી ગઈ છે ને તે એક સ્ટોરમાં કામ કરે છે. એકવીસ વર્ષની જ તેની ઉમર છે, તેનામાં કોઇ વિશિષ્ટ આવડત નથી, પણ સાહસ-જોખમ લેવાની તૈયારી, અને કોઇ પણ કામ કરવાની તૈયારી-આ વસ્તુઓએ તેને સહાય કરી છે.

"વૈજ્ઞાનિકોએ માનવતાલક્ષી બનવું ઘટે છે."

(મદ્રાસ ખાતે તા. ૬-૧-૫૮ ના રોજ મળેલી સાયન્સ કોંગ્રેસનું ઉદ્‌ઘાટન કરતાં ભારતના મહા અમાત્ય પંડિત નહેરૂએ રજુ કરેલા મંગલ પ્રવચનમાંથી કેટલોક ઉપયોગી ફકરાઓ નીચે આપવામાં આવે છે. તંત્રી)

વૈજ્ઞાનિક વલણ અથવા તો પ્રકૃતિ વિષે બોલતાં શ્રી નહેરૂએ જણાવ્યું કે "અમુક અંશમાં હું નાસ્તિક pagan-જેવો હોવાથી મારૂં મન સર્વ પ્રકારના વિચારો અને અભિપ્રાયો પ્રત્યે ખુલ્લું રહે છે. હું નાસ્તિકનો જે પ્રકાર કલ્પું છું, એટલે કે જેનું ચિત્ત કોઈ સાંપ્રદાયિક માન્યતાઓની શૃંખલાથી જકડાયલું નથી અને જેનું ચિત્ત સત્‌ને ગ્રહણ કરવા માટે અને અસત્‌ ને ધુત્કારવા માટે સદા તૈયાર હોય છે તેના મનનો આ સહજ ધર્મ છે. તેનું મન બધી બાજુએથી ખુલ્લું હોઇને કોઇના પણ સત્યસંશોધનના માર્ગનો તે અવરોધ કરતો નથી કે તેના તે જન્મસિધ્ધ હક્કનો કોઇ પણ અંશમાં તે ધિક્કાર કરતો નથી. તેમ જ પોતાને ગમતા વિચારો તે બીજા ઉપર લાદતો નથી. ભારતમાં બીજા ગમે તે ગુણદોષ હશે પણ ભારત પાસે આવી ઉદારતા-પૂર્વક-વિશાળતાપૂર્વક દરેક વસ્તુ અને તત્વને જોવા સમજવાની એક આગવી દૃષ્ટિ રહેલી છે એમ હું માનું છું." વિજ્ઞાન વિષે સામાન્ય લોકોના પરસ્પરાવરોધી વળણોનો ઉલ્લેખ કરતાં શ્રી નહેરૂએ જણાવ્યું કે "એક બાજુએ લોકો વિજ્ઞાનના કેટલીકવાર વખાણ કરતા સંભળાય છે અને બીજી બાજુએ વિજ્ઞાન વિષે લોકો આશંકા દર્શાવતા કેટલીક વાર જોવામાં આવે છે. કારણ કે વિજ્ઞાનદ્વારા અનેક શોધો થઈ છે અને કુદરતની અમાપ શક્તિઓનો ઉપયોગ પણ તે દ્વારા શોધાયો છે અને આ શોધોનો ઉપયોગ સારા તેમ જ ખરાબ બન્ને માટે થઇ શકે છે અને માનવજાતનો સંહાર થઈ શકે એવાં શસ્ત્રો પણ આ શોધો દ્વારા નિર્માણ થયાં છે. પણ આ દોષ વિજ્ઞાનનો નથી, પણ તે દોષ એ માણસોનો છે કે જેઓ વિજ્ઞાનનો દુરૂપયોગ કરી રહ્યા છે. વિજ્ઞાન તટસ્થ છે, જેમ સત્ય તટસ્થ હોય છે. વિધાયક કે તેથી વિપરીત હોવાનો તેના માટે કોઇ પ્રશ્ન જ છે નહિ. વિજ્ઞાનને કે વૈજ્ઞાનિકોને દોષ દેવાનો કોઇ અર્થ જ નથી. જો તમે વિજ્ઞાનને દોષ દેતા હો તો જ્ઞાનને પણ દોષ દઇ શકો છો જેનો દુરૂપયોગ કરવામાં આવે તે જ્ઞાન જોખમી છે. એમ છતાં પણ આપણને જ્ઞાન જોઇએ છીએ અને આપણે જ્ઞાનને શોધીએ છીએ. તેનો યોગ્ય ઉપયોગ કેમ કરવો તે જ માત્ર આપણે જાણવું જોઇએ."

આગળ ચાલતાં શ્રી નહેરૂએ જણાવ્યું કે "માનવી મન અને માનવ આત્માના સ્વરૂપ અને ભિન્ન ભિન્ન આવીર્ભાવોના સંશોધન અંગે એક વિભાગ આ સાયન્સ કોંગ્રેસમાં રાખવામાં આવ્યો છે કે નહિ અને એ દિશામાં વૈજ્ઞાનિકોના પ્રયત્નો સફળતાને પામે કે નહિ તેની મને ખબર નથી. એમાં કોઈ શક નથી કે વિજ્ઞાનની સિધ્ધિઓ અને એ સિધ્ધિઓ સાથે સમ્યક્‌ રીતે અનુબંધ સાધવાની માનવી મનની તાકાત-એ બે વચ્ચે ઘણું મોટું અન્તર રહેલું છે. આમ હોવાથી મને લાગે છે કે વૈજ્ઞાનિકોએ ધીમે ધીમે પોતામાં ઋષિમુનિઓની પ્રજ્ઞા અને સન્તોની કરૂણાના અંશો કેળવવા તરફ વળવું જોઇએ અને પોતાની શક્તિઓને વાળવી જોઇએ. વિજ્ઞાન આજ સુધી આધ્યાત્મિક બાબતોથી અસ્પષ્ટ રહ્યું છે. કેટલીક વાર કેટલાક વૈજ્ઞાનિકો એ તરફ આકર્ષાયા છે અને કમનસીબે જાત જાતની ભ્રમણાઓના ભોગ બન્યા છે અને ખોટા માર્ગે દોરવાયા છે. એ દિશાએ જવામાં જોખમ પણ રહેલું છે. એમ છતાં એ હકીકત છે કે વૈજ્ઞાનિક શોધો અને સિધ્ધિઓ જરૂરીઅને ઉપયોગી હોવા છતાં માત્ર એ શોધો તથા સિધ્ધિઓની જ નહિ પણ આધ્યાત્મિક જ્ઞાનની અમુક અંશે જરૂર છે તેમ જ કરૂણાવૃત્તિના અમુક અંશે વિકાસની પણ એટલી જ જરૂર છે.

"કદાચ આપણે એ સ્થિતિએ પહોંચ્યા છીએ કે જ્યારે જો એ દિશા તરફ લક્ષ્ય આપવામાં ન આવે તો આપણે કોઈ મહા ભયંકર આફતના ભોગ બનીએ એવો સંભવ છે. જો કે એ દિશાએ મારાથી કે સાયન્સ કોંગ્રેસથી વિશેષ કાંઈ થઈ શકે એ સંભવિત નથી. એમ છતાં પણ એ વિષે આપણા દિલનો ભાવ વ્યક્ત કરવો અને એ વિષે વધારે વિચાર કરવો અને તેના પક્ષમાં એક પ્રકારનું વલણ અથવા તો અભિપ્રાય પેદા કરવો કે જેથી જેઓ આ સંબંધમાં વધારે અધિકારી છે તેમના ઉપર આ વિચારોની અસર પડે એ જરૂરી અને આવકારદાયક છે. હું ધારૂં છું કે આજે લાખો માણસો આ દિશાએ અને આ રીતે વિચારી રહ્યાં છે. હું અહિં તેનો ઉલ્લેખ કરૂં છું તેમાં કશું વિશેષ કરતો નથી.

"હકીકત એમ છે કે આજે દુનિયા સામે એક મોટી કટોકટી ઉભી થઈ છે અથવા તો એક એવી ગંભીર ગૂંચ ઉભી થઈ છે કે જેનો કોઇને ઉકેલ સુઝતો નથી. પરિસ્થિતિ એવી નથી કે તેનો ઉકેલ વૈજ્ઞાનિકો પ્રયોગો વડે લાવી શકે. આ એવું કાંઈક છે કે જેનો માનવી મન સાથે અને માનવીની લાગણીઓ સાથે સીધો સંબંધ છે અને તેના તે બન્ને ઉપર આઘાત પ્રત્યાઘાત પડી રહ્યા છે. અમને, હિંદ ખાતે, અમારી પેઢી દરમિયાન, એવી વ્યક્તિઓનો સુયોગ પ્રાપ્ત થયો છે કે જેઓ વૈજ્ઞાનિક તરીકે ઓળખાયા નથી, પણ જેમનો લોકોના-જનતાના-ચિત્તને-અને લાગણીઓને યોગ્ય માર્ગે વાળવામાં ભારે પ્રભાવ પડ્યો છે. અમારે ત્યાં ગાંધીજી થઇ ગયા-તેઓ એક ભારે અદ્‌ભુત વિભૂતિ હતા-પોતાની રીતે તેઓ એક વૈજ્ઞાનિક જ હતા, પણ પ્રયોગશાળામાં ટેસ્ટ ટ્યુબ સાથે પ્રયોગો કરતા સાધારણ વૈજ્ઞાનિક નહિ, પણ માનવીનાં મન અને હૃદયો સાથે પ્રયોગ કરતા એક મહાન વૈજ્ઞાનિક હતા. આજે પણ એક સુકલકડી દેહ ધરાવતો માનવી ગામડે ગામડે ભટકી રહ્યો છે. તે છે વિનોબાજી. તેઓ આપણાથી એકદમ જુદા તરી આવે છે. અમે મહાઅમાત્ય હોઇએ, રાજ્યપાલ હોઇએ, કુલપતિ હોઇએ કે પ્રધાનો હોઇએ-આમ છતાં પણ જે ભારે વિદ્વાન છે અને કરૂણા એ જેનો ઝળકતો સદ્‌ગુણ છે એવા વિનોબાજી જેવી વિભૂતિઓ સમક્ષ અમે બહુ નાનાં વામણાં માનવીઓ છીએ એમ અમને લાગે છે. તેમના આત્મિક ગુણોની મહત્તા અમારા ગમે તેટલા જ્ઞાનસંચય કરતાં ઘણી વધારે હોય એવું અમને અવારનવાર ભાન થયા કરે છે. આપણી આંખોને આંજી દે એવી વિજ્ઞાનની પ્રગતિદ્વારા આપણે માનવજાતની ખરેખર મહાન સેવા કરી છે કે આપણે ખરેખર કોઈ મહત્વની બાબતમાં પાછળ રહી ગયા છીએ એ મારે મન એક મોટો પ્રશ્ન છે. શું આપણે આપણી આ ઉણપની, ભાવીના ઉત્કર્ષ માટે, કાંઈક સાત્વિક-સંગીન-આધ્યાત્મિક તત્ત્વ દ્વારા, પૂરવણી કરવી ન જોઇએ ?"

ત્યાર બાદ બીજા એક બે મુદ્દા ચર્ચીને અન્તભાગમાં શ્રી નહેરૂએ જણાવ્યું કે "હું છેવટે ત્રણ મુદ્દા ઉપર ભાર મૂકવા માંગું છું :-

(૧) રાજકારણી સંઘર્ષો, ઠંડું યુદ્ધ વગેરે બાબતોથી વિજ્ઞાનને બને તેટલું દૂર રાખવું જોઇએ.

(૨) વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો તટસ્થ વૃત્તિને વરેલા હોઇને પોતામાં સાધુ સન્તોના ગુણોને વિકસાવવા તરફ તેમણે ખાસ લક્ષ્ય આપવું જોઇએ. બેશક એ ઘણું કઠણ છે. કરૂણાના મહાન ગુણનો અંશતઃ ઉદય પણ અત્યન્ત મહત્વનો છે. એ વિના તમે પૂર્ણ વિકસિત માનવી બની નહિ શકો.

(૩) મેં ઉપર જણાવ્યું તે મુજબ વિજ્ઞાનને બને તેટલું ઉત્તેજન આપવું એ રાજ્યનો ધર્મ છે-એમ કરવું યોગ્ય છે એટલા માટે જ નહિ, પણ સાંકડા તર્કવાદી દૃષ્ટિબિન્દુથી પણ એમ કરવું અગત્યનું છે. રાજ્યના ટેકા વિના વિજ્ઞાન પાંગળું જ રહેવાનું."

વિષય સૂચિ

		પૃષ્ઠ
ગુજરાત અને બંગાળાને સાંકળતી કાળજીની સાંસ્કૃતિક પરંપરા	શ્રી. દેવેશચન્દ્ર દાસ	૧૬૯
આધુનિક સ્ત્રીઓનો જીવન-પુરૂષાર્થ	નમૅદાબહેન રાવળ	૧૭૦
"વૈજ્ઞાનિકોએ માનવતાલક્ષી બનવું ઘટે છે."	પંડિત નહેરૂ	૧૭૨
ભારતના રાજકીય ગણનાંગણમાં ઉગેલો ધૂમકેતુ (શ્રી. ઈ. વી. રામસ્વામી નાઇકર)	અનુ. બહેન ક્રાન્તિ સેટલવડ	૧૭૩
પ્રાકૃત અને જૈન ધર્મ	દલસુખ માલવણિયા	૧૭૪
મેં રાજકારણ શા માટે છોડ્યું ?	શ્રી જયપ્રકાશ નારાયણ	૧૭૭

ભારતના રાજકીય ગગનાંગણમાં ઉગેલો ધૂમકેતુ

શ્રી ઈ. વી. રામસ્વામી નાઇકર

(ભારતને આઝાદી મળ્યા બાદ નાના મોટા પ્રાદેશિક કે વર્ગીય પ્રશ્નો ઉપર તરેહ તરેહનાં આન્દોલનો ઉભા થતાં સંભળાય છે અને સત્યાગ્રહોનાં પણ મંડાણ થતાં જોવામાં આવે છે, પણ દક્ષિણ ભારતમાં શ્રી ઈ. વી. રામસ્વામી નાઇકરે જે પ્રકારની એક પછી એક ઝુંબેશો શરૂ કરી છે તે અજબ પ્રકારની અને સહજ કલ્પનામાં ન આવે તેવી છે. શરૂઆતમાં રામાયણ અને રામની મૂર્તિઓ સામે તેણે જેહાદ શરૂ કરી, પછી બ્રાહ્મણ હોટેલ વિરોધી ઝુંબેશ શરૂ કરી, ત્યાર બાદ બ્રાહ્મણ સમુદાયનો વિધ્વંસ કરવાની પોતાની અનુયાયીઓને તેણે હાકલ કરી, પછી રાષ્ટ્રધ્વજ, રાજ્ય બંધારણ અને ગાંધીજીની છબીઓ બાળવાનો આદેશ તેના તરફથી વહેતો કરવામાં આવ્યો. આવી રાષ્ટ્રવિરોધી, સંસ્કૃતિ વિરોધી અને સભ્યતા વિરોધી–'દ્રાવીડ કાઝગામના', નામથી ઓળખાતી–હીલચાલના પ્રણેતા, ૮૦ વર્ષની જૈફ ઉમ્મરે પહોંચેલા છતાં કેવળ આગ, આગ ને આગ વેરતા અને વરસાવતા શ્રી ઇ. વી રામસ્વામી નાયકર જેમને રાજ્યબંધારણની નકલ જાહેરમાં બાળવા માટે ૬ મહીનાની તાજેતરમાં સજા કરવામાં આવી છે. તેનો ટુંક પરિચય તા. ૧૫–૧૨–૫૭ ના ભારત જ્યોતિમાં પ્રગટ થયેલા અંગ્રેજી–લેખના અનુવાદદ્વારા નીચે આપવામાં આવે છે. તંત્રી)

"જેશુહાએ લોકોને કહ્યું કે બુમો પાડો, બુમો પાડો" અને જ્યારે ધર્મગુરૂઓએ વાજાં વગાડયાં ત્યારે લોકોએ બુમો પાડવા માંડી; અને જ્યારે લોકોએ ધર્મગુરૂઓનાં વાજાઓના અવાજ સાંભળ્યા અને લોકોએ ભારે બુમરાટ મચાવી મૂકી ત્યારે બન્યું એમ કે ઉભેલી દીવાલ એકાએક ઢળી પડી."

આજથી ત્રીશ વર્ષ પહેલાં એક મધ્યમ વયનો યુવાન રશીઆનો વિશાળ પ્રવાસ કરીને પોતાને વતન મદ્રાસ પાછો ફર્યો અને ક્રાન્તિકારી પ્રવચનોનો તેણે વરસાદ વરસાવવા માંડયો. એ વખતે એણે જે કાર્ય કર્યું તે ભારે બહાદુરીભર્યું અને રાજકીય શાણપણવાળું લેખાયું. અને તેથી આ 'નવી બળવાખોર' વ્યક્તિના અનુયાયીઓએ તેને **'પેરિઆર'** (શાણો માણસ) નો ઇલ્કાબ આપ્યો. ત્યાર પછીથી તે એ મુજબ ઓળખાતો આવ્યો છે. આમ છતાં પણ તેના તાજેતરના નવા કોંગ્રેસી મિત્રો તો તેને માત્ર 'શ્રી. ઈ. વી. રામસ્વામી નાયકર' ના નામથી જ ઓળખે છે. તેમની દૃષ્ટિએ તે એક સારો વક્તા લેખાય છે અને સાથે સાથે તે એક કટુતાયુક્ત નિરાશા-ભરેલો માનવી છે એવો ખ્યાલ તેના વિષે તેઓ ધરાવે છે.



તેના જીવનનાં પરસ્પરવિસંગત તત્ત્વો

શ્રી. ઈ. વી. રામસ્વામી નાયકરના રાજકીય અભિપ્રાયો માફક સામાજિક ખ્યાલો પણ એટલાં જ રસપ્રદ છે. તામીલનાડના રાજકારણી નાટકમાં પરસ્પર વિસંગત એવા અનેક પાઠો ભજવ્યાનો તેનો દાવો છે. તે કોંગ્રેસી હતો અને એમ છતાં બધી રચનાત્મક પ્રવૃત્તિઓનો તે હંમેશા વિરોધી રહ્યો હતો. તે સમાજવાદી હતો–સંપૂર્ણ શે માકર્સવાદી હતો–અને એમ છતાં ૧૯૩૦ માં ઇરોડ ખાતે ભરાયલી એક કોન્ફરન્સમાં રજુ કરવામાં આવેલ સામાજિક તથા આર્થિક કાર્યક્રમનું અનુમોદન કરવાનો તેણે ઇનકાર કર્યો હતો. તે નાસ્તિક છે એમ છતાં તેને પોતાનું 'રામસ્વામી' નામ ગમે છે. ઘરડા માણસો નાની ઉમરની છોકરીઓ સાથે લગ્ન કરે તે સામે તેણે પોતાની નાપસંદગી જાહેર કરી હતી, અને એમ છતાં ૭૦ વર્ષની ઉમ્મરે ૩૦ વર્ષની પોતાની અનુયાયી એક યુવતી સાથે તેણે લગ્ન કર્યું હતું. આ દ્રાવીડીય નેતા આર્યોના આધિપત્યનો વિરોધી છે અને એમ છતાં જ્યારે ઈંગ્લાંડથી ક્રેબ્રીનેટ મીશન દેશને આઝાદી મળ્યા પહેલાં ભારતમાં રાજકીય વાટાઘાટો માટે આવેલું ત્યારે અંગ્રેજ સરકાર તામીલનાડ ઉપર સીધું રાજ્ય કરે એવી એ ક્રેબ્રીનેટ મીશન સમક્ષ તેણે માગણી કરી હતી. આ વિસંગતિઓ તેના ધુંચવાયલા, અસ્પષ્ટ વિચારો સાથે અને દરેક પ્રશ્ન સંબંધે તેના કેવળ જડતા ભર્યા–અસંસ્કૃત માનવીને શોભે તેવા–અભિગમ સાથે પૂરેપૂરો મેળ ધરાવે છે.

અદ્યતન પરિસ્થિતિના એવા કયા ઘટકો છે કે જેને લીધે આ ધૂમધમરાડા પાડનારો માનવી–'This great shouter'–જેની ઉપેક્ષા ન થઈ શકે એવી એક શક્તિ યા વ્યક્તિ તરીકે સૌ કોઇનું ધ્યાન ખેંચી રહેલ છે? તે જનસમુદાયના એક વર્ગને મોટેથી બૂમો પાડતો કરી શક્યો છે અને એ રીતે સામાજિક અન્તરાય ટકાવી રાખતી એક અદૃશ્ય દીવાલને જમીનદોસ્ત કરવામાં સફળ થયો છે–આ હકીકત શું તેને આટલું મહત્વ મળવામાં કારણરૂપ છે? અથવા તો એ પ્રદેશમાં એવા વાસ્તવિક રાજકારણી બળો અસ્તિત્વ ધરાવે છે કે જેના વડે તેને આટલું બધું મહત્વ મળતું રહ્યું છે?

'દ્રાવીડ કાઝગામ'ના નામથી ઓળખાતું તેનું આન્દોલન જે સામાજિક ભેદો નાબુદ કરવાના ધ્યેયથી પ્રચલિત કરવામાં આવ્યું છે, જે દક્ષિણ ઉપર ઉત્તરની હકુમતનો અન્ત આણવા માગે છે, જે વર્ણાશ્રમ ધર્મ અને તેના સંદર્ભમાં રહેલા દેવ દેવીઓનો નાશ કરવા ચાહે છે–આ દ્રાવીડ કાઝગામનું આન્દોલન આજે લુંટફાટ અને કતલના કાર્યક્રમને છડેચોક આગળ ધરી રહેલ છે. હીલચાલ દ્વારા એક કોમવાદી પક્ષના હેતુઓ અને ઉદ્દેશોની જાહેર ઘોષણા કરવામાં આવી છે એ હકીકતમાં નહિ. પણ જેમણે આ આધુનિક ચંગીસખાનને સમાજમાં મહત્વનું સ્થાન અપાવ્યું છે તેવા સામાજિક બળોના અસ્તિત્વમાં આજની પરિસ્થિતિની કરૂણતા રહેલી છે.

થોડા દિવસ અગાઉ ભારતના મહાઅમાત્યને એક જાહેર સભાનાં મંચ ઉપરથી જાહેર કરવાની ફરજ પડી હતી કે દ્રાવીડ–કાઝગામવાદીઓ કેવળ દેશદ્રોહી છે અને કોઈ પણ સભ્યતાના અંશ વિનાના જંગલી લોકો છે. પણ આ એ જ જંગલી લોકો છે કે જેમણે 'પેરિઆર'ની નેતાગીરી નીચે મદ્રાસના મુખ્ય પ્રધાન કામરાજ નદારની કોંગ્રેસને ચૂંટણી જંગ જીતવામાં અને બ્રાહ્મણેતર પ્રધાનમંડળ ઉભું કરવામાં મદદ કરી હતી.

૧૯૫૬ ની ભારતવ્યાપી ચૂંટણી દરમિયાન ઇ. વી. રામસ્વામી નાયકરે તામીલનાડના કોંગ્રેસીઓ સાથે પોતાના રાજકારણી પિત્રાઈ ભાઇઓ તરીકેના સંબંધનો પૂરો ખ્યાલ કરીને કોંગ્રેસના વિજય અંગે બૂમ બરાડા પાડવા માટે પોતાના સર્વ અનુયાયી દળોને એકત્ર કર્યા હતા. શ્રી સી. એન્. અન્નાદુરાઈથી દોરવાઈ રહેલા આજકાલના નવા ઉભા થયેલા દ્રાવીડ મુનેત્તા કાઝગામો સામે પેરિયાર તિરસ્કારની

નજરથી જોઇ રહ્યો હતો અને તેમને હરાવવા માટે શક્ય તેટલો તેણે પ્રયત્ન કર્યો હતો. કૉંગ્રેસના ઉમેદવારો જેમાં કેટલાક બ્રાહ્મણોનો પણ સમાવેશ થતો હતો તેઓ સફળ બને તે માટે રામસ્વામીએ ચોતરફ ખૂબ પરિભ્રમણ કર્યું હતું અને ઝુમરાટથી આખા પ્રદેશને ગજાવી મુકયો હતો. તેનો એવો દાવો હતો કે કામરાજ બ્રાહ્મણેતર છે અને તેનું પ્રધાનમંડળ આજકાલના નવા ઉભા થયેલા માણસો કરતાં દેશનું વધારે ભલું કરી શકશે. કામરાજે પ્રધાનમંડળ રચ્યું ત્યારે તેને ખૂબ આનંદ થયો હતો.

પણ ઇ. વી. આર. એ અશાન્ત મનનો માનવી છે અને હંમેશા નવા સાહસો ખેડવા પાછળ તેનું મન દોડયા કરે છે. જો રાજકીય ક્ષેત્રમાં તે લોકોની નજર સામે નહિ રહે તો પોતે પ્રાપ્ત કરેલી લોક-પ્રિયતા જોખમાશે એવું તેને ભાન હતું. તે ભારતના વિશાળ ફલકને વિકૃત દૃષ્ટિથી જોતો હતો અને પરિણામે તેનું દર્શન વિકૃત બન્યે જતું હતું. નિષ્ફળતાને પામેલા અને જંગલી ઢબના રાજકારણી સિદ્ધાન્તો કે જે વડે દ્રાવીડ પ્રજા માટે વધારે સુખમય પરિસ્થિતિ પેદા કરી શકાશે એમ તે માનતો હતો-આવા અણઘડ સિદ્ધાન્તોથી બધિરચિત્ત બનેલા તેણે ચોતરફ આગ વરસાવવા માંડી. હિંદી-વિરોધી હીલચાલ, બ્રાહ્મણ-હોટેલ સત્યાગ્રહ, અને મૂર્તિભંજન જેવા નવા ઝગડાઓ તેણે પેદા કર્યા. દક્ષિણ ઉપર ઉત્તરની હકુમતશાહીનો પૂર્વગ્રહ તેના દિલમાં વધારે ને વધારે જામતો ગયો. આ બધાં અનિષ્ટોનું મૂળ, તેણે શોધી કાઢયું કે, આજનું રાજ્યબંધારણ, રાષ્ટ્રધ્વજ અને ગાંધીજી છે. જો આ પ્રતીકોનો નાશ કરવામાં આવે અને બાળી નાંખવામાં આવે તો તેની ભસ્મમાંથી નૂતન પ્રજાનું-નવ રાષ્ટ્રનું-નિર્માણ થઇ શકે એમ તે વિચારવા લાગ્યો.

તેની વિચારપદ્ધતિ નિશ્ચિત અને ગણતરીપૂર્વકની હતી. આમ છતાં તામીલનાડ કૉંગ્રેસ આ જે બધું બની રહ્યું હતું તે વિષે, જાણતાં કે અજાણતાં, આંધળી અને બહેરી બનીને ચાલી રહી હતી. ચાલુ પરિસ્થિતિનો લાભ કેમ ઉઠાવવો અને સરકારી વહીવટ ઉપર પોતાનો કાબુ કેમ ટકાવી રાખવો-એટલી જ ચિન્તા પ્રધાનમંડળ ધરાવતું હતું. જો આજનું પ્રધાનમંડળ ભાંગી પડશે તો ઇ. વી. આ.ર. અને તેના અનુયાયીઓ સરકારી સત્તા ઉપર આવશે-આ પ્રકારનો ભય તામીલનાડના લોકો સમક્ષ રજુ કરવામાં આવતો હતો.

જ્યારે હજુ તેના ગઇ કાલના અનુયાયીઓ-સી. એન્. અન્ના-દુરાઇ અને તેના માણસો-ધારાસભામાં ભાષણબાજી ખેલી રહ્યા હતા ત્યારે નાઇકર અને તેના અનુયાયીઓ આખા તામીલનાડમાં દ્વેષ, તિરસ્કાર અને મત્સરનાં બીજ રોપી રહ્યા હતા.

પણ કાંઇક કોઇકે ઠેકાણે અવળું પડયું.

રામનાથપુરમ્ અને મદુરામાં થયેલાં તોફાનોએ કામરાજતંત્ર ઉપર એક ભારે ગંભીર ફટકો માર્યો. એ ઘટના અંગે પ્રધાનમંડળના વર્તાવ સામે કદિ પણ નહિ જોવામાં આવેલ એવું સર્વપક્ષીય આન્દોલન ઉભું થયું. મદ્રાસપ્રદેશના બધા છાપાવાળાઓએ રાજ્યમાં સુલેહ શાન્તિ જાળવવામાં નિષ્ફળ નીવડવા બદલ સરકારને સારી રીતે વખોડી નાંખી.

બ્રાહ્મણેતર પ્રધાનમંડળ સામે ઉભું થયેલું જોખમ ઇ. વી. આર. ના ધ્યાન ઉપર આવ્યું. વિધાન સભામાં સી. એન્. અન્ના-દુરાઇએ શરૂઆતમાં જો કે તાલુકાઓમાં થયેલાં તોફાનો અંગે સરકારની સખ્ત ટીકા કરી હતી, પણ તેને લગતી ચર્ચાના છેવટના ભાગમાં જ સરકાર સામે મુકાયેલી ઠપકાની દરખાસ્તથી તેઓ કુશળતાપૂર્વક અલગ રહ્યા હતા અને પ્રધાનમંડળને બચાવી લેવાના હેતુથી મતપ્રદાન સમયે સભાગૃહ છોડીને તેઓ ચાલી ગયા હતા.

આ રીતે ઉભી થયેલી નવી પરિસ્થિતિએ પેરિઆરને પોતાની નીતિમાં ફેરફાર કરવાની ફરજ પાડી. બહુ ધાંધલ કે, શેખી ન કરતાં નાયકરે હિંદની સ્થિરતા જેના ઉપર આધારિત છે-રાષ્ટ્રધ્વજ, બંધારણ અને ગાંધીજી-તે સર્વ સામે તરત જ પોતાનો બળવો જાહેર કર્યો. બ્રાહ્મણ-સંચાલિત છાપાઓએ રામનાથપુરમના તોફાનો જેવી એક નાની સરખી ઘટનાને ભયંકર રૂપ આપ્યું તેથી બ્રાહ્મણોને લૂંટવાની અને તેમની કતલ કરવાની હાકલ કરવાનું તેણે શરૂ કર્યું. તેના આ કતલનાદને તેના અનુયાયીઓએ ઝીલી લીધો. કારણ કે શું તેણે એમ નહોતું કહ્યું કે "મને કેવળ બેવકૂફોજ અનુસરે એમ હું ઇચ્છું છું. માત્ર તેવા લોકો જ મારી સામે કદિ ગણગણવાના નથી."

ત્યાર પછી દ્રાવીડ કાઝગામના ગેરકાયદેસરના કૃત્યોને અટકાવવા માટે કરવામાં આવેલ કાયદાને કાઝગામવાદીઓએ કાગળના એક ટુકડાની કીંમતના લેખ્યા છે, આમ છતાં પણ આ કાયદાથી પ્રધાનમંડળની પ્રતિષ્ઠા જળવાઈ શકી છે અને પ્રધાનમંડળની લોકપ્રિયતા સામે ઉભું થયેલું જોખમ હળવું બન્યું છે.

બધાં રાજકારણી તત્વોને બાદ કરીએ તો પણ એમ માનવાને સંપૂર્ણ કારણ છે કે આ 'બ્લેક-શર્ટ' આગેવાનના ગાંડપણમાં પણ એક ચોક્કસ કાર્યપદ્ધતિ રહેલી છે. પણ સવાલ એ છે કે આવી વિકૃત કાર્યપદ્ધતિઓ કયાં સુધી ટકી શકે? શ્રી નહેરૂએ નાયકરને સખત રીતે વખોડી કાઢયા બાદ આગામી ઘટનાઓ કેવું વળણ ધારણ કરશે તે હવે જોવાનું રહે છે, અને તે જરૂર જોવા જેવું હોવાનું છે.

અનુવાદક : **બહેન ક્રાન્તિ સેટલવડ**

પ્રાકૃત અને જૈનધર્મ

ગત ડીસેંબર માસની આખરમાં દીલ્હી ખાતે અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યા પરિષદનું ૧૯ મું અધિવેશન ભરાયું હતું. આ અધિવેશનના 'પ્રાકૃત અને જૈન ધર્મ' વિભાગના પ્રમુખસ્થાને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન દર્શનના અધ્યાપક પંડિત દલસુખભાઇ માલવણિયાની નિયુક્તિ થઇ હતી. અધ્યક્ષસ્થાનેથી તેમણે કરેલા વ્યાખ્યાનની શરૂઆતમાં જૈન સાહિત્યના ક્ષેત્રમાં કથા સાહિત્યનું સાંસ્કૃતિક દૃષ્ટિએ શું મહત્વ છે તે તરફ જેમણે સૌથી પ્રથમ જગતના વિદ્વાનોનું ધ્યાન ખેંચ્યું હતું તેવા ડૉ. હર્ટલનું ૮૪ વર્ષની ઉમ્મરે ગત વર્ષ દરમિયાન નીપજેલ અવસાન બદલ તેમણે ખેદ વ્યક્ત કર્યો હતો અને ત્યાર બાદ ગયા વર્ષ દરમિયાન જુન માસમાં પંડિત સુખલાલજીનું મુંબઇ ખાતે ડૉ. રાધાકૃષ્ણનના પ્રમુખપણા નીચે જે જાહેર સન્માન કરવામાં આવ્યું હતું, તેમના સન્માન નિમિત્તે એક લાખ રૂપિયાનો જે ફાળો એકઠો કરવામાં આવ્યો હતો અને આ સન્માન સમારંભ પ્રસંગે પંડિતજીના લેખોનો ત્રણ ભાગમાં 'દર્શન અને ચિન્તન' એ નામનો જે સંગ્રહ પ્રગટ કરવામાં આવ્યો હતો તેનો અને ત્યાર બાદ ગુજરાત યુનિવર્સિટી તરફથી તેમને ડી. લિટ્ની ઉપાધિ અર્પણ કરવામાં આવી હતી તેનો તેમણે ઉલ્લેખ કર્યો હતો અને તે બદલ પોતાને થયેલો ઊંડો આનંદ તેમણે વ્યક્ત કર્યો હતો અને ત્યાર બાદ આગળ ચાલતાં તેમણે નીચે મુજબ જણાવ્યું હતું :—

જૈન સાહિત્યની ઉપેક્ષા શા માટે?

પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, કન્નડ, તામિલ, રાજસ્થાની અને ગુજરાતી ભાષાઓમાં જૈન ધર્મનું જે કાંઇ સાહિત્ય ઉપલબ્ધ છે તે એટલું બધું વ્યાપક અને વિવિધ વિદ્યાના ક્ષેત્રોને આવરી લેતું છે કે એવો ભાગ્યે જ કોઇ વિષય હશે જેનો સ્પર્શ કરવામાં આવ્યો ન હોય. આમ છતાં તેના અધ્યયન પ્રતિ આધુનિક વિદ્વાનો શા માટે ઉપેક્ષા સેવે છે એ એક વિચારણીય પ્રશ્ન છે.

આ હકીકત અંગે હવે તો તજ્જ્ઞ વિદ્વાનોમાં પણ સંદેહ નથી કે જૈન ધર્મ ભારત વર્ષનો એક પ્રાચીન અને સ્વતંત્ર ધર્મ છે. એક સમય એવો હતો કે જ્યારે કેટલાક વિદ્વાનો તેમના અજ્ઞાનને લીધે જૈન ધર્મને બૌદ્ધ યા વૈદિક ધર્મની શાખા તરીકે ગણાવતા, અને આજે પણ કેટલાક વિદ્વાનો જૈન ધર્મને વૈદિક ધર્મની શાખા તરીકે ગણાવે છે. પરંતુ પ્રાચીન વૈદિક દર્શન અને આચારોની સાથે જૈન દર્શન અને આચારોની તુલના કરવાથી એ સ્પષ્ટ થઇ જાય છે કે તે

બંન્નેમાં મૌલિક અંતર છે. સમયાન્તરે બંન્ને ધર્મોમાં આચાર દૃષ્ટિએ સમન્વયનો પ્રયત્ન જોઈ શકાય છે; પરંતુ દાર્શનિક માન્યતામાં તો આજપર્યંત મૌલિક ભેદ કાયમ છે જ. આવી પરિસ્થિતિમાં જૈન ધર્મને વૈદિક ધર્મ યા દર્શનની શાખા તરીકે કહેવાનું યોગ્ય નથી. આટલી પ્રાસંગિક ચર્ચા પછી હું મૂળ પ્રશ્ન પર આવું છું કે જૈન ધર્મના સાહિત્યની ઉપેક્ષા શા માટે થઈ?

ઉક્ત પ્રશ્નનો ઉત્તર સરળ નથી. તેને માટે આપણે આજથી અઢી હજાર વર્ષ પહેલાંના ઇતિહાસ તરફ જોવું પડશે. જૈન ધર્મની પ્રકૃતિનો વિચાર કરવો પડશે. ભગવાન મહાવીર અને બુદ્ધ સમકાલીન હતા. પરંતુ તે બંન્નેની પ્રકૃત્તિમાં જે ભેદ દેખાય છે તે જ ભેદ જૈન અને બૌદ્ધ ધર્મમાં પણ છે. જૈન ધર્મ સાધકોનો ધર્મ છે. તેમાં પ્રચાર પ્રવૃત્તિ ગૌણસ્થાને છે. બૌદ્ધ ધર્મ સાધકોનો ધર્મ છે, છતાં પણ તેમાં સાધના જેટલું જ પ્રચારનું પણ મહત્ત્વ છે. એ સાચું છે કે ભગવાન મહાવીરે તીર્થંકર થયા પછી વિહાર કરીને જૈન ધર્મનો પ્રચાર કર્યો હતો, પરંતુ પ્રચારમાં તેમણે આ વાત પર વિશેષ ધ્યાન આપ્યું કે સાધક પોતાની સાધનામાં રત રહે, દુનિયાથી દૂર રહે અને પોતાનું કલ્યાણ કરે. તેમનો ઉપદેશ એવો તો નહોતો જ કે સાધનાના સમયમાં સાધકે પોતાની સાધના જેટલું જ ધર્મપ્રચારના કાર્ય પ્રત્યે ધ્યાન આપવું જોઇએ. આ જ કારણ છે કે જેથી ત્રિપિટકમાં બુદ્ધ ભગવાનનું "चरथ भिक्खवे चारिकां बहुजनाहिताय बहुजनसुखाय" જેવાં વાક્યો પ્રાપ્ત થાય છે, જ્યારે જૈન આગમોમાં આવાં વાક્યો સાંપડતાં નથી. પરિણામે એ તો સ્પષ્ટ છે જ કે બુદ્ધના સમયમાં એક પ્રભાવશાળી ધર્મ હોવા છતાં જૈન ધર્મ પ્રચારની દૃષ્ટિએ પાછળ રહી ગયો. સ્વયં પિટક આ વાતની સાક્ષી પૂરે છે કે જ્યાં જ્યાં બુધ્ધે આવાગમન કર્યું ત્યાં ત્યાં પ્રાયઃ સર્વત્ર મોટાં મોટાં નગરોમાં પ્રભાવશાળી નિર્ગ્રંન્થ ઉપાસકો સાથે તેમનો મુકાબલો થયો અને અંતમાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ વૃદ્ધિંગત થયો.

પ્રચારનું પ્રાધાન્ય ન હોવાથી જૈન ધર્મ બૌદ્ધ ધર્મની સામે પોતાનો પ્રભાવ કાયમ રાખી ન શકયો, પરંતુ તેથી એ હકીકત તો નથી જ કે સાહિત્ય નિર્માણની દૃષ્ટિએ પણ તે પાછળ રહી ગયો. ત્રિપિટક અને તેમની અઠ્ઠકથા સિવાય પાલિ ભાષામાં અન્ય બૌદ્ધ સાહિત્ય લખાયું નથી, ત્યારે પ્રાકૃત ભાષામાં જૈન સાહિત્ય નિર્માણની અવિચ્છિન્ન ધારાઓ વીસમી શતાબ્દી પર્યંત પણ ચાલુ જ રહી છે. બૌદ્ધ ધર્મનું મહાયાની સાહિત્ય સંસ્કૃતમાં લખવામાં આવ્યું તેમજ જૈન ધર્મનું સાહિત્ય પણ સંસ્કૃતમાં લખાયું. ચૌદમી સદી પછી બૌદ્ધ સાહિત્યનું સંસ્કૃતમાં પ્રાયઃ નિર્માણ થયું નથી, ત્યારે જૈન સાહિત્યનું સંસ્કૃતમાં નિર્માણ વર્તમાનમાં પણ થઈ રહ્યું છે. પોતાના પ્રચાર ક્ષેત્રને કારણે બૌદ્ધ સાહિત્ય સિંહાલી, તિબ્બેટી, ચીની ઇત્યાદિ ભારતીયેતર ભાષાઓમાં લખાતું ગયું, ત્યારે જૈન સાહિત્ય અપભ્રંશ અને તજ્જન્ય પ્રાચીન અને આધુનિક ભારતીય પ્રાદેશિક ભાષાઓ પુરતું મર્યાદિત રહ્યું.

જૈન અને બૌદ્ધ–એ બંન્ને ધર્મોનો પ્રતિવાદ કરવા માટે વૈદિક વિદ્વાન સંનદ્ધ હતા, પરંતુ તેમની સંસ્કૃતભક્તિ અને અપભ્રંશદ્વેષને કારણે વૈદિક વિદ્વાનો જૈન આગમો અને પાલિ પિટકોથી લગભગ અનભિજ્ઞ જ રહ્યા. અદ્યાપિ એવું એક પણ પ્રમાણ પ્રાપ્ત થયું નથી કે જેથી એ સ્પષ્ટ સિદ્ધ થાય કે પ્રાચીન સમયના વૈદિક વિદ્વાનોએ પ્રાકૃત યા પાલિના ગ્રન્થ વાંચીને તેની વિસ્તૃત આલોચના કરી હોય. જૈન અને બૌદ્ધ ગ્રન્થોનું નિર્માણ જ્યારે સંસ્કૃતમાં થવા લાગ્યું ત્યારે જ તેની સમાલોચના વૈદિકો દ્વારા થવા લાગી.

આલોચન–પ્રત્યાલોચનાનું ક્ષેત્ર ખાસ કરીને વાદપ્રધાન દાર્શનિક સંસ્કૃત સાહિત્ય છે. એ ક્ષેત્રમાં, જૈનોની સરખામણીએ બૌદ્ધોએ પ્રથમ પ્રવેશ કર્યો. જૈન પરંપરામાંના સિદ્ધસેન અને સમન્તભદ્ર કરતાં પણ પહેલાં નાગાર્જુન જેવા પ્રસિદ્ધ બૌદ્ધ દાર્શનિકે એ ક્ષેત્રમાં પોતાનો પ્રભાવ પ્રસ્થાપિત કર્યો હતો અને વૈદિક દાર્શનિકોમાં એક પ્રકારની હલચલ ઉપસ્થિત કરી હતી. વાત્સ્યાયન જેવા વૈદિકોએ નાગાર્જુનના પક્ષનું ખંડન કર્યું હતું અને તેમને વસુબન્ધુ તેમજ દિગ્નાગ જેવા દિગ્ગજ બૌદ્ધ દાર્શનિકો દ્વારા ઉત્તર પણ મળી ગયો હતો. આ જ સમયમાં જૈન દાર્શનિકોએ પણ એ ક્ષેત્રમાં પદાર્પણ કર્યું અને સિદ્ધસેન, મલ્લવાદી, સમન્તભદ્ર જેવા પ્રબળ જૈન દાર્શનિકોએ વૈદિક અને બૌદ્ધ વિદ્વાનોના મતોનું ખંડન કર્યું. તે સમય પછીના ગ્રન્થો જોવાથી એવી પ્રતીતિ થાય છે કે સમન્તભદ્ર યા મલ્લવાદીના ગ્રન્થોમાં જે પ્રૌઢ પાંડિત્ય અને વાદક્ષમતા છે, તે તત્કાલીન કોઈ પણ વૈદિક યા બૌદ્ધ વિદ્વાનોના ગ્રન્થો કરતાં જરા પણ ઓછી નથી. આમ છતાં પણ બૌદ્ધ અને વૈદિક વિદ્વાનો વચ્ચે જે રીતે પારસ્પરિક ખંડનની એક ખેંચતાણ થતી રહી તેવી ખેંચતાણ જૈન અને બૌદ્ધોની વચ્ચે અથવા તો જૈન અને વૈદિકોની વચ્ચે દેખાતી નથી, એ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે કે બૌદ્ધ અને વૈદિકોમાં ઉત્તરોત્તર એક પછી એક પરસ્પર ખંડન કરતા વિદ્વાનોની એક ખેંચતાણ ચાલુ જ રહી છે. કુમારિલ, ઉદ્યોતકર, ધર્મકીર્તિ, પ્રજ્ઞાકર, શંકરાચાર્ય, શાંતરક્ષિત, કમળશીલ, વાચસ્પતિ મિશ્ર, જેતારિ, જયન્ત, દુર્વેક, ઉદયન, જ્ઞાનશ્રી ઇત્યાદિ વિદ્વાનોનાં નામ દાર્શનિક સાહિત્યના ક્ષેત્રમાં તેજસ્વી તારલાઓની માફક ચમકે છે. તેમના ગ્રન્થોનો અભ્યાસ કરવાથી એ સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે કે તે વિદ્વાનોએ પરસ્પર જે ખંડન કર્યું છે તે તેઓએ તેમની પહેલાના વિદ્વાનો દ્વારા રચાયલા ગ્રન્થો નજર સમક્ષ રાખીને કર્યું છે. તે સમય વસ્તુતઃ બૌદ્ધ અને વૈદિક વિદ્વાનો વચ્ચેના પ્રબલ સંઘર્ષનો સમય હતો તેની સાક્ષી વૈદિક અને બૌદ્ધ દાર્શનિક ગ્રન્થો પૂરે છે. પરંતુ બૌદ્ધ અને વૈદિકોના આ દીર્ઘકાલીન સંઘર્ષમાં જૈનોનું શું સ્થાન હતું યા રહ્યું હતું તેનો આપણે જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે નિરાશ થવું પડે છે. નાગાર્જુનથી શરૂ કરીને જ્ઞાનશ્રી સુધીના બૌદ્ધ દાર્શનિક ગ્રન્થો જુઓ, અથવા તો વાત્સ્યાયનથી ગંગેશ સુધીના વૈદિક ગ્રન્થો જુઓ–આપણને એ સ્પષ્ટ માલુમ પડશે કે તે દાર્શનિકો સમક્ષ જૈન પક્ષની કાંઈ પણ મહત્તા હતી નહિ. સુમતિ અથવા પાત્રકેસરી જેવા જૈન વિદ્વાનોના મતોનું વિસ્તૃત ખંડન બૌદ્ધ ગ્રન્થોમાં અવશ્ય દેખાય છે, પરંતુ તે પ્રાસંગિક છે અને પ્રાયઃ "एतेन" ની પ્રક્રિયાથી છે. સ્યાદ્વાદ યા અનેકાન્ત જેવા વાદની સમીક્ષા પણ સાંખ્ય અને મીમાંસકો સાથે કરવામાં આવી છે; અને વળી શંકરાચાર્ય જેવા વિદ્વાન વૈદિક દાર્શનિકે તો અનેકાન્તવાદનું જે ખંડન કર્યું છે તે એટલું છીછરું છે કે તેમના નામને શોભા પણ નથી આપતું અને તેમની પછીના વેદાન્તના વિદ્વાનોએ તેમાં પોતાની તરફથી કાંઇપણ વિશેષ ઉમેર્યું પણ નથી. આટલી ચર્ચાથી એ તો સ્પષ્ટ જ છે કે દાર્શનિકોનાં આ સંઘર્ષ–સમયમાં જૈન પક્ષ કેવળ ગૌણ જ રહ્યો; સંઘર્ષ હતો માત્ર બૌદ્ધ અને વૈદિકોની વચ્ચે જ.

આમ હોવા છતાં જ્યારે આપણે તે દીર્ઘ સમય દરમ્યાન થયેલા જૈન દાર્શનિકોના ગ્રન્થ જોઇએ છીએ ત્યારે એવી પ્રતીતિ થાય છે કે જૈનોએ પણ બૌદ્ધ અને વૈદિકો વચ્ચેના એ સંઘર્ષનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો છે. મલ્લવાદી હોય કે સમન્તભદ્ર, અકલંક હોય કે હરિભદ્ર, વિદ્યાનન્દ્ર હોય કે અભયદેવ, પ્રભાચન્દ્ર હોય કે વાદીદેવ, હેમચન્દ્ર હોય કે યશોવિજય–આ બધા જૈન વિદ્વાનોના દાર્શનિક ગ્રંથ આ વાતની સાક્ષી પૂરે છે કે તેઓએ પોત–પોતાના સમયના મોટા–મોટા બૌદ્ધ અને વૈદિક વિદ્વાનોના મતોની વિસ્તૃત સમીક્ષા કરી છે અને ખાસ કરીને તે બંન્નેના સંઘર્ષમાંથી નિષ્પન્ન થતી બંન્નેની ખૂબીઓ તેમજ ખામીઓનું પરિજ્ઞાન કરીને પોતાના ગ્રન્થો સમૃદ્ધ કર્યા છે, એટલું જ નહિ પણ, વાદી અને પ્રતિવાદી એ બંન્નેની દલીલો સાંભળનાર ન્યાયાધીશના નિર્ણયમાં જે તટસ્થતા હોય છે અને એ બંન્નેના સમન્વયનો જે પ્રયત્ન હોય છે તેવીજ તટસ્થતા અને પ્રયત્ન–તે જૈન વિદ્વાનોના ગ્રન્થોમાં જોઇ શકાય છે. મલ્લવાદીનું "નયચક્ર" હરિભદ્રનું "શાસ્ત્રવાર્તાસમુચ્ચય," અકલંકનું "રાજવાર્તિક" અને "ન્યાયવિનિશ્ચય," વિદ્યાનંદની અષ્ટસહસ્રી અને તત્વાર્થશ્લોકવાર્તિક," અભયદેવનું "વાદમહાર્ણવ" ઇત્યાદિ ગ્રંથો જૈન દર્શનના તે તે સમયના ઉત્કૃષ્ટ ગ્રન્થો છે. એટલું જ નહિ પણ તે સમયના વૈદિક અને બૌદ્ધ ગ્રન્થોની તુલનાએ પણ તેમનું

સ્થાન ઉચ્ચતર નહિ તો બરોબરીનું તો છે જ–આમ હોવા છતાં પણ તત્કાલીન યા ઉત્તરકાલીન બૌદ્ધ યા વૈદિક વિદ્વાનોએ તે ગ્રન્થોનો ઉપયોગ નહીવત્ કર્યો છે–એ પણ એક સત્ય હકીકત છે. અથવા તો એમ કહેવું જોઇએ કે પાછળથી જૈનોનો એ વાદક્ષેત્રોમાં ઉતરવાનો પ્રયત્ન રહ્યો અને તેઓ ઉતર્યા પણ ખરા, પરંતુ તે પ્રયત્ન એકપક્ષીય જ રહ્યો. અર્થાત્ જૈનાચાર્યોએ તો તે તે સમયના સમર્થ દાર્શનિકોના વિવિધ મતોની વિસ્તૃત સમાલોચના પોતાના ગ્રન્થોમાં કરી, પરંતુ જૈન આચાર્યોને ઉત્તર આપવામાં આવ્યો નહિ. તેનાં બીજાં કારણો ગમે તે હોય, પરંતુ મારા મતે આ એક કારણ તો અવશ્ય છે જ કે જૈનોએ ગ્રન્થોની રચના કરીને તે ગ્રન્થોને પોતાના ભંડારોમાં તો જરૂર રાખ્યા, પરંતુ તે ગ્રન્થોનો પ્રચાર કર્યો જ નહિ. તેનું પ્રમાણ એ છે કે જૈન ગ્રન્થોની હસ્તપ્રતોની પ્રાપ્તિ પ્રાયઃ કોઇપણ જૈનેતર ગ્રંથભંડારમાંથી નથી થતી. તેથી ઉલટું જૈન ગ્રંથાગારોમાં જૈન ગ્રંથો સિવાય બૌદ્ધ અને વૈદિક ગ્રન્થોની સેંકડો તો શું પણ સહસ્ત્ર હસ્તપ્રતો મૌજૂદ છે. આથી એક વાત તો સિદ્ધ થાય છે કે જૈન વિદ્વાન પોતાના ગ્રંથાગારોને સર્વ પ્રકારના ગ્રંથોથી સમૃદ્ધ કરતા હતા, એટલું જ નહિ પરંતુ જૈન ગ્રન્થોને પણ જૈન–અજૈન સર્વ પ્રકારની સામગ્રીથી સમૃદ્ધ કરતા હતા. પણ જૈનેતરોએ જૈન ગ્રન્થોનો ઉપયોગ તેટલી જ માત્રામાં કર્યો હોય તેવું પ્રમાણ ઉપલબ્ધ નથી જ.

આમ શા માટે થયું ? એનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણે એ જ જૈન પ્રકૃતિ પર વિચાર કરવો પડે છે. સ્થળે સ્થળે બૌદ્ધો પોતાનો વિહાર કરતા હતા અને ત્યાં ત્યાં બૌદ્ધ ભિખ્ખુઓ સ્થાયી રહેતા હતા અને પોતે અધ્યયન–અધ્યાપન કરતા હતા. વૈદિક વિદ્વાનોને પણ એ વાત લાગુ પડે છે. અર્થાત્ તેમનું નિવાસસ્થાન સ્થાયી રહેતું હતું. આગળ વધીને બૌદ્ધ વિહાર એક રીતે વિદ્યાપીઠનું રૂપ લઈ લેતું હતું અને એ જ વાત વૈદિકોના મઠોની પણ છે. પરંતુ જૈનોના ન તો એવા વિહાર હતા કે ન તો મઠ. આથી તેમની વિદ્યા–પરંપરા સ્થાયી સ્વરૂપ પામી શકતી ન હતી. પુસ્તકોનો ભાર ઉઠાવીને તેઓ વિહાર પણ કરી શકતા નહોતા. પુસ્તક લખીને ભંડારમાં મૂકી રાખ્યું અને પોતે આગળ ચાલી નીકળ્યા–પ્રાયઃ આ જ જૈન વિદ્વાનોની જીવન–પ્રક્રિયા હતી. વચ્ચે–વચ્ચે કેટલાક જૈન આચાર્યોએ ચૈત્યવાસના રૂપમાં સ્થાયી થઈ જવાનો પ્રયત્ન કર્યો ખરો, પરંતુ જૈન સંઘમાં તેવા આચાર્યોની પ્રતિષ્ઠા ટકી શકી નહિ, અને આગળ ચાલીને ફરીથી ગામડે ગામડે વિચારણા કરનારાઓની પ્રતિષ્ઠા થવા લાગી, તેમજ ચૈત્યવાસી પરંપરાને હીન ગણવામાં આવતી. આવી પરિસ્થિતિમાં વિદ્યા-પરંપરાનું સાતત્ય અને તેનો પ્રચાર સંભવનીય નહતો. જૈનેતરો માટે જૈન મત જાણવાનું સાધન જૈન ગ્રન્થ નહિ પરંતુ જૈન વ્યક્તિ જ હતું. આવી સ્થિતિમાં જૈનેતર ગ્રન્થોમાં જૈન ગ્રન્થના આશ્રયે કે તેના આધારે વિચાર થવાનો સંભવ હતો નહિ. આથી આપણે જોઈ શકીએ છીએ કે જૈનેતર ગ્રન્થોમાં જૈન મત અને જૈન ગ્રન્થોની ચર્ચા નહીંવત છે.

જૈનોના પક્ષની ચર્ચા અન્ય ગ્રન્થોમાં સાંપડતી નથી તેનું બીજું પણ એક કારણ છે અને તે એ છે કે સંભવતઃ દાર્શનિકોમાં પોતાનાથી વિરોધી વાદોની સમીક્ષા કરવાનો પ્રયત્ન દેખાય છે. બૌદ્ધ અને વૈદિક મન્તવ્યોમાં જેવો એકાન્તિક વિરોધ છે તેવો જૈન અને વૈદિકોમાં યા બૌદ્ધ અને જૈનોમાં પરસ્પર એકાન્તિક વિરોધ પણ છે જ નહિ. આથી વૈદિક અને બૌદ્ધ પરસ્પર પ્રબળ વિરોધી મન્તવ્યોની વિચારણા કરે એ સ્વાભાવિક છે. જૈનોએ તો દાર્શનિક દૃષ્ટિથી બૌદ્ધ અને વૈદિકોના દાર્શનિક વિરોધને અનેકાન્તના આશ્રયથી ઘટાવવાનો પ્રયત્ન કર્યો છે. આવી સ્થિતિમાં બૌદ્ધ યા વૈદિક આચાર્યો સામે એક પ્રબળ વિરોધી રૂપમાં જૈનાચાર્ય ઉપસ્થિત પણ થતા નહોતા. તે પણ એક કારણ છે કે જૈનાચાર્યોના ગ્રન્થોની ચર્ચા યા પ્રચાર અન્ય દાર્શનિકોમાં થયો નહિ.

એક તરફ, દાર્શનિક દૃષ્ટિએ પ્રબળ વિરોધી પક્ષના રૂપના જૈન પક્ષને સ્થાન ન મળ્યું અને જૈનેતરોમાં જૈનોના સાહિત્યને જોવાની જીજ્ઞાસાનું ઉત્થાન પણ ન થયું; તો બીજી તરફ પોતાનાં મન્તવ્યોને લેખિત સ્વરૂપમાં સર્વત્ર પ્રચારિત કરવાની પ્રેરણા કે આવશ્યકતા જૈનોને પ્રતીત થઈ નહિ. તેઓ તો પોતાના ભક્તોમાં પોતાના સાહિત્યનો પ્રચાર કરતા રહ્યા. ભક્તોમાં પણ શ્રાવક યા ઉપાસક વર્ગ તો માત્ર તે હસ્તલિખિત પોથીઓની પૂજા જ કરી શકતા હતા, પરંતુ તેમનું અધ્યયન કરવાની આવશ્યકતા તેને જણાતી ન હતી. સાધુવર્ગમાં પણ થોડાંક જ સાધુ સંસ્કૃત–પ્રાકૃત વાંચી લખી શકતા હતા; જ્યારે મોટા ભાગના તો એવા હતા કે જેઓ બાહ્ય તપસ્યા આદિ સાધનો દ્વારાજ પોતાની ઉન્નતિમાં રચ્યાપચ્યા રહેતા. આવી પરિસ્થિતિમાં, બધા વિષયોનું સતત અને સદૈવ સાહિત્ય–સર્જન થયું હોવા છતાં તેનો પ્રચાર થયો નહિ તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી જ.

અંગ્રેજો અહીં આવ્યા પછી મુદ્રણ–કળાનો વિકાસ થયો. શરૂ શરૂમાં તો જૈન પુસ્તકોના પ્રકાશન સામે પણ વિરોધ થયો અને તે આજે પણ મર્યાદિત સ્વરૂપમાં મૌજૂદ છે. પરંતુ જ્યારે વેબર, જેકોબી અને મોનિયર વિલિયમ્સ જેવા વિદ્વાનોએ જૈન સાહિત્યનું મહત્ત્વ પારખ્યું અને તેની ઉપયોગિતા રાષ્ટ્રીય સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ પણ અત્યધિક છે–એમ કહ્યું, ત્યારે વિદ્વાનોનું ધ્યાન જૈન સાહિત્ય પ્રત્યે આકર્ષાયું. પરંતુ દુર્ભાગ્યે, પ્રકાશિત જૈન સાહિત્યની માત્રા વિપુલ હોવા છતાં તેના વિશેષ અધ્યયન માટે પ્રાકૃત અને અપભ્રંશ ભાષા એટલાં માટે બાધક થઈ કે સંસ્કૃતના અધ્યયન–અધ્યાપન–પરંપરા સમાન પ્રાકૃત–અપભ્રંશની અધ્યયન–અધ્યાપન પરંપરા ભારતવર્ષમાં હતી જ નહિ. અને જે જૈન સાહિત્ય પ્રગટ થયું તેનો અધિકાંશ એ દૃષ્ટિએ પ્રકાશિત તો થયો જ નહિ કે તેનો ઉપયોગ જૈનેતર વિદ્વાન પોતાના સંશોધનકાર્યમાં પણ કરે. આથી આપણે જોઈ શકીએ છીએ કે અત્યધિક ગ્રન્થો પત્રાકારમાં મુદ્રિત થયા અને તેમાં વિસ્તૃત પ્રસ્તાવના, અનુક્રમણિકા અને શબ્દસૂચિઓ ઇત્યાદિ ઉપયોગી સામગ્રી આપવામાં આવી નહિ તેમજ તેમનું સંપાદન આધુનિક સંશોધનપદ્ધતિની રીતે પણ થયું નહિ. આ જ કારણોને લીધે આધુનિક સમયમાં પણ જૈન સાહિત્ય પ્રતિ વિદ્વાનોની ઉપેક્ષા ચાલુ રહી.

મૂળ હિંદી : **દલસુખભાઇ માલવણિયા**

અપૂર્ણ અનુવાદક : **શાન્તિલાલ નન્દુ**

સંઘના સભ્યોને પ્રાર્થના

ચાલુ વર્ષનું લવાજમ હજુ ઘણા સભ્યોએ ભર્યું નથી. તેમને નમ્ર છતાં આગ્રહભરી પ્રાર્થના કે દરેક સભ્યે પોતપોતાનું લવાજમ વિના વિલંબે સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવા કૃપા કરવી. આમ કરીને તેઓ અમારા વહીવટને સરળ બનાવી શકશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ભુલ સુધારણા

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પાનું ૧૬૭, કોલમ બીજું, છેલ્લેથી ઉપર ત્રીજી લીટીમાં 'જઘન્ય' શબ્દ ભૂલથી મુકાયો છે તે રદ કરવો.

તંત્રી

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં પાઠયપુસ્તક અથવા ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક, કોઇ પણ શુભ પ્રસંગે ભેટ આપવા કે પહોંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

દર્શન અને ચિંતન

પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી પ્રકાશિત

પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ

બે વિભાગ ગુજરાતી : એક વિભાગ હિંદી : કુલ ત્રણ વિભાગમાં

કિંમત રૂા. ૨૧; પેકીંગ પોસ્ટેજ રૂા. ૪

મળવાનું ઠેકાણું :

મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

* મેં રાજકારણ શા માટે છોડ્યું ? *

(ગતાંકથી ચાલુ)

વિનોબાજી અને સામાજીક ક્રાંતિ

આમ પક્ષનું રાજકારણ લોકોને કમજોર બનાવતું મને લાગ્યું. લોકોમાં આત્મવિશ્વાસ વધે, પોતાનું કાર્ય પોતે જ કરે, સામર્થ્ય અને શક્તિ વધે–એ બધાને ઉત્સાહ પ્રેરે તેવું આ પક્ષનું રાજકારણ મને લાગ્યું નહીં. રાજકીય પક્ષોનો હેતુ મને એક જ લાગ્યો કે, અલ્પમત્ત લોકોની સંમતિથી, રાજ્યરચના હાથ ધરવી અને લોકો ઉપર રાજ્ય કરવું. પક્ષીય રાજકારણ એટલે લોકોને ધેટાં બનાવવા ને તેમને અમુક સમયને અંતરે ભરવાડો બદલવાનો હક આપવો. તે ભરવાડ કે જે તેમને સીધા રાખે, તેમનું કલ્યાણ ઇચ્છે, સ્વરાજ્ય જેને માટે હું ને મારી માફક બીજા અનેક લડયા હતા તે આ તો નહોતું જ. આજે સત્તાના વિકેન્દ્રીકરણની વાતો થાય છે. આજે પંચાયતોની પણ વાતો થાય છે. પણ ગાંધીજી જેને ગ્રામરાજ્ય કહેતા હતા તે આ બની શકે તેમ છે જ નહીં. આ પરિસ્થિતિ નિર્માણ કરવી જોઇએ. ઉપરથી કાનૂનો દ્વારા કૃત્રિમ રીતે લદાવી ન જોઇએ. હવે એ સુસ્પષ્ટ છે કે બિનપક્ષીય, રચનાત્મક વિચારસરણી મુજબ આ દિશામાં નક્કર કાર્ય કરવા માટે જ ગાંધીજીએ લોક સેવક સંઘનો વિચાર કર્યો હતો. વિનોબાજી આ જ કાર્ય આજે કરી રહ્યા છે. છ વર્ષના ટૂંકા ગાળામાં સામાજીક ક્રાન્તિનું વાતાવરણ તેમણે જમાવ્યું છે.

રાજ્ય–તેનું ક્ષેત્ર અને સ્થાન

હું આ બધા પ્રશ્નો ઉપર ગંભીરતાથી વિચારી રહ્યો હતો, ત્યારે સ્વભાવિક રીતે પક્ષીય રાજકારણ, ઓધ્ધાઓ, સત્તા તે બધા ઉપરાંત સામાજીક વિકાસમાં રાજ્યનું શું સ્થાન હોવું જોઇએ અને તેણે શું ફાળો આપવો જોઇએ તે બાબતમાં મેં ચિત્ત પરોવ્યું. મને એમ લાગતું હતું કે જે માનવસ્વતંત્રતાની આપણે વાતો કરીએ છીએ તે તો રાજ્યરહિત સમાજમાં જ સાધી શકાય. મને ખાત્રી ન હતી–અને હજી પણ નથી જ–કે રાજ્યના કોઇ પણ સ્વરૂપ વિના આપણને ચાલે ખરું કે નહીં. પણ રાજ્યની સત્તાના ક્ષેત્રને મર્યાદિત બનાવવું જોઇએ એ ચોક્કસ. ગાંધીજીની જેમ હું પણ જીવંત શ્રધ્ધા ધરાવું છું કે જે સરકાર ઓછામાં ઓછી સત્તા વાપરે તે જ સારામાં સારી સરકાર હોઇ શકે છે. માનવવિકાસની ખરી કલ્પના એ છે કે ન્યાય, સહકાર અને પ્રેમથી મનુષ્ય તેના પાડોશીઓ સાથે સુખમાં રહી શકવો જોઇએ અને તે પણ રાજ્યના કે બીજા કોઇ પણ દબાણ કે નિયમનો વિના.

હું આમ વિચાર કરતો હતો ત્યાં, આપણે ત્યાં તો રાજ્યની સત્તામાં ને તેના ક્ષેત્રમાં અમર્યાદ વધારો થતો જ રહેતો હતો. લોકશાહી સમાજવાદીઓ, સામ્યવાદીઓ અને કલ્યાણકારી પ્રગતિવાદીઓ બધા જ રાજ્ય ક્ષેત્રના વિસ્તારના અને અમર્યાદ સત્તાના પુરસ્કર્તાઓ છે. તેમની કલ્પનાનું સ્વર્ગ તે રાજ્યને પચાવી પાડી ને તેની સત્તામાં ખૂબ વધારો કરીને સર્જવા ઇચ્છે છે. મધ્યકાલીન રાજ્યમાં રાજસત્તાનું કેન્દ્રીકરણ હતું, આધુનિક રાજ્યમાં રાજસત્તા ઉપરાંત આર્થિક સત્તાનું પણ કેન્દ્રીકરણ થતું રહે છે. આવી વિશાળ સત્તાઓને મર્યાદામાં રાખવા માટે તેથી પણ વધુ શક્તિશાળી સત્તાની જરૂર છે, સમાજવાદી સમાજરચનામાં આવી સત્તા હોતી નથી. કાગળ ઉપર ઘડવામાં આવતા રાજ્યબંધારણો આ બાબતમાં બાંહેધરી આપી શકતા નથી. આર્થિક અને રાજકીય અમલદારતંત્ર એટલું બધું શક્તિશાળી અને સત્તાશાહી થઇ જાય છે ને તેમના હાથમાં દેશના આખા રાજ્યતંત્ર ને અર્થતંત્રની એટલી બધી પકડ હોય છે કે લોકોની રોટી અને રોજી, તેમના હક્કો અને તેમની સ્વતંત્રતા, એ બધું તેમના હાથમાં જ આવીને રહે છે. મને ખબર છે કે લોકશાહી સમાજવાદીઓને આ ભયસ્થાનોની જાણ છે. અને તેથી જ મજૂર સંગઠનો, ઔદ્યોગિક લોકશાહી, સહકારી પ્રવૃતિ, સત્તાનું વિકેન્દ્રીકરણ એ માર્ગે વિચારણા થઇ રહી છે. પણ આમ છતાં લોકશાહી સમાજવાદી રાજ્ય એક વિરાટ રાજ્યસત્તા છે અને તે જનતાની સ્વતંત્રતાને જકડી રાખે છે એ નિઃશંક બાબત છે. આવી વિચારણા મને રાજકારણથી દૂર ને દૂર ને સર્વોદયની વધુ ને વધુ નજીક લાવતી ગઈ. આનો ઉકેલ મને એ લાગ્યો કે રાજ્ય દ્વારા સમાજવાદ લાવવાને બદલે જનતા દ્વારા સમાજવાદ લાવવાના પ્રયાસો થવા જોઇએ. સર્વોદય એટલે જ જનતા દ્વારા સમાજવાદ. ઇંગ્લંડના સહકારી પ્રવૃત્તિના નેતા શ્રી. જૅક બેઇલીએ કહ્યું છે કે, "બ્રીટનમાં સમાજવાદીઓનું લક્ષ રાજ્યસત્તા છીનવી લેવા ને વાપરવા તરફ રહ્યું છે. સમાજવાદના રાજ્ય સિવાયનાં સ્વરૂપો હોઇ શકે તે બાબત તેઓ ભૂલતા જાય છે." આ કાર્ય સાધવા માટે નિસ્વાર્થી કાર્યકર્તાઓનું જૂથ જોઇએ, જે લોકોની વચ્ચમાં રહી લોકોને શક્તિ આપે ને સેવા કરે.

વિજ્ઞાન–સમાજનો સેવક

ઔદ્યોગિક સંસ્કૃતિ પછી માનવસમાજનો વિકાસ વધારે ને વધારે કિલષ્ટ બનતો રહ્યો છે. ગીચ શહેરો વધ્યા છે. આર્થિક અને સામાજીક સંબંધો તદ્દન અવ્યક્તિગત અને દેખારેખી પૂરતા રહ્યા છે. અને તેમાં માનવતા ઓછી જણાય છે. જે રીતે ઉત્પાદન–કાર્ય થાય છે તે કંટાળાભરેલું હોય છે, તેમાં સર્જનનો આનંદ જણાતો નથી. વિજ્ઞાને આખી દુનિયાને એક બનાવી દીધી છે એ ખરું, પણ માણસે એવી સંસ્કૃતિ રચી છે કે જેમાં આડોશી પાડોશીઓ જ અજાણ્યાની જેમ વર્તે છે. આવી કલષ્ટ સમાજરચનામાં અમલદારો, મેનેજરો, યંત્રવિષયક નિષ્ણાતો અને રાજ્યના પુરસ્કર્તાઓને રાચવાનું મન થાય તે સ્વાભાવિક છે. વિજ્ઞાન, ઉત્પાદન, કાર્યક્ષમતા જીવન ધોરણ અને એવા ઓઠા નીચે સમાજ-રચનાને વધુ સમાજવાદી બનાવવા તેઓ ઇચ્છે છે. મને તો એમ લાગે છે કે આવી સમાજરચનામાં સમાજવાદનો પ્રાણવાયુ મળી શકે જ નહીં. હું જે ધ્યેય મારા મનની સમક્ષ રાખું છું તેને પહોંચવા નાના નાના સમાજના જૂથો જ વધુ અનુકુળ બની શકે એમ હું માનું છું. આ ઉપરાંત, કુદરત અને સંસ્કાર માણસને ઘડે છે. માણસના સમતોલ વિકાસ માટે આ બંને જરૂરી છે. લંડન, પેરિસ, ન્યુયોર્ક, મોસ્કો એવા શહેરોમાં માનવસહજ સંસ્કાર વિકસી શકે એમ હું માનતો નથી. આ વિષયમાં 'સાયન્સ, લિબર્ટી એન્ડ પીસ'માં આલ્ડસ હક્સલીએ જે વિચારો દર્શાવ્યા છે તે ખાસ મનનીય છે. આ વિચારસરણીમાં માનતા હોવાથી જ ગાંધીજીએ પણ ગ્રામરાજ્યને ભારતીય સમાજરચનાના પાયામાં ગણ્યું હતું. ઘણી વખતે વિજ્ઞાન, મોટા પાયા પરનું કેન્દ્રિત ઉત્પાદન અને શહેરોની વસ્તી એ બધાને સ્વાભાવિક રીતે એક લીટીમાં મૂકવામાં આવે છે. હકીકતે તો વિજ્ઞાનનો ઉપયોગ વિકેન્દ્રીકરણ માટે પણ થઈ શકે. યંત્ર અને વિજ્ઞાન માનવ માટે છે, અને નહીં કે વિજ્ઞાન અને યંત્ર માટે માનવ. નાણાંશાસ્ત્રીઓ, રાજ્યવહીવટીઓ, કાર્ય-સંચાલકો વિજ્ઞાનને પોતાના સ્વાર્થ માટે રાજકીય અને આર્થિક સત્તાનું સાધન બનાવી શકે યા વિજ્ઞાનને સમાજનો સેવક બનાવી શકે.

ભૂદાનનો જન્મ

આમ ગાંધીજીની અહિંસા સામાજીક ક્રાન્તિ માટે પણ ઉપયોગમાં લઇ શકાય તે વિચાર 'લોક સેવક સંઘ' ની તેમની સૂચના છતાં પણ મારા મનમાં ન વસ્યો; તેમની ટ્રસ્ટીશીપની વાતમાં પણ મને બહુ શ્રધ્ધા ન હતી; હિંસક માર્ગ લેવાનો તો રહ્યો ન હતો; સમાજવાદના વિવિધ સ્વરૂપોને સમજવામાં મારું મન ક્ષુબ્ધ હતું. ત્યાં તેલંગણના એક ખૂણે આવેલા ગામડામાં ભૂદાનનો જન્મ થયો–અહિંસક સામાજીક ક્રાન્તિનો એક ઝબકારો થયો. પહેલાં તો મને એમ જ થયું કે આવી રીતે તો જમીનની વહેંચણી કરતાં સો વર્ષ વીતી જશે. પણ આ ઘટના મહત્વની હતી. તેની ગંભીરતાની અવગણના થઈ શકે તેમ ન હતું. એક તો આના પ્રેરક હતા શ્રી વિનોબાજી. વિનોબા ગાંધીજીના ખાસ શિષ્ય હતા, ૧૯૪૧ ના અનોખા સત્યાગ્રહી હતા, મારે વર્ષોનો સંબંધ હતો, તે જેમાં મન પરોવે તેની તરત જ ઉપેક્ષા થઇ શકે તેમ

હતું નહીં. બીજું, આ આંદોલન દિન પ્રતિદિન સમૃદ્ધ બનતું જતું હતું. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે કાર્યકર્તાઓ મન પરોવી કાર્ય કરતા ત્યાં ત્યાં સુંદર પરિણામો આવતાં. તેમનો રસ્તો પણ તદ્દન વ્યવહાર, સીધો અને ભારતીય પરિસ્થિતિને ખૂબ અનુકૂળ પડે તેવો હતો. મને એમ લાગ્યું કે જો આ આંદોલન પાછળ અથાગ પરિશ્રમ ઉઠાવવામાં આવે તો જરૂર વધુ નક્કર પરિણામો લાવી શકાય.

આ વખતે સમાજવાદી પક્ષ જમીનની વહેંચણીના પ્રશ્ન ઉપર ખાસ વિચાર કરતો થયો હતો. પંચમઢી ખાતે મળેલા અધિવેશનમાં મેં એ ઠરાવ મૂક્યો હતો અને ભૂદાન આંદોલનને સત્કાર્યું હતું. આ પછી વિનોબાજી ઉત્તર પ્રદેશના બાંદા જીલ્લામાં હતા ત્યારે હું તેમને મળ્યો ને વિગતવાર ચર્ચા કરી. મેં તરતજ જોઇ લીધું કે તેઓ આ વિચારસરણી ને કાર્યક્રમને ખૂબ મહત્વના લેખતા હતા અને તેમનું આર્થિક દૃષ્ટિબિન્દુ પાયાની રીતે ક્રાન્તિકારક હતું. મેં ત્રણ અઠવાડિયાના ઉપવાસ કર્યા ને 'ભૂદાન-ગંગા' માં ઝંપલાવ્યું. મારો શરૂઆતનો અનુભવ અનેરો આનંદ આપનારો હતો. અઠવાડિયામાં જ મારી સભાઓમાં લગભગ સાત હજાર એકર જમીનનું દાન જાહેર થયું.

આંદોલનનો વિકાસ થતો ગયો તેમ તેનાં નવાં નવાં પરોઢો પ્રગટ થવા લાગ્યા. ૧૯૫૨ માં ઉત્તર પ્રદેશના હમીરપુર તાલુકામાં મંગરૂઠ ગામનું ગ્રામદાન થયું, આ એક નવો ચીલો હતો. ભૂદાન એટલે જમીન વિનાના ખેડુતોને જમીન. ગ્રામદાન એટલે ગામના સૌ કોઈની જમીન–કોઈ પણ વ્યકિતની નહીં. દાનનો અર્થ જ વિનોબાજી જુદો કરે છે. ભૂદાન પ્રવૃત્તિમાં આમ આપણા ગ્રામીણ જીવનમાં આમૂલાગ્ર પરિવર્તન થઈ શકે તેવાં ચિન્હો જણાયા.

અહિંસક ક્રાન્તિને માર્ગે

અને આ ક્રાન્તિ પણ કેટલી સુંદર–હેરત પમાડે તેવી, બીજી કરતાં કેવી જુદી ભાત પાડતી ? બીજી દેશોમાં જ્યાં જ્યાં જમીનની ખાનગી માલીકી નાબુદ કરવામાં આવી છે ત્યાં તે માટે લોકોને સીધી ફરજ પાડવામાં આવી છે, હિંસાનો આશ્રય લેવામાં આવ્યો છે અથવા કામદાની સખ્તી કરવામાં આવી છે. આવી ક્રાન્તિનાં પરિણામો દુઃખદ હોય છે ને તેમાં કડવાશ, દ્વેષ, સખ્તાઈ અને ત્રાસ ભરોભાર ભર્યા હોય છે. ગ્રામદાનમાં જમીનની માલીકી લઇ લેવામાં આવતી નથી, હસતે મોંએ, સ્વેચ્છાથી તે ગામની સમસ્ત પ્રજાને અર્પણ કરવામાં આવે છે. આ પરિવર્તન બહારનું ને અંદરનું એમ બને જાતનું છે. ગામડાની સુરત તો બદલાઈ જાય છે જ, પણ હૃદયનો મેલ પણ સાફ થઈ જાય છે. અર્થશાસ્ત્રની નજરે જોઇએ તો ચાર વર્ષ દરમ્યાન મંગરૂઠમાં અનાજ–ઉત્પાદન ત્રણ ગણું થવા પામ્યું હતું તે હકીકત ખૂબ ધ્યાન ખેંચે છે. મંગરૂઠના બનાવ પછી હું તે ગામડું નજરે જોવા ગયો. મેં ધરાઇ ધરાઈને જોયું. ત્યાં નૈતિક, આર્થિક, રાજકીય, ને સામાજીક ક્રાન્તિ થઇ હતી. જો આમ દરેક જગ્યાએ બને તો આપણા દેશની કાયાપલટ થઇ જાય. આપણે એ જાણી લઇએ કે આ પ્રયોગ માટે મંગરૂઠની ખાસ કોઈ વિશિષ્ટતા ન હતી. તે સામાન્ય ગામડું જ હતું; ત્યાંના લોકો દેવ ન હતા, માણસો જ હતા.

ક્રમશઃ વિનોબાજીએ આ કાર્યક્રમમાં એક નવી બાબત ઉમેરી. સંપત્તિદાન. કોઇને કદાચ એમ લાગે કે આ ફાળો મેળવવા માટે ઉભું કરવામાં આવ્યું હતું. હકીકતે એ માલીકી બદલાવવાના પ્રવાહની શરૂઆત હતી. ફકત જમીન જ નહીં, પણ દરેક પ્રકારની સંપત્તિ. સંપત્તિદાને બતાવી આપ્યું કે નવી ક્રાન્તિ ફકત જમીન પૂરતી જ નથી, પણ આખાએ સામાજીક ક્ષેત્રને ઘેરી વળે તેવી છે. હું અવારનવાર મારા મનને પૂછતો રહ્યો હતો કે શું ગાંધીજીનું શસ્ત્ર સામાજીક ક્રાન્તિ લાવવામાં વાપરી શકાય ખરૂં કે નહીં ? તેનાં પરિણામો કેવા આવે ? વિનોબાજીના ભૂદાન આંદોલનમાંથી મને તેનો જવાબ મળી ગયો. વિનોબાજીએ બરાબર પુરવાર કરી આપ્યું કે ક્રાન્તિનો આવો બીજો માર્ગ ચોક્કસ છે જ.

સામુદાયિક પરિવર્તન અને આત્મશાસન

ભૂદાન પ્રવૃત્તિને હું જે રીતે જોઉં છું તે રીતે તો સામાજીક ક્રાન્તિ માટેની તેની બે જાતની વ્યૂહરચના છે. એક તો, ગાંધીજી જેને સામુદાયીક પરિવર્તન કહેતા હતા તે. એટલે કે જાતિ, ધર્મ એ બધા ભેદો છોડીને બધા વર્ગોને કહેવું કે જીવનના સાચા મૂલ્યાંકન કરવામાં જે વિચારો ને ખ્યાલો ખોટા છે તે છોડી દેવા જોઇએ. તેમનું સ્થાન નવાં મૂલ્યોએ લેવું જોઇએ અને વિચાર–ક્રાન્તિ થવી જોઇએ. આ વિચારોની અસર કોઇ મૂળભૂત સામાજીક સમસ્યા સાથે સંબંધ ધરાવતી હોવી જોઇએ અને તે વિચારધારા અમલી બનાવવાથી તે સમસ્યાનું જ નિરાકરણ માત્ર નહીં, પણ સમાજમાં ક્રાન્તિકારક ફેરફારો પણ નિર્માણ થવાજ જ જોઇએ.

બીજી ક્રાન્તિઓ થઈ તે નિષ્ફળ નીવડી છે, કારણ સાધ્ય અને સાધન વચ્ચે ઘણો મોટો તફાવત હતો; ઉદાહરણાર્થે જો સાધ્ય રાજ્યવિહીન દશા હતી, તો સાધન હતું રાજ્યની સત્તામાં અમર્યાદ વધારો; જો સાધ્ય ભ્રાતૃભાવ હતું, તો સાધન હતું ભાઇ–ભાઇ વચ્ચે કડવાશનાં બી–દ્વેષ–અને વર્ગવિગ્રહ અને સંઘર્ષ; જો સાધ્ય હતું સ્વાર્થ દૂર કરવાની વાત, તો અમુક વર્ગોનો સ્વાર્થ સધાય તે માટે જ સામાજીક ક્રાન્તિનું ઓઠું આગળ ધરવામાં આવ્યું હતું. સર્વોદય મારફતે જ એવી સામાજીક ક્રાન્તિ શકય છે કે જેના સાધ્ય અને સાધન વચ્ચે જરા પણ તફાવત રહેતો નથી, તેમાં એકરૂપતા છે. ભવિષ્યની કલ્પનાને નજર સમક્ષ રાખી આજ ને આજ જ, આવતી કાલે નહીં, નક્કર કાર્ય શરૂ થઈ ચૂકયું છે. નવી સમાજરચનામાં સંપત્તિની માલીકી સમાજની થવાની હોય ને મિલ્કતદાર એ ફકત ટ્રસ્ટી તરીકે રહેવાનો હોય તો આ વ્યકિતગત ફેરફારો તાબડતોબ થતા રહ્યા છે એ બાબતની આપણે ખાસ નોંધ લેવી ઘટે. ભૂદાનના કાર્યક્રમમાં ક્રમશઃ વિકાસ થઇ શકે અને વ્યકિતગત ફેરફારો ધીમે ધીમે સામુદાયીક ફેરફારોમાં પરિણમે એવી પૂરી શકયતા રહેલી છે.

ભૂદાન આંદોલનની બીજી જાતની વ્યૂહરચના નાના નાનાં વર્તુળો ને જૂથોને પોતાના પગ ઉપર જ ઉભા રહેવાની, આત્મશ્રધ્ધા કેળવવાની ને આત્મશાસનને માર્ગે આગળ વધવાની છે. એમાં અરસપરસની સમજ કેળવવાની શકયતા છે, એકબીજાને સંભાળી લેવાની વૃત્તિ છે અને નવનિર્માણના સંજોગો ઉત્પન્ન થાય તેવી શકયતા છે. ભૂદાનની સાથે સ્થાનિક ઉત્પાદન અને વપરાશ, ગ્રામદાન અને ગ્રામસ્વરાજ્યની કલ્પનાઓ મૂર્ત સ્વરૂપે વિકસી છે. આ બધા ક્રાન્તિકારી કાર્યક્રમથી કાનૂન દ્વારા યા બળજબરીથી જે ક્રાન્તિ થાય છે તેના કરતાં વધુ સુખદ અને સધ્ધર પરિણામો લાવી શકાશે એવી મને શ્રધ્ધા છે.

આ વિચારો, પદ્ધતિ, કાર્યક્રમ એ બધાં નવાં છે. તેથી તેને માટે શંકા ઉદ્ભવે એ સ્વાભાવિક છે. પણ ભારતે જેમ આઝાદી અનોખા સાધનોથી મેળવી છે, તેમ આ પણ થઇ શકે એ બાબતનો અસ્વીકાર થઇ શકે તેમ નથી. આપણે આઝાદી હમણાં જ મેળવી છે, અને તેથી બીજા દેશોની સફળતા યા નિષ્ફળતામાંથી આપણે જરૂર લાભ ઉઠાવી શકીએ. આ ઉપરાંત, આઝાદી મેળવ્યાના અતિ ઉત્સાહમાં આપણે રાજ્યસત્તા પાછળ દોડયા ને તેનું શું પરિણામ આવ્યું–જનતાની કેટલી સાચી સેવા થઇ શકી–તે આપણે જોયું. સર્વોદયના ધ્વજ નીચે હજારો સેવકો આજે એકત્રિત થાય છે તેનું કારણ જ એ છે કે તેમને આમાં જ લોકસેવાનો સાચો માર્ગ જણાવા લાગ્યો છે.

હું આશા રાખું છું કે રાજકારણમાંથી નિવૃત્તિ લેવાનો મેં શા સારૂ નિર્ણય લીધો છે, તે હવે તમને કદાચ બરાબર સમજાશે. આ કોઇ નકારાત્મક નિર્ણય નથી. રાજનીતિ છોડી લોકનીતિ તરફ જવાનો આ પાકો નિર્ણય છે. સર્વોદયના રાજકારણમાં નથી પક્ષ કે નથી બીજા. કદાચ સર્વોદયનું ધ્યેય તો એ હોઈ શકે કે સત્તાનો જ નહિવત્ કરવા. જેમ જેમ આ સેવાનું ને સમાજવાદનું રાજકારણ વિસ્તરતું જશે તેમ તેમ જૂનું બીજાનું ને સત્તાનું રાજકારણ સંકોચાતું જશે. રાજ્યનું સ્થાન નહિવત્ કરવું હોય તો આ જ રાજમાર્ગ છે.

મૂળ અંગ્રેજી : **શ્રી જયપ્રકાશ નારાયણ**
ભાવાનુવાદ : **શ્રી કાન્તિલાલ બરોડીઆ**

સમાપ્ત

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧, ૧૯૫૮, શનિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

"મારી જીંદગીનો આજે છેલ્લો દિવસ છે."

(ચીનમાં વર્ષો ગાળ્યા બાદ ચીની પ્રજાની માનસિક ખાસિયતોનું અત્યન્ત આકર્ષક રીતે નિરૂપણ કરતા 'The Secret of Serenity' નામના પુસ્તકના પહેલા પ્રકરણનો શ્રી મેનાબહેન નરોત્તમદાસે કરેલો અને 'વિકાસ'માં પ્રગટ થયેલો અનુવાદ નીચે આપવામાં આવે છે. એ પુસ્તકના લેખકનું નામ છે કાર્લ ગ્લીક. એ પુસ્તકનો પરિચય આપતાં પ્રકાશકસંસ્થા જણાવે છે કે "પોતાના ચાલુ જીવન સાથે કાળજીનું પૌર્વાત્ય શાણપણનું અનુસંધાન કરીને દુનિયાભરમાં વસતાં સ્ત્રીપુરુષો કેવી રીતે આત્મીય જીવનમાં સુખ અને સંતોષનો અનુભવ કરી શકે તેનો 'સિક્રેટ ઓફ સીરીનીટી'માં બહુ સુન્દર ખ્યાલ આપવામાં આવ્યો છે. પડોશીઓ સાથે કેવી રીતે સુસ્નેહ શાન્તિથી રહેવું, હંમેશા પજવતા ભયોને કેવી રીતે જીતવા અને ચાલુ ચિન્તાઓને કેવી રીતે નાબુદ યા હળવી કરવી, આપણી ત્રુટિઓની મર્યાદાઓમાંથી કેવી રીતે બહાર નીકળવું અને નિર્ભયતા અને આનંદપૂર્વકનું જીવન હસ્તગત કરવું, જીવનને કેવી રીતે–ખરેખર કેવી રીતે માણવું–એ માટેની ચીની જીવનપદ્ધતિઓનું તેમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. 'લગભગ હંમેશા કોઇ ને કોઇ પ્રકારનો ભય આપણી સાસે આવીને આપણને ડરાવતો હોય છે.' તે વ્યવહારકુશળ તત્વવેત્તા કવેાંગે એક વખત આ પુસ્તકના લેખક ગ્લીકને ઉપર મુજબ કહેલું અને પછી જણાવેલું કે 'તેનું પૂરી સંભાળપૂર્વક પૃથક્કરણ કરો. જે બાબત તમને ભડકાવી રહેલ છે તે શું છે તે બરોબર સમજવા પ્રયત્ન કરો' અને એમ કરતાં સામે ઉભેલો ભય એની મેળે ઓગળી જતો તમને જણાશે.

"વળી લોકો તેમના ચિત્તને સતત ઉત્તેજિત કરે તેવા પ્રસંગો તેઓ શા માટે શોધતા ફરે છે? શા માટે તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ, એક મંડળીને છોડીને બીજી મંડળી પાછળ, પોતાથી બહાર લોકોના ટોળામાં કાંઈક નવું–ઉશ્કેરાટ પેદા કરે તેવું–મેળવવાની ભુખથી ચોતરફ ભટકયા કરે છે? શું તેઓ એકલા પડી જવાથી બીએ છે? તે ગ્રીષ્મની બપોરે ચીનના કોઇ એક પ્રદેશમાં વિચરતા ચેંગે આ પુસ્તકના લેખકને કહેલું તે મુજબ 'મને જરૂર ખબર છે કે આવતી કાલે હું આ ધમાલવાળી દુનિયામાં પાછો આવવાનો છું. પણ આજે તો એ દુનિયાથી–એ દુનિયાની દરેક વસ્તુ અને દરેક વ્યક્તિથી–અલગ બનીને હું એકાન્ત નિવૃત્તિ અનુભવું છું. તેથી મારાં શરીર અને મન અદ્‌ભુત તાજગી અનુભવે છે. મને ખબર છે કે નિષ્ક્રિય બનવાથી–સતત કામકાજમાં રોકાતા દિવસમાંથી થોડીક ઘડિઓ માટે પણ નિષ્ક્રિય બનવાથી–હું વિશ્વના સમગ્ર બળના પ્રવાહને મારા તરફ ખેંચું છું અને શાન્તિ અને એકાન્તમાં માનસિક અવગાહન કરું છું.'

"આ સફળ સુવાચ્ય ગ્રંથમાં, જેણે પોતાના પ્રતિપક્ષી સાથે દલીલબાજી કરવાનું છોડી દઈને સમાધાની કરી લીધી અને શાન્તિ પ્રાપ્ત કરી એવા એક ચીના વિષે, ચીની ગૃહજીવન વિષે અને બાળકો સાથેની ચીના લોકોની રીતભાત વિષે, આનંદ અને તેના ઉપભોગ અંગેના તેમના ખ્યાલો વિષે, મોટા મુરબ્બીઓ પ્રત્યેના તેના આદર વિષે અને વૃદ્ધાવસ્થાનું તેમને ત્યાં કરવામાં આવતા સ્વાગત વિષે, બીજા લોકોના જીવનમાં માથું મારવાની ટેવથી સદા દૂર રહેવા વિષે, જરા નમીને ટટ્ટાર થવા વિષે ('being streight by bending'), સુક્ષ્મ કોટિની નમ્રતા વિષે, મૌન રહીને આશ્ચર્યજનક પરિણામો પેદા કરવાની કુનેહ વિષે, કલ્પનામાં ન હોય અને તદ્દન જુદું હોય એવું કાંઇક કરવાના જાદુ વિષે, ભયરૂપી અજગર અને તેની સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે વિષે, ઘડિયાળની ચાવી ચાલુ ચઢેલી રાખવાને બદલે અવારનવાર ઉતારતા રહેવા વિષે (unwinding the clock) અને અન્તિમ છેડાના માર્ગો છોડીને મધ્યમ માર્ગ ગ્રહણ કરવા વિષે, શાન્ત અને સ્વસ્થ ચિન્તન અને તેના લાભો વિષે, વિનોદપટુતા અને એક ગાલ ઉપર તમાચો પડે તો બીજો ગાલ ધરવા વિષે–આવી અનેક બાબતો વિષે તમને આ પુસ્તકમાંથી જાણવા મળશે.

"ચીની લોકોના અનેક આકર્ષક ગુણોમાં એક ગુણ છે તેમની વિનોદપટુતાનો, જીવનને હળવી રીતે લેવાનો. જીવનમાં અનેકવાર દુઃખો, અગવડો, આફતો આવી પડે છે તેનું તેમને પુરું ભાન હોય છે, અને સાથે સાથે સારૂં અને ખરાબ, શુભ અને અશુભ બન્ને સાથે સંકળાયેલા હોય છે તે પણ તેઓ જાણે છે. અને ખરાબમાં પણ વિનોદના–મનને હળવું કરે એવાં–તત્વો મળી આવે છે. જ્યારે માણસને કોઇ ટીખળની, મશ્કરીની ખબર પડે છે. અને તે પોતાને અનુલક્ષીને જ પ્રેરાયેલ છે એમ તેને માલુમ પડે છે અને તેવા વખતે તે સામે ઉશ્કેરાવા, ખીજાવા કે રાડો પાડવાને બદલે તે ટીખળને–મશકરીને–તે હસી કાઢે છે ત્યારે આવું હાસ્ય ક્ષુબ્ધ જીવનને સ્વસ્થ, શાંત અને પ્રસન્ન બનાવી શકે છે એવો બોધપાઠ શીખવવાની તેણે શરૂયાત કરી છે એમ જરૂર કહી શકાય. જો આપણા ઉપર આવતી આફતોને આપણે હસી નાંખી શકીએ, તો દુઃખો અને આફતોનું મહત્વ એકદમ ઘટી જતું માલુમ પડે છે. બાઇબલમાં દશ આજ્ઞાઓ આપવામાં આવેલ છે. કવેાંગ તેમાં એક અગિયારમી આજ્ઞા ઉમેરે છે કે "તમારી જાત વિષે વધારે પડતા ગંભીર બનીને વિચાર ન કરો–તમારી જાતને વધારે પડતું મહત્વ ન આપો–Don't take yourself to seriously." જ્યારે આપણે આપણી જાત પ્રત્યે હસી શકીએ છીએ ત્યારે આપણા ઉપહાસ કરનાર સૌ કોઈના હાથ હેઠા પડે છે. કાર્લ ગ્લીકે અનેક ચીની મિત્રો સાથે વર્ષો સુધી ખૂબ સંબંધ કેળવ્યો છે. આ શાન્તિચાહક, વિનોદપ્રિય અને વિનયશીલ પ્રજાના ડહાપણમાંથી, શાણપણમાંથી, જીવનશૈલીમાંથી તમને ખૂબ આનંદ અને સંતોષ મળશે અને તેમનું અનુકરણ કરતાં તમને શાન્તિપૂર્ણ પ્રસન્નતાનું–સ્વસ્થતાનું હાર્દ–secret of serenity–હાથ લાગશે."

પ્રસ્તુત પુસ્તકના જે પ્રકરણનો નીચે અનુવાદ આપવામાં આવ્યો છે તેનું અંગ્રેજી મથાળું છે 'There is Always Tomorrow' પણ તે પ્રકરણમાં અન્તર્ગત વસ્તુ તે મથાળામાં બરોબર સૂચિત થતી નથી અને તેથી 'મારી જીંદગીનો આજે છેલ્લો દિવસ છે' એ મુજબ

મથાળું ફેરવવું મને વધારે યોગ્ય લાગ્યું છે. ભાષાસાહિત્યમાં એક શ્લોક છે:—

अजरामरवत् प्राज्ञो, विद्यामर्थं च चिन्तयेत् ।
मृत्युना गृहित इव, केशेषु धर्ममाचरेत् ॥

ભાવાર્થ:—ડાહ્યા માણસે પોતે અજરામર છે એમ સમજીને વિદ્યા તથા લક્ષ્મીની ઉપાસના કરવી અને મૃત્યુએ ચોટલી પકડી છે એમ વિચારીને ધર્મનું આચરણ કરવું. પરમાનંદ)

તે એક એવો દિવસ હતો કે કંઈ સવળું પડતું લાગતું નહોતું. સવારના પથારીમાંથી પગ નીચે મૂક્યો તે જાણે કેમ ઉંધો પડયો હોય તેમ, જે કંઇ થતું તે બધું ઉંધુ જ થતું હતું. જેમ સૂરજ ઊંચે ચઢતો ગયો તેમ દિવસ વધારે વધારે બગડતો જ ગયો. ઘરમાંથી બહાર નીકળી જવું ને આ બધું ભૂલી જવું એ એક જ માર્ગ આમાંથી છૂટવાનો મને દેખાયો. મેં ટેલીફ્રોન ઉપાડયો. અને ચાઇનાટાઉનમાં રહેતા મારા મિત્ર કવેાંગને પૂછ્યું "મારી સાથે જમવા આવે છે?"

"હા, હા, જરૂર ! તેણે કહ્યું. "હમણા જ ચાલ્યો આવ. હું તને મળવાથી ખુશી થઈશ. કેમકે પૃથ્વી ઉપરનો આજનો મારો આ છેલ્લો દિવસ છે."

હું કંઇ તેને વધારે પૂછું તે પહેલાં તો તેણે ટેલીફ્રોન મૂકી દીધો. આશ્ચર્ય અને ચિંતાભર્યા ચિત્તે હું ચાઇનાટાઉન જવા નીકળી પડયો. સેંટ્રલ સ્ટ્રીટ લોકોથી ખીચાખીચ ભરેલી હતી, અને દૂરથી ભૂગર્ભ રેલ્વેના દોડવાનો અવાજ સંભળાતો હતો. ઘરડાઓ પાતાના દ્વારમાં બેઠા બેઠા નિરાંતના પંખો ખાતા હતા. નજર આગળથી પસાર થતા જુવાનીઆઓની દોડધામની કે ધોંધાટની તેમને કંઇ પડી નહોતી. રસ્તાના નાકે લાલ નળીયાં અને પેગોડા જેવા છાપરાવાળું ચાઇનીઝ ઢબનું નવું બંધાએલું એક મકાન મગરૂબીથી ઉભું હતું. હું મેાટ સ્ટ્રીટમાં આગળ વધ્યો. દુકાનોની બારીમાં છુટાછવાયા કળાના નમુનાઓ દેખાતા હતા, જેવા કે ચીનાઇ માટીના બનાવેલા દયાની દેવીના પુતળાં, "ગુડલક" "લોન્ગ લાઇફ" કે "સુખનો દેવ" એવા અક્ષરો લખેલી કાંસાની ફુલદાનીઓ વગેરે. રસ્તા ઉપર એક બુઢ્ઢી બાજુમાં લાકડી ઉપર કાગળની મગરો અને થોડા ગઇ કાલના છાપાં રાખીને એક ખોખા ઉપર બેઠો હતો. તેની વસ્તુ કોઇ ખરીદે કે નહિં તેની તેને પરવા નહોતી. કંઇ પણ કર્યા વગર માત્ર ત્યાં બેસવું અને જતા આવતાને જોયા કરવા તેમાં તેને મજા આવતી હતી.

અમારા એક જાણીતા રેસ્ટોરામાં કવેાંગ મારી વાટ જોઇને બેઠો હતો. લગભગ અઢાર વર્ષથી હું કવેાંગને ઓળખું છું. હજુ તો વીસ વર્ષની ઉગતી જુવાનીમાં હતો ત્યારથી. તેના ચહેરા ઉપર હંમેશા હાસ્ય ફરકતું હોય. મેં એના લગ્નમાં ખૂબ મોજ ઉડાવી હતી અને જ્યારે તેને ઘેર પહેલું બાળક અવતર્યું ત્યારે મેં તેને અભિનંદનનો તાર કર્યો અને મસ્કરીમાં લખ્યું કે "હવે તો તું ભાવિ દાદો થઈ ચૂકયો છે." તેણે લખ્યું "ખરેખર ! તું તો બીજાનું મન વાંચી જાણતો લાગે છે. કેમકે હું મઝેથી ઘરડો થાઉં અને મારી આગળ પુત્ર અને પૌત્રો રમતા હોય એ જોવાની જ મારા દિલમાં ઝંખના છે."

કવેાંગ સાલસ સ્વભાવનો અને ખૂબ રમુજી છે. પણ આજે સવારના ટેલીફ્રોનમાં તેની સાથે વાત થઈ ત્યારથી મારે શું ધારવું તે મને સમજાતું નહોતું. મેં તેને નિરાશ અને દિલગીર જોવાની આશા રાખી હતી, પણ જ્યારે હું ત્યાં પહોંચ્યો ત્યારે તેણે ખુશખુશાલ ચહેરે મને આવકાર્યો.

રેસ્ટોરાંના એક ખુણામાં ટેબલ પાસે અમે ગોઠવાયા, અને ચાહ નાસ્તો આવ્યા કે મેં વાત શરૂ કરી. "શું છે ! ટેલીફ્રોનમાં તેં મને કહ્યું કે "આજનો મારો આ દિવસ પૃથ્વી ઉપરનો છેલ્લો છે" તેનો શું અર્થ ?"

"હા, મેં એમજ કહ્યું" તેણે વધારે ઉ-તેજીત થઇને કહ્યું.

"પણ તું કંઇ જરાયે માંદો તો દેખાતો નથી ?"

"સાચું છે, મને કંઇ પણ નથી. હું તદ્દન તંદુરસ્ત છું." "તો પછી ?" મેં કહ્યું.

"જો, સાંભળ, થોડા દિવસ પહેલાં હું એક વખત બેઠા બેઠા વિચાર કરતો હતો." તેણે ગંભીરતાથી કહ્યું. 'મને વિચાર આવ્યો કે મધરાત સુધીમાં મારું શું થશે તે કોને ખબર છે ? કદાચ મને કંઇ મોટર અકસ્માત થાય. અચાનક કયાંકથી ગોળી આવીને લાગી જાય. કદાચ મારા ખોરાકમાં કંઇક ઝેરી પદાર્થ આવી જાય. ટુંકામાં કહું તો આ અનિશ્ચિત જીવનમાં ગમે ત્યારે શું થઇ જશે તે કોણ જાણે છે?"

આ બધું તે જરા પણ શોકની નિશાની વિના હસી હસીને બોલતો હતો. "આ રીતે જીંદગીને જોવી એ તો ભયંકર છે." મેં કહ્યું, જો મને આવા વિચારો આવ્યા કરતા હોય તો હું તારી જેમ આનંદી રહી શકું નહિ."

"વાહ, શા માટે નહિ ?" તે બોલી ઉઠયો. પછી તેણે વાત આગળ ચલાવી. "એકાદ અઠવાડિયા પહેલાં મારો એક દિવસ બહુ ખરાબ ઉગ્યો હતો. તે દિવસે બધું જ અવળું પડતું હતું. જે કંઇ કરવાનો વિચાર કરું તેનાથી ઉલટું જ થાય. તને કયારે ય આવા દિવસનો અનુભવ થયો છે ?

"હાસ્તો !" મેં કહ્યું. "આપણને બધાંને ઘણી વખત થાય છે. આજે જ મને એમ થતું એટલે તો....."

"બરાબર છે. બધાને થાય છે." કવેાંગ વચમાં જ બોલી ઉઠયો. "પણ તું એકવાર મારી વાત પૂરેપૂરી સાંભળી લે." આજથી અઠવાડિયા પહેલાં તે રાતે હું મારા બિછાનામાં પડયો ત્યારે એવો તો થાકેલો અને કંટાળેલો હતો કે જાણે કોઇએ મને ચાબુકે ચાબુકે માર્યો ન હોય ? બીજે દિવસ પણ એવો જ ગયો. મને એમ થયું કે આવી રીતે જીવવું તેના કરતાં તો અપઘાત કરીને મરી જવું સારું."

"પણ તેં કંઈ આપઘાત કર્યો નથી ?"

"ના, બીજી સવારે રોજ પ્રમાણે વખતસર ઉઠી શકયો નહિં. કેમ કે આગલી રાતે ઘડીઆળને એલાર્મની ચાવી આપવી ભૂલી ગયો હતો, અને તેથી જ મારી જીંદગી બચી ગઇ એમ માનું છું. કારણ કે હું મોડો જાગ્યો, અને જાગ્યા પછી પણ વિચારમાં ને વિચારમાં પડી રહ્યો, અને છેવટે એમ લાગ્યું કે મારે માટે આપઘાત સિવાય બીજો કોઇ રસ્તો નથી. પછી આગળ વિચાર ચાલ્યો. જો એમજ છે, જો આજે રાત્રે હું ચિર નિદ્રામાં પોઢવાનો છું તો આજનો દિવસ હું સુધારી કેમ ન લઉં ?"

"અને તેં આખો દિવસ શું કર્યું ?

"આજ એક વિસ્મયકારક ઘટના છે. દુઃખી કે નિરાશ થવાને બદલે મારું મન હળવું થઈ ગયું. આ દુનિઆમાં આજનો મારો આ છેલ્લો દિવસ ! તો શા માટે હું તેને આનંદથી ન વિતાવું ? શા માટે મારી આસપાસનાંઓને પણ આજે વધારે આનંદી ન બનાવું ? નાસ્તા વખતે ટેબલ ઉપર હું એટલો બધો મોજમાં આવી ગયો કે મારી પત્ની અજાયબ થઈ ગઈ. તેને થયું હું માંદો તો નથી પડવાનો ? મારો નાનો દિકરો સ્કુલે જવા તૈયાર થઇને આવ્યો ત્યારે મેં તેના હાથમાં ચાર આની મૂકી. તેને થયું હશે બાપા ગાંડા થયા છે કે શું ? પણ મને તો મનમાં એ જ રટણ હતું કે જ્યારે મારા કુટુંબીઓ સાથે આ મારો છેલ્લો નાસ્તો છે તો શા સારૂ તેમને માટે સુખી સ્મરણો ન મૂકતો જાઉં ? જમીને ઘરની બહાર નીકળ્યો અને નિરાંત જીવે સીસોટી વગાડતો ચાલ્યો જતો હતો. એક માણસ જે મારો કટ્ટો વિરોધી હતો તેને ઘેર ચઢી ગયો. મારા વિચારને અમલમાં મૂકી શકું છું કે નહિ તેની કસોટી કરવાનો આ અવસર હતો."

તે માણસનું નામ ચુંગ હતું. તે બહુ દલીલબાજ અને પોતાનો જ કક્કો ખરો ઠરાવનારો હતો. હંમેશા તે કવેાંગનો વિરોધ જ કરતો. બન્નેનો વિરોધ એટલો તીવ્ર હતો કે જો ખરેખર વરસાદ આવતો હોય અને કવેાંગ કહે "વરસાદ આવે છે" તોયે ચુંગ જરૂર તેની ના

પાડવાનો જ. બન્ને જણા વારવાર ગરમાગરમ દલીલોમાં ઉતરી પડતા. છેવટે પરિણામ એ આવ્યું હતું કે કવેાંગને ચુંગ રસ્તામાં પણ કયાંય સામેા મળી જાય તેા કવેાંગ આડે રસ્તે વળી જતેા અથવા તેા કેાઇ દુકાનમાં ઘુસી જતેા. પણ તે દિવસ જુદેા હતેા. કવેાંગ હિંમતથી તેને ઘેર ગયેા. તેના સ્મરણમાં હતું કે ચુંગ સાથેની આ તેની છેલ્લી મુલાકાત છે. તેણે જઇને કહ્યું, "સવાર કેવી સુંદર છે?" ચુંગ બેાલ્યેા "શું સુંદર છે! ધુળ! વરસાદ આવે એવું તેા લાગે છે." ખરેખર એવું છે ખરૂં." કવેાંગે કહ્યું. ચુંગ તેની તરફ ફાટી આંખે જોઇ રહ્યો અને બેાલ્યેા "શું થયું છે તને આજે? આજ તું મારી સામેા ન થયેા એ શું કહેવાય?" "કારણ કે તું હંમેશા ખરેા જ હેાય છે." કવેાંગે જવાબ આપ્યેા. પછી તેની સાથે હસ્તધુનન કર્યું અને તે બહાર નીકળી ગયેા.

કવેાંગે તેની વાત પૂરી કરી અને હું તેનું દૃષ્ટિબિંદુ કંઇક સમજવા લાગ્યેા. એટલે મેં તેને કહ્યું "ત્યારે એમ ખરૂંને કે, હવે જો ચુંગ તને રસ્તામાં મળી જાય તેા તું આડેાઅવળેા ન થઈ જાય?" "બરાબર, એમ જ. જો હું તે રાતે મરી ગયેા હેાત તેા ચુંગ બહુ ખુશી થાત. પણ હવે હું તેનેા દુશ્મન નથી રહ્યો. હવે જો તે મને યાદ કરશે તેા તે સુખી યાદ હશે."

"પછી આગળ શું થયું? બાકીનેા દિવસ કેમ પૂરેા કર્યો?"

"ત્યાંથી નીકળીને સીધેા મારી દુકાન તરફ વળ્યેા. અને વળી એકાએક ઊભેા રહી ગયેા. આજનેા મારેા છેલ્લેા દિવસ છે. દુકાન ઉઘાડવાની શું ઉતાવળ છે! આજના એક દિવસમાં કંઇ વેચાણ થયું તેાયે ઠીક અને ન થયું તેાયે ઠીક. તેા પછી શા માટે ઉતાવળ? મે તેા નિરાંત જીવે ધીમે ધીમે આગળ વધવા માંડયું. ડગલે ને પગલે જે મળ્યાં તેની સાથે લાંબી વાતેા કરી. મારા એક હરીફ દુકાનદારની દુકાનમાં પણ પેઠેા. તે મને જોઇને અજાયબ થયેા; છતાં મારી સાથે ધંધેા કેમ ચાલે છે વગેરે વાતેા કરી. મેં તેની દુકાનની વસ્તુઓ ઉપરના ભાવેા વાંચ્યા તેા તે મારા કરતાં નીચા હતા. મને થયું હું પણ જો ભાવ ઘટાડી નાંખુ તેા કદાચ વધારે વેચાણ થાય. બીજું પણ ત્યાંથી ઘણું જાણવાનું મળ્યું. છેવટે જ્યારે મેં દુકાન બેાલી ત્યારે લગભગ બપેાર થવા આવી હતી. પાછળથી મને જાણવા મળ્યું કે આ મારી વર્તણુકે હરીફ વેપારીઓમાં સારી છાપ પાડી હતી. તેઓ અંદર અંદર વાતેા કરવા લાગ્યા કે "જુઓ તેા ખરા આ કવેાંગને? તેને ધંધામાં એટલી કમાણી છે કે બપેાર થઈ જાય ત્યાં સુધી તેને દુકાન ઉઘાડવાની પણ પડી નથી."

આજે જીંદગીનેા છેલ્લેા દિવસ છે એમ ધારીને મારા અળખામણા ઘરાકેા સાથે પણ મેં હસી હસીને વાતેા કરી. તેઓએ ભાવમાં ગમે તેટલી રકઝક કરી, પણ મેં તેા મીઠાશથી જ જવાબ આપ્યા. અને તે દિવસે મને કેાઇ દિવસ ન થયેા હેાય તેવેા વકરેા થયેા. કામ પુરૂં થયું અને સાંજે ઘેર જવા નીકળ્યેા ત્યારે આખા દિવસને હું ફરીથી યાદ કરતેા ચાલ્યેા. દુકાનમાં ઘરાકેા સાથેની વાતેામાં એટલેા તલ્લીન થઇ ગયેા હતેા કે છેલ્લે છેલ્લે મારે આજે મરી જવું છે એ વાત જ ભૂલાઇ ગઇ હતી તે હવે ફરીને તાજી થઇ.

હું ઘેર પહેાંચ્યેા ત્યારે મારી પત્ની રસેાઈ બનાવતી હતી. સાધારણ રીતે ઘરમાં પતિ પત્નીને નજીવી બાબતમાંએ ઝગડેા ચાલ્યા કરે છે. પણ આજે તેા મેં તેની સાથે કંઇ પણ ઝગડેા ન કરવાનેા નિશ્ચય કર્યો. હું ઘરમાં પેઠેા ત્યારે મારી આંખમાં લગભગ આંસુ આવી ગયા હતા. આ અમારૂં છેલ્લું જ સાથે બેસીને જમવાનું હશે ને? જરાવારમાં મેાજ રહ્યુ કરવા માટે તેણે મંગાવેલું ઊન હું લાવ્યેા હતેા કે નહિં તે પૂછવા તે આવી. હવે મારી પત્નીએ મંગાવેલી ચીજો મારે ભૂલી જવી એ હંમેશનું હતું. હું કહી દેતેા" "બહુ કામ હેાવાથી ભૂલી ગયેા છું, કાલે લાવીશ." તે ચીડાઇને બેાલી ઊઠતી "કંઇ નહિ, રહેવા દેજો, હું પેાતે જ લઇ આવીશ." અને સામાન્ય રીતે તેમજ થતું. પણ આજે તેા છેલ્લેા દિવસ ખરેાને? માફી માંગતેા હેાય તેવી રીતે મેં કહ્યું "ભૂલી ગયેા છું. પણ હમણા જ જઇને લઇ આવું છું." તે વિસ્મય પામીને મારી સામે જોઈ રહી અને કંઇક પણ બેાલે તે પહેલાં હું પાછેા ફર્યો અને તેણે મંગાવેલું ઊન તરત જ લઇ આવ્યેા. પણ તમે માનશેા? તે દિવસ પછી એક પણ વખત અમારે કલેશ થાય તેવી બેાલાચાલી થઈ નથી. કારણ કે ત્યારથી હું એક નવેા પાઠ શીખ્યેા છું. મેં નિશ્ચય કર્યો છે કે દરરેાજ સવારે "આજનેા મારી જીંદગીનેા છેલ્લેા દિવસ છે." એમ યાદ કરીને જ મારા રેાજના કામમાં પ્રવૃત્ત થવું.

કવેાંગના આ વિચારમાં મને રસ પડયેા. સાથે વિચાર આવ્યેા કે આવી માનસિક કલ્પનાથી આપણે હરેક વ્યક્તિ સાથે માયાળુતાથી અને મિત્રભાવે રહી શકતા હેાઇએ તેા સંતેાષમય જીવન જીવી શકાય એ ખરૂં, પણ "જીંદગીનેા આ છેલ્લેા દિવસ છે" આજે મૃત્યુ છે જ એમ જો ખરેખર જાણતેા હેાઉ તેા ભાગ્યે જ મારા વિરેાધીઓ વિષે વિચાર કરવામાં વખત બગાડું અથવા તેા સુકાએલા ધાને ફરી પાછા તાજા કરવા જાઉં. મારેા આ સંશય મેં કવેાંગને કહ્યેા અને પૂછ્યું કે "આવા સંયેાગમાં તે પેાતે શું કરે?"

"તેા હું તેઓને ભૂલી જવા મથું દિલમાં રેાષ ભર્યો હેાય તેને બદલે તેમના તરફ ઉદાસીનતા કેળવવા પ્રયત્ન કરૂં. પછી તેઓ શત્રુ છે તેવું આપણને લાગશે નહિં. તમારા કેાઈ ચાઇનીઝ મિત્રને તમારા તરફથી દુઃખ થયું હશે તેા તે માત્ર પેાતાના ખભા ઊંચા કરશે અને કંઇ પણ બેાલ્યા વિના ચાલ્યેા જશે એ તેા તમે પણ જોયું હશે. અમે ચીનવાસીઓની આ ખાસીઅત છે કે કેાઇની સામેા મગજ ગુમાવીને પેલી વ્યકિતને વધારે ગુસ્સે થવાંની તક ન આપવી. આ માટે અમે હંમેશા સભાન રહેવા પ્રયત્ન કરીએ છીએ."

આ સમયે હેાટેલનેા વેઇટર અમારૂં બીલ લઇને આવ્યેા. મેં કવેાંગને પૂછ્યું, "મારે શું કરવું? જ્યારે આજનેા આ તારેા જીંદગીનેા છેલ્લેા દિવસ છે અને હું પણ એમ માનું કે મારેાયે આ છેલ્લેા દિવસ છે તેા, આ બીલ મારે ચુકવીને આનંદ માનવેા કે તને ચુકવવા દઇ તેનેા સંતેાષ તને લેવા દેવેા?"

એક ક્ષણના વિલંબ વગર કવેાંગે બીલના બે ટુકડા કરી નાંખ્યા અને કહ્યું "આપણે બન્ને ભાગમાં બીલ ચુકવીએ અને બન્ને આનંદ માણીએ. શા માટે વધારે વિચાર, ફીકર કે બેચેતાણ કરવી? આપણું આ છેલ્લું જ સાથે જમવાનું છે તેા જમીને શાંતિથી અને મેાજથી છૂટા પડીએ" અને અમે હસતાં હસતાં છૂટા પડયા.

ચાઇનીઝ પ્રજાનેા મને આજે વીશ વર્ષ થયાં પરિચય છે. તેમની જીવનપદ્ધતિમાં મને આકર્ષણ છે. તેમનેા બેારાક બીજા દેશેા કરતાં મને શ્રેષ્ઠ લાગ્યેા છે અને તેમનેા પરસ્પરનેા વ્યવહાર હંમેશા રમુજી હેાય છે. શાંત મિત્રતાભરી વર્તણુક અને જીવન પ્રત્યે બુદ્ધિપૂર્વક-વિવેકભરી દૃષ્ટિથી જોવાની તેમની ટેવનેા જેમ જેમ મને અનુભવ થતેા ગયેા છે તેમ તેમ તેમના પ્રત્યે મારેા સદ્‌ભાવ વધતેા રહ્યો છે.

થેાડા વખત પહેલાં એક મિત્રે મને પૂછ્યું "ચીનાઓનું સૌથી વધારે તમને શું ગમ્યું?" મેં તરત જ જવાબ આપ્યેા "જીવન પ્રત્યે જોવાની તેમની બેપરવાઇ ભરેલી છતાં તત્ત્વવેત્તાની દૃષ્ટિ, અને મનની સ્થિરતા." જો એક જ શબ્દમાં કહું તેા તેમની "સ્વસ્થતા." (Serenity).

ચીનાઓ ખરેખર શાંતિવાંછું પ્રજા છે. એક દેહધારી માનવ તરીકે તેમને પણ દૈહિક આધિ વ્યાધિઓ હેાય છે, મુંઝવી નાંખતાં અનેક વ્યવહારિક પ્રશ્નેા હેાય છે, છતાં તેઓ તે બહુ હળવાશથી સહી લઇને જીવનમાં આગળ વધે છે. તે એક રીલસુફ પ્રજા છે. સૈકાઓ સુધી ચાલેલી લડાઈઓ, દુષ્કાળેા, પૂરેા, વગેરે કલ્પનામાં પણ ન આવી શકે તેવી ભયંકર આફતેામાંથી એ પ્રજાને સતત પસાર થવું પડયું છે, અને એ રીતે કુદરતે તેમને જાણે ફરજીયાત તત્વજ્ઞાનીની જેમ અડેાલ રહેતાં શીખવાની ટેવ પાડી છે એમ કહી શકાય. ચીની તત્વવેતા કોન્ફ્યુશ્યસ કહે છે, "જીવન અને મૃત્યુ શું છે તે આપણે જાણતા નથી. પણ આ સૃષ્ટિમાં જન્મ લીધેા છે તેા જીવન શાંતિમય રીતે વીતાવતાં આપણને આવડવું જોઇએ. જીંદગીની સુખની ક્ષણેા કે

દુઃખની ક્ષણો–બન્ને–તરફ જ્ઞાનીની તટસ્થતાથી જોતાં શીખીએ, કદાચ આ જગતમાં જન્મ લેવાનો એ જ હેતુ હશે."

આટલા વર્ષોના સહવાસથી મેં જોયું છે કે ચીનાઓ પાસે તેમની મુશ્કેલીઓનો કંઈને કંઈ ઉકેલ હોય છે જ. મિત્રો અને કુટુંબીઓને કેમ પોતા સમાન કરવા, પાડોશીઓ સાથે કેમ શાંતિથી રહેવું, અને ગમે તેટલા અકળાવનારા પ્રશ્નોમાંથી પણ કેમ પાર ઉતરવું તે તેઓ જાણે છે. તેઓ જીવન ભોગવી જાણે છે.

મારા ચીની મિત્રો પાસેથી કંઈને કંઈ શીખવાનું મળે છે એવું મને હંમેશા લાગ્યું છે. જ્યારે હું ખૂબ કંટાળ્યો હોઉં, ઉપાધિઓથી થાકેલો હોઉં, ચિંતાનો ભાર અસહ્ય લાગતો હોય ત્યારે વારંવાર હું ચાઈનાટાઉન પહોંચી જાઉં છું. ત્યાં જીવન ધીમી ગતિએ વહે છે, અને હું જાણે બીજી દુનિયામાં પ્રવેશતો હોઉં તેવું મને લાગે છે. ચીની મિત્રોને મળવું અને એમની પાસેથી શાંતિનો મર્મ શીખવો એ મને હંમેશા પ્રેરક લાગ્યું છે. અનુવાદક : **મેનાબહેન**

એક વિશેષ ચર્ચાપત્ર

પ્રબુધ્ધ જીવનનાં તા. ૧–૧૦–૫૭ તથા તા. ૧૫–૧૦–૫૭ ના અંકમાં અનુક્રમે 'બટાટા કંદમૂળ હોવાનો માન્યતાભ્રમ' અને 'કંદમૂળની ભક્ષ્યાભક્ષ્યતા ?' એ મથળાની બે નોંધો પ્રગટ કરવામાં આવી હતી. આ નોંધો ઉપરનું એક ચર્ચાપત્ર–શ્રી રતિલાલ ચીમનલાલ શાહનું લખેલું–અને તેનો પ્રત્યુત્તર તા. ૧–૧–૫૮ ના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલ છે. એની જ રીતે બે હકીકતમાં લખાયલું એક લાંબુ ચર્ચાપત્ર શ્રી ખુશાલચંદ ઝવેરચંદ દોશીએ (૬, એડી ગેઇટ રોડ, જામનગર) લખેલું મને કેટલાક સમય પહેલાં મળ્યું છે. તે ચર્ચાપત્રમાં બટાટાનું કંદમૂળ હોવાપણા કે નહોવાપણા અંગેના તથા કંદમૂળની ભક્ષ્યાભક્ષ્યતા અંગેના જે મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા છે તેમાંના અગત્યના મુદ્દાઓ શ્રી રતિલાલ ચીમનલાલ શાહના ચર્ચાપત્રમાં આવી જતા હોઈને અને તેનો પ્રત્યુત્તર પણ અપાઈ ગયેલો હોઈ તે મુદ્દાઓનું પુનરાવર્તન કરવાની કશી જરૂર રહેતી નથી. વળી મળેલું ચર્ચાપત્ર ઘણું લાંબુ હોઈને પ્રબુધ્ધ જીવનમાં તે માટે એટલી બધી જગ્યા રોકવી તે ઉચિત લાગતું નથી. આ ઉપરાંત 'બટાટા કંદમૂળ હોવાનો માન્યતાભ્રમ' એ મથાળાની મારી નોંધમાં રેશમી કાપડ, ગોરોચન, કસ્તુરી તથા અંબર સંબંધમાં જે વિધાનો કરવામાં આવ્યા છે તે સામે પ્રસ્તુત ચર્ચાપત્રમાં પ્રતિવિધાનો કરવામાં આવ્યા છે, જે ક્રમસર નીચે આપવામાં આવ્યા છે અને દરેક પ્રતિવિધાન સાથે મારે જે કાંઈ કહેવાનું છે તે ખુલાસારૂપે સંકલિત કરવામાં આવ્યું છે. ખૂબ મહેનત લઈને લખી મોકલાયલા ચર્ચાપત્રને સંપૂર્ણ રૂપમાં પ્રગટ નહિ કરવા બદલ શ્રી ખુશાલચંદ ઝવેરચંદ દોશીની હું ક્ષમા માંગું છું, અને કશી પણ કટુતા, કટાક્ષ કે ધર્મઝનુન દાખવ્યા સિવાય ઉદાત્ત ભાષામાં આખું ચર્ચાપત્ર લખવા બદલ શ્રી ખુશાલચંદભાઈને હું ધન્યવાદ આપું છું, અને તે વાંચીને અનુભવેલી પ્રસન્નતા હું અહિં વ્યકત કરું છું.

આવી ચર્ચાઓ દ્વારા કોઇના પણ અંગત મતનું એકાએક પરિવર્તન થવાની આશા રાખવી વધારે પડતી લેખાય; પણ આવી ચર્ચાઓથી–જો એ ચર્ચા પાછળ પરસ્પર આદર, સદ્‌ભાવ અને સમભાવ હોય તો–એક અન્યને વધારે સ્પષ્ટતાથી જાણી શકે છે અને મતભેદ ચાલુ રહે તો પણ એકમેકનાં મન વધારે નજીક આવે છે. અહિં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે શ્રી ખુશાલચંદભાઇએ પોતાના ચર્ચાપત્રમાં બટાટા અને કંદમૂળ અંગે બીજી કેટલીક ઝીણવટભરી ચર્ચા કરી છે, પણ તેમાં પ્રબુધ્ધ જીવનના વાંચકોને રસ હોવાનો સંભવ નથી એમ સમજીને તેનો વિગતવાર ઉલ્લેખ અને ખુલાસો પ્રબુધ્ધ જીવનમાં કરવામાં આવતો નથી. એ બાબતો અંગત પત્રવ્યવહારથી અથવા તો જાતે મળવાથી વધારે સહેલાઈથી ચર્ચી શકાય તેવી છે એમ હું ધારું છું. હવે આપણે શ્રી ખુશાલચંદભાઇએ કરેલાં પ્રતિવિધાનો ક્રમસર તપાસીએ:–

પ્રતિવિધાન નં. ૧

પ્રથમ તો રેશમી કાપડ હિંદુસ્તાનમાં ઘણાં વર્ષોથી બને છે અને તેના સમર્થનમાં જણાવવાનું કે શ્રી ભદ્રબાહુ સ્વામી જે ભગવાન મહાવીર પછી એકસો સીતેર વર્ષે લગભગ થયા છે તેમણે રચેલા કલ્પસૂત્રમાં ભગવાન મહાવીર ત્રિશલા રાણીના ગર્ભમાં આવ્યા અને તેનું સૂચન કરતાં ચૌદ સ્વપ્ન ત્રિશલા રાણીએ જોયાં, ત્યારે ત્રિશલા રાણી જે શય્યામાં સુતા હતા તે શય્યાનું વર્ણન નીચે મુજબ કરવામાં આવ્યું છે:–

उल्लविअ खोमिल दुगल परपडिच्छन्ने । આનો અર્થ થાય છે ઉત્તમ કારીગરોએ બનાવેલ રેશમી વસ્ત્રથી ઢંકાયેલ (એવી શય્યા). અહિં ખોમિલ શબ્દનો સંસ્કૃત ક્ષૌમિક શબ્દ છે અને શબ્દરત્ન મહોદધિ કોષ પ્રમાણે ક્ષૌમિક શબ્દનો અર્થ રેશમી એમ થાય છે.

ખુલાસો : ચીન સાથે આપણા દેશનો વ્યાપાર સંબંધ ઘણા પ્રાચીન કાળથી ચાલતો આવ્યો છે, એટલે ભગવાન મહાવીરના કાળમાં પણ ચીન દેશથી રેશમી વસ્ત્રો આપણા દેશમાં આવતા હોય એ અસંભવિત નથી.

બીજું કલ્પસૂત્રના ઉપર જણાવેલ વાકય સંબંધે પંડિત બેચરદાસને પુછાવતાં તેઓ જણાવે છે કે કલ્પસૂત્રના એ વાકયની સંસ્કૃત ટીકા નીચે મુજબ છે. क्षौमम् अतसीमयं दुकूलम वस्त्रम् એટલે કે અતસીનું એટલે કે અળશીનું બનાવેલું કાપડ. આ ઉપરથી ચર્ચાપત્રીએ क्षौमिकम् નો જે અર્થ સૂચવ્યો છે તે બરાબર નથી એમ માનવાને કારણ મળે છે.

પ્રતિવિધાન નં. ૨

હિંદુસ્તાનમાં પચીસો વર્ષ પહેલાં જે રેશમી કાપડ બનતું તે રેશમના કીડા કોશેટાને કોતરીને બહાર નીકળી ગયા પછી તે કોશેટાને ઉખેડવામાં આવતા અને તુટેલા તારોને સાંધીને તેમાંથી રેશમી કાપડ બનાવવામાં આવતું. આ રીતે પ્રાચીન કાળમાં બનતું રેશમી કાપડ અહિંસક હતું અને આગળ ઉપર પછી હિંસક રીતે રેશમી કાપડ બનાવવાનું શરૂ થયું હતું. આવું અહિંસક રેશમી કાપડ આજે પણ આસામ કે જ્યાં કોશેટાના ઝાડ છે ત્યાં થાય છે અને મૂળજી જેઠા માર્કેટની સામે આવું કાપડ મળે છે.

ખુલાસો : અંગ્રેજીમાં જેને wishful thinking કહે છે. તે કોટિનો આ તર્ક છે. ચર્ચાપત્રી એવી કોઈ ભ્રમણામાં છે કે આગળ આપણું સમગ્ર જીવન અહિંસક હતું અને ચાલુ વપરાશની ચીજો બનતી હતી તે પણ કેવળ અહિંસક રીતે બનતી હતી. પાછળથી લોકો હિંસા તરફ વધારે ને વધારે ઢળતા ગયા અને ચીજોનું ઉત્પાદન પણ વધારે ને વધારે હિંસાપૂર્ણ બનતું ગયું, વાસ્તવિકતાનો ઇતિહાસ ઘણા અંશમાં આથી ઉલટો છે. રેશમ અહિંસક રીતે બની શકે છે એ બાબતનું આજથી પચ્ચાસ વર્ષ પહેલાં, ખાસ કરીને આ બાજુએ તો, કોઇને ભાન. સરખું નહોતું. ગાંધીજીએ જ્યારે ખાદીનો પ્રચાર શરૂ કર્યો ત્યારે રેશમ સંબંધે શું કરવું એવો પ્રશ્ન ઉભો થયો અને ઉપરના ચર્ચાપત્રમાં જણાવ્યું છે તે મુજબ કીડો જેમાંથી બહાર નીકળી ગયો હોય તેવા કોશેટાના તુટેલા તારોને સાંધીને પણ રેશમી વસ્ત્ર–અલબત્ત ખડબચડું–બનાવવાનું શકય છે એમ માલુમ પડયું અને આવું અહિંસક રેશમ વાપરવાની અહિંસાવાદીઓને ગાંધીજીએ ભલામણ કરી. આ એજ સમય છે કે જ્યારે અહિંસક રેશમ માફક અહિંસક જોડા અથવા તો ચંપલ એટલે કે મારેલા પશુઓના ચામડાના નહિ પણ મરેલ પશુઓના ચામડાના બનાવેલા જોડા અથવા ચંપલ અને અહિંસક મધ એટલે કે નીચે ધુણી સળગાવી હજારો માખીઓનો નાશ કરીને મેળવેલા મધપુડાનું મધ નહિ પણ મધમાખીઓનો રીતસર ઉછેર અને બનાવટી મધપુડાઓમાં તે માખીઓ દ્વારા ઉત્પન્ન કરાયલા અહિંસક મધનો ગાંધીજી મારફત આપણને સૌથી પહેલો ખ્યાલ આવ્યો અને અહિંસાનિષ્ઠ લોકોએ અહિંસક જોડા અથવા ચંપલનો સમજણપૂર્વક ઉપયોગ શરૂ કર્યો અને અહિંસક મધના ઉત્પાદન અને ઉપયોગને ત્યાર બાદ સારી રીતે ઉત્તેજન મળવા માંડયું.

આ તો અહિંસક રેશમ, ચંપલ તથા મધનો આપણને ક્યારથી ખ્યાલ આવ્યો તેની આપણે ચર્ચા કરી. પણ જૈન શાસ્ત્રોમાં કોઈ ઠેકાણે આવા હિંસક તેમ જ અહિંસક રેશમની વિવક્ષા જોવામાં આવતી નથી;

ઘણી આજના જૈન સાધુઓને પણ આ બાબતનું ભાન છે કે નહિ તે પણ એક સવાલ છે, કારણ કે પૂજા ઉત્સવમાં રેશમી કાપડ વપરાય છે, એટલું જ નહિ પણ, ચાલુ વપરાશમાં સ્ત્રી પુરૂષો ઢગલાબંધ રેશમી કાપડ વાપરે છે અને એમ છતાં 'તમે આ હિંસક રેશમ ન વાપરો અને વાપરવું હોય તો કોઈ કોઇ સ્થળે મળતું અહિંસક રેશમ મેળવો અને વાપરો' એમ કહેતા કે ઉપદેશતા કોઈ પણ જૈન સાધુ હજુ સુધી મારા જાણવામાં આવ્યા નથી.

ચર્ચાપત્રી આસામમાં કોશેટાના ઝાડ હોવાનું જણાવે છે તે જરા આશ્ચર્ય પેદા કરે છે. કોશેટાના કોઇ ઝાડ હોતા જ નથી. પણ જે એળો પોતાની આસપાસ કોશેટો બાંધે છે તે એળો જે પ્રકારની વનસ્પતિમાંથી પોષણ મેળવે છે તે વનસ્પતિ રેશમ પેદા કરતા આસામ વગેરે પ્રદેશોમાં જ ઉગે છે, અર્થાત્ ઉગી શકે છે.

પ્રતિવિધાન નં. ૩

હિમાલયમાં પેદા થતી અમુક ગાયોના માથામાંથી નીકળતા ગોરોચન સંબંધમાં ચર્ચાપત્રી જણાવે છે કે આ ગોરોચન મેળવવા માટે ગાયોને મારવામાં આવતી નથી, પણ મરી ગયેલી ગાયોના માથામાંથી હરિજનો ગોરોચન કાઢીને બજારમાં વેચે છે. એવી જ રીતે કસ્તુરી-મૃગને પકડી તેના ડુંટામાંથી કસ્તુરી કાઢી લઇને તેને છોડી મૂકવામાં આવે છે.

ખુલાસો : ગોરોચન ધરાવતી ગાયોનો માત્ર ગોરોચન મેળવવા માટે વધ થતો નથી, પણ તેનું માંસ ખાવાના ઉપયોગમાં લેવાય છે અને ચામડા વગેરેનો પણ ભિન્ન ભિન્ન ઉપયોગ થાય છે. હિમાલયમાં તપાસ કરતાં ચર્ચાપત્રીને માલુમ પડશે કે આવી કોઈ અહિંસાની વૃત્તિનો તે બાજુ વસતી પ્રજામાં હજુ ઉદય થયો નથી. સંભવ છે કે જૈન મંદિરોમાં વપરાતા ચામર વિષે પણ ચર્ચાપત્રી ઉપર જણાવેલી માન્યતા ધરાવતા હશે. પણ તેમણે જાણવું જોઇએ કે ચામર એ ચમરી ગાયનું પૂછડું છે અને તે મેળવવા ખાતર અનેક ચમરી ગાયોને ચાલુ મારી નાખવામાં આવે છે. તેમને એ પણ જાણીને આશ્ચર્ય થશે કે સાધારણ રીતે મોરનાં પીંછાં સમયાન્તરે ખરી જાય છે અને તે એકઠાં કરી શકાય છે, પણ એ રીતે પીંછા જોઇએ તેટલા પ્રમાણમાં નહિ મળવાથી વાધરીઓ અનેક મોરને મારી નાંખે છે; તેનું માંસ ખાવાના ઉપયોગમાં લે છે અને પીંછા બજારમાં વેચે છે. કસ્તુરી પણ એવી જ રીતે કસ્તુરીમૃગને મારીને જ મેળવવામાં આવે છે. શ્રી ખુશાલચંદભાઇને ખબર નહીં હોય કે હિમાલયની કસ્તુરી વેચવાવાળા પોતે વેચે છે તે કસ્તુરી ખરી છે તેની પ્રતીતિ કરાવવા માટે કસ્તુરીમૃગના ડુંટા સાથે આપણને કસ્તુરી બતાવે છે.

પ્રતિવિધાન નં. ૪

અંબરની પ્રાપ્તિ માટે મગરની હિંસા કરવામાં આવતી નથી, પણ મગરના મોંમાંથી નીકળતા ફીણ દરિયામાં તરતા હોય છે અને તે ખારવાઓ એકઠા કરે છે અને સમયાન્તરે તે ધન પદાર્થ બને છે જે બજારમાં વેચાય છે.

ખુલાસો : અંબરની પ્રાપ્તિને મેં મારા લેખમાં હિંસામૂલક હોવાનું વર્ણવ્યું છે. અંબર પ્રાણીજન્ય પદાર્થ તો છે જ, પણ તેની પ્રાપ્તિ કેમ થાય છે તે વિષે મારી પાસે કોઇ પ્રમાણભૂત ખબર નથી. સંભવ છે કે શ્રી ખુશાલચંદભાઇ તે સંબંધી જે કાંઈ જણાવે છે તે કદાચ બરોબર હોય.

પરમાનંદ

વિષય સૂચિ

		પૃષ્ઠ
"મારી જીંદગીનો આજે છેલ્લો દિવસ છે"	અનુ. મેનાબહેન	૧૭૯
એક વિશેષ ચર્ચાપત્ર	પરમાનંદ	૧૮૨
દેશની આર્થિક પરિસ્થિતિ અંગે ગૌહત્તી કોંગ્રેસનો ઠરાવ	પરમાનંદ	૧૮૩
વિજ્ઞાન અને સર્વજ્ઞવાદ		૧૮૬
પ્રાકૃત અને જૈન ધર્મ	હલસુખ માલવણિયા	૧૮૬

દેશની આર્થિક પરિસ્થિતિ અંગે

ગૌહત્તી કોંગ્રેસનો ઠરાવ

જાન્યુઆરી માસના પશ્ચાદર્ધ દરમિયાન આસામમાં ગૌહત્તી ખાતે રાષ્ટ્રીય મહાસભાનું ૬૩મું અધિવેશન ભરાઇ ગયું અને આ ૬૩ની સંખ્યાને ચિરસ્મરણીય બનાવવાનાં હેતુથી કોંગ્રેસની સ્વાગત સમિતિએ કોંગ્રેસના પ્રમુખ શ્રી ઢેબરનું ૬૩ હાથીના સરઘસ વડે સ્વાગત કર્યું. આ અધિવેશનમાં જે ચાર પાંચ ઠરાવો થયા તેમાંથી સૌથી વધારે મહત્વનો ઠરાવ નીચે આપવામાં આવે છે. આ ઠરાવ રાષ્ટ્રની આર્થિક પરિસ્થિતિ અંગે કોંગ્રેસે વિચારેલા કાર્યક્રમને લગતો છે.

સાધારણ રીતે કોઈ પણ સભા કે સંમેલનમાં પસાર કરવામાં આવતા ઠરાવો બે પાંચ લીંટીના હોય છે, પણ કોંગ્રેસના ઠરાવોનું સ્વરૂપ મોટા ભાગે એક નાના સરખા નિબંધને મળતું હોય છે. ઠરાવની ભૂમિકા, ઠરાવના વિષયના અનુસંધાનમાં દેશની પરિસ્થિતિની આલોચના, પછી ચોક્કસ કાર્યક્રમની વિગતો અને તે અંગે પ્રજાજનોને અપીલ—આવું બધું એક લાંબા ઠરાવમાં અન્તર્ગત કરવામાં આવે છે. ઠરાવમાં જ બધું મોટા ભાગે આવી જતું હોઇને તે ઉપરનાં ભાષણો ન વાંચો તો પણ ચાલે.

કોંગ્રેસના ઠરાવોમાંથી માત્ર આજ ઠરાવને અહિં પ્રગટ કરવાનું કારણ એ છે કે આજે આપણું સૌથી વધારે ધ્યાન ખેંચે એવું કાંઇ હોય તો આપણા દેશની આર્થિક દૃષ્ટિએ પછાત પરિસ્થિતિ, અને તેને ઊંચે લાવવા માટે યોજાયલી બીજી પંચવર્ષીય યોજના છે. આ ઠરાવને કોંગ્રેસની વિષય વિચારિણી સમિતિમાં બહુ જોસદાર ભાષામાં રજુ કરતાં ભારતના મહાઅમાત્ય શ્રી નહેરૂએ જણાવ્યું હતું કે "હું એવો ઠરાવ રજુ કરી રહ્યો છુ કે જે આપને કદાચ સાવ ઠંડો, ઢીલો, અને કોઈ તેજીલી જાહેરાતોના ગરમ મસાલા વિનાનો અને સાદાં સીધાં સલાહ સૂચનો અને પરિસ્થિતિનું નર્યું પૃથક્કરણ કરતો લાગશે. પણ આ ઠરાવનો આશય આજની પરિસ્થિતિમાં ઉભી થયેલી મોટામાં મોટી ધુંચને ઉકેલવાનો—રાષ્ટ્રના આર્થિક દેહમાં લોહી માંસ—પૂરાં પાડવાનો છે. કેટલાક એવા લોકો હોય છે કે જેઓ જ્યારે સામે અણધારી મુશ્કેલીઓ ખડી થાય છે ત્યારે એકાએક ઢીલા બની જાય છે, પણ કોંગ્રેસનો ઇતિહાસ એવો નથી. તેણે તો જ્યારે જ્યારે મુશ્કેલીઓ ઉભી થઇ છે ત્યારે ત્યારે તેનો ભારે બહાદુરીપૂર્વક સાધનો કર્યો છે અને તેમાંથી સાંગોપાંગ પાર ઉતરી છે. આપણને આઝાદી મળી ત્યારે પણ ઉત્તર હિંદ અને પાકીસ્તાનમાં ભયંકર ઘટનાઓ બની હતી. અને આપણા રાષ્ટ્ર-પિતાનું એ જ દિવસોમાં ખુન થયું હતું. એમ છતાં પણ આ બધી ભયંકર દુર્ઘટનાઓ સામે આપણે ટકી રહ્યા હતા અને આજે પણ આપણે ટટ્ટાર ઉભા છીએ. તો પછી પરદેશી હુંડિયામણ આપણને પ્રતિકુળ છે અથવા તો આપણે નહોતું ધાર્યું એવું કાંઇક બન્યું છે અથવા તો આર્થિક પરિસ્થિતિ બહુ ભીંસવાળી—આપણને તંગ બનાવે તેવી—પેદા થઇ છે, માટે શું આપણે ભડકીને—ભયભીત બનીને—પાછા હઠીશું ? આનો મારે નહિ પણ તમારે અને દેશે જવાબ આપવાનો છે. આ દેશમાં એવા કેટલાક લોકો છે જેઓ પૂર ઝડપથી દોડયે જતા હોય છે, પણ પોતાને કાંઇ ન ગમે એવું અથવા તો પોતાની કલ્પનામાં ન હોય એવું કાંઇક પ્રતિકુળ બને છે કે એકાએક મુંઝાઇ જાય છે, અકળાઇ જાય છે, ઉથલી પડે છે. પણ હું આશા રાખું છું કે હું અને તમે વધારે નક્કર માટીના બનેલા છીએ, અને એ રીતે હલી જઇએ કે હીંમત હારી બેસીએ તેવા નથી. અલબત્ત આનો અર્થ એ નથી કે આપણે કેવળ કલ્પનાવિહારી બનવાનું છું. આપણે જરૂર પાકા વ્યવહાર બનવાનું છું અને વાસ્તવિકતાનો પૂરો ખ્યાલ રાખીને આગળ ચાલવાનું છે. આપણે માત્ર એ રીતે જ આપણી સમસ્યાઓ હલ કરવાની છે. પણ જે લોકો આપણી મુશ્કેલીઓ સામે આંગળી ચીંધ્યા કરે છે અને આપણે વધારે પડતા મહત્વાકાંક્ષી—કલ્પનાશીલ—છીએ એમ કહે છે તેમને હું પડકાર કરીને કહું છું કે, અમે અગ્રેજી

સલ્તનતને જ્યારે પડકારી ત્યારે અમારો લોભ કાંઈ નાનો સુનો નહોતો. અને એમ છતાં એમાં અમે સફળતા મેળવી હતી. આજે હું તમને ભૂતકાળમાં તમે હતા તેથી પણ વધારે લોભી બનવાનો-મહત્વાકાંક્ષી બનવાનો-અનુરોધ કરું છું. કેટલાક લોકો ઓફીસમાં બેઠા બેઠા પોતાના નાના ગજ વડે બધી વસ્તુઓનું માપ કાઢે છે, પણ તેમને એ ભાન હોતું નથી કે જો પ્રજા એક વખત અમુક લક્ષ્ય સિદ્ધ કરવા બધ્ધ-મનોરથ થાય છે, તો પછી ગમે તે થાય તો પણ તે પોતાનો મનોરથ-નક્કી કરેલું લક્ષ્ય-સિદ્ધ કરે જ છે.

"જે ઠરાવ હું રજુ કરી રહ્યો છું તેમાં તમને કેટલીક બાબતો બહુ નાની લાગશે, પણ વસ્તુતઃ તેનું સમગ્ર પરિણામ વિચારતાં તે નાની નથી. આઝાદીની લડત દરમિયાન આપણામાંના ઘણાને લાગતું કે એક ખુણામાં બેસીને થોડું મીઠું બનાવવું એ કોઈ મોટું પગલું નથી, પણ એ વખતે એ જે નાનાં પગલાં લેવાયાં તે પરિણામે મોટાં અને મોટાં બનતાં ગયાં અને લોકો આગળ વધતા ચાલ્યા. આ રીતે આપણે આઝાદીની ભાત ઉભી કરી. હિંદની સીકલ બદલી અને હિંદના ભાવીનો પણ એક નવો નકશો નિર્માણ કર્યો. આ રીતે આ ઠરાવમાં પેશ કરવામાં આવેલી બાબતો નાની છે, સામાન્ય છે એવી કલ્પના ન કરશો. આ નાની બાબતો પાછળ આપણી તાકાતને એક પ્રકારનો પડકાર રહેલો છે. ગાંધીજીએ લોકોને ચરખો કાંતવા કહેલું. આ કાંતવાની ક્રિયા જે લોકો સહેલાઇથી કરી શકતા હતા તે ગાંધીજીને મન સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવાના લોકનિશ્ચયના પ્રતીકરૂપ હતી. આપણે પણ આ મુજબ વિચારતા થઇએ અને ઠરાવમાં સૂચવાયલી નાની બાબતોને અમલી બનાવવા પાછળ આપણી સમગ્ર શક્તિને કેન્દ્રિત કરીએ અને બીજી પંચવર્ષીય યોજનાને સફળ બનાવીએ." આ ભૂમિકા ધ્યાનમાં રાખીને નીચે આપેલા ઠરાવનો આપણે વિચાર કરીએ અને તદનુસાર કર્તવ્યપરાયણ બનીએ.

ગૌહત્તી કોંગ્રેસનો ઠરાવ

૧. ગત વર્ષ દરમિયાન જેમ જેમ બીજી પંચવર્ષીય યોજનાનું અમલી કાર્ય વધારે ને વધારે વેગ પકડતું ગયું તેમ તેમ દેશની આર્થિક પરિસ્થિતિને, ખાસ કરીને પરદેશી હુંડીયામણને અંગે, એક મોટી ભીંસમાંથી પસાર થવું પડયું હતું. જો કે આવી આર્થિક ભીંસ યોજનાના મૂળમાં અમુક અંશે કલ્પાયલી જ હતી, એમ છતાં ચોક્કસ અણધારી ઘટનાઓએ આ ભીંસને વધારે ઉગ્ર બનાવી હતી. આ અણધારી ઘટનાઓ શી હતી ? અનાજની દેશમાં મોટા પાયા ઉપર કરવામાં આવેલી આયાત, રક્ષણકાર્ય માટે પરદેશો પાસેથી ખરીદવો પડેલો શસ્ત્રસરંજામ, યોજનાના હેતુ પાર પાડવા માટે જરૂરી એવી અનેક ચીજોનાં મોટાં દામ આપીને કરવી પડેલી આયાત. આ બધા પાછળ સરકારને અણધાર્યો ઘણો મોટો ખર્ચ કરવો પડયો હતો. સરકારે આવી અણધારી પરિસ્થિતિને સુધારવા માટે કેટલાક ઉપાયો હાથ ધર્યા હતા, અને દેશની અર્થરચનાને સમધારણ ઉપર લાવવા માટે મૂળ યોજનાને પણ અમુક અંશે નવો ઘાટ આપવામાં આવ્યો છે. આમ છતાં પણ એ યાદ રાખવું ઘટે છે કે આર્થિક વિકાસ સત્વર સાધવાનો દરેક પ્રયત્ન હંમેશા એક યા બીજા પ્રકારની આર્થિક ભીંસ પેદા કરે જ છે અને એ રીતે આજે અનુભવાતી આર્થિક ભીંસ નવી અર્થરચનાની પ્રસૂતિપીડાની સૂચક છે, અને આ મુશ્કેલીઓને પાર કરવા અંગે પ્રજા માટે સંતોષકારક માર્ગ એ જ હોઈ શકે કે પ્રજાજનોએ ઉત્પાદન વધારવા માટે અને બને તેટલી બચત કરવા માટે જરૂરી પ્રયાસો હાથ ધરવા જોઈએ, જેના પરિણામે, વિકાસના બ્યાજબી લક્ષ્યોનો ભોગ આપ્યા સિવાય, આર્થિક અને નાણાકીય સ્થિરતાને ટકાવી શકાય. યોજનાને સિદ્ધ કરવા માટે ઘણો મોટો આર્થિક શિસ્ત અનિવાર્ય છે, અને કોંગ્રેસ આશા રાખે છે કે દેશના લોકો આ કાર્યમાં પુરો સહકાર આપશે.

૨. ગયા વર્ષના બજેટની દરખાસ્તો પાછળ રહેલા ચોક્કસ પ્રકારના અભિગમનું કોંગ્રેસ અનુમોદન કરે છે અને ખાસ કરીને ઉત્પાદનવૃદ્ધિ ખાતર કામ કરવાની અને કમાવાની વૃત્તિને પૂરેપૂરી ઉત્તેજના આપવા હેતુથી, અને થોડી વ્યક્તિઓ પાસે સંપત્તિનો ઘણો મોટો સંચય થવાના પરિણામે પેદા થતી અસમાનતાઓ અને માઠી અસરો ક્રમે ક્રમે નષ્ટ કરવાના હેતુથી કરવેરાની ચાલુ રચનાને જે નવો વળાંક આપવામાં આવ્યો છે તેને કોંગ્રેસ અવકારે છે.

૩. આજની આર્થિક પરિસ્થિતિમાં પ્રભાવજનક તત્ત્વ છે દેહનું આન્તરિક અર્થબળ. આ અર્થબળ વધારવા માટે આ દેશના આન્તરિક સાધનોને બને તેટલા વિકસાવવા અને એકત્ર કરવા તે સૌથી વધારે મહત્વની વસ્તુ છે. ઉત્પાદન વૃદ્ધિની આજે ઘણી અગત્ય છે. આમાંથી સારા પ્રમાણમાં બચત નિર્માણ થવી જોઇએ અને એ બચતમાંથી વિશેષ વિકાસ માટે જરૂરી મુડી ઉભી થવી જોઇએ. અણ-વિકસિત અર્થરચના ધરાવતો દેશ કે જ્યાં લોકો કોઈ કાળ સુધી ખર્ચ કરતાં ભાગ્યે જ વધારે કાંઇ કમાઈ શકતા હોય છે, ત્યાં તેમની કમાણીમાં વધારો થાય તો દેશના વિકાસકાર્યમાં તે કમાણી રોકવા માટે સહજ રીતે તેઓ આકર્ષાતા નથી. આ વધારાની કમાણીનો મોટો ભાગ ચાલુ વપરાશની ચીજો વધારે પ્રમાણમાં ખરીદવા પાછળ જ વપરાઇ જાય છે, અને એમાંથી ફુગાવાની પરિસ્થિતિ ઉભી થવાનો સંભવ રહે છે. આમ હોવાથી ચાલુ કમાણી કરતાં વધારે કમાણી થાય, એટલું જ નહિ પણ, તે કમાણીમાંથી બચત રહે અને તે દેશહિતના અન્ય ઉદ્યોગોમાં રોકાય એ અત્યન્ત આવશ્યક છે.

૪. અન્તરિક સાધનો વધારવાની ચાવી અનાજનો પાક અને કેશ ક્રોપ એટલે ખાદ્ય નહિ છતાં જેમાંથી નાણાં પેદા થાય એવી ચીજોનો પાક-આ બેમાં રહેલી છે. હિંદ જેવા દેશમાં ખેતીની પેદાશ-ખાસ કરીને ખેતીદ્વારા થતી ખાદ્ય પદાર્થોની પેદાશ-પાયાનું મહત્વ ધરાવે છે. અને જ્યાં સુધી ખેતીદ્વારા જરૂરિયાત કરતાં પણ વધારે પાકની પેદાશ ન થાય ત્યાં સુધી, ઔદ્યોગિક વિકાસ શકય જ નથી. છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન હિંદના ઘણા ભાગોમાં બહુ ઓછો પાક ઉતર્યો છે. ખાસ કરીને ગયે વર્ષે દેશના ઘણા ભાગોમાં મોટાં પૂર આવ્યાં હતાં અને દુષ્કાળ જેવી સ્થિતિ ઉભી થઈ હતી. આના પરિણામે અનાજની ઘણા મોટા પાયા ઉપર આયાત કરવી પડી હતી, જેનો દેશની આર્થિક પરિસ્થિતિ ઉપર ઘણો મોટો બોજો પડયો હતો અને જેને લીધે આગળની ગણતરીઓ ખોટી પડી હતી.

૫. આમ હોવાથી પરદેશથી કરવી પડતી અનાજની આયાત સદન્તર બંધ કરી શકાય તે હેતુથી અનાજનું ઉત્પાદન બને તેટલું વધારવાની અસાધારણ આવશ્યકતા ઉભી થઈ છે. આપણું લક્ષ્ય તો અનાજની એવી સારી પુરાંત ઉભી કરવાનું હોવું જોઇએ કે જે કોઈ પણ પ્રતિકુળ સંયોગોમાં આપણને કામ લાગી શકે. આજે એક એકરમાંથી આપણા દેશમાં થતું અનાજનું ઉત્પાદન દુનિયાના અન્ય દેશોના પ્રમાણમાં સૌથી નીચું છે, અને તેથી આ પેદાશમાં વધારો કરવા માટે ઘણો મોટો અવકાશ છે. ખરી રીતે આ વિષયના નિષ્ણાતો એમ જણાવે છે કે જમીનની પૂરી સંભાળ લેવામાં આવે, અને તેનું ધોવાણ થઇ જતું અટકાવવામાં આવે, અને કેમ વધારેમાં વધારે પાક લઈ શકાય તેને લગતી અદ્યતન માહીતી અને સાધનોના ઉપયોગ-પૂર્વક ખેતી કરવામાં આવે તો, આપણી પેદાશ ત્રણથી ચાર ગણી વધારી શકાય એટલે કે ૩૦૦ થી ૪૦૦ ટકા વધારી શકાય. આ લક્ષ્યને પહોંચવામાં જરૂર સમય લાગે, પણ બ્યાજબી ગાળા દરમિયાન પણ અનાજના ઉત્પાદનમાં સંગીન વધારો શકય છે.

૬. જુની ખેતી પદ્ધતિ કે જે વધારે જમીન રોકતી અને ઓછો પાક આપતી તેના સ્થાને જમીનનો કસ સારા પ્રમાણમાં ખેંચે તેવી અદ્યતન ખેતીનો, વિશેષ કરીને જ્યાં જળ સીંચાઈ થઈ છે તેવા પ્રદેશોમાં અથવા તો જ્યાં સારા પ્રમાણમાં વરસાદ પડતો હોય એવા પ્રદેશોમાં, પ્રયોગ થવો ઘટે છે. આવા પ્રદેશોનું પ્રમાણ દશ કરોડ એકર અડસટ્ટવામાં આવે છે.

૭. છેલ્લાં થોડાંક વર્ષો દરમિયાન, રીવર-વેલી-સ્કીમો (નદી ઉપરના જળબંધોની યોજનાઓ) અને નાનાં સીંચાઇ કામો અને

ટ્યુબવેલ–પાતાળી કુવાઓ–દ્વારા નવા અને વિશાળ પ્રદેશોને પાણી પુરું પાડવામાં આવે છે. કમનસીબે મોટા ભાગે ખેતરમાં પાણી પુરું પાડતી નહેરોના અભાવે આ સુલભ બનેલા પાણીના પુરવઠાનો પુરો લાભ લેવાતો નથી. એવો અંદાજ કાઢવામાં આવે છે કે જો બધા સુલભ પુરવઠાનો લાભ લેવામાં આવ્યો હોત તો આજે આપણે અનુભવીએ છે તેવી અનાજની ખાદ આપણે ત્યાં ઉભી થઇ ન હોત.

એટલા માટે એ જરૂરી છે કે :

(ક) આસપાસના લાગતા વળગતા ખેતરોને પાણી પુરું પડે એવી નહેરોની શાખા પ્રશાખાઓ તૈયાર કરાવીને આજે મળતા પાણીના જથ્થાનો પૂરો ઉપયોગ કરવો,

(ખ) ટ્યુબવેલ–પાતાળકુવા–માંથી મળતા પાણીના દર ખેતી કરનારને પરવડે તેવા નક્કી કરવા. જ્યાં જરૂર જણાય ત્યાં આવા દર શરૂઆતમાં નીચે રાખવા અને ધીમે ધીમે બ્યાજબી સપાટી ઉપર ઉંચે લાઈ આવવા.

(ગ) જુની ટાંકીઓ અને કુવાઓ સમારવા.

(ઘ) નાનાં સીંચાઇબંધો તૈયાર કરાવવા.

(ઙ) પાળા બાંધીને અને ઝાડો ઉગાડીને જમીનનાં ધોવાણ થતાં અટકાવવા.

(ચ) દરેક કોમ્યુનીટી બ્લોક માટે સારૂ બીઆરણ પેદા કરવા માટે અમુક જમીન અનામત રાખવી.

(છ) લીલા ખાતરના ઉત્પાદન અને ઉપયોગને ઉત્તેજન આપવું. રસાયણીક ખાતર ઉપરાંત 'કોમ્પોસ્ટ' ખાતરનો પણ ઉપયોગ કરવો,

(જ) ખેડુતો સાથે વ્યક્તિગત સંપર્ક સાધવો અને તેની સાથે મળીને તેના ઉત્પાદનનો લક્ષ્યાંક નક્કી કરવો.

(ઝ) અનાજને બદલે બીજા ખાદ્ય પદાર્થોનો ઉપયોગ વધે અને balanced diet–સમધારણ પૂર્વકનો ખોરાક–લોકો લેતા થાય તે માટે વ્યવસ્થિત પ્રયાસો હાથ ધરવા.

(ઞ) ઠુંકા ગાળામાં પેદા થાય તેવા પાકોનું ઉત્પાદન વ્યવસ્થિત રીતે અને જેમ અને તેમ જલ્દિથી હાથ ધરવું.

(ટ) ખારવાળી જમીનને યોગ્ય ઉપચાર પૂર્વક ખેતી નીચે લાવવી.

(ઠ) જ્યાં પાણી બંધિયાર રહેતા હોય ત્યાં તેને ઝટથી વહેતા કરવા માટે જરૂરી પગલાં ભરવાં.

૮. પ્રદેશના ખેતીવાડીખાતાએ આ કાર્યક્રમ ઉપર એકાગ્ર થવું જોઇએ અને કોમ્યુનીટી બ્લોકસના તંત્રનો આ હેતુ માટે ઉપયોગ કરવો જોઇએ. પંચાયતને ગામડાનું પાયાનું વ્યવસ્થાતંત્ર સોંપાવું જોઇએ. આ સહકારી મંડળી સરકારથી સ્વતંત્ર હોવી જોઇએ અને બહુ મોટી હોવી ન જોઇએ. ગ્રામ્ય પંચાયત અને ગ્રામ સહકારી મંડળી દેશમાં રાજકીય અને આર્થિક લોકશાહીના પાયાના સ્થાને હોવી જોઇએ અને ગામડાની અનેક પ્રવૃત્તિઓનું પ્રેરકસ્થાન બનવી જોઇએ.

૯. કોમ્યુનીટી ડેવલેપમેન્ટ–ગણવિકાસ–સંબંધી રીપોર્ટ કરવા માટે નીમાયલી શ્રી બળવન્તરાય મહેતા કમીટીની ભલામણ અનુસાર નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સીલે ગ્રામ્યવિકાસ માટે આખા તંત્રને લોકશાહી અને વિકેન્દ્રિત રૂપ આપવાનો તાજેતરમાં જે નિર્ણય લીધો છે તેને કોંગ્રેસ આવકારે છે.

૧૦. ઉપર રજુ કરવામાં આવેલી દરખાસ્તો ઉપરાંત ખાદ્ય પદાર્થોનો ચાલી રહેલો અપવ્યય એકદમ બંધ થવો જોઇએ અને ખાસ કરીને ઘઉંનો ઉપયોગ કરતા પ્રદેશોમાં ચોખાની વપરાશ અત્યન્ત મર્યાદિત કરવી જોઇએ. સંઘરાખોરી અટકાવવા માટે સરકારે અસરકારક પગલાં હાથ ધરવા જોઇએ.

૧૧. કોંગ્રેસને પ્રતીતિ થઈ છે કે જો અન્નતંગીની સમસ્યાની ઉગ્રતાનું લોકોને પુરું ભાન ન થાય અને સૌ કોઈ જવાબદાર વર્ગો એટલે કે સરકારી સંસ્થાઓ, ખેડુતો અને આમ જનતા–સૌ કોઈ આ સંબંધમાં ઉપર જણાવેલ માર્ગે જરૂરી પ્રયાસો હાથ ધરવાનું મનમાં ન લે તો અન્ન ઉત્પાદન મોટા પ્રમાણમાં અને બહુ ઠુંકા સમયના ગાળામાં વધારવાનું શક્ય નથી. જો આ પ્રયત્ન વ્યવસ્થિત રીતે કરવામાં આવે તો બીજી પંચવર્ષીય યોજનામાં સૂચવવામાં આવેલ અનાજના ઉત્પાદનમાં લગભગ ૩૦ ટકાના વધારાથી પણ ઘણું આગળ જઈ શકાય તેમ છે. આ સંબંધમાં ખેડુતને એટલી ખાત્રી આપવાની જરૂર રહે છે કે અનાજના ભાવો એવી સપાટી ઉપર ટકાવી રાખવામાં આવશે કે જેથી વધારે ને વધારે ઉત્પાદન કરવાની દિશાએ તેને બ્યાજબી ઉત્તેજના મળતી રહે.

૧૨. જો કે યોજનામાં રહેલી પાયાની મોટી ઔદ્યોગિક રચનાઓ આગળ વધારવાની જ છે, કારણ કે ભવિષ્યના વિકાસનો તે ઉપર ઘણો મોટો આધાર રહે છે, એમ છતાં પણ, નાના પાયાના અને ગામડાંના ઉદ્યોગો તરફ ખાસ ધ્યાન આપવાનું રહે જ છે. આવા નાના ઉદ્યોગોને બહુ મોટી મુડીની કે પરદેશી હુંડિયામણની જરૂર હોતી નથી. યોજનામાં જે મોટા ઉદ્યોગો પાછળ ઘણો મોટો ખર્ચ થવાનો છે તેનું સામાન્ય પરિણામ મોટા વિભાગના લોકોની કમાણી વધારવામાં આવનાર છે. તેની પહેલી અસર અનાજ અને ચાલુ વપરાશની ચીજો ઉપર પડે છે અને તેની માંગ સ્વાભાવિક રીતે વધે છે. આ માંગને પહોંચી વળવા માટે નાના પાયાના ઉદ્યોગો અને ગામડાના ઉદ્યોગોને વિકસાવવા ઘટે છે અને તેમ કરવાથી વળી અનેક લોકોને રોજગારી પણ મળે તેમ છે.

(૧૩) જે લોકો એક યા બીજા વ્યવસાયમાં રોકાયલા છે અને દ્રવ્યોપાર્જન કરતા હોય છે તે સર્વ લોકોને બીનજરૂરી ખર્ચોથી દૂર રહેવા, અને સરકારી લોનોમાં, નેશનલ સેવીંગ્ઝમાં અને એવી બીજી યોજનાઓમાં પોતાનું બચતનાણું રોકવા કોંગ્રેસ પ્રાર્થના કરે છે. પરદેશથી જે કાંઇ મદદ મળે તેની કોંગ્રેસ કદર કરે છે અને તે પ્રત્યે કૃતજ્ઞતા જાહેર કરે છે અને એમ છતાં પણ સૌ કાર્યકર્તાઓએ બરોબર ધ્યાનમાં લેવાની જરૂર છે કે હિંદના વિકાસનો બોજો હિંદની પ્રજાએ જ વહન કરવાનો છે અને જેમ નેશનલ સેવીંગ્ઝનું પ્રમાણ વધતું જશે તેમ કૃષિવિષયક અને ઉદ્યોગવિષયક વિકાસમાં દેશની પ્રગતિ વધારે ને વધારે સધાતી જશે.

પરમાનંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

વાર્ષિક સામાન્ય સભા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૫–૨–૫૮ શનિવારના રોજ સંઘના કાર્યાલયમાં (૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩) સાંજના ૫ વાગ્યે મળશે, જ્યારે નીચે મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષનો વૃત્તાંત તથા ઓડિટ થયેલો હિસાબ મંજુરી માટે રજુ કરવામાં આવશે.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજુરી માટે રજુ કરવામાં આવશે.

(૩) નવા વર્ષ માટે સંઘના અધિકારીઓ (૧) પ્રમુખ, (૨) ઉપપ્રમુખ, (૩) બે મંત્રીઓ, (૪) કોષાધ્યક્ષ, તથા (૫) કાર્યવાહક સમિતિ માટે ૧૫ સભ્યોની ચૂંટણી કરવામાં આવશે.

(૪) ઓડિટરની નિમણુંક કરવામાં આવશે.

સંઘના સર્વે સભ્યોને આ સભામાં વખતસર હાજર રહેવા વિનંતિ છે. મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

જાહેર સન્માન સભા

ગયા નવેમ્બર માસ દરમ્યાન હિંદમાં મુંબઈ, દિલ્હી, કાશી, પાટણ, કલકત્તા તથા મદ્રાસ ખાતે વિશ્વવનસ્પત્યાહાર કોંગ્રેસના અધિવેશનો ભરવાનો વિરાટ પ્રબંધ કરવા બદલ અને અથાક પરિશ્રમપૂર્વક તે સર્વ અધિવેશનો સફલતાપૂર્વક પાર પાડવા બદલ મુંબઇ જીવદયા મંડળીના મંત્રી **શ્રી જયન્તીલાલ ના. માન્કરનું** જાહેર સન્માન કરવા માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૬–૨–૫૮ ગુરૂવારના રોજ સાંજના ૬ વાગ્યે ફ્રેન્ચ બ્રીજ પર આવેલ બ્લેવાટ્સ્કી લોજની વ્યાખ્યાનશાળામાં સીંચાઈખાતાના કેન્દ્રસ્થ પ્રધાન માનનીય **એસ. કે. પાટીલ**ના પ્રમુખપણા નીચે એક જાહેર સમારંભ યોજવામાં આવ્યો છે. આ સન્માન સમારંભમાં ભાગ લેવા આપને પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

વિજ્ઞાન અને સર્વજ્ઞવાદ

પ્રબુધ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ થયેલ 'ધર્મ, વિજ્ઞાન અને સર્વજ્ઞત્વ' (પાનું ૧૬૮) એ મથાળા નીચે કરવામાં આવેલી ચર્ચાના અનુસંધાનમાં લખતાં એક વિદ્વાન મિત્ર નીચે મુજબ જણાવે છેઃ–

"સર્વજ્ઞપદ માત્ર જ્ઞાન ઉપર જ ભાર આપે છે. જે જ્ઞાન પૂર્ણ અને શુધ્ધ હોય તેને જ પ્રમાણવું. દરેક સંપ્રદાયના અનુયાયીઓ પોતપોતાના મુખ્ય પ્રવર્તકને સર્વજ્ઞ માનીને જ તેમનાં વચનો પ્રત્યે અનન્ય નિષ્ઠા સેવે છે. જો તેઓ પોતાના મુખ્ય પ્રવર્તકને તેવા જ્ઞાની ન માને તો પાકી નિષ્ઠા રહે જ નહિ. મુસલમાનો ખુદાને અને તે દ્વારા મહમદને તેવા જ્ઞાની લેખી કુરાન ઉપર વિશ્વાસ કરે છે. ભારતમાં જૈન પેઠે બૌધ્ધ, વેદાન્ત આદિ દર્શનો પણ એ જ માન્યતા ધરાવે છે, આમ દરેક સંપ્રદાય સર્વજ્ઞત્વ - પૂર્ણ અને શુધ્ધ જ્ઞાન–પર જ ભાર મૂકે છે. અને એમ છતાં પરસ્પર એટલે સુધી વિરોધ ધરાવે છે કે એક સંપ્રદાય બીજાને અસર્વજ્ઞમૂળક કહે છે. આનું કારણ એ છે કે દરેકને પોતાના સંપ્રદાયની રક્ષા કરવી છે અને તે માટે તેમને પોતાને તેવું પૂર્ણ જ્ઞાન નથી, એટલે પોતાના મુખ્ય પ્રવર્તકમાં તેવું જ્ઞાન માની તે બીજાને દૂર રાખે છે અને જ્ઞાનનો પક્ષપાત હોવા છતાં પોતાની નબળાઇને કારણે જ્ઞાન સામે જ દ્વાર બંધ કરે છે, એટલે કે વિરોધી વિચારને સમજવાની–ધ્યાનમાં લેવાની ના પાડે છે. આ વૃત્તિએ સર્વજ્ઞવાદી બધા જ સંપ્રદાયની માન્યતા ઉપર ભારે કટકો માર્યો છે અને બુદ્ધિવાદી લોકો એવી વૃત્તિથી ત્રસ્ત થઇ ગયા છે. આમાંથી ઉગરવાનો રસ્તો વિચારનું વહેણ ચાલુ કરવું એ જ છે, અને વિજ્ઞાન એવું વહેણ ચાલુ કરવામાં પૂરી મદદ આપે છે. તેથી તેની ઉપેક્ષા કરવી એટલે અજ્ઞાનના કોચલામાં ભરાઇ પડવું અને સાથે સાથે સર્વજ્ઞવાદનાં ગાણાં ગાયા કરવાં.

"જૈન પરંપરાએ સર્વજ્ઞવાદ સ્વીકારીને પણ કહ્યું છે કે જે વસ્તુ યુકિત અને પ્રમાણથી સિદ્ધ થાય તે જ અનેકાન્તને માન્ય છે. ખરી રીતે જૈનોનું આ કથન ભારે સાહસિક છે. તે જ્યારે યુકિત અને પ્રમાણની વાત કરે છે અને બીજાં દર્શનોની માન્યતાને યુકિત કે પ્રમાણબાહ્ય ઠરાવે છે ત્યારે તે પોતાનાં મન્તવ્યોની બાબતમાં યુકિત અને પ્રમાણનો ઉપયોગ ન કરે તો 'परोपदेशे पांडित्यम्' જેવું ગણાય. એટલે જૈન પરંપરા પોતાના કથનને વફાદાર રહેવા માંગે અને પોતાની પ્રતિષ્ઠા સાચવવા માંગે તો એણે યુકિત અને પ્રમાણનો ઉપયોગ પોતાના મન્તવ્યોની પરીક્ષામાં સર્વ પ્રથમ કરવો જોઇએ. વિજ્ઞાન એ યુકિત ઉપરાંત એક સર્વમાન્ય યા બહુમાન્ય પ્રમાણ છે. એટલે વિજ્ઞાનનો વિરોધ કરવો અને તે પણ સર્વજ્ઞ વચનને નામે એ ખરી રીતે યુકિત–આધારિત સર્વજ્ઞવાદને નકારવા બરોબર છે.

"વિચારની ગતિ અને તેની સ્વતંત્રતા રૂંધાવાથી જૈન પરંપરામાં પણ ઘણી બુદ્ધિહીન બાબતોમાં નકામા વિવાદ પોષાયા છે. મૂર્તિ માનનાર અને ન માનનાર સર્વજ્ઞવાદના નામે વિરોધી બન્યા છે. સ્ત્રીમુકિત અને તેનો નિષેધ એ પણ સર્વજ્ઞ કથનના નામે જ વિવાદના વિષય બન્યા છે. જો હાલતાં ને ચાલતાં ચાલુ માન્યતાનું સમર્થન કરવામાં સર્વજ્ઞકથનનો આશ્રય ન લેવામાં આવે અને તટસ્થ વિચારશકિતથી કામ લેવામાં આવે તો ઘણા જ નિરર્થક વિવાદોનો અન્ત આવે. વિજ્ઞાન એ સૌથી સમજી શકાય અને વિરોધને અવકાશ ન રહે એવી જ્ઞાનની પ્રક્રિયા છે આ પ્રક્રિયાને જૈનોએ તો પ્રમાણકોટિમાં લેવી જ જોઇએ, અને એમ ન કરે તો જ્ઞાનના પ્રકાશ સિવાય માત્ર શ્રદ્ધાના કોચલામાં પૂરાઇને અન્તે કરમાઇ જવાના.

"સર્વજ્ઞવાદીઓ પોતે પ્રયોગ કરી પોતાનાં મન્તવ્યોને બીજા સામે સાબીત ન કરે અને વિરોધી સૂર ઉઠે ત્યારે સર્વજ્ઞ–કથનના નામે તે સામે કોલાહલ કરી મૂકે–આ વસ્તુસ્થિતિ બહુ જ ઉપહસનીય છે. પોતે જે માનતા હોય તે સાબીત કરવા પ્રયોગોની જહેમત જૈનોએ લેવી જ ઘટે. જો તેઓ પૃથ્વીને સ્થિર માને અને તે માન્યતા સર્વજ્ઞમૂલક છે એમ કહે તો એમણે પૃથ્વીભ્રમણવાદની સામે પ્રયોગો દ્વારા પોતાની માન્યતા સાબીત કરવી જોઇએ. એ વિનાનો વિરોધ માત્ર શબ્દમાં જ રહેવાનો."

પ્રાકૃત અને જૈનધર્મ

(ગતાંકથી ચાલુ)

અધ્યયનની આવશ્યકતા

તે ઉપેક્ષાને લીધે જૈન દર્શનના મર્મને સમજવાનું પ્રાચીન અને આધુનિક સમયના વિદ્વાનો માટે કઠિન થઇ ગયું છે. આ જ કારણ છે કે જેથી અનેકાન્તના વિષયમાં પ્રાચીન સમયમાં શંકરાચાર્યે જે આક્ષેપો કર્યા હતા તેનો જે રીતે અન્ય વેદાન્તી વિદ્વાનો ગુણાકાર કરતા રહ્યા તે રીતે આધુનિક વિદ્વાનોમાંનો કોઇ એક જે આક્ષેપ કરે તેનો બીજાઓ ગુણાકાર કરતા રહે છે અને તે વિદ્વાનો મૂળ ગ્રંથ ઉપલબ્ધ હોવા છતાં પણ તે જોવાની તકલીફ પણ લેતા નથી એવું લગભગ દેખાઇ આવે છે. વિદ્વાનોના આક્ષેપોનો જવાબ આપવાનું આ સ્થાન નથી. જિજ્ઞાસુઓએ પં. મહેન્દ્રકુમાર રચિત "જૈન દર્શન" પુસ્તક જોવું. પરંતુ હાલમાં સહ–અસ્તિત્વ અને પંચશીલની વાત કહેવાય છે અને તેનો પ્રચાર કરવામાં આવે છે ત્યારે એ વિચારવાનું આવશ્યક થઈ ગયું છે કે આ સહ–અસ્તિત્વ અને પંચશીલની વાત ભારતવર્ષમાંથી જ શા માટે ઉપસ્થિત થઈ છે? શું તેની પાછળ ભારતવર્ષની નબળાઈ છે? યા ભારતીય સંસ્કૃતિનું જીવાતુભૂત તત્વ સમન્વયની ભાવના છે? મારી સામાન્ય સમજણ પ્રમાણે હું તો માનું છું કે વૈદિક સમયથી ચાલી આવતી સમન્વયની ભાવનાનો ચરમ વિકાસ રાજનૈતિક ક્ષેત્રમાં સહ–અસ્તિત્વ અને પંચશીલના સિદ્ધાંતમાં પરિણમ્યો છે. નબળાં અને નાનાં રાષ્ટ્રો તો બીજાં પણ છે, પરંતુ તેમણે સહ–અસ્તિત્વને વાચા આપી નથી. આથી એમ માનવું પડે છે કે વિવિધ વિચારોની ક્રીડાભૂમિ બનેલા ભારતવર્ષમાંથી જ ઘોષિત થયેલો એ સિદ્ધાંત તેની પોતાની પ્રાચીન પરંપરાને અનુકૂળ અને અનુસાર છે. વેદના સમયમાં બહુદેવવાદના વિરોધનો સમન્વય "एकं सत् विप्रा बहुधा वदन्ति" એ પ્રમાણે હતો. ઉપનિષદ્રમાં તો બ્રહ્મતત્વના સાક્ષાત્કર્તાઓએ બ્રહ્મને "अणोरणीयान् महतो महीयान्," 'क्षरं अक्षरं च व्यक्ताव्यक्तम्' કહીને એક રીતે બે વિરોધી ધર્મોનો સમન્વય એક બ્રહ્મમાં કર્યો છે. એક તરફ બ્રહ્મને અવાચ્ય તરીકે ગણાવાયું તો બીજી તરફ તેને સમજવા–સમજાવવા માટે જ તો ઉપનિષદોની રચના થઈ. ઉપનિષદોમાં જગતના મૂળ તરીકે સત્, અસત્, વાયુ, આકાશ, અગ્નિ ઇત્યાદિ પદાર્થો ગણાવાયા છે, જ્યારે તે બધા પદાર્થોની એકવાકયતા બ્રહ્મ પદાર્થમાં કરવામાં આવી છે. તે સઘળું, મારા મતે, સમન્વયની ભાવનાને જ કારણે શકય થયું છે. એટલું જ નહિ પરંતુ ભારતવર્ષના સમગ્ર દર્શનોને અધિકારીભેદથી નિરૂપિત કરીને બ્રહ્મવાદને ચરમ સીમા પર રાખવામાં આવ્યો તે પણ તેનો વિશેષ સંકેત છે. બૌદ્ધ દર્શનના પરસ્પરવિરોધી સંપ્રદાયોની સંગતિ પણ બુદ્ધના ઉપદેશ સાથે અધિકારભેદને લક્ષને જ કરવામાં આવી અને શૂન્યવાદને ચરમ સીમા પર બેસાડવામાં આવ્યો–તે સમન્વય નહીં તો બીજું શું છે? આવી પરિસ્થિતિમાં ભારતવર્ષના સમગ્ર દર્શનોનો સમન્વય કરનારા જૈન દાર્શનિકોનો અનેકાન્તવાદ હવે કેવળ આક્ષેપો યા ઉપેક્ષાનો વિષય ન રહેતાં અભ્યાસનો વિષય બની રહે તે આવશ્યક છે. જ્યાં અન્ય દાર્શનિકોએ મૌલિક વિરોધને વિરોધ તરીકે ન માનતા કેવળ સૈદ્ધાન્તિક સમન્વયની વાત કરી છે ત્યાં જૈનાચાર્યોએ તે વાતની સચ્ચાઈ કઈ રીતે સિદ્ધ થાય તે વિસ્તારપૂર્વક બતાવવા માટે પોતાના દાર્શનિક ગ્રંથોમાં પ્રયત્ન કર્યો છે. વૈદિક વાકયમાં તો સિદ્ધાન્તરૂપે કહેવામાં આવ્યું છે કે 'एकं सत् विप्रा बहुधा वदन्ति', પરંતુ એ વૈદિક વાકયની સચ્ચાઇને સિદ્ધ કરવાનું શ્રેય જો કોઇને હોય તો તે જૈનાચાર્યોને જ છે. જેમ જેમ દાર્શનિક વિચારોનો વિકાસ અને વિસ્તાર ભારવર્ષમાં વધતો ગયો તેમ તેમ જૈનોનો અનેકાન્ત તે સઘળાનો સમન્વય કરતો ગયો–એ વાત તે સમયના ક્રમશઃ નિર્માણ થયેલાં દાર્શનિક ગ્રંથોમાંથી સિદ્ધ થાય છે. વાસ્તવિકતાથી જોવામાં આવે તો દાર્શનિક વિચારોના ક્રમિક વિકાસને પોતામાં સંનિવિષ્ટ કરતા તે તે જૈન ગ્રન્થો ઉપેક્ષાના

નહિ પરંતુ અભ્યાસનો વિષય બની રહે તે અવશ્યક છે.

અનેકાન્તની માફક જ ભારતવર્ષમાં બુદ્ધ અને મહાવીરથી લઇને મહાત્મા ગાંધી, વિનોબાજી સુધી અહિંસાના વિચારનો વિકાસ થયો છે તથા આચરણમાં અહિંસાની વ્યાપકતા ક્રમશઃ વધતાં વધતાં આજે રાજનૈતિક ક્ષેત્ર સુધી પણ પહોંચી ગઇ છે. આવી આવી અહિંસાના વિશેષ અધ્યયનની સામગ્રી જૈન ગ્રન્થોમાં છે. જે અહિંસાના સિદ્ધાંતના અદ્વિતીય તરીકે ભારતવર્ષે રાષ્ટ્રસમૂહમાં સ્થાન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે તે અહિંસાની પરંપરાનો ઇતિહાસ શોધવાનું અનિવાર્ય છે, અને તેને માટે તો જૈન ગ્રંથોનું અધ્યયન અનિવાર્ય છે જ. તે એક સારું લક્ષણ છે કે જેનાથી જૈન ગ્રન્થોના અધ્યયનની પ્રગતિ અવશ્ય થશે એમ હું માનું છું.

આધુનિક ભાષાઓના વિકાસનું અધ્યયન વધી રહ્યું છે અને પ્રાદેશિક પ્રચલિત ભાષાઓ ઉપરાંત બોલીઓનું અધ્યયન પણ થઇ રહ્યું છે. એ એક સારી વાત છે કે જેથી પ્રાકૃત ભાષાનું ભાષા દૃષ્ટિથી અધ્યયન અનિવાર્ય થઈ ગયું છે. પરંતુ તેના પ્રત્યે ભારતના વિશ્વ વિદ્યાલયોની ઉપેક્ષા અદ્યાપિ ચાલુ જ રહી છે એમ મારે ખેદપૂર્વક કહેવું પડે છે. જ્યાં સુધી પ્રાકૃત ભાષાનું અધ્યયન વિધિવત્ નહિ થાય ત્યાં સુધી પ્રાદેશિક ભાષાઓ તેમજ બોલીઓનું અધ્યયન પણ સંપૂર્ણ જ રહેશે. આપણે આશા રાખીએ કે વિશ્વ વિદ્યાલયોના અધિકારીગણ આ બાબત ઉપર ધ્યાન આપશે અને ઉક્ત ખામીને દૂર કરશે.

સાહિત્યોદ્ધારનો પ્રયત્ન

જોકાખી જેવા થોડાક વિદ્વાનોએ જૈન ગ્રન્થોનું આધુનિક પદ્ધતિથી સંસ્કરણ કરીને પ્રકાશન કર્યું અને વિદ્વાનોને આ સાહિત્ય પ્રત્યે આકૃષ્ટ કર્યા. આધુનિક યુગ એ પ્રચારયુગ છે. આથી તેની અસર જૈનોમાં પણ થઇ અને એ દિશામાં પ્રયત્નો પણ થયા. પરિણામે, માણેકચંદ દિગંબર જૈન ગ્રંથમાળા, સિંઘી જૈન ગ્રંથમાળા, જૈન સાહિત્ય ઉદ્ધારક ફંડ ગ્રંથમાળા, આત્માનંદ જૈન ગ્રંથમાળા, મૂર્તિદેવી જૈન ગ્રંથમાળા, જીવરાજ જૈન ગ્રંથમાળા ઇત્યાદિ ગ્રંથમાળાઓ દ્વારા આધુનિક પદ્ધતિથી જૈન પુસ્તકોનું પ્રકાશન થવા લાગ્યું. તેમ છતાં, જૈન સાહિત્યની વિશાળતા અને વ્યાપકતા જોતાં, તે પ્રયત્નો, તેમની રીતે મહત્વપૂર્ણ હોવા છતાં, પર્યાપ્ત નથી જ. હજી તો સમગ્ર જૈન સાહિત્યને આધુનિક પદ્ધતિથી પ્રકાશિત કરવાનું મહાન કાર્ય વિદ્વાનો સમક્ષ ઊભું જ છે અને એ કાર્ય કેવળ વ્યક્તિગત પ્રયત્નોથી નહિ પરંતુ સંગઠનથી, પારસ્પરિક સહકાર અને સહયોગથી જ થઇ શકે છે. દુઃખ સાથે કહેવું પડે છે કે જૈનોના સાંપ્રદાયિક વિસંવાદને લીધે તેમની આ સાહિત્યિક બહુમૂલ્ય સંપત્તિ અધ્યયનના ક્ષેત્રમાંથી લુપ્ત થઈ રહી છે તો પણ તેઓ તે દિશામાં બુદ્ધિપૂર્વક પ્રયત્નો કરતા નથી. જ્યાં મૂળ સંસ્કૃત–પ્રાકૃત–અપભ્રંશ ગ્રન્થના પ્રકાશનની આ હાલત છે ત્યાં તેને આધારિત આધુનિક ભાષાઓમાં લખાયેલ અધ્યયન ગ્રન્થોની વાત જ કયાં રહી? મૂળ જૈન ગ્રન્થો હજારોની સંખ્યામાં હોવા છતાં પણ તેમના આધારે લખાયેલ અધ્યયન ગ્રન્થની સંખ્યા આંગળીઓને વેઢે પણ ગણી શકાતી નથી એટલી અલ્પ છે એવી આ હાલત છે.

આવી પરિસ્થિતિમાં જૈન સાહિત્યના અધ્યયન–અધ્યાપન તથા પ્રકાશન ઇત્યાદિ માટે જે પણ પ્રયત્નો થાય તેનું આપણે સ્વાગત કરવું જોઇએ. એ પરમ સંતોષની વાત છે કે બિહાર સરકારે સંસ્કૃત અને પાલિ વિદ્યાપીઠો ઉપરાંત પ્રાકૃત વિદ્યાપીઠની સ્થાપના ઇ. સ. ૧૯૫૬ માં કરી છે અને તેનું સંચાલન ડૉ. હીરાલાલ જૈન જેવા પ્રતિષ્ઠિત વિદ્વાનને સોંપ્યું છે. તે વિદ્યાપીઠ જૈન સાહિત્યના બહુમુખી અધ્યયનનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહે એવી આપણે આશા રાખીએ. રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદનું ધ્યાન પણ આ ઉપેક્ષિત ક્ષેત્ર પ્રત્યે આકર્ષાયું છે એ પણ પરમ સૌભાગ્યની વાત થઇ છે. તેમના સદ્પ્રયત્નોથી પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીની સ્થાપના ૧૯૫૩માં થઇ છે અને પ્રારંભિક કાર્ય વ્યવસ્થિત થઇને હવે તે આ ક્ષેત્રમાં કાર્ય કરી રહી છે. મુનિરાજ શ્રી પુણ્યવિજયજીનો તેને સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થયો છે. પ્રારંભમાં જૈન આગમોનું સંશોધિત સંસ્કરણ તથા અન્ય સાંસ્કૃતિક મહત્વના પ્રાકૃત ગ્રન્થોનું પ્રકાશન કરવાની તેની યોજના છે. તેમ થતાં વિદ્વાનોને અધ્યયન માટે આધારભૂત મૌલિક પ્રામાણિક સામગ્રી પ્રાપ્ત થશે. ગયા ઓકટોબર માસમાં અમદાવાદમાં શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ તેમના પિતાની સ્મૃતિમાં "ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર"ની સ્થાપના કરી છે. તે સંસ્થા પ્રારંભમાં અનેક સ્થાનોમાંના જૈન ભંડારોને એકત્ર કરીને તેમને વ્યવસ્થિત સ્વરૂપ આપશે. તેમ થતાં, અભીષ્ટ ગ્રંથોની પ્રતો એકજ સ્થળે મેળવવાની સુવિધા વિદ્વાનોને પ્રાપ્ત થશે. તેથી આપણે આશા રાખીએ કે હસ્તલિખિત પ્રતો પ્રાપ્ત કરવામાં વિદ્વાનોને જે કઠણાઇઓનો અનુભવ કરવો પડે છે તે દૂર થઇ જશે. ગત નવેંબર માસમાં ભરાયેલ વિશ્વધર્મ સંમેલનમાં અહિંસાના વિષય અંગે એક વિદ્યાપીઠ સ્થાપિત કરવાની જે યોજના બનાવાઈ છે તેનાથી પણ જૈન સંશોધન વિશેષ બળવાન થશે. બનારસના પાર્શ્વનાથ વિદ્યાશ્રમની જૈન સાહિત્યના ઇતિહાસની યોજના પ્રગતિ કરી રહી છે અને વિદ્વાનોના સહકારથી તે જ્યારે પૂર્ણ થશે ત્યારે જૈન સાહિત્યનું મહત્વ તેમજ તેની વ્યાપકતા પ્રત્યક્ષ થઈ જશે. બનારસનું જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ પણ તેની આ ક્ષેત્રમાં મર્યાદિત શકિતઓ હોવા છતાં કાર્ય કરી રહ્યું છે. શ્વેતાંબર જૈન કોન્ફરન્સ–મુંબઇ, મહાવીર તીર્થક્ષેત્ર સમિતિ–જયપુર અને વીર સેવા મંદિર–દીલ્હીનું વિશેષ ધ્યાન જૈન ભંડારોને વ્યવસ્થિત કરવા તરફ આકર્ષાયું છે અને તેમની મારફત હસ્તલિખિત પ્રતોની સૂચિઓ પ્રકાશિત થઈ રહી છે. પરિણામે, ઘણા અજ્ઞાન ગ્રન્થો અંગે માહિતી પ્રાપ્ત થઇ છે તેમજ ગ્રન્થસ્થ પ્રશસ્તિઓના પ્રકાશન દ્વારા અનેક ઐતિહાસિક તથ્યોની ઉપલબ્ધિ થઇ છે.

શ્વેતાંબર સ્થા. કોન્ફરન્સ, શ્વેતાંબર તેરાપંથી મહાસભા અને પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી–એ ત્રણે સંસ્થાઓ જૈન આગમોનું આધુનિક પદ્ધતિથી સંશોધિત સંસ્કરણ, અનુવાદ સાથનું પ્રકાશન કરવાના પ્રયત્નો કરી રહી છે. જો આ સંસ્થાઓ પરસ્પર સહકારથી આ મહત્વપૂર્ણ કાર્યમાં રત રહે તો આ કાર્યની સંપૂર્તિ સહજ અને સુચારુ બની રહેશે.

એ પરમ આનંદની વાત છે કે ડૉ. હીરાલાલજીના પ્રયત્નોથી "સિદ્ધાન્त ગ્રન્થ ષટ્ખંડાગમ"નું ધવલાકાકા સહિત જે પ્રકાશન થઈ રહ્યું છે તે હવે ૧૬ ભાગોમાં સંપૂર્ણ થઇ ગયું છે." કષાય–પાહુડ પણ અનુવાદસહિત, પ્રકાશિત થઈ ગયું છે અને "મહાબંધ" પૂર્ણ થવાની તૈયારીમાં છે. એ રીતે દિગંબર સંપ્રદાયના આગમ ગ્રન્થોનું આ પ્રકાશન હવે સમાપ્તપ્રાય છે અને જૈન ધર્મમાંના "કર્મ" સિદ્ધાંતને સમજવાનું એક ઉત્તમ સાધન વિદ્વાનોને ઉપલબ્ધ થયું છે.

ઇ. સ. ૧૯૫૬–૫૭ ની પ્રગતિ

મૌલિક સંશોધનના ક્ષેત્રમાં પૂનાની ડેક્કન કોલેજ પ્રસંશનીય કાર્ય કરી રહી છે. તેનાં બે પ્રકાશનો (૧) ડૉ. દેવનું History of Jaina Monastism અને (૨) ડૉ. દાવનેનું Nominal Composition in Middle–Indo–Aryan અત્યંત મહત્વપૂર્ણ ગ્રન્થો છે. ડૉ. દેવે જૈન શ્રમણોના આચારોનું કાળક્રમના મૂળ પ્રાકૃત અને સંસ્કૃત ગ્રન્થોથી નિરૂપણ એક બહુશ્રુત વિદ્વાનની યોગ્યતાની રીતે કર્યું છે. ભૂમિકારૂપે તેમણે શ્રમણ પરંપરાનો પ્રાદુર્ભાવ કેવી રીતે થયો એ સમસ્યાના વિષયમાં વિવિધ મતોની સમીક્ષા કરીને એક સમન્વયપ્રધાન ઉકેલ બતાવ્યો છે અને શ્રમણ સંઘ તેમજ તેના આચારોના ગ્રન્થગત તથ્યોનો સંવાદ ઉપલબ્ધ શિલાલેખો મારફત પણ બતાવ્યો છે. શ્રમણો અને બહુજનસમાજમાં પરસ્પર આચારોના વિષયમાં કેવા અને કયા પ્રકારે આદાનપ્રદાન થયું છે તે પણ સપ્રમાણ રીતે દર્શાવવાનો તેમણે સફળ પ્રયત્ન કર્યો છે. જૈન દર્શનના વિષય સંબંધી અંગ્રેજીમાં કેટલાંક પુસ્તકો ઉપલબ્ધ હતાં જ, પરંતુ અદ્યાપિ જૈન શ્રમણોના આચારોનું સાંગોપાંગ નિરૂપણ થયું ન હતું. એ ક્ષેત્રમાં માર્ગસૂચક રતંભના રૂપમાં આપણને

ડૉ. દેવનું ઉક્ત પુસ્તક ઉપલબ્ધ થયું છે. એ વિષય માટે કેટલી વિપુલ સામગ્રી ઉપલબ્ધ છે તે પણ સ્પષ્ટ થઈ ગયું છે. આ ક્ષેત્રમાં ડૉ. દેવ પોતાનું અધ્યયન ચાલુ રાખે અને ઉક્ત ગ્રન્થ જેવા ઉત્કૃષ્ટ ગ્રંથો આપણને આપતા રહે એવી તેમને વિનંતી.

ડૉ. દાવનેએ પ્રાકૃત અને પાલિ ભાષાના સમાસોનું કુશળતાપૂર્વક અધ્યયન કરીને પ્રાકૃત ભાષાના આ વિષયના અધ્યયનની જે ઓછપ હતી તે દૂર કરી છે. તેમણે પ્રાકૃત અને પાલિભાષાના સમાસોના પ્રયોગોનું અધ્યયન કાળક્રમથી વિકાસક્રમની દૃષ્ટિથી કર્યું છે. ડૉ. દાવનેનું ઉક્ત પુસ્તક પ્રાકૃત અને પાલિ ભાષાઓના અધ્યયન કરનારાઓ માટે સપ્રમાણ નવાં તથ્યો ઉપસ્થિત કરે છે. ખાસ કરીને પ્રાકૃત વૈયાકરણીઓએ તેમનાં પ્રાકૃત ભાષાનાં વ્યાકરણોમાં સમાસ પ્રકરણ આપ્યાં નથી. પ્રાકૃત વ્યાકરણની તે ઓછપની પૂર્તિ ડૉ. દાવનેએ કરી જ છે અને સાથે સાથે સંસ્કૃત અને પાલિની તુલનામાં પ્રાકૃત સમાસોની વિશેષતાનું પણ દિગ્દર્શન કર્યું છે.

જૈન કળા ક્ષેત્રમાંના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન ડૉ. ઉમાકાન્ત શાહનો જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ દ્વારા પ્રકાશિત ગ્રન્થ Studies in Jaina Art જૈન કળા વિષે એક મહત્વપૂર્ણ પુસ્તક સિદ્ધ થશે. વિદ્વાન લેખકે તેમાં ઉત્તર ભારતમાં ઉપલબ્ધ જૈન કળાના મહત્વપૂર્ણ અવશેષોની વિવેચના કરી છે તેમજ જૈન પૂજ્યના પ્રતીકોની ઐતિહાસિક આલોચના સર્વપ્રથમ વ્યવસ્થિત રૂપમાં કરવાનું શ્રેય પણ પ્રાપ્ત કર્યું છે. એટલું જ નહિ પરંતુ એ ગ્રન્થમાં લેખકે ગુર્જર શિલ્પ કળાનું પાર્થક્ય વિદ્વાનોની સમક્ષ સપ્રમાણ ઉપસ્થિત કરવાનો સત્પ્રયત્ન પણ કર્યો છે. એ પુસ્તક જૈન કળાના વિષયમાં અપૂર્વ છે. એટલું જ નહિ પરંતુ એ પ્રતિપાદ્ય વિષયનું સાંગોપાંગ પ્રામાણિક નિરૂપણ પણ ઉપસ્થિત કરે છે.

હામબૂર્ગમાં Bruhn નો શીલાંકકૃત 'चउपन्न महापुरुस चरिय' ના વિષયમાં મહાનિબંધ પ્રકાશિત થયો છે તે એમ સૂચવે છે કે જેકોબીની પરંપરા જર્મનીમાં આજે પણ જીવંત છે. આચાર્ય શીલાંકકૃત 'चउपन्न महापुरुस चरिय' અદ્યાપિ પ્રકાશન પામ્યું નથી. પ્રાકૃત ટેકસ્ટ સોસાયટી તેનું પ્રકાશન કરવાને પ્રયત્નો કરી રહી છે.

જૈન ધર્મના પ્રચારનું ભૌગોલિક દૃષ્ટિએ વર્ણન કરતાં અનેક પુસ્તકોની સંકલના કરવામાં આવી છે. એ સંકલનામાં પી. બી. દેસાઇકૃત Jainism in South India and Some Jaina Epigraphs એક મહત્વપૂર્ણ કડી છે. તેમાં તમિલ, તેલુગુ અને કન્નડ ભાષા-ભાષી પ્રદેશોમાંના જૈન ધર્મના પ્રચારનું ઐતિહાસિક આધારોને અવલંબિત વર્ણન છે; તથા હૈદરાબાદ પ્રદેશમાંના કન્નડ શિલા લેખોનો સંગ્રહ, અંગ્રેજી વિવરણ તેમજ હિન્દી સાર સહિત પ્રથમ વાર આપવામાં આવ્યો છે. ઉક્ત પુસ્તકનું પ્રકાશન જીવરાજ જૈન ગ્રન્થમાળામાં થયું છે. એ જ સંકલનમાં શ્રી રાય ચૌધરીએ Jainism in Bihar લખીને એક કડી વધુ જોડી છે. પ્રાદેશિક દૃષ્ટિએ વિવિધ અધ્યયન ગ્રન્થો દ્વારા જ સમગ્ર ભાવથી જૈન ધર્મના પ્રચારક્ષેત્રનું ઐતિહાસિક ચિત્ર વિદ્વાનોની સમક્ષ આવી શકે છે. હજી પણ અનેક વિષયોમાં લખવાનું બાકી જ છે.

પાર્શ્વનાથ વિદ્યાશ્રમ-બનારસ દ્વારા પ્રકાશિત ડૉ. મોહનલાલ મહેતાનો મહાનિબંધ Jain Psychology એ કર્મશાસ્ત્રનું માનસશાસ્ત્રની દૃષ્ટિએ એક વિશિષ્ટ અધ્યયન છે. ડૉ. ગ્લાઝનપે જૈન કર્મમાન્યતાનું જૈન દૃષ્ટિએ અંગ્રેજીમાં વિવરણ તો કર્યું જ હતું પરંતુ એ માન્યતાનો આધુનિક માનસશાસ્ત્રની દૃષ્ટિએ તથા અન્ય દર્શનોની દૃષ્ટિએ કેવા પ્રકારે સંવાદ-વિસંવાદ છે તે બતાવવાનો સર્વ પ્રથમ પ્રયત્ન તો ડૉ. મહેતા એ જ કર્યો છે.

કદમાં નાની હોવા છતાં પૂજા સંબંધી ઐતિહાસિક તથ્યોના આધારોને અવલંબિત લખાયેલ પ્રસિદ્ધ વિદ્વાન આચાર્ય કલ્યાણ વિજયજીની પુસ્તિકા 'જિનપૂજા પદ્ધતિ' માં જૈન પૂજા પદ્ધતિમાં કાળક્રમથી શું શું પરિવર્તન થતું આવ્યું તે વિષયનું સુંદર નિરૂપણ છે.

જૈન કલ્ચરલ રિસર્ચ સોસાયટી દ્વારા ડૉ. ઉમાકાન્ત શાહના નિબંધ "सुवर्णभूमि में कालकाचार्य" નું પ્રકાશન થયું છે. હું એ પુસ્તક પ્રત્યે ઇતિહાસના વિદ્વાનોનું ધ્યાન વિશેષતઃ આકર્ષિત કરવાની ઇચ્છા રાખું છું. એ પુસ્તકના લેખકે પ્રામાણિક પુરાવાઓના આધારે પહેલી જ વખત એ સાબીત કર્યું છે કે જૈનાચાર્ય કાલક ભારતવર્ષની પેલે પાર સુવર્ણભૂમિ પર્યંત ગયા હતા. સુવર્ણભૂમિ એટલે બ્રહ્મદેશ, મલયદ્વીપકલ્પ, સુમાત્રા અને મલયદ્વીપનો સમૂહ. આચાર્ય કાલક અનામ (ચંપા) પર્યંત ગયા. આ જ આચાર્ય કાલક શ્યામાર્ય છે અને અનુયોગ કર્તા પણ છે. ઉક્ત નિબંધમાં ઇતિહાસના વિદ્વાનો માટે વિક્રમ સંવત્ અને ગર્દભિલ્લના વિષયમાં ફરીને વિચાર કરવાની પ્રેરણા રહેલી છે.

એ સોસાયટીએ 'स्वाध्याय' નામક અન્ય પુસ્તકનું પણ પ્રકાશન કર્યું છે જેમાં મહાત્મા ભગવાનદીને આત્માના વિષયમાં વિચારણા કરી છે.

પંડિત શ્રી સુખલાલજીએ 'અધ્યાત્મ વિચારણા' નામે ગુજરાતી તેમજ હિંદીમાં પ્રકટ થયેલા તેમના ત્રણ વ્યાખ્યાનોમાં જૈન દર્શનના આત્મસ્વરૂપને કેન્દ્રમાં રાખીને સમગ્રભાવથી ભારતીય દર્શનસંમત આત્મા અને ઈશ્વરના સ્વરૂપનું તથા આધ્યાત્મિક સાધનનું વિશદ વર્ણન કર્યું છે. આ નાનકડો છતાં સારગર્ભિત ગ્રન્થ દાર્શનિકોને ભારતીય દર્શનોને સમન્વયપ્રધાન દૃષ્ટિકોણથી નિહાળવાની-સમજવાની દૃષ્ટિ આપશે એમાં સંદેહ નથી. હું શ્રધ્ધા સેવું છું કે એ ગ્રન્થ અધ્યાત્મની વિચારણાના મૂળ ઉદ્દેશ્ય આત્મોન્નતિ પ્રત્યે હજી પણ આપણને આગળ લઇ જશે.

દર્શનના પ્રસિદ્ધ વિદ્વાન પં. મહેન્દ્રકુમાર ન્યાયાચાર્યે હિન્દીમાં "जैन दर्शन" લખીને વસ્તુતઃ જૈન દર્શન ઉપર વિશેષ ઉપકાર કર્યો છે. સંસ્કૃત જાણનારાઓ માટે જૈન દર્શનનું અધ્યયન સુલભ હતું પરંતુ હિન્દીમાં સમગ્રભાવથી જૈન દર્શનનો પરિચય આપતું કોઈ પણ પુસ્તક ઉપલબ્ધ ન હતું. એ મોટી ખામી ટાળવાનું શ્રેય પં. મહેન્દ્રકુમારને ફાળે જાય છે. તે ગ્રન્થ વિસ્તારપૂર્વક લખવામાં આવ્યો છે અને તેમાં દાર્શનિક વાદ-વિવાદમાં જૈનોના પ્રયત્ન કેવા રહ્યા તેનું સુંદર ચિત્ર ઉપસ્થિત કરવામાં પંડિતજીને સફળતા પ્રાપ્ત થઈ છે. ઉક્ત ગ્રન્થનું પ્રકાશન વર્ણી ગ્રન્થમાળામાં થયું છે.

ભગવાન મહાવીરના ઐતિહાસિક વિસ્તૃત ચરિત્રની સંપૂર્તિ અદ્યાપિ બાકી છે; આમ છતાં; ડૉ. ઉપાધ્યેનું વ્યાખ્યાન Mahavira and Hi's Philosophy of Life ભગવાન મહાવીરના જીવનનો જે સંદેશ છે તેને આકર્ષક રીતે ઉપસ્થિત કરે છે અને ભગવાન મહાવીર પ્રત્યે આદર ઉત્પન્ન કરવાની પર્યાપ્ત સામગ્રી આપે છે. લોકભોગ્ય જીવન ચરિત્ર-લેખનમાં સિદ્ધહસ્ત લેખક એવા શ્રી બાલાભાઈ દેસાઈ 'જય ભિખ્ખુ' એ ગુજરાતીમાં લોકભોગ્ય એવા લઘવાન મહાવીરનાં બે જીવન ચરિત્રો 'નિર્ગ્રન્થ ભગવાન મહાવીર' અને 'ભગવાન મહાવીર' નામે લખ્યાં છે. તેમાં ભગવાન મહાવીરની જીવનસાધનાનો સુંદર પરિચય મળે છે. જૈન કથાઓને આધુનિક વેશમાં સજાવીને લખવામાં શ્રી બાલાભાઇ તેમજ શ્રી રતિલાલ દેસાઇ બન્ને કુશળ છે. એ બન્નેએ લખેલા કથાસંગ્રહ અનુક્રમે 'સદ્રાયન શ્રેણી' અને 'સુવર્ણ કંકણ' પ્રકટ થયા છે. તે કથાઓ જીવનને ઉન્નત બનાવવામાં સહાયક થઈ રહે તેવી તેમનામાં પકડ વિદ્યમાન છે.

મૂળ હિંદી : દલસુખભાઇ માલવણિયા
અપૂર્ણ અનુવાદક : શાન્તિલાલ નન્દુ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧૫, ૧૯૫૮, શનિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

રામસ્વામી નાયકર અને દ્રાવીડ કાઝગામ

પ્રબુદ્ધ જીવનના તા. ૧૫–૧–૫૮ ના અંકમાં દ્રાવીડ કાઝગામના પ્રણેતા શ્રી રામસ્વામી નાયકરનો આછો પરિચિય આપતો એક લેખ પ્રગટ થયો હતો. ત્યાર બાદ ફ્રી પ્રેસ જર્નલના જાન્યુઆરી માસની ૧૮, ૨૦ તથા ૨૧ તારીખના અંકમાં શ્રી આરપીએ લખેલી 'The Challenge of Kazhagam' એ મથાળા નીચે એક લેખમાળા પ્રગટ થઇ હતી. આ લેખમાળામાં રામસ્વામી નાયકરની આજ સુધીની કારકીર્દીની કડીબધ્ધ વિગતો સંકલિત કરવામાં આવેલ છે, જેનો સંક્ષિપ્ત સાર આ લેખમાં આપવાનો આશય છે.

તે લેખમાળાના પ્રારંભમાં જણાવવામાં આવ્યું છે કે આઝાદી મળ્યા પહેલાનાં પંદર સત્તર વર્ષો દરમિયાન શરૂઆતમાં મોસ્લેમ લીગની કોંગ્રેસ તરફથી સતત ઉપેક્ષા કરવામાં આવી હતી અને તેનું રૂપ વધારેને વધારે ભીષણ થતું ચાલ્યું હતું. આખરે જ્યારે ૧૯૪૬ માં કલકત્તા ખાતે પગલાંદિન–action–day ના નામે મોસ્લેમ લીગે ભયંકર રમખાણ ઉભું કર્યું અને અનેક હિંદુઓના જાન ગયા અને માલ-મીલ્કતની પારાવાર ખુવારી થઈ ત્યારે મોસ્લેમ લીગના સાચા ભયાનક સ્વરૂપનું કોંગ્રેસને ભાન થયું. પણ પછી બાજી હાથમાં ન રહી અને તેના જોરદાર ઝેરભર્યા પ્રચારના પરિણામે ભારતના ભાગલા થયા અને પાકીસ્તાન પેદા થયું. આવી જ રીતે આજે મદ્રાસમાં ચાલી રહેલા દ્રાવીડ કાઝગામ આન્દોલન સામે વખતસર પગલાં લેવામાં નહિ આવે અને તેને સમયસર દબાવી દેવામાં નહિ આવે તો ઉપર જણાવી તેવી ભયંકર શક્યતાઓ આ આન્દોલનના ગર્ભમાં રહેલી છે. થોડા સમય પર બનેલી એક ઘટના–રામસ્વામી નાયકર ઉપર કામ ચલાવનાર સર-કારી વકીલ ઉપર બે અજાણ્યા માણસોએ હુમલો કર્યો, ઘાયલ કર્યો– આ ઘટના ઉપરની દૃષ્ટિએ ભારે સૂચક લેખાવી ઘટે.

ઇ. વી. રામસ્વામી નાયકર ૧૯૨૦ થી ૩૦ સુધીના ગાળામાં અમુક સમય માટે તામીલનાડ પ્રોવીન્સીયલ કોંગ્રેસ કમીટીનો પ્રમુખ હતો. તે દરમિયાન તેણે એક ભાષણમાં મનુસ્મૃતિને જાહેરમાં બાળી નાંખવી જોઇએ એમ સૂચવ્યું હતું અને એ રીતે તેના બ્રાહ્મણવિરોધી માનસને પ્રગટ કર્યું હતું. આ સમયથી તેની અને સી. રાજગોપાલા-ચાર્ય વચ્ચે એક પ્રકારના શત્રુભાવની શરૂઆત થઈ હતી. વાયકોમ સત્યાગ્રહ દરમિયાન પણ તેણે બ્રાહ્મણવિરોધી ખૂબ ભાષણો કર્યાં હતાં. આ સત્યાગ્રહનું પ્રકરણ પુરું થયા બાદ તે કોંગ્રેસની પ્રવૃત્તિથી છુટો થયો હતો અને નાતજાતના ભેદો સામે લડવા માટે સ્વ. એસ્. રામનાથમ્ સાથે મળીને 'સ્વયમર્યાદાઈ ઇયક્કમ'–સ્વમાનરક્ષા આન્દોલન–ઉભું કર્યું હતું, બે સાપ્તાહિક પત્રો એ જ હેતુથી શરૂ કર્યા હતાં, અને રામાયણની કડક આલોચના કરતો એક મોટો ગ્રંથ બે વિભાગમાં પ્રગટ કર્યો હતો. આગળ ચાલતાં મીસ કેથેરાઈન મેયોના 'મધર ઇન્ડી-આ'ના બચાવમાં પણ તેણે એક પુસ્તક લખીને પ્રગટ કર્યું હતું.

૧૯૩૦ થી ૪૦ ના ગાળામાં તે અને રામનાથમ્ યુરોપના પ્રવાસે ગયા હતા અને રશીઆમાં સારી રીતે ફર્યા હતા. ત્યાંથી પાછા ફર્યા બાદ ઉપર જણાવેલ સ્વયંમર્યાદાઈ ઇયક્કમને તેણે સામ્યવાદી રૂપ આપ્યું હતું અને રામસ્વામી પેરિયાર (મહાત્મા) ને બદલે થોઝાર (કોમરેડ–બિરાદર) ના નામે ઓળખાવા લાગ્યો હતો. રામનાથમ્ આ દરમિયાન રામસ્વામીથી છુટા પડયા હતા. ઉપર જણાવેલ રામસ્વામીનું સામ્યવાદી વલણ લાંબો વખત ટકયું નહોતું. એ વખતે નવો ઉભો થયેલ કોંગ્રેસવિરોધી પક્ષ જે જસ્ટીસ પાર્ટીના નામે ઓળખાતો હતો. તે પક્ષનો તે મુખ્ય પ્રચારક બન્યો હતો. ૧૯૩૭ માં રાજ-ગોપાલાચાર્યની આગેવાની નીચે કોંગ્રેસી પ્રધાનમંડળ રચાયું અને હિંદીને ફરજિયાત શિક્ષણવિષય તરીકે બનાવતું બીલ તે પ્રધાનમંડળ તરફથી મદ્રાસની ધારાસભામાં રજુ કરવામાં આવ્યું. આ સામે રામ-સ્વામી નાયકરે મોટી ઝુંબેશ ચલાવી હતી, સંખ્યાબંધ લોકો જેલમાં ગયા હતા અને બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં રાજગોપાલાચાર્યના મંત્રી-મંડળે રાજીનામું આપ્યું ત્યારે રામસ્વામી નાયકરે અને તેના અનુયાયી-ઓએ Deliverence Day–છુટકારા દિન–ઉજવ્યો હતો.

લડાઇનાં વર્ષો દરમિયાન રામસ્વામી સરકારના પક્ષે ઉભો રહ્યો હતો અને આગળ ચાલતાં સ્વતંત્ર અને અલગ એવા દ્રાવીડસ્થાનની માગણી તેણે વહેતી કરી હતી. સ્વયંમર્યાદાઈ ઇયક્કમનું દ્રાવીડ કાઝગામમાં પરિવર્તન કરવામાં આવ્યું હતું. પહેલાં આ દ્રાવીડસ્થાનમાં તામીલનાડ, કેરલ, આંધ્ર અને કર્ણાટકનો તે સમાવેશ કરવા માંગતો હતો, પણ બીજા ત્રણ પ્રદેશોએ તેને કશો સાથ આપ્યો નહિ, તેથી તામીલનાડ પૂરતી આ પ્રવૃત્તિને તેણે મર્યાદિત કરી હતી. રામસ્વામી નાયકરે આ દ્રાવીડસ્થાનની માગણીને ઝીણાના પાકીસ્તાનની માગણી સાથે સંકલિત કરવા સુધીની ધૃષ્ટતા કરી હતી. અને ઝીણા સાથે આ સંબંધમાં તેણે, વાટાઘાટો પણ શરૂ કરી હતી, પણ ઝીણા એવો કોઈ કાચો પોચો નહોતો કે રામસ્વામીની પોલી વાતમાં લેવાઇ જાય; અને એ વાટા-ઘાટોનો તરતમાં જ અન્ત આવ્યો હતો.

૧૯૪૯ માં રામસ્વામી જે ઘણાં વર્ષોથી વિધુર હતો તેણે ૭૧–૭૨ વર્ષની ઉમ્મરે મણિ અમ્મેયાર નામની સ્ત્રી સાથે લગ્ન કર્યું. આ સામે તેના ઘણા અનુયાયીઓએ સખ્ત વિરોધ ઉઠાવ્યો અને તેનાથી છુટા પડયા અને તેમણે શ્રી સી. એન્. અન્નાદુરાઇની આગેવાની નીચે 'દ્રાવીડ મુન્નેત્રા કાઝગામ' પક્ષની સ્થાપના કરી. આમ અનેક અનુ-યાયીઓએ તેનો ત્યાગ કરવા છતાં રામસ્વામી જરા પણ હીંમત હાર્યો નહિ. ઉલટું તેના બ્રાહ્મણો સામેના અને હિંદુ ધર્મ સામેના તિરસ્કારમાં વધારો થયો, તે બન્ને સામે ઝેર વરસાવતા લેખો તેણે લખવા માંડયા અને હિંદુ મૂર્તિઓ જાહેરમાં ભાંગવા તોડવાની પ્રવૃત્તિ તેણે શરૂ કરી.

૧૯૫૨ ની સામાન્ય ચૂંટણીમાં તેણે કોંગ્રેસ વિરોધી ઉમેદવારોને ટેકો આપ્યો. પછીનાં પાંચ વર્ષ દરમિયાન દ્રાવીડ કાઝગામ અને દ્રાવીડ મુન્નેત્રા કાઝગામ બન્ને પક્ષોએ પોતાનાં તંત્રો સંપૂર્ણ રીતે વ્યવસ્થિત બનાવ્યાં અને એક બળવાન પાર્ટીપ્રેસ પણ ઉભો કર્યો. ૧૯૫૭ માં મદ્રાસના રાજકારણમાં તેમની કોઇ પણ રીતે ઉપેક્ષા થઈ ન શકે એવું મહત્વનું સ્થાન બન્ને પક્ષોએ પ્રાપ્ત કર્યું.

૧૯૫૭ ની ચુંટણીમાં મદ્રાસના આજના મુખ્ય પ્રધાન શ્રી કામ-રાજ નદારે રામસ્વામી નાયકરની મદદ લીધી એ સંબંધે તેના સામે સખ્ત ટીકાના પ્રહારો થઇ રહ્યા છે. ચૂંટણીનું રાજકારણ જ એવું છે,

કે પક્ષના આગેવાનને ચૂંટણીમાં પોતાના ઉમેદવારો બને તેટલા વધારે ચુંટાય એવો લોભ હોય છે અને પરિણામે અનેક અનિષ્ટ તત્વોનો સહકાર સાંધ્યા સિવાય તેના માટે ઘણી વખત બીજો વિકલ્પ જ રહેતો નથી. અલબત્ત, આવા સહકારની કીંમત હંમેશા બહુ ભારે ચુકવવી પડે છે. ૧૯૫૭ માં પણ મદ્રાસના રાજકારણની આવી જ કાંઇક પરિસ્થિતિ હતી.

શ્રી કામરાજ નદાર અઝાદીની લડતમાં વર્ષો દરમિયાન એક સરખા આગળને આગળ રહ્યા છે અને તેમણે અનેકવાર જેલવાસ ભોગવેલ છે અને દેશ ખાતર આજ સુધીમાં સારો એવો આત્મભોગ પણ આપ્યો છે. પણ કમનસીબે ૧૯૩૦ અને ૪૦ ના ગાળા દરમિયાન તામીલનાડની કોંગ્રેસ બે વિભાગમાં વહેંચાઈ ગઇ હતી. એક રાજગોપાલાચાર્યનું ગ્રુપ (મંડળ) અને બીજું સત્યમૂર્તિનું ગ્રુપ. આ વિભાગ આજ સુધી પણ ચાલુ રહ્યા છે. અને કામરાજ નદાર સત્યમૂર્તિના અનુયાયી હોઇને તેમના સ્થાને આવેલ છે. આ રીતે રાજગોપાલાચાર્ય અને કામરાજ નદાર વચ્ચે લાંબા સમયથી સત્તાની સ્પર્ધા ચાલતી રહી છે. ૧૯૫૨ સુધી રાજગોપાલાચાર્ય મોખરે રહ્યા. આંધ્ર છુટું પડયા પછી કામરાજ નદારને આગળ આવવાની તક મળી અને મદ્રાસના મુખ્ય પ્રધાન બન્યા.

૧૯૫૭ માં કોંગ્રેસ માટે કટોકટીભરી સ્થિતિ ઉભી થઇ હતી. સામ્યવાદીઓનું જોર વધતું જતું હતું. દ્રાવીડ મુનેત્રા કાઝગામે કોંગ્રેસ સામે મોરચા માંડયા હતા. અને સી. એન્. અન્નાદુરાઈ ચૂંટણીમાં ઉભો રહેલ હતો. કોંગ્રેસની પ્રતિષ્ઠા ઓસરવા માંડી હતી. વળી કોંગ્રેસમાં મોટી તડ પડી હતી અને તેમાં એક સુધારક પક્ષ ઉભો થયો હતો જે કોંગ્રેસે નીમેલ ઉમેદવારો સામે લડવા માંગતો હતો અને તેને રાજગોપાલાચાર્યનો સારો ટેકો હતો. શ્રી કામરાજ નદારના પોતાના તાલુકામાં તેમને એક બળવાન પ્રતિપક્ષ સામે લડવાનું હતું. વળી ટી. ટી. કૃષ્ણમાચારી સામે પણ બળવાન હરીફ ઉભો થયો હતો અને ટી. ટી. કે. કોઇ રીતે ચુંટાય એ કોંગ્રેસ માટે એક મોટી પ્રતિષ્ઠાનો સવાલ બન્યો હતો.

આ માટે કામરાજ નદારને કોઇનો પણ સાથ શોધ્યા સિવાય ચાલે તેમ નહોતું. બીજી બાજુએ રામસ્વામીને ખબર હતી કે પોતે ચૂંટણીમાં ઉભો રહે તો જીતવાની કોઇ આશા જ નહોતી અને એમ છતાં પોતે ધારે તે પક્ષને બળવાન મદદ કરવાની સ્થિતિમાં હતો. સી. એન્. અન્નાદુરાઇએ તેના લગ્નનો કટ્ટર વિરોધ કરેલ હોઇને તેના વિષે રામસ્વામીના દિલમાં કડવાશ ભરી હતી; તેથી તેને મદદ કરવાને તે તૈયાર નહોતો. સામ્યવાદીઓ પણ તેના કોઇ ઉપયોગના નહોતા. શ્રી કામરાજ નદાર શ્રી રાજગોપાલાચાર્યના સતત વિરોધી હોઇને તેમ જ અબ્રાહ્મણ હોઇને તેનાં વિષે રામસ્વામીના દિલમાં પક્ષપાત હતો. કામરાજ જો કે બ્રાહ્મણોના વિરોધી નહોતા, એમ છતાં નાતજાતના તો કટ્ટર વિરોધી હતા જ. રામસ્વામીનું અનુયાયીદળ ઘણું મોટું હતું અને તેના ટેકાથી કોંગ્રેસ સત્તા ઉપર આવી શકે તો આગળ ઉપર દ્રાવીડ કાઝગામના અનુયાયીઓને કોંગ્રેસ તરફ ધીમે ધીમે વાળી શકાશે–કારણ કે રામસ્વામીની ઉમ્મર ખર્યા પાન જેવી હતી–આવી કામરાજ નદારની ગણતરી હતી. પ્રધાનમંડળની આગેવાની બ્રાહ્મણેતરના હાથમાં રહે એ રામસ્વામીને અત્યન્ત ઇષ્ટ હતું. આમ બન્ને વચ્ચે સહકારનો પાયો ઉભો થયો અને પરિણામે કોંગ્રેસને છેલ્લી ચૂંટણીમાં અસાધારણ સફળતા પ્રાપ્ત થઈ અને ટી. ટી. કે. પણ ચુંટાયા.

આ પછી કામરાજની ગણતરી ખોટી પડે એવી ઘટનાઓ બનવા માંડી. રામસ્વામીએ ચૂંટણીમાં ખૂબ મદદ કરેલી હોઇને તેની સામે તરત પગલા લેવાનું શ્રી કામરાજ નદાર માટે શક્ય નહોતું. અને રામસ્વામીએ તો મદ્રાસ પ્રદેશના દાદાની માફક પોતાનું મનસ્વી વર્તન ચાલુ રાખ્યું. અને તેને આપવામાં આવતી કશી ચેતવણીની જરા પણ દરકાર કરી નહિ. જે મનમાં આવ્યું તેની સામે જંગલી અને ઝેરી ભાષણોનો તેણે વરસાદ વરસાવવો શરૂ કર્યો. આખરે જ્યારે બંધારણને બાળવાની અને બ્રાહ્મણોને કતલ કરવાની વાત ઉપર તે આવ્યો ત્યારે સરકાર માટે ઉપેક્ષા થઈ ન શકે એવી કટોકટી સરજાણી. કામરાજના મનમાં હતું કે બુઢ્ઢાને બોલવા દો; થોડા વખતમાં તેની ગરમી ખલ્લાસ થશે અને બધું ઠાલું પડી જશે. પણ વાતાવરણ વધારે ને વધારે ઉગ્ર બનતું ચાલ્યું. આખરે આ આખી હીલચાલને દાબી દેવા માટે મદ્રાસની સરકારને નવા કાયદા કરવા પડયા અને રામસ્વામી ઉપર કામ ચલાવવાની ફરજ પડી. તેના પરિણામે આજે રામસ્વામી નાયકર ૬ મહીનાની જેલ ભોગવી રહેલ છે. તેની ગેરહાજરીમાં આજે દેખાવની શાન્તિ છે. આમ છતાં પણ આખું આન્દોલન હજુ ઉભું છે; તેનો ભયંકર અને દેશદ્રોહી કાર્યક્રમ કાયમ છે; અને કોઈ પણ વખતે આગ ભભુકી ઉઠવાનું જોખમ રહેલું જ છે.

દ્રાવીડ કાઝગામમાંથી જે બીજી હીલચાલ ઉભી થઇ છે અને દ્રાવીડ મુનેત્રા કાઝગામના નામથી ઓળખાય છે અને મદ્રાસની ધારાસભામાં જેના પ્રતિનિધિઓ વિરોધપક્ષ તરીકે ઉભેલ છે તેના નેતા શ્રી સી. એન્. અન્નાદુરાઈ બંધારણની હદમાં રહીને અને અહિંસાને વળગીને કામ કરવાની પોતાના પક્ષની નીતિ હોવાનો દાવો કરે છે. આમ છતાં દ્રાવીડ કાઝગામ અને આ મુનેત્રા કાઝગામમાં બે પિત્રાઈ ભાઇઓથી વધારે ફરક નથી. થોડા સમય પહેલાં જવાહરલાલ મદ્રાસ ગયેલા અને એ વખતે જે તોફાનો થયેલાં તેમાં આ મુનેત્રા કાઝગામના અનુયાયીઓ મોટા પ્રમાણમાં સામેલ થયા હતા. વળી આ પક્ષના જ નેતા જો રામસ્વામી નાયકરને તરતમાં છોડી મૂકવામાં ન આવે તો direct action–સીધાં પગલાં–જેવાની ધમકી આપે છે. અને સીધાં પગલાં એટલે શું હોઈ શકે એ આપણે સમજી શકીએ તેમ છે.

આ આખી હીલચાલને બધી બાજુએથી દબાવી ઘટે છે, કારણ કે તે જો વેગ પકડે તો તેનું એક જ પરિણામ આવે કે સ્થળે સ્થળે દેશમાં અનવસ્થા પ્રવર્તે, આન્તર્વિગ્રહ જેવી દુર્દશા ઉભી થાય અને દેશના અનેક ભાગલા પડી જાય. પણ આજની દુઃપરિસ્થિતિમાંથી ઉંચે આવવા માટે કેવળ દમનનીતિ કામયાબ નીવડશે નહિ. સાથે સાથે આ આન્દોલનનાં જે મૂળ છે તેનો પણ યોગ્ય ઉપચાર કરવાની એટલી જ જરૂર છે. બ્રાહ્મણપક્ષી હીલચાલ જરૂર બંધ થવી જ જોઇએ, પણ સાથે સાથે દેશની એકતાને હંમેશા ખતરામાં નાંખતા એવા નાતજાતના ઉંચાનીચાના ભેદો આખા દેશમાંથી જેમ બને તેમ જલ્દિથી હવે નાબુદ થવા જ જોઇએ.

વળી દક્ષિણમાં એક એવો ખ્યાલ વહેતો થયો છે કે ઉત્તરના પ્રદેશોની અપેક્ષાએ દક્ષિણના પ્રદેશોના વિકાસની ઉપેક્ષા કરવામાં આવે છે અને ભારત સરકારની વિકાસ યોજનાઓનો દક્ષિણને અપાવો જોઇએ તેટલો લાભ આપવામાં આવતો નથી. અને દાક્ષિણની પ્રજા સાથે સાવકા બાળકો જેવો વર્તાવ રાખવામાં આવે છે. સંભવ છે કે આ ખ્યાલમાં કશું વજુદ ન હોય. એમ છતાં પણ ભારત સરકારે આ બાબતમાં વધારે સચેત બનવું જોઇએ, અને બીજી પંચવર્ષીય યોજનાનો અને અન્ય વિકાસ પ્રવૃત્તિઓનો દક્ષિણને પૂરો લાભ મળે તે સંબંધમાં પુરી તકેદારી રાખવી જોઇએ, અને એ રીતે દક્ષિણ ઉપર ઉત્તર પોતાનું આધિપત્ય જમાવવા માગે છે એ પ્રકારના ઉભા થયેલા વિભ્રમને નાપાયાદાર બનાવવો જોઇએ.

આવી જ રીતે હિંદીને રાષ્ટ્રીય ભાષા વહેલી મોડી બનાવ્યા સિવાય છુટકો જ નથી. એમ છતાં પણ આ વિચારનું વ્યાજબીપણું દક્ષિણના દિલમાં ઉતારવાનો સંગીન પ્રયત્ન કરવામાં આવે અને કશું કોઇની ઉપર પણ લાદવામાં આવનાર નથી પણ સર્વના શ્રેયમાં જે કાંઈ હશે તે લગભગ સર્વ સંમતિપૂર્વક જ થશે એવી પ્રતીતિ દક્ષિણની પ્રજાના દિલમાં સૌમ્ય પ્રયત્નો વડે નીપજાવવામાં આવે તો આ દ્રાવીડ કાઝગામે જે ભૂતાવળ પેદા કરી છે તે આપોઆપ શમી જશે અને ભારતના એક છેડેથી બીજા છેડા સુધી ભારતીય અસ્મિતાની ચિરસ્થાયી પ્રતિષ્ઠા થશે, અને ત્રિરંગી ઝંડાનો સૌ કોઈ એક સરખી નિષ્ઠાથી આદર કરશે.

પરમાનંદ

શ્રી જયન્તીલાલ માનકરનું સંઘે કરેલું બહુમાન

તા. ૬-૨-૫૮ ગુરૂવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ ખાતે ઓલવાર્ડ્સ્કી હોલમાં ગયા નવેંબર માસ દરમિયાન હિંદમાં આવેલા મુંબઇ, દીલ્હી, વારાણુશી, પટણા, કલકત્તા તથા મદ્રાસ ખાતે વિશ્વવનસ્પતાહાર કોંગ્રેસનાં અધિવેશનો ભરવાનો વિરાટ પ્રબંધ પાર પાડવા બદલ મુંબઈ જીવદયા મંડળીના મંત્રી શ્રી જયન્તીલાલ ના. માનકરનું જાહેર સન્માન કરવા માટે કેન્દ્રસ્થ સીંચાઇ ખાતાના પ્રધાન માનનીય શ્રી એસ્. કે. પાટીલની અધ્યક્ષતા નીચે એક જાહેર સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી માનકર પ્રત્યે આદર ધરાવતાં ભાઇ બહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં. સંમેલનનું પ્રમુખસ્થાન સ્વીકારવાની વિનંતિ કરતાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ **શ્રી ખીમજી માડણ ભુજપુરીઆએ** શ્રી એસ્. કે. પાટીલની અનેકવિધ દેશસેવાઓનો અને ખાસ કરીને મુંબઇ શહેરમાં તેમણે પ્રાપ્ત કરેલી ઊંડી લોકપ્રિયતાનો ઉલ્લેખ કર્યો હતો અને ત્યાર બાદ શ્રી જયન્તીલાલ માનકર સાથેના તેમના વર્ષો જુના સંબધનું અને શ્રી માનકરની માનવતા અને જીવદયાના ક્ષેત્રમાં સહેલાઇથી ન વર્ણવી શકાય એવી ૩૦ વર્ષના લાંબા ગાળા ઉપર પથરાયલી–વિપુલ સેવાઓનું નિરૂપણ કર્યું હતું.



શ્રી. જયન્તીલાલ માનકર

ત્યાર બાદ પ્રમુખ સાહેબની આજ્ઞાથી **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ** પ્રસ્તુત સંમેલનને અનુલક્ષીને જણાવ્યું હતું કે "શ્રી જયન્તીલાલ માનકર જેમનું સન્માન કરવાના નિમિત્તે આપણે બધાં અહિં એકઠા થયા છીએ તેમને આપમાંના ઘણા ખરા સારી રીતે ઓળખે છે. હું પણ તેમને વર્ષોથી જાણું છું. પણ તેમને પહેલાં જાણતો હતો અને આજે જાણું છું તેમાં થોડોક તફાવત છે. તેઓ જીવદયા મંડળીના મંત્રી છે અને તે કારણે જીવદયાને લગતી કેટલીએક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે તથા જેમ આપણામાંથી કોઇ એક કાર્ય સાથે તો કોઇ બીજા કાર્ય સાથે જોડાયેલ છે અને એ એ રીતે આપણ સર્વ આપણા જીવનનું સામાન્ય રીતે નિર્વહન કરી રહ્યા છીએ તે મુજબ જયન્તીભાઇ પણ આપણી જેવી એક સામાન્ય વ્યકિત છે અને પોતાને સોંપાયેલ અથવા તો પોતે સ્વીકારેલ નિયત કાર્ય કર્યે જાય છે. આવો મારો તેમના વિષે ખ્યાલ હતો.

"પણ ગયા નવેંબર માસ દરમિયાન મુંબઇ ખાતે જે વિશ્વવનસ્પત્યાહાર કોંગ્રેસનું ૧૫ મું અધિવેશન ભરાયું અને તે અંગેની તેમની કામગીરી મારા જોવામાં આવી–છેલ્લા બાર કે પંદર મહીનાથી લગાતાર તે કાર્ય પાછળ તેઓ મંડી રહેલા, વળી પ્રસ્તુત અધિવેશન માત્ર મુંબઇમાં જ નહિ પણ ભારતના બીજા પાંચ મુખ્ય શહેરોમાં પણ એ જ ધોરણે ભરવાનું તેમણે આયોજન કર્યું, દેશપરદેશથી સંખ્યાબંધ પ્રતિનિધિઓ આવ્યા અને આ અધિવેશનોમાં તેમણે ભાગ લીધો અને તે માટે તેમણે બધી સગવડ વ્યવસ્થા કરી, આ ઉપરાંત આ અધિવેશનના અનુસંધાનમાં મુંબઇએ કદિ નહિ જોયેલું એવું–નિરામિષ ફોટિમાં આવતા એવા ખાદ્ય પદાર્થોનું–એક ભવ્ય પ્રદર્શન યોજ્યું–આ બધું જોતાં, ધ્યાનમાં લેતાં, જયન્તીભાઇના શકિતશાળી વ્યકિતત્વનું મને અભિનવ દર્શન થયું. જયન્તીભાઇ માત્ર મારી કે તમારી જેવી એક સામાન્ય વ્યકિત નથી, પણ જેને જીવદયાનું મીશન લાધ્યું છે એવી એક માનવવિભૂતિ છે એ હકીકતનો મને આ પ્રસંગે સાક્ષાત્કાર થયો.

"ગીતામાં અર્જુન અને કૃષ્ણનો સંવાદ આવે છે. અર્જુન કૃષ્ણને પોતાની સમોવડો એક મિત્ર માને છે અને જેમ એક મિત્ર પોતાના મનની મુંઝવણ પોતાના નિકટવર્તી મિત્ર આગળ રજુ કરે અને માર્ગદર્શન માગે તેમ યુધ્ધમાં આગળ વધવું કે ન વધવું તે બાબતમાં કૃષ્ણની સલાહ માંગે છે. કૃષ્ણ શરૂઆતમાં તાત્વિક ચર્ચા કરે છે, પણ આગળ જતાં ૧૧ માં અધ્યાયમાં પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવે છે ત્યારે અર્જુનને ભાન થાય છે કે પોતે જેની સાથે વાદ-વિવાદ અને ચર્ચા કરી રહેલ છે. તે એક સામાન્ય પામર માનવી નથી, પણ સહજ કલ્પનામાં ન આવે એવી એક દિવ્ય વિભૂતિ છે. આ એક રૂપક છે. તે ઉપરથી આપણને એ સાર લેવાનો પ્રાપ્ત થાય છે કે આપણે અનેક ભાઇ બહેનોના પરિચયમાં આવીએ છીએ, અને તે સર્વને આપણે આપણા તોલે માપીએ છીએ. પણ એક યા બીજી વ્યકિત અંગે આપણને કદિ કદિ એકાએક એવું ભાન થાય છે કે તે આપણે ધારીએ છીએ એવી સામાન્ય નહિ પણ અસામાન્ય વ્યકિત છે, તેનામાં એક એવો અંશ છે, શકિત છે, પ્રાણમયતા છે કે જે આપણને ભાગ્યે જ અન્યમાં જોવા મળે છે. આવું જ કાંઇક સંવેદન મેં જયન્તીભાઇ વિષે તેમની વિશ્વવનસ્પત્યાહાર કોંગ્રેસને લગતી સમગ્ર કાર્યવાહી જોતાં અનુભવ્યું. મને થયું કે આવી વિશિષ્ટ વ્યકિતનું– તેમને મળેલી અપૂર્વ સફળતાનું–આપણે બધાંએ મળીને જાહેર સન્માન કરવું જોઇએ. સંઘના મારા સહકાર્યકર્તાઓ વચ્ચે મેં આ વાત મૂકી અને સૌએ મારો આ વિચાર એકમતે આવકાર્યો, પરિણામે આજે આપણે શ્રી જયન્તીભાઇ પ્રત્યેનો આપણા દિલનો આદરભાવ વ્યકત કરવા એકઠા થયા છીએ.

"જયન્તીભાઇની આજે ૬૩ વર્ષની ઉમ્મર થઇ છે. અને મૂળ–જામનગરના તેઓ વતની છે. આશરે ૨૦ વર્ષની ઉમ્મરે તેઓ બી. એ. થયા અને અભ્યાસ છોડયો. ત્યાર બાદ મીશન ગર્લ્સ હાઇસ્કૂલમાં તેઓ હેડ માસ્તર થયા; સમયાન્તરે હાઇકોર્ટ વકીલની પરીક્ષા પસાર કરી અને જામનગરની અદાલતમાં વકીલાત શરૂ કરી. ૧૯૨૦ માં તેઓ મુંબઇ આવ્યા અને શરૂઆતમાં શેરબજાર વગેરેમાં દલાલી ધંધો કર્યો. ૧૯૨૫ થી તેઓ જીવદયા મંડળીમાં જોડાયા અને એ જીવદયા મંડળીનાં સ્થાપક સ્વ. શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી નીચે તેમણે જીવદયાનું કામ શરૂ કર્યું ત્યારથી તે આજ સુધી તેમણે આ એક જ ક્ષેત્રની અનન્ય એકધારી ઉપાસના કરી છે. તેમને જોકે છું ત્યારે અમારા જૈન સમાજમાં લોંકાશાહ નામની એક વિશિષ્ટ વ્યકિત થઇ ગઇ છે તે મને યાદ આવે છે. લોંકાશાહ જૈનધર્મના શાસ્ત્રગ્રંથો લખવાનું કામ કરતા હતા. એ લેખન વ્યવસાય કરતાં કરતાં તેઓ એક પંડિત થયા, 'શાસ્ત્રવિશારદ' અને તેમણે એક નવા સંપ્રદાયની સ્થાપના કરી, જે આજે સ્થાનકવાસી સંપ્રદાયના નામે ઓળખાય છે. અલબત્ત શ્રી જયન્તીભાઇએ આવો કોઇ એક નવો સંપ્રદાય નથી સ્થાપ્યો. પણ સ્વ. લલ્લુભાઇના ચરણે બેસીને તેમણે જીવદયાનાં લેખાં લખવા શરૂ કર્યા અને અહિંસાના પાઠો શીખ્યા. લલ્લુભાઇ શેઠ સ્વર્ગવાસી થયા ત્યાર બાદ તેમના મીશનના જયન્તીભાઇ વારસદાર બન્યા અને જીવદયા મંડળીની પ્રવૃત્તિ તેમણે અનેક–ગણી વધારી દીધી. શ્રી જયન્તીભાઇને આપણે જીવદયાના આચાર્ય કહીએ તો તેમાં જરા પણ અત્યુકિત થતી નથી એમ હું માનું છું.


"આમ તો આપણે બધાય એક રીતે જીવદયા–પશુદયા–અહિંસાના ઉપાસક છીએ. પણ શ્રી જયન્તીભાઇના દિલમાં આને લગતી જે તમન્ના છે, બેચેની છે, એકાન્તવાદી લાગે એવી જે ધેલછા છે તે આપણામાંથી કોઇમાં નથી. જે કોઇ ઠેકાણે જે કોઇ કારણે પશુઓની કતલ થતી હોય તે જોઇ, જાણી કે સાંભળીને તેમનું દિલ ઉકળી ઉઠે છે. તેમનાં દિલમાં ઊંડી કરૂણાનો ઉદય થયો છે. તેમની વાણીમાં એ કરૂણાનો મર્મસ્પર્શી ઉદ્‌ગાર સંભળાય છે. તેઓ બોલતા હોય છે ત્યારે કતલ

થતા પશુઓના ચિત્કાર સામે બળતા હૃદયનો આર્તનાદ સંભળાય છે. આથી તેમની ધગશ તેમના નબળા સુકલકડી શરીરને નવી ચેતના આપે છે અને એક સ્થળેથી બીજા સ્થળે તેમને સતત ભ્રમણ કરાવે છે.

"જીવદયાને લગતી તેમની અનેકવિધ પ્રવૃત્તિઓમાં પણ નિરામિષ આહાર પ્રચારની તેમની પ્રવૃત્તિ મુખ્ય સ્થાને છે. આ નિરામિષ આહારના વિચારના સમર્થનમાં અનેક બૌદ્ધિક દલીલો આગળ ધરવામાં આવે છે. મારા મત પ્રમાણે નિરામિષ આહાર બૌદ્ધિક ચર્ચાનો વિષય નથી, પણ હૃદયગત સંવેદનનો વિષય છે. બૌદ્ધિક રીતે તેના સમર્થનમાં તેમ જ વિરોધમાં અનેક દલીલો થઇ શકે છે. એક પક્ષ એમ કહે છે કે નિરામિષ આહારથી આપણને જોઇએ તેટલું શારીરિક કૌવત મળી શકે છે; બીજો પક્ષ આ જ વિચાર માંસાહારના સમર્થનમાં એટલાજ જોરથી રજુ કરી શકે છે અને મારા ખ્યાલ મુજબ આ રીતે આ વિવાદનો કદિ છેડો આવવાનો નથી. નિરામિષ આહારનો પાયો માનવી દિલમાં રહેલી કરૂણા છે. જે માનવીના દિલમાં સર્વવ્યાપી કરૂણાનો ઉદય થયો હશે તે કદિ માંસાહાર કરી શકવાનો નથી. આજે આપણા ધડતરમાં મોટામાં મોટી ઉણપ હોય તો આ કરૂણાવૃત્તિના વિકાસની છે. કરૂણા એટલે આત્મૌપમ્ય સંવેદન. મને જેટલો જીવવાનો અધિકાર છે તેટલો જ અધિકાર અન્ય પશુ પ્રાણીને જીવવાનો છે, જે સુખ-દુઃખનું સંવેદન મારામાં ધબકે છે તે અન્યમાં પણ એટલા જ જોસથી ધબકે છે, આમ છે તો પછી અને મારૂં ભરણ પોષણ–ઉદરનિર્વાહ–અન્ય પ્રકારે શક્ય છે તો પછી તે પશુપ્રાણીની હિંસા મારાથી થઈ ન જ શકે. પશુસૃષ્ટિ પ્રત્યે આવો કરૂણાપરાયણ અભિગમ ઉછરતી પ્રજામાં કેળવવામાં આવે તો તે પ્રજાને માંસાહારથી જરૂર વિમુખ બનાવી શકાય. આજની દુનિયા–આજે જેવી છે તે જોતાં–સમગ્રપણે કોઇ કાળે નિરામિષ આહારી બને એ મને શક્ય નથી લાગતું. પણ એ ખાતર સમાન્ય માનવીએ માંસાહાર તરફ ઢળવાની જરા પણ જરૂર નથી. માણસજાત સામે શું ખાવું અને શું ન ખાવું તે સંબંધમાં પસંદગી કરવાનો પુરો અવકાશ છે. અને એમ છે ત્યાં સુધી નિરામિષ આહારના પ્રચારને પણ પૂરો અવકાશ છે. આમ હોવાથી નિરામિષ આહારનો વ્યાપક સ્વીકાર જો આપણને ઇષ્ટ હોય તો આપણે સમજી લઇએ કે ઉત્તરોત્તર બે વિશ્વયુધ્ધો અને અણુ બોંબની સંહારકતાના પરિણામે જડ નિષ્ઠુર બનેલી આમજનતાના શિક્ષણમાં કરૂણાવૃત્તિના વિકાસને મહત્વનું સ્થાન મળવાની ખાસ જરૂર છે. આપણા ચાલુ જીવનમાં, રીત-ભાતમાં, માનસિક વિચારણામાં પણ આ વૃત્તિનો સતત આવીર્ભાવ થતો રહે એ પણ એટલું જ અપેક્ષિત છે. પશુઓને મારીને માણસ પશુનો પશુ જ રહે છે. સાચા માનવી બનવા માટે પશુદયા અનિવાર્યપણે આવશ્યક છે. આટલા વિવેચન સાથે શ્રી જયન્તીભાઇ પ્રત્યે મારા દિલનો આદર વ્યકત કરૂં છું અને તેમને દીર્ઘ આયુષ્ય અને તેમના જીવન-કાર્યમાં ઉત્તરોત્તર સફળતા ઇચ્છું છું."

ત્યાર પછી **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે** કહ્યું હતું કે "આજનો સન્માન સમારંભ અસામાન્ય છે. આપણે જે વ્યકિતઓએ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હોય અથવા જે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવાના હોય એવી વ્યકિતનું સન્માન કરીએ છીએ. પંડિત સુખલાલજીના સન્માન સમારંભ વખતે ડો. રાધાકૃષ્ણને કહ્યું હતું કે રાજદ્વારી ક્ષેત્રમાં પડેલી વ્યકિતઓનું સન્માન વધારે થાય છે અને જ્ઞાનના ક્ષેત્રમાં ઉપાસના કરનાર વ્યકિતઓનું સન્માન ઓછું થાય છે. પરંતુ આપણા યુવક સંઘની એ વિશિષ્ટતા છે કે એ આ રીતે યોગ્ય વ્યકિતઓને શોધી કાઢી તેમનું સન્માન કરે છે. શ્રી માનકરજીએ જીવદયાના ક્ષેત્રમાં જે કંઇ કાર્ય કર્યું છે, અને વિશેષ તો વિશ્વશાકાહાર પરિષદ યોજીને જે કાર્ય કરી બતાવ્યું છે તેની કદર કરવાની અમે આ તક લઇએ છીએ. જીવદયા એ જૈનોનો ઇજારો મનાય છે. અલબત્ત, માનવેતર પ્રાણીઓ પ્રત્યે દયા બતાવવામાં તેઓ ઘણા આગળ વધી ગયા છે. પરંતુ માનવ પ્રત્યે કરૂણા બતાવવાનું તેઓ ભૂલી જાય છે. એ ખરૂં કે મનુષ્ય પ્રત્યે દયા બતાવવાથી તેનો બદલો મળે છે. બીજું કંઇ નહિ તો છેવટે એની કૃતજ્ઞતાની લાગણી એ પ્રગટ કરી શકે છે. પરંતુ પશુ પ્રત્યે દયા બતાવવાથી તેનો કંઈ બદલો મળતો નથી. તેઓ પોતાની આભારની કે કૃતજ્ઞતાની લાગણી પણ બતાવી શકતાં નથી. મનુષ્ય પ્રત્યે દયા કે પ્રેમ બતાવવા એ સહેલું છે; કારણ કે તેનો પડઘો પડે છે. પશુઓ પ્રત્યે દયા બતાવવી એ સહેલું નથી; કારણ કે તેનો કંઈ પણ પડઘો પડતો નથી. માટે જ પ્રાણીઓ પ્રત્યે ક્રુર થવું એ સહેલું છે. રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ સાચું જ કહ્યું હતું કે એટમ બોમ્બના મૂળમાં માંસાહાર છે. માંસા-હારના ત્યાગ વિના એટમ બોમ્બનો ત્યાગ કરવો એ સહેલી વાત નથી. શ્રી માનકરજીએ એક નિષ્ઠાથી જીવનભર જીવદયાના ક્ષેત્રમાં કાર્ય કર્યું છે. આપણને એમના જીવનમાંથી કંઇક પ્રેરણા મળે એમ હું ઇચ્છું છું."

ત્યાર બાદ વિશ્વવનસ્પત્યાહાર કોંગ્રેસ ઉપર આવેલા ડેન્માર્કના પ્રતિનિધિ **શ્રી એરીક લાસે**ને જણાવ્યું કે "હું ડેનમાર્કના કોપન-હેગનથી આવું છું. અમારો દેશ યુરોપના દેશોમાં ઘણો જ નાનો છે. પરંતુ તે ઘણો જૂનો દેશ પણ છે. અમારે ત્યાં 'વેલફેર સ્ટેટ' છે, અને ભારતનું પણ એક 'વેલફેર સ્ટેટ' નિર્માણ કરવાનું ધ્યેય છે એ ઘણા આનંદની વાત છે. અમારા અને તમારા દેશ વચ્ચે એ તફાવત છે કે અમારે ત્યાં કોઇ શ્રીમંત નથી, જ્યારે તમારે ત્યાં શ્રીમંતો છે. તો બીજી બાજુ અમારે ત્યાં ગરીબો નથી, જે તમારે ત્યાં તે પણ છે. આમ છતાં તમારો દેશ ઘણો જૂનો અને ભવ્ય છે. એને હું એક પુરાણા વિશાળ અને મજબૂત વૃક્ષ સાથે સરખાવું છું. જે વૃક્ષ ઉત્ત-રોત્તર, અલબત્ત, ધીમે ધીમે, પરતુ ચોક્કસપણે નવી નવી શકિત પ્રાપ્ત કરી વિકાસ પામતું જાય છે. વિશ્વવનસ્પતિ–આહાર પરિષદ ઉપર અહિં આવેલા વિદેશના પ્રતિનિધિઓમાં સૌથી છેલ્લો પાછો જવાવાળો હું છું. મને ભારતમાં આવ્યે પાંચ મહિના થયા. મને આ દેશમાં ખૂબ ગમી ગયું છે. ભારતની પ્રજાના સંપર્કમાં હું આવ્યો છું અને મારે કહેવું જોઇએ કે તમારો દેશ ખરેખર ભવ્ય દેશ છે. અહીંના લોકો પણ



શ્રી ભુજપુરીઆ સંમેલનનું પ્રમુખસ્થાન સ્વીકારવા શ્રી પાટીલને અનુરોધ કરે છે.

ખૂબ પ્રેમાળ અને નિખાલસ છે. યુરોપના યુવાનોમાં ભારત માટે દિવસે દિવસે આદર વધતો જાય છે. અને હું પણ ભારતનાં અનેક સુખદ સંસ્મરણો લઇને પાછો ફરીશ."

ત્યાર પછી કુ. **જેનેટ ઇરવીન** જેઓ પણ વિશ્વવનસ્પત્યાહાર કોંગ્રેસના એક પ્રતિનિધિ હતા તેમણે જણાવ્યું કે, "ભારત એક આધ્યાત્મિક દેશ છે. અને એની પાસેથી અમારે ઘણી પ્રેરણા મેળવવાની છે. ઘણા ભારતીય માણસો એમ માને છે કે યુરોપના તમામ લોકો માંસાહારી છે. પણ મારે કહેવું જોઇએ કે યુરોપમાં આજકાલથી નહિ, પણ છેલ્લાં ૧૫૦ વર્ષથી શાકાહારી પ્રવૃત્તિ ચાલી રહી છે અને ઉત્તરોત્તર એનો પ્રચાર વધતો ગયો છે અને શાકાહારીઓની સંખ્યા વધતી જાય છે. મને દુઃખની વાત તો એ લાગે છે કે ભારતના ઘણા યુવાન વિદ્યાર્થીઓ યુરોપ અમેરિકા જાય છે અને તેઓ શાકાહારી હોવા છતાં માત્ર શોખથી કે પછી દેખાદેખીથી ધીમે ધીમે માંસાહારી થતા જાય છે અને જ્યારે તેઓ ભારત પાછા ફરે છે ત્યારે પૂરા માંસાહારી થઇ ગયા હોય છે."

ત્યાર પછી કુ. જેનેટ ઇરવીને આ વિશ્વવનસ્પતિ-આહાર પરિષદ પ્રસંગે પ્રગટ થયેલ વિશેષ અંકનો ઉલ્લેખ કર્યો હતો અને મુંબઇમાં શાકાહારીઓ માટેની 'યુથ કાઉન્સીલ' ની પ્રવૃત્તિઓમાં રસ લેવા સૌને અનુરોધ કર્યો હતો.

ત્યાર પછી જીવદયા મંડળીના એક કાર્યકર્તા **શ્રી ભગનલાલ પી. દોશી**એ શ્રી માનકરજીના કાર્યની પ્રશંસા કરતાં કહ્યું હતું કે "હું શ્રી માનકરજીનો શિષ્ય છું. મને એમની પાસેથી આ કાર્યને માટે ઘણી સારી તાલીમ મળી છે. તેઓ વર્ષોથી જીવદયાના ક્ષેત્રમાં કામ કરે છે. પ્રાણીહિંસા થતી અટકાવવા એમણે વખતોવખત આગળ પડતો ભાગ લીધો છે અને જ્યાં જ્યાં પોતાની જરૂર જણાઇ ત્યાં ત્યાં તેઓ દોડી ગયા છે. દેવાસમાં એક વખત ૫૦૦ ગાયોનો જીવ જોખમમાં હતો. અશક્ત અને ગાંડા જનાવરોમાં ગણાતી ગાયો ખેતરના પાકને નુકશાન પહોંચાડતી હતી. એનો ત્રાસ વધી ગયો એટલે કલેકટરે એ ગાયોને ગોળીથી વીંધી નાખવાનો હુકમ કર્યો. એ વાત સાંભળતાં જ શ્રી માનકરજી પોતાના સાથીદારો સાથે ત્યાં પહોંચી ગયા અને કલેકટરને સમજાવી એ ગાયોનો જીવ તેમણે વેળાસર બચાવી લીધો હતો. એવી જ રીતે એક વખત એમણે વડોદરામાં ૬૦ ગાયોને બચાવી લીધી હતી. પહેલા વિશ્વયુદ્ધ પછી મુંબઇમાં જ્યારે ઇન્ફ્લુએન્ઝાનો રોગચાળો ફાટી નીકળ્યો હતો ત્યારે તેમણે પોતાની જાત જોખમમાં મૂકીને ઘરે ઘરે ફરી લોકોને તબીબી રાહત પહોંચાડવામાં અને અન્ય સેવા કરવામાં ઘણી મદદ કરી હતી. એ પ્રમાણે આસામના ધરતીકંપ વખતે પણ એમણે કરેલું સેવાકાર્ય ઘણું મોટું છે. છેલ્લે છેલ્લે વિશ્વ-વનસ્પતિ-આહાર પરિષદ યોજીને એમણે ભારતનું ગૌરવ દુનિયાના બધા દેશોમાં વધારી દીધું છે. એમણે જુદા જુદા દેશોના પ્રતિનિધિઓને ભારત ખાતેની મુસાફરીનો ખર્ચ તથા ભારતમાં રહેવા કરવાનો ખર્ચ આપવાનો પ્રબંધ કરી આમંત્રણ આપ્યું હતું. એ માટે પૈસા એકઠા કરવામાં અને એ પરિષદનું કામ ઉપાડી લેવામાં એમણે ઘણો શ્રમ લીધો હતો."

ત્યાર પછી પ્રમુખસ્થાનેથી બોલતાં આપણા વીજળી અને સીંચાઇ ખાતાના પ્રધાન **શ્રી એસ. કે. પાટીલે** કહ્યું હતું કે "આજે આપણે શ્રી માનકરજીનો સત્કાર કરવા એકત્ર થયા છીએ. શ્રી માનકરજીને તો હું ઘણાં વર્ષોથી ઓળખું છું. એમણે જીવદયા મંડળીમાં ઘણા વર્ષોથી પોતાની સેવા આપી છે. તાજેતરમાં એમણે મુંબઇમાં વિશ્વશાકાહાર પરિષદ યોજીને લગાતાર કામ કર્યું છે એ આપણે જાણીએ છીએ. આ પરિષદના પ્રમુખસ્થાને એમણે આપણા રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રબાબુને બોલાવ્યા. એમણે જ્યારે મને આ વાત કરી ત્યારે હું માનતો જ નહોતો. પરિષદના પ્રમુખસ્થાને રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુને મેળવવા એ જેવી તેવી વાત નથી. શ્રી માનકરજીએ એમને પરિષદ માટે મેળવ્યા એટલું જ નહિ, એ પછીના ભોજનસમારંભમાં પણ એમને મેળવ્યા એ જ એમની શક્તિનો પરિચય આપવા માટે બસ છે. શ્રી માનકરજીએ વિશ્વ-શાકાહારી પરિષદ યોજી અને એ રીતે એમનામાં રહેલી વ્યવસ્થાશક્તિનો આપણને પરિચય થયો. પરંતુ આ ઉપરાંત તેમનામાં બીજી પણ એક વસ્તુ રહેલી છે જે બીજા ઓછામાં જોવા મળે છે. તેઓ મોટા સમાજસેવક પણ છે. વર્ષોથી તેઓ જીવદયાના ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે. એમણે માત્ર જીવદયા જ નહિ, બીજા કોઈ પણ ક્ષેત્રમાં કામ કર્યું હોત તો પણ તેઓ આટલા જ સન્માનના અધિકારી બનત. એમનો સત્કાર કરવામાં ન આવે તો તેથી એમની અવજ્ઞા થતી નથી, પરંતુ તે આખા સમાજની અવજ્ઞા છે.

"સેવાને પરમ ધર્મ તરીકે ઓળખાવવામાં આવે છે. સેવાધર્મ યોગીઓથી પણ અગમ્ય છે એમ આપણા પૌરાણિક ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે. થોડી સેવા કરવાથી પણ મને સમજાયું છે કે સેવાનું એક પ્રકારનું વિજ્ઞાન છે, એની એક પ્રકારની ટેકનિક છે. એ કામ આપણે ધારીએ છીએ એટલું સહેલું નથી. ગૌવધનો સામનો કરવો એ જેવી તેવી વાત નથી. શ્રી માનકરજીએ કર્મયોગીની જેમ સેવા દ્વારા લોકસંગ્રહની પ્રવૃત્તિને પોતાની જીવનભરની પ્રવૃત્તિ બનાવી દીધી છે. ભૂતકાળમાં આપણે જનકરાજાનું નામ સાંભળીએ છીએ. તેમને આપણે યાદ કરીએ છીએ, નહિ કે તેઓ રામચંદ્રજીના સસરા હતા માટે, અને નહિ કે તેઓ રાજા હતા માટે. પરંતુ તેઓ મહાન સેવક હતા. તેઓ વિદેહી તરીકે ઓળખાતા હતા. તેઓ હંમેશ લોકસંગ્રહ કરતા હતા. એ કાર્ય એમણે યોગીની જેમ કર્યું હતું. તેઓ એમાં એવી ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા હતા કે પોતાના એક પગે માખણથી માલિસ થતું હોય અને પોતાનો બીજો પગ અગ્નિમાં બળતો હોય છતાં એ બંને વચ્ચે એમને કંઈ જ તફાવત લાગે નહિ. આવી ઉચ્ચ સ્થિતિએ જે સાચા યોગીઓ હોય તે જ પહોંચી શકે. યોગી સાચો એ કહેવાય કે જે કુશળતાપૂર્વક કર્મ કરતો હોય. યોગઃ કર્મસુ કૌશલમ્। એમ ગીતામાં કહેવામાં આવ્યું છે. સેવાના ક્ષેત્રમાં હજારો માણસો કામ કરે



શ્રી પાટીલ શ્રી માનકરનું પુષ્પહાર વડે સન્માન કરે છે.

છે. પરંતુ તેમાં સાચા યોગીઓ ઘણા ઓછા હોય છે. આજે આપણે મંત્ર પરથી તંત્ર પર ચડ્યા ગયા છીએ. વેદમાં એક બ્રાહ્મણની કથા આવે છે જે મને યાદ આવે છે. એક બ્રાહ્મણ યજ્ઞ કરતો હતો, તે વખતે એક કૂતરો ત્યાં આગળ ભસવા લાગ્યો. આથી એના યજ્ઞમાં ખલેલ પડવા લાગી અને કૂતરો ઘૂસી જવાને લીધે એની ક્રિયા અભડાઇ ગઈ. આથી એણે એ કૂતરાને લાકડી વતી ખૂબ માર્યો. પણ પછી તો એક એવી પ્રાણુલિકા પડી ગઇ કે જ્યારે યજ્ઞ થતો હોય ત્યારે ત્યાં આગળ કૂતરાને લાવવામાં આવે, પછી એને ભસવા માટે ઉસ્કેરવામાં આવે, અને એ ભસે એટલે લોકો એને લાકડીથી ખૂબ માર મારે. આમ મૂળ વસ્તુ ભુલાઈ જાય છે અને લોકો માત્ર અંધશ્રદ્ધાથી જ કેટલુંક કાર્ય કરતા હોય છે. વર્તમાન સમયમાં પણ આપણે કેટલીક બાબતોમાં આવી રીતે વર્તીએ છીએ. પરંતુ, આ કેવળ ગતાનુગતિકતા જ છે. માણસ જે રીતે વર્તે તે ઉપરથી જ એની કેળવણીનું અને એના સંસ્કારનું માપ નીકળે છે.

"શ્રી માનકરજી સાથેનો મારો સંબંધ ઘણાં વર્ષોથી છે. એમના સંબંધમાં આવ્યા પછી જ હું ભેંસનું દૂધ છોડી ગાયનું દૂધ પીતો થયો છું. શ્રી માનકરજીનું સન્માન કરતાં મને અત્યંત હર્ષ થાય છે."

એ પછી શ્રી પાટીલે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શ્રી માનકરજીને પુષ્પહાર પહેરાવ્યો હતો.

ત્યાર બાદ **શ્રી જયન્તીલાલ માનકરે** સન્માન સંમેલનના પ્રયોજકોનો આભાર માનતાં જણાવ્યું કે:–

"આજના સમારંભના યોજકોનો હું આભાર માનું તે પહેલાં મારે જણાવવું જોઇએ કે વિશ્વશાકાહાર કોંગ્રેસના અધિવેશનની સફળતા માટે અંગત રીતે અભિનંદન લેવાનો મને અધિકાર હોય તેમ હું માનતો નથી. કારણ કે જ્યાં અભિનંદન આપનાર અહિંસાના સિદ્ધાન્તને મૂર્તિમન્ત બનાવનાર મુંબઇ જૈન યુવક સંઘ હોય અને માન આપવાના કારણમાં અહિંસા પ્રચારનો વિશ્વવ્યાપી પ્રયાસ હોય ત્યાં જીવદયા મંડળી જેની પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા અહિંસાના પ્રચાર માટે દીક્ષા લેનાર મારા જેવા સેવકને માન આપવું કે લેવું એ અહિંસક સમાજ માટે અને મારા માટે આત્મશ્લાઘાનો વિષય બને. છતાં મુંબઇ જૈન યુવક સંઘે મને વિશ્વશાકાહાર કોંગ્રેસના અધિવેશનની સફળતા માટે જેઓ જવાબદાર હોય તેમના વતી અભિનંદન સ્વીકારવા માટે પસંદ કર્યો તે માટે હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. મુંબઇ જીવદયા મંડળી અને ઓલ ઇન્ડીયા એનીમલ વેલ્ફેર એસોસિએશન તરફથી સને ૧૯૫૫ ની પેરીસ ખાતે ભરાયેલી ૧૪ મી વિશ્વશાકાહાર કોંગ્રેસમાં હાજરી આપી અને ત્યારે ૧૫ મું અધિવેશન ભારત ખાતે ભરવાનું આમંત્રણ આપવાનું માન મળ્યું ત્યારથી આજ સુધી એ કાર્યની એક જનરલ પોષ્ટઓફીસ તરીકે મેં કાર્ય કર્યું છે અને આજે પણ એજ રીતે આપ તરફથી મળનારાં અભિનંદન સ્વીકારી જેઓ તેના અધિકારી છે તેમને હું અર્પણ કરીશ.

"ભારત ખાતે આ અધિવેશન બોલવવામાં તેના ઉમદા આશયો ફેલાવવા ઉપરાંત ભારત ખાતે અહિંસાની ભાવના અને આચરણ વચ્ચે વધતા જતા ભેદને ટાળવાનો અને અહિંસાના સિદ્ધાન્તને વિશ્વમાન્ય બનાવવાનો ખાસ હેતુ રહેલો હતો. તેવી જ રીતે સરકારી વર્તુળો અને કેળવાએલા વર્ગમાં હિંસા અને માંસાહાર પ્રત્યે વધતી જતી અભિરૂચિમાં રહેલું જોખમ પાશ્ચાત્ય દેશોના માંસાહારીઓ જેઓ અનુભવ અને સમજણપૂર્વક નિરામિષાહારી બની અહિંસાની આધ્યાત્મિકતા સમજવા તત્પર થયા છે તેમના દ્વારા, સમજાવવા માટેનો આ પ્રયાસ હતો અને વિશેષમાં વિશ્વના તમામ રાષ્ટ્રોમાં ભારતનું વૈશિષ્ટય તેની આધ્યાત્મિક સંસ્કૃતિને આભારી રહેલું હોઇ ભારતની તે અધ્યાત્મિક અહિંસક સંસ્કૃતિના દર્શન કરાવવાની તક વિશ્વના અનેક દેશોમાં અહિંસાના પુજારી બનેલા વર્ગને આપવા અને એ સિદ્ધાન્તનો શુદ્ધ સ્વરૂપમાં તેમની દ્વારા વિશ્વના અનેક દેશોમાં પ્રચાર કરવા માટેનો આ પ્રયાસ હતો.

"મારે કહેવું જોઇએ કે એ બધી દૃષ્ટિએ ભારત ખાતે મળેલું ૧૫ મું વિશ્વશાકાહાર કોંગ્રેસનું અધિવેશન સફળ થયું છે. કોંગ્રેસે પસાર કરેલા ઠરાવની ભૂમિકામાં નીચેની ઘોષણા એનો પુરાવો છે:–

"મુંબઇ ખાતે મળેલી અને ૨૪ રાષ્ટ્રોનું પ્રતિનિધિત્વ ધરાવતી ૧૫ મી વિશ્વવનસ્પત્યાહાર કોંગ્રેસ મનુષ્ય જાતિ તેમ જ પશુસૃષ્ટિ સાથેના સંબંધ અંગે અહિંસાના સિદ્ધાન્તનો અમલ કરવા માટે વિશ્વના સમસ્ત લોકોને અનુરોધ કરે છે.

'આના અનુસંધાનમાં આ કોંગ્રેસ ખોરાક માટે પશુઓના ચાલી રહેલા શોષણ પ્રત્યે ઊંડો ખેદ વ્યક્ત કરે છે અને અદ્યતન વૈજ્ઞાનિક સંશોધનના આધારે આ કોંગ્રેસ જાહેર કરે છે કે, વનસ્પત્યાહાર દુનિયાના બધા લોકોને તેઓ જે કોઇ વ્યવસાયમાં રોકાયલા હોય તે વ્યવસાય અંગે જરૂરી ધારણ–પોષણ આપી શકે છે.

* * *

"પશુઓની કતલ સંસ્કારી જીવનપધ્ધતિ સાથે અત્યન્ત અસંગત છે એ બાબતનો સ્વીકાર કરવા અને પશુઓની આવી કતલ બંધ કરવા માટે જરૂરી પગલાં ભરવા આ કોંગ્રેસ ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય–સર્વ ક્ષેત્રોમાં પ્રભુત્વ ધરાવતા જગતૂના આગેવાનોને અને ખાસ કરીને જે ભારત અહિંસાનું ઉદ્‌ભવસ્થાન છે અને જે ભારતના સાધુ સન્તોએ અને મહાત્મા ગાંધીજી જેવા નેતાઓએ એ અહિંસાનો ઉપદેશ કર્યો છે અને આચરણમાં મૂકેલ છે તે ભારતના આગેવાનોને અનુરોધ કરે છે.'

"એ સર્વત્ર સ્વીકારાએલું છે કે કોઇ પણ દેશ કે પ્રજા તેની સંસ્કૃતિ અને તેના આચરણથી જીવે છે અને વિશિષ્ટતા સંપાદન કરી શકે છે. ભારત વર્ષ દુનિયાના તમામ દેશોમાં તેની આધ્યાત્મવાદી અહિંસક સંસ્કૃતિને કારણે જ વિશિષ્ટ સ્થાન ભોગવે છે, નહિં કે તેના ભૌગોલિક વિસ્તાર, વૈજ્ઞાનિક આર્થિક કે ઔદ્યોગિક મોટાપણાને લીધે. વિશ્વશાકાહાર કોંગ્રેસે ભારતની અહિંસક સંસ્કૃતિના આદર્શની છાપ ૨૪ દેશોના પ્રતિનિધિઓ પર પાડી દેશની પ્રતિષ્ઠા વધારી છે. દાખલા તરીકે વિલાયતના પ્રતિનિધિ મી. જીઓ ફ્રે રડ અને બીજાઓએ તેમના વિદાય સંદેશમાં જણાવ્યું છે કે:–

જીવ માટેનો–સજીવ સૃષ્ટિ માટેનો–આદર ભારતીય માનસમાં સુદૃઢપણે પ્રતિષ્ઠિત થયેલો છે અને હું તો એટલે સુધી કહીશ કે અહિંસાના વિષયમાં ભારત વધારે મક્કમતા દાખવે એની બાકીની દુનિયા આતુરતાપૂર્વક રાહ જોઇ રહી છે. આ સૌથી વધારે કીંમતી બક્ષીસ છે કે જે ભારત દુનિયાને ભેટ ધરી શકે છે અને માણસોને કે પશુઓને મર્યા સિવાય કે ઇજા પહોંચાડ્યા સિવાય ઉન્નતિના રાહ ઉપર આગળ વધી રહેલી એવી એક આબાદ અને પ્રાણવાન પ્રજાનાં જે દુનિયા દર્શન કરી શકે તો વિશ્વશાન્તિ અને ભ્રાતૃભાવને વેગ આપવાની દિશાએ તેનો પ્રભાવ અસાધારણ પડવાનો.'

"તેવી જ રીતે પ્રોફેસર હેન્રી બેયલી સ્ટીવન્સ જેઓ અમેરિકામાં બેતી વિભાગના ડાયરેક્ટર છે તેમણે કોંગ્રેસમાંથી પાછા ફર્યા બાદ મોકલેલા એક પત્રમાં જણાવ્યું છે કે:–

'અનેક રૂઢિ, પરંપરા અને સંપ્રદાયના વાતાવરણથી વ્યાપ્ત એવા ભારતની હૃદયતંત્રીમાં આ કોંગ્રેસે એક નવો સુર, નવી ઝણઝણાટી પેદા કરી છે.

* * *

'ગાંધીજીના માનમાં મદ્રાસ ખાતે ભરવામાં આવેલી એક સભામાં મેં કહ્યું હતું કે જેમાં સંહાર ઉપર સંહારની પરંપરા ચાલી રહી છે એવી આ એક ભયંકર સદી છે અને જો તેને ગાંધીએ પ્રગટાવેલી જ્યોતનો પ્રકાશ પ્રાપ્ત થયો ન હોત તો આજે ચોતરફ ઘોર અંધકારથી ભરેલા યુગમાં આપણે બધાં આમ તેમ અથડાતા હોત.'

'કોંગ્રેસના અધિવેશનોની વિગતો ભારતની અહિંસાની ભાવના, ઉત્સાહ અને ત્યાગનો અપૂર્વ ઇતિહાસ બની ગયો છે. સરકારી અને સાંસ્કૃતિક સમાજે કોંગ્રેસને પુરતો સહકાર આપ્યો એ તેની સફળતા માટે જવાબદાર છે. "દરેક કેન્દ્રપદ ગવર્નરોથી માંડીને દરેક કોંગ્રેસ ડેલીગેટોને આદરપૂર્વક નોતર્યા અને તેમની સાથે નિખાલસ ચર્ચા કરી. દીલ્હી ખાતે રાષ્ટ્રપતિભવન માંહેના સ્વાગત સમારંભમાં ડો. રાજેન્દ્રપ્રસાદે ડેલીગેટોને ખાત્રી આપી કે **માંસાહારનો સરકારી તોર પર પ્રચાર કરવાની નીતિ ભારત સરકારે** સ્વીકારી નથી અને સ્વીકારશે નહિ. માંસ બજાર રીપોર્ટ માંહેની તેવી હકીકતો એ કેવળ અતિ

ઉત્સાહી માંસભોજી અધિકારીઓના પોતાના મન્તવ્યો હશે. ખોરાક અને ખેતી વિભાગના મંત્રી શ્રી અજીતપ્રસાદ જૈને અને આરોગ્ય-વિભાગના મંત્રી શ્રી કરમારકરે પણ ડેલીગેટોને ઉપર મુજબની ખાત્રી આપી હતી અને વાંદરાની નિકાસ અંગે પણ ફરી વિચારવાનું સ્વીકાર્યું હતું. સિંચાઈ અને વિજળીના મંત્રી અને આજના પ્રમુખ શ્રી પાટીલે પણ ડેલીગેટોને નોતરી ભારતની અહિંસક સંસ્કૃતિ ક્રિયાત્મક રહેવાની ખાત્રી આપી હતી તથા પંડિત નહેરૂએ પણ ડેલીગેટોને પોતાના નિવાસ પર મુલાકાત આપી પ્રાણીપ્રેમ અને દયામાં તેઓ માનતા હોવાની ખાત્રી આપી હતી.

"તેવીજ રીતે દેશના પ્રથમ પંક્તિના અર્થશાસ્ત્રીઓ, ડૉ. વી. કે. આરવી રાવે દીલ્હી યુનીવરસીટીના વાઇસ ચેન્સલેર, ડૉ. ચિંતામણ દેશમુખ–માજી અર્થમંત્રીએ પણ ભારપૂર્વક જણાવ્યું કે આર્થિક દૃષ્ટીએ ભારત માટે તો નિરામિષાહારમાં જ ખોરાકના પ્રશ્નનો ઉકેલ રહેલ છે. અને ઇન્ડીયન મેડીકલ એસોસિએશનના પ્રમુખ અને અન્ય ડોકટરોએ દરેક સ્થળે આધારપૂર્વક જાહેર કર્યું કે અન્નફળશાકાહાર એ વિજ્ઞાન અને તંદુરસ્તીની દૃષ્ટિએ સંપૂર્ણ અને લાભદાયક ખોરાક છે.

આ રીતે હિંદની ચારે દિશામાં, ભિન્ન ભિન્ન વિચારધારાવાળા પક્ષોમાં અને ભારતની જનતા સમક્ષ અન્નફળશાકાહારની શ્રેષ્ઠતા અંગે પ્રબળ લોકમત જાગૃત થયો છે. તેના અધિક પ્રચારમાં કોંગ્રેસના સંપૂર્ણ અહિંસાધ્યેયની સિદ્ધિ રહેલી છે.

"આ મહાન કાર્યની સફળતા માટે જનતા જનાર્દનનો સાથ જવાબદાર છે. જે મંડળોએ કોંગ્રેસને નોતરી તેઓ આજના અભિનંદનના મુખ્ય ભાગીદાર છે. તેવીજ રીતે ઓલ ઇન્ડીયા રીસેપ્શન કમિટિ, તેના સભ્યો, સહાયકો અને પેટા કમિટિઓના ઓધ્યેદારો કોંગ્રેસના સફળ આયોજનના યશના ભાગીદારો છે. જૈન સંઘો, અહિંસક સમાજ, સંસ્થાઓ અને વર્તમાનપત્રોએ આપેલા સાથ માટે આ તકે હું તેમનો આભાર માનું છું. એ બધાનો આ રીતે જાહેર આભાર માનવાની મને આજે મુંબઈ જૈન યુવક સંઘે આપેલી તક માટે તેમનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. અને સમગ્ર કાર્યના આયોજનમાં એકસરખો ભાગ લેનાર શ્રીમતિ રૂકમણીદેવી એરંડેલ, જોડીયા માનદ્ મંત્રીઓ શ્રી મગનલાલ શાહ, શ્રી દસ્તુરજી બોદ્, શ્રી મગનલાલ પી. દોશી તથા શ્રી મહેરા વકીલનો ખાસ આભાર માનું છું."

ત્યાર બાદ **શ્રી લીલાવતી બહેન દેવીદાસે** અનેક રોકાણો-માંથી આજની સભા માટે વખત કાઢીને સભાનું પ્રમુખપદ શોભાવવા માટે માનનીય કેન્દ્રસ્થ પ્રધાન શ્રી એસ. કે. પાટીલનો, શ્રી જયન્તીલાલ માનકરનો, તેમ જ વિવિધ વકતાઓનો શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આભાર માન્યો હતો, પ્રમુખશ્રીનું પુલહારથી સન્માન કર્યું હતું અને ત્યાર બાદ શ્રી માધુભાઇ પટેલ, જેમના ભજનથી આ સંમેલનનો પ્રારંભ થયો હતો તેમણે જન મન ગણ–રાષ્ટ્ર ગીત ગાયું અને સંમેલન વિસર્જિત કરવામાં આવ્યું.

રાજ્યભાષાના પ્રશ્ન પરત્વે પં. નહેરૂએ કરેલી સ્પષ્ટતા

ગૌહતી કોંગ્રેસે રાજ્યભાષા અંગે પસાર કરેલા ઠરાવ સંબંધમાં પં. નહેરૂએ નીચે મુજબ સ્પષ્ટતા કરી હતી.

ચૌદ રાષ્ટ્રીય ભાષાઓ પૈકી ગમે તે એકનો અખિલ ભારતીય કામકાજ માટે સત્તાવાર ભાષા તરીકે ઉપયોગ કરવાનું જો કે થોડું અગવડભર્યું છે છતાં એ બાબતનો ઇન્કાર કરવામાં આવતો નથી. ભાષાના પ્રશ્ન વિષેની સારીયે 'દલીલ'નું "નોંધપાત્ર મર્યાદિત સ્વરૂપ" છે. આ આખોય સવાલ કેટલાક અખિલ ભારતીય કામકાજ માટેના હેતુઓ માટે અંગ્રેજીનો ઉપયોગ કરવા પૂરતો મર્યાદિત સરળ મુદ્દો છે. ભાષાઓના પ્રશ્ન પર વ્યાપકપણે સમજૂતી પ્રવર્તે છે એ ભૂલવું ન જોઇએ. સર્વસામાન્ય સમજૂતીનું ક્ષેત્ર વ્યાપક હતું અને સમજૂતી ન થઇ શકી હોય એવા મુદ્દાઓ જૂજ જ હતા એ લોકો ભૂલી ગયા છે. વિવાદગ્રસ્ત મુદ્દાઓ બહુ જ જૂજ છે. હું ધારું છું કે આ એક મહત્ત્વની હકીકત છે એ ભૂલવું ન જોઇએ.

પાકીસ્તાનમાં આખરે બંગાળીનો સ્વીકાર કરવો પડયો હતો એમ શ્રી હનુમંથૈયા કહે છે ત્યારે એમણે ભૂલવું ન જોઇએ કે પાકીસ્તાનમાં એ સવાલ ત્યારે જ ઉદ્‌ભવ્યો હતો જ્યારે બંગાળીનો રાષ્ટ્રીય ભાષા તરીકે સ્વીકાર કરવામાં આવ્યો નહોતો. આપણે આપણા બંધારણમાં ચૌદ ભાષાઓને રાષ્ટ્રીય ભાષા તરીકે સ્વીકારી છે. આપણે ત્યાં શ્રી હનુમંથૈયા કહે છે એવો કોઈ સવાલ જ ઉભો નથી થતો. આપણી આ ચૌદે ભાષાઓનો તેમના પોતપોતાના પ્રદેશોમાં સમાન દરજ્જે સ્વીકારવામાં આવ્યો છે. આમાંની બધી જ તેમનાં પોતાનાં રાજ્યોમાં નહીં પણ ભારતના કોઈ પણ ભાગમાં રાષ્ટ્રીય ભાષાઓ જ છે. એ ભાષાનો ઉપયોગકરવાનો દરેક વ્યક્તિને અધિકાર છે. દિલ્હી શહેરમાં પૂરતા પ્રમાણમાં તામિલભાષી લોકો હોય તો તેમનાં બાળકોને તામિલમાં શીખવવા પ્રાથમિક શાળાની માગણી કરવાનો એમને અધિકાર છે. આવી રીતે કોઇ પણ શહેરમાં કોઇ પણ રાષ્ટ્રીય ભાષાની પ્રાથમિક શાળા માટેની માગણી કરવાનો અધિકાર છે. આ બધી જ રાષ્ટ્રીય ભાષાઓ છે. લોકોને, તામિલ, મલાયલમ, કે તેલુગુ ભાષામાં મને પત્ર લખવાનો અધિકાર છે. અને તે મારે સ્વીકારવો રહ્યો. જો કે ભારતની જુદી જુદી ભાષાઓમાં લખાયેલા પત્રોના જવાબ આપવામાં મને 'થોડો વધુ વખત' લાગે ખરો, પણ પાયાની વાત તો એ છે કે લોકો ભારતની કોઇ પણ ભાષામાં મને પત્ર લખી શકે છે.

કોઇ પણ રાજ્યમાં રાષ્ટ્રીય ભાષાઓનું સ્થાન મહત્ત્વનું છે. એટલુંજ નહિ પણ પોતાના રાજ્યના સંબંધમાં એ રાજ્યની ભાષાનું સ્થાન એથીય વિશેષ મહત્ત્વનું છે એ હકીકત છે. એ રાજ્યમાં એ રાજ્યની ભાષાનો જ વિકાસ થશે અને તે અંગ્રેજીના ભોગે થશે. મદ્રાસમાં હિંદીના ભોગે તામિલ ભાષાના વિકાસનો પ્રશ્ન જ નથી. તામિલ અંગ્રેજીના ભોગે જ વિકસવાની છે. બીજે પણ આમ બનશે.

તમે બધા જ સમજી શકો એમ છો કે મારા ભણતર વગેરેનો ખ્યાલ કરતાં હું અંગ્રેજીનો વિરોધી નથી. અંગ્રેજી આપણે ચાલુ રાખવા માગીએ છીએ, બીજી ઘણી બાબતો આપણે ચાલુ રાખવા માગીએ છીએ પણ એથી એ કહેવું જરૂરી નથી કે આપણામાંના ઘણા અને આપણા બાપદાદાઓ અંગ્રેજીમાં ઊછર્યા હતા અને દેશ-ભક્તિના પાઠો આપણે અંગ્રેજી મારફતે શીખ્યા છીએ. જે મુખ્ય મુદ્દો હું તમારા ધ્યાન પર લાવવા માગું છું તે એ છે કે કોઇ પણ પ્રદેશ (રાજ્ય)નું કામકાજ એ પ્રદેશની ભાષામાં જ ચાલવાનું છે. એ કેવી રીતે કરવું એ રાજ્યે નક્કી કરવાનું છે. રાજ્યની (પ્રાદેશિક) ભાષામાં કેટલી હદે કામ ચલાવી શકાશે અને અંગ્રેજીમાં રાજ્યની ભાષામાં ક્રમશઃ પલટો કયા ક્રમે કરવો એ નક્કી કરવાનું કામ રાજ્યનું છે.

એ ધ્યાન રાખવું જોઇએ કે આવો પલટો હિંદી પરથી થવાનો નથી. જે ખરો પલટો થવાનો છે એમાં અંગ્રેજી પરથી રાજ્યની ભાષા પર આવવાનું છે. તમારે રાજ્યની ભાષાને અપનાવવાની છે. કારણ કે પાયાનો ફેરફાર એ શિક્ષણના માધ્યમનો છે અને શિક્ષણનું માધ્યમ રાજ્યની ભાષા–માતૃભાષા–જ થઇ શકે. અંગ્રેજી કદી થઇ શકે નહીં. કોઇએ એવું સૂચવ્યું પણ નથી.

હું અને તમારામાંના ઘણા અંગ્રેજી શીખ્યા છીએ. આપણે માટે તો આપણી માતૃભાષા ન હોવા છતાં અંગ્રેજી શિક્ષણનું માધ્યમ હતું. **અંગ્રેજી હવે ભારત છોડે એ અનિવાર્ય છે.** અંગ્રેજીને તમે બીજું ગમે તે સ્થાન આપો પણ શિક્ષણના માધ્યમનો પલટો એ પાયાનો પલટો છે. એ પલટો આવે છે, આવ્યો છે અને આવવાનો છે. આથી રાજ્યોને લાગેવળગે છે ત્યાં સુધી હવે રાજ્યની ભાષા અંગે કોઇ મુદ્દો ઊઠતો જ નથી. રાજ્યોએ ખરી રીતે ભારતની બધી જ ભાષાઓનો સ્વીકાર કરવો રહ્યો. આ બધી જ ભાષાઓ બંધારણ પ્રમાણે રાષ્ટ્રીય ભાષાઓ છે.

સવાલ માત્ર જુદાં જુદાં રાજ્યો વચ્ચે અખિલ ભારતીય સરકારી કામકાજ માટેની ભાષાનો–કડીરૂપ સમાન ભાષાનો–છે. એ યાદ રાખવું જોઇએ કે "સરકારી કામકાજની ભાષા"નો સવાલ છે. હકીકત એ છે કે સરકારી કામકાજ માટે પણ અખિલ ભારતીય કામકાજ માટે ગમે

તે ભાષાનો ઉપયોગ કરી શકાય છે. દરેક રાજ્યની ભાષા સરકારી ભાષા છે. અને તેનો અખિલ ભારતીય કામકાજ માટે ઉપયોગ કરી શકાય છે. એ વાતનો ઈન્કાર કરવામાં આવતો નથી. પણ એથી થોડી અગવડ ઊભી થાય, એ ખરું છે.

આમ આ આખોયે સવાલ આ મુદ્દા પૂરતો મર્યાદિત બની જાય છે. આપણે યાદ રાખવું જોઇએ કે મોટા ભાગના કામકાજને માટે અંગ્રેજીનો ઉપયોગ બંધ થઈ જશે એટલે શિક્ષણના માધ્યમ તરીકે અને આજે જે હેતુઓ માટે રાજ્યોમાં અંગ્રેજીનો ઉપયોગ થાય છે તે બંધ થઇ જશે. આ હેતુઓ માટે રાજ્યમાં અંગ્રેજીનો ઉપયોગ ક્રમશઃ બંધ થશે. આ કામ ક્રમશઃ થશે છતાં એ થશે એ ચોક્કસ છે. આથી અંગ્રેજીના ઉપયોગનો સવાલ કેટલાંક અખિલ ભારતીય કામકાજ પૂરતો મર્યાદિત બની જાય છે.

ભાષા અંગેના આ ઠરાવમાં કેટલાક સિદ્ધાંતો અને વ્યાપક દૃષ્ટિકોણને ખ્યાલમાં રાખવામાં આવ્યા છે. કેટલાક નાના–મહત્ત્વના છતાં નાના–મુદ્દાઓનો આમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. કોંગ્રેસના ઠરાવમાં બધા જ મુદ્દાઓનો વિગતવાર સમાવેશ કરવાનું શકય નથી. વિસ્તૃત સ્વરૂપ જ રજૂ કરી શકાય. કોંગ્રેસે પોતે જે નીતિ અનુસરવાની હોય તેની વ્યાપક રજૂઆત કરવી જોઇએ એ સાચું છે. પણ બધી જ વિગતો ભાગ્યે જ આપી શકાય. કોંગ્રેસ કારોબારી અને કોંગ્રેસ મહાસમિતિના પાછલા ઠરાવોમાં કેટલીક વિગતો આપવામાં આવી છે. કેળવણી અને નોકરીઓની બાબતમાં અ-હિંદી-ભાષી વિસ્તારની કોઈ પણ વ્યક્તિને અખિલ ભારતીય ભાષાના મુદ્દા પર કે નોકરીઓની બાબતમાં ખમવું ન પડે એ હેતુથી આ મુદ્દાઓને વિચારવામાં આવ્યા છે. ગૂંચવણભરી બાબતોનો વિગતવાર વિચાર કરવાનું કામ સમિતિ પર છોડી દેવું જોઇએ. સમિતિની ઉપેક્ષા કરવી કે એને આદેશો આપવા બરાબર નથી. જો કોંગ્રેસનાં વાર્ષિક અધિવેશનો દરેક સવાલ માટે આદેશો આપવાનું શરૂ કરી દેશે તો એ સરકારને મૂંઝવણમાં મૂકી દેશે.

ભાષા અંગેના ઠરાવમાં એ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે (સમિતિનો) ભાષાના સવાલ અંગેનો નિર્ણય વ્યાપક સ્વીકાર થાય એવો હોવો જોઇએ. બહુમતીએ લઘુમતી પર લાદેલો નિર્ણય ન હોવો જોઇએ. એટલે કે પ્રવર્તતા સામાન્ય લોકમતને ખ્યાલમાં રાખીને આવા નિર્ણયો લેવા જોઇએ. વધુમાં ઠરાવમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે જે નિર્ણય લેવામાં આવે તે પલટાતા સંજોગોને અનુકૂળ થાય એવો હોવો જોઇએ. જે કાંઈ પરિવર્તન કરવામાં આવે તે ક્રમશઃ અને પલટાતા સમયને અનુકૂળ હોવું જોઇએ કારણ કે આપણે એક નાજુક અને જીવંત સમસ્યા ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ભાષાનો સવાલ એ ભારતની જુદી જુદી રાષ્ટ્રીય ભાષાઓ વચ્ચે 'સમાન કડી' શોધી કાઢવા પૂરતો મર્યાદિત સવાલ છે. એ 'સમાન કડી' ભારતની જુદી જુદી રાષ્ટ્રીય ભાષાઓ પૈકીની એક હોવી જોઇએ કે અંગ્રેજી? અંગ્રેજી પ્રત્યે મારો પોતાનો પક્ષપાત છે, અંગ્રેજીનો અભ્યાસ ભારતમાં ચાલુ રહે એટલું જ નહીં પણ વધુ ફેલાય એમ હું ઈચ્છું છું; છતાં કોઈ અંગ્રેજી ભારતની રાષ્ટ્રભાષા છે એમ કહે એ હું કલ્પી શકતો નથી, સમજી શકતો નથી. હું ઇચ્છું કે લોકો ખ્યાલ રાખે કે અંગ્રેજી રાષ્ટ્રભાષા છે એમ કહેવું સત્યથી વિરુદ્ધ છે, એ જુઠું છે. આવી દલીલ જ કેવી રીતે કરી શકાય એ હું સમજી શકતો નથી. અંગ્રેજીનો કયાં સુધી ઉપયોગ કરવો અથવા અંગ્રેજી અને હિંદીનો કેટલાક વહેવારુ હેતુઓ માટે, સાથે સાથે ઉપયોગ કરવો એ વિચારવા જેવી બાબત છે.

વિદેશપ્રધાન તરીકે વિદેશો સાથેના કામકાજમાં અંગ્રેજી નહીં બોલનાર દેશોને અંગ્રેજીમાં દસ્તાવેજો મોકલતાં હું મૂંઝાતો હતો. દુનિયા અંગ્રેજીભાષી દેશો કરતાં ઘણી મોટી છે. મેં તેમને (અંગ્રેજી નહીં બોલનાર દેશોને) અંગ્રેજીમાં દસ્તાવેજો મોકલવાનું બંધ કરી દીધું અને હિંદીમાં મોકલવાનું શરૂ કર્યું. સાથે સાથે તેમની સગવડ ખાતર અંગ્રેજી અનુવાદની પ્રત મોકલીએ છીએ. પણ અસલ તો હિંદીને જ ગણવામાં આવે છે. રશિયા અને ચીનથી જે દસ્તાવેજો આપણા પર આવે છે તે રશિયન અને ચીની ભાષામાં આવે છે; એનો અંગ્રેજી અનુવાદ આવે છે એ એક બીજી વાત છે. એ ગમે તેમ હોય પણ અંગ્રેજી ભારતની રાષ્ટ્રભાષા છે એમ દુનિયા સમક્ષ કહેવું એ વિચિત્ર વાત છે, પણ આમ કેટલાકે કહ્યું છે.

ભારતની બધી ભાષાઓ વચ્ચે 'સમાન કડી' ની આવશ્યકતા છે. સંયોગોને લઈને હિંદી સિવાય બીજી કોઇ ભાષા આ 'કડી' બની શકે એમ નથી. હું પ્રમાણિકપણે માનું છું કે ભારતની કેટલીક ભાષાઓ જેવી કે તામિલ, બંગાળી, ગુજરાતી, મરાઠી વગેરે હિંદી કરતાં વધારે વિકાસ પામેલી છે. પણ માત્ર સગવડને ખાતર હિંદી જ એક એવી ભાષા છે કે જે 'સમાન કડી' તરીકે અનુકૂળ આવે એમ છે.

આપણે જે સંકુચિત મુદ્દાની ચર્ચા કરી રહ્યા છીએ તે આખરે તો એ છે કે અખિલ ભારતીય સરકારી પત્રવ્યવહાર અને વહીવટના મર્યાદિત ક્ષેત્રમાં આ બાબતમાં શું કરવું જોઇએ. કોઇ બહુ મોટો કે ઉગ્ર ફેરફાર એકદમ કરવામાં ડહાપણ નથી, એમાં મને જરાયે શંકા નથી. કોઈ ચોક્કસ તારીખ નક્કી કરવાનો સવાલ એ બીજો જ મુદ્દો છે. મને લાગે છે કે અમુક સમય સુધી હિંદી અને અંગ્રેજીનો સાથે સાથે ઉપયોગ થઇ શકે. અને કોઈ બાબતમાં કોઇ વખતે અંગ્રેજી કે હિંદીનો ઉપયોગ કરવાની મનાઇ કરવામાં ન આવે; આ આખીયે બાબતતાં પલટાતી પરિસ્થિતિને અનુકૂળ દૃષ્ટિકોણ રાખવો જોઇએ. પરિસ્થિતિને વખતોવખત તપાસવી જોઇએ અને કયું પગલું લેવું એ નક્કી કરવું જોઇએ.

અંગ્રેજીને રાષ્ટ્રભાષા બનાવવી એ સાવ ખોટી વાત છે એમ અમે માનીએ છીએ કારણ કે એથી આપણી ભાષાનો વિકાસ રૂંધાશે. તેથી એ મુદ્દાને બાદ કરીને બધા જ મુદ્દાઓનો વિચાર કરીને અમે ભાષાનો ઠરાવ ઘડ્યો છે. દરેક પગલું ક્રમશઃ અને પલટાતી પરિસ્થિતિને અનુકૂળ હોવું જોઇએ અને કોઇ પણ પરિવર્તન પ્રવર્તતા સામાન્ય અભિપ્રાયને લક્ષમાં રાખીને કરવું જોઇએ. આ બાબતમાં આથી વિશેષ શું થઈ શકે એ હું સમજી શકતો નથી. આથી હું આ ઠરાવને એક વિકટ સમસ્યાના વાજબી ઉકેલ તરીકે સ્વીકારવાની ભલામણ કરું છું.

જયાબહેન દાણીનો પત્ર

(ભાવનગર મહિલા વિદ્યાલયનાં આચાર્ય શ્રી જયાબહેન દાણી પોતાની સંસ્થાના વહીવટી અને શૈક્ષણિક કાર્ય સાથે એ પ્રદેશમાં વસતી અકળાયલી, મુંઝાયલી, આર્થિક ભીંસના કારણે પોતાના કે પોતાનાં બાળકોના નિર્વાહ અંગે અથવા તો જરૂરી ઔષધોપચાર અંગે અવશતા અનુભવતી બહેનોને એક યા બીજી રીતે રાહત આપવાનું અથવા તો મદદ પહોંચાડવાનું કાર્ય કેટલાએક સમયથી કરી રહ્યાં છે. આ કાર્યને પહોંચી વળવા માટે દ્રવ્ય સિવાય તો ચાલે જ નહિ. ગયા વર્ષે તેમના આ કાર્ય અંગેની એક અપીલ–વિજ્ઞપ્તિ–પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલી. તે વાંચીને પોતાનું દિલ હલી જતાં એક શ્રીમાન મિત્રે જુદા જુદા ગાળે રૂા. ૫૦૦ની રકમ બે વાર મોકલેલી અને બીજી પણ સો સવાસોની રકમ મળેલી જે તેમને પહોંચાડવામાં આવેલી. આવા કાર્યમાં નાણાંની ખેંચ તો હંમેશાં રહેવાની જ, કારણ કે જેમ જેમ આસપાસના લોકોને તેમની આ પરગજુ પ્રવૃત્તિની ખબર પડતી જાય તેમ તેમ તેમની માંગ, આજના સમયમાં સ્વાભાવિક રીતે, વધતી જ જવાની, દીવાળી ઉપર આ સંબંધમાં ઉપર જણાવેલ શ્રીમાન મિત્રને લખતાં તેમણે તરતજ રૂા. ૫૦૦ મોકલી આપ્યા. અને પછી પંદર વીશ દિવસના ગાળામાં, જયાબહેન આ કાર્ય મુકત મને કરી શકે એવા ભાવથી, વણમાંગ્યે વણલખ્યે બીજા રૂા. ૫૦૦ મોકલી આપ્યા. આમ જ્યારે રકમ ઉપર રકમ આવે ત્યારે તેના ઉપયોગનો વ્યવસ્થિત હિસાબ રાખી શકાય તો સારૂં કે જેથી કોઈ પણ એ સંબંધમાં આપણને પૂછે તો તેને આ રીતે મળતી રકમો અંગે પૂરો સંતોષ આપી શકાય–આવી સૂચના મેં એક પત્ર દ્વારા જયાબહેનને કરેલી. તેનો જયાબહેન તરફથી આવેલો જવાબ તેમની અનુમતિથી નીચે પ્રગટ કરૂં છું–એવા ભાવથી કે પ્રબુધ્ધ જીવનના વાંચકો જયાબહેનના દયાર્દ્ર–કરૂણાપરાયણ–આત્માને પીછાણે અને તેમના રાહતકાર્યમાં મદદરૂપ થવા પ્રેરાય. પરમાનંદ)

શ્રી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ
ભાવનગર, તા. ૨-૧૨-૫૭

પ્રિય ભાઇ,

તમારૂં તા. ૨૫ નું કવર મળ્યું. વાંચી આનંદ થયો. તમારી તટસ્થતા હું જાણું છું. નિમિત્ત બનવાથી પણ કેવાં પુણ્યનાં કામો કરાવી શકાય છે ? જે ભાઇએ રૂા. ૫૦૦ ફરી આપ્યા એમનો મારા તરફથી આભાર માનશો. એમના દાનનો સદુપયોગ થાય છે અને થવાનો છે. કેટલાયની ઉકળતી આંતરડી ઠરીને હીમ થાય છે. જ્યારે એવા લોકો મારો આભાર માનતા હોય છે ત્યારે હું તમારો અને વધુ તો દાતાનો આભાર માનું છું. જો મારી પાસે પૈસા જ ન હોય તો હું કશું જ ન કરી શકું. વર્ષોથી મને અનુભવ છે કે મેં રાત અને દિવસ ભટકીને, લખીને કે રૂબરૂ મળીને, આવાં કામો માટે ભીખ માગી છે. આજે મને એક એવા મુંગા અને દયાવાન દાતા સાંપડયા છે કે જેમની મદદ વડે પાત્રો તપાસી યોગ્ય સ્થાને દાન દેવાની શાંતિ અને સમય મેળવી શકું છું. મારા હૈયામાં મને પરમ શાંતિ અને નચિંતતા છે કે આજ સુધીના મારાં છૂપાં અને દેખાતાં કાર્યોમાં જે રકમ વપરાતી આવી છે તે યોગ્ય જ છે અને રહેશે. મારી થેલીમાં બે પાકીટો હોય છે: એક મારૂં અંગત અને બીજું આ કામો અંગેનું, જે અણધાર્યા સંયોગો ઘણી વખત ઉભા થાય ત્યારે ઉપયોગમાં આવી જાય છે. મારે હાથે નાનાં નાનાં એટલાં કામો થતાં હોય છે કે બધાંની નોંધ રાખતાં મારો સમય ઘણો જાય. એ ઉપરાંત મારા માથે શિક્ષણના અને સામાજિક પ્રશ્નોના ઉકેલનાં એટલાં બધાં કામો રહે છે કે સમય નથી મળતો. જે સમય મળે છે તેમાં આવી જરૂરીઆતવાળી વ્યક્તિઓની ખબર પડે ત્યાં દોડી જઇ સહાય કરવામાં જાય છે. ચોવીસ કલાક ઓછા પડે છે. પ્રભુની કોઈ જગ્યાએ કચેરી હોય, એનું શીરનામું હોય તો અરજી કરવી છે કે દિવસના કલાકો વધારે. આ તો જરાક રમુજ. તમારી સૂચના મને ગમી છે, પણ કામ ખૂબ વધશે. મારા મનમાં તો એ અંગેનો જરાય બોજો નથી. હૈયું ભારે નથી. હું તો જેમની પાસે પૈસા માગું છું એમને કહું જ છું કે ભાઇ ! આ પૈસાનો બરાબર સદુપયોગ થશે એની ખાત્રી રાખજો. પ્રભુ પૂછે તો પણ એનો પ્રમાણિક જવાબ હું આપું એટલી સ્પષ્ટતા મારા મનમાં છે, એટલે હિસાબ લખવાની જરૂર મને લાગતી નથી; છતાં તમે જણાવો તો લખું. તમે તો એક મારા નિસ્વાર્થી ભાઇ તરીકે મને સૂચના આપી છે. એની પાછળનો તમારો ભાવ હું બરાબર સમજી છું. એવા સંયોગો ઉભા થાય તો આપણે જવાબ આપી શકીએ એ વાત પણ સાચી. ખરૂં કહું ભાઇ, કેટલાક વર્ષો સુધી તો મેં મારી પાસે જે બચત રહેતી તે આવા કામમાં વાપરી. કામ વધ્યું એટલે બીજા પાસે હાથ લાંબો કરવાનું મને સૂઝયું. હજી પણ અંગત તો શરૂ છે જ. મારા કામોનો ઈશ્વર જ સાક્ષી છે એમ સમજી કામ કરૂં છું અને કરીશ. જે ભાઇઓ મને રકમ આપે તેઓ સમજે કે આ રકમ સ્થાને વપરાશે. મને આશા છે કે તમે મારો ભાવ સમજી જશો.

કાલે જ એક ટી. બી. ના દર્દી બહેનને લઇને એક ભાઇ આવ્યા. બહેન બિચારાં વિધવા હતાં. એનું કોઈ નહોતું. એ ભાઇને ખબર પડી કે હું આવાંઓની પડખે ઉભી છું એટલે મારી પાસે લાવ્યા. હું તુરત જ બહેનને મોટા દવાખાને લઇ ગઇ, ડોકટર પાસે તપાસાવ્યા, ટી. બી. સ્પષ્ટ હતો. જીથરી મૂકવાની ભલામણ થતાં એની વ્યવસ્થા કરવા મસ્તરામ-ભાઇ પાસે ગઇ. દાખલ કરવા માટે ભલામણ લખાવી લીધી અને જીથરી મૂકવા ગઇ. ત્યાં તો ભરતી બહુ છે. માંડ જગ્યા મેળવી શકી છું. સારવાર કાલથી ચાલુ થઇ છે ઇન્જેકશનો અને દવા વગેરે પહોંચાડી દીધાં છે. ભલામણ પૂરતી કરી ઘેર આવી. અમુક વખતે સમય મળતાં, જતાં આવતાં એની ખબર લેતી રહીશ. અને જોઇતી વસ્તુઓ પહોંચાડતી રહીશ,

એક અઢીથી ત્રણ વર્ષનું-બાળક છે, એને બાળલકવો થઇ ગયો હશે. વર્ષોથી હેરાન તું હશે. મારી પાસે એની મા લઇને આવી. એ બાઈ પણ વિધવા. એક જ દિકરો છે. એને કોઈ આધાર નથી. મેં જઇને હાડવૈદ ભુવો અહીં વખણાય છે તેને બતાવ્યો. માલીસ વગેરે કરવાનું શરૂ કરેલ છે. લાંબો સમય લાગશે, પણ મટી જશે એમ કહ્યું, મેં બહેનને ધીરજ રાખવા કહ્યું અને બીજી સગવડો હું આપીશ એમ કહી એને નચિંત કરી. પૈસાને અભાવે આજ સુધી એ બાઇ અટકી હતી. આટલી સગવડ થઇ એથી એના ચહેરા ઉપર કેટલો આનંદ આવ્યો ? હર્ષનાં આંસુઓ તેની આંખમાંથી સરી પડયાં. મારો આભાર માનતી હતી તે જ પળે હું તમારો અને દાતાનો અંતરથી આભાર માનતી હતી. કેટલું કે લખું ? હું અને તમે માત્ર નિમિત્ત છીએ, ખરો યશ તો દાતાને ફાળે જાય છે. મારા વતી એમનો આભાર જરૂર માનશો.

જયાબેન દાણી

'દર્શન અને ચિન્તન'

એક સંવેદન

(પ્રબુદ્ધ જીવનના વાચકોને યાદ હશે કે પં. સુખલાલજી સન્માન સમિતિ તરફથી આજથી આઠ મહીના પહેલાં પં. સુખલાલજીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ ત્રણ વિભાગમાં બહાર પાડવામાં આવેલ છે, જેની કીંમત રૂા. ૨૧ છે અને તેનું પોસ્ટેજ રૂા. ૪. છે. આ વિભાગો મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલય–૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩ માંથી મળી શકે છે.

આ તો 'દર્શન ચિન્તન'ની સ્થૂળ જાહેરાત થઈ. આ 'દર્શન અને ચિન્તન'ના આજના સામયિકોમાં પ્રગટ થઇ રહેલાં વિવિધ અવ-લોકનો પ્રબુદ્ધ જીવનના વાચકોના જોવામાં આવ્યા હશે. નીચે આપવામાં આવેલ છે તે આવું કોઇ અવલોકન નથી પણ જિજ્ઞાસા ધરાવતા એક ગૃહસ્થનું આન્તરસંવેદન છે. મહેસાણાવાસી વકીલ શ્રી વલ્લભદાસ વીરપાલ શેઠે ઉપર જણાવેલ ત્રણ વિભાગો વાંચ્યા બાદ તરતમાં જ તેમના એક મિત્ર ઉપર બે પત્રો લખીને પંડિતજીની માત્ર વિદ્વત્તા નહિ પણ મૌલિક વિચારણાથી પ્રભાવિત બનેલા પોતાના મન ઉપર પડેલી છાપને શબ્દાંકિત કરવાનો જે પ્રયાસ કર્યો છે તે નીચે રજુ કરવામાં આવે છે. આશા છે કે આ પત્રોનું વાચન પ્રબુદ્ધ જીવનના વાચકોને પંડિત સુખલાલજીના આ વિપુલ લેખસંગ્રહ તરફ જ માત્ર નહિ, પણ તેમના લખેલાં અનેક પુસ્તકો અને વિવેચનોના અભ્યાસ તરફ આકર્ષિત કરશે. પરમાનંદ)

પ્રિય ભાઇશ્રી, મહેસાણા, તા. ૩૧–૮–૫૭

વિ. હું તા. ૯ મીએ અમદાવાદ આવ્યો ત્યારે સ્વાભાવિક રીતે જ તમોને મળવા તમારી દુકાને આવ્યો તે વખતે મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે તેમાં પણ કુદરતનો કંઈ સંકેત હતો.

તમોએ તે વખતે પ્રેમથી મને પંડિત સુખલાલજીનાં ત્રણ પુસ્તકો ભેટ આપ્યાં તે વખતે પણ ખ્યાલ ન હતો કે ભેટનો મર્મ શું છે.

અહીં આવી પુસ્તક પહેલું વાંચવાનું શરૂ કર્યું પણ રોજની પ્રવૃત્તિમાં કેટલો ટાઇમ મળે ? ત્યાં તો પર્યુષણપર્વ આવ્યાં. પર્યુષણના આઠ દિવસ હું કોર્ટમાં જતો નથી. ઉપાશ્રય પણ જતો નથી. આઠ દિવસમાં સાધારણ રીતે એક માત્ર પ્રવૃત્તિ રહે છે–ધાર્મિક પુસ્તકોનું વાંચન. હમણાં છેલ્લાં થોડાં વર્ષોથી તો પર્યુષણમાં શ્રી યશોવિજયજીનું પુસ્તક 'વૈરાગ્ય કલ્પલતા' વાંચતો. આ વખતે તમોએ ભેટ આપેલ પુસ્તકો વાંચવાનો સારો ટાઇમ મળ્યો. તા. ૨૧-૮-૫૭ થી તા. ૨૮-૮-૫૭ સુધીમાં ગુજરાતી બે પુસ્તકો પુરાં કર્યાં અને હવે હિંદી પુસ્તક શરૂ કર્યું છે. તેનાં પણ લગભગ ૨૦૦ પૃષ્ઠ વાંચ્યા છે અને તે પણ થોડા વખતમાં જ પૂરું થઈ જશે. પંડિતજીનું નામ તો સાંભળેલું પણ કાંઇ પરિચય નહિ. પંડિતજી જૈન ધર્મના સારા અભ્યાસી છે એટલું જ જાણતો હતો, પરંતુ તેમનાં પુસ્તકો વાંચ્યા પછી જ ખરો ખ્યાલ આવ્યો કે પંડિતજી શું છે. 'તેજોમૂર્તિ ભગિની' એ લેખમાં પંડિતજીએ શ્રીમતી હેલન માટે લખ્યું છે કે:–

"× × × × જ્યારે તે કોઈ દૃશ્ય, શ્રવ્ય કે સ્પૃશ્ય પદાર્થનું વર્ણન કરે છે અગર તેના ભાવોનું વર્ણન કરે છે, ત્યારે તે વાંચતાં એ ઇન્દ્રિય–વિકલ છે એ ભાન ભૂલી જવાય છે." આ વર્ણન અક્ષરશઃ પંડિતજીને પોતાને જ લાગુ પડે છે.

પંડિતજીનું વાંચન વિશાળ અને વિસ્તૃત છે, તેમનું મનન અને નિદિધ્યાસન પણ એટલું જ અગાધ છે; તેમની દૃષ્ટિ ઘણી જ વિશાળ છે. સંકુચિતતા, વાડા, ગચ્છ, ફિરકાના નામમાત્રથી તેઓને દુઃખ થાય છે. તેમના લેખો ઉપરથી સમાજ અને રાષ્ટ્ર માટે તેમને કેટલો પ્રેમ છે તે જણાઇ આવે છે.

અત્યાર સુધી તો જૈન ધર્મ પ્રમાણે વ્યક્તિનો અંગત મોક્ષ સાધવામાં જ બધું ય આવી જાય છે એવી માન્યતા દૃઢ હતી, પણ પંડિતજીએ ઘણી જ સ્પષ્ટતાથી સમજાવ્યું છે કે વ્યકિત એ સમાજનું જ અંગ છે, વ્યક્તિના હિતમાં સમષ્ટિનુ હિત અને સમષ્ટિના હિતમાં જ વ્યક્તિનું હિત સમાયેલું છે. એટલે વ્યક્તિ સમષ્ટિથી જુદી રહી શકે જ નહિ, અને જ્યારે બીજાઓ દુઃખમાં હોય ત્યારે પોતાનો જ વ્યકિતગત મોક્ષ સાધવો એ 'સ્વાર્થ' માત્ર છે. પંડિતજી જૈનોને ખરા 'જૈનો' બનવાનું કહે છે.

જૈનોમાં આવી ગયેલી સંકુચિતતા, વહેમ અને અજ્ઞાન જોઈ પંડિતજીનો આત્મા કકળી ઊઠે છે, અને તેથી ઘણા જ સ્પષ્ટ શબ્દોમાં તેઓએ આ બધી વસ્તુ તજી દેવા ફટકા લગાવ્યા છે તે યથાર્થ જ છે. જ્યારે વાદ-વિવાદનો પ્રશ્ન હોય ત્યારે "અમો તો અનેકાંતવાદી, તમારી પેઠે એકાંતવાદી નહિ, અમારી સ્યાદ્વાદ જેવી પદ્ધતિ તો બતાવો," એમ કહી જૈનો પુલ્યા માતા નથી. આ જૈનોને પંડિતજીએ પૂછ્યું છે કે "તમો અનેકાંતવાદી હોવાનું કહો છો તો એકાદ પણ એવું તો ક્ષેત્ર બતાવો કે જેમાં તમે અનેકાંતવાદ સ્વીકારેલો હોય, આચારમાં મૂકેલો હોય?' અને પછી પંડિતજીએ સ્પષ્ટ રીતે બતાવ્યું છે કે જૈનો માત્ર બોલવામાં જ 'અનેકાંતવાદ' રાખે છે, વ્યવહારમાં તો તેમનું માનસ સંકુચિત અને અજ્ઞાનમય જ છે. આ બધી જૈનોની પરિસ્થિતિ જોઈ પંડિતજીને અફસોસ થાય છે, અને તેથી વહેમ, અજ્ઞાન, સંકુચિતતા છોડી દેવા તેઓ જૈન સમાજને આવ્હાન કરે છે. પંડિતજીનું સ્પષ્ટભાષિત્વ ઘણાને ગમતું નહિ હોય, પણ પંડિતજી એ સારી રીતે જાણે છે કે રોગને છુપાવ્યે ચાલે નહિ. છુપાવ્યાથી રોગ વધુ થતો જાય છે. તેને તો જડમૂળમાંથી કાઢયે જ છૂટકો, અને તેથી તેઓએ જે કાંઈ લખ્યું છે તે પોતાને સત્ય લાગ્યું તે જ લખ્યું છે.

નાનપણથી જ એક માન્યતા હતી કે 'જીતવા નીકળ્યો છે તે જૈન' 'જૈન' એટલે સત્યનો આગ્રહી હોય, બોલે તેવું જ આચરે, ઉદારતાની મૂર્તિ હોય, બોટું બોલે નહિ વિગેરે વિગેરે. આ બધા ગુણો જૈનોના હોવા છતાં આવો જૈન-સાચો જૈન-જોવા મળે કે કેમ?- એ પ્રશ્ન તો હતો જ. પંડિતજીનાં પુસ્તકો વાંચ્યાં પછી પંડિતજીમાં મને ખરેખર એક 'સાચા જૈન'નાં દર્શન થયાં છે, અને હવે અમદાવાદ આવવાનું થાય તો પંડિતજીને જોવાનો ચાન્સ તો લેવો જ એમ થાય છે.

પંડિતજી જ્યારે કોઇ વસ્તુનું પ્રતિપાદન કરે છે ત્યારે તેમની વિચારસરણી એટલી સરલ, સ્પષ્ટ અને તર્કયુકત હોય છે કે મન મુગ્ધ થઈ જાય છે.

પંડિતજીનાં પુસ્તકો વાંચ્યા પછી મને એક વાતની પ્રતીતિ થઇ કે કુદરત કોઇક વખત આફતના રૂપમાં પણ આશીર્વાદ મોકલે છે.

પંડિતજીએ જ્યારે ચક્ષુ ગુમાવ્યાં ત્યારે સ્વાભાવિક રીતે જ તેમનાં માતા, પિતા, કુટુંબીઓને અને ખુદ પંડિતજીને પણ થયું હશે કે પંડિતજી માટે હવે જીવનમાં માત્ર અંધારું જ છે. બાહ્ય દુનિયાનું અંધારું થયું, પરંતુ કુદરતને આંતરદુનિયાનો પ્રકાશ પંડિતજીને આપવાનો હતો. તેથી પંડિતજીમાં કુદરતે અદમ્ય જિજ્ઞાસા અને કોઇ પણ પરિસ્થિતિમાં નિરુત્સાહ થવું નહિ એવો ઉલ્લાસ પ્રગટાવ્યો. પંડિતજીએ કેટકેટલાં કષ્ટો વેઠી વિદ્યા સંપાદન કરી છે તે જાણીએ છીએ ત્યારે તેમના માટે ખરે જ માન ઉત્પન્ન થયા વગર રહેતું નથી.

પુસ્તકો વાંચતા તો ઘણા ઘણા વિચારો આવેલા, પરંતુ તે બધા અહીં લખતો નથી. પરંતુ તમોએ પંડિતજીનાં પુસ્તકો મને ભેટ આપી એક 'સાચા જૈન'નાં દર્શન કરાવ્યાં છે તે માટે તમારો ખરેખર ઋણી છું.

યોગ્ય લાગે તો આ પત્ર પંડિતજીને તમો વાંચી બતાવી શકો છો. પંડિતજીએ વાંચેલું, વિચારેલું, જાણેલું, પોતાના જીવનમાં ઉતારેલું છે એટલે મારા મતે તો 'પંડિત સુખલાલજી' કહેવાના બદલે તેમને 'આચાર્ય સુખલાલજી' કહેવા જોઇએ. પંડિતજીને મારા નમસ્કાર કહેશો. કુશળ હશો.

લિ. **વલ્લભદાસનાં**
સ્નેહસ્મરણ.

પ્રિય ભાઇશ્રી, મહેસાણા, તા. ૧૬-૯-૫૭

વિ. તમારું પોસ્ટ કાર્ડ મળ્યું હતું. મારા તા. ૩૧-૮-૫૭ ના પત્રમાં જણાવ્યા પ્રમાણે 'દર્શન અને ચિન્તન'નાં ગુજરાતી બે પુસ્તકો તો પૂરાં કર્યાં હતાં. આજે 'દર્શન ઔર ચિન્તન' (હિન્દી) પુરું કર્યું. પંડિતજીના લેખો સંબંધે કાંઇ પણ લખવાની મારી યોગ્યતા નથી, એ હું સારી રીતે જાણું છું, પરંતુ મને જે સારું લાગ્યું તે તમોને જણાવું છું.

દરેક જીવ જાણ્યે કે અજાણ્યે, ભાનપૂર્વક યા અભાનપૂર્વક વિકાસ કરી રહેલ છે. જ્યારે તેની પ્રવૃત્તિ અભાનપૂર્વક હોય છે ત્યારે તેને 'કુદરતનો યોગ' કહેવાય છે અને તેનો વિકાસ થવામાં ઘણો સમય લાગે છે; પરંતુ જ્યારે જીવ ભાનપૂર્વક કુદરતને સાથ આપે છે ત્યારે તેનો વિકાસ ઘણો જ ઝડપી થાય છે. આ ભાનપૂર્વકનો પ્રયાસ કોને કહી શકાય તે પંડિતજીના લેખ 'વિકાસકા મુખ્ય સાધન'માંથી આપણને મળી રહે છે. કોઇ પણ કાર્ય જ્યારે 'ચેતના'માંથી ઉદ્‌ભવે છે ત્યારે તે આપણને વધુ ને વધુ વિકાસ તરફ લઈ જાય છે. ગીતામાં 'योगः कर्मसु कौशलम्।' એમ કહ્યું છે તેમજ 'કર્તવ્ય કર્મ' અગર 'સ્વભાવ-નિયત કર્મ' કરવાનું કહ્યું છે તેનું રહસ્ય પણ આ લેખમાંથી આપણને જાણવા મળે છે. જૈન શાસ્ત્રમાં પણ 'वत्थुसहावो धम्मो' એમ કહ્યું છે તેનું રહસ્ય પણ આ લેખમાંથી જ મળી આવે છે. વિકાસ સાધવા ઇચ્છતા દરેક માણસે આ લેખ વાંચવો જોઇએ એમ મને લાગે છે.

પંડિતજીની દૃષ્ટિ હમેશાં તર્કપ્રધાન અને ઐતિહાસિક રહી છે. 'He is a Rationalist out and out' એમ કહીએ તો ખોટું નથી.

જૈનધર્મ નિવૃત્તિપ્રધાન કે પ્રવૃત્તિપ્રધાન એ બાબતમાં પંડિતજી નવો જ પ્રકાશ તેમના 'विश्वशांतिवादी सम्मेलन और जैन परंपरा' એ લેખમાં આપે છે. મારો ખ્યાલ છે ત્યાં સુધી જૈનધર્મમાં કોઇએ પ્રવૃત્તિનું સ્થાન બતાવ્યું નથી. પંડિતજી પ્રથમ જ લેખક છે કે જેમણે જૈન ધર્મમાં પ્રવૃત્તિને પણ સ્થાન છે એ બતાવવા પ્રયત્ન કર્યો છે. 'આસક્તિરહિત કર્મ' એ જૈન ધર્મને માન્ય પ્રવૃત્તિ છે એમ કહેનાર તો પંડિતજી જ છે, કારણ સાધારણ રીતે જૈનો અને જૈનાચાર્યો એમ જ માને છે કે આસક્તિ વગર કર્મ થઇ શકે જ નહિ. આ બાબતનાં તેમનાં વિચારો ખરેખર મનનીય છે.

પંડિતજી લેખક છે, ઘણા નીડર લેખક છે એ તો તેમના લેખો વાંચતા જ જણાઇ આવે છે. હજારો વર્ષથી ચાલતા આવતા અર્થને પણ તેમણે બાજુએ મૂકવામાં પાછા પગલાં ભર્યાં નથી. આ હકીકત તેમના 'सर्वज्ञत्व और उसका अर्थ' એ લેખમાંથી આપણને સ્પષ્ટ જણાઇ આવે છે.

પંડિતજીએ પોતાના લેખોથી જૈનોને એક નવીન દૃષ્ટિ જ આપી છે. 'સાચો જૈન' કેવો હોય તે તેમના લેખો વાંચવાથી જણાઇ આવે છે. દરેક જૈને આ પુસ્તકો વાંચવા જ જોઇએ એવી છાપ મારા મન ઉપર પડી છે.

પંડિતજી મળે તો તેમને મારા નમસ્કાર કહેશો. કામકાજ લખશો.

લિ. **વલ્લભદાસ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧, ૧૯૫૮, શનીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વિ. સં. ૨૦૧૩ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત ઈ. સ. ૧૯૫૭

વિ. સં. ૨૦૧૩ ના પ્રારંભ સાથે શ્રી મુંબઇ જૈન યુવક સંઘે ૨૯ માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. ગત વર્ષ દરમિયાન સંઘની મુખ્ય પ્રવૃત્તિઓ પૂર્વવત્ ચાલી રહી હતી. આ પ્રવૃત્તિઓનો આપણે ક્રમસર વિચાર કરીએ :–

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંઘ હસ્તક ચાલતી આ સાર્વજનિક પ્રવૃત્તિનો આસપાસ વસતી જનતા સારો લાભ લે છે. વાચનાલયમાં હંમેશા આશરે ૧૨૫ થી ૧૫૦ ભાઈઓ વાંચવા આવે છે. પુસ્તકાલયનો ચાલુ લાભ લેતા સભ્યોની સંખ્યા ૨૭૫ છે. વાચનાલયમાં ૬ દૈનિકો, ૧૮ સાપ્તાહિકો, ૧૨ પાક્ષિકો, ૩૭ માસિકો, અને ૬ ત્રિમાસિકો અથવા વાર્ષિકો એમ એકંદર ૭૯ સામયિકો આવે છે. ભાષાની દૃષ્ટિએ ૮ અંગ્રેજી સામયિકો, ૬૧ ગુજરાતી સામયિકો અને ૧૦ હિંદી સામયિકો આવે છે. આ પ્રવૃત્તિના સંચાલન પાછળ આ વર્ષે રૂા. ૫૧૬૭–૩૭ નો ખર્ચ થયો છે જેની સામે આવક રૂા. ૩૨૫૮–૧૯ ની થઈ છે. પરિણામે રૂા. ૧૯૧૧–૧૮ ની ખોટ આવી છે. આમાં આગળના વર્ષની ખોટના રૂા. ૨૨૦–૫૬ ઉમેરતાં ગત વર્ષ અંગે કુલ ખોટ રૂા. ૨૧૩૧–૭૪ ની ઉભી રહેશે. ચાલુ વર્ષ માટે રજુ કરવામાં આવનાર અંદાજપત્ર મુજબ ચાલુ વર્ષમાં રૂા. ૨૫૪૫–૦૦ ની ખોટ આવવા સંભવ છે. એટલે એકંદરે ગત વર્ષની ખોટ રૂા. ૨૧૩૧–૭૪ અને ચાલુ વર્ષની અંદાજેલી ખોટ રૂા. ૨૫૪૫–૦૦ એ બે મળીને કુલ રૂા. ૪૫૭૬–૭૪ ની એટલે કે આશરે રૂા. ૫૦૦૦–૦૦ ની આપણે પુરવણી કરવાની રહેશે.

પ્રબુદ્ધ જીવન

સંઘ તરફથી ચલાવવામાં આવતું પાક્ષિક પત્ર પ્રબુદ્ધ જીવન નિયમિત રીતે પ્રગટ થઇ રહેલ છે. આ માર્ચ મહીનાની આખરે પ્રબુદ્ધ જીવન ૧૯ વર્ષ પુરાં કરશે અને ૨૦ મા વર્ષમાં પ્રવેશ કરશે. પ્રબુદ્ધ જીવનનું ધોરણ એકસરખું જળવાઇ રહ્યું છે અને તેણે સારી લોકપ્રિયતા સંપાદન કરી છે. આમ છતાં પણ તેની ગ્રાહક સંખ્યામાં કશો નોંધવાયોગ્ય વધારો થતો નથી. ગત વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જીવન પાછળ રૂા. ૨૨૮૮–૧૧ ની ખોટ આવી છે. તેનાં કારણો આ પ્રકારનાં છે. એક તો ગ્રાહકસંખ્યાનું પ્રમાણ બહુ નાનું છે; બીજું ગયા વર્ષથી છપાઇના ભાવ ૨૫ ટકા વધારી આપવા પડયા છે; કાગળના દર પણ સારી રીતે વધ્યા છે. ગયા વર્ષે પંડિત સુખલાલજી સન્માન સમિતિના પ્રચારકાર્ય અંગે અવારનવાર વધારે પાનાં આપવા પડેલાં તે પણ ખર્ચવધારાનું એક કારણ છે. પ્રબુદ્ધ જીવનના પાનાંની નિયત સંખ્યા ૮ પાનાની છે, પણ કેટલાય સમયથી વાચકોને સારા પ્રમાણમાં વાચન સામગ્રી પૂરી પાડવી એ હેતુથી ૧૦ પાનાં આપવાનો સામાન્ય નિયમ થઇ પડયો છે, અને તેમાં પણ કદિ કદિ ૧૨ પાનાં પણ આપવામાં આવે છે. પણ હવે જો આજના સંયોગોમાં કશો ફેર ન પડે તો ૧૦ પાનાં ઉપરથી ૮ પાનાં ઉપર આવી જવા સિવાય બીજો વિકલ્પ રહેતો નથી. આમ કરવા છતાં પણ જ્યાં સુધી ગ્રાહક સંખ્યામાં મોટો વધારો ન થાય ત્યાં સુધી પ્રબુદ્ધ જીવનના પ્રકાશન પાછળ આશરે રૂા. ૬૫૦૦–૦૦ ની ખોટ આવવાની જ છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

ઓગસ્ટ માસની ૨૧ મી તારીખથી ૨૯ તારીખ સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા સંઘ તરફથી ગત વર્ષ દરમિયાન યોજવામાં આવી હતી. આ વખતની વ્યાખ્યાનમાળા ગુણવત્તા તેમ જ લોકપ્રિયતામાં આગળની વ્યાખ્યાનમાળાઓ કરતાં કેટલાક કારણોસર ચડી જાય તેવી હતી. દાદા ધર્માધિકારીનાં આ વખતે 'અહિંસાની વિકાસશીલતા' એ વિષય ઉપર એક સાથે ત્રણ વ્યાખ્યાનો રાખ્યા હતા અને આ વ્યાખ્યાનો રોકસી થીએટર અથવા તો ભારતીય વિદ્યાભવન જેવાં વિશાળ સ્થળોમાં ગોઠવાયલાં હોવા છતાં સાંભળવા આવનાર ભાઈ બહેનોનો સમાવેશ કરવો ભારે મુશ્કેલ થઇ પડયો હતો. આ વખતે કેટલાએક વ્યાખ્યાતાઓ પહેલી જ વાર આવ્યા અને રાજકોટ, કાશી, કલકત્તા જેવા દૂર દૂરનાં સ્થળોએથી તેમને બોલાવવામાં આવ્યા હતા. નવ વ્યાખ્યાન સભાઓમાં પાંચ સભા બ્લાવાટ્રસ્કી હોલમાં અને ત્રણ સભાઓ રોકસી થીએટરમાં અને એક સભા ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવી હતી. જેમ આ વખતની વ્યાખ્યાનમાળા આગળ કરતાં ચડિયાતી હતી. તેમ તે પાછળ ખર્ચ પણ આગળ કરતાં ઘણો વધારે–આશરે રૂા. ૧૩૦૦ નો થયો હતો.

વૈદ્યકીય રાહત અને સારવારનાં સાધનો

ડાકટરે લખી આપેલી દવા અથવા તો ઇન્જેકશનો ખરીદ કરવાની સ્થિતિમાં ન હોય એવાં જૈન ભાઈ બહેનોને મર્યાદિત રીતે કીંમતી દવાઓ તથા ઇન્જેકશનો સંઘ તરફથી અપાવવામાં આવે છે. આને લગતું જો સંઘ પાસે સારૂં ભંડોળ હોય તો આ રાહતનું પ્રમાણ વિસ્તારી શકાય. આ ઉપરાંત વૈદ્યકીય સારવારનાં સાધનો પૂરતા પ્રમાણમાં સંઘમાં વસાવવામાં આવ્યા છે અને તે જ્ઞાતજ્ઞાતના કશા પણ ભેદભાવ અને કશું વળતર લીધા સિવાય જરૂરિયાત ધરાવતા ભાઈબહેનોને આપવામાં આવે છે.

પં. સુખલાલજીનું સન્માનકાર્ય

ગયા વર્ષનો મોટો ભાગ સંઘનું કાર્યાલય પં. સુખલાલજીના સન્માન સમારંભના આયોજનમાં રોકાયલું રહ્યું હતું અને સન્માન સમિતિની મુંબઇ શાખાનું કાર્યાલય બની ગયું હતું. અને સંઘે પોતાની બધી શક્તિ આ કાર્ય પાછળ કેન્દ્રિત કરી હતી. પ્રબુદ્ધ જીવન દ્વારા પણ એ જ બાબતને લગતું પ્રચારકાર્ય મોટા પાયા ઉપર હાથ ધરવામાં આવ્યું હતું. આ રીતે એ સન્માન સમારંભની અનુપમ સફળતાનો યશ કેટલાક અંશે મુંબઈ જૈન યુવક સંઘના ફાળે જાય છે.

સંઘ દ્વારા યોજાયલાં પર્યટનો

ગત વર્ષ દરમિયાન સંઘ દ્વારા બે પર્યટનો યોજવામાં આવ્યાં હતાં. એક પર્યટન વજ્રેશ્વરી જવા માટે તા. ૭–૯–૫૭ ના રોજ ગોઠવાયું હતું. એ પર્યટનમાં ૪૪ ભાઈ બહેનો જોડાયા હતાં. સપ્ટેમ્બર

માસની સાતમીની સાંજે ચાર વાગ્યે બધાં ઉપડ્યાં હતાં અને બીજે દિવસે રાત્રે મુંબઇ ખાતે પાછા ફર્યા હતા.

બીજું પર્યટન અજન્ટા એલોરાની યાત્રાને લગતું ૨૦ મી ડીસેંબરે યોજવામાં આવ્યું હતું. સવારે સાત વાગ્યે આશરે ૪૪ ભાઇ બહેનોની મંડળી સ્ટેઇટ ટ્રાન્સપોર્ટની બસમાં મુંબઇથી રવાના થઈ હતી; બપોરના બસ નાસિક–ભોજન માટે ખોટી થઈ હતી અને મધ્યરાતના સુમારે ઔરંગાબાદ પહોંચી હતી. ૨૧ મી ની સવારે એલોરાની ગુફા જોવા નીકળ્યા અને ત્યાંથી પાછા ફરતાં સાંજના સમયે દૌલતાબાદનો કીલ્લો પણ બધાયે જોયો. ૨૧ મીનો આખો દિવસ અજન્ટાની ગુફાઓ જોવામાં પસાર કર્યો. ૨૩ મીએ સવારે મુંબઇ આવવા માટે નીકળ્યા. સાંજના નાશિક ભોજન માટે થોડું ખોટી થયા અને મધ્યરાત બાદ મુંબઇ સુખરૂપ પહોંચ્યા. નાશીકમાં પ્રવાસમંડળી માટે ખાવાપીવાની વ્યવસ્થા શ્રી પ્રાગજીભાઇ ઝવેરીએ કરી હતી. ઉપરના બન્ને પર્યટનો દરમિયાન થાણા ખાતે સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી રતિલાલ ઉજમશી શાહે ચા નાસ્તા વડે સંઘના સભ્યોનું આતિથ્ય કર્યું હતું. આજસુધીનાં પર્યટનોમાં આ પર્યટન સૌથી વધારે આનંદદાયી નીવડ્યું હતું અને તેને લગતી વ્યવસ્થાથી પર્યટનમાં જોડાનાર ભાઈ બહેનોને ખૂબ સંતોષ થયો હતો.

આ ઉપરાંત ઓકટોબર માસની આઠમી તારીખે સંઘ તરફથી શરદ પૂર્ણિમા નૌકાવિહાર યોજવામાં આવ્યો હતો અને આ વિહારમાં આશરે ૨૦૦ ભાઇ બહેનોએ ભાગ લીધો હતો.

સંસ્કાર સંમેલનો

ગત વર્ષ દરમિયાન સંઘ તરફથી નીચે મુજબની વ્યાખ્યાન સભાઓ અથવા તો સંમેલનો યોજાયા હતા.

(૧) હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ લેખક, ચિન્તક અને નવલકથાકાર શ્રી જૈનેન્દ્રકુમાર તા. ૨૪–૮–૫૭ ના રોજ સંઘના કાર્યાલયમાં પધાર્યા હતા અને પ્રકીર્ણ વિવેચન દ્વારા અનેક વિષયોની ચર્ચા કરી હતી.

(૨) તા. ૧૭–૧૦–૫૭ ના રોજ પછીના નવેંબર માસ દરમિયાન મુંબઈ ખાતે ભરાનાર વિશ્વવનસ્પત્યાહાર સંમેલન સંબંધમાં એક પ્રચાર સભા સંઘના કાર્યાલયમાં યોજવામાં આવી હતી જે પ્રસંગે મુંબઈ જીવદયા મંડળીના મંત્રી શ્રી જયન્તીલાલ માનકર તથા વિદેશથી કોંગ્રેસના પ્રચારકાર્ય માટે ખાસ આવેલા શ્રી વુડલેન્ડ કેહલરે કોંગ્રેસના ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ સંબંધે વિવેચનો કર્યા હતા.

(૩) તા. ૫–૧૧–૫૭ ના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે **'વર્તમાન પરિસ્થિતિ'** એ વિષય ઉપર લગભગ સવા કલાક વ્યાખ્યાન આપ્યું હતું અને દેશની આન્તર રાજકીય પરિસ્થિતિ અંગે કાશ્મીર, નવા કરવેરા, બીજી પંચવર્ષીય યોજના, પરદેશની આર્થિક મદદ વગેરે વિષયો ઉપર અને આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિના કેટલાક મુદ્દાઓ ઉપર વિવેચન કર્યું હતું. વ્યાખ્યાન બાદ થોડો સમય પ્રશ્નોત્તરી પણ થઇ હતી.

(૪) તા. ૧૪–૧૧–૫૭ ના રોજ યુનાઇટેડ સ્ટેટ્સ ઈન્ફોર્મેશન સર્વીસ તરફથી તેના 'શીતલ છાયીધર'માં 'અબ્રાહામ લીંકન' એટર ટુમોરો' 'ચાઈલ્ડ વેન્ટ ફોર્થ,' અને 'ક્રીએટીવ પાવર' એમ ચાર ચિત્રપટો મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને દેખાડવામાં આવ્યા હતા.

(૫) તા. ૧૦–૧૧–૫૭ ના રોજ વહાણવટા–નિષ્ણાત શ્રી મનસુખલાલ એમ. માસ્તરે **'સ્વતંત્ર ભારતમાં સામાજિક અને આર્થિક નીતિનાં નવા રૂપો.'** એ વિષય ઉપર બોલતાં આઝાદી મળ્યા બાદ મળેલા સ્વતંત્ર પુખ્તવય–મતાધિકારનું મહત્વ અને તેના ધોરણે થયેલી બે ચૂંટણીઓનું મહત્વ, આજના શિક્ષણની ડામાડોળ પરિસ્થિતિ, ઉદ્યોગપતિઓ અને કામદારોના સંબંધો, ઉત્પાદનની સમસ્યા, ગામડાઓમાં ચાલી રહેલી વિકાસ યોજનાઓ, અનાજનું ઉત્પાદન, રાજ્ય અને વ્યાપાર, રહેઠાણોનો પ્રશ્ન, સ્વદેશીની ભાવના, આર્થિક રાજ્યનીતિ, ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ અને ખાનગી ઉદ્યોગોની સમસ્યા, સામાજિક ઢબની સમાજરચના, સ્ટેટ ટ્રેડીંગ કોરપોરેશન વગેરે અનેક બાબતો ઉપર સવિસ્તર વિવેચન કર્યું હતું અને આજના આર્થિક તેમ જ સામાજિક પ્રશ્નો ઉપર માહીતીપૂર્ણ પ્રકાશ પાડ્યો હતો.

(૬) તા. ૪–૧૨–૫૭ ના રોજ શ્રી નવલમલ કુન્દનમલ ફિરોદિયાએ **'જર્મનીનું પુનરૂત્થાન'** એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. અહિં જર્મની એટલે પશ્ચિમ જર્મની એ મર્યાદા સમજવાની છે એમ જણાવીને આઝાદી મળ્યા બાદ ૧૯૫૧થી માંડીને આજ સુધીમાં તેઓ જ્યાં ત્રણ પ્રવાસ કરી આવ્યા છે તે પશ્ચિમ જર્મની બીજા વિશ્વયુધ્ધે સરજેલી ન કલ્પી શકાય તેવી તારાજીમાંથી કેવી રીતે ઉંચે આવ્યું છે અને અર્થ અને ઉદ્યોગ–ઉભય ક્ષેત્રે પશ્ચિમ યુરોપમાં કેવી રીતે સર્વોપરી સ્થાન તેણે પ્રાપ્ત કર્યું છે તેનો તેમણે અનેક આંકડાઓ અને હકીકતો ટાંકીને ભારે પ્રેરક ચિતાર રજુ કર્યો હતો અને આ રીતે ઉંચે આવેલા પશ્ચિમ જર્મની પાસેથી આપણે શું શિખવાનું છે તે વિષે માર્ગદર્શન આપ્યું હતું.

(૭) તા. ૧૧–૧૨–૫૭ ના કાકાસાહેબ કાલેલકરે **'પૂર્વ દેશોના પ્રવાસ'** એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. થોડા સમય પહેલા ગયા સપ્ટેંબર માસમાં જાપાન ખાતે ભરાયેલ અણુશસ્ત્રપ્રયોગવિરોધી આન્તરરાષ્ટ્રીય કોંગ્રેસમાં ભારતના પ્રતિનિધિ મંડળમાંના એક સભ્ય તરીકે ભાગ લેવા માટે તેઓ જાપાન ગયા હતા અને ત્યાંથી પાછા ફરતાં ચીન, થાઇલેન્ડ, કંબોડિયા વગેરે દેશોમાં પણ તેમણે સારો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસને લગતાં કેટલાંક સ્મરણો અને તેમના મન ઉપર પડેલા તે તે દેશના પ્રજાજનો વિષેના સંસ્કારો પોતાની લાક્ષણિક શૈલીમાં તેમણે રજુ કર્યા હતા. સાથે સાથે અજન્ટા એલોરાની યાત્રાએ સંઘના સભ્યો જવાના છે તે ધ્યાનમાં લઇને અજન્ટા અને એલોરાની ભવ્યતાનો અને વિશેષતાનો તેમણે ખ્યાલ આપ્યો હતો.

(૮) ગયા નવેંબર માસ દરમિયાન હિંદમાં મુંબઈ, દિલ્હી, વારાણસી, પટણા, કલકત્તા તથા મદ્રાસ ખાતે વિશ્વવનસ્પત્યાહાર કોંગ્રેસનાં અધિવેશનો ભરવાનો વિરાટ પ્રબંધ કરવા બદલ અને અથાક પરિશ્રમપૂર્વક તે સર્વ અધિવેશનો પાર પાડવા બદલ મુંબઇ જીવદયા મંડળીના મંત્રી શ્રી જયન્તીલાલ ના. માનકરનું જાહેર સન્માન કરવા માટે કેન્દ્રસ્થ મંત્રી શ્રી એસ. કે. પાટીલની અધ્યક્ષતા નીચે તા. ૬–૨–૫૮ ના રોજ ગ્લેવાટ્રસ્કી લોજમાં એક જાહેર સંમેલન યોજવામાં આવ્યું હતું, અને આ સંમેલનમાં શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી એરીક લાર્સન, કુ. જેનેટ ડરવીન, શ્રી મગનલાલ પી. દેશી વગેરેએ પ્રસંગોચિત વિવેચનો કર્યા હતાં અને શ્રી માનકરને ભાવભરી અંજલી આપી હતી.

સંઘને લગતા બીજા સમાચારો

સંઘની ગયે વર્ષે તા. ૮–૨–૫૭ ના રોજ નવી કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવામાં આવેલી ત્યાર બાદ આજ સુધીમાં સંઘની કાર્યવાહક સમિતિની ૮ સભાઓ મળી હતી અને કાર્યવાહક સમિતિના બધા સભ્યોએ સંઘની કાર્યવાહીમાં બહુ રસપૂર્વક ભાગ લીધો હતો. સંઘના સભ્યોની એ વખતે સંખ્યા ૩૫૮ હતી, આજે સંખ્યા ૩૫૭ છે. આ સંખ્યામાં દર વર્ષે આ મુજબ વધઘટ થયા કરે છે.

સંઘની આર્થિક પરિસ્થિતિ અને જવાબદારી

સંઘની કાર્યવાહીને લગતું વર્ષ બે પ્રકારનું છે. ઉપર આપેલી વિગતો ગયા વર્ષે નવી કાર્યવાહક સમિતિની ચૂંટણી થઇ ત્યારથી આજે આપણે નવી કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવાને એકઠા થયા છીએ ત્યાં સુધીની છે. સંઘનું આર્થિક વર્ષ વિક્રમ સંવતના આરંભથી અન્ત સુધી ગણવામાં આવે છે અને તેથી તેને લગતી જે વિગતો આ સાથે જોડેલ આવક જાવકના હિસાબ અને સરવૈયામાં આપેલ છે તે વિ. સં. ૨૦૧૩ ની સાલને લગતી છે. સંઘની આર્થિક જવાબદારીવાળી મુખ્ય પ્રવૃત્તિઓ ત્રણ છે. (૧) શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય (૨) પ્રબુદ્ધ જીવન (૩) પર્યુષણ વ્યાખ્યાનમાળા.

વાચનાલય અને પુસ્તકાલય વસ્તુતઃ એક સ્વતંત્ર પ્રવૃત્તિ છે. પણ તેના વહીવટની તેમ જ અર્થવિષયક જવાબદારી સંઘની છે. તેની આર્થિક પરિસ્થિતિ સંબંધે ઉપર જણાવવામાં આવ્યું છે તે મુજબ ગયા વર્ષની ખોટ રૂા. ૨૧૩૧-૭૪ છે અને ચાલુ વર્ષની જવાબદારી રૂા. ૨૫૪૫-૦૦ ની ઉભી થાય છે. આ રીતે વાચનાલય અને પુસ્તકાલયને પગભર કરવા માટે આશરે રૂા. ૫૦૦૦-૦૦ સંઘે મેળવવા રહ્યા. આ માટે સીનેમા શો એક અથવા બે અથવા તો એવા કોઇ દ્રવ્યોપાર્જનનું સાધન વિચારવાનું રહ્યું, કારણ કે વાચનાલય અને પુસ્તકાલયના માટે આવકનું બીજું કોઈ સાધન નથી.

હવે સંઘની આર્થિક પરિસ્થિતિ આ મુજબ છે. સંઘના જનરલ ફંડમાં આગળના વર્ષના બાકી રૂા. ૧૨૫૦૬-૭૨ હતા. તેમાં ગત વર્ષ દરમિયાન રૂા. ૫૧૧૧-૨૧ ની આવક થઈ અને તે સામે રૂા. ૩૯૧૦-૦૬ નો ખર્ચ થયો અને પ્રબુદ્ધ જીવન પાછળ રૂા. ૨૨૮૮-૧૧ ની ખોટ આવી. ઉપર જણાવેલ આવકની રકમ ઉમેરતાં અને આ બન્ને રકમ બાદ કરતાં વર્ષની આખરે જનરલ ફંડ રૂા. ૧૧૪૧૯-૭૬ નું રહ્યું અને એ રીતે આપણા જનરલ ફંડમાં રૂા. ૧૦૮૭-૦૦ નો ઘટાડો થયો.

ચાલુ વર્ષ દરમિયાન અહિં રજુ કરવામાં આવનાર અંદાજપત્ર મુજબ પ્રબુદ્ધ જીવન ખાતે આવક રૂા. ૨૧૭૧ અને ખર્ચ રૂા. ૪૫૧૧-૦૦ અંદાજવામાં આવેલ છે એટલે એ હીસાબે રૂા. ૨૩૪૦-૦૦ ની ખોટ આવવા સંભવ છે. સંઘની બીજી પ્રવૃત્તિઓ અંગે આવક રૂા. ૨૧૩૫-૦૦ ની અને ખર્ચ રૂા. ૩૭૯૧-૦૦ નો અંદાજવામાં આવ્યો છે. એટલે એ હિસાબે રૂા. ૧૬૫૬-૦૦ ની બીજી ખોટ આવવા સંભવ છે. પરિણામે એકંદર ખોટ રૂા. ૩૯૯૬-૦૦ ની આવશે. આમાં ગયા વર્ષની ખોટની રકમ રૂા. ૧૦૮૭-૦૦ જે જનરલ ફંડ ખાતે માંડી વાળવામાં આવી છે તે ઉમેરવામાં આવે તો પૂર્વવત્ સ્થિતિને પહોંચી વળવા માટે આપણે રૂા. ૫૦૦૦-૦૦ ચાલુ વર્ષમાં કોઇ પણ હિસાબે મેળવવા જોઇએ અને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘના કાર્યકર્તાઓ કટિબદ્ધ બને તો આ રૂા. ૫૦૦૦ ની રકમ આપણે સહેલાઇથી મેળવી શકીએ એવી આશા રહે છે.

ઉપસંહાર

સંઘની ગયા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓ, આર્થિક પરિસ્થિતિ અને ચાલુ વર્ષને લગતી સંઘની આર્થિક જવાબદારી-એ સર્વનો આ ટુંક અહેવાલ અહિં રજુ કરવામાં આવે છે. આજથી સાડા ત્રણ વર્ષ પહેલાં ઉજવાયલા સંઘના રજત મહોત્સવ દ્વારા થયેલી આર્થિક આવકની પુરવણી આગળના વર્ષ સુધી પહોંચેલી. ગયા વર્ષથી પાછા આપણે આર્થિક તંગી અનુભવવા લાગ્યા છીએ. આ વર્ષે એ તંગી મુંઝવણ પેદા કરે તેવી બની છે અને તેથી તે ટાળવા માટે સંઘના સર્વ સભ્યોના શકય તેટલા સહકારની અપેક્ષા રહે છે. પ્રબુદ્ધ જીવનને પણ ટકાવવું હોય તો તેની ગ્રાહક સંખ્યા વધારવા માટે આપણે સંગીન પ્રયત્ન કરવો જ જોઇએ. જ્યારે જ્યારે પણ સંઘ માટે આર્થિક ભીંસ ઉભી થઈ છે ત્યારે ત્યારે સભ્યોએ એકત્ર બનીને એ ભીંસનો ઉકેલ આણ્યો છે, એવો આજ સુધીનો ઇતિહાસ છે. સંઘે ૨૯ વર્ષ પૂરાં કર્યાં છે અને ૩૦ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. પ્રબુદ્ધ જીવન પણ થોડા સમયમાં ૧૯ વર્ષ પૂરાં કરીને ૨૦ માં વર્ષમાં પ્રવેશ કરશે. આવતા વર્ષ દરમિયાન સંઘ પોતાનાં ૩૦ વર્ષ પૂરાં કરે અને પ્રબુદ્ધ જીવન પોતાનાં ૨૦ વર્ષ પૂરાં કરે ત્યારે સંઘ તેમ જ પ્રબુદ્ધ જીવનની આટલી લાંબી તેમ જ ઉજ્જવળ કારકીર્દીનું ઉચિત ઉદ્યાપન કરવાનો સંઘના સભ્યોએ વિચાર કરવો ઘટે છે, અને સાથે સાથે સંઘની પ્રવૃત્તિઓને જુદી જુદી દિશાએ વિકસાવવાનો પણ વિચાર કરવાનું જરૂરી છે. સંઘના સર્વ સભ્યોને આ બાબતમાં કાંઇને કાંઇ સંકલ્પ કરવા પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સંઘની વાર્ષિક સામાન્ય સભા

સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઇનું ઉદ્બોધન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૫-૨-૫૮ શનીવારના રોજ સંઘના કાર્યાલયમાં શ્રી ખીમજી માડણ ભુજપુરીઆના પ્રમુખસ્થાને મળી હતી. પ્રારંભમાં છેલ્લી વાર્ષિક સભાની નોંધ મંજુર રહ્યા બાદ ગત્ વર્ષનો વૃતાન્ત તથા ઓડીટ થયેલા હીસાબો (જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે) સંઘના મંત્રી તરફથી રજુ કરવામાં આવ્યા.

સંઘની ચાલુ કાર્યવાહી સંબંધે ચર્ચા

ત્યાર બાદ સંઘની ચાલુ કાર્યવાહી સંબંધમાં જે સભ્ય ઇચ્છે તેને પોતાના વિચારો રજુ કરવાનું પ્રમુખશ્રી તરફથી કહેવામાં આવતાં શ્રી અમરચંદ સવાઇચંદે પ્રબુદ્ધ જીવન અંગે જણાવ્યું કે "જે પત્રને ગ્રાહકોનો પૂરતો ટેકો ન હોય અને ચાલુ ખોટ કરતું હોય તે બંધ કરવું જોઇએ, આવો ગાંધીજીનો અભિપ્રાય હતો, તે અનુસાર પ્રબુદ્ધ જીવન કાં તો બંધ કરવું જોઇએ અથવા તો તે ખોટ ટાળવા અથવા હળવી કરવા માટે આપણે યોગ્ય ઉપાયો હાથ ધરવા જોઇએ. આ ઉપાયોનો વિચાર કરતાં મને લાગે છે કે પ્રબુદ્ધ જીવનમાં આપણે શિષ્ટ પ્રકારની જાહેર ખબરો લેવાની શરૂ કરીને એક સ્થાયી આવકનું સાધન ઉભું કરીએ તો તેમાં કશું ખોટું નથી. જાહેર ખબર લઇએ તો આપણા ઉપર જેની જાહેર ખબર લઇએ તેની શેહ પડે એવો પરમાનંદભાઇનો અભિપ્રાય છે એવો મારો ખ્યાલ છે, પણ પરમાનંદભાઇ ઉપર એવી કોઇની શેહ પડે એમ હું માનતો નથી. આ ઉપરાંત પ્રબુદ્ધ જીવનને પાક્ષિકને બદલે માસિક બનાવવામાં આવે તો તેમ કરવાથી ખર્ચ ઓછો આવે એમ પણ હું ધારું છું." પ્રબુદ્ધ જીવનની સંપાદન નીતિ અંગે વિશેષ બોલતાં તેમણે જણાવ્યું કે "કોંગ્રેસના ઠરાવો અને દૈનિક છાપાંઓમાં પ્રસિધ્ધ થઇ ચૂકેલાં ભાષણો પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવે છે તેને બદલે જૈન સમાજની એકતાના પ્રશ્નને અગ્રસ્થાન આપવામાં આવે તે વધારે ઇચ્છવાયોગ્ય છે." સાથે સાથે પુસ્તકાલયનો વિકાસ કરવા અને સંશોધન માટે ઉપયોગી થાય એવાં પુસ્તકો વધારે પ્રમાણમાં વસાવતા જવાની, ચાલુ ભાષણો વિશાળ જગ્યાઓમાં ગોઠવવાની અને પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે પણ ગ્લેવાટૂરકી લોજને બદલે વધારે વિશાળ સ્થળ મેળવવાની તેમ જ જૈન તત્ત્વજ્ઞાન ટુંકાણમાં અને સરળતાથી સમજાય એવાં પુસ્તકો પ્રગટ કરવાની સૂચના કરી."

શ્રી સારાભાઇ એન્. શાહે "પ્રબુદ્ધ જીવન ચાલે છે તેમ ચલાવવાનો અને જાહેર ખબરના પ્રલોભનમાં નહિ પડવાનો આગ્રહ કર્યો, પણ સાથે લખાણની કક્ષા નીચી હોય તો પણ પરમાનંદભાઇના પોતાના વિચારોથી જુદા પડતા વિચારો ધરાવતા લેખોને પ્રબુદ્ધ જીવનમાં પૂરતો અવકાશ આપવા સૂચના કરી અને સાથે સાથે સંઘ આગળ કશો પ્રાણવાન કાર્યક્રમ નથી, એ હોવો જોઇએ; એ મુદ્દો આગ્રહપૂર્વક રજુ કર્યો."

સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઇનો જવાબ અને પ્રાસંગિક ઉદ્બોધન

સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઇએ આ સુચનોનો ઉત્તર આપતાં જણાવ્યું કે "પ્રબુદ્ધ જીવનના પ્રારંભથી તે આજ સુધી ગાંધીજીએ પોતાનાં પત્રો અંગે સત્યની ઉપાસનાની દૃષ્ટિ આગળ રાખીને જાહેર ખબરો નહિ લેવાની જે નીતિ અખત્યાર કરી હતી તે જ નીતિને-તે જ ધ્યેય લક્ષ્યમાં રાખીને અને નહિ કે જાહેર ખબર આપનારની આપણા ઉપર શેહ પડે તેથી બચવા ખાતર-આજ સુધી અનુસરવામાં આવેલ છે. વચગાળે એક અથવા બે પ્રસંગ એવા આવેલા કે ચાલુ મોટી ખોટ ધ્યાનમાં લઇને જાહેર ખબરો લેવાનું શરૂ કરવાનો લગભગ નિર્ણય કરવામાં આવેલો હતો, પણ આ પત્રના આગળના તંત્રી સ્વ. મણિલાલ મોકમચંદ શાહે એ નિર્ણયનો સખ્ત વિરોધ કરેલો અને પરિણામે

જાહેર ખબર લેવાનો વિચાર પડતો મૂકવો પડેલો. આજે પણ જાહેર ખબર કદિ ન જ લેવી એવી કોઇ પ્રતિજ્ઞા છે એમ કાંઇ નથી, પણ જ્યાં સુધી એક યા બીજી રીતે તે ખોટને પહોંચી વળવાની સ્થિતિમાં આપણે છીએ ત્યાં સુધી આપણે આ નીતિને વળગી રહીએ એવો મારો અભિપ્રાય છે.

"ભાઇશ્રી અમરચંદભાઇએ જણાવ્યું કે છાપું ચલાવવામાં ખોટ આવે તો તેનો અર્થ એમ થયો કે સમાજને એ છાપું જોઇતું નથી અને તો પછી એવું છાપું બંધ કરવું જોઇએ–આવો વિચાર ગાંધીજીએ જણાવેલો તે મુજબ જો આટલી મોટી ખોટ આવતી હોય તો પછી આપણું છાપું બંધ કરવું જોઇએ. તેના જવાબમાં જણાવવાનું કે એક ધ્યેય અથવા લક્ષ્યની દૃષ્ટિએ ગાંધીજીનો વિચાર બરોબર છે, પણ વ્યવહારમાં તેનો અમલ કરવામાં આવે તો ઘણા ઉપયોગી અને અમુક આદર્શને વળગીને ચાલવાવાળા છાપાઓ બંધ કરવા પડે અને ઉતરતી કક્ષાનાં હલકી કોટિનાં છાપાંઓ માત્ર ચાલતાં રહે. ગાંધીજી પોતે જીવિત હતા ત્યારે પણ હરિજનપત્રોમાં ખોટ આવવાની શરૂઆત થઇ ચુકી હતી, અને એમ છતાં તેઓ હયાત હતા તે દરમિયાન અને પછી પણ વર્ષો સુધી તે પત્રો ચાલુ રાખવામાં આવ્યા હતા અને પછી ખોટનું કારણ આગળ ધરીને તે બંધ કરવામાં આવ્યા છે, પણ મારા અભિપ્રાય પ્રમાણે તે યોગ્ય થયું નથી. જાહેર ખબરથી દૂર રહેવા માગતા, છતાં કોઇ પણ પક્ષનું વાજિંત્ર નહિ બનવાનો આગ્રહ ધરાવતા, ગંભીર વિચારપ્રેરક વાચનસામગ્રી રજુ કરવાનો ખ્યાલ ધરાવતા સામયિકોનું ગ્રાહકદળ આપણે ત્યાં હંમેશાં અતિ મર્યાદિત રહ્યું છે અને આવાં સામયિકો ભાગ્યે જ આવક જાવકના બે છેડા ભેગા કરી શકે છે. ખોટ, સરભર કે નફાના ખ્યાલ ઉપરાંત કોઇ પણ સામયિક ચલાવવા યોગ્ય છે કે નહિ તે માટે બીજું પણ એક ધોરણ ધ્યાનમાં લેવું ઘટે છે, અને તે એ કે તે સામયિક કયા પ્રકારનું વાંચન પૂરું પાડે છે? આજના અનેક પ્રશ્નો અને સમસ્યાઓ ઉપર તે સમાજને કોઇ સાચું, સ્પષ્ટ, લોકશ્રેયસાધક નિડર માર્ગદર્શન આપે છે કે નહિ? તેની લેખનશૈલી કયા પ્રકારની છે? આ ધોરણે કસતાં ઉતરતો આંક જે સામયિકનો આવે તે નફો કરતું હોય તો પણ બંધ કરવા યોગ્ય લેખાવું ઘટે છે.

"પાક્ષિકને બદલે માસિક બનાવવાની સૂચનાના જવાબમાં જણાવવાનું કે આજે જેવું પાક્ષિક ચલાવવામાં આવે છે તેને જ માસિકમાં ફેરવવામાં આવે તો જરૂર ખર્ચમાં મોટો ફરક પડે, પણ માસિકનો વિચાર કરીએ ત્યારે તેનો બીજી જ રીતે વિચાર કરવાનો રહે છે. માસિકમાં હંમેશાં લેખ તથા લેખકોનું વૈવિધ્ય પાક્ષિક કરતાં ઘણું વધારે હોવું આવશ્યક છે. તે માટે પૂરતો પુરસ્કાર આપવાની યોજના હોવી જોઇએ. કાગળ પણ વધારે સારા વાપરવા જ જોઇએ. માસિકને આકર્ષક બનાવવા માટે તેને અમુક અંશે સચિત્ર પણ બનાવવું પડે. આ બધાંનો વિચાર કરતાં માસિક પાક્ષિક કરતાં જરૂર વધારે ખર્ચાળ જ બને.

"પ્રબુદ્ધ જીવનમાં જે કાંઇ લેખો પ્રગટ કરવામાં આવે છે તે પાછળ એક દૃષ્ટિ રહેલી છે. દૈનિક પત્રોમાં પ્રગટ થયેલાં ભાષણોમાં કેટલાંક સ્થાયી મુલ્ય ધરાવતાં ભાષણો હોય છે, અને તે ખ્યાલથી તેવાં ભાષણોને પ્રબુદ્ધ જીવનમાં સ્થાન આપવામાં આવે છે. દૈનિક પત્રોમાં આવતા અનુવાદો મોટા ભાગે બહુ નબળા હોય છે, જ્યારે પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતા અનુવાદો પાછળ ઘણી મહેનત લેવામાં આવે છે અને તેની ભાષા મૂળને યથા સ્વરૂપે પ્રતિબિંબિત કરતી, લોકગમ્ય અને સુવાચ્ય હોય છે. દેશમાં ભરાતા કેટલાક સંમેલનો અતિ મહત્વનાં હોય છે અને દૈનિક છાપાઓમાં તે વિષે બહુ જ થોડી હકીકતો આવે છે અને તે પણ છુટક છુટક પ્રગટ થયેલી હોય છે. આવાં સંમેલનોની હકીકતો સંકલિત આકારમાં ગોઠવીને. પ્રબુદ્ધ જીવનના વાચકોને તેનો પૂરો અને પ્રમાણબધ્ધ ખ્યાલ આવે તે હેતુથી, પ્રગટ કરવામાં આવે છે. આવાં અનેક દૃષ્ટિકોણપૂર્વક પ્રબુદ્ધ જીવનનું સંપાદન થઇ રહ્યું છે.

"બીજી બાબતોને બદલે જૈનોની એકતાને અગ્રસ્થાન આપવામાં આવે અને તરેહ તરેહના લેખો દ્વારા તેનો પ્રબુધ્ધ જીવન મારફત ખૂબ પ્રચાર કરવામાં આવે તેવી માંગણીના જવાબમાં જણાવવાનું કે પ્રબુધ્ધ જીવનના આજ સુધીના વિકાસનો ઇતિહાસ આવી માગણી કરનાર સભ્યના ધ્યાન બહાર જતો હોય એમ લાગે છે. પ્રબુધ્ધ જીવનને આજે ૧૮ વર્ષ થવા આવ્યા છે. પ્રારંભમાં તેનું નામ પ્રબુધ્ધ જૈન હતું. ત્યારે અને ત્યાર પછી કંઇ વર્ષો સુધી સંઘ તેમ જ પ્રબુધ્ધ જૈનનું લક્ષ્ય ભાઇશ્રી અમરચંદ જણાવે છે તે મુજબ જૈન સમાજની એકતાના પ્રશ્ન ઉપર જ કેન્દ્રસ્થ હતું. જૈન સમાજની એકતાના મધ્યબિન્દુ ઉપર જ સંઘ તેમ જ પ્રબુધ્ધ જૈનની પ્રવૃત્તિનાં વર્તુળો રચાતાં હતાં. આપણા પાક્ષિક પત્રનું નામ બદલાવા સાથે તેનું દૃષ્ટિબિન્દુ પણ અમુક અંશે બદલાયું છે. આજે જૈન સમાજની એકતાનું ઓછું મહત્ત્વ છે એમ સૂચવવાનો કોઇ આશય નથી, પણ આજે તે બાબત મધ્યવર્તી વિચારના સ્થાને નથી. આજે મધ્યવર્તી વિચારના સ્થાને છે રાષ્ટ્રની એકતા અને સંગઠ્ઠન. અને જો કે પ્રબુધ્ધ જીવનમાં અવારનવાર જૈનોની એકતાનું એક યા બીજા નિમિત્તે સમર્થન કરવામાં આવે છે, એમ છતાં પણ, જો તેને જ મધ્યવર્તી સ્થાન આપવામાં આવે તો તેનું પરિણામ એ આવે છે કે પ્રબુધ્ધ જીવનના આજના ઉન્નત અને વ્યાપક વિચારવિહારને સંકોચી લેવો પડે, જ્યાં સુધી આગળ વધ્યા છીએ ત્યાંથી પીછેહઠ કરવી પડે. આમ કરવું હવે શક્ય નથી, ઇષ્ટ પણ નથી.

"શ્રી અમરચંદભાઇની બીજી સૂચનાઓનો જવાબ ટુંકાણમાં આપીશ. સંઘ હસ્તક ચાલતા પુસ્તકાલયના વિકાસની કલ્પનાઓ તો મનમાં અનેક આવે છે, આજે જે જગ્યાએ પુસ્તકાલય રહેલુ છે તેનું સાંકડાપણું વિચારતાં, જ્યાં સુધી સ્વતંત્ર અને વિશાળ મકાન સંઘને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, તે કલ્પનાઓનો વ્યવહારૂ રૂપ આપવાનું અશક્ય છે. એમ છતાં અમુક પ્રકારનાં પુસ્તકો વસાવવાનું મુશ્કેલ નથી અને તે બાબતને લગતી તેમની સૂચના જરૂર ધ્યાનમાં લેવામાં આવશે. પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે વધારે વિશાળ જગ્યા બધા દિવસો માટે મેળવવાં જતા ખર્ચ ઘણો વધી જાય છે. એમ છતાં એ બાબત કાર્યવાહકોના મન ઉપર તો છે જ. જૈન તત્વજ્ઞાનની સરળ ભાષામાં સમજુતી આપી શકાય તેવું પુસ્તક અથવા પુસ્તકોની ઉપયોગીતા વિષે બે મત છે જ નહિ, પણ મોટા આર્થિક ટેકા સિવાય પ્રકાશન પ્રવૃત્તિ હાથ ધરવાનું સંઘ માટે શક્ય નથી.

"ભાઇશ્રી સારાભાઇના કથનના જવાબમાં જણાવવાનું કે પ્રબુધ્ધ જીવન મારા કે કોઇ પણ એક જ વ્યક્તિના વિચારનું વાહક બને એવો વિચાર કે આગ્રહ કદિ સેવવામાં આવ્યો નથી. એમ છતાં જેના હાથમાં સંપાદનની જવાબદારી હોય તેના વિચારોની અમુક છાયા પ્રબુધ્ધ જીવનની લેખસામગ્રી ઉપર પડે તે સ્વાભાવિક છે અને અમુક અંશે અનિવાર્ય છે. પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ થતા લેખોની ભાષા અને નિરૂપણપદ્ધતિ અંગે એક ધોરણ બંધાયલું છે. તે ધોરણને અનુરૂપ જે કોઇ લખાણ હાથ ઉપર આવે તેને બને ત્યાં સુધી અવકાશ આપવો એવી નીતિ આજ સુધી રહી છે અને રહેશે. એ ધોરણને અનુરૂપ ન હોય એવાં લખાણોને પ્રબુધ્ધ જીવનમાં સ્થાન આપી ન શકાય. કારણ કે એમ કરવા જતાં પ્રબુધ્ધ જીવનનું જે ચોક્કસ પ્રકારનું વ્યક્તિત્વ જતનપૂર્વક આજ સુધી કેળવવામાં આવ્યું છે તે ખંડિત થાય, યા ઢીલું પડે.

"શ્રી સારાભાઇએ સંઘ પાસે પ્રાણવાન કાર્યક્રમ નથી એમ જે કહ્યું એ દોષ–એ ત્રુટી હું પણ કબુલ રાખું છું, પણ આ પ્રાણવાન કાર્યક્રમ એકાએક પેદા થતો નથી. સંઘના કાર્યકર્તાઓનો આજ સુધીનો પ્રયત્ન સંઘે શરૂ કરેલી પ્રવૃત્તિઓને પૂર્વવત્ ટકાવી રાખવાનો–અને તેને વધારે ને વધારે વિકસાવવાનો–સમૃદ્ધ બનાવવાનો–રહ્યો છે. પ્રાણવાન કાર્યક્રમ પેદા થવા માટે સંઘમાં નવી શક્તિની–નવા લોહીની–આયાત થવાની જરૂર છે અને તે માટે મને લાગે છે કે સંઘના નામરૂપમાં

નવું પરિવર્તન નિર્માણ કરવાની જરૂર છે. આ જ બાબત મારા મનમાં સળવળી રહી છે અને તેથી આ અંગે મારા મનમાં જે વિચાર રમી રહ્યા છે તે વિચાર આપ સભ્યો સમક્ષ વિચારણા માટે કરવાની આ તક હાથ ધરું છું.

સંઘના ભાવિ વિકાસમાં હવે પછીનું પગલું શું હોઈ શકે?

"આપણે સંઘના વાર્ષિક વૃતાન્તમાં સાંભળ્યું તેમ આપણે ૨૯ વર્ષ પૂરાં કર્યાં છે અને વિ. સં. ૨૦૧૪ની સાલના પ્રારંભ સાથે આપણે ૩૦મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. મુંબઈ શહેરમાં આજે આપણી આસપાસ અનેક કોમી તથા સામાજિક સંસ્થાઓ વિદ્યમાન છે. તેમાં કેટલીક આપણા સંઘ કરતાં પણ જુની પુરાણી છે. કેટલીક પાછળથી ઉભી થયેલી છે. આમાંની ઘણી ખરી સંસ્થાઓનો ઇતિહાસ જોશો તો આપને માલુમ પડશે કે એ બધી સંસ્થાઓનાં બંધારણ અને આજ સુધીની કાર્યવાહી પ્રારંભમાં જેવાં હતાં તેવાં જ લગભગ આજે ચાલી રહેલ છે. ફેરફાર થયો હોય તો એટલો જ કે તે તે સંસ્થાનાં ભંડોળ વધ્યાં હશે અને તે તે સંસ્થાના ઉદ્દેશ અને બંધારણ નીચે સમાવિષ્ટ થાય તેવી પ્રવૃત્તિઓ અને તે ચલાવવા માટે સંસ્થાની માલેકીનાં મકાનો ઉભાં થયાં હશે. આપણા સંઘની બાબતમાં તેથી કાંઇક ઉલટું જ બન્યું છે. સંઘનું ભંડોળ આજે છે તેથી અમુક વર્ષો દરમિયાન ઉલટું વધારે હતું. સંઘને પોતાની માલેકીનું કોઇ મકાન તો છે જ નહિ. પણ સંઘના બંધારણમાં, તેના રૂપ અને આકારમાં, ગાળે ગાળે મહત્ત્વના ફેરફારો થતા જ આવ્યા છે. એક વખત માત્ર શ્વે. મૂ. જૈન સમાજના એ સમયમાં ઉદ્દામવાદી લેખાતા યુવકોનું આ મંડળ હતું અને અયોગ્ય દીક્ષા અને સાધુસંસ્થાની ત્રુટિઓ અને વિકૃતિઓ સામે જેહાદ ચલાવવી એ તેની પ્રવૃત્તિઓનું મુખ્ય ધ્યેય હતું. દશેક વર્ષના ગાળા બાદ સંઘના બંધારણમાં પાયાના ફેરફાર થયા. જૈન સમાજને કેન્દ્રમાં રાખીને એ સમયમાં ક્રાન્તિકારી લેખાતી ચોક્કસ પ્રકારની વિચારસરણી નક્કી કરવામાં આવી અને તે જેને સ્વીકાર્ય હોય તે જ સંઘનો સભ્ય થઇ શકે એવી મર્યાદા બાંધવામાં આવી, જેના પરિણામે સંઘને ઉપયોગી થઇ શકે એવા કેટલાક સભ્યો ગુમાવવા પડ્યા. બીજી બાજુએ બધા ફિરકાના જૈન યુવકો માટે સંઘનાં દ્વાર ખુલ્લા કરવામાં આવ્યાં અને તેના પરિણામે બીજા ફિરકાઓના સભ્યોની સંઘમાં સારી ભરતી થઈ. સંઘના મુખપત્ર તરીકે પ્રારંભથી પાક્ષિક પત્રિકા ચલાવવામાં આવતી હતી અને સમયાન્તરે બંધ કરવામાં આવી હતી. તેને પાછી 'પ્રબુદ્ધ જૈન'ના નામ નીચે સજીવન કરવામાં આવી. આ રીતે નવું પરિવર્તન પામેલા સંઘની પ્રવૃત્તિઓ કેટલાંક વર્ષો સુધી એકસરખી ચાલતી રહી. સમયાન્તરે આજથી લગભગ પાંચ વર્ષ પહેલાં સંઘના મુખપત્ર પ્રબુદ્ધ જૈનના નામનું રૂપાન્તર કરવામાં આવ્યું અને 'પ્રબુદ્ધ જીવન' નામ ધારણ કરવામાં આવ્યું. ત્યાર બાદ થોડા વખત પછી જૈન ધર્મ પ્રત્યે આદર ધરાવતી હોય એવી જૈનેતર વ્યક્તિ પણ સંઘમાં દાખલ થઇ શકે એ રીતે સંઘનું દ્વાર જૈનેતર ભાઇ-બહેનો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું અને પરિણામે આજે સંઘમાં જૈનેતર ભાઇઓ—જો કે બહુ થોડી સંખ્યામાં—દાખલ થયા પણ છે. આમ આપણો સંઘ કેવળ કોમી અને સાંપ્રદાયિક પેટાવર્તુળમાંથી વિશાળતર વર્તુળ તરફ ઉત્તરોત્તર ગતિ કરી રહ્યો છે. અલબત્ત એ તો કબુલ કરવું રહ્યું કે હજુ આપણા સંઘના સભ્યો ઘણા મોટા ભાગે જૈન છે. અને આપણો સંઘ હજુ જૈન સમાજ સાથે સારી રીતે સંકળાયેલો છે. આમ છતાં આપણી એક પણ પ્રવૃત્તિનું રૂપ શુધ્ધ સાર્વજનિક કોટિનું નહિ—પણ સાંપ્રદાયિક લેખાય તેવી જૈન કોટિનું—હવે રહ્યું નથી. પછી ભલે તે પ્રબુદ્ધ જીવન હોય કે પર્યુષણ વ્યાખ્યાનમાળા હોય. આ પરિસ્થિતિમાં જે વિકાસક્રમની સીડી ઉપર આપણો સંઘ ઉન્નત આરોહણ કરી રહ્યો છે તેને અનુરૂપ એવું નવું કદમ આપણા માટે શું હોઈ શકે એ પ્રશ્ન મારે અને તમારે વિચારવાનો રહે છે.

"છેલ્લાં ચાર પાંચ વર્ષના અનુભવ ઉપરથી આપણે એ જોઇ શકયા છીએ કે જૈનેતરો માટે સંઘનું દ્વાર ખુલ્લું મૂકવા છતાં અને સંઘની પ્રવૃત્તિઓને શકય તેટલું વિશાળ રૂપ આપવા છતાં આપણે ગણ્યા ગાંઠ્યા જૈનેતરોને આપણા સંઘ તરફ આકર્ષી શકયા છીએ. આનું કારણ શું છે? આપણે કોઇ વિશિષ્ટ વ્યક્તિને આપણા સંઘમાં દાખલ થવાનું કહીએ છીએ તો તે શું જવાબ આપે છે? તે કહે છે કે તમારી સંસ્થા જૈન સંસ્થા છે તેમાં અમે કેમ દાખલ થઇએ? જે અર્થમાં તે આપણા સંઘને જૈન સંસ્થા તરીકે ઓળખે છે તે અર્થમાં આપણો સંઘ નામ માત્રનો જૈન હોવા છતાં તેનું મન સંઘમાં જોડાવાને ઉત્સુક બનતું નથી. આમ સંઘનું આજનું નામ મુંબઇ જૈન યુવક સંઘ—એમાં રહેલ 'જૈન યુવક' શબ્દ—સંઘમાં જોડાવામાં તેની આડે આવે છે.

"સંઘના ઉત્તરોત્તર વિકસતા જતા રૂપને જે કોઇ કુદરતની ઘટના સાથે સરખાવવું હોય તો તેને રેશમના કીડામાં થતા પરિવર્તન સાથે સરખાવી શકાય. એ કીડો પ્રારંભમાં નાની જીવાતમાંથી ઇળનું રૂપ ધારણ કરે છે અને તે ઇળ પછી પોતાની આસપાસ રેશમનો કોશેટો બાંધવા માંડે છે. સાથે સાથે એ કોશેટામાં પુરાયેલી ઇળમાં ફેરફાર થવા માંડે છે અને ઇળના શરીરમાં પાંખો ફુટે છે અને પતંગીયાનું રૂપ તે ધારણ કરે છે. જેવી રીતે આ પતંગીયું કોશેટાને ભેદીને બહાર આવવા ધમ્મે છે, મથે છે, તેવી જ સ્થિતિ આજે આપણા મુંબઇ જૈન યુવક સંઘની છે. અંદરથી પરિવર્તન પામી રહેલો આપણો સંઘ "જૈન યુવક" એવા નામના કોશેટામાં પુરાયેલો છે, અને આમ છે ત્યાં સુધી સંઘને બહારના લોકો એક સાર્વજનિક સંસ્થા તરીકે સ્વીકારવાને—ઓળખવાને તૈયાર નથી.

સંઘનો ઉદ્‌ભવ થયો ત્યારે 'યુવક' શબ્દમાં એક રણકો હતો અને એ વખતના વાતાવરણમાં 'ક્રાન્તિ' શબ્દ પણ ખૂબ ગાજતો હતો. પણ એ વખતની આપણી ક્રાન્તિની કલ્પના વામણી હતી. આજે જેને સાધારણ સુધારણા કહેવામાં આવે છે અથવા તો જે બાબતો હવે આપણા ચાલુ જીવનમાં લગભગ સ્વીકારી લીધા જેવી છે તે બાબતો તે વખતે ક્રાન્તિના નામથી ઓળખાતી હતી અને યુવકને એ દિવસોમાં આ ક્રાન્તિના સૂત્રધાર અથવા તો ધુરંધર તરીકે વર્ણવવામાં આવતો હતો. દા. ત. વિધવા વિવાહ, લાજ ન કાઢવી, કન્યાશિક્ષણ, અસ્પૃશ્યતાનિવારણ, પરદેશગમન, આન્તરજ્ઞાતીય લગ્ન, લગ્નવિચ્છેદ. જૈન શ્વે. મૂ. સમાજનો વિચાર કરીએ તો બાલદીક્ષાની બંધી, દેવદ્રવ્યનો સામાજિક કાર્યોમાં ઉપયોગ, સાધુઓ ઉપર સંઘનો અંકુશ, મુહપત્તીનો ત્યાગ—આ બધી બાબતો એ દિવસોમાં ક્રાન્તિના મથાળા નીચે મૂકવામાં આવતી હતી. આજે તો આપણે કેટલાંયે કદમ આગળ વધી ચુકયા છીએ. એટલે ક્રાન્તિ અને યુવક એ બે શબ્દો સાથે જોડાયલા એ વખતના ખ્યાલોને આજે હવે સ્થાન રહ્યું નથી.

"આ દૃષ્ટિએ સંઘના આજ સુધીના માનસિક વિકાસને લક્ષ્યમાં લેતાં 'જૈન' અને 'યુવક' એ બે શબ્દોનું આપણા સંઘના નામમાં કોઇ વિશિષ્ટ મહત્ત્વ રહ્યું નથી એમ મને લાગે છે. બીજી બાજુએ જૈનેતર સમાજમાં રહેલી અનેક વ્યકિતઓ અને શકિતઓને સંઘમાં સામેલ થવામાં આ બે શબ્દો અન્તરાયરૂપ બને છે એ વિષે બે મત હોવા સંભવ નથી. આ પરિસ્થિતિમાં આપણે સંઘનું એવું નામપરિવર્તન કરીએ કે જેમાં સંઘના આન્તરિક પરિવર્તનનું પ્રતિબિંબ પડે અને વિશાળ સમાજ તરફ સંઘ સ્વાભાવિક રીતે આકર્ષાય—આ મારો વિચાર અથવા તો મારા મનનું વલણ—આપની સમક્ષ હું નમ્રભાવે રજુ કરું છું.

"આમ જ્યારે સંઘમાં થઇ રહેલાં આજ સુધીનાં પરિવર્તનોની સ્વાભાવિક પુરવણી તરીકે તેનું નામ બદલવાની હું સૂચના કરું છું ત્યારે તે પરિવર્તનો દરમિયાન સંઘની જે ત્રણ વિશેષતાઓ પ્રારંભથી આજ સુધી કાયમ રહી છે તે તરફ આપનું લક્ષ્ય ખેંચવું મને આવશ્યક લાગે છે.

(૧) શરૂઆતનાં વર્ષો દરમિયાન સંઘનું કાર્યક્ષેત્ર અતિ સંકુચિત હતું. એમ છતાં પણ રાષ્ટ્રવાદને—રાષ્ટ્રના સંપૂર્ણ સ્વાતંત્ર્યની ભાવનાને—

હંમેશા સંઘે અગ્રસ્થાન આપ્યું છે. રાષ્ટ્ર પહેલા અને પછી બીજું બધું—આ વિચાર ઉપર હંમેશાં ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. આજથી લગભગ ૨૦ વર્ષ પહેલાં અમલમાં આવેલા નવા બંધારણમાં સંઘના સભ્ય માટે રાષ્ટ્રીય મહાસભાના સભ્ય હોવું ફરજિયાત હતું. (અલબત્ત આ ફરજિયાતપણું પરિવર્તન પામતાં રાજકારણી વલણોનો ખ્યાલ કરીને પાછળથી રદ કરવામાં આવ્યું છે.) બને ત્યાં સુધી ખાદી અને નહિ તો સ્વદેશી વસ્ત્રોનો ઉપયોગ અને અસ્પૃશ્યતાનિવારણ એ બે બાબતોને શિસ્ત નિયમોમાં સ્થાન આપવામાં આવ્યું છે અને આજે પણ એ કાયમ છે.

(૨) સામાજિક બંડખોરીનું તત્ત્વ સંઘના પાયામાં મૂળથી રહેલું છે. વસ્તુતઃ તત્કાલીન ધર્મિક કુપ્રથાઓ અને અનિષ્ટ સામાજિક રૂઢિઓ સામેના બંડખોરપણાની—બળવાની—યુવકસુલભ વૃત્તિમાંથી જ આ સંઘનો ઉદ્‌ભવ થયો છે. ધાર્મિક કે સામાજિક વિષયોમાં સંઘનાં વલણો એકસરખાં ઉદ્દામ રહ્યાં છે અને તે બાબતોમાં તેણે કદિ કોઇ પણ પ્રકારની બાંધછોડ કરી નથી. સંઘની આજની પ્રવૃત્તિઓમાં આ તત્ત્વ એટલું આગળ પડતું દેખાતું નથી; એમ છતાં પણ આ બંડખોરપણાની ગળથુથીના સંસ્કાર સંઘની સર્વ પ્રવૃત્તિઓમાં ઓછા વધતા અંશે આજ સુધી જીવન્ત રહ્યાં છે. સામાજિક બંડખોરી એ જ પ્રબુદ્ધ જીવનનો પ્રેરક મંત્ર અથવા તો મુદ્રાલેખ છે.

(૩) નવા વિચારોના સમાજને સતત સંસ્કારો આપતાં રહેવું એ સંઘની ત્રીજી વિશેષતા છે. સંઘની બધી પ્રવૃત્તિઓ હંમેશા સંસ્કાર-પ્રધાન રહી છે. આપણો સંઘ મુંબઈ શહેરનું એક મહત્ત્વનુ સંસ્કાર કેન્દ્ર બને એ લક્ષ્ય તરફ સંઘની પ્રવૃત્તિઓને આપણે વધારે ને વધારે કેન્દ્રિત કરતા રહ્યા છીએ. નાતજાત અને સંપ્રદાયના ભેદો કેમ નાબુદ થાય અને માનવી માનવીની કેમ નજીક આવે એવી ભાવના આપણા સમગ્ર કાર્યને પ્રેરી રહી છે.

"આજે જ્યારે હું નામ પરિવર્તનની વાત કરી રહ્યો છું ત્યારે કેવળ નામ પરિવર્તન એટલું જ મારું લક્ષ્ય નથી, પણ સંઘને મુંબઈ શહેરની એક અગ્રગણ્ય સામાજિક સંસ્થા બનાવવી, જેમાંથી ઉપર જણાવેલ ભૂમિકાને વફાદાર રહીને લોકકલ્યાણ સાધક અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ નિર્માણ થાય, એટલું જ નહિ પણ, આજે સમાજમાં ચાલી રહેલ અનીતિ, અધર્મ, અન્યાય અને આપખુદી સામે ચાલુ જેહાદ ચલાવવાની તાકાત તેને પ્રાપ્ત થાય, જે કાર્ય તેણે વર્ષો પહેલાં જૈન સમાજને—ખાસ કરીને શ્વે. મૂ. વિભાગને—અનુલક્ષીને કર્યું છે તે જ કાર્ય મુંબઈના વિશાળ સમાજને અનુલક્ષીને કરવા તરફ પ્રેરાય—સંઘ વિષે આવો મારો મનોરથ અને આવું સ્વપ્ન છે. એ જ રીતે પ્રબુદ્ધ જીવન પણ કાળાન્તરે સામાહિક બને, અને આજના સળગતા અનેક પ્રશ્નો ઉપર સત્તાધીશોને તેમ જ આમ જનતાને સ્પષ્ટ નિડર માર્ગદર્શન આપતું થાય અને તેને કોઈથી અવગણી ન શકાય એવું સ્થાન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે એવી પ્રબુદ્ધ જીવન વિષે હું કલ્પના સેવી રહ્યો છું. આ મનોરથ અને કલ્પના સિદ્ધ કરવામાં આજની કક્ષાએ સંઘનું નામપરિવર્તન મદદરૂપ થશે, તેમ કરવાથી વિપુલ શકિત ધરાવતી અનેક વ્યકિતઓ સંઘ તરફ આકર્ષાશે—આવી શ્રદ્ધા મને આવા સાહસનું સૂચન કરવા તરફ પ્રેરી રહી છે. હું સમજું છું કે ત્રીશ ત્રીશ વર્ષની જેના નામની ગુડવીલ છે, જેને મુંબઇની જનતા એક વિશાળ વિચારો ધરાવતી સામાજિક સંસ્થા તરીકે ઓળખે છે તેના નામની ગુડવીલને આમ ફેંકી દેવાની વાત કરવી તે એક દૃષ્ટિએ કોઇને જરૂર મૂર્ખાઇભરેલું લાગે. વળી આમ કરવાથી જૈન સમાજનો આ સંસ્થાને જે અનેકવિધ સહકાર મળતો રહ્યો છે તે, આવા નામપરિવર્તનના પરિણામે, ગુમાવવાનું જોખમ ઉભું થાય—એ પણ મારા ધ્યાન બહાર નથી. આવા ફેરફારના પરિણામે જેમ આગળ ઉપર બન્યું હતું તેમ કેટલાક જૈન ભાઇઓ યા બેહેનોને સભ્ય તરીકે કદાચ ગુમાવીએ—એ જોખમ પણ મારા ધ્યાન બહાર નથી. આ બધું હોવા છતાં આજ સુધીની ઇતિહાસ-ભૂમિકા ઉપર સંઘનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે સંઘે પોતાની વિકાસશીલતાને અનુલક્ષીને આગળ ચાલવું હોય તો તેના માટે ઉપર જણાવ્યું તે ધોરણે નામપરિવર્તન કરવા સિવાય બીજો વિકલ્પ રહેતો નથી એમ મને લાગે છે.

"અહિં મારે જણાવવું જોઇએ કે આ વિચાર માત્ર મારો અંગત વિચાર છે. થોડા સમય પહેલાં આપણા સંઘની કાર્યવાહક સમિતિમાં આ બાબતની ચર્ચા મેં જ ઉપસ્થિત કરી હતી; પણ કાર્યવાહક સમિતિના મોટા ભાગના સભ્યો પાસે મારો આ વિચાર હું સ્વીકારાવી શકયો નહોતો. આમ છતાં પણ સંઘ સાથે પણ તેના ઉદ્‌ભવથી આજ સુધીના એક સાક્ષી તરીકે અને તેનું ઘડતર કરવામાં જેણે કાંઇક ભાગ ભજવ્યો છે એવી એક વ્યકિત તરીકે આ મારો વિચાર આપની આગળ મૂકવાનું મેં યોગ્ય વિચાર્યું છે, જરૂરી ધાર્યું છે. આવો ફેરફાર જ્યારે પણ થાય ત્યારે કેવળ બહુમતીના જોરે નહિ પણ આપણામાંના ઘણા ખરાની એકમતીના જ જોરે થવો જોઇએ, એવો ફેરફાર સંઘર્ષમાંથી નહિ પણ કદમમાં કદમ મેળવીને આગળ વધવાની સંઘના સભ્યોની તમન્નામાંથી જન્મવો જોઇએ—આમ હું માનું છું અને એટલે જ મારી આ વાત તમો બધાં ભાઇઓ અને બહેનો શાન્તિથી વિચારો અને ચર્ચો એમ હું ઇચ્છું છું. મને શ્રદ્ધા છે કે સમયાન્તરે તમો બધાં ભાઇબહેનો પણ આ સૂચનાના સ્વીકાર તરફ જરૂર વળશો અને એ શુભ ઘડિ આવશે ત્યારે સંઘનું નામ બદલવાનું અને તેના સ્વાભાવિક પરિણામ રૂપ સંઘના બંધારણમાં પણ જરૂરી ફેરફારો કરવાનું મહત્ત્વનું પગલું આપણે સાંથે મળીને ભરીશું, જે કોઇએ કર્યું નથી તેવું કરવાનો આપણો દાખલો બેસાડીશું અને સંઘને એક નવા ઉત્થાનપથ ઉપર ગતિમાન કરવા ભાગ્યશાળી થઇશું."

પછી સંઘના તથા વાચનાલય અને પુસ્તકાલયના અન્વેષિત થયેલા આવક—જાવકના વાર્ષિક હિસાબો તથા સરવૈયાંઓ મંજુર કરવામાં આવ્યા. એ જ રીતે મંત્રીઓ તરફથી રજુ કરવામાં આવેલા બન્ને સંસ્થાઓના અંદાજપત્રો પણ મંજુર કરવામાં આવ્યા અને તેમાં જણાવ્યા મુજબ ઓછામાં ઓછા રૂા. ૧૦૦૦૭) ની જવાબદારીને પહોંચીવળવાની જવાબદારી સામાન્ય સભાએ સ્વીકારી હતી.

ચૂંટણી

ત્યાર બાદ ચૂંટણીનું કામ હાથ ધરવામાં આવ્યું; જેના પરિણામે નીચે મુજબના અધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યો નક્કી કરવામાં આવ્યા:—

શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ	પ્રમુખ
,, લીલાવતીબહેન દેવીદાસ	ઉપપ્રમુખ
,, પરમાનંદ કુંવરજી કાપડિયા ,, ચીમનલાલ જે. શાહ	મંત્રીઓ
,, રતિલાલ ચીમનલાલ કોઠારી	કોષાધ્યક્ષ
,, ચીમનલાલ ચકુભાઇ શાહ	સભ્ય
,, તારાબહેન આર. શાહ	,,
,, ટી. જી. શાહ	,,
,, રમણિકલાલ મણિલાલ શાહ	,,
,, રમણલાલ ચી. શાહ	,,
,, જસુમતીબહેન મનુભાઇ કાપડિયા	,,
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ	,,
,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી	,,
,, પ્રવીણચંદ્ર ટી. શાહ	,,
,, શાન્તિલાલ દેવજી નંદુ	,,
,, કાંતિલાલ ઉમેદચંદ ઝવેરી	,,
,, ચંદુલાલ સાંકળચંદ વકીલ	,,
,, નાનચંદભાઇ શામજી	,,
,, રતિલાલ ઉજમસી શાહ	,,
,, દામજી વેલજી શાહ	,,

સંઘના હિસાબ અન્વેષક તરીકે કામ કરી રહેલા **મેસર્સ શાહ મહેતા એન્ડ ચોકસી**નો આભાર માનવામાં આવ્યો અને નવા વર્ષ માટે તેમને ચાલુ રાખવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો ત્યાર બાદ પ્રમુખ સાહેબનો આભાર માની સભા વિસર્જન કરવામાં આવી.

કાર્યવાહક સમિતિમાં સભ્યોની પુરવણી

મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિની નિમણુંક

તા. ૧૯-૨-૫૭ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ કા. વા. સમિતિમાં નીચેના સભ્યોની પુરવણી કરી હતી.

શ્રી વેણીબહેન વિનયચંદ કાપડિયા
,, પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
,, નવલમલ કુન્દનમલ ફિરોદિયા

આ ઉપરાંત શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ ૯ સભ્યોની હોય છે. અધિકારની રૂઇએ પાંચ ટ્રસ્ટીઓ તથા દર વર્ષે કાર્યવાહક સમિતિ તરફથી નીમાતા ચાર સભ્યો. આ પાંચ ટ્રસ્ટીઓના નામ નીચે મુજબ છેઃ—

૧ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ
૨ ,, પરમાનંદ કુંવરજી કાપડિયા
૩ ,, રમણિકલાલ મણિલાલ શાહ
૪ ,, રતિલાલ ચિમનલાલ કોઠારી
૫ ,, પ્રવિણચંદ્ર હેમચંદ્ર અમરચંદ

આ સમિતિ માટે નીચેના ચાર સભ્યોની પ્રસ્તુત કાર્યવાહક સમિતિએ નિમણુંક કરી હતી. અને આ સમિતિના મંત્રી તરીકે શ્રી ચીમનલાલ જે. શાહની નિમણુક કરવામાં આવી હતી.

૬ શ્રી ચીમનલાલ જે. શાહ—મંત્રી
૭ ,, રમણલાલ સી. શાહ
૮ ,, ચંદુલાલ સાંકળચંદ વકીલ
૯ ,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

મૌલાના આઝાદને ભાવભરી અંજલિ

ગયા ફેબ્રુઆરી માસની ૨૨ મી તારીખની વહેલી સવારે મૌલાના અબુલ કલામ આઝાદનું ૬૯ વર્ષની ઉમ્મરે અવસાન થયું, અને આપણે એક ઉત્કૃષ્ટ કોટિના દેશભક્ત અને ૧૯૪૭ ની સાલમાં આપણને જે સ્વરાજ્ય પ્રાપ્ત થયું તે સ્વરાજ્યના અગ્રગણ્ય શિલ્પીઓમાંના એકને ગુમાવ્યા. ગાંધીજી ગયા; વલ્લભભાઇ ગયા; તેમની પાછળ મૌલાના સાહેબે પણ આપણી વિદાય લીધી છે. છેલ્લાં ૨૫ વર્ષના રાજકારણના ઇતિહાસમાં તેમનું એક રીતે અજોડ સ્થાન હતું. જે રીતે ઝીણાએ મોસ્લેમ લીગના શાસક બનીને મુસલમાન કોમમાં બુદ્ધિભેદ પેદા કર્યો અને તે કોમના મોટા ભાગને રાષ્ટ્રવાદથી વિમુખ બનાવ્યો અને આખરે દેશના ભાગલા પડાવ્યા તે જોતાં રાષ્ટ્રીય મહાસભા—સંચાલિત આઝાદીની લડતમાં મક્કમપણે મોખરે રહેવું એટલું જ નહિ પણ પોતાના મુસલમાન ભાઇઓને આઝાદીની લડત તરફ વાળવાને સતત પ્રયત્ન કરતાં રહેવું એ સાધારણ ખમીરવાળા મુસલમાન આગેવાન માટે લગભગ અશકય હતું. સ્વાતંત્ર્યની લડતના ગાળા દરમિયાન આ પુરૂષાર્થ મૌલાના સાહેબનો હતો અને ત્યાર પછી મૌલાના સાહેબ હિંદુ અને મુસલમાનો વચ્ચે એક કડી સમાન બની રહ્યા હતા. આજે હજુ પણ પાકીસ્તાનના પ્રતિકુળ પ્રચારના પરિણામે ભારતના મુસલમાનોનાં મન અસ્થિર બનવાનું જોખમ ઉભું જ છે અને તેવા વખતે આવા એક પ્રતિભાસંપન્ન મુસલમાન નેતાની આપણને ઘણી મોટી જરૂર હતી, અને એ રીતે તેમની ખોટ આપણા માટે અસામાન્ય છે.

આ તો મૌલાના સાહેબના વ્યકિતત્વની એક બાજુનો આપણે વિચાર કર્યો. પણ તેમના ભવ્ય અને સમૃદ્ધ વ્યકિતત્વમાં અનેક વિશેષતાઓ રહેલી હતી. તેઓ એક મોટા સાહિત્યકાર અને ફિલસુફ હતા. એરેબિક ભાષાના તેઓ મોટા પંડિત હતા અને ઇસ્લામના ધર્મસાહિત્યના એક પારંગત અભ્યાસી અને પ્રમાણભૂત જાણકાર હતા. ઇસ્લામ અથવા કુરાનમાં તેમની ઉંડી નિષ્ટા હતી અને એમ છતાં તેઓ કોઇ પરંપરાના ગુલામ નહોતા. કુરાનની તેઓ સ્વતંત્ર રીતે—તેના મૂળને સ્પર્શીને—અર્થઘટના કરતા હતા અને તેમના ચિન્તનમાં તેમ જ વર્તનમાં ભારે વિશાળતા—ઉદારતા—હતી. તેમનું જીવન અનેક રસોથી સભર હતું. તેઓ શુષ્ક જ્ઞાની કે કઠોર ત્યાગી નહોતા. વળી તેઓ જેટલા મહાન લેખક હતા તેટલા જ કુશળ વકતા હતા. ધર્મશાસ્ત્રપરાયણ છતાં દેશની પરિસ્થિતિ જોઇને જેમ લોકમાન્ય તિલકે પોતાની સર્વ શકિત રાજકારણને સમર્પિત કરી હતી તેવી જ રીતે મૌલાના સાહેબની જીંદગીનો મહત્વનો ભાગ ભારતીય રાજકારણ સાથે સંલગ્ન બન્યો હતો. આમ મૌલાના સાહેબ ભારતની એક અનુપમ વિભૂતિ હતા.

તેમના માટે દીલ્હીમાં તા. ૨૩-૨-૫૮ ના રોજ બોલાવવામાં આવેલી જાહેર સભામાં ગદ્‌ગદ્ કંઠે બોલતાં ભારતના મહા અમાત્ય નહેરૂએ જણાવ્યું હતું કે "આપણે ગઇ કાલે મૌલાના સાહેબના છેલ્લા પ્રવાસમાં તેમની સાથે વિચર્યા હતા. આગળ ઉપર અનેક પ્રસંગોએ હિંદની વણઝારમાં આપણે તેમના સહપ્રવાસી બન્યા હતા. ઘણી વાર તેમની આગેવાની નીચે આપણે આગેકુચ કરી હતી.

"વર્ષોથી આપણે તેમની મદદ લેવાને અને તેમની પ્રખર બુદ્ધિના પ્રકાશ દ્વારા માર્ગદર્શન મેળવવાને ટેવાયલા હતા. અને આવી બાબતમાં બને છે તેમ, આ મદદ મળતી બધ થશે અને તેમની બુદ્ધિનો પ્રકાશ આપણને મળતો અટકી જશે ત્યારે આપણે શું કરીશું—તેનો આપણને કદિ વિચાર આવ્યો નહોતો. દરેક મુસ્કેલીના પ્રસંગે આપણે તેમની પાસે દોડી જતા. કદિ કદિ તેમનો વિરોધ કરવાની પણ આપણે હીંમત કરતા. પણ એમ કરતા ત્યારે પણ તેમની પાસેથી આપણને પ્રકાશ સાંપડશે, સાચું માર્ગદર્શન મળશે એવો આપણે પુરો વિશ્વાસ ધરાવતા હતા.

"તેમના દેહાન્ત સાથે એક યુગનો અન્ત આવ્યો છે. એમાં તો કોઇ શક નથી કે દરેક માણસને વહેલાં મોડાં આ દુનિયામાંથી જવાનું જ છે. જીવનની વણઝાર આમ જ ચાલતી રહે છે. પણ મૌલાના આઝાદના જવા સાથે એક એવો ખાડો પડયો છે કે જે પુરાવો મુસ્કેલ છે. જુના અને નવા વચ્ચે તેઓ એક પુલ સમાન હતા. તેમનામાં જુના કાળનું પાંડિત્ય અને સંસ્કારિતા અને નવા કાળની કર્તૃત્વપરાયણ શકિતમત્તા હતી. તેમના જવાથી આખો દેશ એક સખ્ત આઘાત અનુભવી રહ્યો છે અને તેની વેદના અતિ તીવ્ર છે. સમયના જવા સાથે આ આઘાત હળવો બની જશે, અને વેદનાની તીવ્રતા પણ ઘટતી જશે, પણ આજે આપણે કોની પાસે સલાહ અને દોરવણી માટે જઇશું ?" એમ કહેવાની સાથે પંડિતજીનો કંઠ રૂંધાઇ ગયો અને આંખોમાંથી આંસુઓ વહેવા લાગ્યા.

બીજે દિવસે લોકસભામાં મૌલાના આઝાદને અંજલિ આપતાં, જાણે કે પ્રાથમિક આઘાતમાંથી કાંઇક સ્વસ્થ બન્યા હોય અને પ્રસ્તુત ઘટનાને કાંઇ તાત્વિક દૃષ્ટિથી નિહાળવાનો પ્રયત્ન કરતા હોય અને મૌલાના સાહેબના વ્યકિતત્વનું પોતાની રીતે મૂલ્યાંકન કરતા હોય તેમ પંડિતજીએ જણાવ્યું હતું કે "કોઇ એક સાથી અથવા તો કોઇ એક મહાપુરૂષના અવસાનના અનુસંધાનમાં તેમને આ સભાગૃહમાં અંજલિ આપવાનું કામ મારા ભાગે આવતું રહ્યું છે. આજે એજ ફરજ મારે એવી વ્યકિત સંબંધમાં બજાવવાની છે કે જે વ્યકિત થોડા દિવસ પહેલાં આપણી સાથે જ હતી, અને જેના એકાએક નીપજેલા અવસાને આ લોકસભાના સભ્યોને જ માત્ર નહિ પણ દેશભરમાં વસતા અસંખ્ય લોકોને ઊંડી દિલગીરીમાં ગરકાવ કરી દીધા છે.

"જ્યારે કોઇ એક જાણીતી વ્યકિતનું અવસાન નીપજે છે ત્યારે તેની ખોટ પુરાય તેમ નથી એમ કહેવું એ એક સામાન્ય વ્યવહાર અથવા તો ઉપચારનો વિષય બની ગયો છે. અને અમુક અંશે એ

સાચું પણ હોય છે. પણ મને લાગે છે કે મૌલાના આઝાદના દેહાન્ત સંબંધે એમ કહેવું તે અક્ષરશઃ અને એકાન્તપણે સાચું છે. આ ઉપરથી હું એમ કહેવા માંગતો નથી અને હરગીજ એમ કહેવા માંગતો નથી કે હવે પછી ભારતમાં કોઈ મોટા માણસોનો જન્મ જ નહિ થાય. આપણે ત્યાં મહાપુરૂષો થઈ ગયા છે અને આપણે ત્યાં મહાપુરૂષો પેદા થવાના છે. પણ હું એમ જરૂર કહેવા માંગું છું કે મૌલાના સાહેબમાં જે વિશિષ્ટ પ્રકારની અથવા તો અનોખી ભાતની મહત્તા હતી તેની બીજી આવૃત્તિ હિંદમાં કે અન્યત્ર નિર્માણ થવાનો બહુ સંભવ નથી. આમ કહું છું ત્યારે તેમના અનેક ગુણો જે આપણે સર્વ જાણીએ છીએ તેનો ઉલ્લેખ કરવાની મને જરૂર લાગતી નથી. એમની અગાધ વિદ્વત્તા, તેમનું તલસ્પર્શી પાંડિત્ય, તેમનું અપૂર્વ વકતૃત્વ, તેઓ એક મહાન લેખક હતા અને બીજી અનેક રીતે તેઓ મહાન હતા. આજે બીજા પણ વિદ્વાનો છે, બીજા પણ લેખકો છે, અને વકતાઓ પણ છે, પણ ભૂતકાળની મહત્તા અને વર્તમાનની ભવ્યતા–આ બન્નેનું તેમનામાં અદ્‌ભુત મીશ્રણ હતું. યુરોપના મધ્યકાલીન જાગૃતિયુગમાં–Renassance–માં પેદા થયેલા મહાપુરૂષોના અથવા તો તે પછીના કાળમાં અને ફ્રેંચ વિપ્લવ (ઈ.સ. ૧૮૦૪ થી ૧૮૧૪) ના સમય પહેલાં થયેલા encydopedists–જ્ઞાનના ભંડારરૂપ મહાપુરૂષો–ના બુદ્ધિપ્રધાન કર્મપ્રધાન માનવીઓના તેઓ એક પ્રતિનિધિપુરૂષ હતા આમ મને તેમના વિષે હંમેશા લાગ્યું છે. તેમને જોતાં જુના વખતના શોકોના મહાન ગુણો–તેમની રીતભાતમાં પ્રગટ થતી એક પ્રકારની પ્રાસાદિકતા–graciousness–નું મને સ્મરણ થતું હતું.

"જુના વખતમાં જરૂર કેટલુંક ખરાબ હતું તેમ કેટલુંક એવું સારૂં હતું જે આજે જોવા કે અનુભવવા મળતું નથી. એ વખતે એક પ્રકારની પ્રાસાદિકતા હતી, એક પ્રકારની સભ્યતા, વિનય, સહિષ્ણુતા, ધીરજ હતી, જે આજે આપણને દુનિયામાં શોધી જડતી નથી. આજે ભલેને આપણે વૈજ્ઞાનિક અને યાંત્રિક બાબતોમાં આગળ વધ્યા હોઇએ, એમ છતાં આજની દુનિયામાં એ પ્રાસાદિકતાનો બહુ જ ઓછો અંશ નજરે પડે છે. ભલેને આપણે ચંદ્રલોક સુધી પહોંચવાનો મનોરથ સેવતા હોઇએ, એમ છતાં પણ એ આપણા પ્રયત્ન અને પ્રક્રિયામાં પૂર્વકાળની પ્રાસાદિકતાની, ઉદારતાની, એવી અમુક બાબતો કે જે વડે જીવનના પ્રારંભ કાળથી માનવીજીવન જીવવા જેવું બન્યું છે તે બાબતોની ખામી અનુભવવામાં આવે છે.

"આ રીતે પ્રાસાદિકતા, ઊંડી જ્ઞાનનિષ્ઠા, અને બહોળા દિલની ઉદારતા–ભૂતકાળનાં આવા સારા ગુણો અને આજનાં પ્રેરક બળો–આ બન્નેનાં કોઈ વિચિત્ર અને અજોડ મીશ્રણ વડે મોલાના આઝાદ જેવા હતા તે પ્રકારે ઘડાયા હતા.

"એ સૌ કોઈ જાણે છે કે નાનપણથી હિંદને સ્વતંત્ર બનાવવાની તેમને તાલાવેલી લાગી હતી, અને હિંસક વિપ્લવના માર્ગ તરફ પણ એ દિવસોમાં તેઓ વળ્યા હતા, પણ પાછળથી થોડા સમયમાં જ તેમને ભાન થયું હતું કે સ્વાતંત્ર્યના ધ્યેયને પહોંચવા માટે એ ખરો માર્ગ નહોતો.

"હિંદમાં ધીમે ધીમે અનેક વૈવિધ્યથી ભરેલી સંસ્કૃતિ–composite culture–વિકાસ પામતી રહેલ છે. આ સંસ્કૃતિના તેઓ એક વિશિષ્ટ કોટિના ખાસ પ્રતિનિધિ હતા. આ સુશ્લિષ્ટ ભારતીય સંસ્કૃતિના અંશતઃ અનેક પ્રતિનિધિઓ ભારતના જુદા જુદા વિભાગોમાં વિદ્યમાન છે. પણ અહિં દીલ્હીમાં, બંગાળામાં, કે કલકત્તામાં–જ્યાં જ્યાં તેમણે જીવનનો મોટો ભાગ પસાર કર્યો ત્યાં ત્યાં તેઓ, જે જુદી જુદી સંસ્કૃતિના પ્રવાહો હિંદમાં આવ્યા અને હિંદી જીવનના અને હિંદના માનવ સમુદાયના મહાસાગરમાં સમાઈ ગયા અને જે પ્રવાહોએ એ રીતે હિંદી જીવન અને માનવસમુદાયને રંગ્યો અને પોતે પણ રંગાયા–આવા સાંસ્કૃતિક પ્રવાહોના સમન્વયે તો મૌલાના સાહેબમાં જ મૂર્તરૂપ ધારણ કર્યું હતું.

"આ રીતે તેઓ ખાસ કરીને ભારતની એ સંસ્કૃતિના પ્રતિનિધિ હતા જે સંસ્કૃતિ ઉપર પશ્ચિમ એશીઆની સંસ્કૃતિના, પર્શીયન સંસ્કૃતિના, અરેબિક સંસ્કૃતિના સદ્દીઓથી પ્રત્યાઘાતો પડતા રહ્યા હતા. આ અર્થમાં હું એવો બીજો કોઇ માણસ કલ્પી શકતો નથી કે જે તેમની જગ્યા લઈ શકે, કારણ કે જે યુગે તેમને પેદા કર્યા હતા તે યુગનો આજે છેડો આવ્યો છે. અમારામાંના થોડાક અવશેષ રહ્યા છે જેમને એ વ્યતીત થયેલા યુગની કાંઈક ઝાંખી છે. જે પેઢી આજે ઉદય પામી રહી છે તેને એ યુગનું સંવેદન–ઝાંખું દર્શન–પણ હોવું મને સંભવિત નથી લાગતું આજે આપણે જુદી રીતે વર્તીએ છીએ; આપણે જુદી રીતે વિચારીએ છીએ. માનસિક અભિગમ અને સમજુતીમાં, આઘાત પ્રત્યાઘાત અને સંવેદનમાં પડેલું એક ચોક્કસ પ્રકારનું મહદ્ અન્તર આગળના અને આજના યુગને, આગળ પાછળની પેઢીઓને વિભક્ત કરે છે, વિભાજિત કરે છે, એકમેકને અલગ બનાવે છે.

"આપણામાં પરિવર્તન થાય, ફેરફાર થાય, રૂપાન્તર થાય એ બરોબર છે, વ્યાજબી છે. એ સામે મારી કશી ફરિયાદ નથી. ભૂતકાળની કોઈ ખરાબ ટેવ અથવા તો એ વખતે ભલે તે ટેવ સારી હોય પણ કાળાન્તરે જે ખરાબ બની ગઈ હોય એવી ટેવની આપણામાં રખેને કોઈ જડ જમી ન જાય એ માટે ફેરફાર પરિવર્તન જરૂરી છે. પણ આમ કહું છું ત્યારે, ખરાબ સાથે ભૂતકાળના સારાં તત્ત્વો પણ સાફ થઈ જાય છે એ બાબતને લગતી દુઃખની લાગણી વ્યક્ત કર્યા વિના હું રહી શકતો નથી અને એ ભૂતકાળનું સારૂં શ્રેયસ્કર આદરણીય તત્ત્વ મૌલાના સાહેબ મુખ્યત્વે કરીને મૂર્તિમન્ત કરી રહ્યા હતા.

"આજે આપણે આવા એક ભવ્ય માનવીના દેહવિલય બદલ, ઓજસ્વી પ્રજ્ઞા અથવા તો કોઈ પણ પ્રશ્ન યા સમસ્યાના મર્મને આરપાર વીંધી શકે એવી આશ્ચર્યજનક તાકાતવાળી બુદ્ધિમત્તા ધરાવતી વ્યક્તિના અવસાન બદલ ઊંડા શોકની લાગણી પ્રગટ કરી રહ્યા છીએ. જ્યારે આપણે આવા એક સાથી, મિત્ર, સહચર, બિરાદર, નેતા, શિક્ષાગુરુ–જે રીતે તમને ઠીક લાગે તે રીતે કહો–આવી એક વિશેષ વ્યક્તિથી વિખુટા પડી રહ્યા છીએ ત્યારે આપણા જીવનમાં અને પ્રવૃત્તિઓમાં ભયંકર ખાલીપણું આપણે અનિવાર્યપણે અનુભવીએ છીએ; એક પ્રકારની શૂન્યતા અનુભવીએ છીએ. પણ સંસારનો આ જ ક્રમ છે અને આપણે તેનો સામનો કરવાનો છે અને તે સામનો રડીને, નિરાશ બનીને કે કર્તવ્યશૂન્ય બનીને નહિ, પણ જે આદર્શોની તેમણે જીવનભર ઉપાસના કરી હતી તે આદર્શો પ્રત્યે આપણી જાતને સમર્પિત કરીને અને આપણી શાન્તિસેનાના એ સેનાપતિઓ અને મહારથીઓ કે જેમણે દેશની આઝાદી, પ્રગતિ અને નવરચના સાધવા પાછળ જીવનને ન્યોચ્છાવર કર્યું હતું અને જેઓ એક વખત આપણી વચ્ચે હતા અને આજે આપણી વચ્ચે નથી એમ છતાં પોતાનો જીવન સંદેશ જેઓ પાછળ મૂકી ગયા છે તેમના શુભકાર્યને આગળ વધારીને–વિધાયક રીતે–આ સંસારના ક્રમનો, જીવન પાછળ આવતી મરણની દુર્ઘટનાનો આપણે સામનો કરવાનો છે. મારી પ્રાર્થના છે કે આ રીતે આજની આફતનો સામનો કરીને તેમણે અધુરા મુકેલા કાર્યને આપણે નવો વેગ આપીએ. તેમના જીવનમાંથી પ્રાપ્ત થતો સંદેશ આપણને સદા પ્રેરણા આપતો રહે અને આપણા માર્ગને સદા અજવાળતો રહે."

પરમાનંદ

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું જાહેર વ્યાખ્યાન

મંગળવાર તા. ૪-૩-૫૮ ના રોજ સાંજના ૬ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ "વર્તમાન પરિસ્થિતિ" ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયમાં રસ ધરાવતાં ભાઈ બહેનોને હાજર રહેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

મુંદરા પ્રકરણ

મુંદરા પ્રકરણની તપાસ મુંબઇમાં ગયા જાન્યુઆરી માસ દરમિયાન શરૂ થઇ ત્યારથી આમ જનતામાં તે વિષે ઉત્કટ રસ જાગ્યો હતો અને જ્યાં જાઓ ત્યાં એ જ વિષય ચાલુ ચર્ચાનો વિષય બન્યો હતો. આ પ્રકરણમાં ભારત સરકારના સર્વોચ્ચ અધિકારીઓ એક યા બીજી રીતે સંડોવાયલા હોઇને લોકરસ અતિ તીવ્ર બન્યો હતો. ન્યાયમૂર્તિ એમ્. સી. ચાગલાના પ્રમુખપણા નીચે આ બાબની તપાસ શરૂ થઇ, જવાબદાર અને જાણકાર માણસોની જુબાની લેવામાં આવી, એટર્ની જનરલ શ્રી એમ્. સી. સેટલવડે આખા કેસની નીડરતા અને બાહોશીપૂર્વક રજુઆત કરી અને શ્રી ચાગલાએ પોતાનો રીપોર્ટ ભારત સરકાર ઉપર મોકલી આપ્યો. ભારતના અર્થસચિવ ટી. ટી. કૃષ્ણમાચારીએ રાજીનામું આપતાં પોતાના બચાવ રૂપે મહા અમાત્ય નહેરૂ ઉપર લાંબો કાગળ લખ્યો, તેનો સવિસ્તર જવાબ લખીને નહેરૂએ રાજીનામું મંજુર કર્યું. પછી લોકસભામાં તથા રાજ્યસભામાં આ રીપોર્ટ ઉપર ખૂબ ચર્ચા થઈ. હવે આ પ્રકરણ લગભગ પુરૂં થયું ગણાય. આજે આ આખા પ્રકરણની વિગતો એટલી બધી ચર્ચાઈ ગઇ છે કે તે વિષે હવે લાંબા કોઈ વિવેચનની જરૂર રહી નથી. માત્ર બે ચાર બાબતો મન ઉપર આવે છે તેનો અહિં ઉલ્લેખ કરવા વિચાર્યું છે.

આજે આપણા દેશમાં જે કાંઈ અંધેર ચાલી રહ્યું છે, અધુરી સમજણ કે લાંચ રૂશ્વતના કારણે લાખો રૂપીઆ બરબાદ થઇ રહ્યા છે, અને સત્તારૂઢ પક્ષના આગેવાનોના અને સત્તાધિકારીઓના મગજમાં સત્તાનો જે નીશો જોવામાં આવે છે અને પરિણામે અનેક બાબતો અવળી સવળી થઇ રહી છે—એવી પરિસ્થિતિમાં આ પ્રકારની તપાસ અનેક રીતે લાભદાયી નીવડી છે. સત્તાધિકારીઓ વધારે સચેત થયા છે. તેમને કોઈ પૂછનાર છે અને વખત આવ્યે તેમને જવાબ આપવો પડે તેમ છે એ બાબતનું તેમને સચોટ ભાન થયું છે. આ તપાસે કોંગ્રેસ અને ભારત સરકારની પ્રતિષ્ઠામાં એક રીતે વધારો કર્યો છે, ગમે તેવો મોટો અધિકારી હોય—જ્યારે તેણે કોઇ કામ બરોબર નથી કર્યું અથવા તો તેના હાથે જે કાંઈ થયું છે તે શંકાપડતું છે એવો જવાબદાર માણસો તરફથી પોકાર ઉઠાવવામાં આવશે ત્યારે સરકાર તેનો ઢાંકપીછોડો નહિ કરે, જવાબદાર અધિકારીઓને જાહેર તપાસની અગ્નિકસોટીમાંથી પસાર થવુ પડશે અને જેની ભૂલ હશે તેને વિદાય લેવી પડશે —આ જાતની પ્રતીતિ આ તપાસે લોકોના દિલમાં પેદા કરી છે. મુંદરા પ્રકરણમાં જે પ્રકારના સોદાઓ થયા તે આખું પ્રકરણ કોઇ પણ તટસ્થ માણસના મનમાં શંકાઓ પેદા કરે તેવું હતુ. આજે પણ આને લગતી હજુ કુલ વિગતો બહાર આવી નથી. આજ સુધીમાં આવું કૌટલુંયે બન્યું હશે અને દબાઈ ગયું હશે. પણ આ એક તપાસે આંખો વીંચીને ચાલતા અધિકારીઓની આંખ ઉઘાડી નાંખી છે. લોકસભામાં આ પ્રશ્ન ઉપર ખૂબ હોહા થઈ અને તપાસની માંગણી કરવામાં આવી અને સરકારે એ માંગણી મંજુર કરી. આ રીતે લોકશાહીને આપણા દેશમાં એક ભારે મોટું સમર્થન મળ્યુ છે. અને વહીવટી દૃષ્ટિએ એક ભારે ઉપકારક ઘટના બની છે.

આ આખી ઘટના આથી પણ વધારે ઉપકારક અને વેધક બનત, જો ભારતના મહાઅમાત્ય નહેરૂએ આખા પ્રકરણમાં મહત્વનું સ્થાન ધરાવનાર ભારતના હાલ નિવૃત્ત થયેલા અર્થસચિવ ટી. ટી. કૃષ્ણમાચારી પ્રત્યે વધારે પડતો પક્ષપાત દાખવ્યો ન હોત અને તેના દોષને બને તેટલો હળવો દેખાડવાનો તેમણે પ્રયત્ન કર્યો ન હોત. આખા પ્રકરણમાં પં. નહેરૂનું વલણ ભારે વિચિત્ર જોવામાં આવ્યું છે. તપાસ દરમિયાન ટી. ટી. કે. ની કામગીરીને તેઓ ચાલુ અંજલિ આપતા જ રહ્યા અને મુંબઇની ચાલતી તપાસની રીતભાત અંગે તેઓ ટીકાઓ કરતા રહ્યા. તપાસનો રીપોર્ટ ટી. ટી. કે. ને પ્રતિકુળ હોવા છતાં તપાસ પછીના તેમના પત્રમાં આ તપાસ એકપક્ષી રીતે ચલાવવામાં આવી છે, અથવા તો આખા પ્રકરણમાં ટી. ટી. કે.એ ભજવેલો ભાગ સૌથી અલ્પ અથવા તો ઓછા મહત્વનો છે—આવાં વિધાનો કરીને એના એ જ પક્ષપાતનું તેમણે પુનરાવર્તન કર્યું. સદ્‌ભાગ્યે રીપોર્ટના તારણને અને છેવટના ભાગમાં કરવામાં આવેલી સૂચનાઓના ઘણા મોટા ભાગને સરકાર તરફથી સ્વીકારવામાં આવેલ છે. આમ છતાં ટી. ટી. કે. તરફના તેમના પક્ષપાતી વલણે આખી ઘટનામાં રહેલા વેધકપણાને ખુટું બનાવી દીધુ છે. કમીશનના રીપોર્ટમાં ટી. ટી. કે. સંબંધમાં જે કાંઈ કહેવામાં આવ્યું હતું અને ચોતરફ લોકમત જે પ્રકારનો ઉભો થયો હતો તે જોતાં ટી. ટી. કે. નું રાજીનામું સ્વીકાર્યા સિવાય નહેરૂનો છુટકો નહોતો એમ છતાં પણ, પોતે સીતાને પૂરેપુરી નિર્દોષ અને પવિત્ર માનતા હતા, એમ છતાં ધોબીના કટાક્ષ ઉપરથી સૂચિત થતા લોકમતના કારણે હવે સીતાજીને સાથે રાખી શકાય એમ નથી એમ સમજીને અસહાયપણે સીતાને વિદાય આપતા રામની જે દશા હતી તેવી જ દશા ટી. ટી. કે. ને સરકારી વિમાનમાં વિદાય આપતી વખતે પં. નહેરૂ અનુભવતા હોય એમ લાગતું હતું. નહેરૂનો આટલો આસક્તિબંધ ન હોત તો આ આખું પ્રકરણ વધારે ઉજ્જવળ બન્યુ હોત અને તેની સચોટતા અને માર્મિકતા, સત્તા સાથે રમત રમતા સૌ કોઇને પૂરા પ્રમાણમાં સ્પર્શી શકી હોત.

મુંદરા પ્રકરણને લગતી તપાસ ચલાવવામાં એટર્ની જનરલ શ્રી મોતીલાલ સેટલવડે તથા ન્યાયમૂર્તિ એમ્. સી. ચાગલાએ જે નીડરતા દાખવી છે તે માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે, એમ છતાં પણ શ્રી ચાગલા જેના સરનશીન હતા તે સરકારે નીમેલું એક તપાસ કમીશન હતું પણ કોઇ Judicial trial નહોતી—અદાલતી મુકદ્દમો નહોતો—આવો સુક્ષ્મ છતાં મહત્વનો ભેદ એ બન્ને મહાશયો જાળવી શકયા નથી અને જાણે કે બદ્ધ વિચારો અથવા તો પ્રતિકુળ માનસિક વલણપૂર્વક તપાસ ચલાવવામાં આવી હોય એવી છાપ તપાસ દરમિયાન અનેકના મન ઉપર ઉઠી છે. લોકો માટે પણ આ તપાસ એક જલસા જેવી બની ગઈ હતી. તાલીઓ પાડે, 'શરમ શરમ'ના પોકારો થાય, અને હસાહસ પણ ચાલે—આથી તપાસના ગાંભીર્યને કાંઇક હાનિ પહોંચી છે એ પણ કબુલ કર્યા સિવાય નહિ ચાલે.

બીજું લોકોના દિલમાં જેણે અસાધારણ દિલચસ્પી ઉભી કરી હતી તેવી આ તપાસના આન્તરરાષ્ટ્રીય આઘાત પ્રત્યાઘાત ભારત માટે બહુ પ્રતિકુળ બન્યા છે એ હકીકત બહુ ઓછાના ધ્યાન ઉપર આવી છે. આજે આમપ્રજામાં લેખાતા આપણે અને ભારત સરકાર વચ્ચે એક મોટું અન્તર પ્રવર્તે છે અને તેથી જ્યારે સરકારના ઉચ્ચતમ અધિકારીઓની આવી જાહેર નાલેશી થાય છે ત્યારે આપણે એક પ્રકારનો આનંદ અથવા સંતોષ અનુભવીએ છીએ. પણ બહારની દુનિયામાં આપણને આપણી સરકારથી એક જુદા અંગ તરીકે કોઇ જોતું નથી. તેને મન આ આપણા બધાની સર્વસામાન્ય નાલેશી અથવા તો અપ્રતિષ્ઠા છે. આર્થિક દૃષ્ટિએ આ ઘટનાએ ભારતવિરોધી વાતાવરણ પેદા કર્યું છે. આપણા વિરોધીઓ તેથી કાંઇક રાચ્યા છે. જેના શિખરસ્થ અધિકારીઓ આવા હોય તેની સરકાર કેવી હોય—આવો વિચાર પ્રસ્તુત ઘટના અને તેની વિવિધ બાજુઓ જોતાં બહારના કોઇના પણ મનમાં આવે એ સ્વાભાવિક છે. આ ઉપરથી આપણે એ બોધ લેવો ઘટે છે કે આન્તરિક વહીવટને મોટા પાયા ઉપર સ્પર્શતી આવી કોઇ ઘટના દેશમાં બને છે ત્યારે તેના અમુક આઘાત પ્રત્યાઘાત આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે પડયા વિના રહેવાના નથી અને આજે જ્યારે આપણા આર્થિક ઔદ્યોગિક વિકાસનો આધાર આપણી આન્તરરાષ્ટ્રીય શાખ અથવા પ્રતિષ્ઠા ઉપર રહેલો છે ત્યારે દેશમાં ગમે તે બને તો પણ આપણે સમધારણ અને શાણપણપૂર્વક બોલીએ ચાલીએ અને વર્તીએ, અને કોઇ પણ પ્રસંગે કેવળ આવેશપરાયણ ન બનીએ. પ્રસ્તુત પ્રકરણમાં જે આવેગે અને આવેશે આપણા ચિતને પકડી લીધું હતું અને લોકોએ અને છાપાવાળાઓએ જે વર્તાવ દાખવ્યો હતો તેમાં આ સમધારણનો અથવા શાણપણનો અથવા તો દુરંદેશીપણાનો કાંઇક અભાવ હતો.

પરમાનંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી 'પ્રબુધ્ધ જીવન' નો સંવત ૨૦૧૩ ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
લવાજમના		
રોકડા આવ્યા	૧૧૫૫-૪૭	
શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને 'પ્રબુધ્ધ જીવન' મોકલવામાં આવે છે તેનો સભ્ય દીઠ રૂા. ૩ લેખે હવાલો	૯૭૨-૦૦	૨૧૨૭-૪૭
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચના વધારાના શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા		૨૨૮૮-૧૧
	કુલ રૂા.	૪૪૧૫-૫૮

ખર્ચ

	રૂા. ન.પૈ.
પગાર	૧૧૯૫-૮૩
પેપર ખર્ચ	૪૯૦-૫૨
છપામણી ખર્ચ	૨૧૯૧-૦૬
પોસ્ટેજ ખર્ચ	૪૪૫-૧૦
પરચુરણ ખર્ચ	૯૩-૦૭
કુલ રૂા.	૪૪૧૫-૫૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંવત ૨૦૧૩ ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
બેટના		૪૦૨૭-૭૦
લવાજમ		
સં. ૨૦૧૨ ના	૨૫-૦૦	
સં. ૨૦૧૩ ના	૧૬૩૭-૦૦	
	૧૬૬૨-૦૦	
બાદ:-સભ્યોને મોકલવામાં આવતા 'પ્રબુધ્ધ જીવન' અંગેના હવાલાના...	૯૭૨-૦૦	૬૯૦-૦૦
વ્યાજના		
ડીબેંચરો પર (નેટ) ...	૩૪૪-૮૩	
બેંકના ચાલુ ખાતાના ...	૨૯-૨૪	૩૭૪-૦૭
માવજત ડીપોઝીટના તથા ઉપલક ખાતાના કોઇને આપવાના નહિ હોવાથી માંડી વાળ્યા		૧૯-૪૪
	કુલ રૂા.	૫૧૧૧-૨૧

ખર્ચ

	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
વ્યવસ્થા ખર્ચ		
પગારના	૧૧૯૫-૮૩	
મકાન ભાડુ તથા વીજળી ખર્ચ	૧૮૩-૩૦	
છપાઇ તથા સ્ટેશનરી ...	૨૧૯-૭૫	
પોસ્ટેજ ખર્ચ	૪૫-૨૫	૧૬૪૪-૧૩
ઓડિટરોને સંવત ૨૦૧૩ ના હિસાબો તપાસવાના ઓનરેરિયમના		૫૦-૦૦
ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એડમીની-સ્ટ્રેશન ફંડને ફાળાના ...		૪૦૬-૩૮
પરચુરણ ખર્ચ		૨૧૭-૬૮
વ્યાખ્યાનમાળા ખર્ચ ...		૧૩૬૬-૭૮
ફરનીચર પર ઘસારાના ...		૨૫-૦૦
સરવૈયા ફેર તથા કન્વર્ઝના ફેરના...		૦-૦૯
		૩૭૧૦-૦૬
વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઇ ગયા		૧૪૦૧-૧૫
	કુલ રૂા.	૫૧૧૧-૨૧

સંવત ૨૦૧૩ ના આસો વદ ૦)) ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું

	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
શ્રી રીઝર્વ ફંડ ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી ...		૧૧૦૦-૦૦
સંઘ હસ્તકનાં ખાતાઓ		
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૩૦૩૩-૬૬	
શ્રી વૈદ્યકીય રાહત ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી	૩૧-૮૩	
ઉમેરો: વર્ષ દરમિયાન જનરલ ફંડ ખાતેથી લીધા	૨૦૦-૦૦	
	૨૩૧-૮૩	
બાદ: વર્ષ દરમિયાન વૈદ્યકિય રાહત ખર્ચના	૮૧-૩૬	૧૫૦-૪૭
શ્રી માવજત ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી	૩૦૮-૭૩	
ઉમેરો: વર્ષ દરમિયાન બેટના તથા ઘસારાના વસુલ	૫૧-૦૫	૩૫૯-૭૮
		૩૫૪૩-૫૧

મિલકત અને લેણું

	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
ઇન્વેસ્ટમેન્ટસ: (ચોપડા પ્રમાણે કીંમત) ફેઇસ વેલ્યુ		
૫½ ટકાના ધી ઇન્ડીયન હ્યુમ પાઇપ કું. લી. ના ડીબેંચરો	૪૦૦૦-૦૦	૪૨૩૬-૩૯
૫½ ટકાના ધી કાલટેક્ષ ઓઇલ (ઇંડીઆ) લી. ના ડીબેંચરો	૫૦૦૦-૦૦	૫૩૦૬-૦૦
	૯૦૦૦-૦૦	૯૫૪૨-૩૯
ફરનીચર: (ખરીદ કીંમતે)		
ગયા સરવૈયા મુજબ બાકી	૪૩૦-૦૦	
બાદ: કુલ ઘસારાના લખીવાળ્યા ...	૭૫-૦૦	૩૫૫-૦૦
લેણું: (સધ્ધર)		
શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈ ...	૪૯૩-૧૨	

	રૂ. ન.પૈ.	રૂ. ન.પૈ.
દેવું :		
ખર્ચ અંગે	૭૫૭–૫૨	
અગાઉથી આવેલ લવાજમો	૩૪૫–૦૦	
માવજતના સાધનો અંગે ડીપોઝીટ	૨૩–૦૦	
પરચુરણ દેવું	૪૯૧૭–૭૫	૬૦૪૩–૨૭
શ્રી જનરલ ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી	૧૨૫૦૬–૭૨	
ઉમેરો: શ્રી વૈદ્યકિય રાહત ફંડ ખાતે લઇ ગયા	૨૦૦–૦૦	
	૧૨૩૦૬–૭૨	
ઉમેરો:		
શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આવક ખર્ચ ખાતેથી વધારાના	૧૪૦૧–૧૫	
	૧૩૭૦૭–૮૭	
બાદ: શ્રી પ્રબુધ્ધ જીવનના આવક ખર્ચ ખાતેથી લાવ્યા	૨૨૮૮–૧૧	૧૧૪૧૯–૭૬
	કુલ રૂ.	૨૨૧૦૬–૯૪

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઇનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા આ જ તારીખના ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસારના જુદા રીપોર્ટ આધીન બરાબર માલૂમ પડ્યું છે.

શાહ મહેતા એન્ડ ચોકસી
મુંબઇ તા. ૩૧ જાન્યુઆરી ૧૯૫૮ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ.

	રૂ. ન.પૈ.	રૂ. ન.પૈ
સભ્ય લવાજમના	૩૨૦–૦૦	
ગૂર્જર ગ્રન્થ રત્ન કાર્યાલય ...	૪–૦૦	૮૧૭–૧૨
ઇન્વેસ્ટમેન્ટ પર લેણું થયેલું વ્યાજ		૬૬–૭૬
રોકડ તથા બેંક બાકી:		
ધી બેંક ઓફ ઇન્ડીઆ લી. ના ચાલુ ખાતે	૬૬૨૩–૩૭	
રોકડ પુરાંત	૧૦–૨૬	૬૬૩૩–૬૬
શ્રી 'સત્યં શિવં સુંદરમ્' પુસ્તક પ્રકાશન ખાતું :		
ગયા સરવાયા મુજબ બાકી ...	૧૬૭૦–૬૧	
બાદ: પુસ્તકો વેચાણના કુલ આવ્યા...	૫૧૭–૦૦	૧૧૫૩–૬૧
શ્રી 'બોધિસત્વ' પુસ્તક પ્રકાશન ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૨૮૮–૬૨	
બાદ : વેચાણના કુલ આવ્યા ...	૮૦–૨૫	૨૦૮–૩૭
	કુલ રૂ.	૨૨૧૦૬–૯૪

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંવત ૨૦૧૩ ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

	રૂ. ન.પૈ.	રૂ. ન.પૈ.
વ્યાજ :		
સીક્યુરીટીઓના	૨૩૫–૦૦	
પબ્લીક લી. કું. ના ડીબેંચર પર ...	૬૬૨–૫૦	૧૧૬૭–૫૦
ભેટના : ...		૧૧૩૬–૭૫
પુસ્તકોના લવાજમના : ...		૬૩૭–૫૦
પરચુરણ આવક :		
પસ્તી વેચાણ	૧૦૩–૦૦	
પાસબુક વેચાણ	૪૦–૬૬	
પુસ્તકો મોડા આવવાથી તથા ખોવાઇ જતાં દંડના	૫૬–૨૮	૧૬૬–૬૪
ડીપોઝીટો પાછી આપવાની નહિ હોવાથી માંડીવાળ્યા		૮૩–૫૦
		૩૨૫૮–૧૬
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૧૬૧૧–૧૮
	કુલ રૂ.	૫૧૬૯–૩૭

ખર્ચ

	રૂ. ન.પૈ.	રૂ. ન.પૈ.
વ્યવસ્થા ખર્ચ :		
સ્ટેશનરી તથા છપામણી તથા પરચુરણ ખર્ચ	૧૫૪–૬૪	
વીમાના પ્રીમીઅમના	૮૭–૫૦	
ઓડીટરોને સંવત ૨૦૧૨ ના વર્ષના હિસાબો તપાસવાના ફીના ...	૫૦–૦૦	૨૬૨–૪૪
ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ :		
પેપરોના લવાજમના	૩૮૮–૦૬	
ગ્રંથપાળને પગારના	૧૪૬૫–૦૦	
ઘાટીને પગારના	૬૭૫–૦૦	
મકાન ભાડું તથા વીજળી ખર્ચ ...	૪૬૩–૧૨	૩૩૫૧–૧૮
ઘસારાના :		
ફરનીચર પર	૧૪૧–૩૭	
પુસ્તકો પર	૭૬૬–૩૩	૬૧૦–૭૦
પાંચ ટકાની સને ૧૬૨૬ ની બોમ્બે મ્યુનીસીપલ લોન રૂ. ૩૦૦૦ ની પાકતાં ખરીદ કીંમત અને ફેઇસ વેલ્યુ વચ્ચેના તફાવતના લખી વાળ્યા...		૬૧૫–૦૦
ચલણમાં ફેરફાર થતાં ફરકના ...		૦–૦૫
	કુલ રૂ.	૫૧૬૯–૩૭

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયનું

સંવત ૨૦૧૩ ના આસો વદ ૦)) ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું

	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
શ્રી સ્થાયી ફંડ :			
ગયા સરવૈયા મુજબ બાકી ...			૨૪૫૬૧-૦૦
શ્રી પુસ્તક ફંડ :			
ગયા સરવૈયા મુજબ બાકી ...			૫૫૦૦-૦૦
શ્રી ફરનીચર ફંડ :			
ગયા સરવૈયા મુજબ બાકી ...			૨૪૦૦-૦૦
દેવું :			
ડીપોઝીટો :			
પુસ્તકો અંગે	૨૯૧૫-૦૦		
પુસ્તકો અંગે વધારાના ડીપોઝીટો ...	૪-૦૦		
માસિકો અંગે ડીપોઝીટ	૩૧-૦૦	૨૯૫૦-૦૦	
પરચુરણ દેવું :			
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઇ ...		૪૯૩-૧૨	૩૪૪૩-૧૨
			કુલ રૂા. ૩૫૯૦૪-૧૨

મિલકત અને લેણું

	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે)			
સીકયુરીટીઓ	ફેઇસ વેલ્યુ		
૪ ટકાના સને ૧૯૬૭ ની સૌરાષ્ટ્ર ડેવલપમેન્ટ લોન	૪૦૦૦-૦૦	૩૯૯૩-૭૫	
પબ્લીક લીમીટેડ કંપનીના ડીબેંચરો :			
૪ ટકાના રાવળગામ સુગર ફાર્મ કું. લી. ના ડીબેંચરો	૧૦૦૦૦-૦૦	૧૦૦૦૦-૦૦	
૫½ ટકાના ધી સ્ટાન્ડર્ડ વેકયુમ રીફાઇનીંગ કું. ઓફ ઇન્ડીઆ લી. ના ડીબેંચરો ...	૫૦૦૦-૦૦	૫૨૭૩-૦૦	
૫ ટકાના ધી તાતા લોકો-મોટીવ એન્ડ એન્જીનીય-રીંગ કું. લી. ના ડીબેંચરો	૬૦૦૦-૦૦	૬૧૬૩-૫૦	
	૨૫૦૦૦-૦૦		૨૫૪૩૦-૨૫
ઈન્વેસ્ટમેન્ટ પર ચઢેલું વ્યાજ : ...			૪૧૧-૨૫
ફરનીચર : (ચોપડા પ્રમાણે કીંમત)			
ગયા સરવૈયા મુજબ બાકી		૨૪૬૮-૫૨	
બાદ : ઘસારાના ૬ ટકા લેખે :			
અગાઉના વર્ષમાં	૨૮૭-૧૪		
ચાલુ વર્ષના	૧૪૧-૩૭	૪૨૮-૫૧	૨૦૭૦-૦૧
પુસ્તકો : (ખરીદ કીંમતે)			
ગયા સરવૈયા મુજબ બાકી		૬૩૬૧-૭૩	
ઉમેરો : વર્ષ દરમિયાન નવાં ખરીદ્યા ...		૪૭૨-૭૨	
		૬૮૬૪-૪૫	
બાદ : ઘસારાના ૧૫ ટકા પ્રમાણે			
અગાઉના વર્ષોમાં ...	૧૭૩૩-૧૨		
ચાલુ વર્ષના ...	૭૬૯-૩૩	૨૫૦૨-૪૫	૪૩૬૨-૦૦
લેણું : (સધ્ધર)			
ઇન્કમટેક્ષ રીફન્ડના ...		૧૮૪-૦૨	
એલ. એમ. મહેતા પાસે		૧-૨૫	૧૮૫-૨૭
રોકડ તથા બેંક બાકી :			
ધી બેંક ઓફ ઇન્ડીઆ લી. ના ચાલુ ખાતે ...		૧૨૬૪-૩૪	
રોકડ પુરાંત ...		૧૯-૨૬	૧૩૧૩-૬૦
શ્રી આવક ખર્ચ ખાતું			
ગયા સરવૈયા મુજબ બાકી		૨૨૦-૫૬	
ઉમેરો : વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૧૯૧૧-૧૮	૨૧૩૧-૭૪
			કુલ રૂા. ૩૫૯૦૪-૧૨

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનીક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઇ ઉપરનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા આ જ તારીખના ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટસ એકટ અનુસારનાં જુદા રીપોર્ટ આધીન બરાબર છે.

શાહ મહેતા એન્ડ ચોકસી
મુંબઈ તા. ૩૦ જાન્યુઆરી ૧૯૫૮ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટસ.

'રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપરર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬' અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧ પ્રસિદ્ધિ સ્થળ : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
૨ પ્રસિદ્ધિ ક્રમ : દર મહીનાની પહેલી અને પંદરમી તારીખ
૩ મુદ્રકનુ નામ : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
કયા દેશના : ભારતીય
ઠેકાણું : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
૪ પ્રકાશકનું નામ, કયા દેશના, ઠેકાણું } ઉપર મુજબ
૫ તંત્રીનું નામ, કયા દેશના, ઠેકાણું } ઉપર મુજબ
૬ સામયિકના માલીકનું નામ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧-૩-૫૮ પરમાનંદ કુંવરજી કાપડિયા

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧૫, ૧૯૫૮, શનીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

આમૂલ ક્રાંતિ માટે વિજ્ઞાનનો તકાદો

મનુષ્ય છે તો એક પ્રાણી જ, તો પણ મનુષ્ય અને અન્ય પ્રાણીઓ વચ્ચે આજ સુધી કંઈક ને કંઈક ફેર રહેતો આવ્યો છે. ફેર એ છે કે અન્ય પ્રાણીઓ મુખ્યત્વે પ્રાણ–પ્રધાન છે, જ્યારે માનવ મુખ્યત્વે મન–પ્રધાન છે. ભાવના, વાસના, આશા, નિરાશા, માનાપમાન વગેરે માનસિક પ્રક્રિયાઓ–મનુષ્યમાં જ કામ કરે છે.

ટૂંકમાં પ્રાણીની પ્રભુ–ભૂમિકા છે, જ્યારે માનવની મનોભૂમિકા છે. પણ ભૌતિક–વિજ્ઞાન માણસને ચેતવી રહ્યું છે કે હવે તમારી આ મનોભૂમિકા નથી નભવાની, હવે તો તમારે વિજ્ઞાનની ભૂમિકા પર જ પહોંચવું પડશે. જેને આપણે મનોવિજ્ઞાન કહીએ છીએ તે આખે-આખું સાવ અર્થહીન બની જવાનું છે. ઉપરથી ફેંકાતો એટમ–બૉમ્બ કાંઈ વિચારવા નથી બેસતો કે નીચે કોણ બાપડો નિર્દોષ છે અને કોણ ગુનેગાર છે, કોણ અલ્પાત્મા છે ને કોણ મહાત્મા છે. એમાં તો મનુષ્ય અને પશુ બધા જ હોમાઈ જવાના. અને માણસોમાં પણ સારા–માઠા સૌ એક જ લાકડીએ હંકારવાના. એટલે કે જેમ રેલ આવતાં નદી તોફાન મચાવે છે, તેવું જ આ એટમ–વર્ષાનું પણ છે. જેવી રીતે નદી માનસશાસ્ત્રથી પર છે, તે જ રીતે મનુષ્યના હાથમાં આવેલા ભૌતિક–વિજ્ઞાનની શક્તિ પણ માનસશાસ્ત્રથી પર છે.

આને જ અણુશક્તિ કહે છે. એટલે કે જે અણુથી આ અખિલ વિશ્વ સર્જાયું છે અને જે અણુનો વિસ્ફોટ થતાં આખી દુનિયાનો સર્વનાશ પણ થઈ શકે, તે પ્રચંડ શક્તિ આજે માણસને હાથ આવી છે. અણુની સાથે અણુને જોડતાં સૃષ્ટિનું સર્જન થાય છે, અને અણુમાંથી અણુને તોડતાં સૃષ્ટિનો પ્રલય થાય છે. આમ સૃષ્ટિ–ઉત્પાદક અને સૃષ્ટિ–સંહારક અણુશક્તિ માણસને હાથ આવી છે.

અવકાશમાં ઘૂમતો ગ્રહ પોકારે છે: આંતર્ગોલીય ચિંતન ચલાવો

આજે પૃથ્વીની આસપાસ આસમાનમાં નવા ઉપગ્રહ ઘૂમી રહ્યા છે. આ તો ગજબ જેવી વાત છે. એનો અર્થ એ થયો કે આગળ ઉપર હવે ફક્ત આંતરરાષ્ટ્રીય ચિંતન પણ નથી ચાલવાનું, આંતર્ગોલીય ચિંતન, આન્તર્જગત ચિંતન અથવા તો અનેક જગતોની સાથે સંબંધ રાખતા ચિંતનની જરૂર પડશે. જો માણસ માનસિક ભૂમિકા પર જ જકડાયલો રહ્યો તો આ બધું કઇ રીતે થશે ? માની લો કે તમે એક ભયાનક રેલમાં તણાઈ રહ્યા છો. તે વખતે ન તો પ્રેમ તમારા કામમાં આવશે, ન તો દ્વેષ. એ રીતે આજે મનુષ્યને હાથ આવેલી શક્તિમાં પૂર ઊમટી ચૂક્યું છે. એ છે સૃષ્ટિની શક્તિ.

એટલે હવે તો તમે સાક્ષાત્ ઈશ્વરની ભૂમિકા પ્રાપ્ત કરી ચૂક્યા છો. સૃષ્ટિની ઉત્પત્તિ અને લય કોણ કરી શકે છે ? ભગવાન. આજે સૃષ્ટિની ઉત્પત્તિ અને લય કોણ કરી શકે છે ? મનુષ્ય પણ. એનો અર્થ તો એવો થયો કે આજે મનુષ્ય જાણે નાનકડો ભગવાન બની ગયો છે. પણ ભગવાન કાંઇ મનથી કામ નહિ કરે, એ તો મનથી ઊંચી ભૂમિકામાં જ રહેવાનો. રાગ, દ્વેષ, આશાકિત, એ સઘળું તો મનમાં રહે છે. પણ ભગવાન તો એ બધાથી પર જ રહેશે. આમ ભગવાનની હરોળમાં આજે માણસ આવી ચૂક્યો છે. જાણે એ તો એક નાનીશી ભગવત્–મૂર્તિ જ બની ગયો છે. હવે જો એની અંદર પેલું (રાગદ્વેષયુકત) જ મન રહ્યું, તો ભારે નુકસાન થઇ બેસશે. ભગવાન જો મનુષ્યના મનથી કામ કરે, તો તો ઘણી ભયંકર સ્થિતિ સર્જાય. માની લો કે મનુષ્યમાં ગધેડાના મને પ્રવેશ કર્યો, અર્થાત્ મનુષ્યની પેલી શક્તિ સાથે જો ગધેડાનું મન જોડાઇ ગયું, તો કેવા હાલ-હવાલ થશે ? આજે પણ આપણે એની ઝાંખી કરી શકીએ છીએ, કારણ દુનિયામાં આજકાલ બધું એવું જ ચાલી રહ્યું છે. મનુષ્ય મન–પ્રધાન હોય છે. જ્યારે ગધેડો પ્રાણ–પ્રધાન હોય છે. આથી આવું આ જોડાણ સાવ વિસંગત બની જાય છે. એથી તો ભારે નુકસાન પહોંચશે.

નવા સંદર્ભમાં પુરાણા માનસ–શાસ્ત્રના ગ્રંથોની હોળી કરવી પડશે.

આજે આપ સૌ જૂના–પુરાણા માનવી નથી રહ્યા. ચાલીસ વર્ષ પહેલાં તે ઉત્તમ વકતા ગણાતો જે ધોડાથી પણ વધુ મોટો ધાંટો પાડી બોલી શકે. પણ આજે સ્થિતિ સંપૂર્ણ પલટાઈ ગઈ છે, કારણ સાવ ધીમા અવાજવાળો પણ લાખો શ્રોતાને પોતાની વાત સંભળાવી શકે છે. આમ આજે માણસની હાલત સાવ બદલાઈ ગઈ છે. તમે આજે પૃથ્વીની ઉત્પત્તિ અને લય બને કરી શકવાની તાકાત ધરાવો છો. આ સંજોગોમાં જો જીવન મન–પ્રધાન રહ્યું તો પારાવાર નુકસાન થશે.

અસલના જમાનાની વાત જુદી હતી. ત્યારે તો ભીમ અને જરાસંધ વચ્ચે કુસ્તી થઈ, તો બાકીનાં સઘળાં લોક આનંદથી એ તમાશો જોતાં રહ્યાં. પણ આજે જો આર્કટિક અને બુલ્ગાનિન વચ્ચે દ્વેષ પેદા થાય, તો તો એ લોકો સીધા એટમ–બૉમ્બ જ છોડશે. આમ આજની હાલતમાં એ દ્વેષનું કેવું ભયંકર પરિણામ આવે ?

સારાંશ, આજે મનુષ્ય રાગદ્વેષથી પર થશે તો જ હાથ આવેલી આ શકિત કામમાં આવશે. એટલે કે આજના માનવની સામેની સમસ્યા, પ્રચલિત માનસશાસ્ત્રમાં ધરતિધર થોડો ફેરફાર કરવાની જ માત્ર નથી, પણ આખેઆખું પુરાણું માનસશાસ્ત્ર જ ખતમ કરવાની છે. એ માનસશાસ્ત્રના સઘળા ગ્રંથોની હોળી કરી દેવી પડશે. અસલનું ચાલતું આવેલું એ જીવન–એ રાગદ્વેષો, માનાપમાન, રીતરિવાજ, કોઇને આગળ ચઢાવ્યો તો કોઇને પાછળ હડસેલ્યો, કોઇને પહેલો બેસાડયો તો કોઈ ને બીજો બેસાડયો–આ બધી રીતરસમ હવે નથી ચાલવાની.

હવે વ્યક્તિગત નહિ પણ સામૂહિક સાધના જ કરી શકાશે

વિજ્ઞાનની ભૂમિકા મનથી ઉપરની છે. ભૌતિક–વિજ્ઞાનની શકિતઓ; વિજ્ઞાનની એ ઊંચી ભૂમિકા પર ચઢવાનો તકાદો કરી રહી છે. પહેલાંના જમાનામાં પણ એ વાતની તો ખબર હતી જ કે વિજ્ઞાનની ભૂમિકા મનથી ઉપરની છે. ઉપનિષદોમાં પહેલાં કહ્યું છે 'પ્રાણો બ્રહ્મેતિ' પછી કહ્યું છે 'મનો બ્રહ્મેતિ', અને પછી કહ્યું છે 'વિજ્ઞાનં બ્રહ્મેતિ'. પ્રાણની ભૂમિકા પ્રાણીઓની છે, મનની ભૂમિકા માનવોની છે, અને વિજ્ઞાનની ભૂમિકા ઋષિઓની છે. આમ તે જમાનામાં પણ વિજ્ઞાનની ભૂમિકાનો ખ્યાલ તો હતો જ, પણ એનો માનવ પર તકાદો–બળજબરી નહોતી. વ્યકિતગત વિકાસ સાધતાં

સાધતાં કોઈ માણસ વિજ્ઞાનની ભૂમિકા પર પહોંચી જતો ખરો એટલું જ નહિ, એ લોકોને તો એથી આગળની ભૂમિકાની પણ ખબર હતી. પણ સરવાળે તો એ સઘળો વ્યક્તિગત વિકાસનો જ વિચાર હતો. એક માણસ વિજ્ઞાનની ભૂમિકામાં જ રહે અને બાકીના સૌ મનની ભૂમિકામાં જ જીવ્યા કરે, એવી હાલત હતી. જે ઉપરની ભૂમિકામાં પહોંચી જતો એનો વિશેષ વિકાસ થતો, અને એટલા માટે એને શ્રેષ્ઠ ગણવામાં આવતો. આમ એ આખી આધ્યાત્મિક આધ્યાત્મિક સાધનાની પ્રક્રિયા હતી, અને એમાં એકલદોકલ વ્યક્તિ જ અગ્રેસર થતી.

પણ હવે કોઈ મહાપુરુષ એકલો એકલો જ આધ્યાત્મિક ધોરણે વિજ્ઞાનની ભૂમિકા પ્રાપ્ત કરે એ આ યુગમાં નથી ચાલવાનું. હવે તો સમગ્ર જનતાએ અનિવાર્ય રીતે વિજ્ઞાનની ભૂમિકા પર આવવાનું નાટક કરવું પડશે, અને પોતાની મનોભૂમિકા ભૂલી જવી પડશે. હું મનોભૂમિકાને ભૂલી જઈશ, ભૂલી જઈશ, એમ ત્રણ વખત રટતા રહો તો પણ એ તો માથે ચઢી બેસશે. એટલા માટે વિજ્ઞાનની ભૂમિકા પર જબરદસ્તીથી જવું પડશે એવું વિજ્ઞાનનું એલાન છે. પણ આપણે સૌ ત્યાં જઈ શકશું તો આધ્યાત્મિક પ્રયત્નથી જ. એનો અર્થ એવો થયો કે વિજ્ઞાન આધ્યાત્મિક ચિંતન માટે તકાદો કરી રહ્યું છે. વિજ્ઞાનનું એ આહ્વાન છે કે જૂનાં ઋષિઓ વ્યક્તિગત સાધના કરતા હતા, પણ હવે તમે સામૂહિક સાધના કરો. અને ત્યારે જ આ વિજ્ઞાન તમારે માટે કલ્યાણકારી સાબિત થશે, નહિ તો એ તમારો નાશ નોતરશે.

બે જ વિકલ્પ : સામૂહિક સાધના યા તો સાક્ષાત્ મોત

વિજ્ઞાનની ભૂમિકા પર પહોંચનારો પેલો એકલદોકલ ઋષિ શું કરતો હતો? 'હું અને મારું' છોડતો હતો. એ વેદાંતની ભાષા વદતો હતો—આ ઘર મારું નથી, આ ખેતર મારું નથી, અને આ દેહ પણ મારો નથી. એ જ રીતે હવે આપણે સૌએ કહેવું પડશે—આ ઘર, સંપત્તિ, ખેતર કાંઈ જ મારું નથી, આપણું સૌનું સહિયારું છે. આજના આ વિજ્ઞાન-યુગમાં અનિવાર્ય રીતે આ કરવું જ પડવાનું છે. તમારી સામે બે જ વિકલ્પો રહ્યા છે, પસંદ કરી લો—સામૂહિક સાધના અથવા તો સાક્ષાત્ મોત. કયાં તો તમે આધ્યાત્મિક સાધના કરી પૃથ્વી પર સ્વર્ગ ઉતારો કયાં તો પૃથ્વીની સાથે તમે, અને તમારી સાથે પૃથ્વીને લઇ ભરખાઇ જાવ.

લોક મને પૂછે છે, "બાપા, તમારું આ ગ્રામદાન-આમદાન ચાલવાનું નથી, એમાં તો 'હું અને મારું' છોડવાની બહુ જ કઠે એવી વાત છે, અતિશય ઊંચી ભૂમિકા પર જવું પડે એમ છે." હું જવાબ આપું છું કે "આ તમે કેવી વાત કરો છો? અરે! ઊંચી ભૂમિકા પર તો પેલું કૂતરું પણ ગયું, જે સ્પુટનિકમાં વિરાજેલું હતું. ત્યાં જઇ જીવ્યું કે મર્યું એ અલગ વાત છે. વિજ્ઞાન આગળ વધશે તો એ (કૂતરું) ત્યાં જીવતું પણ રહેશે. આ વિજ્ઞાન-યુગમાં આમ આ કૂતરું જો ઊંચી ભૂમિકાએ પહોંચી ગયું, તો શું આપણે માણસ જેવા માણસ થઇને પાછા પડશું? અરે! તમે જઈ શકો છો કે નહિ એ તમને પૂછે જ છે કોણ?"

નવો માનવ, નવો સમાજ, નવો ધર્મ, બધું જ નવેસરથી

હું એક-બે વર્ષથી લગાતાર મનની ભૂમિકાથી ઉપર ઊઠવું પડશે એ વાતનો જાપ જપ્યા કરું છું. સુપર-માઇન્ડ (અતિમનસ)ની ભૂમિકા પર જવું પડશે. આમ તો સુપર-માઇન્ડ ભાષા એ તત્ત્વજ્ઞાનની ભાષા છે. એને સાવ મામૂલી જેવી ગણીને તમારે અને મારે સૌએ એનો પ્રયોગ કરવો પડશે. વિદ્યાર્થી અને શિક્ષકોએ વિજ્ઞાનની પ્રયોગ-શાળામાં આવા પ્રયોગ કરવા પડશે. એટલું જ નહિ, ખેડૂત, વેપારી, સંસ્કાર, પ્રજા—સૌએ આ પ્રયોગ કરવો પડશે એ નક્કી માનજો. અને એટલા માટે જ તમારાં પેલાં જૂનાં-પુરાણાં પાઠયપુસ્તકો, વાર્તાઓ, અને આખું સાહિત્ય હવે અર્થહીન બની ગયું છે. આખું વાઙ્મય સાવ નાનકડું છે, એ હવે કામ નહિ આવે, હવે તો અભિનવ વાઙ્મય રચવું પડશે. ફરીથી નવે નામે ધર્મની સ્થાપના કરવી પડશે, ઊંચી ભૂમિકા પર જવું પડશે. એ પુરાણો ધર્મ હવે નથી નભવાનો. મૂર્તિની સમક્ષ ગયા, કપૂર સળગાવ્યું, આરતી ઉતારી, બસ થઈ ગયા ભગવાન પ્રસન્ન—હવે આવું નથી ચાલવાનું. કારણ, હવે તો આખો માનવ મહેરામણ સાક્ષાત્ ઈશ્વરની મૂર્તિ બની ગયો છે. હવે તો એની જ આરતી કરવી પડશે, એને ભોજન મળ્યું છે કે નહિ એની કાળજી લેવી પડશે. એ રીતે સારાય માનવ-સમાજને ભગવાન ગણીને એની પૂજનું નાટક કરવું પડશે. પહેલાં તો આપણે નાટક જ ભજવશું. પણ એ રીતે નાટક કરતાં કરતાં પછી ટેવાઈ જઇશું.

બાળપણમાં મેં યોગશાસ્ત્ર વાંચેલું. અરે, વાંચેલું શેનું, ચિત્રો વગેરે જ નીરખ્યાં હશે! સમાધિસ્થ પુરુષ કેવી રીતે બેસે-કરે છે એનું એમાં વર્ણન આવે છે. આપણે તો બદ્ધાએ બરાબર એવું આસન જમાવીને બેસવાનું શરૂ કરી દીધું. પણ આ મનડું કાંઈ શાંત પડે નહીં. બાકી પેલા ચિત્રમાં તો ચિત્ત આબાદ શાંત-સ્વસ્થ લાગતું. હું પણ કલ્પના કરતો કે હું, આપણી પણ સમાધિ લાગી જો, પણ શાનું? ઘડીકમાં તો ચિત્ત બીજે ભટકવા ભાગી જતું. એ વખતે હું વડોદરા ખાતે હતો. ત્યાં સખત ગરમી પડતી, એને લીધે ચોક્કસ આસન જમાવવા છતાં મન હાથ રહેતું નહોતું. પછી તો મેં એક તરકીબ અજમાવી. નળની નીચે ગોઠવાઇને આ પ્રયોગ આગળ ધપાવ્યો. ઉપરથી પાણી ટપકયા કરતું. હું માનતો કે બસ આપણે તો સાક્ષાત્ શિવજી જ છીએ, હવે તો ખરેખરની સમાધિ લાગી. આવાં નખરાં કરતાં કોઈ-કોઈ વાર ચિત્ત એવી શાંતિ અનુભવતું, કે જાણે સમાધિ જ ન ચઢી હોય! શાસ્ત્ર પ્રમાણે એ સમાધિ ગણાય કે નહીં, ખબર નથી. પણ હું ખૂબ પ્રસન્નતા અનુભવતો એ વાત નક્કી. મનમાં કોઈ જાતની વાસના રહેતી નહોતી. તમે પણ જરા એવો પ્રયોગ કરી જોજો. બહેનોનાં માથાં પર અંબોડા હોય છે. આથી એમને આ બધું બરાબર સમજાશે. વાળ પર પાણી ટપકશે ત્યારે એમને તો બસ શંકર ભગવાન ને ગંગા ને એવાં એવાં જ સ્મરણો જાગી ઊઠશે. થોડો વખત આવું નાટક કરશો પછી ફાવટ આવી જશે.

વિજ્ઞાન-યુગમાં જીવમાંથી શિવ બનવું પડશે

અમે પણ ગ્રામદાનનું એક નાટક જ શરૂ કર્યું છે. લોકો પૂછે છે કે "ગ્રામદાની ગામનાં લોકોની જમીન પ્રત્યેની આશકિત સાવ છૂટી ગઈ શું? એ બધાં વૈરાગી-સાધુબાવા બની ગયાં શું? શું એ બધાં, જેવી અમીદૃષ્ટિથી પોતાનાં બાળબચ્ચાં તરફ જુએ છે, બિલકુલ એટલા જ પ્રેમથી ગામનાં બાકીના સઘળાં બાળકો તરફ જોતાં થઈ ગયાં છે કે?' ભલા ભાઈ, પલકવારમાં તે આવું બધું થઈ જતું હશે? હું તો કહું છું કે એમણે ગ્રામદાન આપ્યું છે, અર્થાત્ ગ્રામદાનનું એક નાટક કર્યું છે. આજના યુગ માટે એ નાટક અત્યંત આવશ્યક છે. વિજ્ઞાનનું એવું આહ્વાન છે.

તમારે સૌએ—પ્રોફેસર અને વિદ્યાર્થીઓએ—સમજવું પડશે કે હવે આથી આગળ માનસશાસ્ત્ર ભણવું બેકાર છે. હવે તો અતિ-માનસશાસ્ત્ર ભણવું પડશે. આજે આપણી હાલત શું છે? આપણે સૌ આજે જીવ છીએ. હવે જીવની ભૂમિકા નથી ચાલવાની, શિવની ભૂમિકા જોઇશે. વિજ્ઞાન-યુગની આ માંગણી છે. એટલા માટે આ જમાનામાં તમારે હવે ઉપનિષદ્, યોગશાસ્ત્ર, ભગવદ્-ગીતા વગેરેનું અધ્યયન કરવું પડશે. હું—મારું છોડીને સમૂહ-ભાવથી કામ કરવાં પડશે. ત્યાગને મજાની રોટલી સમજીને આરોગવો પડશે. આ બધું કરવું પડશે. આમ એક તરફથી તમારે શિક્ષણમાં વિજ્ઞાન શીખવું પડશે અને બીજી તરફથી આત્મજ્ઞાની બનવું પડશે. તમને આવી બે પાંખો હશે તો જ આ જમાનામાં તમે ઊડી શકવાના છો. વિશ્વ-વિદ્યાલયમાં આ દૃષ્ટિએ ચિંતન ચલાવજો.

આ પરલોકના સ્વર્ગની વાર્તા નથી, આ લોકનો વ્યવહાર છે

આજના જમાનામાં આ વ્યવહારની વાતો છે, વેદાંત નથી. આવું આવું કરવાથી પરલોકમાં તમારું કલ્યાણ થશે એવી વાત નથી, પણ આથી તો આ લોકમાં જ કલ્યાણ થશે. આજે સંહાર કરવાવાળા શું કરતા હોય છે? હિરોશીમા પર બૉંબ નાંખ્યો. તો આખેઆખું નગર નાશ પામ્યું—બચ્ચાં, ઘરડા, સ્ત્રી-પુરુષ, ઢોર-ઢાંખર, ઝાડ-પાન સઘળું સ્વાહા. આમ હવે સંહાર પણ સામૂહિક થાય છે. એના જવાબમાં આપણે સામૂહિક ઉત્પાદન, સામૂહિક પ્રેમ, સામૂહિક સહયોગ, અને સામૂહિક જીવન—આ સઘળું કરવું જોઇશે. વ્યક્તિગત મનના દિવસો સમાપ્ત થયા. સમૂહમાં વ્યક્તિનું મન સમાઇ ગયું. હવે અહિંસાની આવી સામૂહિક શક્તિ નિર્માણ કરવી પડશે. (સંક્ષેપ)

ધારવાડ, મૈસૂર રાજ્ય. તા. ૩૧-૧-'૫૮ **વિનોબા**

ઈન્ડીઅન મરચન્ટ્સ ચેમ્બરની સુવર્ણજયંતી

ઇન્ડીઅન મરચન્ટ્સ ચેમ્બરે પચાસ વર્ષ પૂરાં કર્યાં, અને ગયા માસની તા. ૩–૪ અને ૫ મી ફેબ્રુઆરીએ સંસ્થાએ સુવર્ણ મહોત્સવ શાનદાર રીતે–વેપારી સંસ્થાને છાજે તેવી રીતે–ઉજવ્યો. આ સુવર્ણજયન્તીવર્ષના પ્રમુખસ્થાને અને ઉપપ્રમુખસ્થાને અનુક્રમે શ્રી નવલ તાતા અને શ્રી ગોકળદાસ કાપડિયા હતા. આ પ્રસંગે વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ ખાસ દિલ્હીથી આવી આ સંસ્થાના ગૌરવમાં વધારો કર્યો હતો. દેશના વ્યાપાર–ઉદ્યોગના ઇતિહાસમાં કે આર્થિક તવારીખમાં ભલે કોઇ એક સંસ્થાની સુવર્ણજયંતીનું ઝાઝું મહત્વ ન હોય, પણ છેલ્લા પાંચ દાયકા દરમ્યાન આ સંસ્થા દેશની રાજકીય ને આર્થિક ભરતી–ઓટની મૂક સાક્ષી માત્ર ન હતી, પણ તેણે પોતાની મર્યાદામાં રહીને સમસ્ત દેશની સેવા કરવાની ભાવનાથી યથામતિ–યથાશક્તિ પોતાનો સભર ફાળો આપ્યો છે. ચેમ્બરની કારકીર્દિના જમા–ઉધારનું સરવૈયું કાઢતાં ચેમ્બરે આજ સુધીમાં અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. ચેમ્બરે મુંબઈ શહેરના જાહેર જીવનમાં ખૂબ આગવું ગણાય તેવું સ્થાન પ્રાપ્ત કર્યું છે ને તે દેશની એક અગ્રગણ્ય ને પ્રતિષ્ઠિત સંસ્થા છે. ચેમ્બર સાથે ફક્ત મુંબઈ રાજ્યનો જ નહીં પણ સમસ્ત દેશનો સંબંધ છે. વેપારી આલમની મધ્યવર્તી સંસ્થા–ફેડરેશન ઓફ ઇંડીઅન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી–ની સ્થાપના પહેલાં ચેમ્બર હકીકતે જ આખા દેશના વેપારી આલમની પ્રતિનિધિ સંસ્થા હતી અને ફેડરેશનની સ્થાપના અને વિકાસમાં પણ ઇન્ડીઅન મર્ચન્ટ્સ ચેમ્બરે સારો એવો ફાળો આપ્યો છે. આજે ચેમ્બરના ૨,૦૦૦ ઉપર સભ્યો છે ને ૧૨૦ થી વધુ વેપારી સંસ્થાઓ તેની સાથે જોડાએલી છે. ચેમ્બરના ગત વર્ષોના પ્રમુખોની નામાવલિ ઉપર નજર નાંખતાં જ આપણને પ્રતીતિ થાય છે કે ચેમ્બરે કસાએલા શુકાનીઓ મેળવ્યા છે ને તેમની મારફતે ચેમ્બરે વેપારી આલમને સુંદર માર્ગદર્શન આપ્યું છે ને દેશના આર્થિક વિકાસમાં પોતાનો નક્ર ફાળો નોંધાવ્યો છે.

ચેમ્બરની કારકીર્દિના મુખ્યત્વે અને સામાન્ય રીતે બે વિભાગો પાડી શકાય :–(૧) આઝાદી પહેલાનો અને (૨) આઝાદી પછીનો.

૧૯૦૪ માં બંગભંગની ચળવળ શરૂ થઇ; સ્વદેશીની ચળવળ શરૂ થઇ અને આપણા રાષ્ટ્રીય જીવનનું એક અનોખું દ્વાર ઉઘડ્યું. ચેમ્બરની સ્થાપના ૧૯૦૭ માં થઇ–આ અરસામાં વેપારી સંસ્થાઓ હોવી જોઇએ એવું ચોક્કસપણે લાગતાં દેશમાં કેટલેક ઠેકાણે આમ થવા પામ્યું. દેશમાં રાજકીય અસંતોષની માત્રા વધતી જતી હતી, પરદેશી હકુમત નીચે પ્રજા કચડાતી હતી અને દેશનાં સાચાં હિતો અંગે ખાસ લોકમત જાગૃત ન હતો અને જ્યારે દેખાતો ત્યારે તેને ઠોકરે ચડાવવામાં આવતો હતો. કોંગ્રેસના ધ્વજ નીચે દેશ સંગઠિત ને સમર્થ બનતો હતો અને સ્વરાજ્યની લડતમાં લોકો મન પરોવતા થયા હતા. આર્થિક ક્ષેત્રે બ્રીટીશ અમલની શોષણનીતિના પરિણામે વ્યાપાર–ઉદ્યોગની દુનિયામાં ભારે કચવાટ હતો અને કાંઇક કરી છૂટવું જોઇએ એમ ઘણાને થતું હતું. સર મનમોહનદાસ રામજી, સર પરશોતમદાસ ઠાકોરદાસ, શ્રી લાલજી નારણજી, સર દીનશા વાચ્છા વિ.ના પ્રયત્નોથી ચેમ્બરનું કાર્ય શરૂ થયું. તે સમયના રાજકીય ને આર્થિક વાતાવરણની તેની ઉપર અસર પડી. ચેમ્બરના વિકાસમાં આદ્ય–મંત્રી શ્રી જયસુખલાલ કે. મહેતાએ સુંદર ફાળો આપ્યો હતો, તેની અત્રે ખાસ નોંધ લેવી જોઇએ.

પરતંત્રતાની ધૂંસરી ફગાવી દેવા મથતા દરેક દેશનો અનુભવ છે કે સ્વતંત્રતાની સિદ્ધિ અર્થે દરેક હિતો ને વર્ગો એક જ તખ્તા ઉપર સંમિલિત થાય છે, કારણ તેમનું એકમાત્ર ધ્યેય રાજકીય આઝાદી હાંસલ કરી દેશનું ભાવિ ઘડવાની તક પોતાના હાથમાં લેવાનું હોય છે. આપણા દેશમાં પણ રાષ્ટ્રીય આંદોલનમાં આજના બધા રાજકીય પક્ષોએ પોતપોતાની રીતે જેમ ભાગ લીધો હતો તેમ સમાજના જુદા જુદા વર્ગો ને હિતોએ પણ લીધો હતો. દેશના તે વખતના વાતાવરણમાં રાજકીય બાબતોનું–પૂર્ણ સ્વરાજ્યના ધ્યેયનું–જ ભારે મહત્ત્વ હતું. આર્થિક બાબતો ઉપરના નિર્ણયો અંગે એટલું બધું ધ્યાન પરોવવામાં આવતું નહીં. ચેમ્બરનો વિકાસ એક સંપૂર્ણ સ્વદેશી સંસ્થા તરીકે જ થયો અને તેણે જે દૃષ્ટિબિન્દુ રાજકીય અને ખાસ કરીને વ્યાપાર, ઉદ્યોગ, નાણાવટું અને આર્થિક બાબતોમાં રજુ કર્યું તે દેશના હિતોને સંપૂર્ણ રીતે, સો એ સો ટકા અનુકુળ હતું, અને તેથી જ તે વખતની વિદેશી ચેમ્બરો સાથે ને સ્થાપિત હિતો સાથે ચેમ્બરને સીધા સંઘર્ષમાં ઉતરવું પડ્યું. આમ કોંગ્રેસ અને ચેમ્બર બંનેની કાર્યવાહી એક બીજાને પૂરક રહી, જેનો સ્પષ્ટ ઉલ્લેખ ચેમ્બરના મકાનની ઉદ્‌ઘાટન ક્રિયા વખતે **સરદાર વલ્લભભાઈ પટેલે** કર્યો, "ચેમ્બરનો જન્મ સ્વદેશાભિમાનના વાતાવરણમાં થયો છે અને ચેમ્બર અને કોંગ્રેસના સંબંધો ગાઢ અને સારા રહ્યા છે. કોંગ્રેસના મોવડીઓ જે દેશાભિમાની હતા, તો ચેમ્બરના સુકાનીઓ સાહસિક હતા અને દેશ પ્રત્યેની ફરજ અંગે જાગૃત હતા. કોંગ્રેસે જો દેશની સેવા કરી છે, તો ચેમ્બરે પણ દેશના વ્યાપાર–ઉદ્યોગની સુંદર સેવા કરી છે."

રાજકારણ અને અર્થકારણ એક અને અવિભાજ્ય છે એ સર દીનશા વાચ્છાનું સૂત્ર હતું ને ચેમ્બર જો કે રાજકીય સંસ્થા ન હતી, પક્ષકાર ન હતી, છતાં તેણે આઝાદીની લડતમાં પોતાનો સમૃદ્ધ ફાળો આપ્યો એ હકીકત છે. એમ કરવું એ તદ્દન સ્વાભાવિક હતું–તે એક રાષ્ટ્રીય ફરજ હતી. આને લીધે જ ગાંધીજીએ ચેમ્બરના માનદ્ સભાસદ થવાનું સ્વીકાર્યું હતું અને ચેમ્બરની કારકીર્દિનું આ પાસું શ્રી નહેરૂએ મેટ્રોના તેમના ઉદ્‌ઘાટન–પ્રવચનમાં ધ્યાનમાં લઇને ચેમ્બરના કાર્યને અને સેવાને અંજલિ આપી હતી.

૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, દેશનું રોજીંદું જીવન અટવાઇ ગયું અને વ્યાપાર–ઉદ્યોગ સામે ખાસ પ્રશ્નો ખડા થયા. ચેમ્બરે દેશના આર્થિક હિતને નજર સમક્ષ રાખીને દેશ સમક્ષના નાણાશાસ્ત્ર, ચલણ, જકાત, ઉદ્યોગો, વ્યાપાર–વાણિજ્ય, વાહનવ્યવહાર, બેંકીંગ, વહાણવટું, વીમા પ્રવૃત્તિ વિ. વિવિધ બાબતોના અનેક પ્રશ્નો તપાસ્યા, પચાવ્યા ને અનુકુળ માર્ગદર્શન આપ્યું. આ બધા વિષયોની ઝીણવટમાં જવાનો અત્રે અવકાશ નથી, પણ ચેમ્બરની મૂખ્ય કામગીરી વ્યાપાર–ઉદ્યોગના પ્રશ્નો અંગે વેપારીઓને દોરવણી આપવા પૂરતી મર્યાદિત ન હતી, અથવા સરકાર સમક્ષ તેમનો મજબુત કેસ રજુ કરવા પૂરતી જ ન હતી; ચેમ્બરે જે કાર્ય કર્યું તે શ્રી દાદાભાઇ નવરોજીએ, રાનાડેએ, તીલકે અને મહાત્મા ગાંધીજીએ ચીંધેલી દિશામાં આર્થિક ક્ષેત્રમાં દેશને આગળ લઇ જવાનું કર્યું. રાજકીય આઝાદીની મૂખ્ય ચાવી હાંસલ કર્યા પછી જ આર્થિક સમસ્યાઓનો ઉકેલ આવી શકે, તે બાબતમાં ચેમ્બરે અથાગ પ્રયાસો કર્યા. ઉદાહરણાર્થે, દેશના મીલ–ઉદ્યોગના હિતને બદલે સ્ટર્લિંગ સ્ટેશાયરનું હિત જોનારી ગોરી અમલદારશાહી ઉપર ચેમ્બરના મોવડીઓ હંમેશાં ત્રાટકી પડતા. ચેમ્બરે એક અર્થશાસ્ત્રી તરીકે–આર્થિક બાબતોના નિષ્ણાત તરીકે–બહુ જ સુંદર કામગીરી બજાવી. વિવિધ પ્રશ્નો રાષ્ટ્રીય હિતની એરણે ચઢાવી, લોકમત કેળવી, સરકાર સમક્ષ મૂકીને ચેમ્બરે દેશની ખરે જ સુંદર સેવા આ સમયમાં કરી હતી. દાખલા તરીકે, રૂપિયાના દર અંગે, ઔદ્યોગીક નીતિ વધુ પ્રોત્સાહજનક અને કાયમી પરિણામો લાવનારી હોવી જોઇએ તે બાબતમાં, નાણાકીય નીતિની બાબતમાં, પરદેશમાં વસતા હિન્દીજનોના પ્રશ્નો અંગે–એમ અનેક બાબતોમાં ચેમ્બરે જે બુલંદ અવાજ ઉઠાવ્યો તેના પડઘા સમસ્ત દેશના ખૂણેખૂણામાં પડ્યા. આ સમયમાં દેશના હિતોની અવગણના કરવામાં આવતી, ત્યારે તે પ્રવાહને ખાળવામાં ને વાળવામાં ચેમ્બરે અગ્રગણ્ય ટીકાકાર તરીકે

અથાગ પ્રયાસો કર્યા, અને સાવકી મા જેવી સરકારની નીતિ છતાં, વ્યાપાર–ઉદ્યોગના ક્ષેત્રે જે કાંઇ થોડો ઘણો વિકાસ સાધી શકાયો તે બાબતનો યશ ચેમ્બર જેવી સંસ્થાઓને ફાળે અવશ્ય જાય છે. દેશના આર્થિક ઘડતરમાં ને વિચારણામાં ચેમ્બરે પોતાનો સક્રિય ફાળો આપ્યો છે.

૧૯૩૯ માં બીજું વિશ્વયુદ્ધ આવ્યું; આર્થિક ક્ષેત્રે ને રાજકીય ક્ષેત્રે અનેક વિટંબણાઓ ખડી થઈ; ૧૯૪૨ થી રાજકીય વાતાવરણમાં ગરમી આવી અને તે પછીના બનાવો ચીલઝડપે બન્યા; બીજા વિશ્વ-યુદ્ધની આપણા આર્થિક જીવન ઉપર વધુ ગંભીર અસર થઈ. મોંઘ-વારી ને અછતના સવાલો, અંકુશો ને નિયમનોના સવાલો, વાહન-વ્યવહાર ને વહાણવટાના સવાલો, બંગાળનો દુકાળ ને અન્નસંકટ, સંઘરાખોરી, નફાખોરી, કાળાબજાર વિ. એમ સરકારને, પ્રજાને ને વેપારી આલમને મુંઝવતા ને ચૂંચવતા અનેક સવાલો ઉભા થયા. ચેમ્બરે આ કપરા સંજોગોમાં પણ કુશળ સુકાનીની અદાથી વેપારી આલમનું, સુકાન સંભાળ્યું ને સરકારને અને વેપારી આલમને સલાહ-સૂચના આપ્યા. દેશના બીજા વર્ગો આ સમય દરમ્યાન વેપારી–વર્ગની છડેચોક ટીકા કરતા થયા.

૧૯૪૭ માં રાજકીય સ્વાતંત્ર્ય આપણને મળ્યું; એક ધ્યેય હાંસલ થયું; એક સમર્થ વિદેશી હકુમતનો સામનો કરવા બીજી બાજુ જે એકત્રિત મોરચો હતો તેમાં પણ ભારે ફેર પડયો. બહુમતી પક્ષ તરીકે, પ્રજાનો પ્રેમ ને વિશ્વાસ સંપાદન કરનાર પક્ષ તરીકે, કોંગ્રેસે દેશની સત્તા હાથમાં લીધી. એક બાજુ યુદ્ધોત્તર અને બીજા પ્રશ્નો હતા, બીજી બાજુ નિર્વાસિતોના, દેશના ભાગલાના, વાહનવ્યવહારના અને એવા અનેક પ્રશ્નો માથે આવી પડ્યા. એ કાંઇક થાળે પડતાં, સ્વાભાવિક રીતે જ, પુખ્તમતાધિકાર દાખલ કરવાથી ને લોકશાહીને આપણો દેશ સંપૂર્ણપણે વરેલો હોવાથી સરકારની નીતિનું ઘડતર જુદી રીતે, જુદા ધ્યેયથી અને જુદા દૃષ્ટિબિંદુથી, સ્વાભાવિક રીતે જ ઘડાવા લાગ્યું. રાજકીય આઝાદી પછી આર્થિક આબાદી માટે પ્રજાકીય સરકારે પ્રયાસો કરવા જ જોઇએ એ અનિવાર્ય છે અને કાંઇક લાગણી-વશ થઇને, કાંઇક આદર્શવાદી બનીને, કાંઇક વધુ પડતી મહત્વાકાંક્ષા-ભરી રીતે, દેશના સર્વાંગી આર્થિક ઉત્થાન માટે કેન્દ્ર સરકારે અને રાજ્યોની સરકારોએ ઉતાવળે–અલબત્ત ચેમ્બરની દૃષ્ટિએ–પગલા ભરવા માંડ્યા. આવી પરિસ્થિતિમાં ચેમ્બર અને સરકારના દૃષ્ટિબિંદુમાં, રજુ-આતમાં, ને આર્થિક પ્રશ્નોની વિચારણામાં કાંઇક તફાવત જણાતો હોય તો તે વિગતોનો છે, મુખ્ય હેતુઓનો નથી. ઔદ્યોગીકરણની ઝડપ વધારવી જ જોઇએ, આયોજીત આર્થિક વિકાસ આપણે સ્વીકારવો જ જોઇએ એ બાબતમાં સૌ કોઈ સહમત છે. તેવી જ રીતે, જનતા–જનાર્દનના જીવનધોરણમાં સુધારો થવાની જરૂર છે અને દેશના ઉત્પાદનમાં ખૂબ વધારો થતો રહે તેવી નીતિ સરકારની હોવી જોઇએ તે બાબતમાં પણ કોઈ પણ જાતનો મતભેદ રહેતો નથી. પણ, જ્યારે નીતિના પ્રશ્નો છોડીને વિગતોનો પ્રશ્ન આવે છે, કાનૂનની જોગ-વાઇઓનો પ્રશ્ન આવે છે અને ખાસ કરીને જે રીતે વ્યવહારમાં આર્થિક ને ઔદ્યોગીક નીતિનો અમલ કરવામાં આવે છે તે બાબતમાં એક સલાહકાર ને માર્ગદર્શક તરીકે ચેમ્બર સરકારી નીતિની અવશ્ય ટીકા કરે છે. હેતુ સિદ્ધ કરવા કયા સાધનો કયારે, કેવી રીતે, અને કયે તબક્કે વાપરવામાં આવે છે ને તેથી દેશના હિતો સચવાય છે કે નહીં તે બાબતમાં ચેમ્બર પોતાના અભિપ્રાયો ને સૂચનો સતત રજુ કરતી રહે છે.

વ્યાપાર, ઉદ્યોગને સ્પર્શતા જે કાનૂનોની પરંપરા શરૂ થઈ છે ને નાણાક્ષેત્ર, આવકવેરા, કરવેરા, કંપનીધારા, જકાત, આયાત-નિકાશ, વિ. ક્ષેત્રોને લગતી જે તપાસ સમિતિઓ નીમવામાં આવે છે અથવા જે પ્રશ્નો ને મુશ્કેલીઓ ચેમ્બર સમક્ષ રજુ કરવામાં આવે છે તે બાબતમાં ચેમ્બર સરકાર સમક્ષ પોતાનું વલણ સ્પષ્ટતાથી જાહેર કરે છે. ચેમ્બરની વલણ હંમેશાં વ્યવહારૂ અને વાસ્તવિક રહી છે ને તેથી જ આર્થિક યોજનાનું કદ આપણી સાધનસામગ્રી ને નાણાકિય ભંડોળની શકયતાની મર્યાદામાં રાખવું જોઇએ, કરવેરાની નીતિ એવી ન હોવી જોઇએ કે જેથી બચત અને રોકાણને હરકતકર્તા તે નિવડે અથવા ઉદ્યોગો ઉપરના કે આયાત નિકાશના નિયમનો એવાં ન હોવા જોઇએ કે જેથી ઉત્પાદનને વાંધો આવે; એવા અભિપ્રાયો સરકાર સમક્ષ ચેમ્બર બેધડકપણે, કડવાશ વ્હોરીને, પણ રજુ કરે છે. પહેલાં કરતાં ચેમ્બરની કાર્યવાહિનું સ્વરૂપ જ બદલાયું છે ને માટે જ રાજકીય આઝાદી પછી ચેમ્બરની કારકીર્દિનો એક નવો તબક્કો શરૂ થયો છે એમ કહી શકાય. ચેમ્બરની સૂચનાઓ રચનાત્મક હોય છે, કારણ ચેમ્બર પાસે આર્થિક વિષયોની વિશિષ્ટ માહિતી ને પરિપકવ અનુભવ છે. સમાજવાદી સમાજરચનાનું ચિત્ર જલ્દીથી દોરવા મથતી સરકાર અથવા વર્ષોજૂના ગરીબી ને બેકારીના થરો નાબુદ કરવા મહત્વાકાંક્ષા-ભર્યા કાર્યક્રમો હાથ ધરતી સરકાર આ નક્કર ભૂમિકાને ન પીછાણે કે સ્વીકારે એ પણ ચેમ્બર જાણે છે. શ્રી નહેરૂએ આ બાબતમાં સુંદર પ્રકાશ પાડયો હતો. ચેમ્બર આજે પણ પુલકિત થઇ શકે છે કે આઝાદી પહેલાં જે જે વિચારસરણી તેણે રજુ કરી હતી તે આજે સરકારની સ્વીકૃત નીતિનો એક ભાગ થઇ ચૂકી છે. તેવી જ રીતે આજે જો કે યોજનાને ઘટાડવાની વાતો થાય છે તે બાબતમાં ચેમ્બરને આનંદ તો ન જ હોય, કારણ કે સામાજીક જવાબદારીઓ ચેમ્બર પણ બરાબર સમજે છે, પણ યોજનાની શરૂઆતમાં જ ચેમ્બરે આ બાબતમાં લાલબત્તી ધરી હતી એ એક હકીકત છે. આજની પરિ-સ્થિતિમાં વેપારી આલમ અને સરકાર વચ્ચે ચેમ્બર એક મજબુત સાંકળ છે.

વેપાર-ઉદ્યોગ સિવાય ચેમ્બર માનવ-રાહતના કાર્યોમાં હંમેશાં અગ્રેસર રહી છે તે બાબતનો ઉલ્લેખ અત્રે કરવો જ જોઇએ. ખાસ કરીને, મુંબઈ શહેરના નાગરિક ને સામાજીક જીવનમાં ચેમ્બરનું ઉચ્ચ સ્થાન છે. વેપારી શિક્ષણમાં ને સંશોધનમાં ચેમ્બર વર્ષોથી ઉંડો રસ લે છે ને સુવર્ણજયંતી ઉજવતી વખતે આ દિશામાં નક્કર કાર્ય કરવા માટે ચેમ્બર રૂા. ૧ લાખનું દાન મેળવી ચૂકી છે ને વધુ ભંડોળ એકત્રિત કરવા તેણે કમર કસી છે.

સ્વતંત્ર ભારતમાં આર્થિક આબાદી માટે પૂરો અવકાશ છે ને ખાનગી ક્ષેત્રનું સમર્થન કરતી હોવા છતાં ચેમ્બરે રાષ્ટ્રના નવનિર્માણને સ્પર્શતી આર્થિક નીતિના ઘડતરમાં મહત્વનો ફાળો આપવાનો છે. આયોજીત વિકાસ, લોકશાહી ને વિચારસ્વાતંત્ર્ય–એ દરેક સાથે જેમ સરકારને સંબંધ છે તેમ ચેમ્બરને પણ છે. ભવિષ્યમાં ચેમ્બરે ખાનગી ક્ષેત્રની મુંઝવણો અંગે જ નહીં, પણ જાહેર ક્ષેત્રના વહીવટ અંગે પણ સરકારને યોગ્ય દોરવણી આપવાની રહેશે એમ આજે સ્પષ્ટ જણાય છે.

કાન્તિલાલ ઘરોડિયા

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં પાઠયપુસ્તક અથવા ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક, કોઇ પણ શુભ પ્રસંગે ભેટ આપવા કે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

દર્શન અને ચિંતન

પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી પ્રકાશિત

પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ

બે વિભાગ ગુજરાતી : એક વિભાગ હિંદી : કુલ ત્રણ વિભાગમાં

કિંમત રૂા. ૨૧; પેકીંગ પોસ્ટેજ રૂા. ૪

મળવાનું ઠેકાણું :

મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

'રસગન્ધા'

(કવિ ન્હાનાલાલનો પ્રતિનિધિ-કાવ્યસંગ્રહ, રસદર્શનો સાથે -સંપાદક અને પ્રકાશક **શ્રી બાલચન્દ્ર પરીખ.** ઠેકાણું ચંદ્રનગર સોસાયટી, આનંદનગર, અમદાવાદ ૭, પાનાં ૪૭૨, કિંમત રૂ. ૭-૦૦).

ગુજરાતી કાવ્યસાહિત્યમાં કવિ શ્રી ન્હાનાલાલનું સ્થાન અત્યન્ત ગૌરવભર્યું છે. એમનાં લલિત મંજુલ ઊર્મિગીતો ને સંગીતમય રાસ તો ગુજરાતને કંઠે વર્ષો સુધી ગૂંજ્યા કરે તેવાં છે. એમણે માત્ર ઊર્મિગીતો નહીં પણ સુંદર રણગીતો, આદર્શ પ્રેમનાં કાવ્યો, ભક્તિ-ગીતો, અર્ધ્યકાવ્યો, સારા એવાં કાવ્યનાટ્યો વિગેરે ઘણું લખ્યું છે. આ વિપુલ કાવ્યસમૃદ્ધિનું પ્રતિનિધિત્વ ધરાવતાં ૧૪૬ કાવ્યો પસંદ કરીને શ્રી બાલચન્દ્ર પરીખે એના રસદર્શન તથા શ્રી અનંતરાય રાવળના આમુખ સાથે સંગ્રહસ્વરુપે પ્રગટ કર્યાં છે. સંપાદનનું આવું જવાબદારીભર્યું કાર્ય શ્રી પરીખે ઘણા રસ ને ખંતથી કર્યું છે. ન્હાના-લાલનાં પ્રેમભક્તિભર્યાં કાવ્યોનું સંપાદકે પણ એવી જ પ્રેમભક્તિથી રસદર્શન કરાવ્યું છે. ન્હાનાલાલનાં કાવ્યો પહેલી વાર આમ સંગ્રહરૂપે બ્હાર પડે છે. તેથી એ ઘણું આવકારદાયક છે.

વળી ન્હાનાલાલનાં કાવ્યો વિવિધ ક્ષેત્રને સ્પર્શતાં ને અનેક છે. એટલે એને સમગ્રપણે વાંચી ન શકે તેવા સાહિત્યરસિકો તથા વિદ્યાર્થીઓ માટે આ સંગ્રહ ઘણો ઉપયોગી છે.

આ અનેકવિધ કાવ્યસમૃદ્ધિને સંપાદકે આઠ ખંડમાં વ્હેંચી દીધી છે :-(૧) ઊર્મિગીતો, (૨) પ્રણયપુષ્પો, (૩) રાસ, (૪) રણગીતો, (૫) દામ્પત્યકાવ્યો, (૬) ભક્તિગીતો, (૭) અર્ધ્યકુસુમો અને (૮) ચિત્ર-સર્જનો. શરૂઆતમાં વિભાગવાર કાવ્યો આપ્યા બાદ સંપાદક તેનું 'રસદર્શન' કરાવે છે. રસદર્શનમાં દરેક ખંડની શરૂઆતમાં તે ખંડના અભ્યાસના પરિપાઠરૂપ નોંધ અને પછી એનાં કાવ્યોનું વિવરણ આપે છે. લગભગ ૨૦૦ પાનાંના 'રસદર્શન' સાથે આ દળદાર પુસ્તક પૂરું થાય છે.

આ રસદર્શનની વિભાગવાર વ્હેંચણી પ્હેલી દૃષ્ટિએ બહુ વ્યવ-સ્થિત લાગે છે. પણ જરા વિગતથી જોતાં એક વિભાગના કાવ્યો બીજામાં, ને બીજા વિભાગના કાવ્યો ત્રીજામાં લેવાયાં હોય એવું કેટલાંક કાવ્યોમાં લાગે છે—દા. ત. 'ગિરનારને ચરણે' એ 'દામ્પત્ય-સ્તોત્રો'ના વિભાગમાં તથા 'સૌન્દર્યના દર્શને' એ કાવ્ય 'પ્રણયપુષ્પો'ના વિભાગમાં છે. ઊર્મિગીતો, પ્રણયપુષ્પો, દામ્પત્યસ્તોત્રો તથા રાસ એવા ચાર જુદા જુદા વિભાગો ન પાડ્યા હોત તો આવું અનુચિત મિશ્રણ ન થાત, અને વિભાગીકરણ વધુ સરળ અને સુગમ થાત.

ન્હાનાલાલનાં કાવ્યોની સુંદરતાથી સાહિત્યજગત અજાણ નથી. સંપાદક શ્રી પરીખ એ કાવ્યોમાં કંઈ નવું નવું દર્શન પામે છે, અને એ તેમણે ખૂબ ઉત્સાહપૂર્વક 'રસદર્શન'માં બતાવ્યું છે. આ ઉત્સાહનો અતિરેક એમના લખાણમાં ઘણી જગાએ અતિશયોક્તિ, તટસ્થતાનો અભાવ, પુનરુક્તિ તથા અકારણ લંબાણ કરાવે છે. ન્હાનાલાલથી અંજાઇ ગયેલી એમની કલમ એક વિવેચકની અદાથી એમના ગુણદોષ બતાવવાને બદલે એક ભાવઘેલા ભક્ત જેમ ગુણગાન જ કરે છે. આમાં પ્રશંસાના પ્રમાણમાં નવી માહિતી ખૂબ જ ઓછી મળે છે. સંપાદક કવિને બુદ્ધિપ્રધાન નહીં પણ લાગણીપ્રધાન રીતે જુએ છે, અને લાગણીના આવેશમાં એમની ભાષા કયાંક કયાંક કિલષ્ટ થઇ જાય છે. એમનું પાંડિત્ય ઘણીવાર વાંચનની સરળતા મારી નાંખે છે. તેમ જ "**નિજ નિજનાં** જીવનની અનુભૂતિઓ" તથા "આત્મા **સહ** રસસમાધિ"—જેવા કેટલાય અસ્વાભાવિક શબ્દપ્રયોગો રસદર્શનના આનંદમાં અંતરાયરૂપ થાય છે.

ભાષાની ત્રુટિઓ બાદ કરીને રસદર્શન વાંચતાં એટલું તો સ્પષ્ટ લાગે છે કે શ્રી પરીખે ન્હાનાલાલને ખૂબ તન્મયતાથી માણ્યા છે. પરિ-ણામે તેઓ ન્હાનાલાલના પ્રેમનિરૂપણ, દામ્પત્યભાવના અને રાસસૃષ્ટિનું સારું દર્શન કરાવે છે. ન્હાનાલાલના કાવ્યોમાં પ્રેમ તથા દમ્પતીજીવન અંગે ઘણું સુંદર ચિંતન છે. સંપાદક શ્રી પરીખે તેને ખૂબ ભાવથી ઉદાહરણો સાથે સરસ રીતે બહેલાવ્યું છે.

શ્રી પરીખના શબ્દોમાં કહું તો ન્હાનાલાલના દામ્પત્યકાવ્યોમાં "યૌવનનો મુક્ત પ્રેમ માનવતાનું કેન્દ્ર પામી, જીવનની સાર્થકતા સાધવા લગ્ન દ્વારા આગળ વધે છે... પ્રેમ જ્યાં પ્રસન્નતાને વરે છે, ઉત્કંઠા જ્યાં સૌમ્યતામાં પરિણમે છે, મુક્તવિહારી આત્મા જ્યાં સ્વેચ્છાએ બંધનો સ્વીકારે છે, આદર્શનિષ્ઠા જ્યાં બલિદાનને વધાવે છે, સમર્પણ જ્યાં શુચિતા પ્રગટાવે છે એવું દામ્પત્યદર્શન ન્હાનાલાલ આપણને કરાવે છે." 'સૌભાગ્યવતી' ને 'કુલયોગિની' કાવ્યોમાં આ ભાવ સારી રીતે પ્રગટ થાય છે. 'લગ્નતિથિ' 'પુનર્લગ્ન' ને 'આપણી લગ્નતિથિ' પણ એને હૃદયસ્પર્શી રીતે વ્યક્ત કરે છે. કવિ એમની લગ્નતિથિએ પોતાની પત્નીને ઉદ્દેશીને ભાનના ને કર્તવ્યના કેવા અદ્‌ભુત સમન્વય સાથે કહે છે:

"ખેલ્યાં સખિ! અધિક આપણ ખેલશું, ને
કર્તવ્યકર્મ પણ ભવ્ય જ આદરીશું;
વીણીશું નન્દન, અને લઇ દિવ્યપુષ્પો,
સોહાવશું સભળ સુન્દર કુલવેલી."
('પુનર્લગ્ન')

કવિ ન્હાનાલાલની લાક્ષણિકતા એમના રાસમાં છે. સંપાદકના કથન સાથે વાંચક પણ સહમત થાય કે "કવિતા અને કલા, સંગીત અને નૃત્ય, ડોલન અને હિંચ, ભાવ અને આલેખનનું સંપૂર્ણ અદ્વૈત ન્હાનાલાલના રાસ મૂર્ત કરે છે.... એમાં એક ક્ષણની સહજ ઊર્મિલતા માનવહૃદયની સનાતન ઉત્કંઠાની આરસી ધરે છે." ન્હાનાલાલની લલિત મંજુલ પદાવલિએ નવકવિઓને વર્ષો સુધી પ્રેરણા આપી છે. જુઓ 'ફૂલડાં કટોરી' માં કેટલો સંગીતમય ઉપાડ છે!-

"ચન્દ્રીએ અમૃત મોકલ્યાં, રે બ્હેન!
ફૂલડાંકટોરી ગૂંથી લાવ;
જગમાલણી રે બ્હેન!
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન!"

અને 'મહિડાં' જેવાં મધુર ગીતોમાં સ્ત્રીહૃદયના ભાવને સચોટ શબ્દદેહ આપ્યો છે. વળી ન્હાનાલાલની પ્રેમની કલ્પના નીતિના દોર ઉલંઘે તેવી નથી. જે પ્રેમના ઉર્મિઉછાળા બેઉ હૃદયને એકાકાર કરી દે છે, તે પણ પુણ્યમય તો હોવા જ જોઇએ એ કવિ કેવી હૃદયસ્પર્શી રીતે કહે છે!-

"ઓ રસતરસ્યાં બાળ!
રસની રીત ન ભૂલશો;
પ્રભુએ બાંધી પાળ
રસસાગરની પુણ્યથી...."

સંપાદકે કવિની રાસસૃષ્ટિને આવરી લેતો ઉદાહરણો સાથેનો અહેવાલ પણ રસમય રીતે આપ્યો છે. અલબત્ત, એમના કથન-"વિશ્વસાહિત્યમાં તેમનું (રાસનું) સ્વયંસિધ્ધ સ્થાન"-સાથે સંમત થવું મુશ્કેલ લાગે છે. શ્રી પરીખ માટે, ન્હાનાલાલને પશ્ચિમના શેક્સપિયર, દાન્તે-કે શેલિની તેમજ પૂર્વના કાલિદાસ-ટાગોરની હરોળમાં મૂકી દેતાં પહેલાં થોડી તટસ્થ વિચારણા આવશ્યક લાગે છે. આમાં સંપા-દકની મુગ્ધતા પક્ષપાતભરી થઈ જાય છે.

સંપાદકે ન્હાનાલાલના રણગીતોના રસદર્શનમાં એને જે મહત્ત્વ આપ્યું છે તે પણ શંકાસ્પદ લાગે છે. ન્હાનાલાલ ઊર્મિના કવિ તરીકે પ્રથમ હરોળમાં જરૂર આવે, પણ શૌર્યના કવિ તરીકેનાં એમનાં કાવ્યો એટલાં ઓજસભર્યાં નથી લાગતાં. એ વિભાગનાં પંદર કાવ્યોમાંથી 'વીરની વિદાય', 'કઠિયાણીનું ગીત' જેવાં બેત્રણ કાવ્યો જ કવિને ન્યાય આપે તેવાં સુંદર છે. આ બે કાવ્યોમાં-

'જયકલગીએ વળજો, પ્રીતમ!
ભીંજશું ફાગે ચીર:

નહીં તો વીરને આશ્રમ મળશું
હો! સુરગંગાને તીર:
મારા કેસરભીના કંથ હો!
સિધાવોજી રણવાટ' (વીરની વિદાય)

—જેવી અનન્ય શૌર્યભીની પંક્તિઓ ગૂંજી રહે છે. પણ એટલાથી જ ન્હાનાલાલને 'પ્રાણવાન રણગીતોના શ્રેષ્ઠ કવિ' તરીકે બિરદાવવામાં તો સંપાદકની અતિશયોક્તિ લાગે છે. વળી એ શૌર્યના શ્રેષ્ઠ કવિ હોય તો દેશમાં આવા મહાન સત્યાગ્રહ થયા તેના શૌર્યગાન કરવામાં કેમ પાછા પડયા? આવી જ પક્ષપાતભરી અતિશયોક્તિ સંપાદક ન્હાનાલાલની ભક્તિકવિતા વિષે લખતાં કરે છે. એમનામાં નરસિંહ-મીરાં જેવો સહજ ભક્તિયોગ ને કવિવર રવીન્દ્રનાથ ટાગોર તથા શ્રી અરવિંદ જેવા પ્રજ્ઞાવિકસિત પરમાત્મદર્શનનો અનોખો સમન્વય થતો માનીને સંપાદક ન્હાનાલાલમાં કોઇ અનન્ય વ્યક્તિત્વ જુએ છે. આ વાત સહેલાઇથી સ્વીકારાય તેવી નથી. કવિનાં ચૂંટેલાં વીસ ભક્તિકાવ્યોમાં 'હરિનાં દર્શન', 'સ્તુતિ-અષ્ટક' ને 'હરિ! તારી ફોકીને હિન્ડોળ' જેવાં ચાર પાંચ કાવ્યો સિવાયનાં લગભગ બધાં કાવ્યો આ સંગ્રહમાં મૂકવા યોગ્ય ખરાં કે નહીં એ પ્રશ્ન થાય છે. એ ખરું કે આમ સંગ્રહ થતાં પણ આપણને—

"મ્હારાં નયણાંની આળસ રે, ન નીરખ્યાં હરિને જરી"
(હરિનાં દર્શન)

તથા—

"અસત્યોમાંહિથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અન્ધારેથી પ્રભુ! પરમ તેજે તું લઇ જા;
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઇ જા,
તું હીણો હું છું તો તુજ દરસનાં દાન દઈજા."
(સ્તુતિઅષ્ટક)

—જેવી હૃદયની અભિપ્સાને અત્યંત સુંદર અભિવ્યક્તિ આપતી કાવ્યકંડિકાઓ પણ મળી રહે છે. એ પસંદગી બદલ સાહિત્યરસિકો શ્રી પરીખના ઋણી રહેશે જ. આ કાવ્યો દ્વારા કવિએ ગુજરાતી સાહિત્યમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. ને શ્રી પરીખે તે તરફ વાંચકનું ધ્યાન દોરીને પણ સાહિત્ય-સેવા જ કરી છે.

આ જ પ્રમાણે 'અર્ઘ્ય કુસુમો'માં પિતૃતર્પણ જેવા સુંદર કાવ્યને પસંદ કરવા બદલ સંપાદકને અભિનંદન. કવિએ આ કાવ્યમાં પિતાનું કેટલું ભાવનાશાળી કથન કર્યું છે!—

"છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ;
દેવોના ધામના જેવું હૈડું જાણે હિમાલય."
(પિતૃતર્પણ)

અને જગતશાળી વિભૂતિઓ વિષે—

"પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે."
(પિતૃતર્પણ)

પરંતુ મહાત્મા ગાંધીજીને ઉદ્દેશીને લખાયેલા લાંબા કાવ્ય "ગુજરાતનો તપસ્વી"માં કાવ્ય કરતાં પદ્યસ્વરૂપ (છંદ નહીં)માં કોઇ નિબંધ લખાયો હોય તેવું વધુ લાગે છે. એ કાવ્યમાં કાવ્યતત્ત્વની કેટલી જમાવટ છે એ એક પ્રશ્ન તો છે જ. છતાં સંપાદક એની સ્તુતિમાં ભારોભાર અતિશયોક્તિ કરતાં એને ગાંધીજીના જીવન ને વ્યક્તિત્વને સ્પર્શતાં ગુજરાતી કાવ્યોમાં અજોડ ને સૌથી વધુ ક્રાન્તદર્શી કાવ્ય તરીકે ગણાવે છે. અરે, સંપાદક તો ભારતની બીજી ભાષાઓમાં પણ આવું સફળ કાવ્ય નહીં હોય એમ માને છે! આ બરોબર છે? સંપાદક એ ભૂલી જાય છે કે આ જ ન્હાનાલાલ કવિએ પાછળથી ગાંધીજીની ખૂબ જ કડવી ટીકાઓ ને કટાક્ષો કર્યા હતા. આ વિષે રસદર્શનમાં જરા પણ ઉલ્લેખ નથી, એ ઠીક નથી.

આની જ અસહ્ય અતિશયોક્તિ તેમણે "ચિત્રસર્જનો" એ ગમાં "ગુજરાત" અને "ભરતભૂમિનું યશોગાન" એ કાવ્યોનાં મૂલ્યાંકનમાં કરી છે. સંપાદક માને છે તેવી આ ... આ કાવ્યો પામી શકે કે નહીં—એ એક પ્રશ્ન છે. આ વિભાગમાં ખરેખર સુંદર કહેવાય એવું કાવ્ય હોય તો તે "ચારુ વાટિકા" છે. અનેક મધુર કલ્પનાઓથી ડોલી રહેલા આ કાવ્યમાં, સંપાદક કહે છે તેમ, ખરેખર "ચોરવાડની ભૂમિનું અનુપમ નિસર્ગલાવણ્ય આપણી સામે તાદૃશ થાય છે." કવિની કલ્પના આ કાવ્યમાં થોડી રોમાંચક છે. પણ એ પણ ઘણી મનોહર ને મૌલિક છે—કેળનું વર્ણન કરતાં તેઓ કહે છે—

"રૂપેરી ઝૂલધારી
ઝૂલત કરિણી શી આમ્રની માળ મ્હોરે,
ડોલન્તી વજ્ર ઉચે
કનકપગ ખૂલી નર્તકી જેવી કેળો."
(ચારુ વાટિકા)

અને સાગરનું (જલનટીનું) ચિત્ર તો જુઓ:—

"ઘાઘરના ઘેર જેવી
ઊજળી ઊછળતી ફીણની ઝાલરો, ને
હૈયે પાલવ પડેલી
કરચલી સરિખી ડોલતી ઉર્મિમાલા,
છૂટી મ્હેલી શું લાંબી
મણિમય અલકો કાલિકા ઘોર નાચે,
માયાની મૂર્તિ શી, ત્હાં
જલનટડી રમે વ્યોમની છાંયડીમાં"
(ચારુ વાટિકા)

પરંતુ સંપાદકને "ચારુવાટિકા" કરતાં "ગુજરાત" ને "ભરતભૂમિનું યશોગાન" વધુ કાવ્યમય લાગે છે. આ અભિપ્રાયને માત્ર રુચિભેદ માનીને ક્ષમ્ય ગણવો ઘટે.

આવા રુચિભેદ ને અભિપ્રાયભેદ હોવા છતાં કવિ ન્હાનાલાલનું રસદર્શન આનંદદાયક તો છે જ. પરંતુ આ રસદર્શનમાં થોડી પુનરુક્તિ ને લંબાણ ઓછા કરીને નીચેની બાબતો વિષે થોડું ઉમેર્યું હોત તો એ વધું સફળ બન્યું હોત.

(૧) ન્હાનાલાલની ઐતિહાસિક ભૂમિકા—કવિના જન્મ પહેલાના સાહિત્યની પાર્શ્વભૂમિ તથા એમણે શરૂ કરેલા નવા કાવ્યપ્રવાહો.

(૨) ન્હાનાલાલ કવિની નવી પેઢીના સાહિત્યકારો ઉપર પ્રેરણાદાયી અસર.

(૩) અર્વાચીન કાવ્ય-મૂલ્યાંકનો ને અદ્યતન કાવ્યપ્રવાહોની સરખામણીમાં ન્હાનાલાલનું કાવ્યતત્ત્વ.

(૪) ઉપસંહાર.

આ સાથે એકબે સામાન્ય બાબતો પર સંપાદકનું ધ્યાન દોરવા ઇચ્છું છું.

(૧) કાવ્યસંગ્રહનું છાપકામ ઘણું ઉઠાવદાર તેમ જ મુદ્રણદોષ વગરનું છે, પણ એનું પૂઠું જરાય આકર્ષક નથી. ચિત્રકળાના નવા નવા વિકાસ જોતાં આવા જૂની ઢબના ચિત્રવાળા પૂંઠા કરતાં તદ્દન સાદું એક જ રંગનું પૂઠું રાખ્યું હોય તો?

(૨) 'રસગન્ધા' નામ પાછળનો આશય સ્પષ્ટ થયો હોય તો વધુ સમજાય, રસની ગન્ધ હોય ખરી? આ નામ શાથી પસંદ થયું?

—સંપાદકને રસદર્શક તરીકે શ્રી બાલચન્દ્ર પરીખે ઘણું જવાબદારીભર્યું કામ કર્યું છે. આ કાર્ય ઓછું મુશ્કેલ નથી. તેથી ઉપરના મારા બધા મંતવ્યો અત્યંત નમ્ર સૂચનરૂપે, નહિ કે ટીકારૂપે રજૂ કરું છું. આમ છતાં એ વિષે કોઇ શક નથી કે આ કાર્ય પાછળની એમની નિષ્ઠા, હિમ્મત ને ભાવના ઘણી અભિનંદનીય છે. શ્રી ન્હાનાલાલ જેવા મહાન કવિનાં સુંદર કાવ્યોને આમ સંગ્રહિત કરીને તેમણે સાહિત્ય જગતની એક મોટી સેવા બજાવી છે.

ગીતા પરીખ

મારાં જીવનના છુટાંછવાયા સ્મરણો

(આ લેખનું મથાળું હતું 'બે જીવનપ્રસંગ' પણ નીચેના લેખના પ્રથમ વિભાગમાં આજથી ૬૩ વર્ષ પહેલાં જ્યારે તેઓ જોઇ શકતા હતા તે દિવસોના ગાળા દરમિયાન તેમને હનુમાનદાસજીનો જે સમાગમ થયેલો તેનું વર્ણન છે અને બીજા વિભાગમાં તેમની જ્ઞાનોપાસનાના નવ વર્ષના તબક્કાની કેટલીક વિગતો આપેલી છે. આ રીતે વિચારતાં આ લેખને અપાયલું મથાળું બંધબેસતું ન લાગ્યું. તદ્દોપરાંત પંડિતજી આ લેખની શરૂઆતમાં જણાવે છે તે મુજબ તેમના જીવનમાં અવિસ્મરણીય ગણાય એવા અનેક પ્રસંગો ભરેલા છે, એ પ્રસંગોના સ્મરણોની હારમાળા પ્રબુદ્ધ જીવનના વાચકોને અવારનવાર મળતી રહે તે હેતુ, આશા અને શ્રદ્ધાના કારણે લેખનું મથાળું ઉપર મુજબ બદલવાનું ઉચિત લાગ્યું છે. તંત્રી)

મારા જીવનમાં અનેક પ્રસંગો એવા છે જે મારાથી કદી ભુલાતા જ નથી. ભૂતકાળના જીવનને સ્મરણમાંથી ભૂંસી શકાતું નથી. અહીં હું એમાંથી બે જ પ્રસંગનો નિર્દેશ કરીશ.

લગભગ ૬૩ વર્ષ પહેલાંની વાત છે. હું તે વખતે દેખતો. ગુજરાતી નિશાળમાં ભણી રહેવા આવ્યો હોઇશ. હજારેક માણસની વસ્તીવાળા એ નાના ગામને પાદર, ઝાડોની ઘટાવાળા તળાવને કિનારે, ધર્મશાળા બંધાવાની હતી. બંધાવનાર હતા પરમાર ગરાસિયા જીજીભાઇ ભગત. પાયો ખોદાતો. એવે વખતે ગિરનારથી એક સંત પધારેલા. લોકો દર્શન માટે ઊભરાવા લાગ્યા. અનેક છોકરાઓની પેઠે હું પણ દર્શને ગયો.

હનુમાનની જગ્યામાં એ હનુમાનદાસ નામે ઓળખાતા સંત જમીન ઉપર પલોંઠી વાળી બેઠેલા. મને બીજા છોકરાઓની પેઠે જ દર્શનના રસ કરતાં ખડી સાકરનો રસ વધારે હતો. જે નરનારી આવે તે એમને ચરણે સાકર ધરે. કોઇ શેર તો કોઇ પાંચ શેર. એકાદ સોની ભગતે સવા મણ સાકર ધરેલી. આખા ગામમાં એની ભક્તિની વાહવાહ થઇ. પણ અમે તો કીડીઓની પેઠે સાકરના ગાંગડાઓની આસપાસ જ પ્રદક્ષિણા ફરતા અને મહારાજ તો એવા કે ચરણે જે ચડયું તે બંને હાથે ટોળામાં વહેંચી દે. અમારો રસ એવો કે ફરીફરીને દર્શન કરીએ, પગમાં પડીએ અને સાકરનો પ્રસાદ પામીએ.

પણ મને બરાબર યાદ છે કે હું તે વખતે એ સંતના ચહેરા સામે કળી ન શકાય એવા આકર્ષણથી ટગટગ જોયા કરતો. ઉંમર નાની, સમજણ પણ નહિ અને છતાં એ ચહેરાનું આકર્ષણ અદ્‌ભુત!

એમણે પહેરેલી કફની. માથે ઊંચો અને ભગવો ટોપ. એમનો ચહેરો શ્યામળ. મોહું બહુ જ લાંબું તથા વિશાળ. કાન ઘણા જ મોટા. ભવાં ભરેલાં. આંખો હાથીની આંખની જેમ ઢળેલી જ દેખાય. સ્ત્રી કે પુરુષ, ઊંચ કે નીચ ગમે તે આવે, એમની દૃષ્ટિ એકસરખી સ્થિર. હું આ બધું જોઇ ખૂબ નવાઇ પામતો, પણ વધારે કાંઈ સમજી ન શકતો.

ગામમાં પધરામણી થવાની હતી. મહારાજ ઊઠયા અને ભગતમંડળી આગળપાછળ ચાલી. આ મંડળી સીધી ઢેડ ચમાર અને ભંગીના વાસ ભણી ચાલી. સવર્ણ લેખાતા અને ઊંચ મનાતા બ્રાહ્મણ, વાણિયા, રજપૂત આદિ બધા જ અવાક્ થઈ જોતા હતા. બહુ જ ઓછા લોકો એમની સાથે ચાલેલા યાદ છે. કોઈ ન સાંભળે એમ લોકો કાનોકાન ગણગણાતા કે મહારાજ પહેલાં જ ઢેડવાડામાં કેમ ચાલ્યા? મને પણ જન્મસંસ્કારથી તે વખતે એમ લાગેલું કે બધા એમના હાથની સાકર લે છે, સાકર ધરે છે, પગમાં પડે છે. આવા મોટા પુરુષ પહેલાં ઢેડવાડામાં કેમ જતા હશે? આ પ્રશ્ન કોઇને પૂછી શકું એવી તો શક્તિ કે ઉમર ન હતી. અને પ્રશ્ન તો મનમાં ઘોળાતો જ રહ્યો. પણ બીજા કુમાર-કિશોરોની પેઠે મનેય એ પ્રશ્નની ખાસ નહોતી પડી, જેટલી શું બને છે એ જોવાની અને વહેંચાય ત્યાંથી પ્રસાદ લેવાની પડી હતી.

છ ફુટથી ઊંચા હશે એવા ભરાવદાર એ સંતની પાછળપાછળ અમારી ઘેર ચાલી. ઢેડ અને ચમારવાડામાંથી મહારાજશ્રી અને ભક્તમંડળી ગામમાં આગળ વધી. જોઉં છું તો મહારાજશ્રીએ કે સાથેના દસ-વીસ ભક્તોમાંથી કોઇએ ન લીધી છાંટ કે ન કર્યું સ્નાન. એ બધા જ જીજીભાઇના દરબારમાં પ્રવેશ્યા અને ત્યાં વાજતેગાજતે પધરામણી થઈ. પ્રસાદ તો વહેંચાય જ.

મને એમ થતું કે બીજા સિવાય વાણિયા, ગરાસિયા બધાય ઢેડવાડામાં જઇ આવે ત્યારે છાંટ લે છે, અને બ્રાહ્મણોને ત્યાં જવું પડે તો ત્યાંથી આવીને નહાય છે એટલું જ નહિ, ઢેડ ચમાર કે ભંગીનો પૈસો રૂપિયો પણ છાંટ વિના નથી લેતા. અને અહીં તો એવું કાંઇ દેખાતું નથી. આ છે શું? કાંઈ સમજાય નહિ. પુછાય નહિ.

મહારાજશ્રી દરબારવાસમાંથી નીકળ્યા અને બીજા ઘરોમાં પણ પધરામણી શરૂ થઈ. વાણિયા, કણબી, નાડોદા એમ અનેક ભાવિકોને ત્યાં પધરામણી થઇ. ઘણું કરીને અમારે આંગણે પણ પધારેલા. સાકર વહેંચાય, બ્રાહ્મણો સુદ્ધાં લે, પણ કોઈ બીજું કાંઇ બોલે નહિ. આ બધું જોયેલું. એની મન ઉપર બહુ જ ઊંડી છાપ પડેલી, પણ એનું રહસ્ય તે વખતે જાણેલું નહિ. બીજાની પેઠે હું પણ એ જ માન્યતાથી ટેવાયેલો કે ઢેડ ચમાર ભંગી એ તો અસ્પૃશ્ય. એમની સાથે છૂટથી ભળીહળી ન શકાય. એ જ આપણો ધર્મ છે, અને એમને અડી ગયા કે એ આપણને અડી જાય તો છેવટે છાંટ તો લેવી જ જોઇએ. ન લઇએ તો બીજા જેવા ગણાઇએ અને પાપ લાગે. આવી વારસાગત સમજણની મનમાં ગાંઠ હતી, એટલે એ સંતના વર્તનનું રહસ્ય સમજી જ કેમ શકાય? અને સમજવે પણ કોણ? એ સમયના સવર્ણસમાજે આભડછેટને જ પરમ ધર્મ માનેલો.

મને અને મારા જેવા બીજાને પણ એમ તો થતું કે મહારાજ એ તો રહ્યા બાવા. બાવા બધું બોળે, પણ જીજીભાઈ અને બીજા ભગતો કેમ સમજતા નહિ હોય? વળી મનમાં એમ થયાનું યાદ છે કે જીજીભાઇ જેવા ભગતો ભલે ભરમાયા, પણ વાણિયા નાડોદા વગેરે બધાયે છાંટ લીધા કે દીધા સિવાય પધરામણી કેમ કરાવી હશે? આ અણઉકેલ્યો કોયડો તીવ્ર સંસ્કારરૂપે મનમાં પડયો જ હતો.

જૈન આગમો અને ગીતા ભાગવત જેવા વૈદિક શાસ્ત્રોના પારાયણથી પણ એ કોયડાનો પૂરો ઉકેલ થયો હતો એમ કહી નથી શકતો. પણ ગાંધીજીની જીવનચર્યાએ એના પૂરા ઉકેલમાં સારી મદદ કરી. ગાંધીજીએ હરિજનકન્યા લક્ષ્મીને ઘેર રાખી સવર્ણાભિમાની સોનો પહેલાં બોફ વહોર્યો અને પછી અસ્પૃશ્યતાના કલંકને સમૂળું ધોઇ નાંખવાનો ધતિહાસે કદી નહિ જોયેલો એવો અહિંસક પ્રયોગ શરૂ કર્યો. ગાંધીજીની આ હિલચાલે સંત હનુમાનદાસજીના પ્રત્યક્ષ આચરણે ઊભા કરેલ અને લાંબા વખતથી મનમાં પડેલ એ કોયડાનો ઉકેલ કરી નાંખ્યો.

તરત જ સમજાઇ ગયું કે હનુમાનદાસજી જેવા સંતો ભલે ભણ્યાગણ્યા ન હોય, દેશ-પરદેશમાં ભમ્યા ન હોય, સમાજકારણ અને રાજકારણનો કક્કોય ન શીખ્યા હોય, છતાં એમના નિર્મળ ચિત્તમાં માનવતાની સ્વચ્છ દૃષ્ટિ ઊગેલી હોય છે. એ જ એમને માનવમાત્ર પ્રત્યે સમાનભાવે વર્તવા પ્રેરે છે. આવું વર્તન કરતાં, નથી તેઓ લોકનિન્દાની કે લાભાલાભની ગણતરી કરતા કે નથી વાહવાહથી અંજાતા.

હનુમાનદાસજી જેવા સંતોએ જ હજારો વર્ષથી રૂઢ થયેલ અસ્પૃશ્યતાના કલંક વિરુદ્ધ મૂંગે મોઢે અંગત આચરણથી જે અગ્નિ સળગતો રાખેલો તેને જ ગાંધીજીએ ગગનચુંબી જ્વાળામાં ફેરવી નાંખ્યો. આથી હું જ્યારે જ્યારે અસ્પૃશ્યતાના ચિરરૂઢ કલંક વિષે અને તેને નિવારવાને થયેલા અને થતા પ્રયત્નો વિષે વિચાર કરું છું ત્યારે એ હનુમાનદાસજીની અખંડધજ પ્રભાવશાળી છબી મારા અન્તર્નેત્ર સામે તરી આવે છે.

સમયની મર્યાદામાં રહી હવે બીજા એક પ્રસંગની વાત કહું. મારે મન એ પણ બિલકુલ અવિસ્મરણીય છે. મારી વિદ્યા-ઉપાસનાનો

એક તબક્કો ગૂજરાત વિદ્યાપીઠમાં વીત્યો. એ નવ વર્ષ બધી રીતે પૂરી જુવાનીના હતા. ગાંધીજીની સ્વરાજ્યની હાકલ સાંભળીને ત્યાં એક સારોસરખો જમાવ થયેલો. એમાં અસાધારણ કોટિના કહી શકાય એવા અનેક પ્રાધ્યાપકો શ્રી નરહરિભાઇ, કાકા કાલેલકર, મુનિ જિનવિજયજી, કૌશાંબીજી, રામનારાયણ પાઠક, રસિકલાલ પરીખ, આઠવલે, ગિડવાની, કૃપાલાની, એચરદાસ અને એવા બીજા પણ હતા. વિદ્યાર્થીવર્ગ પણ દીપ્તિવંતો. એમાં ચન્દ્રશંકર શુકલ, ગોપાળદાસ પટેલ, કવિ સુન્દરમ્, નગીનદાસ પારેખ, સ્નેહરશ્મિ, ઈન્દુમતી શેઠ વગેરેનો મોટો સમુદાય. ગ્રંથો અને પુસ્તકોની રોજ વધતી જતી અમૂલ્ય સામગ્રી આ બધાંને ક્ષણે ક્ષણે પ્રેરણા આપતું અને જાગૃત રાખતું ગાંધીજીનું વ્યક્તિત્વ.

મેં આ સંજોગોમાં મારી સંપાદન, સંશોધન અને લેખનની પ્રવૃત્તિ ઉત્સાહથી ચલાવેલી, મને યાદ છે કે એ નવ વર્ષોમાં મેં કદી રજા પાળી ન હતી. રજાઓ હોય તોય હું મારા કામમાં લીન. કામનો રસ, વાંચવા અને વિચારવાનો ઉત્સાહ એવો કે બીજી બાબતોનું ભાન ભાગ્યે જ રહે. એ એકાગ્રતા. પ્રારંભેલ કામ સારામાં સારું કરવાની અને તેને પૂરેપૂરું પતાવવાની એ તાલાવેલી કોણ જાણે કયા બળથી આવી હશે, પણ તેની છાપ કદી ભૂંસાતી નથી.

એ તાલાવેલી, એ વિદ્યાવ્યાસંગ અને એ અધ્યાપકવર્ગ, વિદ્યાર્થીસમૂહ અને ગ્રન્થસામગ્રીની હૂંફમાં જ મેં તે નવ વર્ષોમાં કાંઇક નક્કર એવું થોડુ કામ કર્યું. સન્મતિતર્કના પાંચ ભાગના ગ્રંથોની સંખ્યાબંધ કાગળ અને તાડપત્રની પ્રતિઓને આધારે સંશોધન-સંપાદન, છઠ્ઠા ભાગમાં તેનો ગુજરાતી સાર, તત્ત્વાર્થશાસ્ત્ર અને તેની બધી ટીકાઓના દોહનરૂપે ગુજરાતી વિવેચન, જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્યનું ચિન્તન, પુરાતત્ત્વ ત્રૈમાસિકમાં અનેક લેખો અને લેખમાળાઓ ઇત્યાદિ સાહિત્યિક પ્રવૃત્તિ એ નવ વર્ષના તબક્કામાં થઈ તે બીજે કયાંય એટલા ઊંડાણથી થઈ શકી હોત એ વિશે મને સંદેહ છે.

પણ એ નવ વર્ષના તબક્કામાં માત્ર સાહિત્યિક પ્રવૃત્તિ જ પોષાઈ હોત તો મારે મન એનું મહત્ત્વ બહુ ન રહેત. જ્યારે એ પ્રવૃત્તિ ઉપરાંત મને સાંસ્કૃતિક, ધાર્મિક અને તાત્ત્વિક પ્રશ્નો પરત્વે વધારે વિચારવા, લખવા અને પ્રત્યક્ષ કામ કરવાની પ્રેરણા મળી અને અનુકૂળતા પણ લાધી ત્યારે જ મારું ચિત્ત વિશેષ ઠર્યું અને શાંતા અનુભવવા લાગ્યું.

એ જ તબક્કામાં અસામ્પ્રદાયિકભાવે પર્યુષણ વ્યાખ્યાનમાળા ચલાવવાની અને તે અંગે વિચારવાની તેમજ યોજના કરવાની સૂઝ પ્રગટી. એ જ વર્ષોમાં ગાંધીજી, કિશોરલાલ અને નાથજી જેવા સાથે અનેક પ્રશ્નો પરત્વે ચર્ચા થઈ અને વિચારણામાં કાંઇક વિશદતા આવી. એ જ સમયમાં કૌશાંબીજી પાસે બૌદ્ધ પિટકોનું અધ્યયન થયું અને એ જ અરસામાં પહેલાં નહિ વાંચેલ–વિચારેલ એવા બૌદ્ધ આદિ જુદી જુદી પરંપરાના ગ્રન્થોના પારાયણની પણ તક લાધી. આ દૃષ્ટિથી જ્યારે વિચાર કરું છું ત્યારે ૧૯૩૧ પછીની મારી જીવનપ્રવૃત્તિઓના ઘણા અંશો ઉપર એ નવ વર્ષની સાધનાના સંસ્કારો ઊતરેલા મને ભાસે છે. તેથી જ હું એ નવ વર્ષના તબક્કાને અવિસ્મરણીય લેખું છું.

ઑલ ઇન્ડીઆ રેડીઓની અનુમતિપૂર્વક પં. સુખલાલજી

પ્રાકૃત અને જૈનધર્મ

(અધ્યાપક શ્રી દલસુખભાઇ માલવણિયાના આ વ્યાખ્યાનનો આ છેલ્લો હપ્તો છે. તેના બે હપ્તા અનુક્રમે તા. ૧૫–૧–૫૮ તથા તા. ૧–૨–૫૮ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યા છે.)

અપભ્રંશ ભાષાનું સાહિત્ય ક્રમશઃ પ્રકાશિત થઇ રહ્યું છે પરંતુ હજી તો ઘણા ગ્રંથ અપ્રગટ જ છે. ડૉ. હરિવંશ કોછડે "અપભ્રંશ સાહિત્ય" નામનું પુસ્તક લખીને અપભ્રંશનો અભ્યાસ કરનારાઓ માટે એક સુંદર પરિચય ગ્રન્થ રજૂ કર્યો છે. એ ગ્રંથમાં ડૉ. કોછડે અપભ્રંશ ભાષાના વિકાસ સહિત તેનો પરિચય કરાવ્યો છે તેમજ હિન્દી ભાષા સાથેનો અપભ્રંશનો સંબંધ પણ સ્પષ્ટ કર્યો છે; તદુપરાંત અપભ્રંશના વિવિધ સાહિત્યનો પરિચય કરાવ્યો છે.

પાછલાં બે વરસમાં અનેક વિદ્વાનોના સહકારથી અભિનન્દન તેમજ સ્મૃતિ ગ્રન્થોના રૂપમાં જે લેખ–સંગ્રહ પ્રકાશિત થયા છે તે જોતાં એક વાત અવશ્ય ધ્યાનમાં આવે છે કે વિદ્વાનોનું લક્ષ જૈન દર્શન, સમાજ, ધર્મ ઇત્યાદિ પ્રત્યે આકર્ષાયું છે; આમ છતાં અદ્યાપિ પ્રાકૃત ભાષાના વિશેષ અધ્યયનનું ક્ષેત્ર ઉપેક્ષિત જ રહ્યું છે. જૈન કળાની દૃષ્ટિએ "આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિ સ્મારક ગ્રન્થ" સુરુચિપૂર્ણ સામગ્રીથી સંપન્ન છે. જૈન કળાના વિવિધ ક્ષેત્રોને સ્પર્શતા અનેક ચિત્રો તથા લેખોને લીધે એ અભિનંદન ગ્રંથ કળાના અભ્યેતાઓ માટે સંગ્રહણીય બની ગયો છે. તદુપરાંત એ ગ્રંથમાં જૈન દર્શન, ધર્મ, સમાજ ઇત્યાદિ વિષયના સુંદર લેખોનો સંગ્રહ થયો છે. એ ગ્રંથની બીજી વિશિષ્ટતા એ છે કે હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી એ ત્રણે ભાષાઓમાં લખાયેલ લેખોનો સંગ્રહ તેમાં છે.

ઈસ્વીની ૧૭ મી સદીમાં થઈ ગયેલા જૈન દર્શનના પ્રસિદ્ધ વિદ્વાન ઉપાધ્યાય યશોવિજયજીની સ્મૃતિ રૂપે પ્રગટ થયેલ "યશોવિજય સ્મૃતિ ગ્રન્થ" ઉપાધ્યાયજીના વિવિધ વિષયક પાંડિત્ય અને આધ્યાત્મિક જીવનને સ્પુટ કરવામાં સફળ થયો છે તેમજ તે ઉપાધ્યાયજીની જૈન સાહિત્ય પ્રત્યેની ભેટનું સુંદર ચિત્ર ઉપસ્થિત કરે છે.

જેમણે 'અભિધાનરાજેન્દ્ર' નામક મહાકોષનું નિર્માણ કર્યું હતું તે આચાર્ય રાજેન્દ્ર સૂરિના નિધનની પચાસમી તિથિના સ્મારકમાં 'શ્રીમદ્ વિજય રાજેન્દ્ર સૂરિ સ્મારક ગ્રન્થ'નું પ્રકાશન થયું છે. એ વિશાળકાય ગ્રન્થમાં હિન્દી, અંગ્રેજી તેમજ ગુજરાતીમાં આચાર્ય રાજેન્દ્ર સૂરિના જીવન ઉપરાંત દર્શન અને સંસ્કૃતિ; જિન, જિનાગમ અને જૈનાચાર્ય; જૈન ધર્મની પ્રાચીનતા અને પ્રસાર; લલિતકળા અને તીર્થંકર; હિન્દી જૈન સાહિત્ય ઇત્યાદિ વિષયોની વિવિધ સામગ્રીનું સંકલન થયું છે.

નવા લેખકોના ગુરુ સમા ત્રણ વિદ્યમાન વિદ્વાનોની પચાસથી પણ અધિક વરસો પર્યંતની લેખન સામગ્રીના સંગ્રહ પ્રગટ થયા છે– એ હકીકત આ ઉપેક્ષિત ક્ષેત્રની આનંદદાયક ઘટના છે. પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી સુખલાલજીના હિન્દી–ગુજરાતી લેખોનો સંગ્રહ 'દર્શન ઔર ચિન્તન' નામે અઢી હજારથી અધિક પૃષ્ઠો ધરાવતા ત્રણ ભાગ (એક હિન્દી અને બે ગુજરાતી) માં પ્રગટ થઈ ગયો છે. તેમાં ધર્મ અને સમાજ, દાર્શનિક મીમાંસા, જૈન ધર્મ અને દર્શન, પરિશીલન, અર્ઘ્ય, પ્રવાસકથા, આત્મનિવેદન–ઇત્યાદિ વિભાગોમાં પંડિતજીના લેખો આપવામાં આવ્યા છે. વાચકને જ્યારે પ્રજ્ઞાચક્ષુ પંડિતજીની સાહિત્ય–સાધનાનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તે અવાક્ થઈ જાય છે એટલું જ નહિ પણ જીવનમાં એક નવી પ્રેરણા પામીને ઉન્નતિ તરફ તે આગળ વધે છે– એવી સંજીવની–શક્તિ ઉક્ત લેખોમાં છે. તેમાં એવી કોઇ ચર્ચા નથી કે જે સત્ય અને સમુન્નત જીવનને સ્પર્શતી ન હોય. પુરાણી ચર્ચા પણ આજે નવી લાગે છે કારણ કે પંડિતજી કોઇપણ વિષયનું નિરૂપણ ઉપલબ્ધ સંપૂર્ણ સામગ્રીના આધારે કરે છે અને તે પણ પૂર્વગ્રહ વિના. એ દૃષ્ટિએ તેમના લેખોનું મૂલ્ય કાળગ્રસ્ત નથી.

વિષય સૂચિ

		પૃષ્ઠ
આમુલ ક્રાંતિ માટે વિજ્ઞાનનો તકાદો	વિનોબા	૨૧૧
ઇન્ડીઅન મરચન્ટસ ચેમ્બરની સુવર્ણજયન્તી	ક્રાન્તિલાલ બરોડિયા	૨૧૩
'રસગન્ધા'	ગીતા પરીખ	૨૧૫
મારાં જીવનના છુટાંછવાયા સ્મરણો	પં. સુખલાલજી	૨૧૭
પ્રાકૃત અને જૈનધર્મ	દલસુખ માલવણિયા	૨૧૮

શ્રી. જુગલકિશોર મુખ્તારની ઐતિહાસિક ચર્ચાઓ સુવિદિત છે. તેમના દીર્ઘકાલીન ઐતિહાસિક અન્વેષણ કાર્યને એકત્રિત કરીને "जैन साहित्य और इतिहास पर विशद प्रकाश" નામે ગ્રન્થમાં પ્રકાશિત કરવામાં આવી છે. એ ગ્રંથમાં શ્રી. મુખ્તારજીની લગન અને અધ્યયનની પ્રતીતિ તો થાય છે જ, એટલું જ નહિ પરંતુ જૈન સાહિત્ય અને ઇતિહાસની અનેક ગૂંચોનો ઉકેલ શ્રમસાધ્ય હોવા છતાં પણ આ વયોવૃદ્ધ સંશોધકનું ધૈર્ય કદી પણ ખૂટ્યું નહિ એ આપણે તેમના લેખોદ્વારા જ્યારે જાણીએ છીએ ત્યારે જીવનમાં ઉત્સાહ પ્રાપ્ત કરીને જ એ પુસ્તકથી અલગ થઈ શકીએ છીએ. અન્વેષકો માટે તો એ ગ્રન્થ અનિવાર્ય સમ છે.

શ્રી નાથુરામજી પ્રેમીજીના વિવિધ વિષયક લેખોનો સંગ્રહ "जैन साहित्य और इतिहास" પહેલાં પ્રગટ થયો હતો પરંતુ તેની સંશોધિત અને પરિવર્ધિત આવૃત્તિ હાલમાં પ્રગટી છે. એ સંગ્રહનું પુનઃ પ્રકાશન થયું–તે વિદ્વાનોની તદ્વિષયક જિજ્ઞાસા અને તે લેખોનું માહાત્મ્ય સૂચિત કરે જ છે. સાથે સાથે વયોવૃદ્ધ શ્રી પ્રેમીજી પોતાના વિષયમાં કેટલા અદ્યતન રહે છે તે પણ તેમના વિવિધ વિષયક લેખો દ્વારા કરવામાં આવેલા સંશોધન–પરિવર્ધન દ્વારા જ્ઞાત થાય છે.

જૈન અને પ્રાકૃત ભાષાના વિવિધ ક્ષેત્રોમાં લેખનકાર્ય કરનારાઓ પૈકી ડૉ. એ. એન. ઉપાધ્યે સુપરિચય છે. તેમણે સંપાદન કરેલાં પુસ્તકો અને વિવિધ વિષયક લેખોની એક સૂચી Books and Papers તાજેતરમાં પ્રકાશન પામી છે. એ સૂચી દ્વારા તેમનુ વિવિધ ક્ષેત્રવ્યાપી પાંડિત્ય દૃષ્ટિગોચર થાય તો છે જ; એટલું જ નહિ પરંતુ તેની સાથે સાથે જૈન વિદ્યાની આધુનીક ઉન્નતિના લેખો અને તેમાં ડૉ. ઉપાધ્યેની જે વિશિષ્ટ દેણગી છે તે પણ સારી રીતે જાણવા મળે છે અને તેમના પ્રત્યે આદર દ્વિગુણીત થઈ જાય છે.

ડૉ. પિશલ કૃત "प्राकृत व्याकरण" હવે અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ થયું છે. ડૉ. સુભદ્ર ઝા જેવા સુયોગ્ય ભાષાતત્ત્વવિદે તેનો જર્મન ભાષામાંથી અંગ્રેજીમાં અનુવાદ કરીને પ્રાકૃત ભાષારસિકોનો માર્ગ અત્યંત સરળ કર્યો છે. તે ગ્રંથ જ્યારે લખવામાં આવ્યો હતો ત્યારે પ્રાકૃત ભાષાના અધ્યયન માટે જેટલો તે મહત્ત્વપૂર્ણ હતો તેટલો જ તે આજે પણ છે એમાં સંદેહ નથી. એ પણ આનંદની વાત છે કે તરતમાં જ આ વ્યાકરણનો હિંદી ભાષામાં અનુવાદ પ્રગટ થશે. હિન્દીમાં અનુવાદ ડૉ. હેમચન્દ્ર જોશીએ કર્યો છે.

ડૉ. સુનીતિકુમાર ચેટર્જી અને સુકુમાર સેન દ્વારા સંપાદિત A Middle Indo–Aryan Reader નું નવીન સંશોધિત અને પરિવર્ધિત સંસ્કરણ ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ટિપ્પણી સહિત બે ભાગમાં પ્રકાશન થયું છે અને તેમાં પાલિ–પ્રાકૃતના કાળક્રમથી ઉપલબ્ધ વિવિધ નમૂના–ઈસ્વીસન પૂર્વે ત્રીજી શતાબ્દીથી લઈને ઇ. સ. ૧૫મી શતાબ્દી પર્યંતના–આપવામાં આવ્યા છે.

કુષાણકાલીન પ્રાકૃત ગ્રન્થ 'अंगविज्जा' નું સંપાદન શ્રી. મુનિ પુણ્યવિજયજીએ અનેક પ્રતોના આધારે કર્યું છે અને તેનું પ્રકાશન પ્રાકૃત ટેકસ્ટ સોસાયટી–બનારસ દ્વારા થયું છે. પ્રાકૃત ભાષાના અધ્યયન ઉપરાંત કુષાણકાલીન ભારતીય સાંસ્કૃતિક અધ્યયનને માટે પણ 'अंगविज्जा' ગ્રન્થ મહત્ત્વપૂર્ણ છે. તેની સાંસ્કૃતિક સામગ્રીનો પરિચય ડૉ. મોતીચન્દ્રે અંગ્રેજીમાં અને ડૉ. અગ્રવાલે હિન્દીમાં કરાવ્યો છે. કિંતુ અંગવિજ્જાનો મૂળ વિષય જ્યોતિષ સાથે સંબંધ ધરાવે છે. તેમાં શરીરના વિવિધ અવયવો અને અન્ય વસ્તુઓના આધારે ભવિષ્યકથનની પ્રક્રિયાનું વર્ણન વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે. તે ગ્રન્થના એ મૂળ પ્રતિપાદ્ય વિષયનું સામુદ્રિક શાસ્ત્રના અન્ય ગ્રન્થોની સાથે તુલનાત્મક અધ્યયન આવશ્યક છે. તજજ્ઞ વિદ્વાનો એ ગ્રન્થની સામગ્રીનું એ દૃષ્ટિએ અધ્યયન કરે તો તેમને ઘણી નવી સામગ્રી પ્રાપ્ત થશે એવી મારી શ્રદ્ધા છે.

"षट्खंडागम्" ના ધવલા ટીકા સહીતના છેલ્લા ત્રણ ભાગ –૧૪, ૧૫ અને ૧૬ પ્રગટ થઈ ગયા છે; અને હવે એ મહા ગ્રન્થ વિદ્વાનોને પૂર્ણપણે ઉપલબ્ધ છે. ડૉ. હીરાલાલજીને તે માટે અભિનંદન!

ભારતીય જ્ઞાનપીઠના મહત્ત્વપૂર્ણ પ્રકાશનો પૈકી પંડિત શ્રી. મહેન્દ્રકુમારજી દ્વારા સંપાદિત અકલંક–કૃત 'तत्त्वार्थवार्तिक' નો બીજો ભાગ પ્રગટ થઇ જતાં એ દાર્શનિક ગ્રન્થનું સુસંપાદિત સંસ્કરણ હવે વિદ્વાનોને ઉપલબ્ધ થયું છે. મહાબન્ધના ચોથા અને પાંચમા વિભાગોનું સંપાદન પં. શ્રી ફૂલચન્દ્રજીએ કર્યું છે. 'ज्ञानपीठ पूजाञ्जलि' નું સંપાદન ડૉ. ઉપાધ્યે અને પં. ફૂલચંદ્રજીએ કર્યું છે. જિજ્ઞાસુઓને તેમાં દિગંબર સમાજમાં પ્રચલિત નિત્ય–નૈમિત્તિક કૃત્યોમાં ઉપયોગી સંસ્કૃત–પાકૃત–હિન્દી પાઠોનું શુદ્ધ રૂપ પ્રાપ્ત થયું છે. એટલું જ નહિ પરંતુ સંસ્કૃત–પાકૃતના હિન્દી અનુવાદ થવાથી મુમુક્ષુઓ માટે એ ગ્રન્થ અત્યન્ત ઉપયોગી નીવડશે. પં. શંભુનાથ ત્રિપાઠી અને પં. મહાદેવ ચતુર્વેદીએ સંપાદન કરેલ પૂજ્યપાદ કૃત "जैनेन्द्र व्याकरण" તેમજ આચાર્ય અભયનન્દિ કૃત "महावृत्ति" પ્રથમ વાર જ વિદ્વાનોને ઉપલબ્ધ થયાં છે. એ વ્યાકરણશાસ્ત્ર તુલનાત્મક અધ્યેતાઓ માટે ગ્રન્થરત્ન સિદ્ધ થશે. ડૉ. વાસુદેવ શરણે તેની ભૂમિકા લખી છે તેમ જ તેમણે ઘણાં નવાં ઐતિહાસિક તથ્યો પ્રત્યે વિદ્વાનોનું ધ્યાન આકર્ષ્યું છે. પં. નેમિચંદ્રે 'व्रततिथि निर्णय' નામક ગ્રન્થનું સંપાદન કુશળતાપૂર્વક કર્યું છે અને તેમણે વિવિધ વ્રતો તેમજ ઉદ્યાપનોનો વિસ્તૃત રીતે પરિચય કરાવ્યો છે. 'हिन्दी जैन साहित्य परिशीलन' માં પં. નેમિચંદ્રે બે ભાગમાં અપભ્રંશ ભાષાના તેમજ હિન્દી ભાષાના જૈન લેખકોની વિવિધ કૃતિઓનો પરિચય આપ્યો છે. 'मंगलमंत्र णमोकार–एक अनुचिंतन' માં પં. નેમિચંદ્રે એ મહામંત્રનું માહાત્મ્ય સમજાવ્યું છે અને તેની સાથે યોગ, આગમ, ગણિતશાસ્ત્ર, કર્મશાસ્ત્ર, કથાસાહિત્ય ઇત્યાદિમાં આ મંત્રની જે સામગ્રી મળે છે તથા તે શાસ્ત્રો સાથે એનો જે સંબંધ છે તેનું વિસ્તારપૂર્વક નિરૂપણ કર્યું છે. એ સઘળા ગ્રન્થોના પ્રકાશન માટે ભારતીય જ્ઞાનપીઠના સંચાલકોને વિશેષતઃ ધન્યવાદ!

જીવરાજ જૈન ગ્રન્થમાળામાં પૂર્વોક્ત Jainism in South India સિવાય નિમ્નલિખિત સંસ્કૃત–પાકૃત ગ્રન્થો પણ સુસંપાદિત થઈને પ્રગટ થયા છે:–૧. નરેન્દ્રસેન કૃત 'सिद्धान्तसार संग्रह' નું સંપાદન પં. જિનદાસે કર્યું છે તેમજ તેનો હિન્દી અનુવાદ પણ કર્યો છે. તેમાં જૈન સંમત સાત તત્ત્વોનું વિવેચન છે. ૨. પદ્મનંદિ કૃત 'जंबुदीवपन्नति संग्रह' નું સંપાદન ડૉ. ઉપાધ્યે તથા ડૉ. હીરાલાલ જૈને કર્યું છે તથા તેનો હિન્દી અનુવાદ પં. બાલચંદ્રે કર્યો છે. તેની પ્રસ્તાવનામાં જૈન ભૂગોળના અનેક ગ્રન્થોનો તથા પ્રસ્તુત ગ્રન્થના વિષયનો પરિચય આપવામાં આવ્યો છે.

'द्वादशारनय चक्र' નો ત્રીજો વિભાગ પ્રગટ થઈ ગયો છે. આચાર્ય હરિભદ્રનો યોગવિષય પ્રાકૃત ગ્રન્થ 'योगशतक' અદ્યાપિ અપ્રગટ હતો. ડૉ. ઈંદુકળા ઝવેરીએ ખૂબ શ્રમપૂર્વક તેનું સંપાદન તથા ગુજરાતી વિવેચન કરીને પ્રકાશન કર્યું છે. તેની ભૂમિકામાં વૈદિક, બૌદ્ધ તેમજ જૈન યોગમાર્ગનું તુલનાત્મક અધ્યયન અને આચાર્ય હરિભદ્રનો જીવનવૃત્તાંત વિસ્તારપૂર્વક આપવામાં આવ્યાં છે.

ડૉ. ઉપાધ્યેએ 'आनन्दसुन्दरीसट्टक' નું સંપાદન કર્યું છે. આ ગ્રન્થ પહેલીજ વાર પ્રગટ થયો છે. તેના લેખક છે ઘનશ્યામ અને સંસ્કૃત ટીકાકાર છે ભટ્ટનાથ. ડૉ. ઉપાધ્યેએ પ્રસ્તાવના સિવાય ભાષાશાસ્ત્રની દૃષ્ટિથી ટિપ્પણી પણ આપી છે.

આચાર્ય હેમચન્દ્રના પ્રસિદ્ધ ગ્રન્થ 'त्रिषष्टिशलाकापुरुषचरित' ના બે પર્વોનો હિન્દી અનુવાદ શ્રી. કૃષ્ણલાલ વર્માએ કર્યો છે અને હિન્દી જગતને આ જૈન પૌરાણિક ગ્રન્થનો રસાસ્વાદ કરાવ્યો છે. હું આશા રાખું છું કે ગોડીજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ એ મહત્ત્વપૂર્ણ ગ્રન્થનો સંપૂર્ણ હિન્દી અનુવાદ જલ્દી પ્રગટ કરશે.

અત્યારની 'गाथासप्तशती' નો મરાઠી અનુવાદ વિસ્તૃત ભૂમિકા સહિત શ્રી. જોગળેકરે કર્યો છે. તેની ભૂમિકામાં ભાષાની વિવેચના ઉપરાંત તે સમયનું સામાજિક અને રાજનૈતિક ચિત્ર પણ સપ્તશતીના આધારે રજુ કરવામાં આવ્યું છે. તે માટે આપણે શ્રી. જોગળેકરના ઋણી છીએ.

'જૈન શિલાલેખ સંગ્રહ' નો ત્રીજો ભાગ ડૉ. ગુલાબચન્દ્ર ચૌધરીની વિસ્તૃત ભૂમિકા સહિત પ્રગટ થયો છે. ડૉ. ચૌધરીએ શિલાલેખોમાં ઉલ્લિખિત તથ્યોના આધારે જૈન સંઘના વિવિધ ગચ્છોની પરંપરાનો પરિચય આપ્યો છે. એટલું જ નહિ પરંતુ એક તટસ્થ ઇતિહાસના વિદ્વાન તરીકે જૈન ધર્મનો પ્રચાર ક્યાં અને ક્યારે થયો તેનું પણ શિલાલેખોમાંથી પ્રાપ્ત થતી સામગ્રીને આધારે વિવેચન કર્યું છે.

'બિકાનેર જૈન લેખ સંગ્રહ' નામે શ્રી અગરચન્દ્ર અને ભંવરમલજી નાહટાએ બિકાનેરના મંદિર, પ્રતિમા, ધર્મશાળા ઇત્યાદિમાં પ્રાપ્ત થતા લેખોને એકત્ર કરીને પ્રગટ કર્યો છે. તેથી અનેક જૈન ગચ્છો તથા કુળોનો પરિચય મળે છે.

જયપુરની મહાવીર ગ્રન્થમાળા તરફથી શ્રી કાશલીવાલદ્વારા સંપાદિત 'પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ' નો ત્રીજો ભાગ પ્રગટ થયો છે તેમાંથી કેટલાયે અજ્ઞાત અને અપ્રગટ જૈન ગ્રન્થોની જાણ મળે છે.

પ્રો. એન. બી. વૈદ્યે 'નલકહા' અને 'બંમદતી' ની બીજી આવૃત્તિ સંપાદિત અને પ્રગટ કરીને અધ્યેતાઓની કઠણાઇઓ દૂર કરી છે.

કવિ શ્રી અમર મુનિએ 'સામાયિક સૂત્ર' નું વિવેચન ઉદાર દૃષ્ટિથી કર્યું છે. તેનું દ્વિતીય સંસ્કરણ પ્રગટ થયું છે તેથી આ ગ્રન્થની ઉપયોગીતા સિદ્ધ થાય છે. બીજો એક ગ્રન્થ 'પ્રકાશ કી ઓર' પ્રકાશમાં આવ્યો છે અને તેમાં શ્રી અમર મુનિના આધ્યાત્મિક પ્રવચનોનો સંગ્રહ શ્રી સુરેશ મુનિએ કર્યો છે. આ પ્રવચનો જીવનનાં પ્રત્યેક ક્ષેત્રને સ્પર્શે છે અને સમુચ્ચમાનવને ઉન્નત બનવાની પ્રેરણા આપે છે.

વર્ણી ગ્રન્થમાળાનો 'વર્ણીવાણી' નો ચોથો ભાગ પ્રગટ થયો છે અને તેના બીજા ભાગનું પુનઃસંસ્કરણ થયું છે તે આ ગ્રન્થની ઉપયોગીતા બતાવે છે.

'રત્નકરંડ શ્રાવકાચાર' નું હિન્દી ભાષ્ય પહેલાં પ્રગટ થયું હતું. હવે તેનો મરાઠી અનુવાદ પણ જીવરાજ દોશી દ્વારા પ્રગટ થયો છે.

પં. આશાધરના 'અધ્યાત્મ રહસ્ય' નામક અત્યાર સુધી અપ્રાપ્ય રહેલા ગ્રન્થની ખોજ કરીને શ્રી જુગલકિશોર મુખ્તારે હિન્દી વિવેચન સહિત સંપાદન કરીને એક બહુમૂલ્ય કૃતિનો ઉદ્ધાર કર્યો છે. જૈનયોગના જિજ્ઞાસુઓ માટે એ પુસ્તક અત્યન્ત ઉપયોગી નીવડશે.

શ્રી પૂરણચંદ સામસૂખા કૃત 'Lord Mahavira' ની બીજી આવૃત્તિનું પ્રકાશન તેરાપંથી મહાસભા, કલકત્તા તરફથી થયું છે. તેમાં લેખકે સંશોધન તેમજ પરિવર્ધન કર્યું છે અને ભગવાન મહાવીરના જીવન ઉપરાંત જૈન ધર્મના આચારો અને દાર્શનિક સિદ્ધાંતોનો પણ સંક્ષેપમાં પરિચય કરાવવામાં આવ્યો છે. એ પુસ્તક જૈન આગમોના આધારે લખવામાં આવ્યું છે.

'Jainism and Modern Thought' નામે શ્રી. શ્રોફે એક નાની પુસ્તિકા પ્રગટ કરી છે. તેમાં આધુનિક વિચારો સાથે જૈન ધર્મના વિચારોની સંગતિ બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

શ્રી. પ્રેમીજી દ્વારા સંપાદિત 'અર્ધકથાનક' ની બીજી આવૃત્તિ પ્રગટ થઇ છે તેમાં ડૉ. મોતીચંદ્ર અને શ્રી. બનારસીદાસ ચતુર્વેદીના પરિચય લેખો અને અન્ય સંબંધ નવી ઉપલબ્ધ સામગ્રી પણ શ્રી. પ્રેમીજીએ આપી છે.

શ્રી. ધર્માનન્દ કોસંબીએ મરાઠીમાં લખેલ 'पार्श्वनाथाचा चातुर्याम धर्म' નો હિન્દી અનુવાદ 'पार्श्वनाथ का चातुर्याम धर्म' નામે હિન્દી ગ્રન્થ રત્નાકર, મુંબઇએ પ્રગટ કર્યો છે. એ પુસ્તક જૈન ધર્મના પ્રાચીન ઇતિહાસને માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સિદ્ધ થશે.

શ્રી. જયસુખલાલ શાહ દ્વારા સંપાદિત શ્રી જયંત મુનિના વ્યાખ્યાન પ્રગટ થયાં છે. તે વ્યાખ્યાનોમાં અહિંસા અને માનવધર્મ તથા સમન્વય દૃષ્ટિનું સુંદર નિરૂપણ છે; તેમજ રાજપ્રશ્નીય સૂત્રના વિષયમાં પણ વ્યાખ્યાન સંગ્રહીત છે.

'Jaina Entiquary', 'જૈન સિદ્ધાંત માસ્કર', 'અનેકાન્ત' 'જૈન સત્ય પ્રકાશ' 'જૈન ભારતી' ઇત્યાદિ જૈન પત્રિકાઓમાં જૈન ધર્મ, દર્શન, ઇતિહાસ ઇત્યાદિ વિવિધ વિષયોના લેખ પ્રગટ થયા છે. તદુપરાંત નીચે લખેલ મહત્ત્વપૂર્ણ લેખ અન્યત્ર પ્રગટ થયા છે:—

(૧) Journal of the Asiatic Society (Letters) Vol. xxii No. 1. 1956 માં
  (અ) An Enquiry into Eastern Apabhramsha: Dr. S. N. Ghosal
  (બ) Controversy over the Significance of Apabhramsha and a Compromise between the Views of Jacobi and Grierson: Dr. S. N. Ghosal.

(૨) એજ Vol xxii No. 2.1956
  (અ) Probable Sources of Some Apabhramsha Stanzas of Hemchandra: Dr. S. N. Ghosal

(૩) Indian Historical Quarterly, December 1956
  (અ) Some interesting Sculptures of the Jaina Goddess Ambica from Marwar: R. C. Agrawal, M A.

(૪) Indian Historical Quarterly, March 1957
  (અ) A Note on the Eastern and Western Manuscripts of Prakrita Paingala: Dr. S. N. Ghosal
  (બ) Author of Mulachara: V. Joharapurkar

(૫) Journal of the Bihar Research Society, March 1956
  (અ) Brahma cult and Jainism: Dr. T. P. Bhattacharya

(૬) Oriental Thought: January 1956
  (અ) Inscriptional Prakrit: D. Diskalkar

(૭) Asiatica–Festschrift F. Weller
  (અ) The Vedhas in the Vasudevahindi: Dr. Alsdorf
  (બ) Mid–Indiac Verb–System: Dr. Edgarton
  (ક) Animals in Jaina Conon: Dr. Kohl
  (ડ) Mohanghara: Dr. Roth

આ ક્ષેત્રમાં જે પ્રયત્ન થઈ રહ્યા છે તેનું આપની સમક્ષ મેં સંક્ષિપ્ત ચિત્ર એટલા માટે રજૂ કર્યું છે કે આપ સૌ મહાનુભાવોનું ધ્યાન તેના પ્રત્યે આકર્ષિત થાય અને આપ સમક્ષ મારૂં નિવેદન છે કે હવે આ ક્ષેત્રમાં અગાઉની માફક અંધકાર નથી. પ્રકાશનાં કિરણો આ તરફ જઈ રહ્યાં છે અને આપ સૌ મહાનુભાવોની દૃષ્ટિ પણ આ તરફ જશે તો આ ક્ષેત્ર વિશેષ આલોકિત થશે એવી મારી દૃઢ શ્રદ્ધા છે.

સમાપ્ત

મૂળ હિંદી : **દલસુખભાઇ માલવણિયા**
અનુવાદક : **શાન્તિલાલ દેવજી નન્દુ**

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક

અનુવાદકો :

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બશેડિયા

કાકાસાહેબ કાલેલકર તથા સ્વ. ધર્માનંદ કોસમ્બીની પ્રસ્તાવનાઓ સાથે

કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે **સત્યં શિવં સુન્દરમ્ : કિંમત રૂ. ૨, બોધિસત્ત્વ : કિંમત રૂ. ૧**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૬

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રીલ ૧, ૧૯૫૮, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

હિંદીવિરોધી રાજગોપાલાચાર્ય

દક્ષિણ ભારતમાં હિંદીના વિરોધે એક વાંવટોળનું સ્વરૂપ ધારણ કર્યું છે અને ગાંધીજીના વર્ષોજુના સાથી, મિત્ર અને સલાહકાર શ્રી રાજગોપાલાચાર્યનો આ હિંદીવિરોધી હીલચાલને ટેકો મળવાથી દેશમાં એક પ્રકારની સ્ફોટક પરિસ્થિતિ સરજાતી જતી હોય એમ લાગે છે. રાજગોપાલાચાર્ય જેવી વ્યક્તિ હિંદીનો ભારતની રાજ્યભાષા તરીકેના સ્વીકારનો જ્યારે વિરોધ કરે ત્યારે આ પ્રશ્નને સમગ્ર રૂપે નહિ સમજનાર અનેક લોકોના દિલમાં હિંદીના મહત્ત્વ અને ઉપયોગીતા વિષે શંકા પેદા થાય અને 'જો રાજગોપાલાચાર્ય જેવા અગ્રગણ્ય' નેતા આમ વિચારે છે તો આપણે પણ હિંદીનો આગ્રહ છોડવો જોઇએ અને રાજ્યવહીવટમાં અંગ્રેજીને આજ સુધી મળેલું સ્થાન કાયમ રાખવું જોઇએ એમ કહેવાને લલચાય તે સ્વાભાવિક છે.

હિંદીને રાજ્યભાષા તરીકે સ્થાપવાના આગ્રહ પાછળ નીચે મુજબની વિસ્મારણા રહેલી છે. આપણા દેશનો પ્રાદેશિક કે આન્તર પ્રાદેશિક કારભાર આજ સુધી અંગ્રેજી ભાષામાં ચાલતો હતો. અંગ્રેજી ભાષા એક તો પરદેશી ભાષા છે અને બીજું તે ભાષા જાણનાર વર્ગ આપણા દેશમાં ત્રણ ટકાથી વધારે નથી. આના પરિણામે રાજ્યકારભાર સાથે પ્રજાસમુદાય એકરૂપતા અનુભવી શકતો નથી અને રાજ્ય સાથે પોતાનો વ્યવહાર ચલાવવા માટે કોઈ ને કોઈ અંગ્રેજી ભણેલાની તેને મદદ લેવી પડે છે અને એ રીતે તેને એક પ્રકારની પરાધીનતા અનુભવવી પડે છે. આમ હોવાથી અંગ્રેજીનું સ્થાન આપણા દેશની કોઈ પણ ભાષાએ લેવું જોઇએ એમ આપણે વિચાર્યું. ભારતની પ્રાદેશિક રચના મોટા ભાગે ભાષાના ધોરણ ઉપર થયેલી હોઇને પ્રાદેશિક રાજ્ય કારભાર સંબંધમાં આપણે એમ નક્કી કર્યું કે તે તે પ્રદેશની મુખ્ય ભાષાને અંગ્રેજીનું સ્થાન આપવું અને આન્તર પ્રાદેશિક તેમ જ કેન્દ્રસ્થ રાજ્ય વ્યવહાર માટે આપણે એમ નક્કી કર્યું કે ૧૯૬૫ સુધીમાં અંગ્રેજીનું સ્થાન હિંદીને આપવું. એક રીતે હિંદી ભારતની એક પ્રાદેશિક ભાષા છે. તેમ બીજી પણ અનેક પ્રાદેશિક ભાષાઓમાંથી હિંદીને રાજ્યભાષા અથવા તો રાષ્ટ્રભાષા તરીકે પસંદ કરવાનું કારણ એ છે કે હિંદી આજે પણ ભારતની ૪૩ ટકા વસ્તીની લોકભાષા છે. અને બાકીની પ્રાદેશિક ભાષાઓમાં પણ બંગાળી, પંજાબી, ગુજરાતી, મરાઠી હિંદીની બહુ નજીકની ભાષાઓ છે, જ્યારે તામીલ, તેલુગુ, મલયાલમ અને કદાચ કન્નડ હિંદીથી પ્રમાણમાં દૂરની ભાષાઓ છે. આમ છતાં પણ હિંદી ભારતમાં સૌથી વધારે વ્યાપક ભાષા છે. ભારતમાં હિંદી જ એક એવી ભાષા છે કે જેની મદદ વડે ભારતમાં કોઈ પણ માનવી એક છેડેથી બીજે છેડે વિચરી શકે છે અને પોતાનો વ્યવહાર ચલાવી શકે છે. સૈકાઓથી ભારતના અનેક સાધુ સંન્યાસીઓ કાશ્મીરથી કન્યાકુમારી અને કલકત્તાથી કરાંચી સુધી હિંદીની મદદવડે પરિભ્રમણ કરતા રહ્યા છે અને ધાર્મિક પ્રવચનો સંભળાવતા રહ્યા છે. આ વિચારભૂમિકા સ્વીકારીને આપણે લગભગ છેલ્લાં ૪૦ વર્ષથી હિંદીનો એક રાષ્ટ્રભાષા તરીકે સ્વીકાર કર્યો છે અને બીનહિંદી પ્રદેશોમાં–દક્ષિણ ભારતના પ્રદેશોમાં પણ–હિંદીનો પ્રચાર વર્ષોથી ચાલતો રહ્યો છે. હિંદી સંબંધે આજ સુધી આવી પરિસ્થિતિ ચાલુ હોવા છતાં અને તેનો આજ સુધી એક સરખો સ્વીકાર કરેલો હોવા છતાં આજે રાજગોપાલાચાર્ય અંગ્રેજી અને હિંદી વિષે આપણને કાંઈ જુદું જ સંભળાવી રહ્યા છે.

અંગ્રેજીને આપણે આજ સુધી આપણા ઉપર લાદવામાં આવેલી એક પરદેશી ભાષા તરીકે ઓળખતા આવ્યા છીએ. રાજગોપાલાચાર્ય અંગ્રેજીને આપણા દેશની એક ભાષા તરીકે સ્વીકારવાનું કહે છે, હિંદીને આપણે આખા દેશની રાષ્ટ્રભાષા તરીકે વર્ષોથી સ્વીકારતા આવ્યા છીએ. રાજગોપાલાચાર્ય આજે એ બાબતનો ધિક્કાર કરે છે અને જણાવે છે કે મધ્ય પ્રદેશ, બિહાર, પંજાબ તથા રાજસ્થાનની હિંદી એક પ્રાદેશિક ભાષા છે અને તેને અન્ય પ્રદેશો સાથે કશી લેવા દેવા નથી. હિંદીના રાષ્ટ્રભાષા તરીકેના સ્વીકારમાં ભારતના એકીકરણનું બળવાન સમર્થન કહેલું છે એમ આપણે આજ સુધી માનતા રહ્યા છીએ, જ્યારે રાજગોપાલાચાર્ય હિંદીના રાજભાષા તરીકેના સ્વીકારમાં ગંભીર ઐક્યવિઘાતકપણું જુએ છે. અંગ્રેજી એ થોડા અંગ્રેજી જાણનારા અને અનેક અંગ્રેજી નહિ જાણનારા વચ્ચે મોટી અભેદ્ય દિવાલની ગરજ સારે છે એમ આપણે માનીએ છીએ. રાજગોપાલાચાર્યને અંગ્રેજીના સ્વીકારમાં ભારતની એકતાનું બળવાન સમર્થન દેખાય છે, એટલું જ નહિ પણ, આજની દુનિયાની સર્વ પ્રગતિશીલ વિચારણાનું ઉદ્ભવસ્થાન અને આવીર્ભાવસ્થાન આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે અસાધારણ વર્ચસ્વ ધરાવતી અંગ્રેજી ભાષા છે એમ જણાવીને આપણે ત્યાં અંગ્રેજીનું જે જામેલું સ્થાન છે તેને માત્ર ટકાવી રાખવાની જ નહિ પણ વિસ્તારવાની ભલામણ રાજગોપાલાચાર્ય કરે છે, અને અનેક રીતે દરિદ્ર અને અવિકસિત હિંદી ભારતની રાષ્ટ્રભાષા બનવાની લેશ માત્ર યોગ્યતા ધરાવતી નથી એમ તેઓ જાહેર કરે છે. અનુકુળ સંયોગો મળ્યે અને બહુજનસ્વીકાર વડે પછાત લેખાતી કોઇપણ ભાષા જેટલી વિકસાવવા ધારો એટલી વિકસી શકે છે અને ગમે તેવા ગંભીર ગૂઢ વિચારોની વાહક બની શકે છે—આવી રીતે હિંદીની પણ અપાર વિકાસક્ષમતા છે – આ સામાન્ય સમજણનો રાજગોપાલાચાર્ય સ્વીકાર કરતા નથી. વળી હિંદી એક એવી ભાષા છે કે ભારતનો અહિંદીભાષી કોઇપણ વર્ગ કે સમુદાય મન ઉપર લે તો બહુ થોડા સમયમાં હિંદી ભાષા ઉપર પ્રાવીણ્ય મેળવી શકે તેમ છે—આ હકીકત પણ તેમને સ્વીકાર્ય નથી. પ્રાદેશિક વહીવટ પ્રાદેશિક ભાષામાં ચાલે તે તેમને સ્વીકાર્ય જ માત્ર નહિ પણ આવકાર્ય છે. પણ બીજી બાજુએ એ જ પ્રમાણે આન્તરપ્રાદેશિક તેમ જ કેન્દ્રસ્થ વહીવટ હિંદીમાં ચાલે તે તેમને કોઇ પણ કાળે સ્વીકાર્ય નથી. પ્રારંભનાં વર્ષોમાં અહિંદીભાષીને હિંદીમાં પ્રાવિણ્ય મેળવતાં થોડી વાર લાગે અને એ રીતે જેની માતૃભાષા હિંદી છે તેવા વર્ગને સરકારી નોકરીઓમાં આગળ વધવાની થોડી અનુકુળતા રહે એ સ્વાભાવિક છે. આ પરિસ્થિતિ તેમને ભારે અન્યાયજનક લાગે છે. અંગ્રેજી જેવી પરદેશી ભાષા ઉપર પકડ મેળવતાં ઉગતી પ્રજાની ઘણી વધારે શક્તિ ખરચાય અને એમ છતાં બહુ ઓછી સંખ્યામાં અંગ્રેજી ઉપર આપણા

લોકોની પકડ જાળવી શકવાની–આ અગવડ અને શક્તિનો અસાધારણ વ્યય તેમના ધ્યાનમાં આવતાં જ નથી. તેમની દલીલોનો છેવટનો સાર એ આવે છે કે સહજપણે રાષ્ટ્રભાષાનું સ્થાન પામે એવી હિંદીનો સ્વીકાર કરતાં અમુક વર્ગોને જે સહજ સગવડ મળી જાય એ તેમને પરવડતું નથી અને પરિણામે રાષ્ટ્રભાષા તરીકે હિંદીનો સ્વીકાર થતાં રાષ્ટ્રીય દૃષ્ટિએ જે અપાર લાભ થવાની શક્યતા છે તે હકીકતની તેઓ સમજણપૂર્વક ઉપેક્ષા કરતા હોય એમ લાગે છે. પરિણામે રાષ્ટ્રનો વહીવટ રાષ્ટ્રની ભાષામાં જ ચાલવો જોઇએ–એ સર્વત્ર સ્વીકારાયલા સિધ્ધાન્તની સામે તેમણે બળવો ઉઠાવ્યો છે.

આ હીલચાલનું પરિણામ ચિન્તાજનક એટલા માટે છે કે માત્ર મતભેદ દર્શાવી જે બહુજનસંમત હોય તે સ્વીકારવાની મનોદશા કમનશીબે રાજગોપાલાચાર્યની નથી, પણ જો તેમના કહેવા મુજબ હિંદીને લગતી કલમ રાજ્યબંધારણમાંથી રદ કરવામાં ન આવે તો છેવટે આ પ્રશ્ન ઉપર ઉત્તર દક્ષિણના ભાગલા પાડવાની હદ સુધી જવાનું રાજગોપાલાચાર્ય મનમાં વિચારી રહ્યા હોય એમ તેમના આજકાલ પ્રગટ થતા ઉદ્‌ગારો, દ્રાવીડ મુનેત્રા કાઝગામને આ પ્રશ્ન ઉપર તેમણે આપેલો સાથ અને અન્ય પ્રદેશોમાં દા. ત. બંગાળા–કલકત્તા–માં તેમણે આ બાબતને લગતી શરૂ કરેલી ઝુંબેશ–આ બધા ઉપરથી સહજ અનુમાન થાય છે. પ્રકૃતિમાં જ્યારે વિકૃતિ પેદા થાય અને તે વિકૃતિને રાગ દ્વેષ વડે સતત પોષવામાં આવે ત્યારે અતિ સમર્થ લેખાતી વ્યક્તિ કંઇ હદ સુધી જઇ શકે છે તેનો આ ઘટના ઉપર કંઇ ખ્યાલ આવે છે.

શ્રી રાજગોપાલાચાર્ય આવા કટ્ટર હિંદીવિરોધી કેમ બન્યા?

શ્રી રાજગોપાલાચાર્યનું આવું કટ્ટર હિંદી–વિરોધી વલણ જોતાં પ્રશ્ન એ થાય છે કે ગાંધીજી સાથે રાજજી વર્ષો સુધી સાથે ચાલ્યા, એ વર્ષો દરમિયાન તેઓ કદિ કદિ વિચારના ક્ષેત્રમાં ગાંધીજીથી જુદા પડયા હશે, પણ મોટા ભાગે ગાંધીજી અને તેમની વિચારણા સમાન્તર-સમાન આકાર તેમ જ રૂપની–નિહાળવામાં આવી છે. રચનાત્મક કાર્યક્રમમાં રાષ્ટ્રભાષા તરીકે હિંદીના પ્રશ્નને ગાંધીજી પ્રારંભથી બહુ મહત્વનું સ્થાન આપતા રહ્યા હતા. આ સંબંધમાં રાજજીએ કદિ પણ ગાંધીજીનો વિરોધ કર્યો હોય એમ આપણે જાણ્યું કે સાંભળ્યું નથી. આમ છતાં આજે રાજજી હિંદીના આવા કટ્ટર વિરોધી કેમ બન્યા હશે? માનસશાસ્ત્રીની દૃષ્ટિએ આ પ્રશ્ન વિચારતાં રાજજી સંબંધે એક હકીકત આપણા ધ્યાનમાં આવે છે અને તે એ કે હિંદી ઉપર ગાંધીજી આટલો બધો ભાર મૂકી રહેલા હોવા છતાં અને ચાલુ અંગ્રેજીમાં બોલવાને ટેવાયેલ એવા પોતાના અનેક સાથીઓને તેમણે હિંદીમાં બોલતા–ભાષણ કરતા–કરેલા હોવા છતાં રાજગોપાલાચાર્ય એક જ એવા તેમના સાથી હતા કે જેમને તેઓ હિંદી તરફ કદિ ઢાળી શકયા નહોતા. જેમ ગાંધીજીનો કોઇ સાથી તેમને એમ કહે કે "બાપુજી, આપની બીજી બધી વાત મને કબુલ છે, પણ હું કદિ કાંતવાનો તો નહિ જ, કારણ કે મને તે અપીલ જ કરતુ નથી." તેમ જાણે કે રાજગોપાલાચાર્ય ગાંધીજીને હમેશાં કહી રહ્યા હોય કે "બાપુજી, આપની બીજી બધી વાત મને કબુલ છે, પણ આ હિંદી કદિ હું શિખવાનો જ નહિ."–આવી હઠ હિંદી વિષેના તેમના વલણમાં પ્રારંભથી રહી હોય એમ લાગે છે. મદ્રાસ અને આસપાસના પ્રદેશમાં હિંદીપ્રચારની ઘણી પ્રવૃત્તિઓ તેમની રાહબરી નીચે ચાલી હતી, એમ છતાં પોતા પૂરતી હિંદી અપનાવવાનો તેમણે કદિ વિચાર કર્યો નહોતો એ હકીકત છે. આના સમર્થનમાં શ્રી પ્યારેલાલે લખેલા 'Last Phase' માંથી એક અર્થસૂચક ઘટના જાણવા મળે છે. આ ઘટના જ્યારે અંગ્રેજ સરકાર સાથે–અથવા તો એ વખતના હિંદના વાઇસ-રોય લોર્ડ વેવલ સાથે–હંગામી વચગાળાની તંત્રરચના ઉભી કરવા અંગે આપણા દેશનેતાઓની વાટાઘાટ ચાલતી હતી તે ૧૯૪૬ ની સાલના ફેબ્રુઆરી–માર્ચ મહીના આસપાસની છે.

૧૯૪૬ ના ફેબ્રુઆરી માસની આખરમાં ગાંધીજીએ શ્રીનિવાસ શાસ્ત્રી, ડૉ. જયકર તેમજ ડૉ. સપ્રુને પુછાવેલું કે ભવિષ્યમાં તેઓ (ગાંધીજી) તેમને રાષ્ટ્રભાષામાં પત્રો લખે તો તેમને કોઇ વાંધો છે ખરો? અને એ વિચારના સમર્થનમાં ગાંધીજીએ જણાવેલું કે જો તેઓ લોકોની ભાષામાં બોલતા અને વિચારતા નહિ થાય તો લોકોને માટે આઝાદી મેળવવાની તેમની ઝુંબો પોલી અને નિષ્ણવિનાની લેખાવાની. તેથી આ બાબતોનો તેમણે હવે તત્કાળ નિર્ણય કરવો જોઇએ. આ મુજબ ગાંધીજીએ રાજજીને પણ હિંદીમાં લખેલું. તેનો રાજજી-એ ૧૯૪૬ ના માર્ચની ત્રીજી તારીખે જવાબ આપેલો કે "તમારી દેવનાગરી ઉકેલવામાં એટલી બધી મુશ્કેલ છે કે તમે મને જે કહેવા માંગો છો તે હું ઘણી જ મુશ્કેલીથી સમજી શકયો છું.....જે માધ્યમ આપણે બન્ને સારી રીતે જાણીએ છીએ અને સારી રીતે વાપરી શકીએ છીએ તેને અવગણવું અને કોઇ વાર વિનોદ ખાતર કરવામાં આવતા અપવાદ સિવાય અન્ય મુશ્કેલ માધ્યમને ધરાદાપૂર્વક સ્વીકારવું–એ ચાલી નહિ શકે! જો તમે ન ઉકેલી શકાય એવી નાગરીમાં લખશો તો હું તમને તામીલમાં જવાબ આપવાનુ શરૂ કરીશ."

ગાંધીજીએ આ પત્રનો તા. ૧૧–૩–૪૫ ના રોજ એમ જવાબ લખ્યો કે "જો આપણે ભૂલ કરી છે એમ આપણને માલુમ પડે તો તે ચાલુ રાખવી તે યોગ્ય છે? આપણે અંગ્રેજીમાં પ્રેમ કરવાનું શરૂ કર્યું–આ આપણી ભૂલ જ હતી. તમે ભૂલ કરો અને એમ છતાં ભૂલ નથી કરી એવો દેખાવ ચાલુ રાખો તે બરોબર છે? પ્રેમ કોઇ-પણ માધ્યમ મારફત પ્રગટ થતો હોય–જ્યારે પ્રેમીઓ મૌન ધારણ કરે છે ત્યારે પણ–પ્રેમ તે પ્રેમ જ છે. જ્યારે વાણી બંધ થાય છે યારે પ્રેમ સાથી વધારે ઉત્કટ હોય છે. મને આશા હતી કે તે પ્રેમના નમ્ર–જણાય પણ નહિ એવા–દબાણ નીચે તમે સહેલાઇથી સરળપણે હિંદી તરફ ઢળશો અને હિંદુસ્તાનીની તમારી આજ સુધીની સેવાને આ છેવટના પગલાથી સુઅંકિત કરશો, પણ એ બાબતમાં તમને ગમે તે–અને નહિ કે મને ગમે તે–પ્રમાણ હો."

પશ્ચાત્તાપ દાખવતા રાજજીએ ૧૯૪૫ ના માર્ચ માસની ૧૩ મી તારીખે પ્રત્યુત્તર વાળ્યો કે "હિંદુસ્તાની સંબંધમાં મારી જાતને હું ગુનેહગાર જાહેર કરું છું અને તે માટે તમારી ક્ષમા–ઉદારતા–યાચું છું. આનું કારણ ધડપણ (અને નહિ કે જુવાની) છે. તમારી મૃદુતા અને મધુરતા મારી ગુન્હાહિતતા વિષે મને વધારે સભાન બનાવે છે." આ ઘટના એમ સૂચવે છે કે હિંદુસ્તાની વિરૂધ્ધમાં તેમણે ગાંધીજી સાથે કોઇ દલાલી કરી નહોતી. એમ છતાં પણ તે વિષે તેમના મનની કદિ અનુકુળતા નહોતી–ઉલટું એકસરખી પ્રતિકુળતા જ રહેલી હતી.

ગાંધીજી ગયાં, રાજ્યબંધારણ ઘડાયું, તેમાં હિંદીને પ્રતિષ્ઠિત સ્થાન મળ્યું, એ બંધારણ નીચે તેઓ કેન્દ્રસ્થ પ્રધાન મંડળમાં જોડાયા, રાષ્ટ્રપતિ બન્યા. ત્યાં સુધી હિંદી સંબંધે વિરૂધ્ધમાં કે ટેકામાં તેઓ કશું બોલ્યા હોય એમ જાણવામાં કે સંભળવામાં આવ્યું નથી. આમ છતાં હિંદી સામેનો વિરોધ અંદર ધુંટાતો જ રહ્યો હશે જે, હવે જ્યારે હિંદીને રાજભાષા તરીકે પ્રતિષ્ઠિત કરવાનો સમય નજીક આવી રહ્યો છે ત્યારે, વિકૃત રૂપે પ્રગટ થઇ રહ્યો છે. આ એક પ્રકારની વિચાર–વિસ્તરીકરણની–thought–projection–ની પ્રક્રિયા જેવું લાગે છે. જે હિંદીને પોતે અપનાવી નહિ, અપનાવી શકયા નહિ, તે હિંદીને દક્ષિણ ભારતની પ્રજા પણ અપનાવી નહિ જ શકે એમ પોતે માનતા થયા, અને તેથી રાષ્ટ્રે પણ તેને અપનાવવી જોઇએ નહિ એવા નિર્ણય ઉપર તેઓ આવ્યા–આ પ્રકારની વિચારપ્રક્રિયાના તેઓ ભોગ બન્યા હોય એમ લાગે છે. પરિણામે જેમને આપણે રાષ્ટ્રસંગઠનની બળવાન કડી લેખતા હતા તેઓ રાષ્ટ્રવિભાજનની દિશા તરફ દેશને ધસડી રહ્યા હોય એવી ભિતી આજે આપણને ચિન્તાવ્યાકુળ બનાવી રહેલ છે. આ કાંઇક વાડ વેલો ગળે એવી દુઃસ્થિતિ છે.

પરમાનંદ

૧૯૫૭ની સાલ વિષે માતાજીએ કરેલી આગાહી

પ્રાસ્તાવિક

૧૯૫૪ ના ફેબ્રુઆરી માસની ૨૫ મી તારીખે પોન્દીચેરીથી અરવિન્દ આશ્રમમાં વસતા શ્રી ચમનલાલે આશ્રમનાં અધિષ્ઠાત્રી જેમને આશ્રમવાસીઓ 'માતાજી' તરીકે ઓળખે છે અને સંબોધે છે તેમની સાથે થયેલા પ્રશ્નોત્તર એક પરિપત્ર રૂપે પ્રગટ કર્યા હતા. તે પ્રશ્નોત્તરમાં ૧૯૫૭ ની સાલમાં શુ શું બનશે તેને લગતી કેટલીક આગાહીઓ કરવામાં આવી હતી. ૧૯૫૭ ની સાલ પુરી થવાને આજે અઢી મહીના ઉપર થવા આવ્યું છે અને તેથી આ આગાહીઓમાં કઈ સાચી પડી અને કઇ ખોટી પડી તેનું આપણે વાસ્તવિક તારણ કાઢવાની સ્થિતિમાં છીએ. મૂળ લખાણ અંગ્રેજીમાં છે તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે,

પ્રશ્નોત્તરી

I ૧૯૫૭ ની સાલ ભારતના ઇતિહાસમાં ૧૭૫૭ અને ૧૮૫૭ માફક મહત્ત્વપૂર્ણ બનશે.

II પાકીસ્તાનનું સદન્તર વિસર્જન થશે.

III ભારતના પ્રશ્ન ઉપર રશીઆ અને અમેરિકા વચ્ચે લડાઈ ઉભી થવાની ગંભીર શકયતા.

પોંદીચેરી ખાતે માતાજીએ મને જે મુલાકાત આપી અને તેમની સાથે જે પ્રશ્નોત્તરી થઈ તેમાં ઉપર જણાવેલા ત્રણ મુખ્ય મુદ્દાઓ હતા. દૈવી શક્તિઓ અને અતીન્દ્રિય સાક્ષાત્કારો–Supernatural Visions માટે જે માતાજી બહુ જાણીતા છે તેઓ નિશ્ચયપૂર્વક માને છે કે હિંદનું ભાવી મહાન છે અને હિંદ દુનિયાના ગુરૂ–માર્ગદર્શક–ની ભૂમિકા ભજવશે.

પ્રશ્ન : ભારતના ભાવી વિષે આપે શું ધારો છો ?

ઉત્તર: ભારતનું ભાવી ઘણું સ્પષ્ટ છે. ભારત જગતના ગુરૂ સ્થાને છે. દુનિયાની ભાવી રચનાનો આધાર ભારત ઉપર રહેલો છે. ભારત એક જીવન્ત આત્મા છે. ભારત દુનિયામાં આધ્યાત્મિક જ્ઞાનને મૂર્ત રૂપ આપી રહેલ છે. ભારત સરકારે આ ક્ષેત્રમાં ભારતની વિશેષતાને ધ્યાનમાં લેવી જોઇએ અને તેમની યોજનાઓ એ મુજબ ઘડાવી જોઇએ.

પ્રશ્ન : નજીકના ભવિષ્યમાં ભારત એક ગંભીર કટોકટી તરફ ગતિ કરી રહેલ છે અને રશીઆ અને અમેરિકા વચ્ચે વિગ્રહ અનિવાર્ય છે એમ આપને નથી લાગતું ?

ઉત્તર: હા, મને લાગે છે કે રશીઆ અને અમેરિકા વચ્ચે યુદ્ધ થવાની ગંભીર શકયતા છે અને તે અટકાવવાનો આપણો પ્રયત્ન છતાં જો લડાઈ ફાટી નીકળશે તો આધ્યાત્મિક ક્ષેત્રમાં ચાલી રહેલા કાર્યનો અન્ત આવશે. કમનસીબે અમેરિકાના લોકો એમ માને છે કે પંડિત નહેરૂ સામ્યવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે અને તેથી અમેરિકાએ પોતાના સ્વાર્થને લક્ષ્યમાં રાખીને પાકીસ્તાન સાથે મૈત્રી કેળવવાનો નિશ્ચય કર્યો છે. તમે જાણો છો કે મોસ્કો પેશાવરની વધારે નજીક છે.

પ્રશ્ન : પણ આપને નથી લાગતું કે પાકીસ્તાન બેંબના મથક તરીકે પોતાનો ઉપયોગ થવા દે તેમ કરવામાં પાકીસ્તાન ભારે ભુલ કરી રહેલ છે અને પોતા માટે આફતને નોતરી રહેલ છે ?

ઉત્તર: જ્યારે હિંદના ભાગલા થયા ત્યારે પાકીસ્તાનના ભાવી વિષે તેઓ શું ધારે છે એ પ્રકારનો પ્રશ્ન મેં શ્રી અરવિન્દને પૂછ્યો હતો. પાકીસ્તાન કયાં સુધી ટકી રહેશે એ પણ મેં પૂછ્યું હતું. જરા પણ ખચકાયા સિવાય શ્રી અરવિન્દે જવાબ આપેલો 'દશ વર્ષ'.

(અહિં જણાવવું જરૂરી છે કે શ્રી અરવિન્દનું ૧૯૫૦ ના ડીસેંબરની પાંચમી તારીખે અવસાન થયું હતું. તંત્રી)

માતાજીએ 'જરા પણ ખચકાયા સિવાય' એ શબ્દો ઉપર ખાસ ભાર મૂકયો હતો. શ્રી અરવિન્દની આગાહી વિષે તેમને પૂરી પ્રતીતિ છે. તેમણે આગળ ચાલતાં જણાવ્યું કે "૧૭૫૭ અને ૧૮૫૭ માફક ભારતના ઇતિહાસમાં ૧૯૫૭ ની સાલ બહુ મહત્ત્વની છે. તે સાલ દરમિયાન પાકીસ્તાનનો અન્ત આવશે. વળી ભારતના પ્રશ્ન ઉપર રશીઆ અને અમેરિકા વચ્ચે યુદ્ધ થવાની ઘણી મોટી શકયતા છે. કેટલાક રાજકારણી પુરૂષો ૧૯૫૦ ના માર્ચ માસમાં યુદ્ધ ફાટી નીકળવાની આશા રાખતા હતા અને તેઓ શ્રી અરવિન્દ પાસે આવેલા અને આ પ્રમાણે તેમણે શ્રી અરવિન્દને જણાવેલું. પણ શ્રી અરવિન્દની આ માન્યતા નહોતી. એક વાર મેં જ્યારે તેમને પૂછેલું ત્યારે તેમણે સ્પષ્ટપણે જણાવેલું કે "કટોકટી માત્ર ૧૯૫૭ માં જ ઉભી થશે." ૧૯૫૭ માં કાંઇક જરૂર બનશે એવી માતાજીને ખાત્રી હતી.

પ્રશ્ન : રશીઆ અને અમેરિકા વચ્ચે ઝઝુમી રહેલા યુધ્ધ વિષે આપ શું ધારો છો ?

ઉત્તર: જો લડાઈ થશે તો તે ભારતના પ્રશ્ન ઉપર થશે અને ભારત માટે એ સમય ભારે કટોકટીનો હશે. હું એ લડાઈ અટકાવવા ઇચ્છું છું. ભારતને દુનિયાના ભલા ખાતર લડાઈની આફતમાંથી બચાવી લેવું જોઇએ, કારણ કે માત્ર ભારત જ દુનિયાભરમાં શાન્તિ અને નવી વિશ્વરચના તરફ લઈ જઈ શકે તેમ છે.

પ્રશ્ન : જો લડાઈ જ ન થાય તો પાકીસ્તાનનું વિસર્જન શી રીતે શકય બનશે ?

ઉત્તર: અંદર અંદરની અવ્યવસ્થાના પરિણામે તે શકય બને.

અહિં માતાજીએ ઉમેર્યું કે "અમુક ઘટનાઓ કઈ રીતે બનશે તે વિષે Occult Forces–અદૃષ્ટ શક્તિઓ–એ કાંઈ જણાવવું ન જોઇએ." પછી ચાઇનામાં થયેલી પહેલી ક્રાન્તિનું, પ્રથમ વિશ્વયુદ્ધનું, અને કોરીઆની લડાઈનું અને સાથે સાથે ભારતની સ્વાતંત્ર્યપ્રાપ્તિનું તેમને પહેલાંથી કેવી રીતે દર્શન–Vision–થયેલું તે સંબંધે વિગતથી મારી સાથે તેમણે વાતો કરી. ભારતની સ્વાતંત્ર્યપ્રાપ્તિ વિષે તેમણે અરવિન્દને છેક ૧૯૧૪ ની સાલમાં જણાવેલું. કોરીયામાં લડાઈ થઈ તેના ત્રણ મહીના પહેલાં તે વિષે તેમણે શ્રી અરવિન્દને જણાવેલું.

પ્રશ્ન : આવી રહેલી કટોકટીનો સામનો કરવા માટે આપણે ભારતને શી રીતે તૈયાર કરવું ઘટે તે વિષે આપનું શું ધારવું છે ?

ઉત્તર: તમે દૈવી શક્તિમાં માનો છો ? માત્ર દૈવી શક્તિ જ ભારતને મદદ કરી શકે તેમ છે. જો તમે દેશમાં શ્રદ્ધા અને સંગઠ્ઠન ઉભું કરી શકો તો તે માનવી શક્તિ કરતાં પણ વધારે શક્તિશાળી નીવડી શકે તેમ છે.

(એ કાંઈ માત્ર આકસ્મિક નથી કે પંડિત જવાહરલાલ નહેરૂ આજ કાલ સંગઠ્ઠન અને આન્તરિક એકતા ઉપર ખૂબ ભાર મૂકી રહ્યા છે.)

પ્રશ્ન : સંગઠ્ઠન અને શ્રધ્ધા જેની આજે દેશમાં બહુ જરૂર છે તે કેમ પેદા કરવાં ?

ઉત્તર: શ્રી અરવિન્દના–ઉપદેશોનું અનુસરણ કરવાથી. ૧૯૪૭ ના ઑગસ્ટ માસની ૧૫ મી તારીખે બહાર પાડવામાં આવેલ તેમનો સ્વાતંત્ર્ય–દિનને લગતો સંદેશો ફરી ફરીને વાંચવાની–વંચાવવાની–જરૂર છે અને તેનો મર્મ અને મહત્ત્વ લાખો દેશ–બંધુઓને સમજાવવાની જરૂર છે. ભારતને શ્રી અરવિન્દની શ્રધ્ધા અને પ્રતીતિની જરૂર છે.

લડાઈ કોઈ પણ રીતે અટકાવવી જોઇએ.

લડાઇની ભયંકર શકયતાઓના ખ્યાલથી માતાજી ખૂબ ક્ષુબ્ધ દેખાતા હતા. તેમણે ફરી ફરીને કહ્યું "લડાઈ થવી જ ન જોઇએ." અને માત્ર પરસ્પર શુભેચ્છા અને સમજુતી વડે જ દુનિયાને બચાવી શકાય તેમ છે.

પ્રશ્ન : ચાલુ વર્ષ દરમિયાન ભારતના માથે કોઈ જોખમ છે ખરું ?

ઉત્તર: (માતાજીએ દૃઢતાપૂર્વક જવાબ આપ્યો) મને લાગતું નથી.

પ્રશ્ન : તેનો અર્થ એમ છે કે ઠંડું યુધ્ધ ચાલ્યા કરશે ?

ઉત્તર: એવું જ કાંઇક ચાલ્યા કરશે. તેમણે ઉમેર્યું કે એ વિષે ચિન્તાતુર બનવાની જરૂર નથી, અને ભારતનું ભાવી તો નિશ્ચિતપણે એકદમ સ્પષ્ટ છે.

દૈવી શક્તિ ધરાવતા માનવીઓની જરૂર છે

તેમણે છેવટે કહ્યું કે ઘણી જુની પુરાણી પરંપરા અનુસાર જો બાર પ્રમાણીક માણસો પોતામાં દૈવી ઇચ્છાને મૂર્તિમન્ત કરવાને તૈયાર થાય તો તેઓ Divine-ને-દિવ્ય તત્ત્વને-પ્રગટ થવાની ફરજ પાડી શકે છે.

પ્રશ્ન : પણ માતાજી, આપની પાસે તો આશ્રમમાં લગભગ એક હજાર આત્માઓ વસે છે.

ઉત્તર: હા, પણ તેઓ હજુ બાળકો છે.

પછી માતાજીએ ઉમેર્યું કે "ભારતને અને વિશ્વને બચાવવા માટે આધ્યાત્મિક જ્ઞાન સાથે સંગઠનપ્રેરક નિશ્ચયશકિત ધરાવતું એક સુદૃઢ વ્યકિતઓનું મંડળ ઉભું થવું જોઇએ. ભારત જ એક એવો દેશ છે કે જે દુનિયામાં સત્યને અવતારી શકે. દૈવી ઇચ્છા અને શકિતના પ્રગટીકરણ વડે જ-અને નહિ કે પશ્ચિમના ભૌતિકવાદનું આંધળું અનુકરણ કરીને-ભારત પોતાનો સદેશો દુનિયાને પહોંચાડી શકશે. ઈશ્વરી ઇચ્છાને અનુસરીને ભારત આધ્યાત્મિકતાની ટોચે પહોંચી શકશે અને સત્યનો માર્ગ બતાવી શકશે અને વિશ્વભરમાં એકતાનું આયોજન કરી શકશે."

આગાહીના ત્રણ પ્રકારો અને તદ્વિષયક વિચારણા

ઉપર આપેલ પ્રશ્નોત્તરી અનેક દૃષ્ટિબિન્દુઓથી ચર્ચી શકાય તેમ છે, પણ આપણે તો એમાંથી આગાહી વિભાગની જ આ નોંધમાં ચર્ચા કરીશું.

વ્યકિતના કે સમાજના, કોઈ એક રાષ્ટ્રના કે દુનિયાના ભાવી વિષે કરવામાં આવતી આગાહીઓ ત્રણ પ્રકારની હોય છે:-

૧ એક તો જ્ઞાની, શાણા, અનુભવી અને પોતાની આસપાસ બનતી ઘટનાઓને દીર્ઘદૃષ્ટિપૂર્વક નિહાળનારા તત્વજ્ઞો અને સમાજ-હિતચિન્તકો તરફથી કરવામાં આવતી આગાહીઓ. આ લોકો પોતાનાં જ્ઞાન, અવલોકન અને અનુભવના આધારે આપણા વ્યકિતગત ભાવી વિષે કદિ કદિ ભવિષ્યવાણીસમાં વિધાનો કરે છે. દા. ત. સુવિખ્યાત અંગ્રેજ વિદ્વાન અને નવલકથાકાર સ્વ. એચ્. જી. વેલ્સે ભવિષ્યમાં શું શું બનશે અને કેવી કેવી શોધો થશે તે સંબંધમાં પોતાના 'Things to Come' નામના પુસ્તકમાં કેટલીક આગાહીઓ કરી હતી. આવી આગાહીઓ 'આજે આમ છે તો હવે પછી સમયાન્તરે આમ આમ બનવું જોઇએ' એવી અટકળના અથવા તો સંભવિત શકયતાના રૂપની અને નહિ કે કોઈ નિશ્ચયાત્મક રૂપની હોય છે, અને તે કેવળ અનુમાન અને કલ્પનાના બળવડે પ્રેરાયલી હોય છે. આવી આગાહીઓ કદિ સાચી પડે છે; કદિ ખોટી પણ પડે છે અને એ તદ્દન સ્વાભાવિક છે; કારણ કે ભાવીનું નિર્માણ કરનાર અનેક બળોનું કોઇ પણ માનવીને કદિ પૂર્ણ જ્ઞાન હોતું નથી અને તેથી તત્કાળ જે કાંઇ ઇંદ્રિયપ્રત્યક્ષ અને બુધ્ધિગમ્ય હોય તેના આધારે કરવામાં આવેલ ભાવીને લગતી કલ્પનાઓ અપૂર્ણ અને કેવળ સંભવિતતાની કોટિની હોવાની.

૨ ભવિષ્ય ભાખનાર બીજો વર્ગ જોષીઓનો હોય છે. તેમને પોતાને કોઇ સ્વતંત્ર કાળવેધક દર્શન હોતું જ નથી અને તેમનો એવો કોઇ દાવો પણ હોતો નથી. તેઓ જે કાંઈ કહે છે તે જ્યોતિષ શાસ્ત્રના અભ્યાસના આધારે કહેતા હોય છે. આ આધાર ઉપર કરવામાં આવેલી આગાહીઓ કોઇક વાર સાચી પડે છે; કોઇક વાર ખોટી પડે છે. જ્યારે તેમની ભવિષ્યવાણી કોઈ પણ બાબત અંગે ખોટી પડે છે ત્યારે જ્યોતિષ શાસ્ત્રમાં શ્રધ્ધા ધરાવનાર લોકો એમ કહે છે કે જ્યોતિષ શાસ્ત્ર તો સાચું જ છે, પણ આજના જોષીઓની તેને લગતી સમજણ અધુરી હોય છે. વળી જ્યોતિષ સાથે જટિલ પ્રકારનું ગણીત જોડાયલું હોય છે. આ ગણીતને લગતી ગણતરીઓમાં પણ ભૂલ થવાનો સંભવ છે. વળી કુંડળી, હસ્તરેખા, આકાશની પરિસ્થિતિ, જન્મસમય, નક્ષત્રયોગ વગેરે જે હકીકતોના ચોગઠા ઉપરથી ભવિષ્ય ભાખવામાં આવ્યું હોય તે હકીકતો પૂરી સાચી ન હોય અથવા તો અધુરી હોય એમ પણ બનવાજોગ છે. આવાં અનેક કારણોને લીધે જોષીની આગાહીઓ ઘણી વખત સાચી પડતી નથી અને તેથી સામાન્ય માનવી માટે તે વિશ્વસનીય બની શકતી નથી.

૩ ભવિષ્ય ભાખનાર ત્રીજો વર્ગ એવી વ્યકિતઓનો છે કે જેઓ પોતાને કાળવેધક તેમજ અવકાશવેધક દૃષ્ટિ પ્રાપ્ત થયાનો અને એ કારણે દેશ અને કાળ-એ બન્ને રીતે સામાન્ય માનવીને અદૃષ્ટ એવા પદાર્થ તેમ જ ઘટનાનું પોતાને દર્શન હોવાનો દાવો કરે છે. ઉપર આપેલ પ્રશ્નોત્તરમાં ભાવી ઘટનાઓની આગાહી કરનાર માતાજી આવો દાવો ધરાવે છે અથવા તો તેમની આસપાસ વસતા નિકટવર્તી ભકતજનો તેમજ અનુયાયીઓ તેમના વિષે આવો ખ્યાલ ધરાવે છે, જેનો માતાજી તરફથી કદિ સત્તાવાર રીતે ઇનકાર કરવામાં આવ્યો નથી. નજીકના ભવિષ્યમાં-ખાસ કરીને આગામી ૧૯૫૭ ની સાલ દરમિયાન-શું બનશે તે સંબંધમાં પ્રસ્તુત પ્રશ્નોતરીમાં તેમણે બે મુખ્ય આગાહી કરી છે:-

(૧) ભારતના પ્રશ્ન ઉપર રશીઆ અને અમેરિકા વચ્ચે ૧૯૫૭ ની સાલ દરમિયાન યુધ્ધ થવાની ઘણી મોટી શકયતા છે. ૧૯૫૭ ની સાલ આપણે આજે વટાવી ગયા છીએ અને એ દરમિયાન આવું કોઈ યુધ્ધ થયું નથી એ આપણ સર્વની જાણનો વિષય છે. આમ છતાં આ આગાહી નિશ્ચિત રૂપની નહિ હોઇને તે ખોટી પડી છે એવો આક્ષેપ આપણે આગાહી કરનાર ઉપર મૂકી ન શકીએ.

(૨) ૧૯૫૭ ની સાલ દરમિયાન પાકીસ્તાન નાબુદ થશે એટલે કે વિભાજિત હિંદ પૂર્વવત્ એકત્ર બની જશે. આ આગાહી નિશ્ચિત રૂપની છે, એમ છતાં ૧૯૫૭ ની સાલ દરમિયાન એવું કશું બન્યું નથી એ પણ હકીકતનો વિષય છે, અને તેથી એ આગાહી ખોટી પડી છે એમ આપણે વિના સંકોચ કહી શકીએ તેમ છે. આમ બનવાનું કારણ શું હશે ? આનો ખુલાસો કેમ કરવો ? જે દિવ્ય દર્શનના આધાર ઉપર આ આગાહી કરવામાં આવી હતી તે દિવ્ય દર્શન શું ખોટું અથવા તો છેતરનારૂં માનવું ? અથવા તો આ આગાહીને અંગ્રેજીમાં જેને wishful thinking કહે છે-મનમાં જે ઇષ્ટ હોય તે મુજબ બનશે એમ વિચારવું-આવી ઇષ્ટાનુવર્તિની વિચારણાનો જ આ કોઇ પ્રકાર હશે ?

એ તો જાણીતું છે કે હિંદના ભારત અને પાકીસ્તાન એમ બે ભાગલા થયા, એથી જેમ ગાંધીજી નારાજ હતા તેમ જ શ્રી અરવિન્દ પણ એથી ખૂબ નારાજ હતા. ગાંધીજીને કોઇ દિવ્ય દૃષ્ટિ સાંપડી નહોતી, તેથી ભાવીમાં આ સંબંધમાં શું બનશે એ વિષે કશું પણ કહેવાની સ્થિતિમાં તેઓ નહોતા. શ્રી અરવિન્દને આવી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થયેલી મનવામાં આવતી હતી અને તે મુજબ તેમણે પાકીસ્તાન બહુ થોડાં વર્ષોમાં નાબુદ થવાની અને હિંદ પાછું એક અખંડ બની જવાની આગાહી કરી હતી. ઉપરની પ્રશ્નોત્તરીમાં માતાજીએ આ બાબતનું સમર્થન કર્યું છે, એટલું જ નહિ પણ, ૧૯૫૭ માં નિશ્ચિતપણે પાકીસ્તાન નાબુદ થશે એમ જાહેર પણ કર્યું છે. એમ છતાં જેમ ૧૯૫૭ ની સાલ ઉપર અનેક અનેક મદાર બાંધી હતી દા. ત. વિનોબાજીએ ૧૯૫૭ દરમિયાન ભારતમાં એક મહાન આર્થિક ક્રાન્તિ થવાની ભારે મોટી શ્રધ્ધા સેવેલી હતી અને એમ છતાં એ જેમ ખોટી પડી, તેમ ૧૯૫૭ ની સાલ ઘણું જ મહત્વની છે એમ માતાજીએ ખૂબ ભાર દઇને કહેલું હોવા છતાં પાકીસ્તાનનું વિસર્જન તો દૂર રહ્યું, પણ અન્ય કોઈ અસાધારણ મહત્વની ઘટનાનું ૧૯૫૭ ની સાલમાં આપણને દર્શન થયું નથી. માતાજી જેવી અસાધારણ

વિશિષ્ટ વિભૂતિ–શ્રી અરવિન્દના કહેવા પ્રમાણે જગદંબાના સાક્ષાત અવતાર–એમ છતાં તેમના આ ભવિષ્ય વાંચનમાં આવી ભૂલ કેમ થવા પામી હશે ? આનો અર્થ તો આખરે એ થયો કે દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થયાનો દાવો ધરાવતી વ્યક્તિએ કરેલી આગાહી પણ એકાન્તપણે વિશ્વસનીય હોતી નથી.

આ રીતે આપણે જોયું કે આપણા ભાવી સંબંધે કરવામાં આવતી આગાહીઓ–ભલેને તે ગમે તે દિશાઓથી અને ગમે તે વ્યક્તિ તરફથી કરવામાં આવી હોય એમ છતાં–એકાન્તપણે વિશ્વસનીય નીવડતી નથી અને તેથી તે ઉપર ગણતરી ગણીને ચાલવાથી આપણને નિરાશા સાંપડવાનો ઘણો સંભવ રહે છે. આમ છતાં પણ ઉપર જણાવેલ પહેલી કોટિની અને પાછળની બીજી બે કોટિની આગાહીઓમાં–ભવિષ્યવાણીમાં–જે એક મહત્વનો ફરક રહેલો હોય છે તે તરફ ધ્યાન ખેંચવું જરૂરી ભાસે છે.

પહેલી કોટિની આગાહીઓ વિશિષ્ટ વ્યક્તિના કેવળ અવલોકન, અનુભવ, બુદ્ધિ, તર્ક અને કલ્પનાના આધારે કરવામાં આવેલી હોય છે અને તેની સફળતા નિષ્ફળતાનો આધાર કુદરતી બળોની અનુકુળતા અને માનવી પુરૂષાર્થની સહયોગીતા–એ બન્નેના સુયોગ ઉપર નિર્ભર હોય છે. આ પ્રકારની આગાહીઓ આપણી કલ્પનાને સતેજ કરે છે અને સાથે સાથે ઇષ્ટ સંભાવનાને મૂર્ત કરવા માટે અને અનિષ્ટ સંભાવનાને ટાળવા માટે જરૂરી એવા પુરૂષાર્થની વૃત્તિને આપણામાં પ્રેરે છે. દા. ત. ગાંધીજીએ અસહકારની ચળવળ શરૂ કરી ત્યારે એક વર્ષમાં સ્વરાજ્ય હાંસલ કરવાનું વચન આપેલું, પણ આ પરિણામનો આધાર 'પ્રજા જો આમ આમ કરે તો' તેના ઉપર રહેલો હતો. ૧૯૩૦–૩૨ ની સત્યાગ્રહની લડતના પ્રારંભમાં સ્વરાજ્ય ગાંધીજીને હાથવેંતમાં દેખાતું હતું. એમ છતાં સરકારનું એક બાજુ પરિબળ અને તેનો મુકાબલો કરવા માટે આપણે ચલાવેલા સત્યાગ્રહની ઝુંબેશ–એ બેમાં સરકારનું પરિબળ વધારે તાકાતવાળું નીવડ્યું અને સ્વરાજ્ય આપણા હાથમાં ન જ આવ્યું. ૧૯૪૨ માં Quit India–હિંદ છોડો–એ સૂત્ર ઉપર એ જ શ્રદ્ધા અને પ્રતીતિપૂર્વક આપણી લડતનાં મંડાણ મંડાયાં. અને ગાંધીજીને અથવા તો આપણને સફળતા મળી. કારણ કે આપણે જરૂરી પુરૂષાર્થ કર્યો અને સરકારને પ્રતિકુળ તત્વોનું જોર વધી ગયું અને અંગ્રેજ સરકારને આપણે ત્યાંથી હંમેશાને માટે રૂખસદ લેવી પડી. ૧૯૫૭ ની આખરે ભૂમિદાનમાં હું પાંચ કરોડ એકર જમીન મેળવીશ એવી વિનોબાજીએ આગાહી કરેલી અને તે આગાહીનો આધાર ભારતની તત્કાલીન પરિસ્થિતિમાં દૃષ્યમાન થઈ રહેલી આધુનિક આર્થિક કટોકટી અને તેનો ઉકેલ આણવા માટે પ્રજા આટલું જરૂર કરી છૂટશે એવો વિનોબાજીનો વિશ્વાસ–આ બે તત્વો હતા. પ્રજાએ પૂરો સાથ ન આપ્યો અને એ લક્ષ્યમાં વિનોબાજી જે રીતે સફળ થવા જોઇએ એ રીતે ન જ થયા. આમ છતાં તેમણે કે પ્રજાએ કશું ગુમાવ્યું નથી; એટલું જ નહિ પણ, આર્થિક કટોકટીના ઉકેલની દિશાએ પ્રજા ગ્રામદાનના રૂપે પાંચ ડગલાં આગળ જ વધી છે. આનો અર્થ એ થયો કે આવી આગાહીઓ સફળ થાય તો પ્રજાની તાકાત અને વિશ્વાસ બન્નેમાં ઘણી વૃદ્ધિ થાય છે. તેમાં નિષ્ફળતા મળે તો તત્કાળ પ્રજા નિરાશા–Frustration–જરૂર અનુભવે છે, ધ્યેય સાધનામાં મંદોત્સાહ બને છે અને થોડો વખત જરૂર કર્તવ્યશૂન્યતા અનુભવે છે. પણ આ નિરાશા ચિરકાલીન હોતી નથી. મહાપુરૂષની આગાહીને સિધ્ધ કરવા માટે પોતે પૂરતો પુરૂષાર્થ કર્યો નથી એવું ભાન પ્રજાના દિલમાં બહુ થોડા સમયમાં ઉગે છે અને પૂનઃ બમણા પુરૂષાર્થવડે ધ્યેય સિધ્ધ કરવા–મહાપુરૂષની વાણી સફળ કરવા–માટે જનતા પ્રવૃત્ત બને છે.

બીજી બન્ને પ્રકારની આગાહીઓ માણસમાં એક પ્રકારનો આંધળો વિશ્વાસ પેદા કરે છે અને સાથે સાથે અમુક ઘટના નિશ્ચિતરૂપે બનવાની જ છે એમ જ્યારે તેને કહેવામાં આવે છે ત્યારે તે અંગે તેના માટે કશો પણ પુરૂષાર્થ કરવાપણું રહેતું નથી. કારણ કે પુરૂષાર્થનો યોગ હોય કે ન હોય, બનવાનું તે બનવાનું જ છે એમ તે માનતો હોય છે. વળી ઇષ્ટ ઘટનાની આગાહી ખોટી પડતાં તેનામાં લાંબા વખત માટે ઊંડી નિરાશા અને કર્તવ્યશૂન્યતા પેદા થાય છે. વળી અનિષ્ટ ઘટનાની આગાહી જ્યારે કરવામાં આવે છે ત્યારે તેને લગતી અનેક અમંગળ ભયજનક કલ્પનાઓ માનવીના મનને ઘેરી વળે છે અને તેમાંથી અનેક અનિષ્ટ માનસિક વલણો સામુદાયિક રૂપમાં પેદા થાય છે. આખરે ઘણી વખત આ અનિષ્ટ ઘટના વાસ્તવિક રૂપમાં નિર્માણ થતી નથી. એમ છતાં ઉપર જણાવેલ માનસિક અનર્થનાં પરિણામો તો માણસને સામુદાયરૂપે ભોગવવા જ પડે છે. આ રીતે આવી પુરૂષાર્થનિરપેક્ષ આગાહીઓમાં શ્રદ્ધા રાખવાથી લાભ ઓછો અને નુકસાન ઘણું વધારે થાય છે. આ જોતાં આવી આગાહીઓને મનમાં જરા પણ સ્થાન ન આપવું એમાં જ આપણું શ્રેય રહેલું છે એમ લાગે છે. આ રીતે વિચારતાં વર્તમાન ઉપર ચિત્તને કેન્દ્રિત કરવું, વર્તમાનના દર્શન ઉપર ભાવીનો વિચાર કરવો, એ રીતે ભાવીમાં દેખાતાં સારાં તત્વોને પુષ્ટ કરવાનો અને પ્રતિકુળ તત્વોને નાબુદ કરવાનો, નહિવત્ કરવાનો–પ્રયત્ન સેવવો–આ જ આપણા માટે શાણપણભર્યો અને સ્વપરહિતસાધક માર્ગ લાગે છે. આ કોઇને અશ્રદ્ધાનો માર્ગ લાગશે. તે જે હો તે ભલે હો. પણ તેથી બીજો માર્ગ કેવળ અંધશ્રદ્ધાનો અને આમથી તેમ અથડાવાનો છે એમાં કોઇ શંકા જ નથી. **પરમાનંદ**

'વર્તમાન પરિસ્થિતિ' ઉપર
શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે આપેલું વ્યાખ્યાન

તા. ૪–૩–૫૮ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં બોલાવાયલી જાહેર સભામાં શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે 'વર્તમાન પરિસ્થિતિ' એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. આજથી ચાર મહીના ઉપર તા. ૫–૧૧–૫૭ ના રોજ આજ વિષય ઉપર બોલતાં તત્કાલીન આન્તરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય પરિસ્થિતિ–વિશેષે કરીને રાજકારણી પરિસ્થિતિ–ઉપર શ્રી. ચીમનભાઇએ સવિસ્તર વિવેચન કર્યું હતું. તેના અનુસંધાનમાં છેલ્લા ચાર મહીનાના ગાળા દરમિયાન ઉભય ક્ષેત્રે બનેલી વિશિષ્ટ ઘટનાઓ ઉપર બોલતાં આરબ રાજ્યોનાં–મીસર અને સીરીઆ, ઇરાક અને જોર્ડનનાં–નવાં જોડાણોનું રાજકારણી મહત્વ તેમણે સમજાવ્યું હતું અને આજ સુધી ગોઠવાયલા રાજ્યસત્તાના સમધારણને–Balance of Power ને–આ નવી ઘટના કેવી રીતે અસ્થિર બનાવી રહેલ છે તે મુદ્દાને વિસ્તારથી ચર્ચ્યો હતો. ઇન્ડોનેશીઆમાં તાજેતરમાં જે બળવો ઉભો થયો હતો તે વિષે પણ તેમણે વિવરણ કર્યું હતું. ત્યારબાદ દેશની આન્તર્ગત પરિસ્થિતિ ઉપર આવતાં મૌલાના અબુલ કલમ આઝાદનું અવસાન મુંદરા પ્રકરણ અને શેખ અબ્દુલ્લાનો કરવામાં આવેલ છુટકારો–એ ત્રણ બાબતો તેમણે ચર્ચી હતી. મૌલાના આઝાદે રાષ્ટ્રની આઝાદીની લડતના અન્તભાગમાં ભજવેલો અતિ મહત્વનો ભાગ, હિન્દુ–મુસ્લીમ એકયની જાળવણીમાં તેમનું મહત્વનું સ્થાન, પં. નહેરૂ સાથેનો તેમનો સંબંધ અને મૌલાનાનું પ્રભાવશાળી અને સંસ્કારસંપન્ન વ્યક્તિત્વ આદિ બાબતો તેમણે રજુ કરી હતી. મુંદરા પ્રકરણ અંગે બોલતાં વિગતોનો અને પરિણામોનો પુરો વિચાર કર્યા સિવાય ઉભું કરવામાં આવેલ તપાસ કમીશન, તપાસનું અધુરાપણું, એટર્ની જનરલ અને કમીશનના પ્રમુખનું એકતરફી દેખાતું વલણ, આ તપાસની સીવીલ સર્વીસ ઉપર થનારી માઠી અસર અને આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે આ તપાસ અને તેના ચુકાદાના પરિણામે ભારતની પ્રતિષ્ઠાને થયેલી અસાધારણ હાનિ–તપાસ કમીશનને લગતાં આવા કેટલાક પ્રતિકુળ મુદ્દાઓનું તેમણે સવિસ્તર વિવેચન કર્યું હતું અને એ રીતે એક જ દિશામાં વિચાર કરી રહેલા શ્રોતાઓને વિચારપ્રેરક એવું નવું દૃષ્ટિબિન્દુ તેમણે પુરું પાડ્યું હતું. શેખ અબ્દુલ્લાને તેની ઉપર અદાલતી કામકાજ ચલાવ્યા સિવાય અનિયત મુદત સુધી અટકમાં રાખી ન શકાય–એવા ખ્યાલથી પ્રેરાઇને ભારત

સરકારે તેમને છુટા કર્યા લાગે છે. આટલા લાંબા જેલવાસથી અને એ ગાળા દરમિયાન કાશ્મીર અંગે જે કાંઈ બની ગયું છે તે બધું ધ્યાન ઉપર આવતાં તેના વલણમાં કાંઈક ફેરફાર થયો હશે એવી સેવવામાં આવેલી આશા, આજે તે જે રીતે બોલી રહેલ છે અને વર્તી રહેલ છે તે જોતાં, ખોટી પડી છે અને તેને વધારે વખત છૂટો રાખવામાં દેશની અને ખાસ કરીને કાશ્મીરની સુલેહ શાન્તિને જોખમ છે એવું ભાન સૌ કોઈ જવાબદાર માણસોને થઈ રહ્યું છે અને તેથી તેને હવે લાંબો વખત છૂટો રહેવા દેવામાં નહિ આવે એમ સૌ કોઇનું માનવું છે.

ત્યાર બાદ કેટલીએક પ્રશ્નોત્તરી થઈ હતી, અને એ રીતે પ્રસ્તુત વ્યાખ્યાન સાંભળનારાઓના મનમાં ઉભી થયેલી કેટલીક શંકાઓનું નિવારણ કરવામાં આવ્યું હતું. આ સભા એક નાના સરખા શિક્ષણવર્ગ સમી બની ગઈ હતી. ખાસ જેને રસ હોય એવા શ્રોતાઓની પરિમિત સંખ્યામાં હાજરી, બધા લગભગ એકમેકને પરિચિત, અને રોજ બરોજ બનતી ઘટનાઓનો અને રાજકારણી પ્રવાહોનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરતા એવા વ્યાખ્યાતા—આ સુયોગના પરિણામે સભા બહુ રસમય બની હતી. એક રીતે કહીએ તો પ્રસ્તુત પ્રસંગે થી ચીમનભાઇએ, આપણે જેને વ્યાખ્યાન કહીએ છીએ તેવું, કોઈ વ્યાખ્યાન આપ્યું નહોતું. પણ એકત્ર થયેલાં ભાઈ–બહેનો સાથે મુક્ત મને વાર્તાલાપ કર્યો હતો અને વિવિધ ઘટનાઓ પરત્વે પોતાના દિલમાં ઉઠેલાં સંવેદનોના સૌને ભાગીદાર બનાવ્યા હતા. આ પ્રમાણે દર ત્રણ યા ચાર મહીનાના ગાળે આવી સભાઓ યોજવામાં આવશે અને શ્રી ચીમનભાઇના બહોળા જ્ઞાન, અવલોકન અને અનુભવનો સંઘના સભ્યોને તેમજ જાહેર જનતાને લાભ મળતો રહેશે.

આ પણ હકીકત છે, અને એ પણ હકીકત છે.

તા. ૧૭–૨–૫૮ ના મળેલી મુંબઈની મ્યુનીસીપલ કોરપોરેશનની સભામાં ૧૯૫૮–૫૯ ના 'એ' અંદાજ પત્રમાંના ખર્ચની ચર્ચા હાથ ધરવામાં આવી ત્યારે 'બોમ્બે સીવીક જર્નલ' એ નામના મુંબઈ કોરપોરેશન તરફથી પ્રગટ કરવામાં આવતા માસિકના ખર્ચની વિગતો બહુ મોટી ચર્ચાનો વિષય થઇ પડયો હતો. આ વિગતો આ મુજબ હતી. આ માસિક માટે રૂા. ૫૧૦૦૦ નો ખર્ચની માંગણી કરવામાં આવી હતી. આગળના વર્ષ દરમિયાન તે પાછળ રૂ. ૬૧૦૦૦ નો ખર્ચ થયો હતો. તેની માત્ર ૧૦૦૦ નકલ છાપવામાં આવે છે. તેમાંથી પણ તેનો ફેલાવો બહુ જ નજીવો છે, અને એ કોરપોરેશનના મુખપત્રમાં મૌલિક કશું આવતું નથી અને કોરપોરેશનને લગતા કેટલાક સમાચારો આપવા ઉપરાંત ઘણા મોટા ભાગે બીજા છાપાઓમાંથી ઉતારા લેવામાં આવે છે. તેના તંત્રીને રૂ. ૭૦૦ નો પગાર આપવામાં આવે છે. તે ઉપરાંત એક બીજો મદદનીશ તંત્રી, સરકયુલેશન મેનેજર અને ઉંચા પગાર મેળવતો સ્ટાફ છે. આ ઉપરાંત આ પત્રના અમુક સભ્યોને જ્યારે તેઓ જરાક જેટલી મુસાફરી કરે છે ત્યારે મુસાફરીનાં ભથ્થાં અપાય છે. આ પત્રના તંત્રીને પ્રાદેશિક ભાષાઓનું જ્ઞાન નથી અને તેથી સુધરાઇના અહેવાલો પણ આપી શકતા નથી.

આ સાથે સરખાવો પ્રબુદ્ધ જીવનને લગતા ખર્ચની વિગતો. પ્રબુદ્ધ જીવનમાં જાહેર ખબરો લેવાની નહિ હોવાથી તે બાજુની પ્રબુદ્ધ જીવનને કોઇ આવક નથી, જ્યારે બોમ્બે સીવીલ જર્નલને જાહેર ખબરની ચોક્કસ આવક છે. પ્રબુદ્ધ જીવનના તંત્રીને કોઈ પગાર આપવામાં આવતો નથી. તેના વ્યવસ્થાપકને દર માસે રૂ. ૫૦ નો પગાર આપવામાં આવે છે. આ સિવાય તેને બીજો કોઈ સ્ટાફનો ખર્ચ નથી. પ્રબુદ્ધ જીવન ઉપર મુસાફરી ખર્ચનાં કોઇ ભથ્થાં ચડતા નથી. તેની આશરે ૬૦૦ નકલો પ્રગટ કરવામાં આવે છે. તે પાછળ આગળના વર્ષોમાં રૂ. ૧૫૦૦–૧૬૦૦ ની ખોટ આવતી હતી. ગયા વર્ષે છપાઇ તથા કાગળના ભાવ સારા પ્રમાણમાં વધવાના કારણે તેમજ થોડા વધારે પાનાની વાચન સામગ્રી પૂરી પાડવાને લીધે રૂ. ૨૨૦૦ ની ખોટ આવી છે. તે પાક્ષિક પત્ર છે અને સાધારણ રીતે દશ પાનાનો અંક પ્રગટ કરવામાં આવે છે.

બોમ્બે સીવીલ જર્નલનું એક ચિત્ર છે; પ્રબુદ્ધ જીવનનું બીજું ચિત્ર છે. તે પ્રત્યેક ચિત્ર સ્વતઃ પોતાની ભૂમિકા રજુ કરે છે. તે ઉપર કોઈ ટીકાટીપ્પણની જરૂર નથી.

થૉરો અને ગાંધીજી

(ગત વર્ષ ૧૯૫૭ ના જુલાઈ માસની ૧૭ મી તારીખે અમેરિકાના કોંકોર્ડ (મેસેચ્યુસેટસ) માં આવેલા ફર્સ્ટ પેરીશ ચર્ચમાં થૉરો સોસાયટીની વાર્ષિક સભામાં ભારતના એલચી શ્રી ગગનવિહારી લલ્લુભાઈ મહેતાએ 'થૉરો અને ગાંધીજી' ઉપર એક વ્યાખ્યાન આપેલું. જેમ ગાંધીજીએ પોતાના જુદા જુદા વિચારોની પ્રેરણા સમકાલીન અથવા તો પુરોગામી એવી એક યા બીજી વિશિષ્ટ વ્યક્તિ પાસેથી મેળવેલી તેની રીતે અસહકાર અને સવિનય કાનૂનભંગના ખ્યાલો તેમને વધારે સ્પષ્ટરૂપમાં અમેરિકન ફિલસુફ થૉરોનાં લખાણોમાંથી મળેલા. તે બન્નેની વિચારસરણીમાં ઘણું સામ્યુ હતું એ બન્ને આધુનિક યુગની વિશિષ્ટ વિભૂતિઓ હતી. એ બન્ને મહાપુરુષોના ચિન્તનની તુલનાત્મક આલોચના પ્રસ્તુત વ્યાખ્યાન અમુક અંશે પૂરી પાડતું હોઇને, પ્રબુધ્ધ જીવન માટે અધ્યાપક રમણલાલ શાહે કરી આપેલો એ વ્યાખ્યાનનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. ગાંધીજીને વિશેષ અને વિશેષ જાણવામાં જેમને રસ છે તેમના માટે આ વ્યાખ્યાન જરૂર ઉપયોગી છે. આ મૂળ વ્યાખ્યાનના કેટલાક વિભાગો એ દિવસોમાં ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં પ્રગટ થયેલા અને તેનો અનુવાદ તત્કાલીન 'ભૂમિપુત્ર' માં પ્રગટ કરવામાં આવેલો. આખા વ્યાખ્યાનનો સળંગ અનુવાદ આપવાનો તો આ પહેલો જ પ્રયત્ન છે. તંત્રી)

અમેરિકન હબસીઓએ અલબામાના મોંટગોમેરી શહેરમાં બસ–બહિષ્કારનું સફળ આંદોલન ચલાવ્યું ત્યારે એ આંદોલનના નેતા રેવરન્ડ માર્ટિન લ્યુથર કિંગે કહ્યું હતું કે એમણે પોતાના આંદોલન માટે પૂજ્ય મહાત્મા ગાંધીજીના અહિંસક પ્રતિકારના વિચારમાંથી પ્રેરણા મેળવી હતી. ગાંધીજી ઇ. સ. ૧૯૦૭ માં લંડનમાં કાયદાનો અભ્યાસ કરતા હતા ત્યારે થૉરોનો 'Civil Disobedience' (સવિનય કાનૂનભંગ) નામનો લેખ એમના વાંચવામાં આવ્યો, અને એની એમના ઉપર ભારે અસર થઈ હતી. બીજી બાજુ, થૉરોએ ભારતીય ફિલસૂફીનો ગહન અભ્યાસ કર્યો હતો અને હિંદુ શાસ્ત્રોનો એ સારો જાણકર હતો.

લુઇ ફિશર લખે છે તે પ્રમાણે: 'મેસેચ્યુસેટસના થૉરોએ ગાંધીજીના ભારત પાસેથી જ્ઞાન મેળવ્યું અને પોતાનાં લખાણોદ્વારા એ પાછું આપ્યું, જે ગાંધીજી આફ્રિકાની જેલની કોટડીમાં પુરાયેલા હતા તે દરમિયન તેમને પહોંચ્યું. આજે જ્યારે આપણે અણુશક્તિ અને ભૌતિક સંપત્તિની વાતો કરીએ છીએ ત્યારે એ પણ યાદ રાખવું જોઇએ કે હવાઇ જહાજો અને પ્રચારનાં સાધનો વિનાની દુનિયામાં પણ વિચારો કેટલા બધા શક્તિશાળી હોય છે અને આખી દુનિયામાં કેવી રીતે પ્રસરી જઇ શકે છે?

વળી, જે જમાનામાં થૉરો, ઇમર્સન અને અધિમાનસવાદીઓ (Transcendentalists) એ ભારતીય તત્ત્વવિચારણાનો અભ્યાસ કર્યો તે જમાનામાં પરસ્પર વ્યવહારનાં આવાં કાંઇ આધુનિક સાધનો નહોતાં, અને છતાં થૉરો પાસે પોતાના પુસ્તકાલયમાં વિલ્કિન્સનું 'ઋગ્વેદસંહિતા,' 'ઉપનિષદો' અને 'ભગવદ્ગીતા'નાં ભાષાંતરો, 'મીમાંસા' તથા 'ન્યાય'નાં ભાષ્યો, ભાગવત પુરાણ, વિષ્ણુ પુરાણ, કાલિદાસનું શાકુન્તલ, થિયેટર ઓફ ધી હિંદુઝ ઉપરના બે ગ્રંથો વગેરે પુસ્તકો હતા. વિશાળ અંતર ઓળંગીને મન સાથે મન વાતો કરતાં, કારણ કે વિચારોને પાંખો હતી.

ગાંધીજીના જીવન પર થૉરોનાં લખાણોની ઊંડી અસર પડી હતી. એટલે જ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં 'ઇન્ડિયન ઓપિનિયન' નામના પત્રમાં થૉરોનાં કેટલાંક લખાણોનાં ઉતારાઓ આપ્યા હતા અને એનાં ભાષાંતરો પ્રગટ કર્યા હતાં. ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકામાં જેલમાં હતા ત્યારે એમણે ઉચ્ચારેલા શબ્દો, થૉરોના જેલવાસના અનુભવના શબ્દોનું જ જાણે પુનરુચ્ચારણ હોય તેવા હતા—"હું જેલમાં હોઉં એવું એક ક્ષણ માટે પણ મને લાગ્યું નથી. આ જેલની દીવાલો મને પથ્થર અને સિમેન્ટના બનેલ બને જણાતી." પ્યારેલાલ કે જેઓ વર્ષો સુધી ગાંધીજીના મંત્રી તરીકે

રહ્યા હતા અને જેમણે ગાંધીજીનું જીવન ચરિત્ર પણ લખ્યું છે, તેમણે ગાંધીજી અને થૉરોના વિચારો વચ્ચે અને વ્યક્તિગત લાક્ષણિકતાઓ વચ્ચે રહેલા વિશિષ્ટ સામ્યનો નિર્દેશ કર્યો છે. ગાંધીજી અને થૉરો બંને ઉંચે આસને બિરાજી તત્ત્વજ્ઞાનની વાતો કરનારા નહોતા. તેઓ તો પોતાની વિચારણા પ્રમાણે જીવવાની સબળ અને ઉત્કટ ઇચ્છાવાળા સત્યશોધક હતા.

આમ છતાં, એ બંને વચ્ચે એક મૂળભૂત ભેદ હતો. થૉરો પોતાના વિચારો પ્રમાણે પોતાનું જીવન જીવતા હતા. ગાંધીજી પોતાના સિદ્ધાન્તો સામાજિક અને રાજદ્વારી પ્રશ્નોને લાગુ પાડીને રાષ્ટ્રના નેતા બન્યા હતા.

થૉરોના જીવનમાં ગાંધીજીના જીવન પર મુખ્યત્વે અસર કરનારી બાબત એ હતી કે પોતે જે વસ્તુ અમલમાં મૂકવા તૈયાર ન હોય તે તેઓ બીજાને શીખવતા નહિ. આ જ તત્ત્વ ગાંધીજીની ફિલસૂફીનો પાયો હતો. તેઓ મહાન નેતા હતા, તેમણે પોતે જે ન કર્યું હોય અથવા કરવા તૈયાર ન હોય તે તેઓ બીજાને કદી કરવાનું કહેતા નહિ. વિચાર અને વર્તન વચ્ચે કંઇ અંતર ન હોવું જોઇએ એમ તેઓ હંમેશાં માનતા હતા.

થૉરોની જેમ ગાંધીજી પણ પોતાની જાતના કડક પરીક્ષક હતા. સામાન્ય રીતે આપણે બધા આપણી જાતની પરીક્ષા કરવામાં બહુ ઉદાર રહીએ છીએ અને આપણા દોષો પ્રત્યે બહુ દયાભાવ બતાવીએ છીએ, પણ બીજાની બાબતમાં જરાસરખી ભૂલ હોય તો તેને વખોડવામાં આપણે બહુ જ કડક અને ઉગ્ર બનીએ છીએ. પરંતુ ગાંધીજી પોતાની જાતને માફ કરવાનું કયારેય શીખ્યા નહોતા.

માનવની મહત્તા, વ્યક્તિની સ્વતંત્રતા અને આત્માના સાર્વભૌમત્વ વિશેની થૉરોની મૂળભૂત માન્યતા ગાંધીજીએ પણ અપનાવી હતી. રાજદ્વારી વિચારકો સામાન્ય માનવીના, દિલમાં ચાલી રહેલા પ્રશ્નોની ચર્ચા કરે છે. રાજદ્વારી માણસો વધારે વ્યવહારુ હોય છે, અને એથી જ પ્રજાનો મત ઘડવાના પ્રયત્નો કરે છે. પરંતુ રાષ્ટ્રના આત્માને જગાડવાનું કાર્ય તો એક પયગંબર દેવદૂત કે શહીદ જ કરી શકે છે. ગાંધીજી અને થૉરો એવા મહામાનવો હતા.

તેઓ ફક્ત પોતાના આત્માને જ વિકાસને પંથે દોરી જવામાં સંતોષ માનતા નહોતા. એમણે તો જીવનનાં નવાં મૂલ્યો સ્થાપવાનું અને જીવનની નવી પદ્ધતિ અખત્યાર કરવાનું કાય કર્યું હતું. થૉરોની જેમ ગાંધીજીનું સમગ્ર જીવન પણ, જીવનનાં કોઇપણ ક્ષેત્રમાં આત્માનો અનાદર થાય એવાં કાર્યો સામે સતત નૈતિક યુદ્ધ કરવાપણાથી જ ભર્યું હતું. જગતમાં આવા માનવીઓ જ આપણામાં રહેલા આત્માના શાંત અવાજ–still small voice within us–થી પ્રેરાઇને અધર્મની સાથે ઝુંબેશ જગાવતા હોય છે.

થૉરો અને ગાંધીજી જેવા મહામાનવો માટે તો અન્તરાત્મા Conscience–નો અવાજ એજ સાચી કસોટી અને એજ સાચી પ્રતીતિ છે. એમની વિચારસરણીમાં અન્તરાત્મા એ કોઈ તરંગ નથી કે અનિશ્ચિત આવેગ નથી. એ એક નૈતિક વૃત્તિ છે; સમગ્ર વ્યક્તિત્વ સાથે સુસંગત એવી સુગંભીર બુદ્ધિ છે. એ સત્ય અને અસત્યનો નિર્ણય કરે છે. એ નૈતિક શક્તિનું ઉદ્‌ભવસ્થાન છે; નૈતિક આચારનો રક્ષણહાર છે; એ જીવનનું એક મૂળભૂત તત્ત્વ છે કે જે કદિ કોઇના શરણે મુકાય નહિ. માટે જ દરેક માનવીને એક નીતિપ્રધાન વ્યક્તિ તરીકે સ્વીકારવો જોઇએ, કારણ કે સમાજને ઘડવામાં માણસ પોતાની નૈતિક શક્તિનો ઉપયોગ કરીને જ ફાળો આપી શકે છે. પ્રો. હેરોલ્ડ લાસ્કીએ પોતાના Authority in the Modern State એ નામના પુસ્તકમાં કહ્યું છે કે "લોકશાહી સરકારને સ્થાયીપણે ટકાવી રાખવાનો ઉપાય એ છે કે કોઈ પણ બૌદ્ધિક નિર્ણયને છેવટની નિશ્ચયાત્મક બહાલી અન્તરાત્મા તરફથી મળવી જોઇએ. કોઈપણ સત્તા–પછી તે ગમે તે આકારની કે રૂપની હોય, રાજકીય હોય કે ધાર્મિક હોય–આવી કોઈ પણ સત્તાને કોઇનો ડર હોય અને કોઇનો પણ સામનો કરવા તરફ તેનું સ્વાભાવિક વલણ હોય તો તે આ અન્તરાત્માના–અન્તઃકરણના–આદેશ મુજબ વર્તવાના માનવી પ્રકૃતિમાં રહેલા આગ્રહ પરત્વે હોય છે. આમ હોવા છતાં પણ પોતાના 'Dangers of Obedience and Other Essays' માં પ્રો. લાસ્કીએ ભાર મૂકીને જણાવ્યું છે તે મુજબ "નાગરિકોના અન્તઃકરણના પાયા ઉપર જેની સ્થાપના થઈ હોય એ સિવાયના કોઈ પણ રાજ્યને સ્થિરતા પ્રાપ્ત થઈ છે એમ કહી ન શકાય."

થૉરોની જેમ ગાંધીજીનો આત્મા પણ એક કડક હાથે કામ લેનાર માણસનો હતો. એણે પોતાને મંજૂર ન હોય એવી કોઇ પણ સત્તાની સાર્વભૌમતાનો ઇન્કાર કરતાં માણસોને શીખવ્યું; એણે બાહ્ય સત્તાનો પોતાના પર કેટલો અંકુશ હોવો જોઇએ એની મર્યાદા નક્કી કરી. બર્ટ્રાન્ડ રસેલે પોતાના 'જસ્ટીસ ઇન વોર ટાઇમ' નામના પુસ્તકમાં લખ્યું છે કે "કોઈપણ માણસની શારીરિક સ્વતંત્રતા છીનવી શકાશે, પણ આધ્યાત્મિક સ્વાતંત્રતા કે જે એનો જન્મસિદ્ધ હક્ક છે તે એની પોતાની સંમતિ વિના એની પાસેથી છીનવી લેવાને દુનિયાની કોઇ પણ સરકાર કે કોઇ પણ લશ્કર અશક્તિમાન છે." આ વિચારણા પર ગાંધીજી અને થૉરોએ પોતાની જીવનનાં મૂલ્યોની યોજનાનો પાયો રચ્યો હતો. તેમના જીવનમાં પોતાના અન્તરાત્માની–inner voice–ની સંમતિ હંમેશાં મેળવવાની રહેતી. પ્રો. લાસ્કીએ અન્ય કોઇ સંદર્ભમાં કહ્યું છે તેમ "એમનુ જીવન પોતાની સચ્ચાઈ વિષેની પ્રતીતિસિવાય બીજી બધી જ સત્તાને પડકારનાર માનવમનના સર્વોપરીપણાના સતત સમર્થનરૂપ હતું."

ગાંધીજીનો અન્તરાત્મા ફક્ત પોતાના જીવનને જ દોરનાર નહોતો. ત્રણ દાયકા સુધી એમણે પ્રજાના જીવનને દોર્યું હતું અને ઘડ્યું હતું. વર્તમાન યુગના એ એક નૈતિક થેરોમીટર–માપક યંત્ર–બન્યા હતા. એમણે રાજકારણમાં ઝંપલાવ્યું, અને જરૂર પડી ત્યારે રાજદ્વારી આંદોલનો બંધ પણ કરી દીધાં. જ્યારે જ્યારે અસત્ય સામે એમના અન્તરાત્માએ બળવો કર્યો ત્યારે ત્યારે એમણે આમરણાંત ઉપવાસ કર્યા. ગાંધીજી અને થૉરોનો આત્મા સતત જાગૃત અને સતત સ્પંદનશીલ હતો. એટલે જ એમના જીવનમાં આધ્યાત્મિક શૂન્યતા કે નૈતિક ઉદાસીનતા કદિ પણ દૃષ્ટિગોચર થઇ નહોતી.

એમનું જીવન એટલે સતત ખોજ અને સતત સંઘર્ષ. આવા માણસો બીજાઓને પણ આત્માની ખોજ કરવાની ફરજ પાડે છે. તેઓ આપણામાં રહેલાં સ્વાર્થ, ક્ષુદ્રતા, ધિક્કાર વગેરે પર નિમંત્રણ મૂકે છે. આખી પ્રજાને ઉર્ધ્વ માર્ગે લઇ જાય એવી નૈતિક તાકાત તેઓ આપે છે. થૉરોએ કહ્યું હતું તે મુજબ "કોઇ અમુક વ્યક્તિઓમાં શિવની ભાવના સંપૂર્ણપણે મૂર્તિમન્ત થાય એ જેટલું જરૂરનું છે તેટલી જરૂર તમારી માફક બધા ભલા હોય–સારા હોય–એની નથી. કારણ કે આવી વ્યક્તિઓ જ આખા સમાજને સવિશેષ ચેતનવન્તું શકે છે." આવા મહાન માણસોના અન્તરાત્માની સૂક્ષ્મ અને કવચિત ન સમજાય એવી બાજુની આપણે જરા પણ અવગણના કરી શકીએ નહિ, સિવાય કે આપણે જીવનનાં સાચાં મૂલ્યોની જ ઉપેક્ષા કરવા માગતા હોઇએ. આવા માણસોનો અન્તરાત્મા જ આપણે સાચો પથદર્શક બને છે.

અહિંસાના સિદ્ધાન્ત પર મંડાયેલા સત્યાગ્રહના વિચારમાંથી ગાંધીજીએ સત્યાગ્રહ, અસહકાર, સવિનય કાનૂનભંગ વગેરે પદ્ધતિઓ ઉભી કરી. તત્ત્વતઃ ગાંધીજીએ એને 'સત્યાગ્રહ'નું નામ આપ્યું, જેનો અર્થ 'આત્મબળ' થાય છે. રાજકીય ક્ષેત્રે આ વિચારનો એમણે વિશાળ પાયા પર પ્રયોગ કરી બતાવ્યો એ ઘટના ઇતિહાસમાં અજોડ છે. રાષ્ટ્રીય આઝાદી મેળવવા માટે રાષ્ટ્રવ્યાપી ધોરણે અહિંસાના સિદ્ધાન્તનો એમણે જે અમલ કર્યો એ એ પ્રકારનો પ્રથમ વ્યવસ્થિત પ્રયાસ છે. શાંતિમય પ્રતિકારના ધોરણે એ રાજદ્વારી ક્રાન્તિ હતી.

અલબત્ત, અત્યારે જો કે એ વસ્તુને રાષ્ટ્રીય આઝાદી મેળવવાની એક પદ્ધતિ તરીકે મૂલવવામાં આવે છે; પણ ભવિષ્યના ઇતિહાસકારને એમાં ગહન અર્થ રહેલો સમજાશે, કારણ કે વ્યક્તિગત વિચારણા પર મંડાયેલી એ સામુદાયિક હિલચાલ હતી. વ્યક્તિગત સત્યાગ્રહદ્વારા સામાજિક અને રાજદ્વારી શક્તિનો સંચાર કરવાનો એ પ્રયોગ હતો. એની અંદર એક સક્રિય સામાજિક સિદ્ધાન્ત રહેલો હતો, અને ચોક્કસ સામાજિક, રાજદ્વારી અને આર્થિક અસર નીપજાવવી એ એનો ઉદ્દેશ હતો.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં વર્ણભેદ સામેની લડત દરમિયાન સૌથી પહેલાં આ પદ્ધતિ અપનાવી હતી. તેઓ ભારત પાછા ફર્યા પછી એમણે ખેડૂતો અને ગણોતિયાઓનાં દુઃખ દૂર કરવા પાછળ

અને ઔદ્યોગિક કામદારો માટેની લડતમાં એ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો, અને ૧૯૨૦ થી ૧૯૪૨ સુધીની રાષ્ટ્રીય લડતમાં પણ આ જ પદ્ધતિનો ઉપયોગ એમણે કર્યો હતો. સામાજિક પરિવર્તન આણવા માટે અહિંસક પ્રતિકારની આ પદ્ધતિ વર્તમાન જગતને ગાંધીજીની મોટામાં મોટી બક્ષીસ છે. લોકોનાં વિચાર અને રહેણી કરણી પર જેમણે ગંભીર અસર કરી છે એવા આજ સુધીમાં શોધાયલા, વિચારાયલા અને અમલમાં મુકાયલા સામાજિક અને આર્થિક સિદ્ધાન્તો અને વિચારણાઓ કરતાં જરા પણ ઉતરે નહિ એ પ્રકારની ગાંધીજીની આ પ્રયોગસિદ્ધ વિચારણા છે.

કદાચ એવો પ્રશ્ન ઉઠાવવામાં આવે કે શું આવા સિદ્ધાન્તમાં અરાજકતાનું બીજ નથી રહેલું? અને સમાજ વ્યવસ્થા તથા સમાજ જીવન માટે જરૂરી એવી સત્તાની શું એમાં અવગણના નથી થતી? પરંતુ થૉરો અને ગાંધીજીના સિદ્ધાન્તો યોગ્ય રીતે અને સંપૂર્ણપણે સમજવામાં આવે તો, તથા અન્તરાત્માના આદેશ મુજબ ચાલવાનો આગ્રહ આપણને નિર્બળ, દુષ્ટ કે તરંગી ન બનાવે અને આપણી સાચી નૈતિક દૃષ્ટિનો વિકાસ થાય તો આવી કોઈ અરાજકતાનો એ સિદ્ધાન્તોમાં જરાપણ ભય નથી. એમર્સને પોતાના 'પોલીટિકસ' વિષેના નિબંધમાં લખ્યું છે કે "આપણે ઘણી જ નીચી કક્ષાની દુનિયામાં રહીએ છીએ અને બળ ઉપર રચાયેલી સરકારોને અનિચ્છાએ માન આપીએ છીએ વિશ્વના ધાર્મિક અને સુધરેલા ગણાતા દેશોના ધાર્મિક અને બુદ્ધિવાળા માણસોમાં પણ, સમાજ કૃત્રિમ બળ વિના ટકી શકે છે એવી સમજણ માટેની પૂરતી માન્યતાનો કે નૈતિક વૃત્તિ ઉપર આધાર રાખીને ચાલવાની શ્રદ્ધાનો અભાવ વર્તે છે. વધારે વિચિત્ર તો એ છે કે સત્ય અને પ્રેમના સિદ્ધાન્ત પર રાજ્યની મોટા પાયા પર નવેસરથી રચના કરવાની પોતાને પ્રેરણા મળે એવી સત્યની શક્તિમાં કોઈપણ માણસને પૂરતી શ્રદ્ધા નથી. પોતાની નૈતિક ભૂમિકા પર મક્કમ રહીને કાયદાની સત્તાને સતત ધિક્કાર કોઇએ કર્યો હોય એવી કોઈ વ્યક્તિ મને યાદ આવતી નથી." આવા માણસો ખરેખર, જગતના સાચા સત્ત્વરૂપ છે. વસ્તુતઃ ઢોંગી સરમુખત્યારો અને વાચાળ ક્રાન્તિકારીઓ આપણને હમેશા દોરતા રહ્યા છે. સત્તાને પડકાર કરનારા પોતે સત્તાની નૈતિક કસોટી કરનારા નહિ, પણ ઘણું ખરું સત્તા પોતાને હાથ કરવાના જ લાલચુ હોય છે. ક્રાન્તિકારીઓ મોટા મોટા સિદ્ધાન્તોની વાતો કરે છે, પણ પોતાના હાથમાં સત્તા આવતાં તેઓ જ પ્રથમ પોતાના સિદ્ધાન્તોનો ભંગ કરે છે. સત્તાની ખેંચાખેંચમાં ધ્યેય ભુલાઈ જાય છે અને સાધનોનો ઉપયોગ પોતાની જાતની, પક્ષની કે પોતાની સરકારની લાગવગ વધારવા માટે કરવામાં આવે છે. થૉરો કહે છે કે સિદ્ધાન્તના પાયા ઉપર મંડાયલું કાર્ય-સત્યનું દર્શન અને તદ્નુસાર આચરણ–આમાંથી જ હંમેશાં ક્રાન્તિ પેદા થાય છે. જે ક્રાન્તિ સ્ત્રીપુરુષોનાં મન અને હૃદયને પ્રભાવિત કરે નહિ, અને એમને બૌદ્ધિક ભૂમિકા ઉપર વધારે ને વધારે સ્થિર કરે નહિ, વધારે ઉદાત્ત બનાવે નહિ અને વધારે સંવાદી જીવન જીવવાની પ્રેરણા આપે નહિ એ ક્રાન્તિ કદિ પાયાની ક્રાન્તિ બની શકે જ નહિ.

અમેરિકાની આઝાદીનું જાહેરનામું 'કુદરતી કાનૂન' 'Natural Law' અને કુદરતી હક્ક, 'Natural Rights' પર રચાયેલું છે. બીજા ઘણા લોકશાહી દેશોનું બંધારણ પણ એના પર રચાયેલું છે. આ 'કુદરતી કાનૂન' અને 'કુદરતી હક્ક'ના સિદ્ધાન્તના મૂળમાં સામાજિક કરારનો Social Contract નો વિચાર રહેલો છે. આ સિદ્ધાન્ત એવો આગ્રહ રાખે છે કે રાજ્યકર્તાઓ પ્રજા તરફથી પોતાને મળી હોય એટલી જ સત્તા નો ઉપયોગ કરે, અને જ્યારે સોંપવામાં આવેલી સત્તાનો 'કુદરતી કાનૂન'થી વિરુદ્ધ રીતે, 'કુદરતી હક્ક'ને વિઘાતક બને એ રીતે ઉપયોગ કરે કે તરત જ તે પાછી ખેંચી લેવામાં આવે અને એ હકને જાળવી શકે એવા બીજા રાજ્યકર્તાને સોંપવામાં આવે.

આ સિદ્ધાન્તને માનવવંશશાસ્ત્રના સંશોધને ખોટો ઠરાવ્યોછે. 'કુદરતી કાનૂન' એટલે શું અને 'કુદરતી હક્ક' એટલે શું? આમ એ શબ્દોની વ્યાખ્યા બાંધવી ઘણી અઘરી છે અને તેથી કાયદો અને સરકાર એ બન્ને ઉપર આ સિદ્ધાન્ત લાગુ પાડવા જતાં ઘણી ગુંચો પેદા થાય છે અને તે કારણે આ સિદ્ધાન્ત ઉપર આધાર રાખીને બહુ આગળ ચલાતું નથી. જેવી રીતે શેર બજારમાં ઉથલ પાથલ કરતાં વિચિત્ર બળોને 'કુદરતી' આર્થિક કાયદાઓ તરીકે લેખવામાં આવે છે તેવી રીતે જે સ્થિતિ હોય તેને એમને એમ ચાલવા દેવી એનું નામ 'કુદરતી' હક્કોની જાળવણી એવી સમજણ પ્રવર્તતી જોવામાં આવે છે. આવા સંયોગોમાં 'Nature'–'કુદરત' એ શબ્દથી જે ભાવ સુચવવામાં આવે છે તે ભાવનો ઝોક જેની પાસે કશું નથી તેની તરફ નહિ પણ જે અર્થસંપન્ન છે તેની તરફ ઢળી જતો હોવાનું માલુમ પડે છે. આ ખ્યાલ મુજબ જે માણસ વરૂના પંજામાંથી ઘેટાને બચાવવાનો પ્રયત્ન કરે તે માણસને 'કુદરતી'–'Natural' પ્રગતિની રૂકાવટ કરનાર એક પાપી માનવી તરીકે લેખવાનું પણ બને. આમ છતાં જેટલા અંશે આ સિદ્ધાન્ત સત્તાની છેવટની મર્યાદા ઉપર અને વ્યકિતની નૈતિક મહત્તા ઉપર ભાર મૂકે છે તેટલા અંશે આ સિદ્ધાન્તમાં અમુક મૂલ્યવત્તા રહેલી જ છે. હજુ તાજેતરમાં જ યુનાઇટેડ સ્ટેટસની વરિષ્ઠ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિએ એવા આશયના ઉદ્ગાર કાઢેલા કે "અન્તરાત્માના દરબારમાં રાજ્ય કરતાં પણ વધારે મોટી એવી નૈતિક સત્તા પ્રત્યેના કર્તવ્યપાલનને હંમેશા સવિશેષ પ્રધાન્ય અને મહત્ત્વ આપવામાં આવ્યું છે." અને 'અન્તરાત્માદ્વારા આવિષ્કાર પામતી અદભ્ય નૈતિક શકિત' તરીકે જેને જહોન લોર્ડ ઓફ્રીઆંગે ઓળખાવેલ તેનું તેમણે આહ્વાન પણ કરેલું.

એક બાજુ સુધારાઈ અને નાગરિક જીવનમાં ક્રમે ક્રમે બળજબરી અને હિંસાનું સ્થાન કાયદો લેતો જાય છે, અને બીજી બાજુ હજુ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના મતભેદો દૂર કરવા માટે બળજબરી અને હિંસાને જ સાધન તરીકે સ્વીકારવામાં આવ્યાં છે. પરંતુ એટલું તો સાચું જ છે કે એક બીજાં રાષ્ટ્રોનો નાશ કરવાને બદલે જ્યાં સુધી એમની વચ્ચેના મતભેદોનું અને ઝગડાઓનું નિરાકરણ કરવા માટે આપણે વધારે ડહાપણ ભરેલી પદ્ધતિ ન શોધી કાઢીએ ત્યાં સુધી સંસ્કૃતિનું ભાવી ઉજ્જવળ નથી.

જાપાન પર અણુબોમ્બનાં ઉપયોગ થયો ત્યારે ગાંધીજીએ કહ્યું હતું કે જો જગત હવે અહિંસાનો સ્વીકાર કરશે નહિ તો માનવ-જાતનો આત્મઘાત નિશ્ચત છે. છેલ્લાં બાર વર્ષની ઘટનાઓએ બતાવી આપ્યું છે કે પ્રમુખ આઇઝનહોવરે કહ્યું છે તેમ "શાંતિને બદલે બીજો કોઇ વિકલ્પ નથી અને અણુશસ્ત્રોએ પોતે જ એ શસ્ત્રો ધરાવનાર દેશોને પાંગળા બનાવી દીધા છે." રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના ઝગડાના ઉકેલ માટે રાષ્ટ્રો પરસ્પર સામસામાં અણુશસ્ત્રો અને હાઈ-ડ્રોજન બોમ્બ લાદને ખડાં થાય એ કરતાં શાંતિભર્યો માર્ગ, ભલે મુસ્કેલ અને અસંતોષકારક હોય તો પણ, સ્વીકારવા જેવો છે; કારણ કે મોડે વહેલે જ્યારે યુધ્ધ ફાટી નીકળશે ત્યારે શસ્ત્રોની નિરંકુશ હોડ જગતનો વિનાશ આણશે. યુધ્ધથી હવે મુત્સદ્દીગીરીનાં નાનાં ધ્યેય પણ સિદ્ધ થશે નહિ. યુધ્ધથી તો આપણે જે કિંમતી લેખીએ છીએ અને જેને વહાલું ગણીએ છીએ એ બધું જ નાશ પામશે. સાચી સલામતી તો અત્યારે શાંતિનો પુરસ્કાર કરવામાં જ રહેલી છે.

આજનાં એકહથ્થુ સત્તાવાળાં રાજ્યમાં, ઔદ્યોગિક સામ્રાજ્યો, જડતાભર્યા રાજકીય પક્ષો અને ભારે શકિતશાળી સામાજિક સંગઠનોના આ બધાંનો–જમાનામાં થૉરો અને ગાંધીજી જેવાના વિચારો અગાઉ કરતાં પણ આજે ઘણું વધારે મહત્ત્વ ધરાવે છે. જે મૂલ્યોના સ્વીકાર સિવાય માનવ અસ્તિત્વનો કશો અર્થ નથી એવાં મૂલ્યોની જાળવણી માટે આપણી જાતને અર્પણ કરવા જમાને જમાને આવા મહાન માણસોની આપણને પ્રેરણા મળતી રહો એવી પ્રાર્થના!

મૂળ અંગ્રેજી–**ગગનવિહારી મહેતા**

અનુવાદ–**પ્રો. રમણલાલ શાહ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રીલ ૧૫, ૧૯૫૮, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વૃધ્ધાવસ્થાને આવકારતી અને વૃધ્ધોનો આદર કરતી
ચીની પ્રજા

(પ્રબુદ્ધ જીવનના વાંચકોને યાદ હશે કે પ્રબુદ્ધ જીવનના તા. ૧–૨–૫૮ ના અંકમાં "મારી જીંદગીનો આજે છેલ્લો દિવસ છે" એ મથાળા નીચે 'કાર્લ ગ્લીક' નામના એક અમેરિકન લેખકના 'Secret of Serenity' નામના પુસ્તકના પહેલા પ્રકરણનો શ્રી મેનાબહેન નરોત્તમદાસે કરેલો અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો હતો. એ પુસ્તકના બીજા એક પ્રકરણનો શ્રી મેનાબહેનને કરેલો અને વિકાસના તા. ૫–૨–૫૮ ના અંકમાં પ્રગટ થયેલો અનુવાદ નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. આ લેખમાં વૃદ્ધાવસ્થા વિષે ચીની પ્રજાનું માનસિક વલણ કેવું છે અને પોતાના વૃદ્ધજનો પ્રત્યે ચીની પ્રજા કેવી રીતે વર્તે છે તેનું બહુ સુન્દર નિરૂપણ કરવામાં આવ્યું છે. **તંત્રી**)

જીંદગીના ત્રણ દાયકા પૂરા થયા અને કંઇક પ્રૌઢાવસ્થાના ઉંબરે પગ મૂકયો ત્યારે વૃદ્ધાવસ્થા તરફ હું અણગમાથી જોતો. ઓછામાં ઓછું યુવાનીને છેલ્લી સલામ ભરવી અને કંઇક ચંચળ તથા ગભરાવનારી એવી વૃદ્ધાવસ્થાની કલ્પના કરવી એ ગમે એવું તો નથી જ. ચીની પ્રજાના સહવાસમાં આવ્યો ત્યાર પહેલાં મારી એવી માન્યતા હતી.

થોડા વખત પહેલાં અમેરીકાની યુનીવર્સીટીમાં અભ્યાસ કરતો એક ચીની વિદ્યાર્થી મને મળ્યો. તેણે મને પૂછયું, "તમને કેટલાં વર્ષ થયાં હશે?" "લગભગ સાઠ" મેં જવાબ આપ્યો. તેણે આશ્ચર્યથી મારી સામે જોયું અને પછી હસતાં હસતાં બોલ્યો "વાહ! સરસ! તમે યુદ્ધ, દુષ્કાળ, માંદગી, વગેરે કંઇક આપત્તિઓમાંથી પસાર થયા હશો, પણ તમારા ચહેરા ઉપર ખાસ અસર જણાતી નથી. જીવન જીવવાની કોઈ ખાસ કળા તમે જાણતા હોવા જોઇએ. સાઠ વર્ષ! વાહ, મારાં તમને અભિનંદન!"

વળી તેણે પૂછયું "આપનાં પત્નીની ઉંમર શું હશે?" મેં થોડાંક વર્ષ ઓછાં કરી નાંખ્યાં અને કહ્યું" "આસરે ચાળીશ". ત્યારે તો તેઓએ પણ વૃદ્ધત્વમાં પ્રવેશ કર્યો કહેવાય. "હું તેમને ય અભિનંદુ છું."

આ રીતે ઉંમર વિષે પૂછવામાં તે જરાયે અવિનયી નહોતો. ચાઇનીઝ રીવાજ પ્રમાણે તે સંપૂર્ણ વિવેકશીલ હતો. આ વિવેક અને મારા ચીની મિત્રોનો વૃદ્ધો પ્રત્યેનો આદર જ મારા દિલમાં વૃદ્ધાવસ્થાની નિરાશાને બદલે ઉત્સાહને પ્રેરે છે.

ખરું જોતાં ચાઇનીઝ લોકો ઉમરના વધવા તરફ આનંદથી જુએ છે. અને શા માટે નહિ? વૃદ્ધાવસ્થા–જો યોગ્ય રીતે તેના તરફ જોવામાં આવે તો–મનુષ્યના જીવનનો સૌથી વધારે સુખમય સમય ગણાય. વિઘ્નો, હાડમારી અને માનસિક દબાણના દિવસો પસાર થઈ ગયા છે. જો તમે થોડા ઘણા પણ તત્વચિંતક હો તો એક બાજુ બેસો, નિરાંતે આરામ કરો, અને યુવાવસ્થામાં જીવનમાં આગળ વધવા માટે ખેલેલાં યુદ્ધોનાં મીઠાં સ્મરણોને યાદ કરી માનસિક આનંદ અનુભવો.

કોઇ બાળ ચીનો હજી તેની પહેલી વીશીમાં હોય ત્યારે એમ કહીને તેને ઉત્સાહિત કરવામાં આવે છે કે "હજી આગળ તારે ઘણું લાંબુ આયુષ્ય છે. પ્રભુકૃપા હશે તો તું વૃદ્ધત્વ શાંતિથી ગાળીશ." સાથે તેને એમ પણ શીખવવામાં આવે છે કે 'કોઇ દિવસ વૃદ્ધોની દયા ન ખાઓ, કારણ કે તમે પણ એક દહાડો વૃદ્ધ થવાના છો.'

જ્યારે એક વ્યક્તિ પચાસ વર્ષ પૂરાં કરે છે ત્યારે ચીનાઓ તેને આદરથી નમે છે, આનંદ વ્યક્ત કરે છે અને કહે છે, "યુવાનો પાસે માત્ર તેમનું યૌવન જ છે, પણ તમારી પાસે તો કેટલાંયે વર્ષના અનુભવનો ખજાનો છે. તમને સેંકડો આશીર્વાદો મળશે. ખરેખર! તમે નશીબદાર છો."

આપણી પાશ્ચાત્ય માન્યતા કરતાં આ જુદી જાતની કલ્પના છે. આપણે યુવાનીને વધારે પડતું મહત્વ આપીએ છીએ. ચીનાઓ પાશ્ચાત્ય યુવાનની મશ્કરી કરતાં કહે છે. "આવા યુવાન મૂર્ખના જેવું બીજું કોઈ મૂર્ખ નથી."

આપણામાંના ઘણાને જ્યારે પોતાને એમ લાગે છે કે હવે જરાવસ્થા આવી રહી છે ત્યારે એક પ્રકારનો આઘાત લાગે છે, અને કંઇક ભયભીત થઇએ છીએ, છેલ્લા અમેરીકન છાપામાં વાંચવામાં આવ્યું હતું કે એક ડોકટરોની મીટીંગમાં ડોકટર માર્ટીન ગુમ્પાર્ટે કહ્યું કે "વૃદ્ધાવસ્થાના ભયથી આઘાત પામતા લોકોની કેમ સારવાર કરવી તે માટે ડોકટરોએ તૈયાર રહેવું જોઇશે." તેણે વધારામાં કહ્યું કે "આ આઘાત જ પ્રજામાં હાર્ટ ડીસીઝ, માનસિક અસ્વસ્થતા, જરા જરામાં ઉશ્કેરાટ, કામ કરવાની અસમર્થતા, સમાજ પ્રત્યે ધૃણા વગેરે અનેક રોગો ખેંચી લાવે છે." આ બધા દરદોનો ફેલાવો ચાઇનીઝ પ્રજામાં ઓછો છે. તેઓ કહેશે કે "ધીમે ચાલો. જે આજે કરવાનું છે તે કાલે પણ થઈ શકશે, અને કાલે કરવામાં કદાચ તમને વધારે મજા આવશે."

આપણે પાશ્ચાત્યો જ્યારે પોતે હવે ઘરડા થયા છે એમ માને છે ત્યારે પોતાને સૌથી વધારે ડહાપણવાળા માનવા લાગી જાય છે અને તે સાબીત કરવાના પ્રયત્નો પણ કરે છે. તેઓ એમ નથી સમજતા કે કદાચ મન અને જુસ્સો મંદ નહિં પડ્યાં હોય, પણ શરીર તો તેનો વૃદ્ધત્વનો ધર્મ ચૂકવાતું નથી. પોતાની ગતિ ધીમી પાડવાને બદલે, દરેક વસ્તુ તરફ શાંતિથી, સ્વસ્થતાથી જોવાને બદલે, "કદમ મિલાકે ચલો" ની જેમ પરાણે ધક્કો મારીને પણ યુવાનોની સાથોસાથ ચાલવાની શરીરને જાણે ફરજ પાડે છે. હવે જીંદગીનો અંત નજીક છે, માટે જેટલું ભોગવાય તેટલું ભોગવી લેવું–એમ માનતા હોઇએ તેવી રીતે આપણી ઇચ્છાઓને–પછી તે ભલી હોય કે બૂરી પણ તેને–પૂર્ણપણે તૃપ્ત કરવા પાછળ આપણે મંડયા રહીએ છીએ, અને પછી, જ્યારે ઘસાયેલું શરીર એ શ્રમને સહન કરી શકતું નથી ત્યારે એક દિવસ ઓચિંતું તે સાવ અટકી જાય છે. આ પરિસ્થિતિ નિશ્ચિત છે એમ સમજી લેવાને આપણે–પછી ભલે તે જ્ઞાનથી સમજીએ કે ક્ષોભ અને ઉદ્વેગથી સમજીએ–તૈયાર નથી. મશીન–શરીર–જુનું થયું છે, ઘસાવા લાગ્યું છે, જેવું પહેલાં હતું તેવું આજે નથી રહ્યું એ નજરે દેખાય છે, છતાં એ શરીરને એવું ને એવું રાખવાના–એવું ને

એવું દેખાડવાના-ચક્કરમાં આપણે પડી જઈએ છીએ. અને જ્યારે એ બધામાંથી પાછા પડીએ છીએ ત્યારે હવે હું સમાજને કંઈ ઉપયોગી નથી એમ માની હતાશ થઈને બેસીએ છીએ. પણ ચીના લોકો આનાથી ઉલટું જ માને છે. તેમને વૃદ્ધત્વનો ભય નથી. ખોટા યુવાન દેખાવાનો ડોળ પણ કરતા નથી. તેઓ તો કહે છે "જિંદગી હવે જ શરૂ થાય છે."

એક ઉનાળાની સાંજે ચાઇનાટાઉનની એક શેરીમાંથી હું પસાર થતો હતો ટેકઠેકાણે દુકાનોનાં બારણાં પાસે બે ત્રણ બે ત્રણ ઘરડાંઓ ધીમે ધીમે પંખો ખાતાં અને "મેગપાઇ" પંખીની જેમ ફોલ્ખીલ ફોલ્ખીલ વાતો કરતાં બેઠા હતા. કોઈએ સ્લીપર પહેર્યાં હતા તો કોઇએ નહિ. તેમના કોથળા જેવા પાટલુનોને કદાચ મહિનાઓ થયાં ઇસ્ત્રી નહિ થઈ હોય. અને તેમના એકદમ ઢીલા રેશમી કાળા કોટ તો ખૂબ હળવા રહેવા અને ગપ્પા મારવા માટે ગમે ત્યાં બેસી જવામાં હરકત ન આવે તે માટે જ જાણે સીવડાવ્યા ન હોય તેવું લાગતું હતું. આ બુઢ્ઢાઓને લોકો તેમને માટે, શું કહેશે તેની કંઈ પડી નહોતી. સાઠે પહોંચ્યા. હવે આપણે જુવાનીઆએ સાથે દોસ્તી રાખી શકવાના નથી એમ સમજીને તેઓ તેવા પ્રયત્નો કરતા જ નથી. નિરાંતે બેસવું થાય તે થેકું કામ કરવું અને આરામ લેવો એ એમનો રોજનો વ્યવહાર છે.

તેઓ કહેશે "જુવાનોને જગતમાં આગળ ધપવા દો. ભલે તેઓ તેમના પાટલુનો અકકડ ઇસ્ત્રીબંધ રાખે અને ચકચકતા જોડા પહેરે. ઘરડાંઓ જો પોતાને હળવા રાખે એવાં સગવડ ભર્યાં કપડાં નહિ પહેરે તો કોણ પહેરશે? કપડાંથી કંઈ માણસ માણસ નથી કહેવાતો. માણસાઈ છે સંતોષમાં, મનની શાંતિમાં. લોકો કોઇએ શું પહેર્યું છે તે હંમેશા નથી જોતા; તેનું દિલ કેવું છે તે જુએ છે." અથી જ દેખાવમાં કંઇક જીંથરા જેવા લાગતા કપડાં પહેરેલા અને નિરાંતે બેસીને ગપ્પા મારતાં આ ચાઇનીઝ ઘરડાંઓનાં જીવન જોઇએ તો તે યશસ્વી અને પ્રતિષ્ઠાસંપન્ન હોય છે. તેઓએ યુવાનીમાં મહેનત કરી છે ઘડપણમાં આરામ લેવા માટે. તે આરામ તેઓએ મેળવ્યો છે; તેઓ પોતાને સુખી માને છે.

આપણને ઘણી વખત વિચાર આવશે, તેઓ આટલા બધા તૃપ્ત અને સંતોષી કેમ દેખાય છે? શું તેઓને ઘંઘો ચલાવવાની, કુટુંબ ભરવાની કે કુટુંબને પાળવાની ચિંતા નહિ હોય? ઉત્તર સાદો સીધો છે. તેઓ પોતાના પુત્ર, પૌત્ર કે તે ન હોય તો ભાણેજ, ભત્રીજા જે હોય તેના માથે ધંધાની જવાબદારી બેધડક નાંખી જ દે છે. પરિવારને માટે પણ તેઓ મન ઉપર ભાર રાખતા નથી. ઉલટું આખો પરિવાર આ વૃદ્ધજનો કેમ પ્રસન્ન રહે, કેમ રાજી રહે તેમ કરવાનો પ્રયત્ન કરે છે.

એમ પણ નથી કે આ વડીલો આખો દિવસ નિરર્થક બેસી રહી આળસમાં ગાળે છે. તેઓ સરખેસરખાં સાથે મળી તાત્વિક ચર્ચાઓ કરે છે, તેમજ છાપાઓમાં આવતી છેલ્લામાં છેલ્લી ખબરો વિષે આપસઆપસમાં અભિપ્રાયો દર્શાવે છે, અને વાતો કરવામાં આનંદ માને છે. સાંજે તેઓ ચાઇનીઝ થીયેટરોમાં જાય છે, અને જો બેઉ પિતૃભક્તિ કે માતૃભક્તિદર્શક હોય તો સાચા દિલથી તાલીઓ પાડી વખાણે છે બપોરનો સમય નાના પૌત્ર, પૌત્રીઓ કે (દોહિત્રો) ને ભણાવવામાં કે તેમની સાથે રમતો રમવામાં ગાળે છે. વળી તેઓ દરેક પાસે કોઇને કોઇ એક પ્રકારનો હસ્તઉદ્યોગ તો હોય જ છે, જે તેઓ માત્ર પોતાના આનંદને ખાતર કરે છે. તેઓ બીજી કસરતબાજ રમતો ભાગ્યે જ રમે છે. જો તમે તેને "ગોલ્ફ" રમવા બોલાવશો તો તેઓ કહેશે "ગોલ્ફ! એ વળી શું? મહેરબાની કરી તમારી રમત તમે રમો. અમે બેસીને જોઇશું."

કોઇ વૃદ્ધ ચીની સ્ત્રીને કે પુરૂષને બીજાને ઘેર અમુક કામ માટે ભેગાં કરવામાં આવે તો તેમાં તેઓ બહુ અપમાન માને છે. આ એક એવી વસ્તુ છે જે તેઓ કદાપિ સહન નહિ કરે. ખાસ કરીને જો તેને પુત્ર પુત્રીઓ હોય તો તો નહિ જ. સંતાન ન હોય તો ભાણેજ ભત્રીજા જે હોય તે કૌટુંબિક ફરજ બજાવે, પણ ઘરનાં વડીલને કયાંયે નહિ જવા દે. આથી જ ચીની વૃદ્ધોને પોતામાં કામ કરવાની અશક્તિ આવે ત્યારે જરાયે ખેદ થતો નથી.

ચીની પિતાએ પોતાના પુત્રને યોગ્ય શિક્ષણ આપ્યું હોય છે, અને બાળવયમાં તેના કોડ પૂર્યા હોય છે તો તે પિતાને વિશ્વાસ રહે છે કે મારા પુત્રો વૃધ્ધાવસ્થામાં મને સુખી રાખવાને તેમનાથી બનતું બધું કરશે જ. આ પ્રજાના જીવનમાં બે અવસર એવા હોય છે કે જે સમયે તેમના આદર સન્માન સારી રીતે જળવાય છે. એક બાળવય અને બીજી વૃધ્ધાવસ્થા.

અલબત્ત. ઘણી વખત એવું બને છે કે ઘરડાંઓને સંભાળી લેવા મુસ્કેલ બની જાય. નાના બાળકની જેમ તેઓ ભૂલ કરી બેસે, અગર તો કંઈ બોડબાંપણવાળા પણ થઈ જાય. પણ ચીનાઓ હંમેશા પોતાના વડીલો સાથે ખૂબ ધીરજથી કામ લે છે. અને શા માટે તેમ ન કરે? જ્યારે તેઓ બાળક હતા ત્યારે તે વડીલોએ તેમની સાથે શું ઓછી ધીરજ રાખીને કામ લીધું હશે? એટલે હવે જો દાદામાં કે દાદીમામાં કંઈ અણઘડપણું દેખાય અથવા તો તેમનો સ્વભાવ જરા બદલાઈ જાય તો તેને મહત્વ ન આપતાં ધીરજથી નભાવી લેવું જોઇએ ને?

હું એક એવા વૃદ્ધને ઓળખું છું જેને સૌ "મોટાકાકા" કહીને બોલાવે છે. તેને ઘડીએ ઘડીએ દારૂનો ઘૂંટ પીવાની આદત છે. છતાં કયાંય પણ બાણીપીણી હોય તો તેને હંમેશા આમંત્રણ આપવામાં આવે છે, અને માનનીય સ્થાને બેસાડાય છે. શરૂ શરૂમાં તો સ્વસ્થતાથી અને સભ્યતાથી તે મિત્રો સાથે બેસે છે. ચશમા ચઢાવીને આજુબાજુના ટેબલો નિહાળે છે, ખાસ કરીને પોતાની પુત્રવધૂ બેઠી હોય તે ટેબલ. પણ જમણ પૂરું થાય ત્યાં સુધી તે કદીયે બેસી રહી શકતો નથી. દરેક જણ મોટાકાકા પાસે જાય, માનથી નમે અને તેના નામનો "ટોસ્ટ" લે. તે પણ તેને "ગુમબાઇ" (ચાઇનીઝ ભાષામાં ટોસ્ટ લેનારને જવાબ આપવા વપરાતો ખાસ શબ્દ) કહી જવાબ વાળે, પણ જેમ જેમ એક પછી એક "ટોસ્ટ" લેવાતી જાય તેમ તેમ મોટાકાકાના ચશમા નાક ઉપરથી નીચે આવતા જાય. એક વધારે "ટોસ્ટ" અને ચશમા કાન ઉપર એક બાજુ લટકી પડે. તેની પુત્રવધૂ જે નજીકના બીજા ટેબલ ઉપર બેઠી હોય તે તરત જ ઊઠે અને તેને જરા પણ બીજાયા કે ઠપકો આપ્યા વિના ધીમેથી હાથ પકડીને ઉઠાડે અને સીધા ઘેર દોરી જાય.

ચાઇનાટાઉનમાં વૃદ્ધો પ્રત્યે આવો આદર છે કે જેને લીધે સમાજમાં અળગા પડી જવાથી કે અનાદર થવાથી ઉદ્ભવતી હતાશાને અવકાશ રહેતો નથી.

વૃધ્ધો જાણે છે કે તેમની પચાસમી વર્ષગાંઠ બાણીપીણીથી ઉજવવાની છે. સાઠમી વર્ષગાંઠ તેનાથી વધારે ધામધૂમથી ઉજવવાની છે. અને જો જીંદગીના સીત્તેર શિયાળા પૂરા જોયા તો તો તે સૌથી મોટો મહોત્સવનો દિવસ ગણાય. એક એક જણ તેને અભિનંદન આપવા જાય. જો કે બાળકોની વર્ષગાંઠ ઉજવાય છે, પણ ચાઇનાટાઉનના વૃધ્ધોની વર્ષગાંઠ બાળકોની વર્ષગાંઠ કરતાં સોગણા વધારે ઠાઠમાઠથી અને ભપકાથી ઉજવાય છે.

કવેાંગ મને કહેતો હતો કે એક દિવસ મેં એક બેંશી વર્ષના વડીલને જીવન સુખમય કેમ જીવાય તે વિષે સલાહ પૂછી ત્યારે તેમણે કહ્યું, "જો ત્રણ કલાક માટે સુખી થવું હોય તો દારૂ પીને પડયો રહે. ત્રણ દિવસ માટે સુખી થવું હોય તો ભાતભાતના ભોજન બનાવી ઘરાઇને જમ. ત્રણ મહિના માટે સુખી થવું હોય તો લગ્ન કર. અને જો જીવનભર સુખી થવું હોય તો તારી વયને અનુરૂપ વર્તન રાખ."

આ છે ચીની વૃદ્ધજનનું માનસ, અને તેમનો વૃદ્ધો પ્રત્યેનો આદર.

અનુવાદક: મેનાબહેન

ભગવાન મહાવીરનું વ્યક્તિત્વ

(તા. ૨-૪-૫૮ ના રોજ મહાવીર જયન્તી પ્રસંગે ઑલ ઇન્ડીયા રેડીઓ મોંબે સ્ટેશન ઉપરથી બ્રોડકાસ્ટ કરવામાં આવેલું શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું પ્રવચન)

ભગવાન મહાવીરની જન્મજયન્તી લાખો જૈનો આજે હિન્દ-ભરમાં ઉજવી રહ્યા છે. મહાપુરૂષોની જયન્તી ઉજવવાનું સાર્થક એ રીતે છે કે તેમને ફરીથી આપણે યાદ કરી, સમજી, જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ. મહાવીર જેવા મહાપુરૂષોનો સંદેશ કોઇ એક કાળ, એક જાતિ કે એક વર્ગ માટે નથી હોતો, પણ એ સંદેશ ત્રિકાળ સત્ય, સમસ્ત માનવજાતના કલ્યાણ માટે હોય છે. જૈન શબ્દ કોઇ જાતિસૂચક શબ્દ નથી, પણ ગુણવાચક શબ્દ છે. જૈનધર્મ વિશ્વધર્મ છે. પયગમ્બરોનો જન્મ અધર્મ અને અન્યાયના પ્રતિકાર માટે અને ધર્મ તથા ન્યાયના સંસ્થાપન માટે હોય છે. આ જગતમાં સત્ય-અસત્ય, હિંસા-અહિંસા, રાગદ્વેષ, ભોગ અને ત્યાગ, વિલાસ અને સંયમના દ્વંદ્વો નિરંતર જીવનમાં ચાલ્યા કરે છે. જીવનને ધારણ કરવા-વાળા, ઉર્ધ્વગામી બનાવવાવાળા, કલ્યાણકારી તત્ત્વો-સત્ય, અહિંસા, ત્યાગ, તપ અને સંયમ-પ્રબળ વાસનાઓ અને કામનાઓના જોસમાં તણાઇ જાય છે, ઢંકાઇ જાય છે, ત્યારે કોઇ મહાન વિભૂતિ ફરીથી તેનું સામર્થ્ય પોતાના જીવનથી જગતને બતાવે છે. ભગવાન મહાવીરનો સંદેશ ૨૫૦૦ વર્ષ પૂર્વે જેટલો જરૂરી હતો, તેટલો જ, બલ્કે તેથી વિશેષ આજે જરૂરી છે.

મહાવીરનો વિચાર કરીએ ત્યારે એક ધર્મવીર મહામાનવની મૂર્તિ આપણી દૃષ્ટિ સમક્ષ ખડી થાય છે. તેમના સિધ્ધાંતો અને તેમની જીવનદૃષ્ટિ સમજવા માટે તે સમયની સામાજિક અને ધાર્મિક પરિ-સ્થિતિનો કંઇક ખ્યાલ કરવાની જરૂર છે. એ યુગમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ સમાજ ઉપર સર્વવ્યાપી હતું. ક્રિયાકાંડો અને યજ્ઞયાગો મોક્ષનું સાધન મનાતાં, તેમાં હજારો, લાખો પશુઓનાં બલી અપાતાં, દેવ દેવીઓની પૂજા થતી. જાતિ અને કુલના અભિમાને, ઉચ્ચ-નીચના ભેદોથી સમાજ ઘેંચાયેલો હતો. સ્ત્રીઓ અને શુદ્રો જ્ઞાનના અધિકારી ગણાતા ન હતા.

આવા સ્થિતિચુસ્ત, કર્મકાંડજટિલ સનાતન સમાજમાં ભગવાન મહાવીર અને બુધ્ધનું આગમન થયું. બંને સમકાલીન હતા. બંનેની કર્મભૂમિ મગધ હતી. બંનેની જીવનદૃષ્ટિમાં ઘણું સામ્ય છે. તત્કાલીન સમાજની વિષમ પરિસ્થિતિ સામે બંનેએ બળવો પોકાર્યો. બંનેએ સમાજની ધાર્મિક આધ્યાત્મિક અને સામાજિક દૃષ્ટિમાં ક્રાન્તિ-કારક પરિવર્તન કર્યું. પયગમ્બરો હંમેશાં ક્રાન્તિકારક હોય છે, જીવનદૃષ્ટિ સમાજને આપે છે, જડ થઈ ગયેલી અને સમાજ તેમજ વ્યક્તિના જીવનવિકાસને રૂંધતી પ્રણાલિકાઓને ત્યાગવાનું બળ તથા નવું જીવનદર્શન અને જીવનના નવાં મુલ્યાંકનો તેઓ અર્પે છે. જન્મથી બંને ક્ષત્રિયો હતા. છતાં સમાજનું ધાર્મિક નેતૃત્વ તેઓએ લીધું અને સમાજે સ્વીકાર્યું.

ભગવાન મહાવીરે પ્રથમ મહાન સિધ્ધાંત એ સ્વીકાર્યો કે વ્યક્તિનો વિકાસ કોઇ બાહ્ય ઉપકરણો કે ઉપાધિઓથી નહિ, પણ પોતાની જીવનસાધનાથી જ થાય છે. માનવીનો જીવન ઉત્કર્ષ કોઇની કૃપા અથવા અકસ્માતનું પરિણામ નથી, પણ સતત સમ્યગ પુરૂષાર્થનું ફળ છે. આ સિધ્ધાંતના ફળસ્વરૂપ એ પ્રતિપાદિત થયું કે યજ્ઞયાગો, દેવદેવીઓની પૂજા, કર્મકાંડો, વગેરે આધ્યાત્મિક વિકાસના અનિવાર્ય અથવા ઉપયોગી અંગો નથી. બાહ્યપૂજાને સ્થાને મહાવીરે સદ્ગુણોની પૂજાની પ્રતિષ્ઠા કરી. એમનું જીવનશોધન અને સત્વસંશુધ્ધિ તેમને ત્યાગ અને તપશ્ચર્યાના માર્ગે લઇ ગઇ. જૈનધર્મમાં અવતારવાદને કોઇ સ્થાન નથી. મહાવીર ઇશ્વરના અવતાર તરીકે મનાતા નથી, પણ એક માનવ સ્વયં પુરૂષાર્થથી આધ્યાત્મિક વિકાસની પૂર્ણ ભૂમિકાને પ્રાપ્ત કરી શકે છે એ રીતે મહાવીર વંદનીય અને પૂજનીય લેખાય છે. પૌરાણિક ઢબે લખાયેલ તેમના જીવનમાં દૈવી ચમત્કારો અને દેવદેવી-ઓની આરાધનાઓના રોમાંચક વર્ણનો આવે છે, પણ મહાવીરના જીવનનાં એ મુખ્ય અંગો નથી. જૈન સંસ્કૃતિમાં વહેમો, ચમત્કારો, કલ્પિત આડંબરો, અને કાલ્પનિક આકર્ષણોને જરાય સ્થાન નથી. અઢી હજાર વર્ષનો દુર્ભેદ્ય પડદો ચીરીને મહાવીરનો વિચાર કરીએ ત્યારે શુધ્ધ બુધ્ધિવાળા પુરૂષાર્થથી અને સ્વયં આત્મશોધનથી પૂર્ણ-સ્વરૂપ વીતરાગ પદને પામેલ દીર્ઘ તપસ્વીની મૂર્તિ આપણી સમક્ષ ખડી થાય છે. જૈનધર્મ માને છે કે પ્રત્યેક વ્યક્તિ પોતાના પુરૂષાર્થથી આ મહાન પદને પ્રાપ્ત કરી શકે છે. આ માન્યતા જૈનધર્મના કર્મસિધ્ધાંતોનો પાયો છે. જૈનધર્મનો કર્મવાદ એ નશીબવાદ નહિ, પણ પુરૂષાર્થવાદ છે.

આવી જીવનદૃષ્ટિમાં જાતિભેદ અથવા કુલાભિમાનને કોઇ સ્થાન રહેતું નથી. દરેક જીવાત્મા સત્તાએ સમાન છે અને દરેકની સાથે આત્મીયતા અનુભવવી એ આ દૃષ્ટિનો મૂળભૂત સિધ્ધાંત બને છે. જૈનધર્મમાં જાતિ અને જ્ઞાતિના ભેદો સ્વીકાર્ય નથી. મેતાર્ય અને હરિકેશી જેવી અત્યંજ વર્ગની ગણાતી વ્યક્તિઓ મહામુનિપદનું સ્થાન જૈનધર્મમાં પામેલ છે. આવા ધર્મમાં જેમ ઉચ્ચ નીચના ભેદોને કોઇ સ્થાન નથી તેમ સ્ત્રીપુરૂષ-અસમાનતાને પણ કોઇ સ્થાન નથી. મહાવીરે પોતાના સંઘમાં સ્ત્રીઓને સમાન સ્થાન આપ્યું છે. અને સંખ્યાબંધ સ્ત્રીઓ પોતાના જ્ઞાન અને ચારિત્ર્યથી ગુરૂપદને પામી, આત્મકલ્યાણ અને લોકકલ્યાણ કરી ગયેલ છે, અને વર્તમાને પણ કરી રહેલ છે.

મહાવીરની જીવનસાધનાનું પ્રમુખ અંગ અહિંસા છે. સર્વ જીવને સમાન માનનાર વ્યકિત અનિવાર્યપણે અહિંસા તરફ જ વળે. પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવ કેળવી સ્વ અને પરનું સુખ સાધવું, એ અહિંસાનો પાયો છે. અનુભવની વાણી મહાવીરે કહી:—

સવ્વે જીવા વિ ઇચ્છંતિ, જીવિઉ ન પરિજ્જિઉં ।
તમ્હા પાણિવહં ઘોરં, નિઇંથા વજ્જયંતિ ॥

(સર્વ જીવો જીવવા ઇચ્છે છે. કોઇ મરવા ઇચ્છતું નથી, તેથી નિર્ગ્રંથોએ ભયંકર એવા પ્રાણીવધને સર્વથા વર્જ્ય ગણ્યો છે.)

જીવ માત્ર સુખી થવા ઇચ્છે છે, પણ સાચા સુખની કલ્પના બહુ થોડાને છે. પોતાના કહેવાતા સુખને ખાતર, બીજાને દુઃખી કરવામાં આપણે સૌ કોઇ નિમિત્તરૂપ બનીએ છીએ. સાચું સુખ એ છે જે વડે જાતે સુખી થવાય અને બીજા પણ સુખી થાય. મહા-વીરના જીવનદર્શનનો આ ધ્રુવ તારો છે. તેમની આર્ષદૃષ્ટિએ જોયું કે માત્ર મનુષ્યમાં જ નહિં, પશુ પક્ષીમાં જ નહિ, પણ વાયુ, જળ, અને વનસ્પતિમાં પણ જીવ છે અને તેથી કીટકથી મનુષ્ય સુધીના જીવો પ્રત્યે સમાનભાવે અહિંસક રીતે વર્તવાનો ધર્મ તેઓએ સ્વીકાર્યો.

આવું જીવનદર્શન જેમણે સ્વીકાર્યું છે તેમના માટે જીવનમાં સંયમ અને ક્ષણે ક્ષણે વિવેકપૂર્વકનું વર્તન સહજ બને છે. ભોગ-વિલાસ અને અસંયમી જીવન હિંસામાં પરિણમે છે. જીવનમાં અનિવાર્ય એવી ઓછામાં ઓછી હિંસા જેમણે સ્વીકારી છે તેમને માટે શકય એટલો વધુમાં વધુ સંયમ કેળવવો અને જીવનની જરૂરીઆતો બને તેટલી ઓછી કરવી એ માર્ગ જ રહે છે. આવી વ્યકિત માટે પરિગ્રહ બંધનરૂપ બને છે. પરિગ્રહ પ્રાપ્ત કરવામાં અને મેળવેલ પરિગ્રહને જાળવી રાખવામાં હિંસાનો આશ્રય લેવો પડે છે, તેથી અહિંસાધર્મ સ્વીકાર્યો હોય તેમના માટે અપરિગ્રહ અથવા પરિગ્રહપરિમાણુ-પરિગ્રહની મર્યાદા-ધર્મ બને છે.

મહાવીરના જીવનમાં વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા છે. તેથી તેમની અહિંસા માત્ર વર્તનમાં અટકતી નથી, પણ વિચાર અને વાણીમાં પણ ઉતરે છે. વિચાર અને વાણીમાં હિંસા ભરી હોય તો વર્તનમાં આવ્યા વિના રહેતી જ નથી. વિચાર અને વાણીની હિંસા એટલે મતાગ્રહો, કદાગ્રહો, અને અવિવેકી આત્યંતિકતા. માણસો સામા-ન્યપણે એમ માને છે કે પોતે કહે છે તે જ સાચું છે. બીજાના કથનમાં રહેલ સત્યનો અંશ જોવા તેઓ તૈયાર હોતા નથી. તે કારણે દુરાગ્રહ તેમનામાં પ્રવેશે છે. અને અંતે અસહિષ્ણું બની તેઓ હિંસક બને છે. મહાવીરે કહ્યું કે સત્યને અનેક પાસા છે, અને સંપૂર્ણ સત્ય કોઇ એક વ્યકિત જાણી શકતી નથી, તેથી મતાગ્રહો છોડવા જોઇએ. આ છે તેમનો વિખ્યાત અનેકાન્તવાદનો સિધ્ધાંત. અનેકાન્ત-વાદ એ વિચાર અને વાણીની અહિંસાનો સિધ્ધાંત છે.

આ છે ભગવાન મહાવીરનો મંગળ વારસો. વર્તમાન જગત જુદી જ દિશામાં જઇ રહ્યું છે. અકલ્પ્ય સંહારનાં શસ્ત્રો ખડકી રહ્યું છે. કોઇક દિવસની અશુભ પળે ભુલ્યે ચુકે પણ વાપરી નાખશે તો માનવજાત વિનાશ નોતરશે. અતિપરિગ્રહને કારણે પરિણમતી અસમાનતા અને ભોગવૃતિને હટાવવા મહાવીરે અપરિગ્રહ અને સંયમ ઉપદેશ્યા. વર્તમાન જગત પરિગ્રહ વધારી, તેની સમાન વહેંચણી કરી, જીવન ધોરણ ઉંચું લાવવામાં માને છે. સનાતન સત્ય તો અહિંસા, સંયમ, અપરિગ્રહ અને અનેકાન્ત છે અને રહેશે. માનવ જગત જેટલે દરજ્જે આ સિધ્ધાંતો સ્વીકારશે તેટલે દરજ્જે પોતાનું કલ્યાણ સાધી શકશે. ભગ-વાન મહાવીરના આ સંદેશને આજના દિને આપણે સમજીએ અને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીએ!

'ઑલ ઇન્ડીઆ રેડીઓ' ની અનુમતિથી. **ચીમનલાલ ચકુભાઈ શાહ**

નિર્જીવ ઈંડાં સંબંધમાં

(નિર્જીવ ઈંડાંની ભક્ષ્યાભક્ષ્યતા જેવા એક નાજુક વિષય ઉપર કાકાસાહેબ કાલેલકરે લખેલું અને મંગળ પ્રભાતમાં પ્રગટ થયેલું ચર્ચાપત્ર અનુવાદિત કરીને નીચે પ્રગટ કરવામાં આવે છે. ગાંધીજી આપણી વચ્ચે આવ્યા અને ચાલુ વપરાશની ચીજોનું અહિંસાની દૃષ્ટિએ તેમણે પૃથક્કરણ અને સંશોધન કરવા માંડયું તે પહેલાં રેશમ કે મધ અહિંસક હોઇ શકે છે એ બાબતનો આપણામાંના ઘણા ખરાને બીલકુલ ખ્યાલ જ નહોતો. એમાં કોઈ શક નથી કે જે રેશમ કે મધ આપણે વાપરતા હતા તે કેવળ હિંસક કોટિનું હતું. આવી જ રીતે મરઘાના સંબંધ સિવાય મરઘી ઈંડા મૂકે છે તે હકીકતનો પણ આપણને કોઇ ખ્યાલ નહોતો. આ હકીકતનું એક બાજુએ આપણને ગાંધીયુગ દરમિયાન લગભગ પહેલી વાર ભાન થયું. બીજી બાજુએ આપણા ચાલુ અનુભવનો વિષય છે કે કોઇ માંદો પડયો, ખાસ કરીને ક્ષયરોગી થયો, તો તેને ડાકટરો લીવર એકસ્ટ્રેકટના ઇન્જેકશનોનો અને ઈંડાંના સેવનનો ખૂબ આગ્રહ કરે છે. શકિત વધારવા માટે કેટલાક સુધરેલા લેખાતા કુટુંબમાં ખાસ કરીને બાળકો માટે ઈંડાનો ઉપયોગ આજે વધતો જાય છે. આમ છતાં આપણી રૂઢ નિરામિષાહારી વૃત્તિ ઈંડાંનું નામ સાંભળીને એકાએક ભડકે છે, અને ઈંડાની ભક્ષ્યાભક્ષ્યતા ચર્ચવાથી દૂર ભાગે છે. આજના વખતમાં આવી ભડક કે આળાપણું, જે લોકો દરેક પ્રશ્નનો બુધ્ધિપૂર્વક વિચાર કરવા માગે છે *તેમના માટે, ધ્યાન્છવાયોગ્ય નથી. આમ સમજીને, ઈંડાંની ભક્ષ્યાભક્ષ્યતાનો પ્રશ્ન ભિન્ન ભિન્ન બાજુઓથી સ્પષ્ટરૂપે સમજવામાં મદદરૂપ થાય એ હેતુથી નીચેનો લેખ પ્રબુધ્ધ જીવનના વાચકો સમક્ષ રજુ કરવામાં આવે છે. ત'ત્રી)

શું ખાવું અને શું ન ખાવું એની ચર્ચામાં ભારતીઓનો ધર્મ સમાપ્ત થાય છે. કંઈ હજારો વર્ષ વહી ગયાં, આ બાબતની આપણી ચર્ચા ચાલતી જ રહી છે, અને એમ છતાં પણ આપણી આ વિષયની રાષ્ટ્રીય દિલચસ્પી–અથવા સાંસ્કૃતિક દિલચસ્પી–તૃપ્ત થઇ નથી. આ બધું જોઇને સ્વામી વિવેકાનન્દે સનાતન ધર્મને–જેમાં જૈન ધર્મનો પણ સમાવેશ થાય છે–'કિચન રીલીજીયન'–ચુલાનો ધર્મ–કહ્યો હતો. (કિચન માટે સંસ્કૃત શબ્દ છે 'મહાનસ', પણ આટલો ભારે શબ્દ આપણે શા માટે રૂઢ કરીએ ?) શું ખાવું, કયારે ખાવું, એટલું જ નહિ પણ કોના હાથનું પકાવેલું ખાવું અથવા તો જેનું બનાવેલું ન ખપે તેવું કોઈક આપણા માટે પકાવેલા અન્નને અડી જાય તો તે ખાવું યા ન ખાવું તેની ચર્ચામાં આપણા દિવસોના દિવસ પસાર થતા હોય છે.

સંભવ છે કે યાહુદીઓમાં આ પ્રકારની ચર્ચા અખંડ ચાલતી રહી હશે, જેથી કંટાળીને ભગવાન ઈશુએ એક સૂત્રમાં જવાબ આપેલો કે "આદમી પોતાના મોંમાં જે ચીજ નાંખે છે તેથી તે ભ્રષ્ટ થતો નથી, પણ પોતાના મોંમાંથી જે કાઢે છે તેથી તે ભ્રષ્ટ થઇ શકે છે. કોઈની નિન્દા કરવી, ગંદી ભાષા બોલવી, મોંમાંથી ગાળ કાઢવી–આ છે ખરેખર ભ્રષ્ટ કરવાવાળી ચીજ."

એમાં શક નથી કે ખાનપાનની જેટલી ચર્ચા આપણે કરીએ છીએ તે ઓછી કરવાની જરૂર છે. પણ જેમ લાલા લજપતરાયે એક જગ્યાએ લખ્યું છે તે મુજબ આપણે શું ખાઇએ છીએ, કેવી રીતે ખાઇએ છીએ, કોની દ્વારા આપણને આપણી આજીવિકા પ્રાપ્ત થાય છે–આ બધી બાબતો ઉપર આપણું ચારિત્ર્ય ખૂબ નિર્ભર છે. લાલા લજપતરાયે પોતાના અનુભવની બાબત બતાવી છે કે જે ભારતીય વિદ્યાર્થી પરદેશમાં જઇને ખાનપાનની મર્યાદા રાખે છે તેનું ચારિત્ર્ય ખૂબ મજબુત હોવાની સંભાવના અધિક રહે છે અને જે વિદ્યાર્થી બધાં બન્ધન તોડીને ઉદાર બને છે, તેનું ચારિત્ર્ય જોખમમાં રહે છે.

પશ્ચિમમાં શાકાહારની જે પરંપરા ચાલે છે તેમાં અહિંસાનો વિચાર કદાચ પ્રધાન સ્થાને ન હોય. પ્રાણીના શરીરમાંથી જે મળે છે તે સર્વ માંસાહાર જ છે. માંસ, ચરબી, રકત વગેરે બધું તો માંસાહાર છે જ, પરંતુ દૂધ અને દહીંમાંથી બનતા સર્વ પદાર્થોને પણ માંસાહાર લેખવામાં આવે છે. આમ છતાં આ લોકો મરઘીનાં અથવા અન્ય પક્ષીઓનાં ઈંડાં ખાવામાં દોષ સમજતા નથી, જ્યારે આપણે ઈંડાનો આજ સુધી માંસાહારમાં સમાવેશ કરતા રહ્યા છીએ.*

આપણા શાકાહારી લોકો પશ્ચિમની પ્રેરણાથી દૂધ પીવાનું કદિ પણ છોડી દેશે એમ મને લાગતું નથી. મહાત્માજીએ લાંબા સમય સુધી દૂધ છોડયું હતું ખરું, પરંતુ તે પાળેલ ગાય, ભેંસ વગેરે પ્રાણીઓ ઉપર દૂધ મેળવવા માટે જે અત્યાચાર કરવામાં આવે છે, તે ધ્યાનમાં લઇને તેમણે દૂધ છોડયું હતું અને જ્યારે તેમને માલુમ પડયું કે દૂધ વિના ચાલે તેમ નથી ત્યારે તેમણે બકરીનું દૂધ લેવા માંડયું હતું.

પરંતુ પશ્ચિમના શાકાહારીઓ તરફથી ઈંડા સંબંધમાં ચલાવવામાં આવેલો યુકિતવાદ આજકાલ આપણા શાકાહારીઓને ઠીક ઠીક સ્પર્શી રહેલો માલુમ પડે છે. અને તેમાં પણ નિર્જીવ ઈંડાં શા માટે ન ખાવા એ સવાલ ભારે મોટી ચર્ચાનો વિષય બની રહ્યો છે.

ગાંધીજી પોતે કહેતા હતા કે મરઘાના સંબંધ વિના મરઘી જે ઈંડાં આપે છે અને જેમાંથી બચ્ચાં કદિ પણ પેદા થતા નથી, એવાં ઇંડાં ખાવામાં દોષ નથી. જે ઈંડાંમાં જીવ નથી, અને જીવ પેદા થવાનો સંભવ નથી, તે ઈંડાં ખાવા તે દુગ્ધાહાર જેટલું નિર્દોષ છે.

તેમણે એવાં ઈંડાં ખાવાનો સ્વયં પ્રયોગ કર્યો નહોતો, પરંતુ ઠીક ઠીક પૈસા આપીને તેમણે એવાં ઈંડાં મંગાવેલા અને શાકાહારી દર્દીઓને ખવરાવેલાં પણ ખરાં.

જ્યારે એક વખત વર્ધામાં મારી તબિયત ખૂબ નબળી પડી હતી ત્યારે તેમણે એવાં ઈંડાં ખાવાની મને સલાહ આપેલી. મેં કહેલું કે હું માનું છું કે આવાં નિર્જીવ ઈંડાં ખાવામાં અહિંસાની દૃષ્ટિએ જરા પણ દોષ નથી; એમ છતાં હું નહિ ખાઉં. મેં એમ કહેલું કે આવાં ઈંડાં એકવાર ખાવાનાં શરૂ કર્યાં પછી મામુલી–ચાલુ–ઈંડાં ખાતાં વાર નહિ લાગે. આ માટે જે આહાર મેં ત્યાજ્ય માન્યો છે તેથી દૂર રહું એ જ બરોબર છે.

હવે મહાત્માજીની શિષ્યા મીરાંબહેને એક મહત્વનો સવાલ ઉભો કર્યો છે.

મીરાંબહેનને કાશ્મીરના ઠંડા પ્રદેશમાં રહેતાં કોઇ પૌષ્ટિક આહારની જરૂરત માલુમ પડી. ઈંડાં લેવાનું તેમને સુઝયું. તેમની સામે બે વિકલ્પ હતા. માત્ર મરઘીઓ જ પાળવી. ન કોઇ મરઘાને પાળવો કે ન કોઈ મરઘાને નજીક આવવા દેવો. આ રીતે જરૂર તેમને કુંવારી મરઘીઓનાં નિર્જીવ ઈંડાં મળી શકતા હતા અને 'ધર્મ'નું તેમનાથી પાલન થઈ શકતું હતું. આમ કરવા જતાં મરઘીઓ ઉપર 'જબરદસ્તી' લાદવી પડે, તેનું જીવન કૃત્રિમ અને રસહીન બનાવવું પડે, અને એ રીતે થવા વાળી હિંસા તરફ આંખમીચામણાં કરવા પડે એ એક વિકલ્પ. બીજો વિકલ્પ એ હતો કે મરઘીઓ સાથે એક મરઘો રાખીને મરઘીઓને સંતુષ્ટ રાખવી અને તે દ્વારા જે ઈંડાં મળે તે વડે પુષ્ટિ પ્રાપ્ત કરવી. આ મરઘો પોતાને ખાવાની કોઇ પણ ચીજ મળતાં પોતાની રાણીઓને પહેલાં બોલાવે છે. તે રાણીઓ પેટ ભરીને ખાઇ લે પછી પોતે ખાય છે. જરા પણ સંકટ આવી પડતાં પોતાની સર્વ પત્નીઓની રક્ષા માટે જોરથી તે લડે છે. આવા પત્નીવ્રતી, કુટુંબવત્સલ પતિના સહવાસથી મરઘીઓને વંચિત રાખવી એ મોટી હિંસા, ક્રૂરતા અને

*આ નિરૂપણમાં કાકાસાહેબની કાંઇક ભૂલ થતી લાગે છે. મારી સમજણ મુજબ પશ્ચિમના શાકાહારીઓ બે પ્રકારના છે. એક પ્રકાર એવા શાકાહારીઓનો છે કે જેઓ પ્રાણીજન્ય કશા પણ પદાર્થનો આહાર માટે ઉપયોગ કરતા નથી. આવા શાકાહારીઓ દૂધ, દહીં, માખણ, ઘી, અને ઈંડાં–બધું જ વર્જ્ય ગણે છે. બીજો પ્રકાર એવા માંસાહારીઓનો છે કે જેઓ જેને આપણે માંસાહાર લેખીએ છીએ તેવા માંસાહાર કરતા નથી, પણ જેઓ દૂધ, દહીં, માખણ. ઉપરાંત સજીવ તેમ જ નિર્જીવ બન્ને પ્રકારનાં ઈંડાને દૂધની કક્ષાનો ભક્ષ્ય પદાર્થ ગણે છે અને તેનો પણ આહાર માટે ઉપયોગ કરે છે. આ બન્ને પ્રકારનો શાકાહાર–નિરામિષ આહાર–મારી સમજ પ્રમાણે અહિંસાપ્રેરિત હોય છે. ત'ત્રી)

પાપ છે. એવા પાપ મારફત જે નિર્જીવ ઈંડાં મળે તે વાપરવા તેની અપેક્ષાએ ચાલુ ઈંડાં લેવા એ વધારે સારું છે. આમ તો ઈંડામાં પ્રારંભમાં જીવ હોવાનો જ નથી. માદા દ્વારા કે યંત્ર દ્વારા સેવાય પછી જ ઈંડામાં જીવ પેદા થાય છે. આ પ્રકારની વિચારસરણીપૂર્વક તેમણે ચાલુ ઈંડાં ખાવા શરૂ કર્યાં.

મીરાબહેન યુરોપથી આવેલાં છે. તેમને બચપણનો સંસ્કાર ત્યાંના આહારનો છે. તેમની દલીલમાં ઘણું વજુદ તો છે જ. આમ છતાં પણ આપણા માટે તો એમાંથી એવું અનુમાન કાઢવું યોગ્ય લાગે છે કે જો મામુલી–ચાલુ–ઈંડાં ખાવાનું નિષિદ્ધ હોય તો નિર્જીવ ઈંડાં ખાવાનું પણ એટલું જ નિષિદ્ધ લેખાવું જોઇએ. આમ હોવાથી સજીવ કે નિર્જીવ ગમે તેવાં હોય, ઈંડાં ખાવા તે યોગ્ય નથી. જે લોકો ઈંડાં ખાય છે તે ખાવાના જ છે. આપણે તેમને તેમ કરવાની મના નહિ કરીએ, ખાસ કરીને જ્યારે દેશનો દુષ્કાળ વચ્ચે નથી ત્યારે. પણ જે લોક આજ સુધી ઈંડા ખાતા નથી, અથવા જેમણે ઈંડાં ખાવાનું છોડી દીધું છે તેમના માટે એ ઇચ્છવાયોગ્ય છે કે તેઓ બન્ને પ્રકારનાં ઈંડાં ન ખાય. નિર્જીવ ઈંડા ખાવાનો રીવાજ નિર્દોષ છે એવી દલીલમાં તેઓ ન ફસાય. ખાવામાં દોષ આવી શકે છે, ન ખાવામાં તો કોઈ દોષ કે જોખમનો સંભવ જ નથી.

કાકા કાલેલકર

નીડર મૃત્યુમીલન

(શ્રીમતી લાયલ ટકર વર્ટનએકરે લખેલ 'Death of a Man' એ નામના પુસ્તકનું ટાઇમ્સ ઓફ ધન્ડીઆમાં કરવામાં આવેલ અવલોકનનો નીચે અનુવાદ આપવામાં આવેલ છે. ચાર્લ્સ વર્ટનએકર નામનો એક પત્રકાર ફ્રાન્સની દક્ષિણે "સીએર" નામના ગામમાં રહેતો હતો. તેની પત્ની લાયલ પણ લેખિકા હતી. બન્ને અમેરિકાના વતની હતાં. ૧૯૫૪ સપ્ટેંબર માસની ૨૭ મી તારીખે, જ્યારે ચાર્લ્સ વર્ટનએકરની ઉમ્મર ૫૩ વર્ષની હતી ત્યારે ડાકટરી તપાસ દ્વારા તેને ખ્યાલ આવે છે કે પોતાને આંતરડાનું કેન્સર છે. ઓપરેશન માટે તરત જ બન્ને અમેરિકા ન્યુયોર્ક જાય છે અને હોસ્પીટલમાં દાખલ થાય છે. ઓપરેશન માટે પેટ ખોલતાં સર્જનને માલુમ પડે છે કે કેન્સર લીવર સુધી વધી ગયું છે અને તેથી ઓપરેશન અશકય છે અને તેથી પેટ એમને એમ બંધ કરે છે. સર્જન લાયલને બધી ખબર આપે છે. લાયલ સર્જનને પૂછે છે કે "આ સ્થિતિમાં દર્દી કેટલું જીવે ?" સર્જન જવાબ આપે છે કે "આશરે ત્રણ માસ," પણ સાથે સાથે જણાવે છે કે તેના ધણીને આ બધું જણાવવાનું નથી. લાયલ આગ્રહ કરે છે કે સર્જને આ બધી હકીકત યથાસ્વરૂપે દર્દીને જણાવવી ઘટે છે, કારણ કે તેનો ધણી ખોટી આશા ઉપર નહિ, પણ સાચી વસ્તુસ્થિતિની જાણકારી સાથે ધૈર્યપૂર્વક, જીવવાનું હોય ત્યાં સુધી જીવવા અને મૃત્યુ આવે ત્યારે મૃત્યુને ભેટવા ચાહે છે. આખરે ચાર્લ્સને આખી પરિસ્થિતિની પૂરી જાણ કરવામાં આવે છે. આ જાણકારીથી તે જરા પણ ખીતો કે ભડકતો નથી અને અપાર યાતના શાન્તિથી સહન કરીને અને વચમાં વચમાં જ્યારે કાંઇક શાન્તિ અને દુઃખનિવૃત્તિના ગાળા આવે છે ત્યારે પોતાની લેખનપ્રવૃત્તિ કરતો રહીને, છેવટની ઘડી આવે છે ત્યારે એટલે કે ૧૯૫૫ ના જાન્યુઆરી માસની સાતમી તારીખે પોતાની આંખ હંમેશને માટે બંધ કરે છે. આ આશરે ત્રમ મહીનાની પોતાના પતિની માંદગીની કથા લાયલ ટકર વર્ટનએકરે ઉપર જણાવેલ પુસ્તક "Death of a Man" માં લખી છે. આટલી ભૂમિકા વડે નીચેનું અવલોકન વધારે સુગ્રાહ્ય બનશે. પરમાનંદ)

જો કોઇ એક માણસને એમ કહેવામાં આવે કે 'તને કેન્સર છે અને તારી આવરદા લગભગ ત્રણ માસની છે' તો અવશેષ જીવન તે કેવી રીતે ગાળશે ? કેવું તત્વજ્ઞાન તે સ્વીકારશે ? અને પોતાના મૃત્યુને તે કેવી રીતે ભેટશે ?

ચાર્લ્સ વર્ટનએકર અને તેની પત્ની લાયલ બન્ને 'ટાઇમ' નામના અમેરિકન સામયિકના વ્યવસ્થાપક મંડળ સાથે જોડાયલા પત્રકાર હતાં, તેઓ ભારે સંસ્કારી હતા, બુધ્ધિશાળી હતાં અને સાથે સાથે ખૂબ બહાદુર હતાં. તેઓ ફ્રાન્સના દક્ષિણ વિભાગમાં રહીને કામ કરતા હતા તે દરમિયાન શ્રી વર્ટન એકરને પેટમાં કેન્સરની શરૂઆત થઇ.

ડાકટરની સલાહની સામે થઇને પણ લાયલે વર્ટને જે કાંઇ છે તે જણાવવાનો આગ્રહ દાખવ્યો. જ્યારે ડાકટરે એવી દલીલ કરી કે કોઈ માણસના દિલમાંથી આ રીતે આશાનો તંતુ ઉખેડી નાંખવો તે ડહાપણ-ભર્યું ન કહેવાય ત્યારે લાયલે જવાબ આપ્યો કે વર્ટ બહાદુર આદમી છે અને ખોટી આશા ઉપર જીવવા કરતાં સાચી પરિસ્થિતિના જ્ઞાન સાથે ગૌરવપૂર્વક જીવવાનું તે વધારે પસંદ કરશે. જેનાથી જીવનનો અન્ત માત્ર લંબાય એવું ઓપરેશન કરાવવાની તેણે સાફ ના કહી, કારણ કે તેથી વર્ટનું શરીર વધારે ચુંથાવાનું, તે ખૂબ રીબાવાનો અને આખરે ભાંગી જવાનો અને અન્ત પૂરતો તો કશો ફરક પડવાનો નહિ. થોડો સમય વર્ટના મનમા આપઘાતનો વિચાર ઘોળાયા કર્યો, અને જેમ બીજી ચાલુ જીવનની બાબતો તેઓ ચર્ચે તેવી સીદી સાધી રીતે આ બાબતની વર્ટે પોતાની પત્ની સાથે ચર્ચા પણ કરી. પણ આખરે એ વિચાર તેણે માંડી વાળ્યો, કારણ કે તેને એમ લાગ્યું કે એવી રીતે શારીરિક યાતનાના ભયથી દૂર ભાગવું તે બાયલાપણું ગણાય. આ તો તેના પૌરૂષને પડકાર હતો અને તે તો તેણે બહાદુરીથી ઝીલવો જ જોઇએ. આખરે મરવું એ એક જ એવી છેલ્લી બાબત છે કે જે બરોબર કરી બતાવવાની તેને તક સાંપડી છે. પરિણામે વ્યાધિને વધવું હોય તે રીતે વધવા દેવાનો અને જ્યારે મૃત્યુ આવે ત્યારે જેટલી સ્વાભાવિકતા શકય હોય તેટલી સ્વાભાવિકતાથી તેને ભેટવાનો તેણે નિર્ણય કર્યો.

આવા નિર્ણય ઉપર આવ્યા બાદ વર્ટ અને લાયલ બન્નેએ પોતા માટે તેમ જ પોતાનાં બે બાળકો માટે શું શું કરવું તેની યોજનાઓ શાન્તિથી વિચારવા–ચર્ચવા–માંડી.

પોતાના દિન પર દિનની જીવન પ્રક્રિયા વ્યવસ્થિત રીતે ગોઠવવાનું તેમની માટે મુશ્કેલ નહોતું. તેમણે ત્રણ લક્ષ્ય નક્કી કર્યાં. સારી રીતે વર્તવું, કોઇને પણ ભડકાવવા નહિ અને બીનઉપયોગી હોય એવી કોઇપણ પ્રવૃત્તિ કરવી નહિ. આ ઉપરાંત પોતાના જીવનના આગળના દિવસો કરતાં હવે બાકી રહેલા ભાગને વધારે સફળ–સાર્થક–બનાવવો. એવો પણ વર્ટે નિશ્ચય કર્યો હતો.

આમ છતાં કેટલાક અંગત પ્રશ્નો ઉકેલવાના રહેતા હતા. દર્દી તરીકે વર્ટ ભારે અધીરો, સહજમાં અકળાઇ જાય અને ઉશ્કેરાઈ જાય એવી પ્રકૃતિનો હતો. અને પોતાની આત્મકથા જે તેનાં મુખ્ય શોકાણોમાંનું એક હતું તે લખી શકે એ પ્રકારનું શાન્તિનું વાતાવરણ તેની આસપાસ પેદા કરવું તે બહુ મુશ્કેલ કામ હતું. વર્ટની શારીરિક સગવડો સચવાય, તેના સ્વભાવને–moods ને–જાળવવા, અંદરથી બહુ લાગતું હોય છતાં અંદરની લાગણી બહાર વ્યક્ત ન કરવી અને જરૂર પડે ત્યારે અંદર લાગણીની તીવ્રતા ન હોય છતાં પ્રયત્નપૂર્વક લાગણી સહાનુભૂતિ દેખાડવી–આ બધું લાયલે કરવાનું હતું.

પણ જ્યારે બન્ને સ્વસ્થ બનતાં, બન્નેનાં મન જ્યારે હળવાપણું અનુભવતાં અને એક યા બીજી–કોઇ પણ બાબત વિષે તેઓ મુકત મને ચર્ચા કરવા બેસતા ત્યારે તેઓ ઊંડું સુખ અનુભવતા અને ઉપર જણાવેલ તંગપણામાંથી ઊંડી રાહત અનુભવતા. અને બધી ચિન્તા, વ્યગ્રતા અને ઉપાધિઓનું જાણે કે વળતર મળી જતું હોય એમ તેમને લાગતું. થોડા વખતનો પણ વિયોગ તેમને બેચેન બનાવતો. એકમેકને અંદરનાં સંવેદનો જણાવવાની કોઇ અવર્ણનીય ક્ષણ તેઓ રખેને ગુમાવી બેસે એવી તેમને બીક લાગતી હતી.

મૃત્યુના સતત વિચારમાંથી કેટલાક લાભો પણ પરિણામે છે; નશ્વર જગતની વેધકતા, મર્ત્યપણાનું સંવેદન જે તમે પકડી શકો તેમ નથી તેને પકડવાના ચાલુ પ્રયત્નમાં રહેલી મધુર ગમગીની. જે લોકો મૃત્યુનો ગંભીરપણે વિચાર કરતા નથી તેઓ કેટલું ગુમાવે છે તેનું તેમને ભાન હોતું નથી.

આ જે દર્દ હતું તેની પણ એક પ્રકારે અમુક ઉજળી બાજુ હતી. વર્ટ ઈશ્વરનો આભાર માનતો હતા કે તેનો નાશ કરનાર બીજું

કોઇ દર્દ નહિ પણ કેન્સર હતું; કારણ કે તેથી જોકે તેને અવારનવાર પારાવાર વેદના થતી હતી, એમ છતાં પણ એ દર્દ દરમિયાન એવા પીડાવિનાના ગાળા અવારનવાર આવતા હતા કે જ્યારે, કયારે અને કેવી રીતે મરવું તેને લગતી પોતાની વિચારસરણી ઘડવાની તેને તક મળતી હતી.

આ દર્દ કેવી રીતે વધતું ચાલ્યું તેનું લાયલ અત્યન્ત વેદનાજનક વિગતો વડે વર્ણન કરે છે. તેને લગતા પ્રસ્તુત પુસ્તકના વિભાગોનું વાંચન ભારે કઠણ અને દર્દજનક બને છે. યુરોપના ધાતકીપણું આચરવામાં રીઢા અને કુશળ બનેલા માણસોનો જાણે કે ભોગ બન્યું ન હોય એમ વર્તનું જબરજસ્ત શરીર તદ્દન ભાંગી ગયું. એવો પણ વખત આવ્યો કે જ્યારે તે કશું ખાઈ કે પી ન શકે, તેમ જ ક્ષણભર ઊંઘી પણ ન શકે. કેન્સર માણસની કેવી દશા કરે છે એ કોઈએ જરૂર ઈશ્વરને જણાવવું જોઇએ.

તેના જીવનનો અન્ત આખરે એની વિશિષ્ટ રીતે આવ્યો. એ એ ક્ષણ હતી કે જ્યારે લાયલ જીવનની કોઈ ભવ્ય પૂરિપૂર્તિનો, તેના પરલોકગમન વિષે ન સમજી શકાય એવા સંતોષ અને વિસ્મયનો, જાણે કે કશું કહેવાનું, સૂચવવાનું કે ચિન્તા કરવાનું અવશેષ ન રહ્યું હોય એવા પરિતોષનો અનુભવ કરી રહી હતી. પોતે કાંઇક અઘટિત કર્યું યા કાંઇક ઘટિત ન કર્યું એને લગતા પશ્ચાત્તાપ કે આત્મગત અપરાધની લાગણીનો જેમાં અંશ સરખો નથી હોતો એવા એકાન્ત દુઃખની અનુભૂતિમાં કોઇ વિચિત્ર કોટિના ઉર્ધ્વીકરણનું તત્ત્વ રહેલું હોય છે.

આ જ ખરું કારણ છે કે જેને લીધે લાયલ ટક્કર પોતાના પતિના મરવાને લગતા પ્રયોગની કથા જેવી બની તે જ આકારમાં–કશાપણ લાગણીવેડા કે દીનતા વિના–કહી શકી છે.

અનુવાદક : પરમાનંદ

શ્રી કકલભાઈ ભુદરદાસ વકીલનો સ્વર્ગવાસ

જે સંસ્થાનું પ્રબુદ્ધ જીવન મુખપત્ર છે તે સંસ્થા એટલે કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આદ્યસ્થાપકોમાંના એક શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલનો વર્ષ સવા વર્ષની લાંબી માંદગી બાદ ૭૧ વર્ષની ઉમ્મરે એપ્રીલ માસની ૯ મી તારીખે સવારના દેહાન્ત થયો. શ્રી કકલભાઇના જીવનનો પ્રારંભ બહુ જ સાધારણ સ્થિતિથી થયેલો. ભણતર પણ લગભગ મેટ્રીક સુધીનું. શરૂઆતમાં તેઓ સુતરનો ધંધો કરતા હતા; પછી તેમણે ઇમ્પોર્ટ એકસપોર્ટની ઓફીસ ખોલી. આર્થિક સ્થિતિ સારા પ્રમાણમાં સુધરતાં તેઓ શેર બજારમાં દાખલ થયા, કે. બી. વકીલના નામથી પોતાનું કાર્ડ ચાલુ કર્યું અને જીવનના અન્ત સુધી તેમનો આ વ્યવસાય ચાલુ રહ્યો. આ રીતે શ્રી કકલભાઈ પુરૂષાર્થપરાયણ હતા અને આપબળે શૂન્યમાંથી શ્રીમન્ત બન્યા હતા.

આવી અર્થસાધના સાથે જાહેર જીવનમાં ખાસ કરીને જૈન સમાજ પૂરતા જાહેર જીવનમાં પણ તેમણે નાની ઉમ્મરથી પ્રવેશ કર્યો હતો. હું મુંબઇ ૧૯૧૦ માં કોલેજમાં ભણવા આવ્યો ત્યારથી કકલભાઇ સાથેના મારા સંબંધની શરૂઆત થયેલી. આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાં તેમણે જૈનો માટે સસ્તાં ભાડાંના મકાનો મેળવવાના હેતુથી એક મંડળની સ્થાપના કરેલી અને ચીંચપોકલીમાં હરહરવાળાની નવી બંધાયલી છ ચાલીઓ મંડળના નામથી એક સાથે ભાડે લઇને સંખ્યાબંધ જૈન કુટુંબોને વસાવેલાં. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઇ ત્યારથી તે સંસ્થામાં તેઓ ખૂબ રસ લેતા હતા અને વર્ષો સુધી તે સંસ્થાના તેઓ કોષાધ્યક્ષ અને પેટ્રન હતા. ૧૯૨૫ અને ૩૦ના ગાળામાં જૈન સમાજમાં બાલદીક્ષા સામે મોટું આન્દોલન ઉભું થયું હતું. બાલદીક્ષાના અનિષ્ટનો વ્યવસ્થિત રીતે સામનો કરવાના હેતુથી તેમજ સાધુશાહીની આપખુદી, જુનવાણી સામાજિક રીતરીવાજો અને રાષ્ટ્રવિરોધી કોમી માનસ સામે સંગઠિત બનીને કાર્ય કરવાના આશયથી જે કેટલાએક મિત્રોએ એકઠા થઇને ૧૯૨૮–૨૯ ની સાલમાં મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના કરેલી તેમાંના સ્વ. કકલભાઇ એક હતા. શરૂઆતનાં વર્ષોમાં સંઘની પ્રવૃત્તિમાં તેઓ ખૂબ રસ લેતા, અને તેમની ધગશ અને જુસ્સો કોઇ અજબ પ્રકારનાં હતાં. ૧૯૩૮ માં મુંબઈ જૈન યુવક સંઘે પોતાનો દશવર્ષીય સમારંભ મુંબઇ રાજ્યના એ વખતના અર્થસચિવ શ્રી એ. વી. ઠક્કરના પ્રમુખપણા નીચે સાન્તાક્રુઝ ખાતે આવેલ શ્રી કકલભાઇના નિવાસસ્થાને ઉજવેલો અને સંઘના સભ્યોનું શ્રી કકલભાઇએ બહુ ભાવથી આતિથ્ય કરેલું. ત્યાર બાદ સંઘના બંધારણની પુનર્રચના જેના પરિણામે જૈન સમાજના સર્વ ફિરકાઓના યુવકો માટે સંઘના દ્વાર ખુલ્લાં કરવામાં આવ્યા તે પણ તેમના પ્રમુખસ્થાને કરવામાં આવેલી. પછીનાં વર્ષોમાં તેઓ પોતાના ધંધા તરફ વધારે વળ્યા અને સંઘની પ્રવૃત્તિમાં તેમનો રસ કમી થતો રહ્યો. આમ છતાં સંઘ પ્રત્યે તેમની સહાનુભૂતિ કાયમ રહી હતી અને સંઘના કાર્યકર્તાઓ અને તેમની વચ્ચેનો સંબંધ એક સરખો જીવન્ત રહ્યો હતો.

શ્રી કકલભાઇ વ્યક્તિગત રીતે અત્યન્ત પ્રવૃત્તિશીલ, પ્રેમાળ અને સરળ દિલના સજ્જન હતા. તેમનું ચારિત્ર્ય નિર્મળ હતું અને કોઇનું બુરું કરવું તો શું, પણ કોઇનું બુરું ચાંછવું તે પણ તેમની પ્રકૃતિમાં નહોતું. એક કુશળ અને પ્રમાણીક શેરદલાલ તરીકે તેમણે સારી પ્રતિષ્ઠા જમાવી હતી. શ્રીમન્ત હોવા છતાં શ્રીમન્તાઇનો તેમનામાં કોઇ ગર્વ નહોતો. પાછળ તેઓ ત્રણ પુત્રો અને એક પુત્રી મુકી ગયા છે. બધાંને પૂરા સુખી અને રળતા કમાતાં જોઇને તેમણે આ જગતની વિદાય લીધી છે. તેઓ હંમેશા હતા તેવા દેખાતા અને એથી વિશેષ દેખાવાનું કે દેખાવ કરવાનું તેમના સ્વભાવમાં નહોતું. કોઈ પણ સુવાસપૂર્ણ પુષ્પ કાળે કરીને કરમાઈ જાય, ખરી પડે અને સુવાસનું સ્મરણ મૂકી જાય, એમ તેઓ જેમના જેમના સમાગમમાં આવ્યા તેમના દિલમાં એક ઊંડી સુવાસ મુકતા ગયા છે. સામાન્ય માણસના જીવનને ચરિતાર્થ કરવા માટે આથી વધારે શું જોઇએ? પરમાનંદ

સંઘ સમાચાર

શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલના અવસાન અંગે શોકપ્રસ્તાવ

તા. ૧૧–૪–૫૮ ના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભામાં સંઘના આદ્યસ્થાપકોમાંના એક શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલના તાજેતરમાં નીપજેલા અવસાન સંબંધે પ્રસ્તાવ રજુ કરતા શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી કકલભાઇની લાંબી જીવનકારકીર્દીની કેટલીક વિગતો રજુ કરી હતી અને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ તેમના વર્ષોજુના એક સાથી તરીકે શ્રી કકલભાઇને ભાવભરી અંજલિ આપી હતી અને ત્યાર બાદ નીચેનો પ્રસ્તાવ ઉચિત વિધિપૂર્વક પસાર કરવામાં આવ્યો હતો;

"શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આદ્યસ્થાપકોમાંના એક શ્રી કકલભાઈ ભુદરદાસ વકીલના તાજેતરમાં નીપજેલા અવસાન બદલ સંઘની કાર્યવાહક સમિતિ ઊંડા શોકની લાગણી પ્રદર્શિત કરે છે, પ્રારંભનાં વર્ષો દરમિયાન સંઘના કાર્યને આગળ ધપાવવા પાછળ તેમણે આપેલા તન, મન અને ધનના ભોગનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરે છે, અને એ યુવાનીના દિવસોમાં તેમણે જૈન સમાજને આગળ વધારવા માટે જે ધગશ અને અનવરત ઉત્સાહપૂર્વક કાર્ય કર્યું હતું તેનું અનુકરણ કરવા આજના યુવકોને અનુરોધ કરે છે. તેમના કુટુંબી સ્વજનો પ્રત્યે સંઘની કાર્યવાહક સમિતિ ઊંડી સહાનુભૂતિ દાખવે છે અને તેમના આત્માને પરમ શાન્તિ ઈચ્છે છે."

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને અભિનન્દન

ત્યારબાદ સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહની સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજીંગ ડીરેકટર તરીકે નીમણુક થઇ તે બદલ આનંદ વ્યક્ત કરતો અને શ્રી ચીમનભાઇનું અભિનન્દન કરતો એક પ્રસ્તાવ કાર્યવાહક સમિતિએ પસાર કર્યો હતો.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સમાજસુધારની ઉત્ક્રાન્તિ

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન કલકત્તાથી નીકળતા 'તરૂણ' પાક્ષિકના સંપાદક અને પ્રખર સામાજિક કાર્યકર્તા શ્રી ભંવરમલ સીંધીએ ઉપર જણાવેલ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. તેમને સાંભળવાનો પર્યુષણ વ્યાખ્યાનમાળાના શ્રોતાસમુદાય માટે આ પહેલ વહેલો જ પ્રસંગ હતો. તેમના પ્રવાહાત્મક વકતૃત્વ વડે અને રૂઢીવાદી માનસને આંચકા આપે એવાં ક્રાન્તિકારી વિધાનો વડે તેમણે શ્રોતાવર્ગને અત્યન્ત પ્રભાવિત કર્યો હતો. પોતાના એ વ્યાખ્યાનની તેમણે હિંદીમાં સંક્ષિપ્ત નોંધ કરીને મોકલી હતી, જેનો શ્રી મેનાબહેન નરોત્તમદાસ શેઠે કરી આપેલો અનુવાદ નીચે પ્રગટ કરતાં આનંદ થાય છે. પરમાનંદ)

માત્ર વ્યક્તિઓનો સમૂહ તેનું નામ સમાજ નથી. અનેક વ્યક્તિઓના સાથે રહેવાથી નિષ્પન્ન થતા પારસ્પરિક સંબંધોના કારણે એક એવી પરિસ્થિતિ નિર્માણ થાય છે જેને આપણે સમાજ કહીએ છીએ. ક્તિ અને સમાજનો સંબંધ કેવો હોવો જોઇએ તે હંમેશા સમાજશાસ્ત્રીઓમાં ચર્ચાનો વિષય રહ્યો છે. કોઇએ એમ કહ્યું કે વ્યક્તિ એ જ મહત્વની વસ્તુ છે, જેનાથી સમાજ રચાય છે. બીજાઓએ કહ્યું, સમાજ એ જ મુખ્ય છે, વ્યક્તિ તો તેનું એક અંગ છે. વાસ્તવિક રીતે આ બેમાંથી એકે મત એકાન્ત સત્ય નથી. વ્યક્તિ વિના સમાજ હોઈ શકે નહિં, તેમજ સમાજનું અસ્તિત્વ ન હોય તો વ્યક્તિની પણ કંઈ પિછાણ નથી. એટલા માટે જ મનુષ્યને સામાજિક પ્રાણી કહ્યો છે. સુપ્રસિદ્ધ ઇતિહાસકાર આર્નોલ્ડ ટૉયન્બીએ કહ્યું છે કે "સમાજ એ મનુષ્યોના પારસ્પરિક સંબંધોની એક એવી રચના છે, જેમાં વ્યક્તિ પોતે માત્ર વ્યક્તિ તરીકે નથી રહી શકતી. તે એક સામાજિક પ્રાણી બની જ જાય છે. આનો અર્થ એ થયો કે વ્યકિત પોતાના ક્ષેત્રમાં ભલે પોતાની રીતે કાર્ય કર્યા કરે, પણ તે કાર્યના સંચાલનનો સંબંધ–પછી તે સહયોગ હોય કે વિરોધ હોય–અન્ય વ્યક્તિઓને આશ્રયી રહે છે. આ પરસ્પરનો જે સબંધ તેને જ સમાજ એવી સંજ્ઞા આપવામાં આવી છે.

આ પ્રમાણે સમાજ સંબંધી વિચારસરણીમાં વ્યક્તિનું મહત્વ વધારે કે સમાજનું વધારે એ પ્રશ્ન હંમેશા સર્વોપરી રહ્યો છે, અને આ પ્રશ્નની આસપાસ સામાજિક વિચારધારાઓનો વિકાસ થતો રહ્યો છે. કોઇએ વ્યક્તિને મહત્વ આપ્યું તો કોઇએ વ્યક્તિને સંપૂર્ણ રીતે સમાજને અવલંબિત માની. આ વિચારધારાઓના વિકાસમાં દેશ અને કાળની પરીસ્થિતિનો પણ સારો એવો ફાળો છે. પ્રારંભિક કાળમાં મનુષ્યને પોતા વિષેનું તેમજ પોતા દ્વારા સ્થાપિત થયેલા માજ સાથેના સંબંધો વિષેનું જ્ઞાન બહુ અલ્પ હતું. તેની આવશ્યકતાઓ મર્યાદિત હતી, તેને લીધે તેનું કાર્યક્ષેત્ર–જેને આપણે સમાજ કહીશું–પણ મર્યાદિત હતું. તે કાળમાં સામાજિક જીવન તદ્દન સીધું ને સરળ હતું. માનવી શિકાર કરીને પેટ ભરતો તેમાં તેને સંતોષ ો, અને વૃક્ષોની છાલ કે જનવરોની ખાલથી પહેરવા ઓઢવાનું પતી જતું. આ સ્થિતિને આપણે સાદું સરળ જીવન કહીએ , પણ ખરું જોતાં તેના મૂળમાં માનવીનું અજ્ઞાન છે. આજે કારનાં વસ્ત્ર અને ખોરાક છે તેની જાણકારી તે સમયે નહોતી. ધીરે વધારે લોક સાથે રહેવા લાગ્યા અને તેમને થયું કે માત્ર કારથી નહીં ચાલે ત્યારે તેમણે ખેતીનું જ્ઞાન મેળવ્યું. પશુઓને રીને ખાઈ જવાને બદલે તેને પાળવાનું જ્ઞાન વિકસિત થયું. જીવનપ્રણાલીના આ ફેરફારથી વ્યક્તિઓના પારસ્પરિક સંબંધોમાં– ામાજિક સ્વરૂપમાં–પણ ફેરફાર થયો. આ પ્રમાણે જેમ જેમ મનુષ્યના ાનમાં વૃદ્ધિ થતી ગઈ તેમ તેમ તેની આવશ્યકતાઓ અને આકાંક્ષાઓ, ને અંગેની કામ કરવાની વિચારણાઓ તેમજ કામ કરવાની પદ્ધતિમાં ણ ફેરફાર થતા ગયા. ખાનપાન, રહેણીકરણી અને વેશભૂષાથી લઈને ામાજિક વ્યવહાર અને રાજ્ય કે શાસન બધામાં પરિવર્તન આવતું ગયું. આ બધાં થતાં પરિવર્તનોનાં કારણો અને તેનાથી નિપજેલાં પરિણામોમાં અમુક પ્રકારની પરિસ્થિતિ નિમિત્તભૂત હતી તે આપણે સમજી લેવું ઘટે.

બહુજ પ્રાચીન કાળમાં–કહો કે સૃષ્ટિની શરૂઆતમાં–જે સ્થિતિ હતી તે સામ્યવાદી વ્યવસ્થા હતી એમ કહેવાય છે. તેમાંથી પરિવર્તન થતાં સામન્તવાદી રચના આવી. પછી આવી પૂંજીવાદી સમાજરચના. આ બધા ફેરફારોની પાછળ વિજ્ઞાનનો મોટો હિસ્સો હતો, અને જેમ આ પરિવર્તનો થતાં ગયાં, તેમ સાથે સાથે વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધો પણ બદલાતા રહ્યા. સામન્તવાદી યુગના વ્યવહારો પૂંજીવાદી યુગમાં ન ચાલી શકયા, અને પૂંજીવાદી યુગના વ્યવહારો સમાજવાદી યુગમાં નિરર્થક બન્યા. વિજ્ઞાનની સહાયથી ઉત્પાદનની ક્રિયામાં જે ફેરફારો થયા તેથી એક નવી જ ક્રાન્તિની સૃષ્ટિ સર્જાઈ, જેને આપણે ઔદ્યોગિક ક્રાન્તિ કહીએ છીએ. યંત્રોએ કેવળ ઉત્પાદનની ગતિ અને સ્વરૂપમાં ફેરફાર કર્યો નથી પણ આખી સમાજરચના, રહેણીકરણી, કૌટુંબિક જીવન, પતિપત્નીનો સંબંધ વગેરે બધું જ બદલી નાંખ્યું. ધર્મ અને નૈતિકતાના ખ્યાલો પણ બદલાઈ ગયા. સામન્તવાદી યુગમાં જે વસ્તુ બીલકુલ ઉચિત અને ન્યાયપુરઃસરની મનાતી હતી તે આજે સાવ મિથ્યા મનાય છે. સામન્તવાદી યુગમાં જે ધર્મવિહિત મનાતી હતી તે રાજા અને રાજ્યસંસ્થા આજે નિર્મૂળ થઈ ગઈ છે. ઔદ્યોગિક ક્રાન્તિએ જે વ્યવસ્થાને જન્મ આપ્યો તે પણ આજે પરિવર્તનોથી ગલત સાબિત થતી જાય છે. આજની સમાજનું મુખ સમાજવાદી સમાજરચનાની દિશામાં છે.

આ પરિવર્તનના ક્રમમાં આપણે જોયું કે ભૌતિક અવસ્થા–વ્યવસ્થામાં તો પરિવર્તન થતું જ રહ્યું છે. આજીવિકા–ઉપાર્જન અને આર્થિક સાધનોને લીધે મનુષ્ય પોતાના ભૌતિક જીવનમાં ફેરફાર સ્વીકારતો રહ્યો છે, પણ જ્યાં સામાજિક વિચારો અને સંસ્કારો, સામાજિક સંસ્થાઓ કે રાજ્ય વ્યવસ્થાનો પ્રશ્ન ઊભો થાય છે ત્યાં પોતાની નીતિ રીતિમાં ફેરફાર કરવા તે તૈયાર નથી. અને દરેક યુગમાં તેની પૂર્વેનો યુગ એક પડછાયા સમાન થઈને ઊભો રહે છે. આપણે જોયું કે ઔદ્યોગિક ક્રાન્તિમાં મનુષ્યની ઉત્પાદન પદ્ધતિમાં ઘણું બદલાઈ ગયું. ખેતીને માટે ટ્રેક્ટર આવ્યાં, બીજા ઉત્પાદનો માટે જાતજાતનાં મશીનો આવ્યાં, પણ આપણું માનસ એનું એ રહ્યું. સામન્તવાદી યુગના ચોગઠામાંથી બહાર્યું નહીં. આવી પરીસ્થિતિમાં સુધારકો કે પ્રચારકોનું એક એવું દળ આગળ આવે છે જે નવો ચીલો પાડવા માંડે છે. નવા યુગનાં મંડાણ થઈ ગયાં હોય છે, પણ વ્યક્તિ પોતાની વ્યક્તિગત રીતિઓ બદલવા તૈયાર નથી હોતી. સુધારકોને પ્રચંડ આંદોલનો ચલાવવા સાથે ભયંકર વિરોધનો સામનો કરવો પડે છે. આ સમસ્યા દરેક યુગમાં ઊભી થાય છે. ઔદ્યોગિક ક્રાન્તિ પછીના પૂંજીવાદી યુગમાં આજે હજુપણ સામન્તવાદી રૂઢિઓ કાયમ રહીને પીડા આપી રહી છે.

આપણા દેશમાં જોઇએ. આર્થિક અને રાજનૈતિક વિચારધારામાં આપણે સમાજવાદી વ્યવસ્થાના આદર્શ સુધી પહોંચી ગયા છીએ, પણ સામાજિક જીવનમાં સામન્તવાદી અને કયાંક કયાંક તો તેની પણ આગળના–બાવા આદમના–જમાનામાં વિહરીએ છીએ. બર્નાડ શૉએ એક વખત કહ્યું હતું કે મનુષ્યનો સ્વભાવ એવો છે, જે જે મશીનો જુનાં થઈ ગયાં હોય અને પૂરેપૂરું કામ ન આપતાં હોય તો તેને તોડી ફોડીને ફેંકી દે છે, પણ સામાજિક જીવન કે રૂઢિઓનો પ્રશ્ન આવે તો તેને બદલવા તે તૈયાર થતો નથી. જેઓ સુધારાની વાતો કરતા હોય છે તેમનો પણ એવો સ્વભાવ થઈ જાય છે. એક સમયે જે આધાર ઉપર પરિવર્તન આણવાની તેઓ વાતો કરતા હોય છે, તે જ આધારનો થોડો સમય વીત્યા બાદ તેઓ વિરોધ કરવા લાગે છે. તેઓ ભૂલી જાય છે કે એક વખતે એક વાત સુધારા તરીકે યોગ્ય હતી, પરન્તુ કાળાન્તરે તે પણ જુના જમાનાની થઈ જાય છે. ભારતીય સમાજમાં એક વખતે સતી પ્રથા કે બાળવિવાહ બંધ કરવાના તથા

વિધવાવિવાહ કરવાના ખૂબ આંદોલનો ચલાવવા પડયા હતા, સુધારકોને કેટલી નિંદા અને અપમાનો સહન કરવા પડયા હતાં. આ જમાનામાં એ કોઈ મહત્વની વસ્તુ નથી રહી. દુનિઆ તેનાથી ઘણી આગળ વધી ગઈ છે. આજે તેનાથી ઘણા વધારે જટિલ પ્રશ્નો ઉપસ્થિત થયા છે. આજે તો વિવાહસંસ્થાના અસ્તિત્વ વિષે જ સંશય સેવવામાં આવે છે. સ્ત્રી પુરૂષના શારીરિક સંબંધની ભૂમિકા પલટાઈ રહી છે. સંપત્તિ સંબંધેની આપણી માન્યતાઓ ફરી ગઈ છે. સમાજસુધારકોની સામે આ યુગના આ નવા પ્રશ્નો ખડા થયા છે. સમાજસુધારા કરવા આગળ આવેલી વ્યક્તિઓ અને સંસ્થાઓમાં પણ જડતા આવી જાય છે. તેઓ વળી નવા સુધારાઓના વિરોધી બની જાય છે. બહુ લાંબા કાળની વાત જવા દઇએ અને માત્ર થોડાં વર્ષ પહેલાંનો વિચાર કરીએ તો આર્યસમાજ એક જબરદસ્ત સમાજસુધારા આન્દોલન હતું. બંગાળમાં બ્રાહ્મોસમાજ અને ગુજરાતમાં પ્રાર્થનાસમાજ પણ એ પ્રકારનાં સમાજસુધારક આંદોલનો હતાં. આજે તે કંઇ કરતા નથી, કદાચ જરાતરા કંઇ કરતા હોય તો તે આજના યુગને અનુરૂપ ન હોઇને જડ પરિપાટી જેવું લાગે છે. તેઓ વિચારાંધતા અને જડતાના ગઢ જેવા બની ગયા છે. એક સમયે એ બધા આન્દોલનોનું મહત્વ હતું, આજે તે મહત્વ નથી રહ્યું, એટલે તે પ્રકારના આન્દોલનોની જરૂર નથી, તે સંસ્થાઓની યે આવશ્યકતા નથી. પણ જેમને માટે એ સંસ્થાઓ એક મઠ જેવી બની ગઈ છે, અથવા તો જેમને માટે તે આજીવિકાનું એક સાધન બની ગઈ છે તેઓ તેને ચાલુ રાખવાનો આગ્રહ સેવ્યા કરે છે. અને કેટલીક વખત આ યુગના નવસુધારકોને તેમની સામે પણ અવાજ ઉઠાવવો પડે છે.

અમુક સુધારાઓની મર્યાદા બાંધીને બેઠેલી સંસ્થાઓની આ સ્થિતિ થાય છે. એક કાળે અમુક સુધારાની જરૂર ઊભી થતાં તે કાળે તેવી સંસ્થાનો જન્મ થાય છે, પણ તે કામ પૂર્ણ થયા પછી પણ તે સંસ્થા બંધ થતી નથી. સમાજની આવશ્યકતાઓ અને પ્રશ્નો બદલાય છે, પરન્તુ તેઓ પોતાની વાતને સાર્વભૌમિક અને સાર્વકાલિક સત્ય માનીને તેને ચલાવ્યે રાખવા ચાહે છે. એક દિવસ ધર્મોની જે સ્થિતિ થઇ તે સ્થિતિ સમાજ સુધારા આંદોલનોની થઈ. જે દશા ધર્મગુરૂઓની થઈ તે દશા સુધારકોની થઇ. હા, જેઓ સાચી સામાજિક ક્રાન્તિ કરવા ઇચ્છતા હોય છે, તેમનું તો કાર્ય જ ભિન્ન પ્રકારનું હોય છે. સામાજિક વિજ્ઞાનના વિશ્વકોષમાં શ્રી હેરેસ કલેને સુધારક અને ક્રાન્તિકારનો ભેદ સમજાતાં કહ્યું છે કે "સુધારક કોઈ એક કે બે પ્રશ્નોને કેન્દ્રિત કરીને તેની પાછળ પોતાની શક્તિ ખર્ચે છે, જ્યારે ક્રાન્તિકારી આમૂળ પરિવર્તનની વાત કરતો હોય છે. સુધારક મૂળ ચોગઠાંને સુરક્ષિત રાખીને ચાલુ પ્રવૃત્તિઓ અને સિદ્ધાન્તો સાથે મેળ ખાય તેવી રીતે પરિવર્તન કરવા ઇચ્છતો હોય છે. જ્યારે ક્રાન્તિકાર સિદ્ધાન્તો, પ્રવૃત્તિઓ, અને આંદોલનો, બધાંની સમગ્ર દિશા જ પલટાવી દેવા માંગતો હોય છે. સુધારક જે મૂળ સ્થિતિ છે તેને સ્વાસ્થ્યકર માને છે, પણ એકાદ બે વસ્તુ જે તેને અસંતુલિત અથવા બેમેળ જેવી લાગતી હોય તેમાં જ ફેરફાર કરવા ચાહતો હોય છે. જ્યારે એક સાચો ક્રાન્તિકાર મૂળ પાયો જ ખોટો સમજીને જુનું કંઇ રાખવા નથી ઇચ્છતો. સુધારકનો પૂર્વસ્થિતિનો મોહ તેને જડ બનાવી દે છે. તેણે પોતાના મનમાં એવી કલ્પના બાંધી દીધી હોય છે કે, જે વ્યવસ્થા વર્ષોથી ચાલુ છે તે મૂળમાં ખોટી નથી, માત્ર તેમાં જે દોષ પ્રવેશી ગયા છે તે સુધારી લેવા જોઇએ. તે એમ સમજતો નથી કે જે જીવનદર્શનના આધાર ઉપર પહેલાંની સમાજવ્યવસ્થા રચાઇ હતી તેમાં ચાગડથીગડ કરવાથી હવે કામ ચાલી શકવાનું નથી. હવે તો સમગ્ર રીતે જીવનદર્શનમાં જ પરિવર્તન લાવવાની જરૂર છે. આ રીતે વિચારવામાં કદાચ તેને પોતાની સ્થિતિ અસ્થિર થઇ જવાનો ભય દેખાતો હોય."

આપણે જોયું કે પૂંજીવાદી યુગના સુધારકોએ સામન્તવાદી વ્યવસ્થાને પાયામાંથી બદલી નાંખવાને બદલે તેમાં કયાંક કયાંક સુધારાઓ કરીને સંતોષ માન્યો. તે પ્રમાણે આજના સમાજવાદી યુગનો સુધારક પૂંજીવાદી યુગની વ્યવસ્થાને જડમૂળથી ઉખાડી નાંખવાના બદલે ઉપર થોડું પ્લાસ્ટર લગાડીને પૂંજીવાદી વ્યવથાને સમાજવાદી જામો પહેરાવવા માંગે છે. જે પાયા ઉપર પૂંજીવાદી રચના ઊભી થઇ છે તે પાયાને તે ઉખેડવા નથી માંગતો. પણ આ સ્થિતિ ટકી શકે નહિં. સતત પરિવર્તનશીલતાના આ અવશ્યંભાવિ પાઠને ન સમજી–ન માની–તથાકથિત સમાજનેતાઓએ સામાજિક વ્યવસ્થામાં ધર્મને લાવીને બેસાડી દીધો. ધર્મને ઇશ્વરી વિધાન કહી એવા ઉચ્ચ આસને સ્થાપી દિધો કે જેને માટે માનવીય બુદ્ધિ કંઈ પ્રશ્ન જ ન કરે. વળી આ ધર્મ જીવનવ્યવહારમાં કેવળ ઇશ્વરી વિષય નથી રહેતો, પણ મનુષ્યના પ્રત્યેક કાર્યવ્યાપારમાં તે પોતાનું પ્રભુત્વ સ્થાપે છે. હું અહિંઆ ધર્મ અને ધર્મની ઉત્પત્તિ વિષે લાંબી ચર્ચા કરવા નથી ઇચ્છતો, પરન્તુ એટલું ખરૂં છે કે સમાજની પ્રગતિમાં ધર્મની સનાતનતાએ મોટો અવરોધ નાંખ્યો છે. સમાજનું સ્વરૂપ નિરંતર બદલાતું રહ્યું છે, કેમકે વ્યક્તિઓનાં પારસ્પરિક સંબંધોની પરિસ્થિતિમાં ફેરફારો થતા રહ્યા છે, પણ સમાજનું નિયંત્રણ ધર્મને હાથ સોંપીને રૂઢિગ્રસ્ત વર્ગે પરિવર્તન અને પ્રગતિને રૂંધી રાખવાનાં પ્રયત્નો કર્યા છે. હજારો વર્ષોથી મનુષ્યના મગજમાં ધર્મભીરૂતા ઠાંસી ઠાંસીને ભરવામાં આવી છે. આ અવરોધની ઠોકરની અસરથી મોટા મોટા સુધારકો પણ પાછા પડયા છે. પરન્તુ સામાજિક જીવનના સાચા હાર્દને જેઓ સમજ્યા, Permanant Revolution–સતત પરિવર્તનશીલતા–ની અનિવાર્યતાને જેઓ સમજ્યા તેઓ હાર્યા નથી. આ વાત સમજવાની આજે ખાસ આવશ્યકતા છે. કેમકે આણ્વિક વિજ્ઞાન જે તેજ ગતિથી આજે વિકસી રહ્યું છે, અને તેને લીધે જે નવી ઉદ્‌ભાવનાઓ જન્મ લઈ રહી છે તે સારાયે જીવનને પાયામાંથી પલટી રહી છે. એટલે આ યુગમાં પુરાણા માપદંડ જરાયે ચાલવાના નથી એ સત્ય જેટલું જલ્દિ સમજાય તેટલું સારૂં છે. ભૌતિક વિકાસાર્થે તેમ ખેતી અને કારખાનાના વિરાટ ઉત્પાદનાર્થે આપણે પંચવર્ષીય યોજનાઓ ઘડી છે, દેશની સમગ્ર શક્તિ તે ઉપર કેન્દ્રિત કરી છે, પણ તેમાંથી ફલિત થતા સામાજિક જીવનના પારેવર્તનોનો સ્વીકાર કરવાની આપણી તૈયારી છે ? તેને માટે આપણે કોઈ યોજનાઓ ઘડી છે ? પ્રથમ તો આને માટે સમાજસુધારકે પોતે સદંતર બદલાવું પડશે. સામન્તવાદી કે પૂંજીવાદી સુધારકતાથી કામ નહિ ચાલે. સમાજને બદલવા તેણે પોતે અગ્નિમાં પગલું ભરવું જોઇશે. સમાજ ગતિશીલ છે અને તેને સુધારવાની પ્રણાલી પણ ગતિશીલ હોવી જોઇશે.

ભંવરમલ સીંધી

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં પાઠયપુસ્તક અથવા ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક, કોઇ પણ શુભ પ્રસંગે ભેટ આપવા કે વહેંચવા લાયક પુસ્તકો

सत्यं शिवं सुन्दरम्

પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

દર્શન અને ચિંતન

પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી પ્રકાશિત

પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ

બે વિભાગ ગુજરાતી : એક વિભાગ હિંદી : કુલ ત્રણ વિભાગમાં

કિંમત રૂા. ૨૧; પેકીંગ પોસ્ટેજ રૂા. ૪

મળવાનું ઠેકાણું :

મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧, ૧૯૫૮, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

મહર્ષિ કર્વેને નહેરૂની ભવ્ય અંજલિ

(વીમેન્સ યુનિવર્સિટીના સંસ્થાપક મહર્ષિ ધોંડુ કેશવ કર્વેએ તા. ૧૭-૪-૫૮ ના રોજ સો વર્ષ પૂરાં કર્યાં. આ વિરલ અવસર ઉપર મુંબઈ પ્રદેશના રાજ્યપાલ શ્રીપ્રકાશના પ્રમુખપણા નીચે મહર્ષિ કર્વેને અતુલક્ષીને તા. ૧૯-૪-૫૮ ના રોજ મુંબઈ ખાતે ઍમ્ફીથર્ન સ્ટેડિયમમાં એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભારતના મહા અમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂ દીલ્હીથી ખાસ આવ્યા હતા અને મહર્ષિ કર્વેને તેમણે કાવ્યપૂર્ણ ભાષામાં ભારે ઉદાત્ત અને ભવ્ય અંજલિ આપી હતી. તેમનું અંજલિપ્રવચન અંગ્રેજીમાં હતું જેનો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી)

"હું અહિં અભિનન્દન આપવા નથી આવ્યો, આશીર્વાદ લેવા આવ્યો છું."

મિત્રો, હું અહિં મહર્ષિ કર્વેનું અભિનન્દન કરવા જેટલી ધૃષ્ટતા દાખવવા નથી આવ્યો. હું તેમનું અભિનન્દન કરનાર કોણ? અને આપણે સૌ પણ તેમને અભિનન્દન આપનારા કોણ? પુરાતન કાળમાં આપણા દેશમાં જે ઋષિમુનિઓ વિચરતા હતા તે કોટિના આ એક ખરા ઋષિ છે. રાષ્ટ્રની-પ્રજાની-સેવામાં તેમણે સો વર્ષ પૂરાં કર્યાં છે. આપણે તો તેમના આશીર્વાદ મેળવવા જોઇએ. હું તેમના આશીર્વાદ યાચવા માટે અહિં આવ્યો છું. હું ભારતની પ્રજા માટે તેમના આશીર્વાદ માંગું છું કે જેથી તેમની સેવાભાવનાનો, નિષ્ઠાનો, શ્રદ્ધાનો, તેમની ધીરજ અને ખંતનો, અને વિશેષ કહું તો જેની આજની પાગલ દુનિયામાં મોટી ઉણપ દેખાય છે અને જેના વડે જીવન સદા ગતિમાન રહે છે એવી તેમની ભલાઈ, કલ્યાણકામના, શ્રેયાર્થી વૃત્તિનો અંશ આપણામાં પ્રગટે.

મહર્ષિની પેઢી અને આપણી પેઢી

આ અસાધારણ અવસર ઉપર હાજર રહેતાં મને ખૂબ આનંદ થાય છે. આવો અવસર મારા જીવનમાં-અને સંભવ છે કે આપમાંના ઘણા ખરાના જીવનમાં-કદિ પ્રાપ્ત થયો નથી અને મને ખાત્રી છે કે આવો અવસર ફરીને આપણા જીવનમાં કદિ આવવાનો નથી. આ પ્રસંગે હું આલ્હાદ અને વિષાદ બન્ને અનુભવું છું. હું આલ્હાદિત છું એટલા માટે કે, આપણી વચ્ચે એક એવી માનવવિભૂતિ ઉપસ્થિત થઇ છે કે જે આપણા પ્રાચીન ઋષિમુનીઓની પ્રતિનિધિ રૂપ છે. અને હું વિષાદગ્રસ્ત એટલા માટે છું કે આજની પેઢીના આપણે આગળની પેઢીની આવી મહાન વિભૂતિઓની અપેક્ષાએ ભારે પામર-સત્ત્વહીન-બની ગયા છીએ.

આજે આપણી આસપાસ જે ઠાઠમાઠ અને ભભકો આપણે જોઇ રહ્યા છીએ તે રાજાઓ અને રાજપ્રમુખો સાથે સંકળાયેલા છે. મુખ્ય પ્રધાન અને બીજા સત્તાધિકારીઓની હીલચાલ અને ભાષણ-પ્રવચનો આસપાસ છાપાની જાહેરાતો ધુમરીઓ ખાતી હોય છે. પણ ડૉ. કર્વે જેવી માનવવિભૂતિની સંનિધિમાં આ દમામ, ઠાઠમાઠ ધમધમાટ અને જાહેરાત કેવળ પોકળ અને હાસ્યાસ્પદ લાગે છે. કારણ કે તેમનામાં આપણને એવા જીવનતત્વનું દર્શન થાય છે કે જે વધારે સ્થાયી ઉર્ધ્વ કોટિનું અને કાળાતીત છે. ધૈર્યશીલ અને પ્રજ્ઞાસંપન્ન માનવી મુશ્કેલીઓ અને અગવડો હોવા છતાં ખંત અને એકધારી નિષ્ઠા વડે શું કરી શકે છે તેનું ડૉ. કર્વે એક જીવન્ત ઉદાહરણ છે.

પહેલો દીવો કોણે પ્રગટાવ્યો ?

ઘણા વર્ષો પહેલાં ડૉ. કર્વેએ એક દીવો પ્રગટાવ્યો હતો. એ સમયમાં-ખાસ કરીને જે ક્ષેત્રને ડૉ. કર્વેએ પોતાનું જીવન સમર્પિત કર્યું હતું તે ક્ષેત્રમાં-ભારે અંધકાર હતો. આજે ભલેને હજારો દીવાઓ પ્રગટી ચુકયા હશે અને ચોતરફ રોશની ફેલાવી રહ્યા હશે, પણ જે પહેલો દીવો ડૉ. કર્વેએ પ્રગટાવ્યો હતો તેનું કોઇ જુદું જ મહત્વ હતું. એ દીવાની રોશની વર્ષોના વહેવા સાથે વધતી ચાલી છે અને તેમના દેશબંધુઓ એ ઘટનાને હંમેશા યાદ કરતા રહેવાના છે.

બે ચીની કહેવત

આજે મને બે ચીની કહેવતો યાદ આવે છે. એક કહેવતનો ભાવાર્થ એમ છે કે "અંધકારને શ્રાપ દીધા કરવો તે કરતાં નાનો સરખો પણ એક દીવો પ્રગટાવવો એ વધારે ઇચ્છવાયોગ્ય છે." આજના સન્માનના અધિકારી આપણી વચ્ચે બેઠેલા આ મહામાનવે એવો દીવો સળગાવવાની પહેલ કરી હતી. એ દીવાની જ્યોત આજ સુધી સદા વધતી અને વિસ્તરતી રહી છે. બીજી ચીની કહેવતનો ભાવાર્થ એ છે કે "સળગાવવામાં આવેલ એક દીવા વડે આખી દુનિયાના અંધકારનો નાશ થઇ શકતો નથી."

આજે આપણે શિક્ષણ અને કેળવણીની ખૂબ વાતો કરી રહ્યા છીએ, આપણામાંના કેટલાક સંતુષ્ટ છે; કેટલાક અસંતુષ્ટ છે. અસંતુષ્ટ હોવું એ કાંઈ ખરાબ વસ્તુ નથી. આ અસંતોષથી આપણામાં સુધારણા થાય તો તે અસંતોષ ઇચ્છવાયોગ્ય છે, પણ જો તે અસંતોષ આપણી નિરાશાનો જ પ્રતિધ્વનિ હોય તો તે ઇચ્છવાયોગ્ય નથી. પણ કોઇ પણ સંયોગોમાં ડૉ. કર્વેએ વર્ષો પહેલાં, જ્યારે આપણામાંના ઘણા ખરાનો જન્મ પણ થયો નહોતો ત્યારે, જે કરી બતાવ્યું અને શિક્ષણપ્રવૃત્તિને જે નવી દિશામાં વાળી તે તો અભૂતપૂર્વ હતું અને શિક્ષણના અન્ય કોઇ કાર્ય કરતાં વધારે મહત્વનું હતું. જો હું કહી શકું તો મારે જણાવવું જોઇએ કે પુરૂષો કરતાં પણ જો સ્ત્રીઓ વધારે ભણતી થાય તો તે વધારે મહત્વનું છે, વધારે જરૂરનું છે. દેશની માતાઓ, દીકરીઓ અને બહેનોના ભણવાનું મહત્વ ખરેખર ઘણું મોટું છે.

કોઈ પણ પ્રજાએ કેટલી પ્રગતિ સાધી છે તે માપવાના સાચા માપોમાંનું એક માપ છે એ પ્રજાજનોના સમાજમાં બહેનો-સ્ત્રીઓ શું દરજ્જો ભોગવે છે તે. કારણ કે તેમનામાંથી જ નવી પેઢી પેદા થાય છે. નવી પેઢી તેમના મોઢેથી સાંભળી શિખીને અને તેમનો ખોળો ખુંદીને પોતાના શિક્ષણની શરૂઆત કરે છે.

સામાજિક ક્રાન્તિની સર્વોપરીતા

સમાજપ્રગતિ માટે જરૂરી એવાં આર્થિક કે સામાજિક ફેરફારોની કેવળ વાતો કરવાનો કાંઇ અર્થ નથી. એ બાબત આપણુ સર્વના ધ્યાન ઉપર ગભીરપણે આવવાની જરૂર છે કે રાજકીય ક્રાન્તિનું ખૂબ મહત્વ છે અને એથી વિશેષ મહત્વ છે આર્થિક ક્રાન્તિનું, પણ સામાજિક ક્રાન્તિનું મહત્વ સૌથી વધારે છે. આપણે રાજકીય ક્રાન્તિ સાધી ચુકયા છીએ; આર્થિક ક્રાન્તિ સાધવા માટે આપણે મથી રહ્યા છીએ; સાથે સાથે સામાજિક ક્રાન્તિ આપણે હલ્લ કરવાની છે. જ્યાં સુધી સામાજિક ક્રાન્તિ સિદ્ધ ન થાય ત્યાં સુધી રાજકીય કે આર્થિક ક્રાન્તિ પૂરા અર્થમાં મૂર્તિમન્ત થઈ શકતી જ નથી. રાજકીય ક્રાન્તિથી આપણો બધો હેતુ સર્યો છે એમ માનવું એ બેવકુફી ભર્યું હતું; રાજકીય ક્રાન્તિનાં પરિણામોને સ્થાયી રૂપ આપવા માટે આર્થિક ક્રાન્તિ આવશ્યક હતી; પણ બન્નેનો આખરી આધાર સામાજિક ક્રાન્તિ ઉપર રહેલો છે, કારણ કે બીજી બન્ને ક્રાન્તિ સામાજિક ક્રાન્તિ વડે સ્થિરતાને પામે છે અને એ બન્ને માટે સામાજિક ક્રાન્તિ પાયારૂપ છે. આ સામાજિક ક્રાન્તિ સ્ત્રીઓ દ્વારા જ નિર્માણ થઇ શકે છે. આ માટે તેઓ સ્વતંત્ર હોવી જોઇએ અને સમાજ દ્વારા તેમની ઉપર મૂકાયલા બંધનોથી તેઓ મુક્ત હોવી જોઇએ.

ચીનમાં સ્ત્રીઓનો દરજ્જો

આના અનુસંધાનમાં ચીનમાં આ સંબંધે જે કાંઇ આજ સુધીમાં બન્યું છે તે મને યાદ આવે છે. ચીનમાં જે પ્રકારની ક્રાન્તિ થઇ છે તે સાથે આપણે સમત હોઇએ કે ન હોઇએ, પણ કદાચ સૌથી મહત્વની જે બાબત ચીનમાં બની છે તે ત્યાંની સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં કરવામાં આવેલા ફેરફારને લગતી છે. માર્કસવાદ અથવા તો બીજી બાબતો કરતાં આ બાબત વધારે અગત્યની છે. ચીની સરકારે ચીનના સ્ત્રી સમાજમાં એવે પ્રકારની પ્રતીતિ પેદા કરી છે કે આજ સુધી જે ગુલામી અને બંધનો વડે તેમનું જીવન રૂંધાઈ રહ્યું હતું તેમાંથી તેઓ સર્વથા મુકત બની છે. મને કોઈ શક નથી કે હિંદે સામાજિક તેમજ આર્થિક ક્ષેત્રમાં જે પ્રગતિ સાધી છે તેનું માપ પણ સ્ત્રીઓના દરજ્જામાં નીપજેલા ફેરફાર ઉપરથી જ કાઢવામાં આવશે. મને ખાત્રી છે કે હિંદમાં સામાજિક પરિવર્તન ચોક્કસપણે આવી રહ્યું છે, અને એમાં નાના મોટા અન્તરાયો, વિપરીત ઘટનાઓ, આડખીલો આવ્યા કરશે, એમ છતાં પણ સમગ્રપણે હિંદ પ્રગતિના માર્ગે અચૂકપણે કૂચ કરી રહ્યું છે.

સ્ત્રીઓને લગતા કાયદાઓ

સરકારના એક પ્રતિનિધિ તરીકે આજ સુધીમાં મને કંઇક સધાયાનો જે સંતોષ થતો હોય તો તે સ્ત્રીઓને લગતા જે નવા કાયદાઓ દેશમાં પસાર કરવામાં આવ્યા છે તે અંગે છે આ કાયદાઓ કરવાની ઘણા લાંબા સમયથી જરૂર હતી. તે વડે તેમને મુકિત મળી છે અને પોતાનો વિકાસ સાધવાનાં દ્વાર તે વડે ખુલ્લાં થયાં છે. મને પૂરી ખાત્રી છે કે આપણી બહેનોને જકડતી શૃંખલાઓ જે ઢીલી કરવામાં આવે, નાબુદ કરવામાં આવે, તો ભારતની સ્ત્રીઓ, આજ સુધીમાં તેમણે જે કાંઇ કરેલ છે તે કરતાં ઘણી વધારે સેવા ભારતની જ માત્ર નહિ પણ આખી દુનિયાની કરી શકશે.

દુનિયાનું ચિન્તાજનક ભાવી

આજે હિંદ તેમ જ આખી દુનિયા સામે જે ભયસ્થાનો ઉભાં થયાં છે તેનો વિચાર કરતાં આપણા દિલમાં એક પ્રકારની બેચેની પેદા થાય છે. જે દુનિયામાં અણુબોમ્બો અને હાઇડ્રોજન બોંબો અને વૈજ્ઞાનિક પ્રચંડ શકિતઓ પેદા થયેલ છે, તેવી આજની દુનિયા સામે આપણે નજર કરીએ છીએ ત્યારે માનવજાતની કહેવાતી આટલી બધી પ્રગતિ સાચી કે કેમ એ વિષે આપણા મનમાં શંકા પેદા થાય છે. શું આપણે આગળ વધી રહ્યા છીએ કે માનવી–માનસની પ્રારંભ કાળની જંગલી દશા તરફ આપણે પાછળ ધસડાઇ રહ્યા છીએ? ભાવી કેવું હશે તેનો આધાર શ્રદ્ધા ઉપર રહેલો છે. પોતાની જાતમાં શ્રદ્ધા, પોતાના લોકોમાં શ્રદ્ધા, માનવ જાતમાં શ્રદ્ધા ઉપર જ આપણું ભાવી નિર્ભર છે.

વિજ્ઞાનની પ્રગતિનો વિચાર કરતાં, આપણે શું કોઇ નવા યુગના અવતાર સમીપ જઇ રહ્યા છીએ કે સમગ્ર વિચ્છેદ–વિશ્લેષણ તરફ ગતિ કરી રહ્યા છીએ એવો પ્રશ્ન મન સામે આવીને ઉભો રહે છે. મને શ્રદ્ધા છે કે જેમ ભૂતકાળમાં બન્યું છે તેમ આજની કટોકટીમાંથી પણ માનવજાત ઉગરી જવાનો પૂરો સંભવ છે. પણ લોકો માત્ર ઉગરી જાય તેથી મને સંતોષ નથી. હું લોકોમાં એવી શ્રદ્ધા પેદા થવાની અપેક્ષા રાખું છું કે જેના અવલંબન વડે માત્ર ભૌતિક દૃષ્ટિએ નહિ પણ માનસિક તેમ જ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ વધારે સભર, વધારે પરિપૂર્ણ, ભર્યું ભર્યું જીવન લોકો અખત્યાર કરે.

મહર્ષિ કર્વેને સંબોધન

(ત્યાર બાદ મહર્ષિ કર્વેને સીધી રીતે સંબોધીને નહેરૂએ જણાવ્યું કે) મહાનુભાવ, આપ એક એવી વ્યકિત છો કે જેણે હંમેશા અનેકને પ્રેરણા આપી છે. આપનું જીવન માનવી શું કરી શકે છે તેની એક ભવ્ય તવારીખ સમાન છે. આપ એવા મહાજનોમાંના એક છો કે જેમણે માણસો શાન્તિથી અને સ્વસ્થતાથી શું કરી શકે છે તેનું જગતને દર્શન કરાવ્યું છે. ખરું કામ આ રીતે જ કરવામાં આવે છે અને એ રીતે નહિ કે જે રીતે મારી જેવા અધિકાર ધરાવતા લોકો ચોતરફ વાગતા જાહેરાતના ઢોલનગારાં સાથે કામ કરતા હોય છે. આ દુનિયા કે જેમાં રાજકારણી પુરૂષોને પણ સ્થાન છે– એવી આ દુનિયા જેવી છે તેવી બનવા માટે તેને અનેક જાતના લોકોની કદાચ જરૂર હોય. એમ છતાં રાજકારણી પુરૂષો વિના આ દુનિયા ચલાવી શકશે. પણ બીજી બાજુએ જ્યારે આપની જેવી કોટિના માનવીઓ આ દુનિયામાંથી અલોપ થશે ત્યારે દુનિયા સત્વવિનાની– મહત્વ વિનાની–બની જશે. પછી તો કશી પણ વિશેષતા વિનાના એવા સામાન્ય માનવીઓની આ દુનિયા બની જશે. હું એક વાર ફરીથી જેમની આપે આટલી ભવ્ય સેવા કરી છે એવા અમારા પ્રજાજનો માટે આપના આશીર્વાદ માગું છું.” જવાહરલાલ નહેરૂ

કર્વે, તિલક અને ગોખલે

કર્વે, તિલક અને ગોખલે સમકાલીન હતા. જીંદગીના મોટા ભાગ દરમિયાન તેઓ એક જ શહેરમાં સાથે રહ્યા હતા અને દરેકે પોતપોતાની રીતે નામના પ્રાપ્ત કરી હતી. આમ છતાં પણ એ કાંઇક અજાયબી પમાડે તેવું છે કે એ મૂળે ત્રણે જણ કદિ પણ જાહેર મંચ ઉપર એક સાથે ઉપસ્થિત થયા નહોતા.

તિલક એ ત્રણમાં સૌથી મોટા હતા. તેમનાથી નાના કર્વે હતા અને સૌથી નાના ગોખલે હતા. આજે કર્વેની સો વર્ષની જયન્તી ઉજવવાને આપણે ભાગ્યશાળી થયા છીએ.

તિલકનો જન્મ ૧૮૫૬ માં થયો હતો; કર્વેનો જન્મ ૧૮૫૮ અને ગોખલેનો જન્મ ૧૮૬૬ માં થયો હતો. ગોખલેને ૫૦ વર્ષ પૂરાં થયાં તે પહેલાં ૧૯૧૫ માં તેમનું અવસાન થયું હતું, અને તિલક ૬૫ વર્ષની ઉમ્મરે ૧૯૨૦ માં અવસાન પામ્યા હતા.

જો કે ત્રણે ડેક્કન એજ્યુકેશન સોસાયટીના સભ્યો હતા અને સાધારણ શિક્ષકો તરીકે ત્રણેયે પોતાનું જીવન શરૂ કર્યું હતું, એમ છતાં તેઓ એક સાથે એક જ સ્થળે કામ કરતા હતા એમ બન્યું નહોતું. તિલક સોસાયટીના સ્થાપકોમાંના એક હતા, પણ ૧૮૯૦ માં તેમણે સભ્યપદેથી રાજીનામું આપ્યું હતું. ગોખલે ૧૮૮૬ માં સોસાયટીમાં જોડાયા હતા અને પરિણામે તિલક અને ગોખલેએ ચાર વર્ષ સુધી એક સાથે કામ કર્યું હતું. જ્યારે તિલક છુટા થયા, ત્યારે ન્યુ ઇંગ્લીશ સ્કૂલ અને ફરગ્યુસન કોલેજ માટે ગણિત શિક્ષક તત્કાળ મેળવવાની જરૂરિયાત ઉભી થઇ. ગોખલે કે જેઓ એ વખતે ધી ડેક્કન

એજ્યુકેશન સોસાયટીના અગ્રગણ્ય સૂત્રધાર હતા તેમણે મુંબઇની હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરતા કર્વેને પત્ર લખીને બોલાવ્યા.

આમ તો કર્વે ગોખલેથી આઠ વર્ષ મોટા હતા. પણ કર્વેનું અંગ્રેજી શિક્ષણ મોડું શરૂ થયું હતું અને તેઓ અને ગોખલે એલ્ફીન્સ્ટન કોલેજમાં બી. એ. ના વર્ગમાં સાથે ભણતા હતા. ગણિત તેમનો સમાન ઐચ્છિક વિષય હોઇને ગોખલેના પત્રથી કર્વેને આશ્ચર્ય તેમ જ આનંદ થયો. બન્ને એલ્ફીન્સ્ટન કોલેજમાં સાથે ભણતા હતા અને ૧૮૮૪ માં બન્નેએ સાથે કોલેજ છોડી હતી. અને પછી તેઓ ભાગ્યે જ એકમેકને મળ્યા હતા. ગોખલેએ તેમની ગણિતના અધ્યાપક તરીકે નિમણુંક કરવા ઇચ્છા દર્શાવી હતી, અને જો કર્વે એ સ્વીકારવાને તૈયાર હોય તો તરત જ પૂના ચાલી આવવા અને પોતાને અને પોતાના સાથીઓને મળવા જણાવ્યું હતું.

આવી તક ભાગ્યે જ મળે એમ કર્વેને લાગ્યું, અને તેથી મુંબઇનો ૧૩ વર્ષનો ઘરવાસ તેમણે સંકેલી લેવાનો નિર્ણય કર્યો અને તરત જ પૂના ગયા. નોકરીની સરતો નક્કી કરવામાં આવી. આમાં એક સરત એ મુજબની હતી કે તેમનું કામ સંતોષકારક માલુમ પડે કે નહિ તો પણ તેમને બે વર્ષ તો ચાલુ રાખવા જ જોઇએ. પણ તેમને જ્યારે ડેક્કન એજ્યુકેશન સોસાયટીમાં આજીવન સભ્ય તરીકે જોડાવાનું કહેવામાં આવ્યું ત્યારે નવી નોકરીમાં જોડાયાને ખરી રીતે ચાર મહીના પણ પુરા થયા નહોતા ત્યાર બાદ કર્વેએ ગણિતના અધ્યાપક તરીકે લાગલાગટ વીશ વર્ષ સુધી કામ કર્યું. કોલેજમાં શિક્ષણ આપવા ઉપરાંત તેમને બીજે કોઇ રસ હોય તો તે સ્ત્રી જાતિના ઉધ્ધાર કાર્યને લગતો હતો. હિંદુ સમાજની સ્ત્રીઓ પુરૂષોને કેવળ પરાધીન હતી અને તેમના આધારે જીવતી હતી. આ સ્ત્રીઓની આવી દુર્દશા જોઇને તેમનું દિલ ખૂબ હલી ઉઠયું હતું. મહૌન સ્મૃતિકાર મનુએ કહ્યું હતું તે મુજબ જ્યારે "સ્ત્રી બાળક હોય ત્યારે તેની સંભાળ તેનો બાપ લે છે, મોટી થાય ત્યારે તેનો ધણી સંભાળ લે છે અને ઘરડી થાય ત્યારે તેનો દીકરો સંભાળ લે છે. માટે ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ–સ્ત્રી કોઇ પણ સંયોગમાં સ્વાતંત્ર્યની અધિકારી નથી." ખાસ કરીને જે સ્ત્રીઓ વિધવા થતી તેમની કમનસીબી અને દુર્દશા જોઇને તેમનું દિલ ખૂબ કંપી ઉઠયું હતું અને તેથી બને તેટલી સ્ત્રીઓને ભણાવીને અને તેમને બને તેટલી સ્વાશ્રયી બનાવીને તેમનો ઉધ્ધાર કરવાના કાર્ય માટે પોતાનું જીવન અર્પણ કરવાનો તેમણે નિશ્ચય કર્યો.

આમ હોવાથી ધી ડેક્કન એજ્યુકેશન સોસાયટીના સભ્ય તરીકે તેઓ ચાલુ રહ્યા ત્યાં સુધી સ્ત્રીઓમાં કેળવણીનો ફેલાવો કરવા પાછળ તેઓ પોતાની બધી નવરાશનો સમય ગાળતા અને સોસાયટીમાંથી છુટા થયા બાદ આ કામ પાછળ જ તેમણે પોતાનો બધો સમય અને શક્તિ કેન્દ્રિત કરી હતી. તેમનો મોટો ગુણ એ હતો કે તેઓ માત્ર ઉપદેશ નહોતા આપતા, તેઓ જે કહેતા તે મુજબ જ વર્તતા હતા અને તેથી તેમના વિરોધીઓ પણ તેમની પ્રશંસા કરતા અને એક ચારિત્ર્યસંપન્ન વ્યકિત તરીકે તેમનો આદર કરતા. જ્યારે તેમનાં પહેલીવારનાં પત્ની ગુજરી ગયાં ત્યારે તેમણે એક વિધવા સાથે લગ્ન કર્યું. તે વખતે તેમની ઉમ્મર ૩૫ વર્ષની હતી અને તેમનાં નવાં પત્નીની ઉમ્મર ૨૪ વર્ષની હતી. સ્વ. અગારકર જેઓ એ વખતે ફરગ્યુસન કોલેજના પ્રીન્સીપાલ હતા અને 'રીફોર્મર' નામના પત્રના અધિપતિ હતા તેમણે તેમના પિતાનું સ્થાન સ્વીકાર્યું અને પોતાના નામથી લગ્નનાં નિમંત્રણો મોકલ્યાં.

તિલક જો કે સામાજિક સુધારાઓની બાબતમાં ઉપરછલ્લો રસ ધરાવતા હતા, એમ છતાં પણ તેમણે આવી બહાદુરીભરેલા કાર્ય માટે કર્વેને અભિનન્દન આપ્યા હતા અને કહેવા મુજબ આચરવા માટે તેમના 'કેશરી' પત્રમાં કર્વેના વખાણ કર્યા હતા. મરાઠામાં આ ઘટના વિષે ઉલ્લેખ કરવામાં આવેલો કે "શ્રી કર્વે જો કે એક ધમધમાટ કરતા અને સભાઓ ગજાવતા સુધારક તરીકે કદી પણ જાણીતા થયા નથી, તો પણ કહેવાતા ઢગલાબંધ સુધારકો પોતાના આચરણમાં જે નૈતિક હીંમત દાખવી શકયા નથી તે નૈતિક હીંમતનો શ્રી કર્વેએ એક વ્યવહારૂ દાખલો બેસાડયો છે." 'કેશરી'એ આ વિષય ઉપર કર્વેનો એક વિગતવાર પત્ર પ્રગટ કરતાં કોઇને પણ કારણ વિના દુઃખ ન આપવું તેમ જ અન્ય લોકો વિષે તિરસ્કારયુકત ભાષામાં કદિ બોલવું કે લખવું નહિ–આવી તેમની નીતિનું હાર્દિક અનુમોદન કર્યું હતું.

જો કે તિલક અને કર્વે એક જ શહેરમાં વર્ષોથી સાથે રહ્યા હતા એમ છતાં એમ લાગે છે કે આ એક જ અવસર હતો કે જ્યારે તિલક અને કર્વે વચ્ચે સીધો સંપર્ક થયો હતો. ગોખલે અને કર્વે ફરગ્યુસન કોલેજમાં વીશ વર્ષ સુધી સહકાર્યકર્તા તરીકે સાથે હતા અને કર્વેના સ્ત્રીઉધ્ધારના કાર્ય પ્રત્યે ગોખલે ઊંડા દિલની સહાનુભૂતિ ધરાવતા હતા. એમ છતાં કોઇ પણ જાહેર પ્લેટફોર્મ ઉપર તેઓ કદિ એક સાથે જોવામાં આવ્યા નહોતા. કર્વેએ પોતાની આત્મકથામાં એક ઠેકાણે નોંધ કરી છે કે એક વખત અમુક બીલ્ડીંગ–કોન્ટ્રેકટરનું એક મોટું બીલ ચુકવવાનું હતું. એ બાબતની જાણ થતાં ગોખલેએ રૂા. ૫૦૦૦ ની રકમ મોકલી હતી અને જરૂર હોય તો વધારે રકમ મંગાવી લેવા જણાવ્યું હતું. કર્વેએ એ રકમ પાછી મોકલી હતી અને તેમની મદદ માટે અન્તઃકરણથી આભાર માન્યો હતો, ગોખલેના દિલમાં કર્વેના કાર્ય માટે હંમેશા ઊંડો સદ્ભાવ હતો અને તેનો એક આકસ્મિક છતાં સરસ પુરાવો એ અરસામાં બનેલી એક ઘટનામાંથી આપણને જાણવા મળે છે. ૧૯૦૮ ની સાલ દરમિયાન પોતાને તિલકના અનુયાયી લેખતા એવા કેટલાએક છાપાવાળાઓ ગોખલે સામે એક પ્રકારનો ગંદો પ્રચાર ચલાવી રહ્યા હતા. તેમાંના બે છાપાઓએ તેમના ઉપર એવો આક્ષેપ કર્યો કે તિલક ઉપર રાજદ્રોહના આરોપસર જે બીજીવાર મુંબઇ સરકાર તરફથી ફોજદારી કેસ કરવામાં આવ્યો હતો તે પાછળ ગોખલેની પ્રેરણા અને સરકાર સાથેની તેમની રમત હતી. ગોખલે એ વખતે ઇંગ્લાંડમાં હતા. આ વાંચીને તેમણે બધી જ ધીરજ ગુમાવી અને સર્વન્ટસ ઓફ ઇન્ડિયા સોસાયટીના પોતાના સાથીઓને આ છાપાવાળાઓ સામે બદનક્ષીનો કેસ કરવાની સૂચના આપી. આ છાપાવાળાઓએ ગોખલેની માફી માંગી અને દંડ તરીકે દરેકે રૂા. ૫૦૦ ની રકમ ગોખલેને આપી. આ રકમો કર્વેના વીડોઝ હોમ અને શિનડેના ડીપ્રેસ્ડ કલાસીઝ મીશનમાં વહેંચી આપવાની તેમણે સૂચના લખી મોકલી હતી.

પણ તિલક અને ગોખલે–જો કે એ બન્ને જુદી જુદી જ માત્ર નહિ પણ પરસ્પરવિરોધી દિશામાં કામ કરતા હતા એમ છતાં–અનેક રાજકારણી પ્રશ્નો સંબંધમાં સાથે મળીને કામ કરતા હતા અને ઘણી વાર એક જ પ્લેટફોર્મ ઉપરથી તેઓ ભાષણો આપતા હતા. ખાસ કરીને પૂનામાં ૧૯૦૮ માં જે મધ્યવિરોધી ઝુંબેશ શરૂ થઇ હતી તેમાં તેમણે સાથે મળીને કામ કરેલું. આ સંબંધમાં એ હકીકત પણ નોંધવા લાયક છે કે સુરત કોંગ્રેસમાં તેઓ બન્ને વચ્ચે અથડામણ થઇ અને સુરત કોંગ્રેસ ભાંગી પડી, ત્યાર પછી આ પીકેટીંગની હીલચાલ હાથ ધરવામાં આવી હતી જેમાં તેઓ બન્ને જોડાયા હતા. વળી ૧૯૦૫ માં જ્યારે ઇંગ્લાંડમાં સામાન્ય ચૂંટણી થવાની હતી અને તે વખતે ગોખલે અને લાલા લજપતરાય અંગ્રેજી પ્રજાનું હિંદના પ્રશ્ન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે અને હિંદની પરિસ્થિતિ વિષે તેમને માહિતગાર કરવા માટે વિલાયત ગયેલા અને પ્રવાસ પૂરો કરીને પાછા ફરેલા ત્યારે તિલકે એ બન્નેની–ખાસ કરીને ગોખલેની–ખૂબ જ પ્રશંસા કરેલી. પણ કર્વે તો આ બધી ઘટનાઓના માત્ર મૂક દૃષ્ટા રહ્યા હતા અને પોતા માટે નકકી કરેલા કાર્યપથ ઉપરથી કદિ પણ ચલાયમાન થયા નહોતા. પોતે સ્વેચ્છાએ પસંદ કરેલા કાર્યક્ષેત્રમાં તેમને જે અસાધારણ સફળતા મળી છે તેનું આ જ રહસ્ય છે અને જેના માટે સ્વ. સર વિઠ્ઠલદાસ દામોદરદાસ ઠાકરશીએ પંદર લાખ રૂપિયાનું દાન કર્યું હતું તે એસ. એન. ડી. ટી યુનિવર્સિટી આનો ઉત્કૃષ્ટ પુરાવો છે.

ફ્રી પ્રેસ જર્નલમાંથી સાભાર ઉધ્ધૃત. મૂળ અંગ્રેજી : **ટી. વી. પર્વતે**

અનુવાદક : **પરમાનંદ**

'રસગંધા'ના સંપાદકે કરેલું સ્પષ્ટીકરણ

શ્રી બાલચન્દ્ર પરીખ સંપાદિત કવિ ન્હાનાલાલના પ્રતિનિધિ કાવ્ય સંગ્રહ 'રસગન્ધા' નું બહેન ગીતા પરીખે કરેલું અવલોકન ગત માર્ચ માસની ૧૫ મી ના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યું હતું. કોઇ પણ પુસ્તકનું અવલોકન એટલે એ પુસ્તકના ગુણદોષનું અવલોકનકારની દૃષ્ટિએ વિવેચન. આ રીતે બહેન ગીતા પરીખે કરેલા અવલોકનમાંથી સંપાદનને પ્રતિકુળ એવી કેટલીક ટીકાઓ તારવીને તેનો જવાબ આપવાના પ્રયત્નરૂપ એવું એક લાંબુ વિવેચન શ્રી બાલચંદ્ર પરીખ તરફથી અમને પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશનાર્થ મળ્યું છે. આ સંબંધમાં દિલગીરી સાથે જણાવવાનું કે એ વિવેચન પ્રબુદ્ધ જીવનમાં અમે પ્રગટ કરી શકતા નથી, કારણ કે આવાં અવલોકનોનાં પ્રતિ-અવલોકનમાં અને ચર્ચા–પ્રતિચર્ચામાં ઉતરવાનું કોઈ પણ સામયિકના તંત્રીને પરવડે નહિ. અને વસ્તુતઃ અવલોકનાર્થે મળેલ પુસ્તકનું અવલોકન પ્રગટ કરવા સાથે તંત્રીની જવાબદારી પૂરી થાય છે, સિવાય કે પ્રગટ થયેલ અવલોકનમાં કોઇ હકીકતદોષ રહી ગયો હોય અને તે તરફ મૂળ લેખકે યા સંપાદકે અથવા તો કોઈ શુભેચ્છક મિત્રે તંત્રીનું ધ્યાન ખેંચ્યું હોય. શ્રી બાલચન્દ્ર પરીખના વિવેચનમાં અવલોકનકાર વિષે આવી કોઈ ફરિયાદ જોવામાં આવતી નથી.

તંત્રીની જવાબદારી આ પ્રકારે મર્યાદિત હોવા છતાં પ્રસ્તુત વિવેચનમાં શ્રી બાલચન્દ્ર પરીખે રસગન્ધના સંપાદનની ભૂમિકા શું છે તથા પુસ્તકનું નામ 'રસગન્ધા' શા માટે તે વિષે જે સ્પષ્ટતા કરી છે તે રસગન્ધાના સંપાદન અંગે વિશેષ માર્ગદર્શક બનશે એમ લાગવાથી તેટલો ભાગ તેમાંથી તારવીને તેમ જ જરૂર પૂરતો ટુંકાવીને નીચે આપવામાં આવે છે.

આ પુસ્તકનું પ્રાપ્તિસ્થાન છે. મેસર્સ એન. એમ. ત્રિપાઠી પ્રાઇવેટ લીમીટેડ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨. તંત્રી)

સંપાદનની ભૂમિકા

'રસદર્શનો' અંગે લખતાં શ્રી ગીતા બહેન સૂચવે છે કે "ન્હાના લાલથી અંજાઇ ગયેલી એમની કલમ એક વિવેચકની અદાથી એમના ગુણ દોષ બતાવવાને બદલે એક ભાવઘેલા ભકત જેમ ગુણગાન જ કરે છે," આ અંગે એટલું જ કહેવાનું મન થાય છે કે પુસ્તકના પ્રારંભમાં મેં જે ભૂમિકા લખી છે તે એમણે નજર સમક્ષ રાખી હોત તો તેમને આવી ટીકા કરવાનું કારણ ન રહેત. રસગન્ધામાં હું ગુજરાતના કાવ્યરસિક વાચક વર્ગ સમક્ષ ન્હાનાલાલની વિપુલ કવિતાના દોહન-રૂપી એક પ્રતિનિધિ કાવ્યસંચય ધરી રહ્યો છું અને તેની સાથે સંકળાયલાં મારાં કાવ્યાત્મક રસ–દર્શનોનો આશય વાચકને ન્હાના-લાલના ગુણ દોષનું વિશ્લેષણ કરતું વિવેચન આપવાનો નહિ, પરંતુ ગ્રંથમાં ઉપલબ્ધ થતી કાવ્યસામગ્રીના પાયા ઉપર વાચકને, કવિની આન્તર સૃષ્ટિનો–અને એ સૃષ્ટિ સાથે ઓતપ્રોત થયેલા એક સર્વાંગી જીવનદર્શનમાં વિવિધ સ્વરૂપોનો–કલ્પનાસભર રસાસ્વાદ કરાવવાનો છે. એ મેં પુસ્તકના આરંભે આલેખેલી મારી ભૂમિકામાં વિશદ કર-વાનો શકય તેટલો સર્વ પ્રયત્ન કર્યો છે. અહિં હું ન્હાનાલાલની કવિતા પર ન્યાય તોળવા બેઠો નથી. એ કાર્ય જ્યારે હુ બુદ્ધિપ્રધાન વિવેચકની ભૂમિકા સ્વીકારીશ ત્યારે મારે શિરે આવશે, પરંતુ ત્યાં સુધી 'રસગન્ધા' દ્વારા તો ન્હાનાલાલની કવિતામાં સર્જનની જે વિપુલ સમૃદ્ધિ છલકાય છે, તેનું અમૃતપાન રસજ્ઞ વાચકની કલ્પનાની પરમ ભૂમિકાએ કરા-વવાની જ મારી એક માત્ર મહેચ્છા છે.

'રસગન્ધા' નામ શા માટે ?

'રસગન્ધા' એ શીર્ષક વિષે ઉલ્લેખ કરતા શ્રી ગીતાબહેન પૂછે છે કે "રસગન્ધા' નામ પાછળનો આશય સ્પષ્ટ થયો હોત તો વધુ સમજાત. રસની ગન્ધ હોય ખરી ? આ નામ શાથી પસંદ થયું ?" એના જવાબમાં જણાવવાનું કે એમણે ન્હાનાલાલની કૃતિઓ ઝીણ-વટથી વાંચી હશે તો એમના ધ્યાનમાં આવ્યું હશે કે કવિની પ્રત્યેક કૃતિના શીર્ષક પર રસો વૈ સઃ એ મુદ્રાલેખ અંકિત થયેલો છે અને વાસ્તવમાં પણ ન્હાનાલાલની સમગ્ર કવિતાનો આત્મા 'રસ'–એક વિશિષ્ટ અર્થમાં 'રસ' છે. મેં સંપાદિત કરેલો કાવ્યસંચય રસરૂપી એક કેન્દ્રસ્થ આત્માના વિવિધ પાસાઓને મૂર્ત ખંડોમાં ગૂંથી લેતું એક સંયોજન છે. આપણી માનસિક ભૂમિકા–આપણી પ્રજ્ઞા–રસ જેવા સૂક્ષ્મ છતાં પ્રબળ જીવનતત્વનો સંપર્ક શું એટલી હદે ગુમાવી બેઠી છે કે ન્હાનાલાલની રસાત્મક અનુભૂતિથી નીતરતા 'રસગન્ધા' જેવા કાવ્યસંગ્રહનો આન્તરિક અર્થ પણ આપણને સ્પુટ ન થાય ? જો પુષ્પમાંથી પ્રસરતી સૌરભને આપણે માણી શકીએ, તો જેના તે માત્ર એક બિન્દુરૂપ છે તેવા અમાપ રસસાગરમાંથી વહેતા સૌરભના પૂરનો આનંદ આપણે શું ન માણી શકીએ ? કાવ્યની પરિભાષા પોતાનો ધ્વનિ રૂપક દ્વારા જેટલો હૃદયંગમ બનાવી શકે છે તેટલો જડ શબ્દાર્થવાહી ભાષાથી કયારેય ન બનાવી શકે. એક સમાન્તર દાખલાથી મારૂં દૃષ્ટિબિન્દુ સ્પષ્ટ કરૂં. શ્રી ઉમાશંકરના છેલ્લા પ્રસિદ્ધ થયેલા કાવ્યગ્રંથનું શીર્ષક 'વસન્ત વર્ષા' છે. વસન્તનો પમરાટ હોઇ શકે એ દરેક માણસ સ્વીકારશે, પરંતુ વસન્તની વર્ષા હોઇ શકે ખરી ? જડ બુદ્ધિ ના પાડશે, પણ જેણે કાવ્યરસ માણ્યો છે તેનો આત્મા તેની સામે પુકારીને કહેશે–હા, શરદપૂર્ણિમાએ વ્યોમમાંથી જ્યોત્સ્ના વર્ષે છે, એમ વસન્તના આગમને પૃથ્વી પર સમૃદ્ધિની વર્ષા પણ અવશ્ય વરસી શકે. અને એજ રીતે ન્હાનાલાલની રસસૃષ્ટિનાં પુષ્પોની અદૃષ્ટ છતાં જીવન્ત સૌરભને પોતામાં સમાવતો ગ્રંથ પ્રતીક રૂપે 'રસગન્ધા' બની શકે.

બાલચન્દ્ર પરીખ

પ્રબુદ્ધ જીવનનો વીશમા વર્ષમાં પ્રવેશ

આ અંક સાથે પ્રબુદ્ધ જીવન ૧૯ વર્ષ પુરાં કરીને વીશમા વર્ષમાં પ્રવેશ કરે છે. કોઇ પણ સામયિક આજના વખતમાં આટલી લાંબી મુદત સુધી ટકી રહે એ એક રીતે સંતોષપ્રદ બીના લેખાવી જોઇએ. આમ છતાં એટલી હકીકતથી મન સંતોષાવાની આજે ના કહે છે. સાધારણ રીતે દર વર્ષના પ્રારંભના અંકમાં પ્રબુદ્ધ જીવનની વિશેષતાઓ, તેણે પ્રાપ્ત કરેલી પ્રતિષ્ઠા, સાધેલાં નવાં લક્ષ્યાંકો, તેની આદર્શનિષ્ઠા અને સત્યોપાસના–આવી આવી બાબતો રજુ કરીને પ્રબુદ્ધ જીવન વિષે આત્મશ્લાઘાયુક્ત અને પ્રચારલક્ષી લખાણ લખવામાં આવતું. આજે આવું કશું લખવાથી મન પાછું હઠે છે. ઉલટો આજે એમ વિચાર આવે છે કે ૧૯ વર્ષ સુધીની પ્રબુદ્ધ જીવન પાછળની લાગલાગટ ઉપાસના હોવા છતાં આજે પ્રબુદ્ધ જીવન કર્યાં છે ? પ્રબુદ્ધ જીવનના તંત્રીસ્થાને પ્રારંભનાં વર્ષોમાં મારા સહકાર્યકર્તા મુરબ્બી સ્વ. મણિલાલ મોકમચંદ શાહ હતા. પણ વચ્ચેના દશ કે બાર મહીના બાદ કરતાં પ્રારંભથી આજ સુધી વસ્તુતઃ પ્રબુધ્ધ જીવનનાં સંપાદનની બધી જવાબદારી મારા માથે જ રહી છે, અને મારી સમજણ અને શકિત મુજબ મેં પ્રબુદ્ધ જીવનનું આજ સુધી ઘડતર કર્યું છે. વર્ષોથી એ આશા હું સેવતો રહ્યો છું કે, જો કે મારી શકિતને અનેક મર્યાદાઓ છે એમ છતાં પણ, જો એક નિષ્ઠાથી આ પ્રવૃત્તિ હું ચલાવી રહ્યો છું, અને મુંબઈ જૈન યુવક સંઘે મને પ્રબુદ્ધ જીવનને લગતી બધી છૂટ અને સગવડ આપી છે અને મારી ઉપર કશું પણ બંધન મૂકયું નથી તો, પ્રબુદ્ધ જીવનને મારા અનેક લેખક મિત્રોનો પૂરો સહકાર મળશે, પ્રબુદ્ધ જીવનમાં લેખો અને લેખકોનું વૈવિધ્ય સતત વધતું જશે અને પરિણામે રાજ્ય તેમ જ સમાજમાં તેની સચ્ચાઇના કારણે, ભાષાસંયમના કારણે, નિડરતાના કારણે, અભ્યાસશીલતાના કારણે પ્રબુદ્ધ જીવન એક અનન્ય કોટિનાં સામયિક તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરશે. બીજી બાજુએ મુંબઈ જૈન યુવક સંઘનો એક ચાલુ અધિકારી હોઇને હું એવી આશા સેવતો રહ્યો હતો કે પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોની સંખ્યા પણ ઉત્તરોત્તર વધતી

જશે અને જાહેર ખબરો નહિ લેવાનો આગ્રહ કાયમ રાખવા છતાં આર્થિક દૃષ્ટિએ સમયાન્તરે પ્રબુદ્ધ જીવન સ્વપર્યાપ્ત બની જશે. વળી એમ પણ આશા હતી કે પ્રબુદ્ધ જીવનની ગુણવત્તા તરફ સુસંપન્ન મિત્રોમાંથી કોઇને કોઇ જરૂર આકર્ષાશે અને એ રીતે પ્રબુદ્ધ જીવન ચલાવવા પાછળ આવતી ખોટ વિષે મુંબઈ જૈન યુવક સંઘને તેઓ નિશ્ચિન્ત કરશે; એટલું જ નહિ પણ તેને વધારે વિકસાવી શકાય, ચિત્રોવડે સમૃધ્ધ બનાવી શકાય, અને લેખકોને પુરસ્કાર વડે પ્રોત્સાહિત કરી શકાય એવી આર્થિક સરળતા–સુભગતા–પ્રબુદ્ધ જીવનને પ્રાપ્ત થશે. મનમાં પ્રબુદ્ધ જીવન વિષે આવી આશા હતી, કલ્પનામાં આવાં સ્વપ્નો હતાં. આજે ૧૯ વર્ષના ગાળે પ્રબુદ્ધ જીવન ગુણવત્તાની દૃષ્ટિએ જરૂર વિકસ્યું છે એમ આગળનાં વર્ષોનાં અને આજના અંકો સરખાવતાં કોઇને પણ કબુલ કરવું પડે તેમ છે–જો કે આ પણ એક પ્રકારનો અહંપ્રેરિત ભ્રમ હોવા છતા સંભવ છે. વળી મારા પોતાના ચાલુ વ્યવસાય વિષે મનમાં ઉદાસીનતા આવતી જતી હોવાના કારણે મને ઠીક પ્રમાણમાં નવરાશ હોય છે અને તે નવરાશનો ઉપયોગ મોટા ભાગે પ્રબુદ્ધ જીવન અંગેના ચિન્તન, મનન અને લેખન પાછળ હું કરું છું અને મારી સમજણ મુજબ પ્રબુદ્ધ જીવનને બને તેટલું સુન્દર અને સમૃદ્ધ–બનાવવાનો પ્રયત્ન સેવું છું. આ બધું હોવા છતાં પણ ગ્રાહક સંખ્યાની દૃષ્ટિએ પ્રબુદ્ધ જીવન હતું ત્યાં ને ત્યાં જ લગભગ આજે ઉભું છે, ઉલટું વચગાળે ગ્રાહકસંખ્યાનો આંક ઠીક ઠીક ઉંચો ગયો હતો જે પાછળથી ઉતરી ગયો હતો; કોઇ શ્રીમાન કે સ્થિતિસંપન્ન મિત્રને પ્રબુદ્ધ જીવનને અર્થલાભ થાય એ રીતે ભાગ્યે જ પ્રબુદ્ધ જીવન સ્પર્શી શક્યું છે; બે ચાર અપવાદો બાદ કરતાં લેખક મિત્રોનો બહુ જ ઓછો સહકાર મળ્યો છે, એટલું જ નહિ પણ, જેમને મારા પોતાના ગણું તેમણે, જો કે કદિ કદિ સહકાર આપ્યો છે તો પણ, તેમના દિલમાં પ્રબુદ્ધ જીવન વિષે આત્મીયતા જન્મી જ નથી. આ સહકાર ઓછો હોવાનાં કારણોમાં તે તે વ્યકિતઓનાં અંગત રોકાણોની બહુલતા, પુરસ્કારનો સર્વથા અભાવ, પ્રબુદ્ધ જીવનનો અતિ મર્યાદિત ફેલાવો–આવાં કારણો કલ્પી શકાય. પરિણામે વૈવિધ્યની દૃષ્ટિએ પ્રબુદ્ધ જીવનનું પહેલાં હતું તેવું જ દારિદ્ર આજે લગભગ કાયમ રહ્યું છે. આમ બાહ્ય સંયોગોની પ્રતિકુળતાની હું ફરિયાદ કરું છું તે સામે–મનમાં એવો પ્રતિધ્વનિ ઉઠે છે કે, એમ કેમ ન હોય કે આ બધી આશાઓ અને અપેક્ષાઓ આત્માભિમાનપ્રેરિત ભ્રમણાઓનું જ પરિણામ હોય, અથવા તો મારી પોતાની શકિત ઉપર મેં વધારે પડતી મદાર બાંધી હોય, અને લોકસેવા, સત્યનિષ્ઠા વગેરેનો જે દાવો કરું છું તે પણ વધારે પડતો હોય ? પણ હવે આ બધા ઉપરથી પ્રશ્ન તો એ વિચારવાનો રહે છે કે જે પત્ર જે વર્ગને જે રીતે સ્પર્શવું જોઇએ તે પત્ર તે રીતે તે વર્ગને જો સ્પર્શી શકતું નથી અને તેના આર્થિક ભારની ચિન્તા એવી ને એવી જો ચાલુ રહેવાની છે તો પછી તે પત્ર હવે ચાલુ શા માટે રાખવું ?

વધતી જતી ઉમરના કારણે આવું પત્ર ચલાવવાની મારી યોગ્યતા કમી થતી જતી હોય એમ કદિ-કદિ લાગે છે. અનેક પ્રશ્નો ઉપર મનન ચિન્તન તો અંદર ચાલ્યા જ કરતું હોય છે; આસપાસ બનતી ઘટનાઓ વિષે સંવેદન જોકે તીવ્રતર બનતું જાય છે; આમ છતાં પણ કોઇ પણ વિચાર કે સંવેદનને આકાર આપવાનું કાર્ય–કોણ જાણે કેમ–મારા માટે વિકટ બનતું જાય છે. ઘણી વખત લખવાની પ્રવૃત્તિથી મન પાછું હઠે છે અને મૌનનું અવલંબન લેવા ચિત્ત પ્રેરાય છે, Platitudes–ઘુંટાયલા વિચારો–ફરી ફરીને ઘૂંટવા બીલકુલ ગમતા નથી, અને કોઇ પણ વસ્તુને યા વિષયને વધારે ઊંડાણથી સ્પર્શે એવું કહેવાનું કશું સુઝતું નથી. આનો અર્થ એમ હોય કે હવે મન અથવા બુદ્ધિ જરાજર્જરિત થઈ રહેલ છે. આનો એમ પણ અર્થ હોય કે ચિત્ત વધારે તલસ્પર્શી અભિવ્યકિત શોધી રહેલ છે. આવી પરિસ્થિતિમાં પ્રબુદ્ધ જીવનનું જે રીતે સંપાદન કરવામાં આવે છે તેથી મન સંતોષાતું નથી. ધ્યેય તો એવું હતું કે જેમ લૉર્ડ બેકન કહેતા કે 'All knowledge is my province'–'સમગ્ર જ્ઞાન એ મારો વિષય છે–' તેમાં માત્ર રાષ્ટ્રના જ નહિ પણ દુનિયાના બધા પ્રશ્નો અને રોજબરોજ બનતી સર્વ મહત્વપૂર્ણ ઘટનાઓ સંબંધે પ્રબુદ્ધ જીવનમાં ઉચિત માર્ગદર્શન–સમ્યક્ અર્થનિરૂપણ હોવું જ જોઇએ. આ ધ્યેય તો દૂર રહ્યું, પણ ઉપર જણાવેલી માનસિક અવસ્થાને લીધે, તેમ જ જુદી જુદી બાબતોને લગતી અંગત માહીતી અતિ અલ્પ હોવાના કારણે. અનેક મહત્વના પ્રશ્નો વણચર્ચાયા રહી જાય છે; મનમાં ઘોળાતા અનેક વિષયોને યોગ્ય શાબ્દિક આકાર આપી શકતો નથી. આ રીતે આજે નીકળતું પ્રબુદ્ધ જીવન મને પૂરતો સંતોષ આપતું નથી અને અપેક્ષિત સહકાર સિવાય પ્રબુદ્ધ જીવનની, તાજગી એકસરખી ટકાવી રાખવાનું કામ મારા માટે મુશ્કેલ બનતું જાય છે.

આ બધા સંયોગોમાં–આજે પ્રબુદ્ધ જીવનને ૧૯ વર્ષ થયાં છે તો ભલે ૨૦ વર્ષ પૂરાં થાય એવી અંદરની વૃત્તિને કાંઇક વશ થઈને–પ્રબુદ્ધ જીવનની જવાબદારી એક વર્ષ વધારે વહન કરવાનું હું સ્વેચ્છાએ સ્વીકારું છું, પણ સાથે સાથે આ વર્ષ દરમિયાન અપેક્ષિત એવી બીજી અનુકુળતાઓ ન સાંપડે તો પ્રબુદ્ધ જીવન કાં તો બંધ કરવાની અથવા તો અન્ય કોઈ વ્યકિતને પ્રબુદ્ધ જીવનના સંપાદનની જવાબદારી સોંપવાની સંઘના કાર્યવાહકોને વિનંતિ કરવાનો મેં નિર્ણય કર્યો છે.

આમ તો એક લેખક તરીકે પ્રબુદ્ધ જીવનના વાચકો સાથે મારો વાર્તાલાપ ચાલ્યા જ કરે છે, પણ આ વખતનો વાર્તાલાપ પ્રબુદ્ધ જીવનના એક તંત્રી તરીકેનો છે. આજે તેમની સાથે મેં અંગ્રેજીમાં જેને Loud Thinking કહે છે તેવું પ્રગટ ચિન્તન કર્યું છે, અથવા તો એક તંત્રી તરીકેના મારા મન્થનના–મુંઝવણના–અકળામણના–મેં તેમને ભાગીદાર બનાવ્યા છે. પ્રબુદ્ધ જીવનના અગામી સંપાદનકાર્યમાં તેમની સહાનુભૂતિની–અને શકય તેટલા તેમના સહકારની–હું યાચના કરું છું.

સાથે સાથે પ્રબુદ્ધ જીવનના પુરા થતા વર્ષ દરમિયાન સંપાદન–કાર્યમાં જે જે વ્યકિતઓએ મને સહકાર આપ્યો છે તેમના પ્રત્યે અને ખાસ કરીને શ્રી મેનાબહેન નરોત્તમદાસ કે જેમણે મેં માગ્યા ત્યારે અંગ્રેજી યા અન્ય ભાષાના લેખોના અનુવાદ મને કરી આપ્યા છે અને શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ કે જેમણે ઉપર મુજબ મને અનુવાદો કરી આપ્યા છે, એટલું જ નહિ પણ, મારી અગવડ દરમિયાન પ્રબુદ્ધ જીવનના અંકો તૈયાર કરવામાં મને અનેક વાર મદદ કરી છે તે બન્ને પ્રત્યે–ઊંડા આભારની લાગણી વ્યકત કરું છું અને તેવો સહકાર ચાલુ મળતો રહેશે એવી આશા રાખું છું. **તંત્રી, પ્રબુદ્ધ જીવન**

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં પાઠયપુસ્તક અથવા ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક, કોઇ પણ શુભ પ્રસંગે ભેટ આપવા કે વહેંચવા લાયક પુસ્તકો

सत्यं शिवं सुन्दरम्

પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦–૬–૦

દર્શન અને ચિંતન

પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી પ્રકાશિત

પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ

બે વિભાગ ગુજરાતી : એક વિભાગ હિંદી : કુલ ત્રણ વિભાગમાં

કિંમત રૂા. ૨૧; પૅકીંગ પોસ્ટેજ રૂા. ૪

મળવાનું ઠેકાણું :

મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ.

પ્રકીર્ણ નોંધ

આવો કમનસીબ ઉલ્લેખ ન કર્યો હોત તો કેવું સારું થાત ?

મુંબઈ શહેરમાં એપ્રીલ માસની ૧૯મી તારીખે ઓપેરા સ્ટેડિયમમાં મહર્ષિ કર્વેનું ભારે શાનદાર રીતે જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માનસમારંભમાં મહારાષ્ટ્રીઓ કરતાં પણ ગુજરાતી ભાઈ બહેનોએ ઘણી મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. એ તો જાણીતું છે કે મહર્ષિ કર્વેને બહેનો માટે એક અલગ અને સ્વતંત્ર યુનિવર્સિટીનું સ્વપ્ન આવ્યું અને તેને મૂર્ત રૂપ આપનાર સ્વર્ગસ્થ સર વિઠ્ઠલદાસ દામોદરદાસ ઠાકરશી હતા જેમણે આવી યુનિવર્સિટી ઉભી કરવા માટે ૧૯૧૯ ની સાલમાં પંદર લાખ રૂપિયા જેટલી બાદશાહી રકમનું દાન આપ્યું. આમ એક સ્વપ્નદૃષ્ટા મહારાષ્ટ્રી અને એક દાનવીર ગુજરાતી–એ બે ના સહયોગમાંથી શિક્ષણના ક્ષેત્રમાં એક નવા સીમાચિહ્નનું નિર્માણ થયું. બીજે દિવસે તા. ૨૦મી ના રોજ સુન્દરાબાઇ હોલમાં યોજાયેલા સ્ત્રીશિક્ષણ વિષેના સીમ્પોઝિયમમાં પરિસંવાદમાં કેન્દ્રખાતાના ગૃહખાતાનાં નાયબ પ્રધાન શ્રીમતી વાયોલેટ આલ્વાએ ઉચિત રીતે જણાવ્યું હતું કે "શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી યુનિવર્સિટી એ ગુજરાત અને મહારાષ્ટ્રના સંયોગીકરણનું એક જ્વલન્ત ઉદાહરણ છે. મહર્ષિ કર્વે જેવા એક મહાન મહારાષ્ટ્રીનું સ્વપ્ન મૂર્ત કરવા માટે સ્વ. વિઠ્ઠલદાસ દામોદર ઠાકરશી જેવા એક મહાન ગુજરાતીએ આ યુનિવર્સિટી ઉભી કરવામાં સહાય કરી. અહિં ગુજરાત અને મહારાષ્ટ્ર એક બને છે એ જોઇને બન્ને વિભાગના લોકોએ ગૌરવ લેવું ઘટે અને આ ઘટના કોઈ નવી ઘટના નથી પણ વર્ષો જુની ઘટના છે એ હકીકત પણ તેમણે ધ્યાનમાં લેવી ઘટે."

પરિસ્થિતિ આ પ્રકારની હોવા છતાં અને મુંબઈના પ્રશ્ન અંગે ગુજરાતી પ્રજાના–ખાસ કરીને મુંબઈમાં વસતી ગુજરાતી પ્રજાનાં–દિલમાં એક પ્રકારનું તીવ્ર આળાપણું છે એ જાણવા છતાં મહર્ષિ કર્વેએ તેમના સન્માન અંગે આભાર માનતાં છેવટના ભાગમાં એમ જણાવ્યું કે "અહિં મારી એક છેલ્લી ઇચ્છા જાહેર કરવા માટે આપની હું રજા માંગું છું. હું આશા રાખું છું કે જેવી રીતે ભારતના સમવાય તંત્રમાં અન્ય સર્વ પ્રદેશોને પોતપોતાનો વ્યાજબી અને સ્વાભાવિક સ્વતંત્ર દરજ્જો પ્રાપ્ત થયો છે તેવી રીતે નજીકના ભવિષ્યમાં ગુજરાત અને મહારાષ્ટ્રને પોતાનો વ્યાજબી અને સ્વાભાવિક સ્વતંત્ર દરજ્જો પ્રાપ્ત થયેલો જોવા હું ભાગ્યશાળી થઇશ." મહર્ષિ કર્વે મુંબઇ સાથેના મહારાષ્ટ્રને અલગ થયેલું જોવા ઇચ્છતા હોય, એવો તેમનો અંગત અભિપ્રાય હોય એ સમજી શકાય તેવું છે અને તે સામે કોઈને કશો વાંધો હોવાનું કારણ નથી, પણ જ્યારે ગુજરાતી મહારાષ્ટ્રીઓ તેમ જ અન્ય પ્રદેશના પ્રજાજનો પરસ્પરના મતભેદ ભૂલી જઇને આ સન્માન સમારંભમાં ભારે ઉત્સાહપૂર્વક ભાગ લઇ રહ્યા હતા–આવા પ્રસંગે એક વિવાદગ્રસ્ત અને જેણે બન્ને વર્ગોમાં કડવાશ પેદા કરી હતી એવા પ્રશ્નનો ઉલ્લેખ કરવામાં મહર્ષિ કર્વેએ અને તેમના સલાહકારોએ ભારે કમનસીબ ભૂલ કરી છે અને એક વિશાળ સમાજને આંચકો લાગે એવો સુરૂચિભંગ દાખવ્યો છે એમ જણાવ્યા સિવાય રહી શકાતું નથી. આવો પ્રસંગ કે જ્યારે ભારતના મહાઅમાત્યે ખાસ હાજરી આપી હતી અને ઊંડી ઊર્મિલતાપૂર્વક મહર્ષિ કર્વે ઉપર પ્રશસ્તીઓનો વરસાદ વરસાવ્યો હતો અને હજારોની સંખ્યામાં હાજર રહેલા ગુજરાતી ભાઇ બહેનો મહર્ષિ કર્વેના ચરણોમાં પોતાનું માથું નમાવી રહ્યા હતા ત્યારે મુંબઇ–મહારાષ્ટ્રના પ્રશ્નને આવી આડકતરી રીતે રજુ કરવો અને આ તકનો આવી રીતે લાભ ઉઠાવવો તે કોઇ પણ રીતે ઉચિત નહોતું. દુધના પાત્રમાં મીઠાની કણી પડે તેમ સમારંભની અસાધારણ ભવ્યતાના મધુર દર્શન અને મીઠાં સ્મરણોને આવા કમનસીબ ઉલ્લેખ વડે કલુષિત કરવા નહોતા જોઇતા.

પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ

શ્રી વાડીલાલ ડગલીએ 'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ' એ નામની એક પ્રકાશન પ્રવૃત્તિ તાજેતરમાં શરૂ કરી છે. આ પ્રવૃત્તિનો ઉદ્દેશ સમજાવતાં શ્રી વાડીલાલ ડગલી જણાવે છે કે "પ્રજાને સાવ સાદી પણ રોચક ભાષામાં સમાજ અને જીવનના પ્રશ્નો વિષે સમજણ આપી શકે એવું સાહિત્ય કેમ થોકબંધ તૈયાર થતું નથી એવો પ્રશ્ન વારંવાર સંભળાય છે. નવા ભણેલા પ્રૌઢો ભણ્યા પછી વાંચી શકે અને એ રીતે પોતાના ભણતરને તાજું રાખી શકે એવું સાહિત્ય આપણી પાસે ઘણું ઓછું છે એવી ફરિયાદ પણ થઈ રહી છે.

"પણ મુશ્કેલી નવશિક્ષિત પ્રૌઢો પૂરતી જ મર્યાદિત નથી. શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓ. શિક્ષકો શાળાકૉલેજમાંથી ભણીને સંસારમાં પડેલાં અને કામધંધે વળગેલાં સ્ત્રી–પુરૂષોની ઉપાધિ પણ આ જ છે. તેમના જીવનની આજુ બાજુ મચી પડેલો ધમધમાટ તેમને સમજવો છે, પણ એ ભૂખ સંતોષવાનો કોઈ વ્યવસ્થિત પ્રયત્ન હજુ સુધી થયો નથી.

"વિદ્યાર્થી જાણવા ઇચ્છે એવું ઘણું શાળાકૉલેજના અભ્યાસક્રમની બહાર રહી જાય છે. શિક્ષકને પોતાના અધ્યાપનકાર્ય માટે અનેક વિષયની માહિતી સતત મળ્યા કરવી જોઇએ તે મળતી નથી.

"આપણો યુગ વિશિષ્ટ જ્ઞાનપ્રાપ્તિનો છે, એટલે કે અમુક એક વિષયમાં ઘણી જ નિપુણતા પ્રાપ્ત કરનાર માણસ અન્ય વિષયોથી માહિતગાર ન હોય એવું ઘણી વાર બને છે; ખરી રીતે પ્રોફેસરને પણ વાયદાબજાર વિષેની માહિતી જરૂરી છે, જેમ વાયદાબજારના વેપારીને કવિતા વાંચવાની કળા શીખવાની જરૂર છે.

"વર્તમાનપત્રો અને તેમના વાંચકોની સંખ્યામાં ધીમે ધીમે વધારો થઇ રહ્યો છે; પણ વર્તમાન પત્રના સમાચારોનો મર્મ સમજાવે એવું સાહિત્ય પ્રગટ થતું નથી. એકાદ્દા સમાચાર વાંચવાના રહી જશે તો ચાલશે, પણ લોકશાહીના નાગરિકે જાણવી જોઇએ એવી થોડીક મૂળભૂત હકીકતો પ્રજા નહિ જાણે તો હવે ચાલવાનું નથી."

ઉપર જણાવ્યું તેવું લોકભોગ્ય વાંચનસાહિત્ય પુરું પાડવાના હેતુથી પ્રસ્તુત પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે અને "વર્તમાન પત્ર કેમ તૈયાર થાય છે ?" તથા "લગ્નઃ છૂટા છેડાઃ વારસો" આમ પહેલી બે પુસ્તિકા એપ્રીલ માસની પહેલી તારીખે પ્રગટ થઇ ચૂકી છે. પહેલી પુસ્તિકાના લેખક છે જનશક્તિના તંત્રી શ્રી.રવિશંકર વિ. મહેતા અને બીજી પુસ્તિકાના લેખક છે જાણીતા સમાજ સુધારક શ્રી "ગટુભાઇ ર્ધું. આ રીતે જુદા જુદા જાણીતા ગુજરાતી લેખકોના હાથે જુદા જુદા રોજબરોજના પ્રશ્નો ઉપર લખાયલી પુસ્તિકાઓ દર માસની પહેલી તારીખે બબ્બે પુસ્તિકા એ મુજબ પ્રગટ કરવામાં આવશે. પહેલી બે પુસ્તિકાઓનું લખાણ પ્રસ્તુત વિષયનું ટૂંકાણમાં બહુ સુન્દર રીતે નિરૂપણ કરે છે અને તેના કાગળ, છાપણી અને ઉઠાવ–બધું બહુ આકર્ષક છે. અને એ ઉપરથી હવે પછીની પુસ્તિકાઓ પણ એટલી જ આકર્ષક અને ઉપયોગી નીવડશે એવી આશા રહે છે.

એક પુસ્તિકાની છૂટક કિંમત ચાલીશ નયા પૈસા છે, વાર્ષિક લવાજમ આઠ રૂપિયા ત્રિવાર્ષિક લવાજમ, વીસ રૂપિયા છે. વ્યવસ્થા અંગેનું સરનામું પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, ડીસા (બનાસકાંઠા) એ મુજબ છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘ (૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩) માં લવાજમ ભરીને પણ આ પુસ્તિકાના ગ્રાહક થઈ શકાશે.

શ્રી હંસાબહેન શેઠને અભિનન્દન

બાળ ગુનેહગારોના પ્રશ્નનો અભ્યાસ આપણા દેશમાં જોઇએ તેટલા પ્રમાણમાં થયો નથી. બાળકો શા માટે ચોરી, ખૂન જેવા મોટા મોટા ગુનાઓ કરવા તરફ વળે છે ? એમને એવા ગુનાઓ કરતા અટકાવવા માટે શું કરવું જોઇએ ? વગેરે પ્રશ્નો ઘણા મહત્ત્વના છે. આ ક્ષેત્રમાં પાંચ વર્ષના અભ્યાસ, અવલોકન અને સંશોધન પછી

કુ. હંસાબેન શેઠે 'Juvenile Delinguency in Bombay State' એ નામનો મહાનિબંધ તૈયાર કરીને મુંબઈ યુનિવર્સિટી સમક્ષ Ph. D. ની ઉપાધિ માટે રજૂ કર્યો હતો, જે તપાસવા માટે યુનિવર્સિટીએ એ વિષયના એક નિષ્ણાત અમેરિકન અધ્યાપકને સોંપ્યો હતો. આ મહાનિબંધ માન્ય થતાં કુ. હંસાબેન શેઠને મુંબઈ યુનિવર્સિટીની પી. એચ. ડી. ની ઉપાધિ મળે છે જે માટે અમે તેમને સહર્ષ હાર્દિક ધન્યવાદ આપીએ છીએ. મુંબઈરાજ્યમાં આ વિષયમાં અભ્યાસ અને સંશોધન કરી પી. એચ. ડી. ની ઉપાધિ મેળવનાર સૌ પ્રથમ તેઓ જ છે એ વિશેષ હર્ષની વાત છે. આ સંશોધનાત્મક અભ્યાસ માટે તેઓ મુંબઈ રાજ્યના ત્રણ મુખ્ય શહેરોમાં ફર્યાં હતાં, બાળગુનેગારોની જેલોમાં જઈ જાતઅવલોકન કર્યું હતું, અને આ ક્ષેત્રમાં કામ કરતા જુદી જુદી કક્ષાના માણસોને મળીને, તેમની આગળ પ્રશ્નાવલી રજૂ કરીને તેમના અનુભવો અને અભિપ્રાયોની નોંધ એકઠી કરી હતી. પાંચ વર્ષના પરિશ્રમપૂર્વક લગભગ પાંચસો પાનાંનો મહાનિબંધ તૈયાર કરી આવી સુંદર સફળતા મેળવવા માટે શ્રી હંસાબેન શેઠને ગુજરાતી સમાજના તેમજ જૈન સમુદાયના અનેક ધન્યવાદ ઘટે છે.

શ્રી હંસાબેન શેઠ સંસ્કૃત મુખ્ય વિષય તરીકે લઇને ૧૯૪૯ માં બી. એ થયેલાં અને સોશીયોલોજીનો મુખ્ય વિષય લઇને ૧૯૫૨ માં એમ. એ. થયેલાં.

સર્વોદય સ્વાસ્થ્ય સદન

તા. ૨૫-૪-૫૮ ના રોજ ઘાટકોપર ખાતે આગ્રા રોડ ઉપર 'સર્વોદય સ્વાસ્થ્ય સદન' નામની સામાજિક સંસ્થા માટે તૈયાર કરવામાં આવેલા મકાનનું મુંબઈ પ્રદેશના આરોગ્યસચિવ શ્રી. એમ્. એસ્. કન્નમવરના શુભ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ સમારંભનું પ્રમુખસ્થાન શ્રી કેદારનાથજીએ શોભાવ્યું હતું.

પ્રબુદ્ધ જીવનમાં થોડાક સમય પહેલાં ઘાટકોપરમાં કેટલાએક સમયથી શરૂ કરવામાં આવેલ અને આજે લગભગ ૫૦૦ બીછાનાં ધરાવતી ક્ષયરોગના નિવારણ અર્થે ઉભી કરેલ સર્વોદય હોસ્પીટલનો અને તેના મુખ્ય સૂત્રધાર અને સંચાલક શ્રી કાન્તિલાલ મગનલાલનો પરિચય આપવામાં આવ્યો હતો. એ કાન્તિલાલભાઇના મનમાં વિચાર આવ્યો કે ક્ષયરોગના ફેલાવાનું મૂળ જરૂરી પોષણનો અભાવ છે અને તેથી જરૂરી પોષણ મળી શકે એવી કોઈ સામુદાયિક ભોજન-વ્યવસ્થા કરવામાં આવે તો ક્ષયરોગની અટકાયતની દિશામાં પહેલું પગલું માંડયું કહેવાય. આ ભોજનવ્યવસ્થા સસ્તી જોઇએ. સાદી જોઇએ, છતાં પોષણક્ષમ દ્રવ્યોની પૂરતી પૂરવણીવાળી જોઇએ. એ વિચારને અમલી કેમ બનાવવો એની વિચારણામાંથી ઉપર જણાવેલ 'સર્વોદય સ્વાસ્થ્ય સદન' નો જન્મ થયો છે. આ માટે ઘાટકોપરના ધીચ લતાની નજીકમાં આગ્રારોડ ઉપર જુના પોલીસ સ્ટેશનની પાછળ એક મોટું મકાન લગભગ એક લાખ રૂપિયા ખરચીને બાંધવામાં આવ્યું છે. આ મકાનનો મુખ્ય આશય બે હજાર માણસોને એ કે ત્રણ પંગતમાં એક સાથે જમાડવાની તેમ જ તેમના માટે રસોઈ પકાવવાની અને અનાજ વગેરે સંઘરવાની સગવડ ઉભી કરવાનો હોઇને, હાલ તુરત એક લંબચોરસ ભોંયતળીયાના માળવાળું એક વિશાળ મકાન બાંધવામાં આવ્યું છે. મકાનને એક છેડે રસોડું કોઠાર માટે જરૂર મુજબ ત્રણ ચાર ઓરડાઓ બાંધવામાં આવ્યા છે અને બાકીના ભાગમાં એક લાંબો હોલ બનાવવામાં આવ્યો છે. જમવા બેસનાર માટે તેમજ થાળી, વાડકા મૂકવા માટે નાની મોટી ઊંચાઇના અને એક સાથે ત્રણ ત્રણ માણસ બેસી શકે એવી લંબાઇના બાંકડાઓ તૈયાર કરાવવામાં આવ્યા છે. જમવા માટે સ્ટેઇનલેસ સ્ટીલના થાળી, વાડકા વસાવવામાં આવ્યા છે. બને તેટલી સ્વચ્છતા તેમ જ સુઘડતા કેમ જળવાય તેની જમવાને લગતા નિયમો ઘડવામાં ખાસ કાળજી રાખવામાં આવી છે. જમવા આવનાર પાસેથી એક ટંકના આઠ આના અને સવાર સાંજ જમનાર પાસેથી રોજના બાર આના લેવાનું ઠરાવવામાં આવ્યું છે. આ રીતે ચાલુ જમનારને માસિક રૂ. ૨૨॥ આપવાના રહેશે. અનાજ વગેરે ચીજોના હાલના ભાવો જોતાં આ ભોજનવ્યવસ્થાનો પાંચસો ભાઇ બહેનો ચાલુ લાભ લે તો સંસ્થાને રૂ. ૨૫૦૦૦ વરસ આખરે ખોટ આવે અને એક હજાર ભાઇ બહેનો લાભ લે તો આવક જાવક સરભર થાય એવી સંચાલકોની ગણતરી છે.

આ પાયાની જરૂરિયાતને પહોંચી વળવા સાથે જ્યારે આટલું મોટું મકાન અને તેમાં પણ આટલો મોટો હોલ ઉભો કરવામાં આવ્યો છે ત્યારે તેમાં બીજી પણ શૈક્ષણિક અને સંસ્કારપોષક પ્રવૃત્તિઓ શા માટે ન ચલાવવી ? જેમના દિલમાં સમાજ સેવાની અદમ્ય તમન્ના છે અને જે બને તેટલી સેવા કરવામાં જ જીવનની સાર્થકતા અને પરિપૂર્તિ માને છે એવા શ્રી કાન્તિલાલભાઇ આ જ મકાનમાં ભોજન-કાર્યથી બચત રહેતા સમય દરમિયાન બાલમંદિર ચલાવવું, પુસ્તકાલય તથા વાચનાલય ઉભું કરવું, અન્ય શિક્ષણ પ્રવૃત્તિઓનાં મંડાણ માંડવા, રાત્રીના સમયે શૈક્ષણિક ચિત્રપટો આસપાસ વસતી પ્રજાને બતાવવાં, અવારનવાર જાહેર વ્યાખ્યાનો ગોઠવવાં-આવાં કંઇ કંઇ સ્વપ્ન સેવી રહ્યા છે. આ ઉપરાંત માણસને આજે ખાવાનો પત્તો તો કોઇ ને કોઈ ઠેકાણે ખાય છે, પણ સુવાનું એટલું સુલભ નથી-તો દરેક પાસેથી એક રાત સુવાના બે આના લેવા અને એ રીતે ૬૦૦ લગભગ ભાઇઓને સુવાની સગવડ આપવી-આવી પણ શ્રી કાન્તિભાઇની એક કલ્પના છે. આ માટે, ભોજન માટે જે બાંકડાઓ બનાવવામાં આવ્યા છે તે એટલી લંબાઇવાળા કરવામાં આવ્યા છે કે બે બાંકડા ભેગા કરવામાં આવે તો એક આદમી તે ઉપર નિરાંતે સુઇ શકે. આગળ જણાવ્યું તે મુજબ બાંકડા બે કદના છે. નાના કદના બાંકડાઓનો બાલમંદિર માટે ઉપયોગ કરી શકાશે એવી તેમની ધારણા છે. જરૂરિયાત વધતી જાય અને પ્રવૃત્તિઓ વિકસતી જાય તો તે માટે પૂરો સમાવેશ થઇ શકે તે અંગે આજે જે મકાન તૈયાર કરવામાં આવ્યું છે તેને હજુ ૫૦ ફીટ પાછળ લંબાવવાની અને આજના બાંધકામ ઉપર બીજા બે માળ ચણવાની યોજના વિચારાઇ રહેલી છે. લગ્નસમારંભો માટે પણ અહિં જરૂરી સગવડો આપી શકાશે એવી ધારણા છે.

આ સંસ્થાના આખા મંડાણની તેમજ સંચાલનની કુલ આર્થિક જવાબદારી શ્રી કાન્તિલાલ મગનલાલ અને તેમના બે ભાઇઓ શ્રી સુમતિલાલ મગનલાલ અને પનાલાલ મગનલાલના એક સંયુકત કૌટુંબિક ટ્રસ્ટે સ્વીકારી છે અને આ માટે બહારથી કશી પણ મદદ કે દાન નહિ લેવાનો તેમનો નિરધાર છે. ભોજનાલય તેમ જ અન્ય પ્રવૃત્તિઓ ચલાવવા માટે ઘાટકોપરના આગેવાન અને સેવાપરાયણ ગૃહસ્થોની એક સમિતિ નીમવામાં આવી છે.

મુંબઇમાં ખાનપાનનો પ્રશ્ન ધરાવતી સંખ્યાબંધ લોજો છે; ગરીબોને હળવી દરથી જમાડતી હોય એવી કેમ કેમની ભોજનશાળા હોય છે; જૈન સમાજમાં ભોજનશાળાની પ્રવૃત્તિ સારા પ્રમાણમાં ચાલે છે. પણ નાતજાતના કશા પણ ભેદભાવ સિવાય શાકાહારી ભોજનની સગવડ આપતી અને તે પણ જે ભોજન આપવામાં આવે તેમાં પોષણક્ષમ દ્રવ્ય પૂરતા પ્રમાણમાં હોવું જોઇએ, સાદું હોવું જોઇએ, અને સુરુચિપૂર્ણ હોવું જોઇએ, તદુપરાન્ત તે પાછળ કમાણીનો કશો આશય હોવો ન જોઇએ તેમ જ જમનાર ધર્માદાનું ખાય છે એવા કોઈ ખ્યાલને અવકાશ હોવો ન જોઇએ અને ભોજનપ્રબંધ સ્વચ્છતા અને સુઘડતાથી યુક્ત હોવો જોઇએ. વળી માત્ર ભોજનાલય જ નહિ પણ આ સર્વોદય સ્વાસ્થ્ય સદન શિક્ષણાલય પણ બનવું જોઇએ-આમ આજની વિવિધલક્ષી નિશાળો માફક વિવિધલક્ષી ધ્યેયપૂર્વક ઉભી કરવામાં આવેલી એવી આ સંસ્થા આપણા જાણસ્મરણમાં પહેલવહેલી જ છે. સાધારણ રીતે સંસ્થાના પ્રારંભમાં વાતો ઘણી મોટી અને પરિણામ બહુ અલ્પ-એવું આ પ્રકારની ઘણી સંસ્થાઓની બાબતમાં બને છે, પણ અહિં એવી આશંકાને કોઇ અવકાશ નથી; કારણ કે જેણે આવી

મોટી સખાવત કરી છે તે જ શ્રી કાન્તિલાલભાઈ આ સંસ્થાનું મુખ્ય સંચાલન કરવાના છે અને શ્રી કાન્તિલાલભાઈમાં સેવાવૃત્તિ અને વહીવટી કુશળતાનો ભારે સુયોગ છે. વળી સર્વોદય હોસ્પીટલનો આટલો મોટો વહીવટ અને આટલી મોટી જવાબદારી—તેનું કુશળતાપૂર્વક વહન કરવાના પરિણામે શ્રી કાન્તિલાલભાઈમાં આટલી મોટી જવાબદારી ઉપાડવાનો અજબ વિશ્વાસ પેદા થયો છે, અને તેથી જ્યારે આપણે આવું કાર્ય કે જેમાં આર્થિક જવાબદારી મોટી હોય અને વ્યવસ્થાનું કામ કપરું હોય ત્યાં, બે ડગલાં ભરતાં દશગણો વિચાર કરીએ ત્યાં તેઓ બાર ડગલાં હિંમતપૂર્વક ભરી શકે છે. અને ગીતામાં કહ્યું છે કે न हि कल्याणकृत कश्चिद् दुर्गतिं तात गच्छति । તેમ શ્રી કાન્તિલાલભાઇએ ઉપાડેલા આ નવા સામાજિક સાહસમાં તેમને પુરી સફળતા મળવી જ જોઇએ એવી આપણી શ્રધ્ધાના તેઓ જરૂર અધિકારી છે. પરમાત્માને તે મુજબની આપણી પ્રાર્થના હો ! **પરમાનંદ**

ગીફ્ટ ટેકસ બીલ

તાજેતરમાં લોકસભામાં ભારત સરકાર તરફથી ગીફ્ટ ટેકસ બીલ—બક્ષીસ વેરાંનો ખરડો—રજુ કરવામાં આવેલ છે. આ બીલનો ઉદ્દેશ નીચે પ્રમાણે જણાવવામાં આવ્યો છેઃ—

"એસ્ટેટ ડયુટી, ઇન્કમ ટેકસ, વેલ્થ ટેકસ અને એકસપેન્ડીચર ટેકસ—આ કાયદાઓમાંથી છટકવા માટે અથવા તો તેની જવાબદારી હળવી બનાવવા માટે અન્યને અપાતી બક્ષીસો એક સગવડભર્યું સાધન બની શકે છે. આમ ચાલુ કરવેરામાંથી છટકી જવાના અથવા તો ચાલુ કરવેરાની જવાબદારી હળવી બનાવવાના પ્રયત્નોને અટકાવવાનો એક માત્ર ઉપાય બક્ષીસો ઉપર કર નાખવો તે છે."

આ ધોરણે કેવા કેવા પ્રકારની બક્ષીસો ઉપર આ કર લાગુ પડશે તેની આ ખરડામાં યાદી આપવામાં આવી છે. બક્ષીસ આપનારને કોઈ છટકબારી ન રહે અને નાની કે મોટી બક્ષીસ રોકડ દ્વારા અથવા તો અન્ય કોઈ રાહત, વળતર કે સગવડના બહાને આપવામાં આવી હોય તે સર્વ બક્ષીસોને આ ધારો કરપાત્ર બનાવે છે. આ યાદીમાં કેટલીક એવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે કે તેને બક્ષીસ કહેવાય એવી આપણને ભાગ્યે જ કલ્પના આવી હોય. જેમાં એક વ્યક્તિએ અન્ય વ્યક્તિને કાંઈ પણ લાભ આપ્યો હોય તેવી બાબતો બક્ષીસ તરીકે લેખાવાની યોગ્યતા—અયોગ્યતા વિષે અહિં આપણે ચર્ચા કરવા માંગતા નથી, પણ જે બક્ષીસ કેવળ દાનના રૂપની હોય છે અને જે દ્વારા મળનાર લાભ સાથે દાતાને કશો પણ સંબંધ હોતો નથી—જેને અંગ્રેજીમાં 'ચેરીટી' શબ્દથી ઓળખવામાં આવે છે—તે ચેરીટીના આ બીલમાં બે ભાગ કરવામાં આવ્યા છેઃ એક કોમ્યુનલ—કોમી ચેરીટી અને બીજી નોન—કોમ્યુનલ—બીનકોમી ચેરીટી, અને આમાંથી—કોમી લેખાતી ચેરીટીને આ નવા ધારા મુજબ કરપાત્ર બનાવવામાં આવી છે. આવો ભેદ વ્યાજબી છે કે નહિ અને તે ભેદને જે હદ સુધી લઇ જવામાં આવ્યો છે તે યોગ્ય છે કે નહિ તેની અહિં આપણે ચર્ચા કરવા માંગીએ છીએ.

આ સંબંધમાં સ્વતંત્ર વિવેચન કરૂં તેના બદલે તા. ૨૬-૪-૫૮ ના ટાઇમ્સ ઓફ ઇન્ડીઆમાં શ્રી એન્. એ. પાલખીવાળાનો આ જ વિષય ઉપર પ્રમાણભૂત ગણાય એવો એક લેખ પ્રગટ થયો છે તે મહત્વનો પ્રકાશ પાડતો હોઇને તેમાંના ઉપયોગી ભાગનો અનુવાદ અહિં રજુ કરવાનું હું વધારે ઉચિત ધારૂં છું. તેઓ પોતાના લેખમાં જણાવે છે કે "ખરા કલ્યાણ રાજ્યનો પાયો ન્યાયી કાયદાઓ કરવામાં અને તેનો ન્યાયી વહીવટ કરવામાં રહેલો છે, અન્યાય ભરેલા કાયદાઓનો કદિ પણ પૂરેપૂરો અમલ થઇ શકતો નથી. કારણ કે તેવા કાયદાઓને અમલી બનાવવા માટે જરૂરી સહકાર આપવાની પ્રજાજનોના દિલમાં કદિ ઊર્મિ ઉઠતી નથી અને આ રીતે કાયદેસરના વહીવટ પ્રત્યે વફાદારીને પોષની એ આ બધા કાયદાકાનુન પાછળ રહેલો મુખ્ય હેતુ હોય છે, તે હેતુ નિષ્ફળ—નાકામયાબ—બને છે. બીજું અન્યાય ભરેલા કાયદાઓ પ્રત્યે લોકોના દિલમાં એક પ્રકારની જુગુપ્સા અને અવમાનનાની—તિરસ્કારની—વૃત્તિ પેદા થાય છે અને પોષાતી રહે છે જેનું પરિણામ પ્રાણવાન લોકશાહીના વિકાસ માટે ખતરનાક નીવડે છે.

"પ્રસ્તુત ગીફ્ટ ટેકસ બીલની કલમ ૫ (વી) એ મુજબ ફરમાવે છે કે જે ચેરીટી—દાન—બીનકોમી પ્રકારનું હશે તે જ માત્ર આ કરથી મુકત બનશે. જો કોઇ માણસ કોઈ કોમી ફંડમાં દાન આપશે તો તે દાનની રકમ ઉપર તેને ટેકસ—કર—ભરવો પડશે. આ નિઃશંકપણે અઘટિત અને અન્યાયભર્યું છે. આપણું રાજ્ય જરૂર સીકયુલર સ્ટેટ—અસાંપ્રદાયિક રાજ્ય—છે અને આપણે જરૂર બીનકોમી વલણ કેળવવું જોઇએ અને કોઇ પણ સખાવત કોમી પ્રકારની હોય તેને બદલે બીનકોમી હોય એ જરૂર વધારે ઇચ્છવાયોગ્ય છે. પણ અહિં ખરો પ્રશ્ન તો એ છે કે કોઇ એક માણસ પોતાની કોમનું ભલું કરવા માગતો હોય એટલે કે વિશાળ જનસમુદાયના એક વિભાગનું ભલું કરવા માગતો હોય તેને વિશાળ જનસમુદાયનું ભલું કરવાના હેતુથી કરવામાં આવેલ દાન બદલ સરકારી તીજોરીને કર ભરવો પડે તે શું વ્યાજબી અને ન્યાયી છે ?

"હિંદમાં તેમજ અન્ય દેશોમાં એ સર્વસ્વીકૃત કાયદો છે કે જનસમુદાયના એક વિભાગના લાભ માટે દા. ત. એક ધાર્મિક કોમ માટેના લાભ માટે કરવામાં આવેલ ટ્રસ્ટ જાહેર ટ્રસ્ટ છે અને આખા દેશના લાભ માટે કરવામાં આવતા ટ્રસ્ટની જેવું જ એ એક ટ્રસ્ટ છે. જ્યાં સુધી આ પ્રકારની આપણા દેશના કાયદાની પરિસ્થિતિ હોય ત્યાં સુધી જે વાસ્તવમાં અને કાયદાની દૃષ્ટિએ સર્વાંશે ચેરીટી છે તેના ઉપર કર નાખવો એ ન્યાયની દૃષ્ટિએ કે સિધ્ધાન્તની દૃષ્ટિએ—કોઇ પણ રીતે—વ્યાજબી નથી. ગીફ્ટ ટેકસની ભડકથી કોઇ પણ માણસ દાન કરતો અટકી જાય તે કરતાં જનસમુદાયના એક વિભાગના લાભાર્થે પણ તે કાંઈ દાન આપે તે વધારે ઇચ્છવાયોગ્ય છે. ગીફ્ટ ટેકસ બીલ આજે જે પ્રકારે રજુ કરવામાં આવ્યું છે તે મુજબ જો કોઇ માણસ પોતાના ગામ માટે, શહેર માટે કે પોતાના પ્રદેશના લાભ માટે ટ્રસ્ટ કરે તો—અને અહિં પણ ટ્રસ્ટ મર્યાદિત ક્ષેત્રને જ આવરતું હોય છે—તેને ગીફ્ટ ટેકસ લાગુ પડતો નથી. એ મુજબ જો તે કોઈ એક ભાષાભાષી સમુદાયના લાભ માટે ટ્રસ્ટ કરે તો તેને પણ ગીફ્ટ ટેકસ લાગુ પડતો નથી. પણ જો તે આખા હિંદમાં પથરાયલી એક ધાર્મિક કોમ માટે ટ્રસ્ટ કરે તો તેની સખાવતને ગીફ્ટ ટેકસમાંથી મુકિત મળતી નથી. શું ભાષાકીય ઝનુન અને પ્રાદેશિક ઝનુન કોમી ઝનુનથી વધારે નહિ તો કોમી ઝનુન જેટલા ભારતના દુશ્મનો નથી ? જો કોમી ચેરીટીને ગીફ્ટ ટેકસ લાગુ પાડીને દંડવામાં આવતી હોય તો ભાષાકીય સમુદાય પૂરતી મર્યાદિત તેમજ ચોક્કસ પ્રદેશ પૂરતી મર્યાદિત ચેરીટીને પણ એટલા જ પ્રમાણમાં શા માટે દંડવામાં ન આવે ?

"જો તર્કશુદ્ધ રીતે અન્તિમ હદ સુધીનો વિચાર કરવામાં આવે તો કાયદામાં એવું વિધાન અન્તર્ગત કરવું જોઇએ કે પ્રદેશ, ભાષા કે કોમ—એવી કોઈ પણ મર્યાદા ધરાવતી બધી બક્ષીસોને ગીફ્ટ ટેકસમાંથી મુકિત મળી નહિ શકે. કોમી અને બીનકોમી ચેરીટી વચ્ચે કરવામાં આવેલા ભેદને ગીફ્ટ ટેકસના વિષય સાથે કશો પણ બુદ્ધિગમ્ય સંબંધ નથી. અને તેથી ગીફ્ટ ટેકસ બીલમાં દાખલ કરવામાં આવેલ આ પ્રકારનો ભેદ કાયદાની દૃષ્ટિએ સર્વ કોઇને સમાનતા આપતા મૂળભૂત હકની બાંહેધરી આપતી રાજ્યબંધારણની ૧૪ મી કલમનું ઉલ્લંઘન કરતો લેખાવો ઘટે છે.

"અહિં અગત્યનો પ્રશ્ન એ છે કે કોઈ પણ નાગરિકે કેવા પ્રકારની ચેરીટી કરવી કે કેવા આકારની સખાવત કરવી એ સંબંધમાં રાજ્યે તેના ઉપર આ રીતે આડકતરૂં પણ વાસ્તવિક એવું દબાણ શા માટે લાવવું જોઇએ ? જ્યાં સુધી કોમના ભલા માટે કરવામાં આવેલા ટ્રસ્ટને કાયદાની શાખા પ્રશાખાના સર્વ હેતુઓ પૂરતું પૂર્ણ આકારનું અને શુધ્ધ સ્વરૂપનું ટ્રસ્ટ લેખવામાં આવતું હોય ત્યાં સુધી, કોઇ પણ એક વ્યક્તિ પોતા માટે નહિ પણ કોમના ગરીબ અને તંગી અનુભવતા માણસો માટે પોતાના ધનનો ઉપયોગ કરવાનો

નિર્ણય કરે તેટલા ખાતર રાજ્યને કર ભરવાનું તેને કહેવામાં આવે તે જાહેર હિતની કેવળ વિરુદ્ધ અને અન્યાયથી ભરેલું છે.

"દેશમાં બીનકોમી વલણ પેદા કરવું એ કોઈ આર્થિક કાયદા-કાનુનનો પ્રદેશ નથી. યોગ્ય શિક્ષણ અને જાહેર અભિપ્રાયના સમુચિત ઘડતર વડે જ બીનકોમી વલણ કેળવી શકાય છે. પણ જો કોઈ આર્થિક કાનુન લોકોને એમ ફરજ પાડવાનો પ્રયત્ન કરે કે તેમની સર્વ સખાવતો બીનકોમી કોટિની હોવી જોઇએ તો તેનું પરિણામ બીનકોમી વલણ પેદા કરવામાં નહિ આવે પણ નવા ચેરીટેબલ ટ્રસ્ટોમાં ઘટાડો થવામાં જ આવશે.

"ગીફ્ટ ટેકસ બીલની ૪૬મી કલમ ઉપર જણાવ્યું તેથી પણ વધારે વિચિત્ર અને જોનો કોઈ પણ રીતે બુદ્ધિથી કે ન્યાયથી બચાવ થઈ ન શકે એવી કઢંગી કલમ છે. એ કલમ આડકતરી રીતે એમ સૂચવે છે કે કોઈ પણ કોમી કક્ષાનું ચેરીટેબલ ટ્રસ્ટ હોય અને તે જે વર્ગના લાભ માટે હોય તે વર્ગમાંના ગરીબ અને જરૂરિયાતવાળા લોકોને તેમાંથી મદદ આપવામાં આવે તો તે મદદની જે રકમ હોય અથવા જે રકમ આંકવામાં આવે તે માટે એ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટીઓને ગીફ્ટ ટેકસ આપવાનો રહેશે. બીજા શબ્દોમાં કહીએ તો જો કોઈ એક કોમી સ્કૂલ કે હોસ્પીટલ કોઇ યોગ્ય ગરીબ વિદ્યાર્થીને અથવા તો દર્દીને રૂા. ૩૦૦ સુધીની અથવા તેથી વધારે રકમની મદદ કરે, તો તે માટે તે સ્કૂલ અથવા હોસ્પીટલે ગીફ્ટ ટેકસ આપવો પડશે. દેશના આર્થિક કાયદાકાનુનના આજ સુધીના ઇતિહાસમાં એવો કોઇ કાયદો મારી જાણમાં નથી કે જે સિદ્ધાન્તમાં આટલો બધો અન્યાયી હોય અને જાહેર હિતનો આટલો બધો ઘાતક હોય. આ તે કયા પ્રકારનું કલ્યાણરાજ્ય છે કે જેમાં જાહેર જનતાના હિત માટે ઉભા કરવામાં આવેલા અને જાહેર લાભ માટે ચલાવવામા આવતા એવા એક ચેરી-ટેબલ ટ્રસ્ટને, રાજ્ય જેમને મદદ કરી શકતું નથી એવા અસહાય લોકોને મદદ કરવા માટે, રાજ્યને કર ભરવો પડતો હોય ?

"ગીફ્ટ ટેકસના હેતુઓ અને કારણો (જેનો આ લેખની શરૂ-આતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે) નો વિચાર કરતાં પ્રશ્ન થાય છે કે ગરીબ લોકોને મદદ કરવાના ઉદ્દેશથી ઉભા કરવામાં આવેલા ઉપર જણાવેલ ચેરીટેબલ ટ્રસ્ટનો આ હેતુઓમાં સમાવેશ થઇ શકે છે ખરો ? ગરીબ લોકોના ભલા માટે ટ્રસ્ટની આવક વાપરતા ચેરીટીના ટ્રસ્ટીઓ એસ્ટેટ ડયુટી, ઈન્કમ ટેકસ, વેલ્થ ટેકસ કે એકસપેન્ડીચર ટેકસની કોઈ પણ જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કરે છે અથવા તો તે જવાબ-દારીને હળવી બનાવવાનો પ્રયત્ન કરે છે એમ કહી શકાય તેમ છે જ નહિ. આજે જે પ્રકારનું બીલ રજુ કરવામાં આવ્યું છે તે મુજબ પહેલાં તો જે કોઇ માણસ કોમી ચેરીટી કરશે તેને ગીફ્ટ ટેકસ આપવો પડશે, અને પછી એ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જેમ જેમ એ ટ્રસ્ટનો વહીવટ કરતા જશે તેમ તેમ દર વર્ષે ચેરીટીના ટ્રસ્ટીઓને ગીફ્ટ ટેકસ આપતા રહેવું પડશે.

"કોઇ પણ દિશામાં પહેલ કરવામાં આવે, એ પહેલ જો સાચી દિશાની હોય તો, તે જરૂર પ્રશંસાપાત્ર છે. પણ લોકોના દિલની ઉદારતા ઉપર ટેકસ નાખનાર તરીકે, ચેરીટી ઉપર ટેકસ નાખનાર તરીકે, અને ટ્રસ્ટીઓ ગરીબોને મદદ કરે તે ઉપર ટેકસ નાખનાર તરીકે પ્રથમ પહેલ હિંદે કરી હતી—આની ખ્યાતિ હિંદના નામે ન નોંધાય એ વધારે ધ્યાન્વા યોગ્ય છે. એ તો દેખીતું છે કે ચેરીટી ઉપરનો આ ટેકસ એ દ્રવ્યમાંથી વસુલ થવાનો છે જે દ્રવ્ય કાયદાની આવી પરિસ્થિતિ ન હોય તો ભુખ્યાને ખવરાવવા પાછળ, માંદાને સાજો કરવા પાછળ અને જ્ઞાનનો દીવો પ્રગટાવવા પાછળ ખરચાયું હોત. જે દાતાને ચેરીટીમાં દશ લાખ રૂપીઆ આપવા હશે તે દાતા એ રકમમાંથી ગીફ્ટ ટેકસ અંગે જે રકમ આપવી પડે તે બાદ કરીને બાકીની રકમનું જ ટ્રસ્ટ કરવાનો. ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને પણ ગીફ્ટ ટેકસ આપવાનો હોઇને, ટ્રસ્ટના હેતુઓ પાછળ દર વર્ષે તેઓ ઓછી ને ઓછી રકમ ખરચી શકશે.

"એમાં કોઇ શક નથી કે આજે જ્યારે આ બીલ સીલેકટ કમીટીને સોંપાયું છે ત્યારે તેમાં બીજા કોઇ સુધારા થાય કે ન થાય, પણ એક સુધારો તો એકાન્તપણે આવશ્યક છે. ગીફ્ટ ટેકસ બીલને એવી રીતે સુધારવું ઘટે છે કે દેશના ચાલુ સામાન્ય કાયદાકાનુન મુજબ જે સખાવતને 'ચેરીટેબલ' તરીકે સ્વીકારવામાં આવેલ હોય તે સખાવતને તેમ જ દેશના ચાલુ સામાન્ય કાયદાકાનુન મુજબ ચેરીટેબલ તરીકે સ્વીકારાયલા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરફથી જે કાંઇ દાન કે મદદ કરવામાં આવે તે દાન કે મદદને ગીફ્ટ ટેકસ બીલકુલ લાગુ ન પડે."

આ સચોટ વિવેચનમાં એટલું જ ઉમેરવાનું રહે છે કે આપણા દેશનું માનસ વધારે ને વધારે બીનકોમી બને એ જેટલું આવશ્યક છે તેટલી જ આવશ્યકતા ભારતીય માનસમાં કોમ અને સંપ્રદાયનાં મૂળ બહુ ઊંડાં છે અને નાના વાડાઓ ભૂંસાય તો પણ હિંદુ, મુસલમાન, ખ્રીસ્તી—એવા ધર્મ સાથે સંબંધ ધરાવતા મોટા વાડાઓ ભાગ્યે જ ભુંસાવાના છે—આ વાસ્તવિકતા આપણે તેમ જ ભારત સરકારે સ્વીકારવી જ રહી. અને તેથી આવાં વલણને દાબી દેવા માટે સરકારે આવા આડકતરા કઢંગા પ્રયત્નો કરવા અને પ્રજાકીય સખાવતોના આવા કૃત્રિમ ભાગલા પાડવા તે ઉચિત નથી, કારણ કે આમ કરવાથી પ્રજામાનસમાં રહેલું કોમીપણું કે સાંપ્રદાયિકતા હળવી થવાને બદલે ઉલટી વધારે તીવ્ર બનશે અને સરકાર સામે અપ્રીતિ—નારાજીની લાગણી જ વધારે પોષાશે. આજે ચોતરફ ધાર્મિક મંદિરો અને સંસ્થાઓ દેશમાં પથરાયેલી છે અને લોકોના દિલમાં તે વિષે કદિ ન ભુંસાય એવો અનુરાગ છે. આ અનુરાગને કાયદાના દબાણથી ભુંસી નહિ શકાય. બીજી ચેરીટીથી આવી ધાર્મિક ચેરીટીને જુદી પાડવામાં આવે—અને પ્રસ્તુત બીલના હેતુઓ આ ચેરીટીને કોઇ પણ રીતે લાગુ પડી શકે તેમ નથી, કારણ કે તેના હેતુઓ કોઈ પણ માણસ પોતાના સંતાનો કે સગાવહાલાના નામ ઉપર મીલ્કત ચડાવીને એસ્ટેટ ડયુટી વગેરે કાયદાઓની ચુંગાલમાંથી છટકવા માંગતો હોય તેને તેમ કરતો અટકાવવાનો છે એમ છતાં—આવી ચેરીટીને આ બીલ લાગુ પાડવામાં આવે તેનુ વ્યાજબીપણું કોઈ પણ રીતે ગળે ઉતરે તેમ નથી. આપણે આશા રાખીએ કે સીલેકટ કમીટી આ બીલને એવી રીતે સુધારશે કે જેથી કોઇ પણ આકારની ચેરીટી હોય એટલે કે અન્યના ભલા માટેનું દાન હોય, સખાવત હોય તેને ચેરીટી તરીકે સ્વીકારવામાં આવે અને તેનો ગીફ્ટની કક્ષામાં સમાવેશ કરવામાં ન આવે.

પરમાનંદ

'ભાઇનો ઇન્ડિયન સમર' વિષે

આ અંકમાં ૧૦ મે પાને આપેલ ઉપરનો કથાનુવાદ પ્રબુધ્ધ જીવનમાં ત્રણ ચાર મહીના પહેલાં પ્રગટ થઇ ચુકયો હોત, પણ એમ ન બન્યું તેનો એક નાનો સરખો ઇતિ-હાસ છે. કેટલાએક સમય પહેલા નીચેની કથા જેમાં પ્રગટ થઇ છે એ મરાઠી માસિક 'સત્યકથા' નો અંક એક મિત્રે—ખાસ કરીને પ્રસ્તુત કથા વાંચવા માટે—મને આપ્યો. મને તે કથા અત્યન્ત આકર્ષક લાગી, અને તેનો અનુવાદ કરાવીને પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવા મને ઇચ્છા થઇ. આ અનુવાદ કરવાનું કામ મેં શ્રી મનુભહેનને સોંપ્યું. તેમણે થોડા સમયમાં અનુવાદ તૈયાર કરીને મને સુપ્રત કર્યો. આ કથાના લેખક શ્રી વિઠ્ઠલરાવ ઘાટે જેમણે સરકારી કેળવણી ખાતામાં વર્ષો સુધી સેવા બજાવી છે અને જેઓ એક ઉચ્ચ કોટિના સાહિત્યકાર છે તેમની ઉપર આ અનુવાદ જોઇ જવા માટે અને તે પ્રગટ કરવાની અનુમતિ આપવા માટે મેં મોકલી આપ્યો. તેમણે મને એ અનુવાદ પાછો પહોંચાડવા અમારા સમાન મિત્ર શ્રી ઝીણાભાઇ દેસાઇને આપ્યો. પણ કમનસીબે શ્રી ઝીણાભાઇ દેસાઇએ એ અનુવાદ કયાંક ખોઇ નાખ્યો. એટલે ઝીણાભાઇએ શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ પાસે એ કથાનો ફરીથી અનુવાદ કરાવીને મારી ઉપર મોકલી આપ્યો, જે આ અંકમાં ૧૦ મા પાને પ્રગટ કરવામાં આવે છે. આ વાંચતાં કોઇને પણ પ્રશ્ન થશે કે એક મરાઠી સામયિકમાં પ્રગટ થયેલી કથા આમ બબ્બે વાર અનુવાદ કરાવીને પણ પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવાનો આગ્રહ રાખવામાં આવે એવું તે આ કથામાં શું છે ? એનો જવાબ કલ્પનાશીલ વાચકને આ કથા વાંચવામાંથી જરૂર મળી જશે એવી આશા છે. અહિં એ જણાવવું પ્રસ્તુત છે કે આ અનુવાદ 'સંસ્કૃતિ'માં પણ પ્રગટ થાય એવી શ્રી ઘાટેસાહેબની ઇચ્છા હતી. તે મુજબ મે માસની 'સંસ્કૃતિ'માં પણ આ અનુવાદ સાથે સાથે પ્રગટ કરવામાં આવનાર છે.ત'ત્રી

ભાઈનો ઈન્ડિયન સમર

(જેમાં પ્રગટ થતી વાર્તાઓને મોટા ભાગે વાસ્તવિક ઘટનાઓ સાથે સંબંધ હોય એવા 'સત્ય કથા' નામના સુપ્રસિદ્ધ મરાઠી માસિકમાં પ્રગટ થયેલ 'माईचे इन्डियन समर' એ મથાળા નીચે જાણીતા શિક્ષણકાર અને સાહિત્યકાર શ્રી વિઠ્ઠલરાવ ઘાટગે લખેલી વાર્તાનો શ્રી ભાસ્કર-રાવ વિદ્વાંસે તૈયાર કરી આપેલો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

ઈંડિયન સમર ! અમેરિકાના ઈંડિયનોનો સમર. બહુ મજાનો હોય છે એ. કુદરતને–ઋતુચક્રને–કોઈ વાર ઘેરી માર્ગ પડતો મૂકી આડા ફંટાવાની લહેર થઈ આવે છે. અમેરિકાની કુદરતને પણ કોઈ વાર આવી લહેર થઈ આવે છે. એ જ ઈંડિયન સમર શરીરને સોયની માફક ભોંકાતા સખત, ઠંડા પવન ફૂંકાય છે. વૃક્ષો પોતાનાં પાંદડા ખેરવી નાખીને હિમના આગમનની બીતાં બીતાં તૈયારી કરે છે. એટલામાં અચાનક જાદૂઈ લાકડી ફરી વળે છે ! સુંદર હુંફાળો તકકો પડે છે. સૂર્યનો તેજસ્વી પ્રકાશ પડે છે. પક્ષીઓ અને પતંગિયાં ફરી સ્વચ્છંદે ઉડવા લાગે છે, ડાહ્યા માણસો અકારણ જ ઘર બહાર નીકળે છે અને બગીચા-ઓમાં, પહાડોમાં, વનોમાં ઉપવનોમાં ફરવાનું શરૂ કરે છે અને હેમંતના શીત સામ્રાજ્યમાં અચાનક માથું મારી ઘૂસી આવેલ આ વસંતનું સ્વાગત કરે છે.

માનવીના જીવનમાં પણ આ આગંતુક ઈંડિયન સમર કોઈ વાર ડોકાય છે–ઘૂસે છે અને માનવી પર કબજો જમાવે છે. ઘડપણ આવી ચૂકયું હોય છે; યૌવન કાળની આશાઓ કયારની ય ગળી ગઈ હોય છે; ચામાં કુશન સૉલ્ટ લેવાના, ઢીંચણ પર આયોડેકસ ચોળવાના અને કાન ફરતું મફલર વીંટીને ચોક્કસ કરેલા સમથળ રસ્તાપર ફરવા જવાના દિવસો આવી ચૂકયા હોય છે ! એવામાં એકાએક ઝપટાઈ ગયા જેવું બને છે. કેવી રીતે બને છે એ ખબર પડતી નથી, પણ કર્કક બને છે, કોઈક મળી જાય છે અને કાનપરનું મફલર સરકી પડે છે. અને સરી ગયેલી વસંત ફરી ખીલે છે. મન મ્હોરે છે અને ઈંડિયન સમર ફૂલે ફાલે છે.

અમારા ભાઇનું આવું જ બન્યું !

ઠંડીના દિવસો હતા. હું સવારમાં ચા પીતાં પીતાં છાપાનાં પાનાં ફેરવતો હતો. એકાએક મારી નજર એક નાના સમાચાર પર પડી અને આશ્ચર્યનો ઉદ્‌ગાર નીકળી પડયો. આશ્ચર્ય પમાડે એવા જ એ સમાચાર હતા. કોને નવાઇ ન લાગે ? ભાઈની અવસ્થા થઈ હતી. હજી હમણાં જ અમે મિત્રોએ અને શિષ્યોએ તેમની ૬૧ મી વર્ષગાંઠ ઉજવી હતી. ભાઇનું આરોગ્ય સારું રહે એ માટે પ્રભુની પ્રાર્થના પણ કરી હતી. અમારી આ શિફારસની ભાઇને જરૂર પણ હતી જ. તેમને હૃદયરોગ લાગુ પડયો હતો. સીડીનાં પગથિયાં ચડતાં ભાઈને શ્રમ લાગી જતો. 'ઉંધિયું' તેમની ભાવતી ચીજ, એનો પણ તેમને ત્યાગ કરવો પડયો હતો. પણ હવે તો તેઓ પરણી બેઠા હતા; અને એ પણ જ્યોતિની સાથે !

ભરયુવાનીમાં જ ભાઈ વિધુર થયા અને ભરયુવાનીમાં જ તેઓ ગાંધીજી તરફ આકર્ષાયા. એ જમાનો જ એવો હતો. "Bliss it was in those days to be alive; but to be young was very heaven." ભાઈ યુવાન હતા. ગુજરાતની સપાટ ભૂમિપર કુદરતે ધરતીકંપ પેદા કરીને એક પ્રચંડ ખોદાયેલ પર્વત ખડો કરી દીધો હતો ! આ પર્વતના આકર્ષણથી સૂતેલા જાગ્યા, જાગેલા ચાલવા લાગ્યા અને ચાલતા હતા તેઓ આમતેમ ગેબમાં આવેલા વાછડાની જેમ ચારે બાજુ દોડાદોડ કરવા લાગ્યા. ભાઇ આ દોડનારાઓમાં મોખરે હતા. પરંતુ તેઓ જેમ ફાવે તેમ દોડયા નહિ. તેઓ જે નીકળ્યા તે સીધા વિદ્યાપીઠમાં પહોંચ્યા અને સરકારમાન્ય મહાવિદ્યાલયો છોડીને વિદ્યાપીઠમાં દાખલ થનારાં ધ્યેયવાદી બાળકોને શિક્ષણ આપવા લાગ્યા.

વિદ્યાપીઠમાં ભાઇના મનમાં એક દ્વંદ પેદા થયું. શ્રદ્ધા અને રસિકતા ઝગડવા લાગી. ગાંધીવાદી દેશભક્ત અને રસજ્ઞ કવિ એક શરીરમાં અને એક મનમાં સાથે રહેવાની આનાકાની કરવા લાગ્યા. ભાઇ ખાદી પહેરતા અને નિયમ પ્રમાણે રેંટિયો પણ કાંતતા; પરંતુ સુંદર બારીક કપડાં તરફ રસજ્ઞતાથી જોતા. મસાલા વગરનું કોળાનું શાક ભાઇ શ્રદ્ધાથી ખાતા ખરા, પણ પૂર્વે આપેલા સ્વાદિષ્ટ પદાર્થો જ્યારે તેમને કોઈ કોઈ વાર સાંભરતા, ત્યારે તેઓ અસ્વસ્થ થઈ જતા. વિદ્યાપીઠના તપસ્વી જીવનમાં ભાઈ રસની અમરવેલ જેવા હતા. પોતાના પ્રિય શેલી, વર્ડઝવર્થ અને બ્રાઉનિંગને પણ એ ત્યાં પોતાની સાથે લેતા ગયા. તેમના ટેબલ પર ગીતા ને 'ગોલ્ડન ટ્રેઝરી' ભેગી ઉમર ખય્યામની રૂબાયતોની એડમંડ ડલેક કે અવનીન્દ્રનાથ ટાગોરની સચિત્ર આવૃત્તિઓ પણ નજરે પડતી. સવારના શાંત પહોરમાં ભાઈ કોઇ સંસ્કૃત સ્તોત્રમાંથી "Earth has not anything to show more fair !" જેવી સુંદર પંકિતઓમાં સરી પડી વિશ્વસાહિત્યના રસસાગરમાં લીન થઇ જતા. ગાંધીજીની આસપાસ એકઠા થયેલા વિધુરો અને બ્રહ્મચારીઓના આંતરવર્તુળમાં સ્વાભાવિક રીતે જ ભાઇ વિધુર હોવા છતાં ભળ્યા નહિ; અલગ રહ્યા, અલિપ્ત રહ્યા. રસિક વૃત્તિ અને પ્રવૃત્તિઓને પોતાના અબોધ મનમાં દાટી દેવાની ખટપટ ભાઇએ કદિ કરી નહિ. બે સ્ત્રીઓને સમભાવનાથી રાખનારા ખાનદાન નબીરાની માફક ભાઇએ પણ રસિકતા અને ગાંધીવાદી શ્રદ્ધા બન્નેને સમતોલ સાચવી રાખવાનો પ્રયત્ન કર્યો. બન્ને વચ્ચે સ્વાભાવિક રીતે જ ઝગડો થતો. ભાઇ કોઇ વાર એક બાજુ તો કોઇ વાર બીજી બાજુ ઝૂકતા, પણ થોડા વખતમાં જ પાછા સ્વસ્થ હતા. આવી સમતાને લીધે ભાઇના બોલવા ચાલવામાં કદિ પણ સ્વાર્થત્યાગનું અભિમાન દેખાયું નથી. ચહેરા કદિ પણ શોગિયો કે તોછડો જણાયો નથી.

વિદ્યાપીઠ છોડી અને ઝગડો પણ શમ્યો. બન્ને વૃત્તિઓ એક થઈ અને ભાઇના જીવનમાં સુંદર સ્વચ્છ સંયમ દેખાયો. ભાઈ કશાથી પણ અતિ મોહિત થયા નહિ કે તેમણે કશાની આભડછેટ (Taboo) રાખી નહિ. ભાઇનો કાવ્યશાસ્ત્રવિનોદ હવે અનિર્બંધ વહેતો થયો. ભાઈ રહ્યા તો વિધુર જ, પણ તેમના દિલમાં કશાની ઊણપ જણાઇ નહિ. રંગ–રૂપ–નાદ–સ્પર્શના માધ્યમ મારફત ભાઇને સૌંદર્ય મળતું હતું અને સમાધાન પણ મળતું હતું.

ભાઈની ઇચ્છાશકિત બળવાન હતી. હૃદયરોગ લાગુ પડયા છતાં આ ઇચ્છાશકિતના જોરે જ ભાઈ જીવતા હતા. ફકત જીવતા જ હતા એમ નહિ, પણ ભરપટ્ટે કામ કરતા હતા. તેમણે કદી ડૉકટરને છોડયા નથી અને ડૉકટરોએ પણ કદિ તેમને છોડયા નથી. ભાઇ કાવ્યશાસ્ત્રવિનોદ માણતા, પણ તેમનું બધું લક્ષ તેમના સંશોધન-કાર્યમાં કેન્દ્રિત થયેલું હતું. આ કામમાં ગુંથાયા પછી તેમને કશાનું ભાન રહેતું નહિ. ભાઇને છંદોનો છંદ લાગ્યો હતો. ગુજરાતનાં વિવિધ ગાણાં, લોકગીતો, ભવાઈ, રાસ, ગરબા વગેરેને તેઓ વ્યવસ્થિત કરવા માગતા હતા. નાદ સૃષ્ટિના આ દંડકારણ્યનું તેઓ સુંદર વ્યવસ્થિત ઉપવન બનાવવા માગતા હતા. ભાઈ ગાતાં શીખ્યા, તબલા પણ શીખ્યા. કોઇ ગાવાનું શરૂ કરે કે ભાઇ તાલ આપવા લાગે; કોઇ બોલવા લાગે કે તરત ભાઇ તેના એ બોલવામાંથી લય શોધી કાઢે. ગુજરાતી ભાષા જ મૂળે લયબદ્ધ અને સુલાયમ. નાગરોની સંસ્કારી સ્ત્રીઓની જીભે એ નાચવા લાગે કે એમાંથી એક નાદમધુર સૂરાવલી (symphony) નિર્માણ થાય જ. ભાઈએ અમને આ લયબદ્ધ ગુજરાતી ગદ્યમાં રહેલા લય (rythmic prose) નો આસ્વાદ લેતાં શીખવ્યું.

ધીરે ધીરે ભાઈની આસપાસ યુવક યુવતીઓનું ટોળું જામ્યું. ભાઇ હવે યુવાન નહોતા એ ખરું, પણ એમનું મન યુવાન અને તાજું હતું. યુવાનોને એ આત્મીય લાગતા. એ યુવાનોમાં કોઇ કવિ હતા, કોઈ ચિત્રકાર હતા, કોઈ કથાકાર હતા. ભાઈને ઘેર બધાનું સ્વાગત થતું, યથાકાલ અને યથોચિત આદરાતિથ્ય થતું.

આ યુવાન વર્ગની સાથે જ જ્યોતિએ ધીરે ધીરે ભાઇના જીવનમાં પ્રવેશ કર્યો. જ્યોતિ સુંદર હતી–ઘણી સુંદર હતી; પણ પોતે સુંદર છે એનું એને ભાન નહોતું. જેઓએ તેને એનું ભાન કરાવવા પ્રયત્ન કર્યો તે ભોંઠા પડયા. જ્યોતિ શારીરિક સૌંદર્ય કરતાં પણ જ્ઞાનના ઉગ્ર તેજથી તેજસ્વી બની હતી. એ સાક્ષાત જ્ઞાનજ્યોત જ હતી. તેની એ ભાવગંભીર આંખો સદા ચિંત માં મગ્ન રહેતી. ભાઇની માફક જ જ્યોતિ જ્ઞાનોપાસક હતી. ખરું તો, ભાઇની જ્ઞાનસાધનાથી આકર્ષાઇને જ આ જ્ઞાનપિપાસુ છોકરી તેમની નિકટ આવી હતી. ભાઇ છંદોને વ્યવસ્થિત કરવામાં ગુંથાયા હતા તો જ્યોતિ ગુજરાતીનું મૂળ શોધતાં શોધતાં અપભ્રંશના જંગલમાં અટવાતી હતી. ભાઈ જ્યોતિને માર્ગદર્શન આપવા લાગ્યા. તેની સાથે હેમચંદ્ર વાંચવા લાગ્યા. જ્યોતિ પણ ભાઇના સંશોધન-કાર્યમાં મદદ કરવા લાગી.

ભાઇની અને જ્યોતિની આજ સુધીની આ કહાણી હતી. ભાઇની એકસઠમી વર્ષગાંઠના સમારંભમાં જ્યોતિએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. અમે તેનું કૌતુક કર્યું. તેના આ વર્તનમાં અમને કશું જ અજુગતું લાગ્યું નહિ. પરંતુ ભાઈ પોતાની પુત્રી તરીકે શોભે એવી જ્યોતિ સાથે લગ્ન કરી બેસશે એવી તો સ્વપ્નેય કલ્પના નહોતી. છાપાના આ સમાચાર હું માની જ શકતો નહોતો. મને થયું, કોઇએ સંપાદકને બનાવ્યા હશે. આવા સમાચાર માની જ કેમ શકાય ? ભાઈ ઔદિચ્ય બ્રાહ્મણ. આ બ્રાહ્મણો બહુ રૂઢિચુસ્ત, આળા ને ઉચ્ચભ્રૂ. કુંગળી ખાય નહિ પણ છોલે ખરા. સામે પક્ષે જ્યોતિ બ્રાહ્મણેતર–વૈશ્ય જાતિની. ઉપરાંત ભાઇની અવસ્થા અને તેમને લાગુ પડેલો પેલો રોગ.

બીતાં બીતાં જ મેં ભાઇને કાગળ લખ્યો, એ સમાચારનો ઉલ્લેખ કર્યો, અને તમને અભિનંદન આપું ને, એમ જરા ખરાવીને પૂછ્યું. ભાઇનો જવાબ તુરત જ આવ્યો. હવે અગાઉનો સાદા નોટપેપર જેવો કાગળ નહોતો, કિમતી કાગળ પર ડાબી બાજુએ ભાઈ અને જ્યોતિનાં નામ ભૂરી શાહીમા છાપેલાં હતાં. જમણી બાજુએ ઘરનું સરનામું અને ટેલીફોન નંબર હતાં. મધ્યમાં બે હાથનું મિલન હતું. તેમાંનો એક હાથ વૃદ્ધ હશે–મને એવો લાગ્યો ખરો. ભાઇએ કાગળમાં લખ્યું હતું, "તમને મળેલા સમાચાર સાચા છે. એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. હમણાં હમણાં મારા ભોજનની બરાબર વ્યવસ્થા થતી નહોતી. તેથી સંશોધનનું કામ પણ થવું જોઇએ એ પ્રમાણે થતું નહોતું. તમારે તો ઠીક છે. જનરો રોટલો અને દૂધ મળે એટલે તમારે ચાલે છે. હું રહ્યો સુરતી. મારી જીભને સ્વાદ જોઇએ. હમણાં હમણાં જ્યોતિ પાછળ પડી હતી. હું લગ્ન કરું એવી એણે હઠ લીધી. તેનું કહેવું એમ હતું કે, લગ્ન કર્યા વગર તે મારી પૂરી કાળજી લઇ શકશે નહિ. મેં કર્યું કબૂલ. જ્યોતિ સરસ રાંધે છે. જમવાની સગવડ સારી થઈ ગઈ છે. હવે કામ પણ ઝપાટાબંધ ઉકલે છે. લગ્ન મારી પ્રકૃતિને માફક આવી ગયું છે. તમે કયારે આવો છો ? વખત લઇને આવો, અમારો નવો સંસાર જુઓ. જ્યોતિ કઢી સરસ બનાવે છે, અને પુરણપોળી પણ. પુરણ પોળી એ ગુજરાત અને મહારાષ્ટ્રને સાંધતી મીઠી સાંકળ છે. આવતાં અગાઉ તાર કરશો એટલે જ્યોતિ તમને લેવા સ્ટેશન પર આવશે...."

ઢોંગી ભાઈ ! કહે છે કે ભોજનની વ્યવસ્થા બરાબર થતી નહોતી. જાણે મે એના મહારાજના હાથનુ કદી ખાધું જ નથી. અને ભોજનની વ્યવસ્થા નથી થતી એ ખાતર કોઇ વૃદ્ધાવસ્થામાં લગ્ન કરતો નથી. ભાઇનો આ કેવળ ઢોંગ જ હશે. મનમાં વિચાર્યું, ચાલો ભાઇને ત્યાં જ્યેતિના હાથની પુરણપોળી અને દાળ–ઢોકળી ખાઈ આવીએ અને કઢીના થોડા સબડકા મારી આવીએ.

જ્યોતિ પ્લૅટફૉર્મ ઉપર મળી. ટૅકસી કરીને અમે ઘેર ગયાં. ઘર સામે ટેકસી ઉભી રહી કે તરત જ ભાઈ નીચે ઊતર્યા, બહુ પ્રેમથી ભેટયા. ભાઇ કેટલા બદલાઈ ગયા હતા. ફિકાશ ઓછી થઇ હતી ગાલ થોડા ઉપસ્યા હતા અને સહેજ ગુલાબી પણ દેખાતા હતા. ચહેરા પર એક જાતની પ્રસન્નતા જોવામાં આવતી હતી. ભાઇને જોયા પછી હું જ્યોત તરફ ફર્યો અને હસ્યો. તેની એ ગભીર આંખોમાં કૃતાર્થતા અને પ્રસન્નતા જણાયાં. કોઈ સુંદર કવિતા લખ્યા પછી કે સુંદર ચિત્ર દોર્યા પછી કલાકારને સર્જનની સફળતાનું જે સમાધાન થાય છે એવું સમાધાન મને તેની આંખોમાં દેખાયું. હું હસ્યો અને જ્યોતિ પણ હસી, અને ભાઈ પ્રત્યે બહુ વત્સલભાવે જોવા લાગી. પ્રીતિ દેવતાએ પોતાની નાજુક આંગળીઓ જ્યોતિના ચહેરા પર બહુ મુલાયમ રીતે ફેરવી હતી. પ્રીતિએ જ્યોતિના ગંભીર અને વિદગ્ધ ચહેરા પર સ્નિગ્ધતા પાથરી હતી. જ્યોતિ બદલાઇ હતી–કેટલી બધી બદલાઇ હતી !

જ્યોતિએ તાળી પાડી. તુરત જ બે નોકરો ખુરસી લઈ આવ્યા. ભાઇ ખુરસીપર બેઠા. નોકરોએ ખુરસી સીડી પર ચડાવી. અમે પણ પાછળ પાછળ ઉપર ગયાં. જ્યોતિ જતાં જતાં બોલી, "અમે આ ઉપલો ફ્લૅટ લીધો કે તરત જ મેં ખુરસીની સગવડ કરી. ભાઈ પ્રથમ રાજી નહોતા. હવે તે મૂંગા મૂંગા ખુરસી પર બેસે છે. આમ તેઓ બહુ સારા છે."

અમે ઉપર ગયાં. જ્યોતિએ ભાઇને હીંચકા પર બેસાર્યા. આનાકાની કરતાં કરતાં પણ આખરે ભાઈ હીંચકા પર બેઠા. જ્યોતિએ મને આખું ઘર બતાવ્યું. ઘરની સજાવટમાં જ્યોતિએ ખૂબ કાળજી લીધી હતી. બેસવાના ઓરડામાં ભાઇની સિસ્ટિન મેડોના, વીનસ, ટર્નરના સીસ્કેપ્સ, વૉટ્રસનાં બે પસંદ કરેલાં ચિત્રો, અવનીંદ્રનાથનો શાહજહાન, અને કનુ દેસાઇના મહાત્માજી ભીંત પર ટાંગેલાં હતાં. વચમાં સુંદર કોતરણીવાળા કાશ્મીરી ગોળ મેજ પર લીલાં પાન અને ગુલાબનાં ફૂલોથી ભરેલી પુલદાની મૂકી હતી. એક ખૂણામાં નટરાજ ઊભો હતો. અભ્યાસ કરવાનો ઓરડો સાદો હતો. ભીંતની નજીક ભાઇનું બિછાનું અને પાછળ તકિયો તથા તેની આગળ નાનું બેઠા ઘાટનું ટેબલ મૂકયાં હતાં. ભાઇને ઉપયોગી એવા સંદર્ભગ્રંથો પણ નજીક જ હાથવગા વિષયવાર ગોઠવી મૂકેલા હતા. એક ખૂણામાં જ્યોતિએ પોતાનો સંશોધન-સંસાર જમાવ્યો હતો. ઓરડો મૈસૂરની સુગંધી અગરબત્તીની સુવાસથી મઘમઘતો હતો ભાઇના ઘરમાં હવે ગૃહિણીનું અસ્તિત્વ અને સત્તા ઠેર ઠેર નજરે પડતાં હતાં. જ્યોતએ ધીમેથી મૃદુ ભાવથી મને પૂછ્યું, "દાદા, તમને કેવા લાગ્યા તમારા ભાઇ ?"

મેં પણ એટલી જ મૃદુતાથી જવાબ આપ્યો. "સરસ, ખૂબ સરસ અને બેન, તું પણ."

અમે કૉફી પીતાં પીતાં નિરાંતે વાતોએ વળગ્યા. ભાઇને ગમતાં કેટલાંક કાવ્યો મેં તેમને સંભળાવ્યા. ભાઇ તાનમાં આવી ગયા. તેમણે ગળા પાસેનું બટન ખોલ્યું, ગળું સાફ કર્યું અને કાવ્યોની નોટ હાથમાં લીધી. ભાઇ કાવ્યો વાંચવાની શરૂઆત કરે એટલામાં તો જ્યોતિએ એ નોટ પોતે કબજે લીધી. હસતાં હસતાં તે બોલી, "ના, ના ! તમે ન વાંચશો. કવિતા વાંચતાં તમે આવેશમાં આવી જાઓ છો એ બરાબર નથી. તમે બેસો રાજાની જેમ. હું જ વાંચી સંભળાવું છું. કઈ વાંચું, કહો."

ભાઇએ હાર સ્વીકારી. જ્યોતિએ મીઠા મધુર સ્વરે કવિતાઓ વાંચી સંભળાવી. જાણે કે એ કાવ્યો પોતાનાં જ હોય એટલી મધુરતાથી અને તલ્લીનતાથી એણે એ ગાઇ સંભળાવ્યાં. જાણે તે તેમનું જ બાળક હતું–તેનું તથા ભાઇનું !

જમવાનો વખત થયો. અમે રસોડામાં ગયાં, જ્યોતિ સગડી પાસે બેઠી અને ફૂલકાં વણવા લાગી. ગરમા ગરમ ફૂલકા અમારી થાળીમાં આવવા લાગ્યા. એક ફુલકાનો કોળિયો કરીએ કે બીજો તૈયાર જ હોય. મારા માનમાં જ્યોતિએ આમટી (દાળ) બનાવી હતી. તે બોલી, "દાદા, તમારા ઘરની આમટીની ભાઇ હંમેશાં તારીફ કરે છે. અમારી પડોશના ફ્લૅટમાં એક દક્ષિણી કુટુંબ રહે છે. તે બાઇની પાસેથી મેં આમટી બનાવવાનું શીખી લીધું. કહો, મને કેવીક ફાવી છે ? આવતી કાલે સવારે તમને તમારી પ્રિય દાળ–ઢોકળી મળશે."

જમ્યા પછી બેઠક જામી. કાવ્યગાન ચાલ્યું. વચ્ચે વચ્ચે ચર્ચાઓ પણ થઈ. સાડા દસ વાગ્યા કે તરત જ, જ્યોતિ ઊઠી અને સેનાપતિના, રૂઆબથી કહ્યું, "બસ, સમય થઈ ગયો. ખેલ ખલાસ. હવે ઊઠો. હવે વધુ જાગવાનું નથી, સમજ્યા ?"

ભાઈ આનાકાની કરતાં બોલ્યા, "અરે પણ, હજી તો મારે દાદાની સાથે ઘણી ઘણી વાતો કરવાની છે. તું સૂઈ જા. હું થોડી વારમાં આવું છું. બહુ નહિ જાગું."

પણ જ્યોતિ સાંભળવા માટે ક્યાં તૈયાર હતી ? બહુ વહાલથી તેણે ભાઈના ગળામાં એક હાથ મૂક્યો અને બીજા હાથે તેમને ઊઠાડ્યાં. મારા તરફ વળીને તે બોલી, "દાદા, તમે પણ હવે આરામ કરો. અમારી પડખેના ઓરડામાં જ તમારી પથારી કરી છે. આવતી કાલનો દિવસ તો હજી ગપ્પા મારવા માટે છે જ."

રમતમાં તલ્લીન થયેલા હઠીલા બાળકની પેઠે ભાઈ પરાણે ગયા. હું પણ મારા ઓરડામાં જઈ પથારીમાં પડ્યો. જમણું સરસ મળ્યું હતું. પણ તે કરતાં ય વધુ સુંદર તો સવારથી આવ્યા પછીના અનુભવો મળ્યા હતા. હું આનંદિત થયો. મન ભરાઈ આવ્યું, થોડું મસ્ત બન્યું, થોડું અસ્વસ્થ થયું. તે વિચાર કરવા જ તૈયાર થતું નહોતું. મન આળસુ બન્યું, આખા દિવસમાં મળેલા અનુભવો આંખો મીંચીને ફરી ફરી યાદ કરવા લાગ્યું. મારો સંજ્ઞાપ્રવાહ સુખાવહ ભાવના અને સંવેદનાઓની લપસણી પરથી ઘસડાવા લાગ્યો. ક્વચિત તેનો લોપ થતો, તંદ્રા આવી જતી, અજ્ઞાત મનમાં રહેલી જૂના કાળની —કદાચ મારા જૂના પૂર્વજીવનમાંની—ઊંડે ઊંડે દબાયેલી ભાવના અને વાસનાઓ અવાજ ન કરતાં ચોરપગલે ઉપર આવતી અને મારા સંજ્ઞા-પ્રવાહ પર કાબૂ જમાવતી. મન આ પ્રમાણે ઘસડાતું, ફરી જાગ્રત થતું, ફરી પાછી તંદ્રા આવતી—આમ કેટલો વખત ચાલ્યું કોણ જાણે.

ઇચ્છા ન હોવા છતાં, પ્રયત્ન ન કરવા છતાં, પણ નજીકના ઓરડામાંથી લાડમાં બોલાયેલા મીઠા મધુર બોલ કાને પડ્યા, "સૂઓ, સૂઓ, કેમ નથી સૂતા ?"

જ્યોતિએ બોલેલા 'સૂઓ' શબ્દનો છેવટનો પ્લુત સ્વર અત્યંત લવચીક અને મધુર હતો. તે ધીરે ધીરે સહજતાથી ઊંચો ચડતો હતો. તે જાણે કે પોતાના નાદસ્પર્શથી તે વૃદ્ધ બાળકને થાબડતો હતો, પંપાળતો હતો.

થોડી વારે ફરી પાછા તે જ સ્વર તે જ લયમાં પણ ધીરા અવાજમાં આવ્યા, "સૂઓ, સૂઓ; સૂઓને !"

મારી આંખો સામે કલ્પનાએ એક ચિત્ર ખડું કર્યું, જ્યોતિ બહુ કોમળતાથી લાડથી ભાઈના કપાળપર હાથ ફેરવે છે, માથા પર હાથ ફેરવે છે, અને વૃદ્ધ ભાઈ આંખો ઉઘાડમીંચ કરતા નિદ્રાને આધીન થાય છે.

મને ઊંઘ કેમ કરીને આવે ? મને કોણ થાબડતું હતું ? મને મને કોણ નિદ્રાદેવીના ઓરડામાં લઈ જતું હતું ? ફરી હું તંદ્રામાં પડ્યો. ફરી અર્ધે મન જાગ્રત થયું, ઉપર આવ્યું, જૂની વેદના, સંવેદના જાગ્રત થઈ. સામે પારથી આ પાર એક પછી એક આવવા લાગી, સંજ્ઞાપ્રવાહમાં ભળી ગઈ. ફરી પાછા તે ચિરપરિચિત પણ ચિરવિયુક્ત હાથ કપાળ પર ફરવા લાગ્યા. ફરી તે જ જૂનો સ્પર્શ, તે જ જૂનો સ્વર, તે જ જૂનું સાન્નિધ્ય ! મને ક્યારે ઊંઘ આવી ગઈ ખબર નથી, પણ જાગૃત અવસ્થાના તે મીઠા સ્વરોએ સુષુપ્તા-વસ્થામાં પ્રવેશ કર્યો, બોલવા લાગ્યા:—'સૂઓ, સૂઓ, સૂઓ ! કેમ નથી સૂતા !"

ત્યાર પછી છેલ્લાં દશ વરસમાં હું અનેક વાર ભાઈને મળ્યો, જ્યોતિની મહેમાનગીરીનો લાભ લીધો. તે દંપતીનું જીવન સુખ અને સમાધાનમાં વ્યતીત થતું હતું. ભાઈની તબિયત ખૂબ સુધરી. દરેક વખતે મને તે વધુને વધુ યુવાન દેખાતા ગયા—તાજા દેખાતા ગયા. ઉલટું જ્યોતિ યુવાવસ્થા વટાવી પ્રૌઢાવસ્થામાં પ્રવેશ કરવા લાગી. જાણે કે, એ બન્ને પ્રેમી જીવો અવસ્થાના બે છેડાઓથી નીકળી ઉત્તરોત્તર વધુ ને વધુ નજીક આવતા જતા હતા. ભાઈના જીર્ણ બની ગયેલા વૃક્ષને નવી કૂંપળો ફૂટવા લાગી હતી. ભાઈના શિશિર કાળમાં ઋતુરાજ વસંત પગલાં માંડતો હતો—અધિક્ષેપ કરતો હતો. ભાઈનો ઇંડિયન સમર ફાલવા લાગ્યો હતો !

ભાઈ પુરબહારમાં ખીલવા લાગ્યા હતા. ઝપાટાબંધ પગલાં માંડતા હતા. ભાઈ નવલિકાઓ લખવા લાગ્યા, વનવેલીમાં નવાં કાવ્યપ્રયોગો કરવા માંડ્યા, વિનોદભરપૂર શબ્દચિત્રો ચીતરવા લાગ્યા, લઘુનિબંધો લખવા લાગ્યા. ભાઈ પ્રવાસ કરવા લાગ્યા. સુરત અને થાણાના દુબળા અને વારલીઓ, ખેડાના ઠાકરડા, પંચમહાલના ભીલ, બનાસકાંઠાના રબારી અને રેંકડી ખેંચતા મારવાડી યુગલો—બધા દલિતોના સુખદુઃખમાં સમરસ બન્યા. ભાઈના સાહિત્યમાં આ દુર્ભાગી લોકોની વેદના સંભળાવા લાગી, અને યુવાનોનો તાજો અને નિષ્કપટ પ્રેમ પણ ડોકિયાં કરવા લાગ્યો.

અને જ્યોતિ ? પ્રેમસંશોધનના ચક્રવ્યૂહમાં સપડાયેલી જ્યોતિનું પોતાનું સંશોધનકાર્ય તો ક્યારનું ય વિરામ પામ્યું હતું. ભાઈની જ્ઞાનસાધનામાં અને ઇંડિયન સમરમાં તે સમાઈ ગઈ હતી. ભાઈની યુવાનીને જાગ્રત કરવામાં એ પોતે પોતાની યુવાની ખોઈ બેઠી હતી; અને આ સોદો તેણે રાજીખુશીથી, પોતાની પાકી સમજણપૂર્વક કર્યો હતો. પ્રેમદંશથી જ્યોતિ પ્રૌઢ બની હતી—સ્થિરગંભીર એવી પુરંધ્રી (Matron) બની હતી. પાકવા મૂકેલી આપ્રુસ કેરીની માફક તેનું વ્યક્તિત્વ પાકી ગયું હતું—નિતાંત મધુર બન્યું હતું.

સ્ત્રીઓ ત્રણ પ્રકારની હોય છે—વત્સલા, પ્રેમલા અને બાલા—જ્યોતિ વત્સલા—mother—wife—હતી. ડેવિડ કૉપરફીલ્ડમાં આવતી ડોરા જેવી કેટલીક સ્ત્રીઓ child wife—બાલા હોય છે, બંકિમચંદ્ર અને શરદચંદ્રની નાયિકાઓની માફક કેટલીક પ્રેમલા—પ્રણયિની—હોય છે. જ્યોતિ ડેવિડકૉપરફીલ્ડની ઍગ્નેસ માફક વત્સલા હતી. જ્યોતિ જેવી અનેક વત્સલાઓ પોતાના લહેરી અને ધ્યેયનિષ્ઠ પતિની સંભાળ લેવાનું કામ કર્યા કરતી હોય છે. જ્યોતિએ ભાઈની આ પ્રમાણે સંભાળ લીધી. તેમને દસ વરસ સુધી જીવાડ્યા, ઉછેરી મોટા કર્યા. પોતે પાછળ રહી—પાછલા ઓરડામાં, રસોડામાં અને શય્યાગૃહમાં.

આખરે તો એ ઇંડિયન સમર હતો ! કેટલો સમય ટકે ! ભાઈ પોતાની વૃદ્ધાવસ્થા, રોગ ભૂલી ગયા. પરંતુ યમરાજા તો ચોપડો લઈ બેઠા હતા, હિસાબ ગણતા હતા તે કેમ ભૂલી જાય ? તેમણે બે વાર હુમલો કર્યો. પરંતુ આ આધુનિક સાવિત્રીએ એમને બન્ને વાર પાછા કાઢ્યા. ભાઈના પર હુમલો થયો ત્યારે કલાકો સુધી જ્યોતિ તેમને પોતાની છાતી સરસા રાખીને બેઠી હતી. યમરાજા પાછા ગયા.

ભાઈ સિત્તેર વટાવી ગયા. તેમનો મહાગ્રંથ—ગ્રંથરાજ પૂરો થયો. પાંત્રીસ વર્ષની તેમની તપશ્ચર્યા ફળી. અમે એનો સમારંભ ઊજવ્યો. જ્યોતિએ પણ એમાં ભાગ લીધો. ભાઈના ગ્રંથરાજની હસ્ત-લિખિત પ્રત પોતાના ખોળામાં મૂકી તે ભાઈની પડખે બેઠી—શાંત, ગંભીર અને સંયત. અગાઉની સ્ફુર્તિ હવે રહી નહોતી. હવે તો નિર્મળ સેવાભાવ, નિર્ભેળ શરણાગતિ જણાતાં હતાં. હવે અનિર્વચનીય, અના-કલનીય કરુણા તેના ચહેરા પરથી નીતરતી હતી !

સિત્તેર પછી ભાઈ વધુ જીવ્યા નહિ. ફરી ત્રીજી વાર યમદેવ આવ્યા. જ્યોતિએ આ વખતે હાર સ્વીકારી. કૃતાર્થ ભાઈએ જ્યોતના બાહુપાશમાં અતિ સંતોષપૂર્વક પ્રાણ છોડ્યા. હવે જીવવાની શી જરૂર હતી ? હવે મૃત્યુની શી પરવા હતી ? જગતમાં કોઈને ન મળ્યો હોય એટલો પ્રેમ ભાઈને મળ્યો હતો, અને ગુજરાતી ભાષા જ્યાં સુધી જીવતી રહેશે ત્યાં સુધી તેમનો ગ્રંથરાજ પણ જીવંત રહેવાનો હતો. તે તેમનું બાળક હતું—તેમનું અને જ્યોતિનું.

મૃત્યુપૂર્વે ભાઈના ઓશિકા આગળ એક જણ કાવ્યની એક લીટી ગણગણ્યો:—

"હું છિન્ન છું; હું ખિન્ન છું !"

ભાઈએ માથું ઊંચું કર્યું, જ્યોતિ તરફ નજર કરી, તેના વાંસા પર હાથ ફેરવ્યો અને બોલ્યા. "ના, ના ! એમ નહિ.

હું પૂર્ણ છું ! પરિપૂર્ત છું.
સંતુષ્ટ છું ! સંતુષ્ટ છું !"

મૂળ મરાઠી : **શ્રી વિઠ્ઠલરાવ ઘાટે**
અનુવાદક : **શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧૫, ૧૯૫૮, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રજાતંત્રને ઓવારે !

પ્રજારૂપી ગંગા તો એ જ છે, તંત્રરૂપી ઓવારો નવો છે; યાત્રિક એ જ છે, તીર્થ નવું છે; ભકત એ જ છે, ભગવાન નવા છે; ઇતિહાસ એ જ છે, પાત્રો નવાં છે; દર્શન એ જ છે, દૃષ્ટા બદલાયો છે; નાટક એ જ છે, નટ બદલાયા છે; વ્યાસપીઠ એ જ છે, વકતા નવા છે; યજમાન એ જ છે, પુરોહિતો બદલાયા છે; શોષણ એ જ છે, ફકત શોષણ કરનાર બીજો છે–અરે, મદિરા એ જ છે, સીસો નવો છે !

ભારતના વ્યાસ તો એ જ છે, પણ એની વાણી બદલાઇ છે; રામાયણ એ જ છે, રામ બદલાયા છે; મહાભારત એ જ છે, પણ દુર્યોધન બદલાયા છે; કાવ્ય એ જ છે, પણ છન્દ નવા છે; સંસ્કૃતિ એ જ છે, પણ એનો ગુંજારવ બદલાયો છે; મંત્ર એ જ છે, પણ ઋષિ બદલાયા છે; વેદો એ જ છે, પણ બ્રાહ્મણ બદલાયો છે; કિનારો એ જ છે, નૌકા બદલાઇ છે; મુસાફરો એ જ છે, પણ બ્બલાસી બદલાયો છે; મૂળ એ જ છે, કલેવર બદલાયું છે; ભાષા એ જ છે, લિપિ બદલાઈ છે; સત્તા એ જ છે, સત્તાધીશ બદલાયો છે–અરે, પ્રજા એ જ છે, તંત્ર નવું છે ! આ પ્રજાતંત્ર છે !

આ ગંગા છે લોકજીવનની, જે જુગજુગથી વહેતી આવી છે; અને આ છે સત્તાના ઓવારા, જે જુગજુગથી એને બાંધતાં આવ્યા છે. બધે બધે નવા ઓવારા છે, નવી ઇંટો છે, નવો સિમેંટ છે અને નવો કઠેડો છે, અને એને માટે નવી નવી દક્ષિણા માગવામાં આવે છે. જરા ઇતિહાસને તો જુઓ, આ પ્રજારૂપી ગંગાના કિનારે કેટ-કેટલા ઓવારા રચાયા છે ! નવા રચાયા એ જૂના થઇ ગયા અને ફરી ફરી નવા રચાતા ગયા. પણ પ્રજારૂપી ગંગા તો એકધારી, એક રૂપે વહેતી રહી છે. અત્યારે ય વહી રહી છે. ઓવારાના રંગ–ઢંગ બદલાતા ગયા. પ્રજારૂપી ગંગાને ઉલેચી ઉલેચીને ઓવારાઓ ઉપર ધનના ઢગલા ખડકાતા ગયા, અને નિર્મલ–નિર્દોષ ગંગા વહેતી રહી. ઓવારાઓ ઉપર સોદાઓ થતા રહ્યા–પુણ્ય અને પાપના, ભકત અને પુરોહિતના, ગોર અને યજમાનના; અને ગંગાનાં અન્તર્હિત નેત્રો આ બધું જોતાં રહ્યાં !

ગંગા તો એ જ વહી રહી છે અને પ્રજાતંત્રનો નવો ઓવારો રચાઇ રહ્યો છે–સારા પ્રમાણમાં રચાઈ ગયો છે. નવા મહંતો, પુરોહિતો અને ગોરોનાં મઠો, મંદિરો અને છત્રીઓ રચાઈ ગયાં છે. નવાં સંસ્થાન અને નવાં વિધિ–વિધાન રચાયાં છે. એમની દક્ષિણા આપો અને સત્તાનો પ્રસાદ પામો ! પક્ષના ખેરખાહ બનો અને પ્રધાન બનવાનું વરદાન મેળવો ! ચારેકોર પહેરેગીરો અને પુરોહિતો બેઠેલા છે. એનાથી બચીને તમે નહીં ચાલી શકો. જેની પાસે જેવાં સાધન છે તે એવી જ દક્ષિણા આપે, અને એને એવા જ મઠમાં પ્રવેશ મળી શકે છે ! આ ભારતીય પ્રજાતંત્રનો ઓવારો છે–સર્વત્ર ભારતીય સંસ્કૃતિની સુવાસ ફેલાઇ રહી છે !

જન–ગણ–મંગલના સ્તોત્રનો પાઠ ચાલી રહ્યો છે. સંતોનો પ્રવેશ થઇ રહ્યો છે. શરીરે પીતાંબર (ખાદી), હાથમાં કમંડળ (ચરખો નહીં તો ફંડ–ફાળાની ચોપડી), અને મોંમાં રામ–નામ (ગાંધી–વચન) ધારણ કરીને પ્રજાતંત્રના સંતો ઘૂમાઘૂમ કરી રહ્યા છે, અને ઉપદેશધારા વહાવી રહ્યા છે કે–"ભોગકામનાનો આદર્શ માનવીને માટે એટલો તો ઘાતક સાબિત થઇ રહ્યો છે કે, હું માનું છું કે, એ જીવનનો યોગ્ય આદર્શ કયારેય ન હતો, ન ભવિષ્યમાં થઇ શકવાનો છે.....જ્યાં લગી માનવી બાહ્ય પદાર્થોના સંગ્રહમાં અને ભોગ-વિલાસમાં સુખ માનતો રહેશે, ત્યાં લગી એની સમગ્ર શકિત એને મેળવવામાં વપરાયા કરશે અને ત્યારે એ ન તો બીજાના સમાન અધિ-કારને કબૂલ રાખશે કે ન તો વ્યવહારમાં સમાનતાનો જ સ્વીકાર કરશે.....સાચા સુખ અને શાન્તિને માટે તો માનવીએ માગણીને બદલે ત્યાગને અપનાવવો જોઇશે; બાહ્ય પદાર્થોમાં સુખને શોધવાને બદલે એને આત્મ–સંતોષમાં મેળવવું પડશે. પોતાના અહંના સંકુચિત વાડામાં પુરાઈ રહેનારો, પોતાની ઇન્દ્રિય–વાસનાઓની તૃપ્તિને જ પોતાનું સર્વસ્વ માનનારો માનવી પોતાની જાતને વીસરી ગયેલો છે; એ, ખરેખર, મૃત્યુ અને અંધકારપૂર્ણ જગતનો રહેવાસી છે !"–રાષ્ટ્રપતિ–ભવનમાં બિરાજતા પ્રજાતંત્રના મહાપ્રભુનો આ હાર્દિક ઉપદેશ કેટલો સાચો છે ! બાહ્ય પદાર્થોના સુખોપભોગના નિષેધ અને ત્યાગ–ભાવનાનું તેમ જ આત્મ–સંતોષનું આ કેવું સરસ પ્રતિપાદન છે, કે જે રાજભવનના એક એક ગુંબજમાંથી ગુંજી રહ્યું છે ! ભવનનો દરેક ઓરડો, દરેક ઉદ્યાન, પ્રત્યેક ઝુવારો, એકેએક દરવાજો અને દરવાજે દરવાજે ખડો રહેતો પ્રત્યેક ઘોડેસવાર–આ બધુંય બાહ્ય પદાર્થોના સુખોપ-ભોગનો નિષેધ જ છે ને ! રાજભવનમાં તો અહંનો સંકુચિત વાડો નહીં, વિશાળ મેદાન છે ! ત્યાગ અને આત્મસંતોષના દીવાઓ પ્રજા-તંત્રના ઓવારા ઉપર રાજમહેલોને પ્રકાશમાન બનાવી રહ્યા છે ! અને રાષ્ટ્રપતિના રસાલામાં, આજે નહી તો કાલે, હાથી પણ દાખલ થઇ જશે ! મહાપ્રભુની ઇચ્છા હશે તો પ્રજાતંત્ર ગજગામી પણ થઇ જશે !

જરા જુઓ તો ખરા. આઝાદીના દીવાનાઓનો કેવો મેળો જામ્યો છે ! કોઇના કપાળમાં પરદેશી શાસનની લાઠીના પ્રહારનું તિલક તણાયું છે; તો કોઇના માથા ઉપર બલિદાન અને કારાવાસની પાઘ બંધાયેલી છે–ઓવારા ઉપર એવા બધા જ ઘૂમી રહ્યા છે; તમામ મૃદંગોમાં એમના જ સ્વરો ભર્યા છે !

વચ્ચોવચ્ચ જે દેખાય છે તે પ્રજાતંત્રનું મંદિર છે, જેની ભીતરમાં ગાંધીનું દર્શન છે અને બહાર નેહરુનું અવલોકન (પરિદર્શન). આ દર્શન–અવલોકન કેટલું વ્યાપક છે ! એનો એક છેડો બુદ્ધના હાથમાં છે, તો બીજો છેડો નેહરુના હાથમાં; અને વચમાં ટેકો આપે છે ગાંધી ! આમાં સહ–અસ્તિત્વના તમામ ખેલો ખેલાય છે. ધર્મને ઓવારે વાઘ અને બકરી સાથોસાથ પાણી પીતાં હતાં; અને પ્રજા-તંત્રના ઓવારા ઉપર પણ ભારતનો એ જ મહિમા સચવાઈ રહ્યો છે: લોકરૂપી બકરી અને સત્તારૂપી સિંહ–શોષિત બકરી અને શોષક સિંહ–સાથે સાથે ચાલી રહ્યા છે ! આપણી વિદેશનીતિના ઓવારે રશિયા અને અમેરિકા એક સાથે પાણી પી રહ્યાં છે !

રોજ–બ–રોજ દેશ–પરદેશના સંતો ભેગા થાય છે. દરેક ગોરને યજમાન મળી જાય છે, અને વળી મળી જાય છે સ્વદેશની દક્ષિણા અને પરદેશની પ્રદક્ષિણા ! કહ્યું જ છે ને કે ઓવારા ઉપર ધનનો ઢગલો થયો છે, જેને બધાય ગોર મળીને વહેંચી રહ્યા છે. જેનો જેટલો ત્યાગ, એનો એટલો ભોગ–"त्यक्तेन भूंजीथाः !" ત્યાગ કરી કરીને તો આપણે આ ઓવારો રચ્યો છે. એમાં અમે ચાહે તે કરીને ?–એમાં કોઈ શા માટે આંગળી ચીંધે ? હૈયું ગાંધીના ચરણે અને બુદ્ધિ નેહરુના ચરણે મૂક્યાં છે;–પછી અમને કોનો ડર છે ? રાજાઓનો વૈભવ અને જમીનદારોનો વિલાસ ભાંગી–તોડીને અમે જ જમીનદોસ્ત કર્યો હતો, આ ગંગામાં વહેવરાવી દીધો હતો. આજે અમે જ એને બહાર કાઢવાના અને ધારણ કરવાના અધિકારી છીએ !

તમે સાંભળ્યું નહીં ?–અમારા મહાપ્રભુએ શું કહ્યું તેઃ "માનવીએ ભોગને બદલે ત્યાગને અપનાવવો જોઈએ." અમે માનવીને માંગતાં નહીં, ત્યાગ કરતાં શિખવાડવા ઇચ્છીએ છીએ. આ વૈભવ અને વિલાસને જનતાની વચ્ચે છુટ્ટા રહેવાં દઈને અમે એનો સ્વભાવ બગડવા દેવા ઇચ્છતા નથી. અમારી વાત ન્યારી છેઃ અમારામાં અનાસક્તિની તાકાત છે; અમે એનો સ્વીકાર કરીને પણ અવિકારી રહી શકીશું; અમે "અનાસક્ત ભોગ" રાખી શકીએ એમ છીએ ! એને કામનાનો સ્પર્શ નહીં થવા દઈએ. અમારા ત્યાગ–રાજ્યને આ ભોગ–રાજ્ય તૃષ્ણાનો સ્પર્શ સુધ્ધાં નહીં થવા દે. માનવીનો સ્વભાવ ભૂલી જવાનો, ધ્યેય–શૂન્ય બની જવાનો હોઇ શકે છે, પરંતુ દેવ કદી પોતાના ધ્યેયથી ચલિત નથી થતા. અમારો પ્રજાતંત્રનો દેવ ત્યાગ પાસેથી ભોગ સ્વીકારે છે, અને ભોગ ઉપર ત્યાગનું દર્શન રચે છે !

પ્રજાની ગંગા વહી રહી છે અને એના બન્ને કિનારે, તંત્રના ઓવારે, સંતો અને ભક્તોની ભીડ જામી છે–કોઈ ગાંધીમાર્ગે "બંધારણના મહેલ" તરફ દોડયો જાય છે, અને કોઈ નેહરુ–ઉદ્યાનમાં અમનચમન ઉડાવી રહ્યો છે; કોઇ સરદાર પટેલ રસ્તામાં આયાત્–નિકાસની ગણતરી સાંભળી–સમજી રહ્યો છે, તો વળી કોઈ રાજભવનની પાસે ઊભો ઊભો ભોજનનું નિમંત્રણ નિહાળી રહ્યો છે ! અને કોઇ ત્યાગ, તપસ્યા અને તિતિક્ષાના ત્રિવેણીસંગમ ઉપર ચૂંટણીની બંસી બજાવી રહ્યો છે.

કયાંક રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ (ગવર્નર) નાં જીવનચરિત્રો લખાઇ રહ્યાં છે; કયાંક કોઈ મહાપ્રભુ, પ્રભુ, ઉપપ્રભુ, સહાયક પ્રભુ, અને અનુ–પ્રભુનું અભિનંદન થઇ રહ્યું છે અને કયાંક પ્રજાતંત્રની દેવદાસીઓનું સ્નેહનિવેદન કે સમર્પણ થઈ રહ્યું છે. કયાંક, સત્તાની સેવા માટે એક સંતની બીજા સંત સાથે સાઠમારી ચાલી રહી છે. કયાંક કોઇ પોતાની સેવાઓની જાહેરાત કે એનો ઇતિહાસ લખી–લખાવી રહ્યો છે. (–લખાવનારા વધી પડયા છે અને લખવાવાળા ઓછા પડે છે !)

નવી સંસ્થાઓ ઉભી થઈ રહી છે, નવા નેતાઓ બની રહ્યા છે. પ્રજાતંત્રના ઓવારે નવી સંપત્તિ–સમૃદ્ધિનો અવસર જાગ્યો છે. આખો ઓવારો દેવોથી છવાઈ ગયો છે, સંતોથી ઘેરાઇ ગયો છે, ત્યાગથી ભરાઇ ગયો છે.

ત્યાં જુઓ, પેલા રહ્યા પ્રજાતંત્રના નવા શેઠ, નવાં જમીનદાર, નવા હોદ્દેદાર. કેવું જબરું પ્રત્યાવર્તન થયું છે ! જનતાના સમાન કક્ષાના લોકોને તો ઠીક, નીચલી કક્ષાના લોકોને પણ પ્રભુ અને પ્રભુ–સેવક બનાવવામાં આવ્યા છે. પ્રજાતંત્રનો દેવ જેના ઉપર પ્રસન્ન થાય, એની લાયકાત–બિનલાયકાતનો વિચાર કરવામાં નથી આવતો–આ ત્યાગ–તંત્રનો આ જ મહિમા છે !

અને ઓવારા ઉપર એક બાજુ ટીકાકારનું પણ આસન પડયું છે. એ પણ પ્રજાતંત્રની શોભા છે ! એને પણ કરવેરાની સંપત્તિમાંથી થોડોક ભાગ લેવાનો હક્ક છે. એટલા માટે તો એને પણ પગાર આપવામાં આવે છે. એ પણ આ ત્યાગ–તંત્રનું અંગ છે, એટલે પછી એ આ ભોગ–યંત્રના વરદાનથી વંચિત કેવી રીતે રહે ? ભોગ એ તો પ્રજાતંત્રની ત્યાગ–સંહિતાનો પહેલો અક્ષર છે. જેઓ આ ગંગાને ઉલેચી નથી શકતા, મંદિર અને મઠ ચણાવીને એમાં બેસી જવાની શકિત નથી ધરાવતા, ભકતો અને પૂજારીઓને ભેગા નથી કરી શકતા, પ્રભુના મેદાનમાં (લોકસભામાં કે વિધાનસભામાં) પ્રવચન કરવાનો અધિકાર નથી મેળવી શકતા તેઓ તો ટીકાઓ કરવાના જ ! તેઓ માનવી છે, માર્ગ ભૂલેલા માનવી છે–મૃત્યુ અને અંધકારપૂર્ણ જગતના રહેવાસી ! એમનો દેવ હજી ઊંઘે છે. તેથી જ તો એમને માટે દરેક મંદિર, દરેક મઠ અને પ્રત્યેક સેવા–ક્ષેત્રના દ્વાર બંધ છે !

કોણ કહે છે કે આ ગાંધીના શબ્દો છે કે–"રાજકીય વ્યવસ્થા સ્થિર થાય તે પહેલાં જ આપણે આપણા અંતિમ ધ્યયને પહોંચવામાં અનિવાર્યપણે વાડાબંધી કરવાવાળાં, ગંદા પાણીના ખાડાઓ જેવાં મંડળો ઉભાં કર્યાં છે, કે જેમનાથી લાંચરુશ્વત અને અપ્રામાણિકતાનો ફેલાવો થયો છે; અને એવી સંસ્થાઓ પેદા થઇ છે કે જે નામની જ લોકપ્રિય અને પ્રજાતંત્રવાદી છે." ના, જે આમ કહે છે એ પ્રજાતંત્રનો ગાંધી નથી ! પ્રજાતંત્રના ગાંધીને તો પ્રજાતંત્રના મંદિરમાં નીરખો, પ્રજાતંત્રના કવિઓની વાણીમાં સાંભળો, પ્રજાતંત્રના દર્શનશાસ્ત્રીઓની વ્યાખ્યાથી સમજો !

પ્રજાતંત્ર પાસે પોતાના દર્શનશાસ્ત્રીઓ છે, જેઓ દર્શનની વ્યાખ્યા કરે છે અને ત્યાગ–તંત્રનો ભોગ–પ્રસાદ મેળવે છે. પ્રજાતંત્ર પાસે પોતાના કવિઓ છે, જેઓ ઇતિહાસને પ્રજાતંત્રની નવી કવિતામાં ગૂંથે છે અને પ્રજાતંત્રના પુરસ્કારો મેળવે છે. પ્રજાતંત્રની પોતાની વિભૂતિઓ છે, જે વર્ષે વર્ષે ઇલિકાઓ મેળવીને શોભાયમાન બને છે. તેઓ છે પ્રજાતંત્રના ગૌરવ–ગાનના ગાયકો !

તેઓ જે ગાંધીની વાત કહે છે, અમે તો એને જ માનીએ છીએ. અને અમારો એ ગાંધી તો રાજઘાટના આરસપહાણોમાં શ્વેત કીર્તિની ચાદર ઓઢીને પોઢયો છે. તમારો ગાંધી કોણ છે ?–અમે નથી જાણતા અમે તો એ પ્રજાતંત્રને ઓળખીએ છીએ, એ ગાંધીને માનીએ છીએ, જે અમારા તંત્રમાં છે !

પ્રજા એ જ છે. તંત્ર નવું છે–અરે, ગંગા એ જ છે, ઓવારો નવો છે !

('તરુણ'માંથી સાભાર ઉધ્ધૃત) મૂળ હિંદી: **શ્રી ભંવરમલ સિંઘી**
અનુવાદક : **શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ**

જૈનધર્મ અને બૌદ્ધધર્મ

(મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં બનારસ હિંદુ યુનિવર્સિટીમાં કામ કરતા જૈન દર્શનના અધ્યાપક શ્રી દલસુખભાઇ માલવણિયાએ આપેલું વ્યાખ્યાન)

ગત વર્ષે મેં શ્રમણ–બ્રાહ્મણ અને જૈન ધર્મ વિષે થોડું સ્પષ્ટીકરણ આ વ્યાખ્યાનમાળામાં કર્યું હતું. આ વર્ષે મારો વિચાર શ્રમણ માર્ગના બે પૃથક્ ધર્મો–જૈન અને બૌદ્ધ ધર્મ વિષે જરા વિસ્તારથી સ્પષ્ટીકરણ કરવાનો છે. આ સ્પષ્ટીકરણ પાછળ દૃષ્ટિ એ બન્ને ધર્મોની સમાનતા અને વિષમતા બતાવવાની છે, નહિ કે તે બન્નેનો સંપૂર્ણ પરિચય આપવાની. એટલે એ દૃષ્ટિએ જ આ વ્યાખ્યાનની મૂલવણી કરવા વિનંતી છે. આમાં સંભવ છે કે અનેક આવશ્યક બાબતોનો સમાવેશ ન પણ થાય.

ગત વર્ષે ભગવાન બુદ્ધને અઢી હજાર વર્ષ વ્યતીત થયાનો મહોત્સવ ભારત અને બીજા બૌદ્ધ દેશોમાં ધૂમધામથી થયો. એ પ્રસંગે ભારતમાં ભૂલાઈ ગયેલા એ ધર્મને પુનઃ સુજ્ઞાત કરાવવાના અનેક પ્રયત્નો થયા. એ નિમિત્તે અનેક ભાષામાં અનેક પુસ્તકો પ્રકટ થયાં, અનેક મહાપુરુષોએ ભ. બુદ્ધ અનેક બૌદ્ધ ધર્મ વિષે વ્યાખ્યાનો આપ્યાં અને એ નિમિત્તે બૌદ્ધ ધર્મ વિષે ઠીક ઠીક પ્રચાર થયો. આ બધું જોઇને

જૈનધર્મના અનુયાયિઓના મનમાં એક પ્રકારની જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે કે જૈન અને બૌદ્ધ ધર્મના તીર્થંકરો મહાવીર અને બુદ્ધ બન્ને એક જ સમયમાં થયા, એક જ ક્ષેત્રમાં વિચર્યા અને બન્નેએ સમાન ભાવે વૈદિકધર્મ-બ્રાહ્મણધર્મનો વિરોધ કર્યો છતાં આજે લોકો આટલા ભાવથી બુદ્ધને કેમ યાદ કરે છે અને બુદ્ધજયંતી નિમિત્તે લાખો ખર્ચનાર ભારત સરકાર મહાવીરજયંતીની રજા પણ આપવામાં આનાકાની કેમ કરે છે ? બૌદ્ધ ધર્મ વિશ્વવ્યાપી ધર્મ થયો અને જૈન ધર્મ ભારતવ્યાપી પણ આજે નથી રહ્યો, આનું કારણ શું ? આ અને આના જેવા બીજા પ્રશ્નો થાય એ સ્વાભાવિક છે અને તેનો ઉત્તર આપવો આવશ્યક પણ છે. છતાં તેનો સીધો ઉત્તર ન આપતાં અહિં જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ વિષે કેટલીક સમાનતાઓ અને અસમાનતાઓની ચર્ચા કરવા ધારી છે. આથી સમજદાર વર્ગને આંશિક પણ સમાધાન થશે તો મારો શ્રમ સફળ માનીશ.

આ આખી ચર્ચામાં જૈન ધર્મ એટલે મહાવીર ભગવાને પ્રરુપેલ ધર્મ અને તેનું સ્વરુપ અને બૌદ્ધ ધર્મ એટલે બુધ્ધે બતાવેલ માર્ગ-એ મર્યાદા સ્વીકારી છે. આમ તો જૈન ધર્મ અનેક પ્રમાણોથી બૌદ્ધ ધર્મ કરતાં અતિ પ્રાચીન સિદ્ધ થાય છે પણ આપણે જૈન ધર્મના એ પ્રાચીનરૂપ સાથે સંબંધ નથી પણ ભ. મહાવીરે જૈન ધર્મને જે રૂપ આપ્યું તેની સાથે સંબંધ છે. એટલે મહાવીરનો જૈન ધર્મ અને બુદ્ધનો બૌદ્ધ ધર્મ-એની ચર્ચા અહિં વિવક્ષિત છે, એ ધ્યાનમાં રાખવું જોઇએ.

શ્રમણ પરંપરા

જૈન અને બૌદ્ધ એ બન્ને ધર્મો ભારત વર્ષમાં જે બે ધર્મ-પરંપરાઓ બ્રાહ્મણ અને શ્રમણના નામે પ્રસિદ્ધ છે તેમાંની શ્રમણ પરંપરા સાથે સંબંધ ધરાવે છે. શ્રમણ પરંપરાની વિશેષતાઓમાં નીચેની ગણાવી શકાય :

દુનિયા પ્રત્યે વૈરાગ્ય અર્થાત્ સાંસારિક સંપત્તિને વધારવાનું નહિ. પણ તેના ત્યાગનું વલણ એ શ્રમણ પરંપરાનું મુખ્ય લક્ષણ છે. જગતના મૂળ કારણ રૂપે કે કર્તારૂપે ઈશ્વર કે બ્રહ્મ જેવી સત્તાનો સર્વથા ઈન્કાર શ્રમણોને માન્ય છે. વિશ્વપ્રપંચ કોઇ એક વસ્તુના વિકાર પરિણામ કે વિવર્તરૂપે છે-આ પ્રકારના અદ્વૈતવાદનો ઈન્કાર કરીને વિશ્વમાં અનેક તત્ત્વોનું અસ્તિત્વ છે-આવી માન્યતા શ્રમણો ધરાવે છે. આત્મા એકજ છે એવો આત્મા દ્વૈત નહિ પણ આત્મા કે ચિત્ત-ચૈતન્ય અનંત છે એવી તેમની માન્યતા છે. વળી આત્મા અને અનાત્મા-ભૂતો સ્પષ્ટરૂપે વાસ્તવિક અને ભિન્ન છે એવો વિશ્વાસ, વિશ્વસ્વરૂપની વાસ્તવિકતા, જીવની સાંસારિક અવસ્થા અને તેના નિવારણની શ્રમણ માર્ગ-ત્યાગ-તપસ્યા-ધ્યાન-સમાધિ આદિ દ્વારા શક્યતામાં વિશ્વાસ, સંસારનું કારણ કર્મ, તે દ્વારા પુનઃ પુનઃ જન્મમરણ અને તેના નિવારણથી મોક્ષ, મોક્ષમાર્ગના ઉપદેશક પુરુષો હતા, વેદ અનાદિ અપૌરુષેય નહિ એવી બધી માન્યતા શ્રમણોની છે. અને તેને પરિણામે આનુષંગિક માન્યતાઓ જેવી કે વર્ણાશ્રમધર્મનો અસ્વીકાર, ભિક્ષાચર્યા, અનિયતવાસ, સાધનામાં સ્ત્રી-પુરુષને સમાન અધિકાર, સંસ્કૃત જેવી વિદ્વાનોની ભાષાનો અનાગ્રહ આદિ પણ છે. આ બધા શ્રમણ ધર્મના સામાન્ય લક્ષણો જૈન-બૌદ્ધ ધર્મમાં સમાન રૂપે જોવા મળે છે.

એ ઉપરાંત અરિહંત, તીર્થંકર, શાસ્તા, જિન, બુદ્ધ જેવા શબ્દો બન્ને માર્ગમાં સાધારણ છે. બન્નેમાં યજ્ઞ-યાગનો વિરોધ, જાતિ વિરોધ સમાનભાવે છે. કેટલાક ગૌતમ, સિદ્ધાર્થ જેવા વ્યક્તિવાચક નામો પણ સમાન છે. આસવ, સંવર, મોક્ષ-નિર્વાણ, પુનર્જન્મ આદિ કલ્પનાઓ. ઉપોસથ-પૌષધ જેવા આચારો, પ્રતિક્રમણ જેવી ક્રિયાઓ, અહિંસા આદિ વ્રતો, ભિક્ષુનો વિનયના નિયમો, પ્રાયશ્ચિતો, શાસ્તા, સંઘ અને ધર્મની મહત્તા-આવું આવું તો ઘણું બન્ને ધર્મોમાં સમાન છે. છતાં પણ બન્ને ધર્મની દાર્શનિક વિચારણા જુદી પડે છે. પ્રવર્તકો જુદા પડે છે એટલે બન્ને ધર્મો પણ જુદા છે.

તીર્થંકર અને બુદ્ધ

જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ એ બન્નેમાં વ્યક્તિપૂજા નહિં પણ ગુણપૂજા છે. એ તો એના નામથી જ સ્પષ્ટ છે. છતાં પણ બન્ને ધર્મોમાં તીર્થંકરો અને બુદ્ધોની પરંપરા માનવામાં આવી છે. ભ. મહાવીર એ ૨૪માં તીર્થંકર છે તો ભ. બુદ્ધ એ ૨૫માં બુદ્ધ છે. મનુષ્ય રૂપે જન્મવા છતાં સાધનાને બળે આત્મવિકાસ કરીને જે વ્યક્તિ વીતરાગ અને સર્વજ્ઞ બને છે અને જગદુદ્ધારની દૃષ્ટિએ શાસન કરે છે તે બન્ને ધર્મમાં ભગવાનને નામે ઓળખાય છે, અને તીર્થંકર કે બુદ્ધ તરીકે પૂજાય છે. બન્નેમાં સમાનરૂપે એ મનાયું છે કે તીર્થંકર કે બુદ્ધ પદની પ્રાપ્તિ એ કાંઇ એક જન્મની સાધનાનું ફળ નથી પણ અનેક જન્મોમાં અનેક ગુણોની સાધના કરતા કરતા અન્તે કોઇ વ્યક્તિ તીર્થંકર કે બુદ્ધ બને છે. બન્ને ધર્મોમાં પ્રત્યેક બુદ્ધ નામનો એક વર્ગ અલગ માનવામાં આવ્યો છે જેને મૂક કેવળી પણ કહેવાય છે જે માત્ર આત્મકલ્યાણ જ કરીને કૃતકૃત્યતા અનુભવે છે. પ્રત્યેક બુદ્ધ અને તીર્થંકર-બુદ્ધમાં જે ભેદ છે તે એ છે કે પ્રત્યેક બુદ્ધની સાધના સ્વકલ્યાણની દૃષ્ટિએ થઇ હોઇ તે પરકલ્યાણ સિવાયના બધા ગુણો તીર્થંકર-બુદ્ધ જેવા જ ધરાવે છે અર્થાત્ એ પણ પૂર્ણપુરુષ તો છે જ અને નિર્વાણને પામે જ છે પણ તે પરકલ્યાણની પ્રવૃત્તિ કરતો નથી. જ્યારે તીર્થંકર અને બુદ્ધ આત્મકલ્યાણ સાથે સાથે પરકલ્યાણમાં પણ પ્રવૃત્તિ હોય છે તેથી એને આવશ્યક કેટલીક વિશેષ શક્તિઓ, જે પ્રત્યેક બુદ્ધમાં નથી હોતી, તેને પણ પ્રાપ્ત કરે છે. આનું કારણ પૂર્વજન્મમાં મહાકરુણાનો વિશેષ અભ્યાસ છે. જેને લઇને તે માત્ર આત્મકલ્યાણમાં સંતોષ ન માનતા પરકલ્યાણની ભાવના પણ પુષ્ટ કરે છે. પરિણામે તીર્થંકર, શાસ્તા, બુદ્ધ ભગવાન આદિ નામે પ્રસિદ્ધ થાય છે અને એને નામે ધર્મશાસન ચાલે છે.

જૈન ધર્મ તો પ્રાચીન હોઇ ભ. મહાવીર પહેલાના તીર્થંકરો વિષે પણ કેટલીક ઐતિહાસિક સામગ્રી મળે છે. એટલે ૨૪ ની નિશ્ચિત સંખ્યા એ તે ધર્મ વ્યવસ્થાનું પરિણામ હોવા છતાં મહાવીર પહેલા અનેક તીર્થંકરો થયા હોવાનું સિદ્ધ કરી શકાય છે. પણ બૌધ્ધ ધર્મના બુધ્ધો વિષે એમ નથી. તેમાં તો પચીસમાં રૂપે મનાતા ગૌતમ બુધ્ધ સ્વયં કહે છે કે મેં જે ધર્મનું પ્રત્યક્ષ કર્યું છે તે અત્યાર સુધી કોઇએ જોયો-જાણ્યો નથી. એ તો અપૂર્વ ધર્મ છે. આથી એમ માની શકાય કે બૌધ્ધ ધર્મ તો ગૌતમબુધ્ધથી જ શરૂ થયો. પણ ધર્મવ્યવસ્થાપક આચાર્યોએ તે પહેલાના સાતથી માંડીને ૨૪ બુધ્ધોની કલ્પના કરી અને એ રીતે એ ધર્મ પણ અનાદિ છે એમ બીજા ધર્મવ્યવસ્થાપકોની જેમ જ સિધ્ધ કરવા પ્રયત્ન કર્યો એમ માનવું જોઇએ.

બન્ને ધર્મનું સાહિત્ય જોતાં એક વસ્તુ સ્પષ્ટ થાય છે તે એ છે કે મહાવીર અને બુધ્ધ એ બન્ને પ્રાચીનતમ સાહિત્યમાં તેમના લૌકિક -અર્થાત્ માનુષી રૂપમાં નિરુપાયા છે પણ ઉત્તરોત્તર સાહિત્યમાં તેમનું એ રૂપ ગૌણ બનતું જાય છે અને તેમને અલૌકિક બનાવવાનો વિશેષ પ્રયત્ન થયો છે. અને એ અલૌકિકતાની હોડ મચી હોય એમ બન્નેના સાહિત્યનું અધ્યયન કરનારને જણાયા વિના રહેતુ નથી. પરિણામે તીર્થંકર મહાવીરમાં ઊપરી માનુષ રૂપ છતાં મનુષ્યસાધારણ વ્યવહાર અને શારીરિક ક્રિયાનો સાહિત્યમાં ઉત્તરોત્તર લોપ થતો જાય છે અને બુધ્ધ તો મનુષ્ય મટી ધર્મકાયનું રુપ ધારણ કરે છે. અને અનાદિ કાળથી એ જ રૂપમાં બિરાજમાન હોય એમ નિરૂપવામાં આવ્યું છે.

મહાવીર અને બુધ્ધની પૂર્વજન્મની કથાઓ પ્રાચીન સાહિત્યમાં ઉપલબ્ધ નથી પણ ઉત્તરોત્તર સાહિત્યમાં એનો વિકાસ થતો ગયો છે અને બૌધ્ધોમાં તો જાતકકથારૂપે એક પૃથક્ સાહિત્યનો વર્ગ ઊભો થયો છે. બન્ને દેવભવમાંથી મનુષ્ય થયા એ સાધારણ વસ્તુ છે અને બન્ને ક્ષત્રિયને ઘરે અવતર્યા એ પણ સાધારણ વસ્તુ છે. છતાં જૈન માન્યતા પ્રમાણે તીર્થંકરો માત્ર ક્ષત્રિય કુલોમાં જ જન્મે છે જ્યારે બુધ્ધો ક્ષત્રિય અથવા બ્રાહ્મણ બન્ને કુળમાં જન્મી શકે છે. મહાવીર

અને બુદ્ધ બન્ને ક્ષત્રિય કુળમાં જન્મ્યા છતાં ગુણોત્કર્ષને કારણે સાચા બ્રાહ્મણ કહેવાયા છે, ઉત્તમ આર્યરૂપે પ્રસિદ્ધ થયા છે.

મહાવીરનો ધર્મ પરંપરાપ્રાપ્ત

મહાવીર જે માર્ગનું કે ધર્મનું નિરૂપણ કરે છે તે તેમણે પોતે જ પ્રાપ્ત કર્યો છે એવો દાવો એમનો નથી. તેમને પાર્શ્વપરંપરાની જે સાધનાઓની પરંપરા મળી તેનું અનુસરણ તેમણે કર્યું અને જે ધર્મ અને દર્શન પાર્શ્વનું હતું તેની જ યથાર્થ અનુભૂતિ તેમને થઈ અને એ જ માર્ગે બીજાને લઇ જવા તેમણે પ્રયત્ન કર્યો–આ જ તેમનું તીર્થકરત્વ. પાર્શ્વપરંપરાના બાહ્યાચારમાં થોડું સમયાનુકૂળ પરિવર્તનમાત્ર કરીને જ તેમણે સંતોષ અનુભવ્યો. પણ કશું જ નવું દર્શન તેમનું હતું એવો દાવો તેમનો નથી. અને વસ્તુસ્થિતિ પણ એવી જ છે. તેઓ સાધના જરૂર કરે છે, સાધના અર્થે યંત્ર તંત્ર પટયાત્રા પણ કરે છે પણ ધ્યેય તો એટલું જ છે કે પાર્શ્વપરંપરાનું જે દર્શન છે તેનો પરોક્ષાનુભવ નહિ પણ પ્રત્યક્ષ અનુભવ થાય. સારાંશ એ છે કે દાર્શનિક ભૂમિકામાં તેમણે–પાર્શ્વપરંપરામાં કશી જ ત્રુટિ જોઇ નહિ અને એને જ અંતિમ સત્ય માની તેનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કર્યો. અને પરંપરા જણાવે છે કે એ પ્રયત્નમાં તેઓ સફળ થયા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પાર્શ્વે કહેલ વસ્તુઓનો સાક્ષાત્ અનુભવ કર્યો.

ભ. બુધ્ધનો ધર્મ–અપૂર્વ

આથી વિરૂધ્ધ બુધ્ધના જીવનમાં છે. તેમને જે કાંઈ પરંપરાથી પ્રાપ્ત છે અને જે કાંઇ બીજા પાસેથી શીખવાનું મળે છે તેમાં સદૈવ અસંતોષનો અનુભવ થયો છે અને વિહાર કરીને આળાર કાલામ જેવા અનેક ગુરુ કર્યા છે અને તે સૌને અને તે સૌના વિચાર અને પરંપરાને છોડતાં જરાય આંચકો અનુભવ્યો હોય એમ નથી જણાતું. જેની પાસે જાય છે તેની પાસેથી જે શીખવાનું હતું તે શીખી લીધા પછી પણ તેમને અસંતોષ રહે છે અને આ જે કાંઇ શીખવે છે તે અંતિમ સત્ય નથી એમ માની આગળ વધે છે. આમ અનેક ગુરુ કર્યા, અનેક દર્શનોનો અનુભવ કર્યો પણ તેમના મનને સંતોષ થયો નહિ. સાધનામાં પણ જે સરલ અને કઠિન સાધનાના પ્રકારો છે, એ માર્ગે પણ ગયા. અને છેવટે એ બધી સાધના છોડીને પોતે પોતાનો માર્ગ નક્કી કર્યો અને એ જ માર્ગે પરમ સત્ય પામવાનો પ્રયત્ન પણ કર્યો. અને અંતે જાહેર કર્યું કે મેં જે જાણ્યું છે અને જે અનુભવ્યું છે તે અત્યાર લગી કોઇએ જોયું, જાણ્યું નથી, મારો માર્ગ અને માર દર્શન અપૂર્વ છે. આ દૃષ્ટિએ બુધ્ધે પ્રરુપેલ બૌધ્ધ ધર્મ એ તેમનો પોતાનો છે. તેમને પરંપરાથી પ્રાપ્ત થયો છે, એમ નથી. એ પરંપરાના સર્જક છે, અનુયાયી નથી.

આ દૃષ્ટિએ જોઇએ તો મહાવીર પરંપરાનુયાયી છે અને બુધ્ધ પરંપરાના સર્જક છે અને મહાવીરનો જૈન ધર્મ એ પરંપરા પ્રાપ્ત ધર્મ છે જ્યારે બુધ્ધનો ધર્મ–બૌધ્ધ ધર્મ એ અપૂર્વ છે. નવી પરંપરાનું સર્જન છે.

અપૂર્ણ

—દલસુખ માલવણિયા

પ્રકીર્ણ નોંધ

ભારતના એલચી શ્રી ગગનવિહારી મહેતાને અમેરિકાના આગેવાન રાજપુરૂષોની આદર–અંજલિ

યુનાઇટેડ સ્ટેઇટ્સમાં ભારતના એલચીપદેથી નિવૃત્ત થતા શ્રી ગગનવિહારી લલ્લુભાઇ મહેતાના માનમાં વોશીંગ્ટન ખાતે અમેરિકાના શહેરીઓના એક વર્ગ તરફથી તા. ૨–૫–૫૮ ના રોજ ભવ્ય ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં અમેરિકાના રાજકારણી આગેવાનો તેમ જ ઉદ્યોગ, શિક્ષણ તેમ જ મજુરોને લગતા વિષયમાં અગ્રસ્થાન ભોગવતા રાજપુરૂષોએ ૪૦૦ થી વધારેની સંખ્યામાં ભાગ લીધો હતો. પરદેશના કોઇ એક પ્રતિનિધિના માનમાં યોજાયેલ એવો આ સમારંભ અમેરિકાની તવારીખમાં પહેલવહેલો હતો. યુનાઇટેડ સ્ટેઇટ્સ અને ભારતને વર્ષોથી સાંકળતા પ્રીતિભર્યા સંબંધો ઉપર ભાર મૂકતાં આ પ્રસંગે ભારતના એલચી શ્રી ગગનવિહારીએ જણાવ્યુ હતું કે "બે સ્વતંત્ર રાષ્ટ્રોના સંબંધો અંગે જે જરૂરી છે તે બન્ને વચ્ચે વિચારો કે અભિપ્રાયોની સંપૂર્ણ એકતા નથી અથવા તો એકના અભિપ્રાયોને અન્ય સર્વથા સ્વીકારીને ચાલે તે પણ નથી, પણ એકમેકને યથાસ્વરૂપે સમજે, પરસ્પર ધીરજપૂર્વક વર્તે અને અન્યોન્ય સહિષ્ણુતા દાખવે એ છે. પરસ્પર વિશ્વાસનું વાતાવરણ પેદા કરવા માટે સતત અને ખરા દિલના પ્રયત્નો ચાલુ રહે એ આજની સૌથી વધારે મહત્ત્વની આવશ્યતા છે. માણસે ઉડ્ડયનદ્વારા આકાશ ઉપર જીત મેળવી છે, અણુ ઉપર નિયંત્રણ જમાવ્યું છે, કુદરતી શકિતઓને તાબે કરી છે અને પાર્થિવ વાતાવરણની મર્યાદાને વટાવીને આગળના આકાશમાં માણસ ઉડતો થયો છે, એમ છતાં તેણે પોતાની જાતને જીતી હોય એમ લાગતું નથી." તેમણે ચેતવણી આપી કે "જ્યાં સુધી આપણા દિલમાં શાન્તિ નથી ત્યાં સુધી દુનિયામાં શાન્તિની સ્થાપના શકય નથી. આ કોઈ આધ્યાત્મિક મંત્રતંત્રની વાત નથી, કોઇ ગૂઢ ધાર્મિક આદેશનું વિધાન નથી, પણ સાદી સમજની વાત છે, જેની આપણે ઉપેક્ષા કરી ન શકીએ એવી એક–માનવી માનસને લગતી હકીકતનું સાદું સીધું નિરૂપણ છે."

યુનાઇટેડ સ્ટેટ્સે હિંદને જે મદદ આપવાની ઇચ્છા દર્શાવી છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે "આર્થિક દૃષ્ટિએ પછાત એવા દેશોને આર્થિક દૃષ્ટિએ આગળ પડતા દેશો તરફથી મદદ આપવાને લગતી કલ્પનાને મૂર્ત આકાર અને અમલી રૂપ આપવામાં અમેરિકા અગ્રસ્થાને રહ્યું છે." વળી આજના તેમ જ આગળના અમેરિકન એલચીઓએ હિંદની આકાંક્ષાઓને યુનાઇટેડ સ્ટેટ્સ સમક્ષ રજુ કરવામાં તેમ જ બન્ને રાષ્ટ્રો વચ્ચે શુભેચ્છા અને સમજુતીની લાગણી વધતી રહે એ દિશામાં જે કાર્ય કર્યું છે તે બદલ તેમને શ્રી ગગનવિહારીએ ધન્યવાદ આપ્યા હતા.

આ ભોજન સમારંભનું પ્રમુખસ્થાન 'સેટરડે રીવ્યુ' ના તંત્રી શ્રી નોર્મન કઝન્સે શોભાવ્યું હતું. તેમણે વિદાય થતા ભારતીય એલચીનું 'એક ઉમદા કોટિના માનવી' તરીકે વર્ણન કર્યું હતું. ભારત ખાતેના માજી અમેરિકન એલચી સેનેટર શેરમેન કૂપરે, સુપ્રીમ કોર્ટના જસ્ટીસ શ્રી વીલીયમ ઓ. ડુગલાસે, યુનાઇટેડ ઓટો વર્કસના પ્રમુખ શ્રી વૉલ્ટર પી. રૂથરે, હારવર્ડ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી મોર્ડકાઇ ડબલ્યુ. જોન્સને તથા શ્રી જોન ડી. રોકફેલર ત્રીજાએ ભારતીય એલચીને ભાવભરી અંજલિ આપી હતી. સેનેટર શેરમેન કૂપરે શ્રી મહેતાને અંજલિ આપતાં પ્રેમાળ, ધૈર્યશીલ, નમ્ર અને જેની પાસે આપણને નવું જાણવા સમજવાનું મળે છે એવા એક સજ્જન તરીકે વર્ણવ્યા હતા અને 'ભલા અને મહાન એલચી' અને 'આપણી વચ્ચે એક શિક્ષાગુરૂસમા' એ રીતે તેમને સંબોધ્યા હતા. શ્રી કૂપરે શ્રી મહેતાને અંજલિ આપતાં ઉમેર્યું હતું કે "ભારત તરફથી આપણને અનેક વ્યકિતઓ દ્વારા નવો પ્રકાશ, નવું જીવનદર્શન પ્રાપ્ત થતું રહ્યું છે. આ પ્રકાશવાહકોમાં મહાત્મા ગાંધીનું સ્થાન સૌથી વધારે મહત્વનું છે. પણ આપણા મિત્ર એમ્બેસેડર મહેતા કે જેઓ આપણી વચ્ચે આવીને વસ્યા છે અને હર્યાફર્યા છે અને ભારતની દુનિયા વિષે આપણને જે કાંઇ જાણવાની જરૂર હતી તેમાંની ઘણી બાબતોનું જેમણે આપણને જ્ઞાન આપ્યું છે તેમનું સ્થાન આગળ જણાવેલ પ્રકાશવાહકોની હારમાળામાં કાંઇ નાનું સુનું નથી." શ્રી. જસ્ટીસ ડુગલાસે જણાવ્યું કે "શ્રી મહેતાએ, દુનિયાના જે વિભાગના તેઓ પ્રતિનિધિ છે તે વિભાગના લોકો અને તે વિભાગના પ્રશ્નો સંબંધમાં, અમેરિકાના દિલને જાગૃત કર્યું છે અને સારી રીતે સભાન બનાવ્યું છે."

આશરે પાંચ વર્ષના ગાળે ભારતના એક એલચી તરીકેની અસામાન્ય જવાબદારીથી મુકત થઈને હિંદ ખાતે પાછા ફરતા શ્રી ગગનવિહારી મહેતાને આપણા અન્તરનો આવકાર હો અને હજુ પણ

એ શક્તિનો ભારતના કલ્યાણ સંવર્ધન અને આન્તરરાષ્ટ્રીય ઉત્કર્ષની દિશાએ એક યા બીજી રીતે મહત્વનો ઉપયોગ થતો રહે અને તે માટે તેમને ચિરાયુષ અને સ્થાયી આરોગ્ય પ્રાપ્ત થાઓ એવી આપણા અન્તરની શુભેચ્છા અને પ્રાર્થના હો !

'મારા જીવનનો' આદર્શ અને સાધના

સ્વ. પ્રોફેસર આલબર્ટ આઈન્સ્ટાઇન પોતાના જીવનની સાધના વિષે એક સ્થળે નીચે મુજબ જણાવે છે:-

"પૃથ્વી ઉપર આપણું અસ્તિત્વ એક મહાન ચમત્કાર સમાન છે. આશ્ચર્યજનક છે કે આપણામાંના બધાં જ અહિં થોડા દિવસોના મહેમાન બને છે અને વાસ્તવમાં આ વાતની કદિ ખબર જ પડતી નથી કે આપણું અહિં જે અસ્તિત્વ છે તે શા માટે છે. તો પણ આપણે જીવનનો કોઈ ને કોઇ અભિપ્રાય, કોઈ ને કોઈ અર્થ શોધવાની કોશિષ કરીએ છીએ. આપણી રોજબરોજની જીંદગી જોઇએ તો એક વાત જરૂર દેખાય છે કે માણસ આ દુનિયામાં બીજા માણસો માટે છે, ખાસ કરીને એ માણસો માટે કે જેમના હાસ્ય ઉપર, જેમની રાજીખુશી ઉપર આપણી પોતાની પ્રસન્નતા ટકેલી છે. એમના સિવાય પણ એવા અગણિત અજાણ્યા લોકો છે જેમના ભાગ્ય સાથે માણસનું જીવન સહાનુભૂતિની દોરીથી બંધાયલું છે.

જીવનનો જે ઉદ્દેશ મારી સામે હમેશ રહ્યો છે અને જેણે મને આનંદ અને પ્રેરણા આપેલ છે તે છે સત્યમ્, શિવમ્ અને સુન્દરમનો. સુખસગવડોને જ જીવનનું લક્ષ્ય માનવામાં આવે છે એ વાત મને કદી રૂચી નથી. એના પાયા ઉપર આચાર અને નીતિ ઘડવામાં આવે તો તે માત્ર પશુઓનાં ટોળાં માટે યોગ્ય થઇ પડે. હું એવા ઈશ્વરની કલ્પના કરી શકતો નથી કે જે પોતે બનાવેલી સૃષ્ટિને કદિક ઇનામ આપે, કદિક સજા કરે અને જે સ્વયં આપણી જેવા હોય-ટુંકમાં એવો ઇશ્વર કે જે આચારવ્યવહારમાં આપણી અસ્થિર બુધ્ધિની છાયા માત્ર હોય. વળી દરેક વ્યક્તિનું પોતાના શરીરના અન્ત પછી પણ અસ્તિત્વ રહે છે એવો પણ મારો વિશ્વાસ નથી. મારા માટે આટલું પૂરતું છે કે હું એ સચેતન જીવનના રહસ્ય વિષે વિચાર કરૂં કે જે અનન્તકાળ સુધી વિદ્યમાન છે, સૃષ્ટિની આ આશ્ચર્યજનક રચના પર વિચાર કરૂં કે જેને હજુ આપણે ધુમ્મસમાં જ જોઈ રહ્યા છીએ અને એક એવો વિનમ્ર પ્રયાસ કરૂં કે જેથી પ્રકૃતિમાં જે બુધ્ધિવ્યાપારનું દર્શન થઈ રહ્યું છે એના અનંતમાં ભાગને સમજી શકું."

'મકાન વિના ચલાવો પણ ભણતર ખૂબ વધારો'

મુંબઇ ખાતે એકએ રેકલેમેશન વિભાગની બાજુએ મુંબઇ યુનિવર્સિટીના કલ્યાણ હાઉસ અને હોસ્ટેલનો તા. ૧૯-૪-૫૮ ના રોજ પાયો નાંખતાં મહાઅમાત્ય જવાહરલાલ નહેરૂએ ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણનો ફેલાવો કરવાના પ્રશ્નને નવી રીતે જોવા વિચારવાનો અનુરોધ કર્યો હતો અને તેમ કરતાં જણાવ્યું હતું કે "જો ભણતરને ચોતરફ દૂર દૂર સુધી ફેલાવવું હોય તો નિશાળોને લગતા પી. ડબ્લ્યુ. ડી. સાથે જોડાયલા ખ્યાલો છોડી દેવા જોઇએ (એટલે કે નિશાળ માટે પાકું મકાન જોઇએ અને તે જાહેર બાંધકામ ખાતાએ બાંધી આપવું જોઇએ આ પ્રકારના ખ્યાલો છોડી દેવા જોઇએ) અને ગામડાની નિશાળ એટલે મકાન નહિ પણ માત્ર વિદ્યાર્થીઓ અને શિક્ષકો-આ રીતે આપણે વિચારતા થવું જોઇએ. સુન્દર મકાનો હોય અને ઓછા પગારના શિક્ષકો હોય તે કરતાં સારો પગાર ધરાવતા શિક્ષકો વિદ્યાર્થીઓને કોઇ ઝાડ નીચે શિખવતા હોય એ વધારે ઇચ્છવા-યોગ્ય છે. કોઈ પણ સંયોગોમાં પ્રાથમિક શિક્ષણે પોતાના ફેલાવા માટે નિશાળોના મકાનો બંધાવાની રાહ જોઇને બેસી રહેવું ન જોઇએ અને પ્રાથમિક શિક્ષણ જલ્દિથી ફેલાવો પામે તે માટે ખુલ્લા આકાશ નીચે ચાલતી નિશાળોના ખ્યાલને આપણે ફરીથી અપનાવવા જોઇએ. હું કબુલ કરૂં છું કે આવી ખુલ્લા આકાશ નીચે ચાલતી નિશાળોમાં કેટલાક ગેરફાયદા રહેલા છે, પણ નિશાળો બીલકુલ ન હોય અથવા તો પાકા બંધેલાં મકાનોમાં ચાલતી થોડીક શાળાઓ હોય તે કરતાં ખુલ્લા આકાશ નીચે-ઝાડ નીચે-ચાલતી સંખ્યાબંધ નિશાળો હોય એ વધારે ઇચ્છવાયોગ્ય છે. ગામડાની શાળા માટે એક નાનું સરખું બાંધકામ હોય, શિક્ષણસાહિત્ય રાખવા માટે એક ચોરસ shed-છાપરૂં હોય અને સારા શિક્ષકોની એક મંડળી હોય અને અલબત વિદ્યાર્થીઓ હોવા જ જોઇએ-આ પૂરતું છે. દેશનાં આર્થિક સાધનો વ્યાપક શિક્ષણ-કાર્યને પહોંચી વળવા માટે બહુ મર્યાદિત છે જેનો ઉપયોગ આલી શાન મકાનો પાછળ ન કરતાં બીજી વધારે સારી રીતે કરવો જોઇએ."

આજે જ્યારે આપણે આર્થિક તંગી અનુભવી રહ્યા છીએ અને પ્રજાજનોમાં પ્રાથમિક શિક્ષણના બને તેટલા ફેલાવાની આજે જ્યારે અત્યન્ત જરૂર છે ત્યારે નહેરૂની ઉપરની સલાહ ધ્યાનમાં લઇને કુદરતે આપેલી વિશાળ જમીન અને ઘટાદાર વૃક્ષોનો લાભ ઉઠાવીને પ્રાથમિક શિક્ષણના કાર્યને બને તેટલો વેગ આપવો ઘટે છે.

સૂર્યગ્રહણ સાથે સંકળાયલા ખાનપાનસંબંધીના પાયાવિનાના વહેમો

એપ્રીલ માસની ૧૯ મી તારીખે સૂર્યગ્રહણ હતું. સૂર્યગ્રહણનો સમય સવારના ૬॥ થી ૮॥ નો હતો. આ દિવસે કોંગ્રેસપ્રમુખ શ્રી ઢેબર મદ્રાસમાં હતા. તેઓ ચાલુ ક્રમ મુજબ સવારનું દુધ અને નાસ્તો લેવાનો વિચાર કરતા હતા એવામાં તેમના મંત્રીજનએ તેમને દુધ લેતા અને નાસ્તો કરતાં અટકાવ્યા-એમ જણાવીને કે 'આજે અત્યારે ગ્રહણ છે અને એ ગ્રહણ ચાલે ત્યાં સુધી આપણાથી કશું ખવાય કે પીવાય નહિ.'

આ ઘટનાનો તા. ૨૧ મીના રોજના પોતાના જાહેર વ્યાખ્યાનમાં ઉલ્લેખ કરતાં શ્રી ઢેબરભાઇએ જણાવેલું કે "આપણે આ દેશમાં સૂર્યચંદ્રની સગવડ અગવડનો ખૂબ વિચાર કરીએ છીએ, પણ આપણા હિતાહિતને સાવ ભુલી જઇએ છીએ. આપણે માનીએ છીએ કે ખાલી પેટે પ્રાર્થના કરવાથી આપણે સૂર્ય અને ચંદ્રને રાહુની પકડમાંથી મુકત કરી શકીએ છીએ પણ આપણી જાતને કેમ બચાવવી તેનું આપણને કશું ભાન જ હોતું નથી." કોંગ્રેસપ્રમુખે શહેરની કોંગ્રેસી સ્ત્રી કાર્યકર્તા બહેનોને ઉદ્દેશીને વ્યાખ્યાન આપતાં કેવળ વહેમ ઉપર ઉભા થયેલા ક્રિયાકાંડો અને ખાનપાનના કેટલાક નિયમપ્રતિબંધોનો ઉલ્લેખ કરતાં ઉપર મુજબ જણાવ્યું હતું અને વિશેષમાં ઉમેર્યું હતું કે "આવા વ્રતનિયમો અને ખાનપાનના નિયમ-પ્રતિબંધો ગમે તેટલા પાળવામાં આવે પણ તેથી આપણે ગરીબીમાં ઉંચે આવી શકવાના નથી. આ નિયમ ઉપનિયમોનો બીજો ગમે તે હેતુ હોય, પણ આપણા દેશમાં જે ગરીબી, અજ્ઞાન, પછાતપણું અને બેકારી વ્યાપી રહેલ છે તેની સાથે આ નિયમ ઉપનિયમોને કશો પણ સંબંધ હોતો નથી. વસ્તુતઃ આવા વહેમો વડે આપણે દિન પર દિન વધારેને વધારે ગરીબ થતા જઇએ છીએ."

શ્રી ઢેબરભાઇના આ ઉદ્‌ગારો મનમાં ધારણ કરીને આપણો પોતાના અને આપણી આસપાસના જીવનમાં જે વહેમો અને અંધ-શ્રધ્ધા ઘર ઘાલી બેઠેલ છે તેને નાબુદ કરવા આપણે કટિબધ્ધ થઇએ તો કેવું સારૂં ?

પરમાનંદ

થોડાંક અંગત સ્મરણો

(આ મથાળા નીચે પ્રબુધ્ધ જીવનના વાચકોને નાનાં મોટાં અંગત સ્મરણો આવારનવાર આપતા રહેવાનો વિચાર છે. આ સ્મરણો આત્મ-કથાના આકારના નહિ હોય, પણ આપણા ચાલુ જીવનમાં આપણને એવા અનુભવો થતા હોય છે કે જેને આપણા જીવન સાથે કોઇ ખાસ સંબંધ હોતો નથી, પણ જેની ચોટ એવી હોય છે કે એ ચોટના કારણે તે અનુભવ આપણને ઠીક સમય સુધી યાદ આવ્યા કરે છે. આવા અનુભવોની આ સ્મરણોમાં નોંધ હશે. તંત્રી.)

નિષ્ઠા તે આનું નામ

સવારના વહેલા ઉઠીને ફરવા જવાની મને કેટલાએક સમયથી આદત છે. મારા આરોગ્યની જાળવણી માટે તે આવશ્યક પણ છે. એક દિવસે સવારના હરીફર ગાંધીજી ઉપર ફરીને પાછા આવતા કેટ

એન્ડ કંપનીના ખુલ્લા આગળ આવેલી 'એમ્પાયર એન્ડ કું.' નામની એક દુકાને હું બ્રાઉન બ્રેડ લેવા માટે ગયો. આ દુકાને તાજા અને સારા પાઉં, કેક, માખણ, ચોકલેટ વગેરે મળે છે. દુકાનમાં દાખલ થયો અને પાઉં રાખવાનો બેઠા માપનો એક શો કેસ-કાચનો કબાટ છે તે પાસે ઉભો રહ્યો અને બ્રાઉન બ્રેડ માગી. એ દુકાન કોઈ પારસી ગૃહસ્થ ચલાવે છે. શો કેસ ત્રણ વિભાગમાં વહેંચાયલો છે અને તેમાં જુદી જુદી જાતના પાંઉ રાખવામાં આવે છે. તે તરફ નજર કરીને પેલા પારસી ગૃહસ્થે કહ્યું કે 'દિલગીર છું કે બ્રાઉન બ્રેડ ખલ્લાસ થઈ છે.' મેં શો કેસમાં જોયું અને નીચેના ભાગમાં થોડી બ્રાઉન બ્રેડ પડેલી મારી નજરે પડી. મેં કહ્યું કે આ છે ને ? તેમાંથી મને આપો !" તેમણે જવાબ આપ્યો કે "તે વાસી છે. તમને આપવાની નથી." મેં પૂછ્યું "વાસી એટલે ?" તેમણે જવાબ આપ્યો કે "પરમ દિવસે બનાવેલી અને વેચતાં વધેલી." હું માગું છું છતાં આ વેચનાર મને આ બ્રેડ આપવાની ના કહે છે કારણ કે વાસી છે એ જાણીને મને જરા કૌતુક થયું અને પેલા દુકાનદારને મેં પૂછ્યું કે "આ રીતે વધેલી બ્રેડનું તમે શું કરો ?" તેમણે કહ્યું કે "નજીકમાં ગરીબ નિરાધાર ક્રીશ્ચી વિદ્યાર્થીઓની એક હોસ્ટેલ છે તે વિદ્યાર્થીઓના ઉપયોગ માટે અમે આપી દઈએ છીએ." મેં પૂછ્યું "તે હોસ્ટેલવાલાને તમે આ વાસી બ્રેડ શું ભાવે આપો છો ?" તેમણે સ્વાભાવિક નૈસર્ગિકતાથી જવાબ આપ્યો કે "નહિ શેઠ, એનું કશું જ નહિ લેવાનું. અમારે નકામી પડી અને બીચારા ગરીબ છોકરાઓને કામ લાગે અને લઈ જાય એમાં લેવાનું શું હોય ?" આ સાંભળીને હું આશ્ચર્યચકિત બનીને ચાલતો થયો અને રસ્તે ચાલતાં મનમાં વિચાર કરવા લાગ્યો કે આ તે કેવી નિષ્ઠા અને પ્રમાણીકતા ? લેનારા, ફરસાણ વેચવાવાળા, મીઠાઈવાળા આગળ પાછળનું વધેલું પડી ન રહે અને ઘરાકના મોંમાં કેમ જાય તે માટે જાતજાતની તરકીબો અને ભેળસેળ કરતા હોય છે, ત્યારે આ પારસી ગૃહસ્થ પરમ દિવસે સાંજે બનેલી બ્રેડ આજે સવારે મને આપવાની ના કહે છે-જો કે તે જાણે છે કે બ્રેડ લઇ જનાર ઘરાક એ બ્રેડને બે ત્રણ દિવસ સુધી ઘણી વાર વાપરતો હોય છે. આ ઉપરાંત વધેલો માલ ઓછા ભાવે કાઢી નાખવામાં આપણા વેપારીઓને જરા પણ અજુગતું લાગતું નથી, જ્યારે આ ગૃહસ્થ જેટલું વધે તેટલું ગરીબ નિરાધાર બાળકોને પહોંચાડે છે અને તેમાં પોતે કશું વિશેષ કરતો નથી એમ સહજપણે માને છે. આમાં આજે વિરલ એવી ઉચ્ચ કોટિની પ્રમાણીકતાનાં અને પારસી કોમમાં વધારે વ્યાપક છે એવી ઊંડા દિલની નૈસર્ગિક કરૂણાનાં મને દર્શન થયાં અને મેં કૃતકૃત્યતા અનુભવી.

નિષ્ઠુરતાભરી બેદરકારી

આવી જ રીતે એક વખત સવારે વોર્ડન રોડ ઉપર હું જઇ રહ્યો હતો અને મહાલક્ષ્મી તરફ જવાના રસ્તા તરફ વળી રહ્યો હતો, એવામાં સામી બાજુએથી એક મોટર પૂર વેગમાં ચાલી આવતી મારા જોવામાં આવી. મારી બાજુએ ઢગલાબંધ પારેવાં તે ચોક જોવા વિભાગમાં કોઇએ ચણ નાંખેલી તે ચણી રહ્યાં હતાં. સામેથી આવતી મોટરવાળો આ બધું જોઈ રહ્યો અને છતાં જોસભેર મારી તરફ પારેવાના ટોળા બાજુ ધસી રહ્યો હતો. મોટર આવતી જોઇને પારેવાં એકાએક ઉડવા લાગ્યાં. મને થયું કે આ મોટરની ઝડપ થોડી ધીમી કરે તો સારૂં; નહિ તો કોઇને કોઈ પારેવું જરૂર ઝડપાઇ જશે. પણ મોટર ચલાવનારને આની કશી પરવા જ નહોતી. તેણે તો મોટર એટલા જ વેગથી ચલાવ્યે રાખી અને તેની પાંખમાં આંખના પલકારામાં એક પારેવું ઝડપાઇ ગયું અને તેના કુચેકુચા થઇ ગયા. અને તેને તરફડવાનો પણ અવકાશ ન રહ્યો આ પાછળ મોટર ચલાવનારની કેવળ નિષ્ઠુરતાભરી બેદરકારી સિવાય બીજું કશું નહોતું. આ જોઇને મારૂં દિલ કમકુમી ઉઠ્યું. અને આજની એ નિષ્ઠુરતાભરી બેદરકારી આવા કેટલાયે નિર્દોષ પ્રાણીઓનો જ માત્ર નહિ પણ પગપાળા ચાલતા માનવીઓનો પણ ભોગ લે છે તેના વિચારોએ મનને ઘેરી લીધું અને પ્રાતઃકાળની પ્રસન્નતા ઊંડી ગમગીનીમાં ફેરવાઈ ગઇ.

ફેરે છોકરૂં અને ગામે શોધ્યું !

એક દિવસ સવારના બહાર જવું હતું. તે મારે આગલા દિવસનો જાકીટ પહેરણ બદલવાનો હતો. કબાટમાં ભરાવેલ મેલા જાકીટમાંથી પડેલી ચીજો નવા જાકીટમાં નાખવાનું શરૂ કરે એટલામાં કોઇનો ટેલીફોન આવ્યો. તે પતાવ્યો ત્યાં કોઇ મળવા આવ્યું. અને તેમની સાથેની વાતચિતમાં અડધો પોણો કલાક ગયો. પછી પેલા મેલા જાકીટમાંની ચીજો નવા જાકીટમાં મૂકવા જતાં જાકીટના પાછળના મોટા ખીસામાં કુંચીનો ઝુડો રાખું છું તે ત્યાં નથી. અને મને થયું કે આગલે દિવસે સાંજે બુલીયનના સેફ ડીપોઝીટ વોલ્ટમાં મારૂં ખાતું છે તે ખોલવા માટે ગયેલો અને એ ખાનામાં મારી કુંચીઓનો ઝુડો ભરાવેલો તે કાઢવાનું અને બીસામાં મૂકવાનું હું ભુલી ગયો હોઇશ. તેથી મેં ત્યાં ટેલીફોન કર્યો, પણ એવો કોઇ ઝુડો ત્યાં મળ્યો નથી એમ ત્યાંના અધિકારીએ મને જણાવ્યું. આથી મને ફાળ પડી અને તરતજ સેફ ડીપોઝીટ વોલ્ટમાં ગયો અને વધારે તજવીજ કરી પણ પરિણામ એનું એ આવ્યું. મનમાં એમ વિચાર આવ્યો કે કોઈ અજાણ્યા માણસે મારા ખાનામાં લટકતો ઝુડો જોયો હશે, ખાનું ખુલ્લું હશે તે ઉઘાડીને અંદરની પેટીમાંથી હાથ લાગ્યું તે ઉપાડી લીધું હશે અને પછી ખાનું બંધ કરીને તે ઝુડો ઉપાડી ગયો હશે. સદ્‌ભાગ્યે મારા ખાનાની બે કુંચીઓ હતી; બીજી ઘેર પડી હતી. ઘેર પડેલી કુંચી લઇને બપોરે પાછો સેફ ડીપોઝીટ વોલ્ટમાં ગયો, ખાનું ખોલ્યું તો બધી ચીજો હતી એમ ને એમ પડેલી જોઇ. આ જોઇને એક રીતે નિરાંત થઇ પણ ઝુડો ઉપાડી જનાર ખાનામાંથી કશું ન લે એ બાબતનું મારા મનમાં આશ્ચર્ય થયું. આ જે હોય તે પણ ઝુડો તો ગયો જ એમાં કાંઈ શક નથી. ઘરમાં પૂછપરછ કરી, આડે અવળે બધે તપાસ કરી, રખેને રાત્રીના ઝુડો કાઢયો હોય અને કોઇક બીજા ઠેકાણે મૂક્યો હોય. પણ કોઇ ઠેકાણે ઝુડાનો પત્તો ન ખાધો. આ ઝુડામાં સેફના ખાનાની કુંચી ઉપરાંત ઘર તેમ જ પેઢીને લગતી બધી જ કુંચીઓ હતી. બધા લોકસ તરત બદલવા જ જોઇએ, કારણ વિનાનું ખર્ચ અને ઉપાધિ-આમ મનમાં થોડી વ્યાકુળતા પેદા થઇ. ફરતાં ફરતાં સાંજે મારી પેઢી ઉપર ગયો. મારી સાથે પેઢીમાં જે મારા સાથી બેસે છે તેમને ઝુડો ખોવાયાની વાત કરી. તેમણે કહ્યું કે ઝુડો આમ જાય નહિ; તમે ફરીથી તપાસ કરો; ઘરમાં બીજે કયાંય ઝુડો મૂકાઇ ગયો હશે. એક ને બદલે બીજા બીસામાં મુકાઈ ગયો હશે." મેં તેમને કહ્યું કે "એક ને બદલે બીજા બીસામાં મુકાઈ જાય એમ બને જ નહિ." એમ કહીને હું સેફમાં જાઉં ત્યારે કેવી રીતે ખાનું ખોલું છું, પછી મારે જોઇએ તે કાઢું છું અથવા તો બીસામાંથી મૂકવાનું હોય તે મૂકું છું અને પછી કેવી રીતે એ કુંચીનો ઝુડો મારા જાકીટના પાછળના બીસ્સામાં મૂકું છું એ બધું હું અભિનયપૂર્વક તેમની પાસે વર્ણવવા લાગ્યો અને જે બીસ્સામાં હું ઝુડો મૂકતો હતો તે બીસ્સામાં મેં હાથ નાંખ્યો.....અને એ હાથ કાંઇક નક્કર વસ્તુ સાથે અથડાયો અને એ શું છે એ જોવા બીસામાં જરા ઉંડો હાથ નાંખ્યો અને ખોવાયેલો ધારેલો કુંચીનો ઝુડો મારા હાથમાં આવ્યો અને એ જોતાં હું પોતે જ મારી જાત ઉપર, મારી બેવકુફી ઉપર ખૂબ જ હસી પડયો અને કાંઇક ભોઠો પણ પડયો. પણ આમ બન્યું કેમ ? એનો વિચાર કરતાં હુ એવા અનુમાન ઉપર આવ્યો કે સવારમાં જાકીટ બદલવાના વિચાર સાથે મેલા જાકીટમાંથી પેલો કુંચીનો ઝુડો કાઢીને નવા જાકીટમાં મુકી દીધો હશે પણ એટલામાં ટેલીફોન આવ્યો કોઇ મળવા આવ્યું પછી જાકીટમાંની ચીજોની ફેર બદલી કરી ત્યારે કુંચીનો ઝુડો તો મેં પહેલાંથી એક જાકીટમાંથી બીજા જાકીટના બીસ્સામાં મૂકી દીધેલો તે સાવ ભૂલી ગયો હોઇશ. આમ બીસ્સામાં કુંચીનો ઝુડો હોવા છતાં ઝુડો ખોવાઇ ગયો' 'ઝુડો ખોવાઇ ગયો' એમ બુમો મારતાં આખો દિવસ મેં ભટકયા કર્યું અને સાંજે હું કેવી રીતે સેફના ખાનામાંથી ઝુડો કાઢીને જાકીટના બીસ્સામાં મૂકું છું એ પ્રક્રિયા બતાવવા જતાં મારો એ ઝુડો હાથ લાગ્યો. આ તે કેવો સ્મૃતિભ્રંશ ? આ તે કેવી બેવકુફી ? આમ આ નાની સરખી ઘટના જ્યારે જ્યારે યાદ કરૂં છું ત્યારે મારી જાત ઉપર હસ્યા કરૂં છું અને "ફેરે છોકરૂં ગામ શોધ્યું" એ કહેવત મારી બાબતમાં સર્વાંશે સાચી પડેલી જોઇને કાંઇક શરમિંદો પણ બનું છું.

પરમાનંદ

એલોરા—અજન્ટાનું પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ગયા ડીસેંબર માસની ૧૯ મી તારીખથી ૨૨ મી સુધીનું એમ ચાર દિવસનું એક પર્યટન યોજવામાં આવેલું. આ પર્યટનમાં ૪૪ ભાઇ બહેનો તથા બાળકો જોડાયાં હતાં. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાયલાં આગળ ઉપરનાં પર્યટનો કરતાં આ પર્યટન અનેક રીતે ચડી જાય તેવું હતું. બીજાં પર્યટનો એક અથવા બે દિવસમાં સમાપ્ત થતાં હતાં. આ પૂરા ચાર દિવસનું હતું. વળી જે સ્થળો જોવાનાં હતાં—અજન્ટા તથા એલોરા—તેની અદ્‌ભુતતા અજોડ હતી. પ્રારંભથી અન્ત સુધી આખા પર્યટન દ્વારા એકસરખો આનંદ કલ્લોલ રહ્યો હતો. બસમાં મુંબઈથી ૧૯ મી ડીસેંબરની સવારના નીકળ્યા; વચ્ચે નાસિક જમવા માટે બે કલાક રોકાયાં, રાત્રે સાડા અગિયારે ઔરંગાબાદ પહોંચ્યા; એવી જ રીતે ૨૨મીની સવારના અમે ઔરંગાબાદથી નીકળ્યા. વચમાં સાંજના વખતે આગળથી નક્કી કર્યા મુજબ નાસિક ઉતર્યા. જેમ જતાં તેમ જ પાછા ફરતાં નાસિકમાં ભોજનની વ્યવસ્થા માટે અમે સૂચના આપેલી. પણ એવી કોઇ ગેરસમજુતી થઇ કે જે ગૃહસ્થે આ કામની જવાબદારી લીધેલી તેમણે આગળના દિવસે અમારા માટે રસોઈ કરાવેલી અને તે નકામી ગઈ અને આજે તો કશી રસોઈ છે જ નહિ એમ અમને જણાવવામાં આવ્યું. આમ છતાં કોઈનાં મનમોઢાં જરાયે કરમાણાં નહિ. અમારી પાસે નાસ્તો સારા પ્રમાણમાં વધેલો હતો; શહેરમાંથી ખુંટતું લઇ આવ્યા અને સૌએ જાણે કે વ્યવસ્થિત ભોજનની મજા માણી. સૂર્ય આથમવાની તૈયારી કરતો હતો એ ટાણે અમે ત્યાંથી ઉપડયા અને મધરાતે મુંબઈ પહોંચ્યા. આમ જવા આવવાના પૂરા બે દિવસ બસમાં બેસીને કાઢવાના હોવા છતાં કોઈ જરા પણ કંટાળ્યું નહિ એટલું જ નહિ પણ એવા ગાનતાન અને વાર્તાવિનોદમાં એ બધો સમય પસાર થયો કે કેવળ આનંદની દૃષ્ટિએ આ બે દિવસ વધારે આનંદજનક હતા કે અજન્ટા એલોરા જોવા પાછળ ગાળેલા બે દિવસ વધારે આનંદજનક હતા તેનો નિર્ણય આપવો અમારા માટે મુશ્કેલ છે.

ઔરંગાબાદમાં મુસાફરો માટે એક ધર્મશાળા છે. ત્યાંના મોટા હોલમાં અમારું ઉતરવા—રહેવાનું આગળથી નક્કી કરવામાં આવ્યું હતું. નજીકમાં સાધના હોટેલ છે ત્યાં ચા પાણી તથા ખાવાપીવાની અમારા માટે વ્યવસ્થા વિચારાઈ હતી. શિયાળાની ખુશનુમા ઠંડી હતી. ઔરંગાબાદમાં અમારા માટેની રહેવા ખાવાની સગવડ સામાન્ય પ્રકારની હતી. ધર્મશાળામાં લગભગ ચોવીશે કલાક મુસાફરોનાં ટોળાં—બે દિવસો ક્રીસ્મસની રજાના હોઇને વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓનાં ઘણનાં ઘણ—આવ્યે જ જતાં હતાં અને રાત્રીના જેને જ્યાં જગ્યા મળી ત્યાં પોતાનું બેડીંગ પાથરીને બીચોબીચ સુતું હતું. પ્રવાસીઓના આવા ધસારાને હોટેલો પહોંચી ન શકે અને ધર્મશાળા સમાવી ન શકે એ સમજાય તેવું હતું. એમ છતાં અમારામાંના કોઇને જરા પણ અગવડ જેવું લાગ્યું નહોતું કારણ કે સૌને તાન હતું જોવા, જાણવા અને ફરવાનું, અને નહિ કે ખાવાપીવાનું.

પહેલા દિવસે અમે એલોરાની ગુફાઓ જોવા ગયા. એલોરામાં અમે જે જોયું તે અમારા માટે અકલ્પનીય—અસાધારણ ભવ્ય દર્શન હતું. તેમાં પણ કૈલાસ મંદિરની ગુફા તો માનવીપુરૂષાર્થના એક અજબ નમુના—સમાન હતી. આ ગુફા જોવામાં એટલો બધો વખત ગયો કે બાકીની બ્રાહ્મણ ગુફાઓ તેમ જ બૌધ્ધ ગુફાઓ બહુ ઉતાવળે પતાવવી પડી અને જૈન ગુફાઓ તો જાણે કે દોડતાં દોડતાં જ અમે જોઈ લીધી. આ બાબતનો મનમાં ખૂબ પસ્તાવો રહ્યો. એલોરામાં આવી જૈન ગુફાઓ છે અને તેમાં આવી સુન્દર શિલ્પકૃતિઓ તથા ભવ્ય જૈન મૂર્તિઓ છે તેનો તો મને કશો ખ્યાલ નહોતો જ. નજીકમાં એક સુપ્રસિદ્ધ શિવાલય છે જ્યાંનું જ્યોતિર્લિંગ ભારતના અન્ય જ્યોતિર્લિંગોની અપેક્ષાએ પવિત્રતમ લેખાય છે. ત્યાં અમે ગયા અને ભોજનકાર્ય પતાવ્યું. પાછા ફરતાં દૌલતાબાદનો સુપ્રસિદ્ધ કીલ્લો જોયો. આ કીલ્લાની એવી અટપટી રચના છે કે કીલ્લાની અંદર ગોઠવાયલું અતિ અલ્પ સંખ્યા ધરાવતું સૈનિક દળ આસપાસ ઘેરો નાંખીને પડેલા વિપુલ સૈન્યને દિવસોના દિવસો સુધી હંફાવી શકે. રાત્રીના ભોજન કર્યું, આરામ કર્યો. બીજે દિવસે વહેલાં તૈયાર થઇને ૬૫ માઈલ દૂર આવેલી અજન્ટાની ગુફાઓ જોવા માટે ઉપડયા. ભવ્યતામાં એલોરાની ગુફાઓ ચડે તો ચિત્રકળાની કારીગીરીમાં અજન્ટાની ગુફાઓનો જગતભરમાં જોટો ન મળે. કોઇ મંદિરનાં નાનાં મોટાં અનેક દરવાજા અને મંડપો પસાર કરતાં કરતાં જેમ આપણે ગર્ભદ્વાર પાસે આવીને ઉભા રહીએ એમ અનેક ટેકરા ટેકરીઓમાં ઘુમરી ખાતાં ખાતાં અર્ધ ગોળાકાર આકાર ધારણ કરતા એક પર્વતની તળેટીમાં એક છેડે આવીને અમારી બસ ઉભી રહી. નીચે બાંધેરા નદી વહેતી હતી. ઊંચે ગુફાની હારમાળા દેખાતી હતી. આખો પ્રદેશ ભારે રમણીય લાગતો હતો. ચઢાણ બહુ ઉચું નહોતું. ગુફાઓ જોવી શરૂ કરી. બપોરના બે અઢી વાગ્યા; હજુ ત્રીજા ભાગની ગુફાઓ જોવી અધુરી હતી. સૌના પેટમાં ભૂખ લાગી. બીજી બાજુએ નીચે ઉતર્યા અને નદી કીનારે ભોજન માટે પડાવ નાંખ્યો. આસપાસનો પ્રદેશ જંગલ જેવો અને છુટાંછવાયા વૃક્ષોથી ભરેલો હતો. નદીમાં કૃશ બની ગયેલો આછો જળપ્રવાહ વહી રહ્યો હતો. સમુહભોજન પુરૂ થયું; બાકીની ગુફાઓ જોઈ લીધી; સાંજ પડવા આવી હતી. બસમાં બેસીને ઔરંગાબાદ પાછા આવ્યા. બીજે દિવસે સવારે ઔરંગાબાદથી નીકળતી વખતે તાજમહાલની નાની નકલ છતાં ભારે આકર્ષક—ઔરંગઝેબની બીબીનો મકબરો જોયો અને રાત્રે મુંબઇ આવી પહોંચ્યા. આમ અમારો આ ચાર દિવસનો પ્રવાસ એક નાના સરખાં ઉર્યન જેવો હતો. નાનાં મોટાં બધાંનાં દિલ આનંદ, ઉલ્લાસ અને કૌતુકવડે ભરેલાં હતાં; એકમેકથી અજાણ્યાં એવાં ભાઇ બહેનો અને બાળકો ચાર દિવસ સાથે ગાળતાં એક કુટુંબ પરિવાર જેવા બની ગયાં અને મુકત મને સૌ એકમેક સાથે ભળી ગયાં. અંતકડી, બીજ, રમતગમત, ગાનતાન, વાર્તાવિનોદ અને ફરવા હરવામાં ચાર દિવસ કેમ પસાર થયા તેની ખબર ન પડી. અમારા એક સભ્ય કસ્તુરચંદભાઇએ અમને ઉસ્તાદી સંગીતનો અથવા તો ઉસ્તાદી સંગીતની નકલનો આસ્વાદ કરાવ્યો; પંડિત સુરજચંદ્ર ડાંગીએ જાત જાતનાં પદો, ભજનો અને ટુચકાઓ સંભળાવ્યા; બાલકાન—જી—બારીવાળા અને સંઘના મંત્રી શ્રી ચીમનભાઇએ તરેહ તરેહની બાલ રમતો દ્વારા બાલ મંડળીને કલ્લોલપરાયણ બનાવી અને હસી હસાવીને ગાજતી કરી મૂકી. કદિ કદિ બહેનોએ લગ્નનાં ગીતો ગાઇને જાણે કે કોઈ જાન જતી હોય એવો આસપાસના લોકોના મન ઉપર આભાસ ઉભો કર્યો. આવો અનેક મીઠાં અને ઉત્તેજક સ્મરણોથી ભરેલો અમારો પ્રવાસ હતો એટલું જ નહિ પણ અમારા માટે ભવ્ય કલાતીર્થોની એક યાત્રા હતી.

ગુજરાતના જાણીતા ચિત્રકાર અને કળાગુરૂ શ્રી રવિશંકર રાવળ—તેમણે અજન્ટા તો સારી પેઠે જોયેલ પણ એલોરા નહિ જોયેલ તે અમારી સાથે જોવા માટે—ખાસ અમદાવાદથી આવ્યા હતા અને અમારી મંડળીમાં જોડાયા હતા. અજન્ટા—એલોરા જેવા કળાવિષયને તેઓ જે ન્યાય આપી શકે તેવો ન્યાય બીજું કોણ આપી શકે તેમ હતું ? તેથી મેં તેમને અજન્ટા—એલોરાને ચુંથી લેતું એવું પ્રવાસવર્ણન પ્રબુધ્ધ જીવન માટે લખી મોકલવા વિનંતિ કરેલી. તેઓ એક લબ્ધપ્રતિષ્ટ લેખક છે તે 'કુમાર' જેમણે અનેકવાર જોયું હોય તેમને જણાવવાનું હોય જ નહિ. એટલે તેમના તરફથી અજન્ટા એલોરાની માહીતી સાથે એક સુન્દર પ્રવાસ વર્ણન મળશે એવી આશા મેં સેવેલી. પણ તેઓ આ મારા આશયને પૂરો ન સમજ્યા અને અજન્ટા તેમજ એલોરા એ બન્ને સ્થળોનો અનેક માહીતીપૂર્વક પરિચય આપતો લેખ તેમણે લખી મોકલ્યો. આમ હોવાથી એ લેખને આટલી પ્રવાસ ભૂમિકા આપવાનું મને જરૂરી લાગ્યું. અહિં જણાવવું જરૂરી છે કે અમારા પ્રવાસનો ક્રમ તો પહેલાં એલેરાની ગુફાઓ જોવાનો અને પછી અજન્ટાની ગુફાઓ જોવાનો હતો પણ ઐતિહાસિક દૃષ્ટિએ અજન્ટાની ગુફાઓ વધારે પ્રાચીન હોઇને તેમણે પોતાના લેખમાં આથી ઉલટો ક્રમ સ્વીકાર્યો છે. એ લેખ હવે પછીના અંકોમાં ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે.

પરમાનંદ

'ગ્રામદાન' ઉપર શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢાનો વાર્તાલાપ

તા. ૨૬-૪-૫૮ ના રોજ અખિલ ભારત સર્વ સેવા સંઘના મંત્રી શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢાનો મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં 'ગ્રામદાન' ઉપર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. ઉપસ્થિત મિત્રો સમક્ષ શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢાનો પરિચય આપતાં પ્રબુધ્ધ જીવનમાં પૂર્વ-જન્મ સ્મરણની એક ઘટના થોડા સમય પહેલાં પ્રગટ થઈ હતી તેની સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ યાદ આપી અને જણાવ્યું કે એ ઘટના જે વ્યક્તિને લગતી હતી તે આજના આપણા મહેમાન ભાઈ સિધ્ધરાજ છે. વર્ષો પહેલાં ભાઈ સિધ્ધરાજ કલકત્તાની ઇન્ડિયન ચેંબર ઓફ કોમર્સના સેક્રેટરી હતા; પછી જયપુર આવીને વસ્યા અને કોંગ્રેસના રચનાત્મક કાર્યમાં જોડાયા. ૧૯૪૨ ની લડત દરમિયાન તેમણે જેલવાસ ભોગવ્યો. આઝાદી મળ્યા બાદ રાજસ્થાન પ્રદેશનું નવનિર્માણ થયું અને કોંગ્રેસનું જે પહેલું પ્રધાનમંડળ રચાયું, તેમાં તેઓ જોડાયા. એ સમય પૂરો થતાં તેઓ કોંગ્રેસ અને રાજકારણથી છુટા થયા. ખામેલમાં તેમણે ગ્રામોદ્યોગ અને રચનાત્મક પ્રવૃત્તિઓને અનુલક્ષીને એક આશ્રમ સ્થાપ્યો અને વિનોબાજીના ભૂમિદાન આન્દોલન તરફ આકર્ષાયા. સમયાન્તરે તેઓ સેવા સંઘના મંત્રી થયા. આજે તેઓ શ્રી જયપ્રકાશ નારાયણ સાથે યુરોપ જઇ રહ્યા છે. તેમનો નિશ્ચિત કરેલા ત્રણ માસના પ્રવાસ દરમિયાન આપણી બાજુ ચાલી રહેલ ભૂદાન-ગ્રામદાન હીલચાલનું રહસ્ય તેઓ બન્ને મળીને યુરોપની પ્રજાને સમજાવશે અને સર્વોદયને લગતી વિચારસરણીને ત્યાંના લોકો સમક્ષ રજુ કરશે. આ રીતે શ્રી પરમાનંદભાઇએ ભાઇ સિધ્ધરાજ ઢઢ્ઢાનો પરિચય આપ્યો.

નિયત વિષય 'ગ્રામદાન' ઉપર શ્રી સિધ્ધરાજજીએ લગભગ પોણો કલાક શ્રોતાઓ સમક્ષ વાર્તાલાપ કર્યો. પ્રારંભમાં ભૂમિદાન આન્દોલનની કેમ શરૂઆત થઇ તે તેમણે સમજાવ્યું. આજથી સાત વર્ષ પહેલાં સર્વ સેવા સંઘના સંમેલન નિમિત્તે તેલંગાણામાં વિનોબાજી આવી ચડ્યા અને એ પ્રદેશમાં સામ્યવાદીઓ ભારે ત્રાસ વર્તાવી રહ્યા હતા અને લોકો પાસેથી જમીનો જબરજસ્તીથી ઝૂંટવીને ભૂમિ-હીનોને વહેંચી દેતા હતા-એ જોઇને તેમને પ્રશ્ન થયો કે આપણા દેશમાં સૌથી ગંભીર સમસ્યા ભૂમિની છે અને પાર વિનાના ભૂમિહીનોની છે અને તેના વિતરણની છે. સામ્યવાદીઓ આ કાર્ય હિંસા વડે કરી રહ્યા છે તો આ પ્રશ્ન અહિંસા વડે હલ થઈ શકે ખરો ? આ પ્રશ્ન તેમના મનમાં ઘોળાઇ રહ્યો હતો અને ભૂમિહીન હરિજનોને આપવા માટે કોઈ એક જમીનદારે ૮૦ એકર જમીનનું તેમને સહજપણે દાન કર્યું અને તેથી પ્રેરિત અને પ્રોત્સાહિત થઇને તેમણે ભૂમિદાન આન્દોલન શરૂ કર્યું અને ૧૯૫૭ સુધીમાં પાંચ કરોડ એકર જમીન દાનમાં મેળવવાનો સંકલ્પ કર્યો. આ સંકલ્પમાંથી ભારતવ્યાપી પદયાત્રાનો પ્રારંભ થયો. ૧૯૫૭ ની આખરમાં પાંચ કરોડ નહિ પણ પચાસ લાખ એકર જમીન તેમણે દાનમાં મેળવી અને એ રીતે સંકલ્પસિદ્ધિ તો ન થઇ, પણ તેઓ ઉત્તર પ્રદેશમાં પ્રવાસ કરતા હતા તે દરમિયાન તેમને 'મંગરૌટ' નામના ગામડાનું દાન મળેલું અને પછી ઓરિસ્સાના કોરાપુટ જીલ્લામાં તેમને ૮૦૦ ગામડાં મળ્યાં અને તેમાંથી ગ્રામદાન આન્દોલનની શરૂઆત થઇ અને એ રીતે એક ભારે ક્રાન્તિકારી આન્દો-લનનો જન્મ થયો. કારણ કે ભૂમિદાનથી માત્ર ભૂમિની સમસ્યાનો કોઈ પૂરો ઉકેલ થતો નહોતો. કોઇ પણ ગામમાં જે કાંઇ જમીન મળતી તે અમુક ભૂમિહીનોને વહેંચી આપવામાં આવતી, આમ છતાં પણ એક બાજુ ખૂબ મોટા જમીનદારો અને બીજી બાજુએ સંખ્યાબંધ ભૂમિહીનો-આ વિષમતા તો ચાલુ જ રહેતી હતી, જ્યારે ગ્રામદાને તો એક આખા ગામડાની કાયાપલટ કરવાની મહાન શકયતા ઉભી કરી હતી; કારણ કે ગ્રામદાન થયા પછી આખી જમીન આખા ગામડાની બને છે; તેની તેઓ ન્યાય પુરઃસરની એટલે જે કુટુંબની જેટલી જરૂરિયાત તે મુજબ વહેંચણી કરી શકે છે; અથવા તો બધી જમીનની સામુદ્રિક ખેતી કરી શકે છે અથવા તો જમીનને લગતી વિવિધ પ્રક્રિયાઓમાં જરૂર અને અનુકુળતા મુજબ સહકારી ધોરણ દાખલ કરી શકે છે. આ બાબતનો નિર્ણય કરવાનું ગ્રામદાન કરતા લોકોની સ્વેચ્છા ઉપર છોડવામાં આવે છે. કોઈ પણ ગ્રામદાન થાય તો પહેલો પ્રશ્ન ધીરાણનો ઉભો થાય છે કારણ કે ખેડુતોને પોતાની જરૂરિયાતો માટે આજે ૯૩ થી ૯૪ ટકા નાણું શાહુકારો પાસેથી મળે છે. આના બદલામાં શાહુકાર ખેડુતો પાસેથી ૪૨ ટકા સુધીનું વ્યાજ ઉઘરાવતા હતા. શાહુકારની જગ્યા સરકાર આજે લઇ શકે તેટલી તેની આર્થિક તાકાત નથી. બીજો પ્રશ્ન એ છે કે ગામડાની પ્રાથમિક જરૂરિયાતો ગામડું જ ઉભું કેમ ન કરે ? દા. ત. તેની જરૂરનું કાપડ બહારથી લાવવું બંધ કરીને પોતે જ કેમ ઉત્પન્ન ન કરે ? ગ્રામદાન થયા પછી પોતાને ત્યાં આવતા લગ્ન મરણ જેવા કૌટુંબિક પ્રશ્નોને ખેડુત કેમ પહોંચી શકે એ પણ એટલા જ મહત્વનો પ્રશ્ન છે. આ સંબંધમાં, લગ્ન જેવા પ્રશ્નો સહકારી ધોરણે ઉકેલવાના પ્રયોગો સૂચ-વવામાં આવે છે. આમ ગ્રામદાનની પ્રક્રિયા શરૂ થયા પછી જે અનેક પ્રશ્નો ઉભા થાય છે તેને પહોંચી વળવા માટે સામાન્ય ધોરણ આ પ્રકારનું રાખવામાં આવ્યું છે કે "ખેત ગાંવકા, ખેતી પરિવારકી, સાધનો (બીજ, હળ, બળદ વગેરે) મેં સહકાર." આજ સુધીમાં પાંચ હજાર ગ્રામદાન થયા છે, તેમાં આશરે બે હજાર ગામડામાં પુનર્રચનાનું કાર્ય શરૂ થઇ ચૂક્યું છે. કોઈ પણ ગામડાનું દાન કયારે થયું કહેવાય ? કારણ કે ગ્રામદાન સર્વાનુમતીથી થાય તે તો સર્વ પ્રકારે ઇષ્ટ છે, પણ આવી સર્વાનુમતી બધે શકય ન પણ હોય, અને એટલા ખાતર ગામડાની પુનર્રચના-પ્રગતિ-અટકાવી ન જ શકાય. આ સંબંધમાં સ્વીકૃત ધોરણ શું છે એ પ્રશ્નના જવાબમાં ભાઈ સિધ્ધરાજે જણાવ્યું કે જે ગામડાના ૮૦ ટકા લોકો ગ્રામદાન કરવા માટે તૈયાર હોય અને આ ગ્રામદાનમાં ગામની ઓછામાં ઓછી ૫૦ ટકા જમીનનો સમાવેશ થતો હોય તે ગામડાનો ગ્રામદાન તરીકે સ્વીકાર કરવામાં આવે છે.

આવી રીતે 'ગ્રામદાન' ના વિષયની શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢાએ અનેક બાજુઓથી સુન્દર છણાવટ કરીને જે વસ્તુ સાંભળનારના મનમાં અસ્પષ્ટ જેવી હતી તેને સ્પષ્ટ આકાર આપ્યો હતો. સંઘ તરફથી શ્રી સિધ્ધ-રાજજીનો આભાર માનતાં શ્રી નવલમલ ફિરોદિયાએ જણાવ્યું કે" કોઈ વકતા કોઇ એક વિષયનું તાત્વિક વિવેચન કરે તેના બદલે અમુક કાર્યમાં સતત ઓતપ્રોત બનેલ વ્યક્તિ જ્યારે પોતાના કાર્યની આપણને સમજુતી આપે છે ત્યારે આપણને નવો પ્રકાશ પડતો લાગે છે અને આપણને જાણે કે કોઇ નવી સુઝ મળતી હોય એવો અનુભવ થાય છે. ભાઈ સિધ્ધરાજનું પ્રસ્તુત નિરૂપણ આ પ્રકારનું હતું અને તે માટે તેમના આપણે ખૂબ ઋણી છીએ. તેઓ શ્રી જયપ્રકાશ નારાયણ સાથે યુરોપના ત્રણ મહીનાના પ્રવાસે જાય છે. આપણે તેમના પ્રવાસને સર્વ પ્રકારની સફળતા ઇચ્છીએ. યુરોપના લોકોને ગ્રામદાન આન્દોલન વિષે મોટું કુતુહલ છે. ભાઇ સિધ્ધરાજ દ્વારા તેમને જરૂર નવો પ્રકાશ મળશે અને બદલામાં ભાઇ સિધ્ધરાજને પણ ત્યાંથી ઘણું નવું જાણવાનું મળશે. આપણી તેમને અનેક શુભેચ્છાઓ છે." અને આ આભારનિવેદન સાથે સભા વિસર્જિત કરવામાં આવી

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧, ૧૯૫૮, સ્વીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પાર્લામેન્ટદ્વારા સામ્યવાદ

(થોડા સમય પહેલાં અમૃતસર ખાતે મળેલી સામ્યવાદી પક્ષની કૉંગ્રેસે પોતાના બંધારણમાં પોતાની નીતિ અને કાર્યપદ્ધતિમાં મહત્ત્વનાં ફેરફારો કર્યા છે અને પોતાના પક્ષને આજના અન્ય ડેમોક્રેટીક-લોકશાહીસંમત રાજકીય પક્ષોને મળતું રૂપ આપ્યું છે, આ ફેરફારો શું છે, તેનો અર્થ શું છે અને સામ્યવાદી પક્ષની આજ સુધીની રીતભાતના સંદર્ભમાં આ ફેરફારોનું શું રહસ્ય છે તેની તા. ૨૫-૪-૫૮ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ થયેલા શ્રી. બી. જી. વર્ગીઝના એક લેખમાં બહુ સુન્દર અને મર્મગ્રાહી છણાવટ કરી છે. પ્રબુદ્ધ જીવનના વાચકોને આ અગત્યની ઘટના વિષે માર્ગદર્શન મળે એ હેતુથી પ્રસ્તુત લેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે. **તંત્રી.**)

તાજેતરમાં અમૃતસર ખાતે સામ્યવાદી પક્ષની કૉંગ્રેસ મળી હતી. તે કૉંગ્રેસમાં તેમણે પક્ષના બંધારણમાં પાયાના ફેરફાર કર્યા છે અને પરિણામે પોતાના આજસુધીના રાજકીય વલણ અને કાર્યપદ્ધતિમાં તેમણે મોટું પરિવર્તન સ્વીકાર્યું છે. છેલ્લાં ત્રીસ વર્ષ દરમિયાન હિંદના સામ્યવાદી પક્ષમાં એટલા બધા ફેરફારો થયા છે કે આ તાજેતરનો તેમનો ફેરફાર જે કે ભારે આકર્ષક અને આવકારદાયક લાગે છે એમ છતાં પણ તે વિષે મનમાં આશંકા પેદા થયા વિના રહેતી નથી.

પક્ષનું સુધારેલું બંધારણ આખા તંત્રમાં જરૂર પાયાના ફેરફારો સૂચવે છે. પણ પક્ષની બહાર આ ફેરફારોનું મહત્ત્વ કેટલું લેખવું તે એક સવાલ છે. જે નવો દૃષ્ટિકોણ અથવા તો નવો અભિગમ તેમણે સ્વીકાર્યો છે તે બંધારણની ભૂમિકામાંના બે પારિગ્રાફમાં રજુ કરવામાં આવ્યો છે. ૧૩ મો પારિગ્રાફ એમ જાહેર કરે છે કે " ભારતનો સામ્યવાદી પક્ષ શાન્તિપૂર્વકનાં સાધનો વડે સંપૂર્ણ લોકશાહી અને સમાજવાદી રચના અખત્યાર કરવાનો પ્રયત્ન કરવા ધારે છે. તેનું એમ માનવું છે કે આમજનતાનું જોરદાર આન્દોલન ઉભું કરીને તેમજ લોકસભામાં બહુમતી હાંસલ કરીને. અને તેને બળવાન લોકમત ઉપર આધારિત કરીને મજુર વર્ગ અને તેના સાથીઓ પ્રત્યાઘાતી બળોનો સામનો કરી શકે છે અને પાર્લામેન્ટ-લોકસભા-આર્થિક, સામાજિક અને રાજકીય બંધારણમાં પાયાના ફેરફારો નિર્માણ કરવા માટેની જનતાની ઇચ્છાને વ્યક્ત કરવાનું સાધન બની શકે તેમ છે, એવી પ્રતીતિ પેદા કરી શકે છે."

૧૪ મા પારિગ્રાફમાં ઉમેરવામાં આવ્યું છે કે સામ્યવાદી પક્ષ સમાજવાદી રચનાવાળો સમાજ ઉભો કરવાનો પ્રયત્ન કરશે અને " ... રાષ્ટ્રના બંધારણની મર્યાદામાં રહીને સૌએ વર્તવું જોઇએ એ મર્યાદાને અધીન રહીને વિરોધ પક્ષ સમેત સૌ કોઈને રાજકીય પક્ષો ઉભા કરવાની છૂટ આપવાની, વાણીની, પ્રેસની અને મુક્તપણે એકત્ર થવાને લગતી સ્વતંત્રતાની અને વ્યક્તિ સ્વાતંત્ર્યના શકય તેટલા વિસ્તારની ગેરંટી બાંહધરી આપશે....."

આ બધું આજની પરિસ્થિતિનો કુનેહપૂર્વક લાભ ઉઠાવવાની વૃત્તિ દાખવતા શબ્દો છે, કારણ કે સુધારેલા બંધારણમાં પક્ષના કાર્યક્રમો અને હેતુઓ સંબંધમાં જે નિરૂપણ કરવામાં આવ્યું છે તેમાં સામ્યવાદની ચાલુ આન્તરરાષ્ટ્રીય પરિભાષાનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. " માર્કસવાદ-લેનીનવાદની ફિલોસોફી (તત્ત્વજ્ઞાન) મુજબ રચાયલી પીપલ્સ ડેમોક્રસી-જનતાવ્યાપી લોકશાહી' ની સ્થાપનાને પક્ષના ઉદ્દેશ તરીકે જાહેર કરવામાં આવેલ છે. ' રીવીઝનીઝમ, ડોગ્મેટીઝમ અને ઓબસ્કયોરેન્ટીઝમ ' નો સર્વ પ્રકારે અને સર્વ આકારમાં સામનો કરવામાં આવશે. (આ શબ્દોનો ગુજરાતી ભાષામાં ભાવ સમજાવવો અથવા તો તેની ટુંકામાં સમજુતી આપવી એ ભારે કઠણ કામ છે. એનો ભાવ એટલો જ છે કે સામ્યવાદનો દેખાવ કરવો અને જુનવાણી ઘરઝવા આદત મુજબ પરિસ્થિતિ પેદા કરવાનો પ્રયત્ન કરવો અને સામ્યવાદમાંથી દેશને પાછો મુડીવાદ તરફ લઇ જવાનો આડકતરો પ્રયત્ન કરવો. આવી સામ્યવાદી દેશોમાં અવારનવાર વ્યક્ત થતી પીછેહઠ દાખવતી વૃત્તિઓને પાયામાંથી નાબુદ કરવામાં આવશે.) પક્ષ ' બુર્જવા રાષ્ટ્રવાદ ' સામેની ઝુંબેશ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લે છે અને ' Proletarian Internationalism ' – પછાત વર્ગોને સર્વસત્તાધીશ બનાવતા આન્તરરાષ્ટ્રીયવાદનું સમર્થન કરે છે અને " આખી દુનિયા ઉપર લોકશાહી અને સમાજવાદી રચનાની સ્થાપના કરવા માટે ચાલી રહેલા વ્યવસ્થાપૂર્વકના સામ્યવાદી આન્દોલનની એકતાને ટેકો આપે છે." આ બધા વાકયો અને શબ્દોનો ચોકકસ સંદર્ભ છે અને તે સાથે ચોકકસ અર્થ અને ભાવ જોડાયલો છે. જે પ્રકારની પાર્લામેન્ટરી-લોકસભા દ્વારા વિકસતી લોકશાહીના આદર્શનો આજે ભારતના સામ્યવાદી પક્ષે સ્વીકાર કર્યાનું જાહેર કર્યું છે તેની સાથે ઉપરના વાકયો અને શબ્દો બંધબેસતા નથી. એ વાકયો અને શબ્દો દ્વારા સૂચિત થતી વિચારસરણી પછાત વર્ગોની સરમુખત્યારશાહીના પાયા ઉપર જ રચાયલી છે. સામ્યવાદી પક્ષ પછાત વર્ગોના જ કેવળ પ્રતિનિધિત્વનો દાવો કરે છે. સામ્યવાદની સાધના તરફ પ્રગતિ કરવી એટલે વર્ગવિગ્રહને તીવ્ર બનાવવો અને વિસંવાદી તત્વોને મૂળમાંથી નાબુદ કરવા, પછાત વર્ગોની સરમુખત્યારશાહી હંમેશા જે વર્ગો અથવા પક્ષો સામ્યવાદી પક્ષની વિચારસરણી સ્વીકારે નહિ અથવા કશું પણ નુકશાન કરી ન શકે એટલા નિર્જીવ બની ન જાય તે વર્ગો અથવા પક્ષોના અસ્તિત્વની સદન્તર નાબુદી ઇચ્છે છે. જે તદ્દન નિર્જીવ નિષ્ક્રિય હોય તે જ પક્ષને સામ્યવાદી તંત્રમાં નભાવવામાં આવે છે.

ચીનના માઓત્સેએ કહ્યું હતું કે " અનેક વિચારધારાઓ ભલે વહેતી થાઓ" ' "(Let a hundred flowers bloom)" પણ એક સિવાય બીજી બધી વિચારધારાઓને પીછેહઠ કરનારી વિચારધારાઓ તરીકે ત્યાં જાહેર કરવામાં આવી અને તે સર્વને નાબુદ કરવામાં આવી. સોવિયટની વીશમી પાર્ટીકૉંગ્રેસે " સમાજવાદ તરફ લઇ જતા અનેક માર્ગો ' (Many roads to freedom) ને અનુમતિ આપી હતી. આમ છતાં યુગોસ્લાવીઆએ સમાજવાદ સ્થાપવા માટે જે માર્ગ અખત્યાર કર્યો છે તેને એટલો બધો જોખમી લેખવામાં આવ્યો કે તાજેતરમાં યુગોસ્લાવીઆમાં મળેલી સામ્યવાદી કૉંગ્રેસમાં બીજા સામ્યવાદી પક્ષોએ પોતાના પ્રતિનિધિઓ મોકલવાનો સાફ ઇનકાર કર્યો. ' સમાજવાદ તરફ લઈ જનારા અનેક માર્ગો ' ના વિચારનો સ્વીકાર કરવામાં આવે તો પણ કોઇ પણ સામ્યવાદી સજ્જન

એમ સૂચવવાને તૈયાર નથી કે અમુક દેશમાં એક વખત સામ્યવાદી પક્ષને સંમત એવી સમાજવાદી રચના ઉભી કરવામાં આવ્યા બાદ તેમાંથી લેશમાત્ર ફેરફાર કે પીછેહઠ થઈ શકે છે. હંગેરીની પ્રજા આ બાબતમાં જરા મુક્ત મનથી વિચાર કરી રહી હતી, પણ, કહેવાતી જનતાની લોકશાહી – " people's democracy " ને બચાવી લેવા માટે પૂરી તાકીદથી અને ભારે જુલમપૂર્વક તેમને દાબી દેવામાં આવ્યા હતા.

ભારતના સામ્યવાદી પક્ષે હાલ તુરતને માટે પાર્લામેન્ટરી ડેમોક્રસીનો પાઠ ભજવવાનું સ્વીકાર્યું છે પણ તેનું લક્ષ્ય તો તેમણે કલ્પેલી ' પીપલ્સ ડેમોક્રસી ' જનતાવ્યાપી લોકશાહી છે. કેરલે બતાવી આપ્યું છે કે સામ્યવાદીઓ અમુક સંયોગમાં બેલટ બોક્સ–મતપેટી દ્વારા સત્તા ઉપર આવી શકે છે. પણ આખી પરિસ્થિતિનો વધારે ઊંડાણથી વિચાર કરતાં એમ પણ માલુમ પડે છે કે તેઓ કેરલમાં સત્તા ઉપર આવી શકયા છે અને તેમને બીજે સ્થળે પણ સારા પ્રમાણમાં મતો મળ્યા છે તેનું કારણ એ નથી કે લોકોએ સામ્યવાદી વિસારસરણી સ્વીકારી છે. બીજા કોઈપણ સુવ્યવસ્થિત રાજકીય પક્ષના અભાવમાં આજની કોંગ્રેસ સરકાર સામે લોકોમાં જે અસંતોષ ફેલાયેલો છે તેને વ્યક્ત કરનાર તરીકે આ સામ્યવાદી પક્ષ એ એક જ સૌથી મોટી સંખ્યા ધરાવતો સુવ્યવસ્થિત, રાજકીય પક્ષ આજે આપણા દેશમાં અસ્તિત્વ ધરાવે છે. સામ્યવાદીઓને જે કૃતેહ મળી છે તેનું મોટા ભાગે એ કારણ છે કે કોંગ્રેસી તંત્રની વહીવટી અક્ષમતા, અવ્યવસ્થિતતા અને રૂઢ્યતખોરીને લીધે લોકો કોંગ્રેસથી વિમુખ બનતા જાય છે. ઓરિસ્સા અને મદ્રાસમાં અનુક્રમે ગણતંત્ર પરિષદે અને દ્રાવિડ મુ-નેત્રા કાઝગામે છેલ્લી ચૂંટણી દરમિયાન કોંગ્રેસ સામેના અસંતોષનો સારો લાભ ઉઠાવ્યો હતો. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પણ આવું જ પરિણામ આપણે જોઇ રહ્યા છીએ. સામ્યવાદી પક્ષની અમ્રતસરમાં ભરાયેલી કોંગ્રેસે વર્તમાન રાજકીય પરિસ્થિતિ ઉપર એક લાંબો ઠરાવ કર્યો છે અને તેમાં ફરિયાદ રૂપે રજુ કરવામાં આવ્યું છે કે " કોમ્યુનીસ્ટ પક્ષની જહાલ તત્ત્વોના અને સામાન્યતઃ લોકશાહી હીલચાલના વિકાસની ગતિ આજની ' સરકાર સામે જનતામાં વધતા જતા અસંતોષના પ્રમાણમાં બહુ ધીમી છે. " સામ્યવાદીઓ આશા રાખે છે કે આ વધતા જતા અસંતોષનો વધારે ને વધારે પ્રમાણમાં લાભ ઉઠાવવામાં આવે તો લોકશાહી ઢબની ચૂંટણી દ્વારા તેઓ પહેલાં આન્ધ્ર અને પશ્ચિમ બંગાળામાં અને પછી જલ્દિથી દીલ્હીમાં સત્તા ઉપર આવી શકે.

જો કોંગ્રેસની નિષ્ફળતાના પરિણામે અને એવા જ બીજા કોઇ બળવાન પ્રભાવસંપન્ન પક્ષના અભાવમાં સામ્યવાદીઓ સત્તા ઉપર આવી શકતા હોય તો શા માટે લોહીની નદીઓ વહેતી કરવી અને લોકો ઉપર ત્રાસની આગ વરસાવવી ? જો સુલેહશાંતિ દ્વારા પોતાનો હેતુ સરતો હોય તો હિંસાની શું કામ વાતો કરવી ? તેઓ કોઇને ભડકાવવા માંગતા નથી, થોડાકને કદાચ સત્તાભ્રષ્ટ કરે. પાર્લામેન્ટરી ડેમોક્રસી–લોકસભાદ્વારા સધાતી લોકશાહીમાં શ્રદ્ધા હોવાનો દાવો કરવો તે તેમની પૂરી શાણપણભરી ચાલ છે.

સામ્યવાદી પક્ષ બીજા વિશ્વવિગ્રહ દરમિયાન સ્વાતંત્ર્ય યુદ્ધથી દૂર રહ્યો હતો. પાછળથી ત્રાવણકોર અને મલબારમાં, બંગાળા અને પેપ્સુમાં તેમણે હિંસાના–લોકો ઉપર ત્રાસ વર્તાવવાના–અખતરા કર્યા. આક્રમક ટ્રેડ યુનીયનીઝમના તત્પક્ષીઓ પણ આવ્યા અને ગયા. સરકારની ચડિયાતી શસ્ત્રસંપન્નતા અને લોકોમાં સામ્યવાદીઓએ જે ભડક પેદા કરી તેને લીધે ઉપરના અખતરાઓમાં તેઓ નિષ્ફળ નિવડયા. હિંદના આજના સંયોગોમાં તેમણે જે નવી નીતિ અખ્તયાર કરી છે તેથી તેમને ઘણો લાભ થવાનો સંભવ છે.

આજે સામ્યવાદીઓ જે બાબતનો દાવો કરી રહ્યા છે તેનું ખાસ મહત્ત્વ નથી, પણ દીલ્હીમાં તેઓ સત્તા ઉપર આવે ત્યાર બાદ તેઓ કેમ વર્તે છે તેનું જ ખરું મહત્ત્વ છે. " જ્યાં સુધી તેઓ (એટલે કે સામ્યવાદી સરકારના વિરોધી લોકો) રાષ્ટ્રના બંધારણ મુજબ વર્તે ત્યાં સુધી " વ્યક્તિગત સ્વાતંત્ર્ય, વાણી સ્વાતંત્ર્ય, છાપાનું સ્વાતંત્ર્ય, મંડળો ઉભા કરવાનું સ્વાતંત્ર્ય અને વિરોધ પક્ષનો અસ્તિત્વ–અધિકારનો સ્વીકાર–આ બધાની તેઓ બાંહેધરી આપે છે. " આમાં છળ ક્યાં રહેલો છે કે સામ્યવાદીઓ જે બંધારણની વાત કરે છે તે ભારતના પ્રજાસત્તાક રાજ્યનું આજનું બંધારણ કે જેની મારફત સામ્યવાદીઓ સત્તા ઉપર આવવાની આશા રાખે છે તે બંધારણ નહિ હોય, પણ પોતે સત્તા ઉપર ટકી રહે એ પ્રકારનું સામ્યવાદીઓ જે નવું બંધારણ ઘડશે તે –' ઈન્ડીયન પીપલ્સ ડેમોક્રસી ' નું બંધારણ હશે.

સામ્યવાદી દેશોમાં વાણીસ્વાતંત્ર્યને અને વિરોધસ્વાતંત્ર્યને માત્ર ત્યાં સુધી નીભાવવામાં આવે છે કે જ્યાંસુધી તે રાજ્યને અથવા તો પક્ષના સર્વસત્તાધીશપણાને જોખમમાં ન મૂકે. પક્ષ અને રાજ્ય વચ્ચે તેઓ ભેદ નથી કરતા. બન્ને એક છે એમ તેઓ માને છે. તેથી જેને લીધે પક્ષની સત્તા જોખમાય તેને તેઓ રાજદ્રોહી પ્રવૃત્તિ તરીકે લેખે છે.

જે તત્ત્વવિચાર અને આચાર પ્રત્યે સામ્યવાદીઓ વફાદારી દાખવે છે તેથી કેવળ વિપરીત પ્રકારની આજે તેમણે સ્વીકારેલી અને જાહેર કરેલી નીતિ છે. આ નવા અભિનયમાં આ રીતે પાયાનો વિરોધ અથવા તો વદતોવ્યાઘાત જેવું છે. કારણ કે સામ્યવાદીઓ જો એમ કહે કે જ્યારે પણ બેલેટ બોક્સ–મતદાનની પેટી અમારી વિરુદ્ધ ચૂકાદો આપશે ત્યારે અમે સત્તાનો ત્યાગ કરવાને તૈયાર હોઈશું. તો તેમનું આમ કહેવું તે તેમના પક્ષની માન્યતા અને સ્વીકૃત ધોરણ મુજબ એક મહાપાપ સમાન લેખાશે અથવા તો જેને તેઓ ' રીવીઝનીઝમ ' અથવા તો ' રાઈટ સેક્ટોરિયેનીઝમ ' તરીકે ઓળખે છે તે પ્રકારનું હીન કૃત્ય ગણાશે.

આ સંબંધમાં પક્ષના જનરલ સેક્રેટરી શ્રી અજય ઘોષે એક ઠેકાણે જણાવ્યું છે તે અહિં ઉધ્ધૃત કરવું પ્રસ્તુત લેખાશે. " ન્યુ એઇજ મન્થલી ' ના ચાલુ સાલના ફેબ્રુઆરી માસના અંકમાં ' Towards A mass Communist Party '–લોકસમુદાયવ્યાપી કોમ્યુનીસ્ટ પાર્ટી તરફ '–એ મથાળાના લેખમાં તેઓ જણાવે છે કે " કેટલાક લોકો એમ ધારતા જણાય છે કે લોકસમુદાયવ્યાપી પાર્ટીનું આન્દોલન ચલાવવું એનો અર્થ એવો છે કે આજે મજુરોને લગતા કાયદાની જે પરિસ્થિતિ છે તે સ્વીકારીને ચાલવાનું છે અને સમાજવાદની સ્થાપના શાંતિભર્યા સાધનો વડે કરવાની છે. આ ઉપર ઉપરથી ઠીક લાગે તેવી વાત છે. પણ આના જેટલી બીજી કોઇ વાત સત્યથી વધારે વેગળી હોઈ ન શકે. જો આવા ખોટા વિચારો સ્વીકારીને ચાલવામાં આવે તો તેનુ પરિણામ એ આવે કે મુઠ્ઠીવા વર્ગના પક્ષોથી સામ્યવાદી પક્ષ જે અગત્યના મુદ્દાઓ ઉપર જુદો પડે છે તે મુદ્દાઓનો કોઈ અર્થ ન રહે. આવા ખ્યાલો વડે આપણે જનતાવ્યાપી પક્ષ ઉભો કરવામાં કદાચ કૃતેહમંદ થઇએ, પણ તે પક્ષ મજુરી કરતા વર્ગનો પક્ષ નહિ હોય, લોકસમુદાયવ્યાપી સામ્યવાદી પક્ષ નહિ હોય. તે બીજી બધી રીતે આજની કોંગ્રસનો જ બીજો નમુનો હશે. આવો પક્ષ, તે ગમે તેટલા ક્રાન્તિકારી સૂત્રો પોકારે, અને તત્કાલીન વહીવટી તંત્રની ગમે તેટલી કડક ટીકાઓ કરે તો પણ, આવો પક્ષ સત્તા પ્રાપ્ત કરવાની લડત અંગે અને પાયાના સામાજિક પરિવર્તન માટે લોકોને દોરવણી આપવાને અસમર્થ નીવડવાનો. પ્રત્યાઘાતી તત્વોના આક્રમણ સામે પોતાનો તેમ જ લોકોનો બચાવ કરવામાં પણ તે નાકામયાબ નીવડવાનો." મૂળ અંગ્રેજી : **બી. જી. વર્ધેઝ**

અનુવાદક : **પરમાનંદ**

ભૂલ સુધાર

ગયા અંકમાં પાના ૧૮ ઉપર પહેલું કોલમ પહેલી લીટીમાં જે 'એમ્પાયર એન્ડ કું.' છપાયું છે તેને બદલે 'એ. પામર એન્ડ કું.' એમ સુધારીને વાંચવું. **તંત્રી.**

જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ

(ગતાંકથી ચાલુ)

જૈન-બૌધ્ધધર્મનો પ્રચાર-બાહ્યકારણો

પ્રાચીન પરંપરા અને નવી સર્જાતી પરંપરામાં અનેક રીતે હાનિ-લાભો સંભવે છે અને તે જૈન અને બૌધ્ધ બન્ને ધર્મને ભાગે આવે તે સ્વભાવિક છે. પ્રાચીન પરંપરામાં પ્રચાર માટેની ધગશ લગભગ સમાપ્ત હોય છે જ્યારે નવીન પરંપરામાં એવી ધગશ ઉગ્રરૂપ પકડે છે. પ્રચારની બાબતમાં પ્રાચીન પરંપરામાં ઉપેક્ષા સંભવી શકે છે, જ્યારે નવી પરંપરામાં એવી ઉપેક્ષા પાલવી શકે નહિ. એટલે આપણે બુધ્ધે ઉચ્ચારેલ चरथ भिक्खवे चारिकां बहुजनहिताय बहुजन सुखाय-જેવા પ્રચારોત્તેજક વાક્યો સાંભળીએ છીએ, જ્યારે જૈન આગમમાં ભિક્ષુને આ પ્રકારનો ઉપદેશ મળ્યો હોય અગર મળવા સંભવ હોય એમ નથી લાગતું. ત્યાં વિહારનો ઉદ્દેશ પ્રચાર નહિ પણ આત્મસાધના છે. એક ઠેકાણે રહેવાથી આસપાસના લોકો અને સ્થાનોમાં મોહ બંધાય છે, માટે સ્થાનપરિવર્તન આવશ્યક છે. એવી ધારણા વિહાર પાછળ છે, અને પ્રચાર એ વિહારનું આનુષંગિક ફળ છે, નહિ કે મુખ્ય. પણ બુધ્ધે તો સ્પષ્ટ આદેશ જ આપ્યો છે કે નાની નાની ટોળીઓ બનાવીને ભિક્ષુઓ ધર્મપ્રચારનું નિમિત્ત લઈ વિહાર કરે. આને કારણે બૌદ્ધ ધર્મ થોડા વખતમાં જ વિશ્વવ્યાપી બન્યો, જ્યારે જૈનધર્મનું મુખ્ય ધ્યેય પ્રચાર નહિ પણ આત્મસાધના હોઈ એનો યોગ્ય રૂપમાં પ્રચાર થઈ શક્યો નહિ. બુધ્ધે ઉપદેશેલી ચારિકા ભારતમાં જ્યારથી બંધ પડી, સ્થાયી વિહારોમાં જ એકત્ર થઈ ભિક્ષુઓ રહેવા લાગ્યા, તેમનામાં શિથિલાચાર વધ્યો, મુસલમાની જમાનામાં વિહારોનો સરલતાથી નાશ કરવામાં આવ્યો, અને બૌદ્ધ વિદ્વાનોએ પરદેશનો આશ્રય શોધ્યો, ત્યારથી ભારતમાં ક્રમે ક્રમે બૌદ્ધ ધર્મનો હ્રાસ થયો. આત્મસાધના કરતા પ્રચાર ઉપર વધારે અવલંબતો બૌદ્ધ ધર્મ ભારતમાં ઊંડા મૂળ નાંખી શક્યો નહિ, જ્યારે જૈન ધર્મના તો પ્રાચીનકાળથી ઊંડા મૂળ નંખાયા હતા. વળી તે આત્મસાધના સાથે જ પ્રચારને પણ ધીરેધીરે મહત્વ આપતો થયો, તે એટલે સુધી કે, પ્રચારની સમક્ષ આત્મસાધના પણ ગૌણ બની ગઇ. આ કારણે તે ભારતવ્યાપી થઇ ગયો; પણ જેટલા પ્રમાણમાં આત્મસાધનાની કચાશ આવતી ગઇ તેટલા પ્રમાણમાં કેવળ પ્રચારબળે સર્વત્ર ટકી શક્યો નહિ; કારણ વિરોધીઓનું પ્રચારબળ તેથી વધારે પ્રબળ હતું. એટલે આજે જૈન ધર્મ ભારતવ્યાપી પણ નથી.

પ્રચારના આંતરિક કારણો

જૈન-બૌદ્ધ ધર્મના પ્રચારનાં બાહ્ય કારણોની આ ચર્ચા થઇ. પણ આન્તરિક નિષ્ઠા અને માન્યતા વિષે પણ વિચાર કરવો આવશ્યક છે. બુદ્ધની મહાકરુણાની ભાવનામાં જગદુદ્ધારનાં બીજો રહ્યાં છે, એટલે પ્રાથમિક હીનયાનમાંથી બૌદ્ધધર્મે મહાયાનનું રૂપ લીધું, અને બોધિસત્ત્વના આદર્શને આગળ કરી સ્વકલ્યાણ કરતાં પરકલ્યાણને મહત્ત્વ આપ્યું. બૌદ્ધ ધર્મના વિશ્વવ્યાપી પ્રચારમાં આ તત્ત્વે મહત્વનો ફાળો આપ્યો છે. આથી ઉલટું જૈન ધર્મમાં મહાકરુણાને અવકાશ છતાં અને અહિંસાના મૂળમાં મહાકરુણાની ભાવના છતાં; તેનું વ્યાવહારિક રૂપ નિવૃત્તિ-હિંસા નિવૃત્તિએ લીધું અને કોઇ પણ પ્રકારની પ્રવૃત્તિ-ત્યાજ્ય ગણાઇ. અહિંસાના ઐકાન્તિક આગ્રહ ઉપર જીવન વ્યાપી વ્યવહારોનું નિર્માણ થયું. પરકલ્યાણ કરતાં સ્વકલ્યાણનું મહત્વ વધ્યું. એટલે મહાકરુણાને સક્રિય બનવાને અવકાશ ઓછો રહ્યો. તે નિષ્ક્રિય રહી. નિષ્ક્રિય મહાકરુણા અમુક વ્યક્તિઓ માટે તો આકર્ષક બની શકે, પણ તે વ્યાપક બની શકે નહિ. આથી જૈન ધર્મના પ્રચારમાં આ પણ એક બાધક તત્ત્વ બન્યું.

બાહ્યાચારનું ઘડતર-જૈન બૌદ્ધ ધર્મમાં

શ્રમણ ધર્મનાં સામાન્ય લક્ષણો બન્ને ધર્મમાં સમાન હોઈ, બાહ્ય આચાર અને અનુષ્ઠાનનાં નિયમોમાં બન્ને ધર્મમાં વિશેષ પ્રકારે સાધર્મ્ય હોય એ સ્વાભાવિક છે. છતાં પણ જૈન ધર્મના બાહ્યાચારનું અને બૌદ્ધ ધર્મના બાહ્યાચારનું ઘડતર મહાવીર અને બુદ્ધની પ્રકૃતિને અનુસરીને થયું છે અને તેને લીધે આચરણ પાછળની દૃષ્ટિમાં મૌલિક ભેદ છે.

પાર્શ્વ અને તેમની પરંપરામાં ત્યાગ અને તપસ્યાને સ્થાન અવશ્ય હતું, પણ તેમાં ઉત્કટતા ભ. મહાવીરે દાખલ કરી. પાર્શ્વના ભિક્ષુઓમાં વસ્ત્રપરિધાનની છૂટ હતી, પણ ભ. મહાવીરે અચેલકતાનો આગ્રહ રાખ્યો. કોઇ પણ આંતરિક સિદ્ધાન્તનું અનુસરણ ત્યારે જ પૂરું થયું ગણાય, જો તદનુરુપ આચરણને ગોઠવવામાં આવે. અર્થાત્ આંતરનો પડઘો બહાર પડવો જ જોઇએ. આ પ્રકારનો આગ્રહ ભ. મહાવીરનો હતો. અને એને જ કારણે તેમણે અપરિગ્રહ અથવા મમત્વ ત્યાગની આંતરિક ભાવનાને અનુરુપ બાહ્ય આચરણની ગોઠવણી કરવામાં અચેલક બનવું, અસ્નાન, મળધારણ આદિ આવશ્યક માન્યું. વસ્ત્ર-સ્વીકાર એ સાધકની કમજોરી છે, આવશ્યક નથી, એમ તેમણે માન્યું. જો કે પોતાના સંઘમાં તેમણે અચેલક અને સચેલક બન્ને પ્રકારના સાધકોને સ્થાન આપ્યું પણ સચેલક માટે પણ એ આવશ્યક માન્યું કે તે કયારેક પણ અચેલક થાય. આથી વિરુદ્ધ બુદ્ધ તૃષ્ણાત્યાગ અને મમત્વના ત્યાગમાં માનવા છતાં તેમને અચેલક થવું આવશ્યક જણાવ્યું નથી. માનસિક મમત્વ ત્યાગ હોય તો બાહ્ય વસ્ત્ર હોય કે ન હોય એ ગૌણ વસ્તુ છે. બાહ્ય વસ્ત્ર હોય છતાં આંતરિક મમત્વત્યાગ કે તૃષ્ણા-ત્યાગ સંભવી શકે છે એમ બુદ્ધ માનતા હોવા જોઇએ. આથી તેમણે ભિક્ષુઓ માટે વસ્ત્રત્યાગ આવશ્યક માન્યો નથી. ઉલટું લોકાચારને અનુસરીને, ઘૂંટી સુધી વસ્ત્રાવરણ આવશ્યક માન્યું છે. સારાંશ એ છે કે यद्येपि शुद्धं लोकविरुद्धं नाचरणीयं એ માન્યતાને બુધ્ધે પુષ્ટ કરી છે. અને શિષ્ટાચાર અથવા સ્થાપિત કે પ્રચલિત લોકાચારમાં પરિવર્તન કરવું આવશ્યક છે એમ બુધ્ધે માન્યું નથી. નગ્નત્વ, અસ્નાન, મળ-ધારણ જેવી લોકોને અરુચિકર બાબતોનો આગ્રહ તેમણે રાખ્યો નથી. જ્યારે ભ. મહાવીરે કાયોત્સર્ગને મમત્વત્યાગનું અનિવાર્ય અંગ માન્યું હોઈ નગ્નતા, અસ્નાન, મળધારણ જેવી સામાન્ય લોકોને અરુ-ચિકર બાબતોનો પણ સ્વીકાર કર્યો છે. આથી એમ કહી શકાય કે ભ. મહાવીરનો માર્ગ આંતરિક કષાયોપશમ સાથે સાથે તદનુરુપ બાહ્ય કાયક્લેશની ઉત્કટતાને સ્વીકારે છે, જ્યારે બુદ્ધ કષાયોપશમ સ્વીકારવા છતાં બાહ્યાચારમાં મધ્યમમાર્ગી છે. એટલે તેમણે એક તરફ ચાર્વાક જેવા ભૂતવાદીના આત્યંતિક શારીરિક ભોગવાદને અવગણ્યો તો બીજી તરફ અત્યંત શરીરકષ્ટને પણ અવગણ્યું. અને આચારમાં મધ્યમ-માર્ગ સ્વીકાર્યો. બન્ને સંઘમાં આનાં પરિણામો જે આવ્યા તેનો વિચાર કરીએ તો જણાશે કે જૈન સંઘમાં આંતરિક આચારને બદલે બાહ્યાચારનું ખોખું જાળવવાનો વિશેષ પ્રયત્ન થયો અને બુદ્ધના સંઘમાં મધ્યમમાર્ગને નામે આચારમાં શિથિલતા આવી; કારણ બે છેડાની વચલી અવસ્થાનો ઢોર બહુ લાંબે હોય છે. એટલે મધ્યમ માર્ગમાંથી શિથિલાચાર તરફ સરકવું બહુ સરલ થઈ પડે છે. એક તરફ બુદ્ધ અને તેમના અનુયાયીઓને જૈન ભિક્ષુઓના આચરણમાં માત્ર દેહદંડ સિવાય કશું દેખાયું નહિ. અને તેમણે જૈનાચાર વિષે આક્ષેપ કરવો શરૂ કર્યો કે આ લોકો તો માનસિક પાપ કરતા શારીરિક પાપને અધિક મહત્ત્વ આપે છે. એટલે શરીરકષ્ટ ભોગવી પાપક્ષય કરવાની ફિકરમાં પડયા છે. તો બીજી તરફ જૈન સંઘના અનુયાયીઓ બૌદ્ધભિક્ષુ વિષે આક્ષેપ કરવા લાગ્યા કે આ તો સુખશીલિયા છે. આ આક્ષેપોમાં આંશિક સત્ય રહેલું જ છે એ સ્વીકારવું જોઇએ.

આચરણ અને પ્રચારનો સંબંધ

આચરણની ઉત્કટતા અને મધ્યમમાર્ગિતા-ધર્મપ્રચારમાં શો ભાગ ભજવે છે તેનો વિચાર કરીએ તો જણાઈ આવશે કે બુદ્ધના મધ્યમ માર્ગે ધર્મપ્રચારમાં બહુ મોટો ફાળો આપ્યો છે અને તેમનો ધર્મ વિશ્વવ્યાપી બની ગયો છે, પણ બુદ્ધનું બુધ્ધત્વ અને તેના આનુષંગિક ધર્મોનો વસ્તુતઃ કેટલો પ્રચાર થયો છે એની પરીક્ષા કરીએ તો જણાશે કે બુધ્ધત્વ અને તેના આનુષંગિક ધર્મોને ભોગે જ એ પ્રચાર થયો છે. બુદ્ધનું નામ છે, પણ બુધ્ધત્વનો પ્રકાશ નથી. એટલે જ ભારતીય બૌધ્ધ અને તિબ્બતી બૌધ્ધમાં, એ બન્ને માત્ર બુધ્ધને આરાધ્ય સ્વીકારે છે એ સિવાય વિશેષ કશું જ સામ્ય નથી. એટલું જ નહિ પણ બુધ્ધની મહાકરુણાના સિધ્ધાન્તનો જીવનમાં પડઘો કેટલો પડયો એની ઊંડી તપાસ કરીએ તો નિરાશ જ થવું પડે છે.

બીજી તરફ જૈન માર્ગની ઉત્કટતાને કારણે અને તેની અવ્યવહારુતાને કારણે તેનો પ્રચાર બહુ જ ધીમી ગતિએ થયો છે; એટલું જ નહિ, પણ પ્રજાના બહુ જ થોડા ભાગમાં તેણે ઊંડા મૂળો નાંખ્યા છે. જૈન ધર્મનો ઉદ્‌ભવ જે ભૂમિમાં થયો ત્યાં આજે તેનું, નામ નિશાન નથી. અને જ્યાં છે ત્યાં પણ જૈનાચારની **તથાકથિત** ઉત્કટતામાં અનેકરૂપે શિથિલતાએ પ્રવેશ કર્યો છે. જો કે બાહ્ય ખોખું એવું ને એવું રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. નગ્નતાના આગ્રહી દિગંબરોમાં તૃષ્ણાત્યાગ કરતા નગ્નતાનું મમત્વ વધી ગયું છે તો શ્વેતાંબરોમાં વસ્ત્ર આદિ સામગ્રીનો ઠઠારો એટલો બધો વધી ગયો છે કે તેમને ભ. મહાવીરના મૂળ ઉત્કટ કાયક્લેશ સાથે બહુ જ ઓછો સંબંધ રહ્યો છે. છતાં પણ આહાર-ગોચરીના-બાહ્ય નિયમોને વળગી રહેવા પ્રયત્ન કરે છે પણ તેમનું જીવન નિષ્કપટ છે એમ કહી શકાય નહિ. આમ ઉત્કટતાને કારણે જીવનમાં કપટભાવે પ્રવેશ કર્યો અને પ્રચારમાં પણ શૈથિલ્ય રહ્યું. પરિણામે એવી ઉત્કટતા ધર્મપ્રચારમાં અત્યંત સહાયક બને છે એમ કહી શકાય નહિ.

બુદ્ધ-મહાવીરની પૃથક સાધના અને તેનું પરિણામ

એક તરફ સ્વયં ભગવાન્ મહાવીરે ઉત્કટ કાયક્લેશ સાથે સમાધિ અને સર્વજ્ઞતાને અબાધિત રીતે સિદ્ધ કરી છે એવો દાવો છે તો બીજી તરફ બુદ્ધ કહે છે કે ઉત્કટ તપસ્યાથી પ્રજ્ઞા પ્રાપ્ત થતી નથી. તેમણે પોતે લાંબા કાળ સુધી તપસ્યા કરી તે એટલે સુધી કે શરીરમાં માત્ર હાડકાં જ રહ્યા અને તે ખડખડ કરવાં લાગ્યાં. અંતે તેમણે અનુભવ્યું કે આવી ઉત્કટ તપસ્યા એ કોઈ પૂર્ણ પ્રજ્ઞાની સાધક નથી. એટલે તેમણે તપસ્યાના માર્ગને છોડીને ધ્યાન-સમાધિ માર્ગને અપનાવ્યો અને ધ્યેયસિદ્ધિ કરી. આ બે મહાપુરુષોના આવા જુદા જુદા અનુભવો તેમના સંઘમાં પણ પરંપરાથી પુષ્ટ થયા છે, અને થાય તે સ્વાભાવિક છે. જૈન શાસ્ત્રોમાં તો 'દેહદુઃખં મહાફલં' ની ભાવનાનો વિસ્તાર જોવામાં આવે છે. જ્યારે બૌદ્ધ શાસ્ત્રમાં ઉત્તરોત્તર દેહદમનની ઉપેક્ષા જોવામાં આવે છે. પરિણામે જૈન સંઘો જે ઉત્તરોત્તર બન્યા-સંપ્રદાયો અને તેના પેટા ભેદો બન્યા, તેના મૂળમાં કોઈ વિચાર-ભેદ યા દર્શનભેદ નહિ પણ બાહ્ય આચાર પરત્વે ઉત્કટતાભેદ જોવા મળશે. શ્વેતાંબર-દિગંબરની દાર્શનિક વિવાદની બાબતો કશી જ નથી. વિવાદ છે માત્ર વસ્ત્ર પહેરવા કે નહિ અને તેને આધારે સ્ત્રીમુક્તિ જેવા પ્રશ્નોમાં પણ વિવાદ થયો. શ્વેતાંબરમાં પણ સ્થાનકવાસી અને મૂર્તિપૂજકમાં મુખ્યભેદ મૂર્તિ પૂજવા ન પૂજવા વિષે છે. અને બાકી વેશમાં થોડો ભેદ છે. સ્થાનકવાસી અને તેરાપંથીમાં આચારની કઠોરતાને એટલે સુધી લંબાવવા પ્રયત્ન કરવામાં આવ્યો કે તે કેવળ બાહ્ય આચરણમાં જ કઠોરતા રહી અને અહિંસાના વિચારને એ આચારની કઠોરતાની કસોટીએ કસવા જતાં તેરાપંથીમાં અહિંસા એ દયાશૂન્ય-કરુણાશૂન્ય એક હાસ્યાસ્પદ સિદ્ધાન્ત બની ગયો. આમ દેહદમન ઉપર ભાર આપવા જતાં ભ. મહાવીરનો અહિંસા સિદ્ધાન્ત કેવી દયનીય સ્થિતિને પામ્યો તે આપણે જોઈ શકીએ છીએ વળી જૈન શાસ્ત્રમાં ધ્યાનનું જે વર્ણન અઢી હજાર વર્ષ પહેલાનું મળે છે તે ધ્યાનની સાધના સંઘમાં ચાલુ રહી હોય તેમ જણાતું નથી, કારણ એ જૂના વિચારમાં જે અસ્પષ્ટતા છે તે આજે પણ એવી ને એવી જ છે. ધ્યાન વિષેની પ્રાચીન જૈન વિચારણામાં નવો અનુભવ કાંઈ ઉમેરાયો હોય કે નવું સ્પષ્ટીકરણ થયું હોય તેવું કોઈ પ્રમાણ ઉપલબ્ધ નથી. એ બતાવે છે કે ધ્યાનમાર્ગનું અવલંબન જૈન સંઘે ગૌણ કરી દીધું હતું અને તે આજે પણ જૈન સંઘમાં જોઇ શકાય છે. તપસ્યા-દેહદમન-અનશનના ભેદ-પ્રભેદ અને **લાંગ જાળ** એટલી બધી વિસ્તૃત છે કે તેનું એક સ્વતંત્ર શાસ્ત્ર બની જાય. અને એમાં હવે તો આગળ-પાછળનો આડંબર એટલો વધી ગયો છે કે તપસ્વી પણ તપસ્યા કરતાં એ આડંબરમાં વધારે રત બની જાય એવો સંભવ વધારે છે. આમ ભગવાન મહાવીરની ધ્યાન સાથે ઉત્કટ તપસ્યાને બદલે સંઘમાં સર્વગ્રાહ્ય એવી ઉત્કટ તપસ્યા-અનશન વગેરે મહત્ત્વને પામી અને ધ્યાનમાર્ગ ગૌણ બની ગયો.

આથી ઊલટું બૌદ્ધ સંઘનો ઇતિહાસ તપાસીએ તો જણાશે કે તેમાં પ્રાચીન પિટકોમાં પણ ધ્યાનનું જે વિસ્તૃત અનુભવપૂર્ણ વર્ણન મળે છે અને ચિત્તની વૃત્તિઓનું જે વિશ્લેષણ મળે છે તે અન્યત્ર દુર્લભ છે. એટલું જ નહિ પણ ઉત્તરોત્તર એ ધ્યાનમાર્ગનો વિકાસ થયો છે. અને બૌદ્ધ સંઘના આજે વિસ્તૃત શિથિલાચારમાં પણ અનુભવી ધ્યાનમાર્ગના અગ્રેસરો જોવા મળે છે. એટલું જ નહિ પણ એ ધ્યાનમાર્ગનો એક સ્વતંત્ર સંપ્રદાય પણ બૌદ્ધોમાં ઊભો થયો છે. પણ ધ્યાનમાર્ગનો ઐકાન્તિક આગ્રહ રાખવા જતાં બૌદ્ધ ધર્મમાં આચરણની શિથિલતા અને છેવટે તંત્રયાન જેવા વામમાર્ગી સંપ્રદાયોનો વિકાસ થયો, જેને પરિણામે ભારતવર્ષમાંથી બૌદ્ધધર્મ લુપ્ત થયો.

આ વસ્તુનો એક બીજી રીતે પણ વિચાર કરીએ તો વળી એક નવું જ તથ્ય નજર સામે આવે છે. ભ. મહાવીરનો પ્રયત્ન રાગ-દ્વેષનો વિજય કરવો એ મુખ્ય રૂપે હતો. અને તેનું આનુષંગિક ફળ કેવળજ્ઞાન અથવા પ્રજ્ઞા હતું. આથી તેઓ એવું કોઈ પણ કાર્ય કરવા તૈયાર ન હતા જેથી રાગ-દ્વેષને પુષ્ટિ મળે. આને પરિણામે તેમણે ઉગ્રવિહાર અને અનશનનો માર્ગ અપનાવ્યો. આથી તેમના રાગ અને દ્વેષ તો વિજિત થયા જ, પણ તેમની પ્રજ્ઞા પાર્શ્વની પ્રજ્ઞાથી આગળ વધી શકી નથી. એટલે કે અઢીસો વર્ષ પહેલાં ભ. પાર્શ્વે દાર્શનિક વિચારણાનો જે પાયો નાખ્યો હતો એને અનુસરીને જે પોતાને પરોક્ષ હતું તે તેમણે રાગદ્વેષનો વિજય થવાથી પ્રત્યક્ષ કર્યું. આથી ભ. મહાવીરનું દર્શન પાર્શ્વથી જુદું પડતું નથી; કારણ તેમનું મુખ્ય ધ્યેય રાગદ્વેષનો વિજય કરવાનું હતું, નહિ કે તત્ત્વજ્ઞાનની કોઈ નવી સ્વતંત્ર ધારા પ્રવર્તાવવાનું. એમની મૂળ નિષ્ઠા પાર્શ્વના દર્શનમાં હતી તે નિષ્ઠા વીતરાગ બનવાથી પુષ્ટ થઈ. કારણ એ નિષ્ઠા લક્ષને તેઓ ચાલ્યા હતા. આથી તેમણે તપસ્યા માર્ગનો તો ઉત્કટ વિકાસ કર્યો, પણ પ્રજ્ઞામાર્ગ ત્યાંનો ત્યાં રહ્યો. તેમના સંઘે પણ અઢી હજાર વર્ષમાં ભ. મહાવીરની કે વસ્તુતઃ પાર્શ્વની પ્રજ્ઞામાં કશો વિકાસ કર્યો નથી. તેમાં દાર્શનિક વિચારણા અને સ્પષ્ટતા ખૂબ થયાં છે, અનેકાંત જેવા વાદને વિકસાવ્યો છે પણ દાર્શનિક મૌલિક ભૂમિકામાં કશું જ પરિવર્તન થયું નથી તેમ કહીએ તો તે એક સત્ય હકીકત જ છે.

આથી વિપરીત બુદ્ધનો પ્રયત્ન પ્રજ્ઞાપ્રાપ્તિ માટે હતો. તેમને મન વીતરાગ બનવું આવશ્યક હતું, પણ તેમની ચિંતાનો વિષય પૂર્ણ પ્રજ્ઞા હતી. પ્રજ્ઞાપ્રાપ્તિના પ્રયત્નમાં તેઓ અનેક જ્ઞાની અને ધ્યાનીના સંપર્કમાં આવ્યા અને એક પછી એકે બતાવેલ તત્ત્વજ્ઞાનને અનેક માર્ગે **સાક્ષાત્કૃત કરીને** છોડતા ગયા. અને જે બીજા પાસેથી મળ્યું તેમાં સદંતર અસંતોષ જ તેમને રહ્યો. અને છેવટે તેમણે પોતાના ધ્યાનબળે જે તત્ત્વનો સાક્ષાત્કાર કર્યો તેના વિષે તેમણે એવો સ્પષ્ટ દાવો કર્યો છે કે મેં જે પ્રાપ્ત કર્યું છે તે અપૂર્વ છે, મારા પહેલા એનો કોઇએ સાક્ષાત્કાર કર્યો નથી. આમ બુદ્ધનો પ્રયત્ન સ્વતંત્ર રીતે પ્રજ્ઞા પ્રાપ્ત કરવાનો રહ્યો છે અને તેથી તેમનું દર્શન એ પોતાનું છે. તેમણે એક નવી નિષ્ઠા ઊભી કરી છે. તત્ત્વજ્ઞાનની બાબતમાં એ કોઇને અનુસર્યા નથી એવો તેમનો દાવો છે. આમ બુદ્ધે જ્યારે પ્રજ્ઞાના કપાટ ઊઘાડી નાખ્યા અને તેને મોકળી મૂકી ત્યારે તેનું પરિણામ તેમના સુધી જ સીમિત રહે એ અસંભવ હતું. તેમના સંઘમાં પણ એ પ્રજ્ઞાવિકાસ પ્રત્યે સ્પષ્ટ પ્રયત્નો દેખાય છે પરિણામે ઉત્તરોત્તર સૂક્ષ્મ સૂક્ષ્મતર-સૂક્ષ્મતમ દાર્શનિક વિચારણાને આધારે બૌદ્ધ વિવિધ સંપ્રદાયોના પાયા બૌદ્ધ દર્શનમાં નંખાયા છે અને વિજ્ઞાનવાદ અને શૂન્યવાદ જેવા, પ્રજ્ઞાનો ઉત્તરોત્તર ઉત્કર્ષ સિદ્ધ કરતા વાદો, અસ્તિત્વમાં આવ્યા છે મધ્યમમાર્ગનું પ્રજ્ઞાના ક્ષેત્રમાં કેન્દ્રબિન્દુ કાયમ રાખવા છતાં એ માધ્યમિક વસ્તુનો દોર લાંબો હોઇ દાર્શનિક વિચારણામાં જે છૂટ બૌદ્ધ આચાર્યોએ લીધી છે તે ભારતીય દર્શનોના ઇતિહાસમાં પ્રજ્ઞામાર્ગનું એક અદ્વિતીય દૃષ્ટાંત બની રહે છે. આવી છૂટ જૈન આચાર્યોએ લીધી નથી એ પણ એટલું જ સ્પષ્ટ છે. અને તે સિદ્ધ કરે છે કે તેમનો માર્ગ પ્રજ્ઞાનો નહિ પણ કષાયવિજયનો હતો.

બૌદ્ધ અને જૈન દર્શન વિષે જે અસમાનતા છે તે વિષે ઘણું કહેવાનું છે પણ તે વળી બીજે અવસરે કહેવાશે. અહિં તો જૈન અને બૌદ્ધ ધર્મના ઉદ્‌ગમમાં જે ભેદ હતો અને તેને લક્ષને તેના પ્રચારમાં જે ભેદ પડ્યો-આ વસ્તુ ઉપર વિશેષ કહેવાનું હતું તે કહીને જ સંતોષ અનુભવું છું.

સમાપ્ત **દલસુખ માલવણિયા**

અજન્તા અને ઈલૂરનાં ગિરિમંદિરો

પ્રાસ્તાવિક

પશ્ચિમભારતમાં પર્વતના પાષાણ કલેવરમાં કોરી કાઢેલાં ગુફા મંદિરો અને સભામંડપોના સ્થાનો અનેક છે. એનો પ્રારંભ અશોકના સમયમાં (ઇ. પૂ. ૨૭૩-૨૩૨) બિહારમાં ગયા પ્રાન્તમાં થયેલો. પશ્ચિમ ભારતમાં મુંબઈ રાજ્ય વિસ્તારમાં પશ્ચિમ ઘાટોમાં તેની આવૃત્તિઓ થઈ. ખોરીવલી પાસેની કેનેરી ગુફાઓ, જોગેશ્વરીની ગુફાઓ, લોનાવલા પાસેની કાર્લાની ગુફાઓ, ભાજાની ગુફાઓ તેમજ નાશિક આગળની પાંડવ ગુફાઓ અને એલગામ આગળ બદામીની ગુફાઓ અને ઐહોલ અને પટાદકલનાં સ્થાનો તથા ખાનદેશમાં અજંતા-ઈલૂર, માળવામાં વાધગુફાઓ વિગેરેનો વિસ્તાર તળાજા અને શત્રુંજય સુધી પહોંચ્યો છે.

સૈકાઓ સુધી ગિરિપાષાણ ભેદવાની કળા ભારતમાં એટલી બધી શ્રેષ્ટતાએ પહોંચી છે કે તેનો જોટો જગતમાં મળવો મુશ્કેલ છે. ખાણ ખોદી પ્રચંડ પથ્થરો દૂર ખેંચી જવાની કળા કદાચ્તને સુસાધ્ય હતી, પણ એ જ પથ્થરખાણને સુરમ્ય મહાલયનું રૂપ આપવાની ચતુરાઇ અને ચમત્કાર ભારતના પ્રાચીન વિશ્વકર્માઓની સિદ્ધિ છે, તેમાં અજંતા અને ઇલૂર તો કળાની શિખર-સમૃદ્ધિઓ બની છે, અને આજના વિશ્વનું અપાર વિસ્મય બની છે, એટલુંજ નહિં પણ, તેમાં ઓતપ્રોત બનેલું કળાશિલ્પનુ સૌંદર્ય આજનાં રસ વિવેચકોના પ્રણામોનું પાત્ર બન્યું છે.

આજ તો અજંતા ઇલૂરની યાત્રાને ભારત સરકારે રાષ્ટ્રીય પ્રતિષ્ટા આપી છે. દેશ વિદેશના પ્રસિદ્ધ મુલાકાતીઓ ત્યાં જઈને ભારતની અપ્રતિમ કળા, સમૃદ્ધિ અને સંસ્કૃતિનું ગૌરવ સ્વીકારે છે. પ્રત્યેક ભારતીજનનું કર્તવ્ય છે કે આ કલા-નિર્માતાનો પરિચય, અભ્યાસ અને અનુશીલન કરી કૃતાર્થ બને.

અજંતા અને ઇલૂર જવાને રેલ્વેની તેમજ મોટર રસ્તાની ઘણી સગવડો છે. બંને સ્થળોનું દર્શન કરવાને એક એક દિવસ પૂરતો છે, પરંતુ તેનું રહસ્ય અને રસદર્શન પ્રાપ્ત કરવું હોય તો અગાઉથી પુસ્તકો અને ચિત્રોદ્વારા પરિચય કરવો જરૂરી છે. આમ કર્યા બાદ મૂળ આકૃતિઓની સમક્ષ નિરીક્ષણ કરતાં અપૂર્વ આનંદ મળે છે. મુંબઇથી મનમાડ જંકશનથી બદલી ઔરંગાબાદ જતી નાની ગાડીની મુસાફરી કુલ આઠેક કલાકનો વખત લે છે. મુંબઇથી મનમાડ થઈને ઔરંગાબાદ સુધીનો મોટર રસ્તો ૨૩૩ માઇલનો છે. ઔરંગાબાદથી ઇલૂર પહોંચવા ૧૮ માઇલનો મોટર રસ્તો છે. ઔરંગાબાદમાં ધર્મશાળાઓ, હોટેલો વગેરે સગવડો છે. ઘણા પ્રવાસીઓ ઇલૂર જોઇને સાંજે ઔરંગાબાદ પાછા આવે છે, અને બીજે દિવસે ખાનગી મોટર કે એક્સ્ટ્રા ટ્રાન્સપોર્ટમાં ૬૬ માઇલ દૂર આવેલ અજન્તા જાય છે અને પછી ૩૬ માઇલ દૂરના જળગામ જંકશનથી મુંબઇ તરફ પાછા વળવાની ટ્રેન પકડે છે. ઇલૂરમાં બૌદ્ધ, બ્રાહ્મણ અને જૈન સંપ્રદાયોની ગુફાઓ અને શિલ્પો છે. ત્યાંની ભીંતોનું ચિત્રકામ નાશ પામ્યું છે. પરંતુ અજંતાની ગુફાઓ પછીથી રચાયેલી હોવાથી ગુફામહાલયોની રચના અને શિલ્પ ઘણી વિશેષતાઓથી ભરપૂર છે. અભ્યાસી પ્રવાસીએ અજંતાનુ પૂર્ણ દિગ્દર્શન કર્યા બાદ ઇલૂરનાં શિલ્પધામો જોવાં જોઈએ, જેથી પ્રસ્તુત શિલ્પકળાનો કાળક્રમે કેવો વિકાસ થયો તેનો ખ્યાલ મેળવી શકે. **રવિશંકર મહાશંકર રાવળ**

કલાતીર્થ અજન્તા

'અજન્તા' નું નામ ભારતના સંસ્કારક્ષેત્રે હવે એક તેજસ્વી મોહની પ્રસારી રહ્યું છે. હિંદની ચિત્રકળાનો સુવર્ણયુગ કેવો હતો તેનો પ્રત્યક્ષ પુરાવો આપનાર અજન્તાની ગુફાઓમાં કોતરેલા બૌદ્ધ કલાવિહારો પૂર્વ ખાનદેશમાં બાઘોરા નદીની અર્ધચંદ્રાકાર ખીણની પહાડી કરાડોમાં આવેલા છે.

અજંતા પહોંચવાને સૂરત તરફથી જળગામ સ્ટેશન અથવા મુંબઇથી પાચોરા સ્ટેશન અનુકુળ પડે છે. અજંતાની નજીકમાં જ ફરદાપુર નામનું નાનું ગામ પણ છે. ત્યાં ડાકબંગલો પણ છે. ત્યાંથી ચાર માઇલ દૂર આવેલ બોડી ટેકરીઓની અંદર અજંતાના કલામંડપો ગર્ભાયેલા છે. ત્યાં જતાં એક નદી ઓળંગવી પડે છે તે જ બાઘોરા નદી. તેના કાંઠે કાંઠે સર્પાકારના વાંક વટાવતાં ઠેઠ પહોંચો નહિ ત્યાંસુધી ગુફાઓનો ખ્યાલ પણ નહિ આવે. છેલ્લો વાંક પૂરો થાય કે તુરત આપણી આંખ સામે ત્રણસો ફીટ ઉંચાઈની ઉભી ભેખડ એક દિવાલની જેમ પહાડમાંથી વર્તુલ કરતી દેખાય છે. નદીપટમાંથી એમ જ લાગે કે કોઇ મહાલયની સામે ઉભા છીએ. એ ઉંચી પથરાળ ભેખડની બરોબર મધ્યમાં કંદોરાની જેમ કોતરેલાં ગુફાદ્વારોની હાર નજરે પડે છે. ઉપર પહોંચવાને ગુફા નં. ૧ આગળ રાજ્ય તરફથી બંધાવેલાં હાલની ઢબનાં પગથીયાં છે.

અજંતાનો પ્રાચીન પ્રવેશમાર્ગ એ નહોતો. અટારીઓમાં લગભગ વચ્ચે આવતી સૌથી મોટા દર્શનવાળી ૧૭મા નંબરની ગુફા આગળ જુના માર્ગના ઘસાઇ ગયેલાં પગથીયાં છે. તે માર્ગ ગુફા આગળ પહોંચે છે. ત્યાં એ બાજુ મોટા હાથી ખડકમાંથી જ કોતરેલાં છે. તેમાંનો એક તૂટી પડ્યો છે. તેનાથી આગળ એક દોઢી જેવી બેઠક બનાવી તેમાં દ્વારપાળ તરીકે નાગરાજની માનવકદની અતિસુંદર મૂર્તિ કોતરેલી છે. અજંતાનાં ચિત્રો જેટલી જ અનુપમ એ શિલ્પકૃતિ ન ભૂલાય એવી છે.

આટલા ચઢાણ પછી થાક જણાય, પણ તરત જે દૃશ્યસમૃદ્ધિ નજરે પડે છે તેથી મનનો ઉલ્લાસ વધી જાય છે. ત્યાંથી પહેલાં ૧૬મા નંબરના ગુફામંડપના આંગણામાં પહોંચાય છે અહિંથી નીચે નજર નાખતાં પહાડમાંથી વળાંક વળીને આવતી બાઘોરા નદીનો પ્રવાહ દેખાય છે. ત્યાંથી બંને બાજુના વાંકના છેડા સુધીની બધી ગુફાઓ ઉભાં ઉભાં ગણી શકાય છે.

અર્ધગોળાકાર ભેખડના પેટાળમાં પ્રવેશદ્વારથી માંડીને ઠેઠ છેલ્લી પછીત સુધી બોદ્ધાયેલી આ ગુફાઓ મનુષ્યની ઉપાસના, ધૈર્ય, પ્રેમ-ભક્તિ અને હસ્તકૌશલ્યમાં જગતભરના આશ્ચર્યરૂપ નમૂના છે.

ગુફાઓ કોરવાની કળા અજંતામાં અપૂર્વ રૂપે પ્રગટી છે. આખુંયે નિર્માણ જોતાં ભગવાન બુદ્ધ પ્રતિ સમર્પણની ભાવના એક સુસંબદ્ધ સંકલના રૂપે શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રમાં ચલસી રહી છે. ભારત અને બહારની બધીએ ગુફાઓના રચનારાઓએ કુદરતનું સૌંદર્ય, એકાંતવાસ અને મોટા જનમાર્ગનો ખ્યાલ રાખ્યો છે. છતાં સૌંદર્ય અને એકાંતમાં તો અજંતા એકલી જ શ્રેષ્ટ ગણાય.

આજે પણ એની ખીણમાં પારિજાતકનાં પુષ્પોના વનો ઉભરાય છે. બીજાં અનેક પુષ્પો અને ફળો પણ ત્યાં થાય છે. કદિ નહિ જોયેલાં રંગબેરંગી પક્ષીઓનો સમુદાય ત્યાં દેખાય છે. એ પ્રદેશનું ખરું સૌંદર્ય માણવાને ઓક્ટોબરથી ડીસેમ્બર સુધીનો સમય ખરેખરો યોગ્ય ગણવો.

૧૬મા અને ૧૭મા નંબરની ગુફાઓ ઇ. સ. ના બીજા શતકમાં થઈ હોય એમ મનાય છે. નં. ૧૬ ની ગુફાની પરસાળ ૭૫ ફીટ લાંબી અને ૧૨ ફીટ પહોળી છે. તેના દશ ન આગળ તેને ટેકાવી રહેલા ૭ કદાવર થાંભલાથી તે કોઇ ટાઉનહોલનું પ્રવેશદ્વાર હોય તેવી ભવ્ય લાગે છે. તેની અંદરનો ખંડ ૬૬ ફીટ ચોરસ ૧૫ ફીટ ઉંચો છે. વચ્ચે ચોક જેવી જગ્યા છોડી ચારે બાજુનાં વીશ થાંભલા તેની છતને ટકાવે છે. દરેક થાંભલા પર ફુલ વેલનાં સુશોભનો અને ભૌતિક આકૃતિઓવાળા પટ્ટાઓ સુરમ્ય રંગથી ભર્યા છે. થાંભલાઓના મથાળે જાડા પેટવાળા કીચક – સ્વરૂપો છતને હાથવડે તોળી રહેલા બતાવ્યા છે. થાંભલાવાળો ચોક છોડીને ચારે તરફ ફરતી

વિષય સૂચિ		પૃષ્ઠ
પાર્લામેન્ટ દ્વારા સામ્યવાદ	બી. જી. વર્ધેઝ	૨૧
જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ	દલસુખ માલવણિયા	૨૩
અજન્તા અને ઇલૂરનાં ગિરિમંદિરો	રવિશંકર મહાશંકર રાવળ	૨૫
શોહીમાં ઝેર	સુભદ્રા ગાંધી	૨૭

આઠ ફીટનો પ્રદક્ષિણા-પથ છે. તેની ભીંતોમાં બંને બાજુ છ છ ઓરડીઓ કોરી કાઢીને તેમાં ભગવાન બુદ્ધની કદાવર પણ ધ્યાનસ્થ પ્રતિમા બે પાર્શ્વદો સાથે કોરેલી છે. એ મૂર્તિની આસપાસ પ્રદક્ષિણા કરી શકાય એવો ચોરસ ખંડ કોરેલો છે.

આટલું બધું કામ એક જ ખડકના પેટાળમાં કોતરાવ્યું છે, છતાં એ સ્તંભો, એ છત કે પ્રતિમાનો કોઇ ભાગ ભૂલથી વધારે પડતો ઉડી ગયો નથી. બધે જ ઠેકાણે કોતરણીની એક સરખી સુરેખતા, સાદાઈ અને સુડોળપણું તથા સંસ્કારભરી આકૃતિઓ હાલના શિલ્પીઓને તથા કલાકારોને વિસ્મયમુગ્ધ કરી દે એવાં છે.

જ્યાં ચિત્રો કરવાનાં હોય છે તે ભીંતનો ભાગ ચિત્રભૂમિનું અસ્તર ચોંટે એટલા માટે ટાંકણાંવડે ત્રાંસાં આંકાથી ટોકેલો હોય છે. તેના ઉપર એક જાતની ગાર અને ચૂનાનો લેપ કરી, સ્વચ્છ સપાટ બનાવી, લાલ ગેરૂથી ચિત્રો કરી, તેમાં અનેક રંગોથી પાત્રોમાં સાદૃશ્ય ઉપજાવ્યું છે.

૧૬મા નંબરની ગુફાની બહારની પરસાળની ત્રણે બાજુની ભીંત ચિત્રોથી ભરચક છે. બહુ જ વખણાયેલું 'પ્રણયોત્સવ' નામનું ચિત્ર અને ઇંદ્રપરિવાર વગેરે ચિત્રો પણ આ જ ઓશરીમાં છે. મરણાસન્ન રાજકુમારીનું હૃદયદ્રાવક આલેખન પણ અંદરના ૭૪ ફીટની સ્તંભ વાટિકાની ભીંત પર છે. અંદરની ભીંતો પર ભગવાન બુદ્ધનાં જન્માંતરોની કથાઓ જે જાતક કથાઓ તરીકે પ્રસિદ્ધ છે તેના પ્રસંગોના ચિત્રો છે. આ ચિત્રો વડે જમીનથી છત સુધીની ભીંતો ભરી દીધી છે. તેમાં નં. ૧૭ના વિહારમાં ગર્ભમંદિરની દ્વાર ભીંત પર યશોધરા, રાહુલનું અને ભીક્ષુ બુધ્ધનું ચિત્ર હજારો વર્ષ પહેલાંના જીવનનાં દર્દ, આનંદ, કરૂણા, વગેરે માનવ જીવનને સ્પર્શ કરી જાય એવી સચોટતાથી આલેખાયાં લાગે છે. જોનાર જેમ જેમ એ ચિત્રો પર આંખ ફેરવતો જાય છે તેમ તેમ આસપાસની સૃષ્ટિ ભૂલતો જાય છે. અને પ્રાચીન યુગના રાજદરબારો, સુંદરીઓ, સાધુઓ અને નાગરિકોની સ્વપ્નસૃષ્ટિમાં તરવા માંડે છે. કોઇ ઠેકાણે રાજકુમારની હાથી કે અશ્વ પરની સવારી જોવા મળે છે. કયાંક ભીક્ષુઓના વૃંદ નજરે પડે છે. અટારીઓમાં સુંદરીઓ ઢળેલાં મુગ્ધ નયનોવાળી છટાથી ટેકવી બેઠી છે. તેમના હાથમાંથી પુષ્પો ખરે છે, દેવગંધર્વો અને નાગકુમારો અને કુમારીઓ માનવ પરિવારમાં ઉતરી આવતાં દેખાય છે.

મંડપોના ચૈત્ય અને વિહાર એવા બે પ્રકારો છે. ચૈત્ય એટલે ચિતાના અવશેષો રાખવાની જગ્યા. તેમાં બુધ્ધ સ્તૂપ હોય છે. વિહાર સાધુઓને રહેવાની તથા સંઘની સભાઓ ભરવાની જગ્યા છે.

અજંતાના આ મંડપોમાં સેંકડો વર્ષો સુધી કંઈક ચિતારાઓની પીંછી ફરી છે. ચિત્રો જોતાં જોતાં આપણે ચિત્રકારનું જીવન પણ ઉકેલીએ છીએ. એ બધા હૃદયેભાવભીના, અનિર્વચનીય ભાવમાં તરબોળ બનેલા, જગતના પરમ દયામય બુદ્ધ ભગવાનના આદર્શો દૃશ્ય કરવા મથતા, વિશ્વકર્માની પેઠે પીંછીમાંથી ભાવ અને સ્વરૂપ પ્રકટાવતા, એ ભીંત ઉપર દિવસરાત મરત બનીને કામ કરતા હશે ત્યારે જ આવા વિશાળ પ્રમાણમાં આટલી સુસંપન્ન કલાસમૃદ્ધિ વિસ્તાર પામી હશે. એક એક ચહેરો, મુદ્રાભરી હાથની અંગુલીલીલા તે પર સરતાં-વહ્યો; કટિભંગ કરી રહેલી, ચામરધારિણી. લજ્જાથી નેત્ર ઢાળી રહેલી રાજકુમારીઓ અને શસ્ત્રો સાથે અશ્વો અને હાથીઓ પર જતા યોદ્ધાઓ એ બધું ચિત્રકારે સાક્ષાત, નીરખેલી સજીવ સૃષ્ટિ છે. એની એક પણ રેખા, અલંકાર કે ભાવ નિગૂઢ કે અસ્પષ્ટ લાગતાં નથી. ચિત્રકાર માત્ર કૌશલ્યપરાયણ વ્યક્તિ નથી; તે આપણને તેના હૃદયમાં પ્રવેશ કરાવે છે. આપણને લાગે છે કે કાળજુના એ દિવસોમાં માનવ હૃદય પ્રેમ, ભક્તિ, વિયોગ અને સંયોગના એક સરખા અનુભવ કરતું હતું.

નં. ૯ સૌ પ્રથમ ચૈત્ય મંદિર ઈ. પૂ. ૧૦૦ વર્ષ પહેલાનું છે. તે પછી ૭૦૦ વર્ષ સુધી અજંતા મહાન બુધ્ધ ધામ તરીકે સુવિખ્યાત છે. નં. ૧૯ નું ચૈત્ય મંદિર શ્રેષ્ટ શિલ્પનિર્માણ છે. એ જોતાં પ્રાચીન રાજમહેલનો દ્વારપ્રવેશ કેવો હશે તેનો ખ્યાલ આવે છે. ત્યાં આવી હારબંધ અટારીઓ જેવી ગુફાઓની સંખ્યા બત્રીસ જેટલી છે. તેમાં ૨૯ વિહારો એટલે સાધુઓના નિવાસસ્થાનો અને સભામંડપો છે. બાકીના ચૈત્યો છે, (ચૈત્ય ચિતામાંથી બનેલો શબ્દ) એટલે બુદ્ધના અવશેષોનું સમાધિગૃહ. પૂજા અને પ્રદક્ષિણા માર્ગવાળુ મંદિર, કોતરકામ તો બધી જ ગુફાઓનું સુંદર અને જોમભર્યું છે. તેમાં નં. ૧ ગુફા કોતરનારાઓનું પરાક્રમ તો અજબ લાગે છે. કેવી રીતે તેમણે પહાડની પરીક્ષા કરીને અનેક અડચણો અને મુશ્કેલીઓ છતાં ૧૨૦ ફીટ સુધી જ્યાં સૂર્યનો પ્રકાશ પણ ન પહોંચે ત્યાં સુધી ઉંડાણમાં ખોડો કોતર્યો છે અને ફકત સાંજને વખતે જ્યાં સૂર્યનું સીધું કિરણ છેલ્લા ગર્ભદ્વાર આગળ પહોંચે છે ત્યાં આખી ભીંત આવરતો તપસ્વી બુદ્ધને ચળાવવા આવેલા મારનો પ્રસંગ ચીતરેલો છે! સ્વચ્છ, પ્રવાહી, વેગવંતી રેખાઓમાં વિકરાળ પિશાચો અને મનોરમ અપ્સરાઓ વચ્ચે શાંત સ્થિર મુદ્રાવાળા બુદ્ધ ભગવાન ચીતરતાં કળાકારે અનેક ભાવો અને રૂપો આલેખવામાં અવધિ કરી બતાવી છે. આપણું મન 'અદ્‌ભુત અદ્‌ભુત' કરીને પ્રણામ જ કરી રહે છે.

અહીં પીંછી ઉપર કલાકારનું એટલું બધું પ્રભુત્વ દેખાય છે કે તેમાંથી છૂટતી રેખાઓ ભાવ પ્રમાણે જ રૂપ લેતી ચાલે છે. સુગોળ કે ઘન આકૃતિઓ બતાવવાની કળા તેમને સુસાધ્ય થઇ ગઈ હતી. કયાંક ઉપસતી આકૃતિઓ, કયાંક ઝૂલતા મોતીહારો, મુલાયમ વસ્ત્રો, ફૂલેલી નાસિકાઓ, અને મૃદુલ ઉદર તથા કયાંક સુવર્ણના મણીમંડિત મુગટો અને અલંકારો જુઓ ત્યારે તેમનું આલેખનસામર્થ્ય પ્રત્યક્ષ થાય છે.

બીજા નંબરની ગુફા છેવટના કાળની ગણાય છે તો પણ તેમાંના બધાય ચિત્રો પ્રમુખ કલાયુગનાં હોય એટલાં સબળ અને ભાવપૂર્ણ છે. સિંહાસન પર બેઠેલા રાજવીના તોળાએલા ખડગ નીચે દયા યાચતી પ્રણામ કરી રહેલી રમણીની આકૃતિ જગતનું એક અપૂર્વ કરૂણાપૂર્ણ ચિત્ર ગણાયું છે.

અજંતાનું પૂર્ણ અવલોકન કરનારને ત્યાંની કલા વિષે કેટલીક અચૂક સ્મૃતિઓ રહેવાની. અજંતાના કલાકારોએ કમળપત્રથી પ્રેરણા લઇ તેમાંથી અનેકવિધ રૂપો અને આકૃતિઓ સરજ્યાં છે. શિલ્પમાં અને ચિત્રમાં કમળના કલાસ્વરૂપો જગતમાં કોઈપ્ત સિવાય બીજે કયાંય આટલી વિવિધતા પામ્યાં નથી. કમળપુલ, પત્ર, કે દાંડી અથવા કમળગુચ્છોની શોભા અને સંસ્કારભરી વેલો, તોરણો, વર્તુલો ડગલે ને પગલે નજરે પડે છે. અને કમળના લાલિત્ય અને ડોલનમાંથી માનવ શરીરની ચિત્રણામાં તેની અંગભંગી ઉતારી છે એમ નિશંક માની શકાય.

કમળની પેઠે હાથી પણ ભારતીય શિલ્પનું પ્રધાન અલંકાર સાધન બન્યો છે. બુદ્ધ જન્મ પહેલાં તેની માતાને શ્વેત હાથી ઉદરમાં પ્રવેશ કરતો દેખાયો હતો. તેથી પણ તે બુધ્ધ કથામાં મહત્ત્વ પામ્યો છે. છ દંતજાતકની કથામાં બોધિસત્વ પોતે હાથી જન્મ્યા હતા અને હાથણી પત્નીના વૈર શમન માટે પ્રાણત્યાગ કર્યો હતો. એ કથાની હૃદયદ્રાવક ચિત્રમાળા અજંતામાં જોવા મળે છે. આવા જન્માંતરો વીતાવી આત્મત્યાગ અને વૈરાગ્ય વડે શાંતિ પ્રાપ્ત કરનાર એ વિરાટ આત્માનો સામાન્ય જનતાને પરિચય કરાવવાની કેવી કલામય યોજના આ મંડપોમાં થઇ છે તેનું આશ્ચર્ય ઉપજે છે. અજંતાની માનવ સૃષ્ટિમાં સ્ત્રી પાત્રનું સ્થાન બહુજ ઉંચું દેખાય છે. એ સમયમાં વસ્ત્રો થોડા હોવા છતાં સ્ત્રીઓમાં કલા અને વિનય સાનંદાશ્ચર્ય ઉપજાવે છે. સ્ત્રીઓ સારાયે સંસારમાં અપૂર્વ મધુરતા ફેલાવી રહેલી લાગે છે. ચિત્રકારોએ સ્ત્રી પાત્ર દોરતી વખતે બહુ સંયમપૂર્વક શરીરપ્રમાણો અને અંગપ્રત્યાંગની છટા સાચવી બતાવી છે. રાણી, પરિચારિકા કે નર્તકી ગમે તે પાત્રમાં તે સમર્થાદ સુંદરી જ દેખાય છે. અજંતાની અંગુલીલીલાઓ અને કેશકલાપોની રમણીયતા દર્શાવવા એક જુદો જ

અહેવાલ લખવો જોઇએ. મુગટોના પ્રકાર પણ બહુવિધ છે. કોઈ સોની કે ઝવેરી તેનું એક એક રત્ન વીણીને ઓળખાવી શકે અને ધારે તો તેની આબેહૂબ પ્રતિકૃતિથી સાચો મુગટ સરજી શકે એટલી સુસ્પષ્ટતાભરી તેની આલેખના થઈ છે.

આની અદ્‌ભુત સમૃદ્ધિ ધરાવતા કલામંડપોનો પૂર્વ કાલ ઘણો અજ્ઞાત છે; પણ એટલું નક્કી છે કે કલાનો આવો ઉત્કૃષ્ટ પરિપાક થતાં પૂર્વે અનેક સૈકાઓ પહેલાં ભારતમાં તેનો પ્રારંભ થઈ ચૂક્યો હશે. કારણકે સૌથી જુની ગુફાઓનાં ચિત્રો પેઢીઓથી ખેડાતી આવતી ઉસ્તાદીની ઉંચી કલાકૃતિઓ છે. બુદ્ધના સમય પહેલાં ભારતમાં અનેક પ્રકારનું ચિત્રકામ થતું એમ એ વખતનું સાહિત્ય પણ સાક્ષી પૂરે છે. અને મહાસાગરના ટાપુઓ જેમ ગાબડાં પડેલાં થોડા ચિત્રો છે,–તે પણ આપણી વંદનાને પાત્ર ઠર્યાં છે.

પશ્ચિમમાં અજંતા પ્રતિ એક અંગ્રેજ લશ્કરી અમલદારનું ધ્યાન ગયું ત્યાર પછી આજના જગતમાં ફરી તેની જ્યોત વિસ્તરતી રહી છે. ભારત સરકારે સર્વ ચિત્રોની રંગીન ફોટોગ્રાફી કરી લેવાનો ભારે પ્રસ્તાવ કર્યો છે તેથી સમગ્ર જનતાને ઘેર બેઠાં મૂળ ચિત્રો જોવા શળશે. પણ પ્રત્યક્ષ જોયા વિના કોઇને તે જે ભવ્ય કુદરત વચ્ચે નિર્માણ પામી છે, તથા જે વિરાટ પ્રમાણમાં તે સાકાર બની છે તેનો સાચો ખ્યાલ મળવાનો નથી. પ્રત્યેક ભારતવાસીનું તે મહાન કલા તીર્થ બની છે.

અપૂર્ણ

રવિશંકર મહાશંકર રાવળ

લોહીમાં ઝેર

એક બાપને પાંચ દીકરા હતા.
એક માની કૂખે આળોટેલા.
એક માનો ખોળો ખૂંદી મોટા થયેલા.
વડવાઓના વારાની જમીન હતી.
બાપદાદાએ ખૂબ મહેનત કરેલી.
જમીન સોનાનો ટુકડો બની ગયેલી.
ઉદ્યમીને ઘેર લક્ષ્મીનો વાસ.
દાણોપાણી ભરપૂર થતાં.
ખાધે પીધે ઘરનાં સુખી હતાં.
દીકરા મોટા થયા.
બાપને થયું : લાવ, છોકરાંને ખેતર બતાવું.
કુળની અન્નપૂર્ણાનાં દર્શન કરાવું.
બાપ તો દીકરાઓને સીમમાં લઈ ગયો.
બધે ફેરવીને પોતાનાં ખેતર બતાવ્યાં.
મોલે લહેરાતાં લીલાંછમ ખેતર હતાં.
બાપે નીચા નમી મૂઠી ભરી માટી લીધી.
કપાળે અડાડી મા ધરતીને નમન કર્યું.
ને પોતાને કામે વળગ્યો.
દીકરા રમતા કૂદતા ખેતર ખૂંદવા લાગ્યા.
ફરતાં ફરતાં એમણે એક આંબો દીઠો.
લીલી લીલી ઘટાઓમાં લૂમખે લૂમખે કેરી.
લીલી લીલી કાચ જેવી કેરીઓ.
એના પર સૂરજનો તડકો ઢળતાં, સોનેરી સિંદુરિયા રંગની ઝાંય આવી ગયેલી.
કેરીનાં રૂપરંગ ને સોડમ જોઈ છોકરાંઓનાં મોંમાં પાણી છૂટ્યાં.
વાહ! કેવું સુંદર ફળ છે! ચાલો, કેરી ખાઇએ.
પણ કેરી બહુ ઊંચી હતી.
ઝાડે ચઢતાં ફાવે એવું નહોતું.
છોકરા તો આંબા હેઠળ બેઠા બેઠા રાહ જોવા લાગ્યા : ક્યારે કેરી પડે, ને ક્યારે અમે ખાઇએ.
પણ કેરી કંઈ એમ પડી નહિ.
આખરે એક જણને તુક્કો સૂઝ્યો :
ચાલો, મિનારો થઇ જઇએ.
તેઓ અખાડામાં કસરત કરવા જતા.
ત્યાં એકબીજાના ખભા પર ચઢીને ઊભો મિનારો બનાવવાની રીત શીખેલા.
ઘડીકમાં તો પાંચેય ભાઇઓએ મળી મિનારો ઊભો કરી દીધો.
મોટો ભાઈ સૌથી નીચે ઊભો.
નાનો સૌથી ઉપર હતો.
કાચી પાકી કેરીઓ નાનાના મોં સામે લટકતી હતી.
એની મીઠી મીઠી સુગંધથી એનું મન ફટકયું.
એણે કેરી તોડી તો ખરી, પણ બીજાને આપવાનો એનો જીવ ન ચાલ્યો.
એણે તો કેરીઓ તોડી તોડીને પોતે જ ખાવા માંડી.
નીચે ઊભા ઊભા કેરીની રાહ જોતા ભાઇઓ કહે : "અલ્યા, અમને તો આપ. તેં તો એકલા એકલા જ ખાવા માંડ્યું!"
પણ પેલો તો જવાબ દેવાય નવરો નહોતો.
એ તો બસ, ખાધા જ કરે.
એક ખાય તે પહેલાં ચાર તો બચકાટીને ફેંકી દે, પણ ભાઇઓને ન આપે.
સૌથી હેઠળ રહી, સૌનો ભાર વેઠનારો મોટાભાઈ વીફરે, તો નાનાનાં સોયે વરસ પૂરાં થઈ જાય.
પણ સાથે સાથે વચલા ત્રણ ભાઇઓનાં હાથપાગોઠાંય ભાંગી જાય.
પાપડી ભેગી ઇયળ બફાય એમસ્તો.
ને ન કરે નારાયણ ને મોટાની ધીરજ ખૂટી, તો એ જ થવાનું. એ વાત ચોક્કસ.

*

આપણા સ્વરાજની વાત પણ આવી જ છે.
સૌએ ભેગા મળી એને માટે તપ કર્યું.
ગાંધી બાપુએ બતાડેલા રસ્તે, ભેગા થઇને લડ્યા.
જેલોમાં ગયા, લાઠીઓ ખાધી.
ભોગ આપ્યા, કુરબાનીઓ કરી.
ત્યારે સત્તાવીસ વરસે સ્વરાજનો આંબો પાક્યો.
સ્વરાજ અપાવીને બાપુ તો સ્વર્ગે સિધાવ્યા.
ગોરાઓ ઉચાળા ભરીને પોતાને દેશ ગયા.
દેશનો કારભાર આપણા લોકોના હાથમાં આવ્યો.
'હાશ' કહી લોકોએ નિરાંતનો શ્વાસ લીધો.
સૌએ જાણ્યું : સ્વરાજનો આંબો પાક્યો છે.
સ્વરાજના ફળ ચાખવા સૌ અધીરા છે.
એકબીજાના ખભે ચડી, મિનારો બનાવી સૌ ઊભા છે.
ગરીબ–તવંગર, ખેડુત–મજૂર, વેપારી–કારકૂન, ભણેલા–અભણ, સૌ જીવતા મિનારાની જેમ ખડકાઇને ઊભા છે.
એકબીજાને આધારે આખો સમાજ ઊભો થયો છે, ટેકટેકે ટકી રહેલો છે.
હવે મિનારાની ટોચે બેઠેલો ભાઇ, એકલો એકલો કેરીઓ તોડીને ખાધા કરે, તો બીજા ચાર ભાઇઓ ક્યાં લગી જોયા કરવાના?
ઉઘાડી આંખે એ જુએ છે કે :
અમે ભૂખ્યા છીએ, ને પેલો એકલો એકલો પકવાન જમે છે.
અમે નાગાં ઉઘાડાં છીએ, ને પેલો નિત નવા વાઘા સજે છે.
અમારે માથું ઢાંકવા છાપરું ય નથી, આની મોલાતોમાં કૂતરાં આળોટે છે!
અમે રાતદિવસ કાળી મજૂરી કૂટીએ છીએ, ને આ તો બેઠા બેઠા લીલાલહેર કરે છે.
અમે ટાઢ, તડકો ને વરસાદ વેઠી ધાન પકવીએ ત્યારે માંડ સૂકો રોટલો દેખવા પામીએ છીએ; આને ભાણે નિત નવાં પકવાન.

એનું માથું દુખતાં વૈદ દસ દાક્તર ભેગા થાય;
ને અમે શું રોગે સબડી, પગ ઘસતા મરવા જ સરજ્યા છીએ ?
આમ કેટલાક ઉપર ચઢી ગયા.
કેટલાક પૈસાની દોડમાં આગળ નીકળી ગયા.
બાકીના બધા પગ ઘસડતા, તો કેટલાય પેટ ઘસડતા, જેમ તેમ જિંદગી પૂરી કરવા લાગ્યા.
પૈસાની દોડમાં જે પાછળ રહી ગયા તે બધા રોટલો કમાવાનાં સાધન વિનાના થઈ ગયા.
જમીન વિનાના થઇ ગયા.
આવા તો સેંકડો, હજારો, લાખો માણસો.
એમણે શું કરવાનું ?
તો કહે : એમણે ધનવાળા ને જમીનવાળાને ઘેર નોકરી–ચાકરી કરવાની.
કોઈ એમનાં ખેતર ખેડી આપો,
કોઈ કારખાનાં ચલાવી આપો,
કોઈ એમની ગુમાસ્તી કરો,
તો કોઈ એમની પગચંપી કરીને જીવો.
ખેર, એમ કરતાંય જો બધાંને કંઈક ને કંઈક મળી રહેતું હોત, તોય ધૂળ નાંખી.
પણ આજે તો કામ માગનાર ઝાઝાં ને કામ થોડાં, એવું થઈ ગયું છે. સૌને આવાં આવાંય કામ મળી રહેતાં નથી. હજારો લોકોને બેકાર રખડવું પડે છે.
એમનાં બૈરાં–છોકરાં ભૂખે મરે છે.
ને ભૂખ ભૂંડી ચીજ છે. માણસની મતિ હરી લે.
ભૂખ્યો માણસ ન કરવાનાં કામ કરી બેસે,
ભૂખ ને બેકારી તો જ્વાળામુખી પહાડ જેવાં.
એની આગ અંદરની અંદર ઊકળ્યા કરે, ધુમાયા કરે, ગોટાયા કરે.
પણ એ પહાડ જે દિ' ફાટયો, તે દિવસે દુનિયાનું નખ્ખોદ કાઢી નાખે.
આ વડો મોટો દેશ.
કરોડોની વસ્તી.
એમાં સુખિયાં જુઓ તો મૂઠીભર.
ને દુખિયાં તો ગણ્યાં ગણાય નહિ એટલાં.
ભૂખ ને અસંતોષની આગ તો જંગલમાં લાગેલ દાવાનળ જેવી.
એક વાર લાગી, તો સૂકા ભેગું લીલુંય બળીને ખાખ થઈ જાય.
આપણા દેશમાં આજે આ આગ દબાઇ–ચંપાઈ રહેલી છે.
કયાંક રાખમાં ભારેલા દેવતાની જેમ.
તો કયાંક ધુમાડે ગોટાતા તાપણાની જેમ.
ધુમાતા તાપણાને હવાની જરા સરખી ફૂંક લાગે કે એ ભડ્ ભડતું ભભૂકી ઊઠે છે.

*

માણસને શરીરે ફોલ્લા ઊઠે છે, તો આપણે કહીએ છીએ : એનું લોહી બગડયું છે; એની દવા કરો, મટી જશે.
આપણા સમાજનું પણ એવું જ છે.
ધન એ સમાજની નસોમાં ફરતું લોહી છે.
એ લોહીમાં આજે 'લઉં લઉં' ને 'ખાઉં ખાઉં' ની ભાવનાનું ઝેર ભળ્યું છે.
ને એ ઝેર સમાજના શરીરે ફૂટી નીકળ્યું છે. એણે આપણા શરીરને રોગિષ્ટ બનાવી મૂકયું છે.
રોગનાં લક્ષણ તો પાર વગરનાં છે.
રોજ રોજ આપણી નજરે ચડે છે.....
* રસ્તે ઘાટે ભીખ માગતાં ભિખારીનાં ટોળાં.
* મંદિર–મઠનાં આગણે ઉભરાતાં રગતપિતિયાંનાં ઝુંડ.
* શહેરોની સડકને કિનારે રખડતાં નાગાં-ભૂખ્યાં, ગંધાતાં–ગોબરાં, અનાથ બાળકો.
* ચોરી–લબાડી, મારકાપ કરનાર ગુનેગારોથી ઉભરાતી જેલો.
* સમાજની બેન–દીકરીઓની આબરૂનાં લીલામ કરતાં બજારો.
* જુગારતાં અડ્ડા, દારૂનાં પીઠાં, ને લોહીનો વેપાર કરનારા, માણસ મટી રાક્ષસ બનેલાઓની ગલીચ જિંદગી.
આ બધાં સમાજના દેહ પરનાં ગૂમડાં નહિ તો બીજું શું છે ?
સમાજનું શાસ્ત્ર જાણનારા, બધા સમજદાર લોકો એકી અવાજે કહે છે:
આ બધા રોગનું મૂળ છે, ગરીબી ને બેકારી. ઘણીવાર એક જ રોગને મટાડવા જુદા જુદા દાક્તર જુદી જુદી દવા બતાડે છે. એમ સમાજનો આ રોગ મટાડવા પણ જુદા જુદા પંડિતોએ જુદા જુદા માર્ગ દેખાડયા છે.
કેટલાક દેશોએ એ રસ્તા અજમાવીયે જોયા છે. પણ એ બધા ઉપાયો અજમાવતાં માણસ–માણસ વચ્ચેનાં વેરઝેર, કાપાકાપી ને દુઃખ ઘટયાં નથી, વધ્યાં છે.
બકરું કાઢતાં ઊંટ પેઠાના દાખલા બન્યા છે.
ને રોગ તો એક નહિ ને બીજે સ્વરૂપે રહી જ ગયો છે.
પણ આપણા દેશને તો ખરો વૈદ મળી ગયો છે.
એ કહે છે : ગરીબી કાઢવી હોય, જાતે સુખી થવું હોય, ને સૌને સુખી જોવાં હોય તો—

વહેંચીને ખાતાં શીખો.
દુઃખ વહેંચશો તેમ ઘટશે.
સુખ વહેંચશો તેમ વધશે.

એરણની ચોરી કરી, સોયનું દાન કર્યે નથી ભગવાન રીઝવાનો કે નથી કાયાનું કલ્યાણ થવાનું.
એથી સમાજનો રોગ વધતો વધતો આખા શરીરને સડવી મારશે. ને બધો દેહ ગંધાઈ ઊઠશે. કોઈનાય જીવનમાં સુગંધ નહિ રહે.
એમાંથી બચવું હોય તો—
બાપની મિલકતમાં ભાઇનો ભાગ કાઢતા હો, એમ સમાજના ગરીબોને એમનો ભાગ કાઢી આપો.
ગરીબ એ ભિખારી નથી.
પોતાની મહેનતથી આખી દુનિયાને એ પોષનારો છે. રાત ને દિવસ પોતાની કાયા કાંતી, વસ્ત્ર વણી દુનિયાનાં અંગને ઢાંકનારો છે.
તમારી એક-એક સગવડ પાછળ, તમામ સુખ વૈભવ પાછળ એણે જ લોહી–પસીનો એક કરી કામ કર્યું છે, જાત ઘસી છે.
આટલું સમજતા થશો, આ રીતે વિચારતા થશો, તો દેશની ગરીબાઈ કાપવાનો રસ્તો જડશે.
આટલું થશે કે, ચોકકસ માનજો, થોડા વખતમાં સમાજનો દેહ રોગ છાંડીને ઊભો થશે ને એના શરીર પરનાં ઘારાં એકેએક રૂઝાવા લાગશે.
કેટલી સાદી સીધી દવા છે !
સૌને ગળે ઊતરી જાય એવી ટીકડી.
પણ ચરી વિના એનો ગુણ નહિ દેખાય.
જીવનમાં સૌ પહેલાં 'મારું' ને 'પોતાનું' કહી વિચાર કરવાની ટેવ આપણે બદલવી પડશે.
દરેક કામ કરતાં પહેલાં, આ કામ કર્યે બીજાનું (સમાજનું) હિત થશે કે અહિત, એ સવાલ આપણે આપણી જાતને પૂછવો પડશે.
'મારે શું ?' 'આપણે શું ?' 'સૌ સૌનું સંભાળે,' એવા બોલ ગળી જતાં શીખવું પડશે.
ચરી આકરી છે. પણ રોગ કાઢવો હોય તો આપણે એ પાળવી પડશે.

('ભૂદાનપોથી'માંથી ટૂંકાવીને). **સુભદ્રા ગાંધી**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧૫, ૧૯૫૮, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

કર્મ-અકર્મ વિવેક

(કાર્લ ગ્રીકનું 'Secret of Serenity' માંથી ચીની પ્રજાની માનસિક ભૂમિકા રજુ કરતા બે પ્રકરણોના અનુવાદ પ્રબુધ્ધ જીવનના ક્રમશ: તા. ૧-૨-૫૮ તથા તા. ૧૫-૪-૫૮ ના અંકમાં પ્રગટ કરવામાં આવ્યા છે. 'વિકાસ' માસિકના માર્ચ માસના અંકમાં પ્રગટ થયેલ એ પુસ્તકના એક બીજા પ્રકરણનો અનુવાદ નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી.)

આપણે યુરોપીય પ્રજા એમ કહીએ છીએ કે "બીજાઓ તમારા પ્રત્યે જેવું વર્તન રાખે એમ તમે ઇચ્છતા હો એવું વર્તન બીજાઓ પ્રત્યે તમે રાખો." "Do unto others as you would have them do unto you" સારો વ્યવહાર રાખવા માટે આ એક પાયાની વસ્તુ છે. આ સિધ્ધાન્તને અનુસરીને ચાલીએ તો ભાગ્યે જ આપણા સંબંધો કોઇ સાથે બગડે.

કોન્ફ્યુશિયસે પણ આ જ રીતે વિચાર્યું હતું, પણ તેની રજુઆત તેણે જુદી રીતે કરી. તેણે કહ્યું, "બીજાઓ તમારા પ્રત્યે જે ન કરે એવું તમે ઇચ્છતા હો, તેવું બીજા પ્રત્યે તમે ન આચરો. " What you do not wish others should do unto you, do not do unto them " ઉપલક રીતે જોતાં આ સિદ્ધાંત નિષેધાત્મક અને કોયડા જેવો દેખાય છે; પણ મારા મિત્ર **ચાઓ**એ એક વખત એવી સરસ રીતે આ નિયમ સમજાવ્યો કે મને એમ થયું, ખરેખર, કેટલીક વખત કર્મ કરવા કરતાં કર્મ ન કરવાથી વધારે સારી રીતે કાર્ય સધાય છે.

ચાઓ એક પ્રસિદ્ધ વ્યક્તિ છે. તેને સ્નેહીઓ પણ ઘણા છે. પચાસની આસપાસ પહોંચેલો એવો તે પ્રકૃતિએ કોમળ અને મિલનસાર છે. જ્યારે બહાર નીકળે ત્યારે તેને જોઇને લોકો ઊભા રહી નમસ્કાર કરે, શુભેચ્છા દર્શાવે અને પછી જ આગળ વધે. આખો વખત તેની સલાહ લેવા માટે આવેલા મનુષ્યોથી તે ઘેરાયેલો રહે છે. પણ તે કદી કંટાળતો કે થાકતો નથી. બધાંને સંતોષ આપી વિદાય કરે છે.

એક વખતે કોઈ અજાણ્યા માણસને **ચાઓ**એ કંઈ મદદ કરી, બદલામાં પેલા માણસે તેને પૈસા આપવા માંડયા. **ચાઓ** તે માણસના બદલો વાળવાના આવા વિચારથી સહેજ હસ્યો, પણ મનમાં તેને આ ગમ્યું નહિ. પૈસા પાછા આપતાં તેણે કહ્યું, "મહેરબાની, પણ મેં તમને મદદ કરી એમ કહીને તમે મને જે માન આપો છો, તે જ મારા માટે ઘણું છે. તમારા પૈસા કરતાં તમારી મિત્રતા મળે તેમાં મને વધારે આનંદ છે. હું માનું છું પૈસા કરતાં એ મિત્રતા વધારે દીર્ઘજીવી હશે."

મેં **ચાઓ**ને પૂછયું. 'તેં એમ કેમ કહ્યું ?" ત્યારે તેણે કહ્યું, " કોન્ફ્યુશ્યસે આ જ કહ્યું છે. મિત્ર મિત્ર વચ્ચે મીઠાશભર્યો સંબંધ જાળવી રાખવાના તેના નિયમનું માત્ર મેં અનુસરણ કર્યું છે. જગતના તમામ માણસો બધા ભાઇઓ છે. મારે મન કોઇ પરાયું કે અજાણ્યું નથી. હું ફકત મારા કુટુંબીઓનો જ છું એમ હું મને નથી માનતો. મારા સ્નેહીઓ, પાડોશીઓ, બધાંનો હું એટલો જ નજીકનો છું એમ સમજું છું. આપણા પોતાના ઘરમાં માણસને જરૂર શાંતિ મળે છે. આખા દિવસની સખત મજુરી કર્યા પછી સાંજે ઘેર આવીને પોતાના કુટુંબકબીલા સાથે બેસીને આનંદ કરવો એ આરામદાયક અને તાજગી આપનારું છે, પણ મિત્રો કે સ્નેહીઓ પાસેથી યે એવો જ આનંદ મેળવવો એ પણ જરૂરનું છે. તેથી જ્યારે હું ઘરમાં ન હોઉં ત્યારે બીજી વ્યક્તિઓ સાથે જાણે તે મારા કુટુંબની જ વ્યક્તિ હોય તેવી રીતે વર્તવાનો પ્રયત્ન કરું છું. "

" અને ખરેખર ! તારે ઘણા બધા સ્નેહીઓ છે." મેં કહ્યું.

તેણે વિનયપૂર્વક જવાબ આપ્યો. " જો સાચે જ મારે કોઇ સ્નેહીઓ હોય તો તેનું કારણ એ નથી કે હું તેને માટે પ્રયત્ન કરું છું. ખરું જોતાં હું તેનાથી ઉલટું કરું છું. મને જે સત્ય સમજાયું છે તે પ્રમાણે મિત્રો કરવાની સહેલી રીત એ છે કે મિત્રો કરવાના ઇરાદાપૂર્વક કંઈ ન કરવું. 'બીજાઓ પાસેથી આપણે જે ઇચ્છતા હોઇએ તેવું વર્તન આપણે રાખવું. ' એ તમારો સિદ્ધાંત મને કંઇક સ્વાર્થી અને પરાણે ફરજ પાડનારો લાગે છે. એમાંથી ચોકખો એવો અર્થ નીકળે છે કે હું તમારા માટે કંઇક કરું છું અને તમે ઇચ્છતા હો કે ન ઇચ્છતા હો પણ તમે એવું જ મારે માટે કંઇ કરો એવી હું અપેક્ષા રાખું છું. આ એક જાતનો જોરજુલમ નથી ? તમને એક દાખલો આપી સમજાવું. ધારો કે કોઇ એક વ્યક્તિ જેની સાથે તમારે બહુ નિકટનો પરિચય નથી તે તમને જમવાનું નોતરું આપે તો તમે શું કરશો ? " " ઘણે ભાગે હું સ્વીકારું. " મેં કહ્યું " ઘણે ભાગે" "એમ કહો છો ત્યારે ચોક્કસ તો નથીને ? " " એ તો પરિસ્થિતિ ઉપર આધાર. " હું બોલ્યો. " તમે ચોક્કસ નથી, કારણ કે તમે જાણો છો કે તે તમને જમવાનું નોતરું આપે છે તેની પાછળ તેના મનમાં એમ પડેલું હશે કે તમે પણ તેને સામો જમવા તેડો. " " કદાચ " મેં કહ્યું.

હવે ધારો કે તમને તેને જમાડવાની ખાસ ઇચ્છા નથી તો તમે મુશ્કેલીમાં મૂકાયા છો એમ ખરું ને ? જો જમવાની ના પાડો તો પેલાને ખોટું લાગવાનો તમને ભય છે. અને ઇચ્છતા નથી છતાં હા પાડવી પડે છે તો તમને મનમાં દુ:ખ થાય છે. તમે વ્યવહારુ માણસ હોવાથી તમારે ઘેર તેને જમવા નોતરવાના જ છો. આમ પરાણે વ્યવહાર વધે. એક બીજાને ત્યાં જમો અને જમાડો. એક બીજા અંદરથી ઇચ્છતા હોય કે ન ઇચ્છતા હોય તોયે એનો અંત જ નહિ આવે. આ રીતે તમારો મિત્ર કંઇક અંશે તમારી સ્વતંત્રતા હરી લે છે, જેમાંથી તમે ભાગ્યે જ છૂટી શકો. ત્યારે જો તેણે તમને આમંત્રણ આપ્યું જ ન હોત તો તમારે પણ સામે કંઈ કરવાનું ન રહેત. આ રીતે કર્મ કરવા કરતાં અકર્મતા વધારે સારી નથી ? "

મને **ચાઓ**ની આ વાત સ્વીકારવાનું વ્યાજબી લાગ્યું. જ્યાં સામી વ્યક્તિ પાસેથી બદલાની અપેક્ષા મનમાં રાખીને તેને માટે કંઈ કરો ત્યાં દુ:ખ ઊભું થવાનું છે. કોઇની સાથે સંબંધ બાંધવા પાછળ હૃદયમાં ઉંડે ઉંડે પણ કંઈ હેતુ છુપાએલો હોય તો તે પાયામાંથી ખોટું છે.

ચાઓએ એક ખરી બનેલી હકીકત વર્ણવીને આ વાત વધારે સારી રીતે સમજાવી. કેટલાંક વર્ષ પહેલાં જ્યારે ચાઓએ ધંધો શરૂ કર્યો ત્યારે લીંગ નામે એક બીજા વેપારીએ તેને થોડી આર્થિક મદદ કરી. ચાઓને તે વખતે ખાત્રી હતી કે "હું પણ તેને કોઇ વખતે મદદગાર થઇશ એ આશાએ જ લીંગે મને મદદ કરી છે." અને બન્યું પણ તેમજ. થોડા વખતમાં લીંગ ચાઓ પાસે એ જ પ્રકારની મદદ માગવા ગયો. ચાઓએ બની શકતી બધી મદદ કરી. "અમારી મિત્રતા" ચાઓએ કહ્યું "તે વખતે અમુક હિત સાધવા પુરતી હતી. અમે એકબીજાને માટે કરતા હતા બદલાની આશાએ. પણ થોડા સમયમાં મંદીનો વખત આવ્યો અને અમે બન્ને તેમાં સપડાયા. અમે એકબીજાને મદદ કરી શકીએ તેમ નથી તે જાણતા હતા; એટલે કોઇને કોઈ પાસે જવાનું રહ્યું નહિ અને અમારો સંબંધ તૂટી ગયો. જો અમે માત્ર મિત્ર તરીકે રહ્યા હોત અને એક બીજાની આશા રાખી ન હોત તો તે વધારે સારું નહોતું ? તો અમારી મિત્રતા તૂટત નહિ અને બન્ને સાથે મળી સુખદુઃખની વાતો કરી આશ્વાસન મેળવત. તે કેટલું મદદરૂપ થાત ? અમારો પ્રેમ વધારે મજબુત થાત ને ? એ રીતે કંઇ ન કરવામાં અમે એકબીજા માટે ઘણું કરી શકયા હોત. જે ક્ષણે તમે કર્મ કરો અને બીજા પાસેથી મેળવવાની અપેક્ષા રાખો તે ક્ષણથી તમે સ્વાર્થી બનો છો, તમારી મિત્રતા તૂટે છે."

ચાઓએ કંઇક હસીને કહ્યું. "તે દિવસથી હું આ પાઠ બરાબર શીખ્યો છું. બીજાઓ માટે જે કરવું તે બદલાની આશા રાખ્યા વગર કરવું. જેમને હું ચાહતો હોઉં કે જેઓ મારા મિત્ર છે તેમને સુખી કરવાનો આ સૌથી સારો રસ્તો છે."

પછી તેણે કોન્ફ્યુશિયસ વિષેની એક હકીકત કહી. કોન્ફ્યુશિયસને જીવનમાં એક વખતે એવો કપરો સમય આવ્યો કે જ્યારે આ મહાન્ તત્ત્વજ્ઞાનીને પણ એમ લાગવા માંડયું કે જાણે તેનું કોઇ નથી રહ્યું. તેના શિષ્યો પણ તેને સાંભળવા તૈયાર નથી. તે વિચારવા લાગ્યા. "બીજાઓ માટે જે થઇ શકે તે મેં કર્યું છે. મેં બધાને સાચી સલાહ આપી છે. બધાને સુખી થવાનો માર્ગ બતાવ્યો છે. છતાં મને આજે શાંતિ નથી. બીજાઓને રાજી રાખવાનો સંતોષ મેં મેળવ્યો, પણ મને પોતાને આનંદ નથી." આમ વિચારતા તે ચાલ્યા જતા હતા ત્યાં પીઠ ઉપર પોતાના બાળકને બેસાડીને જતા એક બેકુતને તેમણે જોયો. તેની પાસે જે સામાન હતો તેમાંથી એકેક ચીજ ફેંકી દેતો તે જતો હતો. કોન્ફ્યુશિયસે પૂછયું, "તું આમ કેમ કરે છે ?" તેણે કહ્યું, "હું બાળક અને બોજો બન્ને ઉપાડીને ચાલી શકતો નથી. બોજા તો બજારૂ વસ્તુ છે. કાલે નવી ખરીદી શકાશે, જ્યારે આ બાળક એ તો મારું અંગ છે, સૃષ્ટિમાં આ એક મારું સાચું ધન છે, તો તેને જ હું સાચવું ને? બીજું છો ચાલ્યું જતું."

કોન્ફ્યુશિયસે એક પળ ઊભા રહ્યા પછી બેકુતને કહ્યું "ભાઈ! તારી આ સાચી શીખામણ માટે હું તારો આભાર માનું છું. મારું જ્ઞાન એ જ મારે માથે બોજા રૂપ છે." તેમણે ઘેર જઇને બધાં પુસ્તકો અભરાઇએ ચઢાવી દીધાં, અને કોઇને ઉપદેશ ન આપવાનો નિશ્ચય કર્યો. શિષ્યોએ આવીને આજે "શું શીખવશો ?" એમ પૂછયું, ત્યારે કહ્યું "કંઇ નહિ." "આભાર તમારો" એમ કહી શિષ્યો ચાલી ગયા. પણ કોન્ફ્યુશિયસે જોયું કે શિષ્યોનું પોતા પ્રત્યેનું માન વધ્યું છે. તેને સમજાયું કે શિષ્યો માટે કંઈ ન કરવામાં જ કંઈક કરવાપણું રહેલું છે. ઉપદેશ ન આપવાથી શિષ્યો તેના વ્યક્તિત્વના પ્રભાવમાંથી છુટા થતા હતા. માત્ર સાંભળીને બુદ્ધિને જડ કરી નાંખવા બદલે આપમેળે વિચારવાની તે તેમને તક આપતો હતો. તાત્પર્ય એ છે કે આપણે એમ માની બેઠા હોઇએ છીએ કે બીજાઓને આપણા સલાહ સૂચનોની જરૂર છે, જ્યારે ખરું જોતાં તેમને આપણી જરાયે જરૂર હોતી નથી.

દરેક માણસે પોતામાં જે સારું છે તે બીજા ઉપર લાદવાનો પ્રયત્ન ન કરવો જોઇએ. તેમાં બીજાનું ભલું કરવા કરતાં આપ / અહંભાવ પોષવાનું તત્ત્વ વધારે રહેલું છે. આપણે જેને સારું માનતા હોઇએ તે આપણા સંબંધીઓને કદાચ એટલું સારું ન યે લાગતું હોય.

કેમ જીવવું, કેમ કામ કરવું, કેમ રમવું, ભમવું, અને કેમ સુખથી રહેવું તે બીજાને સમજાવવા દોડી જવાની શી જરૂર છે ? આપણે વધારે ડાહ્યા થવા જઇએ છીએ અને પછી જ્યારે કોઈ આપણી સલાહની અવગણના કરે છે, ત્યારે દુઃખી થઇએ છીએ. આપણે જે રીતે જીવતા હોઇએ તે જ રીતે જીવવાનું બીજા ઉપર શા માટે ઠોકી બેસાડવા જવું ? પોતાની રીતે જીવો અને સૌને તેમની રીતે જીવવા દો એ સુખી થવાનો સરળ રસ્તો છે.

જે માણસ બીજાનું ભલું કરવાની ઇચ્છાથી વારંવાર શીખામણ આપ્યા કરે છે, તેનો તે એક ધંધો થઈ પડે છે. તેમાં અતિશયતા આવી જાય છે. અને બીજાને અપ્રિય થઈ પડે છે. વારતવિકતાએ આ રીતે તેઓ બીજાનું ભલું કરી શકતા નથી; ઉલટું નુકસાન કરે છે. એટલે બીજા માટે કયારે કંઇ કરવું અને કયારે ન કરવામાં જ કરવાપણું રહેલું છે તે બરાબર સમજવું જોઇએ.

ચાઇનીઝ પ્રજા આ સિદ્ધાન્ત બરાબર સમજે છે. તેથી જ તેઓએ પોતાના ધર્મપ્રચારકો પરદેશોમાં નથી મોકલ્યા કે નથી પોતાની જીવન વ્યવહારની રીતો બીજાઓ સ્વીકારે તેવી કોઈને ફરજ પાડી. જીવન પ્રત્યે જોવાની આ તેમની દૃષ્ટિના કારણે જ જેઓ તેમને સુધારવા ગયા તેમને માનપૂર્વક તેઓએ સહી લીધા અને જેઓ તેમને જીતવા ગયા તેમને પોતામાં સમાવી લીધાં છે.

અકર્મતાથી સધાતી કર્મતાના નિયમનો ઉપયોગ ચાઇનીઝો જેમ મિત્રો સાથેના વ્યવહારમાં કરે છે તેમ શત્રુ સાથેના વ્યવહારમાં પણ કરે છે. એક ચાઇનીઝ કહેવત છે કે "તમારા શત્રુનું ભાતનું તપેલું કદી ફોડશો નહિ" "Never break your enemy's rice bowl" એટલે કે શત્રુએ કરેલા થોડા નુકસાનથી ચીઢાઇને તેનું હાંડલું ફોડવા–તેને નુકસાન પહોંચાડવા–તમે ન જાઓ. કોઇ વ્યક્તિ આપણને કંઈ નુકશાન પહોંચાડે કે પહેલો વિચાર આપણા મગજમાં તેનો બદલો લેવાનો આવે છે અને કોઇ રીતે વેર લઇએ પણ છીએ. પેલી વ્યક્તિને તે ખુંચે છે અને તે બમણો બદલો લેવાની પેરવીમાં પડે છે. આનો અંત કયાં આવે ? અને આવી રીતે બદલો વાળવાની યુક્તિઓ વિચારવામાં આપણી કેટલી બધી શકિત ખર્ચાઇ જાય છે ? વેર વાળવું એ મીઠું નથી, ખારૂં છે. કોઇના દિલમાં આપણા માટે ધીક્કાર હોય, પણ આપણા દિલમાં શા માટે ધીક્કારને પોષીએ ? તેને બદલે આપણે જો કંઇ નહિ કરીએ તો તેનો ધીક્કાર પણ શમી નહિ જાય ? કેટલીક વખતે તો આવા બદલાઓ લેવાના મૂળમાં એવાં નજીવાં કારણો હોય છે કે જો શાંત થઈ થોડો વખત પસાર થવા દઇ તે બનાવ ઉપર વિચાર કરવા બેસીએ તો આવી નજીવી બાબતમાં કેમ વેર વાળવાની ઇચ્છા થઇ હશે તેનું આપણને આશ્ચર્ય થાય.

લાઓ ત્ઝુ એ કહ્યું છે કે "અપકારકનો પણ પ્રેમથી જવાબ આપો."

આખરે તો બીજાઓ આપણા વિષે શું ધારે છે તેનું મહત્ત્વ નથી; બીજાઓ આપણા માટે શું કરે છે તેનું યે મહત્ત્વ નથી, પણ બીજાઓ માટે આપણા મનમાં શું પડયું છે, અને બીજાઓ માટે આપણે કેટલું કરીએ છીએ તે જ મહત્ત્વનું છે.

દુનિયામાં શાણો માણસ તો તે છે કે જે સાધારણ રીતે બીજાઓ તરફ અપેક્ષા રાખીને કંઇ કરવા જતો નથી.

અનુવાદક : મેનાબહેન

હિમગિરિમાં પરિભ્રમણ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩) તા. ૧૯–૬–૫૮ ગુરૂવારના રોજ સાંજના ૬–૩૦ વાગ્યે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા નૈનીતાલ બાજુ તેમણે તાજેતરમાં કરેલા પ્રવાસ વિષે વાર્તાલાપ કરશે. મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનું સ્થાન

(મુનિ સન્તબાલજી ખાનદેશ તથા મહારાષ્ટ્રમાં પ્રવાસ કરીને તા. ૨૫-૫-૫૮ ના રોજ મુંબઈ બાજુએ ઘાટકોપર પધાર્યા તે પ્રસંગે શ્રી કેદારનાથજીના અધ્યક્ષસ્થાને મુનિ સન્તબાલજીનો આવકાર સમારંભ ઘાટકોપરના જૈન સ્થાનકવાસી સંઘ તરફથી યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુનિશ્રીએ આપેલા પ્રવચનમાંનો અગત્યનો ભાગ નીચે આપવામાં આવે છે. ઘાટકોપરની પૌષધશાળામાં તેઓ ચાતુર્માસ કરવાના છે. તેમના આ સ્થાયી નિવાસનો મુંબઈની પ્રજાને પણ લાભ મળશે અને તેમનું આ બાજુનું આગમન સર્વ પ્રકારે કલ્યાણકારી નીવડશે એવી આશા રાખવામાં આવે છે. ઘાટકોપરના સ્થાનકવાસી જૈન સંઘે પોતાના ઉપાશ્રયમાં ચાલુ પરંપરાના ચોગઠાથી મુક્ત બનીને વિચરનાર અને નાત જાત કે સંપ્રદાયના ભેદભાવ સિવાય વિશાળ જનસમુદાયની સેવામાં અભિમુખ બનેલા મુનિ સન્તબાલજીને ઉતરવા રહેવાની સગવડ આપવાની ઉદારતા દાખવી તે બદલ તે સંઘને ધન્યવાદ ઘટે છે. મુંબઈ જૈન યુવક સંઘ પણ મુનિશ્રીના ચિરઅપેક્ષિત આગમનને અભિનંદે છે. **તંત્રી**)

જગતના તત્ત્વજ્ઞાનીઓએ સર્વાનુમતે એ વાત સ્વિકારી છે કે, ભારત દેશ સંતપૂજક છે. ઓલિયાઓનો પૂજારી છે. એ અર્થમાં ભારતીય સંસ્કૃતિ એટલે ત્યાગની પૂજક સંસ્કૃતિ, સંતોની પૂજારી સંસ્કૃતિ.

આવા સત્કાર સમારંભ પ્રસંગો એ સંસ્કૃતિનાં મૌલિક લક્ષણો ટૂંકમાં કહું તો અસ્થાને નહિ લેખાય. ભારતીય સંસ્કૃતિનાં મૂળ બે લક્ષણો આ મુજબ બતાવી શકાય: (૧) દુનિયાની કોઈ પણ વ્યકિત અતિથિરૂપે આવે તો તેને નાતજાત, દેશવેશ કે કોમ ધર્મના કશા ય ભેદભાવ વિના અપનાવી લેવી, અને (૨) એકમાત્ર આત્માની સત્તા સિવાય બીજા કોઈનીય તાબેદારીનો સખત સામનો કરવો. આને ટૂંકામાં બતાવવા સારું ભારતના ઋષિમુનિઓએ બે અણમોલ સૂત્રો આપ્યાં છે:

(૧) 'વસુધૈવ કુટુંબકં' અને (૨) એકમેવાદ્વિતીયં બ્રહ્મ.

આને જ કારણે ભારતમાં શક, હૂણ પારસિક, મોગલ અને બીજી નાની મોટી અનેક જાતિઓ દુનિયામાંથી આવી અને અહીં સમાઈ ગઈ. આ થયું એક પ્રમાણ; પણ એમ છતાં રામરાવણ યુગથી માંડીને હિટલર ગાંધીયુગ લગી, લગાતાર ઇતિહાસ પર જરાક નજર કરતાં તરત જણાઈ આવે છે કે ભારતે તમોગુણી કે રજોગુણી સત્તાની સામે બરાબર પ્રતિકાર કરી સત્વગુણ-પ્રધાનપણાની રક્ષા કીધી છે. ભારતે ધનવૈભવ કે સત્તા માટે કદી લડાઈ કરી નથી. આમ બિનઆક્રમક નીતિ એ તો તેના ખમીરમાં વણાયેલ છે. સાથોસાથ તેણે બીજા બધાં આક્રમણોને કદાચ સહી લીધાં છે, પણ સંસ્કૃતિ ઉપરનાં આક્રમણને કદી સહી લીધું નથી. કારણ કે આપણે જોઇ ગયા કે ભારત આત્મ સિવાયની સત્તાનો ઇનકાર કરે છે. ભારતીય સંસ્કૃતિનું આગવું અસ્તિત્વ આથી જ ટકી રહી શકયું છે. સમુદ્ર જેમ અનેક સરિતાઓને સમાવે છે, પણ કદી મર્યાદા છોડતો નથી અને પોતાનો આગવો ગુણ પણ કદી છોડતો નથી. તેવું જ ભારતનું છે. ગાંધીજી આથી જ બોલી શકયા હતા: 'હું હિંદમાતાનો બેટો છું, એટલે એનો તો ભક્ત હોઉં, મિત્ર હોઉં તે સ્વાભાવિક છે, પણ સાથોસાથ ખ્રિસ્તનો ય પરમ મિત્ર છું; પરમ વહાલેસરી છું અને તે ગાંધીજીએ જ નહિ, ભારતે સુદ્ધાં આચરી બતાવ્યું.

માઉંટબેટન આ જ સ્વરાજ્યની સરકારના આ દેશના પ્રથમ વાઇસરોય થયા. આજે પણ બ્રિટિશ કોમનવેલ્થમાં આપણું રાષ્ટ્રરાજ્ય છે જ. જેની સામે આપ્યો દેશ લડયો, તેના પણ ગાંધીજી પરમ મિત્ર અને ભારત પણ પરમ મિત્ર. આમાં કાંઇ નવું નથી. રામ વાલી સામે લડે, રાવણ સામે લડે અને એ જ વાલી મરતાં મરતાં પોતાનો પ્રિય અંગદ રામને ચરણે સોંપે. એ જ રાવણ મરતાં મરતાં પોતાનું તેજ રામહૃદયમાં સમર્પે. અયોધ્યા સાથે કિષ્કિંધા અને લંકાનો સુમેળ રહ્યા કરે. આ છે ભારતીય સંસ્કૃતિ.

સજ્જનો! ભારતીય સંસ્કૃતિનાં આપણે જે બે લક્ષણો જોયાં, તે ઉપરાંત એ ન ભૂલવું જોઇએ કે તે સંસ્કૃતિ નિત્ય વિકાસશીલ પણ રહી છે.

આથી ગાંધીયુગે વળી એક વિશેષ તાજગીની વાત બની. તેમણે આક્રમણ ન કર્યું, પણ આક્રમણને હઠાવ્યું; એટલું જ નહિ, પણ ફરી આક્રમણ ન થાય એવું વાયુમંડળ પણ બનાવી આપ્યું.

રામયુગે ધર્મયુદ્ધો થયાં; કૃષ્ણયુગે પણ ધર્મયુદ્ધ જ થયું. આપણે જાણીએ છીએ કે એ કાંઈ લડાઈઓ માટે લડાઈઓ નહોતી. સંસ્કૃતિ ઉપરનાં આક્રમણો સામે સાંસ્કૃતિક પ્રતિઆક્રમણો હતાં. એમ છતાં એમાં હથિયારો વપરાયાં હતાં, અને સૈનિકો દ્વારા એ લડાઇઓ લડાઈ હતી. ખુદ ભગવાન કૃષ્ણ જેવા મહાયોગી પુરુષે અનિચ્છાએ પણ સુદર્શનચક્ર લીધું હતું. એશિયાના પ્રકાશસમા મહાન બુદ્ધ ભગવાનના પરમ અનુયાયી અને જેનું ભારત રાજ્યે પ્રતીક ધારણ કર્યું છે, તે મહાન અશોક રાજવીએ જાતે હથિયાર છોડયાં હતાં એ ખરું, પરંતુ ત્યારે પણ સામુદાયિક અહિંસક યુદ્ધનો સમય નહોતો પાકયો. જ્યારે ગાંધીયુગે ન કોઇએ હથિયાર લીધું કે ન માત્ર સૈનિકો લડયા. ગાંધી યુગે તો આબાલવૃદ્ધ સૌ નરનારીઓ લડયાં અને મારવાને બદલે માર ખાઈને મહાલડાઇને જીતી ગયાં. બંદૂક, તોપ અને બોંબોની સામે આવી નિઃશસ્ત્ર પ્રજાની પ્રજાકીય જીત, જગતનો એક અજોડ ચમત્કાર છે!

અહીં મારાથી જૈન સંસ્કૃતિને અંજલી આપ્યા વિના રહી શકાતું નથી. જે મહારાષ્ટ્ર પ્રાંતના છ જિલ્લાઓ તાજા સ્પર્શીને હું આ મહાનગરીમાં આવ્યો આવું છું, તે પ્રાંતમાં જન્મેલા ભારત સપૂત અને નરકેસરી, લોકમાન્ય નેતા તિલકે જૈન ધર્મને અંજલિ આપતાં કહ્યું: 'ભારત ઉપરની અહિંસાની ભેટમાં જૈન ધર્મનો ફાળો અજોડ છે.' અહીં ગાંધીજીવન પરત્વે જરા ડોકિયું કરી લઈએ, તો આનો વધુ સચોટ ખ્યાલ આવી જશે.

ગાંધીજી સનાતન વૈષ્ણવ રહેવા છતાં જૈન સંસ્કૃતિના ઉપાસક બની શકયા હતા. જેમ કુમારપાળ રાજા પરમ શૈવ છતાં પરમાર્હત બની શકયા હતા. જૈન સંસ્કૃતિની આ સાહજિક વિશેષતા. ગાંધીજીને એમનાં માતાજી જૈન મુનિ પાસે (વિલાયત જતાં પહેલાં) પ્રતિજ્ઞા લેવડાવવા લઈ ગયેલાં, તે જાણીતી વાત છે. વિલાયતમાં ગાંધીજીએ એ પ્રતિજ્ઞા પ્રાણ સાટે પાળી હતી. ગાંધીજીના જીવનમાં જે ત્રણ મહાપુરુષોની છાયા છે, તેમાંના શ્રીમદ્ રાજચંદ્રનું નામ નોંધપાત્ર છે. શ્રીમદ્નું નામ જૈન તત્ત્વજ્ઞાનીઓ તથા ઇતર અધ્યાત્મપ્રેમીઓમાં જાણીતું છે. આપ શ્રીમદ્ને એ રીતે પણ જાણતા હશો કે જૈન સંસ્કૃતિના તેઓ એક ક્રાન્તિપ્રિય મહાપુરુષ હતા.

શ્રોતાજનો! અહીંથી હું આપને જૈન સંસ્કૃતિના ઊંડાણમાં થોડોક સમય લઈ જઉં, તો તે સુસ્થાને લેખાશે.

જૈન સંસ્કૃતિનાં મહાન લક્ષણો ચાર છે: (૧) ગુણપૂજા અથવા સર્વધર્મસેવા, (૨) અહિંસક પ્રતિકાર, (૩) વ્યક્તિ અને સમાજ બંનેની સમતુલા. (૪) પરિવર્તનશીલતા.

આ ચાર મહાન લક્ષણોને કારણે ભારતીય સંસ્કૃતિની વિકાસશીલતામાં યશસ્વી ઉમેરો થયો છે તે જણાઇ આવ્યા વગર રહેતું નથી.

જૈનોએ કયાંય વ્યકિતને માત્ર નામથી પૂજનીય માની નથી, ગુણ સાથે જ પૂજનીય માની છે. વાસ્તવમાં જૈન એ કોઇ સંપ્રદાય નથી, સર્વ સંપ્રદાયોનું સમન્વિત દર્શન છે.

જૈન શબ્દ પોતે 'જિ' ધાતુ ઉપરથી બન્યો છે. જિ (to conquer) એટલે જિતવું અર્થાત્ જિતનાર તે જ જૈન.

માનવજીવનનાં ઊંડાણમાં જતાં તરત જણાશે કે માણસને માત્ર જિજીવિષા એટલે કે જિંદગીની સલામતી જ નથી જોઇતી, પણ તેને સત્ય, પ્રેમ અને ન્યાયરૂપી પરમ જીવનની સલામતી (એટલે કે વિજિગીષા) પણ સાથોસાથ જોઇએ છે. જૈન તત્ત્વજ્ઞાન અને જૈન ધર્મ બન્નેનો આ પરમ જીવનની સલામતીમાં મહાન ફાળો રહ્યો છે.

સદ્‌ગત વાડીલાલ મોતીલાલ શાહે આથી જ કહ્યું છે કે સામાન્ય જનમાંથી જૈન બનવા માટે વિવેક અને આચરણ એમ બે માત્રા ઉમેરાવી જોઇએ. આથી જ જૈન બન્યા પછી તેની એ મહત્ત્વાકાંક્ષા સહજ જાગે છે કે 'સવી જીવ કરું શાસન રસી.' પ્રાણીમાત્ર સાથે આત્મભાવે જોયા વગર આ મહત્ત્વાકાંક્ષા શી રીતે અમલી બની શકે ? સર્વ ધર્મોને-સર્વ અનુગમોને-સર્વ સંપ્રદાયોને પોતીકા ગણ્યા વિના આ ન જ બની શકે.

મહાન આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરના આ શબ્દો તેની પ્રતીતિ આપે છે. 'પક્ષપાતો ન મે વીરે, ન દ્વેષઃ કપિલાદિષુ । યુક્તિમદ્‌વચનં યસ્ય, તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥' એટલે કે વર્ધમાન મહાવીર સાથે મારો પક્ષપાત નથી; તેમ કપિલ, કણ્વ, કણાદ કે પંતજલિ સાથે મારો અપક્ષપાત નથી. જ્યાં જ્યાં ગુણ છે ત્યાં ત્યાં જ મારો પક્ષપાત છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યને કોઇએ પૂછ્યું : 'આપ શિવમંદિરમાં આવી શકો ?' તેમણે તરત ત્યાં જતે જઇને સકળ ઉત્તર આપી દીધો. તે વખતનો તેમનો ઉચ્ચારેલો શ્લોક આ રહ્યો :

['भवबीजांकुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य। ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥'] એટલે કે જેમનાં રાગદ્વેષ નષ્ટ થયા છે, તેમનું નામ બ્રહ્મા હો, વિષ્ણુ હો, શંકર હો કે જિનેશ્વર, હો ! નામની સાથે મને મતલબ નથી, વિતરાગતા-રાગદ્વેષ-રહિતતા સાથે મારે મતલબ છે. યોગીશ્વર આનંદઘનજીએ તો રામરહિમાન વચ્ચે પણ એકતા માની છે અને જોઈ છે. સજ્જનો ! આજે જ્યારે આખું વિશ્વ પંચશીલ તરફ આકર્ષાઇ રહ્યું છે, ત્યારે ત્યાં સર્વધર્મ સેવા વિના બીજો કોઇ તખતો વિશ્વને એક શી રીતે કરી શકશે ?

અહિંસક પ્રતિકાર એ જૈન સંસ્કૃતિનું બીજું લક્ષણ અને વિશ્વને મળેલી મહાન ભેટ છે. આધુનિક ઇતિહાસકાર પણ જે પાર્શ્વપ્રભુના જીવનને પ્રમાણિત ગણે છે અને જેમના સંઘના શ્રી વર્ધમાન પોતે પણ અનુયાયી હતા, તે પાર્શ્વનાથનું કમઠ સામેનું અહિંસક યુદ્ધ જાણીતું છે. આપણે એ તો જાણીએ છીએ જ કે યોગીશ્વર શ્રીકૃષ્ણ પ્રભુએ લોકોને દુઃખ દેતા કાલીયનાગને નાથ્યો હતો. જ્યારે પાર્શ્વાનુયાયી વર્ધમાને ચંડકૌશિક નામનો નાગ કે જે જનતાને મહાન ત્રાસદાયક થઇ પડ્યો હતો, છતાં તેને નાથીને નહીં, પણ નચાવીને જિતી લીધો હતો અર્થાત્ એ નાગે વર્ધમાન સાધુને ભરડો લઈને ડંખ દીધો, તોય તેમણે તો પ્રેમામૃત જ પીરસ્યું અને ઝેરનો પરાજય કર્યો અને ઝેરીલો નાગ પણ અમૃત પાવન થઇ, તેણે પોતાનો ઝેરીલો સ્વભાવ છોડી દીધો. અહીં કોઇ કહેશે કે એ નાગ તો ભૂતકાળમાં સાધુપુરુષ હતો તો હું કહીશ કે અનાર્ય ક્ષેત્રોમાં પણ મહાવીર ગયા હતા. તેમણે કહ્યું ! 'સાધુ ! તું અહીંથી ચાલ્યો જા.' તરત મહાવીરે આચરણથી જવાબ આપી દીધો : 'ના; હું આવીશ અને તમારા ગામમાં જ નહિ; તમારા દિલમાં સુદ્ધાં પેસીશ.' આખરે તો 'સર્વ જીવ છે સિદ્ધસમ, જો કરિયે તો થાય' અને 'एगे आया' આ સૂત્રો એમણે સાર્થક કરી બતાવ્યાં. આ માર્ગે મહાવીર જ ગયા છે એમ નથી. જે કોઇ 'सव्वस्स आणाए' માનતા હતા, તે બધા જ ગયા છે. એમાં મેતારજ મુનિ અને ધર્મરુચિ જેવા શ્રમણો ગયાં છે તેમ સુદર્શન અને અર્હન્નક જેવા શ્રમણોપાસકો પણ ગયા છે. આ એમનો સફળ અહિંસક પ્રતિકાર. આમ એ જૈન સંસ્કૃતિની બીજી મહાભેટ છે.

જૈન દર્શનની ત્રીજી ભેટ છે: વ્યક્તિ અથવા સમાજનું સંતોલન-કરવું એટલે કે 'ધર્મ અને સંસ્કૃતિ' બન્નેની રક્ષા કરવી.

જો ધર્મ એ સોનું છે, તો સંસ્કૃતિ ઘરેણું છે. ધર્મ જો બીજ છે, તો સંસ્કૃતિ વૃક્ષ છે. ધર્મમાં કેંદ્રસ્થાને વ્યક્તિ છે, જ્યારે સંસ્કૃતિમાં કેંદ્રસ્થાને સમષ્ટિ છે. માનવ વ્યક્તિ એ એક એવું અનુપમ સર્જન છે કે જેમાં વિશ્વ-ભરનાં વ્યક્તિ, સમાજ અને સમષ્ટિનો સમાવેશ થઈ જાય છે.

વહાલાં શ્રોતાજનો ! આપમાંનાં ઘણાંખરાં કદાચ જાણતાં જ હશો કે જૈન ધર્મ ગુણપૂજામાં તો માને છે જ. ઉપરાંત સમાજ ધર્મને જ મહત્ત્વ આપે છે. આથી તેમના નમોક્કાર મંત્રમાં સૌથી પહેલું નામ એ વિભૂતિઓનું મૂકે છે કે જેઓ માત્ર પોતે જ તરતા નથી, તૂંબડાંની જેમ પોતે તરે છે ને સાથોસાથ બીજાઓને તારે છે. તેઓ માત્ર મનુષ્યોના જ નહિ, પ્રાણીમાત્રનાં માબાપ બની વિશ્વવાત્સલ્ય આચરે છે. 'નમો અરિહંતાણ !' એ પંચપરમેષ્ઠીમાંનું પ્રથમ પદ તેનું ઉત્કૃષ્ટ પ્રમાણ છે. ઉત્તરાધ્યયન નામનું જે શાસ્ત્ર શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ વખતે અપાયેલા ઉત્તરરૂપે છે, તેમાં 'सिद्धाणं च नमोकिच्चा' પદ છે, પણ સિદ્ધપદમાં તો વ્યક્તિગત વિકાસ પામેલા પુરુષો સુદ્ધાં આવી શકે. એટલે અહીં "અરિહંત" પદને અલગ તારવી પ્રથમ મૂક્યું. આ વિધાન પર ગંભીર રીતે વિચારતાં સહેજે જણાશે કે 'શ્રોતસ્માર્ત' બન્ને વૈદિક શાખાઓ જૈનમાં સમન્વિત થાય છે. વળી આથી એ પણ સહેજે જણાશે કે સામુદાયિક અહિંસક પ્રતિકારનો ખ્યાલ જૈન સંસ્કૃતિના આ લક્ષણમાંથી સહેજે કળી શકાય તેમ છે; એટલું જ નહિ પણ 'મારા સાથીઓ ભૂલ કરે, એનું પ્રાયશ્ચિત મારે કરવું જોઇએ' એવી ઊંડી અને વ્યાપક અહિંસા પણ જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિનું સુંદર ફળ છે. ઋષભનાથ તીર્થંકરના સમયમાં ભરત બાહુબલિના યુદ્ધને એક દૃષ્ટિ અટકાવ્યું હતું. મહાવીર સમયે બે કુમારોનાં યુદ્ધને એક સાધ્વી માતાએ અટકાવ્યું હતું. આથી જ આચાર્યોએ ગાયું: 'प्रधानं सर्वधर्माणां जैनं जयति शासनम्' એટલે કે જૈન ધર્મ સર્વધર્મપ્રધાન છે. જો જૈન ધર્મ સર્વધર્મપ્રધાન હોય તો તેની જવાબદારી કેટલી ! એ સવાલ સહેજે અહીં ઊઠે છે.

ગાંધીજીએ એ જવાબદારી ઉપાડી અને સ્વરાજ્ય પછી પણ એ જવાબદારી ચાલુ રાખીને જ તેઓ નોઆખલી તરફ દોડી ગયા, સ્વરાજ્યનો ઉત્સવ માણવા ઊભા ન રહ્યા. કહેવાતો જૈન ચતુર્વિધ સંઘ અહિંસાને એ અર્થમાં ન અપનાવી શક્યો, એ ભૂલને સુધારી એણે ગાંધીજીના એ અધૂરા કાર્યને આગળ ધપાવવા આગળ આવવું જ જોઇએ ને ? ચાલો, વહાલા શ્રોતાજનો ! હજુ આપણે થોડા આગળ વધીએ અને જૈન સંસ્કૃતિનું ચોથું લક્ષણ ટૂંકમાં વિચારી લઇએ.

પરિવર્તનશીલતા એ જૈન સંસ્કૃતિનું ચોથું લક્ષણ છે. અહીં પણ આપણે કબૂલ કરવું પડે છે કે છેલ્લાં અનેક વર્ષોથી એકાંગીપણું આવ્યું છે, તેનું કારણ પરિવર્તનશીલતાનાં લક્ષણને લગભગ સાવ ભુલાઈ ગયું. કદાચ પરમ વૈષ્ણવ એવા છતાં પરમ જૈન ગાંધીજી આથી જ આજના ચતુર્વિધ જૈન સંઘ કરતાં ય આગળ ચાલી ગયા, એમ માનવામાં અત્યુક્તિ નહિ ગણાય.

આપ જાણતા જ હશો કે જે જૈન સમાજમાં પાર્શ્વાપત્યથી સંઘ-બંધારણ હોવા છતાં શ્રી મહાવીરે મૂળભાવ જાળવી છેક નવું બંધારણ આપ્યું. શ્રી કેશીશ્રમણ પોતાના સમૂહ સાથે જ ગૌતમની સાથે તદાકાર બની ગયા. આખા સમાજ માટે પરિવર્તનશીલતાનો આ કાંઈ ઓછો નાદર નમૂનો ન ગણાય ! આમાં કડક ક્રિયા કે નરમ ક્રિયાનો ય સવાલ નહોતો, સવાલ તો પરિવર્તનશીલતાને પચાવવાની ક્રાન્તિપ્રિયતાનો હતો. નહિ તો ઋષભનાથ તીર્થંકરના સંઘ કરતાં અજિતનાથ તીર્થંકરનો સંઘ, બાહ્ય દૃષ્ટિએ શિથિલ જ ગણાય ને ? ક્યાં શ્વેતવસ્ત્ર અને ક્યાં રંગીન વસ્ત્ર ! ક્યાં પંચમહાવ્રત ધર્મ અને ક્યાં ચતુર્યામધર્મ ! ભગવાન મહાવીર પછી પણ ક્રાન્તિપ્રિયતાના થોડા નમૂના જોઇ લઇએ !

જે જૈન સમાજમાં દિગંબર શ્રી કુંદકુંદાચાર્યે જ્ઞાનજ્યોતિ પર ભાર આપી ક્રાન્તિકિરણો ફેંકયાં હતાં, જે જૈનસમાજમાં પટણા, મથુરા, વલ્લભીપુર જેવાં ક્રાન્તિપ્રિય સંમેલનો થયાં હતાં, જે જૈન-સમાજમાં ધર્મપ્રાણ લોંકાશાહ અને એ માર્ગે ચાલનારા ધર્મસિંહજી લવજી અને ધર્મદાસજી જેવા સાધુપુરુષો થયા હતા, જે જૈન શ્વેતાંબર સમાજમાં તાજા ધર્મવિજયજી અને વલ્લભવિજયજી જેવા જ્યોતિર્ધર સંતો થઈ ગયા. જે સ્થા. સમાજમાં અજરામરજી, સોહનલાલજી, સતી પાર્વતી, અમોલખ ઋષિ, જવાહરલાલજી અને ચોથમલજી વગેરે

સંત સતી થયાં હતાં. આજે પણ ત્રણે ય અથવા ચારે ય ફિરકાઓમાં અનેક સાધુ સાધ્વીઓ ક્રાન્તિ માટે આતુર છે. વર્તમાનનાં નામો હું ઇરાદાપૂર્વક અહીં ટાળીશ. કારણ કે જીવંતને તો પરોક્ષ અને વણનામે જ અંજલિ વધુ શોભે ને ?

આ બધાં રત્નોએ વારંવાર યાદ આપ્યું હતું અને આપી રહ્યાં છે કે ધર્મ મહાસાગર છે; તેમાં વિજ્ઞાન, રાજકારણ, સમાજ અને અર્થકારણ વ૦ બધાં સમાય છે. છતાં ધર્મ એકાંગી બની રહ્યો, રૂઢિઓએ અને કર્મકાંડોએ એને ગ્રસી લીધો. ધર્મ અને સંસ્કૃતિ બન્નેની સમતુલા પરિવર્તનશીલતા એ બન્ને લક્ષણો સાથે રહ્યાં હોત તો આમ ન થાત, અને જૈનશાસ્ત્રોમાં વિજ્ઞાનનું જે વર્ણન છે, તથા જૈનશાસ્ત્રોના અનુયોગોમાં રાજકારણ અને સમાજની જે તત્ તત્ કાળની ઊંડી અને વ્યાપક સમજ દેારી આપી છે, દ્રવ્ય, ક્ષેત્રકાળ અને ભાવનું જે સુંદર માર્ગદર્શન છે તે બધું જોતાં આજના યુગને અનુકૂળ વ્યક્તિ, સમાજ તથા સમષ્ટિને વિજ્ઞાન અને રાજકારણ વગેરેનું માર્ગદર્શન આપવું એ કાંઇ નવી વાત નહોતી, પણ એ ન બન્યું. પણ ખેર 'बीती ताको विसार दे आगेकां सुध ले' એ અનુસાર.

આજે ભારતીય સંસ્કૃતિ અને જૈન સંસ્કૃતિના સ્થાન તથા જવાબદારીના ચિંતન સાથે થઈ રહેલા આ સત્કાર સમારંભને હું જાગૃતિની નિશાની ગણું છું. એમાં ઘાટકોપરનો ક્રાન્તિપ્રિય જૈન સ્થા૦ સંઘ નિમિત્ત બને છે અને પોતાને આંગણે નાથજી જેવા મુખ્ય મહેમાનને નોતરીને મુખ્ય નિમિત્ત બને છે અને જેમાં કવિવર્ય નાનચંદ્રજી મહારાજ જેવા બુઝર્ગ અને ક્રાન્તિપ્રિય સાધુ પુરુષ હાજર છે, તે ખરેખર લહાવારૂપ છે. જો કે, આ પહેલાં જામનગર અને ભાલ-ભાએ પણ અમુક પ્રકારની પહેલ કરી છે, પણ આ પહેલ તેમાં નવી ભાત પાડે છે.

જે મુંબઈના સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા સમૌન એકાંત પછીના નિવેદનને વાંચવાની સુદ્ધાં 'સંતબાલ'ને ના કહેવાઇ હતી, તે જ મુંબઈમાં તે જ નિવેદનના ફળરવરૂપે ભાલ નળકાંઠામાં થયેલા પ્રયોગ પછી, આજે સાડી વીસ વર્ષને વહાણે એ નિવેદનના ફળને ઉમળકાભર્યો આવકાર મળે છે એ અપરંપાર આનંદનો વિષય છે.

પ્રેમીજનો ! આજે મેં આપ સૌની સમક્ષ નમ્રભાવે છતાં સ્પષ્ટપણે ભારતીય સંસ્કૃતિની વિકાસશીલતાના સંદર્ભમાં **જૈન સંસ્કૃતિનું** સ્થાન દર્શાવીને ગાંધીજી પછીના વિશ્વવ્યાપી એ અધૂરા રહેલા ભારતકાર્યને આગળ ધપાવવા જૈન કહેવરાવનારા ચતુર્વિધ સંઘની સર્વ પ્રથમ જવાબદારીનો નિર્દેશ કર્યો છે.

સર્વથા સૌ સુખી થાઓ
સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો
સર્વત્ર શાન્તિ વિસ્તરો.

સન્તબાલ

"માનવીનું ઉત્થાન એ જ આજની સૌથી મોટી સમસ્યા છે."

"હિંદની પરિસ્થિતિનો વિચાર કરતાં આપણું મન અવાર નવાર ઉદ્વિગ્ન બની જાય છે. આપને આજની પરિસ્થિતિ વિષે કેમ લાગે છે ?" આ પ્રકારના એક ખબરપત્રીના પ્રશ્નનો જવાબ આપતાં ભારતના મહા અમાત્ય નહેરૂએ તા. ૪-૬-૫૮ ના રોજ જણાવ્યું કે "આજની આર્થિક મુશ્કેલીઓ તેમ જ પરદેશી હુંડિયામણ તેમ જ બીજી કેટલીક મુંઝવણો હોવા છતાં, આપણે આપણી પંચવર્ષીય યોજનાને અહીં તહીં થોડી ઘણી કાપકુપ કરીને તેમ જ થોડી મર્યાદા સાથે પાર પાડી શકીશું એમાં કોઇ શક નથી. યોજનાનો આ વ્યવસાય-ઔદ્યોગીકરણનો તેમ જ શિક્ષણ તથા અન્ય જે પાયાની પ્રવૃત્તિઓ છે તેને લગતો વ્યવસાય-ચાલ્યા જ કરશે, કારણ કે તેને ખૂબ વેગ આપવામાં આવ્યો છે. અને જો કે આપણે પૂરેપૂરા જાગૃત રહેવું જોઇશે-અને જે ચાલી રહ્યું છે તે બરોબર ચાલી રહ્યું છે એવી કોઇ પણ અંશમાં નિરાંત અનુભવવાનું આપણને પરવડી શકે તેમ છે જ નહિ. એમ છતાં પણ, આપણા માટે વધારે પડતા ઉદ્વિગ્ન કે ચિન્તાતુર બનવાની જરૂર હોય એમ મને નથી લાગતું.

"જો કોઇ પણ બાબતમાં ચિન્તા જેવું હોય-અને ચિન્તા તો છે જ-તો તે આધુનિક ટેકનોલોજીકલ યાંત્રિક શોધો, હાઇડ્રોજન બોંબ અને બીજી બાબતોને લગતા આન્તરરાષ્ટ્રીય ગુંચવાડાને અંગે છે. આ બાબત અમુક પ્રમાણમાં ભડકાવનારી છે, પણ એનું કારણ આજની સરકારો દુષ્ટ વૃત્તિવાળી છે એમ નથી, પણ કોઇ એક એવી વિચિત્ર વ્યક્તિના હાથમાં સત્તા જઇ પડે કે જે પોતાનું મગજ ગુમાવી બેસે-આ આજની ચિન્તાનું મૂળ છે.

"આખરે આજની ખરી સમસ્યા-અહિં કે અન્યત્ર-કઇ ભાતના માનવીઓ આપણે પેદા કરીએ છીએ તેને લગતી છે. જો સારી કોટીના માનવીઓ આપણે પેદા કરી શકીએ તો બીજું બધું 'તેના સ્વાભાવિક ક્રમમાં ધાર્યા મુજબ નિર્માણ થવાનું જ છે. જો તે નહિ હોય તો આપણો પાયો નબળો બનવાનો છે. એક સુવિખ્યાત અર્થશાસ્ત્રીએ માણસમાં કેટલી મુડીનું રોકાણ કરવામાં આવે છે-'Investment in man'-એ પરિભાષામાં આજની સમસ્યા રજુ કરી હતી. એ જ પરિભાષામાં હું વધારે ને વધારે વિચારી રહ્યો છું. ઉદ્યોગ અને ખેતીમાં કરવામાં આવતું મુડીનું રોકાણ જરૂર મહત્વનું છે. પણ માણસને અંગે કરવામાં આવતું મુડીનું રોકાણ વધારે મહત્વનું છે."

એક સ્ત્રીપત્રકારે પૂછ્યું કે "આપણી પંચવર્ષીય યોજના બાદ માણસની ભાત સુધરશે એમ આપ માનો છો ?" મહા અમાત્યે જવાબ આપ્યો કે "જરૂર. જો તેમ નહિ બને, તો આપણે નિષ્ફળ નીવડ્યા છીએ એમ જ માનવું રહ્યું."

મહા અમાત્ય નહેરૂએ આગળ વધતાં જણાવ્યું કે "આગળ વધેલા મુડીવાદી કે સામ્યવાદી દેશોની આર્થિક વિચારણાનો અમુક ચોક્કસ રીતે જ વિકાસ થયો છે. માત્ર તાજેતરમાં જ લોકો અણુવિકસિત દેશોની સમસ્યાઓ વિષે ધીમે ધીમે વિચાર કરવા લાગ્યા છે. આને લીધે ઇંગ્લાંડ, ફ્રાન્સ, ન્યુયોર્ક, મોસ્કો, કે પેકીંગમાં જે વિચારણા ચાલી રહી છે તેનાથી સ્વતંત્ર રીતે આપણી વિચારસરણી વિકસાવવાની આપણા માટે જરૂર ઉભી થઇ છે.

"આજે મુડીવાદી અને સામ્યવાદી-બન્ને પ્રકારના દેશોએ કલ્યાણ-રાજ્યની કલ્પનાને એક આદર્શ તરીકે સ્વીકારેલ છે. પણ કલ્યાણ-રાજ્યના ધ્યેયને પહોંચવા માટે ૧૫૦ થી ૨૦૦ વર્ષના ગાળા દરમિયાન ઇંગ્લાંડ, જર્મની કે અમેરિકાએ જે પગલાં ભર્યાં તે પગલાં ભરવાનું ભારત માટે શકય નહોતું, તેવાં પગલાં ભારત ભરવા માંગતુ પણ નહોતું. એ જ પ્રમાણે સામ્યાવાદી દેશોમાંના કેટલાકે જે રીતે કામ લીધું તે રીતે આપણે કામ લેવા માંગતાં નહોતા-તેવી રીતે કામ લેવાનું આપણા માટે શકય પણ નહોતું. હિંદ મોટા ભાગે તેના ભૂતકાળનું પરિણામ છે અને ખાસ કરીને મહાત્મા ગાંધીએ તેને જુદા જ પ્રકારનું ઘડતર આપ્યું છે. તેને ચોક્કસ પ્રકારની ઔદ્યોગિક નીતિ નિર્માણ કરવાની હતી અને સાથે સાથે સત્તાનું શકય તેટલું વિકેન્દ્રીકરણ કરવા તે ચાહતું હતું. નાતજાતના તેમ જ ઉચ્ચ નીચ વર્ગોના ભેદો વગેરે ઓળવા થતે થતે આખરે તદ્દન નાબુદ થવા જ જોઇએ.

"એ સ્થિતિથી ભારત હજુ ઘણું દૂર છે. પણ આપણે બીજા અનેક વ્યવહાર પ્રશ્નોનો સામનો કરવાનો છે અને તે માટે કેટલાય સામાજિક ફેરફારો કરવા પડે તેમ છે. આ અંગે સૌથી વધારે ધ્યાનમાં લેવા જેવી પહેલી બાબત એ છે કે ભારતની, જર્મની અને તે બન્નેની આસપાસના દેશોની સમસ્યા બીજા દેશો કરતાં નિરાળી અને વિશિષ્ટ પ્રકારની છે અને તેનો ઉકેલ આપણી પોતાની સ્વતંત્ર વિચારણા વડે શોધવાનો છે અને નહિ કે અન્યજનોની વિચારણા વડે, જો કે અન્યજનોની વિચારણા આપણને જરૂર મદદરૂપ થઇ શકે છે. આપણને

વા સમાજની અપેક્ષા હોય તેવા સમાજની રચનાનો નકશો આપણે જ કી કરવાનો છે; તે સિદ્ધ કરવાની પદ્ધતિઓ પણ આપણે જ નક્કી રવાની છે. પણ સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જ્યારે પણ ૨૨ ઉભી થાય ત્યારે આ મર્યાદાના વર્તુલની અંદર રહીને આપણી ર્ય પદ્ધતિ બદલતા રહેવા માટે આપણે સતત જાગૃત રહેવાનું છે."

પ્રશ્ન : "આપને એ અભિપ્રાય માન્ય છે કે આપણને જે સમસ્યા લ કરવાની છે તે એક રીતે નમ્ર વિચારણા અને ઉગ્ર વિચારણા ચ્ચેની હરીફાઈને લગતી નથી, પણ પરંપરાનાં મૂલ્યો ઉપર વધારે ાર મૂકતા અને વિજ્ઞાન તથા યંત્ર ઉપર વધારે ભાર મૂકતા–એવા । વર્ગો વચ્ચેની સ્પર્ધાને લગતી છે."

જવાબ : "પૃષ્ઠભૂમિકામાં એજ સમસ્યા રહેલી છે, પણ મને થી લાગતું કે જે માણસ પરંપરાનાં મૂલ્યો ઉપર વધારે ભાર મુકતો ાય છે તે આજે વિજ્ઞાન કે ટેક્નોલોજીનો વિરોધ કરી શકશે. અને ારંપરાગત મૂલ્યો–traditional values–એ શબ્દથી તમે શું કહેવા ાગો છો?" મહાઅમાત્યે તે પત્રકારને પૂછ્યું.

પત્રકારે જવાબ આપ્યો કે "વિનોબા ભાવેએ તાજેતરમાં એવી તલબનું નિવેદન કર્યું હતું કે તેઓ કુટુંબ–આયોજનના વિરોધી છે."

મહા અમાત્યે વળતો જવાબ આપ્યો કે "આ દૃષ્ટાન્તને પરંપરાનાં ૂલ્યો સાથે કશો સંબંધ નથી. પ્રાચીન કાળના ઋષિઓએ કદિ પણ ટુંબ–આયોજનની ચર્ચા કરી હોય એમ મારા સાંભળવામાં આવ્યું થી. વસ્તુતઃ એ સમયમાં "તને સો પુત્ર પ્રાપ્ત થાઓ." એવો ાશીર્વાદ આપવામાં આવતો હતો. એ વખતે વસ્તીમાં વધારો થાય મે જરૂરી હતું. આજે વસ્તુસ્થિતિ તદ્દન ભિન્ન પ્રકારની છે. ાચાર્ય વિનોબા કદાચ એમ વિચારતા હશે કે કુટુંબ–આયોજનનો વેચાર કરવો એ ઇશ્વર, કુદરત અને એવી બીજી બાબતોમાં દખલગીરી રવા બરોબર છે."

પંડિત નહેરૂએ આગળ ચાલતાં જણાવ્યું કે "અન્તિમ પૃથક્કરણ રતાં એમ માલુમ પડે છે કે લક્ષ્યસ્થાને કયા પ્રકારની સમાજરચના ે તેનું એટલું મહત્ત્વ નથી જેટલું મહત્ત્વ જરૂરી તાલીમ પામેલા ોકોનું છે. જર્મની, સોવિયેટ રશીઆ અને જાપાન–એ ત્રણેનો લ્લા વિગ્રહ દરમિયાન નાશ થયો હતો, પણ એ ત્રણે દેશો બહુ થોડા સમયમાં ઉંચે આવી ગયા હતા. મૂડીવાદ કે સામ્યવાદને તેની સાથે શો સંબંધ નહોતો."

પત્રકાર : "આ બધા દેશો ઉપર આપખુદ રાજ્યસત્તાનું શાસન વર્તતું હતું. લોકો તો એના એજ છે."

પં. નહેરૂ : "એક ક્ષણ માટે પણ હું એમ માનવાને તૈયાર થી કે આજના જર્મનીનો નિર્માતા અને ધડવૈયો હિટલર હતો. એમ માનવું તે કેવળ એવકુફી છે. જર્મની સો અથવા તેથી વધારે ર્ષોના ઘડતરનું પરિણામ છે."

પત્રકાર : "પણ (જર્મનીમાં) વ્યકિત (સત્તાધીશોને) આંખો મીંચીને અનુસરે છે, તેના હુકમ મુજબ વર્તે છે."

પં. નહેરૂ : "તે આંખો મીંચીને અનુસરે છે એમ નથી, પણ શિસ્તબદ્ધ માનવી કેમ અનુસરવું તે બરોબર જાણે છે. નેપોલિયનના સમયથી યુરોપમાં ફરજિયાત લશ્કરી સેવા બજાવવાની પદ્ધતિની શરૂઆત થઇ અને આથી લોકોમાં શિસ્તભાવ સુદૃઢ થઇ અને વર્ગભેદો નાબુદ થયા."

પત્રકાર : "જ્યારે યુરોપિયન વિચારકોએ માનવીને મધ્ય સ્થાને સ્થાપિત કર્યો ત્યારે અહિં આપણે માનવીને નરકની નજીકમાં સ્થાન આપ્યું છે."

પં નહેરૂ : "આ ભારે વિચિત્ર વિધાન છે. મને લાગે છે કે હિંદની પૃષ્ઠ ભૂમિકા વિષે તમે અત્યંત અજ્ઞાત છો. ભારતમાં દરેક વ્યકિતને નરકનો નહિ પણ ઇશ્વરનો અંશ લેખવામાં આવે છે."

પત્રકાર: "એટલા જ માટે માનવીને માનવી તરીકે સ્વીકારવામાં આવતો નથી."

પં. નહેરૂ: "આ વિષયો ઉપર તમને થોડું વધારે વાંચવાની મારી ભલામણ છે. પણ હું તમારી સાથે આટલા પુરતો સંમત થાઉં છું કે આપણું તત્વજ્ઞાન જો કે ભારે ભવ્ય અને આશ્ચર્યચકિત કરે તેવું છે, એમ છતાં પણ વ્યવહાર જીવનમાં આપણે તે મુજબ અનુસર્યા નથી અને પરિણામે આપણે ત્યાં પછાત વર્ગો, અસ્પર્શ્યો વગેરે અનેક નીચલા થરો પેદા થયા છે અને તેથી આપણને ભારે નુકસાન થયું છે."

જવાહરલાલ નહેરૂ

વિનોબાજીને પં. નહેરૂની ભવ્ય અંજલિ

પંઢરપુર ખાતે મે માસની ૩૧ તથા જુન માસની ૧ તથા ૨ ના રોજ સર્વોદય સંમેલન ભરાઈ ગયું. આ પ્રસંગ ઉપર ભારતના મહાઅમાત્ય પં. નહેરૂએ ભૂદાન આન્દોલનના સૂત્રધાર વિનોબાજીને ભારે ભવ્ય અંજલિ આપી હતી. શ્રી નહેરૂએ એ સંદેશામાં જણાવ્યું હતું કે "આજના ક્ષુબ્ધ છતાં શક્તિસંચાલિત ભારતમાં વિનોબાની નાજુક દેહયષ્ટિ બળના શિખરસમી અડોલપણે ઉભી છે. તે મૃદુ અને નમ્ર છે અને એમ છતાં તેમની આંખોમાં પ્રાચીન ભારતના બળની તેમ જ ભાવીના દર્શનની ઝાંખી થાય છે. ભારતના જીવનમાં આજે જે નવચેતનાનો સંચાર થઈ રહ્યો છે, પંચવર્ષીય યોજનાને અમલી બનાવવાની તમન્ના પાછળ, આપણી ખેતીની સુધારણા પાછળ, નાના તેમજ મોટા ઉદ્યોગો ઉભા કરવા પાછળ, આર્થિક વિવાદો, ભાષાકીય તેમજ પ્રાદેશિક સીમાઓને લગતી દલીલબાજીઓ, દેશની એકતાને છિન્નભિન્ન કરનારાં વળણો, અને એકતા માટેની દર્દભરી પ્રાર્થનાઓ, નિરાશાઓ અને વિચારવિસંવાદો–આ બધાં પાછળ જે ઉશ્કેરાટ, અસ્વસ્થતા દેશભરમાં ફેલાઈ રહેલ છે તેની અંદર–ડુંકાણમાં આજના સંક્ષુબ્ધ છતાં શક્તિસંચાલિત ભારતમાં–વિનોબાજીની સુકલકડી મૂર્તિ બળના ખડક સમી ઉભી છે. આપણે તેમની સાથે એક યા બીજી બાબતમાં મળતા થઇએ યા ન થઇએ–એમ છતાં તેમના વિષે અભિપ્રાય આપવાનો આપણી જેવા નાના માનવીઓને કોઇ અધિકાર નથી. કારણકે તેઓ આપણી જેવા નાના માણસોની સમજણની ઉપરની કોટિના એક મહામાનવ છે. ગાંધીજી અને ભારતના આત્માના અને પરંપરાના તેઓ એકમાત્ર અનન્ય પ્રતિનિધિ છે.

"એ આપણું તેમજ ભારતનું પરમ ભાગ્ય છે કે હમેશાં ઉર્ધ્વદર્શન કરાવતા, નરનારીઓના હૃદયને પ્રેમભરી ભાષામાં હમેશાં સંબોધતા વિનોબાજી આપણી વચ્ચે ઉભા છે. સર્વોદયની તેમની કલ્પના આપણામાંના કેટલાકને જરા વિચિત્ર જેવી ભાસતી હશે, અને એમ છતાં આપણે જે શબ્દો વાપરીએ છીએ અને જે કલ્પના આગળ ધરીએ છીએ તે કરતાં તે શબ્દ અને તે પાછળ રહેલી કલ્પના ઘણી ચડિયાતી છે. ખરી રીતે હું એ શબ્દનો ઉપયોગ કરતો અટકી ગયો છું, કારણ કે મને લાગે છે કે આપણે એ શબ્દનો ઉપયોગ કરવાની યોગ્યતા ધરાવતા નથી અને એક ઉદાત્ત શબ્દ અને તે પાછળ રહેલા મન્તવ્યનો મારા સ્વાર્થ ખાતર દુરૂપયોગ કરવા હું ઇચ્છતો નથી.

"વિનોબાજી સમગ્ર ભારતના છે અને કોઈ પ્રાન્ત કે પ્રદેશ તેમને દેશના અન્ય ભાગોથી અળગા કરી શકે તેમ છે જ નહિ, એમ છતાં માનવી સમાજમાં આવો સન્ત પેદા કરવાનું વિશિષ્ટ માન અને ગૌરવ મહારાષ્ટ્રના ફાળે જાય છે. મહારાષ્ટ્રમાં પંઢરપુર ખાતે ભરાઇ રહેલા સર્વોદય સમેલનના અવસર ઉપર વિનોબાજીને મારા અન્તરના અભિનન્દન અને વન્દન પાઠવું છું."

જવાહરલાલ નહેરૂ

વિષય સૂચિ

		પૃષ્ઠ
કર્મ–અકર્મ વિવેક	અનુ. મેનાબહેન	૨૯
ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનું સ્થાન	મુનિ સન્તબાલજી	૩૧
માનવીનું ઉત્થાન એ જ આજની સૌથી મોટી સમસ્યા છે	જવાહરલાલ નહેરૂ	૩૩
વિનોબાજીને પં. નહેરૂની ભવ્ય અંજલી	જવાહરલાલ નહેરૂ	૩૪
પરમ જ્ઞાનને પંથે (સંગીત રૂપક)	ગીતા પરીખ	૩૫
અજન્તા અને ઇલૂરનાં ગિરિમંદિરો	ર. મ. રાવળ	૩૭

પરમ જ્ઞાનને પંથે

(સંગીત-રૂપક)

(શ્રી ધર્માનન્દ કોસમ્બીના 'બુદ્ધચરિત' ને આધારે આ સંગીતરૂપક લખ્યું છે. આ રૂપકમાં આવતા મારના પ્રસંગોમાં મેં મારું નક કશું ઉમેર્યું નથી. આ પ્રસંગોની વાસ્તવિકતા વિષે વાંચકને પ્રશ્ન થાય તેથી આ ખુલાસો કરી લઉ છું. એ પ્રસંગો વર્ણવ્યા છે સ્વરૂપે તો એ શક્ય જ નથી. એટલે એની યથોચિતતા વિષે મને પણ સ્પષ્ટ સમજણ ઓછી છે. માર ધારવા મુજબ મારની બધી સૃષ્ટિઓ મનના સૂક્ષ્મ ભાવોનાં સ્થૂળ પ્રતીકો છે. સદ્‌ભાવનાને રોકતી વિવિધ મનોવૃત્તિઓ, પવન, વર્ષા, પત્થરો વિગેરેને સ્વરૂપે બુદ્ધના મનમાં જાગે છે. એ અધર્મની સામે બુદ્ધનો ધર્મ ટકી રહીને વિજય પામે છે. **ગીતા પરીખ**)

સૃષ્ટિ :

સિદ્ધાર્થ,	દેવદેવીઓ
માર,	તથા
સુજાતા,	બૌદ્ધ ભિક્ષુઓ
પૃથ્વીદેવી,	

ગા. વૃં : બાંધેલો તૃષ્ણાને તાંતણે,
માનવી બાંધેલો તૃષ્ણાને તાંતણે.
સુખદુઃખોમાંય એ ઝૂલે ,સદાય,
કોઈ બ્રહ્મબાળ માયાને પારણે.
– બાંધેલો.....

પળની મનમ્હેલાતે માંગતો એ મ્હાલવા,
ભૂલીને શાશ્વતના રંગ,
પામ્યાનો તોષ નહીં થાતો કદીય એવો
તૃષ્ણા ને તૃપ્તિનો જંગ;
તૃપ્તિનું આભ નહીં ઝાલ્યું ઝલાય ભલે
પ્રાપ્તિ મિનાર ઉંચા ચણે.
– બાંધેલો.....

માટીના દેહમહિં મમતા મીઠી ભરેલ
અદકી એ રૂપરંગ છાંટણે,
ચાહી ચાહીને પોષે દિનરાત તોય
જાય છલી મૃત્યુને ટાંકણે,
દર્દ, કાળ ને જરાના શલ્ય વિંધતા છતાંય
માયા નિત જાગે કણે કણે;
– બાંધેલો.....

દેવોના અંશ સમા માનવી બધાંય જગે
આથડતા ઘેરા અંધારમાં,
અવની પર એક નહીં પ્રાણ, જે ન રૂંધાયે
વેદના–પાશમહિં કારમા;
હાર અને જીત બેઉ દુઃખ દિયે તોય અરે
ઝૂઝે નિત માનવ સમરાંગણે,
– બાંધેલો.....

પ્રવક્તા — 'બાંધેલો તૃષ્ણાને તાંતણે' – કેવું છે! એક તાંતણે માનવજીવન સુખ ને દુઃખ વચ્ચે ઝોલા ખાધાં જ કરે છે! એને સ્થિરતા નથી કે કયાંય શાશ્વત આનંદ નથી! દરેક સુખ પાછળ આવેલા દુઃખ જેમ એને ઘડીકમાં ગગનચુમ્બી મહેલમાં છે, તો ઘડીકમાં ખંડિયેરોમાં પછાડે છે!
આ વેદનાનો અંત કયાં? અંત કયાં?

માર : નહીં! નહીં! નહીં!
એ વેદના કયહિં,
અંત પામશે
મુજ રાજ્યની મહિં.
કોઇ મારી જાળમાંથી છૂટી ના શકે,
બધનો અદીઠ તોય તૂટી ના શકે;
મારી શક્તિ કોઈથી
અજાણ ના રહી
– નહીં! નહીં! નહીં!

કીર્તિ, તૃષ્ણા, વિલાસ શસ્ત્ર મારનાં,
મધ મીઠામાં વહાવું વિષના ઝરા;
લલચાયે તોય મૂઢ
માનવી અહિં
એવી પ્રપંચજાળ
પાથરી જયહિં
વેદનાનો અંત ત્યાં
બતાવશો કયહિં?

પ્રવક્તા : અરે આ તો માર! સર્વ આસુરી વૃત્તિઓનું મૂર્તિમંત સ્વરૂપ, માર! માનવજીવનની સર્વે દુર્વાસનાનો ધારણહાર! માર!

ગા. વૃં : કાળો છે વેષ એનો,
જીભ વિકરાળ,
લોહી પી વહાવતી
વિષકેરી ઝાળ;
સઘળી દુર્વાસનાનો
ધારણહાર
આ તો છે માર! (૨)
પૃથ્વીના સત્ય — સદ્‌–
ભાવનાની સંગ,
ખેલી રહે સદાય માર
ક્રૂર જંગ;
સુખશાન્તિ સંગ એને
વેર છે અપાર.
—આ તો છે માર! (૨)

પ્રવક્તા : આવા નિષ્ઠુર મારના ત્રાસથી આખી માનવજાત ત્રાહિ ત્રાહિ પોકારી રહી છે. લોકો એમાંથી છૂટવા માંગે છે. પરંતુ એનાં પ્રલોભનો પણ એવાં પ્રબળ છે કે લોકો પાછાં એ જ જાળમાં સપડાય છે, અને ક્ષણભંગુર સુખના ઝાંઝવા પાછળ દોડયાં કરે છે. પરિણામે વેદના જ વેદના!

લાખો, અરે અબજો માનવીઓથી સભર પૃથ્વીમાં કોઈ એવો જાણે નથી કે જેને આની પાછળનું સત્ય શોધવાની ઝંખના હોય?
તેવે સમયે એક આત્મા જાગી ઉઠયો છે કે જે—

ગા. વૃં (અનુષ્ટુપ)
સુખનાં સોણલાં મીઠાં, સોનેરી સેજ રેશમી,
રૂપ ને પ્રેમની મૂર્તિ સમી રાણી યશોધરા,
દેવે દીધેલ રાહુલ કુમળો મોગરા સમો
રાજ્ય–જાહોજલાલી ને વૃદ્ધ માતાપિતા ત્યજે.
ઝૂલતાં ઝૂલ્ફ સોનેરી, અમોલાં વસ્ત્ર–ભૂષણો
દૂર કીધાં, ગ્રહો લીધાં ભગવાં કાય–અંતરે.
રાત્રિએ એક અંધારી માયાનો મ્હેલ છોડીને
ચાલ્યો અસત્ય–અંધારે સત્યનું રશ્મિ શોધવા.
જગનાં દુઃખનું મૂળ શોધવા ને તરી જવા
માનવી–જાતને સાચું સુખ શાશ્વત ચિંધવા.

પ્રવક્તા : આ છે કપિલવસ્તુના રાજા શુદ્ધોદનનો પુત્ર સિદ્ધાર્થ સ્વર્ગના દેવો પણ ઈર્ષ્યા કરે એવી સુખ–સગવડો છોડીને એક અંધારી રાતે પરમ સુખની શોધમાં નીકળી પડયો. કારણ કે એનો આત્મા જગતના દુઃખિયાના દર્દથી દાઝયો છે.

ગા. વૃં : એ તો દુઃખિયાને દવ દાઝ્યો,
કપિલવસ્તુ છોડીને એ રાજગૃહપતિ જાય,
મહેલ ત્યાગી માયાનો એ સાધક સાચો થાય;
એનો મોહ ક્ષણિકનો ભાંગ્યો.
એણે જ્ઞાનકાજ ગુરુ શોધ્યા,

ઋષિ કાલામે અને ઉદ્રકે દીધી કૈંક સમાધિ,
સમાધાન ના થયું તોય — છો ઘણી તપસ્યા સાધી;
અને બાલ ગુરુ સહુ છોડ્યા.

એણે ભૌતિકનો રસ છાંડ્યો,
મિઠાઈમેવા ખાનારાને વનફળમૂળ આહાર,
અરે એય છોડી અપવાસે કાયા દમે અપાર;
એવો નાદ સત્યનો લાગ્યો.
એણે કીધો યોગાભ્યાસ,

શ્વાસ-શ્વાસ રોકીને એણે કઠોર તપ આદરિયું,
અન્ન-નીર વિણ શરીરનું હીર જાય બધું ઓસરીયું;
તોયે સરી ન મનની આશ.

પ્રવક્તા : આમ સિધ્ધાર્થ ખૂબ આકરી તપશ્ચર્યા આદરી રહ્યો છે—ખાવાપીવાની ઇચ્છામાત્ર દાબી દઈને જીવનનાં ગંભીર રહસ્યો પર એકાગ્ર ચિત્તે ચિંતન કરી રહ્યો છે. લોકો એની તપસ્યાથી મુગ્ધ થઈને એને ગુરુભાવે પૂજવા માંડ્યા છે. ઠેરઠેરથી જનસમૂહો એનાં દર્શન માટે આવી રહ્યા છે, પણ એનું તપ ડગતું નથી. પરંતુ તપસ્યામાં દેહદમનનો પણ અતિરેક થાય છે, તેથી—

ગા. વૃં : (મિશ્રોપજાતિ)

કાયા ગળે છે તપથી તપસ્વીની
જાતું ગળી તાપથી હીમ જેમ.
રે પેટ ને પીઠ મળી ગયાં શું ?
ને હાડકાં ફક્ત હવે રહ્યાં શું ?
ના શક્તિ કે આંખની પાંપણોયે
ઉંચી કરાયે — દમને શરીરના.

પ્રવક્તા : સિધ્ધાર્થ આવી અસહ્ય વેદનામાંથી પસાર થઈ રહ્યો છે. ત્યાં મનના ઉંડાણે એક પ્રકારનું મંથન શરૂ થાય છે કે શું આવું દેહદમન પરમાત્મજ્ઞાન માટે આવશ્યક છે? ત્યાં.....ત્યાં.....

ગા. વૃં ત્યાં આવી રમ્ય સુજાતા,
પ્રેમ, ભક્તિ-અંતરનાં અમૃત
ન યણા માં છ લ કા તાં. — ત્યાં આવી.
પાયમહિં રૂપાના પાયલ
રૂનઝુન ઝુનઝુન ગાતાં,
અંગઅંગના રૂપરંગની
ગોષ્ટિ માં મ લ કા તાં !
પારિજાત શી કાય સુવાસિત,
ઓષ્ઠ ફૂમળાં રાતાં — ત્યાં આવી.

પ્રવક્તા : આ સુજાતા શા માટે સિધ્ધાર્થ પાસે આવી છે ? એ જ કંઈક કહી રહી છે કે ? સાંભળો એનો રૂપેરી ઘૂઘરી જેવો સ્વર-

સુજાતા: પૂરી થઈ મુજ ઘેલા ઉરની
આજ મહા અભિલાષ,
પામી કંથ જે પ્રેમત તથી
વ ણા ય શ્વા સે શ્વા સ;
અને વળી હું દેવદીધેલા
રત્નતણી થઇ માતા !

ગા. વૃં : ત્યાં આવી રમ્ય સુજાતા.

સુજાતા : મનોરથો જો થાય પૂર્ણ તો
જઇ દેવની પાસ
દૂધ તણી ખીર ધરું-એટલી
લીધી બા ધા ખા સ;
આજ દેવને નિવેદ ધરવા
કો ડ કં ઇ ઉ ભ રા તા

ગા. વૃં : ત્યાં આવી રમ્ય સુજાતા.

(સ્રગ્ધરા છંદ)

સોનાકેરી કટોરી કરમહિં ધરીને,
આવી પાસે સુજાતા,
પૂજાની થાળીમાંહે કુસુમ પૂજનની,
કાજ ઉત્કંઠ થાતા.
આંખો થૈ ભક્તિભીની, કંઈ વદી શકી ના
કંઠ ભાવે રૂંધાતા,
રે કિન્તુ અશ્રુધારા સહજ સરી જતાં
ચરણકમળ સિધ્ધાર્થકેરાં ભિંજતાં.

(અનુષ્ટુપ)

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ, વ્યથા કોઇની સ્પર્શતાં
બોલતાં નેણ ધીમેથી વાત્સલ્યે કરુણાભર્યાં.
સુજાતાના મુખે ભાવો આર્દ્રતા નરી ભાળતાં
આનાકાની કર્યા વિના નૈવેદ્ય એ સ્વીકારતા.

(મિશ્રોપજાતિ)

લાધ્યું ત્યહિં તેજ ઉરે તપસ્વીના
કે આ મહિં છે ઇશનો ઇશારો.
સિધ્ધાર્થ : શરીરને ના અતિકષ્ટ આપવું
કે એ વિલાસે રત નિત્ય રાખવું,
છે દેહકેરા દમને ન જ્ઞાન,
કે દેહકેરા ઉપભોગમાં ન;
સીમા ત્યજી બેઉ સદાય ચાલીશું,
તો મધ્યમાર્ગે સત—તત્ત્વ લાધીશું.
છે મધ્યમાર્ગે સહુ સત્યશક્તિ !
છે મધ્યમાર્ગે સહુ જ્ઞાનપ્રાપ્તિ !
છે મધ્યમાર્ગે સહુ આત્મતૃપ્તિ !
છે મધ્યમાર્ગે સહુ કાજ મુક્તિ !

પ્રવક્તા : આમ સિધ્ધાર્થને સાધનાનું એક પરમ તત્ત્વ લાધ્યું. અને પછી તો સાધના ઉત્તરોત્તર સુંદર રીતે વિકસવા લાગી. હવે તો સાધના ને સિદ્ધિ વચ્ચે ખાસ હોઈ અંતર જ નથી રહ્યું. એના જ્ઞાનના પ્રતાપે પૃથ્વી પર સુખશાન્તિ વરસવા લાગ્યાં. લોકોનાં હૃદય સત્યમય થવા લાગ્યાં. હવે સિદ્ધાર્થ કે પછી ગોતમીનો પુત્ર ગૌતમ, બુદ્ધપદ પામવાની તૈયારીમાં જ છે. આકાશમાંથી દેવદેવીઓ પણ પૂજ્યભાવે એના દર્શને આવે છે;

પરંતુ.....પરંતુ.....

ગા. વૃં.: (અનુષ્ટુપ)

દુઃખને સુખની સાથે
વર્ષોની દુશ્મનાવટ,
સુખ જ્યાં જ્યાં છવાયે ત્યાં
ઘવાયે દુઃખનો વટ,
સિદ્ધાર્થ સિદ્ધિ જોવાયે
નહીં માર મદાન્ધથી.
સુખશાન્તિ ન સહેવાયે
આપત્તિ દે મથી મથી.

પ્રવક્તા : મારથી ગૌતમનો ઉત્કર્ષ કેમ સહાય ? એણે તો એનો નાશ કરવા આખી શસ્ત્રસજ્જ સેના મોકલી. જુઓ તો ખરા ! આ મારની સેના આવી પહોંચી.

અપૂર્ણ

ગીતા પરીખ.

અજન્તા અને ઈલૂરનાં ગિરિમંદિરો

(ગતાંકથી ચાલુ)

ઇલૂરનાં ભવ્ય શિલ્પનિર્માણો

ઇલૂર ઔરંગાબાદની પાસે દોલતાબાદના કિલ્લાની નજીકમાં આવેલ છે. અજંટાની જેવો ત્યાં ચિત્રકળાનો પ્રભાવ લેશ પણ નથી તેમજ ગુફાઓનાં દર્શનોનો વૈભવ પણ નથી, છતાં તે એક જ ખડકના ડુંગરમાંથી ઉપજાવેલી અજબ દેવસૃષ્ટિ છે.

બુદ્ધ સમયની રૂઢિ પ્રમાણે ખડકના પેટાળમાં કોરેલા મંડપો ત્યાં છે, તેમજ પછી કાળક્રમે સર્જાયેલી બ્રાહ્મણ ગુફાઓ અને જૈન ગુફાઓ પણ ત્યાં છે. અહિં મોટી વિશેષતા તો એ છે કે ખડકની સપાટીથી નીચે ઉતારેલા ખોદકામથી મોટા ચોક વચ્ચે ખરેખરાં દેવમંદિરોનાં સ્વરૂપ કોતરેલાં છે. તેનું બહારનું સ્વરૂપ દ્રવિડશૈલીનું મહાબલીપુરમના પ્રાચીન રથાકાર મંદિરોને મળતું છે અને તેના અંતરંગના ભાગો પણ કોરીને અંદર ભવ્ય દેવપ્રતિમાઓ અને પુરાણ પ્રસંગો કોતરેલા છે. જગતની વિશાળકાય કૃતિઓમાં તેની ગણતરી થાય છે. ઘીક શિલ્પો તેની પાસે શુષ્ક અને વામણાં લાગે. પથરાળ ડુંગરને એક બાજુના ઢાળમાંથી લગભગ ચાર માઇલના ઘેરાવામાં ઉંડો ખોદી નાંખી ૩૪ જેટલાં ખડક-મંદિરોમાં ૫ થી ૮ સૈકા સુધીનો કળા-પ્રસ્તાર છે. આમાં મોટા ભાગની બ્રાહ્મણ અને બાકીની બૌદ્ધ અને જૈન ગુફાઓ છે. કાળક્રમ પ્રમાણે બૌદ્ધ પહેલી, પછી બ્રાહ્મણ અને પછી જૈન એમ રચાયેલી છે. અહિં આપણને કળાની સૃષ્ટિમાં એ રીતે સર્વ ધર્મોનું મીલન એકજ સ્થળે જોવા મળે છે. જૈન મંદિરો અને ગુફાઓ પાછળના કાળમાં બનેલાં. છતાં બધે જ શિલ્પકૌશલ્ય અને સ્થાપત્યસ્વરૂપમાં એકજ પરંપરા વિસ્તરેલી લાગે છે.

તેથી જ ગુજરાતના એક પ્રાચીન જૈન મુની શ્રી શીલવિજયજીએ લખ્યું છે કે,

" ઇલોરા અતિ કૌતુક વસ્યું, જોતાં હિયડું અતિ ઉલસ્યું,
વિશ્વકર્મા કીધું મંડાણ, ત્રિભુવન ભાવ તણું સહિ નાણ."

ઇલૂર અથવા ઇલોરાનું નામ એલાગિરિ હતું. ગુફામંદિરોની પિછાણ દશમાંથી નવની માત્ર બહારના દેખાવથી થઇ શકે છે. આ દર્શનભાગ અંદર સુધી પ્રકાશ જાય એવા હેતુથી કોતરેલો હોય છે. એટલે બાંધકામથી કરેલા મકાન કરતાં તેના છેદ મોટા રાખવા જોઇએ અને તે સાથે ખડકના ભાર પ્રમાણે ટેકા થાંભલા પણ ભારેખમ રહેવા દેવા જોઇએ. આથી અંદરની રચના તેને અનુસરતો આકાર લે છે. ઇલૂરમાં પ્રથમ બૌદ્ધ સમયનો વિશ્વકર્માનો ગુફામંડપ નજરે આવે છે તેની અંદરનું ચૈત્યમંદિર પ્રથમ પંક્તિનું છે. અજંટા સાથે તેનું સામ્ય લાગે છે. માત્ર તેના દર્શનસ્વરૂપમાં બીજા આગળના નમુનાઓથી તે કંઇ નવલતર છે. તે પછી બ્રાહ્મણ ગુફામંદિરોનો વિસ્તાર મોટો અને વધુ સમૃદ્ધ છે. રામેશ્વર મંડપ અથવા રાવણની ખાઇ તથા દશાવતારના મંડપમાં જે શિલ્પનિર્માણ છે તે કલાકારનાં ટાંકણાની ચરમ સીમા બતાવે છે. શિલ્પકારોએ બહારથી આવતા પ્રકાશનો અંદાજ પકડી શિલ્પસ્વરૂપો ઉપર વધતો ઘટતો પ્રકાશ પડે ત્યારે જોનાર પર કેવી રીતે સચોટ અસર કરવી તેનો કામીઓ પૂરેપૂરો હાથ કર્યો જણાય છે. કૈલાસને ઉઠાવવા મથી રહેલા રાવણની આકૃતિમાં જે આવેશ અને બલિષ્ટતા દર્શાવ્યાં છે તે યુરોપના માઇકલ એંજેલોની યાદ આપે એવાં છે. એની ઉપરના ભાગમાં અર્ધપ્રકાશમાં ભયભીત બનેલાં પાર્વતી, સ્વસ્થ બેઠેલા શિવને બાઝી પડે છે એ એક રસિક કાવ્યપ્રસંગ બની ગયેલ છે. આકાશમાં દેખાતા દેવતાઓ વગેરે કલ્પના અને રહસ્યપૂર્ણ વાતાવરણ આપે છે. અનેક હાથોવાળું માનવરૂપ બનાવવાનું કાર્ય સાધારણ કારીગરને હાથે બેહુદું બની જાય, પણ અહિં તે બળ અને ઉન્માદ બતાવતી રેખાઓમાં સ્વાભાવિક બની ગયાં છે.

દશાવતાર મંડપનું બીજું વિરાટ શિલ્પ નૃસિંહ અને હિરણ્યાક્ષનાં યુદ્ધનું છે. હિંદુ કલાકાર વીરરસનું નિરૂપણ કેવું સબળ રીતે કરી શક્યો છે તેનું એ એક ઉત્તમ ઉદાહરણ છે. કોઇ પુસ્તકમાં એનું નાનું ચિત્ર માત્ર જોવાથી તેની પાત્રયોજનાનો અને સિદ્ધહસ્તે નિરૂપેલી કલ્પનાસૃષ્ટિનો પૂરો ખ્યાલ કદી પમાય નહીં.

ઇલૂરનું શ્રેષ્ટ કલાદર્શન તો કૈલાસમંદિરના રૂપવિધાનમાં જોવા મળે છે. સમગ્ર ભારતનું શ્રેષ્ટ સ્થાપત્યનિર્માણ તેને કહી શકાય. કૈલાસ પહાડના પેટાળમાં કોતરેલી ગુફા નથી, પણ ચારે તરફથી ખડક ખોદી નાંખી સપાટ ચોક વચ્ચે ઉભેલું ખરેખર દેવમંદિર એક જ પથ્થરદળમાં કોરી કાઢેલું ઉભું છે. પહાડની એક બાજુના ઢાળ પર ખોદાણ કરી ૨૮૦ ફૂટ લાંબા અને ૧૫૪ ફૂટ પહોળા ચોકનું તળ તૈયાર કરતા વચ્ચે મંદિરનો ખડક બચાવી રાખી તેને બહાર તેમજ અંદરથી મુંબઇના કોન્વોકેશન હોલ જેવડા બાંધકામવાળા એક પ્રચંડ મંદિરનો સંપૂર્ણ ઘાટ આપવામાં આવ્યો છે. ચારે તરફ સ્તંભોની પરશાળવાળો પ્રદક્ષિણામાર્ગ રાખી પહેલાં તેની ઉપર પૂલ જેવો ભાગ રાખ્યો હતો. તેથી ચોકની ત્રણે બાજુ કોરેલી અટારીવાળી ગુફાઓમાં જઇ શકાતું હતું.

ખડકના દળમાંથી આ શિલ્પનિર્માણ કેવી રીતે થઇ શક્યું હશે તે માટે અનેક તર્કો કરવામાં આવે છે. જે કોઇ આ મંદિર જુએ છે તે તેના ખોદાણમાં કેટલી અપાર મહેનત મજુરી થઇ હશે તેનો જ વિચાર કરતો રહે છે. વળી મેદાનપર બાંધેલા કોઇ મકાનથી ઉપજે નહિં તેવો અહોભાવ અને આશ્ચર્ય એક જ પાષાણનું વિરાટ શિલ્પ માણસના મનમાં ઉપજાવે છે.

મહાબલીપુરમનાં પાષાણ મંદિરો માટે તો એક એક મંદિર થાય એવા છૂટા ખડકો સમુદ્રતીરે ઉપલબ્ધ હતા, પણ કૈલાસ માટે ડુંગરના ઢાળ પરની સપાટી પરથી ૧૦૦ ફૂટ ઊંડુ ખોદાણ કરી આગળ જણાવેલ ચોક ઉતાર્યો છે, અને તેની વચ્ચે ૯૬ ફૂટની ઉંચાઇનું પંચરત્ન પ્રકારનું શિવમંદિર, તેના વિમાન ઘાટના ઝરૂખા તથા આગળનું-ગોપુરનાં પ્રાથમિક નમુના જેવું-પ્રવેશદ્વાર અને મંદિરને અડતો મંડપ ૧૬ સ્તંભો ઉપર ટકેલો છે અને તેની પરશાળમાં એક નંદી મંડપ તરફ જવા પૂલ જેવો માર્ગ છે અને તે ગોપુર સુધી લંબાય છે. તે ઉપરાંત નંદીની બે બાજુના ખાલી ચોકમાં બે સુંદર ધ્વજસ્તંભ છે. અને ખરેખરા માપના બે હાથીઓ છે. એકની ફરતો સ્તંભોવાળો લાંબી પરસાળ જેવો પ્રદક્ષિણા માર્ગ છે. તેમાં અનેક હારબંધ કુટિરો કોતરેલી છે. આવી અનેકવિધ રચનાઓ છતાં આખુયે ધામ એકરૂપતાનું દૃશ્ય બન્યું છે અને જોનારના મન ઉપર તેની અદ્‌ભુત અસર પડે છે.

ગર્ભમંદિરમાં શિવલીંગની જગ્યા છે. તેની ફરતાં પાંચ વિમાન-મંદિરોમાં પંચદેવતાઓનાં સ્થાનક છે, જેથી કૈલાસને એક પ્રકારની સમગ્રતા મળે છે. ઉત્તર તરફની પશ્ચિમની બાજુ પર એક મંદિર છે. તેની પરસાળની બહારની બાજુ બે દ્વારપાળો છે. સ્તંભોવાળી પરસાળની ભીંતો પર સરસ્વતી, ગંગાયમુના, ત્રિવેણી નદીઓની જુદી જુદી ઉભી પૂરા ઉઠાવની પ્રતિમાઓ છે. ગંગાનું વાહન મકર કે મગર છે, યમુનાનું કાચબો અને સરસ્વતી કમળ ઉપર ઉભેલાં છે.

ઇલૂરમાં જૈન ખડક મંદિરો ઇ. ૮૫૦ પહેલાંનાં નથી. તેનું દર્શન તથા શૈલી બ્રાહ્મણ ગુફા કૈલાસની જેવી જ છે. બંને મંદિરો બે માળનાં છે. અને અંદર નાના ખંડો છે. બન્ને વચ્ચે એટલું સામ્ય છે કે તેના રચનાકાલ વચ્ચે બહુ અંતર નહિં હોય એમ લાગે.

જૈન મંદિરોનો સમુહ ઇંદ્રસભાના નામથી ઓળખાય છે. તેમાં ગોમટેશ્વરની અને પાર્શ્વનાથની જે પ્રકારની પ્રતિમાઓ છે તે પરથી તે દિગંબર જૈન સંપ્રદાયનાં છે એમ નિર્ણય કરી શકાય. ત્યાં પણ એક કુદરતી માપનો પાષાણનો હાથી છે. સામી બાજુ ૩૧ા ફૂટનો સ્તંભ હતો તે દોઢસો વર્ષ પહેલાં પડી ગયો હતો. મંડપોમાં ઇંદ્ર ઇંદ્રાણીની રૂપસુંદર ભવ્ય પ્રતિમાઓ છે. અહિં પણ અજંતા જેમ દરેક જગ્યા

પર ભરચક ચિત્રકામ હતું અને થોડા નમુના પણ જોવા મળે છે. તેનું સંશોધન થવાની બહુ જરૂર છે.

જગવિખ્યાત બનેલી આ ગુફાઓ વિશે ઐતિહાસિક વિગતોની કડી પૂરેપૂરી મળતી નથી. આ બધાં શિલ્પો ચાલુક્ય અને રાષ્ટ્રકૂટોની સીમા ઉપર હોવાથી બંને રાજ્યોની શૈલીઓનું સુંદર મિશ્રણ ત્યાં થયું જણાય છે. અહીં ઉત્તરભારતમાં વિકસી રહેલા દેવમંદિરોની વિશાળતા અને શિખર રચનાઓને અવકાશ નથી, છતાં કલ્પના અને રૂપનિર્માણની અજબ ભભક ત્યાં પ્રસરી રહી છે.

ભિન્ન સંપ્રદાયોનાં આવાં પ્રમુખધામોની રચના એકજ ભૂમિમાં થઇ તે સૂચવે છે કે ધર્મસામંજસ્ય અને સહિષ્ણુતાનો કોઇ સુવર્ણયુગ વચ્ચે વર્તી ગયો હશે. ચીની યાત્રી હ્યુાનચ્વાંગે ઈ. ૬૪૩માં નજરે જોયા વર્ણન મુજબ મહારાજા શિલાદિત્યહર્ષ વિશે લખ્યું છે કે પર્વ નિમિત્તે મહારાજાએ પહેલા દિવસે બુદ્ધ નિમિત્તે, બીજે દિવસે સૂર્યની પૂજાના દાનમાં અને ત્રીજે દિવસે ઇષ્ટદેવ શિવના નિમિત્તે એમ દશ હજાર ભિક્ષુઓને દાન આપ્યાં.

આ રીતે આ શિલ્પનિર્માણનો સમય આ પ્રમાણે ધારી શકાય.

બૌદ્ધ-વિશ્વકર્મા અને તીન થાલ.....૫૦૦થી ૬૫૦ ઈ. સ.
હિન્દુ-દશ અવતારો, રાવણ રામેશ્વર ધુમારલેની૬૫૦થી ૭૫૦ ઇ. સ.
બ્રાહ્મણ-કૈલાસ.....૭૫૦થી ૮૦૦ ઇ. સ.
જૈન-ઇંદ્રસભા, વગેરે.....૮૦૦થી૧૧૦૦ ઇ. સ.

આ બધાં ગુફામંદિરોની ભીંતો પર એક વાર સુશોભિત ચુનાલેપન થયું હશે, તેમજ કૈલાસની છતના કોઇ રહી ગયેલ ભાગો પરથી અજંતાના પાછલા સમયની શૈલીનું ચિત્રકામ પણ થયું હશે એમ લાગે છે. કૈલાસ મંદિરની છત પર થયેલા ચિત્રખંડો ગુજરાતના કલ્પસૂત્રોનાં ચિત્રોની પૂર્વભૂમિકા હોય એમ તેમાં અણીદાર નાક અને દોઢ ચક્ષુવાળા ચહેરા જોવાથી સ્પષ્ટ સમજાય છે. સેંકડો વર્ષો દરમિયાન થયેલા રાજ્યવિપ્લવો, કુદરતી અકરમાતો અને જાલીમોના કુઠારોથી અહિં વિધ્વંસનો કોઇ પાર રહ્યો નથી, છતાં તેની વચ્ચેથી પણ ભારતીય કલાની અપૂર્વ પ્રતિભાની જ્યોત ત્યાં જળહળતી દેખાય છે.

કલાકારનું ઉત્તમોત્તમ ગુણદર્શન તેના કલ્પનાવિહારમાં રહેલું હોય છે. પણ તે અતિ વિરલપણે નજરે પડે છે. બીજા દેશોના હિસાબે ભારતમાં સર્વોત્તમ કલાનિર્માણ ઠીક પ્રમાણમાં છે. ભારતના પ્રાચીન કલાકારો પ્રેક્ષકવૃંદને રીઝવવાનો તમાશો કરતા નહોતા, તેમજ કુદરતનું નેત્રરંજક અનુકરણ પણ કરતા નહોતા. ઉત્કૃષ્ટ પ્રકારના કવિત્વના ભાવોથી ભરાઈ તેઓ અલંકાર સહિત વિષયનિરૂપણ કરતા હતા. જેઓ કળાનું તત્ત્વ સાક્ષાત કરવા ઇચ્છતા હોય તેમણે ભારતની કળાના અભ્યાસથી પ્રારંભ કરવો જોઇશે, કારણ કે તે પ્રાકૃત જીવોને ખુશ કરનારી મામુલી વિચિત્રતાઓથી અસ્પૃષ્ટા રહી શકી છે. આધુનિક કળાવિવેચનોથી અલિપ્ત રહી શકતી-ભારતની આધ્યાત્મિક પ્રભા બતાવતી-ભારતીય કળાનાં જેમ અને તેજ કેવાં છે એ જેણે જોવાં હોય તેણે ઇલૂરની યાત્રા કરવીજ રહી.

સભાર્સ રવિશંકર મહાશંકર રાવળ

સાભાર સ્વીકાર

નળ-દવદંતી રાસ (સમયસુન્દર કૃત): સંપાદક : અધ્યાપક રમણલાલ ચીમનલાલ શાહ, પ્રકાશક : ભારત પ્રકાશન, ૪૪, કલ્યાણ ભવન, તિલક માર્ગ, અમદાવાદ. કિંમત રૂા. ૫

સહકારી ક્ષેત્રે ગુજરાત : લેખક શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ, પ્રકાશક : ગુજરાત વિભાગીય સહકારી મંડળ લિમિટેડ, સરદાર પટેલ માર્ગ, અમદાવાદ. કિંમત રૂા. ૩

સંગીત સાધના : સંપાદક પ્રકાશક : શ્રી ભુરાભાઈ કુલચંદ શાહ, પ્રાપ્તિસ્થાન શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, ફીકા સ્ટ્રીટ, મુંબઈ ૨ કિંમત રૂા. ૧

મહામાનવ મહાવીર : (સંસ્કૃત કાવ્યગ્રંથ) રચયિતા મુનીશ્રી ન્યાયવિજયજી, પ્રકાશક : શ્રી તપાગચ્છ જૈન સંઘ, માંડલ, વિરમગામ થઇને.

કલ્યાણ સાધન વિચાર : (એક નિબંધપુસ્તિકા) લેખક : મુનિશ્રી ન્યાયવિજયજી

ભાષાકા પ્રશ્ન : લેખક : વિનોબા ભાવે, પ્રકાશક અખિલ, ભારત સર્વ સેવા સંઘ, કિંમત રૂા. ૦।

ધર્મચક્રપ્રવર્તન : સ્વ. ધર્માનંદ કોસંબી, પ્રકાશક : ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૧૪, કિંમત રૂા. ૦।।।

અણુવ્રત નિર્માણ અંક : સંપાદક : 'અણુવ્રત' પાક્ષિક, ૩, પોર્ટુગીઝ ચર્ચ સ્ટ્રીટ, કલકત્તા ૧.

ગામડાનું વાસ્તવ દર્શન : (સ્વાનુભવ) લેખક : શ્રી ભાઇલાલભાઈ ઝાભાઇ પટેલ, ઉપકુલપતિ, સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, પ્રકાશક: ચારૂતર વિદ્યામંડળ, વલ્લભવિદ્યાનગર, કિંમત રૂા. ૩

સ્નેહ-દીપિકા : લેખિક : શ્રી વિમલા તાઇ, પ્રકાશક : યજ્ઞ-પ્રકાશન સમિતિ, રાવપુરા, વડોદરા. કિંમત ૦।-

નવનિર્માણ ગ્રંથાવલિ-પ્રાચીન સાહિત્ય સુધા શ્રેણી ૧ શાકુન્તલ, ૨ વિક્રમોર્વશીય, ૩ માલવિકાગ્નિમિત્ર, ૪ પ્રિયદર્શિકા, ૫ રત્નાવલિ, ૬ નાગાનંદ, ૭ પ્રતિમા, ૮ પંચરાત્ર, ૯ પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ, ૧૦ સ્વપ્નવાસવદત્તા સંપાદક : અધ્યાપિકા તારાબહેન શાહ, પ્રકાશક : મેસર્સ ઓ. આર. શેઠની કંપની, ગોવિંદ બીલ્ડીંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨ કિંમત દરેકની રૂા. ૦।।

ગોકુળિયું ગામ : લેખક : અપ્પાસાહેબ પટવર્ધન, પ્રકાશક: અમદાવાદ જિલ્લા સર્વોદય કાર્યાલય, લશ્કર હવેલી, દીલ્હી ચકલા, અમદાવાદ. કિંમત રૂા. ૦।-

વેપારીઓને વહેલ : શ્રી વિનોબા, પ્રકાશક : યજ્ઞ પ્રકાશન સમિતિ, રાવપુરા વડોદરા. કિંમત ૧૩ નયા પૈસા

ભૂદાન ગંગા: ખંડ ૧ : શ્રી વિનોબા પ્રકાશક : યજ્ઞ પ્રકાશન સમિતિ, રાવપુરા, વડોદરા. કિંમત રૂા. ૧

ભૂદાન ગંગા : ખંડ ૨ : શ્રી વિનોબા પ્રકાશક, યજ્ઞ પ્રકાશન સમિતિ, રાવપુરા, વડોદરા. કિંમત રૂા. ૧

ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લહત : ભાગ ૧-૨-૩-૪-૫ તૈયાર કરનાર ચંદુલાલ ભગુભાઈ દલાલ પ્રાપ્તિસ્થાન ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ. કિંમત ભાગ ૧ રૂા. ૦।।। ભાગ ૨ રૂા. ૦।।। ભાગ ૩ રૂા. ૧। ભાગ ૪ રૂા. ૧ ભાગ ૫ રૂા. ૧।

હવે સાચો સન્માર્ગ : લેખક : ઋષિમણિ યતિ, પ્રકાશક : કમળાશંકર મોતીલાલ ભટ્ટ-વકીલ. પારસીવાડ, અંકલેશ્વર.

સર્વોદય અને ભૂદાન યજ્ઞ : લેખક : બબલભાઈ મહેતા. પ્રકાશક : યજ્ઞ પ્રકાશન સમિતિ : રાવપુરા, વડોદરા. કિંમત ૧૫ નયા પૈસા

ધરતીનાં ગીતા : પ્રકાશક : યજ્ઞ પ્રકાશન સમિતિ રાવપુરા, વડોદરા. કિંમત ૧૨ નયા પૈસા

મા ધરતીને ખોળે : લેખક : નારાયણ દેસાઇ પ્રકાશક : યજ્ઞ પ્રકાશન સમિતિ રાવપુરા, વડોદરા. કિંમત ૭૫ નયા પૈસા

જ્ઞાન સુધા : લેખિકા શ્રીમતિ વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ પ્રકાશક : ગુજરાત વિદ્યા સભા. કિંમત રૂા. ૧।

મહામાત્ય વસ્તુપાળનું સાહિત્ય મંડળ : તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો. લેખિકા : શ્રીમતી વિદ્યાગૌરી રમણભાઇ નીલકંઠ પ્રકાશક : ગુજરાત વિદ્યા સભા. કિંમત રૂા. ૬

Govardhanram Madhavram Trpathi's Serap Book Vol VII : Editor Shree Kantilal Chhagnlal Pondya, Publishers, Messrs N. M. Tripathi Pr. Ltd. Price Rs. 2

ખાદીની વાત : લેખક : શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણી, પ્રકાશક : ભારતોદય મંડળ, પોરબંદર. કિંમત રૂા. ૨

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઈ ૧, ૧૯૫૮, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

રૂમઝુમ કરતી વર્ષા આવી, આનંદો ! ભાઈ, આનંદો !

આ વખતે દેશભરમાં ઉનાળાએ પોતાના ઉગ્રતમ સ્વરૂપનું દર્શન કરાવ્યું. ઘણા પ્રદેશોમાં પહેલાં કદિ ગરમી પડી નહોતી તેવી ગરમી પડી. બિહાર ઓરિસ્સામાં અસહ્ય ગરમીએ કેટલાક માનવીઓનો તેમજ પશુ પંખીઓનો સારા પ્રમાણમાં ભોગ લીધો. મુંબઇમાં પણ બધા એમ જ કહે છે કે આ વખતનો ઉનાળો બહુ આકરો હતો. અને તે પાછો લંબાયો પણ ઠીક ઠીક. આમ ત્રાસ અને કંટાળો લોક-માનસને અકળાવી રહેલો હતો એવામાં વર્ષાનું પૂરા દમામમાં આગમન થયું છે અને તેણે ચોતરફ પાણીની રેલમછેલ કરી મૂકી છે. હવામાન એકદમ નીચે ઉતરી રહ્યું છે અને સર્વત્ર ઠંડકનું સામ્રાજ્ય જમી રહ્યું છે. પંદર દિવસ પહેલાં દરિયો શાન્ત હતો, સ્વસ્થ હતો, તેમાં ઉનાળાનો સાધારણ પ્રક્ષોભ હતો. હવે તો દરિયો આમથી તેમ ઉછળી રહ્યો છે, અને દિશાઓને ગજવી રહ્યો છે. પવન પણ સુસવાટાપૂર્વક વાઈ રહ્યો છે અને નબળાં ઝાડપાનને મૂળમાંથી ઉખેડી રહ્યો છે. નદીનાળાં છલકાઇ રહ્યાં છે અને વૃક્ષવેલીઓ આમતેમ ઢુલી રહેલ છે. ખેતરો પાણીથી તરબોળ બન્યાં છે અને નિસર્ગ શતગુણ લાવણ્ય વડે આંખોને મોહાવી રહેલ છે. ચોતરફ આનંદનું—પ્રસન્નતાનું—વાતાવરણ જામી રહ્યું છે અને શુભ પગલાં માંડતી વર્ષાને સૌ કોઈ અન્તરના ઉંપળકાથી આવકારી રહ્યું છે.

અન્ય ઋતુના પ્રારંભ અને વર્ષાના પ્રારંભમાં એક મહત્વનો ફરક જોવામાં આવે છે. શિયાળો શરૂ થાય અને ટાઢ ધીમે ધીમે વધે. ત્રીજે મહીને તેની અન્તિમ માત્રાનું દર્શન થાય અને ચોથે મહીને ટાઢ હળવી બની જાય અને વસન્તનાં મંડાણ મંડાય. ગ્રીષ્મનું પણ એમ જ. ફાગણ કરતાં ચૈત્રમાં અધિક અને તે કરતાં વૈશાખમાં અધિક ગરમી હોય. પણ જેઠમાં ગરમી ઘટવાને બદલે વધતી ચાલે અને અસહ્ય જ લાગે. ચોમાસામાં તો મેઘરાજાની સ્વારી નિશાનડંકા અને ઢોલનગારાં સાથે આવે અને આવે ત્યારથી જ પૂરા રૂઆબમાં આવે. આકાશમાં વાદળ—વીજળીની ગાજવીજ શરૂ થાય અને સતત વેગવાન જળધારા વડે પૃથ્વી જળબંબાકાર બની જાય. વર્ષાના આગમન સાથે પૃથ્વીની કાયાપલટ થવા માંડે. જ્યાં રૂક્ષતા અને શુષ્કતા હતી ત્યાં માર્દવ અને આર્દ્રતા ફેલાઈ જાય. સુકાયાલા જળપ્રવાહો સંજીવન થાય અને તેમાં બે મોઢે પાણી વહેવા માંડે. સુકી ધરતી ઉપર લીલા ઘાસની ચાદર પથરાઇ જાય અને ચોટેલી ધુળ—રજ સાફસુફ થતાં ઝાડપાન નવી ચમકથી ચમકવા લાગે. ચોતરફ પથરાઇ રહેલી લીલી હરિયાળી જોઇને આંખો આનંદભીની થાય અને દિલ પ્રફુલ્લતાનો રોમાંચ અનુભવે. આવી ઋતુઓની રાણી, અને પૃથ્વીને નવું યૌવન અર્પતી અને માનવીના દિલમાં નવી આશા અને નવા પ્રાણનો સંચાર કરતી વર્ષાને આપણા દિલનાં અનેક અભિનન્દન હો !

ન્યાયનું નાટક, ઇંક્રે નાઝને દેહાન્ત દંડ,
રશિયાની નિષ્ઠુર રાજનીતિ

જુન માસની ૧૮મી તારીખના દૈનિક પત્રોદ્વારા આપણા જાણવામાં આવ્યું કે હંગેરીના આગળના મુખ્ય પ્રધાન ઇમ્રે નાઝ અને તેના ત્રણ સાથીઓ જેમાં સોવીયેટ વિરોધ બળવાના મુખ્ય જનરલ પાલ માલેટરનો સમાવેશ થાય છે. તેમને બુડાપેસ્ટ ખાતે જુન માસની ૧૬ મી તારીખે ફાંસીએ ચઢાવવામાં આવ્યા છે. નાઝ સાથેની બીજી પાંચ વ્યક્તિઓને જુદી જુદી મુદતની કેદની શિક્ષા ફરમાવવામાં આવી છે. આ સંબંધમાં વિશેષ એમ જણાવવામાં આવ્યું છે કે તેમના ઉપર ઇમ્પીરિયાલીસ્ટ્સ—શાહીવાદીઓ—ના હુકમોને અધીન બનીને પ્રતિક્રાન્તિની તૈયારી કરવાનો, શાહીવાદીઓ સાથે ગાઢ સંબંધ ધરાવવાનો અને હંગરીમાં 'જેનો કેદ્દાર' ની સરકારની સ્થાપના થયા બાદ યુગોસ્લાવ એમ્બસીમાં રહીને નવી સરકારનો સામનો કરવાનું આન્દોલન ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. છાપાના સમાચાર મુજબ શરૂઆતમાં આરોપીઓએ આ આરોપનો ઇનકાર કર્યો હતો, પણ પાછળથી અડધો પડધો તેમણે સ્વીકાર કર્યો હતો, અને આરોપો પુરવાર થવા બાદ ઉપર મુજબ શિક્ષા કરવામાં આવી હતી.

સ્ટેલીનના અવસાન બાદ સામ્યવાદી દેશોમાં સ્ટેલીનની ખુનખાર નીતિનો ત્યાગ કરવામાં આવ્યો છે અને હળવી ઉદાર નીતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે એમ સ્ટેલીનના જવા બાદ ઉત્તરોત્તર બનેલી કેટલીક ઘટનાઓ અને અગ્રતમ સ્થાન ધરાવતી વ્યક્તિઓનાં ભાષણો અને નિવેદનો જોતાં આપણા મન ઉપર હળવી એવી છાપ ઉભી થઇ રહી હતી. પણ હંગરીમાં બનેલી ઘટનાઓએ અને ઇમ્રે નાઝ અને તેના સાથીઓને સોવિયેટ પદ્ધતિ અનુસાર નાબુદ કર્યાની હકીકતે આ છાપ ભ્રામક હોવાનું પુરવાર કર્યું છે.

હંગરીના છેલ્લા બે વર્ષનો ઇતિહાસ કુટિલતા અને નિષ્ઠુરતાનુ એક અનોખું પ્રકરણ છે. ઇમ્રે નાઝના આ પ્રકારના દેહાન્ત પાછળ રહેલી નિષ્ઠુરતા અને છેતરપીંડીનો ખરો ખ્યાલ લેવા માટે હંગરીમાં છેલ્લા બે વર્ષ દરમિયાન બનેલી બીનાઓની જાણ જરૂરી છે.

જેવી રીતે યુગોસ્લાવીઆએ જનરલ ટીટોની આગેવાની નીચે સોવિયટ રશિઆ સામે માથું ઉચકયું અને પોતાનું તંત્ર અને સમાજ—રચના સામ્યવાદી પ્રકારની જાળવી રાખવા છતાં રશીઆની જોહુકમીને અધીન રહેવાનો ઇનકાર કર્યો, એ મુજબની ચળવળ હંગરીમાં પણ કેટલાક સમયથી ચાલી રહી હતી. એ ચળવળના પરિણામ રૂપ ૧૯૫૬ના ઓકટોબર માસની ૨૩ મી તારીખે હંગરીમાં એ વખતના મુખ્ય પ્રધાન ઇમ્રે નાઝની આગેવાની નીચે સોવિયેટ રશીઆ સામે બળવો ફાટી નીકળ્યો. આ બળવાને દાબી દેવા માટે રશીઆએ સંખ્યાબંધ ટેંકોથી સુસજ્જિત સૈન્ય મોકલ્યું. આનો હંગરીની—રશીઆ જેવી વિપુલ શસ્ત્રસામગ્રી વિનાની—પ્રજાએ પાંચ દિવસ સુધી સામનો કર્યો અને તેને પાછું હઠાવ્યું. ૩૦ મી ઓકટોબરે શસ્ત્રવિરામની હંગરી અને રશીઆ વચ્ચે સંધિ થઇ અને હંગરીના મુખ્ય શહેર બુડાપેસ્ટમાંથી સોવિયેટ સૈન્યને પાછું ખેંચી લેવામાં આવ્યું. ઓકટોબરની ૩૧મીથી નવેંબરની ત્રીજી સુધી હંગરી આઝાદ બન્યું. નવેંબરની પહેલી તારીખે મુખ્ય પ્રધાન ઇમ્રે નાઝે વોરસો—પેકટથી હંગેરીને મુકત જાહેર કર્યું, સામ્યવાદીઓ સાથેનું લશ્કરી જોડાણ રદ કર્યું અને રક્ષણ માટે યુનાઇટેડ નેશન્સને વિનંતિ કરી. પછીના દિવસે સોવિયટ લશ્કરી દળો

હંગરીમાં વધારે પ્રમાણમાં આવી રહ્યાના સમાચાર આવવા લાગ્યા, પણ બુડાપેસ્ટની સોવિયેટ એમ્બસીએ જાહેર કર્યું કે કોઇ નવાં સન્યોની ભરતી કરવામાં આવી નથી, પણ હંગરીમાં પડેલાં રશિયન સૈનિક દળોમાં ફેરબદલી થઈ રહી છે. આ દરમિયાન ઓસ્ટ્રીઆ અને રશીઆ વચ્ચેની સીમા પટ્ટી લોકોની અવરજવર માટે રશીઆ તરફથી બંધ કરવામાં આવી અને સોવિયેટ સૈન્ય દળો, હવાઇ જહાજો અને ટેંકોએ હંગરીના રાષ્ટ્રવાદી થાણાઓ ઉપર ભયંકર હુમલો કર્યો નવેંબરની ત્રીજી કે ચોથી તારીખની મધરાતે સોવિયેટ લશ્કરને હંગરીમાંથી પાછું કેમ ખસેડવું એ બાબતની વાટાઘાટ કરવા માટે જનરલ માલેટરને સોવિયેટ સત્તાધીશોએ બોલાવ્યો અને એ આવ્યો કે તરતજ તેની ધરપકડ કરવામાં આવી. આ સંબંધમાં સંયુકત રાષ્ટ્ર સંસ્થાનો અહેવાલ જણાવે છે કે "જ્યારે એક બાજુએ સોવિયેટ સૈન્ય દળો એકઠાં થઇ રહ્યાના ખબર આવી રહ્યા હતા, ત્યારે બીજી બાજુએ હંગરીમાંથી સોવિયેટ દળોને પાછાં ખેંચી લેવાની વાટાઘાટો ચાલી રહી હતી. નવેંબરની ત્રીજી તારીખની બપોરે સંધિપત્ર લગભગ તૈયાર થવા આવ્યું હતું અને કેટલીક ટેકનીકલ વિગતો નક્કી કરવાનું બાકી હતું. જનરલ માલેટરની આગેવાની નીચેના પ્રતિનિધિમંડળને બુડાપેસ્ટ નજીક આવેલા ટોકોલ નામના ગામમાં સોવિયેટ મીલીટરી કમાન્ડ તરફથી આ વિગતો નક્કી કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. રાત્રીના ૧૦ વાગ્યે સોવિયેટના લશ્કરી પ્રતિનિધિઓ તરફથી ટોકોલ ખાતે આપવામાં આવેલ ભોજનસમારંભમાં હંગરીનું પ્રતિનિધિમંડળ ભાગ લઇ રહ્યું હતું. લગભગ એ મધરાતનો સમય હતો કે જ્યારે સોવિયેટ પોલીસનો વડો જનરલ મેરોવ પોલીસટુકડી સાથે ત્યાં આવી પહોંચ્યો અને હંગરીના પ્રતિનિધિમંડળના સૌ કોઈની ધરપકડ કરવામાં આવી."

નવેંબરની ચોથી તારીખે બળવાખોરોની પીઠ ભાંગી નાંખવામાં આવી. સોવિયેટ લશ્કર ૪૬૦૦ ટેંકો અને આર્મર્ડ કારો, હજારો બંદુકો, મોટો હવાઈ કાફલો અને ૨,૦૦,૦૦૦ સૈનિકો વડે હંગરી ઉપર તુટી પડયું અને હજારો માનવીઓ મરણને શરણ થયા.

પણ આથી પણ વધારે દગાખોરી હવે બનવાની હતી. નવેંબરની ૪ થી તારીખે મુખ્ય પ્રધાન ઇમ્રે નાઝે સ્ત્રી બાળકો સમેત ૪૨ સાથીઓ સાથે બુડાપેસ્ટમાં આવેલી યુગોસ્લાવ એમ્બસીનો આશ્રય લીધો. અને ત્યાં ૧૯ દિવસ સુધી તેઓ રહ્યા. આ દરમિયાન યુગોસ્લાવ સરકાર અને સોવિયેટ સરકારે નિયુકત કરેલ હંગરીનો નવો મુખ્ય પ્રધાન જેનો કેદાર કે જે સોવિયેટોની સૂચના મુજબ વર્તતો હતો તે બન્ને વચ્ચે વાટાઘાટો ચાલી અને યુગોસ્લાવ સરકારે કેદારને એમ જણાવ્યું કે જો હંગરીની સરકારના વડા તરીકે કેદાર લેખિત રીતે એવી ખાત્રી આપે કે ઇમ્રે નાઝ અને તેની મંડળીને સહીસલામત રીતે પોતપોતાને ઘેર જવા દેવામાં આવશે તો નાઝ વગેરેને પોતાની એમ્બસીમાંથી જવા માટે યુગોસ્લાવની સરકાર અનુમતિ આપશે. આના જવાબમાં કેદારે લેખિત ખાત્રી આપી કે હંગરીની નવી સરકાર ઇમ્રે નાઝ અને તેની મંડળીનાં સભ્યો વિરૂદ્ધ તેમની ભૂતકાળની પ્રવૃત્તિઓ સંબંધમાં કશું પણ કામ ચલાવવા ઇચ્છતી નથી. ઉપરની સમજુતી મુજબ હવે જેવા નાઝ અને તેની મંડળીના લોકો યુગોસ્લાવ એમ્બસીમાંથી બહાર નીકળ્યા કે તરત જ હંગરીના તથા સોવિયેટના સત્તાધીઓએ તેમની ધરપકડ કરી અને સામ્યવાદી રોમાનિયામાં તેમને મોકલી આપ્યા.

ત્યાર બાદ ગયા જુન માસની ૧૬ મી તારીખે તેમને બુડાપેસ્ટ ખાતે ફાંસીએ ચઢાવ્યાના ખબર આવ્યા તે સિવાય આજ સુધી તેમના વિષે કશા પણ બીજા સમાચાર સાંભળવામાં આવ્યા નહોતા. તાજેતરમાં એપ્રીલ માસની ૪ થી તારીખે જ્યારે રશીઆનો મુખ્ય પ્રધાન ક્રુશ્ચેવ હંગેરીમાં પ્રવાસ કરતો હતો ત્યારે બુડાપેસ્ટમાં કેદારે જાહેર કર્યું હતું કે "નાઝ પોતાની પસંદગીના-ઉનાળામાં હવા ખાવાના-કોઇ એક ઠેકાણે રહે છે અને જનરલ માલેટર (જ્યારે વસ્તુતઃ તે ટ્રાયલ માટે બુડાપેસ્ટમાં હતો ત્યારે) ની પણ પુરી સંભાળ લેવામાં આવે છે."

એ તો દેખીતું હતું કે આજની પરિસ્થિતિમાં જેલના સળિયા પાછળ પુરાયેલ ઇમ્રે નાઝ કે જનલર માલેટર કશું પણ કરવાની સ્થિતિમાં હતા જ નહિ. રશિયાના દાબ નીચે હંગરીમાં સ્થિરતાપૂર્વક શાસન ચલાવતા જેનો કેદારની સત્તાને કોઈ પડકારે એવા કોઈ સંયોગો પણ હતા જ નહિ. આમ છતાં પણ ઘેટાં જેવી દશાને પ્રાપ્ત થયેલા ઇમ્રે નાઝ અને તેના ત્રણ સાથીઓનાં માથાં ન્યાયનું નાટક કરીને શા માટે ઉડાવી દેવામાં આવ્યા હશે ? આવો પ્રશ્ન કોઇને પણ થાય એમ છે.

આમ હંગરીનું છેલ્લા બે વર્ષનું આખું પ્રકરણ રશીઆના રાક્ષસી માનસનું એક અવનવું ચિત્ર રજુ કરે છે. જ્યારે ૧૯૫૬ ના નવેંબર માસમાં રશીઆએ હંગરીને દબાવી દેવા માટે પોતાની પ્રચંડ સૈન્યશક્તિ દ્વારા કાળો કહેર વર્તાવ્યો હતો ત્યારે આખી દુનિયામાં સણસણાટી પેદા થઈ હતી અને તે સામે અનેક લોકોએ પ્રચંડ પોકાર ઉઠાવ્યો હતો. આ વખતે ઇમ્રે નાઝ અને તેના ત્રણ સાથીઓના શિરચ્છેદના સમાચારે પણ આખી દુનિયાનું ધ્યાન ખેચ્યું છે. અલબત્ત ચીન જેવા સામ્યવાદી દેશોએ આ કાર્યને આનંદપૂર્વક વધાવી લીધું છે પણ બાકીના દેશોની નૈતિક લાગણીને આ ઘટનાથી સખ્ત ધક્કો લાગ્યો છે, અને સુલેહ શાન્તિ અને શિખર મીલનની સતત વાતો કરતા રશીઆ વિષે અવિશ્વાસ અને જુગુપ્સાની લાગણી પેદા કરી છે. સ્ટેલીનના અવસાન બાદ રશીઆની આજ સુધીની નીતિ પોતાથી જુદા પડતા સામ્યવાદી તેમ જ અસામ્યવાદી દેશો સાથે મૈત્રી અને ભ્રાતૃભાવ વધારવા તરફ ઢળતી રહી હોય એમ લાગતું હતું. આજે તેમાં કાંઈક પરિવર્તન આવી રહ્યું હોય અને ખાસ કરીને પોતાને સામ્યવાદી લેખાવતા છતાં સ્વતંત્ર બુદ્ધિએ ચાલવા માગતા યુગોસ્લાવિયા જેવા દેશોની સાન ઠેકાણે લાવવા માટે કડક રીતે અને નિષ્ઠુરપણે કામ લેવાની નીતિ તરફ તે ઢળી રહ્યું હોય એમ લાગે છે. ઇમ્રે નાઝ અને તેના ત્રણ સાથીઓના નિષ્કારણ શિરચ્છેદ પાછળ રશીઆ-વિરોધી સામ્યવાદી દેશોની પ્રજામાં ધાક બેસાડવાની વૃત્તિ કામ કરી રહી હોય એવું અનુમાન થાય છે. આ ઘટના અને તેના અનુસંધાનમાં હવે પછી બનનારી ઘટનાઓનું બીજું ગમે તે પરિણામ આવે, પણ જે સુલેહશાન્તિની સ્થાપનાનો રશીઆ ચાલુ પોકાર કરી રહેલ છે તે આવા હીચકારા કૃત્યથી નજીક આવવાને બદલે દૂર અને દૂર જતી જાય છે અને એ રીતે દુનિયાનું ભાવી વધારે ને વધારે જોખમાતું જાય છે. પોતાની રાક્ષસી વૃત્તિ કાયમ રાખવી છે અને દુનિયામાં દૈવી શાન્તિ જન્માવવી છે-એ બે વિરોધી બાબત શી રીતે બનવાની છે ?

બનારસ હિંદુ યુનિવર્સિટી અને અધોગતિની પરાકાષ્ટા

બનારસ હિંદુ યુનિવર્સિટીના વહીવટમાં તપાસ કરવા માટે થોડા-એક સમય પહેલાં એક વગદાર તપાસ સમિતિ નીમવામાં આવી હતી. તેના પ્રમુખસ્થાને મદ્રાસ યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલર ડો. એ. એલ. મુદલિયાર હતા અને ભારતના માજી ચીફ જસ્ટીસ શ્રી મહેરચંદ મહાજન, ડો. પી. સુબ્બાયન, શ્રીમતી સુચેતા કિરપલાણી અને મુંબઈ યુનિવર્સિટીના માજી વાઇસ-ચેન્સેલર શ્રી નવરોજી જે. વાડિયા એ તપાસ સમિતિના સભ્યો હતા.

આ તપાસ સમિતિનો અહેવાલ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો છે અને તેમાં અનેક ચોંકાવનારી બે બાબતો ધ્યાનમાં લઇને ભારતના રાષ્ટ્રપતિએ તા. ૧૪-૬-૫૮ ના રોજ યુનિવર્સિટીમાં લાગવગ ધરાવતા મંડળોની અનિષ્ટ પ્રવૃત્તિઓથી યુનિવર્સિટીને મુકત કરવાના હેતુથી તેમ જ યુનિવર્સિટીની આજ સુધીની પ્રતિષ્ઠા અને પરંપરા મુજબ એક શૈક્ષણિક કેન્દ્ર તરીકે તેનો વહીવટ સરળપણે ચાલી શકે એ હેતુથી એક વટહુકમ બહાર પાડયો છે.

ઉપર જણાવેલ તપાસસમિતિએ ૪૪ પાનાનો જે સર્વાનુમત અહેવાલ બહાર પાડયો છે, તેમાં અગત્યની બાબતો નીચે મુજબ છે. તપાસ સમિતિના અભિપ્રાય મુજબ યુનિવર્સિટી આજે ભારે કટોકટી પરિસ્થિતિનો ભોગ બનેલી છે. તેણે પ્રાપ્ત કરેલું અખિલ ભારતીય

સ્વરૂપ ગુમાવી દીધું છે અને ખટપટ, લાગવગ, લાંચરૂશ્વત અને અનેક તરેહના ગુન્હાહિત પ્રવૃત્તિઓના હડ્ડા જેવી તે બની ગઈ છે. યુનિવર્સિટીના જીવનને કોરી રહેલ અનેક અનિષ્ટો તરફ ધ્યાન ખેંચીને તપાસસમિતિ જણાવે છે કે ટીચરપોલીટીશિયનના–રાજકારણુલક્ષી બનેલા શિક્ષકોના–પરસ્પર સ્પર્ધા કરી રહેલા મંડળોની–ખાસ કરીને ઉત્તર પ્રદેશના પૂર્વવિભાગના અધિક વર્ચસ્વ ધરાવતા મંડળની–દુષ્ટ પ્રવૃત્તિઓ આજે એક મોટું ભયસ્થાન બનેલ છે.

મજકુર તપાસસમિતિ દ્વારા જે બીજાં પ્રવર્તમાન અનિષ્ટો તરફ ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું છે તેમાં શિક્ષકોની અસંતોષકારક પસંદગી, પ્રીન્સીપાલોના હાથમાં સત્તાનું કેન્દ્રીકરણ અને તેમના હાથે થતો તેનો દુરૂપયોગ, વિદ્યાર્થીઓને બહોળી સંખ્યામાં દાખલ કરવા માટે લાવવામાં આવતું અણઘટતું દબાણ, અને પરીક્ષાઓમાં ચાલતી ઘાલમેલ–આવી કેટલીક બાબતોનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓમાં વ્યાપક બનેલા અશિસ્ત અને યુનિવર્સિટીમાં વ્યાપી રહેલી અરાજકતાનો ઉલ્લેખ કરતાં તપાસ સમિતિએ ફરી ફરીને ધ્યાન ખેંચ્યું છે કે આ વિદ્યાર્થીઓને ચોક્કસ અધ્યાપકો અને રાજકીય દળો તરફથી સક્રિય દોરવણી મળતી રહી છે. તપાસસમિતિને માલુમ પડયું છે કે વિદ્યાર્થીઓ ખરાબ આબરૂ ધરાવતા ધરોની (સંભવતઃ વેશ્યાગૃહોની) મુલાકાત લે છે, એટલું જ નહિ પણ, આવાં અનીતિનાં થાણાંઓ સાથે સક્રિયપણે જોડાયલા હોય છે અને કેટલાક અધ્યાપકો કુદરત વિરૂદ્ધનું આચરણ કરી રહ્યા હોવાનું પણ તપાસ સમિતિનો કહેવામાં આવ્યું છે.

આ સંબંધમાં તપાસસમિતિએ ભારે ખેદપૂર્વક નોંધ કરી છે કે યુનિવર્સિટીમાં ચાલી રહેલ અનીતિ અંગે કરવામાં આવેલા આક્ષેપો અને આરોપોના સમર્થનમાં રજુ કરવામાં આવેલ પુરાવાઓ અમાન્ય ગણી શકાય તેમ તેમને લાગતું નથી. આ સંબંધમાં સરકારી અદાલત સમક્ષ ચાલી રહેલ એક મુકર્દમા તરફ તપાસસમિતિએ ખાસ ધ્યાન ખેંચ્યું છે. આ મુકર્દમામાં એક પ્રોફેસર ઉપર કુદરત વિરૂદ્ધના આચરણ અંગે આરોપ મૂકવામાં આવ્યો છે.

વહીવટની આ દુર્દશાનો ઉપાય કરવાના હેતુથી ઉપર જણાવેલ વટહુકમ જણાવે છે કે હવે પછીથી યુનિવર્સિટીનો વહીવટ યુનિવર્સિટીના વીઝીટર તરીકેના અધિકારની રૂએ પ્રેસીડેન્ટ–રાષ્ટ્રપતિ–તરફથી નીમવામાં આવનાર એક્ઝીકયુટીવ કાઉન્સીલ ચલાવશે. તદુપરાન્ત ' યુનિવર્સિટી કોર્ટ' જે આજ સુધી યુનિવર્સિટીની સર્વોચ્ચ વહીવટી સંસ્થા તરીકે કામ કરતી હતી તે હવે પછી માત્ર એક સલાહકાર મંડળ તરીકે કામ કરશે, અને તેની રચના કશી પણ ચૂંટણી સિવાય કરવામા આવશે. આ ઓર્ડીનન્સની એક મહત્ત્વની કલમ એ મુજબ છે કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિનું સ્થાન ધરાવતી કોઈ પણ વ્યક્તિના પ્રમુખસ્થાનપૂર્વકની એક ' સ્ક્રીનીંગ કમીટી ' (આન્તર. વહીવટ તપાસનારી સમિતિ) નીમવામાં આવશે અને યુનિવર્સિટીના હિતને જેમનું ચાલુ રહેવું ઘાતક લેખવામાં આવે છે એવા યુનિવર્સિટીના અધ્યાપકો અને વહીવટકર્તાઓના ખટલાની આ સમિતિ તપાસ કરશે. આ ઉપરાંત પ્રોફેસરો, રીડરો, લેકચરરો અને અન્ય અધિકારીઓની ભવિષ્યમાં ભરતી કરવા માટે એક્ઝીકયુટીવ કાઉન્સીલને મદદ કરવા માટે એક સીલેકશન કમીટી–પસંદગી સમિતિ–નીમવામાં આવશે. આ કાનુની જોગવાઈ એટલા માટે કરવામાં આવી છે કે તપાસ સમિતિને માલુમ પડયું છે તે મુજબ યુનિવર્સિટીમાં સત્તા ચલાવી રહેલા–પ્રેશર ગ્રુપ્સ–દબાણ લાવતાં મંડળો–ના કારણે અધ્યાપકો વગેરેની ભરતી કરવામાં વ્યક્તિની ગુણવત્તાને કશું સ્થાન રહ્યું જ નથી. અને ચોકકસ ભૌગોલિક પ્રદેશમાંની ચોકકસ પ્રકારની વ્યક્તિઓને જ શિક્ષકો–અધ્યાપકો–તરીકે નીમવાનો ચાન્સ મળતો રહ્યો છે. આ સંબંધમાં તપાસ–સમિતિ ધ્યાન ખેંચે છે કે આવી અણઘટતી રીતે નીમાતા શિક્ષકોમાંના ઘણા ખરા એકમેકના સગા સંબંધીઓ જ માલુમ પડયા છે. અહેવાલ સાથે આવા સગપણ સંબંધે જોડાયલાં શિક્ષકોની યાદી પણ જોડવામાં આવી છે.

કેટલાક સમય ઉપર બનેલો એક કીસ્સો આ તપાસસમિતિના ધ્યાન ઉપર લાવવામાં આવ્યો હતો. આ કીસ્સામાં એક અધ્યાપકે એક સ્થળેથી બીજે સ્થળે પોતાના દીકરાની જાન લઈ જવા માટે વિદ્યાર્થીઓને મળતા રેલ્વે કન્સેશનનો ઉપયોગ કર્યો હતો, અને સત્તા-ધીશોના ધ્યાન ઉપર આ બાબત લાવવામાં આવતાં અધ્યાપકને માત્ર ચેતવણી આપીને મુકત કરવામાં આવ્યો હતો. આ સંબંધમાં તપાસ સમિતિને એમ માલુમ પડેલું જણાવવામાં આવ્યું છે કે આગળ ઉપર આ અધ્યાપકને રાષ્ટ્રપતિ તરફથી પ્રગટ થતી માનચાંદની યાદીમાં નવાજવામાં આવ્યો હતો. આવી ઘટના યુનિવર્સિટીને નૈતિક અધોગતિ તરફ લઈ જાય તે સ્વાભાવિક છે.

આ તપાસસમિતિએ, ઉત્તરોત્તર નીમાતા રહેલા વાઇસ–ચેન્સેલ-રોને માટે તે હોદ્દા ઉપર ચાલુ રહેવાનું ગ્રુપપોલીટીકસે–વર્ગીય રાજ-કારણે–કેવી રીતે અશકય બનાવી દીધું હતું તેનું આબાદ વર્ણન કર્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે એ હકીકતની નોંધ કરતાં દુઃખ થાય છે કે પંડિત મદનમોહન માલવીયા પછી વાઇસચેન્સેલર તરીકે આવેલા ડૉ. એસ. રાધાકૃષ્ણનને યુનિવર્સિટી સાથેનો સંબંધ તોડવાની આ ગ્રુપપોલીટીકસના કારણે ફરજ પડી હતી અને પછી ડૉ. અમરનાથ ઝા આવ્યા તે પણ આ જ કારણે એક વર્ષથી વધારે ટકી નશ કયા. તેમની પાછળ આ પ્રેસરગ્રુપના આગેવાન અને અનેક ખટપટોના સૂત્રધાર પંડિત ગોવિન્દ માલવિયા આવ્યા અને તેમને પણ તેમને ટેકો આપનારાઓ સાથે અથડામણી થવાથી જવું પડેલું અને એ જ દશા તેમની પછી આવેલા ડૉ. સી. પી. રામસ્વામી અય્યરની થઇ છે.

પં. મદનમોહન માલવિયાએ કેટલીયે આશા અને મનોરથપૂર્વક ઉભી કરેલ બનારસ હિન્દુ યુનિવર્સિટીની આટલી બધી અધોગતિ થઈ હોય તે આપણી કલ્પનામાં આવે તેમ નથી. દુર્દશાનું આ ચિત્ર જોતાં વાંચતાં આપણું ચિત્ત અત્યન્ત ખિન્ન બને છે. આજે ચોતરફ જે નૈતિક અવનતિ તરફ દેશ ધસડાઇ રહ્યો છે અને જે અપ્રમાણિ-કતા, લાંચરૂશ્વત અને ભ્રષ્ટાચાર વડે આપણું આખું જીવન સડી રહ્યું છે, રૂંધાઈ રહ્યું છે તેનું આછું દર્શન બનારસ હિંદુ યુનિવર્સિટીની ઉપર વર્ણવેલી આજની દુર્દશામાં આપણને થવું ઘટે છે. કોઈ એમ ન સમજે કે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જ બધો કચરો ભેગો થયો છે અને બીજું બધું આપણું શુધ્ધ, સુવ્યવસ્થિત અને પવિત્ર છે. એ જ સડો અને એ જ અવ્યવસ્થા, એ જ લાંચરૂશ્વત અને એ જ લાગવગશાહી–ઓછા વધતા અંશે સર્વત્ર છે, સર્વવ્યાપી છે. આ ચોંકાવનારી ઘટનાથી આપણે સચેત ન બનીએ, અને આન્તરબાહ્ય સાફસુફીનું કામ પૂરી ગંભીરતાપૂર્વક હાથ ન ધરીએ તો આપણું ભાવી ભારે ખતરનાક છે–એમાં કોઇ શક નથી.

ગ્રામોદ્યોગ અને યંત્રોદ્યોગનો સમન્વય

પંઢરપુર ખાતે સર્વોદય સંમેલન પ્રસંગે યોજાયેલાં ખાદી ગ્રામો-દ્યોગ પ્રદર્શનનું તા. ૨૮–૫–૫૮ ના રોજ ઉદ્‌ઘાટન કરતાં શ્રી વિનો-બાજીએ કરેલું પ્રવચન એક સંપૂર્ણ નિબંધના આકારનું હતું. તેમાં ગ્રામોદ્યોગ અને યંત્રોદ્યોગના પરસ્પર સંબંધ અને તે વચ્ચે કરવા જોઇતા વિવેકને અનુલક્ષીને નીચે મુજબ તેમણે જણાવ્યું હતું:–

" તમે સૌ જાણો છો કે, દુનિયામાં જેટલા પણ ઉત્પાદનના કામ થઇ રહ્યાં છે તે બધાં પાછળ મૂળ મુદ્દે પાંચ આંગળીઓની કરામત છે. અને તેમાં પણ ગ્રામોદ્યોગના કામમાં તો પાંચ આંગળીઓ જ મુખ્ય ભાગ ભજવે છે. હા, એની મદદે કોઈ ને કોઇ ઉપકરણ આવે છે ખરૂં, પણ તે ઉપકરણ તરીકે જ આવે છે. આ કરણ (હાથ) અને ઉપકરણ (સાધન) નો જે વિવેક છે તે જ ગ્રામોદ્યોગ અને યંત્રોદ્યોગનો વિવેક પણ છે. ગ્રામોદ્યોગમાં કરણ મુખ્ય હોય છે, જ્યારે ઉપકરણ ગૌણ હોય છે. આંખ મુખ્ય હોય છે, જ્યારે ચશ્મા ગૌણ; હાથ મુખ્ય હોય છે જ્યારે ઓજાર ગૌણ; પગ મુખ્ય હોય છે, જ્યારે સાઇકલ ગૌણ. આને બદલે જ્યારે ઉપકરણ પ્રધાન સ્થાને બિરાજે છે ત્યારે તે યંત્ર કહેવાય છે. આજકાલ, ખાસ કરીને આ વિજ્ઞાનયુગમાં

કેટલાંક કામો સહેજે જ યાંત્રિક ધોરણે થતાં રહેવાનાં. પણ ઉપકરણ પ્રધાન સ્થાન લઈ લે તોય કરણ વિના ચાલવાનું નથી. જ્યાં દૂરદૂરનાં વૃક્ષો નિહાળવાં છે, ત્યાં દૂરબીનનું સવિશેષ મહત્ત્વ છે; તો પણ એ કાંઈ આંખને કાઢી જવાનું નથી. મૂળ મુદ્દે આંખ જ ન હોય તો દૂરબીન કયાંથી કામ કરી શકવાનું છે? વળતું દૂરબીન સિવાય આંખ અસંખ્ય તારક વૃંદને ભાળી શકે તેમ નથી. એટલા માટે ઉપકરણોનું મહત્ત્વ હોવા છતાં અન્તે તો તે કરણોનાં મદદગાર જ છે. આમ છેવટે મુખ્ય સ્થાન તો કરણોનું જ છે.

"આવા મોટા વિશાળ દેશમાં આપણે એવો આગ્રહ ઝાલીને બેસી નહિ શકીએ કે દરેક કામ કાં તો કેવળ ગ્રામોદ્યોગથી, અને કાં તો કેવળ યંત્રોદ્યોગથી જ થવું જોઇએ. આવી જાતનો અડંગો જમાવીને બેસી જઇએ તો એમાં સત્ય નહિ રહે, અને એથી આપણો એ સત્યાગ્રહ નહિ હોય. આ દેશમાં કેટલાંક કામો ગ્રામોદ્યોગ મારફત થાય એ સ્વાભાવિક છે, પણ કેટલાંક કામો યંત્ર મારફતેય કરવા પડશે. વ્યવહારમાં આ પ્રકારનો વિવેક કરવો પડશે. ગ્રામોદ્યોગ અને યંત્રોદ્યોગ બન્નેને આપણે નોખા નોખા વિભાગમાં વહેંચી દઇ શકીએ છીએ. અમુક આટલો વિભાગ ગ્રામોદ્યોગ માટે મોકળો રહે, તો અમુક આટલો વિભાગ યંત્રોદ્યોગ માટે રહે. અને કેટલાક વિભાગમાં બન્ને અડોઅડ પણ ચાલે, બધુ ખરૂં, પણ કોઇ પણ વાને સ્પર્ધા ન થવી જોઇએ. આ રીતનું વિભાગીકરણ હિન્દુસ્તાન જેવા દેશમાં આવશ્યક છે. એ સિવાય વિજ્ઞાન યુગમાં આપણે આગળ પગલાં નહિ માંડી શકીએ, ઉત્પાદન અને વિતરણ સરખી રીતે નહિ કરી શકીએ, અને એ સિવાય બેકારીની સમસ્યા પણ હલ નહિ કરી શકીએ. આ અંગે સૌએ વિચારવું પડશે."

સ્ત્રીઉધ્ધારનો પ્રશ્ન અને ભગવાન મહાવીર

પંઢરપુર ખાતે ભરાયેલા સર્વોદય સંમેલનના અનુસંધાનમાં કસ્તુરબા ટ્રસ્ટની બહેનો સમક્ષ તા. ૩૧-૫-૫૮ ના રોજ બોલતાં આપણ દેશમાં પ્રાચીન કાળથી માંડીને આજ સુધીમાં સ્ત્રી ઉધ્ધારની પ્રમુખપણે કોણે કોણે કોશિશ કરી એ મુદ્દા ઉપર વિવેચન કરતાં શ્રી વિનોબાજીએ જણાવ્યું હતું કે "જ્યાં સુધી હું જોઉ છું ત્યાં સુધી સ્ત્રીઓના ઉધ્ધાર માટે હિન્દુસ્તાનમાં જે કોશિષ થઇ છે તેમાં પ્રાચીન કાળમાં જોઇએ તો ભગવાન શ્રી કૃષ્ણ તેમ જ મહાવીર એ બે નામ નજરે ચઢે છે અને અર્વાચીન કાળમાં ગાંધીજીનું નામ ચમકે છે." આમ જણાવીને તેઓ શ્રીકૃષ્ણ અને દ્રૌપદીના સંબંધનું વિવરણ કરે છે અને જણાવે છે કે "શ્રીકૃષ્ણનો ગોપીઓ માટેનો પ્રેમ, સ્ત્રીઓ માટેનો આદર અને એક ભાઇને નાતે સ્ત્રીઓ માટે એણે જે પુરૂષાર્થ ખેડયો છે તે હિન્દુસ્તાનના ઇતિહાસમાં બિલકુલ અદ્વિતીય છે." અહિં કૃષ્ણ અને ગોપીઓના સંબંધને આપણે સાધારણ રીતે જે રૂપ આપીએ છીએ તેથી તદ્દન ભિન્ન પ્રકારનું રૂપ વિનોબાજી આપતા માલુમ પડે છે. ત્યાર બાદ સ્ત્રી ઉધ્ધારના પ્રશ્નમાં ભગવાન મહાવીરનો કયા પ્રકારનો ફાળો છે તે વર્ણવતાં વિનોબાજી જણાવે છે કે:-

"મહાવીરનો ઇતિહાસ વળી એક અદ્‌ભુત ઇતિહાસ છે. જે જમાનામાં મહાવીરે વિહાર કર્યો એના પછી ૪૦ વર્ષે ગૌતમ બુદ્ધ થયા. બન્ને વચ્ચે માનો લોકમાન્ય અને આજની પેઢી વચ્ચે છે એટલું અન્તર. પાછો બન્નેનો વિહાર એક જ પ્રદેશમાં થયો. કદાચ બન્નેનો ભેટો પણ થયો હોય. ઇતિહાસમાં એવાં ઉલ્લેખો પણ મળે છે.

"મહાવીર સંપ્રદાયમાં સ્ત્રી-પુરૂષો વચ્ચે કોઇ પણ પ્રકારે કશો ભેદ નથી કરવામાં આવ્યો. જેટલા અધિકાર પુરૂષોને આપવામાં આવ્યા છે તેટલા જ બહેનોને પણ આપવામાં આવ્યા છે. આજના જેવા મામૂલી અધિકારોની હું વાત નથી કરતો-આધ્યાત્મિક અધિકારોની વાત કરી રહ્યો છું. આવા આધ્યાત્મિક અધિકારો નવાજવામાં મહાવીરે કશો ભેદ નથી કર્યો. પરિણામે એના શિષ્યોમાં જેટલા શિષ્યો શ્રમણ (પુરૂષો) હતા એથી વધુ શ્રમણીઓ (સ્ત્રી) ઓ હતી. જૈનોમાં આજ દિન સુધી એ પ્રથા જારી છે.....આને એક બહુ મોટી વિશેષતા માનવી જોઇએ. કારણ મહાવીર પછી ચાલીશ જ વર્ષોમાં ગૌતમ થયા, જેમણે સ્ત્રીઓને સંન્યાસ આપવાનું ઉચિત નહિ માન્યું. સ્ત્રીઓને સંન્યાસ આપવામાં ધર્મ-મર્યાદા નહિં રહેશે એવો એમનો અંદાજ હતો. પણ એક દીવસ જ્યારે એમના શિષ્ય આનંદે જ એક બહેનને બુદ્ધ ભગવાન સમક્ષ ઉપસ્થિત કરીને કહ્યું કે "આ બહેન તમારા ઉપદેશ માટે સર્વથા પાત્ર છે એની મને ખાત્રી થઈ છે. તેથી આજે એને સંન્યાસની દીક્ષા મળવી જોઇએ." ત્યારે બુદ્ધ ભગવાને એને દીક્ષા દીધી અને આવું વચન કહ્યું, "હે આનંદ, તારા આગ્રહ અને પ્રેમને વશ થઈ હું આ અખતરો કરી તો રહ્યો છું, પણ આમ કરવામાં આપણા સંપ્રદાય માટે મેં ઘણું ભારે જોખમ વ્હોરી લીધું છે." જો કે બૌધ્ધોનો ઇતિહાસ ઘણો પરાક્રમશાળી અને દેશને માટે ગૌરવ લેવા જેવો છે, તો પણ આ અખતરો કરવામાં જે ખતરા વિષે બુદ્ધ ભગવાનને અંદેશો હતો તે પાછળના બૌદ્ધ ઇતિહાસે સાચો પાડયો છે.

"હું કહેવા માંગતો હતો કે જે ડર બુદ્ધને હતો એ મહાવીરને નહોતો. આ મહાપુરૂષની નીડરતા જોઈ આશ્ચર્ય થાય છે. આ વાતની મારા મન પર ઘણી ઉંડી અસર થઇ છે અને એથી મહાવીર તરફ મારૂં વિશેષ ખેંચાણ પણ છે. આમ તો બુદ્ધનો મહિમા પણ કાંઇ કમ નથી. સમગ્ર વિશ્વમાં એની કરૂણાની ભાવના ફેલાઈ રહી છે. આથી એમના વ્યક્તિત્વમાં કોઇ પણ પ્રકારની કમી રહી ગઇ હશે એવું હું નથી માનતો. પણ મહાપુરૂષોની પાછી ભિન્ન ભિન્ન વૃત્તિ હોય છે. પણ એટલું તો ખસૂસ કહેવું પડશે કે ગૌતમબુદ્ધને વહેવારીક બુધ્ધિ અડી ગઈ, જ્યારે મહાવીર એનાથી પર રહી શકયા અને એમણે પોતે થઇને સ્ત્રી પુરૂષોમાં ભેદ નહીં પાડયા. એઓ પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. આ મારા મનમાં એમને માટે વિશેષ આદર છે. અને એમાં તો એમની મહાવીરતા છે.

"રામકૃષ્ણ પરમહંસના સંપ્રદાયમાં કેવળ એક જ સ્ત્રી હતી અને તે હતી શ્રી શારદાદેવી, જે રામકૃષ્ણ પરમહંસની નામ માત્રનીજ પત્ની હતી, બાકી આમ તો એ એમની માતા જ બની ગઇ હતી. અને સંપ્રદાયના સૌ ભાઇઓને માટે એ માતાને સ્થાને હતી. પરંતુ ત્યાં થયું એવું કે એમના સિવાય બીજી કોઇ સ્ત્રીને દીક્ષા આપવામાં નહીં આવી. મહાવીર સ્વામીને ગયે ૨૫૦૦ વર્ષોનાં વહાણાં વાઇ ચુકયાં હતાં, પણ કોઇની મગદૂર નહોતી કે બહેનોને દીક્ષા આપે. મારા સાંભળવામાં આવ્યું છે કે ચાર વર્ષ પહેલાં રામકૃષ્ણ મઠવાળાઓએ સ્ત્રીઓને દીક્ષા આપવાની છુટ્ટી આપવાનો ઠરાવ કર્યો છે. આ પરથી અંદાજ નીકળે છે કે મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલા આ પ્રયોગ કરવામાં કેવું જબરૂં પરાક્રમ કર્યું હતું."

ઉપરના વિવેચનમાં ભગવાન મહાવીરના શિષ્યસમુદાયમાં શ્રમણ કરતાં શ્રમણીઓની સંખ્યા વધારે હતી એમ જે વિધાન કરવામાં આવ્યું છે તેની યથાર્થતા વિષે હું સાશંક છું, કારણ કે શ્રી મહાવીર સ્વામીના શિષ્યસમુદાય સંબંધમાં આવો કોઈ ઉલ્લેખ મારા જોવામાં હજુસુધી આવ્યો નથી. તદુપરાન્ત એ જ વ્યાખ્યાનમાં તેમણે જૈન પરંપરા વિષે એવો ઉલ્લેખ કર્યો છે કે "જૈનોમાં આજની ઘડી સુધી એક એવો નિયમ છે કે સંન્યાસી-સંન્યાસિની બે થી વધુ પણ નહિ ફરી શકે અને બેથી કમ પણ ફરી નહિ શકે. તે હિસાબે બબ્બેની જોડીમાં ફરતી જોવામાં આવે છે. બિહાર, મારવાડ, ગુજરાત વગેરે પ્રદેશોમાં આ રીતે બહેનો ફરતી જોવા મળે છે." આમાં પણ વિનોબાજીની કાંઇક ભૂલ થતી હોય એમ લાગે છે બે થી વધારે નહિ, બે થી કમ નહિ-આમ જોડીમાં ફરવાની પરંપરા જૈન સંપ્રદાયમાં કોઇ પણ કોઇએ મારા જોવા કે સાંભળવામાં આવી નથી. એટલું ખરૂં કે કોઈ પણ સાધુ કે સાધ્વીએ એકલ વિહાર ન કરવો-ઓછામાં ઓછા બે સાધુ-સાધ્વી તો હોવા જ જોઇએ-આવો નિયમ છે અને તેથી એકલ વિહારી સાધુ પ્રત્યે સાધારણ રીતે જૈનો કાંઈ અવમાનનાની દૃષ્ટિથી જુએ છે. આ તો પ્રમાણમાં અતિ ગૌણ બાબતોની આપણે ચર્ચા કરી. બાકી ધાર્મિક-આધ્યાત્મિક-બાબતોમાં સ્ત્રી પુરૂષને સમાન સ્થાને મૂકવા બદલ ભગવાન મહાવીરને વિનોબાજીએ આપેલી અંજલિ યથોચિત અને યથાસ્થાને છે. પરમાનંદ

એસ્. એસ્. સી.ની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ

કચ્છી વીશા ઓશવાલ સ્થાનકવાસી જૈન પાઠશાળા તરફથી એસ્. એસ્. સી. ની પરીક્ષામાં બેઠેલા ચાલીશે ચાલીશ વિદ્યાર્થીઓ પસાર થયા છે. આ પ્રમાણે સો ટકા પરિણામ મેળવનાર શિક્ષણ સંસ્થાના સંચાલકોને અનેક ધન્યવાદ ઘટે છે. તંત્રી.

વિનોબાજીનું મનોમન્થન

(પંઢરપુર ખાતે મે માસની આખરમાં સર્વોદય સંમેલન ભરાઈ ગયું. એ દિવસો દરમિયાન નૈનીતાલ બાજુના પરિભ્રમણના કારણે આ સંમેલનની તે બાજુના દૈનિક છાપાઓમાં બહુ જ ઓછી માહીતી પ્રાપ્ત થઈ હતી. તા. ૧૬-૬-૫૮ ના રોજ પ્રગટ થયેલ ભૂમિપુત્રના અંકમાં આ સંમેલનને લગતી ઘણી વિગતો પ્રગટ કરવામાં આવી છે. તેમાંથી, આજે વિનોબાજીના મનમાં કયા પ્રકારનું મન્થન ચાલી રહ્યું છે– પ્રચારપ્રવૃત્તિ કે વિચારનિવૃત્તિ–કર્મ કે અકર્મ–તેની કાંઇક ઝાંખી કરાવતું સંમેલનના છેલ્લા દિવસે વિનોબાજીએ કરેલું અન્તિમ પ્રવચન નીચે આપવામાં આવે છે. આ પ્રવચનમાં ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધની કાર્યપદ્ધતિ વચ્ચે રહેલો જે તફાવત રજુ કરવામાં આવ્યો છે તે ખાસ ધ્યાન ખેંચે તેવો છે. તંત્રી.)

છેલ્લાં સાત વર્ષ થયાં એક વિચાર–યજ્ઞ ચાલી રહ્યો છે. આજ કાલ મારા મનમાં એ સંબંધે ઘણું ચિંતન–મનન ચાલી રહ્યું છે. ભારત એક ઘણો પ્રાચીન દેશ છે અને તેમાં જાત જાતના આધ્યાત્મિક અને સામાજિક પ્રયોગો કરવામાં આવ્યા છે. આ દેશના સમગ્ર ઇતિહાસને તે પ્રયોગોની પૃષ્ઠભૂમિ લાધી છે, અને પરમેશ્વરની યોજનાનુસાર આ દેશનો સંબંધ દુનિયાના ઘણાખરા દેશો સાથે, ઘણા પુરાણા કાળથી ઠેઠ આજ લગી ચાલતો આવ્યો છે. તેથી આ દેશ અને દુનિયાના બીજા દેશો વચ્ચે નિરંતર વિચારોનું આદાન–પ્રદાન થતું રહ્યું છે. કોઈ કોઇ વાર તે આપ–લે અને વિચાર–વિનિમયે આક્રમણનું સ્વરૂપ લીધું, કોઇ વાર વળી સંઘર્ષનું સ્વરૂપ લીધું, તો કોઇ વાર એણે અરસપરસ પ્રેમાલાપનું રૂપેય લીધું. આ દેશ પર થયેલાં આક્રમણોનો કંઇ તોટો નથી. પરંતુ વળતું આ દેશ તરફથી બીજા દેશો પર આ જાતનું આક્રમણ થયાનું શોધ્યું જડે એમ નથી. આવા વિશાળ દેશ માટે એમ કહેવું કે એણે તો કોઇ કાળે અન્ય દેશો પર ચઢાઇ જ નથી કરી એ નાનીસૂની વાત નથી. મારી સમજ પ્રમાણે આ એક ઘણી મોટી ઘટના છે.

'આવી આવીને સર્વ એકમાં સમાયાં'

આ દેશની શ્રધ્ધા હરહંમેશ વિચારો અને વિચારોના સમન્વય પર રહેતી આવી છે. અહીં બહારથી જેટલા પણ લોકો આવ્યા, પછી ચહાય તો તે વેપાર વાણિજ્ય અર્થે આવ્યાં હોય કે પછી રાજસત્તાના વૈભવની લાલસાથી આવ્યાં હોય, વિચારદાન અથવા વિચારવિમર્ષ માટે આવ્યાં હોય કે પછી ધર્મ–પ્રચાર અર્થે આવ્યાં હોય–આવાં તરેહ તરેહનાં નિમિત્તો લઇને ગમે તેટલા લોકોએ આ ભૂમિમાં પ્રવેશ કર્યો હોય, આ દેશે સૌનો એકસરખો સત્કાર કર્યો છે. જે કોઇ વિચાર મળ્યો તેને પોતામાં આત્મસાત્ કરી લેવો, એની સાથે સમન્વય સાધવો એ આ દેશની પરંપરા છે.

કેવળ વિચાર–સમજૂતી : એક રીત

સાત વર્ષથી આપણું આ જે આરોહણ ચાલી રહ્યું છે તેમાં આ વાતનો નિરંતર ખ્યાલ રહ્યો છે. અને હું મારા મનમાં વારે વારે ભારતની આ દૃષ્ટિ પર ચિંતન કરું છું. આજે તમારી સામે હું એનો થોડો અમસ્તો અંશ રજૂ કરવા માગું છું. મારા મનમાં સમન્વયનું એક દ્વંદ્વ ચાલી રહ્યું છે તેનું પણ તેમાં તમને દર્શન થશે. મેં 'દ્વંદ્વ' શબ્દનો પ્રયોગ એટલા ખાતર કર્યો કે જ્યાં સુધી પૂરેપૂરો સમન્વય થતો નથી ત્યાં સુધી તેની અંદર થોડું દ્વંદ્વ પણ રહેવાનું જ. તમારી સામે અત્યારે હું જે વિચાર મૂકી રહ્યો છું તેમાં તમને એની થોડી ઝાંખી થશે. હું મારું પોતાનું પરીક્ષણ કરવા માગું છું અને સાથે સાથે દુનિયામાં જે જુદા જુદા તત્ત્વજ્ઞાની પુરુષ, વિચારક અને ચિંતક થયા, તેઓએ જે રીતે કામ કર્યું તેનું પણ હું તમને દર્શન કરાવીશ. તેઓમાં કેટલાક એવા હતા જેઓએ શરૂથી તે આખર સુધી કેવળ વિચાર પર જ નિષ્ઠા રાખી. આદિમાં વિચાર, મધ્યમાં વિચાર અને અંતમાં પણ કેવળ વિચાર–એ રીતે જેઓની આદિમધ્યાંત કક્ત વિચાર પર જ નિષ્ઠા રહી અને વિચાર સમજાવીને જ જેઓએ સંતોષ વાળ્યો એવાઓની જમાત પણ દુનિયામાં દેખાય છે.

કેટલાંક નામ લેવાનું અપરિહાર્ય થઈ જાય છે. તેના વગર ચર્ચા અસ્પષ્ટ લાગે છે, માટે કેટલાંક નામ લઈશ. જેમ કે આપણા દેશમાં મહાવીર થયા. તેઓ જે કોઇને મળતાં તેની ભૂમિકા પર જઈને તેને વિચાર સમજાવતા હતા. પોતાના નિજના જે કોઇ વિચાર છે તેનું સામેવાળા પર આક્રમણ નહોતા કરતા. પહેલાં પૂછી લેતા કે તે વ્યક્તિ કયી રીતની વિચારપધ્ધતિમાં માને છે. જો તે વેદોને માનતી હોય તો તેને વેદોનો આધાર આપી સમજાવતા. અગર તે કોઇ બીજી પધ્ધતિમાં માનતી હોય તો તેને તે પધ્ધતિ પ્રમાણે સમજાવતા. એવી કેટલીય પ્રણાલીઓ તે સમયમાં ભારતમાં ચાલતી હતી, જેનું દિગ્દર્શન સંસ્કૃત, પાલી, અર્ધમાગધી વગેરે ભાષાઓમાં થાય છે. આ પ્રમાણે જેની તેની પરંપરા અને વિચારપધ્ધતિ પ્રમાણે જ જે તે વ્યક્તિને તેઓ સમજાવતા હતા. અને પાછું એમ કહેતા કે "ભાઇ! વિચાર કયારેય એકાંગી નથી હોતો. ખરેખર તો જે એકાંગી હોય છે તે વિચાર નથી, પણ અવિચાર છે. માટે તમે જે વિચારો છો તે પણ ખરું છે. પરંતુ તેનાથી જુદી વાતો પણ ખરી હોઈ શકે તેનો ખ્યાલ પણ રાખો અને પોતાના વિચારની પૂર્તિ માટે તે વિચારના કોચલાની બહાર નીકળીને કંઇક વિચાર મેળવવાની, વિચારના વિકાસની, પુષ્ટિની આશા રાખો. અને તે માટે હૃદયનાં દ્વાર મોકળાં રાખો," પણ એને જો કોઈ વ્યક્તિ એવી મળે જે પહેલેથી કોઇ પણ એક વિચારપધ્ધતિને વરેલી નથી, તો તેને તેઓ પોતાની રીતે વિચાર સમજાવતા. આ રીતે અત્યંત અનાગ્રહપૂર્વક તેઓ વિચાર સમજાવતા હતા. તેઓએ દુનિયાને એક ઘણી મોટી ભેટ આપી છે : "વિચાર હંમેશાં પરિપૂર્ણ–સર્વાંગીણ જ હોઇ શકે. જે સર્વાંગીણ નથી હોતો તે વિચાર જ નથી." તેઓએ કોઈ પણ સ્થૂળ કાર્ય પોતાના હાથમાં લીધું ન હતું. અને જનતાને કેવળ વિચાર જ સમજાવતા ગયા–જેને તેમણે મધ્યસ્થ દૃષ્ટિ કહી તે મધ્યસ્થ દૃષ્ટિથી.

પ્રત્યક્ષ પ્રવૃત્તિને માધ્યમ બનાવી કરેલો વિચારપ્રચાર : બીજી રીત

મહાવીર પછી ચાલીસ વર્ષ વીત્યે તેનાથી વળી એક જુદો અવતાર થયો–ગૌતમબુદ્ધનો. બુધ્ધે તેનાથી ભિન્ન વિચારપ્રક્રિયા ચલાવી. તેમને સમાજ સામે એક વિચાર રાખવો હતો અને તેને માટે તેના આધારરૂપ એક કામ પણ ખોળી લીધું હતું. તે કામ તેમને માટે સર્વસ્વ નહોતું. પરંતુ વિચારનું એક વાહન હતું. વિચારપ્રચારના એક સાધન તરીકે તેમણે તે જમાનામાં યજ્ઞમાં જે વિકાર ઘૂસી ગયો હતો તેની શુદ્ધિનું કાર્ય હાથમાં લીધું. તેઓ પ્રચાર તો વિશુદ્ધ કરુણાનો જ કરતા હતા, પરંતુ સાથોસાથ યજ્ઞમાં દેવામાં આવતા બલિદાન બંધ કરવાનો કાર્યક્રમ પણ તેઓએ હાથમાં લીધો. વિચારપ્રચારની આ વળી બીજી પધ્ધતિ છે, જેમાં વિચાર પર તો શ્રધ્ધા છે જ, પણ તેના પ્રચાર માટે કોઇ સ્થૂળ આલંબન જોઇએ એમ સમજી તેમણે એક કાર્ય હાથમાં લીધું.

તેથી આગળ જઈને, જેમની વિચારમાં શ્રદ્ધા હતી તેઓએ વિચારપ્રચાર માટે કેટલાક સંપ્રદાય, શિષ્ય પરંપરા બનાવવાનું શરૂ કર્યું. આ રીતે ગુરુપંથ, સંપ્રદાય આદિ બન્યા, જેને પરિણામે જુદા જુદા ધર્મ–જે એકબીજાના વિરોધી ન હોવા છતાં વિરોધી જેવા દેખાતા હતા–ઊભા થયા અને તેના લાખો અનુયાયી બન્યા. અને ઇતિહાસે નોંધ્યું કે : જ્યારે ધર્મવિચારનો આરંભ થયો ત્યારે કેવળ વિચારની દૃષ્ટિથી સમજાવવામાં આવતું અને લોકો ધીમે ધીમે સમજતા પણ હતાં. પરંતુ કેટલાંક વર્ષો પછી તેમાં કેટલીક નવી શક્તિઓ દાખલ થતી હતી. જેમ કે ખ્રિસ્તી ધર્મમાં કોન્સ્ટેન્ટાઇન પછી એક પરિવર્તન આવ્યું. બૌદ્ધ ધર્મમાં અશોક પછી એક પરિવર્તન આવ્યું. હિંદુ ધર્મમાં અને વૈષ્ણવ સંપ્રદાયમાં ગુપ્ત સામ્રાજ્ય પછી એક પરિવર્તન આવ્યું અને લાઓત્સે અને કનફ્યુશિયસની સાથે ચીની સત્તા જોડાવાથી બીજી જ શક્તિથી પ્રચાર થયો–એવાં કેટલાંય ઉદાહરણો મળે છે. આ રીતે

વિચારક વિચાર અને કેવળ વિચાર સમજાવતો–તેની સાથે કોઇ કાર્ય હાથમાં ન લેતો–આ એક પદ્ધતિ થઇ, જ્યારે વિચારપ્રચાર માટે કોઇ એક કામ હાથમાં લઈને તેની મારફત વિચાર સમજાવવો તે વળી બીજી પદ્ધતિ થઇ.

સત્તા મારફત વિચારશાસન : ત્રીજી રીત

ત્રીજી પદ્ધતિમાં વિચારોનું શાસન આવ્યું. એટલે કે શાસન અથવા સત્તાદ્વારા લોકોમાં વિચારપ્રચાર કરવામાં આવ્યો. અર્થાત્ વિચાર ગળે ઉતારવા માટે ભૌતિક અનુકૂળતાઓ પેદા કરવી; અને તે કોઈ પણ હિસાબે ગળે ઊતરે એ હેતુથી ભૌતિક પ્રતિકૂળતાઓ પેદા કરવી–આવું આવું ચાલ્યું. એટલે કે જે એ વિચારને માને તેમને માટે અનુકૂળતા અને ન માને તેમને માટે પ્રતિકૂળતા પેદા કરવામાં આવી. આ રીતનું આયોજન થયું. આમ ધર્મવિચારની સાથે સત્તા જોડાઇ ગઇ અને સત્તા ધર્મવિચારનો પ્રચાર કરવાનું પોતાનું કર્તવ્ય સમજવા લાગી. જે સત્તાએ આમ કરવું પોતાનું કર્તવ્ય માન્યું તે સત્તા તે તે જમાનામાં લોકમાન્ય થઇ. અને તે તે ધર્મના અનુયાયીઓની સંખ્યા ઘણી વધી. તેનું પરિણામ શું આવ્યું તે આપણે સૌ જાણીએ છીએ. આ દુનિયામાં એક એક ધર્મને માનવાવાળા કરોડોની સંખ્યામાં છે. પરંતુ ધર્મવિચારની નક્કરતા છુપાઇ ગઈ છે અથવા વિકૃત થઇ ગઇ છે; પ્રગટ થતી નથી.

સૈનિકશક્તિના સહારાથી વિચારપ્રચાર : ચોથી રીત

તેથી આગળ વધીને, જે વિચારને આપણે અત્યંત પવિત્ર સમજતા હતા, જેનો અંગીકાર કરવાથી મનુષ્યજાતિનું કલ્યાણ થશે એવું સમજતા હતા તેની સામે જો કોઇ શક્તિ ઊભી થાય તો તે શક્તિને તોડવાનું પણ જરૂરી માનવામાં આવ્યું અને એ રીતે વિચારપ્રચારના નામે સૈનિકશક્તિની મદદ પણ લેવામાં આવી. શરૂઆતમાં તો બચાવ (ડિફેન્સ) ના નામે સૈનિકશક્તિ મેદાનમાં આવી. મહમદ પેગંબર શરૂઆતમાં અત્યંત તિતીક્ષા અને સહનશીલતાથી વર્ત્યા અને બધાને એમ જ સમજાવ્યું કે આપણા વિચાર એ તો પરમેશ્વરની આપણે માટે ભેટ છે. તેને માટે લોકો આપણને તકલીફ આપે તો તે પણ સહન કરી લેવી જોઇએ. પરંતુ વચ્ચેના ગાળામાં થયું એવું કે કેટલાક શિષ્યોની સહનશીલતા તૂટી ગઈ અને તેઓ ભાગવા માંડયા. તે વખતે પેગંબરને કહેવાની ફરજ પડી કે "ડરપોક બનીને ભાગવું ઠીક નથી. એનાં કરતાં તો બહેતર છે કે તમે તલવાર લઇને સામનો કરો. પરંતુ જેટલી માત્રામાં એની જરૂર છે તેટલી જ માત્રામાં તેનો ઉપયોગ કરો!" આ પ્રમાણે જ્યારે તેમનાં શિષ્યો ક્ષમા, તિતિક્ષા અને અહિંસાને નામે ડરપોક બનીને પલાયન થવા મંડયા ત્યારે તેમને સામનો કરવાની આજ્ઞા આપવી પડી. આ પ્રમાણે વિચારપ્રચાર માટે નહીં પરંતુ વિચારના બચાવ માટે શરૂઆતમાં હિંસાને સંમતિ આપવી પડી. આ કાંઇ પેગંબરનો એકાકી દાખલો જ નથી. મહાભારતમાં પણ જોવા મળે છે કે વિચારપ્રચારની સાથે એક નવી શક્તિ આવી અને શુદ્ધ વિચારની સાથે તેને જોડવામાં આવી. અને પછી તો કોઇ પણ પ્રકારનો વિચાર સમજાવવાપણું જ ન રહ્યું અને એવું માનવામાં આવ્યું કે જેઓ વિચાર સમજતા ન હોય તેઓ તો દંડાના જ લાગના છે. આમ સમજીને તેઓ આક્રમણ કરવા સુધી પહોંચી ગયા. આ રીતે વિચારપ્રચારના મોહમાં એવી શક્તિઓ પ્રગટ થઇ કે જેથી ખુદ વિચાર જ અવિચારમાં ફેરવાઇ ગયો.

મારી કેવળ વિચાર પર શ્રધ્ધા

આ આખોય ઇતિહાસ મારી સામે છે. હું વિચારું છું કે આમાંથી મારી શ્રદ્ધા શેના પર છે? અને હું કરી શું રહ્યો છું? મારામાં જે સમન્વયનું દ્વંદ્વ ચાલી રહ્યું છે તેનું દર્શન હું તમને કરાવવા માગું છું.

વિચાર સિવાયની બીજી કોઈ ચીજ પર મારી લેશમાત્ર પણ શ્રધ્ધા નથી.

ઊલટું મારા અનુભવ પરથી મેં જોયું છે કે વિચાર જ્યારે ધ્યાનમાં આવે છે, અને આ રીતે ધ્યાનમાં આવ્યા પછી, સમજ્યા પછી, પચ્યા પછી તે ઠીક માલૂમ પડે છે. હવે તેનું સાક્ષાત્ દર્શન થયા પછી, તેને અમલમાં લાવવા માટે વચ્ચે કંઈ કરવું પડે એ મારી સમજમાં જ નથી બેસતું. એનો અર્થ એવો નથી કે જે વિચાર સમજ્યો તેનો મેં તાત્કાલિક અમલ કર્યો જ છે. તે અમલમાં આવતાં ઘણો સમય નીકળી ગયો હોય. પરંતુ તે સમય શા માટે ગયો તેનું પૃથક્કરણ કરતાં ધ્યાનમાં આવતું કે વિચારને હું સારી રીતે સમજ્યો જ ન હતો. તેથી તેના અમલમાં કેટલોક સમય વીતી ગયો. પરંતુ જે વિચાર હું પૂરેપૂરો સમજી ગયો હોઉં તેના આચરણ માટે બીજી કોઈ કૃતિ કરવી પડતી હોય, કોઇ તપ અથવા સાધના કરવી પડતી હોય તે તો મારી સમજમાં જ આવતું નથી.

જ્યારે વિચાર સમજ્યા પછી પણ તેનો અમલ કરવામાં અટવણ આવે છે ત્યારે હું મારા મનથી એમ જ સમજું છું કે તે વિચારને હું પૂરેપૂરી રીતે સમજ્યો નથી. વિચારના અમલ માટે વિચારને પૂરેપૂરો સમજી લેવો એટલું જ પૂરતું છે, એવી મારી શ્રદ્ધા છે, છતાં પણ હું કરી શું રહ્યો છું? હંમેશ ફરવાનું મેં વ્રત લીધું છે. ખેર, તે પણ ઠીક છે; ફરવું અને વિચાર સમજવો એ બે વાનાં ચાલતાં હોય તો તેમાં ઝાઝી કંઇ વિસંગતિ નથી. પરંતુ મેં તો વિચારને આચારનું રૂપ આપવા માટે પાછું એક કામ પણ ઉઠાવ્યું છે, અને તેનાથી પણ આગળ જઇને હવે તો શાંતિ–સેનાની વાત નીકળી છે. અને આ શાંતિ–સેના માટે તો કંઇક યોજના પણ કરવી પડે છે. કેટલાકે મને પૂછ્યું પણ છે કે શાંતિ–સેના માટે તમે આયોજન કેમ કરો છો? તેને માટે શરતો, યોગ્યતા, નિષેધો આવું બધું શીદને રાખો છો? હું કહેવા માગું છું કે આ સવાલોનો કોઈ જવાબ મારા મનમાં નથી. કારણ કે તે અનુત્તર (લાજવાબ) સવાલ છે. મારી શ્રદ્ધા વિચારો પર હોવાને લીધે મારા તરફથી તે પ્રશ્નોના કોઈ ઉત્તર આપી શકાતા નથી. અગર મારું ચાલત તો હું શાંતિ–સેનાનો પ્રયોગ ના કરત, તેની યોજના અને વ્યવસ્થા પણ ના કરત, તેને માટે નિષેધો પણ ના રાખત. જો મારું ચાલત તો હું કોઇ ખાસ કામને હાથમાં પણ ના લેત. જો મારું ચાલત તો વિચારપ્રચાર માટે ફરવાની પણ મને અંદરથી જરૂર ન લાગત. ઊલટું વિચારને પરિશુદ્ધ કરવો એ જ વિચારપ્રચારનું સાધન છે એમ હું માનું છું. તેને માટે તો શબ્દ પણ કમજોર સાધન છે. ઘણી વખત માનવામાં આવે છે કે શબ્દ કરતાં કૃતિ બળવાન સાધન છે, પણ હું તેવું નથી માનતો. કોઇ કોઇ વાર હું તેમ બોલું છું ખરો, પરંતુ હું સમજું છું એમ કે કૃતિ કરતાં શબ્દ શ્રેષ્ઠ સાધન છે અને શબ્દ કરતાં વળી નિઃશબ્દ–મૌન–શ્રેષ્ઠ સાધન છે. વાણીથી જે પ્રચાર થાય છે એથી ઘણો વધુ પ્રચાર ચિંતનથી થાય છે. જ્યારે ચિંતનમાં શુદ્ધ વિચાર આવે છે ત્યારે એનો તીવ્ર વેગથી પ્રચાર થવા માંડે છે એવું મારું માનસ પોકારે છે. જો કે આ દિવસોમાં બહારનું કામ હું તીવ્ર રીતથી કરી રહ્યો છું અને શાંતિ–સેના વિગેરેનું આયોજન પણ કરી રહ્યો છું, છતાં પણ વિચાર પર મારી જે શ્રદ્ધા છે તે ઉત્તરોત્તર દૃઢ જ થઇ રહી છે.

વિનોબા ભાવે.

સત્કાર–સમારંભ

ભારતના એલચી તરીકે યુનાઇટેડ સ્ટેઇટ્સમાં સતત પાંચ વર્ષ સુધી ઉજ્જવળ કામગીરી બજાવીને તાજેતરમાં નિવૃત થયેલા શ્રી. ગગનવિહારી મહેતાનો શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી જુલાઇ માસની બીજી તારીખ, બુધવાર સાંજના ૭ વાગ્યે 'ધી બોમ્બે મોટર મરચન્ટ્સ એસોસી. એશન'ના હોલમાં (સુખ સાગર, ત્રીજે માળે, દાદાજી ધાકજીની સામે, ચોપાટી પુલ ઉપર, હ્યુજીસ રોડના નાકે) જાહેર સત્કાર કરવામાં આવશે. મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

વિષય સૂચિ

		પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ : રૂમઝુમ કરતી વર્ષા આવી, આનંદો, ભાઇ, આનંદો!, ન્યાયનું નાટક, ઇન્દ્રે નાઝને દેહાન્ત દંડ, રશિયાની નિષ્ઠુર રાજનીતિ, બનારસ હિંદુ યુનિવર્સિટી અને અધોગતિની પરાકાષ્ઠા, ગ્રામોદ્યોગ અને યંત્રોદ્યોગનો સમન્વય, સ્ત્રીઉદ્ધારનો પ્રશ્ન અને ભગવાન મહાવીર.	પરમાનંદ	૩૯
વિનોબાજીનું મનોમંથન	વિનોબા ભાવે	૪૩
પંડિતા રમાબાઇ	ગટુભાઇ ઠકુ	૪૫
પરમ જ્ઞાનને પંથે	ગીતા પરીખ	૪૬

પંડિતા રમાબાઈ

(અહિં નીચે જેમનો પરિચય આપવામાં આવ્યો છે તે પંડિતા રમાબાઈના જીવનચરિત્ર વિષે આપણામાંના ઘણાખરા તદ્દન અજ્ઞાત છે. પ્રબુદ્ધ જીવનના વાચકોને યાદ હશે કે તેમની જન્મજયન્તી ગયા એપ્રીલ માસ દરમિયાન ભારતના મુખ્ય મુખ્ય શહેરોમાં ઉજવાઇ હતી. અજ્ઞાનના કારણે આ રમાબાઇ તે ન્યાયમૂર્તિ સ્વ. રાનડેના પત્ની હશે એવો એક વખત મનમાં ભ્રમ હતો. પછી તો જ્યોતિર્ધરમાં પ્રગટ થયેલ તેમનું ચરિત્ર વાંચ્યું ત્યારે છેલ્લા સૈકાના પ્રારંભમાં આપણા દેશમાં એક કેવી મોટી વિભૂતિ પેદા થઇ હતી તેનો ખ્યાલ આવ્યો. પ્રબુદ્ધ જીવનના વાચકો માટે 'જ્યોતિર્ધર'માંથી તે પરિચયનોંધ સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી.)

મૈસુર રાજ્યમાં દક્ષિણ કાનડા જિલ્લાના એક નાના ગામમાં તા. ૧૩ મી એપ્રીલ ૧૮૫૮ ને દિવસે અનંત શાસ્ત્રી ડોન્ગ્રે નામના એક મહા વિદ્વાન બ્રાહ્મણને ત્યાં એક બાળકીનો જન્મ થયો. મહારાષ્ટ્રના સામાજિક અને ધાર્મિક તથા સાંસ્કારિક જીવનમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવવાનું આ બાળકી માટે નિર્મિત હતું.

અનંતશાસ્ત્રી તેમની વિદ્વત્તા અને ધાર્મિક જીવન માટે તથા સંસ્કૃતના મહાપંડિત તરીકે વિખ્યાતી પામેલા હતા. પ્રચલિત માન્યતાની વિરુદ્ધ જઇને તેમણે પોતાની પત્ની લક્ષ્મીબાઇને અને ત્રણ સંતાનોને–વડીલ પુત્રી રમાબાઇને અને પોતાના પુત્ર શ્રીનિવાસને–સંસ્કૃતનું શિક્ષણ આપ્યું.

સ્ત્રી અને પુત્રીઓને સંસ્કૃત સાહિત્ય અને ખાસ કરીને પ્રાચીન શાસ્ત્રો તથા ધર્મ ગ્રન્થોનું શિક્ષણ આપવાને કારણે એ ગામના રુઢિ-ચુસ્ત બ્રાહ્મણોએ અનંત શાસ્ત્રીનો બહિષ્કાર કર્યો અને તેમને એટલું કષ્ટ આપ્યું કે, તેમને ગામ છોડીને બહાર જંગલ જેવા નિર્જન પ્રદેશમાં જઇ ઝુંપડી બાંધી વસવાટ કરવો પડ્યો. આ સ્થળે બહુ મુશ્કેલીમાં દિવસો વીતાવ્યા પછી, અનંત શાસ્ત્રી સહકુટુંબ યાત્રાએ જવા નીકળ્યા. તે જમાનામાં મુસાફરીનાં સાધનોની સરળતા ન હોવાને લીધે, અને આર્થિક મુશ્કેલીને પરિણામે આ કુટુંબને બહુ કષ્ટ વેઠવું પડ્યું. આ જાતના પારાવાર કષ્ટ અને ભૂખમરાને પરિણામે અનંત શાસ્ત્રી અને તેમની મોટી પુત્રીનું રસ્તામાં જ અવસાન થયું. પરંતુ રમાબાઇ અને તેમના ભાઇ શ્રીનિવાસે પોતાની મુસાફરી ચાલુ રાખી. માર્ગમાં અનેક સ્થળે તેમણે ઉપદેશ અને પ્રવચનો કર્યાં. એ પ્રમાણે મુસાફરી કરતે કરતે તેઓ કલકત્તે પહોંચ્યાં. એમનાં વ્યાખ્યાનોના મુખ્ય વિષય કન્યા કેળવણી અને સ્ત્રીઓની સ્વતંત્રતા એ હતા. એ બન્ધુભગિનીના સંસ્કૃત જ્ઞાનથી અને પ્રાચીન શાસ્ત્રોના અભ્યાસથી સર્વ સ્થળે શ્રોતાજનો ચકિત થતા અને એમનું સન્માન કરતા હતા. સને ૧૮૭૮ માં તેઓ કલકત્તે પહોંચ્યાં, પરન્તુ બે વર્ષમાં જ શ્રીનિવાસ પણ અવસાન પામ્યો અને રમાબાઇ એકલાં પડી ગયાં. થોડા સમય પછી રમાબાઇએ શ્રી. બિપીનચન્દ્ર માધવી નામના એક (વિદ્વાન બંગાળી) વકીલ સાથે લગ્ન કર્યું. સંસ્કૃતમાં પારંગત, પ્રાચીન શાસ્ત્રો અને ધર્મ ગ્રન્થોના વિદ્વાન પંડિતની પુત્રીએ શુદ્ર કોમના ગૃહસ્થ સાથે લગ્ન કર્યું. આ બનાવથી રૂઢિચુસ્ત હિન્દુ સમાજમાં ભારે ખળ-ભળાટ થઇ ગયો. આંતરપ્રાંતીય જ નહિ પરન્તુ આંતરજ્ઞાતીય લગ્નનું આ પ્રથમ જ દૃષ્ટાંત હતું. રમાબાઇનું સુખી લગ્નજીવન બહુ જ અલ્પ સમયમાં સમાપ્ત થયું. દોઢ જ વર્ષને અંતે તેમના પતિનું કોલેરાથી અવસાન થયું. તે વખતે રમાબાઇને નાની બાળકી મનોરમા હતી. રમાબાઇની ઉંમર આ વખતે ૨૪ વર્ષની હતી.

આ સમય પહેલાં રમાબાઇને બંગાળાના વિદ્વાન પંડિતોની સભા તરફથી, તેમના સંસ્કૃતજ્ઞાન માટે અને ધર્મશાસ્ત્રોના ઊંડા અભ્યાસની કદર કરીને 'પંડિતા સરસ્વતી' નું પદ આપવામાં આવ્યું હતું. પંડિતા રમાબાઇ તે પછી ૧૮૮૨ માં પૂના આવ્યાં અને ત્યાં વસવાટ કર્યો. તે વખતના સમાજની દૃષ્ટિએ નિરુપયોગી અને શાપિત હિંદુ વિધવા તરીકે તેમની સમાજમાં ગણના થતી હતી.

પોતાની આ પ્રકારની અવગણનાના અનુભવથી રમાબાઇને હિંદુ સ્ત્રીના–ખાસ કરીને હિંદુ વિધવાના–સમાજમાં અતિ ઉપેક્ષિત સ્થાનનું તીવ્ર ભાન થયું અને તેમણે હિંદુ સ્ત્રીના ઉદ્ધાર માટે સબળ પ્રયત્ન કરવામાં પોતાનું જીવન વ્યતીત કરવાનો નિશ્ચય કર્યો. તેમણે પૂનામાં 'આર્ય મહિલા સમાજ' નામની એક સંસ્થા સ્થાપી અને આંખા મહારાષ્ટ્રમાં ફરીને અનેક સ્થળે તેની શાખાઓ સ્થાપી. 'સ્ત્રી ધર્મનીતિ' નામનું એક મરાઠી પુસ્તક તેમણે લખી પ્રસિદ્ધ કર્યું. આ પુસ્તકનું ગુજરાતી ભાષાન્તર ગુજરાત વર્નાકયુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા) તરફથી, તે સમયે, શ્રી. મુકુન્દરામ નિત્યારામ મહેતાએ કરેલું છે. આ પુસ્તકના વેચાણમાંથી રમાબાઇએ ઇંગ્લેન્ડ જવા જેટલાં નાણાં પ્રાપ્ત કર્યાં હતાં. ઇંગ્લેન્ડ જવાનો તેમનો મુખ્ય હેતુ તે દેશમાં ચાલતું સ્ત્રી ઉન્નતિ માટેનું કાર્ય અને તેને માટેની સંસ્થાઓનો અભ્યાસ કરવાનો હતો.

૧૮૮૩ માં પંડિતા રમાબાઇ ઇંગ્લેન્ડ ગયાં. એક વર્ષ તેમણે અંગ્રેજી ભાષા શીખવામાં ગાળ્યું. તીવ્ર બુદ્ધિ અને ભાષાના અભ્યાસની આવડતને લીધે એક વર્ષમાં જ સારી રીતે અંગ્રેજી શીખી ગયાં. ૧૮૮૪ માં ચેલ્ટનહામની સ્ત્રીઓની કોલેજમાં અધ્યાપકની જગાએ તેમની નિમણુંક થઇ. ઇંગ્લેન્ડના વસવાટ દરમિયાન તેમને ત્યાંની સમાજ-સેવાની સંસ્થાઓ અને તેના કાર્યકરોની નિઃસ્વાર્થ અને ઊંડી ધાર્મિક વૃત્તિથી પ્રેરાયલી સેવાવૃત્તિનો ઘણો અનુભવ થયો. જે ધર્મની પ્રેરણાથી એની નિઃસ્વાર્થ સેવાવૃત્તિ જાગ્રંત થઇ હતી તે ધર્મ પ્રત્યે તેમને આકર્ષણ થયું અને તેમણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો. સંસ્કૃતનાં પ્રખર વિદ્વાન, હિન્દુ ધર્મશાસ્ત્રોનાં ઊંડા અભ્યાસી આ સન્નારીએ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો એ એક અપૂર્વ અને ખાસ નોંધપાત્ર બનાવ ગણાય. એ ધર્મ અંગીકાર કરતાં અગાઉ તેમણે બાઇબ્લિનો ઊંડો અભ્યાસ કર્યો અને ઇસુના પવિત્ર અને પારમાર્થિક જીવનના હેવાલથી તેમના ચિત્તમાં ઊંડી અસર થઇ હતી.

ઇંગ્લેન્ડમાં રમાબાઇ સારી રીતે સ્થિર થયાં હતાં. તેમ છતાં જે હેતુ માટે તેમણે પરદેશગમન કર્યું હતું તે તેઓ વિસરી ગયાં નહિ. ઇંગ્લેન્ડમાંથી તે અમેરિકા ગયાં અને કિન્ડગાર્ટનનો અભ્યાસ કર્યો અને પોતે જે કાર્ય હિન્દુસ્તાનમાં કરવાનું ધાર્યું હતું તેની માહિતી અને અનુભવ મેળવવા માટે અમેરિકામાં અનેક પ્રાંતોમાં પ્રવાસ કર્યો. ૧૮૮૭ માં બોસ્ટનમાં 'પંડિતા રમાબાઇ એસોસીએશન' નામનું મંડળ સ્થાપવામાં આવ્યું.

૧૮૮૮ ની શરૂઆતમાં રમાબાઇ હિન્દ પાછાં આવ્યા. ૧૮૮૯ ના માર્ચમાં તેમણે વિલ્સન કોલેજના મકાનમાં 'શારદા સદન' નામની સંસ્થા શરૂ કરી. એ સંસ્થા દોઢ વર્ષ પછી પૂના બ્રસેડવામાં આવી. ત્યાં એ સંસ્થા વિધવા અને અનાથ બાળકો માટેના આશ્રયગૃહ તરીકે ચલાવવામાં આવી. આ ઉપરાંત સ્ત્રીઓ તથા કન્યાઓ માટેની શિક્ષણ-શાળા પણ આ સંસ્થા સાથે સંયુક્ત હતી.

રમાબાઇના આ સમાજસેવાના કાર્યમાં ડો. ભાંડારકર, મહાદેવ ગોવિન્દ રાનડે અને ચંદાવરકર અને કાશીનાથ તેલંગ જેવા અગ્રગણ્ય સુધાર-કોનો સબળ ટેકો મળ્યો. રમાબાઇ આ સંસ્થામાંથી સેવાસદનના સ્થાપક રમાબાઇ રાનડે અને બીજી અનેક સન્નારીઓને સમાજ સેવાની પ્રેરણા મળી હતી. ભારતરત્ન કર્વેએ આ સંસ્થામાં આશ્રય મેળવી રહેલી વિધવા આનંદીબાઇ સાથે પુનર્લગ્ન કર્યું હતું.

પરંતુ પંડિતા રમાબાઇ ખ્રિસ્તી થયેલાં હોવાથી તેમના આશ્રમના કાર્ય સામે રૂઢીચુસ્ત હિન્દુઓ તરફથી, અને સુધારાવાળા કહેવાતા લોકો તરફથી પણ, ઉગ્ર વિરોધ ઉત્પન્ન થયો હતો. તેમને એવી દહેશત લાગતી હતી કે એ આશ્રમમાં આશ્રય લેનારનું ધર્માંતર કરવામાં આવશે, જો કે પંડિતા રમાબાઇના શારદા સદનમાં ધર્મ સંબંધી કોઇ જાતનો પ્રચાર કરવામાં આવતો નહોતો. આ કારણથી અને આશ્રમનું કાર્ય વિકસિત થતું જતું હોવાથી પૂનાથી આ સંસ્થા ખસેડીને ૧૮૯૭ માં તે ખેડગામ લઇ જવામાં આવી. પૂનાથી ૩૫ માઇલ દૂર

આ સંસ્થા હજી કાર્ય કર્યા કરે છે. આ સંસ્થાનું નામ હવે 'મુક્તિ મિશન' રાખવામાં આવ્યું છે. આ સંસ્થા જોવાથી પંડિતા રમાબાઇએ કેવું કાર્ય કર્યું હતું અને અત્યારે પણ સંસ્થા કેવું કાર્ય કરી રહી છે તેનો ખ્યાલ આવી શકે છે.

૧૮૯૬ અને ૧૯૦૦ ના દુકાળના સમયે પંડિતા રમાબાઇએ હજારો સ્ત્રીઓ અને બાળકોને ભૂખમરામાંથી બચાવી તેમને જીવતદાન આપ્યું હતું. ખેડગામના આશ્રમમાં તે વખતે લગભગ બે હજાર જેટલાં સ્ત્રીઓ અને બાળકોને આશ્રય આપવામાં આવ્યો હતો. આટલા મોટા સમૂહને માટે ભોજનની, રહેવાની, કપડાંલતાની અને સાજે માંદે સારવારની વ્યવસ્થા કરવી એ ભારે કામ હતું. પરંતુ રમાબાઇને પરમેશ્વરની પ્રાર્થનામાં અચળ શ્રદ્ધા હતી અને તેથી તેમને કદી પણ તંગી ભોગવવાનો પ્રસંગ આવ્યો નથી. કોઇક વખત એવો પણ આવતો કે જ્યારે બીજા દિવસ માટે એક દાણો પણ ન હોય. ત્યારે પણ રમાબાઇ કહેતાં "કોઈ પણ બાબતની ચિંતા કરવી નહી. ભગવાનની પ્રાર્થના શુદ્ધ અંતઃકરણથી અને ખરા ભાવથી કરશો તો સર્વ સંકટ અને મુશ્કેલી જરુર ટળી જશે." પ્રાર્થનામાં એમની દૃઢ શ્રદ્ધાથી હરેક વખતે એમના સંકટોનું નિવારણ થતું હતું.

અનેક પ્રકારના કામનો બોજો હોવા છતાં રમાબાઇની લેખન પ્રવૃત્તિ ચાલુ રહી હતી. તેમણે મરાઠીમાં અનેક ગ્રંથો લખ્યા છે. અમેરિકામાં હતાં ત્યારે 'High Caste Hindu Widows' એ નામનું પુસ્તક એમણે અંગ્રેજીમાં લખ્યું હતું. હિબ્રુ અને ગ્રીક ભાષાઓનો ખાસ અભ્યાસ કરીને રમાબાઇએ બાઇબલનું મરાઠીમાં ભાષાન્તર કર્યું છે. એ પુસ્તકની મરાઠી સાહિત્યમાં શ્રેષ્ઠ વર્ગનાં પુસ્તકોમાં ગણના થાય છે. આ ઉપરાંત અનેક નાનાં ચોપાનીયા અને માસિકો તથા વર્તમાનપત્રોમાં એમણે લેખો લખ્યા હતા.

રમાબાઇની એકની એક દીકરી મનોરમાબાઇ, જે રમાબાઇના કાર્યમાં ખૂબ મદદગાર હતી અને ભવિષ્યમાં પોતાનું કામ એ ચાલુ રાખશે એવી જેને માટે એમણે આશા બાંધી હતી, તે માંદી પડી અને ૧૯૨૧ માં મીરજની ઇસ્પીતાલમાં તેનું અવસાન થયું. પોતાની માતાની માફક તેણે ઉચ્ચ શિક્ષણ લીધું હતું અને પૂનાની ડેકન કોલેજમાંથી બી. એ. ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી. પંડિતા રમાબાઇના કાર્યમાં આ બાળાની મોટી સહાયતા હતી.

પોતાની પ્રિય આશાસ્પદ પુત્રીના અકાળ મૃત્યુનો ઘા રમાબાઈ માટે અસહ્ય બની ગયો. આધ્યાત્મિકતાના અભ્યાસથી તેમણે આ દુઃખ સહન કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમની શારીરિક શક્તિ લથડી ગઈ અને ૧૯૨૨ ના એપ્રિલની પાંચમી તારીખે તે અવસાન પામ્યાં.

આ રીતે આ મહાન સામાજિક કાર્યકરની જીવનલીલા સમાપ્ત થઇ. પરંતુ તેમણે જે કાર્યનો આરંભ કર્યો હતો તે હજી ચાલી રહ્યું છે અને જે અનેક સ્ત્રી પુરુષોને તેમના જીવનકાર્યમાંથી ઉન્નત પ્રેરણા મળી છે તે અમૂલ્ય છે. રમાબાઇના મૃત્યુ પ્રસંગે મુંબઇમાં મળેલી વિરાટ સભામાં શ્રી. સરોજિની નાયડુએ તેમનું 'ખ્રિસ્તી સંતપરંરામાં એક મહાન હિન્દુ સાધ્વી" એવું વર્ણન કર્યું હતું.

ઇન્ડીયન નેશનલ કોંગ્રેસના અધિવેશનમાં જાહેર મંચ ઉપર વ્યાખ્યાન કરનાર પ્રથમ સ્ત્રી તરીકે પંડિતાં રમાબાઈ ઉપસ્થિત થયાં હતાં. ૧૮૮૯ ના કોંગ્રેસના અધિવેશનમાં તેમણે બાળલગ્ન પ્રતિબંધક ધારાની ભલામણ કરવા માટે વ્યાખ્યાન કર્યું ત્યારે શ્રોતાવર્ગ સ્તબ્ધ થઇ તેમનું વ્યાખ્યાન સાંભળી રહ્યો હતો. "શારદા સદન" ના સ્થાપક પંડિતા રમાબાઇનું આ વ્યાખ્યાન તે પછી બાર વર્ષે પસાર થયેલા 'શારદા કાયદા' ને સૂચન અને પ્રેરણા કરનારું ગણાય. પંડિતા રમાબાઇના આ વ્યાખ્યાનમાં કેટલાક ક્રાંતિકારી વિચારો હતા. વિધવાઓના કેશવપનને ગુન્હો ગણવાની એમાં સૂચના હતી.

ભારતની આ મહાન સન્નારીની જન્મશતાબ્દિ ભારતના પાટનગરમાં તા. ૨૩ મી એપ્રીલે ભારે દબદબાથી ઉજવવામાં આવી હતી. આધુનિક ભારતની અગ્રગણ્ય સન્નારીઓ અને સમાજ સેવિકાઓમાં પંડિતા રમાબાઇનું નામ ચિરસ્થાયી રહેશે.

એ મહાન પંડિતા અને દેશસેવિકાને અમારી નમ્ર અંજલિ અમે અર્પણ કરીએ છીએ. ચંદુભાઈ ગો. શ્રૃ

પરમ જ્ઞાનને પંથે

(ગતાંકથી ચાલુ)

ગા. વૃં: (ગીત)

આવી સેના મારતણી,
(જ્યમ) સોનેરી કિરણે ઝળહળતા
સૂર્ય ઉપર અંધારતણી
(છંદ મનહર)
ઘેરી લઈ દશ દિશેથી જ ગૌતમને
તૂટી પડે, મેઘ જેમ ધરણી–આનને;
વિષ પાઇ અણિયાળાં અસ્ત્ર વરસાવે,
ઓહ! થાયે મૃદુ ફૂલ જેમ પાસે આવે;
(ગીત)
ગૌતમને ચરણે જઈ ઢળતાં
શસ્ત્ર મારનાં ફૂલ બની---આવી સેના...

પ્રવક્તા : અરે! મારની સેનાનાં બધાંય શસ્ત્રો કુમળાં ફૂલ થઇને ગૌતમના ચરણે ઢળી પડે છે, એવો તો ગૌતમનો પ્રભાવ છે.

પણ એમ કંઇ માર હારી જાય? એણે તો પોતાની મહાશક્તિ અજમાવીને એક અત્યંત ભયંકર વંટોળ ઉભો કર્યો! અહોહો!

ગા. વૃં: જાગ્યો વંટોળ,
મહા જાગ્યો વંટોળ:
વાયુની ઝાપટે જગ લે હિલ્લોળ—જાગ્યો વંટોળ!
પ્રચંડ સૂસવાટે નર્તે તો
રૂદ્ર વાયરો આજે,
દિગ્ દિગંતમાં પડઘા દેતો
નાદ ભયાનક ગાજે,
પ્રાણ ફફડતા પ્રાણીમાત્રના,
વિશ્વ ચડ્યું ચકડોળ—જાગ્યો વંટોળ!
ચિત્કારે આ હવા કંપતી
ભયભિત પશુપંખીના,
આભમહિં ખેલંતા વૃક્ષો
પટકાયે ધરણીમાં;
(જાણે) શિવ–તાંડવથી પૃથ્વી–પીઠપે
પડે કારમા સોળ;—જાગ્યો વંટોળ!

પ્રવક્તા : તો પણ, અરે પણ .....

ગા. વૃં: (મિશ્રોપજાતિ)

સમાધિથી લેશ ચળ્યા ન ગૌતમ,
કે એમને છાંયડી દેત વૃક્ષનું
એકકેય ના પર્ણ હલ્યું, જરીય ન!

પ્રવક્તા : હવે શું કરવું? માર મૂંઝાયો. પણ એમ કાંઈ એ ઓછો હોતો. એણે ભયંકર વર્ષા શરૂ કરી.

ગા. વૃં : તૂટ્યું આકાશ,
અહો! મેઘતણે ધડકારે.—તૂટ્યું આકાશ.
ધરણીના હૈયામાં ઘેરા ગભરાટ,
એક એક આંચકે વધતો ઉચાટ;
ઘન–ગર્જન નાદથી અંધરાતી અવનિના
કંપે સૌ શ્વાસ ઉચ્છ્વાસ.—તૂટ્યું આકાશ:
વાદળોથી સાગરના સાગર ઠલવાય,
વીજળીની આગે પણ જલ ના સૂકાય;
પ્રલયે સંહારનૃત્ય મદિરા પી આદર્યું
વરતાવ્યો ચોગરદમ ત્રાસ.—તૂટ્યું આકાશ.
પાણીનાં પૂર ઘેલાં ઘેલાં થઈ ઉછળે,
થલ જલમાં ડૂબતાં શિખરો પાતાળજળે

માઝા મૂકીને વહે જાય મેઘરાજ,
કરે કાળકાળીયે બધુંય હ્રાસ.—તૂટ્યું આકાશ.

પ્રવક્તા : અરે...તો પણ...તો પણ—

ગા. વૃં : (મિશ્રોપજાતિ)

સમાધિથી લેશ ચળ્યા ન ગૌતમ,
પૃથ્વી હુમે તોય ન એક ફોરૂં
પડે ત્યહિં, આસન એનું ફોરૂં!
સમાધિથી લેશ ચળ્યા ન ગૌતમ.

(અનુષ્ટુપ)

શુભ-અશુભની વચ્ચે સંઘર્ષ નિત્ય ચાલતો,
સામર્થ્ય અશુભે તોયે જય તો શુભનો થતો.

પ્રવક્તા : ગૌતમ અને મારનું યુદ્ધ, એટલે કે જગતના શુભ અને અશુભ તત્ત્વો વચ્ચેનું યુદ્ધ ચાલુ જ છે. અશુભ શુભને જીતવા બધી તાકાત અજમાવે છે, પણ વ્યર્થ! જુઓ ને હજી પણ માર કંઈ જાય એમ છે? એણે પાણીની વૃષ્ટિ તો કરી, પણ ન ફળી એટલે બીજી પાંચ વૃષ્ટિ કરે છે. પહેલા તો પાષાણુની-પત્થરોની.

ગા. વૃં : પર્વત આખો ભાંગી દઈને
વરસાવે પાષાણુ,
અંગઅંગના ભૂક્કા કરતા
પળમાં હરતાં પ્રાણુ-
ભયઘેલા થઈ દૂર નાસતા
લોક છતાં કચડાય,
કિન્તુ આવતાં ગૌતમ પાસે
પ્હાણુ ઓગળી જાય. (૨)

પ્રવક્તા : ખેર, બધી પાષાણવૃષ્ટિ ગૌતમની મૃદુતા પાસે ઓગળી ગઇ! અને મારે કરી અંગારવૃષ્ટિ—

ગા. વૃં : રશ્મિમાત્રથી બાળી દેતા
બળબળતા અંગાર,
સૂર્યતણા કટકાઓ જાણે
વરસાવે છે માર.
કહેવાનું જગ 'ભોમ્બ' જેહને,
આજ કહેતું આગ,
આગવૃષ્ટિથી બાળે જગને
માર-હૃદયનો રાગ.

પ્રવક્તા : એથીયે કંઈ ન વળ્યું. આગના એકએક ભડકા ગૌતમની કરુણાનાં નીરથી ઓલવાઈ ગયા! પણ માર એમ કંઈ પાછો પડે? એણે વરસાવી તપેલી ધખધખતી રાખ.

ગા. વૃં : વરસી તપેલી રાખ,
કરતી જગ આખું ખાખ.
ચેતનભર સ્થાન સ્થાન
પળમાં થાયે સ્મશાન,
એની વરસી શી તપ્ત રાખ!

પ્રવક્તા : અરે, પણ એય વ્યર્થ! શુભ તત્ત્વની આંતરિક શક્તિ પણ કેટલી દૃઢ છે! છતાં અશુભના પ્રયાસો પણ ચાલુ જ છે. મારે તપેલી રેતી વરસાવી—

ગા. વૃં : સહરા લાખ વહ્યા આભેથી
ધખધખતી શી રેત!
બાળે લ્હેરાતાં જીવનનાં
હરિયાળાં સૌ ખેત.

પ્રવક્તા : છતાં—
સમાધિથી લેશ ચળ્યા ન ગૌતમ-
અને માર છેલ્લી વૃષ્ટિ—તપ્ત
કાદવની— બધી શક્તિ વાપરીને કરે છે.

ગા. વૃં : શી શક્તિ તાહરી માર!
તપ્ત પંક વહવે તું એમાં
તારો હૃદય-ચિતાર
જોઉં છું કાદવ શો તવ ખાર! -શી શક્તિ...
માથાબૂડ કાદવમાં ડૂબે
માયામય જન સર્વ,
અલિપ્ત પંકજ શા ગૌતમને
ચકાસણીનું પર્વ!
એ તો ચકાસણીનું પર્વ!
પંક સ્પર્શતો લેશ નહીં જ્યાં
હૈયું એની પાર.—શી શક્તિ...

પ્રવક્તા : એક પણ વૃષ્ટિ ન ફળી! એક પણ! માર ખૂબ જ ખિન્ન થઇ ગયો. અંતે એણે - વૈશાખી પૂર્ણિમાની રાત્રી હોવા છતાં અંધાર-ગાઢ અંધાર-જમાવી દીધો, જેથી ગૌતમ જોઇ જ ન શકે.

ગા. વૃં : શ્વેત ઉજ્જવલ ચાંદની મધુ
આભનો શણગાર,
પવિત્રતા ને દિવ્યતા
છલકંત પારાવાર.
એ સર્વ પર ધર્ષાતણો શો
રેલતો અંધાર,
કિન્તુ ગૌતમ-જ્ઞાનતેજે
તિમિર પણ લાચાર!

પ્રવક્તા : હવે તો માર ખરેખર અકળાયો! અંતે જઇને હુમલો કર્યા સિવાય બીજો કોઇ ઉપાય નહોતો રહ્યો! એના ગિરિમેખળ હાથી પર બેસીને એ ગૌતમ પાસે આવ્યો-અને ગૌતમને ખૂબ જોરશોરથી કહ્યું —

(મંદાક્રાન્તા)

માર: ચાલી જા તું તુરત અહિંથી
ચાલી જા તો જ સારૂ,
ના જાયે તો પળમહિં તને
મારશે સૈન્ય મારૂં.
સેના મારી નિરખી નહિ તેં
શક્તિ કેવી ધરાવે?
તારે હાથે બસ ઘડીકમાં
નાશ તારો કરાવે.

પ્રવક્તા : અને ગૌતમ જરા પણ ક્ષુબ્ધ થયા વગર ખૂબ શાન્તિ ને પ્રસન્નતાથી બોલે છે.

ગૌતમ : (અનુષ્ટુપ)

માર! હું ના અજાણ્યો છું તારી સેના-પ્રતાપથી,
સૈનિકો એહના જોયા, જાણ્યા ને મેં તજ્યા નથી?
ધારી વિલાસનો વેશ, તૃષ્ણા સેનાપતિ સહ,
શસ્ત્રોમાં રાગ ને દ્વેષ લૈ આવે ટુકડી તવ.
ગર્વ, આળસ, નિદ્રા ને સ્તુતિ કીર્તિની ઝંખના,
પ્રમાદ, ભૂખ ને પ્યાસ, વિકાર, હર્ષ, શોકનાં
આવતાં દલ લાખો આ માનવીને હણી જવા
આકર્ષી મોહમાયાથી.

— દુઃખનું મૂળ છે ત્યહાં,
દુઃખનું મૂળ છે ત્યહાં.

માર : એમ?

ગૌતમ : હા, એમ એવું છે, કિન્તુ માટીનું વાસણ

કાંકરી મારતા તૂટે, એવું છે તાહરું ગણ.
પ્રજ્ઞાના બળથી પામે તારી સેના પરાજય,
શુભ–અશુભના યુદ્ધે અંતે છે શુભનો જય.

પ્રવકતા : બેઉની તકરાર આગળ વધતાં માર પૂછે છે:—

(અનુષ્ટુપ)

માર : ના તારાં શુભકર્મોની પ્રતીતિ મુજને જરા,
કોણ છે સાક્ષી એનું જે.....?

ગૌતમ : સાક્ષી એની વસુંધરા.

(ગર્જના થાય છે)

પ્રવકતા : અને...અને...અહોહો કેવી ભયંકર ગર્જના સાથે પૃથ્વી ફાટી ! અને એના પેટાળમાંથી ભવ્ય પૃથ્વીદેવી પ્રગટ થઇને બોલી–

પૃથ્વીદેવી : (અનુષ્ટુપ)

"સિદ્ધાર્થે પૂર્વજન્મે કૈં પુણ્યકર્મો કર્યાં અહિં
ભીંજવ્યા દાનધારાથી કૈંક યાચકના કર
એથી સીંચાયલા મારા કેશ ભીના રહ્યા હજી."

પ્રવકતા : બોલતાં એમ નીચોવ્યા કેશ, રેલ્યો પ્રવાહ શો !
એવો પ્રવાહ કે જેમાં તણાયું સૈન્ય મારનું,
માર પોતે તણાયો ને વહી ગયો ગિરિમેખળ.
અશુભ તત્વને તાણે શુભનું વ્હેણ મંગલ,
હરે અસત્ય–અંધારું સત્યના તેજનું બલ.

(દુંદુભિનાદ)

પ્રવકતા : અને આકાશમાં દુંદુભિનો ગડગડાટ થયો. મંજીરા ને દેવતરંગના મધુર રણકાર સાથે ફૂલવર્ષા શરૂ થઇ. (જલતરંગ ને સીતાર પર રાગ માલકૌંસ) દેવદેવીઓ ધીમે ધીમે બોધિવૃક્ષ ફરતાં ઉતરવા લાગ્યા. સર્વને કંઠે આ જ ગાન ગૂંજવા લાગ્યું.

દેવદેવીઓ :—

જય હો, જય હો,
જય જય હો સિદ્ધાર્થ,
જગનાં દુઃખો જીતી લઇને
જન્મ કીધો તેં સાર્થ
— જય હો, જય હો... (૨)

પ્રવકતા : ત્યારે ગૌતમ મનોમન બોલે છે.

ગૌતમ :

अनेकजातिसंसार संधाविस्सं अनिब्बिसं
गहकारकं गवेसन्तो दुक्खा जाति पुनप्पनं ।
गहकारकं दिट्ठोऽसि पुन गेहं न काहसि
सब्बा ते फासुका भग्गा गह कूटं विसंखितं
विसंखारगतं चित्तं तण्हानं खयमज्झगा ।

ગૌતમ : ચિત્ત નિર્વાણ પામે ને
વિલાય તૃષ્ણા–સ્વાર્થ

દેવદેવીઓ : જય જય હો સિદ્ધાર્થ.
માયા તજી સંસારની ને
સાધ્યો જગ પરમાર્થ
— જય જય હો સિદ્ધાર્થ.

* * *

પ્રવકતા : દેવદેવી તો પૂજનાદિ કરીને પાછાં ફર્યાં. પણ ગૌતમને હજી કંઇક જીવનરહસ્ય શોધવાનું બાકી છે. હજી એની સાધના પૂરી થઇ નથી. હજી એ બુદ્ધ નથી થયા. આજે એ અપૂર્વ એકાગ્રતાથી બોધિવૃક્ષ નીચે ધ્યાનસ્થ થયા છે.

આજની રાત્રી પણ જાણે કોઇ અંતરતમ શાંતિથી વહી રહી છે. રખે એની ગતિ પણ ગૌતમને ખલેલ પહોંચાડે એ બીકે એણે આખું વાતાવરણ સ્તબ્ધ કરી દીધું છે. કયાંય તમરાનો પણ અવાજ નથી. એનો એક એક પ્રહર મંદ્ર સપ્તકના સૂર જેવો ઘૂંટાઇ ઘૂંટાઇને પૂરો થાય છે.

પ્રથમ પ્રહરને અંતે—

ગા. વૃં : પ્રથમ પ્રહરને અંતે જાણ્યું કે
સિધ્ધાર્થ: "જગ દુઃખ ભર્યું છે, સંસારે દુઃખનાં ઢગ."(૨)

પ્રવકતા : પાછી એ જ નીરવ શાંતિ! એ જ પ્રગાઢ–ચિંતન, એ જ અસ્ખલિત સમાધિ!

બીજો પ્રહર એની ફૂંફાળી પાંખે જાય છે–બીજા પ્રહરને અંતે—

ગા. વૃં : દ્વિતિય પ્રહરને અંતે થાતું જ્ઞાન કે
સિધ્ધાર્થ : દુઃખ બધું માનવથી પણ દૂર થઈ શકે... (૨)

પ્રવકતા : જાણે કે સમાધિના વલોણામાંથી નવનીત ન નીકળતું હોય એમ સિદ્ધાર્થની એક એક ઉકિત ઉંડી અનુભૂતિભરી સરી રહી છે! ત્રીજો પ્રહર પણ એ પ્રગાઢ ચિંતનમાં પૂરો થતાં—

ગા. વૃં : તૃતિય પ્રહરને અન્તે દુઃખકારણતણી
પરમ્પરા શોધી સંસારે જે વણી.
સિધ્ધાર્થ : સહુ દુઃખોનું મૂળ વસ્યું તૃષ્ણામહિં,
ને અજ્ઞાન થકી તૃષ્ણા જાગી રહી.

પ્રવકતા : તૃષ્ણા એ જ સર્વ દુઃખોનું કારણ છે—કેવું સચોટ કથન ! માર જે તૃષ્ણાને તાંતણે માનવીને સુખદુઃખમાં ઝૂલાવતો હતો એ જ આપણા દુઃખનું કારણ !

સિદ્ધાર્થના ચિંતનનો અર્ક ચોથા પ્રહરને અંતે સંપૂર્ણ સ્વરૂપ લે છે.

ગા. વૃં : ચોથા પ્રહરાંતે સહુ દુઃખો વારવા
શોધ્યો ઉપાય એણે જગ ઉદ્ધારવા.
સિધ્ધાર્થ : વીતરાગે મન વાળી અવિદ્યા રોકતાં
રહે ન તૃષ્ણા, જરા–મરણનો શોક ના–
પ્રાણીમાત્રને ચાહી, અહં ખંખેરીએ.
માનવ સર્વ પરમ સુખના અધિકારી છે.

પ્રવકતા : અને તે ભવ્ય રાતે, અથાગ તપશ્ચર્યા ને અગાધ ચિંતનને પરિણામે સિદ્ધાર્થને પરમ જ્ઞાનની પ્રાપ્તિ થઇ! એ "બુદ્ધ" થયા. પ્રજ્ઞા ને કરુણાથી છલકાતાં એમના નયનમાં કોઈ નવું જ તેજ વહેવા લાગ્યું, જેની પાસે એ વૈશાખી પૂર્ણિમાની ઝળહળતી ચાંદની પણ ઝંખવાઇ ગઈ.

દેશને ખૂણે ખૂણેથી ભિક્ષુગણ એમની વંદનાએ આવ્યા. આકાશમાં પણ આનંદગાન ગૂંજવા માંડયું.

(ગાન)

વંદન, ગૌતમ બુદ્ધ !
કૃપાળુ, વંદન ગૌતમ બુદ્ધ!
આતમ તૃષ્ણાહીન જેહનો
અંતરતલ અતિ શુદ્ધ
— કૃપાળુ, વંદન .....
જગ દુઃખે ભિન્નયાં તારા નેન,
રાજ–રોશનિમાંહિ પડયું ના ચેન;
ક્ષણિક ત્યાગીને શાશ્વત કાજે
સદાય થાય પ્રબુદ્ધ
— કૃપાળુ વંદન.....
જનગણને તેં ચિંધ્યો મધ્યમ–પંથ
જ્ઞાનતપે પ્રજ્ઞાથી તું ઝળકંત,
સમતા ને કરુણાથી શમત્યાં
સુખદુઃખના સહુ યુદ્ધ
— કૃપાળુ વંદન ... .

સંપૂર્ણ

ગીતા પરીખ.

શ્રી ઑલ ઇન્ડિયા રેડીયો, અમદાવાદની અનુમતિપૂર્વક.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઈ ૧૫, ૧૯૫૮, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

શ્રી ગગનવિહારી મહેતાનું અમેરિકા ખાતેનું અન્તિમ પ્રવચન

"રંગે આપણે મોડા પડીએ!"

[૧૯૫૮ ના એપ્રીલ માસની ૩૦ મી તારીખે વૉશીંગ્ટનમાં આવેલી શેરહામ હોટેલમાં અમેરિકાના જાહેર જીવનમાં, સરકારી વહીવટી તંત્રમાં, મજુરોને લગતી હીલચાલમાં તેમજ શિક્ષણ, વ્યાપાર અને ઉદ્યોગના ક્ષેત્રમાં આગેવાની ભરેલો ભાગ લેતા ૫૦૦ થી વધારે નેતાઓ અને આગેવાન નાગરિકો તરતમાં જ યુનાટેડ સ્ટેટ્સ ખાતે ભારતના એમ્બેસેડર તરીકેની જવાબદારીથી નિવૃત થઈ રહેલા શ્રી ગગનવિહારી લલ્લુભાઈ મહેતાને વિદાયગીરી આપવા માટે સ્થાનિક નેશનલ કમીટી તરફથી યોજાયલા ટેસ્ટીમોનિયલ ડીનરમાં–પ્રમાણપત્ર–અર્પણ સાથેના ભોજન સમારંભમાં–એકત્ર થયા હતા. (આ પ્રસંગનો તા. ૧૫–૫–૫૮ ના પ્રબુદ્ધ જીવનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.) આ પ્રસંગે તેમને અર્પણ કરવામાં આવેલ ટેસ્ટીમોનિયલ–પ્રમાણપત્ર–માં નીચે મુજબનું લખાણ હતું :–

"૧૯૫૨ ના સપ્ટેમ્બર માસથી ૧૯૫૮ ના મે માસ સુધી એમ્બેસેડર જી. એલ. મહેતાએ ભારતના અને યુનાઇટેડ સ્ટેટ્સના લોકોની સેવા કરી છે. આ સમય દરમિયાન યુનાઇટેડ સ્ટેટ્સ ખાતે ભારતના પ્રજાસત્તાક રાજ્ય તરફથી નિમાયલા એલચીનું–એમ્બેસેડરનું–સ્થાન એ તેમનો સરકારી હોદ્દો રહ્યો છે અને એ સ્થાન ઉપર રહીને તેમણે પોતાની જવાબદારીનું ઉંચા ખ્યાલપૂર્વક અને અસાધારણ કુશળતાથી વહન કર્યું છે અને તેમાં તેમણે ભારે નામના મેળવી છે. એટલું જ નહિ પણ, આથી પણ વધારે વિશાળ ક્ષેત્રને સ્પર્શતા અને વધારે તકેદારીની અપેક્ષા રાખતા કાર્યની–એટલે કે એક પ્રજાની સંસ્કૃતિ, ઇતિહાસપરંપરા અને આકાંક્ષાઓ બીજી પ્રજા સમક્ષ મૌલિક રીતે રજુ કરવાના કાર્યની–જવાબદારી પણ તેમણે સ્વીકારી હતી અને સફળતાપૂર્વક પાર પાડી હતી. એ કાર્યને પાર પાડતાં બે પ્રજા વચ્ચે મૈત્રીભાવની લાગણીને સતત પ્રેરણા અને પ્રોત્સાહન આપવાની તાકાતનું અને એકમેક વિષે બૌદ્ધિક જિજ્ઞાસા પેદા કરવાની કુશળતાનું તેમણે દર્શન કરાવ્યું છે અને તેને લીધે બન્ને પ્રજાની સર્વસાધારણ જરૂરિયાતો અને પ્રયોજનો વિષેની સમજુતીમાં ઘણો વધારો થયો છે. ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચેના સુદૃઢ અને મૈત્રીભર્યા સંબંધો આપણા આજના વખતમાં સાચી સુલેહશાન્તિની સ્થાપના કરવામાં કેટલો ફાળો આપી શકે તેમ છે એ બાબતનો જે લોકો ઊંડો અને ચિન્તાપૂર્વકનો ખ્યાલ ધરાવે છે તેમના માટે શ્રી મહેતા એક મીલનસ્થાનરૂપ હતા.

"અમેરિકાના બાકીની દુનિયા સાથેના સંબંધોના ઇતિહાસના ઉજ્જ્વળતમ પ્રસંગો અમુક એવી ગણીગાંઠી વ્યકિતઓ સાથે સંકળાયેલા છે, કે જેઓ તે તે દેશોની પ્રજા અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચેની મૈત્રીના પ્રતીકરૂપ બન્યા છે. શ્રી જી. એલ. મહેતા આવી વ્યકિતઓમાંની એક છે, દરેક પ્રજાના જીવનમાં વ્યકત થઈ રહેલ સાંસ્કૃતિક વૈવિધ્ય અંગેનું તેમનું જ્ઞાન, લખવામાં તેમ જ બોલવામાં તેમને પ્રાપ્ત થયેલી કુદરતી સર્જનાત્મક બક્ષીસ, અલ્પકાલીન મતભેદોની પેલે પાર રહેલી અને દુનિયાની ભિન્ન ભિન્ન પ્રજાઓને સાંકળતી આશાના સામુદાયિક સંવેદનને નિહાળવાની–અનુભવવાની–તેમની તાકાત, તેમનું પ્રેરક ધૈર્ય અને વિનોદી પ્રકૃતિ–આ બધા ગુણોએ તેમના મીશનને–એમ્બેસેડર તરીકેના કાર્યને–સફળ બનાવેલ છે અને તેને લીધે જેઓ સાચી સર્જનશીલ શાન્તિની સાધનાનું ચિન્તન કરી રહ્યા છે તે સર્વના ઋણના–આદર અને અભિનન્દનના–અધિકારી બન્યા છે."

આ પ્રમાણપત્રની સુન્દર રીતે છાપેલી નકલ આ પ્રસંગ માટે ભારે સુરુચિપૂર્વક તૈયાર કરવામાં આવેલા એક ગ્રંથના પહેલા પાના ઉપર ચોડવામાં આવી હતી અને પછીનાં પાનાંઓ ઉપર આ પ્રસંગે હાજર રહેલા અને હાજર રહી શકે તેમ ન હોય છતાં ઉપરના લખાણ પ્રત્યે પોતાની હાર્દિક અનુમતિ દાખવતા એવા અમેરિકાના સંખ્યાબંધ આગેવાન નાગરિકોના હસ્તાક્ષરોથી ભરેલાં હતાં. આ અજોડ અને ભવ્ય પ્રસંગે શ્રી ગગનવિહારી મહેતાએ જે પ્રવચન કર્યું હતું તે પણ એટલું જ અજોડ અને ભવ્ય હતું જેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. પરમાનંદ]

શ્રી ગગનવિહારીનું પ્રવચન

આ દેશમાં છેલ્લાં પાંચ વર્ષ અને સાડા સાત મહીનાના મારા નિવાસ દરમિયાન જુદા જુદા સ્થળોએ અને ભિન્ન ભિન્ન કોટિની અનેક સભાઓ સમક્ષ બોલવાનું–ભાષણ કરવાનું–મને પ્રાપ્ત થયું છે. પણ આજની સાંજે હું જે અનુભવી રહ્યો છું તે મારા માનસિક સંવેદનને શબ્દોમાં વ્યકત કરવાનું મને મુશ્કેલ લાગે છે. આજે જ્યારે હું મારા દેશ તરફ પાછો ફરી રહ્યો છું ત્યારે આ મહાન દેશના આવા નામાંકિત નાગરિકોએ મારું જે વિશિષ્ટ રીતે બહુમાન કર્યું છે તે મારા હૃદયને ઊંડાણથી સ્પર્શી રહ્યું છે. હું ખરેખર આપને જણાવું છું કે આને લીધે હું વધારે વિનમ્રતા અનુભવું છું; આપની ઉદાર લાગણીઓ વિષે પહેલાં કદિ પણ નહિ અનુભવેલી એવી તીવ્ર સભાનતા અનુભવું છું. મારા વિષે અહિં જે કાંઈ બોલાયું છે તે સૂચવે છે કે સત્યનો જેટલો ભોગ પરસ્પર શત્રુતાના કારણે અપાય છે તેટલો જ ભોગ મિત્રતાના કારણે પણ અપાતો હોવો જોઇએ. આજે રાત્રે અહિં મારા વિષે જે કાંઇ કહેવાયું છે તે વિષે અને આ જે પ્રકારનો ભવ્ય પ્રસંગ હું જોઇ રહ્યો છું તેવો પ્રસંગ નિર્માણ કરવા માટે જે કાંઇ કરવામાં આવ્યું છે તે વિષે મારી ઊંડા આભારની લાગણીઓને કઈ ભાષામાં વ્યકત કરવી તે મને સુઝતું નથી. મારા જીવનમાં આ ચિરસ્મરણીય બનાવ છે, જે હું કદી પણ ભુલી શકીશ નહિ.

(ત્યાર બાદ યુનાઇટેડ સ્ટેટ્સ તરફથી આજ સુધીમાં ભારત ખાતે મોકલાયલા તેમજ આજના ભારત ખાતેના ઉદાત્ત કોટિના એલચીઓ વિષે અને તેમણે ભારત વિષે અમેરિકામાં જે પરસ્પર શુભેચ્છા અને સદ્‌ભાવની લાગણીઓ પેદા કરી છે તે વિષે સૌહાર્દભર્યો ઉલ્લેખ કરીને આગળ ચાલતાં તેમણે નીચે મુજબ જણાવ્યું :–)

આ દેશમાં હું જેટલો સમય રહ્યો તે દરમિયાન જ્યાં જ્યાં હું ગયો ત્યાં ત્યાં મેં કેવળ સૌજન્ય અને માયાળુપણાનો જ અનુભવ કર્યો છે. આ દેશની પ્રજા સ્વભાવથી મિત્રભાવથી ભરેલી, અનૌપચારિક અને આતિથ્યશીલ છે, અને એથી પણ વિશેષ, તે દિલની ભારે ઉદાર છે. પણ આ તેમનો મિત્રાચારીભર્યો વ્યવહાર વિકસવામાં હિંદની મહત્તા વિષે તેમનામાં વધતી જતી સભાનતા અને મારા દેશ વિષે તેમના દિલમાં ઉગેલો ઊંડો રસ અને શુભેચ્છા કાંઇ ઓછા કારણભૂત નથી. સ્વતંત્ર રાષ્ટ્રો અનિવાર્યપણે અથવા તો હંમેશા એકમેક સાથે બધી બાબતોમાં એકમત ધરાવતા હોતા નથી, પણ આ કારણે પરસ્પર ઓછો આદર હોવો જોઇએ અથવા તો સમાન હેતુ માટે સહકાર હોઇ ન શકે એમ કાંઇ છે જ નહિ. જરૂર છે તે અભિપ્રાયોના સામ્યની નહિ પણ હેતુઓના સમીકરણની, મતે મત મળેલા હોવા જોઇએ અથવા તો બધી બાબતોમાં એક ઢબ અને એક સરખા આચારવિચાર હોવાં જોઇએ એની નહિ પણ એકમેક વિષે સાચી સમજુતીની, પરસ્પર ધીરજની, અને સહિષ્ણુતાની. ખરી રીતે મૈત્રી, જો તે સાચી અને સુદૃઢ હોય તો, બન્ને પક્ષે સરળભાવે વ્યકત થતા વિચારો અને અભિપ્રાયોના આંચકાઓને પચાવી લેવાની તાકાત ધરાવતી હોવી જોઇએ. પ્રત્યેકના મતભેદોને પ્રમાણબહાર આલેખવાના વળણને લીધે જેટલી ગેરસમજુતી ઉભી થાય છે તેટલી જ ગેરસમજુતી મતભેદોને છૂટથી ચર્ચવાની અનિચ્છાને લીધે–આનાકાનીને લીધે–ઉભી થાય છે. આખરી પૃથક્કરણ કરતાં માલુમ પડે છે કે બે રાષ્ટ્રો વચ્ચે–બે પ્રજાઓ વચ્ચે–સૌહાર્દભર્યા સંબંધોનો ખરો આધાર એકમેક વિષેના આદર ઉપર રહેલો છે. આજે જે ઠંડુ યુદ્ધ ચાલી રહેલ છે તે પછી કોઇ પણ એક વિચાર અને આચારની જડતાભરી ગુલામગીરી આવે એમ આપણે ઇચ્છતા નથી. એક પ્રજાની અન્તર્ગત બાબતોમાં અથવા તો જુદા જુદા દેશો વચ્ચેની બધી બાબતોમાં એકરૂપતા હોય એવો આગ્રહ ધરાવવો એ તો આપખુદશાહીનુ લક્ષણ છે. જેઓ લોહશાહીનાં મૂલ્યો અપનાવે છે તેઓ "સ્વતંત્રતાના અંગમાં વૈવિધ્યનો સ્વીકાર રહેલો જ છે" એમ માને છે, સ્વીકારે જ છે. આન્તરરાષ્ટ્રીય સહકાર નિર્માણ કરવા માટે આપણને જરૂર છે તે એક મુખ્ય ગ્રહની ફરતા ઉપગ્રહોની અને અંધ અનુયાયીઓની નથી, પણ સ્વતંત્ર અને સમાન ભૂમિકા ઉપર કાર્ય કરતા ભાગીદારો અને મિત્રોની છે.

કોઇ પણ વખતે વૉશીંગ્ટનમાં હોવું એ એક મોટું નસીબ લેખાવું જોઇએ, પણ છેલ્લા પાંચ વર્ષથી પણ વધારે મુદત સુધી ભારત જેવા દેશનું પ્રતિનિધિત્વ કરવું અને તે પણ આવા કટોકટીના વખત દરમિયાન–એ એક ભારે મોટી જવાબદારીવાળું કાર્ય છે અને સાથે સાથે જીવનની એક અજોડ તક સમાન છે. મારા માટે આ સુભગ ઘટના એક અતિ સમૃદ્ધ અને જાણે કે બધી મહેનતનું પુરું વળતર મળી જતું હોય એવા એક સઘન અનુભવમાં પરિણમેલ છે. મેં ઘણી વખત કહ્યું છે કે જ્યારે હિંદની શોધ કરવા જતો કોલંબસ અમેરિકાના કિનારે જઇને અથડાયો ત્યારથી હિંદ અને યુનાઇટેડ સ્ટેઇટ્સના સંબંધોની શરૂઆત થઈ છે. અમે ખરી રીતે કોલંબસ યુગ પહેલાંના હિંદીઓ છીએ. હું કદિ કદિ કલ્પના કરું છું કે જે ચાની પેટીઓને બોસ્ટનના દરિયામાં ફેંકી દેવામાં આવેલી તેમાં હિંદની ચા પણ હોવી જોઇએ, પણ મને કહેવામાં આવે છે કે એ મારી કલ્પના બરાબર નથી. પણ ૧૬૦૮ ના ગાળામાં એક ટનના ચાર પાઉન્ડના ભાવે વર્જીનિયાની એક કંપની ઇસ્ટ ઇન્ડીઆ કંપની માટે લોઢાના મટોડાની નિકાસ કરતી હતી એ તો ઐતિહાસિક હકીકત છે. અને જેમ્સટાઉન ખાતે પરાજય પામેલો લૉર્ડ કોર્નવાલિસ ત્યાર બાદ હિંદનો ગવર્નર જનરલ બન્યો હતો એ તો સૌ કોઈ જાણે છે, આ રીતે બે સૈકાઓ પહેલાં પણ આપણી વચ્ચેના સંબંધની અનેક કડીઓ પેદા થઈ હતી. પણ આ ભૌતિક બાબતોને બાજુએ રાખીને બીજી રીતે વિચારીએ તો; સો વર્ષથી પણ વધારે સમય પહેલાં આપણા બે દેશો વચ્ચે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધો વિકસી રહ્યા હતા અને એ તે સમય કે જ્યારે એમર્સન, થૉરો, વૉલ્ટ વ્હીટમેન અને અતિમનસવાદીઓ (transcendentalists) ઉપર હિંદુ તત્ત્વજ્ઞાન અને વિચારણાનો પ્રભાવ પડી રહ્યો હતો. સ્વામી વિવેકાનંદ અને કવિવર ટાગોર જેવા આપણા કેટલાક સન્તપુરૂષો આ દેશની મુલાકાતે આવ્યા હતા. અમારી રાષ્ટ્રીય ચળવળ દરમિયાન આ દેશના લોકોની અમારી પ્રત્યે સહાનુભૂતિ હતી અને નૈતિક ટેકો હતો અને આ લોકોમાં અહિંની કોંગ્રેસના અને વહીવટીતંત્રના ઘણા જવાબદાર માણસોનો સમાવેશ થતો હતો. આ સુભગ પરિસ્થિતિ વચ્ચે, અમને આઝાદી મળ્યા બાદ ભારતની રાષ્ટ્રીય સરકાર તરફથી સૌથી પહેલું રાજદ્વારી થાણું વૉશીંગ્ટનમાં નખાયું એ અત્યન્ત સમીચીન હતું. અને અમારા મહાઅમાત્યે ભારતની બહારના કોઈ પણ દેશની સૌથી પહેલી મુલાકાત લીધી હોય તો તે યુનાઇટેડ સ્ટેઇટ્સ હતું. છેલ્લાં દશ વર્ષ દરમિયાન વ્યાપારિક, ઔદ્યોગિક, યાંત્રિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં આપણા સંબંધો વધારે ને વધારે ગાઢ થતા રહ્યા છે અને આપણા સહકારનું ક્ષેત્ર પણ ધીરે ધીરે વધારે ને વધારે વિસ્તૃત બનતું રહ્યું છે.

આર્થિક દૃષ્ટિએ આગળ વધેલા અને વિકસિત બનેલા દેશો તરફથી આર્થિક દૃષ્ટિએ પ્રમાણમાં ઘણા પછાત લેખાતા દેશોને મદદ પહોંચાડવાની કલ્પનાને વ્યવસ્થિત રૂપ અને અમલી આકાર આપવાની દિશાએ યુનાઇટેડ સ્ટેઇટસે પહેલ કરી છે અને સૌથી આગળ રહેલ છે અને તેણે ઘણો મહત્વનો ભાગ ભજવ્યો છે. માર્શલ પ્લાન અને 'પોઇન્ટ ફોર' (ચાર મુદ્દાવાળો) કાર્યક્રમ આ કલ્પનાનાં–સૌ કોઇનું ખાસ ધ્યાન ખેંચે તેવાં–દૃષ્ટાન્તો છે. આ રાજ્યનીતિને અનુસરીને મારા દેશને તેના આર્થિક અને સામાજિક વિકાસને લગતા આયોજનકાર્યમાં ઘણી કિંમતી મદદ આ દેશ તરફથી કરવામાં આવી છે. લોનો, ગ્રાંન્ટ, વધારાની કૃષિયવિષયક સામગ્રી અથવા તો ટેકનીકલ મદદ–આવા કોઇ પણ આકારમાં મળેલી મદદ જો કે મર્યાદિત આકારની રહી છે, એમ છતાં, આર્થિક અને સામાજિક સુધારણા માટેના અમારા પ્રયત્નમાં આ મદદે બહુ મહત્વનો ફાળો આપ્યો છે. માત્ર આ મદદનું આર્થિક પ્રમાણ એ કાંઇ ખાસ મહત્વનું નથી–જો કે તે પણ લગભગ ૧.૨ બીલીયન ડોલર એટલે કે એક અબજ અને વીશ કરોડ ડૉલર જેટલું થવા જાય છે–પણ એ મદદ જે ભાવથી પ્રેરાઇને આપવામાં આવી છે તેનું ખાસ મહત્વ છે. આ મદદ સાથે કોઈ રાજદ્વારી બંધન જોડાયલું નથી તેમ જ તેને લીધે અન્તર્ગત કે બહારની બાબતમાં કોઇ પણ દખલગીરી કરવાનો યુનાઇટેડ સ્ટેઇટ્સને હક્ક કે અવકાશ પ્રાપ્ત થતો નથી. આ દેશના જવાબદાર લોકોના બરોબર ધ્યાનમાં છે અને તે મુજબ અહિં જાહેર રીતે વ્યક્ત પણ કરવામાં આવ્યું છે કે હિંદને જે મદદ પહોંચાડવામાં આવી છે તેનો તેણે રફતે રફતે તેને લગતા હેતુ અનુસાર પૂરો ઉપયોગ કર્યો છે અને તેના અનુસંધાનમાં હિંદમાં આર્થિક વિકાસનો કાર્યક્રમ ઉભો કરવામાં આવ્યો છે અને તેનો લોકશાહી ઢબે અમલ થઇ રહ્યો છે. આર્થિક અને સામાજિક ક્ષેત્રોમાં ચાલી રહેલા ભારતના પ્રયત્નોની અને ભારતે હાંસલ કરેલી સિદ્ધિઓની આ દેશમાં વિસ્તૃત રીતે કદર કરવામાં આવી છે અને એશિયામાં સ્થિરતા લાવવાની દિશાએ અને લોકશાહીનાં મૂળ મજબુત બનાવવાની દિશાએ હિંદના વિકાસનું કેટલું મહત્વ છે તે સંબંધમાં અહિંનો જાહેર મત પૂરો સભાન છે.

યુનાઇટેડ સ્ટેઇટ્સ સંબંધમાં મારા મન ઉપર જે છાપ પડી છે તેને સમગ્ર રીતે રજુ કરવા માટે અથવા તો આજની આન્તરરાષ્ટ્રીય સમસ્યાઓનું વિવરણ કરવા માટે આજે કોઇ સમય નથી તેમ જ આ કોઈ એવો પ્રસંગ નથી. પણ સૌથી મહત્વના મુદ્દો જેની સાથે આપણ સર્વને ખૂબ લાગતું વળગતું છે અને જે મારા મનમાં સૌથી વધારે રમી રહ્યો છે–એટલે કે વિશ્વશાન્તિનો મુદ્દો કે જે આજના અણુ યુગમાં માણસજાતની હયાતીનો જ મુદ્દો છે તે–વિષે હું આપને કાંઇક કહેવા ઇચ્છું છું. હવે, હું જે કહેવા માંગું છું તે પાછળ આજની આપણી સમસ્યાઓ અથવા તો ગુંચોના કોઇ સાદા સીધા

ઉકેલો સૂચવવાનો કે પૂરા પાડવાનો આશય નથી. જો કે રાજકારણમાં દરેક બાબતના રામબાણ ઉપાયો આગળ ધરવામાં આવે છે એમ છતાં આજની આપણી મુશ્કેલીઓનો ખરી રીતે કોઇની પણ પાસે પૂરો ઉકેલ છે જ નહિ. કોઇને આ અંગે ઊંચું મસ્તક રાખીને ચાલવાનો કે અન્યને ઉતારી પાડવાનો અધિકાર નથી. જેણે પોતાના દિલને સાફ કર્યું નથી એવા કોઇને અન્યની સામે આંગળી કરવાનો અધિકાર નથી. એક ભારે ધુંધાયલી અને આપણી મતિને મુંઝવી નાંખે એવી પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવા માટે આપણે સૌ ફાંફા મારી રહ્યા છીએ. બર્કે કહ્યું હતું તે મુજબ "આપણા અંધત્વ વિષે પૂરા સભાન રહ્યા સિવાય આપણે કદી પણ ચોક્કસત્તાપૂર્વક આગળ ચાલી શકીએ તેમ છે જ નહિ."

આજની આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં મુખ્ય ભયસ્થાન મહાન રાજ્યસત્તાઓ વચ્ચે બીનરોકટોક ચાલી રહેલી-લગભગ ઘાતક એવી-શસ્ત્રસ્પર્ધા છે, અને જો તેને રાજકારણી દુરંદેશીપ્રેરિત પગલાંઓ વડે નિયંત્રિત કરવામાં ન આવે અને આખરે તદ્દન નાબુદ કરવામાં ન આવે તો, તેનું પરિણામ વિશ્વવિગ્રહમાં અને અકલ્પનીય વિનાશમાં જ આવે એ વિષે કોઇ શક નથી. અમેરિકનોને, પશ્ચિમ વિભાગમાં વસતા યુરોપીયનોને, રશીયનોને, એશીઆવાસીઓને અને આફ્રિકનોને ઉદ્દેશીને-સામાન્ય માનવીઓને સંબોધીને-બર્ટ્રાન્ડ રસેલે તાજેતરમાં કહ્યું હતું તે મુજબ "આપણે બધા જોખમમાં, ભયંકર જોખમમાં છીએ; આપણે, આપણાં બાળકો, તેમનાં બાળકો, જોખમમાં છીએ પણ આપણે આજની કટોકટીમાંથી ઉગરવામાં કૃતેહમંદ ન નીવડીએ તો તેમનાં બાળકો (એટલે કે આપણાં પ્રપૌત્રો) કશા જોખમમાં નથી; કારણ કે જો આજની કટોકટીમાંથી આપણે ઉગારો કરી ન શકીએ તો આપણને પ્રપૌત્રો હોવાના જ નહિ. આ જોખમની સરખામણીમાં બીજા બધા પ્રશ્નો નજીવા છે. જો માણસ માત્રની હસ્તી જ નાબુદ થઇ હશે-કોઇ માનવી જીવતો જ નહિ હોય તો-કોણ સાચું અને કોણ ખોટું તે વિચારવાનો કે નક્કી કરવાનો અર્થ જ શું છે?" દુનિયાના કોઇ પણ વિભાગમાં ભાગ્યે જ કોઈ એવો-કાંઇક પૅણ સમજણ ધરાવતો-માનવી હશે કે જે આજના અણુયુદ્ધનાં ભયાનક પરિણામો વિષે સભાન નહિ હોય. પણ એ ભારે કરૂણાજનક છે કે જ્યારે યુદ્ધને નાબુદ કરવાની અનિવાર્ય જરૂરિયાત વિષે અને આપણા ઝગડાઓનો શાન્તિભર્યા ઉપાયો વડે નિકાલ લાવવા વિષે આટલી બધી એકમતી છે ત્યારે, આજના સત્તાધીશો વચ્ચે એક વિશાળ દીવાલ અથવા તો ખાઇ ઉભી થઇ છે અને મનની એકતા સાધવામાં તે ભારે અન્તરાયરૂપ બની રહી છે, પરિણામ એ આવ્યું છે કે કોઈ પણ પક્ષ એવી કોઇ સમજુતી કે ગોઠવણ ઉપર આવવાને તૈયાર નથી કે જેને લીધે અણુશસ્ત્રો, અસ્ત્રો અને લશ્કરી થાણાંઓ ઉપર આધારિત સત્તાના સમધારણમાં મહત્વનો ફેરફાર પેદા થવાની સંભાવના ઉભી થાય. આજના પ્રમુખ સત્તાધીશોને જુદા પાડનારી જે મોટી ખાઇ ઉભી થઇ છે તે અવિશ્વાસ, શંકા અને ભયનું પરિણામ છે. તે આ અવિશ્વાસ છે અને તે આ કહેતા છે કે જે, જો અણુયુદ્ધ-પરિણામી પ્રલયના જોખમો નાબુદ કરવા હોય તો, ઘટવી જ જોઇએ, ધીમે ધીમે લય પામવી જોઇએ. કારણ કે, આ પરસ્પર અવિશ્વાસ અને ભય કે જેમાંથી શસ્ત્રસ્પર્ધા પેદા થઇ છે અને જે શસ્ત્રસ્પર્ધાને ઉત્તેજી રહેલ છે તેના દબાણ નીચે રાજદારી વાટાઘાટોના હેતુઓ સમજવાની અને પ્રજા વચ્ચેના મતભેદોનો શાન્તિથી ઉકેલ લાવવાની વાત ભુલી જવાય છે અને બોંબો, શસ્ત્રો, રોકેટો અને અસ્ત્રોનો બને તેટલો સંચય એ જ માત્ર સાધ્ય બની બેસે છે.

અપૂર્ણ

મૂળ અંગ્રેજી : ગગનવિહારી મહેતા
અનુવાદક : પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલો શ્રી ગગનવિહારી મહેતાનો સત્કાર

તા. ૨-૭-૫૮ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યુનાઇટેડ સ્ટેટ્સ ખાતે ભારતના એલચી તરીકે પાંચ વર્ષ સુધી અતિ યશસ્વી કામગીરી બજાવીને તાજેતરમાં પાછા ફરેલા શ્રી. ગગનવિહારી લલ્લુભાઈ મહેતાનો ચોપાટી પુલ ઉપર 'સુખસાગર'માં આવેલા ધી બોંબે મોટર મરચન્ટ્સ એસોસીએશનના હોલમાં જાહેર સત્કાર કરવામાં આવ્યો હતો. સત્કાર સમારંભ શરૂ થાય તે પહેલાં સંઘના સભ્ય અને બોંબે મોટર મરચન્ટ્સ એસોસીએશનના પ્રમુખ શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયાએ પોતાની એસોસીએશનના હૉલમાં શ્રી ગગનવિહારી મહેતા પહેલી વાર પધારે છે એ પોતાની એસોસીએશન માટે ગૌરવનું કારણ છે એમ માનીને શ્રી ગગનવિહારી મહેતાનું અલ્પ ઉપાહાર વડે સન્માન કર્યું હતું. આ ઉપાહાર સંમેલન ચાલતું હતું તે દરમિયાન એસોસીએશનના હૉલમાં ભાઈ બહેનો ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં. મુંબઇના વસુલાતી પ્રધાન શ્રી રસિકલાલ પરીખ તથા મદ્યનિષેધખાતાના પ્રધાન શ્રી રતુભાઇ અદાણીએ આ સંમેલનમાં હાજરી આપી હતી. શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ખીમજી માડણ ભુજપુરીઆએ સંઘના નિમંત્રણને સ્વીકારીને ઉપસ્થિત થયેલા શ્રી ગગનવિહારી મહેતાને આવકાર આપ્યો હતો અને સંઘની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો. ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી ગગનવિહારી મહેતાનો પરિચય આપતાં જણાવ્યું હતું કે "શ્રી ગગનભાઇને આશરે ૪૦ વર્ષથી હું ઓળખું છું. કારણ કે તેઓ ભાવનગરના છે. તેમના દાદા તથા કાકા અનુક્રમે ભાવનગરના દીવાન હતા અને તેમના પિતા ભાવનગરના વસુલાતી અધિકારી હતા અને તેમના કાકા સ્વ. વીઠ્ઠલભાઇ પછી તેઓ દીવાનપદ ઉપર આવશે એમ ત્યાંની પ્રજાનું ધારવું હતું, પણ એ વખતના ભાવનગરના મહારાજા સાથે મતભેદ પડતાં સ્વ. લલ્લુભાઇ જેમને અમે 'લલ્લુકાકા' ના નામે ઓળખતા હતા તેઓ મુંબઇ આવીને વસ્યા અને બહોળા વ્યાપારવ્યવસાયની તેમણે મુંબઇમાં જમાવટ કરી. શ્રી ગગનભાઇ એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણતા હતા ત્યારથી મને તેમના વિશેષ પરિચયમાં આવવાનું બનેલું. ૧૯૨૧ માં તેઓ બી. એ. થયા. વિશેષ અભ્યાસ માટે તેઓ લંડન ગયા. પણ ત્યાં તબિયત સારી નહિ રહેતાં છએક મહીનામાં દેશમાં પાછા આવ્યા. Social Philosophy of Bertrand Russel-બર્ટ્રાન્ડ રસેલની સામાજિક ફિલસુફી-ઉપર નિબંધ લખીને તેઓ મુંબઇ યુનિવર્સિટીના એમ. એ. થયા. પછી બોંબે ક્રોનીકલના એ સમયના તંત્રી સ્વ. બ્રેલ્વી સાથે તેમણે ૨॥ વર્ષ કામ કર્યું અને પછી સીંધીઆ સ્ટીમ નેવીગેશન કંપનીમાં જોડાયા. અહિં થોડો વખત રહીને તેઓ રંગુનની શાખાના મેનેજર તરીકે રંગુન ગયા અને ત્યાં તેઓ બે વર્ષ રહ્યા. તેઓ રંગુન હતા તે દરમિયાન એટલે ૧૯૨૯ અથવા તો ૧૯૩૦ ની સાલમાં મારે રંગુન જવાનું બનેલું અને તે વખતે હું તેમને મળેલો. ત્યાંના ગુજરાતીઓએ એક સભા બોલાવીને મારું ભાષણ રાખેલું, જેમાં તેઓ પ્રમુખસ્થાને હતા. તેઓ કલકત્તાની શાખાના મેનેજર થયા અને એ પદ ઉપર તેમણે ૨૦ વર્ષ કલકત્તામાં પસાર કર્યા. આ ૨૦ વર્ષ દરમિયાન તેમની ખ્યાતિ ઉત્તરોત્તર વધતી ગઈ અને સીંધીઆ ઉપરાંત બીજી અનેક જવાબદારીઓ તેમના ભાગે આવતી રહી. કલકત્તાના જાહેર જીવનમાં પણ તેમનું સ્થાન ઉત્તરોત્તર વધતું રહ્યું. તેઓ કલકત્તા હતા તે દરમિયાન ૧૯૩૬ માં મને વ્યવસાય અર્થે કલકત્તા જવાનું બનેલું ત્યારે પણ તેમને મળવાનું બન્યું હતું અને તેમની ચીઠ્ઠી લઇને હું જમશેદપુર તાતાનું કારખાનું જોવા ગયો હતો. ૧૯૩૯ થી ૪૦ સુધી તેઓ કલકત્તાની ચેંબર ઓફ કૉમર્સના પ્રમુખ હતા. ૧૯૪૨/૪૩ ના વર્ષ દરમિયાન તેઓ ફીડરેશન ઓફ ઇન્ડિયન ચેંબર્સ ઓફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના સરનશીન હતા.

૧૯૪૬ માં એ વખતના વાઇસરોય લોર્ડ વેવલ નીચે આપણું પહેલું પ્રધાનમંડળ રચાયું. તેની નામાવલિ વિચારાઈ રહી હતી ત્યારે તેમાં સમાવેશ કરવા અંગે ગગનભાઈનું નામ પણ વિચારવામાં આવેલું. આટલી ખ્યાતિ અને પ્રતિષ્ઠા તેમણે તે સમયે પ્રાપ્ત કરી હતી. આઝાદી મળ્યા બાદ ૧૯૪૭ માં આપણી કોન્સ્ટીટ્યુઅન્ટ એસેંબલી દેશનું બંધારણ નક્કી કરવા માટે ઉભી કરવામાં આવી, તેમાં તેમની સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી. અને ૭ મહીના થયા એટલામાં તેમની ટેરીફ બોર્ડના ચેરમેન તરીકે નિમણુક થઈ અને તેથી કોન્સ્ટીટ્યુઅન્ટ એસેંબલીમાંથી તેમને રાજીનામું આપવું પડ્યું. એ ટેરીફ બોર્ડનું એ વર્ષના ગાળે ટેરીફ કમીશનમાં રૂપાન્તર થયું તેના ચેરમેન તરીકે તેઓ ચાલુ રહ્યા અને સાથે સાથે એ અરસામાં ઉભું કરવામાં આવેલ પ્લાનીંગ કમીશનમાં પણ એક સભ્ય તરીકે તેમની નિમણુક થઈ. આ બન્ને અધિકાર ઉપર તેમણે છથી આઠ મહીના કામ કર્યું. એટલામાં તેમની યુનાઇટેડ સ્ટેટ્સના ભારતીય એલચી તરીકે નિમણુક થઈ અને ૧૯૫૨ ના સપ્ટેંબર માસમાં તેઓ એ અત્યન્ત મહત્વની જવાબદારી સંભાળવા અમેરિકા ગયા. યુનાઇટેડ સ્ટેટ્સ સાથે મેકસીકોના પણ તેઓ એલચી બનેલા અને પાછળથી કયુબાને પણ સંભાળવાનું તેમના માથે આવ્યું હતું. યુનાઇટેડ સ્ટેટ્સમાં તેઓ ભારતના એમ્બેસેડરના માનવન્તા સ્થાન ઉપર કુલ ૫ વર્ષ અને ૭ા મહીના રહ્યા અને ગત મે માસની પાંચમી તારીખે તે પદથી તેઓ નિવૃત્ત થયા.

અમેરિકામાં રહીને તેમણે જે કામ કર્યું છે તેની આજે ચોતરફ મુક્ત કંઠે પ્રશંસા થઈ રહી છે. તેમની કામગીરીની વિવિધ બાજુઓ તપાસતાં માલુમ પડે છે કે તેઓ માત્ર રાજદ્વારી એલચી નહોતા પણ આપણી ભારતીય સંસ્કૃતિના પણ એક પ્રતિનિધિ હતા. પાંચ વર્ષના ગાળા દરમિયાન માત્ર રાજકારણી વિષયો ઉપર જ નહિ પણ માનવીની સભ્યતા અને સંસ્કૃતિને સ્પર્શતા અનેક વિષયો ઉપર ભારતને કેન્દ્રમાં રાખીને તેમણે ૪૦૦ થી વધારે ભાષણો કર્યા છે. આ તેમની વિવિધલક્ષી પ્રજ્ઞાનો અચુક પુરાવો છે. થોડા સમય ઉપર તેઓ અહિં આવ્યા હતા ત્યારે મેં તેમનાં બે જાહેર વ્યાખ્યાનો સાંભળ્યા હતા. આન્તરરાષ્ટ્રીય પરિષદોમાં અને સંમેલનોમાં ભિન્ન ભિન્ન રાષ્ટ્રના અગ્રતમ રાજપુરૂષો કેમ બોલતા હશે, વાણી ઉપર તેમનો કેવો ભારે સંયમ હશે તેનું આપણા દિલમાં ભારે કૌતુક હોય છે, આ કૌતુક તેમને સાંભળીને તૃપ્ત થયું. તેમનામાં એ આન્તરરાષ્ટ્રીય પ્રતિભાનાં મે દર્શન કર્યાં. એક શબ્દ કે વાકય આમ તેમ બોલાતાં અર્થનો અનર્થ થવાનું મોટું જોખમ રહેલું હોય છે ત્યાં એક પણ શબ્દ આડો અવળો બોલાઇ ન જાય અને એમ છતાં પોતાને કહેવાનું હોય તે સચોટપણે કહેવાય-આવી વાણીકુશળતાનો મને તેમનાં ભાષણોમાં પરિચય થયો અને આ વ્યકિત તે આપણામાંની જ એક છે-આપણી જોડે બેસનારી છે-એ જાણીને મારું હૃદય આનંદ અને ગૌરવ વડે પુલકિત બન્યું.


તેમણે એવા સમય દરમિયાન કામ કર્યું છે કે જ્યારે ભારતની તટસ્થ રાજનીતિ સંબંધે અમેરિકામાં અવારનવાર ગેરસમજુતીઓ ઉભી થયા કરતી હતી અને આપણે આજના બે મોટા રાજદ્વારી બ્લોકસમાંથી એકમાં પણ નહિ જોડાતાં તટસ્થતાની નીતિને ચુસ્તપણે વળગી રહ્યાં હતા અને એમ છતાં ભારત રશીઆ તરફ રખેને ઢળી રહ્યું તો નથીને-એવી આશંકા અવારનવાર જ્યાં પેદા થતી હતી એવા દેશમાં આપણા દૂત તરીકે તેમણે આટલી સફળતાપૂર્વક કામ કર્યું, અને એટલું જ નહિ આપણા વિષેની ગેરસમજુતીઓને દૂર કરતે કરતે આપણી બીજી પંચવર્ષીય યોજના અંગે અમેરિકા તરફથી ઘણી મોટી રકમ તેઓ ભારે કુનેહપૂર્વક મેળવી શકયા-તેમની અસાધારણ કાર્યકુશળતાથી આથી વધારે બીજો કયો પુરાવો હોઇ શકે ?

અમેરિકાના રાજકારણી તેમ જ અન્ય આગેવાનોના દિલમાં તેમણે કેવું મોટું સ્થાન પ્રાપ્ત કર્યું છે તેનો ખ્યાલ તો તેઓ વિદાય થઈ રહ્યા હતા તે દરમિયાન અમેરિકાના પાંચસોથી વધારે રાજપુરૂષોએ એકઠા થઇને તેમનું જે ભવ્ય સન્માન કર્યું છે અને એક લેખિત ટેસ્ટીમોનિયલ દ્વારા તેમને જે પ્રમાણપત્ર આપ્યું છે તે ઉપરથી આવી શકે તેમ છે. આવું સન્માન અને આવું પ્રમાણપત્ર હજુ સુધી બીજા કોઈ એમ્બેસેડરને મળ્યાનું અમેરિકાના ઇતિહાસમાં નોંધાયું નથી.

આવી વિશિષ્ટ વ્યકિત જ્યારે આજના કટોકટીના સમયમાં સમૃદ્ધિ અને શસ્ત્રસામગ્રીના શિખરે બેઠેલા દેશમાં લગાતાર પાંચ વર્ષ સુધી ઊંડી નિષ્ઠાપૂર્વક ભારતની અનેકવિધ સેવા બજાવીને અને ભારત વિષે ત્યાંની પ્રજામાં સહાનુભૂતિ અને સહકારની, આદર અને પ્રેમની લાગણી પ્રગટાવીને પાછી ફરે ત્યારે આપણે તેમનો આદર કરીએ, તેમનું સન્માન કરીએ-તેમાં આપણી ફરજથી આપણે કશું વિશેષ કરતા નથી. આપણા સંઘ જેવી એક નાની સરખી સંસ્થાનું નિમંત્રણ સ્વીકારીને તેઓ અહિં આવ્યા તે રીતે તેમણે આપણા સંઘના ગૌરવમાં વધારો કર્યો છે. આપણા તેમને અન્તરના આવકાર છે. હજુ પણ તેઓ આપણા દેશની ખૂબ સેવા કરતા રહે અને તે માટે તેમને ચિરાયુષ્ય પ્રાપ્ત થાય અને તેમનું આરોગ્ય અખંડિત જળવાઈ રહે એવી આપણી પરમેશ્વરને પ્રાર્થના છે."

ત્યાર બાદ શ્રી ગગનવિહારી મહેતાએ આ પ્રમાણે તેમના ભાવભર્યા સત્કારનું આયોજન કરવા બદલ સંઘનો આભાર માન્યો, શ્રી પરમાનંદભાઈ સાથેના લાંબાકાળના તેમના સંબંધનો ઉલ્લેખ કર્યો અને પછી અમેરિકા અને હિંદના કોલંબસથી માંડીને આજ સુધીના ઉત્તરોત્તર વધતા જતા-માત્ર રાજકારણી કે આર્થિક નહિ પણ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધોની અનેક વિગતો અને ઘટનાઓ રજુ કરવા શાથે લગભગ એક કલાક સુધી આલોચના કરી અને ઉપસ્થિત ભાઈ બહેનોએ તેમને આમ વિસ્તારથી સાંભળીને કૃતાર્થતા અનુભવી.

સંઘની મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે એ જ દિવસે "ચિત્રલેખા" માં પ્રગટ થયેલ 'સુવાસનો સેતુ' એ મથાળા નીચેના લેખનો ઉલ્લેખ કરીને ગગનવિહારીએ સુવાસના સેતુ તરીકે અમેરિકામાં કેવું કાર્ય કર્યું છે તેનો ખ્યાલ આપ્યો અને સંઘ તરફથી શ્રી ગગનવિહારી મહેતાનો આભાર માન્યો. સંઘના પ્રમુખે શ્રી ગગનવિહારીનું પુષ્પહારથી સન્માન કર્યું અને સભા આનંદભર્યા વાતાવરણમાં વિસર્જિત થઈ.




શ્રી ગગનવિહારી મહેતા,

પ્રકીર્ણ નોંધ

આવી વિદ્યોપાસનાને ધન્ય છે !

એવો વખત હતો કે જ્યારે આપણા સમાજની કોઇ બહેન બી. એ. ની પરીક્ષામાં પસાર થતી અથવા તો ગ્રેજ્યુએટ થતી તો તે એક અસાધારણ સામાજિક ઘટના લેખાતી અને તે બહેન ઉપર અભિનન્દનનો વરસાદ વરસતો અને સન્માનના મેળાવડાઓ યોજાતા. ત્યાર બાદ બહેનો ઉચ્ચ શિક્ષણમાં ખૂબ આગળ વધવા માંડી અને આજે બી. એ. તેમ જ એમ. એ. ની પરીક્ષા કોઇ બહેન પસાર કરે તો તે કોઇ આશ્ચર્યનો વિષય નથી રહ્યો. આમ છતાં તાજેતરમાં સંસ્કૃતિ સાહિત્ય સાથે કર્વે યુનિવર્સિટીની એમ, એ. ની પરીક્ષામાં શ્રી ભાનુમતી બહેન દલાલે સફળતા મેળવી છે તે બદલ તેઓ ખાસ અભિનન્દનના અધિકારી બને છે અને તે એટલા માટે કે આજથી ૨૧ વર્ષ પહેલાં એટલે કે ૧૪ વર્ષની ઉમ્મરે તેમનાં લગ્ન થયેલાં, જ્યારે તેમનું ભણતર પાંચ કે છ ગુજરાતી ચોપડીનું હતું. કમનસીબે ૧૭ મા વર્ષે તેમને વૈધવ્ય પ્રાપ્ત થયું. સામાન્યતઃ હિંદુ સંસારમાં મોટા ભાગે બને છે તેમ આ દુર્ઘટનાને લીધે તેમના આશાસ્પદ જીવન ઉપર કાળો પડદો પડી ગયો. વિધિએ તેમને ઓજસ્વી રૂપ આપ્યું હતું, મનોહર લાવણ્ય આપ્યું હતું. તેજસ્વી બુદ્ધિ આપી હતી, પણ તેનો તો હવે કોઇ અર્થ કે ઉપયોગ ન રહ્યો. કોઈ પણ હિંદુ સ્ત્રીને ગમે ત્યારે વૈધવ્ય પ્રાપ્ત થયું એટલે ધર્મોપાસના સિવાય બીજી બધી પ્રવૃત્તિનાં દ્વાર તેના માટે બંધ થાય છે. તપ કરો, વ્રત કરો, જપ કરો, ધર્મારાધ, કરો, જે કોઈ તેમની પાસે આવે તે આ જ વિચાર મૂકે અને આ તરફ જ વાળવા પ્રયત્ન કરે. તેમને વૈધવ્ય પ્રાપ્ત થયા બાદ તેમના શ્વશુર પાંચેક વર્ષ જીવ્યા હશે. એ બધો સમય તો શોક સંતાપમાં અને કુટુંબના પાંજરામાં પૂરાઈ રહેવામાં પસાર થયો. પણ આમ જીવન નિરર્થક વીતાવવું તેના બદલે દીક્ષા ગ્રહણ કરીને જીવનને સાર્થક કાં ન કરવું—આસપાસના વાતાવરણે ભાનુબહેનના દિલમાં આ વિચાર પેદા કર્યો, પણ અભણ દશામાં દીક્ષા લઇને સાધ્વી થઇને પણ હું શું કરીશ એમ વિચારીને દીક્ષા લીધા પહેલાં થોડું સંસ્કૃત ભણી લઉં કે જેથી ધર્મશાસ્ત્રના ગ્રંથો વાંચી સમજી શકાય—આવો તેમને વિચાર આવ્યો. પણ જુનવાણી વાતાવરણમાં ભણવાની વાત સાંભળે કોણ અને સંયુક્ત કુટુંબમાં તેવી સગવડ પણ એક વિધવા કુલવધૂને કોણ કરી આપે ? પણ ભાનુબહેનનો વિચાર મક્કમ હતો. એ ખાતર એમણે દુધ, ઘી અને અન્ય ખાદ્ય પદાર્થોનો ત્યાગ કરવા માંડયો. આખરે કંટાળીને, થાકીને કુટુંબના વડિલો સંસ્કૃત ભણવે એવી કોઈ બહેનને રોકવા માટે સંમત થયા. ભાનુબહેનના નસીબે, જેવી રીતે હેલન કેલરને એક અત્યન્ત કુશળ શિક્ષિકાનો યોગ થયો હતો તેમ તેમને પણ એક એવાં શિક્ષિકાબહેનનો યોગ થયો કે જેમણે શરૂઆતમાં તો માત્ર પગાર કમાવાની દૃષ્ટિએ ભાનુબહેનને શિખવવાનું કામ સ્વીકાર્યું, પણ પછી તો ભાનુબહેનની પાત્રતા જોઇને તેમના વિષે પેલા શિક્ષિકાબહેનના દિલમાં મમત્વ—આત્મીયતા જાગી અને કેવળ નિસ્વાર્થભાવે કર્યું પણ વેતન લીધા સિવાય તેમને ભણતરમાં આગળ વધવામાં મદદ કરવા માંડી. તેમની પાસે ભાનુબહેને માત્ર સંસ્કૃત ભાષા શિખવાનું શરૂ કર્યું હતું, પણ વખત જતાં પેલાં શિક્ષિકા બહેન જેઓ સંસ્કૃત સાહિત્ય લઇને એમ એ. થયાં હતાં અને અધ્યાપનનું કામ કરતાં હતાં તેમણે ભાનુબહેનને અંગ્રેજીના અભ્યાસ તરફ વાળ્યા અને કર્વેની મેટ્રીકની પરીક્ષા માટે તૈયાર કરવા માંડયા. પરીક્ષાના દિવસો નજીક આવ્યા. અહિં વળી પ્રશ્ન થયો કે પરીક્ષા દેવા ભાનુબહેનને એકલાં કેમ મોકલાય ? શિક્ષિકા બહેને તેમની સાથે જવાનું કબુલ્યું અને કુટુંબીજનોને નિશ્ચિન્ત કર્યાં. ભાનુબહેને કર્વે મેટ્રીકના બધા વિષયની પરીક્ષા આપી, અને પાસ થયાં. પછી તો તેમનાં સંયોગો પણ થોડા બદલાયા. એમ છતાં પેલાં શિક્ષિકા બહેન જેઓ પછીથી એક જાણીતી કોલેજના અધ્યાપિકાનું કામ કરતાં હતાં તેમનો સહવાસ અને પ્રેરણા તો ચાલુ જ રહ્યાં. ક્રમે ક્રમે તેમણે બી. એ. ની પરીક્ષા પસાર કરી. તાજેતરમાં તેઓ એમ. એ. ની પરીક્ષામાં ઉતીર્ણ થયાં છે. આ તેમના પ્રબળ પુરૂષાર્થ અને અડગ નિશ્ચયનું પરિણામ છે. મુંબઈની જૈન મહિલા સમાજ તરફથી પ્રગટ થતા 'વિકાસ' માસિકના તેઓ સહતંત્રી છે. તેમાં અવારનવાર તેમનાં લેખો પ્રગટ થાય છે. હજુ પણ જ્ઞાનની દિશાએ આગળ વધવાના તેમ જ સમાજસેવાનાં તેમને અનેક કોડ છે. વિદ્યાની આવી ધૈર્યપૂર્વકની ઉપાસના કરવા માટે અને પોતાના માર્ગમાં આવતા અવરોધોનો હીંમતપૂર્વક સામનો કરતા રહેવા માટે તેમને અનેક ધન્યવાદ ઘટે છે. તેમની ભાવી જીવનકારકીર્દી અનેક રીતે જ્વલંત બને અને સામાજિક કે કૌટુંબિક ક્ષેત્રોમાં રૂંધાયલી, દબાયલી બહેનોને પ્રેરણાદાયી—બળદાયી નીવડે એવી આપણી તેમના વિષે શુભેચ્છા અને પ્રાર્થના હો !



શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા,

બે સગીર બાળાઓની બાલદીક્ષાની પકડમાંથી કરવામાં આવેલો ઉગારો

તા. ૪-૬-૫૮ ના ગુજરાત સમાચારમાં તાજેતરમાં અમદાવાદ ખાતે છુપી રીતે સગીર વયની બે કન્યાઓને અપાનાર દીક્ષા સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવી છે :—

"સગીર વયની બાળાઓને એક યા બીજા બહાને સમજાવી, પટાવી તેમ જ સીધી યા આડકતરી રીતે ફસાવીને બળજબરીથી દીક્ષા આપવાના બનાવો હમણાં હમણાં જૈન સમાજમાં પ્રકાશમાં આવવા લાગ્યા છે. અમદાવાદમાં દરિયાપુર લુણસાવાડા મોટી પોળમાં આવેલા એક જૈન ઉપાશ્રયમાં બે સગીર જૈન બાળાઓને દીક્ષા આપવાનો પ્રયાસ કરાતાં આ બાળાઓનો ગઈ કાલે મોડી રાત્રે કબ્જો લેવામાં આવ્યો હતો. પરિણામે સારીય જૈન આલમમાં આ બનાવથી ભારે ચકચાર અને સનસનાટી મચી ગઈ હતી. ઉપર જણાવેલ બે બાળાઓમાં ૧૨ વર્ષની એક બાળાને તો દીક્ષા અપાઈ ગઈ હતી, અને બીજી આઠથી નવ વર્ષની બાળાને દીક્ષા અપાનાર હતી. આ અંગે એવી વિગતો મળી છે કે આ બે બાળાઓને મોંતા નથી અને પિતા છે જે અત્રે ઝવેરીવાડામાં રહે છે, જ્યારે લુણસાવાડામાં મોટી પોળના ઉપાશ્રયમાં રહેતા એક સાધ્વીજી તેમના સંસારી જીવનમાં

આ બાળાઓનાં માસી થાય છે. કહેવાય છે કે આ બે બાળાઓને તેમના પિતાની સંમતિથી દીક્ષા આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું, અને મોટી બાળાને દીક્ષા અપાઇ ગઈ હતી અને નાની બાળાને આજે દીક્ષા અપાનાર હતી. આ બાળાને દીક્ષા અપાવવાની વાત તેમના કાકાકાકીએ જાણતાં તેમણે જ્યોતિસંઘમાં તેની જાણ કરી હતી અને ગઈ કાલે મોડી રાત્રે આશરે ૧૨॥ વાગ્યાના સુમારે જ્યોતિ સંઘનાં જાણીતા આગેવાન સ્ત્રી-કાર્યકર્તા શ્રી હેમલતાબહેન હેંગિષ્ટે અને બીજા કાર્યકરો તથા બાળાઓનાં કાકા-કાકી લુણસાવાડે મોટી પોળે ગયા હતા અને ઉપાશ્રયના દરવાજા ખખડાવ્યા હતા. શરૂઆતમાં ઉપાશ્રયનાં સાધ્વીજીએ ઉપાશ્રય ખોલવાની ના પાડી હતી અને રકઝક થતાં આખી પોળ જાગી ગઈ હતી. છેવટે ઉપાશ્રયના દરવાજા ખોલાયા હતા અને નાની બાળા જે પથારીમાં ઉંઘતી હતી તેનો કબજો કાકા-કાકીએ લીધો હતો. બીજી મોટી બાળા જેને દીક્ષા અપાઇ ગઈ હતી તે બાળાનો કબજો પણ જ્યોતિસંઘના કાર્યકરોએ સાબરમતીમાંથી લીધો હતો અને આ બાળાને પણ તેના સગાને સોંપવામાં આવી હતી."

બાલદીક્ષાના અનિષ્ટને નાબુદ કરવા માટે આટઆટલો પ્રચાર થવા છતાં હજુ પણ આવી ઘટનાઓ જૈન સમાજમાં બન્યા કરે છે એ ભારે દુઃખદ અને જૈન સમાજને શરમાવે તેવી બીના છે. હજુ થોડા જ સમય પહેલાં જુના ડીસાના વતની અને અમદાવાદમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની શાખામાં ભણતા સેવંતીલાલ જેવા ઉગતા યુવાનને છુપી રીતે અપાયેલ દીક્ષાના જાહેર પ્રજ્ઞ ઉપર પડેલા પ્રતિકુળ પ્રત્યાઘાત શમ્યા નહોતા, એટલામાં એ જ અમદાવાદમાં ઉપર જણાવેલ બ્રટના બનવા પામી છે. અમદાવાદનો સમાજ જાગૃત છે અને જ્યોતિસંઘ જેવી સંસ્થાના સ્ત્રી કાર્યકરો આ બાબતમાં સચેત છે, એટલે બે ભોળા સગીર બાળાઓ સાધુ સાધ્વીઓની જાળમાં ફસાતી બચી ગઇ છે, પણ બીજે આવાં અનિષ્ટો બનતા જ રહે છે અને સમાજને તેની તરતમાં ભાગ્યે જ ખબર પડે છે. ઉપરના કીસ્સામાં જે રીતે બે બાળાઓનો કબજો લેવામાં આવ્યો છે તેણે જૈન સમાજને અને ખાસ કરીને જૈન સાધુ સમાજને ભારે હાસ્યાસ્પદ બનાવ્યો છે. આપણે આશા રાખીએ આજના કાળબળને ઓળખીને આવી અનિષ્ટ પ્રવૃત્તિઓથી જૈન સાધુઓ તેમ જ સાધ્વીઓ દૂર રહે અને યેન કેનપ્રકારેણ શિષ્યશિષ્યાઓ વધારવાની ઘેલછાથી મુક્ત બને !

નિમંત્રણપત્રો અંગ્રેજી ભાષામાં શા માટે ?

મુંબઈ શહેરમાં જાહેર સમારંભો કે સંમેલનોનાં નિમંત્રણપત્રો હજુ પણ અંગ્રેજી ભાષામાં પ્રગટ થતા જોઇને ભારે આશ્ચર્ય થાય છે. અલબત્ત જ્યારે નિમંત્રિત વર્ગ ભિન્ન ભિન્ન ભાષાઓ બોલતી વ્યક્તિઓનો બનેલો હોય ત્યાં આવાં અંગ્રેજી નિમંત્રણપત્રોની આવશ્યકતા કાંઇક અંશે સમજી શકાય તેમ છે, જો કે આવા સંયોગોમાં પણ નિમંત્રણપત્રો હિંદી ભાષામાં કાઢવામાં આવે એ વધારે ઇચ્છવાયોગ્ય છે, કારણ કે નિમંત્રણપત્રો પૂરતું હિંદી ઘણાખરા લોકો સમજતા હોય છે અને ન સમજે ત્યાં બીજા પાસે વંચાવીને તેની વિગત જાણી શકાય છે, પણ જ્યાં નિમંત્રણ આપનાર વર્ગ અને નિમંત્રિત સમુદાય ઉભય એક જ પ્રાદેશિક ભાષા બોલનાર હોય ત્યાં પણ નિમંત્રણપત્રો અંગ્રેજી ભાષામાં શા માટે કાઢવામાં આવતા હશે તે જરા પણ સમજમાં આવતું નથી. દા. ત. ઘાટકોપર ખાતે મુનિ સન્તબાલજી પધારવાના હતા. તેમને આવકાર આપવા માટે તા. ૨૫-૫-૫૮ ના રોજ યોજાયલા સંમેલનમાં હાજરી આપવા માટે ઘાટકોપરના સ્થાનકવાસી જૈન સંઘ તરફથી નિમંત્રણો મોકલવાના હતા. આમાં જેમના નિમિત્તે આ સંમેલન યોજવામાં આવ્યું હતું તે મુનિ સન્તબાલજી, નિમંત્રણ આપનાર ઘાટકોપરનો સ્થાનકવાસી સંઘ અને કલ્પાયલો નિમંત્રિત સમુદાય-સૌ કોઇ જાતે ગુજરાતી હતા અથવા તો ગુજરાતી ભાષા સમજનારા હતા, આમ છતાં આ પ્રસંગને લગતાં નિમંત્રણપત્રો અંગ્રેજીમાં કાઢવામાં આવ્યાં હતાં. નિમંત્રણો તો અંગ્રેજીમાં જ હોય-આવી આપણા લોકોની માન્યતા અથવા તો આજકાલની એક ફેશન થઈ પડી છે, જેનો વાસ્તવિકતા સાથે કોઈ મેળ નથી. અંગ્રેજી ભાષાની આ પ્રકારની ઘેલછામાંથી આપણે કયારે મુક્ત થઇશું ?

'ક્રાન્તિ' શબ્દને આપણે આમ સોંઘો ન બનાવીએ !

તા. ૧૫-૬-૫૮ ના પ્રબુદ્ધ જીવનમાં મુનિ સન્તબાલજીએ ઘાટકોપર ખાતે તેમના માટે યોજાયલા સન્માન સમારંભ પ્રસંગે કરેલું પ્રવચન પ્રગટ કરવામાં આવ્યું છે. તે પ્રવચનમાં ઘાટકોપરના સ્થાનકવાસી જૈન સંઘને 'ક્રાન્તિપ્રિય' શબ્દથી અલંકૃત કરવામાં આવ્યો છે. એવી જ રીતે તેમના ગુરૂ બુઝર્ગ મુનિશ્રી નાનચંદ્રજી મહારાજને પણ ક્રાન્તિપ્રિય સાધુ પુરૂષ તરીકે ઓળખાવવામાં આવ્યા છે. ઘાટકોપરના સ્થાનકવાસી સંઘમાં અને બીજા સંઘ સમુદાયની રીતભાત કે મનોદશામાં જરા પણ ફરક હોવાનું ધ્યાનમાં નથી-સિવાય કે આ વખતે મુનિ સન્તબાલજી કે જેઓ પોતાને એક સ્થાનકવાસી સાધુ તરીકે ઓળખાવે છે અને એ રીતે પોતાને ઓળખાવવામાં ગૌરવ માને છે અને એમ છતાં જેમનો કેટલોક આચાર પરંપરાગત આચારથી જુદો પડે છે તેમને પોતાની હસ્તકના ઉપાશ્રયમાં રહેવા આ સંઘે સગવડ આપી. આવા એક નાના નજીવા પગલાને ક્રાન્તિકારક પગલા તરીકે ઓળખાવવું એ ક્રાન્તિ શબ્દને બહુ સોંઘો બનાવવા બરોબર છે. આ પહેલાં પણ વિશ્વવાત્સલ્યમાં પ્રગટ થતાં લખાણોમાં મુનિ સન્તબાલજીએ સ્થાનકવાસી સંઘને ક્રાન્તિપ્રિય તરીકે વર્ણવ્યાનું મને આછું સ્મરણ છે. પણ ત્યાં કયા અર્થ કે કયા ભાવમાં તે શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ હતો તેનો મને આજે ખ્યાલ નથી. અને મુનિશ્રી નાનચંદ્રજીને ક્રાન્તિપ્રિય તરીકે વર્ણવવા-એમાં પણ અત્યુક્તિનો ભાસ થાય છે. અલબત્ત રાત્રે દીવાબત્તી નીચે જાહેર વ્યાખ્યાન આપવાની તેમણે પહેલ કરી છે અને બીજા સાધુઓની અપેક્ષાએ તેઓ કાંઇક આગળ પડતા વિચારના છે એમ જરૂર કહી શકાય. પણ આવા બધા ફેરફારો માટે સુધારક શબ્દ યોગ્ય છે, પૂરતો છે. સુધારો અને ક્રાન્તિ એ બન્નેના ભાવાર્થમાં ઘણો ફરક છે. સમાજનું મૂળ કાંઇ અને પાયાની માન્યતાઓ જાળવી રાખીને ઉપર ઉપરના ફેરફારો સૂચવવા એનું નામ સુધારો છે, જ્યારે ક્રાન્તિનું લક્ષ્ય પાયાના ફેરફારો કરવાનું હોય છે, અને તેથી તે સામાજિક મૂલ્યોમાં પાયાના પરિવર્તનની અપેક્ષા રાખે છે. આને લગતી ચોખ્ખી સમજણના અભાવમાં કોઈ પણ સુધારાના વળણવાળી વ્યક્તિ અથવા સંસ્થા પ્રત્યે આદર દાખવવાના હેતુથી ક્રાન્તિકારી અથવા તો ક્રાન્તિપ્રિય વિશેષણો અવારનવાર વપરાતા જોવામાં આવે છે. આવા શબ્દો આમ હળવી રીતે અને તેના ભાવગૌરવની ઉપેક્ષા કરીને વપરાતાં તેની દશા શ્રીયુત અને શ્રીમતી શબ્દો જેવી થવાનો ભય રહે છે. જેમ કોઈ પુરૂષ કે સ્ત્રીમાં કોઇ પણ પ્રકારની 'શ્રી' હોય કે ન હોય તેનો લેશ માત્ર વિચાર કર્યા સિવાય આપણે કેવળ ઔપચારિક રીતે શ્રીયુત અને શ્રીમતી અનુક્રમે કોઈ પણ પુરૂષ કે સ્ત્રીના નામ પહેલાં વાપરીએ છીએ, તેવી રીતે ક્રાન્તિ શબ્દનો વિવેકશૂન્ય ઉપયોગ કરતે કરતે આપણે તેને અર્થશૂન્ય બનાવી મૂકીએ-આવી સંભવિતતા ઉભી થાય છે. આ ઇષ્ટ ન હોય તો ક્રાન્તિ શબ્દનો ઉપયોગ યથાસ્થાને અને યથાસમયે કરવામાં આવે તે અત્યન્ત જરૂરી છે.

ભારતીય સંસ્કૃતિનું ઉજળું છતાં કેવળ ભ્રામક ચિત્ર

મુનિ સન્તબાલજી 'ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનું સ્થાન' એ વિષય ઉપરના પ્રવચનના પ્રારંભમાં જણાવે છે કે "ભારતીય સંસ્કૃતિનાં મૂળ બે લક્ષણો આ મુજબ તારવી શકાય (૧) દુનિયાની કોઇ પણ વ્યક્તિ અતિથિરૂપે આવે તો તેને નાતજાત, દેશવેશ કે કોમ ધર્મના કશાય ભેદભાવ વિના અપનાવી લેવી અને (૨) એક માત્ર આત્માની સત્તા સિવાય બીજા કોઈતીય તાબેદારીનો સખત સામનો કરવો. આને જ કારણે શક, હૂણ, પારસિક, મોગલ અને બીજી નાની મોટી અનેક જાતિઓ દુનિયામાંથી આવી આજે સમાજ

ગઇ. આ થયું એક પ્રમાણ. પણ એમ છતાં રામરાવણ યુગથી માંડીને હીટલર–ગાંધીયુગ લગી લગાતાર ઇતિહાસ પર જરાક નજર કરતાં તરત જણાઇ આવે છે કે ભારતે તમોગુણી કે રજોગુણી સત્તાની સામે બરાબર પ્રતિકાર કરી સત્વગુણ–પ્રધાનપણાની રક્ષા કીધી છે. ભારતે ધનવૈભવ કે સત્તા માટે કદી લડાઇ કરી નથી. આમ બીનઆક્રમક નીતિ એ તેના ખમીરમાં વણાયેલ છે. સાથોસાથ તેણે બીજાં બધાં આક્રમણોને કદાચ સહી લીધાં છે, પણ સંસ્કૃતિ ઉપરનાં આક્રમણને કદી સહી લીધું નથી. કારણ કે આપણે જોઇ ગયા કે ભારત આત્મા સિવાયની સત્તાનો ઇનકાર કરે છે. ભારતીય સંસ્કૃતિનું આગવું અસ્તિત્વ આથી જ ટકી રહ્યું છે."

ભારતીય સંસ્કૃતિનું આ ઉજળું ચિત્ર કોઇને પણ રોચક લાગે તેવું છે, પણ ઐતિહાસિક વાસ્તવિકતા સાથે આ ચિત્રનો કોઇ મેળ હોય એમ દેખાતું નથી. વળી ઉપરના પ્રતિપાદનમાં અત્યુક્તિઓનો કોઇ પાર નથી. આપણે આધ્યાત્મિક, આપણે સત્વગુણપ્રધાન, આપણે બીનઆક્રમક–આમ અન્ય પ્રજાઓથી આપણે અનેક રીતે ચડિયાતા–એવો ભ્રામક આત્મસંતોષ સેવવાની અને ઉપદેશવાની આપણને આદત પડી છે. આપણી બીનઆક્રમક નીતિનાં ગુણગાન વિનોબાજીનાં પણ એક પ્રવચનમાં હજુ હમણાં જ જોવામાં આવ્યાં હતાં. ભારત બહાર ભારતની પ્રજાએ કદિ આક્રમણ કર્યું નથી એ હકીકત પાછળ આપણી બીનઆક્રમક નીતિ અથવા તો અહિંસક વૃત્તિ કામ કરી રહી હતી એમ કહેવું અને એવો ગર્વ ચિન્તવવો તેના બદલે આપણામાં રાષ્ટ્રીય અસ્મિતા અને ક્રિયાશીલ સંગઠનનો અભાવ, સાહસિકતાની ઉણપ, અને ત્રણે બાજુએ દરિયો અને ચોથી બાજુએ હિમાલય–આવા ભૌગોલિક અવરોધોનું અસ્તિત્વ–આ કારણોએ આપણને અન્ય દેશો તરફ આક્રમક નજર કરતા અટકાવ્યા છે એમ કહેવું એમાં વાસ્તવિકતાનું વધારે સાચું નિરૂપણ હોય એમ લાગે છે. આપણે ત્યાં આવેલા પારસીઓને બાદ કરો, પણ શક, હુણ, અફઘાન કે મોગલો, ચંગીસખાન, તૈમુરલંગ, મહમદ ગીઝનીની, શાહબુદ્દીનઘોરી, બાબર કે નાદિરશાહ જે કોઈ આવ્યા તે આપણા નોતર્યા અતિથિ રૂપે નહોતા આવ્યા. તેમનામાં કેટલાક મનમાની રીતે લોકોને લૂંટીને અને ફાવે તેટલી કતલ કરીને પાછા ફર્યા, અને આપણે નીચી મુંડીએ જોઇ રહ્યા અને ખમી રહ્યા. વળી તેમાંનાં જેઓ અહિં સ્થિર થયા તેઓ આપણી કોઈ ઉદારતાને લીધે નહિ પણ આપણી અસહાયતા–તેમને હાંકી કાઢવાનું આપણું અસામર્થ્ય,–એ કારણે જ તેઓ અહિં સ્થિર થયા હતા. મોગલો જેવા સ્થિર થયા કે પગવાળીને બેસી રહ્યા નહોતા, પણ અન્ય રાજ્યો ઉપર આક્રમણો કરીને પોતાના સામ્રાજ્યને વિસ્તારી રહ્યા હતા. એ જ માર્ગે મરાઠાઓ અને પેશ્વાઓ પણ દિગ્વિજય કરવા નીકળી પડયા હતા. તે કોઈ તમોગુણી કે રજોગુણી સત્તાની સામે સત્વગુણ–પ્રધાનતાની રક્ષા કરવા નહોતા નીકળી પડયા, પણ નબળા ઉપર સબળાની શિરજોરી સ્થાપિત કરવાના હેતુથી નીકળી પડયા હતા. આમાં કોઇનો પણ હેતુ આપણી સંસ્કૃતિ ઉપરના આક્રમણનો સામનો કરવાનો હતો જ નહિ. વસ્તુતઃ માનવીમાં રહેલ રાગદ્વેષ, સત્તાલોભ, વેરઝેર અને મત્સર જેટલાં અન્યત્ર તેટલાં જ અહિં આપણામાં વિદ્યમાન હતાં અને છે. આપણે બહુ દૂર શું કામ જઇએ ? ૧૯૪૭ માં દેશના ભાગલા પડવા સાથે આઝાદી આવી અને પંજાબમાં લાખોની સંખ્યામાં પ્રજાએ સ્થાનાન્તર કર્યું. તે વખતે જે પાશવતાનું આપણા અહિંસક, અધ્યાત્મી અને સત્વગુણ–પ્રધાન હોવાનો દાવો કરતા લોકોએ પ્રદર્શન કર્યું હતું, અને સ્ત્રીઓ બાળકો ઉપર જે ભયંકર પિશાચી અત્યાચારો થયા હતા તેનો દુનિયાના ઇતિહાસમાં જોટો મળવો મુશ્કેલ છે. વળી આત્મા સિવાય બીજા કોઈની સત્તાની તાબેદારીનો ભારત હંમેશા સખત સામનો કરતું આવ્યું છે–આવા પોલા અભિમાનનો અર્થ શું છે, જ્યારે લગભગ છેલ્લા આઠસો વર્ષનો ઇતિહાસ જે દરમિયાન પ્રથમ મુસલમાન વિજેતાઓની અને પછી અંગ્રેજોની તાબેદારી આપણે નીચું માથું રાખીને સ્વીકારી એવો નક્કર ઇતિહાસ આપણી સામે પડેલો છે ?

આ રીતે વિચારતાં ભારતીય સંસ્કૃતિનું જે ચિત્ર ઉપર ટાંકેલા સન્તબાલજીના શબ્દોમાં આલેખવામાં આવ્યું છે તે કેવળ કલ્પનાનું છે, ખોટા અભિમાનને પોષનારૂં છે, અને સ્વપરને છેતરનારૂં છે. તેને વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ નથી–આમ સ્વીકાર્યા સિવાય કોઇથી ચાલે તેમ નથી.

પણ સાથે સાથે એટલું જણાવવું જરૂરી છે કે અન્ય દેશોની અપેક્ષાએ ભારતના ઇતિહાસની હંમેશાં એક વિશેષતા રહી છે અને તે એ છે કે અન્ય દેશો માફક આપણે ત્યાં પણ જો કે યુદ્ધો, આક્રમણો, સંઘર્ષો, હિંસાકાંડો અને ભૌતિક સત્તાની સ્પર્ધાઓ ચાલતી રહી છે અને પરિણામે આપણો દેશ છુંદાતો, દબાતો આવ્યો છે, એમ છતાં પણ, આપણે ત્યાં અધ્યાત્મચિન્તનની ધારા એકસરખી ચાલતી આવી છે; આપણે ત્યાં આ બધા ભૌતિક સંગ્રામો અને સંઘર્ષોથી પર એવી ઋષિ મુનિઓની, ચિન્તકો અને સાધકોની, સન્તો અને સાધુઓની પરંપરા વહેતી રહી છે અને આધ્યાત્મનો અંશ સાધારણમાં સાધારણ માનવીના જીવનમાં પણ અનેકવાર એક યા બીજી રીતે પ્રગટ થતો જોવામાં આવ્યો છે. આવી સન્તપરંપરા અને આધ્યાત્મિક ઈશ્વરાભિમુખ ચિન્તનની ધારા અન્ય દેશોના ઇતિહાસમાં અને ચાલુ જીવનમાં આટલા નક્કર સ્વરૂપે જોવામાં આવતી નથી. ભારતીય સંસ્કૃતિ-વિષયક આપણું દર્શન આ રીતે સપ્રમાણ અને વાસ્તવિકતા સાથે પુરૂં સંવાદી હોય એ અતિ આવશ્યક છે.

લોકવ્યાપી અસંતોષનું પૃથક્કરણ

થોડા દિવસ પહેલાં એક મિત્રને મળવાનું બન્યું. તેઓ કોંગ્રેસી છે અને ધારાસભાના સભ્ય છે. આજની આપણા દેશની વિષમ પરિસ્થિતિ અને પ્રજાજનોના દિલમાં વધતો જતો અસંતોષ–તેની ચર્ચા અમારી વચ્ચે ચાલી રહી હતી તે દરમિયાન તેમણે જણાવ્યું કે આજની આ પરિસ્થિતિના અને જનતાવ્યાપી અસંતોષના મૂળમાં ત્રણ કારણો જણાય છેઃ–

(૧) આપણને આઝાદી મળ્યા બાદ જે આગળની સરકારના ચાલુ રહેલા અધિકારીઓ સાથે આપણે કામ લેવાનું આવ્યું તેમના ઉપર આપણે ન તો પૂરો કાબુ જમાવી શકયા કે ન તો તેમને આપણા દિલમાં રહેલી સેવાભાવના વડે inspire–પ્રેરિત–કરી શકયા. પરિણામે આખો અધિકારી વર્ગ લગભગ એકાબુ સ્થિતિમાં રહ્યો અને લાંચ રૂશ્વતની બદી અને બીનજવાબદારીની વૃત્તિ ઉત્તરોત્તર વધતી જ ચાલી, જેને આપણે અટકાવી ન શકયા.

(૨) પહેલી અને પછી બીજી પંચવર્ષીય યોજનાના નામે આજે ઘણી પ્રવૃત્તિઓ ચાલી રહી છે, ઘણાં કામો ચાલી રહ્યા છે, તે પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થઇ રહ્યો છે, તેમાંથી ઘણો પૈસો વેડફાઈ રહ્યો છે, પણ સાથે સાથે લોકકલ્યાણ થાય એવું ઘણું ઘણું નિર્માણ થયું છે અને થઈ રહ્યું છે. આમ છતાં પણ આ બધું લોકોના પોતાના કલ્યાણ માટે છે, આર્થિક ઉધ્ધાર માટે છે, આમાંથી તેમને ઘણો લાભ થવાનો છે–આવી લોકોના દિલમાં આપણે પ્રતીતિ ઉપજાવી શકયા નથી. તેથી લોકો તો લગભગ એમ જ માની રહ્યા છે કે તેમના નામે પૈસાનું અનર્ગળ પાણી થઇ રહ્યું છે અને એમ છતાં તેમને તેમાંથી કશો લાભ થવાનો નથી. સાથે સાથે એ પણ કબુલ કરવું જોઇએ કે પશ્ચિમના ચોકકસ ખ્યાલોને લીધે, અથવા તો પૂરી સમજણના અભાવે અથવા તો બીજા આગળ વધેલા દેશોની હરોળમાં સમાન કક્ષાએ ઉભા રહેવાના અને એટલા જ ઉજળા દેખાવાના મોહને વશ થઇને, આપણે ત્યાં ઘણો નકામો ખર્ચ થયો છે, એવાં અનેક અતિ ખર્ચાળ બાંધકામો થયાં છે, જે દશ વર્ષ મુલતવી રાખવામાં જરા પણ વાંધો ન આવત. આ બધું લોકોની નજરે ચડે છે અને તેમના અસંતોષની માત્રા વધે છે.

(૩) આજે આપણે નવનિર્માણના માર્ગે છીએ અને તે નવનિર્માણ ઉત્તરોત્તર ઘડાનારી અને અમલી બનનારી પંચવર્ષીય યોજના દ્વારા સાધવાનું છે. આ માટે આપણને ઘણી ચીજો સિવાય ચલાવી લેવું પડે તેમ છે. વળી કરવેરા પણ વધતા જ જવાના છે. અનેક ચીજોની તંગી ભોગવતા રહેવાનું છે અને પેટે પાટા બાંધીને ચાલવાની સ્થિતમાંથી આપણે પસાર થવાનું છે. પ્રજાને અગવડો સહી લેવાનું, તંગી ભોગવવાનું, જરૂરિયાતની ગણાતી ચીજો વિના ચલાવી લેવાનું, પેટે પાટા બાંધીને જીવવાનું કહેવામાં આવે છે. પ્રજાએ આખા દેશના ભાવી ઉત્કર્ષને લક્ષ્યમાં રાખીને આમ જરૂર કરવું જોઇએ અને એમ કરે પણ ખરી, પણ તેમને તેમ કરવાની કોઈ પ્રેરણા મળતી નથી. તે પ્રેરણા ક્યારે મળે કે જ્યારે તંગી ભોગવવાનું, પેટે પાટા બાંધીને ચાલવાનું કહેવાવાળા પ્રધાનો, શાસકો, કોંગ્રેસીઓના જીવનમાં એ તંગીનું ખેંચતું, અગવડો ભોગવવાનું સામાન્ય પ્રજાને કાંઇકે દર્શન થતું હોય. પણ કહેનારાના જીવનમાં બધી સુખસગવડ દેખાતી હોય, કઠણ જીવનનો કોઈ અંશ ન દેખાતો હોય, સહેલાણીપણું અને સુંવાળાપણું દેખાતું હોય તો પ્રજા કેવી રીતે સ્વેચ્છાપૂર્વક તંગી ભોગવવાને તૈયાર થાય ? કમનસીબે ઉપદેશ આપનારા શાસકો કે પ્રધાનોના જીવનની તેમજ કહેવાતા લોકસેવકોના જીવનની મોટા ભાગે આ દશા છે અને તેથી પ્રજા સ્વેચ્છાએ કશું પણ સહેવા ખમવાને તૈયાર થતી નથી.

આજની વિષમ પરિસ્થિતિનું અને લોકવ્યાપી અસંતોષનું આ પૃથક્કરણ તદ્દન સાચું લાગે છે પણ તેમાંથી નીકળવું કેમ, છૂટવું કેમ, ઊંચે આવવું કેમ તેનો ઉકેલ શોધવો બહુ મુશ્કેલ છે. **પરમાનંદ**

સ્વ.ટી.જી.શાહ અંગે જાહેર શોકસભા

મુંબઈ જૈન યુવક સંઘ તથા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના આશ્રય નીચે ચાલુ જુલાઈ માસની ૧૮ મી તારીખે શુક્રવારે સાંજે ૬-૦ વાગ્યે સી. પી. ટેંક ઉપર આવેલા હીરાબાગની વ્યાખ્યાનશાળામાં મજુરપ્રધાન માન્યવર શ્રી શાન્તિલાલ શાહના પ્રમુખપણા નીચે શ્રી. ટી. જી. શાહના તાજેતરમાં નીપજેલ અવસાન અંગે શોક પ્રદર્શિત કરવા માટે જાહેર સભા મળશે. સ્વ. ટી. જી. શાહના સ્વજનો, મિત્રો તથા પ્રશંસકોને હાજર રહેવા પ્રાર્થના છે.

'પરમ જ્ઞાનને પંથે' માં એક સુધારણા

પ્રબુધ્ધ જીવનનાં ગતાંકમાં 'પરમ જ્ઞાનને પંથે' એ સંગીતરૂપકનો બીજો હપ્તો પ્રગટ થયો છે. તેની શરૂઆતમાં મારની સેના વિષે મનહર છંદમાં જે ચાર પંક્તિઓ ("ઘેરી વળી દશ દિશાએ" થી "મૂકુ પુલ જ્યમ પાસ આવે" સુધી) છે તે રદ કરીને તેના સ્થાને નીચેની ચાર પંક્તિઓ મૂકવા બહેન ગીતા જણાવે છેઃ—

(છંદ વસન્ત-તિલકા)

ઘેરી વળે દિશથી ગૌતમ બુદ્ધને એ
તૂટી પડે ધરણીપે જ્યમ મેઘ ભારે,
વર્ષાવતાં વિષભર્યાં કંઇ તીક્ષ્ણ શસ્ત્રો
જે કિન્તુ થાય ફૂલ શાં જ્યમ પાસ આવે. —**તંત્રી**

સંઘ સમાચાર

'હિમગિરિમાં પરિભ્રમણ'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં બોલાવાયલી સભા સમક્ષ તા. ૧૫-૬-૫૮ ના રોજ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ તાજેતરમાં તેમણે કરેલા નૈનીતાલ આજુના પ્રવાસ ઉપર પોણા બે કલાક સુધી વાર્તાલાપ રજુ કર્યો હતો. એ પ્રવાસનું વર્ણન હવે પછીના અંકોમાં ક્રમસર પ્રગટ કરવામાં આવશે.

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક આ વર્ષ દરમિયાન યોજવામાં આવનાર પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે બીજા શ્રાવણ માસની આખરે સપ્ટેંબર માસની ૫ મી તારીખથી ૧૬ તારીખ સુધી એમ આઠ દિવસ નક્કી કરવામાં આવ્યા છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

વિષય સૂચિ

		પૃષ્ઠ
રખેને આપણે મોડા પડીએ!'	ગગનવિહારી મહેતા	૪૯
શ્રી ગગનવિહારી મહેતાનો સત્કાર		
પ્રકીર્ણ નોંધ: આવી વિદ્યોપાસનાને ધન્ય છે!	પરમાનંદ	૫૩
બે સગીર બાળાઓનો બાલદીક્ષાની પકડમાંથી		
કરવામાં આવેલો ઉગારો, નિમંત્રણ પત્રો અંગ્રેજીમાં		
શા માટે ? 'ક્રાન્તિ' શબ્દને આપણે આમ સોંઘો		
ન બનાવીએ, ભારતીય સંસ્કૃતિનું ઉજળુ છતાં		
ભ્રામક ચિત્ર, આજના અસંતોષનું પૃથક્કરણ.		
મંગલ પ્રાર્થના	સુરજચંદ ડાંગી	૫૬
"જયશ્રી બદરી-કેદારનાથકી"	અવલોકન : પરમાનંદ	૫૭
ટી. જી. શાહની અવસાન નોંધ	પરમાનંદ	૫૮

* મંગલ પ્રાર્થના *

हे परमेश्वर ! परम तत्व तू, सब धर्मों का सार।
तू ही सब धर्मों का सार ॥ध्रुव॥

निगमागम श्रुति – स्मृति – पुरान तू,
धर्म—शास्त्र कलमा कुरान तू।
सूत्र-ग्रन्थ-इञ्जील-अवस्ता-पिटकों का आधार।
तू ही सब धर्मों का सार ॥ १ ॥

अर्हन्तों का विमल त्याग तू,
नबियों का समतानुराग तू।
अवतारों का प्रण, मसीह का दीन-जनों पर प्यार।
तू ही सब धर्मों का सार ॥ २ ॥

ऋषि-मुनियों का ज्ञान-ध्यान तू,
पादरियों का 'प्रीच'—दान तू।
सुलाओं की दिली मुहब्बत, श्रमणों का आचार।
तू ही सब धर्मों का सार ॥ ३ ॥

मन्दिर में मालादि साज तू।
मस्जिद में तस्बीः नमाज तू।
चर्चों में प्रेयर चैत्यों में जिन-वन्दन-व्यवहार।
तू ही सब धर्मों का सार ॥४॥

विधि – हरि – शंकर गुणागार तू,
सिद्ध जिनेश्वर निराकार तू।
निर्विकार अल्लाह यहोवा निर्गुण-गुण-विस्तार।
तू ही सब धर्मों का सार ॥ ५ ॥

आत्मवाद का सरस नाद तू,
कर्मयोग का मधुर स्वाद तू।
सांख्य आदि दर्शन अनन्त हैं तेरे विविध प्रकार।
तू ही सब धर्मों का सार ॥ ६ ॥

है अद्वैत अभेद एक तू,
नाम भेद से ही अनेक तू।
कल्पभेद से लीलाओं में चरित-विभेद अपार।
तू ही सब धर्मों का उार ॥ ७ ॥

सत्य – कर्म चित् – ज्ञान-धाम तू,
भक्ति प्रेम आनन्द काम तू।
शिव-सुंदर-सुख-रूप सनातन-दिव्य-दृष्टि-दातार।
तू ही सब धर्मों का सार ॥ ८ ॥

जीवन का कल्याण—द्वार तू,
शुद्ध-शांति का आर-पार तू।
क्रांतिकार उपजाकर करता युग-अनुरूप सुधार।
तू ही सब धर्मों का सार ॥ ९ ॥

हृदय अभय तू, बुद्धि सदय तू,
गुण संचय तू दुर्गुण क्षय तू।
विनयपूर्ण शुभ दृढ निश्चय तू जीवन में साकार।
तू ही सब धर्मों का सार ॥१०॥

सर्वोदय सुन्दरतामय तू,
कर्म-शील शिव - शांति - निलय तू।
सब के हित में सब कुछ व्यय तू मानव का निर्धार !
तू ही सब धर्मों का सार ॥११॥

दिव्य ज्योति भव-तम - निकन्द तू,
नित्य प्रकाशक 'सूर्यचन्द्र' तू।
अवतारी जिन बुद्ध नबी सब तेरे खिदमतगार।
तू ही सब धर्मों का सार ॥१२॥

हे परमेश्वर ! परम तत्व तू सब धर्मों का सार।
तू ही सब धर्मों का सार॥

सूरजचंद डांगी

"જય શ્રી બદરી-કેદારનાથકી"

(**જય શ્રી બદરી-કેદારનાથકી** : લેખિકા : બહેન પૂર્ણિમા પકવાસા, પ્રકાશક : એ આર. શેઠની કંપની, ગોવિંદ બીલ્ડીંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨ કીંમત રૂા. ૪)

હિમાલય બાજુએ ખાસ કરીને ત્યાં આવેલાં તીર્થસ્થાનોમાં પ્રવાસ કરવાનો શોખ આપણા લોકોમાં દિન પ્રતિ દિન વધતો જાય છે અને માત્ર મોટી અને આધેડ ઉમ્મરનાં સ્ત્રીપુરૂષો જ નહિ પણ સંખ્યાબંધ યુવક યુવતીઓ, વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ઉનાળાના દિવસોમાં એ બાજુએ પરિભ્રમણ કરવા નીકળી પડે છે. આમ પ્રવાસ વધવા સાથે એ પ્રદેશનાં વર્ણનોનું સાહિત્ય પણ સારા પ્રમાણમાં પ્રગટ થઇ રહ્યું છે અને લોકરૂચિને તૃપ્ત કરી રહ્યું છે. તાજેતરમાં શ્રી પૂર્ણિમા બહેને ઉપર જણાવેલ પુસ્તક પ્રગટ કરીને આજ સુધી પ્રકાશમાં આવેલ હિમાલયને લગતા સાહિત્યમાં એક ઉપયોગી વધારો કર્યો છે.

શ્રી પૂર્ણિમાબહેન ૧૯૫૪ ની સાલમાં તેમનાં એક સ્નેહી સહકુટુંબ બદ્રીનાથ તથા કેદારનાથની યાત્રાએ જઈ રહ્યા હતા તેમની સાથે પોતાની પુત્રી બહેન આરતી તથા વૃદ્ધ માશીબાને લઇને આ પ્રવાસ અથવા તો યાત્રામાં જોડાયલાં. એપ્રીલની ૨૮ મી તારીખે તેમણે મુંબઈ છોડયું અને પહેલાં કેદારનાથ અને પછી બદરીનાથ એમ બે તીર્થધામોની યાત્રા કરીને તેમ જ પાછળના ભાગમાં નૈનીતાલ, કૌશાની તથા રાણીખેતનું ઉડતું પરિભ્રમણ કરીને જુન માસની છઠ્ઠી તારીખે તેઓ મુંબઈ પાછા ફર્યા. કેદારનાથ તથા બદરીનાથના માર્ગે અનેક નાનાં મોટાં મંદિરો, તીર્થસ્થાનો અને વિશિષ્ટ સ્થળો આવે છે જેની સાથે મહાભારત, અને ભાગવતમાં આવતા અનેક પ્રસંગો જોડાયલા છે. એ ઉપરાંત હિમાલય એટલે શંકર અને પાર્વતીની ચરિત્રભૂમિ એટલે તેમની અનેક જીવનઘટનાઓને પ્રવાસ માર્ગમાં આવતાં એક યા બીજા સ્થળ સાથે સાંકળવામાં આવેલ છે. આ બધી દન્તકથાઓનો પણ આ પુસ્તકમાં વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ બધી વાતો કેવળ દન્તકથાના રૂપની છે. તેને કોઇ ઐતિહાસિક આધાર હોવા સંભવ નથી. સ્થળ સ્થળની લાક્ષણિક વિશેષતાઓ તરફ યાત્રાળુઓનું ધ્યાન કેન્દ્રિત કરવાના હેતુથી તે તે સ્થળ સાથે પૌરાણિક કથાઓને લોકકલ્પનાએ જાણે કે સાંકળી દીધી હોય એવું અનુમાન થાય છે. આમ છતાં આ બધી ઘટનાઓ અથવા તો કથાઓ જાણે કે વાસ્તવિક રૂપે એક યા અન્ય સમયે ચોક્કસપણે બની હોય એવો ભ્રમ પેદા થાય એ રીતે તેનું પ્રસ્તુત પુસ્તકમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. કોઈ કોઈ ઠેકાણે ચાલુ કિંવદન્તીનું ઐતિહાસિક સમર્થન કરવાનો પ્રયત્ન પણ સેવવામાં આવ્યો છે. દા. ત. કેદારનાથનું ૫૦૦૦ વર્ષ જુનું મંદિર પાંડવોએ બંધાવેલું છે એવી પરંપરાગત માન્યતાનું સમર્થન કરતાં શ્રી પૂર્ણિમા બહેન જણાવે છે કે "કોઇ પણ પુરાણી ઐતિહાસિક ઇમારત યા મંદિરમાં એ જેણે બંધાવ્યું હોય તેની અને ઘણી વાર તેના સ્થપતિના મૂર્તિઓ કોઈ અતિ નમ્ર જગ્યાએ સ્થાપિત હોય છે, એટલે આ મંદિર પાંડવોએ બંધાવેલું છે એમાં કોઈ શંકા લાગતી નથી. નહિતર આ મંદિરમાં પાંડવોની જ મૂર્તિઓને શા માટે સ્થાપિત કરી હોય ? આ એક પરંપરા પ્રાચીન કાળથી ચાલી આવે છે કે જે કોઈ મંદિરનું નિર્માણ કરે તેનું તે મંદિરમાં કોઇ ને કોઇ રૂપમાં સ્મારક હોય છે જ. એટલે જ શ્રી કેદારનાથના મંદિરમાં એના નિર્માતાઓના સ્મારકના રૂપમાં પાંડવોની વિશાળ પાષાણ મૂર્તિઓ સ્થાપેલી હોવી જોઇએ. વળી ધર્મગ્રંથો અને પુરાણોમાં પણ આ વાતનો ઉલ્લેખ છે." જ્યાં મહાભારતની કથામાં કેટલું સત્ય અને કેટલી કલ્પના છે એ એક સવાલ છે, જ્યાં પાંડવોનો કોઈ નિશ્ચિત સમય નથી અને મોહેનજોદેરોમાં પાંચથી છ હજાર વર્ષનાં જુનાં અવશેષો ખોદકામ કરતાં મળી આવ્યાં એ સિવાય આવા સાંગોપાંગ બાંધકામના આકારનું કોઇ પણ મકાન બે હજાર વર્ષ-જુનું પણ આજે વિદ્યમાન નથી ત્યાં, કેદારનાથનું મંદિર તે પાંડવોએ ૫૦૦૦ વર્ષ પહેલાં બાંધેલું મંદિર છે એમ કહેવું તે માત્ર પુરાણપ્રિયતા છે, ઇતિહાસ નથી.

કોઇ પણ પુસ્તક વાંચીએ તે પુસ્તકના લેખકને જો આપણે જાતે ઓળખતા હોઇએ તો તેના વ્યક્તિત્વના અંશો તે પુસ્તકના લખાણમાં શોધવા આપણું મન સ્વાભાવિક રીતે પ્રયત્ન કરે છે. પૂર્ણિમાબહેન જન્મે જૈન છે; જૈન કુટુંબમાં ઉછરેલા છે પણ વરેલા છે વૈષ્ણવ કુટુંબમાં. આ રીતે તેમનાં વર્ણનોમાં, તથા જુદા જુદા સ્થળે અને સમયે થયેલા આઘાત પ્રત્યાઘાતમાં તેમના ઘડતરમાં રહેલો એ જૈન સંસ્કાર શોધવા હું મથું છું, પણ કોઈ ઠેકાણે-નાની સરખી ટીકા ટીપ્પણી કે ઉલ્લેખ-પ્રતિલેખમાં-આ સંસ્કારનું તત્ત્વ જોવા મળતું નથી. આ તીર્થધામોમાં પરિભ્રમણ કરનારના દિલમાં પૂરો આદર હોય એમ છતાં પણ, જો તેનામાં જૈન સંસ્કાર હોય તે તે કાંઇક જુદી રીતે જોવાનો અને પોતાના સંવેદનને કાંઇક જુદી રીતે વ્યક્ત કરવાનો. એ અભિવ્યક્તિમાં કાંઇક તર્ક, બુદ્ધિપૂર્વક જોવા વિચારવાની વૃત્તિનો અંશ હોવાનો-આમ છતાં પૂર્ણિમા બહેનના લખાણમાં આવો કોઈ અંશ જોવા મળતો નથી તેથી કાંઇક આશ્ચર્ય થાય છે. આખું નિરૂપણ કેવળ ભક્તિપ્રણત ભાવપૂર્વકનું અને ક્રિયાકાંડપરાયણ વૈષ્ણવી માનસને વ્યક્ત કરતું લાગે છે. પિતૃપક્ષનો સંસ્કાર આમ કેમ દબાઈ ગયો હશે અથવા તો સદન્તર લુપ્ત થયો હશે તે સમજમાં આવતું નથી.

પ્રસ્તુત પુસ્તકના અંગમાં આ બે બાબતો સ્વતંત્ર પરીક્ષણના આકારની કહેવાની પ્રાપ્ત થાય છે, અને એમ છતાં પણ એ કારણે પુસ્તકની મુલ્યવત્તામાં કશો ઘટાડો થતો નથી.


પૂર્ણિમા બહેનની લેખનશૈલિ ભારે રોચક છે. લખાણ એટલું પ્રવાહાત્મક છે કે પુસ્તક વાંચવું શરૂ કરો એટલે ત્રણ ચાર બેઠકે પણ પુરૂં કર્યે જ છૂટકો. કેદારનાથ અને બદરીનાથનું, મંદાકિની અને અલકનંદાનું, બન્ને માર્ગે આવતાં ઉપતીર્થોનું પૂર્ણિમા બહેને ભક્તિભાવથી ઉછળતા હૃદયે અને આનંદપુલકિત ભાવે વર્ણન કર્યું છે અને વાંચનારના દિલમાં ભક્તિભાવનો આનંદ અને ઉલ્લાસ પ્રેરે તેવું છે. નિસર્ગ-સૌન્દર્યને પણ તેમણે એટલા જ ઉમળકાથી અને ઊંડી પરખપૂર્વક વર્ણવ્યું છે, નાચતી અને આખા પ્રદેશને ગજવતી નદીઓનાં ગાનતાન અને નૃત્યને વર્ણવતાં તેમની લેખિની ધરાતી જ નથી. અલકનંદા ઉપર તો તેમણે એક સ્વતંત્ર પ્રકરણ લખ્યું છે અને ગદ્યમાં હોવા છતાં કવિત્વથી ભરપુર છે. કાકાસાહેબ કાલેલકરે આ પુસ્તકનો આમુખ લખી આપ્યો છે તેમાં તેમણે યથોચિત જણાવ્યું છે કે "હિમાલયના વાતાવરણથી એ આખું લખાણ રંગાયેલું છે, એટલું જ નહિ પણ, હિમાલયની ખુશ્બો પણ એમાંથી મળે છે. પહાડોના ઉત્તુંગ ભવ્ય શિખરો એમાં પોતાની આર્ષવાણીથી બોલે જ છે. પણ મુખ્યત્વે આ ચોપડીમાં પર્વતકન્યા મંદાકિની, અલકનંદા અને એમની અસંખ્ય બેનપણીઓ સ્વયં ભાવે પોતાના કલકલ ધ્વનિથી આખી ચોપડીને મધુર રીતે મુખરિત કરે છે.

"હિમાલયના આનંદની બધી જ છટાઓ આમાં ઉદાવદાર રીતે વ્યક્ત થઈ છે. ચિ. પૂર્ણિમા બહેનને સંગીતનો શોખ સારો છે એમ લાગે છે. એટલે જ નદીઓનું સંગીત આમાં વિશેષ રીતે વ્યક્ત થયું છે. પૌરાણિક કથાઓ, ઇતિહાસના સહેજસાજ ઉલ્લેખો, પ્રકૃતિમાતાનું સૌન્દર્ય, લોકજીવનનું માધુર્ય, યાત્રાના પરિશ્રમનો ઉત્સાહ, ઉલ્લાસ, થાક અને તરત પાછી મળતી તાજગી-બધું આમાં ડગલે ને પગલે જોવા મળે છે."

આ પુસ્તકમાં હિમાલયને લગતાં જે જે પુસ્તકો શ્રી પૂર્ણિમા બહેનની નજરે ચઢયાં તેની એક યાદી આપવામાં આવી છે. બદરીકેદારની યાત્રાએ જનારને ઉપયોગી થાય એવી કેટલીક સૂચનાઓનું એક જુદું પ્રકરણ સામેલ કરવામાં આવ્યું છે. રસ્તામાં આવતાં સ્થળોની ઉંચાઈ, પરસ્પર અન્તર તથા જરૂરી માહિતીને સૂચવતું એક પરિશિષ્ટ પણ આપ્યું છે.

આવું ઉપયોગી અને સાથે સાથે રસનીતરતું પુસ્તક રચવા બદલ શ્રી પૂર્ણિમા બહેનને અભિનન્દન ઘટે છે. **પરમાનંદ**

અમારા ટી. જી. શાહ ગયા, એકાએક ગયા, સદાને માટે ગયા, પણ ઘેરી સુવાસ, મધુરી મીઠાશ મૂકી ગયા !



ચાલુ માસની ૧૧ મી તારીખે રાત્રે બે વાગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના એક અગ્રગણ્ય કાર્યકર્તા અને સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ, જૈન સ્થાનકવાસી કોન્ફરન્સ વગેરે બીજી અનેક સંસ્થાઓની કાર્યવાહી સાથે તેમની લાંબી જીવનકારકીર્દી દરમિયાન એક યા બીજા સમયે ગાઢપણે સંકળાયેલા જાણીતા સમાજસેવક શ્રી. ટી. જી. શાહનું બે કે ત્રણ દિવસની ટુંકી માંદગીમાં ૭૪ વર્ષની ઉમ્મરે અવસાન થયું. તેઓ મૂળ વઢવાણના વતની; આપબળે ઇલેકટ્રીક સ્ટોર્સના ધંધામા આગળ વધેલા, પહેલા મુંબઈમાં, પછી કરાંચીમાં પોતાના ધંધાની તેમણે ખૂબ જમાવટ કરેલી, અને સાથે સાથે જાહેર જીવનમાં પણ વર્ષોથી ખૂબ ભાગ લઈ રહેલા—એવા ટી. જી. શાહનું અવસાન થતાં સમાજે પુરૂષાર્થપરાયણ, નીડર, પરોપકારી, ધુની, મનસ્વી અને પ્રાણવાન અને શરીરે આ ઉમ્મરે પણ પુરા સશક્ત માનવીને ગુમાવ્યો છે. તેમના વ્યક્તિત્વની જોડ મળવી મુસ્કેલ છે. કેટલાંક વર્ષોથી પોતાનો ધંધો સંકેલીને તેઓ મુંબઇમાં નિવૃત્ત જીવન ગાળતા હતા. પોતાની કમાઈમાંથી તેમણે મુંબઇમાં પાયધુનીના નાકા ઉપર છ માળનું મકાન બંધાવ્યું હતું. જે 'ટી. જી. શાહ બીલ્ડીંગ'ના નામથી ચોતરફ ખૂબ જાણીતું છે.

તેઓ જૈન સ્થાનકવાસી કોન્ફરન્સના વીશ વર્ષ સુધી મંત્રી હતા; સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ તેમ જ મુંબઇ જૈન યુવક સંઘના પણ તેઓ અમુક સમય માટે મંત્રી હતા, તેમની અનેક ધુનોમાં જીવનના પ્રારંભથી આજ સુધી ચાલી રહેલી ધુન લોકોને ચા, બીડી વગેરે વ્યસનોથી મુક્ત કરવાની હતી. બીજા અનેક કાર્યોની સાથે સાથે લોકોના વ્યસનો સામે તેમની જેહાદ એકસરખી ચાલતી રહી હતી. તેમની એક હોબી જાદુના ખેલો કરીને લોકોનું મનોરંજન કરવાની હતી. જે બાબતની તેમને ધુન લાગી તેની પાછળ ગમે તેટલો સમય અને શક્તિ ખરચવામાં તેઓ કદિ પાછું વાળી જોતા નહોતા. એક વખત તેમના ખ્યાલમાં આવ્યું કે રબરની લાંબી ટયુબને એક છેડે ઘાસલેટની ગરણી જેવું કાંઈક બાંધવામાં આવે અને તેમાં મોઢું રાખીને માણસ બોલે અને બીજે છેડે બેકેલાઇટની પાઇપ રબરની ટયુબમાં ભરાવીને બહેરા માણસ કાનમાં રાખે તો પેલો માણસ જે કાંઈ બોલે તે બહેરા માણસ આસાનીથી સાંભળી શકે છે; ત્યાર પછી તેમણે આ સાધનો ઢગલાબંધ તૈયાર કરવા માંડ્યાં, અને મિત્રોમાં મફત વહેંચવા માંડ્યા તેમ જ બીજા લોકોને પડતર ભાવે વેચવા માંડ્યા. આ તેમની ધુન બે ત્રણ વર્ષ ચાલી. આ યંત્રને તેમણે 'કર્ણોક' નામ આપ્યું હતું.

વૃદ્ધ ઉમ્મર છતાં તેમનો બાળક જેવો સ્વભાવ હતો અને નાના મોટા સાથે તેઓ બહુ જ સરળપણે મળી જતા. કોઇપણ પર્યટનમાં તે સાથે હોય ત્યારે આનંદવિનોદની જમાવટ થતાં વાર ન લાગે. મસ્તીમાં આવે ત્યારે તેઓ બાળક માફક નાચતા, કુદતા અને અનેક નાના મોટા ટુચકાઓ, જાત અનુભવની વાતો આખ્યાયિકાઓ સંભળાવીને સૌ કોઇના દિલનું રંજન કરતા.

તેમનામાં ઢોંગ, પાખંડ, દંભ સામે ભારે રોષ અને અસહિષ્ણુતા હતી. તે કોઇથી બીવરાવ્યા બીતા નહોતા અને દબાવ્યા દબાતા નહોતા. કહેવાતા સાધુ સંન્યાસીઓની ધુર્તતા ખુલ્લી પાડવામાં તેઓ જીવનની કૃતાર્થતા સમજતા હતા. દિલના ભારે પ્રેમાળ અને ઉમળકાથી ભરેલા, જે કોઇ ઘેર આવે તેમને ખવરાવવા પીવરાવવામાં તેઓ ખૂબ આનંદ અનુભવતા. સાંજે કોઇ વાર તેમના ઘેર ગયા હોઇએ તો પછી ઘેર જઇને વાળુ કરવાપણું રહે જ નહિ.

આજથી થોડાં વર્ષ પહેલાં તેમની દીકરી બહેન કંચને એક ખ્રીસ્તી યુવાન સાથે લગ્ન કર્યાની તેમને ખબર પડી ત્યારે તેમને તથા તેમનાં પત્નીને ઘણો સખ્ત આઘાત લાગેલો. એમ છતાં બહુ થોડા સમયમાં તે ઘટનાને બન્નેએ પચાવી લીધી અને જમાઇને પોતાના દીકરા જેવો ગણીને જ્યાં સુધી જીવનમાં સ્થિર ન થયો ત્યાં સુધી પોતાને ઘેર રાખ્યો અને તેને જરા પણ જુદાપણું જણાવા ન દીધું.

ટી. જી. શાહનાં ધર્મપત્ની ચંચળબહેનની આપણા સમાજમાં જોડી મળવી મુસ્કેલ છે. તેમના માટે 'કરૂણામૂર્તિ' સિવાય બીજો કોઇ શબ્દ જ નથી. સ્ત્રીનું માર્દવ અને માતાનું વાત્સલ્ય તેમનામાં પરમ કોટિએ મૂર્તિમન્ત થયાં છે. ધાર્મિકતા તેમના શ્વાસેશ્વાસમાં ભરેલી છે. તેમના સાહચર્યના બળે જ ટી. જી. શાહ અનેક સેવાકાર્યો અને પુરૂષાર્થ સાધી શકયા હતા. બન્ને લગભગ સમવયસ્ક; એક ખડતલ, સાહસિક, નિરૂપદ્રવી, સદ્‌ભાવશીલ પણ ભારે ધુની, મનસ્વી અને કાંઇક એકાંગી; અન્ય ધૈર્યશીલ, સેવાસ્વભાવી, ઉદાર., સમજુ અને વ્યવહારદક્ષ—આવું તે યુગલ હતું. આમાંથી એકના જતાં વિધાતાએ સરજેલી અનુપમ જોડી ખંડિત થઈ છે. આમ જીવનના છેડે આવતાં જેમના જીવનસાથીએ એકાએક સદાની વિદાય લીધી છે તેવાં ચંચળબહેન આપણ સર્વની ઊંડી સહાનુભૂતિના પાત્ર બને છે. તેમને એકલાં ટકી રહેવાનું અને ચિરકાળ સુધી ચોતરફ સુવાસ ફેલાવતા રહેવાનું પરમાત્મા બળ આપે એવી આપણી પ્રાર્થના છે !

ટી. જી. શાહ જતાં અમે—અમારા સંઘે—એક સાચો સાથી, મિત્ર, સ્વજન ગુમાવ્યો છે. 'વૃદ્ધ છતાં યુવાન' એમ કોઇ પણ વ્યકિત માટે પૂરા અર્થમાં કહેવું હોય તો તે માત્ર ટી. જી. શાહ માટે જ કહી શકાય. વધતી જતી ઉમ્મર છતાં ચાર પાંચ માઇલ ચાલવું તેમના માટે રમત વાત હતી. થોડા સમય પહેલાં ન્યુ એરા સ્કુલમાં રમત-ગમતના કાર્યક્રમમાં 'ટગ ઓફ વોર' માં તેમણે ભાગ લીધો અને પડી ગયા અને પગે ઇજા થઇ. એવી જ રીતે દેવલાલીમાં એક બહેનને સાઇકલ શિખવવા જતાં પડયા અને હાથે ઇજા થઈ, ત્યારથી તેમની હીલચાલ ઉપર થોડો અંકુશ મુકાયો હતો. એમ છતાં તેમનો ફરવા હરવાનો ઉત્સાહ કદિ કમી થયો નહોતો. હજુ છ સાત મહીના પહેલાં ડીસેમ્બર માસમાં અમારા સંઘ તરફથી અજન્ટા એલોરાનું પર્યટન ગોઠવવામાં આવ્યું હતું, ટી. જી. શાહને મેં પૂછયું "કેમ શાહ, અમારી સાથે આવશોને ?" મને કહે "મન બહુ થાય છે, પણ હમણાં હમણાં હાથ પગ બહુ કળે છે. કેમ કરૂં ?" મેં કહ્યું "ચાલોને, કંઇ વાંધો નહિ આવે." અને તે અમારી સાથે આવ્યા અને બધે ચડયા, ઉતર્યા અને ફર્યા હર્યા. પાછા ફરતાં બસમાં ગાનતાનની ભારે જમાવટ થઇ. કોઇ સાદી તર્જ ગાય તો કોઈ ઉસ્તાદી ગાયન સંભળાવે, કોઇ દુહો કહે તો કોઇ કવાલી સંભળાવે.—આ અમારા નાટારંભમાં ટી. જી. શાહ જે ઝુલ્યા અને ડોલ્યા છે, નાચ્યા અને કુદ્યા છે તે આજે પણ એટલું જ યાદ આવે છે અને અમારામાં આનંદરોમાંચ પેદા કરે છે. એમને જોતાં એમ જ લાગ્યા કરતું. આ શરીરને પાંચપંદર વર્ષ સુધી વાંધો ન જ આવે. જીંદગીની ચાલી રહેલી વણઝારમાં અનેક માણસો મળ્યા છે અને મળશે, પણ આવો ગુલાબી, રંગીલો, ખેલદીલ, ઉમદા દિલનો માણસ અમને તો હવે નહિ જ મળે એવા આર્તનાદ-પૂર્વક ટી. જી. શાહના પવિત્ર આત્માને માર્ માથું નમે છે; તેમને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એમ હૃદય પ્રાર્થના કરે છે. પરમાનંદ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જીવન

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૭

મુંબઈ, ઓગષ્ટ ૧, ૧૯૫૮, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૫

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

નરસિંહ મહેતા : પ્રેરક વિભૂતિ

ભારતીય સંસ્કૃતિનાં ઘડતરમાં સંતોનો ફાળો વિશિષ્ટ કોટિનો છે. સાધુ બની સંસારથી દૂર ચાલ્યા ન જતાં, સંતોએ સતત લોક-સંપર્કમાં રહી પોતાનાં ત્યાગ, વૈરાગ્ય, અને ધર્મમય પવિત્ર જીવનની પ્રેરક સુવાસ સંસારમાં પ્રસરાવી છે. લોકજીવનનો અભ્યુદય સાધનારા આપણા સંત પુરુષો પોતાની પાછળ મહામૂલો સાહિત્યિક અને સાંસારિક વારસો મૂકતા ગયા છે. જ્ઞાન અને ઉગ્ર તપશ્ચર્યા વડે નહિ, પણ યોગ અને ભક્તિ દ્વારા પરમેશ્વરસાક્ષાત્કારની ઝાંખી કરવા મથતા અને પોતાને એવી ઝાંખી થઇ હોવાની વાત કરતા સંતોના જીવનની આસપાસ કેટલીક ચમત્કૃતિ ભરેલી ઘટનાઓ ગુંથાય એ સ્વાભાવિક છે. નરસૈંહ અને મીરાં, કબીર અને સુરદાસ, તુલસીદાસ અને ચૈતન્ય, તુકારામ અને જ્ઞાનદેવ જેવા આપણા સંતોના જીવનને શુષ્ક, તાર્કિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ ન જોતાં, અર્થ, રસ અને ભાવની દૃષ્ટિએ જોઇએ તો ચમત્કારો પાછળ કંઇકને કંઇક રહસ્ય જોવા મળતું હોય છે.

ભક્ત કવિ નરસિંહ મહેતાનું જીવન પણ આવી ચમત્કૃતિઓથી ભરેલું છે. ભારતીય સંતપરંપરામાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર આ વિરલ વિભૂતિનો જન્મ તળાજામાં અને ઊછેર જૂનાગઢમાં થયો હતો. નાની ઉંમરમાં માતા પિતા ગુમાવનાર અને ભાભીના મેણાંટોણાંનો ભોગ થઇ પડનારૂ નરસિંહ મહેતા ઘર છોડી ચાલ્યા જાય છે. ગોપનાથ જઇ મહાદેવની એ સ્તુતિ કરે છે. એના ઉત્કટ ભક્તિભાવથી પ્રસન્ન થઇ શંકર ભગવાન એમને દર્શન દે છે. અને કૃષ્ણની રાસલીલા જોવા માટે એમને દ્વારિકા લઇ જાય છે. દ્વારિકામાં નરસિંહ મહેતા હાથમાં દિવેટ એટલે કે મશાલ ઝાલી કૃષ્ણ અને રાધિકાની તથા ગોપીઓની રાસલીલા જુએ છે. આ રાસલીલા જોવામાં તે એટલા બધા તલ્લીન બની ગયા કે મશાલમાં તેલ પૂરતાં પૂરતાં એમનો હાથ સળગવા લાગ્યો તો પણ કેટલીક વાર સુધી એની એમને ખબર જ ન પડી. આ પ્રસંગથી નરસિંહ મહેતા પોતાને દિવેટિયા તરીકે ઓળખાવવા લાગ્યા. આવી અદ્‌ભુત રાસલીલા જોયા પછી નરસિંહની કાવ્યધારા વહેવા લાગી. દ્વારિકાથી પાછા ફરતાં ફરતાં તે ગાવા લાગ્યા...

નાગર નંદજીના લાલ, રાસ રમતાં મારી નથડી ખોવાણી.
કાના જડી હોય તો આપ, રાસ રમતાં મારી નથડી ખોવાણી.
નાની નાની નથડી ને મહીં જડ્યા છે હીરા
નથડી આપોને મને સુભદ્રાના વીરા....નાગર નંદજીના લાલ.
નથડીને કાજે મેં તો ઢૂંઢયું વૃન્દાવન
નથડી આપોને મારા પ્રાણજીવન....નાગર નંદજીના લાલ.

જૂનાગઢ આવી જુદું ઘર લઇ નરસિંહ મહેતા પોતાની પત્ની માણેકબાઇ સાથે રહેવા લાગ્યા. કંઇક મહેનત કરી કમાવાને બદલે સાધુબાવાઓની સંગતે રખડતા નરસિંહ મહેતા પ્રત્યે ગામના નાગર લોકો પોતાનો તિરસ્કાર બતાવવા લાગ્યા અને એમને તદ્દન ભ્રષ્ટ થયેલા જાહેર કર્યા. નરસિંહ મહેતા તો લોકનિંદાની જરા પણ પરવા કરે તેવા ન હતા. તેઓ પોતાની પ્રભુભક્તિમાં જ દૃઢ રહેવા માગતા હતા. અને આવી લોકનિંદા કરનારને જવાબ આપતાં કહ્યું કે...

એવા રે અમો એવા રે એવા, તમે કહો છો વળી તેવા રે;
ભક્તિ કરતાં જે ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવા રે.
જેનું મન જે સાથે બંધાણું, પહેલું હતું ઘર રાતું રે;
હવે થયું છે હરિરસ માતું, ઘેર ઘેર હીંડે છે ગાતું રે....એવા રે.

જે ઘટનાઓ નરસિંહ મહેતાએ પોતાની કૃતિમાં વર્ણવી છે તેમાં તેમના પુત્ર શામળશાનો વિવાહ, તેમની પુત્રી કુંવરબાઇનું મામેરું, અને રાજા રા'માંડલિકના દરબારમાં પોતાની ભક્તિની કસોટીરૂપ હારમાળાના પ્રસંગે કૃષ્ણ ભગવાને જે સહાય કરી છે તે છે. નરસિંહ મહેતાએ પ્રસંગે પ્રસંગે અસાધારણ હિંમત દાખવી છે. લોકલાજની પરવા બિલકુલ ન કરનાર આ સંતે હંમેશાં પોતાને જે સાચું લાગ્યું છે તે બેધડક કહ્યું છે અને કર્યું છે. જે જમાનામાં ગુજરાતમાં અસ્પૃશ્યતા બહુ જ ચુસ્ત અને સ્વાભાવિક રીતે પ્રવર્તતી હતી એ જમાનામાં નરસિંહ મહેતાએ લોકનિંદાની કે જ્ઞાતિબહિષ્કારની પરવા કર્યા વિના હરિજનોના આવાસમાં જઇને ભૂજન કીર્તન કર્યું હતું. નરસિંહ મહેતાએ પોતાના એક પદમાં જ આ પ્રસંગ નોંધેલો છે...

ગિરીતળેટી ને કુંડ દામોદર ત્યાં મહેતાજી ન્હાવા જાય;
ઢેઢ વરણમાં દૃઢ હરિભક્તિ, તે પ્રેમ ધરીને લાવ્યા પાય.
કર જોડીને પ્રાર્થના કીધી, વિનતી તણા બહું વધારે વચન
મહંત પુરૂષ અમારી અરજ એટલી, અમારે આંગણે કરો રે કીરતન.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આ આદિ કવિએ જે સાહિત્યનું સર્જન કર્યું છે તે મુખ્યત્વે કૃષ્ણભક્તિથી પ્રેરાઇને જ કરેલું છે. નરસિંહ મહેતા આપણા ભક્ત કવિઓના શિરોમણિ છે. એણે કૃષ્ણભક્તિનાં સેંકડો પદો લખ્યાં છે, જેમાં મુખ્યત્વે "રાસસહસ્રપદી," "શૃંગારમાળા" "વસંત અને હિંડોળાનાં પદો" "બાળલીલા" "દાણલીલા" વગેરે મુખ્ય છે. કૃષ્ણ-જન્મ સમયનાં અને બાળલીલાનાં પદોમાં એણે નટખટ નટવર અને ગોવાળિયાઓની લીલાનાં તેમજ જશોદાનાં વાત્સલ્યભાવનાં સુંદર ચિત્રો ખડાં કર્યાં છે. ઉદાહરણ તરીકે બાળ કૃષ્ણ ચાંદા માટે હઠ લઇ રડે છે ત્યારે માતા જશોદા એને માખણ આપી કેવી સરસ રીતે મનાવી લે છે...

રાગ કેદારો ચરચરી.

આવડી રઢ શી વિઠલા તુજને, ગગનથી ઇંદુ કેમ આપું આણી,
કુંવર કાંઇ નવ લહે, વાત અભિનવી કહે, નોહે કોય ટોપરૂં ગોળધાણી....
આંખે આંસુ ઢળે, ઇંદુ દેખી ચળે, ટળવળે માતા, ને માન માગે
રહે રહે રોતાં, શું રે જોતો ઘણું, રમવા રમકડાં છે બોહ આગે....
ઇંદુ થયો અસ્ત ને રહે નહિ રાખતાં, દધિસુત પ્રગટ કરી આણી આપે
નરસૈંયાનો સ્વામી માખણ ભોળવ્યો, સકળ વૈભવ તણો બંધ કાપે....

નરસિંહ મહેતા કૃષ્ણભક્તિ અને કૃષ્ણદર્શનને જ સકળ તીર્થરૂપ માને છે. જ્યાં કૃષ્ણ વસે છે ત્યાં એમને વૈકુંઠના દર્શન થાય છે. જે પરમાત્માનાં દર્શન બ્રહ્મા અને ખીજા દેવોને સ્વપ્ને પણ થતાં નથી, જે પરમાત્મા છ દર્શનમાં શોધવા છતાં જડતો નથી એ ગોકુળમાં ભક્ત ગોવાલિયાને દર્શન આપે છે. અને એથી ગોવાળિયાનું ગોકુળ વૈકુંઠધામ સમું બની જાય છે...

નાનું સરખું ગોકુળિયું મારે, વિઠ્ઠલે વૈકુંઠ કીધું રે
બ્રહ્માદિકને સ્વપ્ને ન આવે, આહીરને દર્શન દીધું રે....નાનું.
ખટદર્શને ખોળ્યો ન લાધે, વેદ પુરાણ એમ ગાયે રે
અવનવી લીલા વૃંદાવનમાં, વન વન ધેન ચરાવે રે....નાનું.
પુરૂષોતમ લીલા અવતારી, દેહ ધર્યા અવિનાશી રે
કર જોડીને કહે નરસૈયો, ગોવાળિયા વૈકુંઠવાસી રે....નાનું.

નરસિંહ મહેતાએ કૃષ્ણભક્તિ ગોપીભાવે જ અનુભવી છે. આ ભક્તિ એમણે કૃષ્ણના વિરહ અને મિલનનાં પદોમાં ઉત્કટ ભાવે વર્ણવી છે. કૃષ્ણભક્તિથી પોતાને જે આનંદ થાય છે એથી સંસાર એમને માટે અમૃતમય બની જાય છે. એમણે પોતાના પદોમાં ભક્તિનો મહિમા સ્થળે સ્થળે વર્ણવ્યો છે. આ ભક્તિ જ પ્રભુને પ્રાપ્ત કરવાનો મહામૂલો માર્ગ છે. નરસિંહ મહેતાને મન ભક્તિ એ મુક્તિ મેળવવાનું સાધન નથી, પણ સાધ્ય જ છે. મોક્ષ મેળવવા કરતાં જન્મો જન્મ અવતાર લઈ કૃષ્ણભક્તિ કરવાનું એમને ગમે છે. વૈકુંઠ કરતાં વૃજમાં રહેવું એ પસંદ કરે છે. માટે એ ગાય છે...

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહી રે
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાસી માંહી રે–ભૂતળ.
હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મો જન્મ અવતાર રે
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે–ભૂતળ.
ધન્ય વૃંદાવન, ધન્ય એ લીલા, ધન્ય એ વૃજનાં વાસી રે
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુક્તિ છે એમની દાસી રે....

આમ, માનવજન્મ તિરસ્કાર કે ધિક્કારને પાત્ર નથી. માનવજન્મ દ્વારા જ ભક્તિ થઈ શકે છે. માટે નરસિંહ મહેતા સંસારીઓને ક્ષણભંગુર જીવનનો વિચાર કરી ભક્તિ કરવા માટે ઉપદેશ આપે છે. અને પરમેશ્વર તો કેવો દયાળુ છે કે એ ભક્તની ઇચ્છા પૂરી કરે છે, એટલું જ નહિં ભક્તાધીન પણ બની જાય છે? આમ, ભક્ત અને પરમેશ્વર બન્ને પ્રેમની સાંકળે પરસ્પર બંધાય છે.

નરસિંહ મહેતા કહે છે ભીડભંજક ભગવાન કૃષ્ણનું નામસ્મરણ જે કરતાં નથી તેનો જન્મ વૃથા છે. પરમેશ્વર જ જગતમાં સર્વે કર્તાહર્તા છે. જો માણસ કર્તાહર્તા હોત તો જગતમાં દુઃખ પડવા જ શા માટે દેત? માણસ પોતાના કર્મ પ્રમાણે ફળ ભોગવે છે. ઇશ્વરને કોઇ પ્રત્યે ભેદભાવ નથી. એ તો સહુ સહુને તેમની કરણી પ્રમાણે ફળ આપે છે. દુઃખ પડે તો પણ એ ઇશ્વરની ઇચ્છા છે એમ માનવાથી જ તે સહ્ય બને છે. ગમે તેવું મોટું દુઃખ પણ પ્રભુભક્તિથી સુખમાં પલટાઇ જાય છે. એકવાર પ્રભુભક્તિની લગની લાગ્યા પછી ગમે તેવો જ્ઞાની કે અજ્ઞાની પણ સાચો ભક્ત બની જાય છે અને પોતાનું જીવન પ્રભુને ચરણે ધરે છે. કૃષ્ણભક્તિમાં અનન્ય શ્રદ્ધા રાખનાર નરસિંહ મહેતા સાચા ભક્તને શોભે તેવી ભાષામાં કૃષ્ણને વિનંતી કરતાં કહે છે કે "હું તો પામર માનવી છું, અનેક ભૂલો કરું છું, પરંતુ હે શામળા, તું અમારી ભૂલો સામે ન જોતાં તારા પોતાના બિરુદ સામે જોજે. તેં અનેક ભક્તોને તાર્યા છે, તેમ મને પણ તારજે. જો તું તેમ નહિં કરે તો તારી જ લાજ જશે."

પણ આમ બેધડકપણે કૃષ્ણને કોણ પડકારી શકે? જેનું સમસ્ત જીવન ઇશ્વરમય બની ગયું હોય તે જ આ પ્રમાણે કહી શકે; બીજો નહિ. આવું કહેનાર માનવો તે સંતો હોય છે. તેમના દિલમાં ઇશ્વર પ્રત્યેના પ્રેમની સચ્ચાઇ હોય છે. તેમના હૃદયનું અણુએ અણુ ઇશ્વરને પોકારતું હોય છે. રામ નામ એના ઘટઘટમાં વ્યાપી ગયું હોય છે. રામ નામ સિવાય સર્વ એને મન જૂઠું છે. આવા જ ભાવને દુન્યવી વ્યાપારની ભાષામાં નરસિંહ મહેતાએ કેવી સુંદર રીતે વર્ણવ્યો છે...

સંતો હમે રે વેવારિયા શ્રી રામનામના
વેપારી આવે છે બધા ગામ ગામના.....સંતો૦
અમારૂં વસાણું સહુ કોને ભાવે,
અઢારે વરણ જેને હોરવાને આવે.....સંતો૦
અમારૂં વસાણું કાળ દુકાળે ન ખૂટે,
જેને રાજા ન દંડે, જેને ચોર ન લૂંટે.....સંતો૦
આવરો ને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ,
ચિઠ્ઠીમાં ચતુરભુજ લખિયા, નરસૈયાનું કામ....સંતો૦

આમ, નરસિંહ મહેતાએ સરળ અને ઘરગથ્થુ ભાષામાં ભક્તિનો મહિમા સુંદર રીતે વર્ણવ્યો છે. એમનાં પદોની વિશિષ્ટતા એ છે કે સામાન્ય જનસમાજ સમજી શકે એવી ભાષા અને એવાજ અલંકારો વડે વસ્તુ, વિચાર, કે ભાવને સહજ અને સ્વાભાવિક રીતે રજૂ કરી શકે છે. નરસિંહ મહેતાના પ્રભાતિયાં સૈકાઓથી ગુજરાતનાં ઘરે ઘરે ગૂંજતાં રહ્યાં છે. આજે પણ લોકો ભક્તિભાવ પૂર્વક એ પ્રભાતિયાં ગાય છે. જળકમળદળ છાંડ બાળા" કે "જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા" જેવાં એનાં પદો તો સતત લોકજીભે રમતાં રહ્યાં છે...

જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ધેનમાં કોણ જાશે?
ત્રણશે ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે
ગોવાળિયો કોણ થાશે?
જમુનાને તીરે, ગોધણ ચરાવતાં, મધુરીશી મોરલી કોણ વહાશે?
ભણે નરસૈયો તારા ગુણ ગાઇ રિજીયે, બૂડતાં
બાંહેડી કોણ સહાશે?

ભક્તિનો સીધો ઉપદેશ આપતાં પદો ઉપરાંત ભક્તચરિત્રનાં આલેખન તરીકે એમનું 'સુદામા–ચરિત્ર' એટલું જ સુપ્રસિદ્ધ છે. નિર્મળ ભાવે ભજવાથી અને સંસારનાં દુઃખ શાંતિથી સહન કરવાથી કૃષ્ણે જેમ સુદામાને સહાય કરી તેમ પ્રભુ સાચા ભક્તને સહાય કરે છે.

નરસિંહ મહેતાના ભક્તિનાં પદો જેમ સુંદર અને આકર્ષક છે, તેમ એમનાં જ્ઞાનનાં પદો પણ સુંદર અને આકર્ષક છે. પરમેશ્વર સાથે તાદાત્મ્ય સાધ્યા પછી એમનાં જ્ઞાનચક્ષુ ખૂલ્યાં હશે અને એમને નવું દર્શન થયું હશે. અને તેમાંથી આ પ્રકારનાં પદો જન્મ્યાં હશે એમ માની શકાય. ભક્તિનાં પદોની જેમ આ જ્ઞાનનાં પદોની પાછળ એમના અનુભવની સચ્ચાઇનો રણકાર સંભળાય છે...

જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્યો નહિં, ત્યાં લગી
સાધના સર્વ જૂઠી.
માનુષા દેહ તારાં એળે ગયાં, માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી...જ્યાં.
શું થયું સ્નાન, સેવા ને પૂજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે,
શું થયું ધરી જટા ભસ્મ લેપન કર્યે, શું થયું
વાળ લોચન કીધે?...જ્યાં.
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ
પરિબ્રહ્મ ન જોયો,
ભણે નરસૈયો કે, તત્વદર્શન વિના, રત્નચિંતામણિ
જન્મ ખોયો...જ્યાં.

આ અને આવાં બીજાં જ્ઞાનનાં પદોમાં નરસિંહ મહેતાએ આત્માને ઓળખવાની વાત કરી છે. એ કહે છે કે માનવ, તું આ સંસારની ક્ષણભંગુરતામાંથી મન પાછું વાળી લે. તું તારા શુદ્ધ, બુદ્ધ, મુક્ત અને ચૈતનમય આત્માને ઓળખ, નહિં તો રત્નચિંતામણિ જેવો તારો મનુષ્યભવ એળે જશે. તું તારું મૂળ કયું છે તે તપાસ. તું વૈષ્ણવ પદ પામ્યો છે, પણ રામ નામ વિનાનું વૈષ્ણવપદ પુત્ર વિનાના ખાલી પારણા જેવું છે. વર વિનાની જાન જેવું નકામું છે. તારું મૂળ પરબ્રહ્મ છે. જગત તરફ જોવાની તારી ભેદબુદ્ધિને જ્યાં સુધી તું દૂર

નહિં કરે, ત્યાં સુધી તું સંસારની માયાજાળમાં જ અટવાયા કરશે. તું અભેદબુદ્ધિ રાખીશ તો તને સંસારમાં સર્વત્ર ચેતનતત્ત્વ વિલસી રહેલું દેખાશે. એ પરમતત્ત્વનું ચર્મચક્ષુથી નહિં પણ આત્મચક્ષુથી જ દર્શન થશે. એ પરમતત્ત્વને ઉત્પત્તિ નથી, સ્થિતિ નથી, અને લય નથી. એ નિરંજન છે, નિરાકાર છે, એ સ્વયંભૂ છે, અને સ્વયંપ્રકાશિત છે; એ અનાદિ છે અને અવિનાશી છે; એ જડ અને ચેતનમાં સર્વત્ર વ્યાપી રહેલ છે...

નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો,
તેજ હું તેજ હું શબ્દ બોલે ?
શ્યામના ચરણમાં, ઇચ્છું છું મરણ રે,
અહીંયાં કોઈ નથી કૃષ્ણતોલે.
જળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમાં,
હેમની કોર જ્યાં નીસરે તોલે.
સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે,
સોનાનાં પારણાંમાંહી ઝુલે,
અકળ અવિનાશી એ, નવ જ જાયે કળ્યો
અરધ ઉરધની માંહે મહાલે,
નરસૈંયાનો સ્વામી, સકળ વ્યાપી રહ્યો,
પ્રેમના તંતમાં સંત ઝાલે.

ઉપનિષદની વાણીની યાદ અપાવે એવું આ પદ ગુજરાતી સાહિત્યના ગૌરવરૂપ છે. પ્રેમના તંત દ્વારા સંતથી ઝલાતો આવો હરિ સર્વવ્યાપી છે. જગતના અણુ અણુમાં એને જોવાની દૃષ્ટિવાળા જ એને જોઈ શકે છે. બીજમાં એ વૃક્ષ રૂપે છે, અને વૃક્ષમાં એ બીજ-રૂપે રહેલો છે. એ જ આદિ છે, મધ્ય છે અને અંત છે.

સંસારમાં રહેવા છતાં અને સતત લોકસંપર્કમાં રહેવા છતાં નરસિંહ મહેતાએ સ્વસ્થતા, શાંતિ, ધૈર્ય, વગેરે ગુણો કેટલી સરળ રીતે કેળવ્યા હશે તે આપણે તેમનાં પદો પરથી જોઈ શકીએ છીએ. એના પેલા સુપ્રસિદ્ધ પદની સરળ છતાં સચોટ પંક્તિઓ હમેશાં કાનમાં ગુંજયા જ કરતી હોય છે ..

સુખ દુઃખ મનમાં ના આણીએ, ઘટ સાથે રે ઘડીયાં
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં...સુખ દુઃખ૦

સુખ દુઃખ પ્રત્યે સમદૃષ્ટિ રાખવાનું કહેતી આ બે પંક્તિઓએ કેટકેટલાં હૈયાઓને આશ્વાસન આપ્યું હશે ?

અને પૂ. મહાત્માજીએ નરસિંહ મહેતાનાં "વૈષ્ણવજન" પદને તો અમર કરી દીધું છે. ગીતાભાખ્યા સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોને લોકબાનીમાં વ્યકત કરતાં આ પદની પ્રેરકતા તો જુઓ !

વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે
પરદુઃખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે–વૈષ્ણવ૦
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે–વૈષ્ણવ૦
મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામ શું તાળી રે લાગી, સકળ તીરથ
જેના તનમાં રે–વૈષ્ણવ૦
વણ લોભીને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે–વૈષ્ણવ૦

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આદિ કવિનું માનભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર, ઉત્કટ કૃષ્ણભકિતમાં લીન બની ભકત–શિરોમણિ તરીકે વિખ્યાત થયેલા ભારતીય સંતપરંપરામાં ગુજરાતનું ગૌરવ વધારનાર નરસિંહ મહેતા આપણી એક પરમ પ્રેરક વિભૂતિ છે. એમના જીવને અને એમના કવને ગુજરાતી પ્રજાના સંસ્કારઘડતરમાં મહામૂલો ફાળો આપ્યો છે. એવા એ સંત પુરુષનું આપણે જેટલું ગૌરવ કરીએ તેટલું ઓછું છે.
(ઓલ ઇન્ડિયા રેડિયો, મુંબઇની અનુમતિપૂર્વક.) તારાબહેન શાહ

દુનિયાનો ચોકીદાર અને તેની આજ સુધીની કામગીરી

(પ્રથમ વિશ્વયુદ્ધ બાદ 'લીગ ઓફ નેશન્સ' અસ્તિત્વમાં આવી હતી. બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં તે વિસર્જિત થઈ હતી. તેની વીશ વર્ષની કારકીર્દી દરમિયાન કેવળ ચર્ચા અને જુદા જુદા રાષ્ટ્રોના આગેવાનો ચલાવેલી શબ્દોની સાઠમારીઓ સિવાય તેની કામગીરીનું કોઇ નક્કર પરિણામ આવ્યું નહોતું. બીજા વિશ્વયુદ્ધ બાદ યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનીઝેશન–સંયુક્ત રાષ્ટ્રસંસ્થા–નો જન્મ થયો. તેના સંખ્યા-બંધ સભ્યોમાંથી દશ કે અગિયાર સભ્યરાજ્યોની એક કાર્યવાહક સમિતિ ઉભી કરવામાં આવી છે, જેને 'સીકયોરીટી કાઉન્સીલ' ના નામથી ઓળખવામાં આવે છે. આ બન્ને સંસ્થામાં પણ વાગ્યુધ્ધો તો પહેલાં જેટલાં જ ખેલાય છે. એમ છતાં પણ તેણે ૧૩ વર્ષના ગાળામાં કેટલીક ઉપયોગી કામગીરી બજાવી છે અને વિશ્વયુધ્ધો ફાટી નીકળવાની શકયતામાંથી દુનિયાને ઉગારી છે અથવા તો અવારનવાર ઉભા થયેલા સંઘર્ષો અને વિગ્રહોને મર્યાદિત બનાવ્યા છે. આજની કટોકટીનો પણ સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા અથવા તો ટુંકાણમાં જેને 'યુનો' (u. n. o.) નામથી ઓળખવામાં આવે છે તે દ્વારા ઉકેલ આવવાની અને હવે તરતમાં તો વિશ્વયુધ્ધનો જવાળામુખી ફાટી નહિ નીકળે એની આશા ઉભી થઇ છે. જેને આજનો ઇતિહાસ કેમ ઘડાઈ રહ્યો છે તે જાણવા સમજવાની જિજ્ઞાસા છે તેણે યુનોની આજ સુધીની કામગીરી યથાસ્વરૂપે જાણી લેવી જરૂરી છે. આ કામગીરીની ક્રમબધ્ધ આલોચના T. J. S. ની સહીથી The World Policeman and his challenges એ મથાળા નીચેના તા. ૨૧–૭–૫૮ ના ફ્રી પ્રેસ જર્નલમાં પ્રગટ થયેલા લેખમાં કરવામાં આવી છે, જેનો નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

સ્થળ હતું સાન ફ્રાન્સિસ્કો અને સમય હતો ઈ. સ. ૧૯૪૫ ના જૂન માસની ૨૬ મી તારીખ; અને ઘોષણા થઇ: "અમે સંયુક્ત રાષ્ટ્રોના નાગરીકો....."

જ્યારે સંયુક્ત રાષ્ટ્રોના નાગરીકોએ માનવ ખતપત્રની ઘોષણા કરી ત્યારે જાણે કે અદ્યાપિ મૃતઃપાય રહેલી રાષ્ટ્રોની સંસ્થા (The League of Nations) જીવંત થઇ. તેમનાં સાધનો મહાન હતાં, તેમનાં સાધ્યો તો તેથી યે મહાન હતાં, કારણ કે તેમની ભાવનાઓ આ પ્રમાણે હતી:–

૧ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીને જાળવવી.

૨ સહિષ્ણુતા કેળવવી અને સારા પાડોશીઓ માફક એકમેક સાથે સંપીને હળીમળીને રહેવું.

૩ સમાન ધ્યેયની રક્ષાના કારણ વિના શસ્ત્રયુક્ત બળનો આશ્રય લેવામાં નહિ આવે એ બાબતને સિધ્ધાન્તોના સ્વીકારપૂર્વક અને તેને લગતી પધ્ધતિઓની અમલબજાવણીપૂર્વક સુનિશ્ચિત અને સુસ્થિર બનાવવી.

૪ મૂળભૂત માનવહકકોમાં શ્રધ્ધા અને વિશ્વાસને પુનઃ દૃઢીભૂત કરવાં.

ઇસ્વીસન ૧૯૪૨ ના પ્રથમ દિવસે વોશીંગ્ટનમાં એકત્ર થયેલા ૨૬ રાષ્ટ્રોના પ્રતિનિધિઓની સભામાં સંયુક્ત રાષ્ટ્રોના ઘોષણાના ખતપત્ર પર સહીઓ થઈ હતી. અને તે પછી સાડાત્રણ વર્ષના ગાળે ઉપર જણાવેલી ભાવનાઓને મૂર્તરૂપ મળ્યું હતું.

વિશ્વ ત્યારે વમળોમાં વિટળાયેલું હતું. જે દુનિયા આ નવી વિશ્વ-સંસ્થા પ્રત્યે આશાભરી મીટ માંડી રહી હતી તે દુનિયાએ તેના પાયાને હચમચાવી નાખનારાં એવાં બે વિશ્વયુધ્ધો નિહાળ્યાં હતાં. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના જન્મ સમયે હજી તો બીજા વિશ્વયુધ્ધની પૂર્ણાહુતિ થઇ હતી, પરંતુ એ બીજા વિશ્વયુધ્ધે તો એક નવા યુગના આરંભની નિશાની પણ રજુ કરી હતી. એ નવો યુગ કેવો ? સંસ્કૃતિને જે રીતે આપણે ઓળખીએ છીએ–એવી એ આપણી સંસ્કૃતિને સમગ્ર-તયા ભરખી જઇ શકે તેવા અણુ–પરમાણુની શકિતને આધારિત એવાં બળ અને શસ્ત્રોથી ભયાન્વિત એવું યુગ !

તેથી સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના જન્મ-સમયથી જ અસાધારણ મહત્વની નજરથી અને ભારે મોટી આશાપૂર્વક તેનો સૌ વિચાર કરતા થયા હતા. નાનાં તેમ જ મોટાં રાજ્યો કાંઇ પણ બનતાં તેનું શરણ શોધવા લાગ્યા. શાન્તિપ્રિય અને શાંતિમય રાષ્ટ્રોએ તેને બળવાન બનાવવા ખૂબ જ મહેનત કરી. તેના ખતપત્રમાંના શબ્દોને પોતાના આક્રમક કૃત્યોની ઢાલ બનાવવા કેટલાંક આક્રમણખોર રાષ્ટ્રોએ અલબત્ત પ્રયત્નો પણ કર્યા, પરંતુ મહત્ત્વની વાત તો એ છે કે તે બધાએ આ નવી સંસ્થા મારફત જ કાર્ય કરવાની કોશીષ કરી. આ રીતે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાનાં મૂળ ઊંડાં જવા લાગ્યા હતાં.

× × × ×

સરી જતા સમયના સાત મહિના પસાર થઇ ગયા છે. તારીખ ૧૯ મી જાન્યુઆરી, ૧૯૪૬ નો દિવસ છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થામાંના ફરીયાદ માટેના ઘંટનો રણકાર-અચાનક, લાંબો અને જોરદાર રણકાર-સંભળાય છે. આંતરરાષ્ટ્રીય ચોકીદાર તરીકેના-વિશ્વના આત્માના સંરક્ષણહાર તરીકેના-સં. રા. સંસ્થાના દાવાને એ ઘંટનાદ પડકારી રહ્યો છે. ઘંટ વગાડનાર રાષ્ટ્ર છે ઇરાન.

ઇરાનને શું કોરી રહ્યું છે ?

યુધ્ધના પડછાયા સિવાય બીજું શું હોઇ શકે ? સંઘર્ષના વરસો દરમિયાન રશિયાએ તેની દક્ષિણ બાજુની સરહદો પર કેટલીક હીલચાલ કરી હતી અને ઇરાનના આઝરબૈજાન જીલ્લામાં એક 'પૂતળા'-સરકારની સ્થાપના કરી હતી. ઇરાનમાં રશિયાના લશ્કરે થાણું પણ જમાવ્યું હતું. અને ઇરાનની માગણી હતી કે તેના પ્રદેશમાંથી પેલા આન્તરરાષ્ટ્રીય ચોકીદારે વિદેશી રશીયન તત્વોને હટાવી દેવાં.

એ ચોકીકાર તેના હાથમાં આવેલી આ સર્વપ્રથમ સમસ્યાનો અભ્યાસ કરે છે, પરંતુ તેને ગણવેશમાં સજ્જ થઇને વિખવાદના સ્થળે પહોંચવાની જરૂર પડતી નથી; કારણ કે રશિયા પોતાનાં લશ્કરી દળોને ઇરાનમાંથી સમયસર પાછાં બોલાવી લે છે.

તખ્તાનું દૃશ્ય બદલાય છે. હવે દૃશ્ય છે ગ્રીસનું. સંઘર્ષોથી ભરપુર આ રાષ્ટ્રમાં રાજ્યતંત્રની વિવિધ પદ્ધતિઓ એક બીજા સાથે બહુ જ નિકટ રીતે અથડાઈ રહી છે. ગ્રીસના ઉત્તર વિભાગમાં ગેરીલાઓ લોહીની નદીઓ વહેવડાવી રહ્યા છે અને તેમને વિદેશી સામ્યવાદી રાષ્ટ્રો તરફથી બધી સહાય મળી રહી છે. આવા બનાવો હાથ ધરવા માટે રચાયેલી આ આંતરરાષ્ટ્રીય સંસ્થાનું શરણું ગ્રીસ શોધે છે અને ફરિયાદ કરે છે કે આલ્બેનીયા, બલગેરીયા અને યુગોસ્લાવીયા એ ત્રણે રાષ્ટ્રો ગ્રીસમાંના બળવાખોરોને સક્રિય રીતે ઉત્તેજી રહ્યા છે, સાથ આપી રહ્યા છે.

સં. રા. સંસ્થા એ ફરિયાદની તપાસ કરવા એક તપાસ-સમિતિની નીમણુક કરે છે. તે સમિતિ એ મામલાની સ્થાનિક તપાસ અને અભ્યાસ કરીને એમ ઠરાવે છે કે ઉપર્યુકત ત્રણે રાષ્ટ્રો તેમની સામે મૂકાયેલાં ફરીયાદનામાં માટે ગુનેહગાર છે. ૧૯૪૮ માં સં. રા. બાલ્કન કમીશન (Balkan Commission) પણ તે જ પ્રમાણે ફરી ચૂકાદો આપે છે. પરંતુ ફરી એકવાર, એક તદ્દન અકલ્પિત ઘટનાના કારણે એ ચોકીદારને કડવી ફરજ બજાવવાની જરૂર પડતી નથી. એ ઘટના હતી રશિયા અને યુગોસ્લાવિયા વચ્ચેનું ભંગાણ; સામ્યવાદી મોરચામાં ચીરાડ અને ગ્રીક બળવાખોરોને અત્યાર સુધી પોષણ આપી રહેલી વિદેશી સહાયનું એકાએક બંધ થવું અને બીજા પ્રકરણની આ રીતે પૂર્ણાહુતિ થઇ.

× × × ×

સ્થળ છે પેલેસ્ટાઇન. સમય એપ્રિલ ૧૯૪૭.

પડદો ઊંચકાય છે અને ત્યાં દેખાય છે જવાળામુખી જેવી દેખાતી જમીનની એક પટ્ટી. તેના પર કાબુ તો બ્રિટનનો છે, પરંતુ પોતાને કાંઇ પણ નુકસાન થાય તે પહેલાં બ્રિટન તે ઉપરનો પોતાનો કાબુ છોડવા માગે છે. પછી ભલે જવાળામુખી ફાટી નીકળે. ૧૧ રાષ્ટ્રોની એક તપાસ સમિતિ એવી ભલામણ કરે છે કે બ્રિટનની વિદાય પછી પેલેસ્ટાઇનના યહુદી વિસ્તાર અને આરબ વિસ્તાર એમ બે ભાગલા પાડવા.

નવેંબર ૧૯૪૭ માં સં. રા. સંસ્થાં એ યોજના ઉપર મંજૂરીની મહોર મારે છે અને એ રીતે ૧૯૪૮ ના મે મહિનાની ૧૪ મી તારીખે એક તદ્દન નવા રાષ્ટ્ર-ઇઝરાયેલ-ના પિતા થવાનું માન સં. રા. સંસ્થાને ફાળે જાય છે.

પરંતુ ઇઝરાયેલનો જન્મ તો ઘણાં તોફાનો અને અંધાધુંધી લાવે છે. ઇઝરાયેલની સામે પાંચ રાષ્ટ્રો તરત જ યુધ્ધ જાહેર કરે છે અને સં. રા. સંસ્થાને એક નવા પડકારનો સામનો કરવો પડે છે. યુધ્ધે ચડેલા રાષ્ટ્રોને વારંવારની વિનંતિઓ પછી એ ચોકીદાર આખરે સમાધાન કરાવે છે. પરંતુ એ શાંતિ માટે ઘણી કીંમત ચૂકવવી પડી, કારણ કે સંયુકત રાષ્ટ્ર સંસ્થા તરફથી વિષ્ટિકાર તરીકે નીમાયલા કાઉન્ટ બર્નાડોટનું વિષ્ટિ કરવા જતાં ખુન થાય છે. વિષ્ટિકાર બર્નાડોટ પછી પણ મધ્યસ્થી તો ચાલુ રહી અને તેની જવાબદારી આવી પડી રાલ્ફ બુંચ પર. ઘણી દોડધામ અને ઉલટ પાલટ પછી મામલો થાળે પડે છે, સરદારો અને રાજાઓ વિદાય લે છે અને ઇઝરાયેલ તેના પડોશી આરબ રાષ્ટ્રો સાથે યુધ્ધબંધીના કરારો પર સહી કરે છે.

અને જ્યારે સં. રા. સંસ્થા ૩૭ વિરૂધ્ધ ૧૨ મતે ઇઝરાયેલને પોતાના ૬૯ માં સભ્ય તરીકે દાખલ કરવાનો નિર્ણય કરે છે ત્યારે એ ઘટના ઉપર પડદો પડે છે.

* * * *

૧૯૪૭ થી ૧૯૪૯ સુધી વિશ્વના એ ચોકીદારને પોતાનું ધ્યાન ઇંડોનેશિયા પર કેંદ્રિત કરવું પડે છે. ઇંડોનેશિયા અને હોલેંડ વચ્ચે ચાલતી લડાઈ પ્રત્યે ઓસ્ટ્રેલીયાએ એ ચોકીદારનું ધ્યાન ખેંચ્યું હતું. સં. રા. સલામતી સમિતિએ બન્ને રાષ્ટ્રોને લડાઇ બંધ કરવાનો આદેશ આપ્યો અને તે પછી લડાઇથી ઘવાયેલા એ ટાપુઓ પર એક શુભેચ્છક પ્રતિનિધિ મંડળ (Good offices Commission) મોકલ્યું. લડાઈ બંધ થઇ. પરંતુ ફરીથી હોલાંડે પ્રજાસત્તાક ઇન્ડોનેશિયાના પાટનગર પર હુમલો કર્યો અને ફરીથી સં. રા. સંસ્થાએ લડાઇ બંધ કરવાનો આદેશ આપ્યો. ૧૯૪૯ ના જુલાઇ સુધીમાં જોગ્જાકાર્તામાંથી ડચ સૈન્યે વિદાય લીધી અને તે પછી પ્રજાસત્તાક ઇંડોનેશિયાએ શાંતિપૂર્વક પોતાનું સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું.

પરંતુ આ બધી ઘટનાઓની પડખે, સંયુકત રાષ્ટ્ર સંસ્થાની કાર્યવાહીમાં એક દુઃખદ અને અકલ્પિત એવી શકયતા પોત પ્રકાશી રહી હતી. એ શકયતા હતી કેટલાંક મોટાં રાષ્ટ્રોની એ વિશ્વસંસ્થામાં પોતાનું ધાર્યું કરવાની અને કરાવવાની હઠને લગતી. સં. રા. સંસ્થાની મોટા ભાગની નિષ્ફળતાઓનું ઉદ્ગમસ્થાન અને આધાર એ શકયતા પર રહેલાં છે. તેનું ઉદાહરણ કાશ્મીરનો પ્રશ્ન છે કે જે પ્રશ્ન ભારતે ૧૯૪૮ માં જગતના એ ચોકીદાર સમક્ષ રજૂ કર્યો. વિષ્ટિકારો અને નિરીક્ષકોની હારમાળા કાશ્મીરમાં મોકલવામાં આવી પણ ખરી, પરંતુ જ્યારે તેમાંના એક વિષ્ટિકારે પાકિસ્તાનને કાશ્મીર પરના આક્રમણખોર તરીકે હિંમતપૂર્વક જાહેર કર્યું ત્યારે, સં. રા. સંસ્થાએ એક પણ પગલું લીધું નહિ; અને ત્યારથી કાશ્મીર પ્રકરણ બાબત એક પ્રકારની સક્રિય અક્રિયાત્મકતાને ચાલુ રાખવા દેવામાં આવી છે અને અદ્યાપિ તે ચાલી જ રહી છે.

પરંતુ સં. રા. સંસ્થાની મોટામાં મોટી અને ગૌરવભરી નિષ્ફળતાનું નાટક તો ૧૯૫૦-૫૧ માં ભજવાયું. ફરી એકવાર એક માંધાતા રાષ્ટ્રે જગતના એ ચોકીદારને મુખ્ય અભિનેતા તરીકે પાઠ ભજવવાનું ભળાવ્યું અને તેણે એ પાઠ ઘણી જ ખુશીથી ભજવ્યો ! અમેરિકાએ ગરમ અને સક્રિય યુધ્ધના વિસ્તારમાં પ્રવેશ કર્યો અને તેના પર મંડાયું માયું સં. રા. સંસ્થાએ એટલે કે આંતરરાષ્ટ્રીય એ સિપાઇએ !

* * * *

સ્થળ કોરીયા. સમય ૨૫ મી જૂન, ૧૯૫૦.

યુધ્ધથી જે ધવાયું છે અને શાંતિથી જેના ભાગલા પડયા છે એ કોરીયા સળગી ઉઠે છે. એકસો રશિયન ટેંક સહિત ૬૦ હજાર ઉત્તર કોરીયન સૈનિકો ૩૮ મી સમાંતરરેખા (38th Parallel) ઓળંગીને દક્ષિણ કોરીયામાં પ્રવેશ કરે છે. સામ્યવાદીઓને હટાવવા પ્રમુખ ટ્રુમેન જનરલ મૅક–આર્થરને મોકલે છે. સંઘર્ષ બંધ કરવાની માગણી કરતી સં. રા. સંસ્થા તરત જ તખ્તા પર હાજર થાય છે; પરંતુ સંઘર્ષ ચાલુ જ રહે છે. અને તેથી તેના ઇતિહાસમાં પહેલી જ વાર બળનો ઉપયોગ કરવાનો એ વિશ્વસંસ્થા આદેશ આપે છે અને સભ્ય–રાષ્ટ્રો પાસેથી મદદની માગણી કરે છે. દૃશ્ય બદલાય છે અને હવે એ યુધ્ધ ઉત્તર કોરીયા અને જગતના ચોકીદાર વચ્ચેના યુદ્ધમાં પલટાઇ જાય છે. તરત જ વચમાં વળી ચિત્રમાં ચીન ઉપસે છે અને સં. રા. સંસ્થા તેને આક્રમણખોર તરીકે ઠરાવે છે.

નાની મોટી અથડામણો પછી તા. ૨૬ મી જુલાઇ, ૧૯૫૩ ના રોજ સંધિ થાય છે. પરંતુ સં. રા. સંસ્થાનું કાર્ય હજી પૂર્ણ નથી થયું. કોરીયામાં શાંતિના સંરક્ષણ અર્થે તે સ્થાપે છે બ્રીન પક્ષકાર રાષ્ટ્રોનું દેખરેખ રાખતું એક મંડળ (Neutral Nations' Supervisory Commission). યુદ્ધકેદીઓની ફેરબદલી અર્થે ભારત પોતાના ૬૦૦૦ સૈનિકો મદદે મોકલે છે.

.....અને કોરીયાના એ નાટક પર પડદો પડે છે,

જગતનો એ ચોકીદાર પોતાના વિજય (એ વિજય હતો કારણ કે ૩૮ મી સમાંતર રેખાની અભેદ રેખા બળવવામાં આવી હતી અને આક્રમણને નિષ્ફળ બનાવવામાં આવ્યું હતું) અને પોતાની નિષ્ફળતા (એ નિષ્ફળતા હતી કારણ કે (૧) માત્ર એક જ રાષ્ટ્રના ઇશારે સં. રા. સંસ્થાને યુદ્ધમાં ભાગ લેવો પડયો અને (૨) એ એક એવી ઘટના હતી કે જેમાં માત્ર અમેરીકાના લશ્કરના ૬૦ હજાર સૈનિકોને મૃત્યુ સાથે ભેટવું પડ્યું) એવા પરસ્પરવિરોધી પરિણામ વિષે ઊંડાણથી વિચાર કરવા માટે પોતાના મૂળસ્થાન ઉપર પાછો ફરે છે.

કોરીયાના એ યુધ્ધે આપણા આ આંતરરાષ્ટ્રીય ચોકીદાર ઉપર અસંખ્ય ઉઝરડા કર્યા, એટલું જ નહિ પણ અનુભવમાંથી પેદા થતા ડહાપણનું તેને સભર પણ કર્યું. ભૂલ કરીને પણ વિજય પ્રાપ્ત કરવાની એ રીત યોગ્ય હતી કે નહિ તે અંગે પરસ્પર વિરોધી અભિપ્રાયો હોઈ શકે, પરંતુ એ યુધ્ધે સં. રા. સંસ્થાને વધારે મજબુત બનાવી. કારણ કે એ હકીકત નક્કી થઈ ગઈ કે જો કદાચ જરૂર પડે તો ગરમ અને સક્રિય યુદ્ધ લડી લેવાની જગતના એ ચોકીદારમાં તાકાત રહેલી છે.

સદ્‌ભાગ્યે ફરીથી બીજીવાર તેની એ તાકાત બતાવવાનો પ્રસંગ આવ્યો નથી. અલબત્ત ૧૯૫૬ ના ઓકટોબર માસમાં ઇજીપ્ત પરના આંગ્લ–ફ્રેંચ–ઇઝરાયલી એવા ત્રિપક્ષી હુમલાને લીધે કોરીયાની ઘટના પછી દુનિયા ગરમ યુદ્ધની લગભગ ફરીથી નજીક આવી ગઈ હતી. પરંતુ એ આક્રમણ એટલું બધું શરમજનક, ઉઘાડું અને કોઈ પણ કારણ વિનાનું હતું કે દુનિયાએ એ ત્રણ રાષ્ટ્રોના આક્રમણને ઇજીપ્ત પરનું આક્રમણ ન ગણ્યું, પરંતુ પોતાની સામેનું–સમગ્ર દુનિયા સામેનું–આક્રમણ ગણ્યું. અને તેથી માત્ર પોતાનું નૈતિક બળ અજમાવીને એ અથડામણો થંભાવી દેવાનું સં. રા. સંસ્થા માટે ઘણું જ સરળ થઇ પડયું.

ઇજીપ્ત પરના એ આક્રમણને હજી તો બે દિવસ પૂરા થયા ન થયા, એટલામાં સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સમિતિએ આક્રમણ અટકાવવાનો આદેશ આપ્યો અને બ્રિટન તેમજ ફ્રાંસ તે આદેશને તાબે થઇ ગયા. તે પછી એ સળગતા વિસ્તારમાં શાંતિ જાળવવા માટે સં. રા. સંસ્થાએ એક કટોકટી–દળની (Emergency Force) નિમણુંક કરી. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના ઇતિહાસમાંનું સર્વ પ્રથમ ગણવેશધારી એ શાંતિ–સંરક્ષક દળ અદ્યાપિ પેલા ગાઝા પટી–પ્રદેશ પર શાંતિ માટે ચોકી કરી રહ્યું છે.

× × × × ×

અને હવે ફરીથી દૃશ્ય બદલાય છે.

આપણે હવે લબ્નાન નામે ઓળખાતા સ્થળ–પ્રદેશમાં છીએ અને સમય છે વર્તમાનનો. આ વખતે નાટકના અભિનેતાઓ અને સૂત્રધારો તદ્દન નિરાળા છે, કારણ કે આજે અમેરિકાએ આક્રમણના સૂત્રધારનો પાઠ ભજવવાનું માથે લીધું છે. આ નાટક છે હતાશાનું, કેવળ ઊંડી અજ્ઞાનતા અને જડતાનું. આ અધર્મના માર્ગે નવો સૂત્રધાર લુચ્ચાઇથી અને અનૈતિક રીતે આગળ વધી રહ્યો છે. ભયથી વિહ્વળ બનેલો પ્રેક્ષકવર્ગ ચિન્તાપૂર્વક આ સૂત્રધારને હજી પણ તખ્તાના મધ્યબિંદુ પર નિર્લજ્જ રીતે વર્ચસ્વ જમાવીને ઘૂમતો જોઇ રહ્યો છે.

પણ જગતનો એ ચોકીદાર અત્યારે ક્યાં છે ? સ્વાભાવિક રીતે તેના પર નાયકપદનો મુગટ બંધ બેસતો થાય છે અને તે તખ્તા પર હાજર થઇને આ સ્ફોટક પરિસ્થિતિમાંથી જગતને બચાવી શકે તેમ છે. ઘણી બાબતો ગુમાવવાનું અમેરિકાને પરવડી શકે તેમ છે, પરંતુ સં. રા. સંસ્થામાંનો તેનો મોભો ગુમાવવાનું અમેરિકાને કદી પણ, અરે સ્વપ્નમાં પણ, પાલવી શકે તેમ નથી. કારણ કે જો તેમ થાય તો તેની રાજકીય પ્રતિષ્ઠાનો અંત આવે. જો સં. રા. સંસ્થા કડક વલણ અખત્યાર કરે તો લબ્નાનમાંથી વિદેશી સૈન્યને તે જરૂર દૂર કરી શકે તેમ છે અને એ રીતે સ્થાનિક યા જાગતિક યુદ્ધની સંભાવના–શકયતાને ટાળી શકે તેમ છે.

સં. રા. સંસ્થામાંના બળોનું સાયુજ્ય એવું છે કે જો સામ્યવાદ કોઇપણ ભૂલ કરે તો તેની સામે તે બળો બહુ જ સહેલાઈપૂર્વક મોરચો માંડી શકે તેમ છે, પરંતુ "મુકત જગત" નો નેતા જ્યારે ભૂલ કરે ત્યારે "મુકત જગત" ના એ નેતા સામે મોરચો માંડવાનું–તેનો વિરોધ કરવાનું એટલું સરળ નથી જ તેથી જ ૧૯૪૫ ના એ આશાભર્યા દિવસથી આજસુધીમાં કોઇ પણ ઘટનાએ સં. રા. સંસ્થાને મોડામાં મોટો પડકાર કર્યો હોય તો તે લબ્નાનની ઘટના–એ જ કર્યો છે.

જગતનો એ ચોકીદાર પોતાની ફરજ બજાવશે ? વિશ્વે તેને અર્પણ કરેલ શકિત–સામર્થ્યનો એ ઉપયોગ કરશે ?

મૂળ લેખક : **ટી. જે. એસ્.**

અનુવાદક : **શાન્તિલાલ દેવજી નંદુ**

અન્તિમ ઇચ્છા

(સ્વ. ટી. જી. શાહે, સૌ કોઇને આવે છે તેમ પોતાનાં જીવનનો પણ અન્તિમ સમય આવે ત્યારે, આસપાસનાં સ્વજનોએ શું કરવું અને કેમ વર્તવું એ વિષે પોતાના દિલમાં રહેલા વિચારો નીચેના કાવ્યમાં વ્યકત કર્યા છે, અને જણાવતાં સંતોષ થાય છે કે લગભગ તેમની સૂચના મુજબ જ તેમના અન્તિમ સમયે તેમ જ ત્યાર બાદ તેમના પત્ની શ્રી. ચંચળબહેને તથા અન્ય સ્વજનોએ વર્તાવ કર્યો છે. **તંત્રી**)

અંતિમ અવસર આવે જ્યારે મ્હારો,
લેશો નહિ કોઇ રોકકળનું નામ જો.
અરિહંત દેવને ભજજો સૌ ભેગા મળી;
જેથી પામે સૌએ અતિ આરામ જો.....અન્તિમ૦

વૈદો કે ડાકતરો બહુ બોલાવીને
કરશો નહિ મુજ શાન્તિ કેરો ભંગ જો.
પૂર્ણ શાન્તિમાં અગાધ નિદ્રા લેવા તણો
છે મારો એ આખરનો ઉછરંગ જો.....અન્તિમ૦

ખાંપણમાં વાપરજો શુદ્ધ ખાદીને.
સ્મશાન યાત્રે લેજો જિનેંદ્ર નામ જો.
વળતી વેળા ૐ શબ્દ ઉચ્ચાર જો.
જાણે પહોંચ્યો પૂર્ણ સુખને ધામ જો.....અન્તિમ૦


કાણ–કુટણનો અતિ દુષ્ટ રિવાજ જે
ટકી શકે છે જૈન કોમમાં કેમ જો ?
તિલાંજલી તેને દેવાની ભાવના,
નિભાવજો સૌ રાખી મુજપર રહેમ જો.....અન્તિમ૦

ખોટો પાણી વખતનો વ્યય કરશો નહિ.
નિત્યે દેવું સદ્‌ગુરૂ પ્રવચને ધ્યાન જો.
શુદ્ધ સફેદ ખાદી વસ્ત્ર ધારણ કરી
કરવા સર્વે આત્મોદ્ધારનાં કામ જો.....અન્તિમ૦

ટી. જી. શાહ

આજની આન્તરરાષ્ટ્રીય કટોકટીનું પૃથ્‌ક્કરણ

આજે દુનિયા એક મોટી કટોકટીમાંથી પસાર થઇ રહી છે અને દશ દિવસ પહેલાં તો ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળવાની જ ઘડિઓ ગણાતી હતી. આ કટોકટીને યથાસ્વરૂપે સમજવા માટે છેલ્લાં ત્રણ ચાર વર્ષ દરમિયાન ઇજીપ્તમાં તેમ જ આપણા માટે જે પશ્ચિમ એશીઆ છે પણ યુરોપ અમેરિકાના અનુસંધાનમાં જેને મધ્યપૂર્વના પ્રદેશો (Middle East) તરીકે ઓળખવામાં આવે છે તે અન્ય આરબ રાજ્યોમાં ઉત્તરોત્તર જે ઘટનાઓ બનવા પામી છે તેનો સમગ્રપણે ખ્યાલ હોવો જરૂરી છે. આ માટે આપણે હજુ થોડાં જ વર્ષો પહેલાં ઇજીપ્તમાં જે ક્રાન્તિ થઇ—જે દરમિયાન ત્યાંના રાજા ફરૂકને ફેંકી દેવામાં આવ્યો હતો અને રાજાશાહીનો અન્ત લાવવામાં આવ્યો હતો તે ક્રાન્તિ તરફ આપણે નજર દોડાવવી પડશે. આ રાજ્યક્રાન્તિએ નવજાગૃત આરબ પ્રજાના રાષ્ટ્રવાદને મૂર્ત સ્વરૂપ આપનાર લેફ્‌ટેનન્ટ કર્નલ (આજે રાજપ્રમુખ) ગેમલ અબ્દુલ નાસરને આન્તરરાષ્ટ્રીય તખ્તા ઉપર રજુ કર્યો હતો. નવજન્મ પામેલા ઇજીપ્તે અનિવાર્યપણે આરબ દુનિયામાં રાષ્ટ્રવાદી બળોને નવો આકાર, નવું રૂપ, નવી ચેતના આપી અને આ નાસરના ઉદયમાં પશ્ચિમ એશિયામાં વર્ષોથી જામેલો પોતાના પ્રભાવના અન્તનો પ્રારંભ થયો છે એમ યુરોપ અમેરિકાને સહજપણે સમજાઈ ગયું.



આ રીતે પશ્ચિમ એશિયામાં આજે જે સંઘર્ષ ઉભો થયો છે તે સંઘર્ષ નવોદિત આરબ રાષ્ટ્રવાદ અને યુરોપ અમેરિકાના પશ્ચિમ દેશોના સ્થાપિત હિતો વચ્ચેનો છે, જેમાં પશ્ચિમ દેશો તરફથી પોતાની ઓસરતી જતી સત્તાને ટકાવી રાખવાને મરણીયા પ્રયત્નો ચાલી રહેલા જોવામાં આવે છે. અંગ્રેજો અને ફ્રેંચોએ સાથે મળીને સુએઝ ઉપર કોઈ પણ ઉશ્કેરાટના નિમિત વિનાનું અને કેવળ ધૃષ્ટતાભર્યું જે આક્રમણ કર્યું હતું તે આ સંઘર્ષનું અતિસ્પષ્ટક સીમાચિહ્ન હતું. આ આક્રમણના પરિણામે આખી આરબ દુનિયા એટલી બધી બળવાન અને સંગઠિત બની બેઠી કે એ પશ્ચિમી દેશોને સુએઝમાંથી પાછા હઠવાની ફરજ પડી હતી. પણ એ પીછેહઠ છેવટની નહોતી, જે ત્યારબાદ બનેલી ઘટનાઓ ઉપરથી માલુમ પડે છે.

પોતાના સર્વોચ્ચ લશ્કરી અધિકારીઓની સલાહની અવગણના કરવાની હદ સુધી પ્રેસીડેન્ટ આઇઝનહોવરને જવું પડયું અને આ દખલગીરીને દુનિયાનો જાહેર અભિપ્રાય વખોડી નાખશે એની પૂરી ખાત્રી હોવા છતાં પશ્ચિમ એશિયાના દાવાનળમાં ઘબ લઇને તેણે ઝંપલાવ્યું તેમાં ખરી રીતે લેબેનોન એટલું કારણભૂત નથી જેટલું ઇરાક છે. સુએઝના આક્રમણ વખતની પરિસ્થિતિ જરાક જુદી હતી, જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સે પોતાના નબળા અથવા તો નાના ભાગીદાર ઇંગ્લાંડ તથા ફ્રાન્સને કડવાશનો બધો ટોપલો પોતાના માથે વ્હોરવા દીધો હતો અને પોતે તો આરબ રાષ્ટ્રવાદના સમર્થક છે એવો જાહેરમાં દેખાવ કર્યો હતો. સુએઝના પ્રકરણમાં બ્રીટને બધું ખોવાનું જોખમ ખેડયું હતું અને પશ્ચિમને અનુકુળ એવા રાજાઓની અને પશ્ચિમ એશીયાની સરકારો કે જેમને રાષ્ટ્રવાદી બળોના કારણે ઇજીપ્તને ટેકો આપવાની ફરજ પડી હતી તેની તત્કાળ નાખુશી તેણે વહોરી લીધી હતી, જ્યારે આરબ દુનિયામાં જે થોડા રાજાઓ રાજ્ય કરી રહ્યા હતા તેમની શુભ લાગણી યુનાઇટેડ સ્ટેટ્સના પક્ષે ચાલુ રહી હતી.

પશ્ચિમ એશિયામાં પણ જે યુરોપ અમેરિકા પ્રત્યે સૌથી વધારે અનુકુળ વળણ વાળું હતું તેવા ઇરાકમાં જ્યારે બળવો થયો ત્યારે વોશીંગ્ટનને બરોબર સમજાઇ ગયું કે પશ્ચિમ એશિયાના તેલને લગતા યુરોપ અમેરિકાના ધુરાઓ જાળવી રાખવા માટે જેમની સત્તા તુટું તુટું થઇ રહી હતી એવા આરબ રાજાઓ ઉપર આધાર રાખીને બેસી રહેવાનો હવે કાંઇ અર્થ નથી. અને આ વખતે બ્રીટને બ્યાજબી રીતે એવો આગ્રહ દાખવ્યો કે પહેલું પગલું વોશીંગ્ટને જ ભરવું જોઇએ. અમેરિકાએ આ પગલું ભરીને સર એન્થની ઇડનના પગલાનું જ સમર્થન કર્યું છે. ગમે તેટલી દલીલ અને ચર્ચા કરવામાં આવે, પણ એ વાસ્તવિકતાની કોઇથી ના પાડી શકાય તેમ છે જ નહિ કે આ વખતની સશસ્ત્ર દખલગીરીનો હેતુ પોતાના તેલને લગતા હિતો જાળવવા માટેનો પશ્ચિમનો છેવટના ફાંફા મારતો પ્રયત્ન છે. આરબી રાષ્ટ્રવાદની ચડી રહેલી ભરતીના પરિણામે પશ્ચિમ યુરોપના તેલને લગતા આર્થિક હિતો એટલા બધા જોખમમાં મુકાયલાં છે કે બ્રીટીશ લેબર પાર્ટી કે જેણે સુએઝના પરાક્રમ વિરૂદ્ધ અંગ્રેજ પ્રજામાં ભારે ઉગ્ર લોકમત ઉભો કર્યો હતો તે પણ લેબેનોનમાં કરવામાં આવેલી દખલગીરી સંબંધમાં દ્વિપર્થી ભાષામાં પોતાનો અભિપ્રાય પ્રગટ કરી રહેલ છે.

કોઇ એમ માની ન બેસે કે લેબેનોનના પ્રમુખ શેમુની મદદે અમેરિકા વધારે વહેલું ન ગયું તેમાં દુનિયાનો અભિપ્રાય અથવા તો લેબેનોનમાં કામ કરી રહેલ સંયુકત રાષ્ટ્ર સંસ્થાનું નિરીક્ષક મંડળનો રીપોર્ટ એ કારણભૂત હતા. વૉશીંગ્ટને પોતાના પગલાથી સ્પષ્ટ કરી આપ્યું છે કે જ્યારે તેના પોતાના ધુરાના હક્કો જોખમમાં છે એમ તેને માલુમ પડે છે ત્યારે તે એ બેમાંથી એકની પણ પરવા કરે તેમ નથી. પશ્ચિમી દેશોને—ઇંગ્લાંડ અને અમેરિકાને—લેબેનોનની સરકાર અને ત્યાંના રાષ્ટ્રવાદીઓ વચ્ચે સમાધાનીની પૂરી આશા હતી અને અમેરિકાના નાવિકસૈનિકો લેબેનોનના કીનારા ઉપર ઉતર્યા તે પહેલાં તરતમાં તો આવી સમાધાની થવાની પૂરી શકયતા પણ લાગતી હતી. જો આવી સમાધાનીના પરિણામે લેબેનોનમાં પશ્ચિમને અનુકુળ સરકાર ચાલુ રહી હોત તો આવી લશ્કરી હીલચાલ થોભાવવામાં પશ્ચિમને કશું ખોવાપણું નહોતું. શેમુને આ બાબતની પૂરી ખબર હતી, પણ તેના સદ્‌ભાગ્યે ઇરાકમાં બળવો થયો, જેનો લાભ આખા દેશ સામે એકલો ઉભો રહીને લડત ચલાવતા આ શેમુને મળી ગયો. આરબ રાષ્ટ્રવાદની હકુમત એક ઇરાક ઉપર સ્થાપિત થાય પછી બાકીના પુતળા માફક રાજ્ય કરતા રાજાઓને ખતમ કરવામાં કોઈ વધારે સમય લાગે તેમ હતું જ નહિ. જોર્ડનમાં તો તોફાનો ચાલી જ રહ્યાં હતાં, અને ઇરાક સાથે ઇરાનની સરહદ ઉપર વસતી જાતિઓ ખળભળી રહી હતી. ઇરાકમાં રાજાશાહી ખતમ થતાં લેબેનોન સુધ્ધાં બીજા દેશોમાંના રાષ્ટ્રવાદીઓને અપાર બળ અને ચાલના મળવાની જ હતી. હવે બાજુએ ઉભા રહીને ટગર ટગર જોયા કરવું યુરોપ અમેરિકાને પરવડે એમ નહોતું.

અમેરિકાની આ દખલગીરીને કોઈ કોરીઆ સાથે, કોઈ હંગરી સાથે અને કોઇ સુએઝ સાથે સરખાવે છે. આજની ઘટના અને આગળની આ ત્રણે ઘટનામાં અન્ય મહારાજ્યની દખલગીરી એ સમાન અંશ છે. બાકી આ વખતની દખલગીરી અને આગળની ત્રણે દખલગીરીમાં

બીજા સંયોગો એકમેકથી તદ્દન ભિન્ન પ્રકારના છે. જ્યારે આજથી દશ વર્ષ પહેલાં યુનાઇટેડ સ્ટેટ્સનાં લશ્કરી દળો દક્ષિણ કોરીઆમાં ઉતારવામાં આવ્યા હતા, ત્યારે વોશીંગ્ટન એક બહાનું તો જરૂર રજુ કરી શકે એમ હતું, અને તે એ કે, ઉત્તર કોરીઆમાં ચીની દળોની દક્ષિણ કોરીઆની વિરૂદ્ધ હીલચાલ થઈ રહી હતી. આવું કોઈ કારણ પશ્ચિમ એશિયામાં તો હતું જ નહિ એમ યુનોના નિરીક્ષક મંડળના રીપોર્ટ ઉપરથી માલુમ પડે છે. હંગરીમાં રશીઆએ કરેલી દખલગીરીનો બે રીતે ખુલાસો થઈ શકે તેમ છે. એક તો વોરસો પેકટનો નાઝ સરકાર તરફથી અસ્વીકાર કરવામાં આવ્યો હતો અને બીજું હંગરીમાં બળવો થયો ત્યારે સોવિયેટ દળો ત્યાં પડેલા જ હતા. આ દળો એક વાર વિદાય થયા અને વળી પાછા ધસી આવ્યા. આ દખલગીરી સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. આ સંયોગો અને પશ્ચિમ એશીઆના અદ્યતન સંયોગો વચ્ચે કશુ પણ સામ્ય છે જ નહિ. જો આ તાજેતરની દખલગીરીને આગળની કોઇ દખલગીરી સાથે સરખાવી શકાય તેમ હોય તો તે સુએઝની દખલગીરી છે. (જો કે લેબેનોનમાં ચાલતો હતો તેવો કોઈ આન્તર વિગ્રહ ઈજીપ્તમાં ચાલતો નહોતો.) પણ એંગ્લો-ફ્રેંચ આક્રમણ એ કેવળ કોઇ પણ દિશાની ઉસ્કેરણી વિનાનું આક્રમણ હતું કે જેને યુનાઇટેડ સ્ટેટ્સે પણ વખોડી નાંખ્યું હતું. અને એમ છતાં યુનાઇટેડ સ્ટેટ્સ તરફથી એવું જ પગલું ભરવામાં આવ્યું હતું. યુનાઇટેડ સ્ટેટ્સ જે દેખાવનું કારણ દુનિયા સમક્ષ રજુ કરે છે તે યુનાઇટેડ નેશન્સની એક કલમને અનુલક્ષીને છે. આ કલમ, જો કોઇ પણ રાજ્ય રાજ્યની સરકાર અન્ય રાજ્ય-રાજ્યોની ખાસ મદદ માગે તો, સભ્ય રાજ્યોને તેની મદદ કરવાની રજા આપે છે, પણ આ બાનું રજુ કરીને યુનાઇટેડ સ્ટેટ્સ સોવિયટ રશીઆની જ નકલ કરી રહ્યું છે.

અહિં સામ્યવાદ પણ કોઇ રીતે સંડોવાયલો નથી, જો કે સામ્યવાદના જોખમનો સામનો કરવાનો જ આ આખો પ્રયાસ છે એમ યુનાઇટેડ સ્ટેટ્સ તરફથી ખુલાસો કરવામાં આવે છે. પશ્ચિમ એશિઆમાં સોવિયટના પ્રભાવના નામે એ ભૂતાવળ ઉભી કરવામાં આવી છે. જેને પ્રમુખ નાસરે અનેક વાર રદીઓ આપ્યો છે. જો આરબ રાષ્ટ્રવાદ પશ્ચિમી દેશો સાથે કોઇપણ જાતની સમાધાની કરવાનો ઇનકાર કરતો હોય તો એટલો જ ઇનકાર સામ્યવાદ સાથે સમાધાની કરવાનો તે કરી રહેલ છે. પશ્ચિમ એશિયામાં સોવિયેટની વ્યૂહરચના એક સાદી હકીકતથી સમજી શકાય તેમ છે અને તે એ કે આ પ્રદેશમાં પશ્ચિમી દેશોનો એક પણ પરાજય થાય અથવા તો તેમને એક પણ પીછેહઠ કરવી પડે તે સોવિયટના લાભમાં પરિણમે છે. આ લાભ સામ્યવાદ માટે કોઈ ભૌતિક લાભ નથી, પણ માનસિક લાભ છે-એટલે તેનો આ પ્રદેશો ઉપર માનસિક પ્રભાવ વધે છે. અમેરિકન સાહસનો મોસ્કોમાં બહુ નરવો પ્રત્યાઘાત પડયો તેનું પણ આ જ કારણ છે. સુએઝની કટોકટી વખતે આન્તરરાષ્ટ્રીય સામ્યવાદ ઉપર હંગરીમાં મોટો ફટકો પડે તેમ હતું અને તેથી રશીઅનો સ્વાભાવિક રીતે પશ્ચિમી દેશોને બહુ જોરશોરથી વખોડી રહ્યા હતા. લેબેનોનમાં કરવામાં આવેલી અમેરિકન દખલગીરીમાં સામ્યવાદ માટે આવા કોઈ ભય કે જોખમનું કારણ છે જ નહિ.

આજની આન્તરરાષ્ટ્રીય કટોકટીનું જુલાઇ માસની ૨૦ મી તારીખના ભારત જ્યોતિમાં પ્રગટ થયેલ એક લેખના આધારે ઉપર મુજબ પૃથક્કરણ કરવામાં આવ્યું છે. આજે પણ હજુ આખી પરિસ્થિતિ સ્ફોટક દશામાં છે. સદ્‌ભાગ્યે આ કટોકટીનો ઉકેલ લાવવા માટે બહુ ઉંચી કક્ષા ઉપર વાટાઘાટો ચાલી રહી છે, અને ભડકો થતાં થતાં રહી ગયો તો હવે નહિ થાય અને તત્કાળ સુલેહ સમાધાનીનો કોઇ ને કોઇ માર્ગ નીકળશે એવી આશા સૌ કોઇના દિલમાં ઉગી રહી છે. 'સૌને સન્મતિ દે ભગવાન' એ જ આજે આપણ સર્વની ઊંડા દિલની પ્રાર્થના હો ! **પરમાનંદ**

બે અંગત એકરાર

(નીચેના બન્ને એકરારો વસ્તુતઃ પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ કરવાના હતા, પણ જગ્યાના અભાવે તેમ બની શકયું નહોતું. **તંત્રી**)

મારી આશંકા ખોટી હતી.

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ થયેલ પ્રકીર્ણ નોંધમાં 'સ્ત્રી ઉધ્ધારનો પ્રશ્ન અને ભગવાન મહાવીર' એ મથાળા નીચેની નોંધમાં વિનોબાજીના પ્રવચનમાંનો એક ઉતારો આપ્યો છે. તેની અંદર વિનોબાજીએ ભગવાન મહાવીરના શિષ્યોમાં શ્રમણ કરતાં શ્રમણીઓની સંખ્યા વધારે હોવાનું જણાવ્યું છે. એ ઉપરની મારી નોંધમાં આ વિધાનની યથાર્થતા વિષે મેં આશંકા દર્શાવી છે. આ વાંચીને મારા મિત્ર માંડલનિવાસી ભાઇ રતિલાલ મફાભાઇ શાહ પોતાના એક પત્રમાં પૂછે છે કે "આ મારી આ શંકા ભૂલભરેલી નથી ? કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરની જે શિષ્યપરંપરા વર્ણવવામાં આવી છે તેમાં ૧૫૯૦૦૦ શ્રાવકો અને ૩૫૦૦૦૦ શ્રાવિકાઓનો ઉલ્લેખ છે. તેવી જ રીતે શ્રમણ વર્ગ કરતાં શ્રમણીઓની સંખ્યા મોટી કહી છે એમ હું જાણું છું. તે સિવાય અન્યત્ર પણ શ્રમણીઓની સંખ્યા શ્રમણો કરતાં વિશેષ હોવાનું લખાયું છે." ત્યાર બાદ જાણકારોનો આ બાબતમાં સંપર્ક સાધતાં ઉપરની મારી આશંકા અસ્થાને છે અને ભગવાન મહાવીરના શિષ્યોમાં શ્રમણો ૧૪૦૦૦ અને શ્રમણીઓ ૩૬૦૦૦ હોવાના કલ્પસૂત્રમાં તેમ જ અન્યત્ર ઉલ્લેખો છે અને તેથી વિનોબાજીનું વિધાન આધારભૂત છે એમ માલુમ પડે છે.

ઔચિત્યભંગ માટે ક્ષમાયાચના

ગયા વર્ષે થોડા સમય માટે શ્રી ગગનવિહારી મહેતા મુંબઈ આવેલા તે દરમિયાન ભારતીય વિદ્યાભવનના ગીતા-મંદિરમાં ગુજરાત રીસર્ચ સોસાયટીનું વાર્ષિક સંમેલન તેમના પ્રમુખસ્થાને યોજાયું હતું. એ સંમેલનમાં હું પણ ગયો હતો અને હિંદી વહાણવટાના નિષ્ણાત શ્રી મનસુખલાલ મારતરની બાજુએ બેઠો હતો. અમને બન્નેને જોઇને શ્રી ગગનવિહારી અમારી પાસે આવેલા અને અમારી વચ્ચે થોડો સમય બેઠેલા. એ દરમિયાન ચિ. ભાઈ નરેન્દ્ર રાવળે અમારી બન્નેની અજાણમાં મારી તથા ગગનભાઇની છબી પોતાના ફોટોગ્રાફિક કુશળતાથી ઝડપી લીધી. બે ત્રણ દિવસ બાદ ભાઈ નરેન્દ્ર મને મળવા આવ્યો અને એ છબીનો એક પ્રીન્ટ મારા હાથમાં મૂકયો જે જોઇને મને મારે આશ્ચર્ય થયું. એ પ્રીન્ટ મારી પાસે પડયો હતો.

તા. ૧૫-૭-૫૮ ના છેલ્લા અંકમાં શ્રી ગગનવિહારીના એક પ્રવચનનો અનુવાદ પ્રગટ કરવાનો હતો. તેમને લગતી સત્કાર સભાના સમાચાર પણ એમાં આપવાના હતા. આ સાથે શ્રી ગગનવિહારીની છબી પ્રબુદ્ધ જીવનમાં આપી શકાય તો સારૂં એમ વિચારતાં પેલો પ્રીન્ટ મને યાદ આવ્યો. એ તસવીર ભારે લાક્ષણિક હોઇને તેમાંથી ગગનવિહારીની છબી કાપીને મૂકવી એ કરતાં છબી મૂળ છે તેવી મૂકવી તે મને વધારે ઠીક લાગ્યું. સંભવ છે કે તેમ કરવામાં મારી છબી પણ સાથે સાથે ભલે છપાય એવી વૃત્તિ અથવા તો ઇચ્છા ઊંડે ઊંડે કામ કરી રહી હોય. અમારી કોઈ ચર્ચાના અનુસંધાનમાં મારા મિત્ર શ્રી સુરજચંદ્ર ડાંગીએ જણાવેલું કે "માણસ મોટા ભાગે સ્વભાવથી મૂર્તિપૂજક છે અને વિશેષતઃ પોતાની મૂર્તિ અથવા તો છબીનો." આ વિધાન મને પણ લાગુ પડતું હોય. એ જે હો તે હો ! પણ આમ પોતાની છબી પોતાના જ છાપામાં આટલી આગળ પડતી રીતે છાપવામાં ઔચિત્યભંગનો દોષ તો રહેલો જ છે, જે માટે પ્રબુદ્ધ જીવનના વાચકોની હું ક્ષમા માગું છું. **પરમાનંદ**

વિષય સૂચિ		પૃષ્ઠ
નરસિંહ મહેતા: પ્રેરક વિભૂતિ	તારાબહેન શાહ	૫૯
દુનિયાનો ચોકીદાર અને તેની આજ સુધીની કામગીરી. ...	ટી. જે. એસ.	૬૧
આન્તમ ઇચ્છા	ટી. જી. શાહ	૬૩
આજની આન્તરરાષ્ટ્રીય કટોકટીનું પૃથક્કરણ	પરમાનંદ	૬૪
બે અંગત એકરાર ...	,,	૬૫
સ્વ. ટી. જી. શાહને અપાયલી ભાવભરી અંજલિઓ ...		૬૬
રખેને આપણે મોડા પડીયે....	ગગનવિહારી મહેતા	૬૭

સ્વ. ટી. જી. શાહને અપાયલી ભાવભરી અંજલિઓ

મુંબઈની જાહેર શોકસભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના સંયુક્ત આશ્રય નીચે મુંબઇ ખાતે સી. પી. ટેંક પાસે આવેલા હીરાબાગની વ્યાખ્યાનશાળામાં મુંબઇ પ્રદેશના માનનીય પ્રધાન શ્રી. શાન્તિલાલ હ. શાહના પ્રમુખપણા નીચે જાણીતા સામાજિક કાર્યકર સ્વ. ટી. જી. શાહના તાજેતરમાં નીપજેલા અવસાન અંગે શોક પ્રદર્શિત કરવાના હેતુથી તા. ૧૮-૭-૫૮ ના રોજ જાહેર સભા મળી હતી. આ સભામાં સ્વ. ટી. જી. શાહના અનેક મિત્રો, સ્વજનો અને પ્રશંસકોએ ભાગ લીધો હતો. સ્વ. ટી. જી. શાહનાં પત્ની શ્રી. ચંચળબહેન, ચાલુ વ્યવહાર મર્યાદાના ખ્યાલને બાજુએ રાખીને, પોતાનાં કુટુંબીજનો સાથે આ સભામાં ઉપસ્થિત થયાં હતાં. શરૂઆતમાં બહેન કિશોરીએ પ્રાર્થનાગીત સંભળાવ્યું, ત્યાર બાદ શ્રી. ખીમજી માડણ ભુજપુરીઆએ શ્રી. શાન્તિલાલ શાહને સભાનું કામકાજ શરૂ કરવાની વિનંતિ કરતાં ટી. જી. શાહને યાદ કરીને ભાવભરી અંજલિ આપી હતી. ત્યાર બાદ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ નીચે મુજબ શોક પ્રસ્તાવ રજુ કર્યો હતો:-

શોકપ્રસ્તાવ

"શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તથા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના આશ્રય નીચે મળેલી શ્રી. ટી. જી. શાહના સ્વજનો, મિત્રો અને પ્રશંસકોની આ સભા શ્રી. ટી. જી. શાહના તાજેતરમાં નીપજેલા એકાએક અવસાન બદલ ઊંડા ખેદની લાગણી પ્રગટ કરે છે અને તેમનાં પત્ની શ્રી. ચંચળબહેન તથા તેમનાં પુત્રી બહેન કંચન પ્રત્યે ઊંડી સહાનુભૂતિની લાગણી વ્યકત કરે છે. શ્રી. ટી. જી. શાહ જાણીતા સમાજસેવક હતા, મુંબઇ જૈન યુવક સંઘ, સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ તથા જૈન શ્વેતાંબર સ્થાનકવાસી કોન્ફરન્સની તેમણે વર્ષોથી એક યા બીજા અધિકાર ઉપર રહીને અમૂલ્ય સેવાઓ બજાવી હતી, માનવી-જીવનનો અનેક રીતે હ્રાસ કરી રહેલા વ્યસનો સામે તેમણે અખંડ જેહાદ ચલાવી હતી. તેઓ સરળ દિલના, પ્રેમાળ, ખેલદિલ અને શીલ-સંપન્ન સજ્જન હતા. ૭૩ વર્ષની ઉમ્મરે પણ તેમનામાં એક યુવાનનો જીવન ઉત્સાહ અને ક્રિયાશીલતા હતી. આવા વિશિષ્ટ ગુણોને લીધે તેઓ વિશાળ સમાજમાં ચિરકાળ માટે સુવાસ મૂકતા ગયા છે. તેમના અવ-સાનથી આપણે એક સાથી, મિત્ર અને સ્વજન ગુમાવેલ છે. તેમના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એવી આ સભા પ્રાર્થના કરે છે."

આ પ્રસ્તાવ ઉપર બોલતાં શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ તેમ જ ત્યાર બાદ ટી. જી. શાહના પિત્રાઈ ભાઈ શ્રી. કાનજી જેઠાલાલ શાહે, ટી. જી. શાહના પુરાણા મિત્ર શ્રી જગનમોહન શાહે, અધ્યાપિકા સા. તારાબહેન રમણલાલ શાહે, જન્મભૂમિના તંત્રી શ્રી મોહનલાલ સોપાને, જૈન મહિલા સમાજના મંત્રી સૌ. જસુમતીબહેન મંતુભાઈ કાપડિયાએ, તથા શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે અને આખરે પ્રમુખ-શ્રીએ સદ્‌ગતના જીવનની વિવિધ બાજુઓનું, તેમના વ્યકિતત્વની લાક્ષણિક વિશેષતાઓનું, તેમની નીડરતા, સેવાપરાયણતા, બાલોચિત પ્રકૃતિ, વ્યસનો સામેની તેમણે ચલાવેલી અખંડ જેહાદ, ખેલદીલી અને ઉદાર સ્વભાવ-આમ તેમના અનેક ગુણવિશેષોનું નિરૂપણ કર્યું હતું, અને દરેકે સદ્‌ગત પ્રત્યે ઊંડા દિલનો ભાવ અને આદર વ્યકત કર્યો હતો અને શ્રી. ચંચળબહેન પ્રત્યે ઊંડી હમદર્દી પ્રગટ કરી હતી. છેવટે સર્વે સભાજનોએ બે મીનીટ મૌનપૂર્વક ઉભા રહીને શોકપ્રસ્તાવને અનુમતિ આપી હતી અને ત્યાર બાદ સભા વિસર્જિત થઇ હતી.

× × × ×

(સ્વ. ટી. જી. શાહના અણધાર્યા અવસાન અંગે તેમનાં પત્ની શ્રી. ચંચળબહેન ઉપર આવેલા સંખ્યાબંધ પત્રોમાંથી થોડાક ઉતારા નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

પંડિત સુખલાલજી

એમની તન્દુરસ્તી મનનો ઉલ્લાસ વગેરે જોતાં એ જુવાન જેવા લાગતા હતા. એમના મૃત્યુનું નિમિત્ત જાણીને ઊલટો વધારે આંચકો લાગ્યો. સાચે જ જીવન્ત પ્રસન્ન વ્યકિતા સદાને માટે ગઈ!

સ્વામી આનંદ

એમણે મુંબઈ જૈન યુવક સંઘ તેમજ બીજી અનેક જૈન સંસ્થાઓની લાંબી અને ઘણી કીંમતી સેવાઓ બજાવી છે અને અસંખ્ય મિત્રો અને સ્નેહીજનો મારી જેમ જ એમની ખોટ અંગત-પણે અનુભવશે એમાં શંકા નથી.

પંડિત બેચરદાસ જીવરાજ દોશી

તેમનો સમાગમ જે રૂપે આપણે તેમને જોયા છે તે રૂપે હવે થવો શક્ય નથી, તેથી જ એ રૂપે જોવાને ટેવાયલી આંખ તૃપ્તિ ન જ અનુભવે અને ખેદ પામે એ સ્વાભાવિક છે. તેઓ પોતાનો પ્રવાસ સફળ કરી ગયા છે. આપણો પ્રવાસ હજુ ચાલુ છે તો તેમના પગલે ચાલીને આપણા પ્રવાસને સફળ કરવાની કોઈ પણ તક આપણે જતી ન કરવી જોઈએ. આમ થાય તો જ તેમનો સહવાસ અને અપાર પ્રેમ આપણા માટે સફળ લેખાશે. તમારો તેમની સાથેનો લાંબો સહવાસ છે એ જોતાં તેમાં ખંડ પડવાથી સહજે આંચકો યા આઘાત લાગે તે સ્વાભાવિક છે. પણ જગતનું સ્વરૂપ આ રીતે જ ચાલતું આવેલ છે. મુસાફરો જાય છે અને આવે છે. જેમની સાથે આપણી બેઠક વધારે તેમના જવાથી આપણને વધારે દુઃખ થાય. બાકી બધા જ મુસાફરો છીએ.

મને લાગે છે કે આવા માનવો મરતા નથી, પણ જુદે રૂપે જીવતા જ હોય છે, અને તે દ્વારા વાતાવરણને સરજે છે. આપણી સ્થૂળ નજર તેમનું સ્થૂળ રૂપ જોવાને ટેવાઈ છે અને જ્યારે તેવું રૂપ સ્થૂળ રીતે ન દેખાય ત્યારે ખેદ-અતૃપ્તિ-અનુભવે છે.

મુનિ સન્તબાલજી

આજે આભ તૂટી પડે તેવા આઘાતજનક સમાચાર સાંભળ્યા, તમે જે સાક્ષી હશો, તેમને શું થયું હશે તે શી રીતે વર્ણવી શકાય? પણ તમો બહાદૂર છો. 'જન્મેલાનું ખરે મૃત્યુ' ત્યાં કોઇનો ઉપાય નથી. જિંદગી કેટલી ક્ષણુજીવી છે? તા. ૨૫-૫-૫૮ ના રોજ તેમને જોયા, તેમના હાથેથી વહોર્યું. આજે તો હવે જાણે તેઓ કાયમને માટે ગયા! કેવા ભડવીર અને ભક્ત! સદ્‌ગતની મારા મન ઉપર ઊંડી છાપ હતી.

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ

આજે 'જૈન પ્રકાશ' માં મારા પરમ મિત્ર અને આત્મબંધુ ટી. જી. શાહના અવસાનના સમાચાર વાંચી ખૂબ ખેદ થયો. અમારી મિત્રતાના તમે પરિચયી છો. એવા તન્દુરસ્ત, નિયમિત, નિર્વ્યસની અને આચાર-વિચારના નિર્મળ માણસ આમ એકાએક બે દિવસની માંદગીમાં ચલી નીકળે એ કલ્પી શકાય તેમ નહોતું. છતાં તે બન્યું તમે સુજ્ઞ છો. તેમના સાથીપણાને તમે દીપાવ્યું છે. શાન્તિ ધારણ કરશો.

શ્રી. કુન્દનમલજી ફિરોદિયા

ભાઈ ટી. જી. શાહ કી અવસ્થા તો કરીબ ૭૩ વર્ષકી હુઇ થી તો ભી ઉનકા શરીર દૃઢ થા, ઔર ઇતને જલદી ઉનકા દેહાવસાન હોગા ઐસી કલ્પના ભી નહિ થી. પરંતુ લિખિત કે આગે કિસીકા ઇલાજ નહી. ભાઈ ટી. જી. શાહ બડે સેવાભાવી થે. ઉન્હોને જૈન સમાજ કી-ઔર વિશેષતઃ સ્થાનકવાસી જૈન સમાજ કી-બડી સેવાયેં કિયી હૈ. જબ કોઈ કાર્યકા માકા આતા તબ વહ આગે બઢતે. શ્રાવિકાશ્રમ કે બનાનેમે ઉનકા હિસ્સા મોટા થા.

બહેન ગીતા પરીખ

(શિખરિણી)

સદા સ્ફૂર્તિલા ને નિતનવીન ઉલ્લાસભર શા,
શિશુ જેવા હૈયે જીવનપથપે રમ્ય સરતા,
અને ચાલ્યા જાણે રમત મહિં કો દાવ ભરતા,
ન ધારેલું ત્યાં તો, સ્વજનગણુને રાખી ઝૂરતા,
ભર્યાં સ્નેહે, કાયા પણ સુદૃઢ કેવી ધડપણે!
ગયા એ માનું શે? સજીવ હજી એવાં જ સ્મરણે!

શ્રી ગગનવિહારી મહેતાનું અમેરિકા ખાતેનું અન્તિમ પ્રવચન

"રહેને આપણે મોડા પડીએ !"

(ગતાંકથી ચાલુ)

હું એમ જણાવું છું કે કયા દેશ પાસે કેવી અને કેટલી શસ્ત્ર-સામગ્રી છે એ નહિ, પણ મોટા બે દેશો વચ્ચે જે અભેદ્ય આન્તર પડ્યું છે જે લશ્કરી સાધનો વડે કદિ પણ સધાઈ ન જ શકે–આ અન્તર એ જ પાયાનો મુદ્દો છે. બન્ને મુખ્ય રાષ્ટ્રોની શસ્ત્રસંપન્નતા આજે એ હદે પહોંચી ગઇ લાગે છે કે જેના પરિણામે દરેક બાજુ અન્ય બાજુને ભયંકર નુકસાન કરી શકે તેમ છે. આમ હોવાથી વધારે ને વધારે અણુશસ્ત્રો ખડકયે જવાનો હવે કોઈ અર્થ નથી. જ્યારે એક પક્ષ પોતાના દુશ્મનપક્ષનો એક પખવાડીઆમાં સંપૂર્ણ રીતે સંહાર કરી શકે તેમ છે તો પછી, તેનો પખવાડીઆને બદલે અઠવાડીઆમાં સંપૂર્ણ સંહાર થઇ શકે એટલા જ હેતુસર હજુ પણ વધારે શસ્ત્રોનો ખડકલો કર્યે જવાનો મને કશો અર્થ દેખાતો નથી એમ મારે કબુલ કરવું જોઇએ. મર્યાદિત અણુયુદ્ધ જેવું કોઈ યુદ્ધ કલ્પી શકાતું નથી. નાનાં યુદ્ધો પણ, જો એક વાર કોઈ પણ પ્રકારનાં અણુશસ્ત્રોનો ઉપયોગ થયો તો, અનિવાર્યપણે મહાન યુદ્ધોમાં પલટાઇ જવાનાં. જે પક્ષ હારવા માંડશે અથવા તો જે પક્ષને પોતે હારી રહેલ છે એમ લાગશે, તે પક્ષ વધારે ને વધારે ભયંકર અને ઘાતક શસ્ત્રોનો ઉપયોગ કરવાનો. વળી જ્યારે એક વખત અણુવિષયક સ્થગિતતા ઉભી થશે ત્યારે યુદ્ધ અટકાવી શકવાની સ્થિતિ ધરાવતો પક્ષ યુદ્ધ અટકાવવાની સ્થિતિમાં જ નહિ રહે, કારણ કે તે પોતે જ સ્થગિત દશાનો ભોગ બનેલ હશે. ભૂતકાળના અનુભવથી આપણને માલુમ પડ્યું છે તે મુજબ, ખરી રીતે એક સત્તાની સહીસલામતી તેનો અર્થ જ બીજી સત્તાઓની બીનસહીસલામતી હોવાનો, અને યુદ્ધ અટકાવવાની તાકાત ધરાવતી સત્તાઓ જ ભૂતકાળમાં યુદ્ધના કારણભૂત બન્યા છે અથવા તો અન્ય દેશોના દિલમાં યુદ્ધની લાગણી પેદા કરવાના નિમિત્ત બન્યા છે. જેઓ એમ સ્વીકારે છે કે અણુ-યુદ્ધ એક મહાન આફતરૂપ જ બનવાનું છે તેઓ પણ હજુ એમ માની રહ્યા છે અને જાહેર કરે છે કે જો અણુયુદ્ધ ઉભું થશે તો તેમનો પોતાનો પક્ષ જ વિજયને પ્રાપ્ત કરશે. જ્યાં સુધી લોકો એમ માનતા હશે કે ગમે તેટલો ભયંકર ભોગ આપીને પણ વિજય પ્રાપ્ત કરવો જ જોઇએ, ત્યાં સુધી યુદ્ધનું જોખમ ઉભું રહેવાનું જ છે. કારણ કે જો કે યુદ્ધો અટકાવવા માટે શસ્ત્રોની જરૂર પડે છે, એમ છતાં પણ, આજે ચાલી રહી છે તેવી શસ્ત્રસ્પર્ધામાંથી તો અકસ્માતે કે પૂર્વનિર્ધારિત ગોઠવણ મુજબ રાષ્ટ્રો વચ્ચે શત્રુવટ પેદા થવાનો જ સંભવ રહેવાનો. "કોઈ એક દેશની સહીસલામતી અન્ય દેશોમાં ભય ઉપજાવવામાંથી જન્મે છે અને કોઇ એકનો સંપૂર્ણ નાશ થાય ત્યારે જ અન્ય કોઈ બચે છે." ("Safety is the sturdy child of terror and survival the twin brother of annihilation") એમ જેણે એક સ્થળે જણાવ્યું છે એ વીન્સ્ટન ચર્ચહીલ કરતાં વધારે સારી રીતે અન્ય કોઇએ આજની સત્તાની ભયાનક સમતુલાનું વર્ણન કર્યું નથી. અને આ સત્તાની સમતુલા જે ખરી રીતે તો ભયો-ત્પાદનની સમતુલા છે તે પણ એક સરખી લાંબો સમય ટકી શકે તેમ છે જ નહિ, કારણ કે દરેક પક્ષ અંશતઃ ભયને લીધે અને અંશતઃ બીજાને વટાવીને આગળ જવાની ઇચ્છાને લીધે પોતાની જાતને અન્ય કરતાં વધારે બળવાન બનાવવાનો પ્રયત્ન કરતો જ હોય છે. પરિણામે આજની દુનિયામાં સંપૂર્ણ અબાધિત સહીસલામતી સિધ્ધ થવી અશક્ય છે, અસંભવિત છે અને જ્યારે અન્ય દેશો તરફ તાકીને ફેંકવાના અસ્ત્રો–guided missiles–ગેરરસ્તે દોરવાયલા માણસો–misguided men–ના હાથમાં જઇને પડે ત્યારે 'અન્તિમ શસ્ત્રો'–'ultimate weapons'–ની શોધ સંપૂર્ણ વિનાશમાં પરિણમવાની એમાં કોઈ શક નથી. અણુશસ્ત્રના પ્રયોગોનો આખો પ્રશ્ન ખરી રીતે કોઈ ટેકનીકલ–વૈજ્ઞાનિક ઝીણવટને લગતો–પ્રશ્ન નથી, તે એક નૈતિક પ્રશ્ન છે અને એ રીતે જ એ વિચારાવો જોઇએ. ડૉકટર આલ્બર્ટ સ્વીટ્ઝરે હજુ બે દિવસ પહેલાં જ પરસ્પર એ પ્રકારના અભિગમની માંગણી કરી હતી કે જે અભિગમ આપણામાં રહેલી નૈતિક તાકાત–શકયતા–અન્યમાં પણ છે એ હોવાનો સ્વીકાર કરે" અને તેમણે એમ જાહેર કર્યું હતું કે "એક પ્રકારના પક્ષઘાત જેવી પરિસ્થિતિ પેદા કરે તેવા ચાલુ અવિશ્વાસની સ્થિતિમાં આપણે ટકી જ ન શકીએ."

આજે લડાયક શક્તિ એટલી બધી ઘાતક બની ગઇ છે કે બધા વ્યવહારૂ હેતુઓની દૃષ્ટિએ રાજદ્વારી વાટાઘાટોના છેલ્લા સાધન તરીકેની તેની હવે નહિ જેવી ઉપયોગીતા રહી છે. ખરી રીતે આજના વખતમાં લડાઇ કરવી તે અમુક અર્થમાં અક્કલવિનાની કેવળ ખેલકુદી ભરી વાત બની ગઈ છે. કારણ કે અણુશસ્ત્રોની માલેકીએ જેઓ એ શસ્ત્રો ધરાવે છે તેમના હાથ સ્થગિત કરી નાંખ્યા છે, કારણ કે તેના ઉપયોગનું તેઓ જોખમ ખેડી શકે તેમ નથી. ૧૯૫૬ ની સાલમાં સુએઝની જે ઘટના બની અને પછી હંગરીમાં જે બન્યું તે ઉપરથી આ બાબત સ્પષ્ટ થઇ ચૂકી છે. લેટીન ભાષામાં એક કહેવત છે કે જ્યારે બંદુકો ચાલે છે ત્યારે કાયદો મૌન ધારણ કરે છે. પણ આજે પરિસ્થિતિ સાવ ઉલટાઈ ગઇ છે. અણુશસ્ત્રોના કારણે ઉભી થયેલી સ્થગિતતાને લીધે બંદુકો (અથવા બોંબો અથવા અસ્ત્રો) શાન્તિ ધારણ કરી બેઠી છે, એટલા માટે કે, યુનાઇટેડ નેશન્સ–સંયુક્ત રાષ્ટ્ર-સંસ્થાના ચાર્ટરમાં તેમ જ રાજદ્વારી વાટાઘાટોમાં સ્વીકારવામાં આવેલ કાયદો વાણી ધારણ કરે–પોતાનું શાસન પ્રસ્થાપિત કરે.

આમ હોવાથી પરસ્પર વિશ્વાસનું વાતાવરણ પેદા કરવા માટે નિષ્ઠાપૂર્વકના અનવરત પ્રયત્નો હાથ ધરવાની આજે સૌથી મોટી જરૂર છે. વધારે ને વધારે ઘાતક શસ્ત્રો અને તે શસ્ત્રોને વધારે ને વધારે ઝડપથી લઈ જવાનાં સાધનો પેદા કરવા તેને બદલે આપણું સર્વની હયાતી ટકી રહે એવો જે આપણા સર્વ સામાન્ય હિતનો પ્રશ્ન છે, તે ઉપર આપણું ધ્યાન વધારે કેન્દ્રિત કરવું ઘટે છે. જ્યોર્જ કેનને એક વખત કહ્યું હતું તે મુજબ આપણે જરૂર એક વાર ફરીવા વિચાર કરીએ, પણ તે "વિનાશના ગણિતની પરિભાષામાં નહિ. આવી વ્યૂહરચનાથી આટલું નુકસાન કરી શકાય અને આવી રચનાથી એથી પણ વધારે વિનાશ સરજી શકાય–એવા એવા ઓછા વધતા વિનાશના સરવાળા બાદબાકીઓ કે ગુણકારપૂર્વક નહિ, પણ જેવા છે તેવા લોકોના તેમના બળાબળની મર્યાદાનો, તેમની આશાઓનો, તેમની દુઃખ ખમવાની તાકાતનો અને ભવિષ્ય વિષેના તેમના શ્રધ્ધાસામર્થ્યનો આપણે વિચાર કરીએ." આપણે સત્તાનો તાત્વિક પરિભાષામાં વિચાર કરવાને ટેવાયલા છીએ, દેશોને નાનાં નાનાં એકમ તરીકે અને રાજ્યોને દુશ્મન તરીકે લેખવા તરફ આપણું મન ઢળેલું છે. પણ એક ઘડિ માટે પણ આપણે એ ન ભૂલીએ કે અણુશસ્ત્રોની આત્મઘાતક હરીફાઇમાં અસંખ્ય પુરૂષો, સ્ત્રીઓ અને બાળકોની જીંદગી સડોવાયલી છે. આપણે સહઅસ્તિત્વનો વિચાર કરીએ તે પહેલાં પણ આપણું અસ્તિત્વ સુનિશ્ચિત હોવું જોઇશે. આત્મ–રક્ષાની સંજ્ઞા સૌ કોઇમાં સર્વત્ર રહેલી છે એ આપણે સ્વીકારવું પડશે. જો શાસન ચલાવવા માટે દુનિયાની હસ્તી જ નહિ હોય તો કોઇ દેશ માટે દુનિયા ઉપર શાસન જમાવવાનું શકય જ રહેશે નહિ. ખરેખર એ એક ભારે અજાયબી પમાડે તેવી વાત છે કે આ દુનિયા ઉપર માનવજાત ટકી રહે એવી ચિન્તા કરવી તે આજે કેવળ ભ્રામક સ્વપ્ન સમું અથવા તો અવ્યવહારૂ લેખાઇ રહ્યું છે. ભયના સૂત્રથી સંકળાયલી એવી આજની આપણી એક દુનિયા છે તેના સ્થાને એક આશાના સૂત્રે સંધાયલી હોય એવી એક દુનિયા ઉભી કરવાનો આપણે પ્રયત્ન સેવીએ.

માણસ આજે આકાશ અને હવામાનને જીતી રહ્યો છે, અણુને જોતરી રહ્યો છે, કુદરતી બળોને એકત્ર અને સંયોજિત કરી રહ્યો છે. પાર્થિવ વાતાવરણને ભેદીને વિરાટ આકાશ પ્રદેશો તરફ ગતિ કરી રહ્યો છે. પણ આજે જ્યારે તે લગભગ બધી વસ્તુઓ ઉપર પોતાની સત્તા જમાવી રહ્યો હોય એમ લાગે છે ત્યારે, તે પોતાની જાતને જીતી શકયો હોય એમ લાગતું નથી. તે આજે જે રીતે માલુમ

પડે છે તે રીતે જોતાં, સ્વાર્થવિવશતા અને અહંકારને, સત્તાલોલુપતા અને ઇર્ષ્યાને, મત્સરગ્રસ્તતા અને ભયને જીતી શકતો નથી. એમ છતાં પણ જ્યારે સમ્રાટ અશોકે કલિંગ ઉપર વિજય મેળવ્યો તે પછીની સવારે રણક્ષેત્ર ઉપર ખેરવિખેર પડેલા મરેલા અને મરી રહેલા હજારો માનવીઓને તે જોઇ રહ્યો ત્યારે એ વિજયની અર્થશૂન્યતાનો જાણે કે એકરાર કરતો હોય તેમ તે બોલી ઉઠેલ કે "પોતાની જાત ઉપરનો વિજય એ જ ખરો વિજય છે." આવી રીતે સભ્ય પ્રાણીઓ તરીકે આપણે પણ જયપરાજયની નહિ પણ પરસ્પર સંવાદિતાની, શાસનની નહિ પણ સમાનતાની, ઝેરવેરની નહિ પણ સદ્‌ભાવની પરિભાષામાં વિચાર કરતા થવું જોઇએ. જો આપણી આસપાસ અનવસ્થા–(chaos) જ પેદા થવાનો હોય તો વિશ્વ–(cosmos) ની સીમાને આપણે પહોંચીએ તેનો અર્થ શું છે ? જો આપણી વચ્ચેથી નકૅને નાબુદ નહિ કરીએ તો, જો દરિદ્રતા, વ્યાધિ અને ગંદવાડ, અજ્ઞાન અને અત્યાચાર, ધર્માંધતા અને કલહ–કંકાસ–આ સર્વનું ઉન્મૂલન નહિ કરીએ તો આપણા પોતા માટેનું સ્વર્ગ આપણને કદિ પણ પ્રાપ્ત થાય એ સંભવિત જ નથી.

જ્યાં સુધી આપણા દિલમાં શાન્તિ પ્રતિષ્ઠિત નહિ હોય ત્યાં સુધી આ દુનિયામાં શાન્તિની પ્રતિષ્ઠા કોઇ હિસાબે થઇ શકશે જ નહિ. આ કોઇ ગૂઢ રહસ્યથી ભરેલો મંત્ર અથવા તો ન સમજી શકાય એવું કોઇ ધાર્મિક વિધાન નથી. આ સાદી સમજની વાત છે, જેની આપણે ઉપેક્ષા કરી ન શકીએ એવી માનસશાસ્ત્રને લગતી હકીકત છે. નિશેએ ઘણા સમય પહેલાં કહ્યું હતું કે "ખરી શાન્તિ મનની શાન્તિ ઉપર જ હંમેશા આધાર રાખે છે, જ્યારે આજે બધા દેશમાં નજરે પડે છે તેવી શસ્ત્રસાધ્ય સુલેહશાન્તિ મનની એવી અશાન્તિની સૂચક છે કે જે નથી પોતાનો વિશ્વાસ કરતી કે નથી પોતાના પાડોશીનો વિશ્વાસ કરતી અને જે અડધી તિરસ્કારથી પ્રેરાઇને અને અડધી ભયથી પ્રેરાઇને પોતાનાં શસ્ત્રો કદિ મ્યાન કરતી નથી." આજે પણ આ શબ્દો કેટલા બધા અર્થપૂર્ણ લાગે છે ?

માનવી દિલમાં અદ્‌ભુતતા અને વિસ્મયની લાગણી પેદા કરતા ગ્રાન્ડ કેનીયન્સ કે જે અનન્તતાની ઝાંખી કરાવે છે અને જીવનની ક્ષણભંગુરતાનું મૌનપણે ભાન કરાવે છે, અથવા તો 'ગોલ્ડન ગેઇટ' ઉપરનો ઝળહળતો સૂર્યાસ્ત જે અમાપ સૌન્દર્યને પ્રતિબિંબિત કરે છે, અથવા તો ન્યુ ઇંગ્લાંડમાં પાનખર ઋતુ દરમિયાન નવા આવતા રંગ-બેરંગી પર્ણગુચ્છો કે જે કુદરતમાં ચાલી રહેલ સતત નવનિર્માણની પ્રક્રિયાને આસ્વાદ રીતે અભિવ્યકત કરે છે–આ સર્વને હું યાદ કરું છું ત્યારે, આ દુનિયા કેવી રૂપાળી છે અને એમ છતાં આપણી બેવકુફીઓ અને અત્યાચારોને લીધે આપણે તેને કેવી ગમગીનીથી ભરેલી કદરૂપી બનાવી દીધી છે તે બાબતનું મને આશ્ચર્ય થાય છે. અને એમ છતાં, માનવીના ઇતિહાસમાં સૌથી પહેલી વાર, વિજ્ઞાને માનવીના હાથમાં એવી સત્તા અને એવાં સાધનો લાવીને મૂકયા છે કે જે વડે ઘનઘોર દારિદ્રયનું અને કેવળ કંટાળો આપતી વેઠ અને મજુરીનું નિવારણ કરી શકાય તેમ છે, જે વડે માણસને કામ કરવાની તેમજ નવરાશ માણવાની પૂરી તક મળે તેમ છે. અને જેણે સંશોધનના નવાં ક્ષિતિજો ઉભાં કર્યાં છે અને જ્ઞાનની નવી સીમાઓ પેદા કરી છે. જો આપણે નિશ્ચય કરીએ તો આ દુનિયાને આપણે કેવી બનાવી શકીએ અને એમ ન કરીએ તો કેવા ભયાનક વિનાશ તરફ તે હડસેલાઇ જાય–આ બે ચિત્રોનો હું વિચાર કરું છું ત્યારે અમેરિકામાં આન્તરવિગ્રહ ચાલતો હતો તે દરમિયાન કોઇ બીજા સંદર્ભમાં એબ્રાહામ લીંકને કહેલું કે "ઇશ્વરની તાકાત હોની અને ઇશ્વરની પદ્ધતિએ તેનો ઉપયોગ ન કરવો–આ તે કેવી બેવકુફી છે ?" એ શબ્દો મને યાદ આવે છે.

તો પછી પ્રશ્ન તો એ જ વિચારવાનો રહે છે કે વિજ્ઞાનના આધુનિક વિકાસ દ્વારા પોતાને પ્રાપ્ત થયેલી આ વિરાટ શકિતને ઇશ્વરની રીતે માણસ શી રીતે વાપરતો થાય ? તે માટે જરૂરી એવો સદ્‌ભાવ, કરૂણા અને સહિષ્ણુતા માણસના દિલમાં પેદા શી રીતે કરવી ? કોઇ વાદ તેમાં મદદરૂપ નહિ થાય; કોઇ સિધ્ધાન્ત તે માટે ટુંકો માર્ગ બતાવી નહિ શકે. આપણને આજે ચાલી રહેલા ઠંડા યુદ્ધનો અન્ત આણે એવા હુંફાળા ગરમ હૃદયોની અને ગરમ યુદ્ધને અટકાવે તેવા સ્વસ્થતાપૂર્ણ ઠંડા મગજોની જરૂર છે. વિજ્ઞાન સાથે માનવતાના અનુસંધાનનો, રાજકારણ સાથે શુધ્ધ દિલના–અન્તઃકરણના–અનુસંધાનનો, શકિત સાથે પ્રેમના અનુસંધાનનો આપણને ખપ છે. સુલેહનો માર્ગ વિકટ છે, કંટાળા ભરેલો છે, અનેક નિરાશાઓ અને હતાશાઓથી સંકલિત છે. જ્યારે રાજદ્વારી પુરૂષો અને શાસકો પરિષદોની અટવીઓમાં ઘુમ્યા કરતા હોય અને રીતરસમ અને કાર્યક્રમની આંટીઘુંટીઓ વિષે દલીલબાજી કરતા હોય ત્યારે, સામાન્ય વ્યકિતઓ વચ્ચે પ્રેમ અને સમજુતી ઉભી થાય એ કદાચ વધારે જરૂરનું હોય. આખીનું બધું નિર્માણ થાય તે પહેલાં કેટલાંક સાદા, સરળ એકમેકને ચાહતા હૃદયોમાં પલટો આવે એ કદાચ વધારે જરૂરી હોય. લોરેન્સ વાન ડર પોસ્ટની લખેલી "A Bar of Shadow" એ નામની દિલને હલાવી નાંખે એવી ચોપડીમાં જોન લોરેન્સને લગતી એક વાત આવે છે. આ જોન લોરેન્સ જાપાનમાં યુધ્ધકેદી તરીકે જેલમાં પુરાયલો હતો અને તેની ઉપર 'હારા' નામના જેલરે ઘણો ત્રાસ વર્તાવ્યો હતો. વખત જતાં જાપાન હાર્યું, જોન લોરેન્સ છૂટો થયો, હારાને પકડવામાં આવ્યો અને તેના ઉપર કામ ચાલ્યું અને તેને ફાંસીની શિક્ષા થઇ. આ હકીકત જોન લોરેન્સના જાણવામાં આવતાં તેના દિલમાં વિચાર આવ્યો કે હારાને ફાંસીએ ચઢાવે તે પહેલાં તેને મળીને તેના વિષે પોતાના મનમાં કશી પણ કટુતા નથી અને હારાએ પણ પોતા વિષે કશી કટુતા ન રાખવી–આવી પરસ્પર દિલસફાઇ કરી લઉં. જોન લોરેન્સ પોતાની આ વૃત્તિ અને તે પાછળ રહેલી વિચારણાને હારાને ઉદ્દેશીને આ રીતે વ્યકત કરે છે. "આ વિશાળ દુનિયામાં જે ભયંકર અનર્થો અને અત્યાચારો ચાલી રહ્યા છે તેને આપણે અટકાવી કે નાબુદ કરી ન શકીએ તો પણ જે અજ્ઞાત પ્રદેશમાં તું આજે જઇ રહ્યો છે અને આ અપૂર્ણ અને અનેક ભૂતાવળોથી ભરેલો જ્ઞાત પ્રદેશ કે જ્યાં હું વિચરી રહ્યો છું તેમાં તારી કે મારી મારફત કોઇ પણ અનિષ્ટ કે બુરો ભાવ નિર્માણ ન થાય એમ હું ઇચ્છું છું. આમ આપણા બે વચ્ચે બાનગી અને અંગત જે કાંઇ મનદુઃખ હોય તે મનમાંથી કાઢી નાંખીએ, અને એ રીતે અંગત મનદુઃખોમાંથી પેદા થતા આઘાત પ્રત્યાઘાતો, તેની ક્રિયાપ્રક્રિયાઓ, અને તેના પરિણામોને અટકાવીએ અને એ રીતે આપણા સમયમાં ફેલાઇ રહેલ સર્વસામાન્ય ગેરસમજુતી અને પરસ્પર અજ્ઞાન અને તેમાંથી નીપજતી અને ચોતરફ ફેલાતી તિરસ્કાર અને વૈરભાવની લાગણીઓને આપણા પૂરતી વધતી જતી રોકીએ." આ ભાવથી જોન લોરેન્સ હારાને મળવા દોડે છે, પણ તે પહોંચે અને તેની સાથે સમાધાની કરે તે પહેલાં હારાને તો ફાંસીને લાકડે લટકાવી દીધો છે એમ લોરેન્સને માલુમ પડે છે. આ ઘટનાની જાણ થતાં પોતે મોડા પડયાનું લોરેન્સને ભારે દુઃખ થાય છે અને વેદનાપૂર્વક પોકારી ઉઠે છે કે "શું આપણે હંમેશા મોડા જ પડીશું ?" "Must we be always too late ?"–અને આપણે પણ આ જ રીતે આપણી જાતને વારંવાર પૂછતા રહીએ કે જે શાન્તિની શોધ પાછળ માનવી સદીઓથી લાગી રહ્યો છે અને એમ છતાં જે શાન્તિ હજુ સુધી તેનાથી દૂર અને દૂર જતી રહી છે અને તો પણ આજના અણુયુગમાં જેની સાથે આપણા સમગ્ર અસ્તિત્વનો પ્રશ્ન અનિવાર્યપણે સંકળાયેલો છે તે શાન્તિની શોધમાં આપણે વધારે પડતા મોડા તો નથીને ? આજની આન્તરરાષ્ટ્રીય પરિષદોમાં અને ત્યાં ચાલી રહેલી વાટાઘાટોમાં કાળને કોઇ નિમંત્રણ મોકલવાનું નથી. પણ કાળ કોઇની પણ રાહ જોવાનો નથી.

સમાપ્ત

મૂળ અંગ્રેજી : **ગગનવિહારી મહેતા**

અનુવાદક : **પરમાનંદ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસરકરણ
વર્ષ ૨૦ : અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઓગષ્ટ ૧૫, ૧૯૫૮, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

રખેને વિનોબાજી આપણને છોડી તો નહિ જાયને ?

વિનોબાજી આજે ભારતભરમાં સર્વોદયી ક્રાન્તિ નિર્માણ કરવા માટે અહોનિશ પગપાળા ઘૂમી રહ્યા છે. ગાંધીજીના અવસાન બાદ તેમનામાં ગાંધીજીના કર્મયોગની નૂતન આવૃત્તિનું ભારતની જનતા દર્શન કરી રહેલ છે. તેલંગાણામાં નાનું સરખું ભૂમિદાન થયું. તેમાંથી પ્રેરણા પામીને તેઓ વાયુવેગે ગતિમાન થયા અને ભૂમિદાનના આન્દોલનને તેમણે ઘેર ઘેર પહોંચતું કર્યું. આ આન્દોલનમાંથી ગ્રામદાનની કલ્પના જન્મ પામી, જેમાં સર્વ પક્ષના આગેવાનો એક અવનવી આર્થિક ક્રાન્તિની—અને તે પણ અહિંસક ક્રાન્તિની—શકયતા જોઈ રહ્યા છે અને તેથી તેમને સારા પ્રમાણમાં સાથ આપી રહ્યા છે. નિદ્રાનો સમય બાદ કરો તો બાકીનો બધો સમય તેમનો લોક–સંગ્રહ પાછળ ખરચાઈ રહ્યો છે અને લોકોને તેમના તરફથી અનેક બાબતો અંગે અનુપમ માર્ગદર્શન મળી રહ્યું છે. તેમની નીચે કાર્યકર્તાઓની એક મોટી સેના ઉભી થઈ છે અને તેમના સંદેશાને દેશના ખુણે ખુણે પહોંચાડી રહી છે, એટલું જ નહિ પણ, તેમના ખ્યાલોને અમલી કાર્યદ્વારા મૂર્ત રૂપ પણ આપી રહી છે. પ્રજાજનો તેમનામાં પરમ ઉધ્ધારક, અનુપમ માર્ગદર્શક, અને સર્વોદયના પયગંબરનું દર્શન કરી રહેલ છે, અને આવો તેમને નેતા, શિક્ષાગુરૂ, પથપ્રદર્શક મળ્યો તે કારણે ધન્યતા અનુભવી રહ્યા છે. અને તેમની નેતાગીરી, માર્ગદર્શન, કુશળ આયોજન અને સતત પરિભ્રમણ દ્વારા ભારતભરમાં એક નવી ક્રાન્તિ સરજાશે, અને આજના નિરાશાભર્યા વાતાવરણમાં નવી આશાનો, નવી પ્રાણદાયી ચેતનાનો સંચાર થશે અને સર્વોદયલક્ષી નૂતન સમાજનું જરૂર નિર્માણ થશે એવી આશા અનેક લોકો સેવી રહ્યા છે.

આમ એક બાજુ આશા અને ઉત્સાહનું, અવનવી ક્રિયાશીલતાનું વાતાવરણ જ્યારે દેશમાં ઘર કરી રહ્યું છે ત્યારે બીજી બાજુએ વિનોબાજીની છેલ્લાં છ આઠ મહીનાના છુટાછવાયાં પ્રવચનોમાં કોઇ જુદો જ સુર સંભળાઈ રહ્યો છે. તેમનામાં ચાલી રહેલું મનોમંથન તેમને કોઈ જુદી જ દિશાએ ખેંચી રહ્યું હોય એવી ઝાંખી આશંકા મનમાં અવારનવાર સ્ફુર્યા કરે છે. કર્મયોગથી કર્મસંન્યાસ તરફ તેઓ ઢળી રહ્યા હોય એવો કાંઇક ભાસ થઇ રહ્યો છે. આ તેમનું મનો-મન્થન કયા પ્રકારનું છે એ તેમના જ શબ્દો દ્વારા સમજવા આપણે પ્રયત્ન કરીએ. તા. ૧૬–૧–૫૮ ના રોજ સર્વસેવા સંઘના કાર્યકર્તાઓ સાથેના વાર્તાલાપમાં તેઓ પોતાના મનમાં ચાલી રહેલા બે વિચાર–પ્રવાહોને નીચે મુજબ રજુ કરે છે. તેઓ જણાવે છે કે: "મારા મનમાં બે પ્રકારના વિચારો ચાલી રહ્યા છે. એમાંથી કોઇ એકાદો જ ચાલતો હોત, તો મારૂં કામ વિશેષ સરળ થઇ જાત, પણ મારા જીવન પર બે વિચારધારાની અસર પડી છે, અને તેથી જ આ રીતના બે પ્રવાહો ચાલી રહ્યા છે. એમાંનો એક છે આત્મજ્ઞાનનો પ્રવાહ. ચિત્ત પર બચપણથી જ એની અસર છે. બીજા પ્રવાહને હું વિજ્ઞાનવિચારનું નામ આપું છું. જો કે આજે પણ પ્રભુત્વ તો પહેલા પ્રવાહનું જ છે, પણ આત્મજ્ઞાનના વિચારમાં આ બીજો પ્રવાહ (વિજ્ઞાન) દાખલ પડ્યો છે.

"આત્મજ્ઞાનનો આ પ્રવાહ મને હંમેશાં નિવૃત્તિ તરફ ખેંચતો રહ્યો છે. પણ 'કામ ન કરવું' એ નિવૃત્તિ નથી. 'કામ ન કરવું' એ પણ કામ કરવાની માફક જ એક વૃત્તિ છે. નિવૃત્તિની સ્થિતિ આ બંનેથી ભિન્ન છે. મને હંમેશાં આ સ્થિતિનું ખેંચાણ રહેતું આવ્યું છે, અને એમાં તાકાત હોવા વિષે મને વિશ્વાસ છે.

"જેમ સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુમાં અપાર શકિત પડેલી છે અને એનો વિસ્ફોટ થતાં એ પ્રગટે છે, એવું જ આત્મશકિતનું પણ છે. તે બધી શકિતઓથી નોખી પડી રહે છે. મોટા ભાગની જ નહિ પણ સઘળી શક્તિઓ એમાં સમાયલી હોય છે, પછી ભલેને એ પૂરેપૂરી પ્રગટ ન થતી હોય. અને જીવનમાં કામ પણ એ જ આવે છે. બલકે એના સ્પર્શ માત્રથી સૌની જીવન–નૌકા ચાલે છે. જાણે–અજાણ્યે હરકોઇના જીવનમાં એનો સ્પર્શ હોય જ છે. આપણે એની વચમાં ન આવીએ, અને એને જ એનું કામ કરવા દઇએ. એનો વિસ્ફોટ થતાં એનું સાક્ષાત્ દર્શન પણ થશે. આત્મજ્ઞાનની આ પ્રક્રિયા મારામાં છે. સૃષ્ટિમાં પણ એ જ તાકાદ છે. એને જેટલો પણ મોકો આપીએ એટલું કલ્યાણ છે.

"બધી બાજુથી જોતાં મારા પર નિવૃત્તિનો પ્રભાવ સવિશેષ વરતાય છે. મારી એક વૈચારિક ભૂમિકા છે, એના પર હું ઊભો છું. લોકોથી સ્હેજ અલગ થયો કે લાગલો જ આ ભૂમિકા પર પહોંચી જાઉં છું. અને મને જાણે આહ્વાન થાય છે, "બસ 'કેવળ–સ્વરૂપ' (નિર્લેપ) થઇને જ તારે હવે ફરવું જોઇએ. નદીની માફક તું સીધો સમુદ્રમાં પહોંચી જા. સત્યના સિદ્ધાંત પર અવિચળ રહી પ્રવાહપતિત રીતે આવી પડે તે કર્મ કરતો રહે, તારા તરફથી કોઇ આગ્રહ રાખીશ નહિ." એવું લાગતું હતું કે મહારાષ્ટ્રમાં કોઇ એક વિશેષ વાત લઇને જવાથી ઝાઝી સફળતા નહિ મળે, અને આથી હું સંકુચિત બનીશ. પણ હવે લાગે છે કે બીજે કયાંય પણ જાઉં, તો પેલી 'કેવળ–સ્વરૂપ' ની ભૂમિકામાં દૃઢ રહીને જ મારે જવું જોઇએ.

"આ 'કરવા–કરાવવા' ની વાત 'કેવળ–સ્વરૂપ' ની ભૂમિકાની વિરોધી છે, પણ મારે આ સંબંધે મથવુ નહિ પડે. આમ તો બહુવિધ ઉગ્રતા પણ એક શક્તિ છે. એની આવશ્યકતા પણ છે. પણ એકાગ્રતા, સમાધિ–સમાધાનની સ્થિતિ વળી નોખી જ વસ્તુ છે. એ છે જ, એના પર વિશ્વાસ પણ છે, અને એનો અનુભવ પણ છે. આથી 'કેવળ–સ્વરૂપ' બનવું મારે માટે સ્વાભાવિક છે. હમણાં હમણાં મારા મનમાં આવ્યા કરે છે કે '૫૭ પછી આ દૃષ્ટિ સાથે હું ફરું તો મારે માટે એ સારું છે. આ થયો વેદાન્ત વિચાર.

"બીજો જે પ્રવાહ છે, એને વિજ્ઞાન–વિચાર નામ આપવાનું પસંદ કરીશ. ગાંધી–વિચારમાં વેદાંત–વિચાર પણ સમાયલો છે. આથી ગાંધી–વિચાર એવું નામ ન આપતાં એને વિજ્ઞાન–વિચાર જ કહીશ. જો કે આ વિચાર ઘણે અંશે મને ગાંધીજી પાસેથી મળ્યો છે. આ વિચારનું સૂત્ર એ છે કે વિજ્ઞાનના આ જમાનામાં સાધના સામૂહિક જ થઈ શકે, એકાન્ત સાધના હવે મનુષ્યને માટે નથી. કારણ મનુષ્ય પોતે જ એક સમૂહ છે. 'મારી મુકિત' કહેવું ખોટું છે. જ્યાં 'હું' છે

ત્યાં 'મુક્તિ' નથી અને જ્યાં 'મુક્તિ' છે ત્યાં 'હું' નથી. 'હું' એક દેહમાં નહિ પણ બધા દેહમાં વ્યાપેલો છે, માટે સાધના નામ પડ્યું એટલે એ સામૂહિક જ હોવાની. અસલ પોતામાં સઘળાં સમાયાં છે એવું ધારી લેવાથી સાધનાનું સ્વરૂપ સામૂહિક થઇ જતું. ગાયત્રી મંત્રમાં 'મારુ' એવો ઉલ્લેખ નથી, 'અમારી–આપણી' એવી વાત જ કહેવાઇ છે. 'આપણા' માં આખા સમાજની કલ્પના છે, અને આ રીતની જે સાધના કરવામાં આવે છે તે સામૂહિક છે, સો ટકા સમાજની છે. આજના આ વિજ્ઞાન–યુગમાં બહારની શક્તિઓ એવી જોરાવર બની છે કે હવે તો સાધના સમૂહમાં જ થઇ શકે એમ છે. સામૂહિક સમસ્યા હાથ ધરીને જ સાધના કરવી જોઇએ, એ વિચાર ગાંધીજીનો છે. ગાંધી પોતે વિજ્ઞાન–વિચારની દેણગી છે એવું હું માનું છું, કેમકે એમણે પોતાની આત્મકથાનું નામ પણ 'પ્રયોગ' એવું આપ્યું. આજ સુધીના કોઇ સાધકોએ આવું કહ્યાનું જાણમાં નથી. આમ જેણે પોતાની આત્મકથાને પણ 'સત્યના પ્રયોગો' એવું નામ આપ્યું તે વિજ્ઞાન–વિચારની જ દેણગી હોઇ શકે.

"એમના ગયા પછી હું સામૂહિક–સાધનાની ખોજ કરતો રહ્યો. મને લાગ્યું કે અહિંસા તો અલોપ થઇ રહી છે. જેમને એના પર શ્રદ્ધા નહોતી એમની વાત અલગ છે, પણ શ્રદ્ધાળુઓના કાર્યક્રમમાં પણ એનું સ્થાન નહોતું. આથી મારે એક પછી એક પગલાં માંડવા પડ્યાં. પ્રથમ દાનનો જે પ્રભાવ (ઇમ્પેક્ટ) મારા પર પડ્યો તેને હું અવગણી ન શક્યો. જાણે કોઇ આહ્વાન કરી રહ્યું હોય એવું મને લાગ્યું. જાણે હું એનો વિરોધ કરી રહ્યો છું અને તે મને આદેશ દઇ રહ્યો છે. મારા પોતામાં એને ઝીલી લેવાની કોઇ તાકાત વરતાતી નહોતી તોય એને હું ટાળી શક્યો નહિ. કેમકે અહિંસામાં આવી સામાજિક સમસ્યા હલ કરવાની તાકાત ન હોય તો પછી મારે અહિંસાનો પોપટિયા પાઠ પઢયા કરવાનું છોડી દેવું જોઇએ એવું મને સ્પષ્ટ ભાસતું હતું. આમ અંદરથી એવું ખેંચાણ જાગ્યું કે મારાથી આ બધું ટાળ્યું ટળાય એમ જ નહોતું.

"દેશમાં આજે સાચી શાંતિ નથી. એનો ઉકેલ ખોળવો જોઇએ. એ તરફ આપણે લક્ષ નહિ આપશું તો સર્વોદય તો નથી જ થવાનો, લોકશાહી પણ એમાં હોમાઇ જશે. આ સંબંધમાં ત્વરા મારી નથી, વિજ્ઞાનની છે. બુદ્ધ ભગવાને પણ કહ્યું હતું, "પુણ્ય જલદી જલદી કરો, નહિ તો આપણે પાપના હાથમાં રમી જઇશું." આમ એ અંગે કંઇક કરી નાખવાની તાલાવેલી તો છે જ, તો પણ આપણે સાધનો વાપરવામાં સાવચેત રહેવું જોઇએ, જેથી હિંસાને સ્હેજ પણ ઉત્તેજન નહિ મળે. આ માટે આપણે સૌએ સામુદાયિક પુરુષાર્થ કરવો જોઇએ. જેમના મનમાં નિર્માણની વાત ઘોળાયા કરે છે એમને પણ આ સ્થિતિનું ભાન નથી. આથી આપણે આ તરફ વિના વિલંબે ધ્યાન દોડાવવું જોઇએ.

"બીજો પ્રવાહ આવું એલાન કરી રહ્યો છે. આપણને પ્રયોગ ખાતર પાંચ–દશ વર્ષ નથી મળવાનાં. રચના–કાર્યમાં પાંચ–દશ વર્ષ નીકળી જવાનો સંભવ છે. એ કામમાં આટલાં વર્ષો લગાડવાની શ્રદ્ધા આજે મારામાં ઘટી છે. આપણે એક વખત ખૂણામાં પડ્યા રહીશું તો આપણે સામેના પૂરને રોકી શકશું એવું મને નથી લાગતું. હા! એકાન્તમાં વાવેલું બી કોઇ નહિ ને કોઇ દિવસ ઊગવાનું છે એવું હું માનું છું, પણ ઝડપની કીંમત આપણે પારખવી પરશે.

"પણ આ પહેલો પ્રવાહ કોક–કોક વાર મને તપસ્યા ભણી ખેંચે છે. આ બંનેની વચ્ચોવચ્ચ અત્યારે હું છું. આથી અત્યારે કોઇ આખરી નિર્ણય પર નથી આવી શક્યો. જો કે આવી રીતની તપસ્યામાં હું માનતો નથી. એના પર મને શ્રદ્ધા નથી. મારી શ્રદ્ધા પૂરતું ખાવા પર છે. જો ઠીક રીતે શ્વાસ લેવાતો હોય, તો પ્રાણાયામ પર હું વિશ્વાસ નથી કરતો. ન ખાવાનું આદર્શે તો ઉપવાસનું મહત્ત્વ છે, પણ આખરે તો એ છે એક પ્રતિક્રિયા જ. શરીરને કષ્ટ આપનારી તપસ્યાઓનું મને આકર્ષણ નથી. આથી જ્યારે, કયારે પણ હું તપસ્યા કરવાનો નિર્ણય કરીશ ત્યારે સૌને લાગશે કે એ અનિવાર્ય હતું."

એ જ અરસામાં વિનોબાજીએ એકવાર એ મતલબનું જણાવ્યાનું અને ભૂમિપુત્રમાં એ મુજબ પ્રગટ થયાનું મને બરોબર યાદ છે કે 'ગાંધીજીમાં આ દ્વંદ્વ નહોતું એટલે એમનો માર્ગ સરળ હતો, જ્યારે મારો માર્ગ બિકટ છે.' ત્યાર બાદ તાજેતરમાં એટલે કે ગયા મે માસની આખરમાં પંઢરપુર ખાતે ભરાયેલા સર્વોદય સંમેલનની અન્તિમ બેઠક દરમિયાન વિનોબાજીએ કરેલા પ્રવચનમાં આ જ સુર કાંઇક બીજા આકારમાં આપણને સંભળાય છે. દુનિયાના ઇતિહાસમાં વિચાર પ્રચાર માટે અખત્યાર કરવામાં આવેલી જુદી જુદી રીતોનું તે પ્રવચનમાં સવિસ્તર નિરૂપણ કર્યા બાદ આખરના ભાગમાં વિનોબાજી જણાવે છે કે "આ આખોય ઇતિહાસ મારી સામે છે. હું વિચારું છું કે આમાંથી મારી શ્રદ્ધા શેના ઉપર છે ? અને હું કરી શું રહ્યો છું ? મારામાં જે સમન્વયનું દ્વંદ્વ ચાલી રહ્યું છે તેનું દર્શન હું તમને કરાવવા માગું છું.

"વિચાર સિવાયની બીજી કોઇ ચીજ પર મારી લેશ માત્ર પણ શ્રદ્ધા નથી. ઉલટું મારા અનુભવ પરથી મેં જોયું છે કે વિચાર ધ્યાનમાં આવે છે અને આ રીતે ધ્યાનમાં આવ્યા પછી, સમજ્યા પછી, પચ્યા પછી તે ઠીક માલૂમ પડે છે. હવે તેનું સાક્ષાત્, દર્શન થયા પછી તેને અમલમાં લાવવા માટે વચ્ચે કંઇ કરવું પડે એ મારી સમજમાં જ બેસતું નથી. એનો અર્થ એવો નથી કે જે વિચાર સમજ્યો તેનો મેં તાત્કાલિક અમલ કર્યો જ છે. તે અમલમાં આવતાં ઘણો સમય નીકળી ગયો હોય. પરંતુ તે સમય શા માટે ગયો તેનું પૃથક્કરણ કરતાં ધ્યાનમાં આવતું કે હું વિચારને સારી રીતે સમજ્યો જ નહોતો. પરંતુ જે વિચાર હું પુરેપુરો સમજી ગયો હોઉં તેના આચરણ માટે બીજી કોઇ કૃતિ કરવી પડતી હોય, કોઇ તપ અથવા સાધના કરવી પડતી હોય તે તો મારી સમજમાં જ આવતું નથી.

"જ્યારે વિચાર સમજ્યા પછી તેનો અમલ કરવામાં અડચણ આવે છે ત્યારે હું મારા મનથી એમ સમજું છું કે વિચારને હું પૂરેપૂરી રીતે સમજ્યો નથી. વિચારના અમલ માટે વિચારને પૂરેપૂરો સમજી લેવો એટલું જ પૂરતું છે. એવી મારી શ્રદ્ધા છે. છતાં પણ હું શું કરી રહ્યો છું ? હમેશ ફરવાનું મેં વ્રત લીધું છે. ખેર, તે પણ ઠીક છે; ફરવું અને વિચાર સમજવો એ બે વાનાં ચાલતા હોય તો તેમાં ઝાઝી કાંઇ વિસંગતિ નથી. પરંતુ મેં તો વિચારને આચારનું રૂપ આપવા માટે એક કામ પણ ઉઠાવ્યું છે, અને તેનાથી આગળ જઇને હવે તો શાન્તિ સેનાની વાત નીકળી છે. અને આ શાન્તિ સેના માટે તો કંઇક યોજના પણ કરવી પડે છે. કેટલાકે મને પૂછ્યું પણ છે કે શાન્તિ સેના માટે તમે આયોજન કેમ કરો છો ? તેને માટે શરતો, યોગ્યતા, નિષેધો આવું બધું શીદને રાખો છો ? હું કહેવા માંગું છું કે આ સવાલોનો કોઇ જવાબ મારા મનમાં નથી. કારણ કે તે અનુત્તર (લાજવાબ) સવાલ છે. મારી શ્રદ્ધા વિચારો પર હોવાના કારણે મારા તરફથી તે પ્રશ્નોના કોઇ ઉત્તર આપી શકાતા નથી. અગર મારું ચાલત તો હું શાન્તિસેનાનો પ્રયોગ ના કરત, તેની યોજના અને વ્યવસ્થા પણ ના કરત, તેને માટે નિષેધો પણ ના રાખત. જો મારું ચાલત તો વિચાર પ્રચાર કરવાની પણ મને અંદરથી જરૂર ન લાગત. ઉલટું વિચારને પરિશુધ્ધ કરવો એ જ વિચારપ્રચારનું સાધન છે એમ હું માનું છું. તેને માટે તો શબ્દ પણ કમજોર સાધન છે. ઘણી વખત માનવામાં આવે છે કે શબ્દ કરતાં કૃતિ બળવાન સાધન છે, પણ હું તેવું નથી માનતો. કોઇ કોઇ વાર હું તેમ બોલું છું ખરો, પરંતુ હું સમજું છું કે કૃતિ કરતાં શબ્દ શ્રેષ્ઠ સાધન છે અને શબ્દ કરતાં નિઃશબ્દ–મૌન –શ્રેષ્ઠ સાધન છે. વાણીથી જે પ્રચાર થાય છે એથી ઘણો વધુ પ્રચાર ચિન્તનથી થાય છે. જ્યારે ચિન્તનમાં શુધ્ધ વિચાર આવે છે ત્યારે એનો તીવ્ર વેગથી પ્રચાર થવા માંડે છે એવું મારું માનસ પોકારે છે. જો કે આ દિવસોમાં બહારનું કામ હું તીવ્ર રીતથી કરી રહ્યો છું અને

શાન્તિ-સેના વગેરેનું આયોજન પણ કરી રહ્યો છું, છતાં પણ વિચાર પર મારી જે શ્રદ્ધા છે તે ઉત્તરોત્તર દૃઢ જ થઇ રહી છે."

આ કૃતિથી શબ્દ ચડિયાતો, શબ્દથી મૌન ચડિયાતું, વાણીથી ચિન્તન ચડિયાતું, કર્મથી અકર્મ ચડિયાતું—આ કોઈ મારી જેવાને ગૂઢ ઊંડા રહસ્યવાદ જેવું લાગે છે. તેનો મર્મ હજુ મારા ચિત્તમાં સ્પષ્ટ થતો નથી. એમ છતાં ઉપરના અવતરણ ઉપરથી એટલું તો સ્પષ્ટ છે કે વિનોબાજીનું મન આજે બે પ્રવાહો વચ્ચે ઝોલાં ખાઈ રહ્યું છે, કર્મ કરવા છતાં અકર્મ તરફ, ચાલુ બોલતા રહેવા છતાં મૌન તરફ, પ્રચાર કર્યે જવા છતાં તેની નિરર્થકતા અથવા તો ખીન-ઉપયોગીપણા તરફ વિનોબાનું મન ઝુકી રહ્યું છે.

હજુ એક બીજું અવતરણ જોઇએ. જુલાઈ માસની ૧૮ મી તારીખના જન્મભૂમિમાં પ્રગટ થયેલ 'વિનોબાની વાણી' માં નીચેનો ફકરો ઉપર જણાવેલા ખ્યાલોનું જ સવિશેષ સમર્થન કરે છે.

વિનોબાજી જણાવે છે કે "આજ કાલ મારૂં આ જ ચિન્તન (મનથી ઉપરની ભૂમિકા ઉપર જવાને લગતું-અતિમનસને પ્રાપ્ત કરવાને લગતું) ચાલી રહ્યું છે, તેથી ત્રણ વર્ષ પહેલાં હું જે પુરૂષાર્થી દેખાતો હતો, તેટલો આજે નથી દેખાતો. હું 'નિવૃત્તિ' તરફ જઈ રહ્યો છું. આ નિવૃત્તિ આપણે સાધારણ રીતે પ્રવૃત્તિ વિરૂધ્ધ નિવૃત્તિ સમજીએ છીએ તે નથી. એવી નિવૃત્તિ એ તો એક વૃત્તિ જ છે. ક્રોધનો વિરોધ કામ કરે છે, અને કામનો વિરોધ ક્રોધ કરે છે. એ બન્ને પરસ્પર-વિરોધી વૃત્તિઓ છે. જાગૃતિ પછી નિદ્રા ને નિદ્રા પછી જાગૃતિ આવે છે. આ બન્ને વૃત્તિઓ છે, પણ હું જે વાત કરૂં છું તે આ વૃત્તિ-ઓની ભાષામાં નથી કરતો. બીજી જ ભાષામાં હું 'નિવૃત્તિ' તરફ જઇ રહ્યો છું. એ એક શક્તિની શોધ છે. એને હું સત્યાગ્રહની શોધ માનું છું."

આમ ઉત્તરોત્તર પ્રગટ થઈ રહેલા વિનોબાજીના ઉદ્‌ગારો વાંચતાં મનમાં સહજપણે પ્રશ્ન ઉઠે છે કે વિનોબાજી આજનો કર્મયોગ છોડીને કર્મસંન્યાસ તો ધારણ નહિ કરેને ? આજની પ્રવૃત્તિ છોડીને નિવૃત્તિનાં માર્ગે ચાલી નહિ નીકળેને ? આજનો વાણીવ્યવસાય છોડીને મૌન ગ્રહણ નહિ કરેને ? અલબત્ત તેમનો કર્મસંન્યાસ, તેમની નિવૃત્તિ, તેમનું મૌન—આ સર્વમાં અને કોઇ જડ, તમોગુણ-આવૃત્ત, કાયર અને નિશ્ચેષ્ટ માણસના કર્મસંન્યાસમાં, નિવૃત્તિમાં, તથા મૌનમાં આસ-માન જમીનનો ફરક હશે એ આપણે કબુલ કરીએ તો પણ, તેનું વાસ્તવિક પરિણામ એ તો આવવાનું જ કે આજના ક્રિયાક્ષેત્રે તેમની સતત ઉપસ્થિતિ અને ક્રિયાશીલતા, દેશના ફરતા જતા સંયોગો મુજબ તેમનાં પ્રવચનો દ્વારા મળતી સતત દોરવણી, રાજકારણના સૂત્રધારો ઉપર તેમની ચાલી રહેલી ચોકી—આ બધું તો પછી આપણને સુલભ નહિ જ હોય.

તેમના ઉપરના ઉદ્‌ગારો વાંચતાં વિચારતાં તેઓ સ્વગત પોતાની જાતને જાણે કે એમ કહી રહ્યાની કલ્પના આવે છે કે "તેં તારે કહેવાનું હતું તે કહી દીધું છે; ફરવાનું હતું તે ફરી લીધું છે; દેશની અનેક જટિલ સમસ્યાઓ વિષે જરૂરી માર્ગદર્શન પણ આપી દીધું છે. હવે આ બધા પરિભ્રમણ અને પ્રવચનોની પદયાત્રા અને પ્રવેશ સંભારભોની વાટાઘાટો અને આયોજનનું શી જરૂર છે ? આ બધો કાર્યવિસ્તાર-વેદાન્તની ભાષામાં જેને 'પ્રપંચ' કહે છે-તે કયાં સુધી તારે ચલાવ્યે રાખવાનો છે ? શું તને તારામાં શ્રદ્ધા નથી ? તારા શબ્દો જો સત્યપ્રેરિત હશે તો તે તેનું કામ કર્યે જ જવાના છે, અને તેનું શુભ પરિણામ આવવાનું છે એની શું તારામાં ધીરજ નથી ? આજ સુધી બહુ બોલ્યો, બહુ ફર્યો. હવે મૌન શા માટે ધારણ ન કરવું ? 'કેવલ સ્વરૂપ' બનીને શા માટે ન ફરવું ? પ્રવૃત્તિ છોડી નિવૃત્તિ શા માટે ધારણ ન કરવી ? કર્મ છોડી અકર્મના માર્ગે શા માટે ન ચાલવું ? જે જડ માણસો હજારો પ્રક્રિયાથી કરી નથી શકતા તે જ્ઞાની પુરૂષ કેવળ મૌન સંકલ્પ વડે સાધી શકે છે. "આ દશાને સામાન્ય માનવી-મનની કહો કે જે અતિમનસને વિનોબાજી હમણાં હમણાં ઠીક ઠીક આગળ ધરી રહ્યા છે તે અતિમનસની કહો-તેમનાં ચિત્તની આજે આવી દશા હોય અને તે આ રીતે કામ કરી રહ્યું હોય એમ લાગે છે અને તેથી કોઇ પણ ધડિએ તેઓ એવી જાહેરાત કરે કે "હવે મારૂં ફરવાનું ! બોલવાનું, લોકો સાથે ચર્ચા કરવાનું બંધ થાય છે. સમૂહને છોડીને એકાન્તમાં જાઉં છું. ક્રિયા માત્ર છોડીને ધ્યાનપરાયણ સમાધિપરાયણ થાઉં છું" અને એ રીતે આપણી વચ્ચેથી તેઓ એકાએક વિદાય લે તો તેમાં કશું આશ્ચર્યજનક હોવાનું નથી.

અને આપણે સૌ જાણીએ છીએ કે વિનોબાજી મુખ્યતયા આત્મસાધક છે. અધ્યાત્મપરાયણ, છે, શંકરાચાર્યે જે અદ્વૈતમૂલક સંન્યાસના માર્ગની પ્રરૂપણા કરી છે તેના તેઓ ઉપાસક છે. ગાંધીજી જતાં તેમને જે વેકયુમ-ખાલીપણું-દેખાયું, ચોતરફ હિંસાનું વાતા-વરણ જામેલું માલૂમ પડયું અને દેશ માટે જરૂરી આર્થિક ક્રાન્તિ હાંસલ કરવાનો અહિંસક શાન્તિમય માર્ગ જો તરતમાં અખત્યાર કરવામાં નહિ આવે તો દેશ આખાને હિંસા ભેરી વળશે અને અત્યાચાર, અનાચાર અને અનવસ્થાનો આપણે સૌ ભોગ થઇ પડશું-આવી દેશની અતિ ચિન્તાજનક પરિસ્થિતિ તેમની આંખ સામે આવીને ઉભી રહી અને ભૂદાન આન્દોલનનું તેમણે સંચાલન, સૂત્રધારણ કર્યું. પણ આખરે એ રહ્યા યોગી, અધ્યાત્મી, મનના સંન્યાસી. એ નથી તિલક કે ગાંધી કે જેઓ એકધારા કર્મયોગી હતા. તેમનું વલણ શ્રી અરવિંદના નિવૃત્તિ માર્ગ તરફ જ્ઞાનમાર્ગ તરફ જ મૂળથી ઢળેલું હતું અને છે. તેથી તેઓ આપણને છોડીને ચાલી નીકળે તો આપણે કોઇ તેમને અટકાવી શકીશું નહિ.

પણ આમ જો તેઓ આપણને એકાએક છોડીને જાય તો આપણા માટે-આપણા દેશ માટે-એક ઘણી મોટી કટોકટી ઉભી થાય. આ સંભવિત કટોકટી તરફ દેશના ચિન્તકોનું, વિચારકોનું, કાર્યકર્તા-ઓનું વખતસર ધ્યાન ખેંચાયું જોઇએ એ હેતુથી આ નોંધ હું લખી રહ્યો છું. હું ઇચ્છું, છું અને પ્રાર્થું છું કે વિનોબાજી વિષે ઉપર રજુ કરવામાં આવેલી મારી બધી કલ્પના ખોટી પુરવાર થાય અને તેઓ આપણી વચ્ચે લાંબા સમય સુધી વિચરતા રહે અને આપણને દોરતા રહે અને જે સર્વોદયનું સ્વપ્ન તેઓ મનમાં સતત ચિન્તવી રહ્યા છે તે સ્વપ્ન તેમની હયાતી દરમિયાન ઠીક ઠીક અંશમાં મૂર્ત થયેલું જોવાને તેઓ ભાગ્યશાળી થાય એટલું ભગવાન તેમને આયુષ્ય આપે. હું એમ પણ ઇચ્છું છું અને પ્રાર્થના કરૂં છું કે જેવી રીતે લોકમાન્ય તિલક પ્રધાનતઃ જ્ઞાનપરાયણ-સંશોધનપરાયણ-પુરૂષ હતા, તેમ છતાં એ પ્રધાન વૃત્તિ અને વલણને દબાવીને જિંદગીના છેડા સુધી રાષ્ટ્રકાર્યના મોખરે રહ્યા, તેમ વિનોબાજી પણ પોતાની અંદર ચાલી રહેલા કર્મસંન્યાસના-'અકર્મ'ના-પ્રવાહને દાબી દબાને-નિઃશેષ કરીને-જિંદગીની છેવટની ઘડિ સુધી આપણી સાથે રહેવાનો, આપણી વચ્ચે ઘુમતા રહેવાનો સંકલ્પ કરે અને આપણને એ રીતે સ્વસ્થ-ચિન્તામુકત કરે.

પણ એમ ન બને તો તેમનો કર્મસંન્યાસ-તેમનો નિવૃત્તિ-સ્વીકાર-આપણા માટે, આપણા દેશ માટે એક મોટી કટોકટી પેદા કરવાનો છે, લોકોના દિલને ઘણો સખ્ત આઘાત આપનારો અને જનતાના માનસમાં દિશાશૂન્યતાની-કર્તવ્યશૂન્યતાની-લાગણીનો જન્મ-દાતા બનવાનો છે, એમાં મને કોઇ શક નથી. જો કે ઇતિહાસમાં સમયે સમયે યુગકાર્ય ઉપાડી લેનાર એકની પાછળ અન્ય-એમ પરંપરા ચાલ્યા જ કરે છે એમ છતાં, જેમ નહેરૂ પછી કોણ એ પ્રશ્નનો આપણી પાસે હજુ ઉત્તર નથી, અને તેથી નહેરૂ પછી અંધાધુંધી એવો ઉદ્‌ગાર તત્કાળ આપણા મોમાંથી નીકળી આવે છે તેમ ગાંધીજી પછી આપણને ઘડનાર, દિશા દાખવનાર વિનોબાજી મળી ગયા એ આપણું પરમ ભાગ્ય, પણ વિનોબા એકાએક નિવૃત્તિ સ્વીકારે તો તેમની પછી કોણ એ પ્રશ્નનો હજુ આપણી પાસે કોઇ જવાબ નથી અને તેથી વિનોબાજી પછી વિચારની અરાજકતા-આવો કાંઇક ઉદ્‌ગાર તત્કાળ આપણા મોમાંથી નીકળી આવે છે. આ ચિન્તા મારા એકલાની છે એમ નથી. વિનોબાજી સાથે અને તેમની નીચે કામ કરતા અનેક કાર્યકર્તાઓ પણ આ જ ચિન્તા સેવી રહ્યા છે. પણ એ વિષે તેઓ મૌન સેવે છે. હું તેમની નજીકના વર્તુળનો ન હોઇને આ ચિન્તા જાહેર રીતે વ્યકત કરૂં છું. આનું કાંઇક સંતોષકારક અને આપણ સર્વને નચિન્ત બનાવે તેવું સમાધાન વિનોબાજી પાસેથી મળે એવી મારી જેવા અનેકની ઊંડા દિલની અપેક્ષા છે.

પરમાનંદ

ભાંગ્યાના ભેરૂ જેવું જૈન શ્વે. કૉન્ફરન્સ ઉદ્યોગગૃહ.

મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ આજે કસોટીકાળમાંથી પસાર થઇ રહ્યો છે. મોંઘવારીની ભીંસ એને સતાવી રહી છે. ઇજ્જતના હાઉના કારણે આ દુઃખ કોઇને કહેવાય એવું નથી' તેમજ સહેવાય એવું પણ નથી. મિત્રો, સ્નેહી સંબંધીઓ અને સગાંવહાલાં પાસેથી ઉછીનાં નાણાં મેળવવાનું શકય રહ્યું નથી. થઇ ચૂકેલા દેવાનો બોજ એટલો ભારે હોય છે કે ડોક ઉંચે કરી શકાતી નથી. અને આ સિવાય આપણા સમાજમાં નિરાધાર વિધવાઓ, કે લાચાર ત્યકતાઓનો ટોટો કયાં છે ? જેમ તેમ પેટ ભરવા ઉપરાંત સંતાનોને કેળવણી એ કેમ કરીને આપે ? પોતાની કે ભવિષ્યમાં પોતાની લાકડી બનનારાં ભુલકાંઓની માંદગીને દૂર કરવા મોંઘીદાટ દવાઓ એ કયાંથી લાવે ?

વટ અને વહેવાર તેમજ રૂઢિ અને રિવાજોની ચૂડમાં ફસાયેલા આ વર્ગની લાચારી, પરેશાની અને નિરાધારી દૂર કરવાનો શું કોઇ માર્ગ નથી ? દાન અને સખાવતો પર કેટલાંય દુઃખી કુટુંબો આધાર રાખે છે, પરંતુ જ્યાં આભ ફાટયું હોય ત્યાં થીગડું કેમ દેવાય અને કયાં દેવાય ? આ સખાવતો અને દાનો તો ખારા મહાસાગર સામે મીઠા પાણીના એક બિંદુ સમાન બની રહે છે.

તો પછી આનો કોઈ કાયમી ઉકેલ નથી ? સરકાર એની રીતે એનાથી બનતું બધું કરવા પ્રયાસ કરે છે, છતાં આ કાર્ય એટલું વિરાટ છે કે એકલી સરકાર કશું જ ન કરી શકે. અને સરકાર જે ન કરી શકે એ હૈયાઉકલતવાળા સેવાભાવી કાર્યકરો કરી શકે એનો અનુભવ અમને તાજેતરમાં થયો. જે સંસ્થાની મુલાકાત લેવાનો અને એની કામગીરી નજરે જોવાનો અમને અવસર મળ્યો એવી સંસ્થાઓ જો ઠેર ઠેર ઉભી થાય તો શરૂઆતમાં જે ચિંતાભર્યા સવાલો ઉપસ્થિત કર્યા છે એનો જવાબ મેળવવાનું દુષ્કર નથી એવી છાપ અમારા મન પર પડી છે.

મુંબઇના હૃદયભાગમાં સી. પી. ટેંકથી નળબજાર જવાના રસ્તા પર જમણા હાથે એક ઉત્તુંગ ઇમારત છે. આ ઇમારત તો ઘણાયે જોઇ હશે, પરંતુ એને ઘસાઇને પસાર થનારાઓમાંથી' જુજને જ ખ્યાલ હશે કે એ ઇમારતમાંના મજલે મજલે આપણાં સમાજનાં દુઃખી, નિરાધાર, લાચાર ભાઇબ્હેનોનાં જીવતર સુખી બને એ માટેનું ચણતર થઇ રહ્યું છે. બહેનો માટે આ ઇમારત એમના પિયરનાં ખોરડાં સમી છે, તો ભાઇઓ માટે દુઃખમાં સદાય પડખે રહેનાર મિત્રના ઘર જેવી છે.

આ ઇમારત જાણીતા શ્રી મોતીશા ચેરીટી ટ્રસ્ટની માલીકીની છે અને એમાં સદ્‌ગત આચાર્યદેવ શ્રી. વિજયલલ્લભ સુરીશ્વરજીના ઉપદેશ અનુસાર મુંબઇની જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી સેવાકાર્ય કરતી શ્રી શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ સમિતિ એક ઉદ્યોગગૃહ ચલાવે છે. ઉદ્યોગગૃહ બે વિભાગમાં વહેંચાયેલું છેઃ ૧ પરિશ્રમાલય અને ૨ શિક્ષણ વિભાગ. આ ઉદ્યોગગૃહનું મહત્વનું અંગ એ છે કે જૈનો તરફથી ચલાવવામાં આવતું હોવા છતાંય એમાં જ્ઞાતિભેદને બિલકુલ સ્થાન નથી. ઉદ્યોગગૃહનું વિભાગવાર વિવરણ કરીએ તો, ખાદ્ય વીભાગમાં વિવિધ પ્રકારના ખાખરા, જાત જાતના પાપડ, વડી, શેવ, ચેવડો તળેલી દાળો, અથાણાં, મસાલા, માથાંમાં નાખવાનાં તેલો, સાબુ, મુખવાસ, દશાંગ ધુપ, દંતમંજન વગેરે બનાવવામાં આવે છે. આ વિભાગમાં વિધવા કે ત્યકતા બહેનો કામ કરવા આવે છે એવું નથી. પતિની કુટુંબ-કમાઇમાં ઉમેરો કરવા માટે ફાજલ સમયનો સદુપયોગ કરવા ઇચ્છતી સંખ્યાબંધ બહેનો બપોરના સમયે ખાખરા, પાપડ કે અન્ય ચીજો બનાવવા આવે છે. આ વિભાગ બહેનોને સ્વમાની અને સ્વાશ્રયી જીવન જીવવાની તક પૂરી પાડે છે. આ વિભાગમાં શહેરનાં જાણીતાં કુટુંબો ઉપર જણાવેલી વાનગીઓમાંથી જરૂરી વાનગીઓ બનાવવાની વરદી આપે છે. આ વિભાગે તૈયાર કરેલા અથાણાં માટે છેક અમેરિકા અને આફ્રિકાથી વરદીઓ આવે છે.

ઉદ્યોગગૃહનો બીજો મહત્વનો વિભાગ શીવણ, ભરત, ગૂંથણ વિભાગ છે. આઠ અનુભવી શિક્ષક અને શિક્ષિકાઓ તાલીમ આપે છે. લગભગ ૧૪૦ બહેનો શીવણ વિભાગમાં, ૪૦ બહેનો ડીપ્લોમા શીવણ વીભાગમાં અને ડીપ્લોમા ફ્રેન્સી વિભાગમાં અને ૩૫ ભાઇઓ જનરલ શીવણ વિભાગમાં તાલીમ લઇ રહેલ છે. તેમને પરીક્ષા લીધા પછી સરકારમાન્ય ડીપ્લોમા આપવામાં આવે છે.

ખાદીબોર્ડના સહકારથી ઉદ્યોગગૃહ અંબરચરખા પરિશ્રમાલય ચલાવે છે. ત્રણ માસ તાલીમ લીધા પછી બહાર નીકળનાર ભાઇ કે બહેન સહેજે દોઢોક રૂપીયો કમાઇ શકે છે. આ વિભાગ બે બે કલાક ત્રણ પાળીએ ચાલે છે. ૭૫ જેટલાં ભાઇ બહેનો તાલીમ લઇ રહેલ છે.

ઉદ્યોગગૃહના ફ્રેન્સી કાર્ય વિભાગમાં ઉપધાન તપની રેશમની, જરીની અને સુતરાઉ ફ્રેન્સી માળો બને છે. ઉનના ચરવાળા, દેરાસરોમાં વપરાતી પવિત્ર અગરબત્તી બનાવીને ૨૦ જેટલી બહેનો સ્વમાનભેર રોજી મેળવે છે.

દેશીનામાનું શિક્ષણ આપવાની તેમજ ટાઇપીંગ શીખવવાની વ્યવસ્થા પણ ઉદ્યોગગૃહે રાખેલી છે. અત્યારે ૨૮ ભાઇઓ રાત્રે ૮ થી ૧૦ વચ્ચે દેશીનામું શીખે છે, જ્યારે ટાઇપ રાઇટીંગના વર્ગમાં ૫૦ ભાઇ બહેનોની હાજરી રહે છે.

હવે મૂળ ખાદ્ય વિભાગ પર પાછા આવીએ તો, ૧૫૦ બહેનો પાપડ વણીને, ૩૦-૩૫ બહેનો ખાખરા વણીને, દસેક બહેનો પરચુરણ કામકાજ કરીને અને પાંચ બહેનો અગરબત્તી તૈયાર કરીને રોજી મેળવે છે. રોજ સાત હજાર પાપડ (૨૧૦ રતલ) અને ખાખરા ૧૦૦ રતલ તૈયાર થાય છે.

શહેરની જાણીતી હોટેલો, સંસ્થાઓ અને બાળમંદિરો, અને પ્રતિષ્ઠિત કુટુંબો પોતાની જરૂરિયાતો માટે ઉદ્યોગગૃહ પર આધાર રાખે છે. શુદ્ધ સત્વશીલ અને સ્વાદિષ્ટ વાનગીઓ માટે ભરોસાપાત્ર કેન્દ્ર બીજું કયું હોઇ શકે, આ ઉપરાંત જે જોને જોઇએ તેવી અનુકુળ સ્વાદવાળી વાનગીઓ બનાવવાની તજવીજ અહીં કાળજીપૂર્વક રખાય છે.

સંસ્થાના ઉત્સાહી સંચાલક શ્રી. રજનીકાન્તભાઇએ અને સમિતિના ઉત્સાહી સેવાપરાયણ સભ્ય શ્રી. મહીપતભાઇ શાહે સાથે ફરીને બધા જ વિભાગોની કામગીરીની અમને સમજણ આપી હતી અને પૂછ-પરછના સંતોષકારક જવાબો આપ્યા હતા. ઉદ્યોગગૃહના વિભાગોની કામગીરી દ્વારા કોઇ વ્યકિતને પેટભર રોજી ન મળી શકે એવી સ્વાભાવિક શંકા અમે વ્યકત કરી હતી, પરંતુ એના જવાબમાં શ્રી રજનીકાન્તભાઇએ કહ્યું હતું કે 'હા, એ સાચું છે. પરંતુ ઉદ્યોગગૃહ પૂરી રોજી આપવાનો દાવો ય કરતું નથી. જે બહેનો માટે કોઈ આધાર જ ન હોય એ બહેનો અત્રે કામ કરીને સ્વાવલંબી જીવનના પંથ પર ચડી શકે છે, કુટુંબવાળી બહેનો કુટુંબની આવકમાં ઉમેરો કરી શકે છે, અને છતાંય કેટલીક બહેનો વધુ સમય કામ કરીને રૂા. ૧૫૦ સુધીની કમાણી આ જ ગૃહમાંથી કરે છે."

ઉદ્યોગગૃહને સમાજ કઇ રીતે મદદરૂપ થઇ શકે એવો પ્રશ્ન પૂછ્યો, ત્યારે શ્રી. રજનીકાન્ત અને શ્રી. મહીપતભાઇએ અમને કહ્યું: "દુકાનદારો ભરત ગુંથણનાં, બટન ભરાવવાનાં, લેબલો ચોંટાડવાના વગેરે કામો ઉદ્યોગગૃહને સોંપીને તેમજ અન્ય નાગરિકો શીવણકામ કરાવીને અને ઘરવપરાશની ચીજોની સાફસૂફી કરાવીને ઉદ્યોગગૃહની બહેનોને રોજી આપવામાં સહાયભૂત બની શકે છે. અત્યારે કામની માગણી કરતી લગભગ બે હજાર બહેનોની અરજીઓ દફ્તરમાં પડેલી છે.

સંસ્થા શિક્ષક-શિક્ષિકા મળીને સોળ પગારદાર ભાઇ-બહેનોનો નિભાવ કરે છે.

સંસ્થા નફાની ધંધાદારી દૃષ્ટિએ ચલાવવામાં આવતી ન હોવાના કારણે ખાધ રહે એ સ્વાભાવિક છે. એટલે ઉદ્યોગગૃહના પેટ્રન, આજીવન સભ્ય, કે સામાન્ય સભ્ય બનીને, રોકડ મદદ કે વાર્ષિક મદદ આપીને, તેમજ સંસ્થાના મકાનમાં જ ચલાવવામાં આવતા ઉદ્યોગગૃહમાં તૈયાર થયેલી ચીજો વેંચવા માટેની દુકાનમાંથી માલ ખરીદીને સમાજની દુઃખી બહેનોનું જીવન થાળે પાડવામાં સહાયભૂત બની શકાય છે.

આમ છતાંય સંસ્થાના વિચારશીલ કાર્યકરો સંસ્થાની સદ્ધરતા માટે સચિંત હોઈ તાજેતરમાં જ એમણે રૂા. ૪૦,૦૦૦ ની હુંડીઓ બહાર પાડી છે. આ રીતે સંસ્થા દ્વારા તૈયાર થતી સામગ્રીનો ઉપાડ વધે અને સાથે સાથે વધુ ભાઈબ્હેનોને કામ મળી રહે એવી એમની ઉમેદ છે.

આ સંસ્થાનું ભાવિ તો અવશ્ય ઉજળું છે, અને એના પગલે જો બીજી 'સેવાભાવી' સંસ્થાઓ ચાલે તો આજે સમાજમાં જે નિરાધારપણું, લાચારી અને સંતાપ નજરે પડે છે એનો અંત આણવા માટેની કલ્યાણકારી આશા ઉભી થાય, પરંતુ પરિશ્રમ અને પુરૂષાર્થનો આવો સમન્વય વિરલ હોય છે અને એ સિદ્ધિ સમિતિના સભ્યો સંસ્થાના સંચાલકો તરીકે સાધી શકયા છે એ ખરેખર પ્રશંસાજનક હોઇ અભિનંદનીય બની રહે છે. **જયંતિ શુકલ**

['લોકતંત્ર'માંથી સાભાર ઉધ્ધૃત] **સારાભાઈ શાહ**

મૃદુલાબ્હેનની ધરપકડ

અન્તે શ્રીમતી મૃદુલાબ્હેન સારાભાઇની ધરપકડ કરવાની ભારત સરકારને ફરજ પડી એ જાણીને ચિત્ત ઊંડી ગ્લાનિ અનુભવે છે. મૃદુલાબ્હેન એટલે સ્ત્રી–પુરૂષાર્થની પ્રતિમા–એક વખત તેમના વિષે આવી કલ્પના ચોતરફ સેવાતી હતી. અમદાવાદની સામાજિક તેમ જ કોંગ્રેસની પ્રવૃત્તિઓમાં તેમનું અગ્રસ્થાન હતું. અનેક બહેનોને આર્થિક અવલંબન રૂપ બનેલ અમદાવાદનો જ્યોતિ સંઘ તેમણે ઉભો કર્યો હતો. ગાંધીજીના તેઓ સારા સમાગમમાં આવ્યા હતા અને તેમનો મૃદુલાબ્હેન ઉપર ખૂબ સદ્‌ભાવ હતો. જવાહરલાલના તેઓ એક પ્રીતિપાત્ર વ્યકિત હતા. રાષ્ટ્રીય મહાસભાના તેઓ એક વખત જનરલ સેક્રેટરી હતાં. આવો ઉજ્જવળ જેમનો ભૂતકાળ હતો તેવાં મૃદુલાબ્હેન શેખ અબ્દુલા પ્રત્યેના અજબ આકર્ષણના પરિણામે અથવા તો આપણને ખબર ન હોય એવા કોઈ કારણસર આજ સુધી કરેલી કમાઇ ખોઈ બેસે, એટલું જ નહિ પણ દેશની એક રાજદ્રોહી વ્યકિતમાં તેમની ગણના થાય અને તેમનું મુકત હોવુ એ દેશની સુલેહશાન્તિ માટે જોખમકારક ગણાય–આ ભારે વિસ્મયજનક દુર્ઘટના છે. આપણામાંની જ એક બ્હેનની પ્રકૃતિ આવી વિકૃતિને પામે તે એક રીતે આપણું સર્વ માટે શરમનો વિષય છે. માનસશાસ્ત્રીઓ માટે પણ મૃદુલાબ્હેન એક ભારે કોયડો લેખાવો જોઇએ. જ્યારે આવી એક વિચિત્ર અને અનિચ્છનીય ઘટના બની છે ત્યારે, મૃદુલાબ્હેનનાં પિતા માતા શેઠ અંબાલાલ સારાભાઈ તથા શ્રીમતી સરલાદેવી સારાભાઈ આપણી ઊંડી સહાનુભૂતિના અધિકારી બને છે. કારણ કે તે બન્નેએ આજ સુધીમાં દેશની અનેકવિધ સેવાઓ કરી છે અને સરલાદેવી તો આજે પણ કસ્તુરબા સ્મારક નિધિ તેમ જ બીજી અનેક લોકોપકારક પ્રવૃત્તિઓ સાથે ગાઢપણે સંકળાયલાં છે. જેમના વિષે અનેક આશાઓ બાંધેલી એવાં મૃદુલાબ્હેનની ન સમજી શકાય તેવી ચિત્તવિકૃત્તિ અને પોતાને તેમ જ દેશને નુકસાનકારક તેવી તેમની ચાલુ રહેલી વાંધાજનક પ્રવૃત્તિ અને તે કારણે કરવામાં આવેલી તેમની ધરપકડ–આમ ઉત્તરોત્તર બની રહેલી ઘટનાઓના તે બન્નેનાં દિલ ઉપર કેવા મર્મદારક પ્રત્યાઘાતો પડયા હશે તેની આપણને કલ્પના આવવી મુશ્કેલ છે. કોઈ પણ ભાવનાશાળી માતપિતા માટે કોઇ લોકમાં થયેલી પુત્રીની આવી અપકીર્તિ તેના પરલોકગમન કરતાં પણ વધારે વેદનાજનક બને છે. એક ઉજ્જવલ કારકીર્દીનો આવો અનુજ્જવલ અન્ત આવે એ વિધિની પણ એક અકળ કરામત અને રંગીબેરંગી રમત છે. **પરમાનંદ**

"આન્તરરાષ્ટ્રીય કટોકટી"

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આપેલું વ્યાખ્યાન

તા. ૨૫–૭–૫૮ શુક્રવારના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં યોજવામાં આવેલી જાહેર સભા સમક્ષ 'આન્તરરાષ્ટ્રીય કટોકટી' એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. આજે જેને મધ્યપૂર્વના દેશોના નામે ઓળખવામાં આવે છે તે લેબેનોન, ઇરાક, જોર્ડન, વગેરે દેશોમાં જે એક નવી સ્ફોટક પરિસ્થિતિ ઉભી થઇ છે તેનો ખ્યાલ આપતાં પ્રથમ વિશ્વયુદ્ધના પરિણામે ૧૯૧૯ માં તુર્કીનું ઓટોમન એમ્પાયર ભાંગી પડયું અને તેના તાબા નીચેના દેશોને 'મેન્ડેટેટ ટેરીટરીઝ' નું નામ આપીને ઇંગ્લાંડ, ફ્રાન્સ તેમ જ અમેરિકાને વહેંચી આપવામાં આવ્યા ત્યારથી માંડીને બીજા વિશ્વયુદ્ધના અન્તે મેન્ડેટેડ ટેરીટરીઝને સ્વતંત્ર બનાવવામાં આવ્યા અને પેલેસ્ટાઇનના ભાગલા કરીને ઇઝરાયલ ઉભું કરવામાં આવ્યું અને ત્યાં પાંચ લાખ યાહુદીઓને વસાવવામાં આવ્યા જેમાં બીજા નવ લાખ યાહુદીઓ ઉમેરાયા અને સાત લાખ આરબો ત્યાંથી ચાલી નીકળ્યા અને ત્યાર બાદ ઇજીપ્તમાંથી રાજાશાહીનો અન્ત આવ્યો, સુએઝની નહેરનો ઇજીપ્તની સરકારે કબજો લીધો, સમયાન્તરે ઇઝરાયલ, ફ્રાન્સ અને ઇંગ્લાંડે સાથે મળીને ઇજીપ્ત ઉપર આક્રમણ કર્યું અને આખી દુનિયાના બળવાન વિરોધ સામે નમતું જોખીને તેમને પાછા ફરવું પડયું–આ લાંબા ગાળાનો ઇતિહાસ સમજી લેવો જરૂરી છે એમ જણાવીને તેની રૂપરેખા તેમણે રજુ કરી. ઇઝરાયલના ઉદ્‌ભવ સાથે ત્યાંથી ચાલી નીકળેલા અને તેની સરહદ ઉપર નિર્વાસિતોની દશા ભોગવતા સાત લાખ આરબોનો પ્રશ્ન, આરબ દેશોથી ચોતરફ વીંટળાયલું અને આરબોને આંખના કણાની માફક ખૂંચતું ઇઝરાયલ, અને તેણે ૧૦ વર્ષના ગાળામાં સાધેલી અસાધારણ, કલ્પનામાં પણ ન આવે એવી પ્રગતિ, ઇજીપ્તમાં અંગ્રેજોના પાછા હઠવા બાદ નાસરનું વધતું જતું પ્રભુત્વ અને આરબ રાષ્ટ્રવાદના પ્રતીક સમી તેણે પ્રાપ્ત કરેલી પ્રતિભા, ટીટોના શકિતશાળી વ્યકિતત્વના કારણે આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે યુગોસ્લાવીઆનું વિલક્ષણ સ્થાન,–આવી કેટલીક બાબતોની તેમણે સમજણ આપી. આજના બે મોટા સત્તાધારી બ્લોકસ અમેરિકા અને રશિઆની રાજનીતિ, જુદા જુદા દેશોમાં કટોકટી ઉભી થતાં સ્થાપિત હિતો અને રાજાશાહીના પક્ષે હંમેશા ઉભું રહેતું અમેરિકા અને બળવાખોર પક્ષની બાજુએ ઉભું રહેતું સોવિયટ રશીઆ, લોકશાહીને વરેલ ભારતની આ બે બ્લોકસ વચ્ચે કફોડી સ્થિતિ, લોકશાહીના કારણે અમેરિકા સાથે જેનો વધારે મેળ હોવો જોઇએ એવા ભારતને ઉપરના સંયોગોમાં પ્રગતિશીલ પક્ષોનું કરવું પડતું સમર્થન અને તેથી રશીઆ બાજુ ભારત ઢળેલ છે એવી ભારત વિષે ચોતરફ ઉભી થતી ભ્રાન્તિ–આ આખા પ્રકરણનું "તેમણે વિસ્તારથી નિરૂપણ કર્યું. લેબેનોનમાં અમેરિકાએ લશ્કર ઉતાર્યું છે અને જોર્ડનમાં ઇંગ્લાંડે લશ્કર ઉતાર્યું છે તેનો આજે કોઇ રીતે બચાવ થઈ શકે તેમ છે જ નહિ. એક ઠેકાણે ગવર્નર શેમુંની પ્રત્યાઘાતી સરકારને ટકાવી રાખવાનો આશય છે; બીજે ઠેકાણે રાજાશાહીને ટકાવી રાખવાનો આશય છે અને બન્ને બાજુથી ઇરાકને દબાવવું છે. પણ આજના પરિબળો સામે આ નીતિ લાંબો વખત ટકી શકે તેમ છે જ નહિ અને રશીઆને આવી પરિસ્થિતિજન્ય અનુકૂળતાનો લાભ મળે છે. આજના સોવિયટ રશીઆનો વડો ક્રુશ્ચેવ એક પછી એક પાસા ફેંકયે જાય છે અને કશું ખોયા સિવાય કે ભોગ આપ્યા સિવાય આગળ વધ્યે જાય છે. ઇરાકમાં રાજાશાહીને હવે પાછી લાવી શકાય એમ છે જ નહિ અને જોર્ડન, તથા ઇરાનને પણ એ જ રસ્તે ગયા સિવાય છૂટકો નથી. હજુ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ સ્ફોટક દશામાંથી મુકત થઈ નથી. એક પછી એક અવનવી ઘટનાઓ એવી રીતે બની રહી છે કે આવતી કાલે શું બનશે તે સંબંધમાં કશું પણ નિશ્ચિતપણે કહેવું શકય નથી." આ મુજબ જણાવીને શ્રી ચીમનભાઇએ પોતાનું વ્યાખ્યાન સમાપ્ત કર્યું. આ વ્યાખ્યાનદ્વારા તેમણે આજની આન્તરરાષ્ટ્રીય કટોકટીનું એક સમપ્રમાણ સુરેખ ચિત્ર રજુ કર્યું અને શ્રોતાઓએ જાણે કે નવો પ્રકાશ સાંપડયો હોય એવી પ્રસન્નતા અનુભવી.

વિષય સૂચિ

		પૃષ્ઠ
રખેને વિનોબાજી આપણને છોડી તો નહિ જાયને ?	પરમાનંદ	૬૮
ભાગ્યાનાં ભેરૂ જેવું જૈન શ્વે. કોન્ફરન્સ ઉદ્યોગગૃહ	સારાભાઇ શાહ	૭૨
મૃદુલાબ્હેનની ધરપકડ	પરમાનંદ	૭૩
"આન્તરરાષ્ટ્રીય કટોકટી"	ચીમનલાલ ચકુભાઈ શાહ	૭૩
જેરાજણીની આત્મકથા	પરમાનંદ	૭૪
ભીમદેવ પહેલો	ધીરજલાલ ધ. શાહ	૭૬
જૈન સમાજને અતુલક્ષીને શેઠ કસ્તુરભાઈ લાલભાઇનું ઉદ્‌બોધન		૭૮

જેરાજાણીની પ્રેરક આત્મકથા

"દાંતખોતરણી, કાનખોતણી–બબ્બે પૈસા, બબ્બે પૈસા!"

ખાદી એ જ જાણે કે જેમનો પર્યાયશબ્દ હોય એવા શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીને કોણ નથી ઓળખતું ? તેમણે લખેલું 'ખાદીની વાત' એ નામનું પુસ્તક તાજેતરમાં પોરબંદરના શ્રી ભારતોદય મંડળ તરફથી તાજેતરમાં (કિંમત રૂા. ૨) પ્રગટ કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં થી વિઠ્ઠલદાસભાઈએ ખાદીના વિકાસના આજ સુધીના ઇતિહાસનું અને તે પ્રવૃત્તિ સાથેના પોતાના આજ સુધીના સંબંધનું સંક્ષિપ્ત છતાં ભારે પ્રેરક નિરૂપણ કર્યું છે. એક રીતે આ એક નાની સરખી આત્મકથા છે. ઈ. સ. ૧૮૮૨ સપ્ટેંબર માસમાં વિઠ્ઠલદાસભાઇનો અર્થાત્ તો તેમના નિકટ સંબંધમાં આવેલા અમે જે રીતે ઓળખીએ છીએ તે રીતે જેરાજાણીકાકાનો જન્મ થયો. આજે તેમની આ હિસાબે ૭૬ વર્ષની ઉમ્મર થઈ ગણાય. આ લાંબી જીવનકારકીર્દી મુખ્યત્વે એક જ કાર્યને વરેલી છે અને તે છે ખાદીપ્રચાર. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હિંદુસ્તાનમાં ૧૯૧૪ માં આવ્યા અને બે ત્રણ વર્ષ બાદ ખાદીનો વિચાર અને તે સાથે રેંટીઆનો વિચાર ભારતની પ્રજા સમક્ષ તેમણે મૂક્યો. તે પહેલાં દેશની મિલોમાં બનાવેલું કાપડ ખરીદીને આપણે સ્વદેશીના વિચારને મોટો ટેકો આપ્યાનો સંતોષ અનુભવતા હતા. ખાદી અને રેંટીયો આપણા જીવનમાંથી કેટલાંય વર્ષોથી અસ્ત પામી ગયાં હતાં. ગાંધીજીએ તે બન્નેને પુનર્જીવિત કર્યા અને દેશના ભાવી આર્થિક આયોજનની વિચારણામાં મહત્વનું સ્થાન આપ્યું. પ્રજાના દિલમાં જેમ જેમ ખાદીનું મહત્ત્વ ઉતરતું ગયું તેમ તેમ તેની માંગ વધતી ગઇ. માંગ વધવા સાથે એક બાજુ ખાદી–ઉત્પાદનનો સવાલ ઉભો થયો અને એ ઉત્પાદનનો વેગ વધવા સાથે બીજી બાજુએ તેના વેચાણનો સવાલ ઉભો થયો. આ વેચાણની પ્રક્રિયાનાં ઉત્તરોત્તર વિકાસ સાથે જેરાજાણીકાકાનું આખું જીવન ગાઢપણે સંકળાયલું છે.

સાધારણ રીતે આપણા ચાલુ જીવનમાં એમ બને છે કે આપણો ચાલુ વ્યવસાય જે હોય તે ચાલતો રહે છે અને સાથે સાથે દેશહિતને ઉપકારક એવી પોતાના શોખની એક યા બીજી પ્રવૃત્તિને આપણે ટેકો આપતા હોઈએ છીએ: જેમ કે મધુમક્ષિકાપાલનનો મને શોખ હોય અને આપણા દેશમાં એ ઉદ્યોગ ખૂબ વિકસે એમ પણ હું ઇચ્છતો હોઉં તો મારા ચાલુ વ્યવસાય સાથે અવકાશનો સમય એ ઉદ્યોગ પાછળ હું ખરચતો હોઉં છું અને એ ઉદ્યોગને વિકસાવવા માટે એક આડપ્રવૃત્તિ તરીકે મારાથી થાય તેટલું હું કરતો હોઉં છું. પણ જેરાજાણીએ અપનાવેલી ખાદીપ્રવૃત્તિ એ પ્રકારની નહોતી. આ સમજવા માટે જેરાજાણીના વ્યવસાયી જીવનના પ્રારંભની કેટલીક હકીકતોની જાણ હોવી જરૂરી છે.

જેરાજાણીની કૌટુંબિક સ્થિતિ ગરીબ કહી શકાય તેવી હતી. તેઓ મૂળ જામનગર પાસે આવેલા જામખંભાળિયાના વતની અને તેમનો જન્મ પણ ત્યાં જ થયેલો. નાનપણમાં મુંબઈ આવેલા. અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીનું તેમનું ભણતર. માસાની કાપડની દુકાને ધંધો શીખવા તેમના મોટાભાઇએ તેમને બેસાડયા. તેમાંથી ધીમે ધીમે અનેક માનઅપમાન તથા કડવા મીઠા અનુભવોમાંથી પસાર થતાં થતાં તેઓ સારી પેઠે આગળ વધ્યા. ૧૯૦૫–૦૬ માં હોર્ડ કર્ઝને બંગાળાના ભાગલા પાડયા. તેણે દેશમાં મોટો ખળભળાટ પેદા કર્યો. બ્રિટિશ માલનો બહિષ્કાર પોકારાયો. સ્વદેશી માલની વપરાશને નવું પ્રોત્સાહન મળ્યું. એ અરસામાં લોકમાન્ય તિલકની પ્રેરણાથી મુંબઈમાં સ્વદેશી ટ્રેા–ઓપરેટીવ સ્ટોર્સ લિમિટેડ નામની એક સંસ્થા ટાઇમ્સ ઓફ ઇન્ડીયાના મકાનમાં ઉભી કરવામાં આવી હતી. તેમાં ૧૯૦૮ ની સાલમાં જેરાજાણી મેનેજર તરીકે જોડાયા. ત્યાં તેઓ કામ કરી રહ્યા હતા એ દરમિયાન ૧૯૧૪ માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી મુંબઈ આવ્યા. તેમના યજમાન સ્વ. રેવાશંકર જગજીવન ઝવેરી સાથે તેઓ ઉપર જણાવેલ સ્વદેશી સ્ટોરની મુલાકાતે આવ્યા. આ સ્ટોરમાં સ્વદેશી માલ જ વેચવાનો આગ્રહ હતો. તેમાં બીજી ચીજો ઉપરાંત સ્વદેશી મિલોનું કાપડ અને પરદેશી સૂતરમાંથી હાથશાળ ઉપર વણેલું કાપડ પણ રાખવામાં આવતું હતું. ગાંધીજી સ્ટોરના ખુણે ખુણે ફરી વળ્યા. એટલે સ્વાભાવિક રીતે જેરાજાણીએ સ્ટોર સંબંધે તેમને અભિપ્રાય પૂછ્યો. જવાબમાં ગાંધીજીએ જણાવ્યું કે "ખરા અર્થમાં એ હજી સ્વદેશી નથી. આને તો હું વિલાયતી સ્ટોર કહું!" આ સાંભળીને જેરાજાણી અને અન્ય સર્વ ચોંકી ઉઠેલા. જેરાજાણી માટે કહેવાતું સ્વદેશી અને ખરૂં સ્વદેશી એ બેમાં શું તફાવત છે તે તરફ આંખ ઉઘાડનાર આ પહેલો પ્રસંગ હતો.

આ સ્ટોરમાં તેમણે ૧૧ વર્ષ નોકરી કરી. પછી ૧૯૧૯ માં કાપડ બજારમાં તેઓ એક પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા અને મોટા પાયા ઉપર કાપડનો વેપાર તેમણે શરૂ કર્યો. તેમનો વ્યાપાર ધમધોકાર ચાલવા માંડયો. એ જ અરસામાં ગાંધીજીના તેઓ વિશેષ પરિચયમાં આવ્યા અને ખાદી પ્રવૃત્તિ તરફ તેઓ આકર્ષાયા. મુંબઈ ખાતે કાલબાદેવી રોડના ભરચક લતામાં તેમણે ખાદી વેચવા માટે સ્વદેશી માર્કેટની એક ગલીમાં ૧૫ રૂપિયાના માસિક ભાડાથી એક દુકાન મેળવી, અને ત્યાં પોતાની દેખરેખ નીચે શરૂઆતમાં મીલ–સૂતરના તાણા અને રેંટીયા–સૂતરના વાણામાંથી તૈયાર થતી ખાદી વેચવાનું શરૂ કર્યું. પછી તો રેંટીયાના તાણાવાળી ખાદી તૈયાર થવા માંડી. એટલે મીલ સૂતર મીશ્રિત ખાદી વેચવી બંધ કરી. શુધ્ધ ખાદીનું ઉત્પાદન વધવા માંડયું. એટલે તેના વેચાણની ચિન્તા ગાંધીજીના દિલમાં ઉભી થઈ. એક દિવસ ગાંધીજીએ જેરાજાણીને પૂછ્યું કે "ખાદી ભંડારની વ્યવસ્થા તમે સંભાળો છો ? વેચાણ ઉપર તમે બેસો છો ?". જેરાજાણીએ ના પાડી. એટલે ગાંધીજી તરત જ બોલી ઉઠ્યા "ત્યારે તમે તો એક સદાવ્રત ગોઠવ્યું ને કોઇને એ કામ સોંપી દીધું, ખરૂં ને ?" જેરાજાણી શરમાયા, મુંઝાયા. તેમણે સલાહ માંગી "મારે શું કરવું જોઇએ ?" બાપુજીએ જણાવ્યું, "વેચાણ કામનો વર્ષોનો જે અનુભવ તમારી પાસે છે તેનો લાભ ખાદીવેચાણને મળવો જોઇએ. ખાદી ભંડારમાં વેચાણ માટે તમારે બેસવું જોઇએ." એ દિવસોમાં જેરાજાણી પોતાના વ્યાપારમાં લાખોની ઉથલપાથલ કરી રહ્યા હતા. એ સ્થિતિમાં ચાર આનાની ખાદી વાર વાર ફાડીને વેચવાનું તેમના ગળે કેમ ઉતરે ? તેમની ગડમથલ સમજી ગયા હોય એમ બાપુ બોલ્યા **"ખાદીનું કામ જે આજે નાનું દેખાય છે તે અનેક કરોડોએ પહોંચવાનું છે ને તેની જવાબદારી તમારા શિરે રહેવાની છે."** આ આગાહીનું હાર્દ તેમને તે વખતે બરોબર સમજાયલું નહિ. છતાં તેમણે ગાંધીજી સાથે આ બાબતની બહુ દલીલ ન કરી. પોતાના ભાગીદાર સાથે પછી તેમણે વાત કરી અને તેમની અનુમતિ મેળવીને બીજા દિવસથી તેઓ ખાદીની દુકાને બેસતા થયા. આમ છતાં તેમનો નિર્વાહનો ધંધો તો હજુ મીલકાપડની દુકાનમાં તેમના ભાગીદાર સાથે ચાલુ હતો. દુકાનના જ એક ભાગ તરીકે જેરાજાણી ખાદી–ભંડાર સંભાળતા હતા. ભાગીદારી સબંધમાં લેખિત સમજુતી મુજબ પોતાના અંગત ખર્ચ માટે જેરાજાણી માસિક રૂા. ૫૦૦ ઉપાડી શકતા હતા. પણ નફાતોટાનો હિસાબ ત્રણ ત્રણ વર્ષ પૂરાં થયે કરવાનો હતો.

આ ભાગીદારીને બે વર્ષ પુરા થવા આવ્યાં હતાં. એ અરસામાં ગાંધીજીએ એક વાર ઓચિન્તા જેરાજાણીને પૂછ્યું કે "તમારી ભાગીદારીનું શું થયું ?" જવાબમાં "મારી ભાગીદારી દુકાનમાં હજુ ચાલુ છે અને તેના એક ભાગ તરીકે જ હું ખાદી ભંડાર સંભાળુ છું." એવું જ્યારે બાપુજીએ જાણ્યું ત્યારે તેમને ભારે દુઃખ થયું. તેઓ આ સહન કરી ન શકયા અને કહ્યું, "જેરાજાણી, શું તમે હજી પણ

મિલ કાપડની કમાણીમાંથી ખાઓ પીઓ છો ? તમારે આનો ત્યાગ કરવો જોઇએ. વિચાર કરીને જવાબ આપજો." આ વચનોએ જેરાજણીના જીવનમાં એક મોટી કટોકટી ઉભી કરી. કારણ કે આનો ઉકેલ એક જ રીતે આવે તેમ હતું. બે વર્ષ સુધી જેરાજણીએ પોતાના ખર્ચ પેટે જે જે રકમ ઉપાડી હતી તે તેમની તેમ રહે, પણ આજ સુધીનો બધો નફો જેરાજણીએ જતો કરવો પડે. પહેલા વર્ષના નફા પેટે જેરાજણીના ખાતે લાખેક રૂપિયા જમે થયા હતા. બીજા વર્ષનો હિસાબ કરવો હજુ બાકી હતો. આ લાલચ જેવી તેવી નહોતી. તેઓ શુન્યમનસ્ક જેવા બની ગયા. તેમાંથી કોઈ વકિલ તેમને સૂઝયો નહિ. એ દિવસોમાં (૧૯૨૨ માર્ચ) ગાંધીજીને અંગ્રેજ સરકારે છ વર્ષની જેલશીક્ષા કરી હતી અને તેઓ સાબરમતી જેલમાં હતા. ઉપરની મુંઝાયલી અવસ્થામાં જેરાજણી બાપુજીને જેલમાં મળવા ગયા. અને બધી હકીકતથી તેમને વાકેફ કર્યા. બાપુજીએ કહ્યું, 'ભાગીદારની એ શરતો તદ્દન ત્યાજ્ય છે અને તમારે એ શરતોએ ભાગીદારીમાંથી છૂટા થવું જોઇએ." જેરાજણીને કલ્પના નહોતી કે બાપુ એ સરતોને બ્યાજબી કહેશે. જેરાજણી પોતાના પુસ્તકમાં જણાવે છે કે "મારી ઉપર આભ તોળાઈ રહેલું લાગ્યું. માસિક પાંચસોનો ખર્ચો શી રીતે કાઢવો એ પ્રશ્ન મને મુંઝવતો હતો. મારાથી રડી પડાયું. બાપુએ સલાહ આપી કે "તમારે તમારાં પત્ની સાથે સાબરમતી આશ્રમમાં ત્રણેક માસ રહી આવવું. શ્રી મગનલાલ ગાંધીની સૂચના પ્રમાણે ત્યાં કામ કરવું ને પછી ઘરખર્ચના પ્રશ્ન સંબંધમાં શેઠ જમનાલાલ બજાજ સાથે વાત કરી લેવી." તદનુસાર મારાં પત્ની વેલાંબહેન સાથે આશ્રમમાં હું જઈ પહોંચ્યો. ત્યાં રહેવા માટે એક ઓરડી આમને મળી. ત્રણ માસનું અમારૂં મકાનભાડા સિવાયનું ખર્ચ એકસોને વીસ રૂપિયા આવ્યું. આ ઉપરથી મનમાં વિશ્વાસ જન્મ્યો કે અમે બન્ને ચાળીશ રૂપિયામાં અમારો જીવનનિર્વાહ ચલાવી શકીશું. આવો વિશ્વાસ જન્માવવાનો જ આશય અમને અહિં મોકલવા પાછળ રહ્યો હતો એ ત્રણ મહિનાને અન્તે સમજાઇ ગયું અને મુંઝવતા કોયડાનો ઉકેલ પણ લાધી ગયો. હિંમત આવી ગઈ. મુંબઇ જઇને ભાગીદારની શરતો મેં માન્ય રાખી. ભાગીદારીમાંથી હું છૂટો થયો." આ રીતે અને આ સમયથી જેરાજણી ખરા ખાદીફકીર બન્યા અને એમની સર્વ શક્તિઓ ખાદીપ્રવૃત્તિ દ્વારા દેશના ચરણે સમર્પિત થઈ.

જેરાજણીના આ જીવનપરિવર્તનને લગતી બાબત આટલી વિગતથી એટલા માટે આપવામાં આવી છે કે ગાંધીજી માટીમાંથી માનવી કેમ સર્જતા હતા અને ભોગીમાંથી યોગી કેમ નિર્માણ કરતા હતા, ગૃહસ્થમાંથી કર્મપરાયણ સંન્યાસી કેમ બનાવતા હતા તેનું આ આપણી ઘટનામાંથી આપણને આબેહુબ દર્શન થાય છે. ત્યાર પછીનું જેરાજણીનું આજ સુધીનું જીવન ગાંધીજીના માર્ગદર્શન નીચે ખાદીના પ્રચારક અને વેચાણકારનું રહ્યું છે. આખા દેશમાં ખાદીનું ઉત્પાદન પછી તો વધતું ચાલ્યું અને તેના વેચાણની વ્યવસ્થા પણ મોટા પાયા ઉપર સદા વિકસતી રહી. રાષ્ટ્રીય આન્દોલનના આરોહ અવરોહ સાથે ખાદીની માંગ સદા વધતી તેમ જ ઘટતી રહી. માંગ ઘટે એટલે માલનો ભરાવો થાય. એટલે જેરાજણી તેની વહારે જાય અને અવનવા ઉપાયો યોજીને તે ભારને હળવો કરે.

૧૯૨૩ માં અખિલ ભારત ખાદી મંડળની સ્થાપના થઈ. ૧૯૨૫ માં તેનું સ્થાન અખિલ ભારત ચરખા સંઘે લીધું. ૧૯૨૮ માં જેરાજણીને ખાદીકાર્યમાં અને તે કારણે સ્વીકારાતા ત્યાગ અને તપસ્યામાં એકસરખો સાથ આપનાર તેમનાં ધર્મપત્ની વેલાંબહેન આ દુનિયામાંથી વિદાય થયાં. બાપુજીએ આ જાણ્યું ત્યારે તેમણે જેરાજણીને પોતાનું શરીર જાળવવાની ભલામણ કરતાં લખ્યું કે "વેલાંબેનના વિયોગનો કલેશ તો નહિ જ કરતા હો. નરસિંહ મહેતાનું પદ યાદ રાખજો; "ભલું થયું ભાંગી જંજાળ, સહેજે મળશે શ્રીગોપાળ."

૧૯૩૩ માં ખાદીહુંડીની યોજના હાથ ધરવામાં આવી અને એ રીતે ખાદી પ્રવૃત્તિને જેરાજણીએ બહુ મોટી આર્થિક સરળતા કરી આપી. પછી પૂરી કાંતણ–મજુરીનો પ્રશ્ન આવ્યો. બાપુજીને એક દિવસ ખ્યાલ આવ્યો કે ખાદી કાંતનારને પેટીયું નીકળે એટલી મજુરી આપવી જ જોઇએ, જે આજ સુધી અપાતી નહોતી. કારણ કે એમ કરવા જાય તો ખાદી મોંઘી થાય અને એમ થતાં વેચાણ ઓછું થાય,–એટલે ઉત્પાદન ઓછું કરવું પડે. પરિણામે કાંતામણ દ્વારા ગરીબોને અપાતી રાહત ઓછી થાય. આમ આ સવાલ જેરાજણી માટે એક પ્રકારના ઓડિયા ટંટા જેવો હતો. આમ છતાં ચાલે છે તેમ તો ચલાવી ન જ શકાય. આનો આખરે નિકાલ કાંતનારને તેના આઠ કલાકના કામ પછી ઓછામાં ઓછું જીવનનિર્વાહ પૂરતું એટલે કે વરસમાં વીસ ચોરસવાર કાપડ અને જરૂરી ખોરાક મળી શકે એટલી મજુરી સુધી દરેક શાખાએ પહોંચવું જોઇએ એવો નિર્ણય લેવામાં આવ્યો.

કોંગ્રેસના દરેક અધિવેશન સાથે ખાદી અને ગ્રામોદ્યોગનું પ્રદર્શન નિયમ રૂપે ભરવામાં આવતું હતું. આ પ્રદર્શનો ઉત્તરોત્તર વધારે ભવ્ય અને નવી નવી માહિતી પુરી પાડનાર–અનેક રીતે પ્રેરક અને આકર્ષક–બનવા લાગ્યાં. ૧૯૪૨ ની લડત આવી. ખાદીની ખેંચ પડવા લાગી. સ્વાવલંબી ખાદીના વિચારનો જન્મ થયો. કાંતે તેને ખાદી મળે એ નિયમ અંશતઃ સ્વીકારીને ખાદીનું વેચાણ અમુક વર્ષો દરમિયાન મર્યાદિત બનાવવામાં આવ્યું. ૧૯૪૭ માં સ્વરાજ્ય આવ્યું. ૧૯૪૮ ની શરૂઆતમાં બાપુજી સ્વર્ગવાસી થયા. ભારત સરકાર તરફથી ૧૯૫૩ માં ખાદી બોર્ડની સ્થાપના થઇ અને ખાદીના વેચાણને ઉત્તેજન આપવા માટે રૂપિયાના વેચાણે ત્રણ આનાનું વળતર આપવાની સરકાર તરફથી જાહેરાત થઈ. આના પરિણામે આજે ખાદીનો ઉપાડ નવ કરોડ સુધી પહોંચ્યો છે, જ્યારે ખાદી બોર્ડની સ્થાપના પહેલાં ખાદીનાં વેચાણો દોઢ કરોડની આસપાસ રહેતાં હતાં. ૧૯૫૪ માં મુંબઇમાં ખાદી અને ગ્રામોદ્યોગ ભવનની સ્થાપના થઈ. આવાં ભવનો ત્યાર બાદ દિલ્હી, કલકત્તા અને મદ્રાસ ખાતે ઉભા કરવામાં આવ્યાં છે. બેંગલોર ખાતે પણ આવું ભવન તાજેતરમાં શરૂ થવાનું છે.

અંબર ચરખાની શોધે વળી ખાદી પ્રવૃત્તિમાં એક નવું પરિવર્તન પેદા કર્યું છે. તેને લીધે એટલા જ સમયમાં જુના ચરવડા વડે કરતાં ચારગણું વધારે કાંતી શકાય છે. આને લીધે ખાદી પ્રમાણમાં સસ્તી થવાનો અને તેથી તેની વપરાશ વધવાનો પૂરો સંભવ છે.

વળી ૧૯૫૪ માં દિલ્હી ખાતે આજ સુધી કદિ નહોતું યોજાયું એટલા મોટા પાયા ઉપર ખાદી અને ગ્રામોદ્યોગનું પ્રદર્શન યોજાયું. આ પ્રદર્શને ખાદી અને ગ્રામોદ્યોગની વિવિધતા અને અમાપ આર્થિક શક્યતા તરફ હજુ આ બાબતમાં ઉદાસીનતા સેવતા આપણા અનેક આગેવાન રાજકારણી પુરૂષોની આંખ ઉઘાડી અને અનેક પરદેશી રાજદ્વારી મહાશયો પણ તે તરફ ખૂબ આકર્ષાયા.

૧૯૫૭ માં ખાદી બોર્ડનું સ્ટેચ્યુટરી કમીશનમાં પરિવર્તન થયું છે. બીજી પંચવર્ષીય યોજનામાં ખાદી ઉત્પાદનને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે અને તેમાં સૂચવાયલા આયોજનનો સંપૂર્ણતયા અમલ કરવામાં આવે તો એ યોજનાને અન્તે એકસો ત્રીશ કરોડના ખાદી ઉત્પાદનને પહોંચી વળવાની આશા સેવવામાં આવે છે. આ કદાચ સ્વપ્નસમું નીવડે, પણ સ્વાભાવિક ગતિએ આગળ ચાલતાં ચાલીશ કરોડના આંકને તો જરૂર પહોંચાશે એમ એ પ્રવૃત્તિમાં રસ લેનારા ખાત્રીપૂર્વક માને છે.

ખાદીના આ કલ્પી ન શકાય એવા અદ્‌ભુત ઉત્કર્ષના–તે સીડીને પહોંચાડતા દરેક પગથિયાના–જેરાજણી સાક્ષી છે, એટલું જ નહિ પણ, આજ સુધીની લાંબી મજલનો દરેક તબક્કો સર કરવા પાછળ તેમની ઊંડી ખાદીનિષ્ઠા, અપૂર્વ આશાવાદ અને અજોડ વેચાણકુશળતાનો ન માપી શકાય એટલો મોટો ફાળો છે. આજે જ્યારે જીવનના આ બાજુના ઢોળાવ ઉપર તેઓ નીચે અને નીચે પગલાં માંડી રહ્યાં છે ત્યારે–જીવન સંધ્યાને ટાણે–અદ્ય મે સફલં જન્મ–એ પ્રકારે જીવનની કૃતાર્થતા ચિંતવવાનો તેમને પૂરો હક્ક છે. પોતે જે કાર્યમાં લગભગ

જીવનના પ્રારંભથી જોડાયા તેમાં આટલી મોટી સફળતા મળેલી જીવતી આંખે જોવાનું જે સદ્ભાગ્ય તેમને પ્રાપ્ત થયું છે તેવું સદ્ભાગ્ય ભાગ્યે જ અન્ય કોઈ લોકસેવકના નામે ઉપર નોંધી શકાય તેમ છે.

એ પણ દિવસ હતો કે ખાદીની સામે કોઇ જોતું નહોતું અને ખાદીને લોકો હસતા હતા. આજે એ દિવસ આવ્યો છે કે ખાદીએ રાષ્ટ્રના આર્થિક આયોજનમાં અને પ્રજાના ચાલુ પહેરવેશમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત મોટાં શહેરો ખાતે ઉભા કરવામાં આવેલાં ખાદી અને ગ્રામોદ્યોગ ભવનો દ્વારા દેશની કળા અને કારીગીરીને અસાધારણ ઉત્તેજન મળી રહ્યું છે; અનેક મૃતપ્રાય બનેલી કળાઓ અને કારીગીરીઓ પુનર્જીવિત થઇ રહી છે અને સૂતેલા વ્યવસાયો સજીવ બની રહ્યા છે. અને સાથે સાથે કારીગરો પણ મોટી સંખ્યામાં ઉભા થવા માંડયા છે. આ બધા પાછળ જેરાજાણી કાકાનો અદ્ભુત જીવનપુરુષાર્થ અને અપૂર્વ આશાવાદ રહેલો છે.

જેરાજાણીકાકાની આજે ૭૬ વર્ષની ઉમ્મર થઈ છે. બે આંખે મોતીયા આવવા લાગ્યા હતા અને દેખાતું ઓછું થયું હતું. તેનાં ક્રમે ક્રમે ઓપરેશન કરાવ્યા અને આંખોના તેજ તેમણે પુનઃ પ્રાપ્ત કર્યા છે. ચાલતાં પગનાં ઘુંટણ દુખતા હતાં તે પણ મટી ગયેલ છે. હવે, તાજેતરમાં તેમણે હર્નીઆનું ઓપરેશન કરાવ્યું. તેમાંથી પણ સાજા થઇને તેઓ હરતા ફરતા થયા છે. આમ શરીરની જર્જરિતતાને, વાર્ધક્યને ઠોકર મારીને હજુ પણ તેઓ ઠીક ઠીક ઘુમી રહ્યા છે. તેમની વાણીમાં એક યુવાનને શરમાવે તેવો ઉત્સાહ અને આશાવાદનો રણકાર છે, અને તેમના ચિત્તમાં હજુ આ કરવું છે અને તે કરવું છે એવી અનેક કલ્પનાઓ અને યોજનાઓ ઘોળાયા જ કરતી હોય છે. તેમાં નથી થાક કે જરા પણ મન્દતા. જાણે કે મૂર્તિમન્ત કર્મયોગ ન હોય એવી છાપ તેમના પરિચય દ્વારા આપણા મન ઉપર ઉઠે છે. આવા એક વ્યક્તિવિશેષના અનેક અનુભવોથી ભરેલા ચરિત્રનું એક નાનું સરખું ચિત્ર તેમણે લખેલ 'ખાદીની વાત'માંથી આપણને જોવા મળે છે. પુસ્તકના નામમાં જેટલી નમ્રતા છે તેટલી જ નમ્રતા અંદરના નિરૂપણમાં રહેલી છે. તેઓ સદા કર્મપરાયણ રહ્યા છે, પણ લખવા તરફ કમનસીબે તેઓ કદિ વળેલા નહિ. તેથી આપણને તેમના તરફથી લખાણના આકારમાં જે મળવું જોઇએ તેના પ્રમાણમાં આ પુસ્તક બહુ જ થોડી સામગ્રી પુરી પાડે છે. વળી આ પુસ્તકનાં છેવટનાં પ્રકરણો બહુ નમળાં છે. તદુપરાન્ત આ પુસ્તકમાં ખાદી પ્રવૃત્તિની તાત્ત્વિક આલોચનાની ભારે ઉણપ લાગે છે. વૈકુંઠભાઇ, કુમારપ્પા, કિરપલાણીજી કે વિનોબાજી જેવી વ્યક્તિના હાથે આજે ખાદી શા માટે અને તેનું દેશની નવરચનામાં શું સ્થાન છે તે વિષે આલોચના લખાય અને નવી આવૃત્તિમાં અન્તર્ગત કરવામાં આવે એ ખાસ ઇચ્છવાયોગ્ય છે. આવી ઉણપો હોવા છતાં જેરાજાણીની આત્મકથા જેવી આપણને પ્રાપ્ત થઇ છે તેવી અનેક રીતે આવકારને પાત્ર છે અને આજના યુવકોએ તે ખાસ વાંચવા અને વસાવવા જેવી છે.

આ અવલોકન પૂરું કરું તે પહેલાં જેરાજાણીકાકાએ એક વેચાણકાર તરીકે જે મહાન સિદ્ધિ પ્રાપ્ત કરી તેના પાયામાં રહેલો પોતાના બાલજીવનનો એક પ્રસંગ તેમણે પોતાના પુસ્તકમાં આપ્યો છે તે અહિં ઉધ્ધૃત કરવાના પ્રલોભનને હું રોકી શકતો નથી. તેઓ એ પ્રસંગ રજુ કરતાં જણાવે છે કે "એ તાલીમનાં બીજ તો, મારા પિતા તરફથી અગીઆર વર્ષની ઉમ્મરે મને મળેલી વેચાણની તાલીમમાં રહેલાં હતાં. હું ભણતો હતો. નિશાળમાં રજા હતી. એક દિવસે મારા પિતાએ કહ્યું, "તારે અભ્યાસની સાથે સાથે વેપારીજ્ઞાન પણ મેળવતા રહેવું જોઇએ." એમ કહીને એક લોખંડના સળિયા ઉપર પચાસેક જેટલી દાંતખોતરણી અને કાનખોતરણી ગોઠવીને મારા હાથમાં મૂકી અને કહ્યું, "જો, આ સળિયો લોકો દેખે તેમ હાથમાં રાખ, અને 'દાંતખોતરણી, કાનખોતરણી, બબ્બે પૈસા, બબ્બે પૈસા," એમ પોકાર. લોકો એ સાંભળશે ને બે પૈસા આપીને એ ખરીદશે." વેપાર કરવા જેટલી મારી ઉમ્મર નહોતી. તેમાં મન લાગતું નહોતું. મન તો લાગ્યું હતું ભાઇબંધો સાથે ખેલવા કૂદવામાં. એટલે સ્વાભાવિક રીતે મારાથી કહેવાય ગયું, "મારે તો રમવા જવું છે. મિત્રો મારી રાહ જુએ છે." બસ થઇ ચુકયું. પિતાજીનો પુણ્યપ્રકોપ પ્રગટી ઊઠયો. એમણે બૂમ પાડી, "તું વેપારીનો દીકરો છે. વેપાર કરીને રોટલો રળી ખાવો છે કે પછી ભીખ માંગવી છે? દાંતખોતરણી વેચવા તારે જવું જ જોશે." હું તો ઢીલો થઇ ગયો, રડી પડયો. એટલે એક લપડાક પણ મળી. રડતાં રડતાં "દાંતખોતરણી –કાનખોતરણી" બોલ્યો. પિતાએ કહ્યું, "આવો રોતલ અવાજ કોણ સાંભળવાનું હતું? મોટેથી અવાજ કાઢ કે ત્રીજે મજલે બેઠેલાંઓ પણ સાંભળે." મેં મોટેથી અવાજ કાઢયો અને દાંતખોતરણી વેચાવી શરૂ થઇ. પહેલી દાંતખોતરણી વેચાઇ ને બે પૈસા મળ્યા. થોડા વખતમાં બધી જ વેચાઈ ગઈ. સો પૈસા ગજવામાં પડયા. ઘેર પહોંચી ખુશખુશાલ થઇને પિતાને કહ્યું, "બધી દાંતખોરણી વેચી આવ્યો. લ્યો આ પૈસા—" પિતાના મુખ ઉપર સંતોષ છવાઈ ગયો.

"એ પદાર્થપાઠ મારા જીવન સાથે જડાઈ ગયો છે. એ પાઠ અણમોલ હતો, ને આજે પણ એ પ્રસંગને આભારવશ બનીને યાદ કરું છું. "મોટેથી અવાજ કાઢ કે ત્રીજે મજલે બેઠેલાંઓ પણ સાંભળે !" એ શબ્દો હજી ગઇ કાલે બોલાયા હોય તેમ કાનમાં ગૂંજે છે. પિતાના એવા કંઇક અનુભવોનો વારસો મને વેચાણકાર બનવામાં ખપ લાગ્યો છે. એણે મને ખરો વેપારી બનાવ્યો." પદ્મકાન્ત

ભીમદેવ પહેલો

ગુજરાતની સાંસ્કારિક યશોગાથાનું એક પાનું

ગુજરાતનો મધ્યકાલીન–ઇ. સ. ૯૩૨ થી ઇ. સ. ૧૩૦૦ સુધીનો ઇતિહાસ એટલે ગુજરાતની ગૌરવગાથાનો ઇતિહાસ. લગભગ ચારસો વર્ષના આ ગાળામાં થઇ ગયેલા ગુજરાતના સુપુત્રોએ ગુજરાતને સમૃદ્ધ કર્યું છે, વિસ્તૃત કર્યું છે; ગુજરાતના નામને ઉજ્જવળ કર્યું છે. ગુજરાતની ગૌરવગાથાનો જે કાંઇ ઇતિહાસ અત્યારે ઉપલબ્ધ છે તેની મુખ્ય સામગ્રી આ સમયમાંથી પ્રાપ્ત થાય છે.

'દાની, મહાપરાક્રમી અને તેજસ્વી' મૂળરાજ સોલંકી એ સોલંકી વંશનો પાયો નાખનાર પ્રથમ રાજપુરુષ. આ મૂળરાજ સોલંકીએ ગુજરાતની પ્રાદેશિક રચના કરી. એ જ સોલંકી વંશના એક રાજપુરુષ ભીમદેવ પહેલાએ આ પ્રાદેશિક વિસ્તારની હદ વધારી, કર્ણે તેમાં ઉમેરો કર્યો; સિધ્ધરાજ જયસિંહે ગુજરાતને સામ્રાજ્યની કક્ષાએ મૂક્યું; જે કુમારપાળના રાજ્યકાળ દરમિયાન સાચા અર્થમાં સામ્રાજ્ય બન્યું.

સોલંકી યુગનો આ ચારસો વર્ષનો સમય એ માત્ર મૂલ્યોને કારણે કે પ્રાદેશિક વિજયોને કારણે ગુજરાતને માટે મહત્વનો નથી. આ સમયનું મહત્વ છે તેની સંસ્કારિતાના કારણે. એ સંસ્કારિતાની મધુર સૌરભ આજે પણ એટલી જ પમરાટભરી રહી શકી છે. એ છે તેનું વૈશિષ્ટય. આ સમયમાં જ ગુજરાતને તેજસ્વી અને સાંસ્કારિક વીર અને ધીર વ્યક્તિઓ સાંપડી. સંસ્કારમૂર્તિ હેમચંદ્રાચાર્યને લો. આ સારાય સમયને ગુજરાતના જ્યોતિર્ધરોમાંના આ એક અગ્રણી પોતાની તેજસ્વિતાથી છાઈ દે છે.

ગુજરાત દેશને 'ગુજરાત'નું નામ મળ્યું આ જ યુગમાં. એટલું જ નહિ; પણ ગુજરાતની ગુજરાતી ભાષા બોલનારી પ્રજાની સાંસ્કારિક એકતા સર્જવામાં પણ આ સમયના સોલંકી રાજાઓ–મૂળરાજ, ભીમ, કર્ણ, સિધ્ધરાજ અને કુમારપાળ; તેનાં કુશળ મંત્રીઓ–મુંજાલ, વિમળ, સાન્તૂ, મુંજાલ અને ઉધ્યન; અને જૈન સાધુઓ–દ્રોણાચાર્ય, હેમચંદ્રાચાર્ય, રામચંદ્રસૂરિ વગેરે ઉપરાંત બીજી અનેક વ્યક્તિઓએ ગૌરવપ્રદ ફાળો આપ્યો છે.

સોલંકી વંશની ઇમારતનો મજબૂત પાયો નાખનાર મૂળરાજ પહેલો, પછી એ પાયા પર સુદૃઢ ચણતરનું કાર્ય કર્યું છે ભીમદેવ પહેલાએ. લગભગ બેતાલીસ વર્ષના તેના રાજ્યકાળ દરમિયાન યુદ્ધક્ષેત્રેથી તે નથી પરવાર્યો, છતાં મૂળરાજે જે પ્રાદેશિક અને સાંસ્કારિક સંપત્તિનો વારસો મૂક્યો હતો તેમાં ભીમદેવે ગણનાપાત્ર ઉમેરો કર્યો છે.

ભીમદેવના રાજ્યકાળ સમયનો—શરૂઆતનો જ—ગુજરાતના ઇતિહાસમાં મહત્વનો ગણી શકાય તેવો બનાવ તે સોમનાથ પર મહમૂદ ગઝનવીની ચડાઇ. મહમદ ગઝનવીને પ્રાદેશિક વિસ્તાર વધારવાને બદલે ચડાઇઓનો, વિજયોનો અને વિજય પછી લૂંટનો શોખ હતો. હિંદુસ્તાન પર તેણે અનેક આક્રમણ કર્યા, અનેક લૂંટો ચલાવી; તેમાં સોમનાથ પરનું આક્રમણ, ગુજરાતની સાંસ્કૃતિક દૃષ્ટિએ એક અગત્યનો બનાવ ગણી શકાય. તે સમયની છિન્નવિછિન્ન નાની નાની ઠકરાતો અને પોતપોતાનું સાચવી લેવાની સ્વાર્થી મનોવૃત્તિને લીધે ભીમદેવને જોઇતો સહિયારો ન મળ્યો. એકલે હાથે હિંદભરમાં પ્રતિનિધિત્વ એવા સોમનાથનું રક્ષણ તે ન કરી શક્યો. ત્યારથી ગુજરાતની રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક રચના પર મુસ્લિમ સંસ્કૃતિની પ્રબળ અસર શરૂ થઇ. એ રીતે ઉત્તર હિંદુસ્તાનમાંથી ધીમે ધીમે મધ્ય હિંદુસ્તાનમાં પ્રવેશવાનો મુસ્લિમ સંસ્કૃતિને અવકાશ મળ્યો.

માલવરાજ ભોજ ભીમદેવનો સમકાલીન રાજા હતો. ગુજરાતનો ઘણોખરો પ્રદેશ એ સમયે માલવનરેશને તાબે હતો. ભીમદેવે એ તરફ નજર કરી, માળવાનો કેટલોક ભાગ ગુજરાતની સત્તા નીચે આણ્યો. ભીમદેવના સાંધિવિગ્રહક દામોદરે—ડામરે—ગુજરાત અને માળવાની વચ્ચે સુલેહ જળવાઈ રહે તે માટે અતૂટ પ્રયત્નો કર્યા. સાથે સાથે વિદ્વાનોથી શોભતા ભોજના દરબારની સરસાઇ કરવાની મહત્ત્વાકાંક્ષા પણ ભીમદેવમાં જાગૃત કરી; જે મહત્ત્વાકાંક્ષા સિધ્ધરાજ જયસિંહ અને કુમારપાળના સમયમાં આચાર્ય હેમચંદ્રે પરિપૂર્ણ કરી.

આમ મૂળરાજે જે રાજ્યનો પ્રાદેશિક પાયો નાંખ્યો તેના પરનું ચણતરકાર્ય ભીમદેવે કર્યું. સિંધુપતિને હંફાવ્યો; આબુ—ચંદ્રાવતીને પોતાની હકુમત નીચે આણ્યાં; નડૂલના રાજાને પોતાનો સામંત બનાવ્યો; ભોજ જેવા બળવત્તર માળવનરેશની સામે ટકી રહી, દક્ષિણ પ્રદેશમાં આવેલા ચેદીના રાજા કર્ણ અને કર્ણાટકના રાજા સોમેશ્વર સાથે મળી જઈ માળવનરેશને પરાજય આપ્યો. આમ ગુજરાતનું એક વિસ્તીર્ણ રાજ્ય, સામ્રાજ્ય સ્થાપવા માટેનો માર્ગ આગંતુક પેઢી માટે તેણે તૈયાર કરી આપ્યો.

આ થઈ ભીમદેવના સમયની પ્રાદેશિક વિસ્તારની વાત, પણ તેના સમયમાં સાંસ્કારિક પ્રવૃત્તિને જે વેગ મળ્યો છે; ભીમદેવના સહકારથી જે સાથ મળ્યો છે તે ગુજરાતના ઇતિહાસનું એ સમુજ્જ્વળ પાનું છે. પ્રાદેશિક વિસ્તારની સાથે જ શિલ્પસ્થાપત્યમાં પણ ગુજરાતે આ જ સમયે અપૂર્વ સિદ્ધિ મેળવી છે. ગુજરાત આજે ગુજરાત છે, તે પ્રાદેશિક વિસ્તરને કારણે નહિ; પણ મધ્યયુગમાં સાધેલી આ અપૂર્વ સિદ્ધિને કારણે. ભીમદેવ સોલંકીના સમયની આ સિદ્ધિ સંસ્કારક્ષેત્રે એક યશકલગી સમી છે.

ભીમદેવે સોમનાથના મંદિરનો પુનરુદ્ધાર કર્યો એ મહત્વની હકીકત ગણાવી શકાય. અત્યાર સુધી સોમનાથના મંદિરનો મોટો ભાગ લાકડકામ અને નાના પથ્થરોથી તૈયાર થયેલો હતો. ભીમદેવે મોટી શિલાઓનો ઉપયોગ કરી એ મંદિરનો પુનરુદ્ધાર કર્યો.

સિદ્ધરાજના સમયમાં તૈયાર થયેલ સહસ્ત્રલિંગ તળાવને કાંઠે આવેલાં મંદિરોની કલાકૃતિને ઝાંખી પાડે તેવી એક કલાકૃતિ ભીમદેવના સમયમાં સર્જાઇ અને તે ભીમદેવની રાણી ઉદયામતિએ બંધાવેલી રાણીવાવ. અત્યારે તો સોલંકી સમયની જાહોજલાલી દર્શાવતો, એ વાવના કૂવામાં કોતરકામવાળો બચી ગયેલો થોડોક ભાગ તેની રમણીયતાની સાક્ષી પૂરે છે. આમ આ વાવ ગુજરાતની એક સમયે પરમ શોભા હતી.

મોઢેરાનું સૂર્યમંદિર આજે તો ખંડેરસમું ઊભું છે; પરંતુ ભીમદેવના સમયમાં બંધાયેલ આ મંદિર સ્થાપત્યકળાનો વિશિષ્ટ નમૂનો છે. ગુજરાતનાં સૂર્યમંદિરોમાં એ અનેક રીતે જુદું તરી આવે છે. એનું કોતરકામ પણ સૂક્ષ્મ પ્રકારનું છે. આજે એ ખંડિતદશામાં હોવા છતાં એની દીવાલોમાંની અને સ્થંભો ઉપરની મૂર્તિઓ આજે પણ સજીવ જેવી લાગે છે. એના જ પ્રાંગણમાં આવેલ વિશાળ કુંડ ગુજરાતના કુંડોમાં અનોખી ભાત પાડે છે.

ગુજરાતની સરહદે આવેલ આબુ પર્વત ઉપરના દેલવાડાનાં જગપ્રસિદ્ધ જૈન મંદિરોમાં 'વિમળ—વસહી'ની રચના થઇ, ભીમદેવના જ રાજ્યકાળ દરમિયાન ભીમદેવે પોતાના મંત્રી વિમળને ગુજરાતની સરહદનું સંરક્ષણ કરવા આબુના દંડનાયકપદે નિયુક્ત કર્યો.

કલ્પનાશીલ વિમળે આબુની જ તળેટીમાં 'ઇન્દ્રપુરી'ને શરમાવે તેવી ચંદ્રાવતી નગરીની રચના કરી. લાવણ્ય—સમયસૂરિના શબ્દોમાં કહીએ તો, આ નગરીમાં 'આરસનાં ગૃહો બંધાવ્યા, તેમાં અદ્‌ભુત કારીગરીભરી કોતરણી કોતરાવી. કોઈ મોટાં ઘરો તો સાત સાત માળનાં કર્યાં. એના ગોખ અને બારીબારણાં જોતાં ઇન્દ્રભવન હોય એમ લાગે. વળી બીજું નંદનવન હોય એવાં બાગબગીચા કરાવ્યાં; ચારે દિશાએ ભરપૂર પાણીભર્યાં સરોવર શોભી રહ્યાં, પથ્થરથી તેની પાળો બંધાવી અને નગરને ફરતી ખાઇ ગઢના પાયાની પેઠે પાતાળ જેવી ઊંડી કરાવી."

આ જ વિમળે પોતાની પત્ની 'શ્રી'ના આગ્રહથી આબુ ઉપર દેલવાડાનાં મંદિરો બંધાવ્યાં. બહારથી લૂખાં જણાતાં આ મંદિરો, મંદિરમાં પ્રવેશતાની સાથે જ કલ્પના પણ ન આંબી શકે એવાં અદ્‌ભુત વિમાનની યાદ આપે. 'વિમળ—વસહી'ના મંડળ અને તેની દેવકુલિકાઓ શિલ્પસ્થાપત્યના ઇતિહાસમાં અજોડ ગણાય છે. આ વસહીનાં સ્તંભ, તોરણ, ઘુમટ, છત, દરવાજા—કયાંય શિલ્પીનું ટાંકણું ફર્યા વગર રહ્યું નથી; પુષ્પ, પ્રાણી કે મૂર્તિ—અણુિશુધ્ધ ઝીણુવટભર્યા નકશીકામદ્વારા જીવંત કરાયાં છે. કર્નલ ટોડે, ભારતમાંના મંદિરોમાં આ મંદિરની સર્વોત્તમ મંદિર તરીકે ગણના કરી છે. તો ફરગ્યુસને 'સ્થાપત્યકળાની ટોચના નમૂના' તરીકે તેનું મૂલ્યાંકન કર્યું છે. ફરગ્યુસન જણાવે છે કે, 'આ મંદિરમાં એવી મનોહર આકૃતિઓ બનાવવામાં આવી છે કે, તેની નકલ કાગળ ઉપર ઉતારવામાં કેટલાય સમય અને પરિશ્રમ ખર્ચવા છતાં પણ હું સમર્થ થઈ શક્યો નથી.'

સ્થાપત્યકારો સામાન્ય રીતે માને છે કે, ભીમદેવના સમયથી વિશાળ પથ્થરોની બાંધણીનો યુગ શરૂ થયો. અથવા કહો કે એ યુગને વેગ મળ્યો. કોઇ એમ પણ ટકોર કરી શકે કે વાણિજ્યપ્રધાન મનોવૃત્તિવાળા ગુજરાતનું દિલ પણ ત્યારથી પથ્થર જેવું થતું ગયું. પરંતુ ગુજરાતની સંસ્કારિતાનો અભ્યાસ કરનાર કોઇ પણ અભ્યાસી કહી શકશે કે, ગુજરાતની એકતાના નાદને પોષનાર સોમનાથ, લાવણ્યમયી કૃતિઓમાં શોભે તેવી રાણીવાવ, સ્થાપત્યમાં અનોખું તરી આવતું મોઢેરાનું સૂર્યમંદિર; આરસથી અલંકૃત અને નગરરચનામાં અનોખી ભાત પાડતી ગુજરાતની સરહદે આવેલી ચંદ્રાવતી નગરી તેમ જ સ્થાપત્યકળામાં ગુજરાતના ગૌરવસમી 'વિમળવસહી'—આ સર્વ કંડારાયાં છે, વિવિધ પ્રકારોના વિશાળ પથ્થરોમાંથી. તેમાંથી જે સર્જન થયું છે તે છે કોમળ ફૂલ જેવું; પવનની એકાદી વેગવંતી લહરીથી પણ ડોલાયમાન થાય તેવું; નયનને ઠારે તેવું કમનીય અને મનોરમ. ગુજરાતનું હૈયું પણ છે એવું જ કમનીય અને મનોરમ—અણુિશુધ્ધ આખંડ અને પારદર્શક. ગુજરાતની સાંસ્કારિક યશોગાથાનું એ છે એક સુવર્ણ પાનું.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

[ઓલ ઇન્ડિયા રેડિયો અમદાવાદની અનુમતિપૂર્વક]

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ચોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આગામી સપ્ટેંબર માસની ૯ મી તારીખે શરૂ થશે અને સપ્ટેંબરની ૧૬ મી તારીખે પુરી થશે. શરૂઆતના પાંચ દિવસની વ્યાખ્યાનસભાઓ ફ્રેંચ બ્રીજ ઉપર આવેલ ખ્લેવાટૂરસ્કી લોજમાં ભરવામાં આવશે અને તા. ૧૪ મીની તથા ૧૬ મીની વ્યાખ્યાનસભાઓ ભારતીય વિદ્યાભવનમાં અને તા. ૧૫ મીની વ્યાખ્યાનસભા રોકસી થીએટરમાં ભરવામાં આવશે. વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ પ્રબુધ્ધ જીવનના હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

જૈન સમાજને અનુલક્ષીને શેઠ કસ્તુરભાઈ લાલભાઈનું ઉદ્‌બોધન

(ઝાલાવાડના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો તરફથી થોડા દિવસ પહેલાં શ્રી ચંદુલાલ વર્ધમાન શાહના પ્રમુખપણા નીચે યોજાયલા ભવ્ય સત્કાર સમારંભમાં સમારંભયોજકોનો આભાર માનતા સમાજને ઉદ્દેશીને શેઠ કસ્તુરભાઇ લાલભાઈએ અદ્યતન પરિસ્થિતિ અંગે કેટલુંક માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રવચન પાછળ એક હેતુ જૈન સમાજને સંકુચિતતાથી વિશાળતા તરફ લઈ જવાનો હતો. આ હેતુ ધ્યાનમાં લેતાં તેમનું એક વિધાન ખુંચે એવું હતું. તેમણે પોતાનાં પ્રવચન દરમિયાન જણાવ્યું હતું કે "મારા જુદા જુદા કારખાનામાં ૧૭૦૦૦ કામદારો કામ કરે છે. તે બધાને કાઢી તેમની જગ્યાએ જૈનોને રાખું તો પણ પાંચ લાખ જૈનોને કામ કયાંથી આપી શકું?" આજે જૈનોની વસ્તી આશરે અઢારથી વીશ લાખની અડસટવામાં આવે છે. એમ છતાં શેઠ કસ્તુરભાઇની જૈન દુનિયા માત્ર પાંચ લાખ જૈનોની હોય એમ લાગે છે. એનો અર્થ એ થયો કે તેઓ જ્યારે જૈન સમાજનો વિચાર કરે છે ત્યારે જે જૈન ફિરકાના પોતે છે તે જ ફિરકાના જૈનોનો જ માત્ર તેઓ વિચાર કરતા હોય એમ ભાસે છે. તેમના મનની આ સંકુચિતતા દુઃખ ઉપજાવે તેવી છે. જે વિશાળતાનો બીજી બાબતોમાં તેઓ અન્યને ઉપદેશ કરે છે તે જ વિશાળતા વિશાળ જૈન સમાજના સંદર્ભમાં પોતે પણ દાખવે એમ આપણે ઇચ્છીએ!

નીચે આપેલા તેમના વિચારોમાં બે વિશેષતા છે. એક તો સાધારણ રીતે 'સાગરવરગંભીરા' જેમની પ્રકૃતિ છે એવા સદા-ઉચ્ચ-આસન-આરૂઢ શેઠસાહેબ આવી બાબતો વિષે ભાગ્યે જ આટલા મોકળા મનથી બોલે છે. અને બીજું જે જૈન શ્વે. મૂ. સમાજ ઉપર તેમનો ખૂબ પ્રભાવ છે તે સમાજની આંખ ઉઘાડે એવા કેટલાક ઉદ્‌ગારો તેમના આ પ્રવચનમાં વાંચવા મળે. તેમનું એ પ્રવચન તા. ૨૩-૭-૫૮ ના જન્મભૂમિમાં જે રીતે પ્રગટ થયું છે તે રીતે નીચે આપવામાં આવ્યું છે. **તંત્રી**)

બેકારી ટાળવાનો ઉપાય

શ્રમને અપનાવવાની અગત્ય પર બોલતાં તેમણે કહ્યું હતું કે "જૈન કોમમાં સામાન્ય સ્થિતિના માણસો છે. બેકારી ચાલી આવે છે. વેપાર રોજગાર બધાને ચાલતો નથી. તેનો ઉપાય શોધવો જોઇએ. સંસ્થા સ્થાપીને તેનો ઉપાય થશે નહિ. આપણી કોમ વેપારી હોવાથી તેને એમ લાગ્યું છે કે જાતમહેનતથી પોતે હલકા થાય છે. આજે જમાનો એવો આવ્યો છે અને ગાંધીજીએ પણ કહ્યું છે કે જે માણસ જાતમહેનત કરતો હોય તેને માન આપવું જોઇએ. સામાન્ય સ્થિતિવાળો માણસ કામે લાગી જાય તો બેકારી જવાની છે. આપણને પચીસ રૂપિયાની કારકુની કરવી ગમે છે, પણ સો રૂપિયામાં સંચો ચલાવવામાં હીણપત લાગે છે. આ સ્થિતિ કાઢવી જોઇએ. કેટલીક નિશાળમાં હાથે કચરો કાઢવાનું અને હાથે વાસણ માંજવાનું શીખવવામાં આવે છે. શા માટે? ગાંધીજી કહી ગયા છે કે કોઈ પણ કામ કરવામાં હીણપત નથી. કોઈ સંસ્થા સ્થાપી પાંચપચીસ જૈનને તમો કામ આપશો તેથી પ્રશ્ન સરશે નહિ."

એમાં હીણપત નથી

શ્રી કસ્તુરભાઇએ આગળ બોલતાં જણાવ્યું કે "મારા જુદા જુદા કારખાનામાં ૧૭૦૦૦ કામદારો કામ કરે છે, તે બધાને કાઢી તેમની જગ્યાએ જૈનોને રાખું તો પણ પાંચ લાખ જૈનને કામ કયાંથી આપી શકું? જૈન કોમના ઉદ્ધાર માટે સહેલા અને સીધા રસ્તા છે. બહેનો અને ભાઇઓએ ભૂલી જવું જોઇએ કે કોઈ પણ કામ કરવામાં હીણપત છે."

તેમણે કહ્યું કે "સામાન્ય સ્થિતિના છે તેમણે પોતાના વિષે ભૂલભરેલી માન્યતા છોડવી જોઇએ. ભારતના ભાગલા પડયા પછી હિંદમાંથી પંચાવન લાખ માણસો ચાલ્યા ગયા અને એટલા જ માણસો પાકિસ્તાનમાંથી ભારતમાં આવ્યા. આવો બનાવ સેંકડો વર્ષમાં બન્યો નથી. ભારતમાં આવેલ નિર્વાસિતોએ કોઈ પાસે હાથ લાંબો કર્યો નથી. તે માણસો એટલા મનોબળવાળા હતા કે ભીખ માગ્યા વિના પોતાની રોજી કમાઈ લીધી. અમદાવાદમાં નિરાશ્રિતો આવ્યા. પછી જે ફળો પહેલાં મળતાં નહોતાં તે મળવા લાગ્યાં. એટલા એ લોકો ઉદ્યમી છે. વીલુ મોઢું કર્યા સિવાય કોઈ ધંધો કરશો તો ઉત્કૃષ્ટ થયા વિના રહેશે નહિ.

વાણિયામાં બુદ્ધિ છે, સમજ છે, ચાર આને લાવી છ આને કેમ વેચવું તે જાણે છે. તો પછી શાને મૂંઝાય છે? પાકિસ્તાનથી આવી નોધારા રોજી મેળવી શકે તો હિંદમાં રહેલા શા માટે ન મેળવી શકે? "એક ભાઇએ કહ્યું કે જૈનોમાં વિખવાદ છે. મારે તમોને ભાઇઓને અને બહેનોને એક ખાસ વાત કહેવાની છે કે આજે ભાઇઓ અને બહેનો ખાસ શ્રદ્ધાવાન છે, શ્રદ્ધા સારી છે પણ શ્રદ્ધા એવી હોવી જોઇએ કે જેનાથી તેનો દુરૂપયોગ ન થાય."

મંદિરો પાછળના ખોટા ખર્ચા

મંદિરો પાછળ થતા લખલૂટ ખર્ચા વિષે શ્રી કસ્તુરભાઇએ કહ્યું કે "પ્રભાસપાટણમાં ત્રણ જૂના મંદિરો તોડી એક મંદિર કર્યું તેમાં સાત લાખ ખર્ચાઈ ગયા. આ મંદિરમાં જતા હો ત્યારે તમો રાજાના મહેલમાં જતા હો તેમ લાગે. મંદિરમાં જતાં પવિત્ર લાગણી થવી જોઇએ. તેનું શિલ્પ ચોક્કસ પ્રકારનું હોવું જોઇએ. આ કામ થઇ રહ્યાં છે તે વિષે જાગ્રત થવાની જરૂર છે. આજે મારી સમજ પ્રમાણે દર વર્ષે પંદર લાખ રૂપિયા ખર્ચ મંદિર પાછળ થાય છે. મંદિર બાંધવાની હમેશાં અગત્ય હોતી નથી. શાંતિનાથના મંદિરમાં ઘેલાભાઈ છગનભાઇએ પાંચ હજાર રૂપિયા આપ્યા" તેવી તખતી વાંચું છું ત્યારે મને દુઃખ થાય છે. ધર્મશાળામાં ભલે તમો તખતી મૂકો પણ મંદિરમાં કોણ ઘેલાભાઈ કે કોણ સુંદરીબાઈ? મંદિરમાં તખતીની ટેવ ભૂલભરેલી અને નિંદનીય છે.

જીર્ણોદ્ધાર ઉપર બોલતાં તેમણે કહ્યું હતું કે રાણકપુરજીનો જીર્ણોદ્ધાર આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી કરવામાં આવ્યો. આવું શિલ્પ પડી ભાંગે તે જોવા કોઈ ભાઇબહેન તૈયાર ન હોવા જોઇએ. સામાન્ય રીતે આજે જે જીર્ણોદ્ધાર થઈ રહ્યા છે તે અંધશ્રદ્ધા અને બેવકૂફીભરેલા છે. રાણકપુરજીનો જીર્ણોદ્ધાર થયો ત્યારે ગાડાના રસ્તે હું પાંચ કલાકે પહોંચ્યો હતો. ધુમાડાવાળી ગંદી ધર્મશાળામાં પાંચ દિવસ પડી રહ્યો હતો. મારી સાથે એક શિલ્પીને લઈ ગયો હતો. તેના ખર્ચનો અંદાજ આંકી પછી જીર્ણોદ્ધાર કરાવ્યો. આ મંદિરનું શિલ્પ ચૌદમાં સૈકાનું છે અને જૈનને શોભાવે તેવું છે. તેને જરા પણ નુકસાન ન થાય તે પ્રમાણે જીર્ણોદ્ધાર કર્યો. અમે કર્યો પાટડો તે મંદિરમાં નાખ્યો તે કોઈ પણ બતાવી આપે તો હું તેની નુકસાની આપવા તૈયાર છું. તે જીર્ણોદ્ધાર થયા પછી ગુજરાત કરતા મારવાડી, ભાઇબહેનો તેની વધારે કદર કરી રહ્યા છે."

સાંપ્રદાયિક સંકુચિતતાને વખોડી કાઢતાં શ્રી કસ્તુરભાઇએ જણાવ્યું કે "હું પોતે માનું છું કે જે સ્થિતિમાં આપણે હિંદુસ્તાનમાં છીએ ત્યાં જૈન વિદ્યાપીઠ જેવું કાંઈ હોઇ શકે નહિ. આપણે હિંદી છીએ, સ્વરાજ્યમાં માનનારા છીએ, ત્યાં જુદો પંથ કાઢી શકીએ નહિ. આપણાં બાળકો હાઇસ્કૂલો અને કોલેજમાં જાય છે. જુદી જુદી કોમના સંપર્કમાં આવે છે. આ સંપર્કથી જે બુદ્ધિ ખીલે તેવી બુદ્ધિ નાના કુવા જેવા જૈન વિદ્યાલયમાં ખીલે તેમ હું માનતો નથી. જે કોઈ આવી રીતે જૈન વિદ્યાલય કરી વાડા કરે છે તે જૈન કોમની કુસેવા કરે છે."

જૈન કોમની કટોકટી

છેલ્લે તેમણે જૈન કોમ કટોકટીમાંથી પસાર થાય છે તેવા એક પ્રશ્ન બાબત જણાવ્યું હતું કે "જે સાધુસાધ્વી પાસેથી આપણે ધર્મનું શિક્ષણ લઈ રહ્યા છીએ, તે લોકો આવી બાબતમાં નિકાલ લાવી દાખલો બેસાડી શકયા નથી. આ નથી કરી શકયા તેનું કારણ તમો અને હું છીએ, કારણ કે આપણે ખરો કે ખોટો ટેકો આ લોકોને આપી રહ્યા છીએ."

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસરકરણ
વર્ષ ૨૦ : અંક ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧, ૧૯૫૮, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

કૂર્માચળની પરિક્રમા

(કૂર્માચળ એટલે હિમાલયમાં આવેલ નૈનીતાલ તથા આલ્મોરા જીલ્લાને આવરી લેતો કુમાઉનો ગિરિપ્રદેશ. ગયા મે મહીનામાં આ પ્રદેશોમાં પરિભ્રમણ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો, અને એક મહીનો લગભગ અમે ફર્યા. એ પ્રવાસનું વર્ણન, સમાગમપ્રાપ્ત કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓનો તથા સંસ્થાઓનો પરિચય, તથા પ્રવાસ દરમિયાન ચાલી રહેલ માનસિક મન્થન તથા સંવેદન—આ બધું રજુ કરતી લેખમાળા આ અંકથી શરૂ કરવામાં આવે છે. આ આખી લેખમાળાના પ્રકાશનને લગતા સર્વ હક્કો લેખકને સ્વાધીન છે. પરમાનંદ)

પૂર્વભૂમિકા

નાનપણમાં આપણા ભણતરની શરૂઆત થતાં જ્યારે આપણે હિન્દુસ્તાનની ભૂગોળ શિખવાની કક્ષાએ પહોંચીએ છીએ અને આપણા દેશની ઉત્તરે પૂર્વથી પશ્ચિમ સુધીના લગભગ બેથી ત્રણ હજાર માઇલના પ્રદેશ ઉપર અભેદ્ય જેવી લાગતી જે પર્વતમાળ પથરાયલી પડી છે તેને હિમાલય કહેવામાં આવે છે એમ જ્યારથી આપણને ખબર પડે છે ત્યારથી હિમાલય આપણા કૌતુક અને કુતુહલનો વિષય બને છે. હું મેટ્રીક પાસ થયો અને કોલેજમાં દાખલ થયો અને પહેલા વર્ષની પરીક્ષા આપી એ અરસામાં આજે આપણે જેમને 'સ્વામી આનંદ' ના નામથી ઓળખીએ છીએ તેમની સાથે મારી ઓળખાણ થઈ અને એ ઓળખાણે બહુ જલ્દીથી મૈત્રીનું રૂપ ધારણ કર્યું. એ દિવસોમાં તેઓ હિમાલયમાં પરિભ્રમણ કરતા હતા અને અવારનવાર મુંબઈ આવતા, અને એ રીતે તેમને મળવાનું ઠીક ઠીક બનતું. તેઓ જ્યારે મુંબઈ આવે ત્યારે મોટા ભાગે મારી સાથે રહેતા અને પોતાના પરિભ્રમણની અનેક વાતો રસપૂર્વક કહેતા અને હું એટલા જ રસપૂર્વક સાંભળતો. વળી તેઓ હિમાલય બાજુ હોય ત્યારે પણ તેમના તરફથી અવારનવાર પત્રો મળતા રહેતા. આ પત્રો પણ ખૂબ ઝીણા અક્ષરે લખેલા અને દશ, બાર પંદર અને ક્વચિત્ ક્વચિત્ વીશ વીશ પાનાંથી ભરેલાં આવતાં અને તેમાંથી પણ હિમાલયના જુદા જુદા સ્થળોનાં વર્ણનો અને વિવિધ પ્રકારના અનુભવોની નોંધો વાંચવા મળ્યા કરતી. તે દિવસો એટલે કે આશરે ૧૯૧૦ થી ૧૨ ના ગાળામાં તેમણે પગપાળા બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, જમ્નોત્રી અને છેવટે કૈલાસની પણ યાત્રા કરેલી. પછીના વર્ષે તેઓ લગભગ એક સંન્યાસીની માફક ઉઘાડા પગે અને ભારે કષ્ટપૂર્વક કાશ્મીરમાં આવેલા અમરનાથની પણ યાત્રા કરી આવેલા. આ બધાં તીર્થધામો વિષે તેમણે મને ઊંડી સંવેદનશીલતાપૂર્વક અને હિમાલયની ભવ્યતાને શબ્દોમાં ઉતારવાની તાકાત ધરાવતા સાહિત્યકારની કુશળતાથી એટલી બધી વાતો કરેલી કે એ બધાં સ્થળો એ સમયે મારી કલ્પનામાં આબેહૂબ કોરાઈ ગયેલાં અને ત્યારથી હિમાલય વિષે મારા દિલમાં ઊંડું આકર્ષણ જન્મેલું.

સમયાન્તરે ૧૯૧૩ ના ઉનાળામાં સીમલા જવાનો મારા માટે એક અણધાર્યો સુયોગ ઉભો થયો અને હિમાલયનાં મેં પ્રથમવાર દર્શન કર્યાં. એ વખતે સીમલાથી પાછા ફરતાં અમે મસૂરી પણ ગયેલા, પણ જેમની સાથે હું આ પ્રવાસે નીકળ્યો હતો તેમને મસૂરી પહોંચ્યા તે દિવસે રાત્રે સખત તાવ આવ્યો અને રખેને ન્યુમોનિયા હોય એવી બીક લાગી. તેથી અમારે મસૂરીથી બીજે જ દિવસે પાછા ફરવું પડેલું. ત્યાર બાદ સીમલા બીજીવાર જવાનો યોગ ૧૯૩૧ ના ઓકટોબર મહીનામાં ઉભો થયો. બન્ને વખત સીમલામાં આશરે વીશ વીશ દિવસ રહેવાનું બન્યું હતું.

હિમાલય જોવાનો ત્રીજો અવસર ૧૯૫૫ ના એપ્રીલમાં પ્રાપ્ત થયો. એ વર્ષ દરમિયાન માર્ચ માસમાં જગન્નાથપુરીમાં સર્વોદય સંમેલન ભરાયલું. કલકત્તા થઈને અમે ત્યાં ગયાં, અને સંમેલન પુરું થતાં કલકત્તા પાછા આવ્યાં અને 'આટલે સુધી આવ્યા છીએ તો ચાલો દાર્જીલીંગ જોઇ આવીએ' એમ અમારી મંડળીમાંના સૌના દિલમાં ઇચ્છા સ્ફુરી આવી. પરિણામે અમે દાર્જીલીંગ જવા ઉપડ્યા અને ત્યાં અઠવાડીયું રહ્યા, જે દરમિયાન દાર્જીલીંગથી આશરે સાઠેક માઈલ દૂર આવેલ કાલીમપોંગ પણ અમે જઈ આવેલાં.

આમ ત્રણ ત્રણ વાર હિમાલયનો પરિચય કરવાની તક મળવા છતાં હિમાલય વિષેની ઝંખના મનમાંથી ઓછી થતી નહોતી. આનું એક કારણ એ હતું કે ઉપર જણાવ્યું તેમ મસૂરીમાં તો અમે વિશેષ ફરી જ ન શક્યા અને સીમલા બે વાર ગયા અને દાર્જીલીંગ એક વાર ગયા તો પણ એ ત્રણે પ્રવાસો દરમિયાન સીમલા અને દાર્જીલીંગ તળમાં જ અમે મોટા ભાગે ઘુમતા રહેલા અને તેથી આગળ ઉંડાણના પ્રદેશોમાં જવાનું બન્યું જ નહોતું. વળી સીમલા કે દાર્જીલીંગ સપાટ પ્રદેશો ઉપર વસેલાં મોટાં શહેરોની જ અમુક અંશે નાની સરખી આવૃત્તિ જેવાં છે. વળી સીમલા કે દાર્જીલીંગમાં કોઈ પણ ઉંચાણમાં આવેલાં સ્થળેથી નીચે આવેલા સપાટ પ્રદેશોનું દર્શન તો થયા જ કરે છે. તેથી હિમાલયની કોરનો જ માત્ર જાણે કે મને સ્પર્શ થયો છે, તેના હાર્દમાં મને હજુ પ્રવેશ જ મળ્યો નથી—આવો કાંઇક અસંતોષ મને પીડ્યા કરતો હતો અને તેથી હિમાલયનો વધારે સઘન પરિચય થાય, હિમાલયના અન્તર્ભાગમાં મુક્ત મને ફરવાનું વિચારવાનું—બને—આવો કોઇ પ્રવાસ યોજાય તો કેવું સારું—એમ મન કેટલાક સમયથી ઝંખતું હતું: આ ઝંખના કંઇક અંશે તૃપ્ત થાય એવો સુયોગ આ સાલમાં પેદા થયો અને પરિણામે 'કુમાઉ હીલ્સ' ના નામે ઓળખાતા હિમાલયના વિભાગમાં આવેલા કેટલાએક સ્થળોએ પ્રવાસ કરવાનું ગયા મે—જુન દરમિયાન બની આવ્યું. એ પ્રવાસની સ્મરણનોંધ રજુ કરવાનો આ લેખમાળાનો આશય છે.

નૈનીતાલ બાજુ પ્રવાસે નીકળવાનો નિર્ણય અને પ્રયાણ

મારી પુત્રી મેના અને તેના પતિ શ્રી અજિત દેસાઇ તેમનાં બાળકો સાથે ત્રણ વાર કાશ્મીર ગયા છે, જે દરમિયાન એક વખત તેમણે અમરનાથની યાત્રા પણ કરેલી. તે ઉપરાંત કુલુ વેલીનો પ્રદેશ પણ તેમણે જોયો છે. ગયા વર્ષે તેઓ નૈનીતાલ બાજુએ ગયેલાં. હિમાલય જવા—જોવાની—મારા દિલમાં રહેલી આતુરતા ધ્યાનમાં લઇને તેઓ આગ્રહ કરી રહ્યા હતા કે આ વખતે મે માસ દરમિયાન આપણે બધાં સાથે હિમાલયના કોઇ પણ પ્રદેશમાં ફરવા જઇએ. મે માસમાં કાશ્મીર જઇએ તો અમરનાથ ન જવાય અને અમરનાથ જો ન જ જવાય તો કાશ્મીર શું જવું, એવા મારા મનના વળણના પરિણામે કાશ્મીર

જવાનો વિચાર પડતો મુકાયો. સીમલા, મસૂરી, દાર્જીલીંગ તો મેં જોયલ છે તો ત્યાં ફરી જવાની કોઇ ખાસ ઇચ્છા ન થઇ. બદ્રીનાથ કેદારનાથ જવાનું રસોઇઆ કે નોકરની સગવડ વિના નહિ ફાવે અને એ સગવડ ઉભી કરવી મુશ્કેલ હતી તેથી તે વિચાર આગળ ચાલી ન શકયો. આખરે હિમાલયના કુમાઉં હીલ્સના નામે ઓળખાતા ગિરિપ્રદેશમાં એટલે કે નૈનીતાલ, રાણીખેત, કૌસાની, આલ્મોરા વગેરે જ્યાં આવેલ છે એ વિભાગમાં પ્રવાસે જવાનું અમે નક્કી કર્યું. તે પ્રદેશની ઠંડીનો ખ્યાલ કરીને જરૂરી ગરમ કપડાં વસાવ્યાં યા એકઠા કર્યાં અને મે માસની આઠમી તારીખે સૌ પ્રથમ નૈનીતાલ જવા માટે અમે મુંબઇથી પ્રયાણ કર્યું. આઠમી તારીખે નીકળવામાં હું, મારી પત્ની, મેના, તેનાં બે બાળકો અને મારી એક બીજી પુત્રીનું બાળક એમ કુલ છ જણ હતાં. અજિતભાઇને ખાદી કમીશનના અંગમાં એ જ દિવસોમાં મુંબઇ ખાતે યોજાયલી એક કોન્ફરન્સમાં ભાગ લીધા સિવાય ચાલે તેમ નહોતું, તેથી તેઓ અમારી સાથે જોડાઇ ન શકયા; પણ અમારા નીકળ્યા બાદ તેઓ તેરમી તારીખે મુંબઇથી નીકળીને ૧૫ મી મેના રોજ નૈનીતાલ અમારી સાથે જોડાયા. ૯ મી તારીખની સાંજે અમે મથુરા પહોંચ્યા. કાથગોદામ જવાની આગ્રાથી ઉપડતી ગાડી અમને રાત્રે ૧૧ વાગ્યે મળવાની હતી, એટલે અમે શહેરમાં ગયા, અને જમના નદીના કિનારે પહોંચ્યા. સાંજનો સમય હતો. સૂર્ય અસ્ત પામવાની અણી ઉપર હતો. એક હોડી કરીને યમુનાના વિશાળ જળપ્રવાહમાં અમે આમતેમ અડધો પોણો કલાક ફર્યા. સાંજના લગભગ સાડા [illegible] વાગ્યે જમનાજીની આરતી હોડીમાં બેઠાં બેઠાં જોઇ. સૂર્ય આથમી ચૂકયો હતો; દિવસના અજવાળાં સંકેલાઈ રહ્યાં હતાં; ગરમીની માત્રા ઘટવા માંડી હતી. પશ્ચિમ આકાશમાં હજુ પ્રકાશ ટકી રહ્યો હતો. સાંયકાળની સ્તબ્ધતાના કારણે ઊંડી ગંભીરતા અમારા ચિત્ત ઉપર છવાઇ રહી હતી. આરતીની જ્યોત જળપ્રવાહમાં પ્રતિબિંબિત થતાં વધારે આકર્ષક લાગતી હતી. આરતી પૂરી થઇ. કિનારે આવ્યા. બજારમાં આવેલી દ્વારકાધીશના મંદિરની ભવ્ય ઇમારત જોઇ. મંદિર બંધ હોવાથી દર્શન શકય નહોતાં. એક પરિચિત ગૃહસ્થને ત્યાં આગળથી નક્કી કર્યા મુજબ અમે જમી લીધું અને રાત્રીના નવ વાગ્યા લગભગ સ્ટેશને આવ્યા અમે પ્રથમ વર્ગના મુસાફર હતા. અમારી ટીકીટ મુંબઇથી કાથગોદામ સુધી જવા આવવાની હોવા છતાં રાત્રીના કાથ–ગોદામ જવા માટે આગ્રાથી આવતી ગાડીમાં અમારા માટે જગ્યાઓ રીઝર્વ થઇ છે કે નહિ તે બાબત મથુરાના સ્ટેશન માસ્તર પાસે કરી માહિતી નહોતી અને એ સંયોગમાં એ ટ્રેનમાં ઘણાને રીઝર્વેશન મળેલું હોતું નથી એવો અમને ખ્યાલ હોવાથી તથા એ દિવસે પ્રથમ વર્ગના પ્રવાસીઓ મોટા પ્રમાણમાં હોવાથી મોડી રાતે આવતી ગાડીમાં અમને સુવાની જગ્યા મળશે કે કેમ તે વિષે અમારાં મન ઠીક ઠીક અધ્ધર હતાં. સદ્‌ભાગ્યે એ ગાડીમાં અમારી જગ્યા રીઝર્વ થઇને આવેલી. તે જોઇને અમને નિરાંત થઇ અને બીજે દિવસે (૧૦ મી તારીખે) બપોરે અમે કાથગોદામ સુખરૂપ પહોંચ્યાં. ત્યાંથી નૈનીતાલ જવા માટે બસ મળતાં આશરે દોઢ બે કલાકની વાર લાગી. આખરે બસમાં બેઠાં અને અમારૂં પર્વતારોહણ શરૂ થયું.

કાથગોદામથી નૈનીતાલ–પર્વતારોહણનો પ્રારંભ

કાથગોદામથી નૈનીતાલ વચ્ચે ૨૨ માઇલનું અન્તર છે અને આખે રસ્તે પાકી ડામરની યા સીમેન્ટની સડક છે. અમારી બસ થોડે આગળ ચાલી અને ઝાડી શરૂ થઇ. બસ ઉપરને ઉપર આગળ વધવા લાગી. એક બાજુ પર્વત હતો અને બીજી બાજુએ ખીણ હતી, જેમાં સાવ નીચે નદીનો સુકો વિશાળ પટ દેખાતો હતો અને તેની વચ્ચે આછી પાતળી પાણીની પટ્ટી નજરે પડતી હતી. જેમ જેમ ઉંચે જતા ગયા તેમ તેમ ઉષ્ણતાનો અંશ ઘટતો ગયો અને ઠંડીનો ચમકાર અનુભવાતો ગયો. જે પ્રદેશમાં વિચરવાની હું કેટલાક સમયથી ઊંડી ઝંખના અનુભવતો હતો તે પ્રદેશમાં પ્રવેશ કરવાની સાથે હું એક પ્રકારનો રોમાંચ–આનંદનો અભિનિવેશ–અનુ-ભવવા લાગ્યો. લગભગ અડધે રસ્તે પહોંચ્યા એટલે ભોવાલી–આલ્મોરા જવાનો રસ્તો છુટો પડયો અને સીધા નૈનીતાલના માર્ગે અમે આગળ વધ્યા. અમારી બસ રસ્તાના આમથી તેમ આવતા વળાંકોને અનુ-સરતી ઉર્ધ્વગમન કરી રહી હતી. હિમાલયનાં વિશિષ્ટ વૃક્ષો દેવદાર, ચીડ, વગેરેનાં દર્શન થવા લાગ્યાં અને દૂર દૂરનાં ઉન્નત શિખરો દેખાવા લાગ્યાં. સાંજના ચાર વાગ્યા લગભગ અમે નૈનીતાલ પહોંચ્યા.

નૈનીતાલમાં પ્રવેશ–એવરેસ્ટ હોટેલમાં ઉતારો

નૈનીતાલ સમુદ્ર સપાટીથી ૬૩૦૦ ફીટ ઉંચે આવેલું એક સુન્દર ગિરિનગર છે. અમારી બસ સર્પાકાર ચઢાણવાળા માર્ગે આગળ વધતી અને ઉંડી ખીણો અને ઉંચા ગિરિશિખરોનાં દર્શન કરાવતી એકાએક એક વિશાળ સરોવરના કિનારા પાસે આવીને ઉભી રહી. આ સરોવર તે જ નૈનીતાલ, જેનો ઘેરાવો સવા બે માઇલનો છે. નૈનીતાલનો ઘાટ ખુલ્લા પ્રવેશદ્વારવાળા એક વિશાળ એમ્ફીથીએટર–વર્તુલાકાર ક્રીડાંગણ–જેવો છે. વચ્ચે વિશાળ નિર્મળ સરોવર છે. બધી બાજુએ ગાઢ વૃક્ષરાજીથી ઢંકાયલા ઉંચા ઉંચા પર્વતો છે. આ ઝાડપાનથી ભરેલા પર્વતોને લીધે દિવસના ભાગમાં સરોવર કદિ આછા, કદિ ઘેરા લીલા રંગનું દેખાય છે, અને ચોવીશે કલાક આંખોનું રંજન કરતું લાગે છે.

બસમાંથી ઉતરી સામાન ઉપડાવી સરોવર કિનારે નજીકમાં આવેલી એવરેસ્ટ હોટેલમાં ગયા. ત્યાં બીજે માળ અમારા માટે રાખેલી બે ઓરડીઓમાં અમે ઉતારો કર્યો. બીજા માળ ઉપર લાંબી અગાશી હતી અને તેને અડકીને ૭ સાત ડબલરૂમ બાંધવામાં આવી હતી. આ ઓરડીમાંથી અગાશીમાં આવતાં સરોવર અને એની આસપાસનો પ્રદેશ નજરે પડતો હતો. હોટેલમાં નાહ્યાં ધોયાં અને ચા નાસ્તો કરીને સ્વસ્થ થયાં. સાંજ પડવા આવી હતી. બીજાં બધાં કાંઇક થાકી ગયાં હતાં એટલે હું એકલો સરોવર કિનારે ફરવા નીકળી પડયો. સરોવર લગભગ અંડાકૃતિને મળતું છે અથવા લંબગોળ કહીએ તો પણ ચાલે. કેટલાક તેને મત્સ્યાકૃતિ પણ કહે છે; સરોવરનો એક છેડો જ્યાં નૈનીતાલનું પ્રવેશદ્વાર છે, જ્યાં નીચે ઉપર વસેલા વિભાગને તલ્લીતાલ કહેવામાં આવે છે ત્યાંથી જમણી બાજુ ઠેઠ બીજા છેડા સુધી કિનારે કિનારે હોટેલો, રહેઠાણનાં મકાનો અને દુકાનો છે. આ રસ્તાને માલ રોડ કહે છે. બીજે છેડે એક ઘણું મોટું મેદાન છે, જ્યાં ઉનાળામાં નૈનીતાલના પ્રવાસે આવેલા લોકો સાંજના વખતે એકઠા થાય છે. એ મેદાનને 'ફ્લેટ' કહે છે, અને એ બાજુનાં ઉપરના વસવાટવાળા ભાગને 'મલ્લીતાલ' કહે છે. સરોવરના બીજા અડધા ભાગના કિનારા ઉપર કેવળ ફરવા માટેની સડક છે. એ કિનારે મકાનો કે હોટેલો નથી, પણ ઉપરના ભાગમાં અનેક નાનાં મોટાં બંગલાઓ આવેલાં છે. ઉપર જણાવ્યા મુજબ ફરવા નીકળ્યો ત્યારે માલુમ પડ્યું કે હવે અમે શીત પ્રદેશમાં આવ્યા છીએ. ગરમી તો હતી જ નહિ અને એમાં ઠંડો પવન ફુંકાવા લાગ્યો. ઉનાળે શિયાળાનો અનુભવ આ રીતે શરૂ થયો. સરોવરના બીજે છેડા ઉપર જે મેદાન આવેલું ત્યાં એક બાજુએ બેન્ડસ્ટેન્ડ છે જ્યાં અવારનવાર સરકારી બેન્ડ સાંજને વખતે એકઠી થયેલી મેદનીનું મધુર સંગીત વડે મનોરંજન કરે છે. બીજે છેડે નૈની દેવીનું પુરાણું મંદિર છે. ફ્લેટ ઉપર પહોં-ચતાં અમારી પહેલાં નૈનીતાલ આવી પહોંચેલા કેટલાક પરિચિત મિત્રો મળ્યા અને પરસ્પર આનંદ અનુભવ્યો. રાત્રીના હોટેલમાં પાછો આવ્યો, બધાં સાથે ખાધું પીધું અને ઠંડી અને થાકને લીધે વહેલાં સુઇ ગયાં.

બીજે દિવસે સરોવર ફરતાં સરકયુલર રોડ ઉપર ચક્કર માર્યું અને આસપાસના પ્રદેશથી અમે થોડા પરિચિત થયા. નૈનીતાલ પહોંચ્યા બાદના શરૂઆતના બે ત્રણ દિવસ અમે બહુ ફરી ન શકયા. કારણ કે અમે હજુ અજાણ્યા હતા અને એવામાં વળી બીજે દિવસે રાત્રીના બહેન મેનાને દાઢ સખ્ત દુઃખવા આવી. એટલે તે માટે કયા ડાકટર પાસે જવું અને શું કરવું તેની ઉપાધિમાં પડયા. ત્યાં બહુ કુશળ લેખાતો એક જર્મન ડાકટર છે જે ત્યાં વર્ષોથી રહે છે અને દાંતના ઉપચારનું કામ કરે છે. ડાકટર આધેડ ઉમ્મરનો છે અને

તેની એક બહેન પણ કુંવારી આધેડ ઉમ્મરની છે, જે પોતાના ભાઇને દાંતના ઉપચારકાર્યમાં ખૂબ મદદ કરે છે. તે ડાક્ટરનો પત્તો મેળવ્યો. અને તેણે ત્રણ દિવસના ઉપચાર વડે બહેન મેનાનું દુઃખ હળવું કરી નાખ્યું. ત્યાર બાદ આખા પ્રવાસ દરમિયાન સદ્‌ભાગ્યે બહેન મેનાને દાંતની કશી ઉપાધિ ન નડી.

ડૉ. હરિવંશજી કોચ્હાર અને તેમનાં પત્ની શાન્તાબહેનનો પરિચય

આ પ્રવાસ ઉપર નીકળતાં મનમાં બે લક્ષ્ય હતા. એક તો નૈનીતાલ બાજુના જોવા લાયક સ્થળોમાંથી બને તેટલાં સ્થળો જોવાં અને બીજું જુદા જુદા સ્થળે રહેતી વિશેષ વ્યક્તિઓનાં નામ ઠામ ઠેકાણાં અને શક્ય હોય તેમની ઉપરના પરિચયપત્રો મેળવીને તેમને મળવું, તેમનો થોડો ઘણો પરિચય સાધવો. આ રીતે નૈનીતાલની સરકારી કૉલેજમાં શિખવતા ડૉ. હરિવંશજી કોચરને શરૂઆતના દિવસો દરમિયાન જ હું અને મારા એક મિત્ર ભાઇ રસિકલાલ ઝવેરી (જેઓ પણ નૈનીતાલના પ્રવાસે અમારી સાથે આવેલા હતા) તેમને મળવા ગયા. સ્વામી આનંદ છેલ્લા છ સાત વર્ષથી ગરમ મહીનાઓ દરમિયાન મોટા ભાગે આ બાજુએ આવેલા કૌસાની ગામમાં રહેતા હતા. તેમનો ડૉ. કોચરના કુટુંબ સાથે ગાઢ સંબંધ હતો અને અમે પણ તેમનું નામ આગળ કરીને ડૉ. કોચરને મળવા ગયેલા. ડૉ. કોચર તે કોઇ વૈદ્ય કે ડાક્ટર નથી, પણ હિંદી ભાષા સાહિત્યના પી. એચ્. ડી. છે અને એટલે તેમના નામ આગળ ડૉક્ટર શબ્દ મૂકવામાં આવે છે, અમે તલીતાલમાં આવેલ તેમના બંગલે પહોંચ્યા. પૂછતાં માલુમ પડ્યું કે ડાક્ટરસાહેબ બહાર ગયા છે, એટલે અમે પાછા ફરવાનો વિચાર કરતા હતા. એવામાં એમનાં પત્નીએ અમને ખૂબ વિનીતભાવે કહ્યું કે "ડાક્ટર સાહેબ નથી, પણ હું તો છું ને? આપ અંદર જરૂર પધારો." તેમના આવા મધુર આવકારથી આનંદિત બનીને અમે અંદર ગયા અને તેમણે અમને દીવાનખાનામાં બેસાડ્યા. ડાક્ટર સાહેબનાં પત્નીનું નામ શાન્તાબહેન. તેમણે અમે ક્યાંથી આવ્યા છીએ, અહિં ક્યાં ઉતર્યા છીએ, કેટલું રહેવાના છીએ વગેરે અમારા ખબર પુછ્યા. સ્વામી આનંદ સાથેના લગભગ ૪૮ વર્ષ જુના મારા સંબંધનો તેમને ખ્યાલ આપીને અમારો પોતાનો તેમને વિગતવાર પરિચય આપ્યો. અમારી અને તેમની વચ્ચેનું અજાણ્યાપણાનું અન્તર તોડી નાખવા માટે સ્વામી આનંદનું નામ પૂરતું હતું. પછી તો તેમણે પણ પોતાની અમને વિશેષ ઓળખ કરાવી, જે ઉપરથી માલુમ પડ્યું કે તેઓ જાલંધર ગુરૂકુળનાં સ્નાતિકા છે, અને કોઈ એક શ્રીમાન શીખ કોન્ટ્રેક્ટરનાં પુત્રી છે. તેમના વિષે સ્વામી આનંદ સાથે વાત નીકળતાં વિશેષ જાણ્યું કે કોઇ શ્રીમન્ત શીખ કુટુંબના નબીરા સાથે તેમની સગાઈ થયેલી, પણ તે સગાઈ પિતા પાસે હઠ કરીને તોડાવી નાંખેલી, અને પછી પોતાની પસંદગીના–ગરીબ છતાં વિદ્વાન–એવા ડૉક્ટર કોચર સાથે તેમણે લગ્ન કરેલું. હિન્દી તથા સંસ્કૃત–બન્ને ભાષામાં તેઓ નિપુણતા ધરાવે છે, હિન્દીનાં સારાં લેખિકા છે, અને આજની સાહિત્ય પ્રવૃત્તિમાં તેઓ ઊંડો રસ ધરાવે છે. લગ્ન પછી હિન્દીમાં તેમ જ સંસ્કૃતમાં તેઓ એમ. એ. થયા છે, અને બન્ને ભાષામાં તેઓ પી. એચ્. –ડી. ની ડીગ્રી મેળવવાનો મનોરથ સેવે છે. તેમને ચાર પુત્રીઓ છે અને તે બધી નૈનીતાલમાં ભણે છે. એમના કુટુંબની મહેમાનગતી આખા નૈનીતાલમાં જાણીતી છે. તેમણે અમારૂં ભાવભર્યું આતિથ્ય કર્યું. તેમનામાં રહેલી ઊંડી સંસ્કારિતા અને ઉચ્ચ કોટિની સભ્યતા જોઇને અમારૂં દિલ ખૂબ પ્રસન્ન થયું.

બીજે દિવસે સાંજે અમે તેમના પતિ ડૉ. કોચરને પણ મળ્યા. તેઓ પણ સ્વભાવે અતિ નમ્ર અને મીલનસાર લાગ્યા, જુની હિંદી, સંસ્કૃત તેમ જ પ્રાકૃતના તેઓ પ્રખર વિદ્વાન અને સંશોધક છે. તેઓ મૂળ પંજાબના પણ હાલ લખનૌના રહીશ ગણાય. તેમના પિતા એક્ઝીકયુટીવ એન્જિનિયર હતા. નૈનીતાલમાં તેઓ એક બહુ જાણીતી વ્યક્તિ છે. આ વિદ્વાન દંપતીનો પરિચય પામીને આનંદ તથા સંતોષ અનુભવ્યો. અમારા નૈનીતાલના બાર દિવસના વસવાટ દરમિયાન તેમને પછી બે ત્રણ વાર મળવાનું બનેલું.

સેવામૂર્તિ ગંગાબહેન જોષીનો પરિચય

નૈનીતાલમાં મળવા જેવી એક વિશેષ વ્યક્તિ ગંગાબહેન કરીને છે એમ મારા મિત્ર ભાઇ નવનીતલાલ પરીખે મને કહેલું. આ બહેન કયાં રહે છે એ વિષે પૂછતાં કોચારસાહેબે જણાવ્યું કે તેઓ અમારી હોટેલની બાજુએ આવેલ 'આનંદ નિવાસ' માં જ રહે છે એમ કહીને ગંગાબહેન સાથે અમારી ઓળખાણ કરાવવા તેઓ પોતે જ અમારી હોટેલ ઉપર આવ્યા અને અમને ગંગાબહેનને ત્યાં લઇ ગયા.

ગંગાબહેન આધેડ ઉમ્મરનાં બહુ જાણીતાં સમાજસેવિકા છે. તેમનાં પતિ નૈનીતાલમાં સીવીલ સર્જન હતા, જેમનો કેટલાંક વર્ષ પહેલાં દેહાન્ત થયો હતો. તેમના પિતા એક ભક્તપુરૂષ છે, આજે તેઓ અતિવૃદ્ધ છે, સાંભળવામાં તેમને ઘણી તકલીફ પડે છે. કેટલાક સમયથી તેઓ પોતાની પુત્રી ગંગાબહેન સાથે રહે છે. 'આનંદ નિવાસ' ગંગાબહેનનું પોતાનું જ મકાન છે અને તેના ભાડા ઉપર તેમના આતિથ્યપરાયણ ગૃહજીવનનો નિર્વાહ થાય છે. તેઓ કોંગ્રેસના એક જુના જાણીતા કાર્યકર છે. તેમની પ્રવૃત્તિનો વિશેષ ઝોક રચનાત્મક કાર્ય તરફ રહ્યો છે. આજના કોંગ્રેસી કાર્યકરોમાં જે સત્તાલોલુપતા, રહેણીકરણીમાં સુંવાળાપણું અને કેટલેક ઠેકાણે નૈતિક અધઃપતન જોવામાં આવે છે. તેથી તેઓ અત્યન્ત ખિન્ન છે અને પક્ષનિરપેક્ષ બનીને બને તેટલી સમાજસેવા કરવી એ તેમનું હાલનું વળણ અથવા તો જીવનલક્ષ્ય છે. આજે હંમેશાં તેઓ સરકારી ઇસ્પીતાલમાં સારો એવો સમય ગાળે છે અને ત્યાંના દરદીઓની–ખાસ કરીને સ્ત્રી દરદીઓની–અગવડો દૂર કરવામાં, જરૂરી ચીજવસ્તુઓ તથા આર્થિક મદદો મેળવી આપવામાં અને બીજી પણ અનેક રીતે ઉપયોગી થવામાં જીવનની કૃતાર્થતા માને છે. તેમના ભાઇઓ ઉત્તર પ્રદેશની સરકારમાં મોટા મોટા હોદ્દાઓ ધરાવે છે. નૈનીતાલ ઉત્તર પ્રદેશનું એક મહત્વનું શિક્ષણ કેન્દ્ર હોઇને તેઓ અભ્યાસ કરતા વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓને વર્ષો સુધી ઘરમાં રાખી એક પ્રકારનું ખાનગી છાત્રાલય ચલાવતા હતા. આમાં નાતજાતનો કશો ભેદ કરવામાં આવતો નહોતો. યુરોપિયન છોકરાઓને પણ પોતાને ત્યાં તેઓ રાખતા. નૈનીતાલની ઉત્તરે આવેલા કૌસાની ગામમાં 'કસ્તુરબા મહિલા ઉત્થાન મંડળ' નામની એક સંસ્થા સરલાદેવી નામની એક યુરોપીયન મહિલા ચલાવે છે, (જેનો આગળ ઉપર ઉલ્લેખ કરવામાં આવશે) તે મંડળના તેઓ પ્રમુખ છે.

આ ગંગાબહેનને મળવાથી અમને ખૂબ આનંદ થયો. તેમની સાદાઈ, સરળતા, પવિત્રતા, ભક્તિમયતા અને સેવાનિમગ્નતા જોઇને અમારા દિલમાં તેમના વિષે ઊંડો આદર પેદા થયો. ગંગાબહેનનું ઘર આજે એક મોટું સામાજિક કેન્દ્ર બની ગયું છે. અનેક પ્રજાસેવકોને, ખાદીપ્રચારકોને, ભૂદાન કાર્યકર્તાઓને તેમને ત્યાં આશ્રય મળે છે. દાદા ધર્માધિકારી કે વિમલાતાઈ નૈનીતાલ આવવાના છે એમ ખબર પડે અને પૂછીએ કે તેઓ ક્યાં ઉતરવાના છે તો જવાબ મળે કે ગંગાબહેનને ત્યાં–આમ બહારના જાણીતા કાર્યકર્તાઓ અને પ્રજાસેવકો માટે ગંગાબહેનનું ગૃહદ્વાર હંમેશને માટે ખુલ્લું છે.

તેમને બે દીકરાઓ છે, જેઓ એન્જિનિયર છે અને જીવનમાં સારી રીતે ગોઠવાયલા છે. તેમને એક દીકરી પણ છે. તેનું નામ કુમારી સ્નેહલતા. તે એમ્. એ.; બી. ટી. થયેલી છે. અને આલ્મોરામાં એક છોકરીઓની કૉલેજમાં વાઇસ–પ્રીન્સીપાલ તરીકે કામ કરે છે. તે બહેનને પણ ગંગાબહેનને ત્યાં મળવાનું બનેલું. તે બહેન એકલી એક વિશ્વાસુ નોકર સાથે બદ્રીનાથ તથા કેદારનાથની યાત્રાએ જઈ રહી હતી. ગંગાબહેન કહે કે "આ સ્નેહલતાને સમજાવોને. તે બદ્રીકેદાર એકલી જવાની હઠ કરી રહી છે." આખરે માનો જીવને? તેને આમ એકલી જવા દેવા કેમ તૈયાર થાય? પણ જે માની સમજાવી, ન સમજે તો અમે તેને સમજાવનાર કે રોકનાર કોણ? અને તેમાં આ તો વળી modern girl. આજની કન્યામાં જે સાહસ, પુરૂષાર્થ અને મનસ્વીતા દેખાય છે તે આગળના સમયની કન્યામાં ભાગ્યે જ જોવામાં આવતા. તેણે ધાર્યું કે જવું છે તો પછી જવાની જ. તેણે ધાર્યું કે અમુક કામ કરવું છે તો તે કરવાની જ. આ આત્મવિશ્વાસ અને નિશ્ચયબળ ભૂતકાળની આપણી બહેનોમાં ભાગ્યે જ અનુભવાતાં. પછી તો તે બહેન બદ્રી–કેદારની યાત્રા સુખરૂપ પૂરી કરીને પાછી આવી પણ ગઈ છે અને આલ્મોરા કૉલેજમાં પોતાના કામ ઉપર ચડી પણ ગઈ છે.

ક્રમશઃ

પરમાનંદ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સપ્ટેંબર માસની ૯ મી તારીખ અને મંગળવારથી સપ્ટેંબર માસની ૧૬મી તારીખ અને મંગળવાર સુધી એમ આઠ દિવસ પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે. આ આઠે દિવસની વ્યાખ્યાનસભાનું પ્રમુખસ્થાન પંડિત સુખલાલજી શોભાવશે. હંમેશની વ્યાખ્યાનસભા સવારના ૮॥ વાગ્યે નિયમિતપણે શરૂ થશે. તા. ૯ થી ૧૩ સપ્ટેંબર સુધીની વ્યાખ્યાનસભા ક્રૅંચ બ્રીજ ઉપર આવેલ ગ્લેવાટ્સ્કી લૉજમાં, તા. ૧૪ તથા ૧૬ મીની વ્યાખ્યાનસભા ભારતીય વિદ્યાભવનમાં અને તા. ૧૫ મીની વ્યાખ્યાનસભા રૉકસી થીએટરમાં ભરાશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:—

તારીખ	સ્થળ	વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
૯ મંગળવાર	ગ્લેવાટ્સ્કી લૉજ	શ્રી કેદારનાથજી	સન્તો અને સાધન
,,	,,	શ્રી એમ. વી. દોન્દે	સંત તુકારામ
૧૦ બુધવાર	,,	ડૉ. ભોગીલાલ સાંડેસરા	મારી વિદ્યાયાત્રા
,,	,,	શ્રી મનસુખલાલ આત્મારામ માસ્તર	મારા જીવનમાંથી હું શું શીખ્યો?
૧૧ ગુરૂવાર	,,	આચાર્ય હરભાઈ ત્રિવેદી	માનસિક સ્વાસ્થ્ય
,,	,,	શ્રી રતુભાઈ અદાણી	અહિંસા અને લોકશાહી
૧૨ શુક્રવાર	,,	શ્રી દલસુખભાઈ માલવણીયા	જૈન આચારશાસ્ત્રનાં મૂળ તત્ત્વો
,,	,,	શ્રી ભંવરમલ સીંધી	અણુયુગમાં ધર્મ
૧૩ શનીવાર	,,	શ્રી રવિશંકર એસ. ભટ્ટ	રાજકીય આદર્શો અને સમાજ-વ્યવસ્થા
,,	,,	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	લોકધર્મ અને સત્યધર્મ
૧૪ રવિવાર	ભારતીય વિદ્યાભવન	શ્રી મનુભાઈ પંચોળી	શાન્તિના પાયા
,,	,,	શ્રી ગગનવિહારી મહેતા	રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે અહિંસા
,,	,,	શ્રીમતી અમી રાણા	ભજનો
૧૫ સોમવાર	રૉકસી થીએટર	પંડિત સુખલાલજી શ્રી મનુભાઈ પંચોળી	નિશ્ચય અને વ્યવહાર શાન્તિના પાયા
૧૬ મંગળવાર	ભારતીય વિદ્યાભવન	કાકાસાહેબ કાલેલકર	અહિંસાનું સંશોધન
,,	,,	શ્રી અન્નાસાહેબ સહસ્રબુધ્ધે	ગ્રામદાન

આ ઉપરાંત શિવપ્રાસાદ: તારાબાઈ હૉલ, (પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપરથી મરીન લાઈન્સ સ્ટેશનનું રેલ્વે ક્રૉસીંગ વટાવતાં ડાબી બાજુએ પહેલું મકાન, પારસી જીમખાનાની સામે) માં સપ્ટેંબર તા. ૧૫ સોમવારના રોજ રાતના ૮ વાગ્યે કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે સુપ્રસિદ્ધ સંગીતાચાર્ય શ્રી. દિલીપકુમાર રોય ભજનો સંભળાવશે.

આ વ્યાખ્યાનમાળામાં રસ ધરાવતા ભાઈ બહેનોને સભાસ્થળે વખતસર આવી પહોંચવા, વ્યાખ્યાનો ચાલતાં હોય તે દરમિયાન પૂરી શાન્તિ અને શિસ્ત જાળવવા અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘને તેમજ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને આર્થિક સહાય વડે સીંચિત કરવા પ્રાર્થના.

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.

પરમાનંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ જે. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

તા. ક.:—આ કાર્યક્રમમાં થોડો ફેરફાર થવા સંભવ છે તો તે સંબંધમાં વ્યાખ્યાનમાળાના સમયે પ્રગટ કરવામાં આવનાર કાર્યક્રમની પત્રિકા જોઇ લેવા વિનંતિ છે.

લાચાર

હું મુજથી લાચાર,
અવર લોકને કહ્યું કરાવું, મુજ પર ના અધિકાર!
માહરો મુજ પર ના અધિકાર?....હું મુજથી૦
મુજ ઇચ્છ્યું ના કોઇ કરે તો આજીજી કે ક્રોધ
વહાવતી, વળી એ ન ફળે તો અવગણુતી અવરોધ;
પણ વિનતિ, સંયમ, અવહેલા કરી શકું ન લગાર–
અસર ન મુજ પર મારી લગાર–હું મુજથી૦
ઘર બ્હારે જગ સંગ મળે ના સાંકળતી કડી કોઇ,
ચેન પડે ના જરી ય ઘરમાં પળપળ આતમ રોઇ;
પડછાયા શો ઝલાય ના કે છૂટે નહિ તલભાર
'હું' નો મુજ આ કારાગાર–હું મુજથી૦

'કુમાર' માંથી સાભાર ઉધ્ધૃત

મળે તેટલું માણ!

મળે તેટલું માણ, રે મન મળે તેટલું માણ!
આતમના ઓળખનારાને દુખમાં સુખની લ્હાણ.—રે મન૦
સમદરની જલલહરી જેવી અખૂટ તૃષ્ણામાળ,
નદી-તળાવે બંધ કરો, પણ જલધિ ન બાંધે પાળ;
આન્તર-તોષ નહીં તો સઘળું બહિર મિથ્યા જાણ—રે મન૦
ચિનગારી બસ, જ્યોત થાય શે? પામ વૃક્ષ બીમાં ય,
તૃપ્ત નિમીલિત પાંપણ નીચે સહુ જગ મળ્યું લહાય;
'હું' છોડ્યો ત્યાં મળે ભલે ને પારસમણિ કે પ્હાણ—રે મન૦
રે મન, મળે તેટલું માણ!
લઇ લઇને દે તે ખોબે ભરી રતનની ખાણ—રે મન૦

ગીતા પરીખ

ઘડીઆળ ઊંધું ચલાવો !

(કાલે ગ્લીકના 'Secret of Serenity' માંથી ચીની પ્રજાની માનસિક ભૂમિકા રજુ કરતાં ત્રણ પ્રકરણોનો અનુવાદ પ્રબુધ્ધ જીવનના ક્રમશઃ તા. ૧-૨-૫૮ તા. ૧૫-૬-૫૮ તથા ૧૫-૫-૫૮ ના અંકમાં પ્રગટ કરવામાં આવ્યા છે. વિકાસ માસિકના એપ્રીલ માસના અંકમાં પ્રગટ થયેલ એક વધારે પ્રકરણનો અનુવાદ નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. આ સાથે એ લેખમાળા પૂરી થાય છે. તંત્રી)

મોટાકાકાના મત પ્રમાણે અનિદ્રા દૂર કરવાના બે ઉપાય છે. તેમાં એક તદ્દન સહેલો છે. નિદ્રા ન આવવાનાં મુખ્ય બે કારણ છે. એક તો મગજમાં જોરશોરથી વિચારો ચાલવા અને બીજું પેટ ભૂખ્યું હોય તે. એટલે ઘરાઇને જમવું એ સહેલો રસ્તો છે. ઘરમાં બે સારી વાનગી કરવાની હોય કે બે ચીજ વધારે કરવાની હોય તો મોટાકાકા હંમેશા તે રાતના જમણમાં કરાવે જેથી ઘરાઇને જમાય.

ચાઇના ટાઉનની શેરીઓના રેસ્ટોરામાં પણ જોશો તો મોડી રાતે ઘણા ખરા રેસ્ટોરાંમાં બે પાંચ ચીનાઓ ટેબલની આસપાસ બેઠા બેઠા નિરાંતે ખાતાં દેખાશે. દિવસનું કામ પુરૂં થયું છે અને આનંદ માણવાનો આ સમય છે. કોઇએ પણ ભુખ્યા પેટે બિછાનામાં ન જવું જોઇએ એમ તેઓ માને છે.

જરા ભારે જમણ જમ્યા હોઇએ તો ઉંઘ માટે આપણે કેટલાં તડપીએ છીએ તે સૌ કોઇ જાણે છે. એટલે રાત્રે ઉંઘનો નશો ચઢે એવું જમણ જમવું એ નિદ્રા લાવવા માટેનો એક સાદો અને સહેલો રસ્તો છે. માત્ર જે જમણ લઇએ તે હોજરી પચાવી શકતી હોય તે પ્રમાણમાં અને તેવા પ્રકારનું લેવું એ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ. નહિં તો બકરૂં કાઢતાં ઉંટ પેસવા જેવું થાય.

ઘણી વખત મગજમાં ઉશ્કેરાટ હોય, વિચારોની પરંપરા ખુટતી જ ન હોય, ત્યારે આ ભારે જમણનો ઉપાય કામયાબ નથી નીવડતો. ત્યારે જે બીજો ઉપાય મોટાકાકાએ શોધ્યો છે તેને તેમણે "ઘડીઆળ ઊંધું ચલાવો" એવું નામ આપ્યું છે.

મોટાકાકા કહે છે કે દિવસના બની ગયેલા બનાવોમાં કોઇ ગુંચવણભર્યો અગર તો ચિંતા ઉપજાવે એવો પ્રસંગ બની ગયો હોય તો જ રાતના એ ના એ વિચારો આવે અને નિદ્રા અલોપ થઈ જાય. ધારો કે કંકાસ થાય એવી બોલચાલ તમને કોઈ સાથે થઈ. બોલચાલની પહેલ તમે કરી હોય કે સામી વ્યક્તિએ કરી હોય તેનો વિચાર બાજુએ રાખીએ તોયે, એટલું તો ખરૂં કે ઉતાવળમાં કંઇક કડવાં વચનો તમારાથી પણ બોલાયાં હતાં. તમારા મનમાં ખળભળાટ-ચિત્તને અસ્થિર કરનારૂં કંઇક-બન્યું હતું, અને રાત્રે જ્યારે તમે બિછાનામાં પડો છો ત્યારે એ વિચારો ફરી ફરીને તમારા મગજમાં આવ્યા કરે છે. "હું શું બોલ્યો ?" "તેણે શું જવાબ આપ્યો ?" "મારી ભૂલ હતી ?" "મારે એમ નહોતું બોલવું જોઇતું ?" વગેરે વગેરે. વળી તમારા મનમાં ને મનમાં તમે પોતાનો બચાવ કરો છો અગર તો "હું એમ ન બોલ્યો હોત તો સારૂં હતું" એમ પશ્ચાત્તાપ પણ કદાચ કરો છો. જેમ જેમ વધારે વિચારો તેમ તેમ વધારે તમને દુઃખ થાય છે. દિવસનો ઝગડો ફરીને તમારી કલ્પનામાં નવેસરથી તમે સર્જો છો અને ઉંઘ તમારાથી દૂર ભાગતી જાય છે. પણ તમારી આ મુંઝવણ ટળી જાય, અને થોડી વારમાં જ તમે ઊંઘમાં પડી જાઓ, જો તમે ઘડીઆળ ઊંધું ચલાવવાનો પ્રયોગ કરો તો. એટલે એમ કે ઝગડાની શરૂઆત કેવી રીતે થઇ ત્યાંથી વિચાર કરવાને બદલે ઝગડાનો અંત કયાં આવ્યો ત્યાંથી વિચારવાનું શરૂ કરો. છેલ્લું વાક્ય સામી વ્યક્તિ શું બોલી ? તેની પહેલાં તમે શું બોલ્યા હતા ? તેની આગળ તમે શું કર્યું હતું ? એમ જો અવળે છેડેથી વિચારવાનું શરૂ કરશો તો આશ્ચર્યકારક ઘટના બનશે. ઝગડાની શરૂઆત કેમ થઈ તે વિચાર સુધી પહોંચશો તે પહેલાં જ કદાચ તમે ઊંઘી જશો. કારણ ખુલ્લું છે. હંમેશા સીધું આગળ ચાલવું સહેલું છે. પણ પાછે પગલે ચાલવું અઘરૂં છે, વાર લાગે છે. તે જ પ્રમાણે બીજે છેડેથી વિચાર કરવામાં મનની ગતિ ધીમી પડે છે. મનની ગતિ ધીમી પડશે તેની સાથે મનમાં સ્થિરતા-એકાગ્રતા-આવવા માંડશે. અને મનની સ્થિરતા એ ઊંઘ લાવવાનું પહેલું પગથીયું છે.

"પણ ધારો કે આખા દિવસમાં મને કોઇ સાથે પણ કડવાશથી બોલવું નથી પડયું. પણ કુદરતી દિવસ એવા જતા હોય કે એક પણ વસ્તુ ધાર્યા મુજબની ન થતી હોય, અથવા તો ધારો કે હું ખૂબ આર્થિક મુંઝવણમાં છું. ચઢી ગયેલા આંકડાઓ કયાંથી ચુકવવા, ભાડું કેમ ભરવું વગેરે અનેક પ્રશ્નો મગજને કોરી ખાતા હોય, કોઇ ઉકેલ જડતો ન હોય અને તેની ચિંતા મને ઊંઘવા ન દેતી હોય ત્યારે મારે શું કરવું ?" મેં પૂછયું.

મોટાકાકાએ ચશમામાંથી તેની ઝીણી આંખો મારી તરફ ફેરવી અને ધીમું હસતાં બોલ્યા "તો ય તમે ઘડીઆળ ઊંધું ચલાવો." ખરેખર જો તમે વિચારોથી કંટાળ્યા હો અને ઊંઘને બોલવવા જ માંગતા હો તો આખા દિવસમાં સવારથી તે રાતના પથારીમાં પડયા ત્યાં સુધીમાં શું શું કર્યું તેનો અંતથી વિચાર કરવા માંડો. બિછાનામાં પડયા ત્યારે તમે છેલ્લી ક્રિયા શું કરી હતી ?" એક ક્ષણ વિચારી મેં કહ્યું "સુવા જતાં પહેલાં સૌથી છેલ્લી હું બત્તી બંધ કરૂં છું." "તમને બોટા પાડવા માટે ક્ષમા કરજો." મોટાકાકા બોલ્યા, "પણ હું ધારૂં છું કે તમે ભૂલ્યા છો. બત્તી બંધ કર્યા પછી અને સુતાં પહેલાં તમે કદાચ તમારા વાળ ઉંચા કર્યા હશે, ઓઢવાનું અંગ ઉપર ખેચ્યું હશે અને બધાં અંગ ઢીલાં કરી લાંબા થયા હશો. પણ જેવા તમે લાંબા થયા કે દિવસના બધા વિચારો તમારા ઓશીકે આવીને બેસે છે. કેમ ખરૂં ને ?"

"તમારી વાત સાચી છે" મેં કહ્યું.

"સારૂં, હવે તમે આગળ વધો." તે બોલ્યા. "નાના નાના અનેક પ્રશ્ન ઉપર વિચારવાને બદલે ક્રમસર અવળે છેડેથી શરૂઆત કરો. ઝીણી ઝીણી વિગતોમાં પણ પાછે પગે ચાલો. વાળ ઓળ્યા. બત્તી બંધ કરી. જો તમે વાંચતા હશો તો બત્તી બંધ કર્યા પહેલાં ચોપડી એક બાજુએ મૂકી, ચોપડી મૂકતાં પહેલાં ચોપડી બંધ કરી, ચોપડી બંધ કર્યા પહેલાં તેનાં થોડાં પાનાં ફેરવ્યાં, પાના ફેરવતાં પહેલાં ચોપડી ઉઘાડી, તે પહેલાં ટેબલ ઉપરથી ચોપડી ઉપાડી, ત્યાર પહેલાં કદાચ તમે કપડાં બદલ્યા હશે. તો સૌથી છેલ્લું શું ઉતાર્યું, તેની પહેલાં શું બદલ્યું વગેરે એકેકએક હલનચલનને ઝીણવટથી યાદ કરતાં છેડેથી આગળ વધો. આ પ્રમાણે ઉંધો ક્રમ યાદ કરવામાં તમને મહેનત પડશે, અને મન તેમાં એટલું રોકાઈ જશે કે તમારાં આગળના વિચારો ભૂલાઈ જશે, અને સંભવ છે કે તમારા મનમાં તમારા બધાં કપડાં બદલાઈ નહિં ગયા હોય ત્યાર પહેલાં તમે ઊંઘી ગયા હશો.

"પણ ધારો કે આ પ્રયોગે ઇચ્છિત અસર ન કરી," મેં શંકા ઉઠાવતાં પૂછયું, "માનો કે વિચાર કરતાં કરતાં હું જમવાના ટાઇમ સુધી પહોંચ્યો અને એકાએક મને લાગે છે કે હું ભુખ્યો છું, હું બિછાનામાંથી ઉભો થાઉં છું અને આઇસબોક્સ તરફ જાઉં છું—"

"વચમાં બોલવા માટે માફ કરજો." મોટાકાકા મને અટકાવતાં બોલી ઉઠયા. "બીજું તમે ગમે તે કરજો, પણ મધરાતે આઇસબોક્સ પાસે નહિં જતા. અડધી રાતે ખાધેલો ઠંડો ખોરાક પચાવવો બહુ ભારી પડે છે. કંઈ પણ ગરમ ગરમ લેજો. હું...હવે આગળ વધો. પાછા બિછાનામાં જાઓ અને ફરીને મેં કહ્યું તે રીતે વિચારવાનું શરૂ કરો. છતાં કદાચ જો આ પ્રયોગ સફળ ન થાય તો બીજો પણ એક ઉપાય છે."

એમણે સમજાવ્યું કે "અંધારામાં અને એકાંતમાં ચિંતાઓ આપણા મગજ ઉપર વધારે જોરથી હુમલો કરે છે, તેનું કારણ કદાચ એ પણ હોય કે આપણે રાત્રે કંઈ ક્રિયા કરી શકતા નથી. માત્ર વિચારવાનું જ રહે છે, અને હાથ પગ નિષ્ક્રિય થતાં મન બમણા વેગથી દોડે છે. દિવસના આપણે ક્રિયાશીલ રહીએ ત્યારે વિચારો ઓછા આવે છે કેમકે હાથપગની ક્રિયામાં મન રોકાએલું રહે છે."

મેં કહ્યું, "ત્યારે રાત્રે આ ચિંતાઓ હેરાન કરે તેનું શું કરવું ?"

"હું તે જ સમજાવું છું ને ભાઇ ?" મોટાકાકાએ કહ્યું "ખરું જોતાં તો મન જ સુખદુઃખનું નિમિત્ત છે. તમે જે કહો છો તે નિષેધાત્મક વિચારો કહેવાય. તેને બદલે આપણે વિધેયાત્મક વિચારોમાં મન પરોવવું જોઇએ. એટલે કે "મારી પાસે આ નથી, તે નથી, કે મિત્રોએ મારે માટે આ ન કર્યું, પેલું ન કર્યું" એમ વિચારવાને બદલે જેઓએ તમારા માટે કર્યું હોય, ભૂતકાળમાં જેના સહવાસથી તમને આનંદ મળ્યો હોય, અથવા તે પ્રવાસ, રમત, કે રજાઓ ગાળવી વગેરેમાંથી તમે પોતે જે આનંદ ભોગવ્યો હોય તે પ્રસંગો યાદ કરો. જે સુખી પળો વીતી હોય તેને યાદ કરી તેમાં રાચો. દુઃખમય લાગણીની પળો, શોક, સંશય, વગેરેને મનમાં ફરકવા પણ ન દો. જો નિશ્ચયપૂર્વક આ પ્રમાણે વિચારોનું વહેણ બદલશો તો જરૂર તમારી ચિંતાઓ વિસરાઇ જશે, અને એ સુખી ભૂતકાળનું સ્મરણ કરતાં તમે એકલા એકલા પણ કદાચ હસશો.

"અથવા તો આવતા દિવસો માટેની સુખી કલ્પનાઓ કરો. વિચારો કે બધા દિવસો સરખા જતા નથી. હાલ મારે માટે કપરો સમય છે, પણ આ દિવસો યે વીતી જશે. આવતી કાલ ઉજળી છે. ત્યારે મારું મન અને આત્મા કેવા પ્રસન્ન હશે ? વગેરે વગેરે.

"આ હું જે કહું છું તેનું ઓછામાં ઓછું એટલું પરિણામ તો આવશે જ કે તમે મનને ચિંતાઓથી મુકત કરી આરામ આપી શકશો, શાંતિ અનુભવી શકશો, અને એ કંઇ ઓછું રાહતદાયક નથી. તેથી જ હું કહું છું "ઘડીઆળ ઊંધું ચલાવો."

અનુવાદક : **મેનાબહેન**

પ્રકીર્ણ નોંધ

વિનોબાજીને મળેલું ૧૦૦૦૦ ડોલરનું પારિતોષિક

ફીલીપાઇનના માજી પ્રમુખ–પ્રેસીડેન્ટ સ્વ. રેમન મેગસેસે એક ભારે પરગજુ અને ભાવનાશાળી પુરૂષ હતો, જેણે જીંદગીના જોખમે પ્રજાઉદ્ધારનાં અનેક કામો કર્યા હતાં. અબ્રાહામ લીંકન અને મહાત્મા ગાંધીજી માફક તેનું પણ મગજ ગુમાવી બેઠેલા કોઇ પ્રજાજનના હાથે ખુન થયું હતું. આવા મહાપુરૂષના આદર્શો અને જીવનકાર્યની કદર તરીકે ન્યુ યોર્કના રોકફેલર ફંડ તરફથી પાયાની રકમ તરીકે પાંચ લાખ ડોલરની સખાવત કરવામાં આવી હતી. તેના પરિણામે ઉપરની સખાવતમાં બીજાં દાનો ઉમેરાતાં, ગયા વર્ષે એક પબ્લીક ટ્રસ્ટ અથવા તો અમેરિકન પરિભાષા મુજબ એક 'ફાઉન્ડેશન' ઉભું કરવામાં આવ્યું હતું. અને તેનો વહીવટ કરવા માટે ફીલીપાઇનના સાત આગેવાનોનું એક 'બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ' નીમવામાં આવ્યું હતું. આ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝને (૧) કોમ્યુનીટી સર્વીસ (૨) ગવર્મેન્ટ સર્વીસ (૩) પબ્લીક સર્વીસ (૪) આન્તરરાષ્ટ્રીય સમજુતી અને (૫) જર્નાલીઝમ (સામયિક પ્રવૃત્ત) તેમ જ સાહિત્ય–આવા પાંચ ક્ષેત્રમાંથી કોઇ પણ એક ક્ષેત્રમાં અસાધારણ સેવાદ્વારા નામના મેળવી હોય એવી પાંચ વ્યકિતઓને પસંદ કરવાની અને તેમને ચોક્કસ રકમોનાં પરિતોષિક આપવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આ બોર્ડે ચાલુ વર્ષ માટે વિનોબાજીને પ્રસ્તુત ફાઉન્ડેશન તરફથી ૧૦૦૦૦ ડોલર (આજના હુંડિયામણ મુજબ આશરે ૫૦૦૦૦ રૂપિયા થાય) નું પારિતોષિક આપવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ પારિતોષિક માટે વિનોબાજીની પાત્રતાનો ઉલ્લેખ કરતાં બોર્ડ જણાવે છે કે "વિનોબાજી આજે એક એવા ધ્યેયને આગળ કરી રહેલ છે કે જેના લીધે સામાજિક અન્યાય અને આર્થિક અસમતાની સમસ્યાઓનો શાન્તિમય ઉકેલ શોધવા માટે ભારતની જનતામાં નવી જાગૃતિ અને તમન્ના પેદા થઇ છે." વિનોબાજી વિષેની આ પારિતોષિક માટે ભલામણ કરતાં બોર્ડ વિશેષમાં જણાવે છે કે "સ્વ. મેગસેસે માફક વિનોબાજી પણ માનવીના દિલમાં રહેલી પાયાની ભલાઇ વિષે અને માનવીના અન્તઃકરણની સમાજલક્ષી ક્રિયાશીલતા વિષે ઊંડી શ્રદ્ધા ધરાવતી એક નમ્રતાપૂર્ણ વ્યકિત છે. સુકલકડી શરીર અને પ્રસિદ્ધિવિમુખ વૃત્તિ ધરાવતી આ વ્યકિત–વિશેષ ગાંધીજીની અનુયાયી છે. તેઓ બીનરાજકારણી ક્ષેત્રમાં કાર્ય કરી રહેલ છે, અને જેમની પાસે જમીન છે તેમને જમીનવિહોણા લોકોને પોતાની જમીનમાંથી ભાગ આપવાની યાચના કરતાં ભારતભરમાં સાત વર્ષથી તેઓ પંગપાળા પરિભ્રમણ કરતા રહ્યા છે. તેમણે પોતા માટે કશા પણ લાભની અપેક્ષા કરી નથી, પોતાની સિદ્ધિઓની–સફળતાની–કદર કરાવવાનો તેમણે કદિ મોહ સેવ્યો નથી, અને પોતાના દેશબંધુઓના દિલમાં તેમણે ઊંડો આદર સંપાદન કર્યો છે."

આ રીતે વિનોબાજીની અને તેમનાં આજ સુધીના કાર્યની આન્તરરાષ્ટ્રીય કદર થતી જોઇને ભારતવાસી તરીકે આપણું સર્વનું દિલ એક પ્રકારનું ગૌરવ અનુભવે તે સ્વાભાવિક છે. ૧૦૦૦૦ ડોલરનું પારિતોષિક અર્પણ કરવાનો નિર્ણય જાહેર કરતાં વિનોબાજીને શા માટે આ પારિતોષિક આપવામાં આવે છે તે સંબંધમાં મેગસેસે ફાઉન્ડેશનના ટ્રસ્ટી બોર્ડે વિનોબાજી વિષે જે ઉદાત્ત ઉલ્લેખ કર્યો છે તે ભારે ભવ્ય અને સમુચિત છે. આ પારિતોષિક–પ્રદાનથી યુરોપ-અમેરિકાની પ્રજાના દિલમાં વિનોબાજીને જાણવા સમજવાની વધારે પ્રબળ ઇચ્છા પેદા થશે અને તેમના જીવનસંદેશને ઝીલવા તરફ તેઓ વધારે ઉત્કટપણે આકર્ષાશે એવી આશા ઉભી થાય છે.

પશ્ચિમ એશિયાની તંગદિલી હળવી બની.

પશ્ચિમ એશિયામાં આવેલા લેબેનોનમાં બળવો અને ઇરાકમાં રાજાશાહીની એકાએક નાબુદીના કારણે અને તેના અનુસંધાનમાં યુનાઇટેડ સ્ટેટ્સે લેબોનોનમાં અને બ્રીટને જોર્ડનમાં લશ્કર ઉતાર્યું તે કારણે દુનિયામાં એક અસાધારણ સ્ફોટક પરિસ્થિતિ ઉભી થઇ હતી. આ વખતે સોવિયેટ રશીઆએ ઉપરની બે મહાસત્તાઓના આક્રમક પગલાંનો, સીરીઆમાં પોતાનું લશ્કર મોકલીને, જવાબ વાળ્યો હોત તો સંભવ છે કે, ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું હોત અને આપણે બધાં સંહારના આરે ઉભાં હોત. પણ રશીઆના સરમુખત્યાર કુશ્ચેવે એવું પગલું ન ભરતાં ઉપર જણાવેલ આન્તરરાષ્ટ્રીય કટોકટીનો વાટાઘાટ દ્વારા ઉકેલ લાવવા માટે યુનાઇટેડ સ્ટેટ્સ, રશીઆ, ઇંગ્લાંડ, ફ્રાન્સ અને હિંદ–એમ પાંચ રાષ્ટ્રના મુખ્ય સત્તાધીશોની તત્કાળ શિખર પરિષદ બોલાવવાની માગણી કરી. અમેરિકાએ કુશ્ચેવે સૂચવેલી શિખર પરિષદને બદલે સંયુકત રાષ્ટ્રસંસ્થાની રોજબરોજની કાર્યવાહી કરતી ૧૧ રાષ્ટ્રોની બનેલી સીકયોરીટી કાઉન્સીલ–સલામતી સમિતિ–ની શિખર પરિષદ બોલાવવાની દરખાસ્ત કરી. આમ બે પ્રકારમાંથી કયા પ્રકારની શિખર–પરિષદ બોલાવવી તેની ચર્ચા ચાલતી હતી અને આખરે અમેરિકાએ સૂચવેલ સીકયોરીટી કાઉન્સીલની શિખરપરિષદ બોલાવવાની દરખાસ્તને સ્વીકારવાની કુશ્ચેવ તૈયારીમાં હતો અને કદાચ તેનો સ્વીકાર પણ તેણે જાહેર કર્યો હતો એવામાં, ચીનના પ્રમુખના ખાસ બોલાવવાથી કુશ્ચેવ ચીન જઇ આવ્યો, પેકીનમાં માઓત્સે તુંગને મળ્યો અને તેની સાથેની વાટાઘાટના પરિણામે સીકયોરીટી કાઉન્સીલની શિખર પરિષદને બદલે ૮૧ સભ્યોની બનેલી સંયુકત રાષ્ટ્રસંસ્થા–યુનો–પાસે આખો પ્રશ્ન લઇ જવાની દરખાસ્ત અમેરિકાના પ્રમુખ આઇઝનહોવર સમક્ષ રજુ કરી. આ દરખાસ્ત તેમણે તરત જ વધાવી લીધી. કુશ્ચેવે આવો પલટો કેમ લીધો તે સમજી શકાય તેમ છે. સીકયોરીટી કાઉન્સીલની શિખર પરિષદ મળે તો તેમાં ફોર્મોસાના પ્રશ્ને બેઠેલો ચાંગ કાઇ શેક માત્ર ચીનના પ્રતિનિધિ તરીકે નહિ પણ ચીનના મુખ્ય સત્તાધીશ તરીકે આવીને બેસે એ માઓત્સે તુંગને કોઇ પણ રીતે પરવડી ન જ શકે અને એને માન્ય ન હોય તે સામ્યવાદી બીરાદરીની ઇર્ષાએ કુશ્ચેવે પણ ઇનકારવું જ રહ્યું. અમેરિકાના પ્રમુખ આઇઝનહોવરને એમાંથી એકે શિખર પરિષદ ખપતી જ નહોતી; કારણ કે તેમાં લેબેનોનમાંથી અમેરિકન લશ્કર પાછું ખેંચવાનો પ્રશ્ન તેની સામે બહુ કઢંગી રીતે આવીને ઉભો રહે તેમ હતું, અને તેથી તે બન્નેમાંથી છૂટવા માગતા હતા. આ રીતે બન્ને મુખ્યોની ઇચ્છાથી આખો પ્રશ્ન યુનો પાસે આવ્યો.

અહિં જુદા જુદા દેશના જુદા જુદા ઠરાવો એકમેક સામે ટકરાતા રહ્યા હતા અને તેનો સરલ નીકાલ આવવાની ભારે મુસ્કેલી હતી. એવામાં તંગદિલી અને સંઘર્ષના કેન્દ્રરૂપ બનેલા દશ આરબ રાજ્યોએ મળીને પ્રસ્તુત સર્વ મુદ્દાઓને આવરી લેતો અને સમાધાનીની ભૂમિકા રજુ કરતો એક ઠરાવ તા. ૨૦-૮-૫૮ ના રોજ એકાએક યુનોની મહાસમિતિમાં રજુ કર્યો. આ ઠરાવ રજુ કરનાર દેશોનાં નામ છે યુનાઇટેડ આરબ રીપબ્લીક (એટલે ઇજીપ્ત અને સીરીઆ), લેબેનોન, યમન, સાઉદી અરેબીઆ, ઇરાક, લીબીઆ, જોર્ડન, સુદાન, ટયુનીશીઆ, અને મોરોક્કો. આ ઠરાવના મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે હતા.

(૧) એક આરબ રાજ્યે અન્ય આરબ રાજ્યની કોઈ પણ અન્તર્ગત બાબતમાં દખલગીરી નહિ કરવાની આરબ લીગની પ્રતિજ્ઞાનું પુનઃ સમર્થન.

(૨) લેબેનોન અને જોર્ડનમાંથી અનુક્રમે યુનાઇટેડ સ્ટેટસ અને બ્રીટનનાં સૈન્યોને જલ્દિથી પાછાં ખેંચી લેવા સંબંધમાં જરૂરી પ્રબંધ કરવા માટે યુનોના મહામંત્રી શ્રી હેમરશીલ્ડને વિનંતિ કરવી.

(૩) પ્રેસીડેન્ટ આઇઝનહોવરે યુનોની આ ખાસ બેઠકમાં દર્શાવેલ રૂપરેખા મુજબ પશ્ચિમ એશીઆના આર્થિક વિકાસ અંગેની યોજનાને અમલી રૂપ આપવું.

(૪) સપ્ટેંબરની ૩૦ તારીખ સુધીમાં યુનોની મહાસમિતિ સમક્ષ સેક્રેટરી-જનરલ શ્રી હેમરશીલ્ડને ઉપર સૂચવેલ કાર્ય અંગે થયેલી કામગીરીનો અહેવાલ રજુ કરવા વિનંતિ.

આ ઠરાવ ઉપર નિર્ણય લેવાના સમયે 'રોમાનીકન રીપબ્લીક'નો પ્રતિનિધિ ગેરહાજર હતો. એ સિવાય બાકીના ૮૦ દેશોના પ્રતિનિધિઓએ આ ઠરાવને વધાવી લીધો અને સર્વાનુમતે પસાર કર્યો. યુનોના ઇતિહાસમાં આ એક અસાધારણ અને પહેલીવારની ઘટના બની. લેબેનોન અને જોર્ડનમાં અમેરિકન અને બ્રીટીશ લશ્કર પાછા ખેંચી લેવાનો કુશ્ચેવનો આગ્રહ, એ લશ્કરો એકાએક ખેંચી લેવાનું ન કહેતાં બને તેટલા જલ્દીથી ખેંચી લેવાનું સુચવવામાં બ્રીટન અને અમેરિકાનાં વટની જાળવણી-આમ બે સામસામા પક્ષોનું આ ઠરાવમાં થતું ઠીક ઠીક સમાધાન જોઇને કોઇએ તેનો વિરોધ ન કર્યો.

આ ઠરાવનું ખાસ મહત્વ તો એ છે કે આજ સુધી પક્ષોમાં વહેંચાયલા અને સામસામા ઝગડતા આરબ રાજ્યો આ પ્રશ્નના સમાધાનની બાબતમાં અણધારી રીતે એકમત થઇ ગયા અને બધાએ સાથે મળીને સંયુક્ત ઠરાવ રજુ કર્યો. આ હકીકત આરબ દેશોના ભાવી માટે આશાસ્પદ શુભ ચિહ્ન છે. આ એકતા વધારે વ્યાપક અને સુદઢ બને તો પશ્ચિમ એશીઆની ચાલુ સ્ફોટક પરિસ્થિતિનો અન્ત આવે. આ સમાધાનીના પરિણામે દુનિયા ત્રીજા વિશ્વયુદ્ધના દાવાનળમાં ધકેલાતી અત્યારે તો બચી ગઇ છે અને તેથી સૌ કોઇ ઊંડી રાહત અનુભવી રહ્યું છે.

ઉપરની ઘટનાનું એક બીજું નોંધવાલાયક સુભગ પરિણામ એ છે કે તા. ૧૫-૭-૫૮ ના પ્રબુધ્ધ જીવનમાં 'દુનિયાનો ચોકીદાર અને તેની આજ સુધીની કામગીરી' એ મથાળા નીચે, સંયુક્ત રાષ્ટ્ર-સંસ્થાની સ્થાપના થઇ ત્યારથી માંડીને પશ્ચિમ એશીઆમાં જે આન્તર-રાષ્ટ્રીય કટોકટી ઉભી થઈ તે પહેલા સુધીની કામગીરીનો ક્રમસર અહેવાલ આપવામાં આવ્યો હતો અને તે લેખના અન્ત-ભાગમાં લેબેનોન અને ઇરાકની ઘટનાએ સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાને જે પડકાર કર્યો છે તેનો સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા કોઇ જવાબ-ઉકેલ-આપી શકશે કે કેમ એવો પ્રશ્ન રજુ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત કટોકટી દરમિયાન, યુનાઇટેડ સ્ટેટસ અને બ્રીટને જે કે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની કેવળ અવગણના કરીને લેબેનોન અને જોર્ડનમાં સૈન્યો મોકલ્યા હતાં, એમ છતાં પણ દશ આરબ રાષ્ટ્રોનો સંયુક્ત ઠરાવ પસાર કરીને, એ બે રાષ્ટ્રોને નમતી નીતિ ધારણ કરવાની સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ ફરજ પાડી છે. આ રીતે તત્કાળ ઉભી થયેલી કટોકટીનું નિવારણ કરવામાં સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ બહુ ઉપયોગી ભાગ ભજવ્યો છે. પરિણામે એ સંસ્થાએ આ કામગીરીથી નવું સામર્થ્ય કાર્યશક્તિ પ્રાપ્ત કરેલ છે, જે ખરેખર આનંદજનક છે. દુનિયાની સુલેહ શાન્તિ અને સહીસલામતીને મજબુત બનાવવાનો આધાર આ સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા દુનિયાના મદાંધ સત્તાધીશો ઉપર કેટલો પ્રભાવ પાડી શકે છે તે ઉપર રહેલો છે. તેની બળવત્તરતા અને કોઇ તેની અવગણના કરી ન શકે એવી સામર્થ્યસિદ્ધિમાં જ શાન્તિરક્ષાની સર્વ આશા સમાયલી છે.

બાકી દુનિયાનું વાતાવરણ હજુ એટલું બધું ક્ષુબ્ધ છે, મહારાજ્યોના સ્વાર્થોની અથડામણો એટલી બધી ઉગ્ર છે અને સંસ્થાનવાદી સ્થાપિત હિતો અને તેને પડકારતાં નવાં બળો વચ્ચે એવાં ઘર્ષણો ચાલી રહ્યાં છે કે, એક ઠેકાણે આગ સળગતી રહી જાય છે અથવા બંધ થાય છે ત્યાં બીજે ઠેકાણે અગ્નિસ્ફોટ સૂચવતી ધુમ્રશિખા ક્ષિતિજ ઉપર દેખાવી શરૂ થાય છે. આ સતત ચિન્તા ઉપજાવતી સ્ફોટકતામાંથી તો દુનિયા છૂટે ત્યારે ખરી!

પ્રજ્ઞાચક્ષુ ડૉ. રાજેન્દ્ર ટી. વ્યાસને ધન્યવાદ

"Visually Handicapped in Bombay State: their social background and present status." "મુંબઇ પ્રદેશના અન્ધજનોઃ તેમની સામાજિક ભૂમિકા અને વર્તમાન દરજ્જો"-એ વિષય ઉપર ડોકટરેટ માટે થીસીસ-નિબંધ તૈયાર કરીને પ્રજ્ઞાચક્ષુ રાજેન્દ્ર ટી. વ્યાસે મુંબઈ યુનિવર્સિટી સમક્ષ રજુ કર્યો હતો. એ નિબંધને પાસ કરીને મુંબઈ યુનિવર્સિટીએ તેમને પી એચ. ડી. ની ડીગ્રી એનાયત કરી છે. મુંબઈ યુનિવર્સિટી દ્વારા આવી ડીગ્રી મેળવનાર અન્ધજન તરીકે તેઓ સૌથી પહેલા છે. આ માટે તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

૧૧ વર્ષની ઉમ્મરે તેમને Bilateral Iritis નામનું દર્દ થતાં તેમની બન્ને આંખોએ જોવાની શકિત ગુમાવી અને જીંદગીભરનું અન્ધત્વ તેમને પ્રાપ્ત થયું. આમ છતાં તેઓ બીલકુલ નિરાશ ન થતાં ઉપલબ્ધ સાધનો વડે આગળ વધતા ગયા. તેમને નાનપણથી રેડીઓ ભંકિનીકસ અને મોટાર ડ્રાઇવીંગનો શોખ હતો અને તેમનો એ શોખ ચાલુ છે. આજે તેમની ૨૭ વર્ષની ઉમ્મર છે. તેમણે બી. એ. તથા એલ. એલ. બીની પરીક્ષાઓ આ પહેલાં પસાર કરી છે અને હાઇકોર્ટમાં તેઓ પ્રેકટીસ પણ કરે છે. અંધજનોમાં તેઓ સૌથી પહેલા વકીલ છે.

તેમણે પોતાનો નિબંધ તૈયાર કરવા માટે મુંબઈ પ્રદેશમાં ઘણી લાંબી મુસાફરી કરી છે અને અન્ધજનો માટેની ૧૮ સંસ્થાઓની મુલાકાત લીધી છે, અને ૧૦૦૦ અન્ધોનો તેમણે પોતે 'ઇન્ટરવ્યુ' લીધા છે. આ રીતે તપાસ અને સંશોધનના પરિણામે તેમને માલુમ પડ્યું છે કે મુંબઈ પ્રદેશમાં ૮૩૩૭૦ માણસો (વસ્તીના હિસાબે એક લાખે ૧૭૩ માણસો) અન્ધત્વનો ભોગ બનેલા છે. તેમાં ૬૦.૪૮ ટકા અન્ધો એવા છે કે જેમનું અન્ધત્વ નિવારી શકાયું હોત અથવા તો આજે ડાકટરી ઉપાયો વડે ટાળી શકાય તેમ છે. તેમણે મુંબઈ યુનિવર્સિટી સમક્ષ રજુ કરેલો નિબંધ ૩૦૦ પાનાંનો છે અને તે બાર પ્રકરણમાં વહેંચાયલો છે અને અન્ધજનોના શિક્ષણ, રોકાણ અને 'રીહેબીલીટેશન'-તેમને જીવનમાં પુનઃ કેમ સ્થિર કરવા તેને લગતા પ્રશ્નો ચર્ચ્યા છે. અન્ધજનોની સામાજિક અને આર્થિક ભૂમિકાની તે નિબંધમાં તેમણે વિસ્તારથી ચર્ચા કરી છે અને તેમનું શિક્ષણધોરણ સુધારવા માટે અને તેમને વધારે સગવડો આપવા સંબંધમાં કેટલીક ભલામણો કરી છે.

ભાઇ રાજેન્દ્ર વ્યાસ બ્લાઇન્ડ મેન્સ એસોસીએશનના તેમ જ નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઇન્ડના ઓનરરી સેક્રેટરી છે અને અન્ધસમાજ માટે ખૂબ કાર્ય કરી રહ્યા છે. આ ઉપરાંત અન્ધજનો માટે તેઓ ગુજરાતી, મરાઠી અને હિન્દી ભાષામાં ટેઇપ-રેકર્ડ ટૉકીંગ મેગેઝીન-ટેઇપ રેકર્ડ દ્વારા બોલતું સામયિક-ચલાવી રહ્યા છે.

તેમના આકાશને આંબી વળવાના પુરૂષાર્થની અને એ રીતે ઉત્તુંગ શિખરો સર કર્યાની જેટલી તારીફ કરવામાં આવે તેટલી ઓછી છે. કારણ કે જે દર્શનની બક્ષીસથી વંચિત છે એવી વ્યકિત માટે રાજેન્દ્રે સર કરેલાં સીમાચિહ્નોનો અસાધારણ પુરૂષાર્થની અપેક્ષા રાખે છે. પોતાના અન્ધ બન્ધુઓ માટે કોઇ દયા કે કરૂણા દાખવે તેનો તેમને ખૂબ અણગમો છે. તેઓ કહે છે કે "કોઇ પણ સાધારણ વિકલ આદમી અપેક્ષા રાખે તે કરતાં અન્ધો માટે જરા પણ વધારે સહાનુભૂતિ દાખવવાની જરૂર નથી. જરૂર છે અમને બીજા સમજે અને મદદ કરે તેની. જો અન્ધજનોને સમુચિત પ્રકારની મદદ વેળાસર પહોંચાડવામાં આવે તો કેટલાય અન્ધોને અન્ધત્વના શ્રાપથી મુકત કરી શકાય."

'ચીભડાના ચોરને ફાંસીની સજા'

ઉપરની કહેવત અત્યુક્તિ જેવી લાગે છે તો "પુરી એક અંધેરી ને ગંડુરાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા" એવા કોઇ અંધેરી નગરીના રાજકારભારમાં બનતી ઘટનાઓની સૂચક લાગે છે. આજના જમાનાના સુધરેલા દેશોમાં આવું ન્યાયશાસન કોઇ પણ ઠેકાણે ચાલતું હોય તે કોઈની કલ્પનામાં પણ ન આવે. એમ છતાં સુધારાનું સર્વોચ્ચ શિખર સર કરવાનો દાવો કરતા અમેરિકામાં તાજેતરમાં બરોબર આવી જ એક ઘટના બની છે. આલબામા ખાતે જીમી વીલ્સન નામના એક ગ્રુબસીને એક ગોરી બાઇ પાસેથી બે ડોલર લૂંટી લેવાના ગુન્હા માટે ફાંસીની શીક્ષા ફરમાવવામાં આવી છે. અમેરિકામાં સારા ચીભડાની કીંમત દોઢ બે ડોલર જેટલી બેસે છે. એ રીતે આ શીક્ષા ઉપરની કહેવત સાથે અક્ષરશઃ બંધ બેસતી થાય છે. બે ડોલરની ચોરી સામે ફાંસીની શીક્ષા જેવી રાક્ષસી શીક્ષા કરવા પાછળ માત્ર કાળા ગોરાને લગતી ભેદબુદ્ધિ કામ કરી રહી છે અને એક માનવીની જીંદગીને બે ડોલર જેટલી ક્ષુદ્ર કીંમતની લેખવાની હદ સુધી પહોંચી છે. આ ભયંકર અન્યાયના સમાચારથી સખ્ત આઘાત પામીને આફ્રિકાના લોકોના સુવિખ્યાત પક્ષકાર રેવરન્ડ માઇકલ સ્કોટ, બ્રીટનની પાર્લામેન્ટના મજુરપક્ષના સભ્ય શ્રી બેન લેવી, શ્રી એસ્. ઓ. ડેવ્લે, અને શ્રી વીક પીટર્સન આ વ્યક્તિઓએ સાથે મળીને આ અમાનુષી શીક્ષા સામે વિરોધ કરતો એક પત્ર પ્રેસીડેન્ટ આઇઝનહોવર ઉપર મોકલ્યો છે અને તેમાં જણાવ્યું છે કે "આપ વચ્ચે પડીને આ અન્યાયનો અમલ થતો જરૂર અટકાવશો અમો આપના વિષે આશા રાખીએ છીએ. આજની દુનિયામાં જે જાતિદ્વેષ એને વૈરવિરોધ ચાલી રહ્યા છે તે ધ્યાનમાં લેતાં, જે લોકો લોકશાહી અને વ્યક્તિના સ્વાતંત્ર્યને સુરક્ષિત રાખવા માટે અમેરિકાના નેતૃત્વ તરફ મીટ માંડી રહ્યા છે તે લોકોના મન ઉપર આપના પોતાના દેશની અદાલતોના આવા પગલાની કેવી અસર થાય તેનો આપને ખ્યાલ આપવાની કોઇ જરૂર નથી એમ અમને લાગે છે." આ અપીલનું કોંઈ પરિણામ આવે છે કે નહિ તે હવે જોવાનું રહે છે.

शिवास्ते सन्तु पन्थानः

ભારતના અર્થસચિવ મેરારજીભાઇ ઓગસ્ટ માસની ૨૭ તારીખ અને બુધવાર રાત્રે અહિંથી યુરોપ તેમ જ યુનાઇટેડ સ્ટેટ્સ જવા માટે વિદાય થયા અને તેમને સાન્તાક્રુઝ એરપોર્ટ ઉપર સંખ્યાબંધ ભાઇ બહેનોએ ભાવભરી વિદાય આપી. તેમની આ પહેલી વહેલી વિદેશયાત્રા છે. તેમના જવાનું પ્રયોજન બ્રીટન તેમ જ યુનાટેડ સ્ટેટ્સના સત્તાધીશો સાથે વાટાઘાટ કરીને આપણી બીજી પંચવર્ષીય યોજના માટે આવશ્યક ૫૦૦ કરોડ રૂપિયાનું પરદેશી હુંડિયામણ મેળવવાનું છે. બ્રીટન તથા યુનાટેડ સ્ટેટ્સના સત્તાધીશો ધારે તો આપણી માંગણી પૂરી પાડવાની સ્થિતિમાં છે. જરૂર છે તેમના દિલમાં આપણા માટે વિશ્વાસ પેદા કરવાની, આપણી યોજનાને પાર પાડવાનો આપણો અડગ નિશ્ચય છે, તે ખાતર આપણે ગમે તેટલી હાડમારીઓ ખમવાને તૈયાર છીએ અને તેમની પાસેથી આપણને જે કાંઇ મળે તેનો આપણે ત્યાં પૂરો ઉપયોગ થવાનો છે અને જે સરતે આપણને તેમની પાસેથી નાણાં મળે તે સરતો મુજબ તેમની લેણી રકમ આપણે ભરપાઇ કરવાના છીએ એવી તેમના દિલમાં પ્રતીતિ ઉપજાવવાની. આપણા બળ, નિષ્ઠા અને પ્રમાણીકતા ઉપર આધાર રાખીને શ્રી મોરારજીભાઇ બ્રીટન અને યુનાઇટેડ સ્ટેટ્સના જવાબદાર તંત્રવાહકોના દિલમાં આવી પ્રતીતિ પેદા કરી શકે અને આપણી જરૂરિયાત છે તેટલું કદાચ નહિ, તો પણ બીજી પંચવર્ષીય પાર પાડવા માટે આપણા પગમાં જોર આવે તેટલું હુંડિયામણ મેળવવામાં સફળ નીવડે એવી આપણી પ્રાર્થના છે. शिवास्ते सन्तु पन्थानः

પરમાનંદ

વિષય સૂચિ

		પૃષ્ઠ
કૂર્માચળની પરિક્રમા	પરમાનંદ	૭૯
ધડીઆળ ઊંધું ચલાવો !	અનુ. મેનાબહેન	૮૩
પ્રકીર્ણ નોંધ : વિનોબાજીને મળેલું ૧૦૦૦૦ ડોલરનું પારિતોષિક, પશ્ચિમ એશિયાની તંગદિલી હળવી બની, પ્રજ્ઞાચક્ષુ રાજેન્દ્ર ટી. વ્યાસને ધન્યવાદ, 'ચીભડાના ચોરને ફાંસીની શીક્ષા,'	પરમાનંદ	૮૪
વૃધ્ધ ઉમ્મર અને આવી રહેલું વાર્ધક્ય	અનુ. રમણલાલ શાહ	૮૬

વૃધ્ધ ઉમ્મર અને આવી રહેલું વાર્ધક્ય

(જર્મનીમાં આવેલા ડાર્મસ્ટેટથી શ્રી ઇ. મર્ક એજી તરફથી પ્રગટ થતા અંગ્રેજી માસિક 'મેડીકલ મીરર' નો ૧૯૫૭ ની સાલનો ચોથો અંક મારા મિત્ર ડૉ. કેશવલાલ એમ્. શાહે કેટલાએક સમય પહેલાં મારા હાથમાં મૂકયો અને તેમાં પ્રગટ થયેલા પહેલા લેખ તરફ મારું ધ્યાન ખેંચ્યું. તેનું મથાળું હતું "Old Age and Ageing" –વૃધ્ધ ઉમ્મર અને આવી રહેલું વાર્ધક્ય. આખો લેખ અવકાશે હું વાંચી ગયો અને તેનો અનુવાદ પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવાની મને ઇચ્છા થઇ આવી. આ લેખમાં વૈદ્યકીય વિજ્ઞાન સાથે સંબંધ ધરાવતા અનેક પારિભાષિક શબ્દો હતા અને પ્રબુધ્ધ જીવનના વાચકો માટે ખાસ જરૂરી નહી એવી કેટલીક વૈજ્ઞાનિક વિગતો પણ હતી. તેથી તેનો અક્ષરશઃ અનુવાદ કરવાની જરૂર નહોતી. આ પ્રકારનો ભાવાનુવાદ મારી માગણીને માન આપીને ભાઇ રમણલાલે તૈયાર કરીને આપ્યો, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. એ મૂળ લેખના લેખકનુ નામ છે ડૉ. વૉલ્થર વૉન હોલન્ડર.

પ્રસ્તુત લેખ ઉપરની નોંધમાં મેડીકલ મીરરના તંત્રી જણાવે છે કે "વૈદ્યકીય વ્યવસાય કરતા ડાકટરો ઘરડા થતા જતા પોતાના દરદીઓની વૃધ્ધત્વ અંગે જીવનને કંટાળા ભરેલું બનાવતી તેમની ચાલુ–ફરિયાદોને બને તેટલી હળવી કરવામાં યા દૂર કરવામાં પહેલાં કરતાં પણ હાલ વધારે રોકાયલા રહે છે. વળી પ્રયોગશાળામાં કામ કરતા સંશોધકો આજના ડૉકટરોની આ મથામણમાં ઉપયોગી થાય તેવાં સાધનોની સતત શોધ કરતા હોય છે. અને માનસશાસ્ત્રીઓ પણ ઘડપણના આક્રમણ નીચે માણસ સાવ ઢીલો અને કર્તૃત્વશૂન્ય બની ન જાય, spiritual debility–આધ્યાત્મિક મંદતા–નો ભોગ બની ન જાય, પણ સરળ અને સુન્દર રીતે ઘડપણ વીતાવી શકે તે રીતે મંદદરૂપ થવાની દિશાએ પહેલાં કરતાં હાલ ઘણો વધારે રસ ધરાવતા માલુમ પડે છે. ઘડપણને લગતી વૈદ્યકીય બાજુ સંબંધમાં મેડીકલ મીરરમાં આજ સુધીમાં અનેક લેખો તથા સૂચનાઓ કરવામાં આવી છે. આ અગત્યના વિષયમાં માનસશાસ્ત્રીને શું કહેવાનું છે એ જાણવાની અમારા વાંચકો ખૂબ ઇન્તેજારી ધરાવે છે. એ ઇન્તેજારીને તૃપ્ત કરતો ડૉ. વૉલ્થર વૉને હોલન્ડરે લખી મોકલેલો લેખ પ્રગટ કરતાં અમને આનંદ થાય છે."

એ લેખના નીચે આપેલ આનુવાદમાંથી આધેડ વયે પહોંચેલા આપણામાંના અનેક ભાઇ બહેનોને ઘણું ઉપયોગી માર્ગદર્શન મળશે એવી આશા છે. **તંત્રી.**)

ગયા ઉનાળામાં મેં એક સેનેટોરિયમની મુલાકાત લીધી હતી. એ સેનેટોરિયમમાં રહેવાવાળા માણસોમાં ઘણાખરા તંદુરસ્ત જણાતા નહોતા. પરંતુ તેઓ માંદા હતા એમ પણ નહિ કહી શકાય. તેમની ફરિયાદોમાં મુખ્યત્વે જીવન પ્રત્યેની નિરસતા અને ઉદાસીનતા, અનિદ્રા અને રોજે રોજનાં કામ કરવાનો અણગમો અને અશક્તિ–વગેરેની હતી. જે દર્દીઓ સેનેટોરિયમમાં રહેતા હતા તેમાંનાં ઘણાખરાં સ્ત્રીપુરુષો પોતાના જીવનનાં ઉત્તમ વર્ષો–૫૦ થી ૮૦ ની ઉમર વચ્ચેનાં વર્ષો–નું જીવન જીવતાં હતાં. તેઓ સાધનસંપન્ન અને સુખી હતાં, પરંતુ એકાએક કોઇ અવદશામાં મુકાઈ ગયાં હોય અને અસ્તિત્વનો ભય, જીવનનો ભય, વૃદ્ધાવસ્થાનો ભય અને મૃત્યુનો ભય–એ ચાર મુખ્ય ભયમાંથી કેવી રીતે બચવું એનો જ જાણે કે આતુરતાપૂર્વક માર્ગ શોધવા માટે પ્રયત્ન કરતાં હોય એમ જણાતું હતું.

એમની સારવારમાં સાદા, સસ્તા અને મનોરંજક ઉપાયો બતાવવામાં આવ્યા હતા. સવારે તેઓને પાસેની ટેકરી પર ચડવાનું હતું. ત્યાં તેમને હાથપગ હલાવવાની ગામઠી કસરત કરવાની હતી, અને ગાવાનું તથા બૂમાબૂમ કરવાનું હતું; ઝાકળવાળા ઘાસમાં ઉઘાડે પગે ચાલવાનું હતું; શરીરે માલિસ કરવાનું અને સ્નાન કરવાનું હતું; અને કેટલાક માણસોને ૩ થી ૫ દિવસના ઉપવાસ કરવાના હતા. સાંજને

વખતે તાળીઓ સાથે લોકનૃત્ય, ગીતો અને અંતકડીની રમતોનો કાર્યક્રમ હતો. ૬૦ થી ૮૦ સુધીની ઉંમરનાં સ્ત્રીપુરુષોને લોકનૃત્ય કરતાં જોવાં એ વિચિત્ર દૃશ્ય હતું. શરૂઆતમાં તો કેટલાંક સ્ત્રીપુરુષો એમાં ન જોડાતાં આઘાં ઊભા રહ્યાં હતાં; પરંતુ પાછળથી તેઓ પણ તેમાં જોડાયાં. તે વખતે તેઓ બાળક જેવાં પ્રફુલ્લ અને આનંદી દેખાતાં હતાં અને તેમના તંગ બનેલા ચહેરા ઉત્તરોત્તર હળવા બનતા જતા હતા.

હવે, મૃત્યુના ભયનો સામનો કરવામાં અને વૃદ્ધાવસ્થાને અટકાવવામાં શ્વાસ લેવાની કસરત, નૃત્ય, ઉપવાસ કે પર્વતારોહણ—આમાંથી કયો ઇલાજ અસરકારક છે એ નિશ્ચિતપણે નહિ કહી શકાય, કારણ કે એકની બાબતમાં જે વસ્તુ અસરકારક નીવડી હોય તે બીજાની બાબતમાં એટલી અસરકારક ન પણ નીવડી હોય. પરંતુ વિચિત્ર લાગતા આ ઉપાયોના પરિણામમાંથી એટલું તો જાણવા મળે છે કે માણસે નિષ્ક્રિયપણે વૃદ્ધાવસ્થામાં સરી પડવાની જરૂર નથી. ઉત્સાહજનક પ્રવૃત્તિઓ, રમુજી અને વિવિધ ગમ્મતો વડે એને એમાંથી જરૂર બચાવી શકાય.

વૃદ્ધાવસ્થાને લગતા વિજ્ઞાનને Gernotology કહેવામાં આવે છે. એ વિજ્ઞાનનો હજુ જોઇએ તેટલો વિકાસ થયો નથી. યુરોપના દેશો કરતાં, 'યુવાન દેશ' તરીકે ઓળખાતા અમેરિકામાં આ વિજ્ઞાનનો અમલ ઉત્સાહપૂર્વક અને પૂર્વગ્રહરહિત રીતે કરવામાં આવે છે. આ વિજ્ઞાન હજુ એની પ્રારંભ દશામાં જ છે અને એને લગતી માહિતી છેલ્લાં ૫૦ વર્ષથી એકઠી થવા લાગી છે. આ ૫૦ વર્ષ દરમિયાન માનવીનું સરેરાશ આયુષ્ય ૨૫ વર્ષ વધ્યું છે. આ રીતે વૃદ્ધ માણસોનું પ્રમાણ વધતું જાય છે. એટલે વૃદ્ધાવસ્થાના પ્રશ્નો, જે પહેલાં ફક્ત થોડાક સુખી માણસોના જ પ્રશ્નો હતા તે, આજે હવે સામાન્ય નાગરિકના પ્રશ્નો બની ગયા છે. જો ઉત્તરોત્તર વધારે ને વધારે માણસો પોતાના દાદાના આયુષ્ય કરતાં ૨૫ વર્ષ વધારે જીવે તો વૃદ્ધાવસ્થાનો પ્રશ્ન આથી પણ વધારે અગત્યનો બની જશે.

અલબત્ત, યુવાનો કરતાં વૃદ્ધ માણસો ક્ષુદ્ર અને મહત્ત્વની વસ્તુ વચ્ચેનો સારાસાર વિવેક વધારે સારી રીતે કરી શકે છે. અનિવાર્ય વસ્તુને તટસ્થતાથી અને સમજણપૂર્વક એ સ્વીકારી શકે છે. પરંતુ બીજી બાજુ વૃદ્ધાવસ્થાનો એક મોટો ભય એ છે કે અતિપરિચયને લીધે કે કામ કરવાના થાકને લીધે જીવનની ઘણી સગવડો મળવી જ જોઇએ એમ એ માની લે છે. ભૌતિક જગતનાં તેજકિરણો આમ એક પછી એક લુપ્ત થતાં જાય છે અને મૃત્યુનો અંધકાર ધીમે ધીમે વૃદ્ધ માનવના આત્માનો અકાળે કબજો લેવા માંડે છે.

આથી જ વૃદ્ધાવસ્થાના દુઃખને દૂર કરવાના અને વૃદ્ધ થવાની આવશ્યકતાનો ઇન્કાર કરનાર આશાવાદી, ઉત્સાહી માણસોના પ્રયત્નો પ્રશંસનીય ગણવા જોઇએ. એક અમેરિકન લેખકે કહ્યું છે કે માણસની શક્તિ ઘટવા માંડે છે, કારણ કે એ માની બેઠો હોય છે કે ઉંમર થવાને લીધે હવે શક્તિ ઘટવી જ જોઇએ. આજે સ્ત્રીઓ પણ જલ્દીથી વૃદ્ધાવસ્થામાં સરી પડે છે, કારણ કે તેઓ પણ એમ માનતી થઈ ગઈ હોય છે કે, ૪૦ વર્ષની પ્રૌઢાવસ્થા પછી પોતાની માતા અને દાદીની જેમ પોતે પણ ઘરડી થવા માંડી છે. ઘણીવાર પુરુષોને પણ કારણ ન હોવા છતાં જાણે પોતાને ઘડપણ બેઠું હોય એમ લાગવા માંડે છે. વસ્તુતઃ પોતાના પિતા કે દાદાને જોઇને એમની વૃત્તિઓનું અજાણતાં અનુકરણ કરવાથી તેઓ અકાળે વૃદ્ધત્વ પામે છે.

ઘણીવાર વૃદ્ધાવસ્થાનું આ જ અંતર્ગત કારણ હોય છે. ખોટા અને જૂના વિચારોની માઠી અસર માણસોના—વિશેષતઃ નોકરી કરનારાં સ્ત્રીપુરુષોના જીવન પર થાય છે. ૪૫ કે ૫૦ વર્ષની ઉંમર પછી માણસની કાર્યશક્તિ ક્ષીણ થવા માંડે છે એમ માનવું કે મનાવવું આજે તદ્દન ભૂલભરેલું ગણાય છે. વસ્તુતઃ ૫૦ વર્ષની ઉંમરે તો માણસે હજુ માત્ર પોતાની અડધી જિંદગી પૂરી કરી છે, ઘણો વિશાળ અનુભવ મેળવ્યો છે અને પોતાની શક્તિનો આથી પણ વધારે સારી રીતે વિનિયોગ પોતે કરી શકશે એમ જ માનવું જોઇએ. સરકારી નોકરો પણ વૃદ્ધાવસ્થાની ભ્રમભરેલી માન્યતાના ભોગ થઈ પડે છે. ૬૦ કે ૬૫ વર્ષે નિવૃત્તિનો સમય આવતાં તેઓ અશક્ત થઇ ગયા છે અને તેમને હવે પૂરતા આરામની જરૂર છે એમ માની તેમને કામમાંથી નિવૃત્ત કરવામાં આવે છે. ઘણીવાર એટલા માટે જ નિવૃત્તિના સમય પછી ત્રણેક વર્ષમાં કોઇ પણ કારણ વિના અવસાન પામનાર નિવૃત્ત માણસો માટે 'નિવૃત્તોનું મૃત્યુ'—Pensioner's Death'—શબ્દ વપરાય છે.

જે માણસોને અકાળે 'વૃદ્ધ' તરીકે ઓળખાવવામાં આવે છે તેઓ પછી વૃદ્ધ બનતા જાય છે; તેમની શક્તિ ક્ષીણ થવા લાગે છે; અને તેઓ અકાળે મૃત્યુ પામે છે. એટલા માટે જ આજે હવે લોકોના માનસને એ રીતે ફરીથી કેળવવાની જરૂર ઊભી થઇ છે કે દીર્ઘાયુષ્ય અને દીર્ઘસમયની કાર્યક્ષમતા હવે કાયમની બાબત થવા માંડી છે. ઉંમર થાય એટલે એક યા બીજી ઇન્દ્રિય કામ કરતી અટકવા જ માંડે છે એ વહેમમાંથી મુક્ત થવાની આજે ઘણી જરૂર છે. છેલ્લાં ૫૦ વર્ષ દરમ્યાન માણસોનું આયુષ્ય અને એની કાર્યક્ષમતા ઘણાં વધ્યાં છે એના હજારો દાખલાઓ હવે આપણી નજર સમક્ષ જોવા મળે છે. વળી, ભૂતકાળમાંથી પણ આપણને ઘણા એવા દાખલાઓ મળશે કે જે બતાવે છે કે દરેક માણસના જીવનમાં વૃદ્ધાવસ્થા એકાએક તરાપ મારતી આવે છે એવો કોઇ વિશ્વનો નિયમ નથી.

ઘણા માણસોએ વૃદ્ધાવસ્થામાં જે સિદ્ધિ મેળવી છે એમાંથી થોડાંક ઉદાહરણો આપું. સુપ્રસિદ્ધ ઇટાલિયન ચિત્રકાર Tizian—એણે ૯૯ વર્ષની ઉંમરે પોતાનાં બે પ્રખ્યાત ચિત્રો Pieta અને Coronation—દોર્યાં હતાં. 'Fontane'નાં લેખકે નવલકથાઓ લખવાનું પોતાના જીવનનું ખરા મહત્વનું કાર્ય ૫૯માં વર્ષથી શરૂ કર્યું હતું. વિશ્વખ્યાતિ પામેલી થોડી જર્મન એની નવલકથાઓમાંની એક 'Effie Briest—જે તેનું મુખ્ય સર્જન ગણાય છે તે—તેણે ૭૮ વર્ષની ઉમ્મરે લખી હતી. જર્મન વૈજ્ઞાનિક હમબોલ્ટે પોતાનું Kosmos—કોસ્મોસ—નામનું પુસ્તક ૭૬ થી ૯૦ વર્ષની વયમાં લખ્યું હતું; સુપ્રસિદ્ધ યુરોપીય ઇતિહાસકાર રાણકેએ પોતાનો 'દુનિયાનો ઇતિહાસ' ૮૦ થી ૯૧ વર્ષની ઉંમર દરમિયાન લખ્યો હતો. વોલ્ટેર ૮૦ વર્ષની ઉંમરે રોજ ૧૮ થી ૨૦ કલાક કામ કરતો હતો. અંગ્રેજ વૈજ્ઞાનિક એડિસન ૮૨ વર્ષની વયે નવાં નવાં સંશોધનો કરતો હતો. આમ ઘણા મહાપુરુષોના નામ આ યાદીમાં હજુ આપી શકાય એમ છે. અત્રે એ યાદ રાખવું જોઇએ કે આ મહાન માનવીઓના ઉત્તરકાળની સિદ્ધિઓ પર વૃદ્ધત્વની કોઇ છાપ પડી હોય અને એની કિંમત ઊતરતા પ્રકારની હોય એવું જરા પણ બન્યું નથી. ૭૫-૮૦ વર્ષની ઉંમરે ઘણા પુરુષો વ્યાયામ કરતા હોય છે, દોડતા હોય છે; ઘણી સ્ત્રીઓ નિયમિત પોતાનું ઘરકામ કરી શકતી હોય છે. જો આપણને આપણી આસપાસ આવાં સ્ત્રીપુરુષો જોવા મળતાં હોય તો તેમનો દાખલો લેતાં આપણને કેમ આનંદ થવો ન જોઇએ?

વસ્તુતઃ લોકમત હકીકતો કરતાં થોડો પાછળ રહે છે. હજુ પણ, સરેરાશ માણસનું આયુષ્ય આટલું વધ્યું છે એ વાત પ્રત્યે ધ્યાન ખેંચાતાં અને એનો સ્વીકાર કરતાં લોકોને ઘણો વખત લાગશે. પરંતુ વ્યક્તિગત રીતે ઘણાં સ્ત્રીપુરુષોને આ મહત્ત્વનો ફેરફાર સમજાશે. આજે આપણે એમ કહી શકીએ કે ૬૦ વર્ષની ઉંમરે માણસ કામ કરવાની બાબતમાં ૪૦ વર્ષના પોતાના દાદા જેવો દેખાય છે અને ૭૦ વર્ષની ઉંમરે ૫૦ વર્ષ જેટલો દેખાય છે. એથી જ માણસને જે ૨૦ વર્ષ વધારાનાં મળે છે એનો તબીબી વિજ્ઞાને પૂરો વિચાર કરી એ પ્રત્યે વધુ ધ્યાન આપવાની જરૂર છે, જેથી ૮૦-૯૦ની ઉંમરના છેલ્લા તબક્કામાં પણ માણસને જિંદગી ભારરૂપ નહિ પણ, આનંદમય લાગે.

યૌવનનો સમય જિંદગીમાં હંમેશાં સ્પૃહણીય સમય રહ્યો છે. ૪૦ વર્ષ પછી શક્તિની ક્ષીણતા આવતી લાગે છે. એ સમયથી

પોતાની યુવાની જાળવી રાખવાનો અને યુવાનની જેમ વર્તવાનો માણસો પ્રયત્ન કરે છે. વસ્તુતઃ એ જીવનનો સંક્રાન્તિકાળ છે અને કસોટીકાળ પણ છે. જેઓ એ સંક્રાન્તિ અને કસોટીમાંથી પાર પડે છે તેઓ જ એ સમયમાં હજુ યુવાની ભોગવી શકે છે. માણસે સુખી થવું હોય તો વૃદ્ધાવસ્થામાં જે જીવન પોતાને મળે છે એ પરિસ્થિતિને અનુરૂપ થવાનો અને એનાથી જ સંતોષ માનવાનો પ્રયત્ન કરવો જોઇએ. જે લોકો નિષ્ક્રિય જીવન જીવે છે તેઓ તો જાણે યુવાવસ્થામાંથી વૃદ્ધાવસ્થામાં ધકેલાઇ જતા હોય એવું લાગે છે અને એવા માણસોનું જીવન પહેલેથી છેલ્લે સુધી એકસરખું એકધારું નિરસ બની ગયેલું હોય છે. એવા માણસો કાં તો સુખની વાસનાને લીધે, કાં તો સત્તાને માટે, કાં તો પૈસાને માટે કે કાં તો પોતાની મહત્તા બતાવવા માટે જ જીવન જીવવાનો પ્રયત્ન કરતા હોય છે. એટલા માટે જ એવા માણસોની જિંદગીનાં પાછલાં વર્ષો ઉદાસીનતા અને ગમગીનીમાં પસાર થતાં હોય છે. પરંતુ એ ઉદાસીનતા અને ગમગીનીનો અર્થ એ છે કે માણસે પોતાની શક્તિઓને છેવટ સુધી બરાબર ખીલવા કે વિકસવા દીધી નથી.

સંક્રાન્તિકાળ પછી જીવનના આ નવા તબક્કામાં પ્રવેશતાં ઘણા માણસો થાકેલા લાગતા હોય છે. થોડોક સમય આરામ કરીને સાથે સાથે પોતાની ભૂતકાળની સિદ્ધિઓનું વિહંગાવલોકન કરવાનો સમય કે વૃત્તિ એમને હોતાં નથી, પરંતુ ખરી રીતે તો સંક્રાન્તિકાળની આવી કટોકટીમાં માણસે પોતાની ઘણીખરી જૂની ટેવો છોડી દેવી જોઇએ. અલબત્ત, કેટલીક જૂની ટેવો સહેલાઇથી છૂટતી નથી, પરંતુ માણસે ઓછામાં ઓછા ત્રણેક મહિનાના સમયમાં પોતાની બધી ટેવો બદલી નાખવી જોઇએ અને નવા વાતાવરણમાં ઊછરવું જોઇએ.

વૃદ્ધાવસ્થામાં પ્રવેશતા માણસે સૌથી પહેલાં ખોરાક અને ખોરાક લેવાની પદ્ધતિ એ બે બદલવાં જોઇએ. નિયમિત ખાવાની ચાલુ ટેવ છોડી જ્યારે જ્યારે ભૂખ લાગે ત્યારે ત્યારે એણે ખાવા બેસવું જોઇએ. ખાવાપીવાની નિયમિતતા યુવાનીમાં જેટલી કામ લાગે છે તેટલી વૃદ્ધાવસ્થામાં કામ લાગતી નથી. તેવી જ રીતે ઊંઘવાની જૂની ટેવ પણ છોડી દઇને જ્યારે ઊંઘ આવે ત્યારે ઊંઘવું જોઇએ. વધારે ઊંઘની જરૂર પડે તો વધારે ઊંઘવું, ઓછી ઊંઘથી ચાલતું હોય તો પરાણે વધારે ઊંઘવાનો પ્રયત્ન ન કરવો જોઇએ. આ ઉપરાંત માણસે સ્ત્રીસાહચર્ય છોડી સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવું જોઇએ. આ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વડે જ માણસને જાણે પુનર્જીવન મળતું હોય છે. ૬૦ વર્ષની ઉંમરથી માણસે આધ્યાત્મિકતા તરફ જ વળવું જોઇએ. શરીર એ મન કે આત્માનું માત્ર ઘર જ છે એમ સમજવું જોઇએ.

સામાન્ય રીતે બુદ્ધિશાળી લોકો મોડા ઘરડા થાય છે, કારણ કે એમને મન અને આત્મા તરફથી સતત તાજગીભર્યો આનંદ મળે છે. સામાન્ય અને પ્રાકૃત વૃત્તિવાળા લોકો જલ્દી ઘરડા થવા લાગે છે. તેમનામાં માનસિક જડતા આવવા લાગે છે અને તેમના કપાળ પર અકાળે કરચલીઓ પડવા માંડે છે.

યુવાનોને હંમેશાં ભવિષ્યનો વિચાર આવે છે. વૃદ્ધો પોતાના ભૂતકાળની સ્મૃતિમાં રાચે છે. પરંતુ વૃદ્ધાવસ્થામાં પ્રવેશતા માણસે ભૂતકાળની સ્મૃતિઓમાં રમ્યવાનું, જે એમાંથી કશું ઉપયોગી જાણવાનું મળતું ન હોય તો, છોડી દેવું અને ભવિષ્યના પ્રશ્નોનો વિચાર કરવો. પરંતુ આ ઉંમરે આત્મચિંતન અને આત્મસંયમ વિના ભવિષ્યનો સક્રિયપણે વિચાર કરી શકાશે નહિ. માટે વૃદ્ધ માણસે જીવનનો આનંદ મેળવવા સાથે શક્ય તેટલું ત્યાગમય જીવવાનો પ્રયાસ કરવો જોઇએ.

વૃદ્ધાવસ્થામાં પણ યૌવન અને વૃદ્ધાવસ્થાની વચ્ચેનો સંક્રાન્તિકાળ કસોટીરૂપ છે. જે સમયે શારીરિક શક્તિ, વિશેષતઃ જાતીય શક્તિ ક્ષીણ થવા લાગે છે તે સમયે માણસ નિરાશ બની જાય છે, હિંમત હારી જાય છે, પોતાનામાંથી વિશ્વાસ ગુમાવી દે છે, અને જીવન જીવવાનો રસ ખોઇ બેસે છે. આવે વખતે અનુભવી અને ડાહ્યા દાક્તરો તેમને સાચી સલાહ આપી મદદરૂપ થઇ શકે છે. કેટલાંક વર્ષો પહેલાં દાક્તરો આવા માણસોને જાતીય શક્તિ ફરી ચાલુ થાય એવી દવાઓ બનાવી આપતા. પરંતુ પૂરતા પ્રમાણમાં શારીરિક શક્તિ ન હોય એવા માણસોની જાતીય વૃત્તિ ફરી જાગ્રત કરી આપવામાં ઘણું જોખમ છે એ હવે સારી રીતે સૌને સમજાયું છે. કારણ કે એથી શરૂઆતમાં જાતીય વિકૃતિ અને તરત પછી જીવનની નિરસતા માણસો અનુભવે છે, જે લાંબું જીવન ખેંચવામાં એને ખૂબ ભાર અને કષ્ટરૂપ બની જાય છે.

૬૦ થી ૮૦ વર્ષ વચ્ચેનો ગાળો એ જીવનની પરિપૂર્ણતાનો, સ્વસ્થતા અને સંયમનો અને નિષ્કામ આનંદનો સમય છે. વૃદ્ધાવસ્થાની એ એક સુંદર ખૂબી છે કે એની પાસે બીજાને આપવા માટે ઘણું હોય છે. ભૌતિક કે આધ્યાત્મિક અને એથી યે વિશેષ પોતાનો સાચો પ્રેમ એ બધાને આપે છે અને બદલામાં કશાની જ આશા રાખતો નથી. પોતે જેને ચાહે છે અથવા પોતે જેના પર દયા બતાવી હોય કે ઉપકાર કર્યો હોય એના પર પોતાનું વર્ચસ્વ હોવાની ઇચ્છા પણ જે માણસ રાખતો નથી એ પ્રેમની સાચી પરિપક્વતાને પામે છે. પરંતુ આવી નિષ્કામ વૃત્તિ દરેક વૃદ્ધમાં નથી હોતી. જે વૃદ્ધ માણસ આવી વૃત્તિ ધારણ કરીને કેળવે છે તે વૃદ્ધાવસ્થાનું સાચું સુખ અને સૌન્દર્ય અનુભવે છે.

ઘણા માણસો જીવનનાં આ વર્ષો પોતે કેવી રીતે પસાર કરવાં અથવા પોતાનાં એ વર્ષો કેવી રીતે પસાર થશે એ વિશે સચિંત રહે છે. પરંતુ જેઓ વૃદ્ધાવસ્થાને સહર્ષ સ્વીકારી એનું સાચું સુખ અનુભવી શકે છે તેઓને એ વિશે જરાપણ ચિંતા હોતી નથી.

૬૦ વર્ષ પછી જીવનમાં આરામને સ્થાન હોવું જોઇએ, પણ જીવન સાવ નિષ્ક્રિય બની ન જવું જોઇએ. વૃદ્ધ માણસે પ્રવૃત્તિશીલ રહેવું જોઇએ, પણ કોઇ પણ કામની નાની નાની બાબતોમાં માથું ન મારવું જોઇએ. એ કામ યુવાનો પર છોડી દેવું જોઇએ.

વૃદ્ધ માણસે નિરહંકાર અને નિસ્પૃહ બનવું જોઇએ. એણે ફક્ત માર્ગદર્શન આપવું જોઇએ. બધાં કામો પોતે કરવાનો આગ્રહ છોડી દેવો જોઇએ. એણે જીવનમાં, રહેણીકરણીમાં સાદાઇને સ્થાન આપવું જોઇએ. મોટાં મકાનો, મોટી મોટરગાડીઓ કે નોકરચાકરોનો મોહ ઓછો કરવો જોઇએ.

૭૦ થી ૮૦ વચ્ચેની ઉંમરમાં માણસે ધાંધલિયા બન્યા વિના જીવનમાં અને જગતમાં રસ લેવો જોઇએ. એણે મોટી દોડધામો છોડી દેવી જોઇએ, પણ અમુક અમુક સમય જુદાં જુદાં સ્થળ અને વાતાવરણનો લાભ લેવો જોઇએ. એણે દિનપ્રતિદિન બદલાતા જતા, અપરિચિત લાગતા જગતમાં મુક્ત મનથી અને પૂરા કુતૂહલથી રસ લેવો જોઇએ અને યુવાનોની નવી નવી પ્રવૃત્તિઓ પ્રત્યે જીવંત અભિરુચિ રાખવી જોઇએ.

વૃદ્ધાવસ્થાનો આનંદ માણવા માટે વૃદ્ધોએ પોતાના શરીરની બરાબર કાળજી લેવી જોઇએ અને પોતાના રોજિંદા, દૈનિક કામમાં બરાબર રસ લેવો જોઇએ. આ ત્યારે બને કે જ્યારે માણસને પોતાની રોજિંદી પ્રવૃત્તિ ગમતી હોય. અલબત્ત, એમાં પણ ગાંભીર્યપૂર્વકનું પ્રમાણભાન તો જરૂરી છે જ. વૃદ્ધો માટે જુદા જુદા તબીબો અને આરોગ્યકેન્દ્રો તરફથી જાતજાતની સલાહસૂચનાઓ આપવામાં આવે છે. પરંતુ વૃદ્ધોએ તો તેમાંથી પોતાને માફક આવે એટલું જ સ્વીકારવું જોઇએ, અને પોતાને જે માફક આવ્યું તે બધાને માફક આવશે એમ માની એવી સલાહ બીજાને આપવાનો આગ્રહ એમણે છોડી દેવો જોઇએ.

ભવિષ્યમાં જેમ જેમ વૃદ્ધ માણસોનું પ્રમાણ વધતું જશે તેમ તેમ વૃદ્ધાવસ્થાના પ્રશ્નો પણ વધતા જશે, અને તેમ તેમ વૃદ્ધાવસ્થાના વિજ્ઞાનને પણ વિકસાવવાની જરૂર ઊભી થશે.

મૂળ અંગ્રેજી :–ડૉ. વોલ્થર વૉન હૉલેન્ડર
અનુવાદક :–પ્રો. રમણલાલ ચી. શાહ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઇ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જીવન

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૧૦

મુંબઈ, સપ્ટેમ્બર ૧૫, ૧૯૫૮, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ગુજરાતવાસીઓને

સંત વિનોબાજી, જેમની પદયાત્રાની રાહ ગુજરાતમાં આપણે સૌ મેઘની આતુરતાથી જોઈ રહ્યા હતા તે છેવટે આવી રહ્યા છે. તેઓ તા. ૨૨ મી સપ્ટેમ્બર- ૧૯૫૮ ને દિવસે ગુજરાતમાં પ્રવેશ કરશે અને ૧૧૧ દિવસ સુધી ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગ્રામદાન અને સર્વોદયનો પ્રકાશ ફેલાવતા કાર્યક્રમ મુજબ શકય એટલાં ગામો અને નગરોમાં ફરશે. અમે સમસ્ત ગુજરાત વતી તેમનું સ્વાગત કરીએ છીએ અને તેઓની પદયાત્રા રૂપી ગંગા જ્યાં જ્યાં થઈને પસાર થાય ત્યાંના આબાલવૃદ્ધ સર્વ લોકો પૂરા ઉમંગ અને ભક્તિથી તેમાં સ્નાન કરવાનું ચૂકશે નહિ એવી આશા રાખીએ છીએ. અમને ખાત્રી છે કે જેઓ એમની તપઃપૂત જ્ઞાનગંભીર અને પ્રેમનીતરતી વાણી ઝીલશે તેમના જીવન ઉપર તે પાવન અસર કર્યા વિના રહેવાની નથી.

વિનોબાજીના આગમનથી આપણને સૌને ગાંધીજીનું પવિત્ર સ્મરણ તાજું થાય છે. રાજદ્વારી સ્વરાજ્ય મળવા છતાં હજુ સાચું રામરાજ્ય મળ્યું નથી. તેની ઝંખના કરતા અને તે માટેના સત્ય અને અહિંસામય રસ્તાઓ ઢુંઢતા ઢુંઢતા "કરેંગે યા મરેંગે" નો મંત્ર જપતા પૂજ્ય ગાંધીજી ગયા. સંત વિનોબાજીએ તેમની પાછળ એ જ મંત્ર ઉપાડી લીધો છે, એ જ તપ, ત્યાગ અને બલિદાનનો પ્રવાહ આગળ ચલાવ્યો છે.

વિનોબાજીનું સ્વાગત એટલે ગાંધીજીની ક્રાંતિનું સ્વાગત. વિનોબાજીનું સ્વાગત એટલે બંધુતાને રસ્તે સમાનતાની સ્થાપનાના વિચારનું સ્વાગત. વિનોબાજીનું સ્વાગત એટલે ભારતીય સંસ્કૃતિની પરંપરાના યજ્ઞદાન અને તપને રસ્તે દેશની ગરીબી મટાડી આર્થિક ક્રાંતિ કરવાના સંકલ્પનું સ્વાગત. વિનોબાજીનું સ્વાગત એટલે હિંસાથી ઉન્મત્ત બનેલી પૃથ્વી પર અહિંસાના સફળ પ્રયોગનું સ્વાગત. વિનોબાજીનું સ્વાગત એટલે જ્ઞાન, કર્મ અને ભક્તિના ત્રિવેણી સંગમનું સ્વાગત.

વિનોબાજી દરિદ્રનારાયણના નામે આપણા અંતરઆત્માને જાગૃત કરવા માગે છે. "જેઓની પાસે ભૂમિ, સંપત્તિ, શરીરશક્તિ, બુદ્ધિશક્તિ જે કાંઈ છે તે દરિદ્રનારાયણની સેવામાં અર્પણ કરો."—આ ભાવમાં વિનોબાજીએ ભૂદાન, સંપત્તિદાન, શ્રમદાન, બુદ્ધિદાન વગેરે વિચારો દેશ આગળ મૂકયા. જેમ જેમ દેશ કરુણાનો આ વિચાર ઝીલતો ગયો તેમ તેમ વિનોબાજી તેને વધુ ને વધુ ક્રાંતિકારી કાર્યક્રમો સૂઝાડતા ગયા. તેમણે કહ્યું ગ્રામદાન આપો. એટલે કે ગામમાં સૌ એક કુટુંબ બની જાઓ. ભૂમિ, સંપત્તિ જે કાંઇ ઈશ્વરે આપ્યું છે તે સાથે મળી વહેંચીને ભોગવો.

ગ્રામદાનનો વિચાર હવે દેશમાં સર્વમાન્ય થયો છે. દેશના તમામ વિચારના રાષ્ટ્ર-નેતાઓએ તેને દેશની ભૂમિસમસ્યાના સર્વોત્તમ ઉકેલ તરીકે નવાજ્યો છે અને હજારો ગામડાંની જનતાએ તે ઝીલી લીધો છે. એટલે સંત વિનોબાની આર્ષ દૃષ્ટિ અહિંસાના નવા સીમાડાઓ શોધવા તરફ વળી છે. આર્થિક ક્ષેત્રમાં અહિંસાના પ્રવેશનો રસ્તો બતાવી હવે તેઓ દેશના શાંતિ અને વ્યવસ્થાના તથા છેવટના રક્ષણના ક્ષેત્રમાં અહિંસાના પ્રવેશ તરફ આંગળી ચીંધી રહ્યા છે. દેશમાં પોણો લાખ નિષ્કામ સેવાભાવી સૈનિકોની એક શાંતિ સેના ખડી કરવા અને દેશનાં તમામ પ્રશ્નો શાંતિમય રીતે જ ઉકલે તે જોવા તેમનું અંતઃકરણ તલસે છે. શાંતિસેના માટેની લોક-સંમતિના પ્રતીક તરીકે ઘેર ઘેર સર્વોદય-પાત્ર રાખી તેમાં નિત્ય નાના બાળકનાં હાથની એક મુઠ્ઠી અન્નની નાખવાનો કાર્યક્રમ પણ તેમણે સૂચવ્યો છે.

વિનોબાજીએ ઉપરોકત મહાન કાર્યનાં આ થોડાં અંગો અહીં સૂચિત કરવામાં આવ્યાં છે તે ઉપરથી આપણે સૌ તેમને શું પ્રિય છે અને કયા થાળે વડે આપણે તેમનું સ્વાગત કરવાનું છે તે સમજી લઇશું.


તેઓ એક અનેરી ભાવના સાથે ગુજરાતમાં આવી રહ્યા છે. અને વડોદરાની શેરીઓમાં એમના ઉગતી વયનાં સંભારણાંઓ રહેલાં છે. સાબરમતીના તટ ઉપર ગાંધીજીના ચરણે કરેલી સાધનાએ તેમના વ્યક્તિત્વને ઘડયું છે. નરસિંહ, મીરાં, પ્રેમાનંદનાં ભજનો અને કાવ્યોનું તેમણે કોઈ પણ ગુજરાતીના કરતાં પણ વધારે ભક્તિભાવથી સેવન કરેલું છે. આમ તેઓ પોતાની બાળપણની ભૂમિ તરીકે અને પોતાની સાધના ભૂમિ તરીકે અહીં આવી રહ્યા છે. એટલા જ પ્રેમથી અને એટલી જ ભાવનાથી આપણે સૌ તેમનો ગુજરાતને આંગણે સત્કાર કરીએ.

વિનોબાજીના જીવનમાં કે કાર્યમાં ધર્મભેદ, પ્રાંતભેદ, ભાષાભેદ કશાને સ્થાન નથી. તેઓ રાષ્ટ્રના ઉત્થાન માટે, એટલું જ નહિ પણ વિશ્વનાં શાંતિ અને ઉત્કર્ષ માટે ઝઝૂમી રહ્યા છે. આપણે પણ તે અભેદની ભાવનાથી આપણા સર્વ ભેદો અને રાગદ્વેષો ભૂલીને મોકળા હૃદયે તેમનું સ્વાગત કરીએ. તેમનો સંદેશો ઝીલીને આપણે ગુજરાતને નવો જ બનાવી દઇએ અને વિશ્વ શાંતિના મહાન કાર્યમાં આગળ રહીએ. તો જ આપણે મહાન યાત્રાળુને તૃપ્તિ આપી શકીશું. ગાંધીજીના આ આધ્યાત્મિક વારસનું સાચું સ્વાગત કરવું એ ગાંધીજીના ગુજરાતના ગજા બહારનું નથી. અમે સર્વ ગુજરાતીઓને અપૂર્વ ઉત્સાહથી અને પૂર્ણ ભક્તિથી સંતનું સ્વાગત કરવા નિમંત્રીએ છીએ.

રવિશંકર મહારાજ નાનાભાઈ ભટ્ટ
(પંડિત) સુખલાલજી સંઘવી

થીજેલા ધ્રુવસાગરના પેટાળમાં અણુ-સબમરીનની સાહસયાત્રા

(અમેરિકન અણુ-સબમરીન 'નૉટીલસ' પેસીફીક મહાસાગરમાં આવેલા પર્લ હાર્બરથી ઉપડી અને યુરોપ-એશીઆને જોડતી બેહરીનની સામુદ્રધુનીમાં થઇને ઉત્તર ધ્રુવ સાગરનો થીજેલો પ્રદેશ તેના પેટાળમાં થઇને તેણે આરપાર પસાર કર્યો અને ઉત્તર અમેરિકાની ઇશાન દિશાએ આવેલ આઇસલેન્ડ પાસે તે અટકી. આ અભૂતપૂર્વ પ્રવાસની અને કલ્પનાતીત સાહસની રોમાંચક કથા તા. ૩૧-૮-૫૮ ના જન્મભૂમિ પ્રવાસીમાંથી સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. આવી અપૂર્વ સિદ્ધિ માટે 'નૉટીલસ' ના કેપ્ટન કમાન્ડર ડબ્લ્યુ. આર. એન્ડરસનને અનેક ધન્યવાદ ઘટે છે. (આ બ્લોક પણ જન્મભૂમિ-પ્રવાસી તરફથી ઉપયોગ માટે મળેલ છે.) તંત્રી)



અમેરિકાની બે અણુસબમરિનો ઉત્તર ધ્રુવના થીજેલા મહાસાગરમાં બરફના વિરાટ પટ નીચે સરકતી, ઉત્તર ધ્રુવ ઉપરથી હેમખેમ પસાર થઈ ગઇ છે. રશિયાએ પહેલો સ્પુતનિક ચડાવ્યો તે પછી આ એક મહાન બનાવ છે. સાગરના પેટાળમાં સબમરિનની સફરની તવારીખમાં આ બનાવ અજોડ છે/ તેનું લશ્કરી અને વ્યાપારી મહત્ત્વ માણસના મનને ઉત્તેજિત કરી મૂકે છે.

અમેરિકનોએ બંને ધ્રુવ ઉપર ઘણાં પરાક્રમો કર્યાં છે. વિવિધ દેશોના સેંકડો સાહસવીરો કમકમાટી ભરેલા મૃત્યુને ભેટયા પછી ઉત્તર ધ્રુવ ઉપર વિજયધ્વજ ફરકાવનાર પીઅરી અમેરિકન હતો. દક્ષિણ ધ્રુવ પર વિજયધ્વજ નોર્વેના આમુંદસને અને પછી બ્રિટનના દુર્ભાગી સ્કોટો ફરકાવ્યો, પણ દક્ષિણ ધ્રુવ ખંડનું વધુમાં વધુ અન્વેષણ અને સંશોધન અમેરિકનોએ કર્યું છે. અમેરિકાના ડિક બાયર્ડ દક્ષિણ ધ્રુવ ઉપરાંત ઉત્તર ધ્રુવ ઉપર ઘણું સંશોધન કર્યું છે.

રોમાંચક સાહસ

કેટલાય બહાદુરો ઉત્તર ધ્રુવ પર પોતાના દેશનો વાવટો ફરકાવવાના નિષ્ફળ પ્રયાસમાં માર્યા ગયા અને કેટલાએ અકથ્ય યાતનાઓ સહન કરી! એ કૃતનિશ્ચયી વીર પુરુષોની યાદ આજનો બનાવ તાજી કરે છે. પણ હજી સુધી કોઇ માણસ જહાજમાં બેસીને ઉત્તર ધ્રુવ પહોંચ્યો નથી. કારણ કે ઉત્તર ધ્રુવ સમુદ્રમાં હોવા છતાં તેની સપાટી હંમેશાં થીજેલી રહે છે. એ થીજેલી, જાડી, વિશાળ સપાટી નીચેથી સબમરિન પસાર થઈ જાય એ કેવું રોમાંચક સાહસ છે!

જુલે વર્નની કલ્પના

વૈજ્ઞાનિક સાહસકથાઓ લખનાર મહાન ફ્રેંચ લેખક જૂલે વર્ને લગભગ સો વર્ષ પહેલાં એક સાગરકથા લખી હતી જેમાં ૧૮૫૭ના બળવામાં હારેલો એક હિન્દી રાજા કેપ્ટન નેમો એક સબમરિન લઇને આ જગતનો હંમેશ માટે ત્યાગ કરે છે અને સમુદ્રની વિસ્મયકારક સૃષ્ટિમાં ઊતરી જાય છે. ત્યારે હજી લોકોને ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવની ભૂગોળની કંઇ ખબર ન હતી. આથી જૂલે વર્નની સબમરિન દક્ષિણ ધ્રુવ નીચેથી પસાર થઈ હતી અને બરોબર ઉત્તર ધ્રુવ ઉપર જ્વાળામુખીના મુખમાં વાવટો ફરકાવવા જૂલે વર્ને પોતાના પાત્ર કેપ્ટન હેટેરાસને ચડાવ્યો હતો! વાસ્તવમાં દક્ષિણ ધ્રુવ ઉત્તર યુરોપથી મોટો ખંડ છે, અને ઉત્તર ધ્રુવ દરિયામાં જ છે. કેપ્ટન નેમોની સબમરિનનું નામ નૉટિલીસ હતું અને તેથી અમેરિકાએ પોતાની પહેલી અણુસબમરિનનું નામ પણ નૉટિલસ રાખ્યું છે. (નૉટિલસ શિરોપાદ વર્ગનો મેષશૃંગી દરિયાઇ જીવ છે જે ઘેટાના ચક્રાકાર વળી ગયેલા શિંગડા જેવા શંખમાં રહે છે અને પીચકારી મારીને પાણીમાં ગતિ કરે છે.)

કેવી ગુપ્તતા!

નૉટિલસે ગયે વર્ષે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ઉત્તર ધ્રુવ મહાસાગરમાં બરફના પટ નીચે પ્રવેશ કરીને આરપાર નીકળી જવાની શક્યતા તપાસી હતી, ત્યારે તે ધ્રુવથી માત્ર ૧૮૦ માઇલ દૂર રહી હતી! ત્યારે તેના એ પરાક્રમનો ઉલ્લેખ આ પાના પર કરવામાં આવ્યો હતો. આ વર્ષે તેણે નીચે ધ્રુવ અને ઉપર તરતા બરફના સેંકડો માઇલ લાંબા મેદાનની વચ્ચેથી મહાસાગરના પેટાળ સોંસરવા નીકળી જવાના સાહસમાં ઝંપલાવ્યું ત્યારે તેના ખુદ ૧૧૬ ખલાસીઓમાંથી થોડાને જ ખબર હતી કે તેઓ એક મહાન સાહસ કરવા જઈ રહ્યા છે! અમેરિકામાં પણ આંગળીને વેઢે ગણાય એટલા માણસોને જ જાણ હતી કે નૉટિલસ ક્યાં જઇ રહી છે!

મધરાતે પ્રયાણ

ગયા જુલાઇની ૨૩મી તારીખે મધરાતે બે વાગે પ્રશાન્ત મહાસાગરમાં પર્લ હારબર ટાપુના બંદરમાંથી નૉટિલસ હંકારી ગઇ ત્યારે એમ જાહેર કરવામાં આવ્યું હતું કે તે પનામા નહેરમાં થઇને આટલાન્ટિક મહાસાગરમાં જઈ રહી છે! હા, તે આટલાન્ટિક મહાસાગરમાં જતી હતી ખરી, પણ પનામાને રસ્તે નહિ. તે એવા માર્ગે જઈ રહી હતી કે જ્યાં જવાની કોઇએ કલ્પના નહોતી કરી! તે મધરાતે તેની ૮,૧૪૬ માઇલ લાંબી મહાન યાત્રા શરૂ થઈ!

નિર્માતાની આગાહી

ગયા ડિસેમ્બરમાં નૉટિલસના નિર્માતા રીઅર એડમિરલ હાઇમેન રીકોવરે કહ્યું હતું કે "બહુ દૂરના નહિ એવા ભવિષ્યમાં નૉટિલસ ઇતિહાસના એક સૌથી મહાન સાહસમાં ઝંપલાવશે એમ કહેવાની હું હિંમત કરું છું." બહુ દૂરનું નહિ એવું ભવિષ્ય જુલાઇની ૨૩ મી તારીખે આવી પહોંચ્યું. પર્લ હારબરમાંથી નીકળીને નૉટિલસ ડૂબકી મારી ગઈ અને દક્ષિણ-પૂર્વમાં હંકારવાને બદલે ઉત્તર તરફ હંકારાવા લાગી. જો તેના કોઈ અજાણ્યા ખલાસીએ તે વખતે નૉટિલસનું હોકાયંત્ર જોયું હોત તો તે આભો બની જત!

પહેલો વિક્રમ

નૉટિલસે પહેલો વિક્રમ કર્યો! પર્લ હારબરથી બેહરિંગની સામુદ્રધુનિ સુધી ૨,૯૦૦ માઇલનો પ્રવાસ નૉટિલસે દરિયાના પેટાળમાં રહીને જ કર્યો! તેની ઝડપ સરેરાશ કલાકના લગભગ ૨૦ દરિયાઇ માઇલની હતી.

બેહરિંગ સામુદ્રધુનિ અમેરિકા અને એશિયાના ખંડોને જુદા પાડે છે અને પ્રશાન્ત તથા ઉત્તર ધ્રુવ મહાસાગરને જોડે છે. જ્યાં તે વધુમાં વધુ સાંકડી છે ત્યાં તેની પહોળાઈ ૩૮ માઇલ છે. બેહરિંગથી ઉત્તર ધ્રુવ મહાસાગરમાં થઇને આટલાન્ટિકમાં આવવા ને આટલાન્ટિકમાંથી તે જ માર્ગે પ્રશાન્તમાં આવવા ભૂતકાળમાં ઘણા નિષ્ફળ પ્રયાસો થયા છે અને અનેક માણસો તેમાં માર્યા ગયા છે, અનેક ખુવાર થયા છે. કારણ કે તમે બેહરિંગમાં દાખલ થાવ એટલે દરિયો બરફમય

થવા લાગે છે. એની રીતે તમે આટલાન્ટિકમાંથી ઉવીસની સામુદ્રધુનિમાં દાખલ થાવ એટલે સમુદ્ર બરફમય બની જાય છે.

બેહરિંગની સામુદ્રધુની

અત્યારે બેહરિંગની સામુદ્રધુનિનું લશ્કરી મહત્ત્વ ઘણું છે. સામસામે કાંઠે રશીઅનો અને અમેરિકનો એક્યીન્દના દેશમાં ડોકિયાં કરવા. જાસૂસી કરવા રેડાર મથકો સ્થાપીને બેઠા છે, એકબીજાના દેશ પર લડાઈ વખતે આક્રમણ કરવા અહીં વિમાની અને રોકેટ મથકો પણ હશે. રશિયનોને જાણ થયી ન જોઇએ કે 'નોટિલસ' અહીંથી પસાર થઇ રહી છે. આથી તે સાગરના પેટાળમાં જ સરકતી રહી. માત્ર ૩૦ સેકન્ડ માટે તેણે પોતાના રેડારનું એરીઅલ બહાર કાઢયું હતું. પોતે તો ડૂબેલી જ રહી. તે એલાસ્કા (અમેરિકા) ના પ્રાદેશિક જળવિસ્તારમાં જ રહીને બેહરિંગની સામુદ્રધુનિ ઓળંગી ગઈ. આ ઋતુમાં પણ ત્યાં કાંઠા પાસેના અખાતો અને ઉપસાગરોમાં બરફ જામેલો રહે છે!

પહેલી વાર બહાર આવી

પર્લ હારબરથી નીકળ્યા પછી નોટિલસ હજી પાણીની સપાટી ઉપર નહોતી આવી. એલાસ્કાની ઉત્તરે ઉત્તર ધ્રુવ મહાસાગરમાં આવ્યા પછી તે બહાર આવી. આ બધો પ્રદેશ, જળવિસ્તાર અને ટાપુઓ અમેરિકાનાં રેડાર મથકો વડે આવરી લેવામાં આવેલ છે. રેડાર મથકો Dew (Distart Enemy Warning) ના નામે ઓળખાય છે. રશિયાના અણુચિંતવ્યા આક્રમણના ભય સામે એ તકેદારી છે. નોટિલસે સપાટી ઉપર આવીને એવા એક રેડાર મથક સાથે સંપર્ક સાધ્યો અને પછી પાછી ડૂબકી મારી ગઈ.

હવે નોટિલસની રોમાંચક યાત્રા શરૂ થઇ. તે બાર હજાર ફીટ ઊંડા ઉત્તર મહાસાગરમાં કલાકના ૨૦ દરિયાઈ માઇલ કરતાં વધુ ઝડપથી ૪૦૦ ફીટ ઊંડે ધસમસી રહી છે. બેહરિંગ સામુદ્રધુનિ દરિયામાં એક ખીણ છે જે પહોળી થઇને ઉત્તર ધ્રુવ મહાસાગરમાં મળી જાય છે. ધ્રુવ મહાસાગરને બે ભાગમાં વહેંચી નાખતી લોમોનોસોવ નામની પર્વતમાળા નવ હજાર ફીટ ઊંડે છે. નોટિલસ આવા મહાસાગરમાં દાખલ થઇ. અહીં માત્ર હોકાયંત્ર વડે હંકારી શકાય નહિ. આથી અમેરિકનોએ વિશિષ્ટ પ્રકારનાં યંત્રો બનાવ્યાં છે, જેમની મદદથી ધ્રુવ મહાસાગરમાં બરફની નીચે પણ હંકારી શકાય અને ભુલા ન પડાય.

છ માસનો દિવસ

નોટિલસમાં સાગરના તળિયાની ઊંડાઇ અને સપાટીની ઉંચાઇ માપવાનાં દસ યંત્રો છે. તેઓ ઊંડાઇ અને ઊંચાઈ સતત જણાવ્યા કરે અને કેપ્ટન એન્ડરસન તેમની ઉપર મીટ માંડી રહેલ છે. ઉપર બરફના પટની જાડાઇ આસરે બાર ફીટ છે, પણ કેટલેક ઠેકાણે બરફની તરતી ટેકરીઓ ૫૦ ફીટની ઊંડાઇ સુધી ડૂબેલી છે. સાગરને તળિયે ટેકરીઓ છે, ડુંગરો છે, ખીણો છે, મેદાનો છે, અને વિશાળ પર્વતો પણ છે, જેમની ટોચ ટાપુરૂપે બહાર નીકળે છે. ઉત્તર ધ્રુવ પ્રદેશનો આ લાંબો દિવસ છે, અને નોટિલસ ઉત્તરમાં અને વધુ ઉત્તરમાં જઇ રહી છે, જ્યાં છ માસ સુધી દિવસ રહે છે.

ઉત્તર ધ્રુવ ઉપર!

પર્લ હારબરથી હંકાર્યે આજે બારમો દિવસ છે. ઉસ્તાદ માલમો (navigtors) દિશા–સ્થાન (bearing) માપી રહેલ છે. આજે ઓગસ્ટની ત્રીજી તારીખ છે. "રાત" ના બરાબર સવા અગિયાર વાગે દિશા–સ્થાન માપનાર માલમે હર્ષના પોકારો વચ્ચે જાહેર કર્યું કે નોટિલસ બરોબર ઉત્તર અક્ષાંશ ૯૦ ઉપર એટલે કે ઉત્તર ધ્રુવ ઉપર મહાસાગરના પેટાળમાં તરી રહી છે! તે સ્થિર પડી રહી અને તેના ઊંડાઇ–માપક યંત્રોએ જાહેર કર્યું કે અહીં મહાસાગર ૧૩,૪૧૦ ફીટ ઊંડો છે! આ પહેલાં અહીં ઉપર સપાટી પરથી મહાસાગરની ઊંડાઇ ૧૧,૪૮૦ ફીટ માપવામાં આવી હતી. મેં તમને 'રાત'ના સવા અગ્યાર કહ્યા, પણ અહીં રાત જ ક્યાં છે? અહીં ચોવીસે કલાક દિવસ છે. અહીં ૬ મહિનાનો દિવસ છે. આથી ઉપર 'મધ્યરાત'ના સૂર્યના તેજમાં ઘોળકાતા હિમપટની સફેદ ઝાંય જોઇ શકાય છે. બલાસીઓ ઉપરના હિમપટનું ચિત્ર ટેલીવિઝન વડે જોઇ શકે છે.

અલૌકિત જગત

તમે 'નોટિલસ'ના બહાદુર નાવિકોના રોમાંચક હર્ષની કલ્પના કરી શકો છો. તેઓ દિવસોથી એક અલૌકિક જગતમાં અને અલૌકિક સૃષ્ટિ વચ્ચે વસે છે. કંટાળો ન આવે તે માટે તેમના મનોરંજન માટે ત્રીસ કરતાં વધુ ફિલ્મો છે અને ખાણાપીણીની કશી ખોટ નથી. મહાસાગરના પેટાળમાં એક અણુસબમરીનમાં આપી શકાય એટલો બધો વૈભવ તેમના માટે છે!

કમાન્ડર એન્ડરસને પ્રમુખ આઇઝનહોવર પર અહીંથી એક પત્ર લખ્યો:

"બ્હાલા પ્રમુખ, મને આશા છે કે આપ અમેરિકાને મહત્ત્વના એવા આ સાગરપ્રવાસના સ્મરણરૂપે આ પત્રનો સ્વીકાર કરશો.
એન્ડરસન, કમાન્ડર, નોટિલસ. મુકામ ઉત્તર ધ્રુવ. સમય ક. ૨૩–૧૫."

અહીં ઉત્તર ધ્રુવ ઉપર અને ધ્રુવ સાગરના પેટાળમાં આશરે ૪૦૦ ફીટ નીચે એક ભવ્ય ભોજનસમારંભ ગોઠવવામાં આવ્યો. અહીં નવા નાવિકોને તેમના અધિકારપત્રો આપવામાં આવ્યા. દુનિયામાં ધ્રુવ ઉપર અને તે પણ ધ્રુવ મહાસાગરના પેટાળમાં અધિકારપત્રો મેળવનારા તેઓ પહેલા નાવિકો છે! ઉત્તર ધ્રુવ ઉપર કદી ૧૧૬ માણસો સપાટી ઉપર પણ ભેગાં થયા નથી. નવા વિક્રમોની આ પરંપરા છે. આમ આ ભવ્ય સમારંભ ઉજવીને નોટિલસ પાછી હંકારવા લાગી. ધ્રુવ મહાસાગરમાં પ્રવાસ દરમ્યાન તેણે ૧૧,૦૦૦ ઠેકાણે ઊંડાઇ માપી હતી! તેણે ચાર દિવસમાં બરફના પડ નીચે ૧,૮૩૦ માઇલનો પ્રવાસ કર્યો હતો.

મૌન તોડયું!

છત્રીસ કલાક પછી નોટિલસ ગ્રીનલેન્ડ અને સ્પીત્સબર્ગન વચ્ચે સમુદ્રના પેટાળમાંથી બહાર આવી. પર્લ–હારબર (હવાઈ ટાપુ) થી હંકાર્યા પછી નોટિલસ મૂંગી રહી હતી. તેણે કોઇને રેડિયો સંદેશો નહોતો મોકલ્યો. (ડુબકી મારી ગયેલી સબમરીન રેડિયો સંદેશો મોકલી શકે પણ નહિ.) ચૌદ દિવસ પછી તેણે અમેરિકન નૌકાદળને સંદેશો મોકલ્યો કે અમે ધ્રુવ આરપાર થઇને બહાર નીકળ્યા છીએ!

પ્રમુખ આઇઝનહોવર પોતે આ મહાન સાહસમાં ઊંડો રસ લઇ રહ્યા હતા. કમાન્ડર એન્ડરસન અમેરિકાથી હંકારી ગયા તે પહેલાં પોતે પ્રમુખને મળીને આ યોજનાથી તેમને વાકેફ કર્યા હતા. આથી યોજના મુજબ જ્યારે નોટિલસ આઇસલેન્ડથી તેર માઇલ દૂર રહી ત્યારે આઇસલેન્ડમાં અમેરિકન લશ્કરી મથકેથી એક હેલીકોપ્ટર આવ્યું, તે સબમરીન ઉપર ઝઝૂમતું રહ્યું. તેણે પ્રમુખ આઇઝનહોવરનો ધન્યવાદનો લેખિત સંદેશો આપ્યો. કમાન્ડર એન્ડરસન તેમાં ચડી જતાં હેલીકોપ્ટરે તેમને આઇસલેન્ડમાં ઉતાર્યા. ત્યાંથી વિમાનમાં તેમને અમેરિકાના પાટનગરમાં ઉતારવામાં આવ્યા, અને નોટિલસે તો બ્રિટન જવા પોતાનો પ્રવાસ ચાલુ રાખ્યો.

"અમે ડઘાઈ ગયા છીએ!"

કમાન્ડર એન્ડરસને પ્રમુખ આઇઝનહોવરને મળીને આ મહાન પ્રવાસનું વર્ણન કર્યું. પ્રમુખ તરફથી જાહેર સમારંભમાં એન્ડરસનને માનચાંદ આપવામાં આવ્યાં. પત્રકારોને તેમણે કહ્યું: "અમને જે સફળતા મળી છે તેથી અમે જરા ડઘાઈ ગયા છીએ!"

અને કમાન્ડર એન્ડરસન પાછા વિમાનમાં બેસી પોતાની સબમરિનમાં જોડાવા ઊપડી ગયા.

અમેરિકાએ જ્યારે વાજબી ગૌરવ અને ગર્વપૂર્વક આ પરાક્રમની જગતને જાણ કરી ત્યારે જગત પણ જરાક નહિ, સારી રીતે ડઘાઈ ગયું. કારણ કે આ સાહસનું નાગરિક અને લશ્કરી મહત્ત્વ જાણકારોને વિચાર કરતા કરી મૂકે છે. આ સાહસ એમ બતાવી આપે છે કે

રશિયાના ઉત્તર કાંઠાનું રક્ષણ કરતો હિમાચ્છાદિત ઉત્તર ધ્રુવ મહાસાગર રશિયાનું રક્ષણ નથી કરતો. અમેરિકન અણુસબમરિનો બરફના પટ નીચે સોંસરવી ગુપચુપ રશિયાના ઉત્તર કાંઠા સુધી પહોંચી શકે અને ત્યાંથી સ્વયંસંચાલિત રોકેટો વડે અણુ-હાઇડ્રોજન બોમ્બ ધારેલાં લક્ષ્યસ્થાનો પર ફેંકી શકે.

આવતી કાલનો વહેવાર

નાગરિક દૃષ્ટિએ નોટિલસની આ યાત્રા બતાવે છે કે આવતી કાલનો કેટલોક માલવ્યવહાર દરિયાની સપાટી પર નહિ પણ સમુદ્રના પેટાળમાં ચાલશે! એ રસ્તો કેટલેક ઠેકાણે તો ટુંકો અને સરળ છે. સપાટી પર જતાં જહાજને માટે લંડનથી ટોકિયો ૧૧,૨૦૦ માઇલ થાય છે. જો સબમરિન ઉત્તર ધ્રુવ મહાસાગર અને બેહરિંગ સામુદ્રધુનિમાં થઇને જાય તો ૬૩૦૩ માઇલ થાય! અરધો રસ્તો કપાઇ જાય! સ્વીડને જ્યારથી ઉત્તર ધ્રુવ ઉપરથી નાગરિક વિમાની વ્યવહાર શરૂ કર્યો ત્યારથી ઉત્તર ધ્રુવ હવે ભેંકાર બરફસ્તાન નથી રહ્યો. યૂરોપ અને જાપાન વચ્ચે સ્વીડનનો વિમાની વ્યવહાર ઉત્તર ધ્રુવ પ્રદેશના આકાશમાં ચાલે છે.

નોટિલસના આ સાહસ પછી અમેરિકાની એક બીજી અણુ-સબમરિન 'સ્કેઇટ' પણ ઉત્તર ધ્રુવ ઉપરથી બરફના પટ નીચેથી પસાર થઇ ગઇ. તેણે વિરુદ્ધ દિશામાં પ્રવાસ કર્યો. 'સ્કેઇટ'ની આ સફળ યાત્રા બતાવે છે કે નોટિલસનું પરાક્રમ કોઇ સુખદ અકસ્માત નહિ, પણ અમેરિકાના વિજ્ઞાને વ્યવહારુ બનાવેલું સાહસ હતું.

("જન્મભૂમિ અને પ્રવાસી" માંથી સાભાર ઉધ્ધૃત.)

પાયાનો અભિગમ: Basic Approach

(આજથી આશરે સવાબે મહીના પહેલાં મહાત્મા જવાહરલાલ નહેરુએ એક વિચારનોંધ તૈયાર કરેલી અને તે કેટલાક અંગત મિત્રોને વાંચવા માટે મોકલવામાં આવેલી. આજના અનેક મહત્વના પ્રશ્નોની તેમાં ચર્ચા કરવામાં આવેલી હોઇને તેને વ્યાપક પ્રસિદ્ધિ મળે એમ આ નોંધ જેમના ઉપર મોકલવામાં આવેલી તેમાંના કેટલાક મિત્રો ઇચ્છતા હતા. એ વખતે આ વિચાર નોંધ પ્રગટ કરવાની જવાહરલાલ આનાકાની કરતા હતા. પણ મિત્રોના આગ્રહને વશ થઇને આખરે એ નોંધ પ્રસિદ્ધ કરવાને તેઓ સંમત થયા અને તેમની અનુમતિપૂર્વક એ વિચાર નોંધ એ. આઈ. સી. સી. ધ્રુકોનોમિક રીવ્યુના ૧૫ મી ઓગસ્ટના અંકમાં પ્રગટ કરવામાં આવી. નીચે તેનો અનુવાદ આપવામાં આવ્યો છે.

જવાહરલાલનાં ભાષણો અનેકવાર આપણા વાંચવામાં આવ્યા છે. અને તેના અનુવાદો પણ પ્રબુધ્ધ જીવનમાં અવાર નવાર પ્રગટ થતા રહ્યા છે. પણ એ ભાષણોથી આ લખાણની ભાત તદ્દન જુદી છે. આની અંદર જવાહરલાલના મગજમાં ચાલી રહેલા અનેક બાબતોને લગતા ગાઢ ચિન્તનનું અથવા તો વૈચારિક પ્રક્રિયાનું સીધું પ્રતિબિંબ છે, અને તેવી પ્રક્રિયામાં જે થોડી અસ્તવ્યસ્તતા અથવા તો અસ્પષ્ટતા રહેલી હોય છે તે આ લખાણમાં પણ જોવામાં આવે છે. એ જ ત્રુટિ અનુવાદમાં પણ ઉતરી આવે એ સ્વાભાવિક છે, જવાહરલાલની વિચાર-પ્રક્રિયાનો આમાં આપણને સીધો પરિચય થાય છે. તૈયાર કરેલાં ભાષણોમાં સમારકામને લીધે જે સુઘડતાભર્યો ઉઠાવ દૃષ્ટિગોચર થાય છે તે આમાં નથી, પણ ઘેરા ચિન્તનની પારદર્શક નૈસર્ગિકતાનું આમાં આપણને આહ્લેહુબ દર્શન થાય છે. **પરમાનંદ**)

૧. આપણે અનેક આન્તર્ગત સમસ્યાઓનો આજે સામનો કરવાનો છે, ઉકેલ લાવવાનો છે. પણ આન્તર્ગત સમસ્યાઓની વિચારણા આપણને ચિન્તનના વિશાલતર પ્રદેશમાં અનિવાર્યપણે ખેંચી જાય છે. આપણને સ્પષ્ટ દર્શન ન હોય અથવા તો આપણી સામેના પ્રશ્નો વિષે આપણા મનમાં સ્પષ્ટતા ન હોય તો જે મુંઝવણમાં આજની દુનિયા સપડાયેલી છે તે મુંઝવણમાંથી આપણે બહાર નીકળી નહિ શકીએ. મને એ પ્રકારનું સ્પષ્ટ દર્શન છે અથવા તો આપણા મુખ્ય સવાલોના મારી પાસે સ્પષ્ટ જવાબો છે એવો મારો દાવો નથી. પૂરી નમ્રતાપૂર્વક હું જે કહી શકું તેમ છું તે એટલું જ છે કે, આ સવાલો વિષે મારા મનમાં સતત ચિન્તન ચાલ્યા જ કરે છે. એક રીતે હું એમ કહું કે જે લોકો ચોક્કસ ખ્યાલો ધરાવે છે અને તેથી આજની સમસ્યાઓ વિષે જેમને ઊંડા ઉતરીને વિચાર કરવાની જરૂર લાગતી નથી તેવા લોકોની મને ઇર્ષ્યા આવે છે. કોઇ ચોક્કસ ધર્મનો સ્વીકાર અથવા તો ચોક્કસ વિચારવાદનું આ પરિણામ હોય એમ બનવા જોગ છે, પણ જે માનસિક સંઘર્ષો મહાન સંક્રાન્તિકાળના હંમેશા સહચારી રહ્યા છે તેવા માનસિક સંઘર્ષો આવા લોકોને કદિ પીડતા નથી.

૨. અને એમ છતાં, જો કે ચોક્કસ ખ્યાલો હોવા અને તેના પરિણામે ખુશખુશાલ રહેવું તે વધારે સગવડભર્યું હોય તો પણ, આવી માનસિક સ્થિતિ ઇચ્છવા યોગ્ય નથી અને તેમાંથી માત્ર સ્થગિતતા અને જર્જરિતતા જ પેદા થાય છે. માનવીના જીવનમાં આજે જે ભીષણ ઝડપે પરિવર્તન થઈ રહ્યું છે તે આજની પાયાની હકીકત છે. મારા પોતાના જીવનમાં મેં આશ્ચર્યજનક ફેરફારો અનુભવ્યા છે, અને મને ખાત્રી છે કે હવેની પેઢીના જીવનકાળ દરમિયાન, જો માનવજાત અણુયુધ્ધવડે ધેરાઇ ન જાય અને તેનો વિનાશ ન થાય તો, આ ફેરફારો હજુ પણ વધારે મોટા પ્રમાણમાં થવાના છે.

૩. આજે ભૌતિક દુનિયા ઉપર માનવી મન જે ઉત્તરોત્તર કાબુ મેળવતું ચાલ્યું છે અને તેને લગતી સમજણમાં જે પ્રગતિ સાધતું રહ્યું છે તેના જેટલી ધ્યાન ખેંચે એવી આજના સમયમાં બીજી કોઇ બાબત નથી. માણસે બાહ્ય સંયોગોનો શિકાર બનવાની, સંપૂર્ણતયા નહિ તો બહુ મોટા પ્રમાણમાં, હવે જરૂર રહી નથી. જ્યારે એક બાજુએ બાહ્ય સંયોગો ઉપર આ પ્રકારે માણસ જાતનો કાબુ વધતો જાય છે, ત્યારે બીજી બાજુએ સાથે સાથે માણસમાં સમગ્રપણે નૈતિકતાના અને આત્મ-સંયમને અભાવનું આપણને વિચિત્ર દર્શન થઇ રહ્યું છે. ભૌતિક દુનિયા જીતી રહેલો માનવી પોતાની જાતને જીતવામાં નિષ્ફળ નીવડે છે.

૪. આજના એટમિક (અણુપ્રધાન) અને સ્પુટ્નીક યુગની આ કરુણાજનક પરસ્પર વિરોધી પરિસ્થિતિ છે. આજે અણુબોંબના પ્રયોગો ચાલી રહ્યા છે, જો કે વર્તમાન માટે તેમજ ભવિષ્ય માટે તે ભારે નુકસાનકર્તા છે એમ આજે સારી રીતે સ્વીકારાયલું છે—આ આજની હકીકત દ્વારા, વળી સામુહિક સંહારનાં સર્વ પ્રકારનાં શસ્ત્રો પેદા કરવામાં આવે છે અને એકઠાં કરવામાં આવે છે, જો કે તેનો ઉપયોગ આખી માનવજાતનો સંહાર કરશે એ સર્વત્ર સ્વીકારાયલું છે. આ હકીકતદ્વારા આજની પરસ્પરવિરોધી પરિસ્થિતિ સૌ કોઇને સ્તબ્ધ કરી મૂકે એવા આકારમાં આપણી સમક્ષ રજુ થાય છે. માનવજાતનો ઘણો મોટો ભાગ સમજી શકે તે મર્યાદાને વટાવીને વિજ્ઞાન કુદકે ને ભુસકે આગળ વધી રહ્યું છે, અને આપણામાંના ઘણા ખરા સમજી શકીએ તો પણ ઉકેલી તો ન જ શકીએ એવી સમસ્યાઓ આપણી સમક્ષ તે ઉપસ્થિત કરી રહેલ છે. તેને લીધે જ આજના વખતના આન્તર્ગત સંઘર્ષો અને બેચેની પેદા થયેલ છે. એક બાજુએ વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં અને તેના વૈવિધ્યભર્યા પરિણામોમાં ન કલ્પી શકાય એવી પ્રગતિ થઇ રહી છે અને બીજી બાજુએ માનવ સભ્યતા નિષ્પ્રાણ, શુન્યમનસ્ક, હીનસત્ત્વ બની રહી છે.

૫. ધર્મ બુદ્ધિવાદ સાથે અથડામણ અનુભવી રહ્યો છે. ધર્મ અને સામાજિક રૂઢિપરંપરાદ્વારા નિર્માણ થયેલા શિસ્તના ખ્યાલો હળવા ઢીલા, નિર્મૂળ બની રહ્યા છે અને તેની જગ્યા લે તેવા અન્ય પ્રકારના નૈતિક યા તો આધ્યાત્મિક શિસ્તના ખ્યાલો નિર્માણ થતા નથી. આજે જે પ્રકારે આચરણમાં મૂકાઇ રહ્યો છે તે પ્રકારનો ધર્મ કાં તો આપણા ચાલુ સ્વાભાવિક જીવન સાથે અસંબધ્ધ એવી બાબતો સાથે અનુસંધિત બન્યો છે, અને એ રીતે પોતે પોતામાં સંતુષ્ટ એ

પ્રકારનું વલણ–an ivory–tower attitude–ધારણ કરે છે, અથવા તો એવા ચોક્કસ સામાજિક રીતરીવાજો સાથે સંબંધ ધરાવે છે કે જે આજના યુગ સાથે બંધબેસતા થતા નથી. બુદ્ધિવાદ–તર્કવાદ–બીજી બાજુએ, તેનાં પોતાના ગુણો–લાભદાયી તત્ત્વો–ધ્યાનમાં લેવામાં આવે તો પણ, વસ્તુના હાર્દને પહોંચવાને બદલે કાંઇક ઉપર ઉપરથી સ્પર્શતો હોય એમ લાગે છે. વિજ્ઞાન આજે એ કક્ષાએ પહોંચેલ છે કે તેમાં અનેક નવી ભવ્ય શકયતાઓના અને ગૂઢ રહસ્યોના પ્રગટીકરણની આશા ઉભી થાય છે. જડ દ્રવ્ય, શકિત અને દિવ્ય તત્ત્વ–matter and enegy and spirit–એકમેકને આવરી લેતાં લાગે છે.

૬. પુરાતન કાળમાં જીવન વધારે સાદું અને કુદરત સાથે વધારે સંવાદી હતું. હવે તે વધારે ને વધારે જટિલ અને વધારે ને વધારે ગતિશીલ–ધમાલવાળું–જેમાં વિચારવાને કે સવાલ પૂછવાને અવકાશ ન હોય એ પ્રકારનું બની રહ્યું છે, વૈજ્ઞાનિક શોધોએ power and energy–શકિત અને તાકાત–ભારે બહોળા પ્રમાણમાં પેદા કરી છે, જેનો ઘણી વખત અનિષ્ટ હેતુઓસર ઉપયોગ કરવામાં આવે છે.

૭. એ પુરાણો પ્રશ્ન જે માનવજાત સામે સદીઓથી ઉભો હતો તે આજે પણ આપણી સામે ઉભો છે: જીવનનો અર્થ શું છે? શ્રદ્ધાનું જેમાં પ્રાધાન્ય હતું એ પુરાણા દિવસો આજે અપૂરતા લાગે છે, આપણા માટે તે દિવસો માર્ગદર્શક બની શકતા નથી, સિવાય કે આજના પ્રશ્નોનો આપણને કોઇ ઉકેલ જડે એવું કાંઇક તેમાંથી મળી આવે. સતત બદલાતી દુનિયામાં, આપણું જીવન આ ફેરફારો અને ઘટનાઓ સાથે બંધ બેસતું–સુસંવાદી–હોવું જોઇએ. આ સંવાદિતાનો અભાવ જ મુશ્કેલીઓ અને ઘર્ષણો પેદા કરે છે.

૮ અનેક વિશિષ્ટ ગુણો ધરાવતી પુરાતન સભ્યતાઓ આજે દેખીતી રીતે ઉણી–અપૂરતી–પુરવાર થઈ છે. તેની સિદ્ધિઓ અને જીતો અને તેના અણુબોંબપૂર્વકની આજની પશ્ચિમી સભ્યતા પણ અપૂરતી લાગે છે, અને તેથી અંદરથી એવું સંવેદન અનુભવાય છે કે, આપણી સભ્યતામાં જ કાંઇક દોષ છે, કાંઇક ખુટે છે. જરૂર, આપણી સમસ્યાઓ તત્ત્વતઃ સભ્યતાની પોતાની જ સમસ્યાઓ છે. ધર્મે ચોક્કસ પ્રકારનો નૈતિક અને આધ્યાત્મિક શિસ્ત નિર્માણ કર્યો હતો; સાથે સાથે વહેમો અને સામાજિક રૂઢિઓને સમાજમાં જડબેસલાટ બનાવવાનો પણ પ્રયત્ન કર્યો હતો. આ વહેમોએ અને સામાજિક રૂઢિઓએ ધર્મના હાર્દને ચૂંથી નાંખ્યું, ધર્મને નિષ્પ્રાણ સત્ત્વહીન બનાવી દીધો. પરિણામે ધર્મ વિષે અંધશ્રદ્ધા ધરાવતા લોકોની આંખ ઉઘડી; તે વિષે પેદા થયેલી ભ્રમણાઓનો નિરાસ થયો. આ ભ્રાન્તિ–નિરાસની પાછળ સામ્યવાદ આવે છે અને તે લોકમાનસમાં એક પ્રકારની નવી શ્રધ્ધા અને શિસ્તનું નિર્માણ કરે છે અને ધર્મના અભાવમાં ઉભું થયેલ ખાલીપણું vacuume દૂર કરે છે. માનવીના જીવનને અર્થમય purposeful બનાવે છે અને એ રીતે તે અમુક પ્રમાણમાં સફળતાને પ્રાપ્ત કરે છે. પણ આ સફળતા લાંબો વખત ટકતી નથી. અંશતઃ તેમાં રહેલ rigidity ને લીધે, ચોગઠાંબંધીને લીધે, પણ વિશેષતયા માનવપ્રકૃતિની ચોક્કસ પ્રકારની જરૂરિયાતોની તેણે કરેલી અવગણના–ઉપેક્ષાના–કારણે, સામ્યવાદ આખરે નિષ્ફળ નીવડે છે. મુડીવાદી સમાજ રચનાના પરસ્પરવિરોધી તત્ત્વોવિષે સામ્યવાદી સાહિત્યમાં ઘણું વિવેચન–ટીકાટીપ્પણી–જોવામાં આવે છે અને તે પૃથક્કરણમાં સત્ય પણ રહેલું છે. પણ આગળ ચાલતાં સામ્યવાદના પોતાના ચોગઠામાં પણ આપણને વધતા જતા પરસ્પરવિરોધી તત્ત્વો જોવા મળે છે. વ્યક્તિગત સ્વાતંત્ર્યનું તેણે કરેલું દમન બળવાન પ્રત્યાઘાતો પેદા કરે છે. જેને જીવનની નૈતિક અને આધ્યાત્મિક બાજુ કહેવામાં આવે છે તે પ્રત્યેનો તેનો તિરસ્કાર માણસમાં જે કાંઇક પાયાનું તત્ત્વ છે તેનો ઇનકાર કરે છે, એટલું જ નહિ પણ, માણસના આચરણને શિષ્ટ ધોરણો અને મૂલ્યોથી વંચિત બનાવે છે. હિંસા સાથેનું તેનું કમનસીબ અનુસંધાન માનવીમાં ચોક્કસ પ્રકારના અનિષ્ટ વલણને ઉત્તેજન આપે છે.

૯. સોવિયેટ યુનિયનની સિધ્ધિઓમાંથી કેટલીએક સિધ્ધિઓ માટે મને ભારે આદર છે. તે લોકોની શિક્ષણ અને આરોગ્યરક્ષાને લગતી પધ્ધતિઓ કદાચ દુનિયામાં સર્વશ્રેષ્ટ છે. પણ એમ કહેવામાં આવે છે અને તે સાચું પણ છે કે વ્યકિતગત સ્વાતંત્ર્યનું ત્યાં દમન કરવામાં આવે છે. અને એમ છતાં પણ શિક્ષણનો અનેકવિધ પ્રચાર એ પોતે જ એક ભારે જબરદસ્ત આઝાદીપ્રેરક બળ છે, જે સ્વાતંત્ર્યના દમનને આખરે સહન નહિ કરે. આ જ એક બીજું પરસ્પરવિરોધી તત્ત્વ છે. કમનસીબે સામ્યવાદને હિંસાની આવશ્યકતા સાથે અત્યન્ત ગાઢપણે સંલગ્ન કરવામાં આવેલ છે અને આમ બનતાં તેણે દુનિયા સમક્ષ જે વિચાર મૂકયો તે એક દૂષિત વિચાર બની ગયો છે. સાધનોએ સાધ્યને વિકૃત બનાવી દીધું છે. અહિં આપણને ખોટાં સાધનો અને પધ્ધતિઓની બળવાન અસર જોવા મળે છે.

૧૦. મુડીવાદી સમાજરચના હિંસા અને વર્ગસંઘર્ષ ઉપર આધારિત હોવાનું સામ્યવાદ જણાવે છે. મને લાગે છે કે આ આક્ષેપ–આરોપ–પ્રધાનતયા સાચો છે, જો કે લોકશાહીના કારણે તેમજ અન્ય કારણોસર પેદા થએલ સંઘર્ષો અને ઉભી થએલી અસમાનતા નાબુદ કરવાના પ્રયત્નોને લીધે આ મુડીવાદી સમાજરચનામાં ફેરફારો થયા છે અને આજે પણ થઇ રહ્યા છે. પ્રશ્ન તો એ છે કે, આ પરસ્પર વિરોધી વિષયકમાંથી કેમ મુકિત મેળવવી અને સૌ કોઇને સરખી તક મળે એવો વર્ગવિહીન સમાજ કેમ ઉભો કરવો? આ માત્ર હિંસાત્મક પધ્ધતિઓ વડે જ સિધ્ધ થઈ શકે તેમ છે કે શાન્તિમય પધ્ધતિઓદ્વારા આ કોટિના ફેરફારો નિર્માણ કરવાનું શકય છે ખરૂં? સામ્યવાદે તો સ્પષ્ટપણે હિંસાત્મક અભિગમ સાથે પોતાનું જોડાણ જાહેર કર્યું છે. સાધારણ પરિસ્થિતિ દરમિયાન ભલે તે શારીરિક હિંસાનું અવલંબન ન લે તો પણ તેની ભાષા હિંસાની છે, તેનો વિચાર હિંસાયુક્ત છે, અને તેનો ક્રાન્તિનિર્માણ કરવાનો પ્રયત્ન સમજાવટથી કે શાન્તિભર્યા–લોકશાહીદ્વારા પેદા કરેલાં–દબાણો મારફત નહિ પણ, દમનદ્વારા અને ભાંગફોડ અને કતલદ્વારા હોય છે. ફાસીઝમમાં પણ હિંસા અને કતલના આ બધા પહેલુઓ તેના જંગલી સ્વરૂપમાં જોવામાં આવે છે, પણ એ સાથે લોકમાન્ય બની શકે તેવો તેની પાસે કોઇ આદર્શ હોતો નથી.

૧૧. ગાંધીજીએ આપણને જે માર્ગ દેખાડ્યો, શિખવ્યો તેનાથી આ તદ્દન વિપરીત માર્ગ છે. સામ્યવાદીઓ અને બીન–સામ્યવાદીઓ–બન્ને એમ કલ્પતા લાગે છે કે, કોઇ પણ સિધ્ધાન્તનું મજબુત રીતે સમર્થન કરવું હોય તો તે માત્ર હિંસાપૂર્ણ વાણી વડે જ અને જેઓ ન સ્વીકારે તેમને ઉતારી પાડવાથી જ થઇ શકે છે. તે બન્ને માટે અમુક કાં તો તદ્દન કાળું છે અથવા તો તદ્દન ધોળું છે એવા બે અન્તિમ કોટિના વલણ હોય છે; તે બે રંગ વચ્ચેની સુક્ષ્મ ભેદરેખાઓનો તેમને કોઇ ખ્યાલ જ હોતો નથી. કેટલાક ધર્મોમાં જે પ્રકારનું ઝનુનભર્યું વલણ જોવામાં આવે છે તેવું જ જુની ઢબનું ઝનુની વલણ આ લોકોનું હોય છે. 'સંભવ છે કે બીજા જે કાંઇ કહે છે તેમાં પણ સત્યનો અંશ હોય' એ પ્રકારના ખ્યાલપૂર્વકનો સહિષ્ણુતાભર્યો અભિગમ આ લોકોનો હોતો નથી. મારા પૂરતું કહું તો મને આ પ્રકારનો અભિગમ તદ્દન અવૈજ્ઞાનિક, ગેરવ્યાજબી અને સભ્યતાવિરોધી લાગે છે–પછી તે કોઇ ધર્મને લગતો હોય, આર્થિક વિચારણાને લગતો હોય, કે અન્ય કોઇ બાબતને લગતો હોય. ગ્રીક લોકના અભિગમની ધાર્મિક બાજુઓને બાજુએ રાખીએ, પણ બીજી રીતે તેમનો અભિગમ (pagan approach) હું વધારે પસંદ કરૂં છું. પણ, આપણે એ સંબંધમાં ગમે તે ધારતા હોઇએ તો પણ, આજની આધુનિક દુનિયામાં આપણે એ કક્ષાએ પહોંચ્યા છીએ કે જ્યારે લોકોના મોટા સમૂહ ઉપર જોર-જુલમથી અમુક ખ્યાલો લાદવાનો પ્રયત્ન આખરે નિષ્ફળતામાં જ પરિણમવાનો છે. આજના સંયોગોમાં આનું પરિણામ લડાઈમાં અને જનમાલની ભયંકર ખુવારીમાં જ આવે. કોઈ પક્ષને વિજય પ્રાપ્ત

થવાનો નથી; દરેકને માટે હાર જ લખાયલી છે. છેલ્લાં એક બે વર્ષમાં આપણે એ પણ જોયું છે કે જે મુલકો તાજેતરમાં સ્વતંત્ર થયા છે તે મુલકો ઉપર સાંસ્થાનિક નિયંત્રણ ફરીથી મૂકવાનું મોટી રાજ્યસત્તાઓ માટે પણ સહેલું રહ્યું નથી. ૧૯૫૬ માં બનેલી સુએઝની ઘટનામાં આ આપણે બરોબર જોઇ લીધું, અને હંગરીમાં જે કાંઇ બન્યું તે ઉપરથી એ પણ આપણા જોવામાં આવ્યું કે, કોઇ પણ વિચારવાદ કરતાં પણ રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની અભિલાષા વધારે બળવાન છે અને તેને આખરે દાબી શકાતી નથી. હંગરીમાં જે કાંઇ બન્યું તે મુખ્યતયા સામ્યવાદ અને તેના વિરોધી વાદ વચ્ચેની કોઈ અથડામણ નહોતી. તે તો પારકી હકુમતમાંથી મુક્તિ મેળવવાનો પ્રયત્ન કરતો રાષ્ટ્રવાદ જ હતો.

૧૨. આ રીતે હિંસા મારફત આજે કોઈ પ્રધાન સમસ્યાનો ઉકેલ લાવવાનું સંભવતઃ શક્ય નથી, કારણ કે હિંસાએ આજે અસાધારણ ભયંકર અને વિનાશજનક રૂપ ધારણ કર્યું છે. આ પ્રશ્નવિષેના નૈતિક અભિગમને વ્યવહારૂ બાજુએથી ઘણું બળવાન સમર્થન મળ્યું છે.

૧૩. જે પ્રકારનો સમાજ આપણે ઉભો કરવા ધારીએ છીએ તે પ્રકારનો સમાજ જો મોટા પાયા ઉપરની હિંસા વડે ઉભો થઇ શકે તેમ ન હોય તો નાના પાયા ઉપરની હિંસા તે માટે મદદરૂપ બની શકે ખરી ? બીલકુલ નહિ. એક તો એટલા માટે કે, તેમાંથી ખોટા પાયાની હિંસા નિર્માણ થવાનો સંભવ રહે છે, અને બીજું એટલા માટે કે તેમાંથી સંઘર્ષ અને વ્યવસ્થા-વિનાશનું વાતાવરણ પેદા થાય છે. પ્રગતિશીલ સામાજિક બળો માત્ર સંઘર્ષ દ્વારા સફળતાને પામે છે એમ કલ્પવું તે કેવળ એવકુરીભર્યું છે. જર્મનીમાં સામ્યવાદી પક્ષ અને સોશિયલ ડેમોક્રેટીક પાર્ટી-બન્નેને હીટલરે સાફ કરી નાંખ્યા હતા. આ પ્રમાણે બીજા દેશોમાં પણ બને. હિંસામાં હિંસાને પ્રેરનારી કોઇ પણ અપીલ ખાસ કરીને ભારે જોખમ ભરેલી છે, કારણ કે તેનો સ્વભાવ જ ઉભી કરવામાં આવેલી રચનાને છિન્ન ભિન્ન કરવાનો છે. આપણે ત્યાં એકતાવિઘાતક એટલાં બધાં વલણો છે કે, આપણે આવું જોખમ લઈ શકીએ તેમ છે જ નહિ. પણ આ બધી પ્રમાણમાં ગૌણ બાબતો છે. પાયાની બાબત હું માનું છું તે એ છે, કે ખોટાં સાધનોથી સાચાં પરિણામો કદિ નીપજશે નહિ અને આ કાંઈ માત્ર નૈતિક સિધ્ધાન્તની વાત નથી, પણ વ્યવહારૂ વિધાન છે.

અપૂર્ણ

મુળ અંગ્રેજી: **જવાહરલાલ નહેરૂ**

અનુવાદકઃ **પરમાનંદ**

સંવત્સરી પર્વ વિષે સર્વ સંમતિઃ
પર્વતિથિની જટિલ સમસ્યા

જૈન શ્વે. મૂ. તપગચ્છીય સમાજમાં પર્વતિથિઓ સંબંધમાં છેલ્લાં બાવીશ વર્ષથી એક ઝગડો ચાલતો હતો અને તેના પરિણામે આ વખતના પર્યુષણ પર્વની સંવત્સરી અમુક આચાર્યોનો અનુયાયીગણ ચાલુ સપ્ટેંબર માસની ૧૬ મી તારીખ અને મંગળવારના રોજ ઉજવવાનો હતો અને અમુક આચાર્યોનો અનુયાયીગણ ચાલુ સપ્ટેંબર માસની ૧૭ મી તારીખ અને બુધવારે ઉજવવાનો હતો. આ ઉપરાંત અન્ય પર્વતિથિઓના ક્ષય વૃધ્ધિ પ્રસંગે કયા દિવસે પર્વતિથિનું ધર્માનુષ્ઠાન કરવું એ વિષે પણ ભારે ઉગ્ર મતભેદ ચાલ્યા જ કરતો હતો. આ આખા ઝગડાનો નિકાલ લાવવા માટે ગત મે માસ દરમિયાન જૈન શ્વે. મૂ. તપગચ્છ સંપ્રદાયના પ્રમુખ આચાર્યો અને મુનિવરોનું એક મુનિસંમેલન મળ્યું હતું, પણ પંદર દિવસ સુધી પરસ્પર ઉગ્ર ચર્ચા ચલાવ્યા બાદ કશો પણ નિર્ણય લીધા સિવાય વિસર્જિત થયું હતું. આમ છતાં પણ આ ઝગડાના પ્રશ્નનો નિકાલ લાવવા માટે અમદાવાદ તેમજ મુંબઇના શ્વે. મૂ. જૈન સમાજના આગેવાનો તેમજ અમદાવાદમાં સ્થિર થયેલા આચાર્યો વચ્ચે વાટાઘાટો ચાલ્યા જ કરતી હતી. આ વાટાઘાટોમાં અમદાવાદના શ્વે. મૂ. વિભાગના આગેવાન શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ ઘણા મહત્વનો ભાગ ભજવ્યો હતો. એ લાંબી વાટાઘાટના અન્તે અમદાવાદમાં ચાતુર્માસ નિમિત્તે સ્થિર થયેલા બન્ને પક્ષના આચાર્યોએ આગામી સંવત્સરી સંબંધમાં જે કોઈ નિકાલ શેઠ કસ્તુરભાઈ લાલભાઇ જાહેર કરે તે પોતાને કબુલ રહેશે એ પ્રકારના ખરડા ઉપર સહીઓ કરી હતી. પરિણામે ચાલુ સપ્ટેંબર માસની પાંચમી તારીખે સવારના અમદાવાદ ખાતે નગરશેઠના વંડામાં એકઠી થએલી શ્વે. મૂ. જૈનોની જંગી સભામાં શેઠ કસ્તુરભાઇએ પોતાનો નિર્ણય નીચે મુજબ જાહેર કર્યો હતો :-

"શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રી સંઘે અત્યાર સુધી પંચાંગ તરીકે ચંડાસુચંડુ પંચાંગનો ઉપયોગ કર્યો છે, પણ આજથી હવે જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાગનો ઉપયોગ કરવાનો તપાગચ્છીય આચાર્ય મહારાજો આદિ સર્વસંમત નિર્ણય કરે છે અને શ્રી રાજનગર (અમદાવાદ) નો જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છીય સંઘ આજથી તે પ્રમાણે વર્તવાનું જાહેર કરે છે."

આ જાહેરાત કરતી વખતે શેઠ કસ્તુરભાઇએ સ્પષ્ટતા કરી હતી કે "સકળ જૈન સંઘ, મુનિ મહારાજો વગેરે હવેથી ચંડાસુચંડુ પંચાંગને બદલે જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાગ અપનાવે છે અને તે પ્રમાણે સમસ્ત સંઘ સંવત્સરીની આરાધના મંગળવારે (તા. ૧૬ મી સપ્ટેંબરે) કરવાનું કબૂલ કરે છે." આ જાહેરાતને માત્ર અમદાવાદના જ નહિ પણ આખા હિન્દુસ્તાનમાં વસતા અને વિચરતા શ્વે. મૂ. તપગચ્છના શ્રાવકોએ તેમ જ સાધુઓએ સહર્ષ વધાવી લીધો છે અને રજમાંથી ગજનું રૂપ ધારણ કરેલ-સંઘ સંઘ વચ્ચે અને ગામ ગામ વચ્ચે પક્ષાપક્ષી અને કલહકંકાસ પેદા કરતા-પર્વતિથિને લગતા ઝગડાનો-અલબત-અંશતઃ- નિકાલ આવવા બદલ ઊંડા સંતોષની લાગણી વ્યક્ત કરી છે. અંશતઃ એટલા માટે કે હજુ અન્ય પર્વતિથિ વિષેનો મતભેદ ઉભો જ છે, પણ સંવત્સરી જેવા મહાપર્વ વિષે જો એકવાક્યતા સ્થપાણી તો અન્ય પર્વતિથિઓને લગતો મતભેદ પણ એવા જ કોઇ ધોરણે ઉકલી જશે એવી આશા રહે છે. આવું શુભ પરિણામ નિષ્પન્ન કરવા માટે શેઠ કસ્તુરભાઇ લાલભાઇને જૈન સમાજના અનેક ધન્યવાદ ઘટે છે.

આ નોંધ વાંચતાં આ વિષય પૂરતા અનભિજ્ઞ વાચકોનાજ મનમાં આ આખો ઝગડો શું હતો તે જાણવાનું કુતુહલ થાય એ સ્વાભાવિક છે. આ સંબંધમાં મારી પાસે પૂરી માહીતી કે સ્પષ્ટતા નથી, એમ છતાં પણ મને મળેલી માહીતીનો સાર નીચે મુજબ છેઃ-

આપણા દેશી મહીના બે પક્ષમાં વહેંચાયલા છેઃ શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષ. શુદ એકમથી પુનમ સુધી શુકલ પક્ષ; વદ એકમથી અમાસ સુધી કૃષ્ણ પક્ષ. દરેક પખવાડિયાની પંદર તિથિ હોય છે. સંયમપ્રધાન જૈન ધર્મ તેના અનુયાયીઓ પાસે તેટલું સંયમપરાયણ જીવન ગાળે એની અપેક્ષા રાખે છે પણ જે પ્રકારનું સંયમપરાયણ જીવન સંસારત્યાગી સાધુઓ માટે શક્ય છે તે પ્રકારનું સંયમપરાયણ જીવન સંસારી શ્રાવકો માટે શક્ય હોતું નથી. આ કારણે દરેક પખવાડીઆની બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદસ અને પુનમ યા તો અમાસ-એમ મહીનાના કુલ બાર દિવસોને પર્વતિથિ તરીકે નક્કી કરવામાં આવેલ છે. અને હંમેશા વ્રતઆરાધન કે ધર્મઅનુષ્ઠાન ન થઇ શકે તો પણ આ પર્વતિથિઓએ કાંઈ ને કાંઇ વ્રત આરાધન કે ધર્મ અનુષ્ઠાન શ્રાવકો કરે એવી ધર્મશાસ્ત્રોની અપેક્ષા છે. શ્વે. મૂ. તપાગચ્છીય સંપ્રદાયમાં ચૌદશને વિશિષ્ટ મહત્વ આપવામાં આવ્યું છે અને આ દિવસે ધર્માનુરાગી શ્રાવક એકાસણું કે ઉપવાસ તેમજ વધારે વિસ્તારવાળું પ્રતિક્રમણ એટલે જેને પખ્ખી પ્રતિક્રમણ કહેવામાં આવે છે તે કરે છે.

હવે એ તો જાણીતું છે કે આપણા મહીનાની દરેક પુનમ કે અમાસ દર પંદર દિવસના ગાળે આવતી નથી. કોઈ વખત ચૌદ દિવસ અને કોઈ વખત સોળ દિવસના ગાળે આવે છે. આનું કારણ તિથિઓમાં થતી વધઘટ છે. આ વધઘટનો નિયમ સામાન્ય તિથિઓને તેમજ પર્વતિથિઓને લાગુ પડે છે. હવે આઠમ કે ચૌદશે નિયમબધ્ધ રીતે અમુક વ્રત આરાધન કરનાર સમુદાય સામે તેજ તિથિની પંચાંગમાં વધઘટ હોય ત્યારે શું કરવું એ પ્રશ્ન થાય છે. આવા વ્રતઆરાધન નિયમિત બને અને તેની સામુદાયિકતા જળવાય એ હેતુથી પંચાગમાં આવતી પર્વતિથિઓની વધઘટ સંબંધમાં શાસ્ત્રકારોએ એક એવી પરંપરા ઉભી કરી કે જ્યારે કોઇ પણ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તે પર્વતિથિ કાયમ રાખવી અને તેની આગળની સામાન્ય તિથિનો ક્ષય કરવો; તેવી જ રીતે જ્યારે કોઇ પર્વતિથિની વૃધ્ધિ હોય ત્યારે પણ પર્વતિથિ કાયમ રાખવી પણ તેની આગળની સામાન્ય તિથિની વૃધ્ધિ કરવી. આને લગતું સૂત્ર આ મુજબ છેઃ-

ક્ષયે પૂર્વા તિથિ કાર્યા, વૃદ્ધૌ કાર્યા તથોત્તરા। એટલે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે આગળની તિથિને પર્વતિથિ બનાવવી અને પર્વતિથિની વૃધ્ધિ હોય ત્યારે ઉત્તર તિથિને પર્વતિથિ માનવી. એટલે આઠમનો ક્ષય હોય તો સાતમનો ક્ષય કરવો અને આઠમ કાયમ રાખવી. આઠમની વૃધ્ધિ હોય તો સાતમની વૃધ્ધિ કરવી અને આઠમ એક રાખવી. આવી જ રીતે ચૌદશ તથા પુનમ યા ને અમાસ–એ બે પર્વતિથિમાં કોઇની પણ ક્ષયવૃધ્ધિ હોય તો આગળની તેરસની ક્ષયવૃધ્ધિ કરવી અને ચૌદશ તથા પૂનમ યા અમાસને કાયમ રાખવી.

પુરાતન કાળમાં જૈનોના શ્વે. મૂ. વિભાગમાં સંવત્સરી ભાદરવા શુદ ૫ ના રોજ ઉજવવામાં આવતી. આજથી ૧૯૦૦ વર્ષ પહેલાં શ્રી કાલકાચાર્યના નામના એક પ્રતાપી અને વ્યાપક વર્ચસ્વવાળા શ્વે. સંપ્રદાયના આચાર્ય થઈ ગયા. તેમણે જે સંવત્સરી ભાદરવા શુદ ૫ ના રોજ કરવામાં આવતી હતી તે સંવત્સરી અમુક અસાધારણ પ્રતિકુળ સંયોગ ધ્યાનમાં લઇને ભાદરવા શુદ ૪ ની કરી, જે પરંપરા આજ સુધી શ્વે મૂ. વિભાગમાં ચાલુ છે. ઉપરના ફેરફારથી ભાદરવા શુદ ૪ ને એક વિશિષ્ટ પર્વતિથિનું મહત્ત્વ મળ્યું. પરિણામે ચૌદસ તથા પૂનમ યા અમાસનો નિયમ આ ભાદરવા શુદ ૪ તથા ૫ ને લાગુ પાડવામાં આવ્યો, જેને લીધે ચાલુ પંચાંગ પ્રમાણે ભાદરવા શુદ ૪ યા ૫ ની ક્ષયવૃધ્ધિ હોય તો આગળની ભાદરવા શુદ ૩ ની ક્ષયવૃધ્ધિ કરવામાં આવતી અને ભાદરવા શુદ ૪ તથા ૫ ને કાયમ રાખવામાં આવતી.

જૈન પરંપરામાં પર્વતિથિઓને લગતી આવી elasticity–ચોગઠાબંધીનો અભાવ–એમ સૂચવે છે કે જૈન આચાર્યો પર્વતિથિની પંચાગી શુધ્ધિ કરતાં એટલે કે પંચાંગ પ્રમાણે જ ચાલવું એવો આગ્રહ ન રાખતાં વ્રતઆરાધનમાં પર્વતિથિઓની સંકલના એકસરખી જળવાઇ રહે, તેમાં કોઇ ક્ષય કે વૃધ્ધિ થાય જ નહિ–આવી એકરૂપતા ઉપર વધારે ભાર મૂકતા. સામુદાયિકતાના દૃષ્ટિબિન્દુએ આવી સગવડ અનિવાર્ય અને ઇચ્છનીય હતી. એમ કરવામાં શાણપણ દીર્ઘદર્શિતા રહેલાં હતાં.

છેલ્લાં ત્રીસ વર્ષ પહેલાં જૈન સમાજમાં એક રાહુના ઉદય થયો. તેનું નામ છે. શ્રી વિજયરામચંદ્ર સૂરિ તેમણે એમ પ્રતિપાદન કર્યું કે પંચાંગની શુદ્ધિની ઉપેક્ષા કરીને, જે પર્વ તિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય તેનો ક્ષય યા વૃદ્ધિ કરવામાં આવતો નથી તે ખોટું છે, પંચાંગ પ્રમાણે જે દિવસે પર્વતિથિ ન હોય તેને પર્વતિથિ બનાવવામાં છે અને તેથી તે દિવસે તે તિથિને લગતાં જે વ્રતઆરાધન તથા ધર્માનુષ્ઠાન કરવામાં આવે છે તે વિકૃળ બને છે, માટે પંચાંગ અનુસાર જ પર્વતિથિઓની ક્ષયવૃદ્ધિ સ્વીકારવી જોઇએ. આમ જણાવીને પર્વતિથિઓને લગતી એક ગણતરી ઉભી કરી કે જેનું પરિણામ ચાલુ પરંપરાની સ્થિરતા અને નિશ્ચિતતાને તોડવામાં આવ્યું અને ચાલુ પરંપરાની અને શ્રી વિજયરામચંદ્ર સૂરીએ પ્રતિપાદન કરેલી પર્વતિથિઓમાં અવારનવાર તફાવત પડવા લાગ્યો, અને એક સમુદાયની આજે ચૌદસ હોય તો અન્ય સમુદાયની આવતી કાલે ચૌદશ હોય, એક સમુદાયની આજે સંવત્સરી હોય તો અન્ય સમુદાયની આવતી કાલે હોય.– આમ બનવા લાગ્યું. એક જ શહેરમાં રામચંદ્ર સૂરિના મતવાળા ઉપાશ્રયમાં આજે ચૌદશ કે સંવત્સરીનું વ્રત આરાધન કરતા હોય તો અન્ય ઉપાશ્રયમાં અન્ય દિવસે તેને લગતું વ્રત આરાધન થયું હોય કે થવાનું હોય. એમ પણ બનતું કે આ પર્વતિથિ સંબંધે અમુક સ્થળમાં ચાતુર્માસ કરતા આચાર્યનો એક મત હોય અને ત્યાંજ શ્રાવક સમુદાયનો બીજો જ મત હોય. આ રીતે તેમણે એક મોટા સમુદાયમાં બુદ્ધિભેદ તેમ જ વ્યવહારભેદ ઉભો કર્યો.

આ વખતે 'ચંડાશુચંડુ' પંચાંગ કે જે બન્ને પક્ષને આજ સુધી માન્ય હતું અને જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગ જેને શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ પોતાના ચુકાદામાં બન્ને પક્ષને માન્ય કરવાનો આદેશ આપ્યો છે તેના ભાદરવા શુદની શરૂઆતની તિથિઓમાં નીચે મુજબ તફાવત હતો. ચંડાશુચંડુ પંચાંગ પ્રમાણે ભાદરવા શુદ ૧ રવિવાર (સપ્ટેમ્બર તા. ૧૪), શુદ ૨ સોમવાર, શુદ ૩ મંગળવાર, શુદ ૪ બુધવાર, **શુદ ૫ નો ક્ષય.** જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગ પ્રમાણે ભાદરવા શુદ ૧ રવિવાર, શુદ ૨ સોમવાર, શુદ ૩ મંગળવાર, **શુદ ૪ નો ક્ષય,** શુદ ૫ બુધવાર, ચંડાશુચંડુ પંચાંગને વળગી રહેવા છતાં પર્વતિથિઓમાં ક્ષયવૃદ્ધિ નહિ કરવાનો આગ્રહ રાખનાર જુની પરંપરા તરફથી ભા. શુદ ૩ નો ક્ષય કરીને ભા. શુદ ૪ અને મંગળવારને સંવત્સરી પર્વ તરીકે જાહેર કરવામાં આવી હતી. શ્રી વિજયરામચંદ્રસૂરિના પક્ષ તરફથી ભા. શુદ ૫ નો ક્ષય સ્વીકારવામાં આવ્યો હતો અને એ રીતે ભા. શુ. ૪ અને બુધવાર (સપ્ટેમ્બર તા. ૧૭) ને સંવત્સરી પર્વ તરીકે જાહેર કરવામાં આવી હતી. આ રીતે આ સંવત્સરી પર્વ કયા દિવસે ઉજવવું તેને લગતો ઝગડો ઉભો થયો હતો. શેઠ કસ્તુરભાઈ લાલભાઈના ચુકાદાએ જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગને પ્રમાણભૂત જાહેર કરીને બન્ને પક્ષને સહજ માન્ય થાય એવો મધ્યમ માર્ગ ઊભો કર્યો છે. જુની પરંપરા માટે બેમાંથી કોઇ પણ પંચાંગ સ્વીકારાતાં, ઉપર જણાવ્યું તેમ, ભા. શુદ ૩ નો ક્ષય અનિવાર્ય બનતો હતો અને ભા. શુદ ૪ અને મંગળવાર જ સંવત્સરી માટે સ્વીકાર્ય બનતો હતો. અને શ્રી વિજય. રામચંદ્ર સૂરિના મન્તવ્ય અનુસારે પણ, જો કે જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગ પ્રમાણે ભા. શુદ ૪ નો ક્ષય સ્વીકારવામાં આવે તો પણ, સંવત્સરી પર્વ સંબંધે એક એવો નિયમ છે કે આવા સંયોગમાં સંવત્સરી પર્વને આગળ ઠેલાય નહિ પણ પાછળની તિથિ ઉપર જ મુકરર કરવું જોઇએ એ ધોરણે, ભા. શુદ ૩ અને મંગળવાર (સપ્ટેમ્બર તા. ૧૬) જ સંવત્સરી પર્વ બને છે. આમ એકને બદલે અન્ય પંચાંગને માન્ય કરાવવાથી બન્નેને માન્ય થાય એવો એક જ દિવસ સંવત્સરી પર્વ તરીકે નક્કી કરવાનો સુયોગ ઉભો થઈ શકયો છે.

ગત મે માસ દરમિયાન ભરાયેલ મુનિ સંમેલનમાં વિજય રામચંદ્ર સૂરિ પોતાની વાતને વળગી રહ્યા હતા અને આવી વ્યવહાર દૃષ્ટિએ ઉકેલવા જેવા પ્રશ્ન વિષે 'શાસ્ત્રાર્થ કરો,' 'શાસ્ત્રાર્થ કરો' એમ એક જ વાતને આગળ ધરતા રહ્યા હતા અને પરિમાને પારવિનાની માથાકૂટ અને ચમણાઝીક કરીને આચાર્યો મુનિવરો કશો પણ નિર્ણય લાવ્યા સિવાય છૂટા પડ્યા હતા. આ વખતે પણ એ ધમંડી આચાર્યે પોતાનું બેચવામાં કોઈ બાકી રાખી નહોતી, અને છેલ્લી ઘડિ સુધી આખી પરિસ્થિતિ ડામાડોળ રહી હતી. પણ જ્યારે તેમને ટેકો આપનાર ખસવા લાગ્યા અને પોતે સાવ અલગ પડી જાય–પોતાના ગુરૂથા પણ–અને પોતાનું અનુયાયીદળ એકદમ ઓસરી જાય એવી કટોકટી ઉભી થઇ ત્યારે બળતી સીંદરીએ પોતાનો વળ મૂકયો હતો. અને શેઠ કસ્તુરભાઇ જે નિર્ણય આપે તે સ્વીકારવા સંમત થયા હતા. આ રીતે સંવત્સરી પર્વ અંગે જૈન શ્વે. મૂ. તપાગચ્છીય સંપ્રદાય માટે એક જટિલ બનેલા પ્રશ્નનો નીકાલ આવ્યો છે.

આવા એક નાના સાંપ્રદાયિક પ્રશ્નનું આટલું લાંબું વિવરણ વાંચીને પ્રબુદ્ધ જીવનના વાંચકોને કદાચ આશ્ચર્ય થશે. અવાર નવાર આપણા સામયિકોમાં 'જૈનોનો પર્વતિથિ અંગેનો ઝગડો' એ મથાળા નીચે અનેક લેખો અને ચર્ચાપત્રો પ્રગટ થતા રહે છે. એ ઉપરથી અનેક લોકોના મનમાં આ વિષેનું કૌતુક છે કે આ ઝગડો તે શી બાબતને લગતો છે? આટલી વિગતો આપ્યા સિવાય તે પ્રશ્નની ઝીણવટ સમજાવી મુશ્કેલ હતી. બીજું આ વિવરણ આપવા પાછળ એ પણ આશય રહેલો છે કે એક વ્યાખ્યાનપટુ કર્તૃત્વકુશળ અને એમ છતાં ભારે તુમાખી, ઝનુની અને પ્રલયાધાતી વળણો ધરાવતો આચાર્ય, જે ચાલુ પરંપરાને વળગીને એક સમુદાય પોતાના ધર્મ-પર્વોનું નિયમિત અને સામુદાયિક રીતે આરાધન કરતો હતો અને આનંદકુશળતા અનુભવતો હતો તેમાં શુદ્ધ અશુદ્ધ પર્વતિથિનો અપ્રસ્તુત પ્રશ્ન ઉભો કરીને, કેવાં વેરઝેર અને પક્ષાપક્ષી પેદા કરે છે અને સમાજના એક અંગને કેવું છિન્નભિન્ન કરે છે તેનો પ્રબુદ્ધ-જીવનના વાંચકોને કાંઈક ખ્યાલ આવે. સામાજિક દૃષ્ટિએ આવી ઘટનાઓમાંથી ઘણું શિખવાનું મળે છે અને એ રીતે તેનું એક વિશિષ્ટ મહત્ત્વ છે.

પરમાનંદ

કૂર્માચળની પરિક્રમા

(ગતાંકથી ચાલુ)

'રનો વ્યુ'

આમ શરૂઆતના બે ત્રણ દિવસો બહેન મેનાના દાંતના દુખાવાને અંગે અમારી હોટેલથી ઠીક ઠીક દૂર રહેતા જર્મન ડોકટર ફ્રેન્ડને ત્યાં જવા આવવામાં અને ઉપર જણાવ્યું તેમ નવા પરિચયો સાધવામાં પસાર થયા. ૧૪ મીની સવારે વહેલાં ઉઠીને અમે 'રનો વ્યુ' નામે ઓળખાતા સ્થળે જવા માટે નીકળ્યા. નૈનીતાલનું સરોવર એક મોટી ખીણમાં આવેલું છે. આ બાજુએ આવીએ ત્યારે જ્યાંથી હિમશિખરો જોઇ શકાય તેવા કોઈ ઉંચા સ્થળે પહોંચીને હિમશિખરોનું દર્શન મેળવવાની મનમાં એક ચાલુ ઝંખના રહે છે. 'રનો વ્યુ' ૭૪૫૦ ફીટની ઉંચાઇએ એટલે કે નૈનીતાલ સરોવરથી આશરે હજાર ફીટથી વધારે ઉંચાઇએ આવેલી એક શિખરપટ્ટી છે, જ્યાંથી ઉત્તર દિશાનું આકાશ ચોખ્ખું હોય તો બરફના પર્વતો જોવાની આશા રહે છે. ઉપર જણાવ્યું તેમ અમે ૧૪ મી તારીખે વહેલાં ઉઠીને જોયું કે ચોતરફ આકાશ સ્વચ્છ છે તો હિમપર્વતો જરૂર જોવા મળશે એમ માનીને અમે તૈયાર થઇને ઉપડયાં. નૈનીતાલ આવ્યા પછી અમારા માટે આ પહેલું ચઢાણ હતું. ચઢાણનો રસ્તો મોટા ભાગે આડા ડબલ્યુ (W) આકારની ચાલુ પુનરાવૃત્તિ જેવો હતો. ચઢવાને હજુ ટેવાયલા નહિ એટલે થોડું ચાલીએ, ચઢીએ ને હાંફી જઇએ, એટલે ઉભા રહીએ–આમ ચાલતાં, ચડતાં અને ઉભા રહેતાં આશરે એક કલાકે અમે ઉપર પહોંચ્યા, પણ જે જોવાની આશાએ નીકળેલાં તેમાં નિરાશ થયાં. સાધારણ રીતે આ ઉનાળાના દિવસોમાં ક્ષિતિજવિભાગનું આકાશ ધુંધળું જ રહે છે. અને તેથી હિમશિખરોનું દર્શન ભાગ્યે જ થાય છે. અમે દાર્જીલીંગ ગયેલા ત્યારે ત્યાં અઠવાડીયું રહેવા છતાં અને એક દિવસ તો સવારના ત્રણ વાગ્યે ઉઠીને, જ્યાંથી ભાગ્ય હોય તો અપૂર્વ લેખાતા એવા સૂર્યોદયનું દર્શન થાય એવી દાર્જીલીંગથી આશરે દશ બાર માઇલ દૂર આવેલી ટાઇગર હીલના શિખર ઉપર ગયેલા (એ એપ્રીલના પ્રારંભના દિવસો હતા), એમ છતાં ન એ અપૂર્વ સૂર્યોદય જોવા મળ્યો કે ન કોઇ હિમાશખરનું દર્શન થયું. 'રનોવ્યુ' ઉપરથી હિમપર્વતો દેખાયા નહિ તેથી અમે તદ્દન નિરાશ ન થયા. હજુ બીજા ઉંચા સ્થળોએ અમારે જવાનું બાકી હતું અને આગળ ઉપર કૌસાનીમાં આઠ દિવસ રોકાવાનું અમે વિચારેલું હતું. તેથી કોઇ ને કોઇ સ્થળે અને દિવસે એ હિમપર્વતોનાં દર્શન તો થવાનાં જ છે એવી અમને પાકી શ્રધ્ધા હતી.

બિરલા વિદ્યામંદિર

રનોવ્યુ થી પાછા ફરતાં બહુ દૂર નહિ એ રીતે ઠીક ઠીક ઉંચાઇએ બિરલા વિદ્યામંદિર આવ્યું છે ત્યાં પહોંચ્યા. આ સ્થળની ઉંચાઈ ૭૮૧૭ ફીટ છે. અહિં પહેલા કોઇ મીશન સ્કૂલ હતી. તે સ્કૂલની જગ્યા અને મકાનો બિરલાજીએ ખરીદી લીધાં અને બીરલા વિદ્યામંદિરની સ્થાપના કરી. આજે આ વિદ્યામંદિર ૬૫ એકર જમીન ધરાવે છે અને તેમાં રમતગમતનાં મેદાનો, છાત્રાલયો, ભોજનગૃહ, જુનીયર તથા સીનીયર સ્કુલનાં મકાનો, જીમનેશિયમ, કળાકારીગીરી-વિભાગ, ઇસ્પીતાલ, સ્ટાફ માટેનાં નિવાસગૃહો વગેરે અનેક બાંધકામો પથરાયલાં પડ્યાં છે. ૬ થી ૧૭ વર્ષની ઉમ્મરના વિદ્યાર્થીઓ આ સંસ્થામાં અભ્યાસ કરે છે અને ત્રીજા ધોરણથી બારમા ધોરણ સુધી તેમને ભણાવવાની અહિં વ્યવસ્થા છે અને હાઇસ્કુલથી માંડીને ઈન્ટરમીડીએટ સાયન્સ સુધીની યુ. પી. બોર્ડની પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને અહિં તૈયાર કરવામાં આવે છે. શિક્ષણનું માધ્યમ હિંદી છે, એમ છતાં તદ્દન નીચેના ધોરણથી અંગ્રેજી ભાષા એક ફરજિયાત વિષય તરીકે શિખવવામાં આવે છે. બીરલા વિદ્યામંદિર ઇંગ્લીશ પબ્લીક સ્કુલના ધોરણે ચાલતી રેસીડેન્શિયલ (એટલે કે આ સ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓને સ્કુલમાં જ રહેલા ખાવાની ફરજ પાડતી અને તેને લગતી બધી સગવડો આપતી) પબ્લીક સ્કુલ જ છે, પણ આ ઢબની બીજી મીશન સ્કુલોમાં અને આ સ્કુલમાં ફરક એ છે કે અહિં ભણતા વિદ્યાર્થીઓને વિદ્યામંદિરના શિક્ષણકાર્યમાં અને બીજી અનેક આનુષંગિક પ્રવૃત્તિઓમાં ભારતીય સંસ્કૃતિનું વાતાવરણ સારા પ્રમાણમાં મળે છે અને તેને લગતી તાલીમ ઉપર ભાર મૂકવામાં આવે છે. વિદ્યાર્થીઓના નૈતિક વિકાસ અને ચારિત્ર્ય ઘડતરને અહિં સવિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. આ વિદ્યામંદિર માત્ર કુમારો માટે છે. આ વિદ્યામંદિરને બે વિભાગમાં વહેંચવામાં આવ્યું છે. જુનિયર સેકશન અને સીનીયર શેકશન. જુનિયર સેકશનમાં ૬ થી ૧૧ વર્ષની ઉમ્મર સુધીના વિદ્યાર્થીઓને ભણાવવામાં આ છે; સીનીયર સેકશનમાં તે ઉપરની ઉમ્મરના વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે. અહિં ભણતા વિદ્યાર્થીઓને આપવી પડતી ફીનું ધોરણ નીચે મુજબ છે:–

ધોરણો	માર્ચમાં આપવાની	જુલાઇમાં આપવાની	કુલ વાર્ષિક
૩ થી ૬	રૂ. ૪૫૦	રૂ. ૬૫૦	રૂ. ૧૧૦૦
૭ થી ૧૦	રૂ. ૫૦૦	રૂ. ૮૦૦	રૂ. ૧૩૦૦
૧૧ અને ૧૨	રૂ. ૧૦૫૦	રૂ. ૫૫૦	રૂ. ૧૬૦૦

એકથી વધારે ભાઇઓ આ સ્કુલમાં ભણતા હોય તો સૌથી મોટાથી નીચેના દરેક ભાઈ દીઠ ઉપરના વાર્ષિક દરમાં રૂ. ૧૦૦ ઓછા લેવામાં આવે છે. વર્ષના પહેલા સત્રની શરૂઆત જુલાઈ માસમાં થાય છે અને નવા વિદ્યાર્થીઓને ત્યારથી લેવામાં આવે છે. શિયાળામાં જાન્યુઆરી ફેબ્રુઆરીમાં લાંબી રજા પડે છે અને માર્ચ માસમાં બીજા સત્રની શરૂઆત થાય છે. આ સ્કુલમાં ભણતા વિદ્યાર્થીને ઉપર જણાવેલ ફી ઉપરાંત દર વર્ષે સરેરાશ વિદ્યાર્થી દીઠ આશરે રૂ. ૫૦૦ નો અંગત ખર્ચ થાય છે અને અંગત ખર્ચમાં સ્કુલ યુનીફોર્મ, બીસા ખર્ચ, ટોઇલેટ (નાવું ધોવું તથા શરીરની સાફસુફી) નો ખર્ચ, ચોપડાઓ, બાસ સ્ટેશનરી (લેખન સાહિત્ય), પ્રવાસ, જોડા, વગેરેનો સમાવેશ થાય છે અને આ બધા ખર્ચ અંગે દરેક વિદ્યાર્થી પાસેથી દર વર્ષે રૂ. ૪૦૦ તથા કોશન મનીના રૂ. ૧૦૦ એમ બીજા રૂ. ૫૦૦ લેવામાં આવે છે અને રૂ. ૧૫ પ્રવેશ ફી છે. આ વિનય મંદિર નિયત અભ્યાસક્રમ ઉપરાંત વિદ્યાર્થીઓની જુદી જુદી હોબીઓ સંસ્કારી શોખો પોષાય તે માટે ડ્રામેટિક કલબ, કલેફશન કલબ, ફોટોગ્રાફીક કલબ, તથા સાયન્સ એસોસાીએશનની રચના કરવામાં આવી છે. રમતગમત માટે પૂરી સગવડ તથા વિપુલ સાધનસામગ્રી છે. વિદ્યાર્થીઓની અહિં એક પાર્લામેન્ટ પણ ચાલે છે. હિંન્દુ ધર્મને લક્ષમાં રાખીને ધાર્મિક શિક્ષણ પણ આપવામાં આવે છે અને પ્રવાસ અને શૈક્ષણિક પર્યટનો પ્રસંગે પ્રસંગે યોજવામાં આવે છે.

આ સંસ્થાના વમીવટ અંગે એક બોર્ડ ઓફ ગવર્નર્સ છે, જેના પ્રમુખ માન્યવર શ્રી. ગોવિંદ વલ્લભ પન્ત છે, અને ડૉ. કે. એન્. કાટ્જુ, ડૉ. સંપૂર્ણાનંદ. શ્રી. બી. કે, બિરલા, અધ્યાપક એમ્. મજીબ, લેફ્ટેનન્ટ કમાન્ડર એસ્. ડી. પાન્ડે, ડૉ. સી. ન. પાન્ડે અને અધિકારની રૂએ વિદ્યામંદિરના જે કોઈ પ્રીન્સીપાલ હોય તે આ બોર્ડના સભ્યો છે. આજના પ્રીન્સીપાલનું નામ છે શ્રી. એસ્. એન. સેંગ. ઉત્તર પ્રદેશની સરકારનો આ સંસ્થાને ઘણો મોટો ટેકો છે.

અમે વિદ્યામંદિરમાં પ્રવેશ કર્યો અને તેના બર્સર (કોલેજના રજીસ્ટ્રારને મળતું સ્થાન છે) શ્રી. જી. બી. પાન્ડેને મળ્યા. તેમણે અમને સંસ્થાના જુદા જુદા વિભાગમાં ફેરવ્યા. બિરલા જેવા દાતા હોય અને ઘણી મોટી રકમનું ટ્રસ્ટ હોય એટલે મકાનો, ગોઠવણ, વ્યવસ્થા વગેરેમાં ભાગ્યે જ કોઇ ખામી હોવા સંભવ છે. શિક્ષકો પણ ઉચ્ચ કક્ષાના સારા પગારે રોકવામાં આવતા હોય તે સ્વાભાવિક છે. જરૂરી

કોઈ પણ સગવડ ઊભી કરવામાં આર્થિક ખેંચનો તો કોઇ પ્રશ્ન જ ન હોય. શિક્ષણગૃહો, છાત્રાલયો, પુસ્તકાલય એમ બધું જોતાં જોતાં એક સાથે ૪૦૦ વિદ્યાર્થીઓ ટેબલ ખુરશી ઉપર જમી શકે એવાં તેમના વિશાળ ભોજનગૃહમાં અમે પ્રવેશ કર્યો અને સુઘડતા અને સુરુચિપૂર્વકની રચના જોઈને અમે ખૂબ પ્રસન્નતા અનુભવી. અમને બધે ફેરવતા અને દેખાડતા શ્રી પાંડેજીને મેં પ્રશ્ન કર્યો કે "અહિં તો સર્વ વિદ્યાર્થીઓને નિરામિષ ભોજન જ આપવામાં આવતું હશે!" તેમણે જવાબ આપ્યો કે "ના, એમ નથી. અમારે ત્યાં કેટલાક વિદ્યાર્થીઓ શાકાહારી હોય છે, કેટલાક માંસભોજી કુટુંબના હોય છે અને અમારે બન્નેને સંભાળવાના હોય છે. તેથી માંસભોજી વિદ્યાર્થીઓને હંમેશા ઈંડા તથા અઠવાડિયામાં બે કે ત્રણ વાર માંસ આપવામાં આવે છે."

આ જવાબથી મને જરાક આઘાત લાગ્યો અને મનમાં પ્રશ્ન થયો કે ભારતીય સંસ્કૃતિ ઉપર અહિં ખાસ ભાર મૂકવામાં આવે છે તો શું ભારતીય સંસ્કૃતિને નિરામિષ ભોજન સાથે અનિવાર્ય સંબંધ નથી? પણ વિદ્યામંદિરના આ અધિકારી સાથે આ પ્રશ્ન ચર્ચવાનો કોઈ અર્થ નથી એમ લાગવાથી શ્રી. પાંડેજી સાથે આ બાબતની મેં વિશેષ ચર્ચા ન કરી. પછી તો વધારે તપાસ કરતાં મને માલુમ પડ્યું કે ઉત્તર પ્રદેશમાં તો પંત, જોશી, પાંડે વગેરે બ્રાહ્મણોમાં પણ ઘણો ભાગ માંસભોજી હોય છે. આના અનુસંધાનમાં સ્વામી આનંદે મને કહેલી એક લોકોક્તિ યાદ આવે છે. 'દક્ષિણે માતુલી કન્યા, ઉત્તરે માંસભક્ષણમ્' દક્ષિણ પ્રદેશમાં મામાની કન્યા સાથેનું લગ્ન જેટલું પ્રચલિત છે તેટલું જ ઉત્તર પ્રદેશમાં માંસ ભક્ષણ પ્રચલિત છે. આ ઉપરથી એવા અનુમાન ઉપર આવવાની મને ફરજ પડી કે નિરામિષ-આહાર ભારતીય સંસ્કૃતિનું મહત્વનું અંગ હશે, અનિવાર્ય અંગ તો નથી જ.

આ વિદ્યામંદિરમાં મોટા ભાગે પંજાબ, રાજસ્થાન તથા ઉત્તર પ્રદેશના વિદ્યાર્થીઓ ભણવા આવે છે. મુંબઈ ગુજરાતના માત્ર પાંચ સાત વિદ્યાર્થીઓ અહિં છે એમ તેમને પૂછતાં જાણવા મળેલું. દક્ષિણ બાજુના તો ભાગ્યે જ વિદ્યાર્થીઓ હોય છે. નૈનીતાલમાં આવી જ બીજી પણ બે મોટી પબ્લીક સ્કૂલો છે જે ખ્રિસ્તી મીશન સંચાલિત છે. તેમાં પણ પ્રાન્ત પ્રાન્તના વિદ્યાર્થીઓ તેમ જ વિદ્યાર્થિનીઓ ભણતી હોય છે. મોટા ભાગે સરકારી નોકરી કરતા અધિકારીઓ પોતાનાં બાળકોને આવી સ્કૂલોમાં ભણવા મોકલે છે. તેમની અવારનવાર દેશના એક છેડેથી બીજે છેડે બદલી થતી હોય છે અને તેથી તેમને પોતાનાં બાળકોના શિક્ષણ માટે આવી સ્કૂલોનું અવલંબન લેવું પડે છે. વળી પ્રાન્તે પ્રાન્તે શિક્ષણનીતિ અને અભ્યાસક્રમોમાં પાર વિનાના ફેરફારો થઇ રહ્યા છે અને કાંઇક અનવસ્થા જેવી દશા પ્રવર્તતી માલુમ પડે છે. એ પરિસ્થિતિમાં જેને અંગ્રેજીનો વિશેષ આગ્રહ હોય અને જેમનો મુંબઇ કલકત્તા જેવા કોઈ મોટા શહેરમાં સ્થાયી વસવાટ ન હોય તેઓ પણ પોતાનાં બાળકોને આવી સંસ્થામાં રાખવાનું વધારે પસંદ કરે છે. આવી પબ્લીક સ્કુલોનો એક બીજો લાભ એ છે કે આવી પબ્લીક સ્કુલોમાં લગભગ એક સરખાં ધોરણો અને લગભગ એક સરખાં પાઠયપુસ્તકો હોય છે; તેથી પોતાનાં છોકરાંઓની સંયોગવશાત્ આ પ્રકારની ઉત્તર તેમ જ દક્ષિણમાં આવેલી સ્કુલોમાં ફેરબદલી કરાવવામાં માબાપોને કે વિદ્યાર્થીઓને અગવડ પડતી નથી. ઉલટું વધારે સરળતા રહે છે. વળી એમ પણ કહેવામાં આવે છે કે આવી પબ્લીક સ્કૂલોમાં વિદ્યાર્થીઓને જે શિસ્તની તાલીમનો લાભ મળે છે તે લાભ આપણી સાધારણ હાઇસ્કુલોમાં સંભવતો જ નથી.

લેન્ડ્ઝ એન્ડ, ટીપીન ટૉપ, ડોરોથી સીટ

આમ વર્ણન અને વાતો કરતાં આપણે બીરલા વિદ્યામંદિરમાં જરા વધારે રોકાઇ ગયા. પણ આ દેશવિખ્યાત શિક્ષણસંસ્થાની બાકીની વિગતો આપવાનું મને જરૂરી લાગ્યું. અહિંથી હોટેલ ઉપર પાછાં ફરતાં સવારના દશ વાગવા આવ્યા. આમ લગભગ ચાર કલાક ઉભા પગે ફરતા રહેવાથી થાક ઠીક ઠીક લાગ્યો હતો. બીજે દિવસે બપોરના ભોજન કરીને આરામ કરતા હતા એવામાં અજિતભાઇ મુંબઇથી અઢી ત્રણ વાગ્યા લગભગ આવી પહોંચ્યા. તેમના આવવા સાથે નૈનીતાલમાં બાકી રહેલી જગ્યાઓ તેમજ નજીક દૂરનાં સ્થળોએ જવાનો પ્રોગ્રામ અમે ઘડવા લાગ્યા. બીજે દિવસે સવારે તૈયાર થઇને નવ સાડા નવ વાગ્યા લગભગ નીકળ્યા. ફ્લેટ ઉપર આવેલા એક વિશાળ મકાનમાં ઉત્તર પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ કેટલો થયો છે. તેનો ખ્યાલ આપતું એક નાનું સરખું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. ત્યાં એવી કેટલીયે વસ્તુઓ હતી જે ચાર પાંચ વર્ષ પહેલાં પરદેશથી મંગાવવી પડતી હતી, પણ હવે જે આપણા દેશમાં બનવા લાગી હતી. આ જોઇને આઝાદી પ્રાપ્ત થવા બાદ દેશે કરેલી ઔદ્યોગિક પ્રગતિની કાંઇક ઝાંખી થઇ અને ભાવી ઉત્કર્ષ વિષેની શ્રધ્ધા વધારે સુદૃઢ થઈ.

પ્રદર્શન પતાવીને 'લેન્ડ્ઝ એન્ડ' નામનુ એક પોઇન્ટ છે તે તરફ અમે આરોહણ શરૂ કર્યું. કેટલુંક ચઢાણ પતાવ્યા બાદ મોટી સડક ઉપરથી અમે બ્રાઇડલ પાથ ઉપર ચાલવા લાગ્યા. 'બ્રાઇડિલ પાથ' એટલે પાકી સડક નહિ તેમ સાંકડી કેડી નહિ એવો રસ્તો કે જેના ઉપર ઘોડેસ્વારો આમ તેમ જઇ શકે. આ રસ્તા ઉપર એક દોઢ માઇલ લગભગ સીધી કેડી ઉપર ચાલતાં એક એવો આગળ પડતો ખુણો આવ્યો કે જે જાણે કે પર્વતનો છેડો ન હોય એવો આપણને ભાસ થાય. આને 'લેન્ડ્ઝ એન્ડ પોઇન્ટ' કહેવામાં આવે છે. આની ઉંચાઇ ૬૯૫૦ ફીટ છે. આ સ્થળે પહોંચતાં નીચે બીજુ અને તેની આગળ વિશાળ પ્રદેશને આવરી લેતું ભવ્ય દૃશ્ય આપણી નજર સામે આવીને ઉભું રહે છે. દૂર નીચાણમાં એક સરોવર દેખાય છે જેને 'ખુરપા તાલ' કહે છે. ખુરપા સ્થળનું નામ છે. તાલ એટલે સરોવર. અહિં થોડો વખત થોભીને પાછા ફર્યા અને થોડે આગળ ડોરોથી સીટ નામની એક અતિ ઉંચાણવાળા શિખર ઉપર ચઢી જતી કેડી ચાલુ માર્ગથી છુટી પડે છે તે ઉપર અમે ચાલવા લાગ્યા અને ઉંચે ચઢવા લાગ્યા. ધાર્યા કરતાં રસ્તો ઘણો લાંબો નીકળ્યો અને અમારી ધીરજ તેમ જ પગની ઠીક ઠીક કસોટી થઈ. ડોરોથી સીટ પહોંચીએ તેની નજીકમાં આસપાસની ઝાડી વચ્ચે એક નાની સરખી જગ્યા આવે છે તેને 'ટીપીન ટૉપ' કહે છે. આ જગ્યાને ટીપીન ટૉપ એટલા માટે કહે છે કે આ જગ્યાએ પ્રવાસીઓ ખાવા પીવાનું લઇને સવારના ભાગમાં આવે છે અને દિવસનો મોટો ભાગ પસાર કરે છે. ટીપીન ટૉપથી કેટલુંક આગળ ચાલ્યા અને ડોરોથી સીટ નામના પર્વતશિખર સમીપ જઇ પહોંચ્યા. આ શિખરની ઉંચાઇ ૭૫૨૦ ફીટ છે. આ સ્થળ ડોરોથી નામની એક અંગ્રેજ બાઇના નામ સાથે જોડાયલું છે. એ બાઇને આ સ્થળ અત્યન્ત પ્રિય હતું અને અહિં અનેક વાર તે આવતી અને આસપાસનું દૃશ્ય આનંદમુગ્ધ ભાવે નિહાળ્યા કરતી. તે આ બાજુ નોકરી કરતા બ્રિગેડિયર કેલેટની પત્ની હતી. એ બાઇનું અહિંથી હવાઇ વિમાનમાં વિલાયત જતાં અને તે વિમાન તુટી પડતાં મૃત્યુ નીપજેલું. તેના સ્મરણમાં બ્રિગેડિયર કેલેટે અહિં વીશ પચ્ચીસ માણસો આસાનીથી બેસી શકે એવી ફરતી રેલીંગ વાળી બેઠક કરાવી છે જેને 'ડોરોથી સીટ' નામ આપવામાં આવ્યું છે. અહિંથી આપણી આંખો વિસ્મયમુગ્ધ બને એવું ભવ્ય દૃશ્ય જોવા મળે છે. શેરકા દંડા, શેર વૂડ. મીશન સ્કૂલો, ગવર્મેન્ટ હાઉસ, ઉપર નીચેના સંખ્યાબંધ મકાનો, ગોલ્ફ રમવાનું મેદાન, નીચે નૈનીતાલનું વિશાળ સરોવર, સામે ચીના પીક, સ્નો વ્યુ, બિરલા વિદ્યામંદિર, લડિયા કાંટા અને તેની પણ પેલી પારની પર્વતમાળ નજરે પડે છે. હિમાલયની ભવ્યતાનું અહિં અમને પ્રથમ દર્શન થયું. અહિંથી ખસવું ગમતું નહોતું, પણ ઘડિયાળનો કાંટો બારને-સાડાબારને-વટાવીને આગળ દોડી રહ્યો હતો. નીચે ફ્લેટ ઉપર પહોંચવાનો રસ્તો ૨॥ માઇલ લાંબો હતો. એટલે અમે કમને અહિંથી પાછા ફરવાનો નિર્ણય કર્યો અને લગભગ બે કે અઢી વાગ્યે અમે અમારી હોટેલે પહોંચ્યા. આજે આશરે સાતેક માઇલનું પરિભ્રમણ કર્યું હતું. ઠીક ઠીક થાક લાગ્યો હતો.

ભીમતાલ

બીજે દિવસે બપોરે અમે નૈનીતાલથી ૧૪ માઇલ દૂર આવેલ ભીમતાલ નામનું સરોવર જોવા માટે બસમાં ઉપડ્યા. નૈનીતાલ ડીસ્ટ્રીક્ટમાં નૈનીતાલ ઉપરાંત આસપાસના પંદર સત્તર માઇલના ઘેરાવામાં નલ–દમયંતી–તાલ, સાતતાલ, નૌકુચીઆ તાલ, માલવા તાલ, ખુરપા તાલ અને ભીમતાલ એમ બીજાં નાનાં મોટાં છ સરોવરો છે. આ બધાં સરોવરોની યાત્રાએ જવાનું શકય નહોતું. તેથી આ બધામાં જેનું નામ પાંચ પાંડવોમાંના ભીમ સાથે જોડાયલું છે એવું ભીમતાલ અમે પસંદ કર્યું. ભીમતાલનો રસ્તો નૈનીતાલથી સાત માઈલ દૂર ભોવાલી થઇને આગળ જતો હતો. ભોવાલીમાં ક્ષય રોગ નિવારણ માટેનું એક મોટું સેનેટોરિયમ છે. ભોવાલીથી એક રસ્તો આલ્મોરા, રાણીખેત તથા કૌસાની તરફ જાય છે; બીજો રસ્તો મુકતેશ્વર લઈ જાય છે. ત્રીજો રસ્તો ભીમતાલ જાય છે. ભીમતાલ સમુદ્રપાટીથી ૪૫૦૦ ફીટની ઉંચાઇએ આવેલું છે. એટલે નૈનીતાલથી ભીમતાલ સુધીમાં લગભગ ૨૦૦૦ ફીટનું ઉતરાણ છે. નૈનીતાલની લંબાઈ પહોળાઈ અનુક્રમે ૪૫૦૦ ફીટ અને ૧૫૦૦ ફીટ છે, જ્યારે ભીમતાલની લંબાઇ પહોળાઇ ૫૫૮૦ ફીટ અને ૧૪૬૦ ફીટ છે. ભીમતાલની વચમાં એક નાનો સરખો બેટ છે, જેના ઉપર બગીચો છે. સવારે આ બાજુએ આવનારા પ્રવાસીઓ આ બેટ ઉપર બાયપીએ છે અને દિવસનો મોટો ભાગ પસાર કરે છે. અમને ભીમતાલ લાવનારી બસ કલાકમાં પાછી ફરવાની હતી. એટલા ટુંકા ગાળામાં જે જોવાય તે જોઇ લીધું, ફરાય તેટલું ફરી લીધું, બોટમાં બેસીને બેટ ઉપર પણ ચક્કર મારી આવ્યા અને સાંજને વખતે નૈનીતાલ પાછા ફર્યા.

મુકતેશ્વર

બીજે દિવસે સવારે અમે મુકતેશ્વર જવા નીકળ્યા. ભોવાલીમાં ચા પીધી. ચણીબોર જેવા કાફલ આ બાજુ ઢગલાબંધ મળે છે. વળી આલુબુખારા અથવા તો લીલી આલુબદામ જેને આ બાજુ ખુમાની કહે છે તેની પણ આ ઋતુ હતી. કોઇ કોઇ ઠેકાણે પ્લુમ્સ પણ મળતાં હતાં. કાફલ તો અમે ચાલુ ખાધા જ કરતા હતા અને ખુમાનીનો પણ સારા પ્રમાણમાં ઉપભોગ કરતા હતા. ભોવાલીથી અમારી બસ આગળ ચાલી અને ભીમતાલ જવાનો રસ્તો થોડીક વારમાં અમારાથી છુટો પડ્યો. મુકતેશ્વર નૈનીતાલથી ૩૨ માઇલ દૂર છે. તે આખે રસ્તે હિમાલયની ભવ્યતાનું અનોખું દર્શન થાય છે. નૈનીતાલ નીચેના સપાટ પ્રદેશોથી બહુ ઉંડાણમાં નથી. એમ છતાં એક બીજામાં આવેલું હોઇને અમારી આંખો નીચે સરોવર અને ઉંચે ચોતરફ પર્વતો સિવાય બીજું કશું જ જોતી નહોતી. આને લીધે અમારા મન આસપાસ હિમાલયનું વાતાવરણ જામતું જતું હતું. મુકતેશ્વર જવા નીકળ્યા એટલે કુમાંઉના ગિરિપ્રદેશમાં અમારો મુક્ત-વિહાર હવે શરૂ થયો છે એમ અમને લાગવા માંડ્યું. આખે રસ્તે ભારે મોટાં ચઢાણ તેમ ઉતરાણ આવે છે. સર્પાકાર રસ્તા ઉપર દોડી રહેલી બસ ઘડિમાં ઉંચે ચઢવા માંડે, પછી બે હજાર ફીટ લગભગ નીચે ઉતરે, વળી પાછી વધારે ઉંચાઇ સર કરવા માટે ચઢવાનું શરૂ કરે. આ ચઢાણ ઉતરાણ સાથે આસપાસનાં દૃષ્યોના આકાર બદલાતા જાય. ઘડિમાં દેવદાર અને ચીડનાં વૃક્ષોની ઘનઘોર ઘટા આવે; તો ઘડિમાં આછા ઝાડપાનવાળાં પર્વતો રૂક્ષતા તેમ જ ભવ્યતાનો એક સાથે અનુભવ કરાવે. નૈનીતાલથી ૧૬ માઇલના અન્તરે રામગઢ નામનું એક સ્થળ આવે છે. તે ઠીક ઠીક ઉંચાઇ ઉપર હોઇને આકાશ સ્વચ્છ હોય તો અહિંથી હિમપર્વતોનાં દર્શન થવાનો સંભવ રહે છે. આ સ્થળમાં સફરજનનાં પુષ્કળ બગીચા છે. આ સફરજનનો રસ કાઢી, ડબ્બામાં પેક કરીને તેનાં ઢગલાબંધ પાર્સલો દેશ પરદેશ મોકલતી એવી અહિં એક ફેકટરી છે. અહિં બસ અડધોએક કલાક ખોટી થતી હોઇને અમે બાજુએ આવેલી એ ફેકટરી જોવા ગયા અને સફરજનનો મીઠો રસ પીને તાજગી મેળવી. એક પેક કરેલો ડબ્બો સાથે પણ લઇ લીધો. ગિરિમાર્ગના ચઢાણ ઉતરાણને હાલતાં હાલતાં અગિયાર વાગ્યા લગભગ અમે મુકતેશ્વર પહોંચ્યા. બસ ટરમીનસથી અડધોએક માઇલ ચાલતાં મુકતેશ્વર ગામને છેડે અમે એક નાની સરખી ટેકરીની કીનાર પાસે આવીને ઉભા રહ્યા. થોડુંક ચડતાં જમણી બાજુએ એક મકાન હતું તેની ઓસરીમાં અમે પડાવ નાંખ્યો. સાથે લાવેલ કેરી પુરી વગેરેનો નાસ્તો કર્યો અને કકડીને લાગેલી ભુખને શમાવી અને પચાસથી સો ફીટ ઉંચે ચઢીને ટોચ ઉપર પહોંચ્યા. આ ટોચની ઉંચાઇ ૭૭૦૦ ફીટ છે. અહિં મુકતેશ્વર મહાદેવનું નાનું સરખું ગોળ મંદિર છે અને મંદિરની ફરતી આસપાસ ફરી શકાય, બેસી શકાય, આરામ લઈ શકાય એવી પાંચ છ ફુટ પહોળી ઓશરી છે. અહિં અમે જાજમ પાથરીને બેઠા અને અમારી આંખોને ચોતરફ ફેરવવા માંડી. આંખો જોતાં ધરાય જ નહિ એવું અપૂર્વ આ દૃષ્ય હતું. આ શિખર ઉપરથી ચારે બાજુએ માઇલોના માઇલો સુધી નજર પહોંચી શકતી હતી અને નીચે બીજુ, ત્યાં આવેલો વિશાળ સમવિષમ ભૂમિભાગ અને તેની આગળ પર્વતમાળ–આ બધું આંખોમાં એક સાથે સમાઇ જવા પ્રયત્ન કરતું હતું. અહિંથી પણ હિમશિખરોનાં દર્શનની આશા હતી, પણ એ માટે આકાશ જોઇએ તેવું સ્વચ્છ નહોતું. બહેન મેનાએ એક બાજુએ બેસીને ત્યાંના દૃષ્યને ડ્રોઇંગ પેપર ઉપર રંગમાં ઉતારવાનું શરૂ કર્યું. અમે ઘડિ આરામ કર્યો, ઘડિ બેઠાં, અને પાછું મંદિરની ચોતરફ આમથી તેમ ઘુમવા માંડ્યું. ચારે બાજુના વિશાળ, અગાધ, વિરાટ દૃષ્યને જોતાં મન ભરાઇ જતું હતું. આમ જોતજોતામાં અહિં બે કલાક પસાર થઇ ગયા.

સૂર્ય આકાશમાં પ્રખર તેજે તપી રહ્યો હતો, પણ અમે જ્યાં બેઠા હતાં ત્યાં ગરમીનો કોઇ અંશ જણાતો નહોતો. સૂર્ય પણ અવાર નવાર વાદળ અને ધુમ્મસથી ઢંકાઇ જતો હતો અને એક બાજુએ શ્યામ વાદળાં છવાઇ રહ્યાં હોય એમ લાગતું હતું. અને તેથી રખેને વરસાદ તો નહિ આવેને એવી ભીતિ અમારા ચિત્તને કદિ કદિ સ્પર્શી જતી હતી. અહિં બેઠાં હતાં તે દરમિયાન સતત શીતળ પવનની લહરીઓ આવ્યા કરતી હતી અને કદિ કદિ આછા બેવા કંપનો અનુભવ કરાવી જતી હતી. દૂર દૂરની વનરાજીઓને વીંધીને આવતી પવનલહરીઓનો મીઠો મર્મર અવાજ અમારા કાનને અવારનવાર સ્પર્શ્યા કરતો હતો અને ચિત્તને પુલકિત કરતો હતો. આકાશમાં વહી રહેલા વાદળો નીચેના સમવિષમ પ્રદેશ ઉપર અંધકાર પ્રકાશના ઓળાઓ પાડતાં હતાં અને ચોતરફની રમણીયતામાં ઓર વધારો કરતાં હતાં. અહિં અમે રમણીયતા, ભવ્યતા, વિશાળતા, અગાધતા, ગહનતા, ભીષણતા–સર્વનું એક સાથે દર્શન કર્યું અને સામાન્ય લોકો માટે તીર્થયાત્રાનું લેખાતું આ સ્થળ અમારા માટે પણ એક તીર્થસ્થાન બની ગયું. ફેર માત્ર એટલો જ કે અમારા ભગવાન એ નાના સરખા મંદિરની અંદર પુરાયલા નહોતા, પણ બહાર વિરાટ રૂપે અને વિવિધ સ્વરૂપે અમારી સામે પ્રત્યક્ષ થઈ રહ્યા હતા.

બપોરના બે વાગવા આવ્યા હતા. સાંજે ચાર વાગ્યે ઉપડતી બસમાં અમારે પાછા ફરવાનું હતું. તે પહેલાં એક વ્યક્તિને મળવાની અમારી ઇચ્છા હતી અને બીજું કાંઇ જોવા જેવું હોય તે જોઇ લેવું હતું. આમ હોવાથી કમને અમે ત્યાંથી અમારાં પગલાં ઉપાડ્યાં. મેનાએ પોતાનું ચિત્રપટ સંકેલી લીધું અને કોઇ ઊંડી અનુભૂતિ થઈ હોય એવા સંવેદનપૂર્વક અમે નીચે ઉતર્યા.

ક્રમશઃ

પરમાનંદ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ. મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઓક્ટોબર ૧, ૧૯૫૮, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પાયાનો અભિગમ : Basic Approach

(ગતાંકથી ચાલુ)

૧૪. આપણામાંના કેટલાક આ સર્વસામાન્ય ભૂમિકાની અને એના અનુસંધાનમાં ખાસ કરીને હિંદની પરિસ્થિતિની ચર્ચા કરી રહ્યા છીએ. એમ ઘણી વાર કહેવામાં આવે છે કે હિંદમાં આજે નિરાશા અને મન્દતાની લાગણી પ્રવર્તે છે અને જ્યારે ઉત્સાહ અને સખત કામની જરૂર છે ત્યારે એ માટે જરૂરી એવો દિલનો ઉમળકો અને ઉર્મિલતા અનુભવવામાં આવતી નથી. માત્ર આપણા દેશમાં જ આમ જોવામાં આવે છે એમ નથી, અમુક રીતે દુનિયામાં આજે લગભગ સર્વત્ર વ્યાપક આવી મનોદશા પ્રવર્તે છે. એક જુના અને આદરણીય સાથી † જણાવે છે કે આજની પરિસ્થિતિનું કારણ એ છે કે આપણી પાસે કોઇ જીવનવિષયક તત્ત્વદર્શન નથી અને દુનિયા પણ જરૂર તાત્વિક અભિગમના આ પ્રકારના અભાવને લીધે જ હેરાન થઇ રહી છે. દેશની ભૌતિક પ્રગતિ નિશ્ચિત કરવાના આપણા પ્રયત્ન આડે માનવીની પ્રકૃતિમાં રહેલા આધ્યાત્મિક તત્ત્વ તરફ આપણે બીલકુલ ધ્યાન આપ્યું નથી. તેથી, વ્યક્તિને અને પ્રજાસમૂહને હેતુમયતાથી યુક્ત કરવા માટે, તેને કાંઇક એવું સૂચવવું કે જે કારણે તેને જીવવું અને જરૂર પડયે મરવું સાર્થક લાગે–આ માટે, આપણે કોઇ એક પ્રકારનું જીવનવિજ્ઞાન પુનઃ વિકસાવવાની જરૂર છે, અને વિશાળ અર્થમાં આપણી વિચારણાને આધ્યાત્મિક ભૂમિકા પૂરી પાડવાની જરૂર છે. આપણે કલ્યાણરાજ્યની, લોકશાહીની અને સમાજવાદની વાતો કરીએ છીએ. તે સારા ધ્યાલો છે, પણ તે દ્વારા આપણને ભાગ્યે જ કોઇ સ્પષ્ટ અને જેમાં ગેરસમજુતીને કશો અવકાશ ન હોય એવો અર્થ પ્રાપ્ત થાય છે. આ એક પ્રકારની વિચારણા થઇ. અને પછી પ્રશ્ન ઉભો થાય છે કે આપણું અન્તિમ ધ્યેય શું હોવું જોઇએ ? લોકશાહી અને સમાજવાદ કોઇ પણ ધ્યેય સિદ્ધ કરવાનાં સાધનો છે અને નહિ કે સ્વતઃ કોઇ ધ્યેય છે. આપણે સમાજના ભલાની વાતો કરીએ છીએ. આ સમાજનું ભલું તે શું સમાજ જેમના વડે બનેલો છે તે વ્યક્તિઓના ભલાથી અલગ અને તેથી ઉપરની કોઇક વસ્તુ છે ? જેને સમાજનું ભલું કહેવામાં આવે છે તે ખાતર જો વ્યક્તિની ઉપેક્ષા કરવામાં આવે તો શું તે પ્રાપ્ત કરવા યોગ્ય ધ્યેય છે ?

૧૫. એ તો સ્વીકૃત હતું કે વ્યક્તિનો એ રીતે ભોગ અપાવો ન જોઇએ અને એ પણ જરૂર સ્વીકૃત હતું કે સાચી સામાજિક પ્રગતિ ત્યારે જ સાધી શકાશે કે જ્યારે વ્યક્તિને પોતાનો વિકાસ સાધવા માટે પૂરી તક આપવામાં આવશે–અલબત્ત એ સરતે કે વ્યક્તિ અમુક પસંદ કરાયલા પક્ષ કે મંડળની ન હોય, પણ આખા સમાજની એક સામાન્ય વ્યક્તિ હોય. તો પછી આ બાબતની ખરી કસોટી તો એ જ રીતે થઇ શકે કે કોઇ પણ રાજકીય કે સામાજિક વિચારસરણી કોઇ એક વ્યક્તિને પોતાની અંગત સંકીર્ણતામાંથી ઊંચે ઉઠવામાં અને સૌના ભલાની પરિભાષામાં વિચાર કરતો કરવામાં કેવી અને કઇ હદ સુધીની તાકાત આપી શકે તેમ છે ? હરીફાઇ કે નફાખોરી નહિ, પણ સહકાર–સર્વના ભલામાં ફાળો આપતું પ્રત્યેકનું ભલું–એ જીવનનો નિયમ હોવો જોઇએ. આવા સમાજમાં ફરજ ઉપર ભાર મૂકવામાં આવશે અને નહિ કે હક્ક ઉપર. હક્ક, અધિકાર કર્તવ્યપાલનના અનુગામી બનશે. આ રીતે આપણે શિક્ષણને નવી દિશાએ વાળવાનું છે અને નવી જાતનો માનવી નિર્માણ કરવાનો છે.

૧૬. આ વિચારણા આપણને જુની વેદાન્તની વિચારસરણી તરફ લઇ જાય છે. આ વિચારસરણી એ પ્રકારની છે કે સજીવ અથવા નિર્જીવ દરેક વસ્તુને સમસ્ત વિશ્વરચનામાં સ્થાન છે અને જેને દિવ્ય પ્રચાલના–divine impulse–કહેવામાં આવે છે, અથવા તો જેને વિશ્વને વ્યાપી રહેલ પ્રકૃતિ કે પ્રાણશકિતનું તત્વ કહેવામાં આવે છે તેની દરેક વસ્તુમાં ચીણગારી છે. આ વિચાર આપણને તત્વવિજ્ઞાનના પ્રદેશમાં ધસડી જાય છે, જેનું પરિણામ આપણી સામે ઉભેલા જીવનપ્રશ્નોથી આપણને વિમુખ બનાવવામાં આવે છે. મને લાગે છે કે, કોઇ પણ વિચારણા, જો આપણે વધારે ઊંડાણમાં ઉતરીએ તો છેવટે, અમુક અંશે આપણને મેટાફીઝીકસ–તત્વવિજ્ઞાન–તરફ ખેંચી ગયા વગર રહેતી નથી. આજે ભૌતિક વિજ્ઞાન પણ લગભગ અનેક પ્રકારના અચિન્તનીય, જેને સામાન્ય વિચારણામાં ઉતારવું શકય હોતું નથી એવા તત્વોના–એવી બાબતોના–કીનારે આવીને ઉભું છે. હું આ તાત્વિક બાબતો ચર્ચવા નથી માગતો, પણ આ પ્રકારની વિચારણા ભૌતિક વિશ્વ જેના ઉપર ઉભું છે, રચાયું છે એવા, નીચેના કોઇ પાયાના તત્વને માનવી મન કેવી રીતે શોધી રહ્યું છે તેનો આપણને કાંઇક ખ્યાલ આપે છે. જો આપણે આ સર્વવ્યાપક જીવનસિદ્ધાન્તમાં ખરેખર શ્રદ્ધા ધરાવતા હોઇએ તો તેની મદદ વડે આપણે નાત, જાત અને વર્ગને લગતી માનસિક સંકીર્ણતાંમાંથી જરૂર મુકિત મેળવી શકીએ, અને જીવનના પ્રશ્નો પ્રત્યેના આપણા અભિગમમાં વધારે સહિષ્ણુતા અને સમજુતી કેળવી શકીએ.

૧૭. પણ એ તો સ્પષ્ટ છે કે માત્ર આવી સૈદ્ધાન્તિક વિચારણાથી આપણા પ્રશ્નોનો કોઇ ઉકેલ આવતો નથી અને એક રીતે આપણે જ્યાં હોઇએ ત્યાંના ત્યાં જ ઉભા રહીએ છીએ. હિંદમાં આપણે કલ્યાણરાજ્ય અને સમાજવાદની વાતો કરીએ છીએ. એક અર્થમાં દરેક દેશ, તે મુડીવાદી હોય, સમાજવાદી હોય કે સામ્યવાદી હોય, કલ્યાણરાજ્યનો આદર્શ સ્વીકારે છે. ભાંડવલશાહીએ, અમુક થોડા દેશોમાં તો, આ સર્વસામાન્ય કલ્યાણ ઘણા મોટા પ્રમાણમાં સાધ્યું છે, અને એમ છતાં તે દેશો પોતાની સમસ્યાઓનો નીકાલ લાવી શકયા નથી. અને કાંઇક પાયાનું મહત્વનું ખૂટે છે એમ એ દેશના વિચારકોને ઊંડેથી લાગે છે. ભાંડવલશાહીએ લોકશાહી સાથે સંલગ્ન બનીને જરૂર પોતામાં રહેલાં ઘણાં અનિષ્ટોને હળવાં કર્યાં છે.

† ડૉ. સંપૂર્ણાનંદના 'કોંગ્રેસ આઇડીઓલોજી એન્ડ પ્રોગ્રામ' એ નામના ૧૯૫૮ ના ઓગસ્ટની પહેલી તારીખના 'એ. આઈ. સી. સી. ઇકોનોમિક રીવ્યુ' ના અંકમાં પ્રગટ થયલા લેખનો ઉલ્લેખ.

અને તેનું આજનું સ્વરૂપ ખરી રીતે, એક પેઢી પહેલાં તેનું જે સ્વરૂપ હતું તેથી, ખૂબ બદલાયલું છે. ઔદ્યોગિક રીતે આગળ વધેલા દેશોમાં આર્થિક વિકાસની માત્રા સતત અને સ્થાયીપણે ઊંચે ચડતી રહી છે, વધતી રહી છે. અત્યન્ત વિકસિત દેશોને લાગેવળગે છે ત્યાં સુધી છેલ્લાં બે વિશ્વયુદ્ધોની ભયંકર ખુવારીએ પણ આ આર્થિક ઉર્ધ્વીકરણમાં કશી બાધા ઉપજાવી નથી. તદુપરાન્ત આર્થિક વિકાસનો લાભ ઓછા વધતા અંશે પ્રજાસમુદાયના સર્વ વર્ગો સુધી વિસ્તરતો રહ્યો છે. પણ જે દેશો ઔદ્યોગિક રીતે આગળ વધેલા નથી તે દેશોને આ બાબત લાગુ પડતી નથી. ખરી રીતે આ દેશોમાં વિકાસ માટેની મથામણ અને પ્રયત્ન ઘણી મુશ્કેલીઓથી ભરેલો હોય છે અને કેટલીક વખત આર્થિક અસમાનતા દૂર કરવાના–તેનું અન્તર ઘટાડવાના–પ્રયત્નો હોવા છતાં, પહેલાંની આર્થિક અસમાનતાઓ ચાલુ રહી છે. એટલું જ નહિ પણ, વધારે તીવ્ર બની હોય એમ પણ બનવા પામ્યું છે. સાધારણ રીતે વિચારતાં એમ કહી શકાય કે, મુડીવાદી સમાજનાં પરિબળો, જો તેમને મુક્તપણે કામ કરવા દેવામાં આવે તો, ધનિકને વધારે ધનવાન અને ગરીબને વધારે ગરીબ બનાવવામાં પરિણમે છે, અને આ રીને બન્ને વચ્ચેના અન્તરને વધારનારાં નીવડે છે. આ બાબત જેટલી દેશોને લાગુ પડે છે તેટલી જ દેશની અંદરના અમુક મંડળો, પ્રદેશો કે વર્ગોને પણ લાગુ પડે છે. વિવિધ પ્રકારની લોકશાહીગત પ્રક્રિયાઓ આ સ્વાભાવિક વલણોનો પ્રતિકાર કરે છે, તેમને હળવાં બનાવે છે. ભાંડવલશાહીએ, આ કારણોને લીધે, જો કે તેનું મુળ સ્વરૂપ–પાયાનાં લક્ષણો–હતાં તેવાં કાયમ રહ્યા છે તો પણ, કેટલાંક સમાજવાદી તત્ત્વોને વેગ આપ્યો છે, અવકાશ આપ્યો છે, અપનાવ્યા છે.

૧૮. સમાજવાદ, જરૂર, સમાજની ચાલુ સ્વાભાવિક પ્રક્રિયાઓમાં ધરાદાપૂર્વક દખલગીરી કરવા માંગે છે, અને એ રીતે ઉત્પાદક બળોને વેગ આપે છે, એટલું [illegible] પણ, અસમાનતાઓને હળવી કરે છે. પણ સમાજવાદ એટલે શું ? આનો એક ચોક્કસ જવાબ આપવો મુશ્કેલ છે અને તેના અસંખ્ય લક્ષણો બાંધવામાં આવ્યા છે. સમાજવાદ એટલે એવું કાંઇક કે જે લોકોનું ભલું કરે છે અને સમાજમાં સમાનતાની સ્થાપના કરવાનું લક્ષ્ય ધરાવે છે–આવો સમાજવાદ વિષે અસ્પષ્ટ ખ્યાલ કેટલાક લોકો ધણું ખરું ધરાવતા હોય છે. પણ આમ કહેવાથી આપણી સમજણમાં કશો ખાસ વધારો થતો નથી. સમાજવાદનો અભિગમ બાંડવલશાહીના અભિગમ કરતાં પાયામાંથી જ તદ્દન ભિન્ન પ્રકારનો છે, જો કે એ મને સાચું લાગે છે કે, એ બન્ને વચ્ચે રહેલું મહદ્ અન્તર આજે સારા પ્રમાણમાં ઘટવા તરફ છે, કારણ કે સમાજવાદના ઘણા ખ્યાલો ધીમે ધીમે મુડીવાદી રચના ધરાવતા સમાજમાં પણ અન્તર્ગત થવા લાગ્યા છે. સમાજવાદ આખરે એક જીવનમાર્ગ છે, એટલું જ નહિ પણ, સામાજિક અને આર્થિક સવાલો પ્રત્યેનો એક ચોક્કસ પ્રકારનો વૈજ્ઞાનિક અભિગમ છે. પછાત અને અણવિકસિત દેશમાં સમાજવાદ દાખલ કરવામાં આવે એટલાથી જ દેશના પછાતપણામાં કોઇ ફેરફાર થતો નથી, ઉલટું એના પરિણામે પછાત કોટિનો અને દારિદ્રયહત સમાજવાદ પ્રગટ થાય છે.

૧૯. કમનસીબે સામ્યવાદના ઘણા રાજકીય પહેલુઓએ ઉપર ઉપરના સાદૃષ્યના કારણે સમાજવાદને લગતા આપણા દર્શનને વિકૃત બનાવવામાં મદદ કરી છે. વળી સામ્યવાદદ્વારા ઉભા કરવામાં આવતા સંઘર્ષની ચોક્કસ પદ્ધતિએ હિંસાને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. આમ હોવાથી સમાજવાદનો વિચાર આપણે આ રાજકીય તત્વોના અથવા તો હિંસાની અનિવાર્યતાના ખ્યાલોથી અલગ બનીને કરવો જોઇએ. જેમ જેમ પેલાં ઉત્પાદક સાધનો અને સામગ્રીમાં ફેરફાર અને વિકાસ થતો જાય છે તેમ તેમ સમાજના જીવનમાં અને ચિન્તનમાં પણ પરિવર્તન થતું ચાલે છે.

૨૦. શાહીવાદે અને સંસ્થાનવાદે પ્રગતિશીલ સામાજિક પરિબળોને દાબી દીધાં હતાં અને આજે પણ સતત દબાવવાનો પ્રયત્ન કરી રહેલ છે. તેથી ચોક્કસ સ્થાપિત હિતો ધરાવતાં મંડળો કે વર્ગો સાથે તે અનિવાર્યપણે પોતાનું જોડાણ કરે છે, કારણ કે દેશની જે પ્રકારની આર્થિક અને સામાજિક સ્થિતિ હોય તેને કાયમ રાખવામાં જ તેને રસ છે. એક દેશ સ્વતંત્ર થયો હોય તે પછી પણ આર્થિક દૃષ્ટિએ તેને બીજા દેશો ઉપર આધાર રાખવાનું ચાલુ રાખવું પડે છે. આ પ્રકારની પરાધીન પરિસ્થિતિને, શબ્દછળનો ઉપયોગ કરીને, સાંસ્કૃતિક અને આર્થિક એવા પરસ્પર ગાઢ સંબંધો સૂચવતી પરિસ્થિતિ તરીકે વર્ણવવામાં આવે છે.

૨૧. આપણે ઘણી વખત ગામડાંની સ્વાયત્તતા–self–sufficiency–ની ચર્ચા કરીએ છીએ. વિકેન્દ્રીકરણનું કદાચ આ એક અંગ હોય. એમ છતાં પણ, ગામડાંની સ્વાયત્તતાના ખ્યાલને આપણે વિકેન્દ્રીકરણના ખ્યાલ સાથે ગુંચવવો ન જોઇએ. જો કે, મારા મત પ્રમાણે, શકય હોય તેટલા મોટા પ્રમાણમાં વિકેન્દ્રીકરણ પ્રશ્નછનીય છે, એમ છતાં પણ, જો તેનું પરિણામ ઉત્પાદનની પુરાણી અને અણઘડ પદ્ધતિઓના સ્વીકારમાં આવતું હોય તો, તેનો અર્થ એટલો જ થાય છે કે, આધુનિક ઉત્પાદન–પદ્ધતિઓ, જેના વડે પશ્ચિમના કેટલાક દેશો અદ્ભુત ભૌતિક ઉત્કર્ષ સાધી શકયા છે તેનો, આપણે ઉપયોગ કરવા માંગતા નથી. એનો અર્થ આપણે ગરીબ રહેવાના, અને એટલું જ નહિ પણ, વધતી જતી વસ્તીના દબાણના કારણે, આપણી ગરીબાઇ વધતી જવાની. વિજ્ઞાને આપણા હાથમાં આજે ઉત્પાદનશકિતનાં જે નવાં સાધનો મૂકયાં છે તેનો પૂરેપૂરો ઉપયોગ કર્યા સિવાય આજની આપણી ગરીબાઇના દૂષિત ચક્રાવામાંથી છુટકારાનો મને બીજા કોઇ માર્ગ દેખાતો નથી,

૨૨. ઉત્પાદનશકિતનાં અને આધુનિક ટેકનીકૂસના–યંત્રવિદ્યાનાં–નવાં સાધનોનો લાભ ઉઠાવીને આપણે આ ચક્રાવાને ભેદવાનો છે, પણ એમ કરવા જતાં, આપણે પાયામાં રહેલા માનવી તત્વને ભુલી ન શકીએ અને આપણો હેતુ વ્યકિતગત ઉત્થાનનો અને અસમાનતાના નિરસનનો છે એ હકીકતની આપણે ઉપેક્ષા કરી ન શકીએ; અને આપણે જીવનની એ નૈતિક અને આધ્યાત્મિક બાજુઓને પણ વિસારી ન શકીએ કે જે બાજુઓ, આખરે સંસ્કૃતિ અને સાભ્યતાની પાયારૂપ છે, અને જે વડે જીવન અર્થપૂર્ણ બન્યું છે.

૨૩. એ પણ યાદ રાખવાની જરૂર છે કે, સામાજિક કે મુડીવાદી પદ્ધતિના સ્વીકારમાત્રમાં એવો કોઇ જાદુ નથી કે જેથી, ગરીબાઇમાંથી એકાએક ધનવિપુલતા નિર્માણ થઈ જાય. સખત પરિશ્રમ અને પ્રજાની સતત વધતી જતી ઉત્પાદકતા અને જે કાંઇ ઉત્પન્ન થાય તેની સમાનતાના ધોરણે વહેંચણી કરવાની યોગ્ય સમુચિત વ્યવસ્થા–આ જ એક–આર્થિક ઉત્કર્ષ સિદ્ધ કરવાનો–ઉપાય છે. આ લાંબી અને વિકટ પ્રક્રિયા છે. જે દેશનો બહુ જ ઓછો વિકાસ થયો છે તેવા દેશને ઉંચે લાવવા માટે મુડીવાદી પદ્ધતિમાં કોઇ અવકાશ કે શકયતા નથી. એ પ્રગતિ તો માત્ર સમાજવાદી ઢબની પદ્ધતિઓ ઉપર આરિધાત છે, અને યોજનાપૂર્વકના અભિગમદ્વારા જ શકય છે, જો કે તેમાં પણ વખત તો લાગવાનો જ છે. આ પ્રક્રિયા જેમ જેમ ચાલવા માંડે છે તેમ તેમ આપણા જીવનની અને વિચારણાની ભાત બદલાવા માંડે છે.

૨૪. આ માટે આયોજન અતિ આવશ્યક છે, કારણ કે એ વિના આપણી પાસે જે પરિમિત સાધનસામગ્રી છે તે વેડફાઇ જવાનો સંભવ રહે છે. આ યોજનાનો અર્થ માત્ર યોજનાઓનો ઝુમખો નથી, પણ સમાજ બધી બાજુઓથી આગળ વધે એ રીતે પ્રગતિના પાયાને અને એક પછી એક ભરવાનાં પગલાંઓને કેવી રીતે મજબુત કરવા એને લગતો વિચારપુરઃસરનો અભિગમ છે. હિંદમાં આપણી સામે દેશની સર્વસામાન્ય ગરીબી ઉપરાન્ત, અમુક મોટા પ્રદેશોમાં કાતિલ ગરીબાઇનો ભયંકર પ્રશ્ન પડેલો છે. પસંદ કરાયલા અને અનુકુળતા ધરાવતા વિભાગોમાં ઉત્પાદન ઉપર જ આપણી શકિતને કેન્દ્રિત કરવી અને એ રીતે ગરીબ પ્રદેશોની તત્કાળ ઉપેક્ષા કરવી, કે પ્રદેશો પ્રદેશો વચ્ચેની અસમાનતા હળવી બને–ઓછી થાય–એ હેતુથી પછાત વિભાગોને ઉંચે લાવવાનો પ્રયત્ન કરવો–આ રીતે વિકટ પસંદગીનું

સમસ્યા આપણી સામે હંમેશા ઉભેલી હોય છે. એની વચ્ચે સમધારણ સૂચવતો કોઇક માર્ગ નક્કી કરવાનો રહે છે અને એ રીતે સુગ્રથિત રાષ્ટ્રીય યોજના ઉભી કરવાની છે. આ રાષ્ટ્રીય યોજનામાં યોગઠાબંધી–rigidity–હોવાની જરૂર નથી અને હોવી જોઇએ પણ નહિ. તે કોઇ એક સિદ્ધાન્ત–dogma–ઉપર આધારિત હોવી ન જોઇએ, પણ વર્તમાન હકીકતોનો પૂરો ખ્યાલ કરીને વિચારવી તેમજ નક્કી થવી જોઇએ. આજના હિંદમાં, મને લાગે છે કે, ઘણાં ક્ષેત્રોમાં ખાનગી સાહસને જરૂર ઉત્તેજન અપાવું જોઇએ, જો કે તે ખાનગી સાહસ રાષ્ટ્રીય યોજના સાથે બેશક બંધબેસતું હોવું જોઇએ, અને જરૂરી લાગે તેવાં નિયંત્રણો તે ઉપર મૂકાયલાં હોવાં જોઇએ.

૨૫. જમીનને લગતા સુધારાઓનું એક ખાસ મહત્વ છે, કારણ કે તે સિવાય, ખાસ કરીને હિંદ જેવા અતિશય ગીચ વસ્તીવાળા દેશમાંની ખેતીની ઉત્પાદકતામાં કોઇ મૌલિક સુધારણા શકય નથી. પણ જમીન સુધારાઓનો મુખ્ય હેતુ વધારે ઊંડો છે. તેનો ખરો આશય તો જે સમાજ સ્થગિત દશામાં પડેલો છે તેની જીનવાણી વર્ગપરક રચના તોડી નાંખવી તે છે.

૨૬. આપણને સામાજિક સહિસલામતી જોઇએ છે, પણ એ સંબંધમાં આપણે એ બાબત ધ્યાનમાં લેવાની છે કે સમાજ વિકાસની અમુક કક્ષાએ પહોંચે ત્યાર પછી જ સામાજિક સહિસલામતી હાંસલ થઈ શકે છે. એમ ન બને તો આપણને સામાજિક સહીસલામતી પ્રાપ્ત થવાનો સંભવ નથી, તેમ જ કશો વિકાસ થવાનો સંભવ પણ રહેતો નથી.

૨૭. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અન્તિમ પૃથક્કરણમાં માનવીની ગુણવત્તા જ ખરા મહત્વની વસ્તુ છે, માત્ર માનવી જ પ્રજાની સંપત્તિનો તેમજ તેની સાંસ્કૃતિક પ્રગતિનો નિર્માતા છે, તેથી એ પ્રકારના માનવીઓ પેદા કરવા માટે શિક્ષણ અને આરોગ્યસંવર્ધન એ બે આપણા માટે સૌથી વધારે અગત્યના વિષયો છે. આમાં પણ સાધન સામગ્રીની ઉણપને લીધે આપણે ધારી પ્રગતિ કરી શકતા નથી. પણ એમ છતાં આપણે હંમેશાં યાદ રાખવું ઘટે છે કે સાચું શિક્ષણ અને સારી તન્દુરસ્તી જ એવી વસ્તુઓ છે કે જે આર્થિક તેમજ સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક પ્રગતિ માટે પાયાનું કામ કરે છે.

૨૮. રાષ્ટ્રીય યોજના આ રીતે એક ટુંકી મુદતનું અને એક લાંબી મુદતનું–એમ બે પ્રકારનાં લક્ષ્યો ધરાવે છે. લાંબી મુદતનું લક્ષ્ય સાચું પ્રમાણદર્શન કરાવે છે. તે સિવાયનું ટુંકી મુદતનું આયોજન બહુ ઓછું લાભકારક નીવડે છે, અને આપણને ખોટા માર્ગે ધસડી જાય એવો સંભવ રહે છે. આ રીતે આયોજન હંમેશા સમપ્રમાણ આયોજન હોવાનું અને જે નક્કર ભૌતિક સિદ્ધિઓ માટે આપણે પ્રયત્ન કરીએ છીએ તે દૃષ્ટિએ સારા પ્રમાણમાં વિકટ હોવાનું. બીજા શબ્દોમાં, તે ભૌતિક આયોજન જ હોવાનું, જો કે નાણાંકીય સગવડો અને આર્થિક સંયોગો સાથે તે અનુસંધિત હોવાનું અને તે કારણે દેખીતી રીતે મર્યાદિત પણ હોવાનું જ.

૨૯. જે સમસ્યાઓ હિંદે હલ કરવાની છે તે કેટલાક અંશમાં બીજા દેશોની સમસ્યાઓને મળતી છે. પણ કેટલીક હિંદની તદ્દન આગવી સમસ્યાઓ છે કે જે અસામાન્ય છે, અને ઇતિહાસમાં તેને મળતી ઘટનાઓ ઉપલબ્ધ નથી. તેનો ઉકેલ આપણે આપણી જાતે જ શોધવાનો છે. ઔદ્યોગિક રીતે આગળ વધેલા દેશોમાં ભૂતકાળમાં જે કાંઈ બન્યું છે તેનો આપણા દેશની આજની પરિસ્થિતિ સાથે કોઈ મુકાબલો થઈ શકે તેમ નથી. વાસ્તવિક રીતે, જે દેશો આગળ વધેલા છે તે દેશો, ત્યાં ઔદ્યોગીકરણ શરૂ થયું તે પહેલાં, માણસ દીઠ આવકની પરિભાષામાં, આજના હિંદ કરતાં વધારે સારી સ્થિતિમાં હતા. આમ હોવાથી પાશ્ચાત્ય દેશોમાંથી આપણને જરૂર શિખવાનું મળે તેમ છે તો પણ, આજના આપણા સવાલો પરત્વે તે દેશો કોઈ વિશેષતઃ માર્ગદર્શક બની શકે તેમ નથી. એ જ પ્રમાણે માકર્સવાદી અર્થશાસ્ત્રીઓ જે આજે ઘણી રીતે સમયની પાછળ પડી ગયા છે, અથવા તો આજના સમય સાથે જેમના જ્ઞાન કે વિચારની સંવાદિતા રહી નથી, તેઓ જે કે આર્થિક પ્રક્રિયાઓ ઉપર પુષ્કળ પ્રકાશ નાંખે છે એમ છતાં પણ, આપણા માટે બહુ ઉપયોગના રહ્યા નથી. આમ હોવાથી બીજાઓના અનુભવનો લાભ આપણે લેતા હોવા છતાં, આપણા પોતાના સંયોગોને અનુકૂળ એવો માર્ગ શોધી કાઢવા માટે આપણે આપણું પોતાનું જ ચિન્તન કરવાનું રહે છે.

૩૦. આપણી સમસ્યાઓની આ આર્થિક બાજુઓનો વિચાર કરતાં, આપણે શાન્તિભર્યા સાધનોને લગતો પાયાનો અભિગમ હંમેશાં યાદ રાખવો ઘટે છે, અને જે કોઇ છે તે સર્વના મૂળ પાયારૂપ પ્રાણતત્વનો–જીવનશક્તિનો–પુરાણો વેદાન્તી આદર્શ પણ આપણે જરૂર ધ્યાનમાં રાખવાનો રહે જ છે.

સમાપ્ત

મૂળ અંગ્રેજી: **જવાહરલાલ નહેરૂ**
અનુવાદક: **પરમાનંદ**

અસ્યો રે અનોપમ મલે કોય મુઝને–

(આ કાવ્ય 'જૈન યુગ'ના સપ્ટેમ્બર માસના અંકમાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યું છે. તેનો રચયિતા કોણ છે તે વિષે કોઇ માહીતી ઉપલબ્ધ નથી. તેનો ઢાળ તો શું પણ તેની સમગ્ર રચના અને ભાવ સુપ્રસિધ્ધ "વૈષ્ણવ જન તો તેને કહિયે." એ પદને બહુ જ મળતો છે. જો નરસિંહ મહેતાના કાવ્યમાં આદર્શ વૈષ્ણવ કેવો હોય તેનું સંક્ષિપ્તમાં નિરૂપણ છે તો આ કાવ્યમાં આદર્શ જૈન કેવો હોય તેનું સંક્ષિપ્તમાં નિરૂપણ છે. વસ્તુતઃ આદર્શ માનવીનું જ પ્રત્યેકમાં ભિન્ન ભિન્ન પ્રકારે સુન્દર આલેખન છે. 'વૈષ્ણવ જન'ની માફક આ કાવ્ય પણ કોઇ પણ શિક્ષણસંસ્થા માટે–ખાસ કરીને જૈન સંસ્થાઓ માટે–ઉત્તમ કોટિના પ્રાર્થનાગીતની ગરજ સારે તેવું છે.

આ કાવ્યમાં બે શબ્દો જૈન પરિભાષાના હોઇને થોડીક સમજુતીની અપેક્ષા રાખે છે. (૧) **'પ્રવચનમાતા.'** ગમનાગમન, બોલચાલ, ખાનપાન, ચીજ લેવી મૂકવી તથા મલમૂત્રવિસર્જન–એ પાંચ શારીરિક પ્રવૃત્તિ વિવેકપૂર્વક–જીવોની જતનાપૂર્વક–કરવી જેને પાંચ સમિતિ કહે છે; અને મન, વાણી અને કર્મની શક્તિઓનો નિરોધ કરવો, નિવૃત્તિ કરવી, આત્મસાધના અર્થે રક્ષિત કરવી તેને ત્રણ ગુપ્તિ કહે છે. આમ પ્રવૃત્તિપરક પાંચ સમિતિ અને નિવૃત્તિપરક ત્રણ ગુપ્તિને અષ્ટ પ્રવચનમાતા કહે છે, એટલે કે પ્રવચનનો–ધર્મનો–જેના ઉપર ખરો આધાર રહેલો છે તે. (૨) 'રયણ ત્રણ' એટલે સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્યરૂપી ત્રણ રત્નો જે મોક્ષપ્રાપ્તિનો ખરો ઉપાય છે. **પરમાનંદ**)

('વૈષ્ણવ જન તો તેને કહીયે'–એ ઢાળ)

અસ્યો રે અનોપમ **મલે** કોય મુઝને, શ્રાવક અથવા મુણીંદ રે,
જેસું રંગભર ગોઠિ કરંતા, ઉપજે પરમાણંદ રે. –અ૦ ૧
સરલ સુકોમલ નિરમલ પ્રાણી, બોલે મુખ મધુરી વાણી રે,
ત્રસ થાવર જીવ સરખા જાણી, દયા પાલે ચિ-ત આણી રે.–અ૦૨
સમકિતધારી પર–ઉપકારી, નિરમલ જ્ઞાન વિચારી રે,
દાન શિયલ તપ ભાવના સારી, ધર્મ થાનકે હિતકારી રે.–અ૦૩
જેહને દીઠે મુને હરખ જ થાયે, હૈડે તે અતિ સુહાયે રે,
તેસું મનની વાત કરંતા, સુખ દુઃખ સરખો થાયે રે. –અ૦૪
અવગુણ કો'ના કહે ન પ્રકાશે, બેસે તે ગુણવંત પાસે રે,
વચન વિલાસ સભાનું રંજન, ઉત્તમ ધરમ પ્રકાસે રે. –અ૦૫
પરમાનંદ પદ પોહોંચાવા કાજે, ચાલે તે પંથે સાચે રે,
સાધુ તણી સંગતે માચે, નારીના રંગે ન રાચે રે. –અ૦૬
જિનવર આણ સુધ્ધાં પ્રતિપાલે, કુમતિ કદાગ્રહ ટાલે રે,
જ્ઞાન નેત્રે નજર નિહાલે, પ્રવચન માતા સંભાલે રે. –અ૦૭
ધીર વીર ઉપશમનો સાગર, ન ધરે મન અભિમાન રે,
ધન ધન તે નર ધરમ ધુર ધર, ત્રિભુવન તિલક સમાન રે.–અ૦૮
રયણ ત્રણ જેહને મન મંદિર, અહનિશ કરે પરકાસ રે,
તત્વ સહિત નિર્મલ વ્રત પાલે, તે નર ઉન્નત વાસ રે. –અ૦૯

પર્યુષણ વ્યાખ્યાનમાળાનું વિહંગાવલોકન

(ગત સપ્ટેંબર માસની ૮ મી તારીખથી ૧૬ મી તારીખ સુધીની પંડિત સુખલાલજીના અધ્યક્ષપણા નીચે મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પંડિતજીએ પોતે લખાવી મોકલેલું અવલોકન અહિં પ્રગટ કરતાં અમને બહુ આનંદ થાય છે.—**તંત્રી.**

પજુસણને છેલ્લે દિવસે 'ભારતીય વિદ્યાભવન'માં બહુ મોડું થઇ જવાને લીધે ઉપસંહારનો સમય ન રહ્યો. મારે લખવાનું છે એવી ધારણા ન હતી. એટલે સાંભળેલ વ્યાખ્યાનોના સંસ્કાર જોઇએ તેવા સ્પષ્ટ અત્યારે નથી. એ વ્યાખ્યાનોની નોંધ કોઇએ લીધી હોય તો તે પણ મારી સામે નથી અને આ તો અમદાવાદમાં આવી બીજી પ્રવૃત્તિમાં પડ્યા પછી લખી રહ્યો છું, તેથી મારા આ લખાણનો ઉદ્દેશ એ વ્યાખ્યાનોનું માત્ર વિહંગાવલોકન કરવા પૂરતો છે.

જે આ લખાણ વાંચવાના; તેમાંના અનેક તો એવા હશે જેઓ વ્યાખ્યાનમાળામાં હાજર ન જ હતા, અને જેઓ હાજર હતા તે પણ આ લખાણ વાંચે તો વ્યાખ્યાનમાળાની પૂર્વભૂમિકા અને તેનો વિકાસ કાંઇક સમજી શકે, એ દૃષ્ટિ રાખી હું અત્રે થોડીક પ્રાથમિક ચર્ચા પણ કરવા ધારું છું.

પજુસણ વ્યાખ્યાનમાળાનો ઉદ્‌ભવ કઇ મૂંઝવણમાંથી થયો, એના ઉકેલમાં આ વ્યાખ્યાનમાળાએ શો ફાળો આપ્યો અને તે અત્યારે પણ કેવી રીતે એ ફાળો આપી રહી છે, એ બાબતો વિષે કાંઇક લખું તો વાચકોને સમજાશે કે આ વ્યાખ્યાનમાળા પહેલેથી અત્યાર લગી તેના ધ્યેયને કેટલે અંશે સંગત રહી છે અને તેની ઉપયોગિતા શી છે.

હું એક પંથના જ વાતાવરણમાં ઊછર્યો અને પોષાયો. કુટુંબ, સમાજ અને ગુરુવર્ગ તરફથી ધર્મ અને શાસ્ત્રની સમજણના જે સંસ્કાર મળેલા તે ઉંમર વધતાં શિશુકાળના ઝભલાની પેઠે બહુ જ તંગ જણાયાં. મન નવું નવું જાણવા ઇચ્છે, અનેક પ્રશ્નો કરે; પણ એ જન્મગત વાતાવરણ એના ઉકેલમાં કશી જ મદદ કરવાને બદલે ઊલટું વધારે ગૂંચ ઊભી કરે. અનેક વર્ષો પછી જન્મપંથ બાજુએ મૂકી એક વિશાળ સંપ્રદાયના સંસર્ગમાં આવ્યો. ત્યાં શાસ્ત્ર અને વિદ્વાના પ્રવાહો અનેક વહેતા, પણ મારી જૂની મૂંઝવણ ત્યાંય ચાલુ રહી. ધર્મ અને શાસ્ત્રની અતિસૂક્ષ્મ વ્યાખ્યાઓ અને ચર્ચાઓ કાને પડતી, પણ જીવનવ્યવહારમાં તો નવા ચોકા અને નવાં બંધનો. પજુસણના દિવસો આવે ત્યારે ધર્મવિચાર કરવાની પૂરી તક લાધે છે ખરી, પણ હું તો અનુભવતો કે ક્રિયાકાંડના ચાલેલા ચીલાથી ભાગ્યે જ વેગળા થઈ કોઇ મુક્ત મને વિચાર કરતું હોય. આ રીતે વિદ્યાભ્યાસે વધારે મૂંઝવણ અને વધારે ગૂંગળામણ અનુભવાવી. પણ મન તો એનું કામ કર્યે જ જતું. એ કોઈ બારી શોધતું. કાશીથી પાટણ આદિ સ્થાનોમાં આવ્યો. ત્યાં વિશિષ્ટ આચાર્યોના વ્યાખ્યાનો શ્રદ્ધાપૂર્વક પજુસણમાં સાંભળતો, પણ સર્વત્ર વાણીનો બળદ જ ફર્યે જતો હતો અને રસ્તો કપાતો ન દેખાતો. મેં જોયું કે આ મૂંઝવણ માત્ર મારી નથી, પણ સ્કૂલ–કૉલેજ અને યુનિવર્સિટીમાં ભણતા અને તે સિવાયના બીજા અનેકોની છે. ભાવનગરમાં આવી વ્યાપક મૂંઝવણનો પરિચય થયો અને મનમાં ગાંઠ બાંધી કે આમાંથી નીકળવું જ જોઇએ. એ ગાંઠે રસ્તો સીંધ્યો, જૈન અને જૈનેતર–બધાજ સુલભ ધર્મોનો, તેનાં શાસ્ત્રોનો અને તેના મહાપુરુષોનો જીવનનો તટસ્થભાવે અને ગુણગ્રાહક દૃષ્ટિએ પજુસણના આઠે દિવસ અભ્યાસ કરવો અને ધાર્મિક તેમજ વ્યવહારિક જીવનસ્પર્શી પ્રશ્નો વિષે મુક્ત મને વિચારવું. આ પ્રક્રિયા બરાબર ચાર વર્ષ ચાલી અને ૧૯૨૮ માં એનું કાંઇક સંતોષપ્રદ પરિણામ જણાયું. આ પરિણામનો મુખ્ય સૂર એ હતો કે પજુસણ એ વિચારવિકાસ અને વિવેકવૃદ્ધિનું મુખ્ય સાધન છે; તેથી એ દિવસોમાં કોઇ પણ પંથનું બંધન રાખ્યા સિવાય ધર્મ, શાસ્ત્ર અને જીવનને લગતા પ્રશ્નોનો ઊહાપોહ કરવો. આવો ઊહાપોહ કોઇ એક વ્યક્તિ કરી ન શકે, તેથી તે માટે અનેક સુયોગ્ય અધિકારીઓને આમંત્રવા અને તેમની પાસે તેમના સુપરિચિત વિષય પરત્વે વ્યાખ્યાનો અપાવવાં. આ ઉપક્રમ ત્રીશ વર્ષ થયાં ચાલે છે. તેનો છોડ રોપાયો હતો અમદાવાદમાં, પણ એની કલમો અન્યત્ર ગઇ છે. આવી એક કલમ મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા પોષાય છે. છેલ્લા વીશ વર્ષે થયાં તો એનું પોષણ શ્રીયુત પરમાનંદભાઇ દ્વારા મુખ્યપણે થતું રહ્યું છે. અને દિવસે દિવસે એમાં કાંઇ ને કાંઇ સુધારો વધારો થતો દેખાય છે. દરવર્ષની પેઠે આ વર્ષે પણ હું મુંબઇ ગયેલો. મને ત્યાનું આકર્ષણ અનેક દૃષ્ટિએ છે. તેમાંની એક દૃષ્ટિ તો એ છે કે શ્રી. પરમાનંદભાઇ જે કોટિના અને જે જે વ્યાખ્યાતાઓને લાવવા પ્રયત્ન કરે છે તેની પાછળ તેમની ખાસ સુસંવાદી વિચારણા પ્રવર્તતી જોઉં છું.

સર્વગ્રાહી દૃષ્ટિથી ચલાવાતી આ વ્યાખ્યાનમાળા એ હવે સાંપ્રદાયિક અર્થમાં પજુસણ વ્યાખ્યાનમાળા નથી રહી; પણ એ એક વિચાર અને વિવેક વિકસાવવાનું માનવીય ધર્મપર્વ બની ગઇ છે. તેથી જ એમાં આવનાર વક્તાઓ કોઈ એક પંથ કે એક જાતિના નથી હોતા. તેઓ કોઇ એક જ વિચારના ઢાળામાં ઢળાયેલા પણ નથી હોતા. આને લીધે વ્યાખ્યાનમાળામાં વિષયોની વિવિધતા સાથે વિચારની પણ વિવિધતા આવે છે અને શ્રોતાવર્ગ પણ વિવિધ કક્ષાનો તેમ જ વિવિધ પરંપરાનો ઉપસ્થિત થાય છે. ત્યાં ઉપસ્થિત થનાર ભાઇ કે બહેન—પછી તે ગમે તે ઉંમરના કે પંથના હોય—સહુ એક સુસંવાદી મિત્રતાનું વાતાવરણ અનુભવે છે. નજીક કે દૂર—ગમે ત્યાંથી આવનાર વક્તાને એમ નથી લાગતું કે આ પર્વ માત્ર જૈનોનું છે. ઊલટું, તેઓને એમ અનુભવાતું હોય એમ લાગે છે કે પજુસણ નિમિત્તે ઊજવાતું આ પર્વ સહુનું સહિયારું છે.—સહુનું પોતાનું છે.

આ વ્યાખ્યાનમાળામાં ધાર્મિક પ્રશ્નો ચર્ચાય છે, પણ તે સ્થૂળ આચાર પૂરતા નહીં. અહીં તો એના મૂળ ઉદ્‌ગમની ચર્ચા પ્રધાનપણે થાય છે. તેથી જુદા જુદા ધર્મના વક્તાઓ વચ્ચે કદીયે વિસંવાદ આવવા નથી પામતો. શાસ્ત્રો વિષે પણ ચર્ચા થાય છે, પણ તે ઉદારભાવે. એટલે એ વિચારમાં પણ સત્ય ધવાતું નથી. જીવનના પ્રશ્નો ચર્ચાય છે ત્યારે માત્ર પારલૌકિક પ્રદેશમાં સીમિત નથી રહેતા; પણ કુટુંબ, સમાજ, દેશ અને માનવજાતિના વર્તમાન જીવનને લાગુ પડતા હોય એવા પ્રશ્નો લઈ તે તે પ્રશ્ન પરત્વે યોગ્ય અધિકારી પોતાની વિચારસરણી રજૂ કરે છે. આને લીધે દરેક શ્રોતાને પોતાને લાગૂ પડે એવી કાંઇ ને કાંઇ બાબત વ્યાખ્યાનમાળામાં ચર્ચાઇ જાય છે. આ રીતે આ વર્ષની વ્યાખ્યાનમાળા પણ મુખ્ય ધ્યેયને સંગત રહી ચાલી અને કોઇ કોઇ બાબતમાં તો એણે પહેલાંના વર્ષો કરતાં નવીનતાનો પણ અનુભવ કરાવ્યો.

વક્તાઓ તો કેટલાક નવા આવે જ છે. વિષયો પણ નવ નવા વિચારાય છે. પણ વધારે ધ્યાન ખેંચે એવી નવીનતા તો એ છે કે કેટલાક રાજપુરુષો માત્ર સાંસ્કૃતિક દૃષ્ટિએ પોતાના વિષયને ચર્ચે છે અને તેમાં કોઇ રાજકીય પૂર્વગ્રહનો સ્પર્શ જ નથી હોતો. હવે આપણે ટૂંકમાં તે તે વક્તાનો અને તેના વક્તવ્યનો પરિચય કરી લઇએ. આ વર્ષની વ્યાખ્યાનમાળામાં દ્વિભાષી રાજ્યમાં ત્રિભાષી વ્યાખ્યાનોનું વાતાવરણ હતું. એ પણ ગણવી હોય તો એક વિશેષતા.

પહેલો દિવસ સપ્ટેમ્બર નવ તારિખ. એમાં પહેલું વ્યાખ્યાન શ્રધ્ધેય **શ્રી કેદારનાથજીનું** હતું. એમનો વિષય હતો **'સંતો અને સાધના'** શ્રી. નાથજી એક જાણીતા સાધક છે. એમણે લગભગના આખા જીવનમાં ધાર્મિક અને વ્યવહારિક પ્રશ્નોને લગતા કોયડા ઉકેલવાની જીવન્ત સાધના કરી છે. એમની સાથે મારો પરિચય ઠીક ઠીક કહેવાય. હું એટલું તો કહી શકું કે તેઓ પોતાના વિષય પરત્વે યોગ્ય અધિકારી છે, તેમણે સાધનાની વિવિધ બાજુઓ ચર્ચી, પણ તેમનો અસલી ધ્વનિ એ હતો કે સાધકે અન્તર્મુખવૃત્તિ કેળવવી.

જો અન્તર્મુખવૃત્તિ ન કેળવાય તો સાધક પોતાની જાત તપાસી ન શકે અને તે વિના તે ઉપરથી પાણીમાં તરતો રહે પણ એના ઊંડાણને સમજી ન શકે. અન્તર્મુખતા એટલે મનશુદ્ધિનો પ્રયત્ન. સાચા સન્તો એ જ દિશા પકડે છે. ઇત્યાદિ. બીજું વ્યાખ્યાન **શ્રી. એમ. વી. દેાન્દેનું** હતું. શ્રી. નાથજીની પેઠે શ્રી. દેાન્દે પણ મહારાષ્ટ્રિય છે, છતાં નાથજીનું વ્યાખ્યાન હિંદીમાં હતું, જ્યારે શ્રી. દેાન્દેનું વ્યાખ્યાન મરાઠી ભાષામાં. એમનો વિષય હતો **'સંત તુકારામ'** એમણે તુકારામની ભક્તિપ્રવણતા અને કુટુંબ-સમાજની અગ્નિપરીક્ષામાંથી પસાર થવાની બાબત ખાસ ચર્ચી. તુકારામના થેાડાક માર્મિક અભંગો લઈ તેનો ભાવ સમજાવ્યો. એ વ્યાખ્યાન મરાઠીમાં હતું છતાં મુંબઇવાસીઓને એ સમજવાનું મુશ્કેલ ન લાગ્યું.

બીજે દિવસે પ્રથમ વ્યાખ્યાન વડેાદરા કેાલેજના પ્રાધ્યાપક અને ઑરીએન્ટલ ઈન્સ્ટીટ્યૂટના ડિરેકટર ડૉ. ભેાગીલાલ સાંડેસરાનું હતું. એમનો વિષય **'મારી વિદ્યાયાત્રા'** એ હતો. તેઓ રૉકફેલર ફાઉન્ડેશન તરફથી આમંત્રિત થઇ પોતાના વિષય પરત્વે આપ-લે કરવા અમેરિકા ગયેલા. ત્યાં જતાં અને ત્યાંથી પાછા ફરતાં એમણે બીજા અનેક દેશેાની વિદ્યાયાત્રા કરી છે. એનું લંબાણ નિરુપણ કરતી એક લેખમાળા 'બુદ્ધિપ્રકાશ' માસિકમાં પ્રસિદ્ધ થઇ છે, જે રેાચક હેાવા ઉપરાન્ત મનનીય પણ છે. એમણે સમયની મર્યાદામાં રહી કહી શકાય એટલું એ યાત્રાનું સારતત્ત્વ કહ્યું. એનેા મુખ્ય સૂર એ હતેા કે જાપાન, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, જર્મની અને અમેરિકા આદિ દેશેામાં ભારતીય સંસ્કૃતિ પરત્વે કેવી જિજ્ઞાસા છે અને તે વિષે કેવું કામ ચાલી રહ્યું છે ઇત્યાદિનું નિરૂપણ. એમણે ખાસ વાત એ કહી કે અમેરિકામાં વિનેાબાજીની ભૂદાન પ્રવૃત્તિ વિષે ઔત્સુક્ય અને આદર વધારે દેખાયાં. આ વિષય આજના દરેક વિદ્યાર્થી, અધ્યાપક અને જિજ્ઞાસુને આકર્ષે તેવેા હતેા. બીજું વ્યાખ્યાન **શ્રી. મનસુખલાલ આત્મારામ માસ્તરનું** હતું. તેઓ એક વયેાવૃદ્ધ અને મુંબઇમાં તેા બહુ જાણીતા છે. એમનો વિષય હતેા **'જીવનમાંથી હું શું શીખ્યેા?'** મારે માટે એ સાવ નવા જ હતા. એમણે છેક નાની ઉંમરથી અત્યાર લગીમાં જુદા જુદા ક્ષેત્રે થયેલા કડવા-મીઠા અનુભવેામાંથી જે કાંઇ પોતાને શીખવા જેવું લાગ્યું અને જે જીવનમાં સ્વીકાર્યું તેનું નિરુપણ કર્યું. એકંદર એમનો સૂર સુધારક અને નિર્ભય વ્યક્તિનો જણાયેા. અને શિક્ષણ, વ્યાપાર આદિ અનેક ક્ષેત્રેામાં વિચર્યા હેાવાથી તેમના અનુભવની સુવાસ અનેકવિધ જણાઈ.

ત્રીજે દિવસે ભાવનગરવાળા જાણીતા કેળવણીકાર **શ્રી. હરભાઇ ત્રિવેદીનું** પહેલું વ્યાખ્યાન હતું. વિષય હતેા **'માનસિક સ્વાસ્થ્ય'** એમણે માનસશાસ્ત્રની દૃષ્ટિએ નિરૂપણ કરતાં કહ્યું કે મનનું અસ્વાસ્થ્ય એ જ મુખ્ય રેાગ છે. મનની અસ્વસ્થતા શારીરિક રેાગમાં પણ પરિણમે છે. ફ્રૉઇડનેા મત ટાંકી એમણે ભારતીય દૃષ્ટિ મૂકી કે 'कामात् क्रोधोऽभिजायते.' એમનેા મુખ્ય ધ્વનિ એ હતેા કે નાની ઉંમરથી બાળકેા ઉપર જે ભય, વહેમ અને તિરસ્કારનું વાતાવરણ પોષવામાં આવે છે તે જ આખા જીવનમાં અસ્વસ્થતા પેદા કરે છે. અને સમાજ તથા રાષ્ટ્ર તેથી હેરાની અનુભવે છે. એમણે મા-બાપ અને શિક્ષકેાને બાળકેા સાથે કેમ વર્તવું એની એક અનુભવી શિક્ષક તરીકે સલાહ આપી. બીજું વ્યાખ્યાન **શ્રીયુત રતુભાઈ અદાણીનું** હતું. તેઓ દારુબંધીખાતાના પ્રધાન છે. પ્રધાન ખરા; પણ મેટ્રિક્ય થયા નથી. વિશેષતા એ છે કે તેઓ બેાલે ત્યારે લેશ પણ ખંચાતા કે સ્ખલિત થતા નથી. તેમનો વિષય હતેા **'અહિંસા અને લેાકશાહી'** એમણે બંને મુદ્દાઓને સાચી રીતે સમજવાનેા અનુરેાધ કરતા કહ્યું કે જો લેાકશાહીને તેના ખરા અર્થમાં સમજવામાં આવે તેા અથડામણી ન થાય તેમજ અહિંસાનું સ્વરૂપ પણ સચવાય. શ્રી અદાણીએ શરૂઆત જૈન જીવનવ્યવહારમાં દેખાતી અહિંસાની કેટલીક અસંગતિથી કરી અને ગાંધીજીએ ખાદી તેમજ અસ્પૃશ્યતાનિવારણ દ્વારા વ્યક્તિ તેમજ સમાજના જીવનમાં અહિંસા સ્થાપવાનેા કઇ રીતે પ્રયત્ન કર્યો એ બધું કાંઇક વિગતે અને રેાચક રીતે વર્ણવ્યું.

ચેાથે દિવસે પહેલા વકતા **પં. દલસુખ માલવણિયા** અને બીજા વકતા **શ્રી. ભંવરમલજી સિંઘી** હતા. માલવણિયાજી કાશીથી આવેલા અને સિંઘીજી કલકત્તાથી. 'પ્રબુધ્ધ જીવન'ના વાચકેા આ બન્ને વકતાઓથી સાવ અજાણ્યા નથી જ. માલવણિયા જૈન દર્શનના પ્રાધ્યાપક છે અને વૈદિક તથા બૌદ્ધ આદિ દર્શનેાના પણ સારા જાણકાર છે. સિંઘીજી સામાજિક અને રાજકીય ક્રાંતિના હિમાયતી છે. શ્રી માલવણિયાનેા વિષય હતેા **'જૈન આચારશાસ્ત્રનાં મૂળતત્ત્વેા'** અને શ્રીસિંઘીજીનેા વિષય હતેા **'અણુયુગમાં ધર્મ'** શ્રી માલવણિયાએ મુખ્યપણે એ દર્શાવ્યું કે વૈદિક ધર્મ આજ્ઞાપ્રધાન હેાઈ તેમાં તર્કને અવકાશ નથી. અને હેાય તેા તે આજ્ઞાનું સમર્થન કરવા પૂરતેા. જ્યારે બૌદ્ધ ધર્મ તર્કપ્રધાન છે. તેથી જ બુદ્ધ વિનયના આચારેા ઘડતી વખતે તેનાં કારણેા આપે છે કે અમુક આચાર અમુક કારણથી સ્વીકારવામાં આવ્યેા છે, તે સૂચવે છે, વળી તે ભિક્ષુ અને ભિક્ષુણીને તેમના આચારને બુદ્ધિની કસેાટીએ કસવાનું કહે છે. જ્યારે સ્મૃતિવિહિત વૈદિક આચારેા એ અપૌરુષય વેદમૂલક છે એ કારણે જ સ્વીકાર્ય મનાયા છે. તેથી જ એ સનાતન છે. જૈન આચારેામાં આજ્ઞા અને તર્ક બંનેને સ્થાન છે. 'આચારાંગ' જેવા પ્રાચીન સૂત્રમાં આચારનાં મૂળતત્ત્વેા અપાયાં છે. હિંસા ન જ થાય, કષાય ન જ સેવાય, પ્રમાદ ન પેાષાય એ નિષેધક તત્ત્વેા ઉપર આચારશાસ્ત્રની ઇમારત ઉભી થઈ છે. પણ, આગળ જતાં જ્યારે સંઘનેા વિકાસ અને વિસ્તાર થયેા ત્યારે નિષેધલક્ષી કેટલાક આચારેાને પણ સામાન્ય નિયમ રૂપે આચરવાનું વિધાન કરવું પડ્યું જે એક વખતે ત્યાજ્ય ગણાતું તે સંઘની દૃષ્ટિએ ઉપાદેય પણ મનાયું. આ રીતે વ્યક્તિગત આચારેા ઉત્તરેાત્તર સંઘ અને સમષ્ટિગામી બનતાં કેટલાક નિષેધેા પણ વિધિરૂપ થઈ ગયા. ઇ. એમનું વકતવ્ય પ્રબુદ્ધ જીવનમાં આવવાનું જ છે. સિંઘીજીએ પોતાના વિષયનું નિરુપણ હિન્દીમાં કર્યું. તેમનેા પ્રધાનસૂર એ હતેા કે આ વિજ્ઞાનના યુગમાં રહેણીકરણી એટલી બધી બદલાઇ ગઈ છે કે જો તેની સાથે ધર્મનેા નિર્દંભ મેળ રાખવેા હેાય તેા ધર્મનાં કેટલાંક ખેાખાં સાવ બદલ્યા વિના ચાલે નહિ. કલકત્તા જેવા શહેરમાં જૈન સાધુ-સાધ્વી આવે અને વનવાસ સમયના આહારનિહારની વિધિઓ સાંચવવાનેા આગ્રહ રાખે તેા એ નર્યો ઢોંગ જ બને. સાધુ સાધ્વી ખુલ્લા મેદાનમાં નિહારક્રિયાનેા આગ્રહ રાખે એ કદિ ચાલે નહિ અને કૃત્રિમ મર્યાદા સાચવવાં જતાં ઉપહાસ થવાય. ઇત્યાદિ.

પાંચમે દિવસે પહેલું વ્યાખ્યાન **'શ્રી. રવિશંકર એસ. ભટ્ટ'નું** હતું. તેમનો વિષય હતેા **રાજકીય આદર્શો અને સમાજવ્યવસ્થા'** શ્રી. રવિશંકર ભટ્ટને મેં પ્રથમ વાર જ જાણ્યા અને સાંભળ્યા. તેઓ પોતાનું વકતવ્ય લખીને લાવેલા પણ બેાલેલા મેાઢેથી. તેમનું ઉચ્ચારણ એક સાચા બ્રાહ્મણને શેાભે તેવું હતું. વિચાર અને વાકયેા સુસંબદ્ધ તેમનું વકતવ્ય લિખિત હેાઇને 'પ્રબુદ્ધ જીવન' માં આવવાનું જ તેથી એ વિષે વિસ્તારથી કહેવાની જરૂર નથી.

છપાયલા કાર્યક્રમ મુજબ પાંચમા દિવસે બીજું વ્યાખ્યાન શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું હતું પણ છેલ્લા દિવસ માટે નિયત થયેલું શ્રી અન્નાસાહેબ સહસ્ત્રબુદ્ધેનું વ્યાખ્યાન રદ કરવું પડેલ હેાવાથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન છઠ્ઠા દિવસે બીજું રાખવામાં આવ્યું હતું અને છઠ્ઠા દિવસનું બીજું વ્યાખ્યાન શ્રી ગગનવિહારી મહેતાનું છેલ્લા દિવસ ઉપર રાખવામાં આવ્યું હતું અને પાંચમા દિવસે બીજું વ્યાખ્યાન **'શ્રી. રાજેંદ્ર ટી. વ્યાસનું અંધ સમાજનેા પ્રશ્ન'** એ વિષય ઉપર ગેાઠવવામાં આવ્યું હતું અને સાથે સાથે તેમને તાજેતરમાં મુંબઈ યુનિવર્સિટી તરફથી પી. એચ. ડી. ની ડીગ્રી એનાયત કરવામાં આવી તે બદલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

શ્રી રાજેન્દ્ર વ્યાસ લગભગ સત્તાવીસ વર્ષના તરુણ છે. તે છે તેા અંધ, પણ એમણે એ અંધત્વ ઉપર વિજય મેળવ્યેા છે. પિતા ડેાકટર છે તેથી તેમને નાની ઉમરનેા અંધાપેા છતાં અભ્યાસમાં

અસાધારણ મદદ મળી. રાજેન્દ્રભાઇએ પણ એ મદદનો અસાધારણ લાભ લીધો. તેઓ બી. એ. એલ. એલ. બી. થઈ હાઇકોર્ટમાં વકીલાત કરે છે અને આ વર્ષે તેમણે પી. એચ. ડી. ની ઉપાધિ પણ મેળવી છે. તેઓ જેટલા વિદ્વાન છે તેટલા જ તેઓ પ્રત્યક્ષ કાર્યકર્તા છે. અંધ ભાઇ બહેનો માટે તેમણે અનેક રીતે ઉપયોગી સેવા કરી છે અને હજી એમાં જ રત છે. તેમણે પોતાનો વિષય રાખેલો **'અંધ સમાજનો પ્રશ્ન'** આ વિષયનું નિરૂપણ એમણે એટલી બધી સચોટતા અને આંકડાવાર ઐતિહાસિક દૃષ્ટિએ કર્યું કે જાણે એક કુશળ વકીલ જ પોતાનો કેસ રજૂ કરી રહ્યો હોય! તેમણે કહ્યું કે અંધ એ નેત્રવિહીન હોવાથી ઉપેક્ષણીય નથી. એની એટલી બધી શક્તિઓ હોય છે કે જો તેની યોગ્ય રીતે માવજત કરવામાં આવે તો તે ભારરૂપ થવાને બદલે સમાજનાં અનેક ક્ષેત્રોમાં સહાયક થઈ શકે. તેમણે અનેક અંધોને જુદી જુદી સંસ્થાઓ અને કારખાનાંઓમાં કામે લગાડ્યાં છે અને દર્શાવી આપ્યું છે કે અંધ છતાં સોંપાયેલું કામ તેઓ કેટલી કુશળતા અને વફાદારીથી પતાવે છે. તેમણે ટકોર કરી કે અંધો તો અંધ છે જ પણ દેખતા માણસો ય અંધ જનની શક્તિ પારખવામાં અંધ જ છે. તેથી એમણે પોતાની આંખ ઉઘાડવી ઘટે. ઇત્યાદિ.

છઠ્ઠે દિવસે પહેલું વ્યાખ્યાન હતું **શ્રી મનુભાઈ પંચોળીનું**. મનુભાઈ એટલે સૌરાષ્ટ્રમાં આવેલા સણોસરા ખાતે શ્રી નાનાભાઇ ભટ્ટે ઉભી કરેલી લોકભારતીના બીજા નાનાભાઇ. તેઓ ત્યાંના મુખ્ય સંચાલક અને અધ્યાપક છે. તેમની નવલકથાઓ 'દર્શક' ના નામે જાણીતી છે. જેમણે 'ઝેર તો પીધાં છે જાણી જાણી' એ નવલકથા ન વાંચી હોય તેમને એ વાંચી જવા સૂચવું છું. મનુભાઇ મેટ્રીક પણ નથી, પણ તેમની સૂઝ, તેમનું વાંચન અને તેમની સૂક્ષ્મ દૃષ્ટિ એ કોઈ પણ કેળવણીકારને મહાત કરે તેવાં છે. તેથી જ તેમનાં બે ભાષણો રાખેલાં. તેમનો વિષય હતો 'શાન્તિના પાયા.' આ વિષયને તેમણે બીજે દિવસે સમાપ્ત કર્યો. શ્રી મનુભાઇ જ્યારે પોતાના વિષયનું નિરૂપણ કરતા હતા ત્યારે દાદા ધર્માધિકારીની યાદ તાજી થતી હતી. એમનાં બન્ને ભાષણો યોગ્ય સમયે પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થવાનાં છે. તેથી તે સંબંધમાં વિગતે કહેવાની મને જરૂર લાગતી નથી.

એ જ દિવસે બીજું વ્યાખ્યાન **શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું 'લોકધર્મ અને સત્યધર્મ'** એ વિષય ઉપર હતું. શ્રીયુત ચીમનભાઇ દર વર્ષે વ્યાખ્યાનમાળામાં હોય છે જ. તેઓ શ્રોતાઓમાં જાણીતા અને માનીતા છે. તેમણે 'લોકધર્મ અને સત્યધર્મ' બેનો વિરોધ આવે ત્યાં શું કરવું અને બન્નેનો સંવાદ કેવી રીતે સાધવો એ દૃષ્ટિએ પોતાનું વક્તવ્ય રજૂ કરેલું: તેમણે શરૂઆતમાં જ કહ્યું કે કવિવર રવીન્દ્રની એક વાર્તા વાંચતાં તેમને આ વિષય ઉપર બોલવાનું સૂઝેલું, સીતાને રાત્રે દેશવટો આપેલો ત્યારે તેમની પ્રતીતિ તો સીતાની પવિત્રતાની જ હતી. સીતા પણ જાણતાં કે રામને મારા પ્રત્યે અનન્ય અનુરાગ છે. આવી પરસ્પર સ્નેહવૃત્તિ છતાં રામ લોકાપવાદ યા લોકધર્મને વશ થયા. વાલ્મીકિ, કાલિદાસ, ભવભૂતિ અને તુલસીદાસ એ ચારે કવિઓએ પોતપોતાની રીતે રામસીતાનું આખ્યાન ગાયું છે, અને વિરોધનું સમાધાન પણ સૂચવ્યું છે. એમણે સોક્રેટીસની વાત કહેતાં જણાવ્યું કે તેણે જીવનને ભોગે પણ નાસવાનો કે નિયમો–કાયદાઓ તોડવાનો રાહ ન લીધો ઇત્યાદિ.

સાતમે દિવસે બે ભાષણોને બદલે એક જ ભાષણ રાખવામાં આવ્યું. શ્રીયુત મનુભાઇએ આગલે દિવસે પોતાના ભાષણથી એવી મોહિની પેદા કરેલી કે હવે તેમનું બીજું ભાષણ પૂરી વિગત સાથે સાંભળવા શ્રોતાઓ તલપાપડ હતા. આ વસ્તુ ધ્યાનમાં રાખી તેમને ફાવે તેટલો સમય બોલવાની સૌએ છૂટ આપી. અને તેઓ પણ સોળે કળાએ ખીલ્યા. આ બન્ને ભાષણો ઉપર જણાવ્યું તે મુજબ પ્રબુદ્ધ જીવનદ્વારા વાચક સમક્ષ આવવાના જ છે.

છેલ્લે દિવસે વક્તા હતા **કાકાસાહેબ કાલેલકર** અને **શ્રીયુત ગગનવિહારી મહેતા.** બન્નેનું થોડું પણ ઓળખાણ અત્રે અસ્થાને છે. કાકાસાહેબે **'અહિંસાનું સંશોધન'** એ વિષયને નિરૂપતાં જે કહ્યું તેનો સાર એટલો જ છે કે હવે ઇતિહાસ, સમાજવિદ્યા, અર્થશાસ્ત્ર જેવી બહિર્લક્ષી વિદ્યાઓનું સાંગોપાંગ ઐતિહાસિક દૃષ્ટિએ અધ્યયન કરી કેટલાક નિયમો તારવવા. એ જ રીતે ચિત્તશાસ્ત્ર અને અધ્યાત્મવિદ્યા જેવી અંતરલક્ષી વિદ્યાઓનું પણ પૂર્ણ અધ્યયન કરી તે ઉપરથી પણ નિયમો તારવવા. આવા સર્વમાન્ય નિયમો અત્યારના સમયમાં લોકસમક્ષ ન મુકાય તો અહિંસાના સંશોધનની વાત હવામાં જ રહેવાની. જ્યારે આવા સંશોધનની વાત કરીએ ત્યારે ખોરાકનું પ્રમાણ કેટલું, અને ખાનાર કેટલા એનો હિસાબ પણ કાઢવો ઘટે. માત્ર આ ખવાય અને આ ન ખવાય એવા ચીલાગત ચોકામાં પુરાઈ રહેવાથી સામાજિક અહિંસાનો વિકાસ ન થઇ શકે અને ખોરાકના વિધિનિષેધ પૂરતી અહિંસા પણ બહુ તો વ્યક્તિગત જ બની રહે ઇત્યાદિ. શ્રીયુત ગગનવિહારી મહેતાનો વિષય હતો **'રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અહિંસા'** તેમણે શરૂઆત એ પ્રશ્નથી કરી કે માણસના સ્વભાવમાં હિંસાનું તત્ત્વ છે જ. અને તે ઇતિહાસમાં અનેકરૂપે પ્રગટ પણ થયું છે, તો શું આ હિંસાના તત્ત્વને માણસ વશ કરી શકે ખરો? આના ઉત્તરમાં તેમણે માણસના સ્વભાવનું બીજું પાસું રજૂ કર્યું. તેમણે એ દૈવી પાસાની રજૂઆત કરતાં એવા અનેક દાખલાઓ આપી સમજાવ્યું કે જેથી માણસ પ્રયત્ન કરે અને સમજણ વિકસાવે તો તે હિંસા ઉપર વિજય મેળવી શકે. વ્યક્તિગત અને સામાજિક જીવનમાં કેટલેક અંશે અહિંસા પળાય જ છે, તે વિના કોઈ જીવી શકે જ નહિ, પણ એમણે કહ્યું કે આ વિજ્ઞાનયુગમાં જ્યારે આખું વિશ્વ સાવ નાનું બની ગયું છે ત્યારે એમાં સુખેથી વસવા અને જીવવા માટે એ દૈવી તત્ત્વનો વધારે વિકાસ કર્યા વિના છૂટકો જ નથી. એમણે એ પણ ટકોર કરી કે લાંચ–રુશ્વત આપી લાઇસન્સ મેળવવા દિલ્હી સુધી દોડનાર જો અહિંસાની વાત કરે તો તે ઢોંગ છે ઇત્યાદિ.

વ્યાખ્યાનમાળામાં વચ્ચે વચ્ચે અવારનવાર ભજનો અને સંગીતનો કાર્યક્રમ રહેતો જ. પણ સાતમે દિવસે રાત્રે કાકાસાહેબના પ્રમુખપણા હેઠળ સુપ્રસિદ્ધ ગાયક દિલીપકુમાર રોયનો કાર્યક્રમ હતો. એમણે બંગાળી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત અને ગુજરાતી એમ પાંચ ભાષામાં પોતાનું સંગીત એવું બહેલાવ્યું કે તેનું વર્ણન શબ્દમાં કરી ન શકાય. એમણે 'મધુરમ્ મધુરમ્...' પદથી શરૂ થતું સંસ્કૃત પદ્ય ગાયું ત્યારે એમ લાગતું કે આખું વિશ્વ મધુર જ છે. અને સંસ્કૃતમાં ભવાનીનું સ્તોત્ર ગાયું ત્યારે સંસ્કૃત ભાષાની મધુરતા એમના કંઠમાં નાચતી લાગી, અને મનમાંથી ઉદ્‌ગાર નીકળી ગયો કે—

दधि मधुरं मधु मधुरं द्राक्षा मधुरा सुधाऽपि मधुरैव ।
किन्तु मधुरतममन्यत् येन श्रवणानि तृप्यन्ते ॥

પંડિત સુખલાલજી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા શુભેચ્છકોને.

આપ જાણો છો કે સંઘની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવતાં આજ સુધીમાં જે આર્થિક ઘસારો લાગ્યો છે તે દૂર થાય અને આગળ ઉપર થોડી સરળતા થાય એ હેતુથી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન રૂ. ૨૦૦૦૦ નો લક્ષ્યાંક નિર્ધારિત કરીને સંઘના સભ્યો તેમ જ શુભેચ્છકો પાસેથી ફાળો ઉઘરાવવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો હતો. તેના પરિણામે આજ સુધીમાં લગભગ રૂ. ૧૬૦૦૦ સુધીની રકમો નોંધાણી છે. હજી નિર્ધારિત સંકલ્પને પહોંચીવળવા માટે રૂ. ૪૦૦૦ મેળવવા બાકી રહે છે. બીજી બાજુએ સંઘના એવા અનેક સભ્યો તેમજ શુભેચ્છકો છે જેમના તરફથી કશી પણ રકમ અમને હજુ સુધી મળી નથી. તેમને પ્રાર્થના છે કે સંઘની પ્રવૃત્તિઓ પગભર બને એટલું જ નહિ પણ વિકસતી રહે એ માટે તેઓ પોતાનો ફાળો મોકલવામાં વિલંબ ન કરે. વ્યક્તિગત રીતે દરેકની પાસે પહોંચવાનું અમારા માટે શક્ય નથી. તાજેતરમાં પુરી થએલી પર્યુષણ વ્યાખ્યાનમાળા જેની સૌ કોઇ મુક્ત કંઠે પ્રશંસા કરે છે તે પાછળ રૂ. ૧૨૫૦ નો ખર્ચ થયો છે. પ્રબુદ્ધ જીવન જે અમને તથા આપને સાંકળનારૂં એક ઉત્તમ કોટિનું માધ્યમ છે તેના સંચાલન પાછળ આ વર્ષે રૂ. ૨૦૦૦ થી ૨૨૦૦ ની પૂરવણી કરવી પડે તેમ છે, સંઘ હસ્તક ચાલતું સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય રૂ. ૩૦૦૦ ની વાર્ષિક જવાબદારીનો વિષય છે. સંઘ દ્વારા બીજી પણ સાંસ્કારિક તેમ જ લોકસેવાની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ બધી જવાબદારીઓને પહોંચીવળવા માટે આપના આર્થિક ફાળાની અમને અનિવાર્ય અપેક્ષા છે.

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩. | **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

એક ખુણાને અજવાળતો દીવો ઓલવાયો!

તા. ૧૪ મી સપ્ટેંબરની સાંજના જૈન સમાજના એક સામાજિક કાર્યકર શ્રી. કૃતેચંદ લલ્લુભાઇનું ૬૭ વર્ષની ઉમ્મરે એકાએક અવસાન થયું. કાળના ક્રમમાં જીવનમરણનું ચક્ર એક સરખું ચાલ્યા જ કરે છે, અને કોઈ વહેલું તો કોઇ મોડું કાળનું કહેણ આવે ત્યારે આપણી વચ્ચેથી ચાલતી પકડે છે. આમ તાત્વિક દૃષ્ટિએ વિચારતાં કોઇના મરણનો ખેદ કરવો એનો બહુ અર્થ નથી. પણ વર્ષોથી કોઇ એક નાના સરખા ખુણાને અજવાળતી, અથવા તો એક નાની સરખી સેવાની પરબે બેસીને પાણી પાતી વ્યકિત એકાએક અલોપ થાય છે ત્યારે તેની ખોટ તેની સેવા જે વર્ગને સ્પર્શતી હોય તે વર્ગના બાળબચ્ચાં, સ્ત્રીપુરૂષો સૌ કોઇના દિલમાં એક ભાલાની માફક ભોંકાય છે અને 'આપણા તે ગયા! હવે તેની જગ્યા કોણ પૂરશે?' એવો ઉદ્ગાર સહજપણે સૌ કોઇના મોંમાંથી નીકળી આવે છે. આવું મૃત્યું તે પરિવાર પૂરતી એક મહત્વની સામાજિક ધરના બની જાય છે. શ્રી કૃતેચંદભાઈનું જીવન અને મરણ આ પ્રકારનું હતું અને તેથી તેમના અવસાનની નોંધ લેવાની અન્તરમાં સહજ પ્રેરણા ઉગે છે.

શ્રી કૃતેચંદભાઇ પાટણના વતની; વર્ષોથી મુંબઈ આવીને વસેલા. ઝવેરાતનો તેમનો ધંધો. મુંબઇની ઝવેરી બજાર તેમનું મુખ્ય વ્યવસાય ક્ષેત્ર. તેમનું ભણતર લગભગ પ્રિવીયસ સુધીનું. વિશેષ પ્રકારની કોઇ બુદ્ધિમત્તા નહિ. કાંઇક એકાંગી અને ધુની પણ ખરા. પણ જે સમાજ વચ્ચે તેઓ ઉછર્યા અને મોટા થયા તે સમાજની સેવા કરવાની તેમને ભારે લગની. આ રીતે પાટણ જૈન મંડળ મારફત મુંબઇમાં વસતો પાટણનો જૈન સમાજ એ તેમનું વર્ષો જુનું સેવાક્ષેત્ર બન્યું હતું. આ મંડળના જન્મ સાથે તેઓ તેની પ્રવૃત્તિ સાથે જોડાયલા. અને મંડળની દર ત્રણ વર્ષે ચૂંટણી થાય ત્યારે બીજા મંત્રીઓ અને અધિકારીઓ અવારનવાર બદલાયા કરે, પણ તેમણે તો આ મંડળના મંત્રી તરીકે એક સરખી લાગલાગટ ૧૮ વર્ષ સુધી સ્થાયીપણે સેવા કરેલી. તેમના વિના તો ચાલે જ નહિ—આવી પ્રતિષ્ઠા અને અનિવાર્યતા તેમણે પાટણ જૈન મંડળ અંગે પ્રાપ્ત કરેલી. આ મંડળ તરફથી મરીન ડ્રાઇવ ઉપર પાટણનાં જૈન કુટુંબો માટે ત્રણ મોટાં મકાનો બંધાવવામાં આવ્યાં છે, અને ત્યાં સસ્તા ભાડાથી અનેક જૈન કુટુંબોને વસાવવામાં આવ્યાં છે. આ મંડળ તરફથી પાટણના જૈન વિદ્યાર્થીઓને સારા પ્રમાણમાં શિષ્યવૃત્તિઓ પણ આપવામાં આવે છે અને એક જાહેર વાચનાલય પુસ્તકાલય ચલાવવામાં આવે છે. પાટણ ખાતે પણ આ જ મંડળ તરફથી એક સાર્વજનિક હાઇસ્કૂલ અને જૈન વિદ્યાર્થીઓ માટે એક છાત્રાલય ચલાવવામાં આવે છે. આમ વિવિધલક્ષી પાટણ જૈન મંડળની પ્રવૃત્તિઓ છે અને હજારો રૂપિયાનો તેનો વહીવટ છે. આવા મંડળનું સંચાલન એટલે એક બાજુ ઘણો મોટો ખર્ચ અને બીજી બાજુએ ખર્ચને પહોંચી વળવા માટે સમાજ પાસેથી પુષ્કળ ધન મેળવતા રહેવાની ચાલુ જરૂર. મંડળની કાર્યવાહક સમિતિ છે; પણ મંડળના વહીવટની આર્થિક ચિન્તાનો તેમ જ મંડળ માટે શકય હોય ત્યાંથી ધન મેળવવાની ચિન્તાનો વર્ષો સુધી કોઇ એક વ્યક્તિએ સ્વેચ્છાપૂર્વક એક સરખો ભાર ઉપાડયો હોય તો તે હતા. સ્વ. કૃતેચંદભાઇ. મંડળનું ગમે તેટલું કામ કરવામાં, તેના માટે ભમી ભટકીને પૈસો એકઠો કરવામાં નહોતો તેમણે કદિ અનુભવ્યો થાક કે નહોતો અનુભવ્યો કંટાળો. પાંચ રૂપિયા મંડળને મળવાની આશા હોય તો તે ખાતર પાંચ દાદરા ચડતાં કૃતેચંદભાઇ કદિ પાછી પાની ન કરે. રાત્રીના પાઠશાળા ચાલતી તેમાં નિયમિત બે કલાક વિદ્યાર્થીઓને ભણાવતા અને આ તેમનું ભણાવવાનું કામ વર્ષોથી ચાલી રહ્યું હતું. આવું તાદાત્મ્ય અને નિષ્ઠા તેમની પાટણ જૈન મંડળ વિષે હતી અને તે દ્વારા તેમની સેવા કરવાની ઊંડી ભૂખ સંતોષાતી હતી. પાટણ જૈન મંડળના મકાનોમાં વસતાં ભાઇબહેનો તો શું પણ, બાળકો પણ કૃતેચંદભાઇને ઓળખે—સૌ કોઇ તેમને પોતાના સ્વજન જ સમજે—આવું વાત્સલ્ય તેમણે વર્ષો સુધી પોતાના સમાજ ઉપર વરસાવ્યું હતું.

તેમની ધર્મપરાયણતા પણ એટલી જ ઊંડી અને સાત્વિકતાથી ભરેલી હતી. ધાર્મિક વ્રતનિયમ તેમના જીવન સાથે સતત સંકળાયલા હતા. તેમનું જે રીતે મરણ થયું તે તેમની અપૂર્વ ધર્મપરાયણતાનું દ્યોતક હતું.

પર્યુષણના દિવસો હતા. પર્યુષણ દરમિયાન પાટણ જૈન મંડળમાં પધારેલા જૈન મુનિવરના વ્યાખ્યાનોમાં તેઓ નિયમિત જતા, અને શ્રદ્ધાપૂર્વક સાંભળતા. હવે પર્યુષણના ત્રણ દિવસ બાકી રહ્યા હતા. એ ત્રણે દિવસના ઉપવાસનું (જૈન પરિભાષામાં જેને ચોવિહાર અઠ્ઠમની તપસ્યા કહે છે તેનું) તેમણે પચ્ચખ્ખાણ (નિયમ) લીધું. સપ્ટેંબર ૧૪ મી તારીખ રવિવાર—ભાદ્રપદ શુદ ૧—આ તેમના અઠ્ઠમનો પહેલો દિવસ હતો. બપોરના નમતા પહોરે કલ્પસૂત્ર—અન્તર્ગત મહાવીર ચરિત્રમાં ગણધરવાદનો પ્રસંગ આવે છે તેને લગતું વ્યાખ્યાન શરૂ થયું. કૃતેચંદભાઇ પ્રારંભથી જ હાજર થઇ ગયા હતા અને આગળની હરોળમાં બેઠાં બેઠાં ધ્યાનપૂર્વક સાંભળતા હતા. ભગવાન મહાવીર પાવાપુરીમાં પધાર્યા હતા અને બાજુના ઉદ્યાનમાં પ્રવચન કરતા હતા. આ મહાપુરૂષને સાંભળવા નગરનાં અનેક નરનારીઓ ઉદ્યાન તરફ જઇ રહ્યા હતા. આથી વિસ્મય પામીને કેવળ કુતુહલ વૃત્તિથી પ્રેરાઇને અગિયાર ભાઇઓમાં સૌથી વડિલ એવા ઇન્દ્રભૂતિ જ્યાં ભગવાન બિરાજમાન હતા ત્યાં જઇ ચડ્યા, ભગવાન મહાવીર સાથે તાત્વિક ચર્ચા થઇ, તેમનાથી અત્યન્ત પ્રભાવિત બન્યા અને પાછા જવાને બદલે ભગવાનના ચરણમાં તેમણે પોતાની જાતને સમર્પિત કરી. મોટા ભાઇ કેમ હજુ ન આવ્યા એ ચિન્તામાં ત્વરિત ગતિએ આવી ચડેલા અગ્નિભૂતિ પણ એ જ રીતે પ્રભાવિત થયા અને સમર્પિત થયા. આમ અગિયારે ભાઇઓ પોતાના મનમાં રહેલી તાત્વિક શંકાઓનું સમાધાન પામતાં ભગવાન મહાવીરના દીક્ષિત બન્યા અને ભગવાનના ગણધરપદને પામ્યા. ગણધરવાદમાં આવતા આ પ્રસંગોનું મુનિ-મહારાજ નિરૂપણ કરી રહ્યા હતા. તાત્વિક પ્રશ્નોના વિવરણ દરમિયાન જીવ કોને કહેવો, પુદ્ગલ કોને કહે, એ બે વચ્ચે તફાવત શું? આ મહા પ્રશ્નની ચર્ચા ચાલતી હતી. કૃતેચંદભાઇ એકાગ્ર ચિત્તે સાંભળી રહ્યા હતા. સાંભળતાં સાંભળતાં જીવ-પુદ્ગલના વિષય અંગે તેમના મનમાં કાંઇક પ્રશ્ન સ્ફુર્યો અને વ્યાખ્યાતા મુનિ મહારાજની સમક્ષ તેમણે એ પ્રશ્ન રજુ કર્યો. મુનિ મહારાજ તેમનું સમાધાન કરી રહ્યા હતા—એવામાં કૃતેચંદભાઇના શરીરમાંથી કશા પણ ચીત્કાર કે ઉંકારા સિવાય, દુઃખના લેશ માત્ર સંવેદન સિવાય, પ્રાણપંખેરૂ ઉડી ગયું અને તેમનું શરીર બાજુએ બેઠેલ કોઈ એક સાધર્મી બંધુની ઉપર ઢળી પડયું. આ રીતે એક નમ્ર, સેવાપરાયણ, ધર્મપરાયણ જીવનનો અન્ત આવ્યો. આંખના પલકારામાં તેમણે દૃષ્ય જગતની વિદાય લીધી; પાટણ જૈન મંડળની આધારશિલા તુટી પડી; અનેકને રાહત અને સુખનો પ્રકાશ આપતો દીવો આમ એકાએક ઓલવાઇ ગયો; અને એ પાટણ જૈન મંડળનો ખૂણો ઘેરા અંધકારથી છવાઇ ગયો. ખ્યાતિ, નામના, પ્રસિદ્ધિની દૃષ્ટિએ કૃતેચંદભાઇની કોઇ વિશેષતા નહોતી. મહેનત મજુરીથી નિર્વાહ કરનાર તેઓ સામાન્ય આદમી હતા. પણ પોતાને મળેલી સમજણ પ્રમાણે મન, વચન અને કાયાનો યોગ સાધીને જેમને પોતાનાં માન્યાં તેમની સેવા પાછળ જીવન ઘસી નાખનાર જે વિરલ વ્યક્તિઓ આપણને જોવા મળે છે તેમાંના શ્રી. કૃતેચંદભાઈ એક હતા એમાં કોઇ શક નથી. સમાજ નભે છે, તેનાં હેમક્ષેમ કુશળ રહે છે તે આવી વ્યક્તિઓની સતત પાયામાં દટાતા રહેવાની—ફના થવાની—દીર્ઘકાલીન તપસ્યા વડે, આ રીતે જે હવે આપણી વચ્ચે નથી એવા એકાન્ત નિરૂપદ્રવી પરગજુ કૃતેચંદભાઈના જીવનનો આપણે વિચાર કરીએ અને તેમાંથી સાદાઇની, નમ્રતાની, સેવાની પ્રેરણા મેળવીએ!

પરમાનંદ

કૂર્માચળની પરિક્રમા

(ગતાંકથી ચાલુ)

"અરે મેના, તું અહીં ક્યાંથી ?"

અમારી મેના ચિત્રકલાના અભ્યાસ માટે ૧૯૩૭ થી ૧૯૪૨ સુધી શાન્તિનિકેતનમાં રહી હતી. ગુરૂદેવ ટાગોર એ વખતે જીવિત હતા. કળાગુરૂ નંદલાલ બોઝ મેનાના ગુરૂ હતા. એ વર્ષો દરમિયાન આલ્મોરા બાજુનાં જ એક બહેન શાન્તિનિકેતનમાં વસતાં હતાં. ભાષાસાહિત્ય તેમનો ખાસ વિષય હતો અને ત્યાં પોતે શિખતાં હતાં; તેમ જ અન્યને શિખવતા હતા. અનેક ભાષામાં તેમણે પ્રાવિણ્ય મેળવ્યું હતું. તેમનું એ વખતનું નામ જયન્તીબહેન જોષી હતું, તેઓ થોડાંક વર્ષ પહેલાં ડૉ. કૃષ્ણચંદ્ર પન્તને પરણ્યા છે અને મુકતેશ્વરમાં રહે છે એમ અમને ગંગાબહેને અને તેમની પુત્રી સ્નેહલતાએ ખબર આપેલાં. શાન્તિનિકેતન છોડ્યાંને મેનાને ૧૬ વર્ષ થવા આવ્યાં. આજે તેઓ મેનાને ઓળખે કે ન પણ ઓળખે–એવા વિચારથી ત્યાં જતાં મેનાનું મન જરા ખચકાતું હતું. એમ છતાં પૂર્વકાળની સહાધ્યાયિનીને મળવા માટે તેનું મન ખૂબ ઉત્સુક હતું. અમે પણ અજાણ્યા પ્રદેશમાં નવા કોઇ પરિચયને શોધતા હતા. ડૉ. પન્ત મુકતેશ્વરમાં આવેલ હોસ્પીટલમાં મુખ્ય ડૉકટર તરીકે કામ કરતા હતા, અને તપાસ કરતાં જે ટેકરીની ટોચ ઉપર અમે બે કલાક ગાળ્યા હતા તેની બાજુએ નજીકમાં જ તેઓ રહેતા હતા એમ અમને માલૂમ પડયું. અમે તેમના બંગલા સમીપ ગયા અને તેમના કોઇ માણસને અમારા આવ્યાના સમાચાર આપવા અમે કહ્યું. કોણ આવ્યું છે એ જોવા માટે જયન્તીબહેન બહાર આવ્યાં અને મેનાને જોઇને "અરે મેના, તું અહિં ક્યાંથી ?" એમ કહીને મેનાને વળગી પડ્યાં અને અમને બધાંને બંગલાની અંદર દીવાનખાનામાં લઇ ગયાં. મેનાએ અમારી બધાંની ઓળખાણ કરાવી. મેના પરણી છે, તેના પતિ અમારી સાથે જ છે, તેને બે બાળકો છે જે પણ અમારી સાથે જ છે, અમે તેનાં માતાપિતા છીએ–આ બધું જાણીને તેમ જ અમને મળીને તેઓ ખૂબ આનંદમાં આવી ગયાં અને મેના ઉપર તેમણે ખૂબ વહાલ વરસાવ્યું. તેમણે પણ પોતાના પતિ સાથે અમારી ઓળખાણ કરાવી, તેમના બે બાળકોને અંદરથી બોલાવ્યાં અને તેમણે બહાર આવીને અમને નમસ્કાર કર્યા. પછી જયન્તીબહેને મેનાને પૂછ્યું કે "મેના, તું જ્યારે જાણતી હતી કે અમે અહિં રહીએ છીએ તો પછી તમે બધાં સીધાં અહિં કેમ ન આવ્યાં ?" તેમના પતિ ડૉકટર પન્તે કહ્યું કે "હસ્પિતાલથી હું પાછો આવતો હતો ત્યારે ધર્મશાળાની ઓશરીમાં કોઇ ગુજરાતી કુટુંબ આવીને ઉતર્યું છે એમ મને લાગેલું, અને અહીં આવીને મેં જયન્તીને એ મુજબ કહ્યું પણ ખરું, પણ અમને શી ખબર કે એ તમે લોકો જ છો ?" આમ કહીને તેમણે પણ અમને બહુ ભાવપૂર્વક આવકાર્યા. તેમની સાથે વિશેષ વાત કરતાં અમને માલૂમ પડયું કે જે મકાનની ઓશરીમાં બેસીને અમે નાસ્તો કર્યો હતો તે મકાન ડૉ. પન્તે પોતાના પિતાના સ્મરણમાં બંધાવેલી ધર્મશાળા હતી. આ જાણીને અમે જવાબ આપ્યો કે "અજાણતાં પણ અમે તમારા જ મકાનનો આશ્રય લીધો હતો, એટલે તમારા ઘરમાં જ અમે ઉતારો કર્યો છે એમ ગણાય."

મેનાને જોતાંવેંત જયન્તીબહેને જે પ્રશ્ન કરેલો કે 'અરે, મેના તું અહીં ક્યાંથી' તે પ્રશ્ન હિંદીમાં નહિ, પણ ગુજરાતીમાં હતો, અને પછી પણ મેના સાથે તેમજ અમારી સાથે જયન્તીબહેન, જાણે કે પોતાની જન્મભાષા ન હોય એમ, ગુજરાતીમાં જ બોલ્યે જતા હતાં. આ જોઇને અમને આનંદ તો થયો, પણ સાથે સાથે વિસ્મય પણ થયું. આવા દૂરના પ્રદેશમાં કોઇ વ્યકિત આપણી ભાષામાં બોલનાર મળે તો આપણને સહજ આનંદ થાય એ સ્વાભાવિક છે. પણ આ બાજુએ વસતાં જયન્તીબહેન ગુજરાતી ભાષામાં અને તે પણ આટલી સ્વાભાવિક રીતે શી રીતે બોલી શકે ? આ એક અમારા માટે ભારે વિસ્મયનો વિષય બન્યો. આ સંબંધે તેમને પૂછતાં માલૂમ પડ્યું કે તેઓ મૂળ તો આલ્મોરાનાં, પણ તેમનાં પિતા વર્ષો પહેલાં રાજકોટમાં રાજકુમાર કોલેજમાં અધ્યાપક હતા, અને ત્યાંથી નિવૃત્ત થયા બાદ સૌરાષ્ટ્રના નાના દેશી રાજ્યોમાં તેમણે વર્ષો સુધી દીવાનગીરી કરેલી, અને જયન્તીબહેનનો તેમજ તેમની બીજી બહેનોનો જન્મ તથા ઉછેર સૌરાષ્ટ્રમાં જ થયેલો. એટલે ગુજરાતી ભાષા ઉપર તેમને આટલું બધું પ્રભુત્વ હોય તે સ્વાભાવિક છે. તેમના પિતાનું કેવા સંયોગમાં અવસાન થયું, કુટુંબની આર્થિક દૃષ્ટિએ કેવી ભારે કફોડી સ્થિતિ ઉભી થઇ, અને આગળ જતાં ડૉ. પન્ત સાથે લગ્ન કરવાનો કેવી રીતે યોગ પ્રાપ્ત થયો–આ બધી વાતો, જાણે કે અમે તેમનાં સ્વજન જ હોઇએ એવી નિખાલસતાથી, તેમણે અમને જણાવી, અને અમે પણ તેમના વિષે એવી જ આત્મીયતા અનુભવી. ડૉ. પન્ત પણ એટલા જ માયાળુ હસમુખા અને મીલનસાર આદમી લાગ્યા. તે બન્નેએ અમારૂં આતિથ્ય કર્યું અને રાત રહી જવાનો ખૂબ આગ્રહ કર્યો અને બીજે દિવસે તેમના બંગલામાંથી હિમશિખરો જરૂર દેખાશે એવી અમને આશા અથવા તો લાલચ આપી. પહેલાંથી એવો કાંઇક ખ્યાલ કરીને રાત્રીના રહેવા માટે જરૂરી કપડાં વગેરે સાથે લીધાં હોત અથવા તો અમારી હોટેલમાં એ મુજબની કાંઇક સૂચના આપીને નીકળ્યા હોત તો અમે જરૂર રોકાઈ જાત–આવી તેમની અમે માયા અનુભવી, પણ પ્રસ્તુત સંયોગોમાં રોકાવાનું અમારા માટે શકય નહોતું. અમારી વાતચિત દરમિયાન જયન્તીબહેન કાઠિયાવાડમાં ગાળેલા પોતાના બાલ્યજીવનને ખૂબ યાદ કરતાં હતાં અને કાઠિયાવાડને ફરીથી જોવાની તેમના દિલમાં રમી રહેલી ઝંખનાને પુનઃ પુનઃ વ્યકત કરતાં હતાં. અમે પણ કાઠિયાવાડનાં એટલે એક વતનના વતની હોઇએ એવું મમત્વ તેમના વિષે અનુભવી રહ્યા હતા.

ડૉકટર પન્તના કહેવા પ્રમાણે મુકતેશ્વરમાં 'ઇમ્પીરીયલ એકટેરીઓજીકલ લેબોરેટરી' અથવા 'વેટર્નરી રીસર્ચ ઇન્સ્ટીટયુટ' નામનું કેન્દ્રીય સરકાર તરફથી ચાલતું એક ઘણું મોટું સંશોધન કેન્દ્ર છે. ભારતમાં તો શું આખા એશીઆમાં આટલું મોટું બીજું સંશોધન કેન્દ્ર નથી એમ અમોને કહેવામાં આવ્યું. પહેલા તે પૂનામાં હતું. ૧૮૯૬ માં તે અહીં લાવવામાં આવ્યું. આ ઇન્સ્ટીટયુટમાં પ્રાણીઓ ઉપર–વિશેષે કરીને ગાય, બળદ ઉપર–પ્રયોગો કરીને જનવરનાં દર્દો દૂર કરવા માટેની રસીઓ, ઇન્જેકશનો વગેરે તૈયાર કરવામાં આવે છે. આ સંસ્થામાં તાલીમ લેવા માટે ભારતભરમાંથી અનેક વેટર્નરી ડૉકટરો અને વૈજ્ઞાનિકો આવે છે. એ અમારે ખાસ જોવા જેવું છે એમ તેમણે જણાવ્યું. પણ જવાને ઉદ્યુકત થયેલા એવા અમારા માટે હવે કોઇ સમય નહોતો. મુકતેશ્વર આ ઇન્સ્ટીટયુટની આસપાસ વસેલું નાનું સરખું સુઘડ અને સ્વચ્છ રચનાવાળું ગામ છે. ઇન્સ્ટીટયુટના અંગમાં એક હોસ્પીતાલ છે, અને નાની મોટી શિક્ષણસંસ્થાઓ છે. મુકતેશ્વર ઉત્તર પ્રદેશની સરહદમાં આવેલું હોવા છતાં ઉપર જણાવેલ ઇન્સ્ટીટયુટને અંગે કેન્દ્રીય વહીવટના શાસન તળે છે. આલ્મોરા ત્યાંથી ૧૪–૧૫ માઇલ વધારે દૂર નથી. પણ ત્યાં જવાની મોટર સડક નથી. હિમાલયની એકાન્તનો સાચો અનુભવ કરવો હોય અને એમ છતાં દુનિયાથી સાવ અલગ પડી જવું ન હોય તેના માટે મુકતેશ્વર એક આદર્શ જગ્યા છે.

બસ ઉપડવાનો સમય નજીક આવતો હોઇને અમે પન્તદંપતીની રજા માંગી. મેનાના અમે વડિલજનો આટલે દૂર તેમના ઘેર આવ્યા તો અમને ખાલી હાથે જવા ન દેવાય એવી એક સભ્યતાના ખ્યાલથી પ્રેરાઇને જયન્તીબહેન પોતાની ચાલુ પૂજા માટે તૈયાર કરેલ ધૂપનું એક મોટું પડીકું બાંધીને આપ્યું અને અમને બસ સ્ટેન્ડ સુધી મૂકવા આવ્યા. રસ્તામાં તેઓ મુકતેશ્વરમાં જે સામાજિક તેમ શૈક્ષણિક

પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યા છે તેનો તેમણે અમને ટૂંકસોક ખ્યાલ આપ્યો અને તે જાણીને અમે પ્રસન્નતા અનુભવી. મેના અને જયન્તીબહેન વચ્ચે શાન્તિનિકેતનની, ત્યાંના તેમના વખતના સહાધ્યાયીઓની તેમ જ શિક્ષકોની કંઈ કંઈ વાતો ચાલતી રહી. આખરે અમારી બસ ઉપડવાનો સમય થયો અને અમે તેમની રજા લઈને બસમાં ગોઠવાઈ ગયા અને મેના પણ અધુરી વાતે અમારી સાથે આવીને બેઠી. મુક્તેશ્વર અને એ સંસ્કારી યુગલ–એ બન્ને અમારા દિલમાં જડાઈ ગયાં.

એના એજ રસ્તે અમારે પાછાં જવાનું હતું. સૂર્ય પશ્ચિમ આકાશમાં ધીમે ધીમે નીચે ઉતરી રહ્યો હતો. તેનો સૌમ્ય આતપ આખા પ્રદેશને અજવાળી રહ્યો હતો. અમારા દિલમાં પ્રસન્નતા ભરી હતી. અમારી બસ પુર ઝડપે આગળ વધી રહી હતી. અડધે રસ્તે રામગઢ આવ્યું. ત્યાં અડધો કલાક બેઠી થયા, ચાપાણી પીધાં. બસ આગળ ચાલી. સૂર્ય પોતાનો પ્રકાશ હવે સંકેલી રહ્યો હતો. જોત–જોતામાં તે અસ્ત પામ્યો. સાયંકાળે ભોવાલી પહોંચ્યા. અમારી બસ સીધી હલદ્વાની જતી હતી. તેમાંથી ઉતરીને નૈનીતાલ જતી બસની અમારે રાહ જોવાની હતી. થોડી વારે નૈનીતાલ જતી બસ આવી, અમને તેમાં સદ્‌ભાગ્યે જગ્યા મળી ગઇ અને રાત્રીના સાડાસાત લગભગ અમે નૈનીતાલ પહોંચ્યા.

ભગવદ્‌ભકત ડૉ.માયાદાસ

અમે નૈનીતાલમાં રહ્યા તે દરમિયાન એક બીજી વિશેષ વ્યકિતનો અમને પરિચય થયો. તેનું નામ ડૉ. માયાદાસ. તેઓ ધર્મે ખ્રિસ્તી છે; ઉમ્મર આશરે ૬૯–૭૦ વર્ષની છે. આંખના ડૉકટર તરીકે અહિંની સરકારી હસ્પિતાલમાં વર્ષોથી વિનાવેતન કામ કરે છે. સ્વામી આનંદ કૌસાની બાજુ રહેતા હતા તે દરમિયાન તેમને ડૉ. માયાદાસ સાથે ગાઢ પરિચય થયેલો. સ્વામીએ તેમના વિષે મને ઘણી વાર વાત કરેલી. હિમાલયમાં કેડી રસ્તે મુક્ત પરિભ્રમણ કરવું તેને અંગ્રેજીમાં 'હાઇકીંગ' કહે છે. આવા 'હાઇકીંગ' ઉપર તે તથા સ્વામી ઘણીવાર ગયેલાં. છેલ્લું હાઇકીંગ તેમણે ૧૯૫૬ ની સાલમાં કર્યું હતું. તે દરમિયાન પ્રતિકુળ હવામાન, અણધારી હિમવર્ષા અને ધોધમંધ વરસાદ વગેરે કારણોને લીધે તેઓ ખૂબ હેરાન થયેલા અને સ્વામીની તબિયત પણ ત્યારથી બગડેલી. મારા મિત્ર હીરાલાલ અમૃતલાલ શાહ કૌસાની તથા નૈનીતાલ ગયેલા ત્યારે ડૉ. માયાદાસના પરિચયમાં આવેલા. તેમણે પણ મને ડૉ. માયાદાસ ઉપર પરિચયપત્ર આપેલો. આ આધારે મુક્તેશ્વરથી પાછા ફર્યા બાદ બીજે દિવસે સવારે તેમને હું હોસ્પીટલમાં મળવા ગયો. હોસ્પીટલમાં બરોબર તેઓ સવારે નવ વાગ્યે આવે અને સાડા અગિયાર સુધી રોકાય. તેમને મળ્યો; મારી ઓળખાણ આપી; સ્વામી આનંદ તથા હીરાલાલ સાથેનો મારો પરિચય જણાવ્યો. મને મળીને તેમણે બહુ આનંદ દર્શાવ્યો, પણ પછી કહે કે "બીજું કાંઇ કામ છે?" અમારી સાથે વધારે વાતચિત કર્યા સિવાય મને આમ પતાવી દે તે કાંઇક વિચિત્ર લાગ્યું. એમ છતાં તે વિષે મનમાં જરા પણ ખોટું ન લેતાં તેમને મેં કહ્યું કે "મારે આપનું કોઇ ખાસ કામ તો છે જ નહિ, પણ મને આપનો વિશેષ પરિચય કરવાની ઇચ્છા છે. તો આપ કહો તો આપને ત્યાં આવું; નહિ તો આપ અમારી હોટેલમાં પધારો. આપણે એકાદ કલાક સાથે ગાળીએ એમ હું ઇચ્છું છું." તેમણે જવાબ આપ્યો કે "તમે કદાચ જાણતા હશો કે મારા ઘેર હું કોઇને બોલાવી શકું એવા મારા ઘરના સંયોગ નથી. તમે કહો ત્યારે તમારી હોટેલ ઉપર આવું." સાંજના સાડા ચાર વાગ્યે અમારે ત્યાં આવવા મેં વિનંતિ કરી. તેમણે કબુલ કર્યું. અને તે મુજબ તેઓ વખતસર આવ્યા અને અમારી સાથે એક કલાક ગાળ્યો. દેશની આજની પરિસ્થિતિ વિષે, લોકોની નૈતિક અધોગતિ વિષે, કોંગ્રેસની આજની રીતભાત વિષે, સરકારી તંત્ર વિષે–એમ કંઇ કંઈ બાબતો ઉપર અમારી ચર્ચા ચાલી. ગાંધીજીને તેમને ત્રણ ચાર વાર મળવાનુ બનેલું તેને લગતાં પોતાનાં સ્મરણો તેમણે અમને જણાવ્યા. તેમનું અમે ચાપાણીથી આતિથ્ય કર્યું. બરોબર સાડા પાંચ થયા છે એમ તેમને ઘડિયાળ જોતાં ખબર પડી અને તેમણે અમારી રજા માગી.

ડૉ. માયાદાસ પાતળી કાઠીના, ઉંચા અને તન્દુરસ્ત દેખાવના છે. શરીરનો વર્ણ ગૌર, મોઢા ઉપર ઉમ્મર અંગે થોડીક કરચલી, ગાલમાં કાંઇક ખાડા–આને લીધે જરૂર વૃદ્ધ લાગે, એમ છતાં તેમને સીધા જોસભેર ચાલતા જોઇએ ત્યારે તેઓ ખરેખર વૃદ્ધ છે એ આપણે ભુલી જઇએ. ભુરી ખાદીનો હાફકોટ, પાટલુન અને ટોપી એ તેમનો ચાલુ પોશાક છે. તેમની સાદાઇ, નિખાલસતા, ધાર્મિકતા, આજની પરિસ્થિતિ વિષે તેમના દિલની દર્દભયતા અને પોતાનો સમય જરા પણ નકામો ન જાય એ બાબતની જાગૃતિ–આ બધું જોતાં અમારાં મન ઉપર તેમના વિષે ભારે ઉંડી છાપ પડી. તેમના સંબંધમાં ગંગાબહેન સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે "ડૉ. માયાદાસ અમારે ત્યાંના એક સંન્ત પુરૂષ છે. અને તેમની કર્તવ્યનિષ્ઠા તો કોઈ અજબ પ્રકારની છે. હસ્પીતાલમાં તમે તેમને મળવા જાઓ તો ઔપચારિક એક બે વાકયોની લેવડ દેવડ સિવાય તેઓ તમારી સાથે બીલકુલ વધારે વાત નહિ કરે. સવારના ૯ થી ૧૧॥ સુધીનો સમય માત્ર આંખના દર્દીઓ માટે જ છે અને તેમાંથી એક પણ મીનીટ બીજાને આપવી તે દર્દીઓનો સમય ચોરવા બરોબર છે એમ તેઓ માને છે. અમારો અટલો જુનો ગાઢ સંબંધ હોવા છતાં હસ્પિતાલમાં હું જાઉં અને તેમને મળું ત્યારે 'કાં કેમ છો? ગરીબોની સેવા બરોબર કરો છોને?' આટલું કહીને મને રવાના કરે અને દર્દીઓને જોવા તપાસવામાં લાગી જાય–આવી તેમની રીત છે. વળી ઘરમાં તેમનાં પત્નીનું મગજ કેટલાય સમયથી નબળું છે. આ કારણે ઘર ઉપર તેઓ કોઇને બોલાવતા નથી. તેઓ ખ્રીસ્તી ધર્મના સાચા ઉપાસક છે. ઇશ્વરભકિત, પ્રાર્થના અને ગરીબ લોકોની સેવામાં તેમનો સઘળો સમય પસાર થાય છે. નિરૂઅભિમાન અને નમ્રતાની તેઓ એક મૂર્તિ છે." ગંગાબહેનની આ વાત ઉપરથી હું તેમને પહેલી વાર મળ્યો ત્યારે બે મીનીટમાં તેમણે મારી સાથેની વાત કેમ પતાવી દીધી, અમને પોતાને ઘેર બોલાવવાની કેમ અનિચ્છા દર્શાવી, સાંજના સાડા પાંચ થયા અને કેમ ચાલતા થયા–તે બધી બાબતનો ખુલાસો થઈ ગયો.

હિમાલય એક વિરાટ તીર્થ છે અને ત્યાં જેમ નાનાં મોટાં અનેક સ્થાવર તીર્થો છે તેવી જ રીતે ત્યાગીઓ, તપસ્વીઓ, યોગીઓ, એમ સાધકોના રૂપમાં અનેક જંગમ તીર્થો વસે છે, વિચરે છે. આવી વિશિષ્ટ વ્યકિતઓમાં કોઈ સંન્યાસીના રૂપમાં તો કોઈ ગૃહસ્થના રૂપમાં નજરે પડે છે. હિમાલયના આ વિભાગમાં પરિભ્રમણ કરતાં જેમ નજરે જોયેલા નિસર્ગસુન્દર સ્થળોનાં તેમજ પરિચયમાં આવેલાં આવાં જંગમ તીર્થોનાં શબ્દચિત્રો રજુ કરવા એ આ લેખમાળાનો ઉદ્દેશ છે. ડૉ. માયાદાસમાં આવા એક જંગમ તીર્થનાં મને દર્શન થયાં. તેમના વિષેની એક પરિચયનોંધ સંસ્કૃતિના બે માસના અંકમાં સ્વામી આનંદે 'ત્રણ દેવતાં' એ મથાળાના લેખમાં રજુ કરી છે. તેમાંનો જરૂરી વિભાગ ડૉ માયાદાસ વિષે મેં જે કાંઈ જણાવ્યું છે તેની પરિપૂર્તિરૂપે, નીચે ઉતારવાના પ્રલોભનને-અલબત સ્વામી આનંદની અનુમતિપૂર્વક-હું રોકી શકતો નથી. ડૉ. માયાદાસ વિષે લખતાં તેઓ જણાવે છે. કે :–

"નવ વર્ષ અગાઉ અતિ નીચા લોહી દબાણને કારણે જ્યારથી મારે પહાડોનો વસવાટ ફરી એક વાર લેવો પડયો ત્યારથી નૈનીતાલવાળા ભગવદ્‌ભકત ડાકતર માયાદાસ જોડે મારે મહોબ્બત બંધાઇ. અમે બેઉ લગભગ એક ઉમ્મરના, પર્વતપ્રેમી, ઉંચા પહાડોનાં ભ્રમણોના ઘાયલ, વરસોવરસનાં ભ્રમણો દરમિયાન ચોવીસે કલાકની અમારી ભેરૂબંધીમાં મને આ ઇશુભકતપરાયણ ધર્મનિષ્ઠ ખ્રિસ્તી સજ્જનમાં દેવદર્શન થયાં. ડાકતર માયાદાસ એટલે આપણે ત્યાંના માજી ગવર્નર સર મહારાજ સિન્ધના સગાં. રાજકુમારી અમૃતકોર તે સર મહારાજસિંધનાં બહેન અને લેડી મહારાજસિંધ તે ડાકતર માયાદાસનાં સગાં બહેન. આપણે ત્યાં ઊંચા ખવાસનાં શિક્ષિત મુસલમાનોમાં જેવાં તૈયબજી–અલી કુટુંબો,

તેવાં જ પંજાબમાં આ બે જુનાં સંસ્કારી ખ્રિસ્તી કુટુંબો અગ્રેસર તરીકે જાણીતાં. ભાઇઓ બહેનો આખું કુટુંબ જેવું દેશાભિમાની તેવું જ ધર્મનિષ્ઠ.

"ડાકતર માયાદાસ વિદ્યાર્થીકાળે વિલાયતમાં ગાંધીજીના સંપર્કમાં આવેલા. પહેલા વિશ્વયુદ્ધ વખતે વિલાયતમાં ગાંધીજીના જે એક સેનામથક ઉભુ કરેલું તેમાં જોડાયલા. માયાદાસ તેમાં થોડો વખત રહ્યા, અને લડાઇની ઇસ્પિતાલોના અનુભવ લઈ ડાકતરી પાસ કર્યા પછી સ્વદેશ પાછા આવ્યા. નામાંકિત ડાકતર તરીકે વર્ષો લગી ગુજરાતમાં વસેલા. ખાંગખ્રા, વઢવાણ કાંપ, રાજકોટ વગેરે સ્થળે તેઓ હતા. પાછલાં વર્ષો વહરાનપુર નૈનીતાલના હેલ્થ ઑફિસર તરીકે વીત્યા. રાષ્ટ્રીય આંદોલનોના કાળ દરમિયાન પણ એકથી વધુ વેળા ગાંધીજી જોડે એમને મુલાકાત અને ચર્ચા થયેલી. હરિજનસેવા, કોમી એકતા વગેરે ગાંધીજીના સામાજિક કાર્યક્રમોમાં ઊંડી નિષ્ઠાપૂર્વક હંમેશાં રસ લેતાં.

"નિવૃત્ત થયા એ અરસમાં માયાદાસ કુટુંબની પૈતૃક સંપત્તિ જે કાંઈ પંજાબમાં હતી તે બધી પાકિસ્તાનમાં ઝૂંટવાઈ ગઈ. ફકત ફીરોજપુર જિલ્લાની જૂજવી જ બચી. પોતે નૈનીતાલમાં હતાં ત્યાં જ સ્થિર થઈ ગયાં; ત્યારથી નૈનીતાલની ક્રોસ્થવેટ ઇસ્પિતાલમાં આંખના નિષ્ણાત તરીકે પોતાની માનાર્હ સેવા આપી રહ્યા છે.

સ્વભાવે અતિ દયાળુ, નમ્ર અને ભકિતમાન. નૈનીતાલ મ્યુનિસિપાલિટીની તેમની સેવાઓ વર્ષો જુની છે. નૈનીતાલ જેવા ફેશનેબલ સેવામથકના હેલ્થ ઑફીસર ડાકતર માયાદાસ અબુ બીન આદમની જમાતના. હાકેમ સહેલાણી રાજામહારાજાઓ સાથે ભેળીસારો ઓછો. પણ નૈનીતાલનો એકેએક બટલરબ્બરચી ખાનસામો, આયા, ભંગી, ભિસ્તી, હોડીવાળો, રિક્ષા ખેંચનારો, અને દોઢ મણ બંગાળીના બોજા ઉચકીને આ પહાડી હવામથકનાં વસમાં ચઢાણો ચડનારો ને વિવિધ માલ સામગ્રીના બોજા ને પારસલો બંગલાઓમાં પહોંચાડનારો એક એક નેપાળી ડોરીઆલ કૂલી મજૂર એમને દેવના ફિરસ્તા તરીકે ઓળખે. શહેરની ગટરો, કચરાપેટીઓ, પેશાબખાનાં ને તાલ (સરોવર) ની શેવાળ ઉપર એમની નજર રાતદિવસ ફરતી હોય. પોતે ભાવિક ખ્રિસ્તી હોવા છતાં રવિવારે પણ ઇસ્પિતાલમાં જઇને બેસે ને પોતાનાં અસીલો (દરદીઓ) ને 'दया करणें जे पुत्रासी ते चि दासा आणि दासी' એ તુકોબાના સૂત્રને અનુસરીને દીકરાદીકરીની જેમ સાચવે, એકેક દરદીની પાછળ અરધો કલાક પણ ગાળી નાંખે. મલમ આંજવા આનાની કાચસણી કે ટીપાં નાંખવાની ડ્રોપર ગાંઠને પૈસે અપાવે. કોઇને પણ સૂગ ચડે તેટલાં ગંદાં ગોબરાં ભંગીમહેતરોને સમાધિ જેવી લીનતાથી આંખો મીંચીને પંપાળતાં દરેકનું નામ લઈ દઇને 'મેરે બેટે,' 'મેરી અમ્મા' કહી કહીને રોગની સારવાર અંગે સૂચનાશિખામણ આપતા એમને જોવા એ દેવતાઈ દૃશ્ય ખરેખર માણસમા ધન્યતાની લાગણી જન્માવે. ડાકતર માયાદાસ નૈનીતાલમાં 'દેવતા આદમી' તરીકે ઓળખાય છે. વર્ષોથી પોતે હરિજન સેવક સંઘના સભ્ય અને સ્થાનિક પ્રમુખ છે.

"ફરજંદમાં દેવના દીધેલ બે દીકરા. બેઉને ભણાવી ગણાવી પાવરધા કર્યા. મોટો વિમાની, નાનો નેવી (દરિયાઇ બેડા) માં. બેઉ હોશિયાર, સંસ્કારી. પણ મોટાની જોડે ઉભી શકે એવો જુવાન નૈનીતાલમાં ન જડે.

પણ સંસારમાં સાધુસતિયા સજ્જનને કપાળે કિરતારે દુઃખ લખી મૂકયું છે. ૧૯૪૯ ની સાલ. રાતના ૯ વાગે ડાકતર ઘરમાં બેઠા રેડિયો પર સમાચાર સાંભળે છે. સાંભળ્યું, 'આગ્રા નજીક વિમાન તૂટયું. પાઇલટ હરિશ્ચન્દ્ર માયાદાસ મરણ પામ્યા. એ જણાવતાં સરકારને ખેદ થાય છે. નજીકનાં આમજનોને ખબર આપવામાં આવી છે." આવી ખબરો વિષે શિરસ્તો હોય છે તેમ ખબરો બે વખત દોહરાવવામાં આવી હતી. સાંભળ્યું ને સમસમી રહ્યા. ઘરમાં બે જણ. દીકરાની મા ને પોતે. બાઇ વર્ષોથી મગજનાં નબળાં. બાઇ ઉપર રહે, પોતે નીચે. નહિ તોયે દીકરાની માને કોણ કહી શકે કે બાઈ તારો દૂધમલ જોધમલ ફાટી પડ્યો? ડૂમો દાબી, બેઉ હાથે જિગર ઝાલી આખી રાત રેડિયો આગળ જ સૂનમૂન બેસી રહ્યા. ડુસકું ય ન ભર્યું. માળે બાઇ સાંભળે ને નીચે આવીને પૂછે કે શું છે તો?

"સવારે શહેરમાં કશાક દિનની ઉજવણી. સ્થાનિક કોંગ્રેસી આગેવાનો અને સ્વયંસેવકદળોનો શહેરસફાઇ પ્રોગ્રામ. સવારના પહોરમાં ડાકતર માયાદાસ માળીને ઝુંપડેથી બાલદી, સાવરણો. પાવડો લઈ સીધા પ્રોગ્રામવાળા મહોલ્લામાં બરાબર વખતસર હાજર થઈ ગયા. સરધસ નીકળ્યું. પ્રભાતફેરીનાં ગીતો ગવાયાં ગટરોની સફાઇ શરૂ થઈ. ડાકતર મુંગા મુંગા પોતાનું કામ કર્યે જાય. પણ એમનું ગંભીર મૌન જોડેના કોઇ સાથીને જરા વિચિત્ર લાગ્યું.

"કયોં ડાકતર સા'બ! આજ તો આપ બિલકુલ ચુપ હૈં? કુછ બોલતે નહીં! કયા બાત હૈ!"

"મેરે ભાઇ, મેરે હરીશકી કલ શામ મૌત હો ગઇ!"

પુછનાર અવાક્ બની ગયો. જરા વારે કળ વળી.

"કયા? ડાકતર સા'બ, કયા બકતે હો? આપકો આજ કયા હુઆ હૈ?"

"નહીં ભાઈ! હોશમેં હું. કલ રાતકો રેડિયો પર ખબર સુની. તારભી આઇ."

આસપાસ કામ કરી રહેલા સાથીઓ બધા ભેળા થઇ ગયા. ડાકતર સાહેબને કામ છોડી ઘેર ચાલવા તેઓ ખૂબ સમજાવવા લાગ્યા. પણ ન માન્યા. જાહેર થયેલો પ્રોગ્રામ મિનિટે મિનિટ સુધી પૂરો અદા કર્યો. પછી જ સૌ ઘરભણી વળ્યા. ઘર નજીક રસ્તા પરના ફાટકેથી જ ડાકતરે સૌને વળાવ્યા. દીકરાની માને ખબર ન પડે એ હેતુથી કોઇ પોતાને ઘેર ન આવે એવી ઇચ્છા ડાકતરે વ્યકત કરી. ત્યારથી ડાકતરને ઘેર લોકની અવરજવર સદંતર બંધ થઈ. પૂરું એક વરસ દીકરાની મા આગળ આ વજ્રપાતની વાત કરવાની ડાકતર હિમ્મત કરી શકયા નહિ. અંતે વાત ફૂટી ત્યારે બાઇનું મગજ મૂળે નબળું હતું તે સાવ ખસી ગયું.

"ત્યારથી ડાકતર એક ઘરમાં બે ઘર કરીને રહે છે. પોતે નીચે, બાઈ માળે. પોતાને ઘેર કોઇને મળતા કે મળવા બોલાવતા નથી. ઘરમાં રહે તેટલા કલાક કાં બાઈની માવજત કરે, કાં બંદગી.

"કોઈ મિત્ર સુહૃદ સજ્જન ડાકતર પ્રત્યે હમદર્દી દર્શાવે એટલે કહેશે, ભાઇ! ખુદા કે નજદીક અગર આપકા કોઈ વસીલા હો તો મેરે બચ્ચે કી માં કે હક મેં દુઆ કરના."

"અને વરસોવરસ હું શિયાળે પહાડો પરથી ઉતરી દિલ્હી રસ્તે આવું ત્યારે કહેશે, જી બચ્ચેકી મજાર પર એક ફૂલ મોનબત્તી રખતે આના."

આવા ડાકતર માયાદાસનો પરિચય પામીને અમે પણ ધન્યતા અનુભવી.

અપૂર્ણ — પરમાનંદ

વિષય સૂચિ

		પૃષ્ઠ
પાયાનો અભિગમ:	જવાહરલાલ નહેરુ	૯૯
અરધો રે અનોપમ મલે કોય મુઝને—		૧૦૧
પર્યુષણ વ્યાખ્યાનમાળાનું વિહંગાવલોકન	પંડિત સુખલાલજી	૧૦૨
એક ખૂણાને અજવાળતો		
દીવો બોલવાયો!	પરમાનંદ	૧૦૫
કૂર્માચળની પરિક્રમા	પરમાનંદ	૧૦૬

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑક્ટોબર ૧૫, ૧૯૫૮, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

આંધી અને ઉપવાસ

(ગયા ઑગસ્ટ માસ દરમિયાન અમદાવાદમાં બનેલી ઘટનાઓ વિષેના ઉગ્ર આઘાત પ્રત્યાઘાત આજે શમી ગયા છે. એમ છતાં એ ઘટનાઓએ અનેકના દિલમાં કેટલાક પ્રશ્નો ઉભા કર્યા છે અને તેનો ઉકેલ શોધવા માટે તેમના દિલમાં એક પ્રકારની મથામણ ચાલી રહી છે. આ પ્રશ્નોની વિચારણામાં સહાયક બને-કદાચ માર્ગદર્શક બને-એવી એક ચર્ચા શ્રી નવલભાઇ શાહ તરફથી એક નાની પુસ્તિકાના આકારમાં પ્રગટ કરવામાં આવી છે. પ્રબુદ્ધ જીવનના વાચકોના દિલમાં પણ એ પ્રશ્નો ઘુમી રહ્યા છે અને તેમને નવલભાઇની પ્રશ્નોત્તરીના આકારમાં રજુ કરવામાં આવેલી ચર્ચા-સમાલોચના ઉપકારક નીવડશે એ હેતુથી તેમની સંમતિપૂર્વક નીચે અવતરિત કરવામાં આવે છે.

શ્રી નવલભાઇનો પરિચય આપતાં એટલું જ જણાવવું જરૂરી છે કે તેઓ નિર્મળ વૃત્તિના એક અગ્રગણ્ય સમાજસેવક છે અને ચિન્તન-પરાયણ વિચારક અને વિવેચક છે અને તેથી તેમની વિચારણા પાછળ સમાજસેવાનો દીર્ઘકાલીન અનુભવ અને ઘેરા ચિન્તનનું બળ છે. તંત્રી)

"વિચાર અને શુદ્ધ વિચાર સાચું જીવન છે. સમાજમાં એક પણ માણસને કોઈ પણ ભય યા દબાણને કારણે પોતાનો વિચાર પ્રગટ કરતાં ખચકાવું પડે તો તેમાં હિંસા છે; અને અહિંસામાં શ્રદ્ધા ધરાવનાર માટે સમાજ આવી પરિસ્થિતિથી મુક્ત થાય તે માટે અહિંસક પ્રયાસ કરવો ધર્મરૂપ છે."
ગાંધીજી

તા. ૧૨મી ઑગસ્ટના રોજ અમદાવાદમાં ને ગુજરાતનાં કેટલાંક શહેરોમાં તંગ પરિસ્થિતિ સર્જાઈ. જે ઘટનાઓ બની તેને અંગે લોકોના દિલમાં જે જે પ્રશ્નો ઊભા થાય છે તેને એક માનવને નાતે ચાલો આપણે વિચારીએ.

મુંબઇથી હું ગાડીમાં આવી રહ્યો હતો. નડિયાદ સ્ટેશને છાપાનો વધારો લીધો. તેમાં પ્રધાનશ્રીનો ફોટો હતો. બહાર પ્લેટફૉર્મ ઉપર ઊભો રહી આંખ ફેરવતો હતો; ત્યાં એક ભાઇએ છાપામાં નજર નાખી. પ્રધાનનો ફોટો જોતાં જ બોલી ઉઠયા: "અહીં લોકોનાં છોકરાં ગોળીએ વિંધાય છે અને એમને મુંબઇમાં બેઠાં બેઠાં નિવેદનો કરવાં છે."

હું મૂંગો રહ્યો. છાપું સંકેલી મારી જગાએ બેઠો. આણંદ સ્ટેશનથી બીજા ચાર જુવાનો ચઢયા હતા. તેમણે વધારો માગ્યો. મેં આપ્યો. પાનું બોલી સમાચાર વાંચતાં જ એક ભાઈ બોલી ઊઠયા: "ઘા ઉપર બીજું ભભરાવવા ન આવતા હોય તો?"

આ બંને વિરોધી વાતોએ મને વિચારતો કરી મૂક્યો: જો આવે છે તો કોઇ બોલી ઊઠે છે: 'ઘા ઉપર બીજું ભભરાવવા.' નથી આવતા તોઃ 'એમને ક્યાં પડી છે?' આ લોકલાગણી છે. એનો ઉપાય શો? મન જ જ્યાં આળું થઈ ગયું હોય ત્યાં વાત જ શી રીતે કરી શકાય?

વિચારને માટે તટસ્થ અને આગ્રહભરી બુદ્ધિની જરૂર છે. એ બુદ્ધિ જ્યારે વાતાવરણ આવેગથી ભરેલું હોય છે ત્યારે જનસમુદાય ગુમાવી બેસે છે. એટલે સૌથી પહેલાં સમાજમાં જે ખળભળાટ જન્મ્યો હોય તે દૂર થવો જોઇએ. તે પછી જ કોઈ પણ પ્રશ્નને તટસ્થ રીતે વિચારી શકાય.

આવી ખળભળાટભરી પરિસ્થિતિ ટાળવાનો કોઈ માર્ગ હોય તો તે અહિંસાનો જ છે. તા. ૧૭મીએ સવારથી હરિજન આશ્રમ સાબરમતીમાં શ્રી. ગુલામરસુલ કુરેશીના નવ ઉપવાસથી આ પવિત્ર કાર્યનો આરંભ થયો. એ નિમિત્તે લોકો સાથે હળતાં મળતાં જે પ્રશ્નો આવ્યા તે ચર્ચવા માટે હું ઇશ્વર મારા હૃદયમાં એવી તટસ્થ બુદ્ધિ પ્રેરે કે જેનાથી શુદ્ધ વિચાર જ પ્રગટ થાય ને જે સમાજના કલ્યાણમાં ઉપયોગી થઈ શકે!' એવી પ્રાર્થના સાથે પ્રશ્નોત્તરીના આકારમાં તૈયાર કરવામાં આવેલો આ લેખ જનતાના ચરણે હું નમ્રભાવે રજુ કરું છું:

શુદ્ધિ પ્રયોગના સમાચાર જાણતાં જ અહિંસામાં શ્રદ્ધા ધરાવનાર એક મિત્રે પ્રશ્ન પૂછ્યો:

પ્રશ્ન: કુરેશીભાઇના આ ઉપવાસ કોની સામે છે?

જવાબ: જો મારા અંતરને પૂછો તો ઉપવાસ કોઇની સામે નથી, અને ગણો તો વ્યાપી રહેલી કુલ હિંસાની સામે છે.

પ્રશ્ન: તે જેમ પથ્થરમારાની સામે છે તેમ તે ગોળીબાર સામે પણ ખરો કે?

જવાબ: જેટલે અંશે એ બંનેમાં હિંસા સમાએલી છે એટલે અંશે એ બંનેમાં રહેલી હિંસકવૃત્તિને શાંત કરવા માટે આ શુદ્ધિ પ્રયોગ થઇ રહ્યો છે.

પ્રશ્ન: કુરેશીભાઈના આ ઉપવાસ હિંસકવૃત્તિ સામે છે એટલી સફાઇથી સાચે જ આ ઉપવાસ પ્રત્યે મારા દિલમાં સહાનુભૂતિ જન્મી છે. છતાં એક પ્રશ્ન જરા વધારે સમજવા માટે પૂછીશ. પથ્થર મારવામાં રહેલી હિંસા અને લાઠી કે ગોળી ચલાવવામાં રહેલી હિંસામાં કશો તાત્ત્વિક ફેર છે ખરો?

જવાબ: હિંસા ને અહિંસાનું સૂક્ષ્માતિસૂક્ષ્મ ચિંતન કરવાનું મારું ગજું નથી. પૂ. બાપુજી આપણી વચ્ચે હોત તો સાચું માર્ગદર્શન આપત. છતાં આજે પણ આપણી વચ્ચે પૂ. બાપુજીના આધ્યાત્મિક વારસદાર પૂ. વિનોબાજી છે. અહિંસાનું શાસ્ત્ર રચવાને તેઓ અધિકારી છે. આવા જ એક પ્રશ્નના જવાબમાં તેમણે જે ખુલાસો કર્યો હતો તે હું કહું તો વધુ યોગ્ય ગણાય: "ગોળીની હિંસાની પાછળ સેંકશન છે, એટલે કે એ હિંસા અધિકૃત છે, જ્યારે પથ્થરની હિંસા અનધિકૃત છે."

પ્રશ્ન: જરા વિગતથી ન સમજાવો!

જવાબ: આપણે મત આપી સરકારની રચના કરી છે ને તેના હાથમાં આપણે દંડશક્તિ સોંપી છે. એટલે એ દંડશક્તિ પાછળ પ્રજાની સંમતિ છે, જ્યારે કોઇ માણસ પથ્થર તો શું નાનો કાંકરો પણ કોઇની સામે ઉગામે છે તેની પાછળ સંમતિ નથી.

પ્રશ્ન: આ એક બહુ જ ઝીણો પણ પાયાનો ભેદ નથી શું?

જવાબ: છે જ, અને એટલે જ બંનેમાં રહેલી હિંસાના પ્રમાણનો વિચાર કરતાં પહેલાં આ વસ્તુ વિચારવી જોઇએ. એનો અર્થ એવો ન થવો જોઇએ કે રાજ્યને વાપરવી પડતી ગોળીમાં હિંસા નથી. પણ તેનો પ્રકાર પથ્થરમાં જે હિંસા રહેલી છે તેથી જુદો છે.

પ્રશ્ન : તમોને એમ નથી લાગતું કે આ બધી ઉશ્કેરણીના મૂળમાં રાતે ખાંભી ખસેડી લીધી તે છે ?

જવાબ : બાહ્ય રીતે એ જ કારણ લાગે. પણ તમે જ વિચારો કે કાયદાનો ભંગ કરી ખાંભી સ્થાપીને સરકારને પગલું ભરવાની ફરજ પાડી તે કાનૂનભંગ આને માટે જવાબદાર ન ગણાય ? ધારો કે કાનૂનભંગ કર્યો જ ન હોત તો સરકારને આવું પગલું ભરવું પડ્યું હોત ખરું ?

પ્રશ્ન : તમારી એ વાત તો સાચી કે જો ખાંભી ખોડાઈ ન હોત, તો ચરકારે ખસેડી ન હોત ને ખસેડી ન હોત, તો ઉશ્કેરાટ થયો ન હોત, તો આટલાં તોફાન ને હિંસા ફાટી નીકળ્યાં ન હોત.

જવાબ : એટલે એમ જ કહોને કે આ તો એક પરંપરા ચાલે છે. જો કોઈ પણ એક ઠેકાણેથી વિચાર કરીએ તો તેનાથી આગળની વસ્તુનો દોષ દેખાય. એટલે જ્યાં સુધી વસ્તુના મૂળમાં ન જઈએ ત્યાં સુધી આ બધી પરંપરા માટે જવાબદાર કોણ તે શી રીતે કહી શકાય ?

પ્રશ્ન : એ વાત સાચી છે. પણ બધા માણસ મૂળમાં જઈ શકે એવું શી રીતે બને ?

જવાબ : જો આપણે લોકવિચાર શુદ્ધ કરવો હોય તો મૂળ સુધી તેમને જતા કરવા જ રહ્યા.

પ્રશ્ન : એ તો ઘણી મોટી વાત થઇ. બેર મને અને લગભગ એકેએક જણને લાગે છે કે જો સરકારે ખાંભી ખસેડવી જ હતી તો તેને મૂકવા જ શું કામ દીધી ? એકવાર ખાંભી મુકાઇ એટલે મમત્વ જન્મે ને પછી એ ખસેડાઇ અને તે પણ રાતે–કહોને ચોરીછૂપીથી– એટલે લોકલાગણી ઉશ્કેરાઈ ન જાય તો શું થાય ?

જવાબ : સરકારે ખાંભી શા માટે સ્થાપવા દીધી એ તો સરકાર જ કહી શકે. જે દિવસે ખાંભી ખોડવા માટે આંબ્યા ત્યારે સાંભળ્યું છે કે એમની સાથે ૫૦ થી ૬૦ હજાર કે એથી પણ વિશેષ લોકો હતા. ધારો કે પોલીસે રોકયા હોત તો શું થાત ? આટલી મોટી માનવ મેદની ઉશ્કેરાઇ જાય એ સ્વાભાવિક છે. એને શાંત કરવા પોલીસ પગલાં લે. એમાંથી કાંઇ અણધાર્યું બની જાય. એમાંથી વળી પાછો ઉશ્કેરાટ વધે. ઉશ્કેરાટ, તોફાન, હિંસાની પરંપરા ચાલે. એટલે એમ પણ કેમ ન કહી શકાય કે આવા મોટા ઉશ્કેરાટને તક ન આપવાને માટે તે વખતે આવું ખામોશ ભર્યું વલણ લીધું હોય ?

પ્રશ્ન : પણ સરકાર આવું કરે એ વાજબી ગણાય ?

જવાબ : સરકારની જવાબદારી જોતાં એ નભળાઇ ગણાય અને ઘણા તો એમ પણ કહે છે કે સરકારની આની ઢીલી નીતિ આ બધાં નુકસાનો માટે જવાબદાર છે. એ વાત એક રીતે સાચી પણ છે. કારણ કે કોઇ પણ વ્યક્તિની માલમિલકતને કોઇ પણ માણસ નુકસાન પહોંચાડે તો તે રોકવાની ફરજ સરકારની છે. તે માટે તેના હાથમાં પ્રજાએ સત્તા આપી છે. એટલે જો આવી લાગણી ઉશ્કેરાવાની શકયતા ને ભય ન હોત તો સરકારની એ ફરજ ગણાત જ. પણ, એક બીજું પણ દૃષ્ટિબિંદુ છે. પોલીસ આવાં પગલાં રોકવા પ્રયત્ન કરે એટલે સહેજે મારઝૂડ થાય અને લોકો તેનો પથ્થરથી સામનો કરે. તેમાંથી વાત આગળ વધે. પોલીસ શસ્ત્ર હાથમાં લે તો જાન પણ જોખમાઈ જાય. આવી પરિસ્થિતિ ન ઊભી થાય અને ઉશ્કેરાટને પરિણામે વધારે નુકસાન ન થાય એ હેતુથી પણ સરકારે આવું વિચાર્યું હોય એવું ન બને ?

પ્રશ્ન : તમારી એ વાત માનવા જેવી છે. જો ખાંભી ખોડાઈ તે વખતે જ રોકવામાં આવ્યા હોત તો ઉશ્કેરણી થયા વગર રહત જ નહિ, અને એને પરિણામે કેટલુંક વધુ નુકસાન થઇ ગયું હોત.

જવાબ : બીજી પણ એક વાત છે કે ઘણીવાર પોલીસે વધારે પડતાં કડક પગલાં ભર્યાં એને જ તોફાનો માટે જવાબદાર ગણવામાં આવે છે. પરિણામે પોલીસ અને રાજ્યની સરકાર વગોવાય છે. એટલે તમે સાંભળ્યું હશે કે પોલીસના હાથમાં આ વખતે લાકડી સિવાય કશું જ ન હતું. પણ મને તો લાગે છે કે એથી જ તોફાન વધ્યું. કારણ કે તોફાનીઓને ખાતરી થઈ ગઈ કે લાકડીવાળી પોલીસ શું કરી શકવાની છે ? ચોકીઓ બાળી નાખી અને પોલીસ સામે પણ પથ્થરો ફેંકાયા. પણ તમને નથી લાગતું કે આપણી આવા પ્રકારની લાગણીને કારણે એક વિચિત્ર પરિસ્થિતિમાં સરકાર મુકાઇ જાય છે ! મિલકતનું નુકસાન થાય તો સરકાર જવાબદાર. જવાબદારી અદા કરવા માટે સરકારના હાથમાં પ્રજાએ જે સાધનો મૂકયાં છે તે વાપરે તો પણ સરકારની ટીકા. આ તો આમ કરો તોય દુઃખ ને તેમ કરો તોય દુઃખ. નહિ ?

પ્રશ્ન : હા, પરિસ્થિતિ તો એવી જ છે. પણ જો ખાંભી ખસેડવી જ હતી તો રાતે શા માટે ખસેડી ?

જવાબ : લોકો ન હોય એવે વખતે ખસેડે તો મોટાં ટોળાં ન જમે ને પરિણામે ઉશ્કેરણી ન થાય. એ સિવાય બીજો શો હેતુ હોઈ શકે ?

પ્રશ્ન : પણ આ સરકારની ઢીલાશ ન ગણાય ?

જવાબ : જો સરકાર પોતાના નિર્ણયમાં મક્કમ હોય તો આને પરિસ્થિતિની પરવશતા યા વિવેક પણ ન ગણી શકીએ ?

પ્રશ્ન : શું તમે એમ કહી શકો ખરા કે લોકોને ખાંભી રચવાનો અધિકાર નથી ?

જવાબ : એવું શી રીતે કહી શકાય ? લોકોને તો શું કોઈ પણ વ્યક્તિ ધારે તેની ખાંભી રચી શકે છે.

પ્રશ્ન : તો પછી સરકાર શા માટે વિરોધ કરે છે ?

જવાબ : હું સરકારનો બચાવ કરતો નથી. જુઓ તમને એમ લાગે કે તમારે તમારા કોઇ પણ સ્નેહીનું સ્મારક મૂકવું હોય તો તમે મૂકી શકો છો. પણ તમારી માલિકીની જગ્યામાં જ. એની સામે કોઇ વાંધો લઇ ન શકે.

પ્રશ્ન : જાહેર સ્થાને શા માટે નહિ ?

જવાબ : આ પ્રશ્ન જરા આળો છે. પણ તમે શાંત ચિત્તે વિચારશો તો એમાં રહેલું તત્ત્વ સમજશે.

અમદાવાદ, મુંબઈ કે દુનિયાભરનાં બીજાં શહેરોમાં જાહેર સ્થળોએ જે બાવલાં મુકાયાં છે તે મોટે ભાગે એવી વ્યક્તિઓનાં હશે કે જેમના જીવનથી દેશને મોટી શક્તિ પ્રાપ્ત થઇ હોય અને એમના જીવનની પવિત્ર સુવાસ આજે પણ આખાયે રાષ્ટ્રને પ્રેરણા આપી રહી હશે. જેમકે ચોપાટી ઉપર લોકમાન્ય ટિળક, કે બીજે સ્થળે ગાંધીજી, દાદાભાઇ નવરોજી. ટૂંકમાં એક વસ્તુ સમજી લેવી રહી કે જેમનું જીવન રાષ્ટ્રવ્યાપી હોય, જેણે રાષ્ટ્રીય જીવન માટે મોટો ફાળો આપ્યો હોય અને જેના જીવન માટે રાષ્ટ્રની સમસ્ત પ્રજાના દિલમાં સાર્વત્રિક આદર હોય તેમનાં જ જાહેર બાવલાં મૂકી તેમના જીવનને એ રીતે પ્રતિષ્ઠા આપી શકાય.

પ્રશ્ન : તમારી એ વાત સમજવા જેવી લાગે છે. જુઓને; પૂ. બાપુજીનું મૃત્યુ તો વિશ્વની એક મહાન શહીદી જ ગણાય. મૃત્યુ વખતે હાથ જોડી ગોળીઓ ઝીલી ને તેમના મુખેથી 'હે રામ' જ નીકળ્યું. છતાં...હું ભૂલતો ન હોઉં તો ખુદ અમદાવાદમાં કે જ્યાં એમણે આટલી સાધના કરી ત્યાં એમનું બાવલું નથી. નહિ ?

જવાબ : એ તો ઠીક. બાવલાથી જ કાંઇ માણસનું જીવન અમર નથી થતું. ધારો કે કોઇ જાહેર જગ્યાએ આપણે ગાંધીજીનું બાવલું મૂકીએ ને તેમના વિચારો જીવનમાં ન ઉતારીએ તો એ બાવલાની કશી કિંમત ખરી ?

પ્રશ્ન : શું તમોને એમ નથી લાગતું કે ગાંધીજીનું ભવ્ય બાવલું સ્થપાવું જોઇએ ?

જવાબ : બાવલાથી કોઇને પ્રેરણા મળે પણ ખરી. પણ મને કોઇ પૂછે તો કહું કે જો એક પણ માણસ પૂરી સમજથી રેંટિયાના તત્ત્વને જીવનમાં ઉતારે તો એનો એ યજ્ઞ એ જ મારે મન બાપુનું મોટું સ્મારક ગણાય.

પ્રશ્ન : ખરી વાત તો એ જ ગણાય. જુઓને હિંદુમુસ્લિમના હુલ્લડમાં રજબઅલી ને વસંતરાવ ધસી ગયા. એ તોફાની આગમાં પોતાના દેહને હોમી દીધોઃ કેવું ભવ્ય બલિદાન !

જવાબ : હા; અમદાવાદ શહેરને ગૌરવ અપાવે એવું અને એનું સ્મારક પણ કયાં ને કેવું કર્યું ? જે વિચારને તેમણે જીવી બતાવ્યો તે વિચારને જીવનમાં ઉતારી શકે તેવા યુવાનો તૈયાર કરવાને માટે સંસ્થા સ્થાપીને અને તે પણ મહુમદાવાદમાં.

પ્રશ્ન : તો શું સ્થળનો વિચાર ન કરવો જોઇએ ?

જવાબ : જરૂર સ્થળનું ઐતિહાસિક મહત્ત્વ છે. પણ શહીદોનું જીવન સ્થળ ને કાળથી પર હોય છે. ગાંધીજીનું અવસાન ભલે દિલ્હીમાં થયું. પણ જે સ્થળે એમનું મૃત્યુ થયું ત્યાં શું છે ? એ સ્થળ પણ બિરલા પાસેથી માગી લીધું અને ત્યાં તો માત્ર એક નાનો આરસનો પથ્થર છે, જેના પર 'હે રામ' જ લખેલું છે. દુનિયાની ભવ્ય શહીદીમાં ક્રાઈસ્ટનું નામ છે. તેઓ મર્યા કયાં ? અને સ્મારકો કયાં કયાં થયાં ?

પ્રશ્ન : શહીદી આપણે કોને કહી શકીએ ?

જવાબ : આ પણ નાજૂક પ્રશ્ન છે. એ તો મરનારનો આત્મા પોતે જ નક્કી કરી શકે. કારણ કે મૃત્યુની પળે એના ભાવ કેવા રહ્યા તેના પર જ તેનો આધાર છે. દુનિયામાં જે ગણીગાંઠી શહીદીઓ થઇ છે તેમાં સોક્રેટીસનું નામ સૌથી વધુ ધ્યાન ખેચે એવું છે.

સોક્રેટીસ ગ્રીસનો મહાન તત્ત્વવિચારક હતો. તેના વિચારો તે સમયથી રાજ્યસત્તાને ગમ્યા નહિ. તેને પકડવામાં આવ્યો, કેસ ચાલ્યો અને મોતની સજા મળી. તે વખતે તેના મિત્રો તેને મળવા આવ્યા, તેમણે તેને ભાગી જવાની પણ સલાહ આપી. તે વખતે સોક્રેટીસે કહ્યું: "જો હું ઝેરના પ્યાલાથી ડરીને ભાગી જાઉં તો આજ સુધી મેં તમોને જે વિચારો કહ્યા તેની કશી કિંમત રહે છે ખરી ?"

મૃત્યુની છેલ્લી પળ સુધી પ્રસન્નતા. ઝેરને ગળે ઉતારતાં ઉતારતાં પણ પ્રસન્નતા અને ઝેર પીધા પછીનાં વાકયો આજે પણ વાંચીએ તો આપણું દિલ મહાન ચેતનાથી ભરાઇ જાય.

શહીદી કોઇ મહાન ધ્યેયને અર્થે સમજપૂર્વક પ્રસન્નતાથી મૃત્યુને ભેટવામાં રહેલી છે. શહીદનું મૃત્યુ જીવન કરતાં પણ વિશેષ હોય છે. એ મૃત્યુ જ ગૌરવભર્યું હોય છે. આખાયે જીવનના ફળશરૂપ હોય છે. અને એના સમગ્ર જીવન કરતાં મૃત્યુ માનવ જીવનને વિશેષ પ્રેરણા આપનાર હોય છે. એની સ્મૃતિ માનવહૃદયમાં હોય છે. કદાચ ભારત વર્ષમાં સોક્રેટીસનું એક પણ પૂતળું નહિ હોય તો પણ જ્યાં સુધી માનવજાત જીવશે ત્યાં સુધી એનું એ બલિદાન માનવજાતને પ્રેરણા આપશે.

પ્રશ્ન : પણ એવા શહીદો કેટલા ?

જવાબ : દુનિયાના ઇતિહાસમાં એવાં બલિદાનો વિરલ છે.

પ્રશ્ન : તો શું અમદાવાદ કે મુંબઇમાં જેઓ ગોળીથી વિંધાઇ ગયા તે શહીદો ન ગણાય ?

જવાબ : એમના મૃત્યુ માટે આપણને દુઃખ છે જ. શહીદીની વ્યાખ્યા આપણે શી કરીએ છીએ તેના ઉપર તેનો આધાર રહે છે. મેં તો તમારી સમક્ષ શહીદનો જે સર્વમાન્ય વિચાર છે અને તેની સાથે જે ભવ્ય કલ્પના જોડાઇ છે તે મૂકી. કયો અર્થ કરવો તે તો પ્રત્યેક વ્યક્તિની શહીદી વિષેની સમજ ઉપર આધાર રાખે છે.

પ્રશ્ન : આપણે સામાન્ય વાતોમાંથી દુનિયાભરની શહીદીના ઊંડા વિચારમાં ઉતરી ગયા. પણ એથી મારી સમજ વધારે સ્પષ્ટ થઇ. હવે હું તમોને બીજો સીધો પ્રશ્ન પૂછું. શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકના ખાંભી રોપવાના આ સત્યાગ્રહ અંગે તમને શું લાગે છે ?

જવાબ : શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકના ત્યાગમય જીવન માટે મારા દિલમાં આદર છે. સત્યાગ્રહ શબ્દમાં બે શબ્દો છેઃ સત્ય અને આગ્રહ. એમનો આગ્રહ છે અને એ આગ્રહ માટે સહન કરવાની તૈયારી છે એમાં કોઇ જ શક નથી. પણ એ ખાંભી એ જ સ્થળે રોપવામાં કેટલું સત્ય છે તેનો નિર્ણય તો કોઇ બહુ જ ઉચ્ચ કોટિની વ્યક્તિ યા તેઓ પોતે જ કરી શકે. તેમને જે સાચું લાગ્યું તે ખરેખર સત્ય છે કે કેમ તેનો નિર્ણય બીજો શી રીતે કરી શકે ?

છતાં, પૂ. બાપુજીએ સત્યાગ્રહ ઉપર ઘણું લખ્યું છે તેમાંથી આપણને માર્ગદર્શન મળી શકે. સત્ય અંગે બોલતાં તેમણે કહ્યું છે: "સત્ય અને અહિંસા એક જ સિક્કાની બે બાજુ સમાન છે. જ્યાં અહિંસા નથી ત્યાં સત્ય સંભવી ન શકે." એટલે કોઇ પણ વ્યક્તિની સત્યની સમજ અહિંસાની કસોટીએ કસી શકીએ. કારણ કે સત્યનું સ્વરૂપ નિરાકાર છે, જ્યારે અહિંસા સાકાર છે. અહિંસાને આપણે જીવનના વ્યવહારમાં જોઇ શકીએ. કરુણા ને પ્રેમ એનો આત્મા છે. વિચાર યા આચારથી સમાજમાં જેટલે અંશે પ્રેમ અને કરુણાનો ઉમેરો થતો હોય તેટલે અંશે તે પગલું અહિંસક અને સત્યની નજીક ગણાય.

પ્રશ્ન : સત્યાગ્રહની આ શું ઘણી આકરી કસોટી ન ગણાય ?

જવાબ : સત્યાગ્રહ એના સાચા અર્થમાં સામાન્ય વસ્તુ નથી. સત્યાગ્રહ વિષે લખતાં બાપુજીએ કેવું અદ્‌ભૂત લખ્યું છે ? તેઓ જણાવે છે કે:—"સત્ય–અહિંસાદિ સાધનો દ્વારા જ અધર્મનો વિરોધ કરી શકાય–એ સામાન્ય શરત સર્વત્ર લાગુ પડે છે."

"સત્યાગ્રહને પરિણામે વિરોધી સાથે ઝેર વધતું નથી પણ ઘટે છે; અને સત્યાગ્રહને અંતે બંને પક્ષો મિત્ર બને છે."

"અહિંસા એ માત્ર આચરણનો સ્થૂલ નિયમ નથી, પણ એ મનની વૃત્તિ છે. જે વૃત્તિમાં કયાંય પણ દ્વેષની ગંધ સરખી રહે નહિ તે અહિંસા."

"અહિંસા સત્યના જેટલી જ વ્યાપક છે. એવી અહિંસાની સિદ્ધિ થયા વિના સત્યની સિદ્ધિ થવી અશકય છે. માટે સત્ય એ બીજી રીતે જોઇએ તો અહિંસાની પરાકાષ્ઠા છે."

પ્રશ્ન : આ તો ઘણી લાંબી અને તાત્ત્વિક ચર્ચા થઇ. આપણે આજની પરિસ્થિતિમાં વ્યવહારુ પ્રશ્નો જ છણીએ. તમે અગાઉ કહ્યું તેમ કુરેશીભાઇના આ ઉપવાસો હિંસાની સામે છે ? જરા સમજાવશો શા માટે ?

જવાબ : માનવ જાતની અંતિમ ઝંખના શાંતિની છે. અહિંસા વિના શાંતિની સ્થાપના અશકય છે. એટલે પ્રત્યેક શાંતિની ઝંખના રાખનારની ફરજ છે કે તેણે પોતાના આત્માની બધી શક્તિ કામે લગાડીને સમાજમાં ફેલાતી નાની મોટી બધી જ હિંસા નિવારવા પ્રયત્ન કરવો જોઇએ.

બીજું પણ એક કારણ છે અને તે એ કે માણસ અને પશુમાં જો કોઇ એક મુખ્ય ફેર હોય તો તે વિવેકપૂર્ણ વિચાર કરવાની શકિતનો. પ્રભુએ તે મનુષ્યને આપેલી છે.

મનુષ્યનું મન હિંસક તોફાનોથી ચંચળ બને છે. આવેગથી તે એટલું ઘેરાઈ જાય છે કે પછી વિચારની પ્રક્રિયા જ થંભી જાય છે. સ્વસ્થ વિચાર જ સાચું જીવન છે. એવી પરિસ્થિતિ નિર્માણ કર્યા વગર કશું જ સિદ્ધ થઇ શકે નહિ. એટલે માનવ પ્રગતિને માટે સૌથી પહેલી જરૂર શાંત પરિસ્થિતિની છે કે જેમાં સ્વસ્થ વિચાર સ્ફૂરી શકે.

પ્રશ્ન : પણ લાગણીથી મન જ્યારે ઘેરાઈ ગયું હોય ત્યારે એમાંથી મુકત શી રીતે થઇ શકાય ?

જવાબ : તે માટે આપણે હૃદયમાં ઊંડા ઊતરી અહિંસક સાધનોની શોધ કરવી જોઇએ. હિંસાનું સાધન છે દેહ–બળ, ધમાલ–ધોંચાટ, જ્યારે હિંસા સમાજમાં તીવ્ર બને ત્યારે અહિંસામાં માનનારે આત્મબળને જાગ્રત કરવું રહ્યું. એ જાગ્રત કરવાનો માર્ગ છે પ્રાર્થના, ચિંતન, મૌન અને તેની તીવ્રતા માટે ઉપવાસ. હિંસાની સામે જેટલી આર્દ્રતાપૂર્ણ પ્રાર્થના હોય તેટલું જ એમાંથી વધુ બળ જન્મે

અપૂર્ણ

નવલભાઈ શાહ

પર્યુષણ વ્યાખ્યાનમાળા : આભાર નિવેદન

તા. ૧-૯-૫૮ ના પ્રબુદ્ધ જીવનમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાનો જે કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો તે કાર્યક્રમ એક બે નાના ફેરફારો બાદ કરતાં ધાર્યા મુજબ પાર પડયો હતો. આ ફેરફારો વિષેનો ઉલ્લેખ પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ કરેલ પં. સુખલાલજીના લેખમાં કરવામાં આવ્યો છે. તેથી તેનું અહિં પુનરાવર્તન કરવાની જરૂર નથી. આ વખતના વ્યાખ્યાતાઓમાં કેટલાએક સ્થાનિક હતા. કેટલાએક મુંબઈ બહારથી આવ્યા હતા. ડૉ. ભોગીલાલ સાંડેસરા વડોદરાથી, આચાર્ય હરભાઈ ભાવનગરથી, અધ્યાપક દલસુખભાઈ માલવણિયા કાશીથી, શ્રી મનુભાઈ પંચોળી સણોસરાથી અને કાકાસાહેબ કાલેલકર દીલ્હીથી સંઘના નિમંત્રણને માન આપીને પધાર્યા હતા. આ વખતની વ્યાખ્યાનમાળામાં ચાલુ ક્રમ યા પરંપરા વટાવીને તા. ૧૫ મી સપ્ટેંબરના રોજ મરીન ડ્રાઇવ બાજુએ આવેલા તારાબાઈ હૉલમાં રાત્રીના આઠ વાગ્યે એક સભા યોજવામાં આવી હતી. એ પ્રસંગે અમારા નિમંત્રણનો પ્રેમપૂર્વક સ્વીકાર કરીને સુવિખ્યાત સંસ્કારમૂર્તિ સંગીતાચાર્ય શ્રી દિલીપકુમાર રૉય પૂનાથી ખાસ આવ્યા હતા અને કાકાસાહેબ કાલેલકરની અધ્યક્ષતા નીચે દોઢથી પોણા બે કલાક સુધી ભક્તિમધુર ભજનો સંભળાવ્યા હતાં. તેમનો મધુર કંઠ અને તલસ્પર્શી ભાવુકતાના કારણે એકત્ર થયેલ જનસમુદાય અત્યન્ત મુગ્ધ બન્યો હતો. આ પ્રસંગે તારાબાઈ હૉલમાં શ્રોતાજનોને સમાવવાનું કામ અત્યન્ત મુશ્કેલ બન્યું હતું. છેલ્લા દિવસે ભારતીય વિદ્યાભવનમાં યોજાયલી સભામાં આ મુશ્કેલીએ કાર્યવાહકોને એટલા જ પ્રમાણમાં મુંઝવ્યા હતા.

આ વખતે દર વર્ષ માફક સભાનો પ્રારંભ થતાં પ્રાર્થનાનો કાર્યક્રમ ગોઠવવાનું બની શકયું નહોતું. એમ છતાં પહેલા દિવસની સભા બહેન સુરેખા દીપચંદ લક્ષ્મીચંદ સંઘવીના પ્રાર્થનાગીત વડે શરૂ કરવામાં આવી હતી. બીજે દિવસે ભાઈ પ્રવીણ મણિલાલ વોરાએ એક ભજન સંભળાવ્યું હતું. ૧૪ મી સપ્ટેંબર રવિવારના રોજ પ્રારંભમાં કુ. અપર્ણા મજમુદારે બે પદો ગાયાં હતાં અને પછી નિયત ક્રમ મુજબ બે વ્યાખ્યાનો પૂરાં થવા બાદ બહેન અમી રાણાએ મધુર કંઠે અને મીઠી હલક વડે કેટલાંક ભજનો સંભળાવીને શ્રોતાજનોનાં મનનું રંજન કર્યું હતું. પછીના દિવસે ઘાટકોપર ખાતે વસતા મુનિ સન્તબાલજીના સાન્નિધ્યમાં વર્ષોથી રહેતાં શ્રી મીરાં બહેને શરૂઆતમાં ત્રણ ભજનો સંભળાવ્યા હતાં; અને નિયત વ્યાખ્યાન પુરૂં થયા બાદ જાણીતા ભજનીક શ્રી તુકારામ ઠાકોરે ત્રણ કે ચાર ભજનો બુલંદ અવાજપૂર્વક રજુ કર્યા હતા. છેલ્લા દિવસની સભાના પ્રારંભમાં કુ. જ્યોત્સ્નાભારતીએ એક પ્રાર્થનાગીત ગાયું હતું અને છેવટે બહેન શારદાબહેન ઠક્કરનાં ભજનો વડે એ સભાનો સુખદ અન્ત આવ્યો હતો.

આખી વ્યાખ્યાનમાળામાં શ્રી મનુભાઈ પંચોળીએ 'શાન્તિના પાયા' એ વિષય ઉપર આપેલાં બે વ્યાખ્યાનો સૌથી વધારે આકર્ષક નીવડયાં હતાં. તેઓ પણ વિષયની પૂરી તૈયારી કરીને આવ્યા હતા અને અસ્ખલિત પ્રવાહ તેમજ પ્રાસાદિક વાણી દ્વારા તેમણે પોતાના વિષયનું અત્યન્ત રોચક રીતે નિરૂપણ કર્યું હતું. તેઓ સમયના બંધનથી મુકત બનીને પોતાના વિચારો રજુ કરી શકે એ હેતુથી સપ્ટેંબર ૧૫ મીના રોજ માટે ગોઠવાયલાં બે વ્યાખ્યાનો (પહેલું પંડિત સુખલાલજીનું અને બીજું શ્રી મનુભાઇનું) નો ક્રમ બદલીને પહેલું વ્યાખ્યાન મનુભાઇનું રાખવામાં આવ્યું હતું અને અવકાશ હશે તો પંડિતજી પોતાનું વ્યાખ્યાન આપશે એમ જાહેર કરવામાં આવ્યું હતું અને બન્યું પણ એમ જ. મનુભાઇનું વ્યાખ્યાન–અમને તેમ જ પંડિતજીને ઇષ્ટ હતું તે મુજબ–લંબાયું અને પંડિતજીનું વ્યાખ્યાન સમયના અભાવે અમારે રદ કરવું પડ્યું.

કાર્યક્રમમાં જાહેર કર્યા મુજબ ખ્યાતનામ અન્નાસાહેબ સહસ્ત્રબુદ્ધે છેલ્લા દિવસનું તેમનું 'ગ્રામદાન' ઉપરનું વ્યાખ્યાન આપવા માટે અનિવાર્ય કારણોને લીધે ઉપસ્થિત થઇ ન શકયા એથી અમે ખિન્નતા અનુભવી. તેઓ આવ્યા હોત તો 'ગ્રામદાન' ના મહત્વના પ્રશ્ન ઉપર તેમણે ઘણો મોટો પ્રકાશ પાડયો હોત અને અનેક લોકોના મનમાં રહેલા તર્કવિતર્ક અને શંકાકુશંકાઓનું નિવારણ થઈ શકયું હત.

આ રીતે અન્નાસાહેબ સહસ્ત્રબુદ્ધેના નહિ આવવાથી કાર્યક્રમમાં જે ખાડો પડયો તે, બીજો એક સુઅવસર ઉભો કરીને પૂરવામાં આવ્યો હતો. પ્રજ્ઞાચક્ષુ રાજેન્દ્ર વ્યાસને મુંબઇ યુનિવર્સિટીએ તાજેતરમાં પી.એચ્.ડી. ની ડીગ્રીથી વિભૂષિત કર્યા હતા, તે બદલ તેમનું મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પં. સુખલાલજીની ઉપસ્થિતિ દરમિયાન જાહેર સન્માન કરવાનો અમારો ઇરાદો હતો અને એ સન્માન-સભા અમે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન કોઇ દિવસે સાંજના વખતે ગોઠવવા માંગતા હતા. પણ ઉપર જણાવ્યા મુજબ ચાલુ વ્યાખ્યાનમાળામાં એક વ્યાખ્યાતાની પુરવણી કરવાની પરિસ્થિતિ ઉભી થતાં ઉપરનો પ્રસંગ અમે આ વ્યાખ્યાનમાળાના અંગમાં જ અન્તર્ગત કર્યો હતો. એ સભામાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તરફથી શ્રી રાજેન્દ્ર વ્યાસને હાર્દિક આવકાર અને અભિનન્દન આપવામાં આવ્યા હતાં અને પુલહાર વડે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું, અને આ પ્રસંગને અનુલક્ષીને ભાઇ રાજેન્દ્ર વ્યાસે અન્ધ સમાજના પ્રશ્ન ઉપર વેધક પ્રકાશ પાડતું એક સુન્દર અને વ્યવસ્થિત વ્યાખ્યાન રજુ કર્યું હતું, અને પંડિતજીએ પણ યથોચિત શબ્દો વડે ભાઇ રાજેન્દ્રનું બહુમાન કર્યું હતું.

પર્યુષણ વ્યાખ્યાનમાળા વધારે ને વધારે લોકપ્રિય બનતી રહી છે અને તેની ગુણવત્તામાં પણ ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે. આ વિકાસના પરિણામે પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળતાનો આંક પણ ઉંચે ને ઉંચે ચડતો લાગે છે. આવી સફળતા પ્રાપ્ત કરવામાં સૌથી મહત્વનો ફાળો પં. સુખલાલજીનો છે કે જેઓ, દર વર્ષ માફક આ વખતે પણ અમદાવાદ ખાતેના પોતાના ચાલુ વ્યવસાયને બાજુએ મૂકીને, મુંબઇ આવ્યા હતા અને વ્યાખ્યાનસભાઓના પ્રમુખસ્થાનને તેમણે આઠે દિવસ, જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે ત્યારે યોગ્ય સમાલોચનાઓ કરીને તેમ જ માર્ગદર્શન આપીને, શોભાવ્યું હતું. જુદા જુદા વ્યાખ્યાતાઓ નિયત દિવસે અને નિયત સમયે મુંબઇ તળમાંથી તેમજ મુંબઇ બહારથી બરોબર ઉપસ્થિત થયા હતા અને વિચાર અને ચિન્તનપૂર્વકના તેમ જ અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો તેમણે રજુ કર્યા હતાં. આ વ્યાખ્યાતાઓનો પણ અમારી વ્યાખ્યાનમાળા સફળ કરવામાં અતિ મહત્વનો ફાળો છે. આવી વ્યાખ્યાનમાળાની સફળતા આ ઉપરાંત અન્ય અનેક વ્યક્તિઓના તેમ જ સંસ્થાના સહકારની એટલી જ અપેક્ષા રાખે છે. રૉકસી થીએટરનો તેમ જ તારાબાઇ હૉલનો અમારી પાસેથી કશું પણ વળતર લીધા વિના ઉપયોગ કરવા આપ્યો તે માટે તેના માલીકોનો, ભારતીય વિદ્યાભવન તથા બ્લેવાટ્સ્કી લોજના સંચાલકો તરફથી ચાલુ ભાડામાં અમને જે રાહત આપવામાં આવી છે તે બદલ તેમનો, તથા પૂરી શાન્તિ અને શિસ્ત જાળવવા બદલ અમારા શ્રોતાસમુદાયનો અન્તઃકરણપૂર્વક અમે આભાર માનીએ છીએ. પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળતામાં આ બધાં મહત્વનાં પૂરક તત્વો છે. વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાં સંગીતની પૂરવણી કરનાર ભાઇઓને તેમ જ બહેનોને અમે ભુલી ન જ શકીએ. શ્રી દિલીપકુમાર રૉયનાં ભજનોએ આખી વ્યાખ્યાનમાળાને સવિશેષ આકર્ષણ અને રોચક બનાવી હતી. તેથી તેમનો પણ અમે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

ડૉ. ગાયતોન્દે પ્રકરણ

વિદ્યાવતી નામની એક છોકરીને દીલ્હીના ઈરવીન હોસ્પીટલમાં ૧૯૫૭ ના ડીસેંબર માસની ૨૧ મી તારીખે દાખલ કરવામાં આવેલી. તેને પેટનો ક્ષય હતો અને ચાલુ ઉલટીઓ આવતી હતી. બે ચાર દિવસ પછી તેને ઓપરેશન કરવાની જરૂર લાગવાથી સર્જીકલ વોર્ડમાં દાખલ કરી હતી. ડીસેંબરની ૩૦ મી તારીખે તેની ઉપર ઓપરેશન કરવામાં આવ્યું. ઓપરેશન કરનાર સર્જનનું નામ હતું ડૉ. ગાયતોન્દે એ દિવસ બાદ જાન્યુઆરીની પહેલી તારીખે તે ગુજરી ગઈ, અને તેનાં સગાંઓએ તેના શબનો અગ્નિસંસ્કાર કર્યો. પછીના દિવસે ભસ્મીભૂત શબની રાખ લેવા તેઓ સ્મશાનમાં ગયા ત્યારે તે રાખમાંથી આર્ટરી ફોરસેપ્સ–ઓપરેશન કરતી વખતે લોહીની નસો–blood vessels–પકડવા માટે વાપરવામાં આવતું બે પાંખડાવાળુ હથિયાર–તેમને મળી આવ્યું. આની તેમણે પોલીસને ખબર આપી. પોલીસે આ બાબતનો ૩૦૪ એ ફોજદારી કલમ નીચે કેસ કર્યો અને તેને લગતી તપાસ શરૂ કરી. આ તપાસ ચાલતી હતી તે દરમિયાન ભારત સરકારના ગૃહખાતાના કહેવાથી દીલ્હીના વહીવટીતંત્રે આ કેસ પાછો ખેંચી લીધો. આ ઘટના સંબંધમાં તા. ૨૮ મી ઓગસ્ટના રોજ લોકસભામાં ભારે ગરમ ચર્ચા ચાલી હતી. ગૃહખાતાએ આવું પગલું શા માટે ભર્યું તે વિષે જવાબ આપતાં આરોગ્યપ્રધાન શ્રી. ડી. પી. કરમારકરે જણાવ્યું કે "આ કેસ પાછો ખેંચી લેવાનાં કારણો રજુ કરવાનું કામ મારૂં નથી અને તેમ કરવું જાહેર હિતમાં ન હોય એમ બનવા જોગ છે. આ જવાબે અન્ય સભ્યોમાં ભારે ઉકળાટ પેદા કર્યો. મહાઅમાત્ય પંડિત નહેરૂએ વચ્ચે પડીને એવી મતલબનો ખુલાસો કર્યો કે "આ બાબતમાં એક એવી વ્યકિત સંડોવાઇ છે કે જેની શકિત અને પ્રમાણિકતા અસાધારણ ઉચ્ચ કોટિની છે. ઓપરેશન કરવામાં આવે છે ત્યારે ઓપરેશન રૂમમાં સર્જનો, જુનીયર સર્જનો, નર્સો અને બીજા કેટલાક એમ અનેક માણસો હોય છે. જો કે ઓપરેશન તો એક મોટો સર્જન કરે છે, એમ છતાં ત્યાં બીજા ઘણા લોકો હોય છે, અને કોની ભૂલ કે ક્ષતિ થઈ તે વિષે કોઇ ચોક્કસપણે કહી શકે એમ હોતું નથી. સંભવ છે કે કંઈ રહી ગયું હોય તે કોઈ નર્સ કે અન્ય કોઇને લીધે બન્યું હોય. બારીકાઈથી તપાસીએ તો તો ડૉ. ગાયતોન્દે સામે કોઇ પુરાવો રજુ થઈ શકે તેમ હતું જ નહિ. એક ખૂબ હુંશિયાર સર્જન હોવા ઉપરાંત બહુ જ સંભાળપૂર્વક કામ કરનાર સર્જન તરીકે પણ તેઓ ખૂબ જાણીતા છે. આથી અમને એમ લાગ્યું કે આ પરિસ્થિતિમાં આ બાબતને અદાલત સુધી લઈ જવામાં આવે એ યોગ્ય નથી. આજ સુધીની તેની સમગ્ર કારકીર્દી ઉજ્જવળ છે અને આ ખાસ કીસ્સામાં અમને માલુલ પડ્યું તે મુજબ સંદિગ્ધ આરોપો સિવાય તેની સામે બીજું કશું જ નહોતું. અને તેથી એક સરસ અને દેશભકત વ્યકિતની આબરૂને ધક્કો પહોંચાડવો એવા કોઇ હેતુ સિવાય આ બાબતમાં આગળ વધવાનો કોઇ અર્થ નહોતો."

પંડિત નહેરૂના આ ખુલાસા સાથે ધારાસભા પૂરતો આ પ્રકરણનો અન્ત આવ્યો છે. પણ આ કાંઈ બરોબર થયું નથી એવા ખટકો આપણા મનમાં રહી જાય છે. એક વખત ઉપર જણાવેલ મુદ્દા ઉપર પોલીસ કેસ કર્યા પછી અને તેને લગતી તપાસ શરૂ કર્યા પછી, આવી રીતે કેસ પાછો ખેંચી લેવામાં આવે–અને તે પણ આરોપ પુરવાર કરવા માટે પૂરતા પુરાવાનો અભાવ છે અને તેથી કેસ ટકી શકે તેમ નથી આવી કોઇ પબ્લીક પ્રોસીકયુટરની માગણી સિવાય–આ પ્રકારની ઘટના ન્યાયને પોતાનો સ્વાભાવિક માર્ગ લેવા દેવામાં અણઘટતો અન્તરાય ઉભો કરવા બરોબર છે. અને આવું જ્યારે કોંગ્રેસ શાસનમાં બને ત્યારે કેરલના મુખ્ય પ્રધાન નામબુદ્રીપાદ સામે બોલતાં આપણને પાછા પડવા જેવું લાગે છે. ગાયતોન્દે ગમે તેટલા કુશળ સર્જન કે ભાવનાશાળી દેશભકત હોય–ન્યાયની અદાલતમાં તે અને એક સામાન્ય પ્રજાજન બન્ને સરખા છે. તેના ઉપર કેસ ચાલ્યો હોત તો તેની આબરૂને જરા ધક્કો લાગત ખરો–અને આમ પણ લોકસભાની ઉગ્ર ચર્ચા અને સત્તાધીશોના પાંગળા બચાવથી ધક્કો તો લાગી જ ગયો છે–પણ કેસની હકીકત જોતાં શબની ભસ્મ ઉપરથી સર્જનની ગુન્હાહિત બેદરકારી પુરવાર કરવાનું અતિ મુશ્કેલ હતું એમ લાગે છે. અને તેથી ડૉ. ગાયતોન્દેને ન્યાયની અદાલત નિર્દોષ જાહેર કરે એ ઘણું વધારે સંભવિત હતું. એમ થતાં તેમની આબરૂને હાનિ પહોંચવાને બદલે ઉલટી તે વધારે દૃઢીભુત થાત. બીજી બાજુએ જો તપાસ અને અદાલતમાં કામ ચાલવાના પરિણામે ડૉ. ગાયતોન્દે ગુન્હાહિત પુરવાર થયા હોત તો આવી જીવલેણ બેદરકારીની તેમને સજા થવી જ જોઇતી હતી–તેમની આજ સુધીની કારકીર્દી ગમે તેટલી નિષ્કલંક અને ઉજળી હોય તો પણ–અને આમાં કોઇ રાજકારણનો તો પ્રશ્ન જ નહોતો તેમજ કોઈ કુટિલ ખટપટના પરિણામે ડૉ. ગાયતોન્દેને આમાં ખેંચવામાં આવ્યા હોય તેમ પણ નહોતું. આખા પ્રકરણનો સમગ્ર રીતે વિચાર કરતાં અદાલતની તપાસદ્વારા જે નિર્દોષ ઠરવાનો ઘણો મોટો સંભવ હતો તેને તે પહેલાં બચાવી લેવાની અધીરાઇએ આવું કઢંગું અને રાજ્યવહીવટને બીનશોભાસ્પદ પગલું ભરાવ્યું છે એમ લાગે છે. પં. નહેરૂએ ડૉ. ગાયતોન્દેનો જે રીતે બચાવ કર્યો છે તે જોતાં ટી. ટી. પ્રકરણ યાદ આવે છે. પં. નહેરૂના જીવનમાં વ્યકિતગત પક્ષપાત કદિ કદિ રાજ્યવહીવટમાં ઘણો મહત્વનો ભાગ ભજવી જાય છે. આ નબળાઈ નહોત તો નહેરૂ છે તેથી પણ વધારે ભવ્ય હોત.

પરમાનંદ

આવી કટુવાણી શા માટે? મારી એક નબળાઈ

તા. ૧૫મી સપ્ટેંબરના પ્રબુદ્ધ જીવનમાં 'સંવત્સરી પર્વ વિષે સર્વ સંમતિ: પર્વતિથિની જટિલ સમસ્યા' એ મથાળા નીચે પ્રગટ કરવામાં આવેલ લેખમાં જૈન શ્વે. મૂ. વિભાગના એક આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિ વિષે કેટલાક પ્રતિકુળ ઉલ્લેખો કરવામાં આવ્યા છે તે સંબંધમાં મારૂં ધ્યાન ખેંચતો એક પત્ર બાલાસીનોર (જીલ્લો ખેડા) થી શ્રી અંબાલાલ લાલભાઈ તરફથી મળ્યો છે. તે પત્ર જરૂર પૂરતો ટુંકાવીને નીચે આપવામાં આવે છે :–

"આ પત્ર લખવા અગાઉ એક વાત સ્પષ્ટપણે જણાવી દઉં કે મને આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિ તરફ નથી રાગ કે નથી દ્વેષ. હું તેમના સંપર્કમાં પણ નથી. માત્ર આપનો તા. ૧૫મી સપ્ટેંબરના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ 'સંવત્સરી પર્વ વિષે સર્વસંમતિ: પર્વ–તિથિની જટિલ સમસ્યા' એ મથાળાનો લેખ વાંચીને મને આ પત્ર લખવાનું મન થયું છે. તેથી આપ જોશો કે આ પત્ર હું કેવળ તટસ્થ ભાવે લખી રહ્યો છું.

"આપશ્રી પ્રત્યે મને ઘણું માન છે, કારણ કે આપ 'પ્રબુદ્ધ જીવન' મારફતે ઘણી વખત સમાજની ઉન્નતિ થાય તેવા લેખો લખો છો, તેમ જ જાહેર જીવનમાં પણ રસ લ્યો છો, અને દેશની સેવા કરો છો. આપશ્રી એક પત્રકાર છો. પત્રકારની ફરજ એ છે કે જો કાંઈ ખોટું હોય તે પરત્વે જનતાનું ધ્યાન ખેંચવું. આપના પ્રસ્તુત લેખમાં આપશ્રી જણાવો છો કે "છેલ્લાં ત્રીસ વર્ષ પહેલાં જૈન સમાજમાં એક રાહુનો ઉદય થયો. તેનું નામ છે શ્રી વિજયરામચંદ્ર-સૂરિ." એક બાજુ આજે સંઘમાં આપણે શાન્તિના પ્રયાસો કરતા હોઇએ અને બીજી બાજુ આવું લખાણ લખીએ તેનો શું અર્થ છે તે આપે વિચારવું જોઇએ. શું હજુ આપણા સંઘના બધા પ્રશ્નો ઉકલી ગયા છે? સારાં કાર્યો કરવા માટે સૌના સાથની જરૂરત આપને નથી લાગતી? બીજે એક ઠેકાણે આપે એમ લખ્યું છે કે "એક વ્યાખ્યાનપટુ, કર્તુત્વકુશળ અને એમ છતાં ભારે તુમાખી, ઝનુની અને પ્રત્યાઘાતી વલણો ધરાવતો આચાર્ય"–આ વાક્યો લખવા આપની જેવા જાહેર જીવનમાં જીવતા ભાઇને વ્યાજબી લાગે છે? આજે આપણને ગમે તેટલા મતભેદો હોય, છતાં એક જૈન આચાર્યને માટે તુકારા કરવા, ગમે તેવા વાક્યો લખવા–આમાં આપ એક પત્રકાર તરીકે સેવા કરો છો કે કુસેવા કરો છો તે વિચારશો. અને જો આ મારી વાત વ્યાજબી લાગતી હોય તો હું વિનંતિ કરૂં છું કે આ લખાણ બદલ આપે દિલગીરી જાહેર કરવી જોઇએ."

'સંવત્સરી પર્વ વિષે સર્વસંમતિ: પર્વતિથિની જટિલ સમસ્યા' એ મથાળાના તા. ૧૫-૯-૫૮ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ મારા લેખમાં શ્રી વિજયરામચંદ્ર સૂરિ વિષે કરવામાં આવેલા ઉલ્લેખના ઔચિત્ય-અનૌચિત્ય સંબંધમાં બીજા કેટલાક મિત્રોના દિલમાં મારા વિષે ઉપર આપેલા પત્રને મળતું જ સંવેદન છે એમ મારા જાણવામાં આવતાં તે બાબતનો જાહેર રીતે ખુલાસો કરવો એ મને વધારે ઉચિત લાગે છે.

પ્રબુદ્ધ જીવનના આજ સુધીના સંપાદનને અંગે શ્રી અંબાલાલભાઈ મારા વિષે જે આદર ધરાવે છે તે સાથે શ્રી વિજય રામચંદ્ર સૂરિ વિષેના ઉપર જણાવેલા ઉલ્લેખો તેમને બંધબેસતા ન લાગ્યાં હોય તો તે તદ્દન સ્વાભાવિક છે. પ્રબુદ્ધ જીવનના માટે હું જે કાંઈ લખું છું તે સમભાવપૂર્વકનું હોય એવો હું હંમેશા મનથી આગ્રહ સેવતો રહ્યો છું. આમ છતાં પણ મારે કબુલ કરવું જોઇએ કે આ આદર્શ અને આગ્રહ, અમુક વ્યકિત અથવા તો વિષયને અંગે મનમાં રહેલા કેટલાક પૂર્વગ્રહોના કારણે અથવા તો તેમના વિષેના તીવ્ર પ્રતિકુળ સંવેદનોના કારણે, મારાથી પૂરા અંશમાં આચારમાં મુકી શકાતા નથી એવો મારો અનુભવ છે. દા. ત. આપણે અર્વાચીન ઇતિહાસ વિચારીએ તો મોગલ સહેનશાહ ઔરંગઝેબે અકબર, જહાંગીર અને શાહજહાને અપનાવેલી નીતિનો ત્યાગ કરીને જે ધર્માંધ નીતિ ગ્રહણ કરેલી તે કારણે તેના વિષે મારા મનમાં હંમેશા એક પ્રકારની ઉગ્ર અણગમાની લાગણી રહેલી જ છે. આધુનિક કાળના બે મહામાનવો કાયદે-આઝમ ઝીણા અને ડૉ. આંબેડકર-બન્નેએ ગાંધીજી સાથે અથડાઇને દેશની અનેક રીતે ભારે કુસેવા કરી છે એમ હું સુદૃઢપણે માનું છું અને તે કારણે તેમના વિષે હું એક પ્રકારનો સ્થાયી રોષ અનુભવું છું. તે પ્રત્યેકના અવસાન પ્રસંગે તેમના વિષે નોંધ લખતાં મેં ઉગ્ર વલણ સ્પષ્ટ રીતે વ્યક્ત કર્યું હતું. આવું વર્તન ચાલુ સભ્યતાની વિરૂદ્ધ છે એમ જાણતો હોવા છતાં એમાં મેં કશું ખોટું કર્યું છે એમ હજુ સુધી મારું મન ડંખતું નથી. મુસલમાન કોમના અને હરિજન કોમના વિશાળ ક્ષેત્રમાં જે ભાગ ઝીણાએ અને આંબેડકરે ભજવ્યો હતો તેવો જ ભાગ જૈન શ્વે. મૂ. વિભાગના નાના સરખા ક્ષેત્રમાં શ્રી વિજય રામચંદ્ર સૂરિએ આજ સુધી ભજવ્યો છે એવી મારા મનની પ્રતીતિ છે. ફરક એટલો જ કે જૈન શ્વે. મૂ. વિભાગ નાનો અને તેનું રાજકીય મહત્વ કશું જ નહિ, એટલે શ્રી વિજયરામચંદ્ર સૂરિનાં પ્રત્યાઘાતી વલણો અને પ્રાકૃતિક વિષમતાનાં પરિણામો અતિ મર્યાદિત રહ્યાં છે અને પ્રમાણમાં અલ્પ મહત્ત્વનાં બન્યાં છે. પણ તેમની ભાત અને તાસીરમાં અને ઝીણા અને આંબેડકરની ભાત અને તાસીરમાં મને જરા પણ ફરક લાગ્યો નથી. મારા મનની આવી સ્થિતિ હોવાથી મેં તેમને જૈન સમાજના રાહુ તરીકે ઓળખાવ્યા અથવા તો તુમાખી, ઝનુની અને પ્રત્યાઘાતી વલણો ધરાવતા આચાર્ય તરીકે વર્ણવ્યા તેમાં મેં કશું પણ ખોટું કર્યું હોય એમ મને લાગતું નથી. એટલું ખરું કે ધર્મમય સત્ય ઉકિતનું એક લક્ષણ એ છે કે તે પ્રિય હોવું જોઇએ. તેનો અહિં જરૂર ભંગ થાય છે. પણ પત્રકારિત્વના વ્યવસાય સાથે જેઓ જોડાયલા છે તેમને પ્રસંગવશાત્ કટુ ઉકિતનો આશ્રય લેવો પડે છે. તેમને કદિ કદિ એમ લાગે છે કે અહિં નરમાશ નહિ ચાલે, આટલું સખત-કડવું-કહેવું જ જોઇશે. બાલદીક્ષા પ્રકરણ, હરિજન મંદિર પ્રવેશ પ્રકરણ, અને છેવટના આ પર્વતિથિ પ્રકરણ અંગે તેમણે જે કેવળ પ્રત્યાઘાતી અને ધર્મઝનુની ભાગ ભજવ્યો છે અને આજ સુધીની તેમની જે પ્રકારની જીવન-કારકીર્દી મેં જોઈ છે અને જાણી છે તેનો સમગ્રપણે ખ્યાલ લેતાં તેમના વિષે મારા દિલમાં કોઈ કુણો ભાવ ઉગતો નથી. મનના આવા વલણને જૈન પરિભાષામાં-જે રીતે જે જુએ તે રીતે-પ્રશસ્ત અથવા તો અપ્રશસ્ત ક્રોધ કહી શકાય, અથવા તો એક પ્રકારની પ્રાકૃતિક વિકળતા તરીકે પણ વર્ણવી શકાય. અમુક વિશિષ્ટ લેખાતી વ્યક્તિઓ વિષે મારા મનનું આવું વલણ અને આ પ્રકારનો અભિગમ હોવાના કારણે, મારી દૃષ્ટિએ શ્રી વિજય રામચંદ્ર સૂરિ અંગે વપરાયલાં ઉપરનાં વિશેષણો કટુ હોવા છતાં વાસ્તવિકતાના પ્રતિપાદક છે, અને તેથી તે વિષે કોઇ પણ પ્રકારની દિલગીરી વ્યક્ત કરવાની મને જરૂર લાગતી નથી.

પણ એક બાબતમાં મારે જરૂર દિલગીરી દર્શાવવાની છે અને તે 'પ્રત્યાઘાતી વલણો ધરાવતો આચાર્ય' એ મારા શબ્દોમાં રહેલી તોછડાઇને અંગે છે. મારું મૂળ લખાણ જરૂર એ મુજબનું હતું, પણ એ ફરી વાર વાંચતાં તે તરફ મારું ધ્યાન ખેંચાયલું અને મેં 'ધરાવતો' શબ્દમાં 'તો' ઉપરની માત્રા છેકી નાંખેલી, પણ તે લખાણ કંપોઝ થતાં 'ધરાવતો' શબ્દ જ કંપોઝ થયો, પ્રુફ જોનારે તે સુધાર્યું નહિ અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના અતિ રોકાણને અંગે હું બરાબર રોકાયલો હોઇને તેનાં છેવટનાં પ્રુફ હું જોઇ શકેલો નહિ અને તેથી તે લેખમાં જેમ બીજી છાપણીની કેટલીક ભૂલો સુધારવી રહી ગઇ તેમ આ ભૂલ પણ સુધારવી રહી ગઇ-જેની, અંક છપાઇને આવ્યા બાદ જોયો ત્યારે જ, મને ખબર પડી. આમ સુધારેલી ભૂલ અણસુધારી રહી ગઈ અને મારાથી કોઇની પણ તોછડાઇ ન થાય એની સતત ચિન્તા અને સંભાળ હું રાખતો હોવા છતાં આ બાબતમાં મારો દોષ થઈ ગયો. આ માટે હું કશા પણ સંકોચ વિના દિલગીરી જાહેર કરું છું.

શ્રી. અંબાલાલભાઇના પત્રમાં જે જૈન સમાજના એક નાના સરખા વિભાગની એકતાનો મુદ્દો આગળ ધરવામાં આવ્યો છે તે સંબંધમાં જણાવવાનું કે પ્રસ્તુત પ્રસંગે સધાયલી એકતા શ્રી વિજયરામચંદ્રસૂરિના દિલમાં ઉભી થયેલી એકતા સાધવાની કોઈ સ્વાભાવિક વૃત્તિનું પરિણામ નથી, પણ તેમના હાથ હેઠા પડયાનું એ પરિણામ છે એમ મને મળેલી માહીતી ઉપરથી લાગ્યું છે. તેથી તેમના વળણ ઉપર તેમ જ જે એકતાની વાટાઘાટો સાથે મારો કોઇ સીધો કે આડકતરો સંબંધ નથી તે એકતા ઉપર મારા આવા કોઇ લખાણની કોઇ ખાસ અસર પડે એમ મને લાગતું નથી. પરમાનંદ

ધર્મને બચાવીએ

[શ્રી કાકાસાહેબ કાલેલકર ગયા વર્ષે જાપાન ગયા હતા. ત્યાં તેમણે ટોકીયોમાં મળેલી જાગતિક પરિષદમાં-ધાર્મિકોની (Religionists ની) વિભાગીય પરિષદનાં અધ્યક્ષ તરીકે ભાષણ કર્યું હતું. તેમાંથી, આજે જ્યારે સમાજમાં ધર્મને નામે વિષમ વાતાવરણ ઊભું થયું છે. ત્યારે કાકાસાહેબના આ થોડા શબ્દો સૌને માર્ગદર્શન થાય તેવા છે. તંત્રી]

એક વખત હતો જ્યારે સમાજ ઉપર ધર્મોની આણ વર્તતી હતી. હવે એ સ્થાન વિજ્ઞાને (સાયન્સે) લીધું છે. વિજ્ઞાનનાં પરિણામ સ્પષ્ટ દેખાય છે. એ તત્ત્વ ઘણું જ સમર્થ છે. એનાં પ્રમાણમાં ધર્મો આજે મોળા, સાંકડા મનના અને નિસ્તેજ દેખાય છે. વિજ્ઞાનની મદદથી દુનિયા ઍટમ બોમ્બ સુધી આવી પહોંચી છે અને માણસ જાતનું અસ્તિત્વ જ જોખમમાં આવ્યું છે. હવે ધર્મોએ પોતાની નૈતિક શક્તિ વાપરી દુનિયાને બચાવવી રહી. દુનિયાની આવી સેવા ધર્મો કરી શકે તે પહેલાં એમણે પોતાની જ સેવા-આત્મશુદ્ધિ-કરવી જોઇએ.

ધર્મના ઠેકેદારો ધર્મના પ્રાણની ઉપેક્ષા કરી, ધર્મના બાહ્ય આકારને વધારે મહત્ત્વ આપતા થયા છે, અને અંદર અંદર લડી હાંસીપાત્ર બનતા જાય છે.

પશ્ચિમની પ્રતિષ્ઠાને કારણે ઇસાઈ ધર્મની પ્રતિષ્ઠા ખૂબ વધી. એના મિશનરીઓ દુનિયામાં બધે ફરી વળ્યા. સામ્રાજ્યશાહીના હસ્તક તરીકે રહીને એમણે પોતાની કીંમતી સેવાનું મહત્ત્વ ઘટાડયું. હવે આપણે કહેવા લાગ્યા છીએ કે, 'ઇસાઈ ધર્મની કસોટી થઈ ચૂકી. અને ધર્મ હીણકસ નીવડયો છે." આવી ટીકા કરનારાઓએ વિચાર કરવો જોઇએ કે બીજા કયા ધર્મો સો ટચના નીવડયા છે ? હવે તો બધા ધર્મોએ અંતર્મુખ થઈ આત્મશુદ્ધિ કરવાની છે અને ધર્મતેજ પ્રગટ કરી, વિજ્ઞાનનો સદુપયોગ જ કરવાનું દુનિયાને સમજાવવાનું છે. તે માટે ધર્મના ઠેકેદારોને બાજુ ખસેડી ધર્મોને સંકુચિતતામાંથી બચાવવા જોઇએ.


આજે આપણે અણુબોમ્બના પ્રયોગો અને વપરાશને જરૂર વખોડીએ. યુદ્ધોદ્વારા માણસનું કલ્યાણ થવાનું નથી એની ઘોષણા કરીએ એ બધું જરૂરનું છે. પણ આપણું મુખ્ય કામ, ધર્મોની વિધિઓ અને વિગતોમાં ગૂંગળાતા ધર્મના પ્રાણને બચાવવાનું છે. ત્યાર પછી જ ધર્મ ધર્મ વચ્ચે સહકાર થઇ શકશે અને ધર્મો સમાજના જીવન ઉપર સારી અસર કરતા થઈ જશે. ઉધ્ધૃત. 'ઉગમણો દેશ'

કૂર્માચળની પરિક્રમા

(ગતાંકથી ચાલુ)

લડિયા કાંટા

ડાકતર માયાદાસના સત્સંગમાં આપણે ઠીક સમય ગાળ્યો. હવે આપણે આગળ ચાલીએ. પહેલાંથી નક્કી કર્યા મુજબ ૨૦મીની સવારે વહેલાં ઉઠીને અમે તૈયાર થયા અને અમારી હોટેલની પાછળના ભાગમાં આવેલ પર્વતના ઊંચાણ-વિભાગની પેલી પાર ૮૧૪૪ ફીટ ઉંચાઇએ આવેલ 'લડિયા કાંટા' નામથી ઓળખાતા ગિરિશિખરે પહોંચવા માટે અમે નીકળ્યા. સ્નો વ્યુ જવાના માર્ગ ઉપર જ ઉંચે ને ઉંચે ચઢતાં આશરે એકાદ કલાક બાદ પર્વતની ધાર ઉપર આવેલ 'સેન્ટ લૂ ટૉલ પોસ્ટ' નામની જગ્યાએ અમે પહોંચ્યા. અહિંથી ડાબી બાજુએ સ્નો વ્યુ જવાનો રસ્તો ફંટાય છે. અમે જમણી બાજુએ આગળ ચાલ્યા. એ રસ્તા ઉપર જમણી બાજુએ બિરલા વિદ્યા મંદિરે જવાની કેડી આવે છે. તેને વટાવીને અમે આગળ વધ્યા. એટલે જે પર્વત ઉપર અમારું ચઢાણ અમે શરૂ કર્યું હતું તેની પાછળના ભાગમાં અમે આવ્યા. નૈનીતાલ અને તેનો વસવાટ દેખાતો સાવ બંધ થઇ ગયો. ઘણે નીચે ઊંડી ખીણ, ઉપર પર્વતની ધાર, ચોતરફ ઘેરી વનરાજી, તદ્દન એકાન્ત, માણસોની બહુ જ ઓછી અવરજવર, નિરવ શાન્તિ, રાની પશુઓને ભ્રમણ કરવાયોગ્ય આખો પ્રદેશ, ઠંડક પણ જરા કંપ પેદા કરે તેવી—આમ આગળ ને આગળ ચાલતાં કેટલીક વારે બન્ને બાજુના પ્રદેશો ખુલી ગયા. બન્ને બાજુએ ઊંડી ખીણો અને ટેકરા ટેકરીઓ દેખાવા લાગ્યા. અમારી ટેકરીને સામેની ટેકરી સાથે જોડતી પટ્ટી જેવી કેડી ઉપર અથવા તો પર્વતની ધાર ઉપર આગળ વધવાનું હતું. વળી પાછું ઉંચે ચડવાનું આવ્યું. થોડી વારે એક વિશાળ ખુલ્લી જગ્યા આવી. અહિં સુધીનો રસ્તો એવો હતો કે જે ઉપર ઘોડા તથા ડાંડીવાળા સુખેથી ચાલી શકે. હવે સામે ઉંચી સુકી, વેરાન ટેકરી ઉપર ચડવાનું હતું. ઘોડા કે ડાંડીવાળા અહિં જ અટકી જાય છે. પછી સૌએ પગે ચાલીને જ આગળ વધવાનું રહે છે. ટેકરીની કોરે કોરે કોરેલી સાંકડી કેડી ઉપર ચાલવાનું હતું. આમ તેમ જોવા જાઓ તો ચક્કર આવવાનું જોખમ રહે. જો ચાલવામાં પગ ભૂલથી આમ તેમ મુકાઇ જાય તો નીચે કંઇના કંઈ ગબડી પડાય. આખરે અમે એ ટેકરીની ટોચની બહુ જ નજીકની બાજુ ઉપર પહોંચ્યા. નીચેથી ઉપર સુધી આ રસ્તો ૩॥ માઇલનો થાય છે. ટોચના વિભાગમાં પ્રવાસીઓ નિરાંતે બેસી શકે અને ચોતરફ નિહાળી શકે એ માટે


ટેહરી ગઢવાલ
બદ્રીકેદારનાથ
કૈલાસ પરબત
માનસરોવર
નેપાળ
તાકલાકોટ
ગોમતી નદી
ચાંગેદા
સરયૂ નદી
સરયૂ નદી
ગોરીનદી
ગોરીનદી
ધારચૂલા
ગોરીનદી
ગોરીનદી
ગોરીનદી

ગમે. શરૂઆતમાં થોડું ચાલતાં કે ચડતાં પગ થાકતા. પણ પછી તો અહિંની ઠંડી હવાને લીધે ચાલવા તેમ જ ચડવાની તાકાત ઉત્તરોત્તર વધતી જ ગઇ. અમે લેન્ડ્રૂઝ એન્ડ અને ડોરોથી સીટ ગયેલા તે કાંઇ નાનું ચક્કર નહોતું. લડિયા-કાંટા પણ સાત માઇલનું ચઢાણ-ઉતરાણ હતું. એટલે ચીના પીક પગે ચાલીને ચઢવા ઉતરવાની તાકાત તેમ જ વિશ્વાસ તો અમારામાં આવી ગયા હતા. અને બે દિવસ વધારે રોકાયા હોત તો અમે ચીના પીક ગયા વગર ન જ રહ્યા હોત. પણ આગળ હજુ અમારે ઘણું ફરવું હતું તેથી નક્કી કરેલા પ્રોગ્રામમાં ફેરફાર કરવા મન વધ્યું નહિ.

નૈનીતાલમાં ગવર્મેન્ટ હાઉસ ઠીક ઠીક ઉંચાઇએ એક બાજુના છેડે આવેલું છે. તે બહુ જોવા જેવું ગણાય છે. તે પણ અમે જોવા જઇ ન શકયા. પણ તે ન જોવાયાનો મનમાં કશો વસવસો ન રહ્યો, જ્યારે ચીના પીક ન જવાયું તે હજુ પણ મનમાં ખટકે છે. ગવર્મેન્ટ હાઉસ એટલે માણસે ઉભી કરેલી ઇમારત-બાદશાહી ઠાઠમાઠ અને વૈભવ વિલાસનું મહાલય. અંગ્રેજી હકુમત દરમિયાન લાખોના ખરચે ઉભી કરવામાં આવેલી એક રચના. કુદરતની અપાર સૌન્દર્યલીલા જ્યાં વિસ્તરી રહી છે ત્યાં માણસે ઉભી કરેલી આ રોણક જોવાનું કોઇ ખાસ આકર્ષણ મનમાં પેદા ન થયું.

નૈનીતાલ વિષે પુરાણી દન્તકથાઓ

નૈનીતાલ આપણે છોડીએ તે પહેલાં નૈનીતાલ વિષે પ્રચલિત પૌરાણિક કથાઓ, લોકોના મોઢે ચાલી આવેલી કિવદન્તીઓ અને અદ્યતન નિર્માણને લગતી ઐતિહાસિક વિગતો જાણી લઇએ. કંઇ કાળથી આ પ્રદેશને કુમાંઉ અને ટેહરીગઢવાલના પ્રદેશને ઉત્તરા ખંડના નામથી ઓળખવામાં આવે છે. કુમાંઉ પ્રદેશનું પ્રાચીન નામ કૂર્માચળ છે. કુમાંઉ શબ્દ કૂર્માચળનું અપભ્રંશ રૂપ હોવા સંભવ છે. કૂર્માચળ એટલે કાચબાની પીઠ જેવા જેના પર્વતોના આકાર છે. કુમાંઉ પ્રદેશ એટલે નૈનીતાલ અને આલ્મોરા જીલ્લો. તેમાં ભીમતાલ, મુકતેશ્વર, રાણીખેત, કૌસાની, વૈજનાથ, બાગેશ્વર, જાગેશ્વર, બીનસર વગેરે સ્થળોનો સમાવેશ થાય છે. આ વિભાગમાં આવેલા પર્વતો મોટા ભાગે કાચબાની પીઠ માફક ધીમા ચઢાણ ઉતરાણવાળા-એકદમ સીધા નહિ-એવા જોવામાં આવે છે, જ્યારે ટેહરી ગઢવાલના પર્વતો એકદમ ઉંચાણવાળા અને સીધા ચઢાણ ઉતરાણવાળા હોય છે. ટેહરી ગઢવાલ અથવા ઉતરાખંડમાં હરદ્વાર, ઋષિકેશ, ગુપ્તપ્રયાગ, રૂદ્રપ્રયાગ, જોશીમઠ, કેદારનાથ, બદરીનાથ, ગંગોત્તરી, જમ્નોત્તરી-આવાં પ્રસિદ્ધ હિંદુ યાત્રાનાં સ્થાનકો આવેલાં છે. રામાયણ તેમ જ મહાભારત-શિવપુરાણ વગેરે પૌરાણિક ગ્રંથોમાં આ બન્ને પ્રદેશોમાં આવેલાં અનેક સ્થળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કહેવાય છે કે કુમાંઉના પ્રદેશોમાં ભગવાન શિવે તાંડવનૃત્ય કરેલું. કહેવાય છે કે વાલ્મિકી ઋષિએ, જ્યારે રામે સીતાનો ત્યાગ કરેલો ત્યારે, સીતાને આ પ્રદેશમાં આશ્રય આપ્યો હતો અને રામાયણની પણ આ કુમાંઉ પ્રદેશમાં રહીને તેમણે રચના કરી હતી. અર્જુને અહિં તપશ્ચર્યા કરી હતી અને પાંડવોએ અનન્ત શાન્તિ છેવટે અહિં આવીને પ્રાપ્ત કરી હતી.

જે વિભાગમાં નૈનીતાલનો પ્રદેશ આવેલો છે ત્યાં, કહેવામાં આવે છે કે, પૌરાણિક કાળમાં ગર્ગ ઋષિ રહેતા હતા અને તેથી આ પ્રદેશને ગર્ગાંચલ અથવા તો ગાગરના નામથી ઓળખવામાં આવે છે. જુના ગ્રંથોમાં આ જિલ્લાનો 'ષષ્ટીખેટા'ના નામથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. છે. ષષ્ટીખેટા એટલે સાઠ સરોવરોની ભૂમિ. આ નૈનીતાલ સરોવરનું બીજું નામ 'તીરીખી-સરોવર' હોવાનું જાણવા મળે છે. તેનો અર્થ ત્રણ ઋષિઓનું સરોવર એમ થાય છે. દન્તકથા એવી છે કે એક વખત અત્રિ, પૌલસ્ત્ય, અને પુલાહા-એ નામના ત્રણ ઋષિઓ કૈલાસની યાત્રાએ નીકળેલા. મધ્યાન્હ કાળે આરામ કરવા માટે તેઓ અહિં રોકાયા. બપોરની સંધ્યા-ઉપાસના માટે સ્નાન કરવા અર્થે તેમને પાણી ન મળ્યું. એટલે તેમણે અહિં મોટો ખાડો ખોદ્યો. આ ખાડામાં માનસસરોવરમાંથી સરવાણી ફુટી અને પાણી ભરાઇ ગયું. નૈનીતાલ નામ સાથે પણ એક એવી પૌરાણિક કથા જોડાયલી છે કે દક્ષપિતાના યજ્ઞમાં ભગવાન શિવને દક્ષે નિમંત્રણ મોકલ્યું નહિ, તેથી પાર્વતીએ ક્રોધાવિષ્ટ થઇને યજ્ઞમાં પડતું મુકયું. તે પાર્વતીના શબને ભગવાન શિવ ઉપાડીને આ માર્ગે જતા હતા એવામાં પાર્વતીની આંખો અહિં ખરી પડી, જેમાંથી આ સરોવરનું નિર્માણ થયું. આ પૌરાણિક કથાનું સૂચન કરતું નયની દેવીનું એટલે કે પાર્વતીનું મંદિર સરોવરના એક છેડે આવેલ છે.

આ પૌરાણિક કથાઓમાં કાંઇ ઐતિહાસિક તથ્ય છે કે નહિ તેનું સંશોધન કરવાથી કશું પરિણામ આવે એવો સંભવ નથી. જ્યાં જ્યાં અસાધારણ સૃષ્ટિસૌન્દર્યનો લોકોને અનુભવ થયો છે અને તે દ્વારા વ્યકત થતા દિવ્ય તત્ત્વનો લોકમાનસ ઉપર પ્રભાવ પડયો છે તે તે સ્થળો સાથે પૌરાણિક દેવદેવીઓને અને તેમની અનેક જીવન-ઘટનાઓને લોકમાનસ હંમેશા જોડતું આવ્યું છે. અથવા તો એમ પણ કહી શકાય કે શિવપાર્વતી, રાધાકૃષ્ણ, રામસીતા આદિ પૌરાણિક દેવદેવીઓનાં ચરિત્રની વિવિધ ઘટનાઓને હિમાલયમાં તેમ જ નીચેના પ્રદેશોમાં આવેલા વિશિષ્ટ સુન્દરતા-ભવ્યતા-ધારણ કરતા સ્થળો સાથે એક યા બીજી રીતે સંલગ્ન કરીને તેમના વિષે પોતાના દિલમાં રહેલો ઊંડો ભકિતભાવ લોકો પ્રદર્શિત કરતા આવ્યા છે, અને એ રીતે આ સ્થળોને અમુક પ્રકારનું ધાર્મિક મહત્વ મળતું રહ્યું છે અને એ કારણે પછીની પેઢીઓ આવાં સ્થળો તરફ સદા આકર્ષાતી અને દિવ્યતાના અનુભવનું અનુપાન કરતી રહી છે. ઉપરની કથાઓ અને કિંવદન્તીઓને આ રીતે સમજવી અને સ્વીકારવી તે વધારે સયુકિતક લાગે છે.

નૈનીતાલનો પ્રાચીન ઇતિહાસ

નૈનીતાલ સંબંધે જુનામાં જુનો ઉલ્લેખ આપણને અલ્હાબાદના કીલ્લામાં આવેલ અશોક સ્તંભ (ચોથો સૈકો) ઉપરના સમ્રાટ સમુદ્ર-ગુપ્તના શિલાલેખોમાં મળે છે. તેમાં કુમાંઉમાં મહાન કતુરી સામ્રાજ્ય હોવાનું જણાવવામાં આવેલ છે. આગળ ઉપર આ સામ્રાજ્યનું પતન થયું અને પછી કુમાઉં, તરાઇ અને ભાબર-આ પ્રદેશો ચંદ્રવંશના-પરંપરાથી કહેવાતા-સ્થાપક અને અલ્હાબાદ પાસે આવેલ ઝુસીના ચંદ્રવંશી રજપુત સોમચંદને દ્વાયજામાં મળ્યા હોવાનો ઉલ્લેખ મળે છે. કુમાંઉમાં આવેલ જુની રાજધાની ચંપાવત દ્વારા ચંદ્રવંશનું ચોતરફ શાસન ફેલાયું અને નૈનીતાલ આસપાસનો પ્રદેશ પણ તેના કબજા નીચે આવ્યો. ૧૩ મી સદીમાં પોતાની સરહદનું રક્ષણ કરવા માટે ત્રિલોકચંદે ભીમતાલ પાસે એક કીલ્લો બંધાવ્યો અને ૧૫ મી સદીના અન્ત ભાગમાં કિરતચંદે નૈનીતાલ સરકારને પોતાના રાજ્યમાં જોડી દીધું.

૧૮ મી સદીમાં ચંદ રાજાઓને ગઢવાલ સામે ચાલુ લડવું પડેલું. રાજા દીપચંદ ધાર્મિક વૃત્તિનો હોઇને તેણે ભીમતાલનું ભીમેશ્વર મંદિર બંધાવ્યું. ૧૭૯૦ માં ત્યાં ગુરખાઓનું રાજ્ય સ્થપાયું. ૧૮૧૪ માં ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનું આ બાજુ ધ્યાન ખેંચાયું, ૧૮૧૫ માં તેણે ગુરખાઓ સામે લડાઇ જાહેર કરી અને તે સાલની આખરમાં કુમાઉંના પ્રદેશ ઉપર કંપની સરકારની સત્તા સ્થાપિત કરી.

નૈનીતાલની શોધ

ગુરખાઓ સાથે અંગ્રેજોની લડાઇ ચાલતી હતી તે દરમિયાન કાથગોદામથી 'બામોરી પાસ'ના નામે ઓળખાતા નૈનીતાલ નજીકના પ્રદેશોમાં અંગ્રેજી લશ્કર અવારનવાર પસાર થતું હતું; પણ આ સુન્દર સરોવરના અસ્તિત્વની કોઇને ખબર નહોતી; કારણ કે આ બાજુના પહાડી લોકો નયની અથવા તો નારાયણી દેવીના આ એકાન્ત નિવાસને અતિ પવિત્ર લેખતા હતા અને તેથી આ સ્થાન પરદેશી-ઓના પગલાંથી દૂષિત થાય એમ તેઓ ઇચ્છતા નહોતા. આ પહાડીઓ અને તેમના આગેવાનો પણ વરસના માત્ર એક જ દિવસે-વિજ્યા-દશમીએ અહિં નયના દેવીનાં દર્શન કરવા માટે આવતા હતા. આગલા-

દિવસની રાત્રે શેર–કા–દંડાની ટેકરી ઉપર આ બધા લોકો રંગબેરંગી પોશાકમાં સજ્જ થઇને આવતા હતા અને એકઠા થતા હતા. બીજે દિવસે એટલે કે વિજયાદશમીની સવારે તેઓ ગાતા વગાડતા ધામધુમ-પૂર્વક નીચે આવતા, સરોવરના પવિત્ર જળમાં સ્નાન કરતા, અને જરૂરી પૂજા વિધિ પતાવીને તેમ જ દેવીના ચરણે જે કાંઈ ધરવાનું હોય તે ધરીને સાંજના વખતે સૌ કોઈ પોતપોતાના ઘર તરફ પાછા ફરતા હતા. પછી બાકીનું આખું વર્ષ આ બીણુ રાની પશુઓનું સ્વાભાવિક નિવાસસ્થાન બની જતું.

૧૮૪૧ નવેમ્બર માસની એક સવારે શ્રી. બેરન નામનો શાહ-જહાનપુરનો એક અંગ્રેજ વેપારી, આ સરોવરની હસ્તીની તેને ખબર મળતાં, આ બાજુએ આવી ચડયો. અહિંનું ભવ્ય સૃષ્ટિસૌન્દર્ય જોઇને તે સ્તબ્ધ બની ગયો, અને 'આગ્રા અખબાર' ના તંત્રીને તેણે જણાવ્યું કે "હિમાલયના ૧૫૦૦ માઇલના પરિભ્રમણ દરમિયાન મેં જે કાંઈ જોયું હતું તે કરતાં અનેકગણું ચડિયાતું એવું આ દૃશ્ય હતું." તેને ત્યાં એક દર્શન (Vision) થયું જે તેના પોતાના શબ્દોમાં રજુ કરવું વધારે ઉચિત લેખાશે. "સરોવરના આ છેડેથી લગભગ એક માઇલ ઉપર આવેલા બીજા છેડા સુધી કેટલીક સપાટ જમીન છે અને કેટલીક ઉંચી નીચી ટેકરાટેકરીવાળી જમીન છે કે જેના ઉપર લીલું ઘાસ ઘટ્ટપણે ઉગેલું છે અને જેમાં ગાળે ગાળે ઓકનાં, સાઇપ્રેસનાં અને બીજી અનેક જાતનાં ઝાડોનાં ઝુંડ પણ નજરે પડે છે. અને આ ભવ્ય એમ્ફીથીએટરના સામે છેડે ગગન-ચુંબી પર્વતશિખરો આવેલાં છે. સરોવરની ચારે બાજુ પર્વતો અને ગિરિશિખરો વડે ઘેરાયલી છે અને ઝાડપાનથી ઢંકાયલી છે. ઉંચામાં ઉંચા શિખરથી માંડીને નીચે સરોવરના કિનારા સુધી પથરાયલા સમવિષમ ભૂમિતળ ઉપર રમતગમતનાં મેદાનો, રેઇસ કોર્સ, અને પુષ્કળ મકાનો ઉભાં કરી શકાય અને એ રીતે એક મોટું શહેર વસાવી શકાય એવી અહિં શકયતા છે અને તે માટે જગ્યાની પૂરી સુલભતા છે." બેરનની આ શોધમાંથી નૈનીતાલનું નિર્માણ શરૂ થયું અને તેને થયેલું દર્શન આબેહુબ સાચું પડયું. ૧૮૪૩ માં તેણે જ નૈનીતાલ ઉપર સૌથી પહેલું મકાન બાંધ્યું, જેને તેણે 'પીલ્ગ્રીમ્સ લૉજ' એવું નામ આપ્યું. સરોવરમાં પહેલી હોડી પણ તેણે જ વહેતી મૂકી, જે જોઇને ત્યાંના પહાડીઓ ડધાઈ જ ગયાં. ૧૮૫૭ માં બળવો થયો. ઉત્તર પ્રદેશમાં અંગ્રેજોની સલામતી સારા પ્રમાણમાં જોખમાઇ. પરિણામે સલામતીભર્યા સ્થાન તરીકે નૈનીતાલને હીલસ્ટેશનના રૂપમાં વિકસાવવાનો અંગ્રેજ સરકારે નિર્ણય કર્યો. એટલે નૈનીતાલની સુરત બદલાતી આવી. પછી તો ઉત્તર પ્રદેશની સરકારે ઉનાળાના ગરમ મહીનાઓ પસાર કરવા માટે નૈનીતાલને બીજી રાજધાની બનાવી દીધી. આને લીધે સરકારી મોટાં મોટાં મકાનો, બંગલાઓ, હોટેલો, મોટી શોપો, દુકાનો, સ્કૂલો, કોલેજો–એમ ચારે બાજુએથી નૈનીતાલ મોટું અને સમૃધ્ધ બનવા લાગ્યું. ઉત્તર પ્રદેશની કોંગ્રેસ સરકાર હવે ગરમ મહીના દરમિયાન અહિં નથી આવતી, એમ છતાં પ્રવાસીઓનો ધસારો ઉનાળાના દિવસોમાં ઉત્તરોત્તર વધતો જ જાય છે. નૈનીતાલ આ બાજુનું એક મહત્વનું શિક્ષણકેન્દ્ર છે. હીલ સ્ટેશન તરીકે તે અતિ લોકપ્રિય છે.

મેં આપણા દેશના ઘણાં ખરાં હીલ સ્ટેશનો–હવા ખાવા માટેનાં પર્વત મથકો–જોયાં છે. માથેરાન, મહાબળેશ્વર, આબુ, સીમલા, મસૂરી, દાર્જીલીંગ, ઉટાકામન્ડ, અને સીક્કીમમાં આવેલ નુરેલિયા પણ જોયેલ છે. કમનસીબે હજુ કાશ્મીર જવાનું બન્યું નથી, જો કે તેના વિષે ખૂબ ખૂબ સાંભળ્યું છે અને તેને લગતાં ચિત્રો છબીઓ પણ ખૂબ જોઈ છે. કોડાઈ કેનાલના લોકો ખૂબ વખાણ કરે છે. તે જોવું બાકી છે. હિમાલયનો બીજો છેડો આસામમાં આવ્યો છે. ત્યાં જવાનો પણ યોગ હજુ ઉભો થયો નથી. જે જોયું છે તેમાં કયું ચડિયાતું અને કયું ઉતરતું–એવી તુલના કરવાનો મારે મન બહુ અર્થ નથી. માથેરાન તેમ જ આબુ તો જરૂર નાનાં મથકો છે, એમ છતાં પણ, તેની પણ અમુક લાક્ષણિક વિશેષતા છે. બીજાં ગિરિ-મથકોમાં દરેકને પોતપોતાની આગવી વિશેષતા છે. આમ છતાં નૈની-તાલ બીજા બધાં હીલ–સ્ટેશનોથી અમુક રીતે જુદું પડતું હોઇને આપણા દિલમાં સ્વતંત્ર રીતે આકર્ષણ પેદા કરે છે. સીમલા કે દાર્જીલીંગ ઘણી ઉંચાઇએ આવેલા પર્વતની પીઠ ઉપર તેમ જ બાજુ ઉપર વસેલા છે. અને તેથી વધારે પડતા ખુલ્લાં છે અને ત્યાંથી દૂર દૂર સપાટ પ્રદેશો નજરે પડતા હોઇને તે પ્રદેશોના સંપર્કથી આપણું મન છૂટી શકતું નથી. નૈનીતાલ બીણુમાં આવેલ છે અને ચારે બાજુએ ઉંચા ઉંચા પર્વતોથી ઘેરાયેલ છે અને મધ્યમાં આવેલા એક વિશાળ, રમ્ય, સ્વચ્છ સરોવર આસપાસ તેની સમગ્ર રચના ઉભી થયેલી છે. આને લીધે કાથગોદામ–એટલે કે સપાટ ભૂમિતલ–ત્યાંથી નૈનીતાલ માત્ર વીશ માઇલના અન્તરે આવેલું હોવા છતાં આપણે હિમાલયના ઉંડાણમાં જાણે કે પ્રવેશ કરી ચુક્યા ન હોઇએ એવી ભ્રાન્તિ મનમાં પેદા થાય છે અને તેને લીધે આપણા ચિત્ત ઉપર પર્વતી વાતાવરણ ઘટ્ટપણે જામે છે. વળી મધ્યમાં સરોવર હોવાના કારણે અને તેની જલલહરિઓમાં ઝાડપાન અને પર્વતો અને પ્રકાશની ભરતી ઓટના કારણે તેમ જ બદલાતા જતા રંગવાળું આકાશ તેમાં સતત પ્રતિબિંબિત થતું હોઇને આખો પ્રદેશ ખૂબ જીવતો લાગે છે. સરોવરના વિશાળ પટ ઉપર હોડીમાં બેસીને એક છેડેથી બીજે છેડે અને ત્યાંથી વળી આ છેડે–એમ ફર્યા કરવું એ પણ એક લહાવો છે. સરોવરમાં કોઈ પણ સમયે સુન્દર નૌકાઓ આમથી તેમ ડોલતી-વિચરતી–નજરે પડે છે અને તેમાં બેઠેલાં બાળકો, સ્ત્રીઓ અને પુરૂષો, તેમ જ નવપરિણીત યુગલો આનંદકલ્લોલ કરતાં દૃષ્ટિગોચર થાય છે. કોડાઇ કેનાલનું સરોવર કદાચ નૈનીતાલ કરતાં વધારે મોટું હશે, પણ તે ઉપરના ભાગમાં આવેલું છે અને આસપાસ બધું ખુલ્લું છે. અહિં ચોતરફ જે પર્વતોનો ઘેરાવો છે અને તેથી આખા પ્રદેશને એક પ્રકારની સહજ કલ્પનામાં ન આવે એવી ભવ્યતાનો જે ઓપ મળે છે તે ત્યાં હોવા સંભવ નથી. આમ નૈનીતાલમાં જે સજીવતા, ચેતન-મયતા છે, જે ચળક અને ઝળક છે, અને આંખોને સદા મુગ્ધ રાખે એવી રોશનાઇ છે તે અન્યત્ર છે જ નહિ. અહિં 'ફ્લેટ' ઉપર સાંજને વખતે કોઈ કોઈ પ્રદેશમાંથી ઉતરી આવેલાં પ્રવાસીઓનાં ટોળેટોળાં જોવા મળે છે. તેમાં મોટા ભાગે ઉત્તર પ્રદેશ, દિલ્હી અને પંજાબના હોય છે. આજ કાલ અન્ય હિલસ્ટેશનો માફક અહિં પણ મુંબઈ અમદાવાદ બાજુના ગુજરાતીઓ ઘણી સારી સંખ્યામાં આવી ચડે છે. તેમને જોઇને સ્વાભાવિક રીતે આત્મીયતાનો અનુભવ થાય છે. તેમની સાથે ઓળખાણ કરવામાં કોઇ ઓળખાણ કરાવનારની જરૂર પડતી નથી. "તમે ગુજરાતી લાગો છો. ક્યાંથી આવો છો ?" એ પ્રશ્ન સાથે ઓળખાણની શરૂઆત થાય છે અને પછી પા અડધી કલાકની વાત-ચિતમાં પરસ્પર પાકી ઓળખાણ થઇ જાય છે. ફેશનેબલ સ્ત્રીઓનું તો અહિં પ્રદર્શન જ ભરાતું હોય એમ કદિ કદિ લાગે છે. લીપસ્ટીક વિનાની ભાગ્યે જ કોઇ યુવતી દેખાય છે. નવપરિણીત યુગલો આવા સ્થળે સારી સંખ્યામાં નજરે પડે છે અને અનેકના આકર્ષણનું નિમિત્ત બને છે. લગ્ન થાય કે તરત જ મોટા શહેરમાં વસતું નવ–યુગલ પોતાની સંપત્તિ તથા સગવડ પ્રમાણે આજ કાલ નજીક કે દૂરના હીલસ્ટેશન ઉપર ગયા સિવાય ભાગ્યે જ રહે છે. લગ્ન સમા-રંભનો અન્તિમ વિધિ મોટા ભાગે આજ હોય છે. લૌકિક ભાષામાં આવાં યુગલોને 'હનીમૂનીઆ' તરીકે ઓળખાવામાં તેમ જ ઓળ-ખાવવામાં આવે છે. જાણે કે આખી દુનિયા પોતામાં અને પોતાની પ્રિયતમામાં સમાઈ જતી હોય એવી મસ્તીથી તેઓ વિચરતા–ઉડતા–માલુમ પડે છે. ભાવી ગમે તે હોય–પણ આજે એ ઘડિ ભલે તેઓ આનંદ મજા માણી લે અને એકમેકમાં ઓતપ્રોત બનીને ફરી લે–એવો ભાવ તેમના વિષે દિલમાં સ્ફુરે છે અને આ તેમની મસ્તી–એકમેકનું અદ્વૈત દ્રાક્ષવતી ખુમારી–ચિરકાળપર્યંત ટકી રહે એવી શુભકામના તેમના વિષે મન ચિન્તવે છે. ચોતરફ કેવળ આનંદ અને

ઉલ્લાસનું માદક વાતાવરણ અનુભવાય છે. "ચાલુ જીવનની આશા-નિરાશા, સફળતા-વિફળતા, કમાણી ખોટ બધું ભૂલીને અહિં અમે કેવળ આનંદ કરવા, મજા માણવા, યથેચ્છ વિચરવા આવ્યા છીએ. અહિં ચિન્તાની, ઉપાધિની, કોઈ વાત ન કરશો. તમે મજા માણો અને અમને મજા પૂર બહારમાં માણવા દો"-આવા ઉદ્‌ગાર સૌ કોઈના મોઢા ઉપર તરવરતા હોય એમ આપણને લાગે છે. કોઈ ગમે તેટલો સોગીયો ગંભીર હોય તો પણ તે અહિં આવે તો તેને હળવા થયા સિવાય ચાલે જ નહિ.

વળી તબિયતને નવી તાજગી આપવામાં અહિંનાં હવામાન ભારે અનુકુળ છે. નૈનીતાલમાં સૌરાષ્ટ્ર ગુજરાતની પોષ માસની ટાઢનો ચાલુ અનુભવ થતો હતો. દિવસે પણ ભાગ્યે ગરમી લાગે અને આજે તો ગરમી લાગે છે એમ આપણું મન કહે તે સાથે બે ચાર કલાકમાં વરસાદ આવ્યો જ હોય. કોઇ પણ સમયે આકાશમાં વાદળાં ચઢી આવે; ગાજવીજ થાય, પાણી વરસવા માંડે, કદિ કરા પણ પડી જાય-પણ આ બધું કલાક બે કલાકમાં મોટા ભાગે વિખરાઈ જાય અને પાછું આકાશ બીલોરી કાચ જેવું સ્વચ્છ અને વનસ્પતી અને પર્વતોને લીધે ઘેરા ભુરા રંગને ધારણ કરતું બની જાય. આમ ચાલુ શિશિર અને ગળે ગળે વસન્ત અને કદિ કદિ વર્ષા ઋતુ-આવો ભાસે કે કોઇ ક્રમ ચાલતો હોય એવુ ઋતુમાધુર્ય અહિં આપણને સાંપડે છે. આવા રમણીયતાના કેન્દ્ર સમા નૈનીતાલમાં બાર દિવસ અમે પૂરા આનંદમાં પસાર કર્યા અને મે માસની ૨૨ મી તારીખની સવારે આઠ વાગે ઉપડતી બસમાં અમે રાણીખેત તરફ વિદાય થયા.

અપૂર્ણ

પરમાનંદ

અન્યત્ર યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ

દર વર્ષ માફક આ વર્ષે પણ મુંબઈમાં માટુંગા ખાતે નપ્પુ હૉલમાં, તથા 'સી' વૉર્ડ ખાતે નવી ભાટિયા મહાજન વાડીમાં તેમ જ પૂના ખાતે પણ પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ યોજવામાં આવી હતી. એ ઉપરાંત શ્વે. મૂ. વિભાગના પર્યુષણ બાદ તરતમાં જ શરૂ થતા દિગંબર વિભાગના પર્યુષણ દરમિયાન તા. ૨૧ સપ્ટેંબરથી તા. ૨૮ સપ્ટેંબર સુધી ગાંધી સિધ્ધાન્ત પ્રચાર સમિતિ તરફથી પણ એક સર્વોદય વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સ્ટુડન્ટસ યુનિયન તરફથી પણ શ્વે. મૂ. વિભાગના પર્યુષણ દરમિયાન ત્રણ વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા. કમનસીબે આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં જ્યાં પર્યુષણ વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિનો આરંભ થયો હતો તે અમદાવાદ શહેર ખાતે સ્થાનિક રાજકીય અશાન્તિ અને અવારનવાર ફરમાવવામાં આવતા કરફ્યુને લીધે આ વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન મુલતવી રાખવુ પડયું હતું. ઉપર જણાવેલ પર્યુષણ વ્યાખ્યાનમાળાઓની વિગતવાર યાદી નીચે મુજબ છે :-

માટુંગા-શીવ પર્યુષણ વ્યાખ્યાનમાળા

વ્યાખ્યાતા	વિષય
શ્રી રાજચંદ્રજી	પર્યુષણ અને જૈનોનું કર્તવ્ય
,, કેદારનાથજી	મનોવિશ્લેષણ
,, કરસનદાસ માણેક	પ્રબુદ્ધ જીવન
,, ઉષાબહેન મહેતા	ભારતનાં સ્ત્રીરત્નો
,, પાંડુરંગ શાસ્ત્રી	જીવનમાં ભક્તિનું સ્થાન
,, હરભાઈ ત્રિવેદી	ચારિત્ર્યનું ઘડતર
,, શાન્તિલાલ ઠાકર	કર્મનો સિદ્ધાન્ત અને પુનર્જન્મ
,, મનસુખલાલ જોબનપુત્રા	

'સી' વૉર્ડ પર્યુષણ વ્યાખ્યાનમાળા

વ્યાખ્યાતા	વિષય
શ્રી કેદારનાથજી	જીવનશુદ્ધિ
,, ઉષાબહેન મહેતા	સન્ત સંસ્કૃતિ
,, પાંડુરંગ શાસ્ત્રી	ભક્તિયોગ
,, કરસનદાસ માણેક	પ્રબુદ્ધ જીવન
,, હરભાઈ ત્રિવેદી	ચારિત્ર્યનું ઘડતર
,, મનુભાઈ પંચોળી	
,, શાન્તિલાલ ઠાકર	કર્મનો સિદ્ધાન્ત અને પુનર્જન્મ
,, ચીમનલાલ ચકુભાઈ શાહ	ભગવાન મહાવીરનો સંદેશ અને યુગધર્મ

પૂના પર્યુષણ વ્યાખ્યાનમાળા

વ્યાખ્યાતા	વિષય
શ્રી કેદારનાથજી (બે વ્યાખ્યાનો)	માનવતાની પૂર્ણતા
ડૉ. વી. જી. રાહુરકર	ભારતીય સંસ્કૃતિ અને જૈન ધર્મ
,, શાન્તારામ ભાલચંદ્ર દેવ	જૈન શ્રવણ ધર્મ-વિકાસ અને વૈશિષ્ટય
શ્રી સુમેરચંદ્ર દિવાકર	આત્મવિદ્યા
,, હસ્તીમલજી 'સાધક'	સર્વોદય અને સ્યાદ્‌વાદ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય સ્ટુડન્ટ્સ યુનિયન-આયોજિત વ્યાખ્યાનમાળા

અધ્યાપક દલસુખભાઈ માલવણિયા	જૈન સાહિત્યની વિશેષતા
શ્રી વિનાયક પુરોહિત	જીવનમાં કલાનું સ્થાન
અધ્યાપક ગૌરીશંકર ઝાલા	વિદ્યાર્થીજીવન

સર્વોદય વ્યાખ્યાનમાળા

શ્રી પ્રતાપભાઈ મોદી	ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિનો સમન્વય અને પુનર્જન્મ
,, ઘનશ્યામ જોશી	ભારતીય વિજ્ઞાન અને સાહિત્યની મહત્તા
,, બાબીબહેન મૂળજી	ભારતના સર્વોદયમાં સ્ત્રીઓનું સ્થાન
,, ઇન્દિરા શેઠ	સામાજિક દીક્ષા અને રાષ્ટ્રીયતા
,, કાન્તિલાલ એન્. શાહ	વિશ્વશાન્તિ અને આધ્યાત્મિક ક્રાન્તિ
,, યોગીરાજ ભગવાનજી	ભારતનું યોગબળ અને સાધનાની મહત્તા
,, ચંદ્રકાન્ત મહેતા	ભારતીય કળા અને આદર્શ ક્રાન્તિ
,, ચીમનલાલ ગોપાળદાસ વખારિયા	અહિંસા અને આધુનિક જગત્

તરછોડો ન જરાય—

(દુહા)

તરછોડો ન જરાય ખરાબ કોઇને કહી
'બૂરું' જેહ મનાય મીઠાશ ભરપૂર તે મહિ.
તરછોડો ન જરાય અંધારૂં કાળું કહી
અજવાળે શું લહાય રૂપું રેલતી ચાંદની ?
તરછોડો ન જરાય કાંકર, ખાડી, ટેકરા,
મંજુલ ગીત ન ગાય ઝરણું સમતલ ભોમમાં.
તરછોડો ન જરાય કડવાં વચનો કોઇનાં
કડવાં કારેલાં ય ઓછાં પાચક હોય ના.
તરછોડો ન જરાય પ્રયાસ કો આદર્શનો,
કદી શિખર પહોંચાય પ્રયાસની પગથી વિના ?

ગીતા પરીખ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેંબર ૧, ૧૯૫૮, શનિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

આંધી અને ઉપવાસ

(ગતાંથી ચાલુ)

પ્રશ્ન : તમારી એ વાત કાંઇક સમજાય છે. પણ શું તમોને એમ નથી લાગતું કે આવાં તોફાનોમાં હિંસાની વચ્ચે ધસી જઈ તોફાનોને શાંત કરવાં એ જ સાચો ને વીરતાભર્યો માર્ગ છે ?

જવાબ : છે જ. એમાં કોઇ શક જ નથી. શાંતિસૈનિકની કલ્પના આ શુદ્ધિપ્રયોગની સાથે છે. પણ એક વસ્તુ જરા વિચારવા જેવી છે. ગમે તેવાં તોફાનોમાં ધસી જવાથી સમાજ ઉપર એની અસર પડે છે અને તે શાંતિ સ્થાપવામાં સહાયક પણ થાય છે. પણ શાંતિ સૈનિકને માટે એક બીજી ઇચ્છવા જેવી વાત એ છે કે તે જેમની વચ્ચે જઇને ઊભો રહેવા માગતો હોય તેમનો સેવક હોવો જોઇએ. પ્રત્યક્ષ પરિચય ને તેની સેવા માટેનો લોકહૃદયમાં પ્રેમ ન હોય તો આપણે ધારીએ છીએ એવી અસર ન પણ પડે. એટલે શાંતિનો સૈનિક સેવક હોય અને બને તો તે જ સમાજમાં ઊભો થાય એ ઇષ્ટ છે. કારણ કે એથી સ્થાનિક લોકશક્તિ વિકસે છે. એવા સૈનિકનું ઘણીવાર વચ્ચે આવી ઊભા રહેવું જ હિંસક વૃત્તિને શાંત કરવા માટે પૂરતું થાય.

પ્રશ્ન : તો શું તમોને એમ નથી લાગતું કે આવા ઉપવાસ કરતાં શાંતિ સેનાની કામગીરી ઊંચી છે ?

જવાબ : એક રીતે છે. બીજી રીતે સાચા હૃદયની લગનથી કરેલા ઉપવાસની પણ અગાધ અસર હોય છે, પણ એ એટલી સૂક્ષ્મ હોય છે કે જે બહારથી દેખાતી નથી.

પ્રશ્ન : એક વ્યક્તિના ઉપવાસ તો સમજાય છે. પણ તેની સાથે બીજા પણ સહાયક ઉપવાસ કરે તેનો શો હેતુ ?

જવાબ : તોફાન કરનાર તો જ તોફાન કરી શકે છે કે જો તેને મોટા ટોળાની સંમતિ હોય. ટોળું તો માત્ર બૂમો જ પાડતું હોય છે, પણ એ બૂમો એને ટેકો આપે છે. એટલે વ્યાપક હિંસાને રોકવા માટે વ્યાપક અહિંસાનો જ પ્રયોગ કરવો રહ્યો. આપણી વચ્ચે કોઇ એવી મહાવ્યક્તિ હોય કે જેની સાધના એટલી ઊંચી હોય કે તેનો એક જ ઉપવાસ બધી હિંસાને શાંત કરવાને બસ થાય તો આવી સમૂહ-સાધનાની જરૂર નથે પડે. પણ એવી વ્યક્તિ બધે સ્થળે ને બધે કાળે મળવી અસંભવ છે. એટલે આપણા સૌના હૃદયમાં જે કાંઇ અહિંસાની ભાવના પડેલી છે તે સૌએ કામે લગાડવી જોઇએ. સહાયક ઉપવાસ કરીને તે સમાજમાં અહિંસક વાતાવરણની સ્થાપનામાં મદદરૂપ થાય છે. ધારો કે કોઈ પણ શહેરમાં તોફાન ફાટી નીકળતાં એકી સાથે દસથી પંદર હજાર માણસ સમજપૂર્વક ઉપવાસ કરવા લાગી જાય તો તેની અસર શું ન પડે ? અહિંસામાં માનનાર ઘણા હોય છે. સંગઠિત હિંસા લોકલાગણીને ઉશ્કેરી મૂકી તેનો ધાર્યો લાભ લઈ જાય છે. વ્યાપી રહેલી હિંસાથી ઘણાને દુઃખ પણ થાય છે. પણ અહિંસામાં માનનારનું આત્મબળ એક બનતું નથી; તેથી અહિંસક શક્તિ વેરાઈ જાય છે; અને પરિણામે તેમના અંતરની ભાવના અસરકારક નીવડતી નથી.

પ્રશ્ન : જો દસ બાર હજાર માણસો હિંસા ફાટતાંની સાથે પોળે પોળે પોતે જ્યાં હોય ત્યાં તોફાનો સામે ઉપવાસ ને પ્રાર્થના શરૂ કરે તો હિંસક તોફાનનો વેગ તો જરૂર ઓછો થાય. છતાં શું એકલા ઉપવાસથી અહિંસક વાતાવરણ સર્જી શકાય ખરું ?

જવાબ : ના, બીજા પણ રસ્તા હોઇ શકે ને તે લેવા જોઇએ. જેવા કે સમૂહકાંતણ, સમૂહપ્રાર્થના...વગેરે. એવા અનેક માર્ગોની શોધ અહિંસાપ્રેમીઓએ કરવી રહી.

પ્રશ્ન : ધારો કે ઉપવાસ કરવાથી તોફાનો શમી જાય એટલાથી જ કામ પતી જાય છે ?

જવાબ : એવું શી રીતે મનાય ? જો એટલેથી જ સંતોષ માની બેસી રહીએ તો વળી પાછો મહિને બે મહિને કે વરસે બે વરસે ઊથલો મારે. એટલે આ એક લાંબી પ્રક્રિયા છે. સૌથી પહેલાં ધૂંધવાએલું વાતાવરણ શાંત કરવું; ત્યાર બાદ શાંત ચિત્તે ધીમે ધીમે વિચારો મૂકવા અને લોકવિચારને ઘડવો. એ કામ લાંબા ગાળાનું ને ધીરજનું છે. જેટલે અંશે એ કાર્ય થશે તેટલે અંશે સમાજમાં હિંસા ઓછી ફેલાશે.

આજની દુનિયા પાસે બે માર્ગ છે. એક વિચારને રુંધીને પણ ભૌતિક પ્રગતિ સાધવાનો અને બીજો વિચારસ્વાતંત્ર્યને વિકસાવતાં પ્રગતિ સાધવાનો. પહેલી પદ્ધતિમાં કામનો વેગ વધે છે પણ મનુષ્યના વિચારસ્વાતંત્ર્યને ભોગે. એ સ્વતંત્રતા ગઈ પછી આપણી પાસે માનવ તરીકે જીવવા જેવું રહ્યું શું ? બીજો માર્ગ આખીયે પ્રજાની સાધના માગે છે. એ માર્ગે આપણે એક નાના બાળક જેવા છીએ. એટલે શરૂઆતમાં આવા પ્રસંગો તો બનવાના. એમાંથી આપણે જાગૃત રહીને જીવી બતાવીશું તો કૃતાર્થ થઇશું. માનવની મૂળભૂત વિચાર-સ્વતંત્રતાની રક્ષાનું આ પવિત્ર કાર્ય છે.

એટલે આજે કાંઈ નહિ તો આપણા સૌના દિલમાં સંકલ્પ થઇ જવો જોઇએ કે આપણી માન્યતાઓ ગમે તેટલી જુદી હોય, છતાં કોઇ પણ ક્ષણે જાણે અજાણે અમે હિંસાને માર્ગે ધસી નહિ જઇએ. અને જો એવી કોઈ ઘટના થશે તો અમે અમારા અંતરની બધી શક્તિથી એના નિવારણના કામે લાગીશું.

પ્રશ્ન : આ બધા બનાવોનો વિચાર કરતાં ઘડીભર થાય છે કદાચ આ બધાં તોફાનો ગુંડાઓનાં કરતૂતો ન હોય ?

જવાબ : એ તોફાનોમાં કોણ હતા એ નજરે જોયા વગર શી રીતે કહી શકાય ? છતાં મારે કહેવું જોઇએ કે આ તોફાનોમાં, જે જે ઠેકાણે હુમલા થયા છે, અને આગ, લૂંટ થઈ તેની પાછળ અમુક લક્ષ હોય એવું લાગ્યા વગર રહેતું નથી. બાળવામાં, લૂટવામાં જે કોઈ હતા-પછી તે બાદીધારી હોય કે મિલધારી હોય, વેપારી હોય કે વકીલ હોય, ગુમાસ્તો હોય, કે વિદ્યાર્થી હોય-જે વૃત્તિએ તેની પાસે એ કામ કરાવ્યું છે તે વૃત્તિ તો ગુંડાગીરીની જ હતી એમાં કોઈ શક નથી. અને એવી હિંસક વૃત્તિનો સમાજ પ્રતિકાર ન કરે તો એક દિવસ આખોયે સમાજ ભરખાઈ જાય.

પ્રશ્ન : આવી વૃત્તિને સતેજ કરવા માટે કોઇની જવાબદારી ખરી?

જવાબ : આવી તોફાની વૃત્તિ તો સમાજમાં પડેલી જ હોય છે. અનુકૂળ વાતાવરણ મળી જતાં જાગૃત થઇ જાય છે અને અરાજકતા ઊભી કરે છે.

ગાંધીજીના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. દેશભરમાં સત્યાગ્રહ ચાલી રહ્યો હતો. [illegible]થી જેલો ભરાતી હતી. અકસ્માત, ચૌરીચોરામાં થોડી હિંસા થઇ. ગાંધીજી એ લડતનું નેતૃત્વ કરતા હતા. હિંસાની ખબર મળતાં જ તેમણે સત્યાગ્રહ થંભાવી દીધો. તે વખતે સર્વ અગ્રગણ્ય નેતાઓને લાગ્યું કે ગાંધીજી કેવી મોટી ભૂલ કરી રહ્યા છે. પણ ગાંધીજીનું દર્શન સ્પષ્ટ હતું. આંદોલનમાં નાની સરખી હિંસા પણ આખાયે યજ્ઞને ભ્રષ્ટ કરી નાખે છે. પણ આવું પગલું અહિંસાને દિલથી અપનાવી હોય તે જ લઈ શકે.

પ્રશ્ન : આજકાલ લોકશાહીની રક્ષાની ખૂબ વાતો થઇ રહી છે. એ અંગે તમારો શું મત છે?

જવાબ : દુનિયામાં અત્યાર સુધી જે કોઇ રાજ્યપદ્ધતિઓ વિકસી છે તેમાં લોકશાહી રાજ્યપદ્ધતિ અહિંસાની વધારેમાં વધારે નજીક છે.

પ્રશ્ન : એ શી રીતે છે?

જવાબ : દુનિયામાં મુખ્યત્વે ત્રણ રાજ્યપદ્ધતિ છે. રાજાશાહી, લોકશાહી ને સરમુખત્યારશાહી. રાજાશાહી તો આપણા દેશમાંથી ગઈ, એટલે હવે આપણે બીજી એનો જ વિચાર કરવાનો રહે છે.

પ્રશ્ન : જુઓને લોકશાહીમાં પણ રાજ્ય કાયદાથી કામ લે છે; કાયદાને પીઠબળ તો દંડશક્તિનું જ હોય છે. પછી લોકશાહી ને સરમુખત્યારશાહીમાં મૂળભૂત ફેર ક્યાં રહ્યો?

જવાબ : એ બે પદ્ધતિઓની પૂરેપૂરી તુલના કરવી એ તો આપણે માટે અત્યારે શક્ય નથી. છતાં અહિંસાના વિચારની દૃષ્ટિએ જે મૂળભૂત ભેદ છે ને જેને કારણે એમાંથી લોકશાહી અહિંસાની શા માટે વધારે નજીક છે તે જ વિચારીએ.

સરમુખત્યારશાહી કરતાં લોકશાહીની બે વિશેષતાઓ છે. એક વિચારસ્વાતંત્ર્ય ને બીજું દર પાંચ વરસે ફરીથી ચૂંટણી. આ બંનેનો સરમુખત્યારી–વ્યકિતની કે પક્ષની–માં અભાવ છે. ત્યાં એક જ પક્ષ હોય છે; એ સિવાય બીજો વિચાર જે કોઇ પ્રગટ કરે, તે જીવી શકતો નથી. એમાં બધાને મારી નાખવા પડે એવું હોતું નથી, પણ કતલનો ભય જ માણસને મુક્ત રીતે પોતાના વિચારો રજૂ કરતો થંભાવી દે છે. વિચાર એ માનવની વિશેષતા છે. જ્યાં એ રુંધાય ત્યાં ભૌતિક પ્રગતિ થાય, છતાં માનવનો આત્મવિકાસ અટકે છે. અને તેથી જેટલે અંશે વિચારનું રુંધન થાય છે એટલે અંશે એ પદ્ધતિ લોકશાહીની સરખામણીમાં અહિંસાથી વધારે દૂર છે. એવી જ રીતે રાજ્ય કેવું હોવું જોઇએ તે વિચારવાનોને તે મુજબ રાજ્યરચના કરવાનો સૌનો અધિકાર લોકશાહીએ માન્ય કર્યો છે. તે માટે દર પાંચ વરસે ચૂંટણી થાય છે. જે પ્રમાણે સારાયે દેશનો લોકમત ઘડાયો હોય તે પ્રમાણે લોકો મત આપે છે ને નવી રાજ્યરચના થાય છે, જ્યારે સરમુખત્યારશાહીમાં આવી શક્યતા નથી.

પ્રશ્ન : પણ હું એ જ કહેવા જતો હતો કે લોકલાગણી ઠોકરે મારવી એ શું લોકશાહીની રીત છે?

જવાબ : લાગણીવશ બનીને લેવાયલો લોકમત અને સ્વસ્થ ચિત્તનો ઘડાયેલો લોકમત એ બે જુદી વસ્તુ છે. જરૂર લોકશાહી સરકારે લાગણીનો પણ વિચાર કરવો રહ્યો, પણ ઘણીવાર લાગણી વાજબી હોય, તેમ કોઇવાર ગેરવાજબી પણ હોય.

પ્રશ્ન : તો શું લોકોએ એકવાર ચૂંટણી કરી એટલે પછી પોતાનો વિચાર દર્શાવવો જ નહિ?

જવાબ : જરૂર, પોતાનો મત પ્રગટ કરવો જોઇએ અને તેને ફેલાવવાનો એની કોઈ ના કહી જ ન શકે. પણ તે બંધારણની મર્યાદામાં રહીને. જો કાનૂનભંગની પ્રજાને ટેવ પાડીશું તો બાલ્યકાળમાં માંડ ડગલાં ભરતી લોકશાહી અરાજકતામાં ફેરવાઈ જવાનું જોખમ રહે છે. દર પાંચ વર્ષે નવી ચૂંટણી થાય છે ત્યાં સુધી રાહ જોવી જોઇએ, અને તે વખતે તે મુદ્દા પર ચૂંટણી ખેલાવી જોઇએ.

પ્રશ્ન : પાંચ વર્ષ સુધી રાહ જોવી જ શું અનિવાર્ય છે?

જવાબ : ના, કોઇ વાર એવા કટોકટીના કે વિરોધના પ્રસંગો આવે ત્યારે વિરોધ પણ થઈ શકે. પણ તેની એક જ શરત છે અને તે એ કે વિરોધ શાંત ને અહિંસક હોવો જોઇએ.

પ્રશ્ન : પણ ધારો કે વિરોધ કરતાં જ લોકલાગણી આળી થઇ જતી હોય યા ઉશ્કેરાઈ જતી હોય તો?

જવાબ : વિરોધ કરનારની ફરજ છે કે વિરોધ પૂરેપૂરી રીતે વ્યક્ત કરવા છતાં કોઇ પણ રીતે લોકલાગણી ઉશ્કેરાય નહિ તેની કાળજી રાખે. કારણ કે ઉશ્કેરાટ અંધાધૂંધીમાં પરિણમે છે, અને કયારે હિંસા તરફ વળી જાય એ કહી શકાતું નથી.

પ્રશ્ન : એવો વિરોધ થઇ શકે તો પ્રજાની શક્તિ વધે. પણ તેની સાથે પોતાના વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિને લોકો ગમે ત્યારે પાછો બોલાવી શકે એવી વ્યવસ્થા હોય તો વધુ સારું એમ નથી લાગતું?

જવાબ : ના. તમારી આ વાત મને ગળે ઊતરતી નથી. કારણ કે ચૂંટણીની વ્યવસ્થા માટે વ્યકિત અમુક વિભાગમાંથી ચૂંટાય છે, પણ તે આખા દેશના પ્રતિનિધિરૂપે. વિલાયતના પ્રસિદ્ધ વિચારક એડમંડ બર્કના વિચારો લગભગ આવા હતા:—પ્રતિનિધિ ગમે તે વિસ્તારમાંથી ચૂંટાયેલો હોય, પણ એને તો સમસ્ત રાજ્યના હિતને માટે જ વિચારવું રહ્યું. પોતાના વિભાગના વિચારો સાંભળે, સમજવા પણ પ્રયત્ન કરે, પણ નિર્ણય તો સમષ્ટિની દૃષ્ટિએ કરવો રહ્યો. એટલું જ નહિ પણ, એવી છૂટ અવ્યવહારુ પણ છે.

પ્રશ્ન : વચમાં જરા મને એક વિચાર આવી ગયો. ઘણા કહે છે કે તોફાનોમાં કોંગ્રેસીઓ કેમ બહાર નીકળતા નથી?

જવાબ : કોઈ પણ પક્ષ યા વિચારની વ્યકિત પોતાનો વિચાર રજૂ કરતાં ગભરાય એવી પરિસ્થિતિ પેદા થાય એ જ શું વિચાર–સ્વાતંત્ર્યને બાધક નથી? આજે સામાન્યમાં સામાન્ય માણસ પણ પંડિત નેહરુની જાહેરમાં આલોચના કરી શકે છે. એને લોકોએ સાંભળવો એ આગ્રહ નથી. પણ જો એ નીકળે અને એનો જાન જોખમમાં મુકાય, એની હુરિયો બોલાવવામાં આવે એવી પરિસ્થિતિ સર્જાય તો લોકમતને નામે જાણે અજાણે વિચારના રુંધન તરફ જવાય. હું તો કહું કે એક પોળના ૧૦ હજાર માણસમાં એક જ માણસના વિચાર દશ હજારથી જુદા હોય તો પણ તે માણસને બાકીના ૯૯૯૯ માણસોએ અભયદાન આપવું જોઇએ. એ માણસ ગમે ત્યારે ગમે તેની સામે પોતાના વિચારો શાંતિથી રજુ કરી શકે એવું વાતાવરણ જોઇએ. લોકશાહીમાં રહેલા વિચારસ્વાતંત્ર્યની એ જ વિશેષતા છે. વિરોધીને પણ અભયદાન એ વિચારસ્વાતંત્ર્યનો પાયો છે. લોકશાહીમાં જે અહિંસા છે તે આ છે. માણસ પોતે સ્વતંત્ર વિચાર કરતાં કે કહેતાં અચકાય તો એ પણ હિંસા છે. એટલે કોઇ પણ પક્ષનો માણસ નીકળી ન શકે એવી પરિસ્થિતિ સર્જાતી હોય તો સમાજના વિચારક વર્ગે એને ગંભીરતાથી વિચારવી રહી.

પ્રશ્ન : શું તમોને એમ નથી લાગતું કે આજની લોકશાહીમાં પણ કંઇક દોષ છે?

જવાબ : લોકશાહીનાં સ્વરૂપો પણ ધીમે ધીમે વિકસતાં રહ્યાં છે અને વિકસશે. એ માટે પ્રજાએ સતત ચિંતન કરવું જોઇએ, અને પોતાની જાતને તૈયાર કરવી જોઇએ.

પ્રશ્ન : એના કરતાં રાજ્ય ન હોય તો શું ખોટું?

જવાબ : ઉત્તમ રાજ્યની એક વ્યાખ્યા આવી છે: તે રાજ્ય સારામાં સારું કે જેમાં ઓછામાં ઓછા નિયંત્રણની જરૂર પડે, પણ રાજ્ય ન હોવું જોઇએ એ જ વિચાર જો પકડી લઇએ તો એમાંથી કદાચ અરાજકતા પણ આવે. એટલે આપણે એમ કહીશું કે રાજ્ય ન જોઇએ એમ નહિ, પણ દરેક વ્યકિત પોતે પોતા પર રાજ્ય કરે...(સાચા અર્થમાં સ્વરાજ્યને જીવે). જો પ્રત્યેક વ્યકિત આટલી સાવધાનીથી સારાયે દેશના હિતને ધ્યાનમાં રાખી જીવતી થાય તો રાજ્યનું નિયંત્રણ આપોઆપ ઓછું થાય.

પ્રશ્ન : તો એનો પ્રચાર ન કરવો જોઇએ?

જવાબ : સામાન્ય રીતે પ્રચાર થાય એમાં હરકત નહિ એમ લાગે, પણ એથી અનર્થ થવાનો ભય ખરો. લોકો પોતાને ગમતું પકડી લે. એક વાત સમજી લો કે લોકોના કોઇને કોઇ ભાગને હંમેશાં સત્તા ઉપરના પક્ષને માટે કાંઇને કાંઇ કહેવાનું હોય છે. એટલે જ્યાં તમે રાજ્ય ન જોઇએ એવી વાત મૂકો એટલે રાજવહીવટની જે કાંઇ પદ્ધતિ ઊભી થઇ છે તે માટે અસંતોષ જન્મે. એની સાથે સાથે જ જવાબદારીથી જીવવાની તાલીમ પ્રજાને ન મળી હોય ને પ્રજા ધડાઇ ન હોય તો 'રાજકીય અવકાશ'–Political Vaccume–ઊભું થાય, અને એના પરિણામે અરાજકતા ઊભી થાય.

પ્રશ્ન : શું તમોને એમ નથી લાગતું કે આ બધાના મૂળમાં પક્ષીય રાજકારણ છે? જો પક્ષો જ મટી જાય તો કેટલુંય ઝેર ઓછું થઇ જાય?

જવાબ : કોઇ પણ પ્રશ્ન ઉપર બે કે બેથી વધારે દૃષ્ટિબિંદુ હોઈ શકે. આપણે વિચારસ્વાતંત્ર્યને વરેલા છીએ, એટલે પક્ષ ન જ હોવા જોઇએ એ તો શક્ય નથી. જરૂર કોઇ પણ વિચાર કોઇ પણ અમુક પક્ષ રજૂ કરે છે તે દૃષ્ટિએ નહિ પણ તે વિચાર સાચો છે કે ખોટો એટલું જ વિચારીએ તો કેટલીક મુશ્કેલીઓ દૂર થઈ જાય. પણ ભાઇ, આજે તો એમ માનવામાં આવ્યું છે કે લોકશાહીને જાગૃત રાખવા વિરોધ પક્ષ હોવા જોઇએ. અને તેનું કામ એક રાજ્ય પર બેઠેલા પક્ષની ટીકા સિવાય બીજું હોતું નથી. પરિણામે વિરોધ ને ખાતર થતા વિરોધથી પ્રજાની શક્તિ વધતી નથી, પણ ઘટે છે.

પ્રશ્ન : તો શું તમોને એવું નથી લાગતું કે સમાજના મોટા ભાગે પોતાની જાતને પક્ષોથી અલગ કરી નાખવી જોઇએ?

જવાબ : એમાં પણ એક જોખમ છે, અને તે એ કે તેથી એક તટસ્થ લોકોનું ટોળું બની જવાનું. એટલે ખરી રીત તો એ છે કે સમાજમાં સેવકોનો, ચિંતકોનો એવો એક વર્ગ હોય કે જેઓ હંમેશાં કોઇ પણ જાતની પક્ષાપક્ષીથી પર રહી રાષ્ટ્રને શુદ્ધ ચિંતનનું ભાતું પૂરું પાડે. એની લોકવિચાર પર અસર હોય, અને એ રીતે લોકમાનસ માત્ર પક્ષીય દૂંસાતૂંસીનું પરિણામ ન બનતાં એવા તટસ્થ વિચારકોની સહાયથી ઘડાય. એટલું જ નહિ એવાં તટસ્થ બળોનો વિચાર રાજ્યની સરકાર પર પણ અસર કરે. આવું તટસ્થ નૈતિક બળ લોકશાહી માટે આવશ્યક છે. આવું બળ જેટલા પ્રમાણમાં દેશમાં વિકસે એટલી આપણી લોકશાહી સાચી દિશામાં પ્રગતિ કરે.

પ્રશ્ન : આપણે કયાંથી શરૂઆત કરી ને કયાં નીકળી ગયા?

જવાબ : એ સ્વાભાવિક છે. તો હવે આપણા વિચારોને ટૂંકમાં આ રીતે મૂકી શકાય. હિંસા કોઇ પણ પ્રસંગે ન ફેલાય તેની પૂરી કાળજી રાખવી જોઇએ. વિરોધી વિચાર રજૂ કરવાની પદ્ધતિ પણ એવી હોવી જોઇએ કે જેમાં અહિંસાને સમર્થન મળે અને પ્રેમ અને સદ્‌ભાવનું વાતાવરણ વિકસે. જેની સામે વિરોધ થાય છે તે પણ પ્રેમ અને કરૂણાદ્વારા ઊંચો ઊઠે.

ધારો કે કોઇ કારણસર હિંસા ફાટી નીકળે તો અહિંસામાં માનનાર સૌ પોતાને સ્થળે રહી હિંસાનો પ્રતિકાર કરે.

આજે જે રાજ્યપદ્ધતિઓ છે તેમાં લોકશાહી રાજ્યપદ્ધતિ અહિંસાની વધારેમાં વધારે નજીક છે. એમાં પણ સંશોધન થઇ શકે છે ને તે કરવું જોઇએ. વિરોધ ન જ કરવો એમ નહિ, પણ વિરોધનું સ્વરૂપ સંપૂર્ણ અહિંસક હોવું જોઇએ; એટલું જ નહિ, પરિસ્થિતિ એવી થવી જોઇએ કે અદનામાં અદનો માણસ પણ કોઇપણ જાતના ભય વગર પોતાનો વિચાર રજૂ કરી શકે. એવી પરિસ્થિતિ ન હોય તો તે સમાજના વિચારસ્વાતંત્ર્યની દૃષ્ટિએ ચિંતાજનક અને વિચારસ્વાતંત્ર્યને રોધક ગણાય.

પક્ષીય વૃત્તિમાં જે સંકુચિતતા છે તે દૂર થવી જોઇએ અને કોઇ પણ પ્રશ્નના સંપૂર્ણ ગુણદોષનો જ વિચાર કરી મત આપવાની ભૂમિકા રચાવી જોઇએ. આ કામને માટે દેશમાં પક્ષીય પકડોથી પર એવા તટસ્થ ચિંતકો, વિચારકો હોવા જરૂરી છે.

આટલું થાય તો આપણે અહિંસાની દિશામાં જરૂર આગળ વધી શકીએ. એ કામ કરવાનું બળ અને સદ્‌ભાવના ઈશ્વર આપણા સૌના અંતરમાં સિંચે એ જ પ્રભુપ્રાર્થના!

સમાપ્ત

નવલભાઈ શાહ

ભારતની અને પાકીસ્તાનની બુનિયાદમાં મહત્ત્વનો તફાવત

ભારત બધ્ધમૂળ રહ્યું છે; પાકીસ્તાન ઉત્પાતમૂળ બન્યું છે.

પાકીસ્તાનમાં ઓકટોબર માસની આઠમી તારીખથી લશ્કરી રાજ્ય સ્થપાયું છે. ત્યાંના પ્રમુખ મેજર–જનરલ ઈસ્કંદર મીરઝાએ પાકીસ્તાનનું બંધારણ રદ કર્યું છે અને આખા પાકીસ્તાનમાં 'માર્શલ લો' જાહેર કર્યો છે. પ્રાદેશિક તેમજ કેન્દ્રિય ધારાસભાઓ વિસર્જિત કરી છે અને પ્રધાનમંડળોને રૂખસદ આપી છે. પાકીસ્તાનના સરસેનાપતિ જનરલ મહમ્મદ અયુબખાનની ચીફ માર્શલ લો એડમીનીસ્ટ્રેટર કરીકે નીમણુક કરી છે અને પાકીસ્તાનના સર્વ સશસ્ત્ર દળોને તેના હુકમ નીચે મુકયા છે. આ રીતે પાકીસ્તાનના પ્રેસીડેન્ટ સર ઈસ્કંદર મીરઝાએ લોકશાહીને તત્કાળ તિલાંજલિ આપી છે અને સરમુખત્યારની સર્વ સત્તાઓ પોતાની અને જનરલ અયુબખાન વચ્ચે વહેંચી લીધી છે.

દ્વેષમત્સર અને કેવળ કોમવાદના પાયા ઉપર નિર્માણ થયેલા પાકીસ્તાનની સ્થાપના થયાને આજે અગિયાર વર્ષ થવા આવ્યાં. આ અગિયાર વર્ષના ગાળા બાદ પાકીસ્તાનમાં આમ કેમ બનવા પામ્યું તેના મૂળનું સંશોધન કરતાં હિંદના મહાઅમાત્ય નેહરૂએ તાજેતરમાં મળેલી પત્રકાર પરિષદ સમક્ષ પ્રશ્નોત્તરીદ્વારા કેટલાંક મર્મસ્પર્શી વિધાનો કર્યાં છે. એમાં તેમણે જણાવ્યું કે "૧૯૪૭ થી પાકીસ્તાન અને ભારતે પોતપોતાનો વિકાસ સાધવા અર્થે ગ્રહણ કરેલા ભિન્ન ભિન્ન માર્ગોનો વિચાર કરતાં આપણે યાદ રાખવું ઘટે છે કે બન્નેનો પ્રારંભ એક સરખી રીતે થયો નહોતો, ધ્યાનમાં લેવા લાયક પાયાનો મુદ્દો એ છે કે હિંદ વર્ષોથી એક અમુક માર્ગે આગળ ધપી રહ્યું હતું. એ એક એવો માર્ગ હતો કે જેની ચોક્કસ વિશેષતાઓ અથવા તો પ્રક્રિયાઓ હતી. આપણે ત્યાં રાષ્ટ્રીય હીલચાલ ચાલી રહી હતી, રાષ્ટ્ર સંસ્થા કોંગ્રેસ વિકસી રહી હતી, અને એવું કેટલુંયે ચાલી રહ્યું હતું ધીમે ધીમે આમાંથી એક ચોક્કસ રૂપ ઉભું થઈ રહ્યું હતું અને ચોક્કસ આકાર બંધાયો હતો. પાકીસ્તાનનો માર્ગ આથી તદ્દન જુદો હતો. જ્યારે ભારતનો માર્ગ રાજકારણી દૃષ્ટિએ વિધાયક હતો અને કાંઇક ચોક્કસ આકારનો હતો અને તેમાંથી ચોક્કસ પ્રકારના આર્થિક ફેરફારો અને સુધારાઓ નિર્માણ થવાની કલ્પના મૂર્તરૂપ લઈ રહી હતી, ત્યારે પાકીસ્તાનની બાબતમાં અથવા તો જેમાંથી પાકીસ્તાન પેદા થયું છે તે મોસ્લેમ લીગની બાબતમાં કોમી હેતુઓ ઉપર આધારિત–નકારાત્મક બાબત–દા. ત. હિંદનો વિચ્છેદ કરવો–ઉપર જ હંમેશા ખૂબ ભાર મૂકવામાં આવ્યો હતો, અને હિંદના રાષ્ટ્રીય આન્દોલનમાં હતું તેવું કોઇ રાજકીય કે આર્થિક દૃષ્ટિપૂર્વકનું વિધાયક તત્ત્વ તેમાં નહોતું. આ પાયાના તફાવતનું પરિણામ એ આવ્યું કે હિંદ એક સાતત્યપૂર્ણ એકમ છે એમ જ્યારે આપણે કહીએ છીએ ત્યારે માત્ર રાજકીય દૃષ્ટિએ જ નહિ પણ ચોક્કસ વિચારસરણીની દૃષ્ટિએ તેમજ બંધારણીય દૃષ્ટિએ પણ ભારત અવશ્ય સાતત્યપૂર્ણ વસ્તુ છે, જ્યારે પાકીસ્તાન હિંદવિરોધી, એકતાવિરોધી, અને કશા પણ નક્કર વિધાયક તત્વ વિનાના એવા કોમી ટોળાને ખુંખીયો વગાડીને એકત્ર કરતા લોકનારા ઉપર પાકીસ્તાન અસ્તિત્વમાં આવ્યું છે. ત્યાર બાદ પાકીસ્તાનમાં હંમેશા રાજદ્વારી તેમ જ આર્થિક સ્થિરતાનો અભાવ રહ્યો છે. વળી ત્યાં તરેહ તરેહનાં રાજકીય જોડાણ ઉભાં થતા રહ્યાં છે. આઝાદી મળ્યા બાદ ત્યાં ચૂંટણી કદિ થવા પામી નથી. જો ચૂંટણી થઇ શકી હોત તો તેમાંથી સ્થિરતા ધરાવતા સંગીન રાજકીય પક્ષો કદાચ ઉભા થઈ શકયા હોત."

આગળ ચાલતાં તેમને એવો પ્રશ્ન પુછવામાં આવ્યો કે "આજે અનેક દેશો કે જેમણે લોકશાહી સંસ્થાઓ અને બંધારણ સ્વીકારીને શરૂઆત કરી હતી તે દેશો ધીમે ધીમે લોકશાહીને પડતી મૂકીને અત્યારે લશ્કરી શાસન સ્વીકારી રહ્યા છે તો આમ બનવામાં એશીયાની પ્રજાઓમાં એવી કઇ ઉણપ હોવાનું આપને દેખાય છે? શું એ કેળવણી ખામીને લીધે છે અથવા તો પાયામાં જે ઔદ્યોગિક વિકાસ હોવો

જોઇએ. તેની ખામીને લીધે છે કે જેના પરિણામે એવા સંયોગો ઉભા થયા કે જેને લીધે આ લોકોને એમ લાગે છે કે પાર્લામેન્ટરી (વિવિધ પક્ષમૂલક ધારાસભાવાળી) લોકશાહીની રચના વડે તેઓ ઝડપથી આગળ વધી શકતા નથી?" આ પ્રશ્નના જવાબમાં નહેરૂએ જણાવ્યું કે "આ એવો પ્રશ્ન છે કે જેનો ભાગ્યે જ આવી પત્રકાર પરિષદમાં જવાબ આપી શકાય. આવા પ્રશ્નની ચર્ચા કરવા માટે કોઈ સેમીનાર અથવા તો એવી કોઇ ચર્ચાપરિષદ હું વધારે પસંદ કરું. લોકશાહીની પણ અનેક ભાતો છે. ખરા અર્થમાં પાર્લામેન્ટરી લોકશાહી આજે બહુ ઓછા દેશોમાં અસ્તિત્વ ધરાવે છે. લોકો લોકશાહી સંબંધમાં બહુ અસ્પષ્ટ રીતે વાતો કરતા હોય છે અને જ્યાં લોકશાહી જેવું કશું જ હોતું નથી ત્યાંના લોકો લોકશાહી વિષે મોટા ભુમ્મરાડા પાડીને વાતો કરતા હોય છે, જેમાં સરમુખત્યારશાહીનો પણ સમાવેશ થાય છે એવી free world ની—આઝાદ દુનિયાની—પણ તેઓ વાતો કરે છે. આને લગતી વિચારણામાં ભારે ગોટાળો જોવામાં આવે છે.

"ભારતને લાગે વળગે છે ત્યાં સુધી આપણે એમ કહી શકીએ તેમ છે કે અનેક કારણોસર આપણને નસીબની અનુકુળતા છે. એક તો એ છે કે આપણે ત્યાં એક ઘણી પુરાણી પરંપરા છે—એ પરંપરા ગામડાની સપાટી ઉપર કામ કરતી લોકશાહીને લગતી છે. આપણે ત્યાંની ગ્રામપંચાયત એ લોકશાહીનું જ એક રૂપ છે. છેલ્લાં ૭૦ અથવા વધારે વર્ષથી ચાલી રહેલ આપણી રાષ્ટ્રીય હીલચાલના સમગ્ર વિકાસે આ લોકશાહીની બુનિયાદ ઉપર આપણને વિચાર કરતા અને કાર્ય કરતા બનાવ્યા છે અને તેથી આપણે ત્યાં લોકશાહી એ કોઈ નવો વિચાર નથી. આપણા લોકો આ રીતે લોકશાહીના વિચારથી વધારે ને વધારે ટેવાતા રહ્યા છે અને ધીમે ધીમે, મુશ્કેલીઓ અને નિષ્ફળતાના અવરોધો ઉભા થતા રહેવા છતાં, લોકશાહીનો વિચાર આપણે ત્યાં સફળતાપૂર્વક આગળ વધતો રહ્યો છે અને તે માટે ભારતમાં અનુકુળ પરિસ્થિતિ પેદા થતી રહી છે. શરૂઆતના દિવસોથી આજ સુધી આપણી રાષ્ટ્રીય હીલચાલનો એક સરખો વિકાસ થતો રહ્યો છે એ આપણા પક્ષે બીજી મહત્ત્વની અનુકુળતા છે."

તેમને આ જવાબના અનુસંધાનમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો કે "આપને એમ નથી લાગતું કે બર્મા અને પાકીસ્તાનમાં પાર્લામેન્ટરી લોકશાહી એટલા માટે નિષ્ફળ નીવડી છે કે લોકોની આર્થિક જરૂરિઆતોને આ દેશો પહોંચી વળવામાં અસમર્થ નીવડ્યા છે?" તેનો જવાબ આપતાં શ્રી નહેરૂએ જણાવ્યું કે "આખરી પૃથક્કરણ કરતાં એમ માલુમ પડે છે કે આખરે જેમનો આપણે વિચાર કરીએ છીએ તે લોકો કઇ કક્ષાના છે તેના ઉપર જ બધો આધાર રહેલો છે. કયો વાદ લોકો સ્વીકારે છે તેનું બહુ મહત્ત્વ નથી. જો પ્રજા બળવાન, તાકાતવાળી અને સમર્થ હશે તો કોઇ પણ વાદને તે સફળ બનાવી શકે છે, પણ નબળી પ્રજા ઊંચામાં ઊંચા વાદ અને વિચારશ્રેણીઓ હોવા છતાં છિન્નભિન્ન થઈ જાય છે. સાથે હળીમળીને રહેવાનો અને વિભાજક વલણો નચાવે તેમ નહિ નાચવાનો લોકોમાં ખાસ આગ્રહ હોવો જોઇએ. પોતાથી જુદા પડે તેમના પ્રત્યે તેમને આદર અને નમ્ર ભાવ હોવો જોઇએ. માત્ર પોતાનો જ કે પોતાના પક્ષનો—તે બહુમતીમાં હોય તો પણ—વિચાર કરવો એમ નહિ પણ, વધારે વિશાળ વર્ગનો એટલે કે આખા દેશનો વિચાર કરવો એ જ લોકશાહીનો સાચો અર્થ છે. સહિષ્ણુતા—સમાદર—આ જ ખરા મહત્વનો ગુણ છે. જો દરેક પોતાના જ માર્ગે જવા માંગે—અને ભલે ને એ બધા શાણા, ડાહ્યા પુરૂષો હોય તો પણ—બધા ડાહ્યા માણસોનું વિનાશમાં જ અવસાન થાય છે.

"આપણા દેશમાં લોકશાહીની ભાવના અને વિચારોને વિકસાવવામાં મહાત્મા ગાંધીએ ભારે મહત્વનો ફાળો આપ્યો હતો. તેઓ જે કાંઈ કરતાં તેમાં નાનામાં નાના માણસને તેના મનમાં હોય તે કહેવાની અને કાંઇક ને કાંઇક કરી છૂટવાની અને એ રીતે પોતાનો ફાળો આપવાની તેઓ હંમેશા તક આપતા હતા. ગાંધીજીના આગમન પહેલાં પણ આપણી રાષ્ટ્રીય ચળવળનો આદર્શ લોકશાહીને હંમેશા અનુમોદક જ રહ્યો હતા. ગાંધીજીએ લોકોના દિલમાં ભારતની એકતાના ખ્યાલની જડ નાંખી હતી. આખી રાષ્ટ્રીય હીલચાલને તેઓ બેહુતો અને મજુરોની ભૂમિકા સુધી લઇ આવ્યા હતા અને એ રીતે એકતાની ભાવનાનું તથા અહિંસાના આદર્શનું તેમણે અતિ વ્યાપક વાતાવરણ પેદા કર્યું હતું, જેનો લોકશાહી સાથે પૂરો મેળ હતો અને સરમુખત્યારશાહી સાથે જેનો કોઇ મેળ નહોતો. કોઇ એમ કહે કે મહાત્મા ગાંધીના વિચારમાં સરમુખત્યારશાહી રહેલી હતી—જે કે આમ કહેવું તે વદતોવ્યાઘ્રાત જેવું છે—તો તે સરમુખત્યારશાહી પ્રેમ અને અંગત લાગવગની હતી. તેમના એક મિત્ર—જે આજે આ દુનિયામાં નથી—તેમણે ૧૯૨૦ અને ૩૦ ના ગાળા દરમિયાન 'the beloved slave-driver'-અમારા 'પ્રેમપાત્ર ગુલામવાહક' તરીકે ગાંધીજીને વર્ણાવ્યા હતા. "તે આપણને બધાને હંકારતા હતા, ચાબુકથી નહિ પણ પ્રેમથી."

શ્રી નહેરૂને પ્રશ્ન કરવામાં આવ્યો: "એમ આપને નથી લાગતું કે જ્યાં સુધી પાકીસ્તાન પોતાનો ભૂતકાળ કે જે આપણા ભૂતકાળ સાથે ગાઢપણે સંકળાયલો છે તે ભૂતકાળને અપનાવે નહિ ત્યાં સુધી પાકીસ્તાન એક સુગ્રથિત પ્રજાનું રૂપ ધારણ કરી નહિ શકે?" નહેરૂએ જવાબ આપતાં જણાવ્યું કે "કોઇ પણ માણસ પોતાના ભૂતકાળનો ઇનકાર કરી શકતો નથી અને પોતાની જાતને હાનિ પહોંચાડ્યા સિવાય ભૂતકાળથી પોતાનો વિચ્છેદ કરી શકતો નથી. એક પ્રજાને તેના મૂળમાંથી તમે કદિ ઉખેડી નહિ શકો. ભારતના ભાગલા પડ્યા છે એ હકીકતનો એવો કોઇ અર્થ માની લેવાને કારણ નથી કે પાકીસ્તાનના લોકો પોતાના ભૂતકાળનો ઇનકાર કરે છે. એક દેશ પોતાના ભાગલા કરી શકે છે, અને એમ છતાં તેનાં પોતાનાં મૂળ તેમ જ નવા રાષ્ટ્રની રચના—એ બન્નેનો તે એક સાથે સ્વીકાર કરી શકે છે, અને પોતાની રાષ્ટ્રીયતાને એ મુજબ વિકસાવી શકે છે. વિભાજનની હકીકત માત્રનો એ અર્થ નથી કે તેઓ (પાકીસ્તાનીઓ) પોતાના ભૂતકાળનો ઇનકાર કરે છે. પણ એ સાચું છે કે તેમની નેતાગીરીએ—અને નહિ કે ત્યાંના લોકોએ—ભૂતકાળનો ઇનકાર કરવા પ્રયત્ન કર્યો છે અને તેથી ભૂતકાળ સાથેનો તેમનો સંપર્ક તુટી ગયો છે. સેંકડો વર્ષ પછી કે જ્યારે નવાં મૂળ ઉગ્યાં હશે ત્યારે શું થશે તેની આપણને ખબર નથી, પણ અત્યારે તો પરિણામ તેમના માટે મૂળ વિહોણાપણામાં—rootlessness માં આવ્યું છે. સંપાદક: પરમાનંદ

તા. ક. આ લેખ પ્રબુદ્ધ જીવનના ગતાંક માટે તૈયાર કરવામાં આવેલો, પણ જગ્યાના અભાવે તે અંકમાં પ્રગટ થઈ શકયો નહોતો. વચ્ચેના પખવાડિયાના ગાળા દરમિયાન પાકીસ્તાનમાં લશ્કરી અમલ ચાલુ રહ્યો છે. ફેર માત્ર એટલો જ પડ્યો છે કે શરૂઆતમાં તે અમલ જનરલ ઇસ્કંદર મીરઝા અને જનરલ અય્યુબખાનની સંયુકત સરમુખત્યારશાહી નીચે હતો. હવે જનરલ અય્યુબખાન એકલા જ પાકીસ્તાનના સર્વસત્તાધીશ બન્યા છે. તંત્રી

અટારી

(સમાજનો એક ભાગ સમાજના પાયામાં રહેલા બીજા ભાગથી તદ્દન વિમુખ થઇને જીવી રહ્યો છે. તે વિચારમાંથી આ કાવ્ય સ્ફૂર્યું છે—ગીતા)

(ગાન)

ઉંચા આલે ઉભી અટારી એકલી,
જાણે ના શા જ્હાણ પડ્યા પાયામહિં.
નિરખે તારા, શશી, સૂર્ય ચમકારતા,
જાણે ના શી ધૂળ લોંય ઉડી રહી.
વાયુની લહરીનું સંગીત માણતી
જાણે ન તળીયે સ્વર કરમાયા ખીલતા.
પણ ઝંઝાએ તુરત અટારી ભાંગતી,
ને તલ હામ ભીડીને ટક્કર ઝીલતાં.

ગીતા પરીખ

❋ કૂર્માચળની પરિક્રમા ❋

(ગતાંકથી ચાલુ)

પર્વત માર્ગો ઉપરની વાહનવ્યવસ્થા ★ રાણીખેત તરફ

આ બાજુએ ચોતરફ એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડતી સડકોમાં કેટલીક પાકી હોય છે, જેને મેટલ્ડ રોડ કહેવામાં આવે છે અને કેટલીક કાચી હોય છે. એ સડકો ઉપર નક્કી કરેલા ટાઇમ ટેબલ મુજબ બસો દોડે છે. આમાંથી કેટલીક બસો ગવર્મેન્ટ રોડવેઝની છે. જેને આપણી બાજુએ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કહેવામાં આવે છે તેને ઉત્તર પ્રદેશની સરકારે ગવર્મેન્ટ રોડવેઝનું નામ આપ્યું છે. બીજી બસો કમાઉં મોટર ઓનર્સ યુનીયન લીમીટેડ (ટૂંકું નામ K. M. O. U. Ltd. કે. એમ. ઓ. યુ. લીમીટેડ) નામની ખાનગી કંપની તરફથી ચલાવવામાં આવે છે. કાથગોદામથી નૈનીતાલ અને રાણીખેત જતા પ્રવાસીઓને લઇ જવાનો ઇજારો ગવર્મેન્ટ રોડવેઝને આપવામાં આવ્યો છે. કાથગોદામથી અલ્મોરા જતા પ્રવાસીઓને લઇ જવાનો ઇજારો કે. એમ. ઓ. યુ. લીમીટેડને આપવામાં આવ્યો છે. ગવર્મેન્ટ રોડવેઝની બસો વધારે મોટી હોય છે અને તેની બેઠકો વધારે સગવડવાળી હોય છે. તેની 'ડી લક્સ' ના નામથી ઓળખાતી બસો બહુ દેખાવડી હોય છે અને તેની બેઠકો બેઠા પછી થોડા નીચે ઢળવું હોય તો ઢળી શકાય એવી સગવડવાળી અને મુલાયમ ગાદીવાળી હોય છે. સાધારણ રીતે આ 'ડી લક્સ' સિવાયની બીજી બન્ને સંસ્થાની બસોમાં અપર કલાસ અને લોઅર કલાસ એમ બે વર્ગો હોય છે. બસ હાંકનારની બાજુની બેઠક અને પાછળનો આખો બાંકડો જેમાં ચાર પેસેન્જર સગવડપૂર્વક બેસી શકે છે તેને અપર કલાસ કહેવામાં આવે છે. અપર કલાસનો દર સાધારણ રીતે માઇલે દોઢ આનો હોય છે અને લોઅર કલાસનો દર માઇલે એક આનો હોય છે. અપર કલાસમાં બેઠા હોઇએ તો આસપાસનું દૃષ્ય જોવામાં વધારે અનુકુળતા રહે છે. આસપાસનું સૃષ્ટિસૌન્દર્ય વધારે મોકળાશથી માણી શકાય એ હેતુથી સાધારણતઃ અમે અપર કલાસમાં મુસાફરી કરતાં હતાં. આ બસના ડ્રાઇવરો ઘણા કુશળ હોય છે. સપાટ પ્રદેશ ઉપર બસ કે મોટર હાંકની એ એક વાત છે; ચાલુ ચઢાણ ઉતરાણ અને ઘડિએ ઘડિએ આવતા વળાંક ઉપર બસ કે મોટર હાંકવી એ બીજી જ વાત છે. આ માટે મોટર વ્હીલ ઉપર પૂરો કાબુ, સમયસૂચકતા અને પૂરતા પ્રમાણમાં શારીરિક તાકાત હોવી જરૂરી છે. મોટર કરતાં બસ ચલાવવી તે વધારે અઘરૂં અને હુંશિયારીનું કામ છે. નાની સરખી પણ ભૂલ થાય તો બસ ઉંડી ખીણમાં જઇને પડે અને ૪૦–૫૦ પેસેન્જરમાંથી ભાગ્યેજ કોઇ બચે. આ બાજુ બસનો ભાગ્યેજ અકસ્માત થતો સાંભળવામાં આવે છે. કારણ કે બસના ડ્રાઇવરો ખૂબ હોંશિયાર અને પૂરી તાલીમ પામેલા હોય છે અને તેમને સૂચવાયલી ગતિની મર્યાદામાં રહીને જ તેઓ બસ ચલાવે છે અને અન્ય બસ કે મોટરને વટાવીને આગળ દોડી જવાની કદી પણ અધીરાઈ દાખવતા નથી. બસમાં નિયત સંખ્યાથી વધારે પેસેન્જરોને સાધારણ રીતે લેવામાં આવતા નથી અને ટાઇમ ટેબલને બનતા સુધી વળગી રહેવામાં આવે છે. એવા કેટલાક સાંકડા માર્ગો છે કે જ્યાં 'વન–વે–ટ્રાફિક' ની ગોઠવણ નક્કી કરેલી હોય છે. આને અર્થ એ છે કે અમુક સમયથી અમુક સમય સુધી માત્ર એક દિશાએ જતી જ બસો ચાલે; તે સમયનો ગાળો પૂરો થાય એટલે પ્રતિકુળ દિશાએ જનારી બસોને ચાલવાની રજા મળે. નક્કી કરેલા ટાઇમ ટેબલ મુજબ બસો ચલાવવાનો આગ્રહ ન હોય તો આ ગોઠવણ જાળવવાનું અને પ્રવાસીઓને એક સ્થળેથી બીજે સ્થળે વખતસર પહોંચડવાનું કામ મુશ્કેલ બની જાય. આ બાજુના વાહન વ્યવહાર સંબંધે આટલી સમજુતી વાચકો માટે જરૂરી છે.

ઉપર જણાવ્યું તે મુજબ અમે ૨૨ મીની સવારે નૈનીતાલ છોડ્યું. નૈનીતાલથી રાણીખેત ૩૪ માઇલ દૂર છે. શરૂઆતમાં અમારો માર્ગ ચાલુ ઉતરાણનો જ હતો. સાત માઇલ વટાવ્યા અને ભોવાલી આવ્યું. અહિંથી આશરે દોઢેક કલાક અમારી બસ ચાલતી રહી અને 'ગરમપાણી' નામનું ગામ આવ્યું. નૈનીતાલની ઉંચાઈ ૬૩૦૦ ફીટ હતી; ગરમ પાણી એટલે આશરે ૩૨૦૦–૩૩૦૦ ની ઉંચાઈ. જેમ નીચે સપાટી ઉપર આવીએ એમ હવામાનમાં ઠંડક ઘટે અને ગરમી વધે. ભોવાલીથી ગરમપાણી સુધીનો રસ્તો ભારે રમણીય હતો. આંખોમાં કૌતુક સમાતું નહોતું અને સતત બદલાતું જતું દૃષ્ય ચિત્તમાં આનંદ–અતિરેકની ઊર્મિઓ પેદા કર્યા કરતું હતું. નૈનીતાલમાં શહેરી સભ્યતાના લગભગ સર્વ અંશો વિદ્યમાન હતા. બહાર નીકળીએ તો સરખાં થઇને નીકળવું જોઇએ એ બાબતનો મન ઉપર મુંઝાઇ જેટલો જ ભાર રહેતો હતો. કોઈ પણ શહેરના ભોગવિલાસનો ઘટાટોપ અહિં પણ લગભગ એટલા જ પ્રમાણમાં જોવામાં આવતો હતો. સીનેમા, ખાણીપીણી, રમતગમત, ગાનતાન–અને રાજકારણ પણ–આ બધું નૈનીતાલમાં ભરચક ભર્યું હતું. પરિણામે હિમાલયમાં આવતાં જે મનનું મોકળાપણું, સભ્યતાની ચાલુ ઉપચારવિધિથી મુકિત, કલ્પનાનું ઉડ્યન આપણને સહજપણે પ્રાપ્ત થવું જોઇએ તેવા મુકત આનંદનો નૈનીતાલમાં અનુભવ થતો નહોતો. પણ હવે તો પ્રદેશ બદલાવા લાગ્યો, વાતાવરણ પણ બદલાતું લાગ્યું. હિમાલયના મુકત હવામાન વચ્ચે અમે હવે વિચરી રહ્યા છીએ, હિમાલયના હાર્દમાં હવે પ્રવેશ કરી રહ્યા છીએ એવો અનુભવ હું કરવા લાગ્યો, અને કલ્પનાશકિતને પણ પાંખો ફુટી રહી હોય એમ લાગવા માંડ્યું.

ગરમ પાણી ઉપર જતી આવતી બસો આશરે અડધી કલાક ખોટી થાય છે. અહિં દુધ, ચા, દહીં, ગરમ પુરી, શાક વગેરે મળે છે અને જતા આવતા પ્રવાસીઓ અહિં નાસ્તો કરીને તાજા થાય છે. અમે પણ અહિં નાસ્તો કર્યો. વખત થતાં અમારી બસ પણ ઉપડી. થોડી વારમાં કોસી નદી આવી. જમણી બાજુએ અલ્મોરા જવાનો રસ્તો અમારા રસ્તાથી છૂટો પડતો હતો. અમે ડાબી બાજુએ કોસી નદીનો પુલ ઓળંગીને આગળ વધ્યા અને કોસીના કિનારે કિનારે અમારી બસ કેટલાક માઇલ સુધી દોડતી રહી. અત્યાર સુધી અમે જે પ્રદેશમાંથી પસાર થયા હતા તે આખો રસ્તો દેવદાર અને ચીડ તેમજ બીજા વૃક્ષોની ઘન ઘટાથી અછાદિત હતો. હવે એ લીલવણી ઓછી થવા લાગી; સુકા કોરા પર્વત પ્રદેશો ઉપર અમારી બસ હવે ઉંચે ને ઉંચે ચઢવા લાગી. સૂર્ય મધ્યાકાશ સમીપ જઇ રહ્યો હતો. તેના પ્રખર તાપથી આખો પ્રદેશ તપતો હતો. ગરમી પણ હવે અકળાવતી હતી. સવારે આઠ વાગ્યાના બસમાં બેઠેલા એટલે થાક પણ કાંઇક જણાતો હતો. બધું સુકું અને વેરાન જોઇને રાણીખેત પણ શું આવું સુકું અને વેરાન હશે એવો તર્ક મનને સ્પર્શી જતો હતો. અમે નૈનીતાલથી ૩૦૦૦ ફીટ જેટલું ઉતર્યા હતા; એટલું જ પાછું અમારે ચઢવાનું હતું. કોસી નદીનો કિનારો છોડીને બસ ઉંચે ને ઉંચે આગળ વધી રહી હતી. આખા પ્રદેશ ઉપર મધ્યાન્હ કાળની સ્તબ્ધતા પથરાઇ રહી હતી. સુકા વિશાળકાય પર્વતો પ્રકૃતિના રૂદ્ર સ્વરૂપની ઝાંખી કરાવતા હતા. આખા દૃષ્યમાં ભવ્યતા અને ભીષણતાનો કોઇ વિચિત્ર સહયોગ અનુભવાતો હતો. કોઈ ઊંડી ગંભીરતા મનને આરપાર ઘેરી રહી હતી. આમ થોડો સમય ચાલ્યું એટલામાં પાછાં ઝાડપાન શરૂ થયાં. ચીડ અને દેવદારની હારમાળા અમારૂં સ્વાગત કરવા લાગી. કોઈ મહત્વનું સ્થળ સમીપ આવી રહ્યું હોય એવા ચિહ્નો દેખાવા લાગ્યાં. રસ્તા ઉપર માણસોની અવર જવર વધતી

લાગી. ટૉલ સ્ટેશન આવ્યું, જ્યાં રાણીખેત–પ્રવેશનો અમુક કર અમારી પાસેથી ઉઘરાવવામાં આવ્યો. સાડા બારેક વાગે અમે રાણીખેત પહોંચ્યા.

રાણીખેત

બસ જ્યાં ઉભી રહે છે તેની બાજુએ જ બજાર હતી. બજારમાં થોડે આગળ ચાલતાં સામસામી બે નાની હોટલો છે. એકનું નામ સ્નોવ્યુ હોટેલ; બીજાનું નામ હિમાલય હોટલ. અમને હિમાલય હોટેલમાં રહેવાની સગવડ મળી શકી. એટલે ત્યાં ઉતારો કર્યો. આ હોટેલ બહુ સાધારણ અને ઓછી સગવડ વાળી હતી. એક માળ ઉપર આગળ પાછળ ઓરડીઓની હાર હતી. અમે ત્રણ ઓરડી ભાડે રાખી, અને સામાન મૂકીને ગોઠવાયા; સ્વસ્થ થયા. આ હોટલમાં રહેવાનું ભાડું જુદું; ખાવાનું જુદું. ઠીક પડે તો બીજે પણ ખાઈ શકો. ઓરડીનું ભાડું નાની મોટી ઓરડી પ્રમાણે ત્રણ થી પાંચ રૂપિયા સુધી હતું. એક ઓરડીમાં બે થી ત્રણ જણા રહી શકે. અહિં બધી વ્યવસ્થા કામચલાઉ જેવી હતી. અમારે અહિં બે ત્રણ દિવસ જ રહેવાનું હોઇને અમને બહુ અગવડ જેવું ન લાગ્યું.

રાણીખેતનું નામ વર્ષોથી સાંભળતો આવેલો. તે વિષે કંઇ સમયથી મનમાં કૌતુક હતું. એ સ્થળમાં આજે આમ આવવાનું બનતાં મન ખૂબ આનંદમાં હતું. જેને શહેરની સગવડો જોઇતી હોય અને સાથે પૂરી શાન્તિ અને એકાન્ત જોઇતી હોય તેના માટે રાણીખેત આદર્શ સ્થળ છે. ૧૮૬૯ માં રાણીખેતને હિંદી સૈન્યના અમુક વિભાગનું મથક બનાવવામાં આવ્યું. ત્યારથી રાણીખેતનું મહત્વ વધતું જ રહ્યું છે. રાણીખેત સમુદ્ર સપાટીથી ૬૦૦૦ ફીટ ની ઉંચાઇ ઉપર આવેલું છે. પર્વતના ઉપરના ભાગમાં સારા વિસ્તારમાં પથરાયલું રાણીખેત એક સુન્દર ગિરિનગર છે. અહિ ઘણી મોટી જગ્યા લશ્કરની છાવણીએ રોકેલી છે. રાણીખેત બે વિભાગમાં વહેંચાયલું છે. એક વિભાગ જેને આપણે દેશી લતો કહીએ તે છે. અહિં મોટી લાંબી બજાર છે અને સામાન્ય લોકોનો ગીચ વસવાટ છે. બીજો કેન્ટોનમેન્ટ વિભાગ જ્યાં અંગ્રેજી હોટેલો, સીનેમા, મોટી મોટી શોપો અને નાના મોટા અનેક બંગલાઓ આવેલા છે. આ વિભાગ ભારે સ્વચ્છ, સુઘડ અને રોણકદાર છે, પણ બજારથી દોઢ બે માઇલ દૂર છે. વચ્ચે લશ્કરી પડાવ છે. બજારની નીચેના ભાગમાં થોડેક દૂર દુકીખેતના નામથી ઓળખાતી જગ્યા છે. અહિં રમત ગમત તથા ગોલ્ફ તેમજ લશ્કરી કવાયત માટે ઘણું મોટું મેદાન છે. આખો પ્રદેશ વિપુલ વનરાજિથી છવાયલો છે.

ચૌપટિયા ગાર્ડન્સ

અહિં અમે ૨૨ મી તારીખની બપોરે આવ્યા. હોટેલમાં ભોજન કર્યું, આરામ કર્યો. સાંજના બજારમાં તેમજ કૌસાની જવાની સડક ઉપર કેટલેક દૂર સુધી ફરીને પાછા આવ્યા. બીજા દિવસે ત્રણ–ચાર માઇલ દૂર એજ સડક ઉપર કાલકા નામનું ગામ છે ત્યાં સુધી ફરી આવ્યા. બપોરે અમે જ્યાં ઉતર્યા હતા ત્યાંથી પાંચેક માઇલ દૂર ચૌપટિયા નામનું ૬૯૪૦ ફીટ ઉંચે આવેલું એક રમણીય સ્થળ છે. અમે ત્યાં બસમાં બેસીને ગયા. બસ કેન્ટોનમેન્ટના માર્ગે પસાર થાય છે, તેથી કેન્ટોનમેન્ટની રોણકનો ઉડતી નજરે કાંઇક ખ્યાલ આવેલો. ચૌપટિયામાં એક મોટો સરકારી બગીચો છે અને ત્યાં તરેહ તરેહનાં ફળઝાડ ઉગાડવામાં આવે છે અને સફરજન, પ્લુમ્સ, અખરોટ, મુસંબી, નાસપાતી, પેર વગેરે ફળો કેમ વધારે દળદાર બને અને તેની જુદી જુદી જાતો કેમ પેદા થાય તેને લગતા પ્રયોગો કરવામાં આવે છે. બગીચાના માળીઓએ અમને આ બધું દેખાડ્યું અને સમજાવવા પ્રયત્ન કર્યો. પણ આ વિષય અમારી સમજણની બહારનો હોઇને અમે બહુ થોડું ગ્રહણ કરી શકયા. એમ છતાં આવડો મોટો બગીચો, તેમાં તરેહ તરેહનાં ફળવૃક્ષો અને તેમાં કેટલાંક એવાં કે જે આપણે પહેલાં કદિ જોયા પણ ન હોય–આ બધું જોઇને મન આનંદિત બન્યું.

અમે ચૌપટિયા આવવા માટે જે બસમાં આવેલા તે ત્યાંથી અડધોએક માઇલ જઇને વીશેક મીનીટમાં પાછી ફરવાની હતી. એજ બસમાં પાછા ફરીએ તો અહિં જોવાય શું અને ફરાય શું? અમને એમ કહેવામાં આવ્યું કે ત્યાંથી કેડીના માર્ગે જઇએ તો ત્રણેક માઇલ ચાલતાં રાણીખેત પહોંચી જવાય છે સાંજનો વખત હતો; ઘડિયાળમાં સવા ચાર વાગ્યા હતા. અજવાળું છતાં રાણીખેત પહોંચવામાં વાંધો નહિ આવે એમ ધારીને બસથી પાછા ફરવાનો વિચાર માંડી વાળ્યો. બધે ફરતાં અને જોતાં પાંચેક વાગ્યા. અહિંથી પણ દૂર દૂર સુધી નજર જતી હતી અને નાના મોટા પર્વતોની પરંપરા અને તે ઉપરની લીલીહરિયાળી અને વૃક્ષોની હારમાળા આંખોનું અનુપમ રંજન કરતી હતી. ચૌપટિયા ગાર્ડન્સથી આગળ ચાલતાં આ વિષયને લગતી સરકારી લેબોરેટરી આવી. અહિં ઝાડપાનને કોરી ખાનારી કેવી જીવાતો થાય છે અને તેને કેમ અટકાવવી, કેમ નાબુદ કરવી તેને લગતા તેમજ જુદા જુદા ફળોની જાતને વિકસાવવાને લગતા અનેક પ્રયોગો થતા રહે છે અને તેનાં પરિણામે જે શોધો થાય છે તેની દેશભરમાં જાહેરાત કરવામાં આવે છે. તે જોઇને અમે આગળ ચાલ્યા. અને કેડીએ કેડીએ નીચે ઉતરવા લાગ્યા. આ કેડી ગીચ જંગલમાંથી પસાર થતી હતી. મોટા દેવદાર તેમજ ઓકનાં ઝાડ જ્યાં ત્યાં નજરે પડતાં હતાં. પણ મોટા ભાગે તો ચીડનાં પ્લેન્ટેશન્સ જોવામાં આવતાં હતાં. ચીડના દરેક વૃક્ષના થડમાં છિદ્ર પાડીને તેમાંથી ઝરતો ચીકણો રસ ઝીલવા માટે નાનો સરખો માટીનો પ્યાલો બાંધવામાં આવે છે. આ રસ તે રેઝીન છે અને તેમાંથી મોટા પ્રમાણમાં ટરપેન્ટાઇન પેદા કરવામાં આવે છે. આવા એકાન્ત, શાન્ત, ગીચ જંગલમાંથી પસાર થવું, દોઢ બે કલાક સુધી કેડીએ કેડીએ ચાલ્યા જ કરવું એ અમારા માટે અવનવો અને એમ છતાં અતિમધુર અનુભવ હતો. સૂર્ય આથમણી દિશાએ નીચે જઇ રહ્યો હતો અને તેનો મંદ મંદ પ્રકાશ આખા પ્રદેશને કોઈ જુદી જ સૌમ્યતા અર્પણ કરી રહ્યો હતો. પવનની લહરિઓ પણ વહ્યા જ કરતી હતી અને વનપ્રદેશને મુખરિત બનાવતી હતી. વાયુલહરિનો આ સરસર કરતો મર્મર આવાજ સમુદ્રના દૂરથી આવતા મર્મર આવાજને બહુ જ મળતો હતો અને તેથી રખેને નજીકમાં દરિયો તો નથીને એવી ભ્રાન્તિ કરાવતો હતો. અમારી મંડળીમાં બે બાજુના ખાદી–કાર્યકર્તા બીજા પણ બે ભાઇઓ હતા. કંઇ કંઈ વિષયો ઉપર વાતો કરતાં અમે માર્ગ વટાવ્યે જતા હતા. આમ કેટલુંય ચાલ્યા છતાં કેડીનો અન્ત ન આવે અને રાણીખેત દેખાય નહિ. અમે ભુલા તો નથી પડયા ને એમ પણ મનમાં વિચાર આવી ગયો. પણ પર્વત માર્ગો અને તે પણ અજાણ્યા માર્ગો ધારીએ એ કરતાં હંમેશા લાંબા લાગે છે. અને તેનાં માઇલો બતાવવામાં આવે છે તે પણ ઘણી વાર બરાબર હોતા નથી. કહેવામાં આવે ત્રણ માઇલ અને નીકળી પડે ચાર કે પાંચ માઇલ. આખરે અમે ખૂબ નીચાણના ભાગ ઉપર આવ્યા અને સામે ઉંચે રાણીખેતનાં દર્શન થયાં. સૂર્યે અમારી રજા લઇ લીધી હતી. સંધ્યા ટાણે જ્યારે અજવાળાને હઠાવીને અંધકાર પોતાનું સામ્રાજ્ય જમાવવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે અમે રાણીખેતની ભાગોળે પહોંચ્યા. આ ચૌપટિયાથી રાણીખેત સુધી કેડી ઉપરનો પગપાળા પ્રવાસ જાણે કે દોઢ બે કલાક સુધી કોઇ એક મહાકાવ્ય માણ્યું ન હોય એવી મીઠી છાપ મારા મન ઉપર મૂકી ગયો. મનમાં એ વખતે એમ થયા કરતું કે આવા ઉન્નત પ્રદેશમાં, આવા ગીચ જંગલમાં, પોતાના જ ચિન્તનમાં ડુબેલા રહીને, ન કોઇ બોલાવે કે ચલાવે એ રીતે આથમતા કે ઉગતા સૂર્યના આછા પ્રકાશમાં અથવા તો આકાશમાં આરૂઢ થયેલા ચંદ્રની ધવલ રોશનીમાં યથેચ્છપણે ચાલ્યા જ કરવાનું હોય તો કેવી મજા આવે? આમ ચૌપટિયા બાજુના પરિભ્રમણના કારણે રાણીખેત અમારૂં આવવું સફળ થયું એમ લાગ્યું.

તાડીખેત

બીજે દિવસે સવારે કેન્ટોન્મેન્ટના ચઢાણ ઉતરાણવાળા રાજમાર્ગ ઉપર અમે કેટલુંક ફર્યા. બપોરે બાર વાગ્યાની બસમાં અમે તાડીખેત જવા નીકળ્યા. જેમ ચોપટિયા રાણીખેતથી પાંચ માઇલ દૂર એક હજાર ફીટની ઉંચાઇએ હતું એવી જ રીતે તાડીખેત દશ અગિયાર માઇલ દૂર લગભગ એક હજાર ફીટ નીચાણમાં નૈનીતાલ જવાના રસ્તા ઉપર આવેલું છે. અહિંથી થોડે દૂર જતાં રામનગર જવાનો રસ્તો ફંટાય છે. રાણીખેત આવતાં તાડીખેત અમે પસાર કરેલું અને ત્યાં નેશનલ કેડેટ કોર–એન. સી. સી. નો મોટો પડાવ જોયેલો. તાડીખેત જવા માટે બીજાં પણ આકર્ષણો હતાં. અહિં ૧૯૨૯ ની સાલમાં જુન માસની ૨૧ મી તારીખે ગાંધીજી આવેલા અને બે દિવસ રહેલા. ગાંધીજીના ભત્રીજા શ્રી પ્રભુદાસ ગાંધી જેમનું લખેલું 'જીવનનું પરોઢ' ગાંધી સાહિત્યમાં એક મહત્વનું સ્થાન ધરાવે છે તેઓ તથા ગાંધીજીના બીજા સહકાર્યકર્તા ઘણું ખરૂં તબિયત સુધારવાના હેતુથી કેટલાએક સમયથી અહિં રહેતા હતા. ગાંધીજી આલ્મોરાથી રાણીખેત આવ્યા હતા. પણ ત્યાં એક પણ રાત નહિ રોકાતાં સીધા અહિંજ આવેલા. તેઓ અહિં જ્યાં ઉતરેલા એ સ્થળ તાડીખેતમાં ઠીક ઠીક ઉંચાઇએ આવેલું છે અને સરકારે તેનો કબજો પોતા હસ્તક લીધેલો છે. આ ઉપરાંત અહિં પ્રેમવિદ્યાલય નામની એક જુની જાણીતી શિક્ષણ સંસ્થા છે. અહિં ઉની વણાટનું ઉત્તર પ્રદેશની સરકાર હસ્તક ચાલતું કેન્દ્ર-કાર્યાલય છે, આવા કેટલાંક આકર્ષણોના કારણે અમે તાડીખેત ખેંચાઈ આવેલા.

બરોબર એક કે દોઢ વાગ્યે જ્યારે સુરજ માથા ઉપર ઠીક ઠીક તપતો હતો ત્યારે અમે બસમાંથી ઉતર્યા. આ સ્થળના અમે સાવ અજાણ્યા હતા. અમારૂં કોઇ પરિચિત પણ નહોતું. શું કરવું અને કયાં જવું એનો વિચાર કરતા હતા એવામાં અમે બે મીલીટરી ઑફીસરોને જોયા. તેમની પાસે ગયા અને એન. સી. સી. ની કેંપ જોવાની અમે તેમની સમક્ષ ઇચ્છા વ્યક્ત કરી. તેમણે અમને માયાળુપણાથી આવકાર્યા, અને કેંપમાં દાખલ થવાની અને ફરવાની અમારા માટે રજા મેળવી આપી અને એક કેડેટને અમને કેંપમાં બધે ફેરવવાની સૂચના સાથે અમારા હવાલે કર્યો. અમે કેંપની આખી વ્યવસ્થા જોઇ. આ અમારા માટે નવું દર્શન હતું. ઉત્તર પ્રદેશ બાજુના લગભગ ૪૫૦ વિદ્યાર્થીઓનો આ કેંપ હતો. આ લોકોનું સામુહિક જીવન કેવું હોય છે, ખાવા પીવા તથા રહેવાની, રસોડાની તેમ જ પાયખાનાની, લશ્કરી કવાયતની, રમત ગમતની તેમ જ મનોરંજનની કેવી વ્યવસ્થા હોય છે એ બધી બાબતોનો અમને અહિં ફરતાં ફરતાં ખ્યાલ આવ્યો. ખુલ્લી ઢાળ-ઢોળાવ વાળી જગ્યામાં નાના તંબુઓની હારમાળા નાંખી દીધી હતી. જમવાના સ્થળે મોટા તંબુ અથવા તો મંડપ ઉભા કરવામાં આવ્યા હતા. રસોઇ મોટા ભાગે નિરામિષાહારી હતી, કારણ કે આમાંના ઘણા ખરા કેડેટો શાકાહારી હતા. જમવાના ઠેકાણે દોઢેક ફૂટ જેટલી ઉંડી અને સો ફૂટ જેટલી લાંબી નીકો ગાળે ગાળે બનાવી હતી. એ નીકો વચ્ચે આવેલી ઉંચી જમીનની લાંબી પટ્ટી ઉપર જમવાનાં વાસણો બે લાઇનમાં હારબંધ મૂકાય અને નીકમાં પોતાના પગ રાખીને નીકની બાજુની ઉંચી પટ્ટી ઉપર વિદ્યાર્થીઓ સામસામા હારબંધ જમવા બેસે–આવી ભૂતળ ઉપર લાંબા ટેબલ અને બાંકડા જેવી જમવા માટે ગોઠવણ કરવામાં આવી હતી. આવી જ વ્યવસ્થિત નહાવા ધોવાની ગોઠવણ હતી. આમ શિસ્તપૂર્ણ સામુહિક લશ્કરી જીવનની આપણી ઉગતી પ્રજાને મળતી તાલીમ જોઇને મનમાં ખૂબ આનંદ થતો હતો. અલબત્ત આ બધી રચના પાછળ આખરે લડાઇનો અને માનવી સંહારનો ખ્યાલ રહેલો છે. એ હકીકત લક્ષ્ય ઉપર આવતાં મન ગ્લાનિ અનુભવતું હતું, પણ કોઈ કાળે લડવાનું હો કે ન હો–આવી શિસ્તબધ્ધ તાલીમની આપણા યુવકોને ખૂબ જ જરૂર છે એમાં બે મત હોઇ ન જ શકે. અહિં અમને બધે ફેરવનાર કેડેટ પછી તેમના કેન્ટીનમાં, એટલે કે જ્યાં ચા પાણી અને નાસ્તો પુરો પાડવામાં આવતો હતો ત્યાં, લઇ ગયો અને ત્યાં તેના એક વડા સાથે અમારી ઓળખાણ કરાવી અને ચા નાસ્તા વડે અમારૂં સ્વાગત કર્યું.

પછી અમે ઉપરના ભાગમાં આવેલા ઉત્તર પ્રદેશ હસ્તક ચાલતા ઉની કેન્દ્ર–wool–weaving centre–માં ગયા. ત્યાં ઉનકાંતાઇથી માંડીને વણાટ સુધીની બધી પ્રક્રિયાઓ ઉમેદવાર વિદ્યાર્થીઓને શિખવવામાં આવતી હતી અને કારીગરો દ્વારા ઉનનું કાપડ, ધાબળા, શાલ, મફલર, રૂમાલ વગેરે સારા પ્રમાણમાં તૈયાર કરવામાં આવતા હતા, અને નીચેના સપાટ પ્રદેશોમાં ચાલતા ખાદીભંડારોને આ બધું પૂરું પાડવામાં આવતું હતું. આ બાજુ ઉન ખૂબ પેદા થાય છે; ટિબેટથી પણ ઢગલાબંધ ઉન આવે છે, અને તેથી ઉની કાપડનો ઉદ્યોગ એ આ બાજુના પ્રદેશની વિશેષતા છે. મને આ ઉદ્યોગની કોઈ વિશેષ માહિતી નહોતી, પણ અમારી સાથે અજિતભાઇ હતા તેઓ ખાદી કમીશનના ઓફિસર હતા, તેમના માથે અંબર ચરખાનો ભારતભરમાં પ્રચાર કરવાની અને અંબર ચરખાના સ્થળે સ્થળે પરિશ્રમાલયો ઉભા કરવાની જવાબદારી હતી. તેઓ આ ઉદ્યોગથી સારી રીતે માહિતગાર હતા. તેમને આ કેન્દ્રના મેનેજર સાથે ઘણી ચર્ચા અને સારો એવો વિચાર-વિનિમય થયો.

અહિંથી બહાર નીકળ્યા એટલે બાજુએ નજીકમાં આવેલ પ્રેમ વિદ્યાલયના પ્રમુખ કાર્યકર્તા શ્રી રામદત્ત પાન્ડે મળ્યા. પ્રેમ વિદ્યાલય તો તે દિવસે રજાઓ હોવાથી બંધ હતું. પણ તેમણે અને તેના મોટા ભાઇએ પ્રેમ વિદ્યાલય કેવી રીતે અને કેવા સંયોગોમાં શરૂ કર્યું તેની કેટલીક વિગતો રામદત્તજીએ અમને જણાવી. મથુરા પાસે વૃન્દાવનમાં પ્રેમ મહા વિદ્યાલય નામની બહુ જુની અને જાણીતી સંસ્થા છે. ત્યાં આ રામદત્ત પાન્ડે અને તેના મોટા ભાઇ ભગીરથ પાન્ડે ભણીને તૈયાર થયેલા. ત્યાંથી પ્રેરણા પામીને એવી જ કોઇ શિક્ષણ સંસ્થા ઉભી કરવાના હેતુથી ભગીરથ-દત્ત પાન્ડે આ બાજુ આવ્યા અને અહિં બાળધોરણોથી આ સંસ્થાની શરૂઆત કરી અને પ્રેમવિદ્યાલય એવું આ સંસ્થાને તેમણે નામ આપ્યું. તેમનો નાનો ભાઇ રામદત્ત પણ મોટા ભાઇના કામમાં જોડાયો, પણ શકિત, પ્રેરણા અને સંયોજનશકિત તો બધી મોટા ભાઇની હતી. દશરથદત્ત ભારે રાષ્ટ્રીય ભાવનાવાળા હતા અને ગાંધીવાદથી રંગાયેલા હતા, અને તેથી દેશમાં જે જે આન્દો-લનો ઉભા થતા રહ્યા તેથી તેઓ અસ્પૃષ્ટ રહી શકે તેમ હતું જ નહિ. રાણીખેત તો અગ્રેજ સરકારનું એક મોટું લશ્કરી કેન્દ્ર. એટલે આ ભાઇઓની બધી પ્રવૃત્તિઓ ઉપર તેમનો ખૂબ જાપતો હતો, અને તે કારણે શિક્ષણસંસ્થાના કાર્યમાં પણ અવારનવાર સરકારી દખલ ઉભી થયા કરતી હતી. ૧૯૨૯માં ગાંધીજી તાડી-ખેત આવ્યા ત્યારે આ બે ભાઇઓ જ તેમનું મુખ્ય સ્વાગત કરવામાં હતા. ગાંધીજી સાથે દશરથદત્તને સારો સંબંધ હતો. ૧૯૩૦–૩૨ ની લડત દરમિયાન સંસ્થા લગભગ બંધ કરવી પડી હતી. પછી પણ કઠણાઇનાં વર્ષોમાંથી જ સંસ્થાને પસાર થવું પડયું હતું, એમ છતાં સંસ્થા વિકસતી ગઇ હતી અને વિદ્યાર્થી-ઓની સંખ્યા પણ વધતી જતી હતી. ૧૯૩૯માં ભગીરથદત્તનું અવસાન થયું અને આખી સંસ્થાનો બોજો રામદત્તના માથે આવ્યો. આ એક રીતે તેના ગજા ઉપરવટનું કામ હતું. બીજી બાજુએ સમયાન્તરે દેશનો રાજકારણી રંગ બદલાયો. આજે ઉત્તર પ્રદેશની સરકારનો તેને સારો ટેકો છે. સ્કૂલમાં આશરે ૨૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. તેમને પ્રધાનતઃ ઔદ્યોગિક શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષક સમુદાય અને સંસ્થાના સૂત્રધાર સારા મળી ગયા છે. દૂર દૂરના વિદ્યાર્થીઓ માટે અહિં છાત્રાલય પણ છે અને એમ

છતાં આસપાસના પ્રદેશમાં વસતા વિદ્યાર્થીઓ ઠીક ઠીક અન્તર આવીને અહિં ભણવા આવે છે. આ પ્રેમવિદ્યાલયે એક સજીવ પ્રાણવાન શિક્ષણસંસ્થા તરીકે કૂમાઉં પ્રદેશમાં સારી ખ્યાતિ પ્રાપ્ત કરી છે. આ બધી હકીકત અમે રામદત્ત પાન્ડે પાસેથી જાણી. તે કહે કે "સંસ્થાનો વિકાસ સારો થયો છે, સરકારની મદદ પણ સારી છે, પણ કમનસીબે જેની વર્ષોની તપસ્યાનું આ શુભ પરિણામ છે તે મારો મોટો ભાઈ આ બધું જોવાને હયાત નથી. જ્યારે સંસ્થાને આગળ વધારવાનો ખરો વખત આવ્યો ત્યારે મારો એ ભાઇ ઇશ્વર પાસે ચાલી ગયો. તેણે આઝાદીની લડતમાં જેલવાસ ભોગવ્યો; સરકારી પોલીસ તરફથી ઘણો ત્રાસ ભોગવ્યો પણ પોતાની નિષ્ઠામાં હંમેશા તે એકસરખો અચળ રહેલો." આમ વાત કરતાં–પોતાના ભાઇને યાદ કરતાં–તે ગળગળા થઈ ગયા.

પછી જ્યાં ગાંધીજી બે દિવસ અહિં આવીને રહેલા તે જગ્યાએ અમે પહોંચ્યા. ઉંચાણમાં વિશાળ ટેકરીના વક્ષસ્થળમાં જાણે કે કૌસ્તુભ મણિ જડયું ન હોય એવું આ નાનું નમણું અને બદામી રંગે રંગેલું મકાન શોભતું હતું. મકાન ઉપરથી ઘણે દૂર સુધી ચોતરફ દૃષ્ટિ જઈ શકતી હતી. કોંપાઉન્ડમાં દાખલ થતાં નાનો સરખો બગીચો છે. વચ્ચે ઉંચી પીઠિકા ઉપર ગાંધીજી તકીયાને અઢેલીને શરીર જરા લંબાવીને અને પગ જરા પહોળા કરીને બેઠા છે અને શરીર ચાદર વડે ઢંકાયલું છે–એવી ગેરૂઆ રંગની ઘણું ખરું પ્લાસ્ટર ઓફ પેરીસની બનાવેલી ગાંધીજીની પ્રતિમા અહિં સ્થાપિત કરવામાં આવી છે. તડકો અને વરસાદથી સુરક્ષિત રહે એટલા માટે તેને કાચના માળખાથી ઢાંકવામાં આવી છે. રાણીખેત અમે આવ્યા ત્યાં સુધી તાડીખેત આવવાની અને તાડીખેત ગાંધીજીના સ્મરણ સાથે આ રીતે જોડાયલું હોવાની કોઇ કલ્પના નહોતી. ગાંધીજીના આ રીતે દર્શન કરતાં ભારતનો છેલ્લા પચ્ચાસ વરસનો ઇતિહાસ, દક્ષિણ આફ્રિકાથી આવીને ગાંધીજીએ ભારતમાં નિર્માણ કરવા માંડેલી સર્વમુખી ક્રાન્તિ, ૧૯૨૯ ના–એ સવિનય સત્યાગ્રહની ૩૦–૩૨ ની લડતનાં મંડાણ થયા પહેલાના–દિવસો, પછીની અનેક ઘટનાઓ, ગાંધીજીની લોકોત્તર જીવનપ્રતિભા–આ બધું સ્મરણપટ ઉપર એકાએક ઉપસી આવ્યું. નૌઆખલીની યાત્રા, ગાંધીજીનો એકલ વિહાર, દેશમાં ઉભી થયેલી અરાજકતા, કોમવાદના ખપ્પરમાં ગાંધીજીના જીવનની આપાયલી આહુતિ–આ બધાં દૃષ્યો આંખ સામે તરવરવા લાગ્યા, અને કોઇ ન સમજી શકાય એવું સંવેદન આખા ચિત્તતંત્રને હલાવી રહ્યું.

ગાંધીજી જે નાના સરખા બંગલામાં રહેલાં તેમાં અમે દાખલ થયાં. રામદત્તજીએ અહિં ગાંધીજી કેવી રીતે આવ્યા, તેમની સાથે તેમણે બે દિવસ કેવી રીતે ગાળ્યા, આસપાસની જનતાએ તેમનો કેવો આદર કર્યો, ગાંધીજીએ એ બે દિવસ દરમિયાન અહિં શું શું કર્યું વગેરે વાતો યાદ કરીને અમને કહી અને છેવટે તેમણે જણાવ્યું કે "અમારૂં મોટું સદ્ભાગ્ય છે કે એ મહાત્માજીના પ્રતાપે છે કે, જેવી રીતે રામચંદ્રજી વનમાં ગયા તો ભરતજી પણ પાછળ એ વનમાં ગયા તેવી રીતે, મહાત્માજી અહિં આવ્યા તો તમારી જેવા મોટા માણસોનાં પગલાં ગાંધીજીના નિમિત્તે અમારી આ વેરાન ભૂમિ ઉપર થયા કરે છે. આપણા દેશની હવે જે કાયાપલટ થવા માંડી છે તે પણ તે મહાત્માનો જ પ્રતાપ છે. એ મહાત્માની કૃપાથી જ અમારી જેવાનું જીવતર જીવવા જેવું બન્યું છે"–આમ કહેતાં કહેતાં તેમનું મન ભરાઇ આવ્યું. અહિંથી અમે ગાંધીજીની પ્રતિમાનાં દર્શન કરીને પાછા ફર્યા. રામદત્તજી બસ સ્ટેશન સુધી અમારી સાથે આવ્યા. બસ સ્ટેશન પાસે સંસ્થાની એક નાની ઓફીસ જેવી ઓરડી છે ત્યાં અમને તેઓ લઇ ગયા. પ્રેમવિદ્યાલયની વિશેષ માહિતી આપતું સાહિત્ય અમારા હાથમાં મૂકયું અને ઉપાહાર વડે અમારો સત્કાર કર્યો. જાણે કે અમે ગાંધીજીના પ્રતિનિધિ હોઇએ એમ અમારા પ્રત્યે તેમણે ભારે ઊંડો આદર દાખવ્યો.

સાંજ પડવા આવી હતી. દિવસ અથમવા આવ્યો હતો. રાણીખેત પાછા પહોંચવાનું હતું. સાડા પાંચ લગભગ રામનગરથી આવતી બસમાં બેસીને રાણીખેત પહોંચી જઇશું એવી અમારી કલ્પના હતી. છ વાગ્યા પણ એ બસ આવી નહિ. તે બસ આવે પણ તેમાં જગ્યા ન હોય તો અમને તે બસમાં બેસવા ન દે. તો પછી બીજી તો કોઇ બસ આવવાની જ નહોતી. એટલે હું એન. સી. સી. કેંપના મીલીટારી કમાન્ડર પાસે ગયો અને શકય હોય તો અમારા માટે વાહનની વ્યવસ્થા કરી આપવા મેં તેમને વિનંતિ કરી. રાણીખેતથી દુધ શાક પાંદડું વગેરે લેવા માટે એકાદ કલાક પછી મીલીટરી ટ્રક જવાનું હતું. તેમણે ટેલીફોન કરીને એક ટ્રક એક કલાક અમારા માટે ખાસ વહેલું ઉપડે અને અમને રાણીખેત પહોંચાડે એવી વ્યવસ્થા કરી આપી. તેમનો આ માયાળુ ભાવ જોઇને અમે મુગ્ધતા અનુભવી. મીલીટરી ટ્રકમાં બેસીને અંધારૂં થાય તે પહેલાં અમે રાણીખેત પહોંચી ગયા.

બીજે દિવસે સાડા દશ વાગ્યાની બસમાં અમારે અહિંથી કૌસાની જવા ઉપડવાનું હતું. તેથી સામાન વગેરે પેક કરવા માટે સવારે વહેલાં ઉઠયાં અને અમારી હોટેલના પાછળના ભાગમાં પહેલી જ વાર અમને હિમશિખરોનાં આછાં દર્શન થયાં. અજિતભાઇ ગયા વર્ષે પણ અહિં અવેલા, તેથી આ સ્થળથી તેમ જ હિમશિખરોથી તેઓ પરિચિત હતા. તેમણે જુદા જુદા શિખરોની ઓળખ આપી. અમે મુગ્ધભાવે ઉત્તર દિશાએ દેખાતું દૃષ્ય જોઇ રહ્યાં.

અપૂર્ણ

પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘે યોજેલું મહાબળેશ્વર પર્યટન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે તા. ૧૯ મી ઓકટોબરથી તા. ૨૬ મી ઓકટોબર સુધીનું મહાબળેશ્વરના પ્રવાસને લગતું પર્યટન યોજવામાં આવ્યું હતું. આ પર્યટનમાં નાના મોટાં બધાં મળીને ૩૫ ભાઇ બહેનો જોડાયાં હતાં. આ માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસની સળંગ ગોઠવણ કરવામાં આવી હતી. પ્રવાસી સભ્યો પાંચ દિવસ મહાબળેશ્વરમાં રોકાયા હતા અને એક દિવસ પૂનામાં રોકાયા હતા. પૂના ખાતે અન્ય સ્થળો ઉપરાંત ખડકવાસલા ઉપર આવેલ નેશનલ ડીફેન્સ એકેડેમી સૌ ભાઇ બહેનોને દેખાડવામાં આવી હતી. આ પર્યટન અંગે વ્યકિત દીઠ રૂ. ૬૬ નો ખર્ચ આવ્યો હતો અને આખું પર્યટન પ્રારંભથી તે અન્ત સુધી અત્યન્ત આનંદપૂર્ણ નીવડયું હતું. આ પર્યટનની વિશેષ વિગતો આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

શ્રી કેદારનાથજીનાં વ્યાખ્યાનો

શ્રી ભારત જૈન મહામંડળની મુંબઇ શાખાના ઉપક્રમે ઓકટોબર માસની ૨૬ મી તારીખથી નવેંબર માસની ૧૬ મી તારીખ સુધીના પાંચ રવિવારો માટે પારસી જીમખાના સામે મરીન લાઇન્સ સ્ટેશનની પાછળ તારાબાઇ હૉલમાં શ્રી કેદારનાથજીનાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહ એ પાંચ વિષયો ઉપર અનુક્રમે પાંચ વ્યાખ્યાનોની એક વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે. આમાનાં બે વ્યાખ્યાનો થઈ ગયાં છે અને હવે પછી નવેંબર માસની તા. ૨, ૯ તથા ૧૬ મીની સવારના ૮॥ વાગે ઉપરોક્ત સ્થળે બાકીનાં ત્રણ વ્યાખ્યાનો થવાનાં છે. આ પ્રસંગનો લાભ લેવા તત્ત્વજિજ્ઞાસુ ભાઇ બહેનોને નિમંત્રણ છે.

મંત્રીઓ, ભારત જૈન મહામંડળ (મુંબઇ શાખા)

વિષય સૂચિ

		પૃષ્ઠ
આંધી અને ઉપવાસ	નવલભાઇ શાહ	૧૧૯
ભારત અને પાકીસ્તાનની દુનિયાદમાં મહત્ત્વનો તફાવત	જવાહરલાલ નહેરૂ	૧૨૧
અટારી	ગીતા પરીખ	૧૨૨
કૂર્માચળની પરિક્રમા	પરમાનંદ	૧૨૩
નિવાપાંજલિ		૧૨૭
જ્ઞાનોદય ટ્રસ્ટ		૧૨૮

નિ વા પાં જ લિ

(૧) પૂર્ણાયુ આચાર્ય ભગવાનદાસ

મુંબઇના રાજ્યપાલ શ્રીપ્રકાશના પિતા ડૉ. ભગવાનદાસનું તાજેતરમાં કાશી ખાતે લગભગ ૯૦ વર્ષની ઉમ્મરે અવસાન થયું. તેમને કાકાસાહેબ કાલેલકર 'મંગળ પ્રભાત'માં નીચે પ્રમાણે અંજલિ આપે છે :–

'વ્યશેમ દેવહિતં યદ્ આયુઃ' આ પ્રાર્થનાની સફલતા જો આપણે પૂરેપૂરી કોઇ વ્યક્તિમાં જોઇ શકતા હોઇએ તો તેવી બે વ્યક્તિ છે: એક કર્મમાર્ગી ઠક્કર બાપામાં અને બીજી જ્ઞાનમાર્ગી દાર્શનિક આચાર્ય ભાણુ ભગવાનદાસમાં. ભાણુ ભગવાનદાસે પોતાનું જીવન શરૂઆતમાં શ્રીમતી એની બીસેન્ટની થીઓસોફીકલ સોસાયટીને અર્પણ કર્યું હતું. કેટલાયે લોકોએ એ દિવસોમાં જણાવેલું કે જેવું પંઢરીનાથ તૈલંગની બાબતમાં બન્યું તેવું જ ભાણુ ભગવાનદાસની બાબતમાં પણ બની રહ્યું છે. આ સ્વાર્પણથી તેમનો વિકાસ ચરમ કોટિ સુધી પહોંચવાને બદલે કાંઇક રોકાઈ ગયો. પણ આપણે માનીએ છીએ કે આવા મનીષી અને પુરુષાર્થી વ્યક્તિઓનો વિકાસ કદિ અટકી શકતો નથી. એવી વ્યક્તિઓની જીવનસાધનાનો ક્રમ તેમના વ્યક્તિત્વને અનુસાર નિર્માણ થયા જ કરે છે અને તેમના પૂર્ણ વિકાસનું વાયુમંડળ પોતાની મેળે સરજાતું જાય છે. ભાણુ ભગવાનદાસ જેટલા ભારતીય તત્વજ્ઞાનમાં પારંગત હતા એટલા જ પ્રમાણમાં તેઓ પશ્ચિમની વિચાર પ્રણાલિથી પણ પૂર્ણ પરિચિત હતા. બન્નેનો સમન્વય સાધતાં સાધતાં તેઓ ન તો પશ્ચિમના પ્રવાહમાં તણાઈ ગયા કે ન તો તેમાં દબાઈ ગયા. હિંદુ સંસ્કૃતિ તથા મુસ્લીમ સંસ્કૃતિનો સમન્વય કેટલો અપરિહાર્ય છે એ પણ તેઓ પૂરી રીતે સમજતા હતા. આમાં સ્વકીય સંસ્કૃતિ પ્રત્યેના સ્વાભાવિક પક્ષપાતની માત્રા લગભગ નહિ જેવી હતી. Science of Peace, Science of Emotions જેવા તેમના વિદ્વત્તાપૂર્ણ પ્રાથમિક ગ્રંથોની વાત આપણે છોડી દઇએ. 'Fundamental Unity of All Religions' એ નામના એમના સમન્વયકારી ગ્રંથરાજની ભૂમિકા આર્ય સંસ્કૃતિની જ છે. આ પાયાની વસ્તુ સાથે દુનિયાની સર્વ ધર્મસંસ્કૃતિઓનો સમન્વય એમણે સફળતાપૂર્વક કરીને દેખાડયો છે. 'માનવધર્મસાર' એમની ભારતને સુન્દર ભેટ છે.

રાષ્ટ્રીય શિક્ષાનું મહત્ત્વ આજના ભારતમાં તેઓ સૌથી વધુ રે સમજતા હતા. તે માટે પણ તેમનાથી જેટલું થઇ શકે તેટલું તેમણે કર્યું છે.

આપણે એમ કહી શકીએ છીએ કે ભારતીય સંસ્કૃતિએ ભૂતકાળમાં જે કોઇ પ્રયોગ કર્યા અને સિદ્ધિ પ્રાપ્ત કરી તેનો સારો નીચોડ ભાણુ ભગવાનદાસે કોઇ ને કોઇ રૂપમાં આજના જમાનાને દીધો છે. ભારતીય ભૂતકાલમાંથી જે કાંઇ લેવા જેવું અને સંગ્રહ કરવા જેવું હતું તે સર્વ તેમણે ભારતને આપ્યું છે. આ પૂંજીને લક્ષમાં, આ સંપત્તિના બળ ઉપર ભવિષ્યમાં આપણે કયા રસ્તે આગળ વધીએ, ભવિષ્યમાં ભારતીય સંસ્કૃતિ કેવું રૂપ ધારણ કરે એ સર્વ બતાવવાનું કામ એમનું નહોતું.

આમ કહેવાની એ મતલબ નથી કે એ કામ તેમણે નથી કર્યું. કર્મક્ષેત્રનો ત્યાગ તેમણે કર્યો નહોતો. ભવિષ્ય માટે દિશા–દર્શન કરવાનો પ્રયત્ન તેમણે ભરચક કર્યો હતો. તેમાંથી પણ આપણે લાભ ઉઠાવવાનો જ છે. પણ ભવિષ્ય માટે રસ્તો નક્કી કરવાનો ભાર આજના જમાના ઉપર રહેલો છે. આજનો જમાનો જો પોતાના પ્રાચીન અને મધ્યકાલીન સંબળને ભૂલી જઇને ભવિષ્યને માટે રસ્તો નક્કી કરશે તો તેમાં મૌલિકતા ઓછી હશે, અનુકરણશીલતા વધારે હશે. પરિણામે આપણે સારી રીતે પસ્તાવું પડશે. આમ હોવાથી જે કોઇને ભારતનું ભવિષ્ય નિર્માણ કરવું છે તેણે ભાણુ ભગવાનદાસના બૌદ્ધિક, નૈતિક તથા દાર્શનિક પરિશ્રમથી પૂર્ણતયા પરિચિત બનીને તેનો લાભ ઉઠાવવો જોઇએ. આ વારસાના પાયા ઉપર ભવિષ્યની રચના આપણે આત્મવિશ્વાસપૂર્વક કરી શકીશું. ભારત આ પૂર્ણાયુ તત્ત્વદર્શી પ્રતિ હંમેશાને માટે કૃતજ્ઞ રહેશે. નમઃ પરમઋષિભ્યઃ। કાકા કાલેલકર

(૨) સૌજન્યમૂર્તિ કાન્તિલાલ છગનલાલ પંડ્યા

ગુજરાતના પ્રસિદ્ધ અને બહુશ્રુત, વિદ્વાન અને લેખક, વૈજ્ઞાનિક અને અધ્યાપક, સજ્જન અને સુજન ભાઈ કાન્તિલાલ પંડ્યાના અવસાનથી ગુજરાતના સંસ્કાર જીવનમાંથી એક જ્વલંત તારક ખરી પડયો છે.

બોંતેર વર્ષની પરિપક્વ વયે, સતત લેખન, વાંચન, અને દેશહિતના પ્રશ્નોની વિચારણાના વાતાવરણમાં તેમનો જીવનવ્યવસાય છેવટ સુધી સાક્ષરજીવનના ભાવથી ઓતપ્રોત હતો. તેને માટે તેમને જન્મથી નૈસર્ગિક શક્તિ અને કૌટુમ્બિક વાતાવરણ પ્રાપ્ત થયાં હતાં. કાદંબરીના અનુવાદક અને બીજી કૃતિઓથી પ્રસિદ્ધ થયેલા એમનાં પિતાશ્રી સ્વ. છગનલાલ હરિલાલ પંડ્યા, તેમના મામા શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી, અને શ્રીમનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીના સંસર્ગથી તેમનું સાહિત્યકસેવર બંધાયું હતું. તેમના શ્વશુર શ્રી મનઃસુખરામ ત્રિપાઠીના વિદ્યાવ્યાસંગી વાતાવરણથી તેમનાં પત્ની શ્રી ઉમાંગઅહેનથી અને તેમની ત્રણ પુત્રીઓ કુંજ, રશ્મિ અને રજનીથી એમના સંસ્કૃતમય નિત્ય જીવનને અનેરી શુદ્ધિ અને પ્રેમનો લાભ મળ્યો હતો.

આગ્રાની સેંટ જોન કોલેજના રસાયનવિદ્યાના પ્રોફેસર તરીકે તેમણે ત્રીસ વર્ષ ઉપર કાર્ય કર્યું; તે વખતે હું પણ રાસાયનિક વિદ્યાનો લાહોરમાં અધ્યાપક હતો અને આગ્રામાં તેમની મેમાનગીરીનો લાભ મેં ઘણી વખત લીધો હતો. તેમનો અતિથિસત્કાર બધા ગુજરાતી ભાઇઓને માટે ખુલ્લો હતો; અને જેવી રીતે પૂનામાં શ્રી જયશંકર ત્રિવેદીનો ઘરસંસાર આવી આતિથ્ય પ્રવૃત્તિમાં પરિણમ્યો હતો, તેવી રીતે આગ્રા જનાર કોઈ પણ ગુજરાતીને કાન્તિભાઇના સંસ્કારી કુટુમ્બનો લાભ લીધા મળ્યા વિના રહેતો નહિ.

તેમના હાથે સેંકડો વિદ્યાર્થીઓને એમ. એ. અને પીએચ.ડી. ની ઉપાધિ મળી હતી. એમની બે પુત્રીઓ પણ આવી ઉપાધિઓ પામી હતી. તે છતાં એમના જીવનમાં મુખ્ય રસ તો સાહિત્ય અને ગુજરાતી ભાષાના વિકાસ વિષે હતો. સન ૧૯૧૩ માં તુર્તમાં જ ખુલેલા બેંગલોરના તાતા ઇન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચમાં સંશોધન માટે અમે બે ગુજરાતીઓ ત્રણ મહીના સાથે રહ્યા હતા. તે પ્રસંગે અમે રોજ રાતે ગુજરાતી સાહિત્યના વિકાસના સ્વપ્નાં સેવતાં હતાં અને છેવટે અમે એમ નિર્ણય ઉપર આવ્યા હતા કે ગુજરાતી સાહિત્યમાં વિજ્ઞાનનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવા એ અમારે જીવનનું ધ્યેય ગણવું. ત્યાર પછી મેં ગુજરાતીમાં વૈજ્ઞાનિક લેખો લખવા શરૂ કર્યાં અને વર્ષો સુધી સુંદરી સુબોધ અને સ્ત્રી બોધમાં લેખ લખ્યા. ત્યાર પછી મેં 'વિજ્ઞાન વિનોદ' અને 'વિજ્ઞાનવિચાર' એ પુસ્તકો લખ્યાં. કાન્તિભાઇને આગ્રાકોલેજમાં એક જ ઠેકાણે વર્ષો સુધી રસાયનવિદ્યાના અધ્યાપકનું કામ કરવાનો લાભ મળ્યોઃ અને ૧૯૨૧ ના સાહિત્યપરિષદના વિજ્ઞાનવિભાગના પ્રમુખ તરીકે વૈજ્ઞાનિક શબ્દકોષ તૈયાર કરવાની તેમણે યોજના કરી. તેમના અનેક લેખો વિજ્ઞાનમંદિરના ત્રણ ભાગમાં પ્રસિદ્ધ થવાની યોજના થઈ છે. તેમાંથી બે ભાગ પ્રસિદ્ધ થયા છે.

પરંતુ કાન્તિભાઇને ખરી ખ્યાતિ અને પરિપૂર્ણ કલા તેમના "ગોવર્ધનરામ" એ શ્રેષ્ટ જીવન ચરિત્રના પુસ્તક ઉપર રચાયેલી છે. વિજ્ઞાનના અધ્યાપક શુદ્ધ સાહિત્ય સુંદર રીતે લખી શકે એ વિચાર જ ઘણા વિવેચકોને ન ગમવાથી તેમનું આ જીવનચિત્ર જોઇએ તેટલું પ્રસિદ્ધ રીતે વખણાયું નથી; પરંતુ મને લાગે છે કે તેમના પછી તૈયાર થયેલા શ્રી વિનાયક બ્હેતાનું "નંદશંકર ચિત્ર" અને શ્રી અંબાલાલ પુરાણીનું "મણિલાલ નભુભાઇ" એ ઉત્તમ પુસ્તક કરતાં પણ કાન્તિભાઇનું ગોવર્ધનરામ વધારે ઉંચી કક્ષાનું છે. જીવન ચરિત્ર લખવાની કલા અને શાસ્ત્રની દૃષ્ટિએ ગુજરાતના શ્રેષ્ઠ સાક્ષર શ્રી ગોવર્ધનરામ વિષે આના કરતાં વધારે સારું પુસ્તક હજી સુધી તૈયાર થયું નથી. શ્રી ગોવર્ધનરામની જન્મશતાબ્દના ઉત્સવ પ્રસંગે શ્રી કાન્તિભાઇએ જે ઉત્સાહ અને કાર્યક્ષમતાથી પોતાનું કાર્ય કર્યું હતું તે વખતે તેમના મંદવાડનો કે તેમના આયુષ્યનો અંત આટલો જલદી આવશે એવો કોઇને વિચાર સરખો પણ નહોતો. તેમણે 'Scrap Book' ગોવર્ધનરામની નિત્યનોંધપોથી ઉપરથી સુંદર પુસ્તક ઉપજાવ્યું છે અને તે પુસ્તકના બીજા વિભાગો જલદી તૈયાર થશે એવી આશા છે.

વિજ્ઞાન અને સાહિત્ય બંને ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાની સિદ્ધિ પ્રાપ્ત કરનાર લેખકોમાં શ્રી કાન્તિભાઇનું સ્થાન પ્રથમ આવે છે. તેમની સજ્જનતા, સૌમ્યતા, શુદ્ધ જીવન, તેમની શાન્ત અને સૌમ્ય વાણી અને સૌથી વધારે ગોવર્ધનરામે લખેલી તટસ્થ વૃત્તિ ("તટસ્થ સાક્ષીઓનું જીવન કેવળ સાક્ષર જીવન છે") એ તેમનાં જીવનનાં ચિરસ્મરણીય અંશો છે.

ચોપટલાલ ગોવિંદલાલ શાહ

(૩) જુનાને નવા સાથે સાંકળતી એક કડી તુટી ગઈ!

અમદાવાદના એક અગ્રગણ્ય નાગરિક શેઠશ્રી પૂંજાભાઈ દીપચંદના થોડા સમય પહેલાં નીપજેલા દેહવિલયથી ગઈ પચ્ચીસીમાં નવા અને જૂના વચ્ચે રૂઢિચુસ્ત અને પ્રગતિશીલ તત્ત્વો વચ્ચે–કડી સમાન બની રહેનાર એક અંકોડો ઓગળી જાય છે. સિત્તેર વર્ષની ઉમરે પણ પ્રવૃત્તિશીલ, પ્રગતિશીલ વિચારોના અનુમોદક શેઠ શ્રી પૂંજાભાઈનો પરિચય, શ્રી પરમાનંદભાઈ કાપડિયાના સંઘબહાર પ્રકરણ સમયે થયો, ત્યારે મારા મનમાં આશ્ચર્ય થયેલું. તે સમયની અમદાવાદના જૈન યુવકોની પ્રવૃત્તિમાં બે પાયાદીધારી સદ્‌ગૃહસ્થો હતા. એક સ્વર્ગસ્થ પૂંજાભાઈ અને બીજા શ્રી શકરાભાઈ લલ્લુભાઈ. બન્ને યુવક સંઘની પ્રવૃત્તિના પ્રેરક અને પ્રશંસક. સ્વર્ગસ્થ પૂંજાભાઈ પ્રગતિશીલ પક્ષે; શ્રી શકરાભાઈ 'જૈસે થે' માં માનનાર; છતાં યુવકોના બન્નેય અગ્રણી. આમાં શ્રી પૂંજાભાઈનું વ્યક્તિત્વ સૌને ખેંચી રાખતું.

પૂરો અમદાવાદી પોશાક, લાંબો કોટ, અમદાવાદી પાઘડી, ગળે અમદાવાદી ઢબે વિંટળાયેલો ખેસ, ભાલે વિશાળ તિલક અને મૂંજાલ મહેતાની યાદ આપતી લાંબી મૂછો, અને ગોરટિયો ભર્યો–ભર્યો દેહ. જિંદગીની છેલ્લી ક્ષણો સુધી ન દેહમાં ફેર પડ્યો, ન વિચારમાં કે ન પોશાકમાં. સંઘબહાર પ્રકરણમાં તેમનો પૂરો સહકાર મળેલો; સાથ મળેલો. તોફાન પછી મતગણતરીમાં યુવકોને મળેલા વિજયે તેમને આનંદ અર્પેલો.

જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક કોન્ફરન્સનું અધિવેશન મુંબઇમાં ગોવાળિયા ટેન્ક ઉપર મળ્યું, ત્યારે બાળદીક્ષાનો પ્રશ્ન અત્યંત ઊગ્ર બની ગયેલો. જૂનાં અને નવાં તત્ત્વોએ પોતપોતાના પક્ષોને સર્વ રીતે સાબદાં કરેલાં. ત્યારે અમને સૌને–અમદાવાદના કાર્યકર્તાઓને–મનમાં વસવસો હતો કે સ્વર્ગસ્થ કોઇ પક્ષે નમશે કે તટસ્થ રહેશે? અમારા આશ્ચર્ય વચ્ચે અમે સૌએ જોયું કે છેક સુધી તેઓ અમારી સાથે રહ્યા; બાળદીક્ષા પ્રતિબંધક ઠરાવને બહુમતિ મળેલી જોઈ તેઓ પ્રસન્ન થયેલા.

સાધુ સંસ્થા તરફ એમની ભક્તિ એવી કે કોઇ પણ સાધુની વિરુદ્ધનું સાંભળવું તેમને ન રુચે; જૈન સિદ્ધાંતો તરફ શાસ્ત્રાનુસાર અતિશ્રદ્ધા; કદિ ટીકા કરીએ તો તેમને ન ગમે; છતાં પ્રગતિશીલ વહેણ તરફ હમેશાં માન. સાધુસંસ્થામાં પ્રવેશેલી શિથિલતા તરફ અને જૈન સિદ્ધાંતોમાં વ્યાપેલી સ્થિતિસ્થાપકતાની જાણ હોવા છતાં, ચર્ચામાં ઉતરે નહિ અને છતાં સાધુસંસ્થાના અગ્રણીઓને રૂબરૂ મળી કહેવામાં પાછી પાની કરે નહિ. આથી અમને સૌને ઘણી વાર આશ્ચર્ય થતું કે આ બને શી રીતે? આનું એક કારણ હતું. સાંપ્રદાયિક વાતાવરણમાં ઉછેર હોવા છતાં સ્વર્ગસ્થ રાષ્ટ્રીયતાને રંગે રંગાયેલા હતા. સવિનયભંગના ત્રણે આંદોલનમાં પરોક્ષ રીતે તેમણે ભાગ લીધો હતો. અમદાવાદના પાંચકૂવા કાપડ મહાજનના પ્રમુખ તરીકે વર્ષો સુધી મહાજનને આપેલી દોરવણીથી તેઓ સરદારના પ્રીતિપાત્ર બન્યા હતા, એટલું જ નહિ, સરદારની નજીકમાંના એક હતા અને સરદારનો જેને રંગ લાગે તે રંગાયા વગર પણ ના રહે એ સ્વાભાવિક છે.

સાધર્મિક વાત્સલ્યનો ગુણ સંપ્રદાયને ત્યજી વિશાળ અર્થમાં તેઓએ અપનાવ્યો હતો; આથી અનેક દીનદુઃખી જ નહિ પણ ટ્રસ્ટો માગી રહેલ કાર્યકરોના પણ પરિચયમાં તેઓને આવવાનું બન્યું હતું. એ કારણે જ નવ વિચારોના વહેણનો અવાજ તેઓ વર્ષો પહેલાં સાંભળી શકયા હતા.

સ્વર્ગસ્થ અમદાવાદની અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા—પાંજરાપોળ, દુષ્કાળરાહત, રાષ્ટ્રીય કે સામાજિક પ્રવૃત્તિ. આજે તેઓ નથી, છતાં તેમની સુવાસ સૌના દિલમાં છે.

શ્રદ્ધા અને ભક્તિની સાથે નવા યુગને પિછાણી પોતાનાં કાર્યો દ્વારા સમગ્ર સમાજને માર્ગદર્શક બનવા યત્ન કરનાર સ્વર્ગસ્થનાં સૌજન્ય અને સ્મૃતિ અમદાવાદ સહેજે ભૂલી શકે તેમ નથી.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

જ્ઞાનોદય ટ્રસ્ટ

પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી, ગત વર્ષ જૂન મહિનામાં, ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના પ્રમુખપદે, અખિલ ભારતીય ધોરણે મુંબઇમાં પંડિત સુખલાલજીનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું, તે પ્રસંગે પંડિતજીને પચાવન હજાર રૂપિયાની થેલી અર્પણ કરવામાં આવી હતી. પાછળથી બીજા પંદર હજાર રૂપિયા તથા આશરે અગિયાર હજાર રૂપિયાની કિંમતનાં 'દર્શન અને ચિંતન'–ત્રણે પુસ્તકોના સેટો પંડિતજીને આપવામાં આવ્યાં.

આ રીતે કુલ એકયાશી હજાર રૂપિયાનું પંડિતજીએ એક ટ્રસ્ટ કર્યું છે, જેનું નામ 'જ્ઞાનોદય ટ્રસ્ટ' રાખવામાં આવ્યું છે. આ ટ્રસ્ટના ઉદ્દેશો નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યા છે:—

(૧) ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન અને ધર્મોને લગતા ગ્રંથો, યોગ્ય પુરસ્કાર આપીને, તૈયાર કરાવવા અને પ્રગટ કરવા.

(૨) ઉપર જણાવેલ વિષયોનું ઉચ્ચ અધ્યયન કરતા વિદ્યાર્થીઓ કે વિદ્વાનોને છાત્રવૃત્તિ આપવી.

(૩) ઉપર જણાવેલ વિષયો ઉપર, વિદ્વાનો પાસે, યોગ્ય પુરસ્કાર આપીને, વ્યાખ્યાનો અપાવવાં અને તેને પ્રકાશિત કરવાં.

(૪) પંડિત સુખલાલજીનાં ગ્રંથો કે લખાણો પ્રગટ કરવાં.

(૫) માનવતાનો ઉત્કર્ષ સાધે એવું દેશ–વિદેશનું મૂળ સાહિત્ય કે એનો અનુવાદ પ્રકાશિત કરવો.

આ ટ્રસ્ટના નીચે મુજબ સાત ટ્રસ્ટીઓ છે:—

(૧)	પંડિત સુખલાલજી	(અમદાવાદ)
(૨)	મુનિ શ્રી જિનવિજયજી	(,,)
(૩)	કાકાસાહેબ કાલેલકર	(નવી દિલ્હી)
(૪)	શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા	(મુંબઈ)
(૫)	શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ	(,,)
(૬)	પ્રો. દલસુખભાઈ માલવણિયા	(બનારસ)
(૭)	શ્રી. ભંવરમલ સિંઘી	(કલકત્તા)

ટ્રસ્ટના ઉદ્દેશો પ્રમાણે, ટ્રસ્ટના કામનો પ્રારંભ કરવાની વિચારણા કરવા માટે ટ્રસ્ટીઓની સભા તા. ૧૨–૯–૫૮ ના રોજ મુંબઇમાં મળી હતી, જેમાં, આ અંગે લંબાણથી ચર્ચા–વિચારણા કર્યા બાદ, નીચે મુજબ નિર્ણયો લેવામાં આવ્યા હતા:—

(૧) પંડિત સુખલાલજીનાં લખાણોમાંથી પસંદગી કરીને, જુદા જુદા વિષયોને લગતા લેખોનો, આશરે ત્રણસો પાનાંનો પ્રતિનિધિ–સંગ્રહ પ્રગટ કરવો, તેમજ એમના 'દર્શન ઔર ચિંતન' હિન્દી પુસ્તકનું ગુજરાતી ભાષાંતર તૈયાર કરવું.

(૨) ભારતીય સંસ્કૃતિનાં જુદાં જુદાં અંગોનો પરિચય કરાવી શકે એટલે કે ધર્મ, તત્ત્વજ્ઞાન, કળા કે સાહિત્ય સંબંધી આધારભૂત માહિતી સરળ અને રોચક શૈલીમાં આપી શકે અને વિદ્વાનો અને સામાન્ય જનસમૂહને ઉપયોગી થઇ શકે એવાં પુસ્તકો તૈયાર કરાવવા માટે તે તે વિષયના વિશિષ્ટ જાણકાર વિદ્વાનોનો સંપર્ક સાધવો અને એમને પૂરતો પુરસ્કાર આપીને આવાં પુસ્તકો તૈયાર કરાવવાં.

(૩) ઉપરાંત, આવા જ વિશિષ્ટ વિષયો ઉપર, અભ્યાસ અને માહિતીપૂર્ણ વ્યાખ્યાનમાળાઓ, પૂરતો પુરસ્કાર આપીને, ગોઠવી શકાય એ માટે તે તે વિષયનું વ્યાપક અને તલસ્પર્શી જ્ઞાન ધરાવતા વિશિષ્ટ વિદ્વાનોનો સંપર્ક સાધીને એમને આ માટે આમંત્રણ આપવું.

પુસ્તકો તૈયાર કરાવવા માટે તથા વ્યાખ્યાનમાળા માટે કેટલાક વિશિષ્ટ વિદ્વાનોનાં નામો પણ વિચારવામાં આવ્યાં હતાં.

ટ્રસ્ટનું કાર્યાલય અમદાવાદમાં [૬. અનેકાન્ત વિહાર, (શ્રેયસ્ કોલોની પાસે). પોસ્ટ. નવરંગપુરા. અમદાવાદ–૯] રાખવામાં આવ્યું છે.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેંબર ૧૫, ૧૯૫૮, શનિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

શબ્દબ્રહ્મના ઉપાસકોને

(વિનોબાજીના ગુજરાત પ્રવેશ સાથે એક સ્થળેથી બીજા સ્થળે વિચરતા તેમના મોઢામાંથી અદ્‌ભુત વિચારગંગા અસ્ખલિતપણે વહી રહી છે. પ્રત્યેક પ્રવચનમાં નવો વિચાર–નવું જીવનદર્શન–પ્રગટ થઈ રહ્યું છે, અને એ દ્વારા સમસ્ત ગુજરાતી પ્રજાનું માનસ સંશોધન–ચિત્તનું ઉર્ધ્વીકરણ–થઇ રહ્યું છે. આ ગંગામાં જેનાથી જેટલું નવાય તેટલું નહાઇ લે, તેમનાં દર્શન કરીને તેમને સાંભળીને, શકય હોય તેઓ તેમની પદયાત્રામાં જોડાઇને અને એ ન બને તો છેવટે ભૂમિપુત્રમાં પ્રગટ થતાં તેમનાં પ્રવચનો વાંચીને આ શુભ અવસરનો જેટલો લાભ લેવાય તેટલો લઇ લે ! આવો અવસર ફરી ફરીને નહિ મળે !

આવી એક રસધાર ઓકટોબરની ૨૯ મી તારીખના રોજ બપોરના સમયે વડોદરા ખાતે એકત્ર થયેલા ગુજરાતના પ્રમુખ સાહિત્યકારો સમક્ષ શ્રી વિનોબાજીએ વહાવી હતી અને પોતાનું સાહિત્ય વિષયક ચિન્તન રજુ કર્યું હતું. તે રસધારની નોંધ નીચે આપવામાં આવે છે. તંત્રી)

છેલ્લાં સાત આઠ વર્ષોમાં મારી ભૂદાન–પદયાત્રામાં અનેક ભાષાના પ્રાન્તો આવી ગયા. તે સૌ પ્રાન્તોમાં મને સાહિત્યકો પાસે બોલવાનો મોકો મળ્યો હતો. એમને હું મારી વાત સંભળાવું છું ત્યારે મને કોઇ સંકોચ થતો નથી, કારણ કે હું સાહિત્યિક નથી. કારણ કે સાહિત્યની ઉપાસના કરનારા સાહિત્યિકો કહેવાય. હું સાહિત્યની ઉપાસના કરતો નથી, પણ સાહિત્યિકોની ઉપાસના કરું છું. ભેંસને ખાણ આપીએ તો એ પ્રસન્ન થઇને વધુ દૂધ આપે છે. હું પણ સાહિત્યિકોનો નિરંતર સ્તુતિપાઠ કરું છું, કારણ કે સાહિત્યિકોની કૃપા મેળવવા પ્રયત્ન ન કરે તેને વક્રતુંડ મહાકાયાનો સામનો કરવો પડે છે.

કોઇ પણ કાર્યના આરંભમાં ગજાનનની સ્તુતિ કરવાની હોય છે. સાહિત્યિક એટલે ગજાનન, એમનું મોટામાં મોટું શસ્ત્ર એટલે પેલી સૂંઢ ! સાહિત્યની કૃપા એ પરમ આશિર્વાદ છે. જો કે મારા જીવનનાં વર્ષો તીવ્ર કર્મયોગમાં વિત્યાં છે, તો પણ મને સાહિત્યની ઉપેક્ષા કરવાની વૃત્તિ થતી નહોતી. મને પંદરવીસ ભાષાઓનું સાહિત્ય જોવાનો અવસર મળ્યો છે. માટે મને સાહિત્યિકોની કદર છે. સાહિત્યિકોને પોતાને પોતાની કદર હોતી નથી, કારણે કે એ એમને પ્રાપ્ત છે. પ્રાપ્ત વસ્તુની કદર થતી નથી, પરંતુ જે પ્રાપ્ત નથી તેની કદર લોકો કરે છે.

કેટલાક સાહિત્યિકો લક્ષ્મીની કદર સરસ્વતી કરતાં વધારે કરે છે. તેઓ સરસ્વતીની શકિતની ઓછી કદર કરે તે સમજાય એવું છે, કારણ કે તેમની પાસે સરસ્વતી છે. મારી પાસે લક્ષ્મી નથી એટલે હું એને માતૃભાવથી આદરપૂર્વક જોઉં છું ને સેવું છું. લક્ષ્મી તથા સરસ્વતીનો વિરોધ કેમ હોય તે મને સમજાતું નથી.

ઋગ્વેદમાં એક વાકય સાંભળેલું કે જે સમાજમાં ધીર પુરુષો ધ્યાન અને મનન પૂર્વક વાણીનો ઉચ્ચાર કરે છે, તેને સંસ્કાર છે, ચારણી જેમ નિઃસાર વસ્તુ કાઢી નાંખીને સારને ગ્રહણ કરે છે તેમજ જે સમાજમાં વાણીનો ઉચ્ચાર મનનપૂર્વક થાય છે ત્યાં લક્ષ્મીનો વાસ થાય છે. પણ લક્ષ્મીનો પૈસા સાથે ગોટાળો કરી દીધો છે એટલે લક્ષ્મીની ઓળખાણ રહી નથી.

લક્ષ્મીનો પૈસો

એક વાર હું આંધ્રમાં એક ખેતરમાંથી પસાર થતો હતો. ત્યાં એક ખેડૂત ઝારીથી તમાકુના એકકેક છોડને પાણી પાતો હતો. મેં એને વિનોદમાં કહ્યું કે 'તમે તો એકકેક છોડની સેવા માતૃવાત્સલ્યથી કરો છો !' પેલાને મારો વિનોદ ગમી ગયો, અને કહે, 'અરે, તેથી પણ વધારે સ્નેહથી કરું છું, કારણ કે એક છોડ મને આઠ આના આપે છે, જ્યારે પેલું છોકરું તો આઠ આના આપવાને બદલે ખર્ચા નાંખે છે.' આમ આપણે લક્ષ્મી અને પૈસાનો ભેદ ભૂલી ગયા છીએ. લક્ષ્મી એટલે શોભા, શ્રી, કીર્તિ, ઉત્પાદન, સૃષ્ટિનું ઐશ્વર્ય, નિર્માણ ! પૈસા તો કૃત્રિમ છે. એની કિમ્મત ઓછીવત્તી થાય છે, કારણ કે એને પોતાની કિમ્મત નથી. જો કે મેં તેને લક્ષ્મી નામ આપ્યું છે. એ આજે રૂપિયાનું અશેર કહે, કાલે ત્રણ શેર કહે. આમ તેની વાણીમાં મેળ જ નથી. આવા લક્ષ્મીને નભાવી લેવો એ એક વાત છે અને એને કારભારી બનાવવો એ બીજી વાત છે. એને કારણે આજે સમાજની બહુ જ ભયાનક અવસ્થા થઇ છે.

લક્ષ્મીનું સ્થાન પૈસો લઇ ગયો. એવું જ સરસ્વતીનું થયું છે. સરસ્વતી એટલે વાણી. બ્રહ્મશકિત. બ્રહ્મ જેટલું વ્યાપક તેટલી જ વ્યાપક વાણી. બ્રહ્મની બરોબરી વાણી કરે છે માટે સંસ્કૃતમાં બ્રહ્મનો અર્થ વાણી પણ થાય છે. પરંતુ આજે બદલે આજે વાણી સંકુચિત થઈ ગઈ છે અને એવા એવા વિષયોનું વર્ણન વાણીમાં થાય છે કે જેથી સમાજ ઉન્નત થવાને બદલે મોટા શબ્દોના પ્રયોગથી અવનત થાય છે.

શબ્દનો અર્થ ઉપર ચઢે તો સમાજ ઉપર ચઢે અને શબ્દનો અર્થ નીચે પડે તો સમાજ પતિત થાય છે. ત્યારે એ બધું સરસ્વતીની સાધના કરનારના હાથમાં હોય છે. પણ ધીરે ધીરે સારસ્વતો પૈસાની જ ભકિત કરવા મંડયા છે. એક વાર એક વિદ્વાન માણસને મેં પૂછ્યું કે સંપત્તિવાન ડાહ્યા કે વિદ્વાન ? તો એણે કહ્યું કે વિદ્વાન ડાહ્યા છે. ત્યારે મેં પૂછ્યું કે જો વિદ્વાનો ડાહ્યા હોય તો સંપત્તિમાનો વિદ્વાનોની પાછળ જવાને બદલે વિદ્વાનો સંપત્તિમાનો પાછળ જતા દેખાય છે તેનું શું કારણ ?" પેલાએ કહ્યું કે "એટલે જ એ ડાહ્યા છે ! એમને સંપત્તિનું મૂલ્ય બરોબર ખબર છે ! અને સંપત્તિમાનોને વિદ્યાનું મૂલ્ય બરાબર નથી એટલે એ વિદ્વાનો પાછળ જતા નથી. આમાં પણ વિદ્યાનો જ મહિમા પ્રગટ થાય છે." આમ સારસ્વતો પણ પોતાના દેવતાને ઓળખી શકયા નહી. અને પછી દરબારી કવિઓ થવા લાગ્યા, વળી માંગણી પ્રમાણે લખી આપવા મંડયા.

સાહિત્યિકો મને પૂછે છે કે 'તમે અમારી પાસેથી શી અપેક્ષા રાખો છો ?' હું કહું છું કે "હું કોણ માંગણી કરનાર ? સાહિત્યિકો સાહિત્યની ઉપાસના અનન્ય ભાવે કરે, સરસ્વતીને ઓળખે અને અવનત ન થવા દે તો ભૂદાન–ગ્રામદાનની સેવા તો એમાં આવી જ ગઇ, પણ બીજી પણ કરવા જેવી સેવા એમાં થઈ ગઈ. માટે શબ્દને ઉન્નત કરો એ જ મારી અપેક્ષા છે.

શબ્દોની અવનતિ કેવી થાય છે? 'બ્રાહ્મણ' જેવો શબ્દ! અમારા ઘરમાં એક બ્રાહ્મણ રાખેલો. ગુજરાતીમાં એને 'રસોઇયો' પણ કહે છે. વળી 'મહારાજ' પણ કહે છે. આપણા રવિશંકર પણ મહારાજ! અને પેલો પણ મહારાજ!! ત્યારે શબ્દ કેટલો અવનત થાય છે?

ઉપનિષદમાં લખ્યું છે કે જનક જેવો મહારાજા જે અત્યંત લોકસેવાપરાયણ હતો અને વસિષ્ઠ જેવો મહાબ્રાહ્મણ અત્યંત નિશ્ચિંત થઇને પરમેશ્વરની ગોદમાં મસ્તક મૂકીને નિઃશબ્દ નિદ્રા પામતા હતા. પેલો 'બ્રાહ્મણ' અને 'મહારાજા' આજે કેટલી અવનતિ પામ્યા છે!

નરહરિભાઇએ રાષ્ટ્રિય શાળાના આચાર્યો જોગ એક પરિપત્ર કાઢેલો અને તેમાં સૂચનાઓ આપેલી હતી. તેમાં એક સૂચના એવી હતી કે 'રાષ્ટ્રિય શાળાના આચાર્યોએ બીડી પીવી નહીં જોઇએ.' પેલા શંકરાચાર્યે અને, રામાનુજાચાર્યે આ વાંચ્યું હોય તો વિચારમાં પડે કે 'આચાર્યોને પણ આવી સૂચના આપવાનો પ્રસંગ આવ્યો? આચાર્ય જેવો શબ્દ આટલો નીચે ઉતરે તો સમજવું કે એમાં સમાજનું પતન થઇ રહ્યું છે, અને શબ્દનો અર્થ ઉંચે ચઢે તો સમજવું કે સમાજ ઉંચે ચઢે છે. એવું સામર્થ્ય શબ્દોમાં છે.

શબ્દ એ માનવમાં પ્રગટ થયેલી પરમેશ્વરની શક્તિ છે. માનવની સ્પષ્ટ વાણી એ જ માનવની વિશેષ શક્તિ છે. માટે મારી સાહિત્યિકો પાસેથી એટલી જ અપેક્ષા હતી કે તેઓ શબ્દને નીચે ન પડવા દે અને શબ્દની સંભાળ કરે. દુનિયા ગમે તેમ વર્તે પણ શબ્દો એવા હોવા જોઇએ કે લોકોને પતનમાંથી ઉગારે. સાહિત્યિકો એવી શક્તિ બતાવે એવી હું આશા રાખું છું.

કેટલીક વાર એવી ફરિયાદ કરવામાં આવે છે કે કેટલાક લોકો સાહિત્યની કળા સમજી ન શકે એવા અરસિક હોય છે. સાહિત્ય, સંગીત, ચિત્ર વિગેરે સમજવા માટે આંખ, કાન ને મન કેળવાયેલા હોવા જોઇએ એમ કહેવાય છે. પણ હું તો એથી ઉલ્ટું જ માનું છું. **અરસિક શિરોમણીને પણ રસ પમાડે તે કવિ કહેવાય.** કોકિલા ગાય છે અને એકદમ સૌનું ધ્યાન ખેંચે છે. તે એવી અપેક્ષા નથી રાખતી કે મારું ગાયન સમજવા માટે કેળવાયેલા કાન જોઇએ. તળાવમાંના સુંદર કમળો મનોહર લાગે છે. તે એવી અપેક્ષા નથી કરતાં અમારું રસગ્રહણ કરવા માટે આંખો કેળવાયેલી હોવી જોઇએ. **સત્યનો શ્લોક તો બધિર માણસોના કાનમાં પણ પ્રવેશ કરે છે.** તો અશિક્ષિત મનુષ્યને પણ જો આપણે રસ પહોંચાડી શકયા નથી તો આપણે સમજવું કે આપણું રસનું ઝરણું સૂકાઇ ગયું છે. આપણું કવિત્વ ઓછું પડે છે.

બીલકુલ સહજભાવે સૌને ખેંચી શકે તેમાં જ વધારેમાં વધારે કળા પ્રગટ થાય છે. **જે કળાને પોતાના રસગ્રહણ માટે ગ્રાહકના શિક્ષણની અપેક્ષા હોય છે તે સ્વયંપ્રત્યક્ષ, સ્વયંસ્પષ્ટ નથી.** ચંદ્ર બાળકના મનને પણ આકર્ષી શકે છે. પંખીઓને સૂર્યોદયનું આકર્ષણ થાય છે. જેમાં અત્યંત સ્વાભાવિક આકર્ષણ હોય છે તેમાં શ્રેષ્ઠ કળા પ્રગટ થઇ છે એમ સમજવું.

ટોલ્સ્ટોયે શેકસપિયરની એક વાર ટીકા કરેલી, તેણે કહેલું કે શેકસપિયર મહાન સાહિત્યકાર કહેવાય છે, પણ તેમાં કંઇ સાર નથી. ટોલ્સ્ટોય પોતે એક મહાન સાહિત્યકાર હતા એમ લોકો કહે છે. એણે પોતાની ટીકા પણ કરી હતી કે 'મેં ઘણી મોટી નવલકથાઓ લખી છે, પરંતુ તેમાં હું કંઇ સાર જોતો નથી. પરંતુ મારી નાની નાની કહાણીઓમાં કળા પ્રગટ થાય છે. કારણ કે એ કહાણીઓ નાનાં છોકરાં પણ સહજ સમજે છે અને મોટા પણ સમજે છે, કેળવાયેલા પણ સમજે છે અને અણકેળવાયેલા પણ સમજે છે. એનું રસગ્રહણ **સર્વજનલક્ષ્ય** છે.

સાહિત્ય એટલે 'સહિત'–સાથે–એમ થાય છે. તે સૌની સાથે જનારું હોવું જોઇએ. જે સાહિત્ય અમુક સાથે જાય અને સૌની સાથે જવાની શક્તિ ન ધરાવે તે સાહિત્ય સંકુચિત છે. સૌ બાળકોને ગોળ પ્રત્યે પ્રીતિ હોય છે. સાહિત્ય વિષે સૌને પ્રેમ ન થાય તો એ સાહિત્ય નહીં **રાહિત્ય** થઇ જાય છે. મને ભીતિ છે કે હિંદુસ્તાનમાં આજે સાહિત્ય સંકુચિત થઇ રહ્યું છે. જે સર્વાંગી હતું, જે સૌને માટે હતું તે વિશિષ્ટ જનો માટેનું બની ગયું છે. આ પ્રગતિ નથી, સાહિત્યની સંકુચિતતા છે. ટોલ્સ્ટોયે શેકસપિયર માટે જે કહ્યું તેની સાથે હું પૂરો સહમત નથી, કારણ કે ટોલ્સ્ટોય માંગે છે તેવું સાહિત્ય પણ શેકસપિયરમાં કેટલુંક છે. પણ આપણે એની ટીકાનો મર્મ સમજીને સ્વીકાર કરવો જોઇએ.

આપણે ત્યાં ભાગવત એ સંસ્કૃતનું અત્યંત મધુર કાવ્ય છે. શાસ્ત્રમાં એમ કહેવાયું છે કે આખી જનતા પાપનું નિવારણ કરી શકે તેવો વાકૃવિસર્ગ ભગવાનને પ્રિય થાય છે. ઋગ્વેદમાં કવિની બહુ ટૂંકામાં વ્યાખ્યા આપી છે કે જેમ વિપ્રોમાં ઋષિ શ્રેષ્ઠ છે તેમ કવિમાં પદવીશ–જેણે પદ પ્રાપ્ત કર્યું છે તે, પદવી–જે પદ, પદવી સુધી પહોંચી ગયો છે છે–શ્રેષ્ઠ છે. પદવી સુધી પહોંચ્યો હોય તે ઉપર પહોંચીને નીચે નજર નાંખે છે, ચારે તરફ જુએ છે તેને સમગ્ર દર્શન થાય છે. સમગ્ર દર્શન વિના સાહિત્ય નિર્માણ નહીં થાય. નીચેથી જોનાર જરા આંખો તાણીને જુએ તો કદાચ નજીકનું થોડુ વધારે સ્પષ્ટ જોઇ શકે, પરંતુ એનું દર્શન મર્યાદિત થાય. ભગવાન બુદ્ધ કહી ગયા છે કે પર્વતસ્થ પુરુષ નીચે ભૂમિ પર ફરનારને જુએ છે તેમ કવિ ઉપર ચઢીને બીજાઓ તરફ જોઇ શકે છે. કવિ જો વિકારગ્રસ્ત હોય તો બીજાના વિકારોનું માપ કાઢી ન શકે. થર્મોમિટરને પોતાને તાવ આવતો હોય તો બીજાનો તાવ માપી ન શકે. પણ જે વિકારોથી ઉદાસીન થાય છે, ઉત્–આસીન હોય છે, અને સાક્ષીરૂપ જ રહે છે, તે ઉત્તમ, યથાર્થ અને સમ્યક્ દર્શન પામી શકે છે. જેઓ ઉત્તમ સાહિત્યિકો થઇ ગયા અને શાશ્વત અને ચિરંજીવ સાહિત્ય આપી ગયા તે બધા મનથી ઉપર ઉઠયા હતા. મનની અંદર ને અંદર ઘૂમ્યાં કરે તો તેઓ કદાચ આકર્ષણ–સહધર્મીઓનું–કરી શકે. બાણભટ્ટની કાદંમ્બરી કામાસક્ત પુરુષોને ખેંચી શકે છે. પણ એ સમસ્ત સમાજને ખેંચી શકતી નથી. સમાજ માટે તો એનો અમુક જ અંશ ગ્રાહ્ય થાય છે, જ્યારે વાલ્મિકીનું રામાયણ સૌને આકર્ષિત કરે છે, કારણ કે વાલ્મિકી સૌ પ્રત્યે અનુકમ્પા રાખતા. એ પોતાને સુખે સુખી અને પોતાને દુઃખે દુઃખી નહોતા પણ બીજાને સુખે સુખી અને બીજાનાં દુઃખે દુઃખી હતા. પોતાના સુખદુઃખમાં તન્મય રહેનારાને આખી પૃથ્વી અને સમાજ શૂન્ય લાગે છે. પણ હકીકતમાં તો સમાજ પૂર્ણ જ હતો અને રહેશે. એક ભાઇએ કહ્યું કે કાલિદાસે જે અજવિલાપ વર્ણવ્યો છે એ અત્યંત સુંદર વિલાપ છે. મેં પૂછયું કે એમાં શું સુંદર છે? એમણે કહ્યું કે એ વાંચીને આંખમાં એકદમ આંસુ આવી જાય છે. મેં કહ્યું કે કોઈ માનો પુત્ર મરી જાય અને તે કલ્પાંત કરતી હોય તેના વિલાપમાં શું કાલિદાસના વિલાપ કરતાં ઓછી શકિત હોય છે? ત્યારે કાલિદાસની વિશેષતા શું?

કાલિદાસની વિશેષતા એ હતી કે શરીરની જેમ મરણ પણ પ્રકૃતિ છે. મરણ તો શાંતિ આપે છે; દુઃખ તો જીવનનું હોય છે. કોઇ માણસ માંદો હોય તો તેને એમાંથી મુકિત અપાવવાનું સામર્થ્ય પત્નીમાં, પુત્રમાં કે ડોકટરમાં નથી, પણ મૃત્યુમાં જ છે. આવા દુઃખમાંથી છોડાવનાર મહામિત્ર મૃત્યું પર દુઃખનું આરોપણ કરવું એ ઉલટી ભાષા છે. મૃત્યુથી માણસ સ્થિતપ્રજ્ઞ થઈ જાય છે. પછી એ સુખથી સુખી ને દુઃખથી દુઃખી થતો નથી. એ સ્થિતપ્રજ્ઞ થયો છે કે નહીં એ નકકી કરવા આપણે બે પરીક્ષા રાખી છે. એક તો પાણીથી (મૃતદેહને) નવરાવીએ છીએ. પણ એને એ સુખનો સંતોષ થયો દેખાતો નથી! એટલે પછી એને અગ્નિદાહ દઇએ છીએ. પણ એ અગ્નિના દુઃખથી પણ દુઃખી નથી થતો. એટલે સિદ્ધ થઇ ગયું કે એ સ્થિતપ્રજ્ઞ થઇ ગયો. આવી સ્થિતપ્રજ્ઞ દશામાં વગર પુણ્યે મૃત્યુએ એને પહોંચાડયો છતાં એ મહામિત્રને શત્રુ કહે છે!

કાલિદાસે અજવિલાપમાંથી આ સાર કાઢ્યો છે. જ્યારે પેલા વિલાપ કરતાં દુઃખી જીવે તેમ નથી કર્યું. એટલે સાહિત્યકાર જો પોતાનાં સુખદુઃખમાં તન્મય ન હોય તો સર્વને ઉપયોગી એવી શક્તિ પ્રગટ થાય.

આ સાહિત્યિકોએ પોતાના જીવનને અનાસક્ત કરવું જોઇએ. એમ ન થાય તો ખતરો થાય. અને સાહિત્યકાર જો લોકવિમુખ બની જાય તો બીજો ખતરો થાય. પણ એ લોકવિમુખ થતાં થતાં એટલો ઉંચે ચઢે કે એની શબ્દશક્તિ કુંઠિત થવાને બદલે એ સાચું મૌન બની જાય તો એ એક પણ શબ્દ લખ્યા વિના મહાકવિ થઈ જાય. એ અવ્યક્ત રહે પરંતુ એનો સ્પર્શ સૌને થાય અને એની અસર લોકજીવન પર થાય. પણ એનું ભાન નહીં થાય. પણ આપણે તો ભાન થાય તો જ સાહિત્ય કહીએ છીએ. માટે લોકવિમુખ ના થશો.

સાહિત્યકારો મને શી રીતે મદદ કરી શકે એમ મને પૂછવામાં આવે છે. આ માટે મારો અધિકાર બાલ્ય છે. પણ એટલું કહી શકું કે આ સો બસો વર્ષમાં આ દેશમાં જે મહાન કલ્પનાઓ સૂઝી તેમાં ગ્રામદાનની પણ આવે છે.

મેં ઘણી વાર કહ્યું છે કે સર્વ ઉપાસનાનો અનુભવ સમાન હોય છે. રામકૃષ્ણપરમહંસે એ જમાનામાં આપણને એ કહી બતાવ્યું. શ્રી અરવિંદે પણ આપણને એવું જ કહ્યું. એમણે મનથી ઉપર ચઢીને પરમેશ્વર સુધી પહોંચીને એનો અનુભવ લઈને અતિમનસની ભૂમિકા તરફ જવાની કલ્પનાનું દર્શન કરાવ્યું. દુનિયાના કલેશો મટાડવા માટે શસ્ત્રશક્તિ નહીં પણ સત્યાગ્રહ જ વિજ્ઞાનયુગમાં કામ કરશે–એનું દર્શન આપણને મહાત્મા ગાંધીએ કરાવ્યું.

નવીન ભારતમાં આ ત્રણે દર્શનો પ્રગટ થયાં છે. હું નમ્રભાવે કહેવા માંગું છું કે એવું જ એક દર્શન 'સર્વોદય' શબ્દની ઉપાસનાથી આપણને ગ્રામદાનમાં પ્રાપ્ત થયું છે. હવા, પાણી, પ્રકાશની જેમ જમીન પણ સૌને માટે છે અને તે સર્વસમર્પણ થવી જોઇએ. આ વસ્તુ આર્થિક અને સામાજીક ક્ષેત્રમાં ક્રાંતિ કરાવે તેવી છે અને એ 'સર્વોદય' શબ્દની ઉપાસનામાંથી થઈ છે–એ રીતે એનું ચિંતન અને મનન કરજો.

મેં ગુજરાતમાં જ્યારથી પ્રવેશ કર્યો ત્યારથી ગુજરાતના ચહેરામાં કંઇક વિશેષ તત્ત્વ જોઉં છું. તેઓ પોતે ન જુએ, એ પોતે એમના દૃષ્ટા નથી તો ભલે, પરંતુ મને તે દેખાય છે. મને લાગે છે કે દેશના આ ખૂણામાંથી વિશ્વને માર્ગદર્શન મળવાનું છે. એમ ન થયું હોત તો ગાંધી ગુજરાતમાં ન પાકયા હોત.

ગુજરાતના સાહિત્યિકો પાસેથી હું એ અપેક્ષા રાખું છું. કૃષ્ણે જેવું માધુર્ય એના સંગીતમાં પ્રગટ કર્યું હતું તેવું માધુર્ય અહિંના સાહિત્યમાં પ્રગટ થાય, ગુજરાતીમાં એવો એક પણ શબ્દ ન હોય કે જેમાં માધુર્યની ન્યૂનતા હોય. અને માધુર્યનું પરમ દર્શન થતાં જે શક્તિ પ્રગટ થાય છે તે સત્યનું દર્શન કરાવે છે. **વિનોબા**

દુઃખ વિષે જ્ઞાનીની દૃષ્ટિ

ચર્ચા દરમિયાન ધ્યાનયોગી અને જ્ઞાનયોગીની વાત આવી. તે વિષે રવિશંકર મહારાજે પૂછ્યું: "મહાવીરસ્વામી અંગે એમ સાંભળ્યું છે કે એમના કાનમાં ખીલા ખોડવામાં આવ્યા હતા, તે તેમણે શી રીતે સહ્યા હશે? ધ્યાનથી કે જ્ઞાનથી?"

વિનોબાએ કહ્યું: "તમે આ સારો પ્રશ્ન પૂછ્યો. મહાવીરસ્વામીની તો ખબર નથી. પણ ઇસુ ખ્રીસ્તનો દાખલો બિલકુલ સ્પષ્ટ છે. એમના શરીરને કષ્ટ થયું હતું, છતાં તેમણે ક્ષમા આપી હતી. એ જ્ઞાનીનું લક્ષણ છે. એના શરીર પર દુઃખની અસર પ્રગટ થશે, પણ એનું દિલ દુઃખી નહિ થાય. જ્ઞાની દુઃખને સમજે છે ખરો, પણ સ્વસ્થ રહે છે ધ્યાની પર દુઃખની અસર જ થતી નથી. ધ્યાની પર તો ધ્યાનનું કલોરોફોર્મ ચઢયું હોય છે.

'ભૂમિપત્ર'માંથી **વિનોબા**

આજની દુનિયાની પાયાની સમસ્યા

વિકસિત અને અણવિકસિત દેશો વચ્ચેનું અન્તર નાબુદ કરો!

(નવી દીલ્હી ખાતે ગયા ઓકટોબર માસ દરમિયાન તા. ૬ થી ૧૦ સુધી ફંડ–એંક કોન્સલ્ટેશન્સનું ચોથું વાર્ષિક અધિવેશન ભરાઇ ગયું. ૧૯૪૪ માં યુનાઇટેડ સ્ટેટ્સમાં આવેલ બ્રેટન વૂડ્સ ખાતે વર્લ્ડ મોનેટરી અને ફીનેન્સીયલ કોન્ફરન્સ–આન્તરરાષ્ટ્રીય અર્થ–નિષ્ણાતોની પરિષદ–ભરવામાં આવી હતી. અને તે પરિષદે બે આન્તરરાષ્ટ્રીય સંસ્થાઓની સ્થાપના કરી હતી. એકનું નામ ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ, જેનું કાર્ય આર્થિક દૃષ્ટિએ પછાત દેશોને નાણાંનું ધીરાણ કરવાનું છે. અને બીજી ઇન્ટરનેશનલ બેંક ફોર રીકન્સ્ટ્રકશન અને ડેવલપમેન્ટ. જેનું કાર્ય આવાં ધીરાણની ગેરન્ટી–બાહેંધરી–આપવાનું છે. આ બીજી સંસ્થાને 'વર્લ્ડ બેંક' એવા ટુંકા નામથી ઓળખવામાં આવે છે. ૧૯૫૬ માં આ 'વર્લ્ડ બેંક'ના પરિશિષ્ટ જેવી બીજી પણ એક સંસ્થા ઉભી કરવામાં આવી હતી. તેનું નામ છે ઇન્ટરનેશનલ ફીનાન્સ કોરપોરેશન. આ ત્રણે સંસ્થાનો મુખ્ય આશય વિકસિત દેશો પાસેથી નાણાં મેળવવા અને અણવિકસિત તેમ જ અલ્પવિકસિત દેશોને તેના ઔદ્યોગિક વિકાસ અર્થે ચોકકસ સરતોએ અને લાંબી યા ટુંકી મુદતો માટે નાણાં ધીરવાં–એ મુજબનો છે. આ ત્રણે સંસ્થાઓના મુખ્ય સંચાલકોની અને તે સાથે સંબંધ ધરાવતા એવા ૬૮ રાષ્ટ્રોના પ્રતિનિધિઓની એક આન્તરરાષ્ટ્રીય પરિષદ ઉપર જણાવ્યું તે મુજબ નવી દીલ્હી ખાતે ગયા ઓકટોબર માસની છઠ્ઠી તારીખે મળી હતી. અત્યાર સુધી આવી પરિષદો યુરોપ અથવા અમેરિકામાં એકત્ર થતી હતી. એશીઆમાં ભરાતું આ સૌથી પહેલું અધિવેશન હતું. આ પરિષદનું ઉદ્‌ઘાટન ભારતના મહા અમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂએ કર્યું હતું. આ પરિષદની પાંચ દિવસની કાર્યવાહી પૂરી થઈ ગઇ અને તેમાં અપેક્ષિત નિર્ણયો પણ લેવાઇ ગયા. ઉપર જણાવેલ પ્રસંગે નહેરૂએ કરેલા વ્યાખ્યાનમાં આજની આન્તરરાષ્ટ્રીય આર્થિક પરિસ્થિતિનું–યુરોપ અને અમેરિકાના વિકસિત અર્થરચનાવાળા રાષ્ટ્રો અને તાજેતરમાં જે ઉત્થાનના માર્ગે ગતિમાન થઈ રહ્યા છે તે એશિયાના અવિકસિત રાષ્ટ્રોના પરસ્પર અનુબંધનું બહુ સુન્દર અને વિશદ નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આજના ધનાઢ્ય દેશો તરફથી મળનારી આર્થિક મદદના અથવા તો ધીરાણના આધાર ઉપર આપણા દેશના આર્થિક ઉત્કર્ષ અર્થે જે બીજી પંચવર્ષીય યોજના વિચારવામાં આવી છે તેને 'કરજાઉ નીતિ' તરીકે વર્ણવીને એક વર્ગ વખોડી રહ્યો છે તે સંબંધમાં સપ્રમાણ માર્ગદર્શન મેળવવામાં પ્રસ્તુત પ્રવચન મદદરૂપ બને તેવું છે. આ રીતે, આ વ્યાખ્યાનનું તત્કાલીન વિશ્વ–બેંક પરિષદના પ્રસંગથી વ્યતિરિક્ત એવું સ્વતંત્ર મૂલ્ય અને મહત્ત્વ છે. તેથી આ પ્રકારના વિચારપ્રેરક અને પથપ્રદર્શક વ્યાખ્યાનનો અનુવાદ નીચે પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. **પરમાનંદ**)

આજની દુનિયાની પાયાની સમસ્યા

આન્તરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓના સૂત્રધારો દીલ્હી ખાતે તેમનાં વાર્ષિક સંમેલનો યોજી રહ્યા છે તેથી અમને ભારતવાસીઓને ઘણો આનંદ થાય છે. આથી એક તો અમે આપને વધારે સારી રીતે જાણી શકીશું અને આપની પાસેથી અમને ઘણું નવું શિખવાનું મળશે. બીજું, આ વિશ્વસંસ્થાઓએ ભૂતકાળમાં અમને જે મદદ આપી છે અને વર્તમાનમાં તે સંસ્થાઓ તરફથી જે મદદ મળી રહી છે તે સંબંધમાં અમારી આભારવૃત્તિ વ્યક્ત કરવાની આ નિમિત્તે અમને તક મળશે. પણ આ પરિષદ આપ અહિં ભરી રહ્યા છો તેથી અમને વિશેષ આનંદ તો એટલા માટે થાય છે કે, આથી આપ જે મહાનુભાવો અહિં પધાર્યા છો તેમાંના ઘણા ખરાને, અમારા મનમાં શું ચાલી રહ્યું છે અને અમારા પોતાના કેવા સંયોગો છે તેનો ખ્યાલ પ્રાપ્ત કરવાની તક મળશે અને એ રીતે આપનું અહીંનું

આગમન આપના માટે પણ લાભપ્રદ નીવડશે. આપ વર્ષોથી યુરોપ અને અમેરિકાના વાતાવરણ વચ્ચે રહ્યા છો, તો એશીઆના અને; એશીઆના આ એક ભાગના વાતાવરણમાં આપ વિચરો અને અહિંની પરિસ્થિતિથી પ્રત્યક્ષ રીતે આપ વાકેફગાર થાઓ એ અનેક દૃષ્ટિએ ઇચ્છવાયોગ્ય છે.

મિત્રો, આમ જ્યારે હું કહું છું ત્યારે મારા કહેવાનો એ આશય નથી કે એશીઆ એ એક સંગઠિત ભૌગોલિક એકમ છે. એશીઆમાં પણ અનેક મતભેદો અને ચિત્રવિચિત્ર રચનાઓ પ્રવર્તે છે. એશીઆને પણ પોતાની આગવી સમસ્યાઓ છે. એશીઆના દૂર-પૂર્વ વિભાગમાં આજે મોટી તંગદીલી અને ભયજનક પરિસ્થિતિ ઉભી થઈ છે. દક્ષિણ એશીઆના પણ કેટલાક નિરાળા પ્રશ્નો છે જ. આ બધા પ્રશ્નો અને સમસ્યાઓ ભિન્ન ભિન્ન પ્રકારની છે. પણ એ સર્વને સાંકળતી એક મહત્વની કડી એ છે કે પૂર્વ, પશ્ચિમ કે દક્ષિણ-કોઇ પણ વિભાગ લ્યો, આજે એશીઆ સર્વત્ર tremendous ferment-કોઈ ભીષણ સંક્ષોભમાંથી-અસાધારણ બેચેનીમાંથી-પસાર થઈ રહ્યું છે.

આ પરિષદ ૩૦૦ વર્ષ પહેલાં અહિં મળી હોત તો તેને માલુમ પડયું હોત કે એશીઆ ઘણા ક્ષેત્રોમાં-ટેકનોલોજીકલ ક્ષેત્રમાં પણ-દુનિયાના બાકીના ભાગ કરતાં ઘણો આગળ છે. આના અનુસંધાનમાં હું તમને યાદ આપવા માંગું છું કે વર્ષો પહેલાં યુરોપવાસીઓ અને પશ્ચિમવાસીઓ હિંદમાં આવી પહોંચ્યા હતા, કારણ કે હિંદ માત્ર કાચા માલનું જ નહિ પણ Manufactured-goods-બનાવટી વસ્તુઓનું ઉત્પાદક હતું. ૧૮ મી સદીના આરંભ સુધી પણ હિંદ બનાવટી વસ્તુઓ પેદા કરનાર દેશ તરીકે સદીઓથી મશહુર હતું.

પણ એવું કાંઇક બન્યું-સંભવ છે કે તે એશીઆના દોષનું પરિણામ હોય-કે જેથી એશીઆની ભાવી પ્રગતિ એકાએક અટકી ગઈ અને આખો ખંડ સ્થગિત-અંધિયાર જળાશય જેવો-બની ગયો. પશ્ચિમ યુરોપના અને અમેરિકાના દેશો આગળ ને આગળ પ્રગતિ કરવા લાગ્યા અને ત્યાં ઔદ્યોગિક ક્રાન્તિ પેદા થઇ, વધતી જતી ઝડપે ફેરફારો થવા લાગ્યા અને ઉદ્યોગપ્રધાન દેશો વધારે ને વધારે ધનવાન થવા લાગ્યા, જ્યારે એશીઆના દેશો ખરેખર પાછળ અને પાછળ પડતા ગયા. અવશ્યત્ત એશીઆમાં કેટલાક મોટા શહેરો ઉભા થયા છે અને કેટલીક જગ્યાએ ઔદ્યોગીકરણનો આવીર્ભાવ પ્રગટરૂપે દેખાવા લાગ્યો છે, પણ આ હકીકતની સર્વસામાન્ય પરિસ્થિતિ ઉપર કશી મહત્વની અસર નીપજી નથી અને સામાન્ય લોકકલ્યાણ અને ચાલુ જીવનની રીતભાત અંગે એશીઆના દેશો પાછળ અને પાછળ જ ગતિ કરતા રહ્યા છે. આ બાજુ આ પ્રતિગમનની પ્રક્રિયા ચાલતી જ રહી છે જ્યારે છેલ્લાં ૧૫૦ કે એથી વધારે વર્ષો દરમિયાન ઉદ્યોગના ક્ષેત્રે વિકાસ પામેલા દેશો ઝડપબંધ આગળ ને આગળ વધતા ચાલ્યા છે.

આ બધા ફેરફારોનાં ગમે તે કારણો હોય, હકીકતરૂપે એ ચાલુ રહ્યું કે એક બાજુ ઉદ્યોગારૂઢ દેશો અને સમાજો અને બીજી બાજુ ઉદ્યોગના ક્ષેત્રે અણવિકસિત દેશો અને સમાજો-એ બે વચ્ચેનાં જીવનધોરણ અને તે સાથે સંબંધ ધરાવતી બાબતો અંગે આજે મહત્વનો તફાવત ઉભો થયો છે. આમાં પણ વધારે ધ્યાન ખેંચે એવી એ બાબત છે કે આ તફાવત દિન પ્રતિ દિન વધતો જ જાય છે-તેનુ કોઇ સાંધણ થતું નથી પણ તે તફાવત સતત ને સતત વધતો જ જાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનો જ્યાં વિકાસ થયો છે ત્યાં પ્રગતિની ગતિ અસાધારણ માલુમ પડી છે, જ્યારે ભારત જેવા બીજા દેશો માત્ર ટકી રહેવા ખાતર તરફડીયા મારી રહ્યા છે. આ દેશોની મથામણ કોઈ દેખાવ માટેની-ઉપરછલ્લી-નથી, પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટેની સાચી અને સંગીન છે. આ જીવનમરણનો સંગ્રામ રાષ્ટ્રવ્યાપી છે, અમુક વર્ગો કે એકલદોકલ વ્યક્તિઓ સાથે સંબંધ ધરાવતો નહી પણ અહિં વસી રહેલા ૪૦ કરોડની વિરાટ વસ્તીને ગાઢપણે સ્પર્શી રહેલો સઘન સંગ્રામ છે.

અમારી ચાલુ વિચારણા પાછળ અમારી સતત ચાલી રહેલી અકળામણ અને મુંઝવણ પાછળ, રહેલા આ માનવતત્ત્વને આપ સંવેદો એવી મારી આપની પાસે નમ્ર માંગણી છે. એમાં કોઈ શક નથી કે આ બધા પ્રશ્નો આપે આપની પાસેની સગવડો, નાણાંનું રોકાણ અને એવી બીજી બાબતોની દૃષ્ટિએ વિચારવાના રહે છે અને એ પણ મહત્ત્વનું જ છે, કારણ કે કેવળ આકાશમાં ઉભા રહીને કોઇ કામ થઈ શકતું નથી. પણ એથી વધારે મહત્ત્વનું છે ઉપર સૂચવ્યું તે માનવીય તત્ત્વ અને તેથી પણ વધારે અગત્યનો છે એ હજારો અને લાખો માનવીઓના દિલમાં પેદા થયેલો ભીષણ સળવળાટ-સંક્ષોભ-કે જેનો ઉકેલ અથવા તો જેનું નિયંત્રણ આપ આ કે તે પરિષદો એક યા બીજા સ્થળે ભરો અને ઠરાવો પસાર કરો તે વડે નથી થઇ શકવાનું. કારણ કે એશીઆ આખો આજે એક સ્ફોટક પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છે. અને એ સ્થિતિ ચાલુ રહેવાની છે. કારણ કે છેલ્લાં થોડાંક વર્ષો દરમિયાન નીપજેલા ફેરફારોએ ૧૫૦ વર્ષ કે તેથી વધારે મુદતથી બંધાઈ રહેલા રાક્ષસને છૂટો કર્યો છે. એ રાક્ષસ સંપૂર્ણપણે નહિ પણ ઘણા મોટા પ્રમાણમાં બંધનમુક્ત બન્યો છે અને રાજકીય ક્ષેત્રે કે આર્થિક ક્ષેત્રે આજ સુધી તે રાક્ષસ જે રીતે માથું નીચું નમાવીને વર્તતો હતો તે મુજબ, સ્વાભાવિક રીતે, હવે પશ્ચિમના દેશોની કદમબોશી કરીને તે ચાલવા માંગતો નથી. ભુલ કરવાને અને આમ તેમ ઠોકર ખાવાને તે તૈયાર છે, પણ આમથી તેમ કોઇનો ખેંચ્યો ખેંચાવાને તે હવે તૈયાર નથી. આ ઉપરાંત તે એકદમ ઉપર આવવા-ઉંચે ઉઠવા માગે છે-તેના અને બીજા વચ્ચે પડેલા અન્તરને કાપી નાખવા માગે છે. તે ભુખે મરવા કે માત્ર ટકી શકાય એટલા વેતન યા વળતર ઉપર જીવવા માંગતો નથી. તે આમ કરી શકે તેમ છે કે નહિ તે તો ભવિષ્ય નક્કી કરશે. પણ લોકોના મનને ઉત્તેજિત કરી રહેલાં-ગતિશીલ બનાવી રહેલાં-આજે જે ભવ્ય પ્રેરક બળો કામ કરી રહ્યાં છે તે તરફ આપનું હું ધ્યાન ખેંચવા માંગું છું. ઘણી વાર તેઓ ભૂલો કરે છે; ખોટી દિશાએ દોડી જાય છે. લાંબા સમયથી દબાઈ રહેલા પણ આજે વેગપૂર્વક બહાર આવી રહેલા આ પ્રેરક બળોને આપણે સમજવા પ્રયત્ન કરીએ. અને જો લોકો વધારે સારો ખોરાક, વધારે સારાં કપડાં અને વધારે સગવડવાળાં રહેઠાણોની માગણી કરે તો શું આપણે તેમને એમ વિચારવાનો હક્ક નથી એમ કરીને વખોડી નાંખીશું ? આ બધું લોકોને મળે એમ અમે ઇચ્છીએ છીએ અને હું આશા રાખું છું કે આપ સર્વ પણ એમ જ ઇચ્છો છો.

એક બાજુએ આપણે દુનિયાની નવરચના કરવા માગીએ છીએ. બીજી બાજુએ ચાલુ તંગદીલી અને સંઘર્ષો-ઠંડા યુદ્ધો-ચાલી રહ્યાં છે અને તે દુનિયાને આગળ પાછળ આમથી તેમ ધકકેલી રહેલ છે અને તીવ્ર જોખમની અણી ઉપર-લગભગ સર્વવિનાશના મોઢા આગળ-લાવી મૂકે છે. આ બેનો કોઇ મેળ બેસતો નથી. એક બીજાને આડે આવીને ઉભું રહે છે. એ જે હોય તે, પણ ઉપર જણાવેલી બાબતો વિચારવામાં આ રાજકારણી બાજુ ને અલગ રાખીને આપણે ચાલીએ એવી મારી આપની પાસે અપેક્ષા છે. હું કબુલ કરું છું કે આજની દુન્યવી પરિસ્થિતિની સદન્તર ઉપેક્ષા કરવાનું શકય નથી, એમ છતાં પણ આપણે એ પ્રકારનો પ્રયત્ન કરવો ઘટે છે. આજના ઠંડા યુદ્ધ સાથે સંકળાયલા રાજકીય પ્રશ્નોમાં આપણે જેટલા વધારે ગુંચવાયલા રહીશું તેટલા વધારે પ્રમાણમાં, મને લાગે છે કે, જે ધ્યેયને આપણે સિદ્ધ કરવા માગીએ છીએ તે ધ્યેય સિદ્ધ કરવાની તક આપણે ગુમાવતા રહીશું; અને જાણે કે આપણો હેતુ લોકોને મદદરૂપ થવાનો નથી પણ કોઈ રાજકીય ઉદ્દેશ સિદ્ધ કરવાનો છે એ પ્રકારની શંકાની નજરથી જોવાને અન્ય લોકો પ્રેરાશે.

રાજકારણી દૃષ્ટિએ આજની દુનિયા અનેક રીતે વહેંચાઈ ગઇ છે. એક બાજુએ સામ્યવાદી દુનિયા છે; બીજી બાજુએ સામ્યવાદ-

વિરોધી દુનિયા છે અને એવા પણ બીજા દેશો છે કે જેને અસામ્યવાદી અપણે કહી શકીએ, પણ જે દેશો એક અથવા તો તેના વિરોધી મંડળમાં જોડાયેલા નથી.

અને એમ છતાં મને લાગે છે કે, આજની દુનિયા ઉદ્યોગ પ્રધાન રાષ્ટ્રો અને ઉદ્યોગના ક્ષેત્રે અણુવિકસિત રાષ્ટ્રો અથવા તો વિકસિત અને અણુવિકસિત પ્રજાસમૂહો એમ બે ભાગમાં જ ખરી રીતે વહેંચાયલી છે. વાસ્તવિક દૃષ્ટિએ વિચારતાં આજની દુનિયાના આ જ ખરા ભાગલા છે. આપ સોવિયટ યુનિયન જેવા સામ્યવાદી દેશોનો વિચાર કરો કે જે ઉદ્યોગમાં ખૂબ આગળ વધેલા છે અથવા તો બીજા અનેક અસામ્યવાદી દેશોનો વિચાર કરો કે જે દેશો પણ ઉદ્યોગના ક્ષેત્રમાં એટલા જ આગળ વધેલા છે. આ બન્ને પ્રકારના દેશો રાજકારણ કે અર્થવિષયક મન્તવ્યોમાં ગમે તેટલા જુદા પડતા હોય તો પણ સરવાળે છેવટે એક જ દેવતાના આરાધક છે. તેઓ ઉદ્યોગીકરણના દેવતાની, યંત્રના દેવતાની, કુદરતના બળોના અને તેટલા નિયંત્રણ દ્વારા વધારે ને વધારે પ્રાપ્તવ્ય ઉત્પાદનના દેવતાની પૂજા કરે છે. આ કેમ કરવું તેની પદ્ધતિ સંબંધમાં તેઓ જુદા પડતા હશે, પણ સમગ્રપણે તેઓ એક જ દિશાના અનુગામી છે, અને એક જ શરીરના અવયવો છે, જ્યારે અણુવિકસિત–ઉદ્યોગપછાત–દેશો માત્ર પોતાનું અસ્તિત્વ જાળવવા માટે આસમાન જમીન એક કરી રહ્યા છે. આજે દુનિયાની વધતી જતી વસ્તીનો વિચાર કરીએ તો, જો આ પછાત દેશો પોતાની ઉત્પાદનશકિત વસ્તી–વધારા કરતાં વધારે પ્રમાણમાં વિસકાવતા ન જાય તો, તેઓ હતા ત્યાં ના ત્યાં જ રહે છે અથવા તો નીચે ને નીચે પડતા જાય છે. આ આજની પાયાની સમસ્યા છે.

અમારી બીજી પંચવર્ષીય યોજના વિષે ચર્ચા કરતાં કેટલાક લોકો જણાવે છે કે આ યોજના અમારી સાધનશકિત બહારની અને વધારે પડતી મહત્વાકાંક્ષી છે. પણ આ બાબતોને કોણ કેવી રીતે જુએ છે યા વિચારે છે તે ઉપર ઉપરના આક્ષેપના સત્યાસત્યનો આધાર રહેલો છે. જો માત્ર દેશની સાધનસામગ્રીનો જ કોઇ સ્થુળ ગણતરીપૂર્વક વિચાર કરે–જો કે સાધનસામગ્રીના માપનો પણ ઘણાં તત્ત્વો ઉપર આધાર રહે છે અને તેમાં સૌથી વધારે અનિશ્ચિત છતાં અતિ મહત્વનું તત્ત્વ–માનવશકિત–નો સમાવેશ થાય છે–તો કદાચ અમારી બીજી પંચવર્ષીય યોજના વધારે પડતી મહત્વાકાંક્ષી છે એમ કોઇ જરૂર બ્યાજબીપણે કદાચ કહી શકે, પણ જો અહિંની પરિસ્થિતિ અંગે જરૂરિયાતોનો–અહિંની પરિસ્થિતિ અંગેની તાકીદની, મહત્વની અને ઉપેક્ષા થઇ ન શકે એવી જરૂરિયાતોનો આપ વિચાર કરશો તો અમારી યોજના આપને વધારે પડતી મોટી નહિ પણ આવશ્યકતાના પ્રમાણમાં ઘણી નબળી–ઉતરતા આંક વાળી–માલુમ પડશે. અમારી આ જરૂરિયાતોને પહોંચી વળ્યા સિવાય અમારો છૂટકો નથી. જો સમસ્યાને ઉકેલવી હોય તો કોઇ ને કોઇ રસ્તો કાઢવો જ જોઇએ. કોઇ પણ સમસ્યા આડે આંખો બંધ કરીને તેની આપ ઉપેક્ષા કરી ન જ શકો. અહિં જ ખરી મુશ્કેલી રહેલી છે. આ મુશ્કેલી ઉભેલી છે જ અને તે માત્ર અમારી સામે નહિ પણ જે દેશ અણુવિકસિત દશામાંથી ઊંચે ઉઠવા ઉદ્યુક્ત થયો છે અને ઉદ્યોગીકરણ વગેરે દ્વારા જલ્દિથી વિકાસ સાધવા અને વસ્તી અથવા બીજું કાંઇ વધે તે કરતાં પોતાની પ્રગતિ વધારે ઝડપી બને એ સ્થિતિને પ્રાપ્ત કરવા કટિબધ્ધ થયો છે તે દેશ માટે આ મુશ્કેલી ઉભી જ છે.

સમગ્ર રીતે વિચારતાં આજે પ્રગતિની ચાવી વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસમાં રહેલી છે. જ્યારે હું પ્રગતિ શબ્દ વાપરું છું ત્યારે સ્પષ્ટતા ખાતર મારે જણાવવું જોઇએ કે હું ભૌતિક પ્રગતિ કહેવા માંગું છું. જીવનની બીજી કોઇ બાજુઓ નથી એમ હું હરગીજ કહેતો નથી. જીવનની જરૂર બીજી બાજુઓ છે કે જે ખરેખર ખૂબ મહત્વની છે. પણ અહિં જે ભૌતિક પ્રગતિ વિવક્ષિત છે તેની ચાવી વિજ્ઞાન અને ટેકનોલોજીમાં અને તેના ઉપયોગમાં રહેલી છે. અને જેમ જેમ આનો ઉપયોગ કરવામાં આવે તેમ તેમ આનાં એવાં સામાજિક પરિણામો આવે છે કે જે લોકોની સામાજિક આબોહવામાં પરિવર્તન પેદા કરે છે. જેવી રીતે યુરોપ અને અમેરિકાની માનસિક આબોહવા આ વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ ફેરફારો સાથે બદલાતી રહી છે એ રીતે અમારામાં પણ ફેરફાર થવાનો જ છે.

આ વિશિષ્ટ શ્રોતાગણ સમક્ષ આ મારા કેટલાક ખ્યાલો રજુ કરવાનું મેં સાહસ કર્યું છે. આ એવી બાબતો છે કે જે અમને મુંઝવી રહેલ છે, જે મારા મન સામે હંમેશની ઉભેલી છે અને આ મુખ્ય પ્રશ્ન, તેની ઉપેક્ષા કરીને કે તેને બાજુએ રાખીને નહિ પણ તેનો સીધો સામનો કરીને, અમારે વિચારવાનો છે. ભારતમાં અમારી સામે પ્રશ્ન કાંઇકની અપેક્ષા રાખી રહેલા, વધારે સારી સ્થિતિ પ્રાપ્ત કરવાને ઝંખી રહેલા લગભગ ૪૦ કરોડ માનવીઓને લગતો છે. અમારી પાસે જે કાંઇ બચે, વધે તેનો શું ઉપયોગ કરવો, કેવી રીતે ઉપયોગ કરવો તે અમારે ચાલુ વિચારવાનું હોય છે. તેમની જરૂરિયાતોને અંશતઃ પહોંચીવળવું કે તે વિષે બને તેટલો વધારે સંતોષ આપવો? તેમની જરૂરિયાતોને સંપૂર્ણતયા પહોંચીવળવાનું તો અમારા માટે શકય જ નથી. જે કાંઇ સરપ્લસ–વધારાનું–હોય તેમાંથી કેટલો ભાગ ભવિષ્ય માટે રોકવો? જ્યારે અમારી પાસે પૂરતું ન હોય અને માંગણીઓ અનેકવિધ હોય અને તે માંગણીઓ માત્ર આજની જરૂરિયાતોને લગતી નહિ પણ જેનું સવિશેષ મહત્વ છે તેવી આવતી કાલને લગતી માંગણીઓને લગતી હોય ત્યારે સરપ્લસની કેમ વહેંચણી કરવી તે અમારા માટે એક ભારે વિકટ સમસ્યા બની જાય છે. પણ અહિં મહત્વનો મુદ્દો તો એ છે કે હજારો બલકે લાખો માનવીઓ નવચેતનના બળવાન આવેગથી હલા ઉઠયા છે. અતિ વ્યાપક સંક્ષોભ તેમને બેચેન બનાવી રહ્યો છે. તેનો ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે અને તે બરોબર સમજ્યા બાદ તેને યોગ્ય દિશાએ વાળવા માટે પણ એટલો જ ગંભીર પ્રયત્ન હાથ ધરવાની જરૂર છે. જો તેનું યોગ્ય નિદાન કરવામાં નહિ આવે તો ઉપરછલ્લા ઉપાયોથી લોકોનું માત્ર નામનું જ ભલું કરી શકાશે.

એશીઆમાં કુદરતી તેમ જ માનવીય સાધનસંપતિ પુષ્કળ પ્રમાણમાં છે. માનવીય સંખ્યા બહુ મોટી છે એટલું જ નહિ પણ, તેમાં અસાધારણ તાકાત ભરી પડી છે. મને કોઇ શક નથી કે જો તક આપવામાં આવે તો એશીઆ ઢગલાબંધ વિજ્ઞાનવિશારદો અને ટેકનોલોજી–વિશારદો પેદા કરી શકે તેમ છે, પેદા કર્યા છે અને પેદા કરનાર છે. તેને તક મળે–પોતાની જાતને ઉંચે લેવાની તક મળે–તેની જ માત્ર જરૂર છે.

આ પ્રશ્નની એક બીજી પણ બાજુ છે. આજનો સવાલ માત્ર એશીઆ કે આફ્રિકાના ઉત્થાનનો જ નહિ પણ આખી દુનિયાના ઉત્થાનનો છે. જ્યાં સુધી અણુવિકસિત દેશોને ઉંચે લાવવામાં નહિ આવે ત્યાં સુધી બાકીની દુનિયા સુખપૂર્વક સુઇ શકે તેમ નથી અથવા તો સમધારણપૂર્વક જીવી શકે તેમ નથી. આજે દુનિયા એટલી બધી સંકોચાઇ ગઇ છે કે તેનો એક વિભાગ તેના અન્ય વિભાગથી અલગ બનીને રહી કે જીવી શકે તેમ છે જ નહિં. અને તેથી આપણે સુખમય સ્થિતિમાં હોઇએ કે અન્ય સ્થિતિમાં હોઇએ, આપણે એવી દુન્યવી પરિસ્થિતિ પેદા કરવાની જરૂર છે કે જેના પરિણામે આજની અસહ્ય સ્થિતિ નાબુદ થાય અને વિશાળ-ભાવથી કહું તો, જે લોકો જીવનની પાયાની જરૂરિયાતોની પારવિનાની તંગી અનુભવી રહ્યા છે તે લોકોમાં સંતોષની લાગણીનો ફેલાવો થાય.

નાણાપ્રકરણ અથવા તો અન્તરરાષ્ટ્રીય નાણાપ્રકરણમાં અહિં એકત્ર થયેલા આપ મહાનુભાવો જેટલા નિષ્ણાત છો તેવો નિષ્ણાત હોવાનો મારો કોઇ દાવો નથી અને તેથી આપની સમક્ષ આને લગતા વિષયોનું વિવેચન કરવાની હું હીંમત નહિ કરું. પણ હું

એશીઆમાં, હિંદમાં અને એશીઆની બહાર વસતી માનવજાત વિષે કાંઈક જાણું છું. એ લાખો માનવીઓનાં દિલને શું હલાવી રહ્યું છે અને અશાન્ત-ક્ષુબ્ધ-બનાવી રહ્યું છે તે હું જાણું છું. તેથી તે વિષે આપની સમક્ષ હું કાંઇક કહેવા માંગતો હતો કે જેના પરિણામે નાણાવિષયક અને અર્થવિષયક નીતિઓનો, આ લાખો લોકો જેઓ હવે શાન્ત નથી, અને જેમણે હવે શાન્ત રહેવાને કોઇ કારણ નથી એવા લોકોની પાર્શ્વભૂમિકા ઉપર આપ વિચાર કરતા થાઓ અને તેમને આપના ચિત્તમાં કોઇક ખુણે નિશ્ચિત સ્થાન આપો, તેઓ પૂરતા લાંબા કાળ સુધી શાન્ત રહ્યા છે. તેમણે પૂરતા પ્રમાણમાં અનેક પ્રકારની યાતનાઓ ભોગવી છે અને સહન કર્યું છે. જીવનને સુખમય બનાવે-અર્થમય બનાવે-એવી વધારે સારી વસ્તુઓ પ્રાપ્ત કરવાની તેઓ શા માટે ઇચ્છા ન કરે?

એ સાચું છે કે આ બધું કાંઈ જાદુની લાકડીથી આપણે પેદા કરી નહિ શકીએ. તે માટે આપણે સખ્ત કામ કરવાનું છે. એ હું બરોબર જાણું છું કે કોઈ પણ દેશ માત્ર બહારની મદદથી આગળ વધી ન જ શકે. જો કોઇ દેશ કે ત્યાંના લોકો પોતાનું અને અન્ય દેશો વચ્ચેનું આર્થિક અન્તર નાબુદ કરવા માગતા હોય અને પ્રગતિ સાધવા માગતા હોય તો તેમણે પોતે જ તેનો ભાર ઉઠાવવાનો રહે છે. તે અર્થે એ પણ સાચું છે કે આવા કોશીસોમાં મદદ સિવાય-તેમને આગળ ધકેલવા માટે કાંઇક શરૂઆતની મદદ સિવાય-સંતોષકારક પ્રગતિ સધાવી ઘણી મુશ્કેલ છે. અને ઘણા દેશોને આવી આર્થિક મદદ આજે મળી પણ રહી છે. આ બધું ધ્યાનમાં લઇને આપણે વિચારી રહ્યા છીએ કે આ બધા અણવિકસિત તેમ જ અલ્પવિકસિત દેશોને માત્ર તેમની ખાતર નહિ પણ આખી દુનિયાના ભલાની ખાતર મદદ કરવાની જરૂર છે-એવી રીતે મદદ કરવાની જરૂર છે કે જેથી તે દેશો તેમના અદ્યતન પછાતપણાની, અલ્પવિકસિતતાની અને દરિદ્રતાની દશામાંથી ઉંચે આવે. પણ મારે એ તો કબુલ જ કરવું રહ્યું કે મુખ્ય પ્રયત્ન તો તે તે દેશના લોકો દ્વારા જ નિર્માણ થવો જોઇએ. જો લોકો પોતે પ્રયત્ન નહિ કરે, પુરૂષાર્થ નહિ દાખવે તો અન્ય કોઇનો ગમે તેવો પ્રયત્ન તેમને ઉંચે લાવી નહિ શકે. મારા દેશ પૂરતી મને ખાત્રી છે કે અહિ આવો પ્રયત્ન કરવામાં આવ્યો છે, ચાલી રહ્યો છે અને હજુ વધારે પ્રયત્ન થતો રહેવાનો જ છે. પણ સાથે સાથે એ પણ જણાવવાની મને જરૂર લાગે છે કે માત્ર વ્યકિતગત દેશોના ભલા ખાતર નહિ પણ માનવજાતના વધારે વ્યાપક ભલા ખાતર અમને અન્ય દેશોને સહકાર અને મદદ જો મળતી રહેશે તો જેમ ભૂતકાળમાં બન્યું છે તેમ ભવિષ્યમાં પણ અમારો પ્રયત્ન વધારે સરળ અને ફળવાહી બનશે, અને અમારા વ્યકિતગત ઉત્કર્ષ સાથે સામુહિક કલ્યાણ સાધનામાં અમે અમારો ફાળો પૂરતા પ્રમાણમાં નોંધાવી શકીશું.

મૂળ અંગ્રેજી : **જવાહરલાલ નહેરૂ**

અનુવાદક : **પરમાનંદ**

કર્મની બે અસર

માણસનાં કર્મની બે અસરો છે: એક સમાજ અને પ્રકૃતિ ઉપર ને બીજી તેના ખુદના ઉપર. મારૂં દરેક કર્મ જેમ બહારના સમાજને ઘડે છે, તેમ જ મારા મનને પણ ઘડે છે. એક એક કર્મ એક એક ટચકો છે; ને તે મારી મનોરચનાને સારો કે માઠો ઘાટ આપે છે. એટલે સારા હેતુથી પણ જો હું અશુધ્ધ કર્મ કરવાનું ચાલુ રાખું તો આખરે હું અશુધ્ધ મૂર્તિ થયા વિના રહું નહિ. આથી આપણા ધ્યેય કે સાધ્ય કરતાં પણ આપણા સાધનો વધારે મહત્વનાં છે. ને તે સાધનો જ છેવટે આપણને ઘડે છે.

ભૂમિપત્રમાંથી **મનુભાઈ પંચોળી**

કૂર્માચળની પરિક્રમા

આ લેખનો આ વખતનો હપ્તો સ્થળસંકોચને કારણે આ અંકમાં પ્રસિદ્ધ થઈ શકયો નથી, તે હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી

❋ મહાબળેશ્વરની યાત્રા ❋

ગયા ડીસેમ્બર માસ દરમિયાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી અજન્ટા-એલોરાનું પર્યટન યોજવામાં આવ્યું હતું. તેમાં જોડાયલાં કેટલાંક ભાઈબહેનોની માંગણી હતી કે સંઘદ્વારા મહાબળેશ્વરનું પર્યટન યોજાય તો સારૂં! આ માંગણી ધ્યાલમાં રાખીને ઓકટોબર માસના પશ્ચર્દ્ધ દરમિયાન એટલે કે આશ્વિન માસનો શુકલ પક્ષ કે જ્યારે વર્ષાએ નિશ્ચયપૂર્વક વિદાય લીધી હોય, ધરતી લીલી હરિયાળી વડે મલક મલક થઇ રહી હોય, નદીનાળામાં નિર્મળ જળ વહી રહ્યાં હોય અને શરદ ઋતુની સોહામણી ચંદ્રિકા વ્યોમ તથા વસુધાને અજવાળી રહી હોય એવા દિવસોમાં મહાબળેશ્વરનું પર્યટન ગોઠવવું એમ અમે વિચારી રહ્યા હતા. આ દિવસોમાં પર્યટન ગોઠવવાના વિચાર પાછળ બીજો પણ આશય રહેલો હતો. એ એવા દિવસો છે કે જ્યારે મહાબળેશ્વરમાં હોટલો ઉઘડવાની શરૂઆત હોય અને પ્રવાસીઓની કોઇ ભીડ ન હોય, જેના પરિણામે હોટેલમાં રહેવાનું પ્રમાણમાં સસ્તું પડે અને ત્યાં રહેવામાં વધારે મોકળાશ રહે. આ બધું ધ્યાનમાં રાખીને ઓકટોબર માસની ૧૯ મી તારીખે એટલે કે આસો શુદ ૭ અને રવિવારના સવારના નીકળવાનું અને તા. ૨૬ મી ઓકટોબર એટલે કે આસો શુદ ૧૪ અને રવિવારે રાત્રીના મુંબઈ પાછા ફરવાનું મહાબળેશ્વરને લગતું પર્યટન સંઘ તરફથી ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું, અને તે મુજબ સભ્યોને પરિપત્રથી જણાવવામાં આવ્યું.

સાધારણ રીતે મહાબળેશ્વર જતાં લોકો મુંબઇથી પૂના રેલ્વે માર્ગે જાય છે અને પૂનાથી મહાબળેશ્વર સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં બેસીને જાય છે, પણ આમ કરતાં મહાબળેશ્વરમાં ફરવાનાં કેટલાંક લાંબા અન્તરવાળાં સ્થળોએ જવા આવવા માટે મોટર અથવા તો ટેકસીની સગવડ કરવાનું અનિવાર્ય બને છે. હવે ૩૫ કે ૪૦ ભાઈ બહેનોના સમુદાયમાં જઇએ તો બધાંનો સમાવેશ કરવા માટે જરૂરી ટેકસીઓ મેળવવી મુશ્કેલ પડે અને મળે તો પણ મોંઘી પડે. આને બદલે મુંબઇથી મહાબળેશ્વર જવા આવવા માટે તેમ જ ત્યાં ફરવા હરવા માટે જો સળંગ સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસનું નક્કી કરીએ તો કેમ? પણ એમ કરતાં તેના ચાલુ માથાદીઠ અને દૈનિક રોકાણનો દર-એ બધાંનો સંરવાળો કરતાં તે પણ મોંઘું પડે એમ લાગ્યું. કદાચ સ્ટેટ ટ્રાન્સપોર્ટવાળા રોકાણનો દર માફ કરે અથવા હળવો કરે તો બસદ્વારા પ્રવાસનો પ્રબંધ ગોઠવવાનો વિચાર વ્યવહારૂ બને એમ લાગ્યું. એ સંબંધમાં અરજી કરતાં તે ખાતાએ એક દિવસના રોકાણના રૂ. ૪૫ ને બદલે રૂ. ૨૫ કરી આપ્યા. આથી અમારો માર્ગ સરળ થયો અને પર્યટનમાં જોડાતા ભાઈ બહેનોને મુંબઇથી જ સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં લઇ જવાનો અમે નિર્ણય કર્યો. મહાબળેશ્વરમાં ઉતરવા રહેવા માટે પેરેડાઇઝ હોટેલવાળા સાથે અમે ગોઠવણ કરી અને ખરચનો અડસટો કાઢીને વ્યકિત દીઠ રૂ. ૬૦ અને દશ વર્ષની નીચેનાં બાળકો માટે રૂ. ૪૦ લેવાનું ઠરાવ્યું.

સાધારણ રીતે અમારી જેવી સંસ્થાઓ તરફથી એક, બે કે ત્રણ દિવસનાં પર્યટનો ગોઠવવામાં આવે છે અને તેમાં જોડાવા માટે ભાઈ બહેનોની કદિ કદિ એટલી બધી માગણી આવે છે કે ઘણી વાર ૪૦-૪૦ પેસેન્જરોને લઈ જાય તેવી બે અથવા ત્રણ બસો નક્કી કરવી પડે છે. પણ પ્રસ્તુત પર્યટન અમે કુલ આઠ દિવસનું વિચાર્યું હતું અને તે પાછળ આશય એવો હતો કે મહાબળેશ્વર સુધી આવનાર સભ્યકુટુંબો મહાબળેશ્વરમાં જોવા લાયક બધું બરોબર જુએ અને પાછાં ફરતાં પૂના પણ બને તો જોઇ લે. પણ મુંબઇ શહેરમાં ધંધા રોજગાર કે નોકરીનાં બંધને બંધાયલાઓને આવી રીતે આઠ દિવસ કાઢવા-અને એ પણ દીવાળી નજીક આવતી હોય ત્યારે-બહુ જ મુશ્કેલ પડે એ સમજી શકાય તેવું છે અને તે મુજબ પર્યટનમાં જોડાવા માટે બહુ ઓછા નામ નોંધાયાં. ઓછામાં ઓછા ૩૦ ભાઈ

બહેનો તો હોવા જ જોઇએ, કારણ કે તેથી ઓછી સંખ્યાને વ્યાજબી ભાડે લઇ જતી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસો હોતી જ નથી. (૩૦ પેસેન્જરને લઇ જતી બસનું ભાડું દર માઇલે રૂ. ૧૫ પડે છે.) ૧૯ મી તારીખે ઉપડવાનું હતું. અઠવાડીઆ પહેલાં ૨૫ ની સંખ્યાએ આવીને અટકયું હતું અને પરિણામે પર્યટન રદ કરવાની પરિસ્થિતિ ઉભી થઈ હતી. પણ આગળના રવિ-સોમવારના દિવસે નવા દશ ભાઇ બહેનોની ભરતી થઈ એટલે ૩૫ જણની નક્કી કરેલી બસમાં નીકળવાનું સરળ બન્યું.

ઓકટોબર માસની ૧૯ મી તારીખ અને રવિવારની સવારે ૭ વાગ્યે અમારી મંડળી પાયધુનીથી ઉપડી. પણ આમ ઉપડવા પહેલાં એક તકલીફ ઉભી થયેલી તે જણાવવી જરૂરી છે. પાયધુની ઉપર અમારા માટે જે બસ આવી હતી તે ૩૫ જણની નહિ પણ ૩૧ જણની હતી. આ માટે અમે સ્ટેટ ટ્રાન્સપોર્ટની ઓફીસમાં ટેલીફોન કર્યો કારણ કે આ બસમાં અમારો સમાસ થવાનું શકય જ નહોતું. ઓફીસરે જવાબ આપ્યો કે "તમારા માટે નક્કી કરેલી બસ ખોટકાઈ જવાથી જરા નાની બસ મોકલવી પડી છે પણ સેન્ટ્રલ સ્ટેશન આગળ અમારી ઓફીસ ઉપર તમે બધાં આવો અને પછી શું થઇ શકે તેમ છે તેનો વિચાર કરીએ." અમે ત્યાં પહોંચ્યા. અને તે ઓફીસરે પોતાના ઉપરીને પૂછીને આગળથી નક્કી કરેલા દરમાં જ ૪૦-૪૨ માણસો બેસી શકે એવી મોટી અને વધારે સગવડવાળી અને તદ્દન નવી બસ અમને કાઢી આપી. પરિણામે બસ પૂરતો અમારો આખો પ્રવાસ બાદશાહી રૂપનો બની ગયો.

પાયધુની, રોયલ ઓપેરા હાઉસ તથા ભાટુંગાથી જે ભાઇ બહેનો તથા બાળકોને લેવાનાં હતાં તેમને લઇને અમે આગળથી નકકી કર્યા મુજબ થાણા રવિ ઇન્ડસ્ટ્રીઝના કારખાનાના દરવાજા પાસે રોકાયા અને રવિ ઇન્ડસ્ટ્રીઝના માલીક અને સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી રતિલાલ ઉજમશી શાહે અમારું જલેબી ગાંઠીયા અને ચા પાણી વડે ભાવભર્યું સ્વાગત કર્યું. તેઓ ત્યાંથી અમારી સાથે જોડાવાના હતા. પણ ચાર દિવસ બાદ જૈન કોન્ફરન્સ ઉદ્યોગગૃહને લગતી એક સન્માન સભામાં તેમની હાજરી અનિવાર્ય હોવાના કારણે તેઓ અટકી પડયા.

સંઘના પર્યટનમાં ધીમે ધીમે અમુક વ્યકિતઓનું હોવું અનિવાર્ય જેવું લાગે છે અને તેમાંથી એક પણ ન હોય તો તેની ખોટ આખા પર્યટન દ્વારા મનમાં સૌને ખટકયા કરે છે. દા. ત. સ્વ. ટી. જી. શાહ સંઘના પર્યટનમાં હોય જ હોય અને તેમના લીધે પર્યટનમાં આનંદ અને મસ્તીનું વાતાવરણ અમુક પ્રકારે હંમેશાં જામેલું રહેતું. થોડા મહીના પહેલાં વિધિએ તેમને એકાએક ઝડપી લીધા અને તેથી તેમની પડેલી ખોટ આ વખતે અમને બધાંને ખૂબ સાલતી જ રહી. આવી રીતે અમારા એક અચરલાલ ભાઇ છે. તેમને ગમે તે કહો, કદિ તેમને ખોટું લાગે જ નહિ. પ્રવાસનું વાતાવરણ હળવું આનંદભર્યું રાખવા માટે તેમનું સાથે હોવું અમે અતિ આવશ્યક માનીએ છીએ પણ તેઓ આ વખતે જોડાઇ શકયા નહિ. આવી રીતે રતિભાઇ પણ આ વખતે સાથે નહિ હોય એ ખ્યાલથી અમે બધાં જરાક ખિન્ન થયા. સંઘના પ્રમુખ ખીમજીભાઇ પણ સાથે જોડાવાના જ હતા, પણ તે જ દિવસે બપોરની એક જાહેર સભાના અનિવાર્ય રોકાણને અંગે તેઓ એકાએક અટકી ગયા હતા. તેમની ખોટ પણ આવી જ ગણાય, પણ સદ્દભાગ્યે તેઓ બીજે દિવસે અમારી સાથે જોડવાના હતા એટલું એ બાબતનું અમને આશ્વાસન હતું. અને એ મુજબ તેઓ જોડાયા પણ હતા.

અમારો સંઘ થાણામાં ચા પાણી નાસ્તો પતાવીને આગળ ચાલ્યો. થાણાથી રતિભાઇનાં કુટુંબીજનો અમારી સાથે જોડાયાં હતાં. ખુશનુમા ઠંડી હતી અને સવારનો સૂર્યપ્રકાશ ચોતરફ અજવાળું અને ઉષ્મા પાથરી રહ્યો હતો અને તાજેતરમાં પડેલા વરસાદના કારણે લીલીહરિયાળી અને લીલા ઝાડ પાનથી ઢંકાયેલા સમવિષમ પ્રદેશો ચમક ચમક થઈ રહ્યા હતાં. અને બસ ચાલુ ગતિથી માઇલ ઉપર માઇલ વટાવી રહી હતી. કેટલીક વારે ખપોલી આવ્યું. અહિં ચા પાણી અને અહિંના ખાસ વખણાતા તાજાં, તીખાં, તમતમતાં બટાટાવડાં ખાધાં વિના આગળ કેમ જવાય? એટલે અહિં અડધોએક કલાક રોકાયા. અને જ્યાહામૌલ્યને બધાંએ તૃપ્ત કર્યું. થોડી વારમાં ઘાટના ડુંગરા શરૂ થયાં અને હાથીની માફક અમારી વિશાળકાય બસે હાંફતાં હાંફતાં પર્વતારોહણ પુરૂં કર્યું. પછી તો સપાટ પ્રદેશ શરૂ થયો અને બે વાગ્યા લગભગ પૂના-રીટઝ હોટેલ ઉપર અમે પહોંચી ગયા. અહિં બધાં જમ્યા અને એક કલાકમાં આગળ જવાને માટે સૌ તૈયાર થઈ ગયા.

અમારી મંડળીમાં ૧૧ પુરૂષો, ૯ બહેનો અને ૯ બાળકો હતાં. બધાં ખાઈ પીને તાજગી અનુભવતાં બસ ઉપર આરૂઢ થયાં, અને મહાબળેશ્વર તરફનું પ્રયાણ શરૂ થયું. સાંજના વખતે વાઈ આવ્યું. રાબેતા મુજબ બધાંએ અહિં પણ ચા પાણી પીધાં; કોઇ કોઇએ જમરૂખ સીતાફળ ખાધાં. અહિંથી આગળ વધીએ તે પહેલાં સૂર્યાસ્ત થઇ ચૂકયો હતો. સંધ્યાના ઝગઝગાટમાં અમે એટલે કે અમારી બસે પંચગીની પહોંચાડતા પર્વતનું આરોહણ શરૂ કર્યું. પંચગીની પહોંચ્યા ત્યારે રાત્રીનો અંધકાર ચોતરફ ફેલાઈ ચુકયો હતો. પંચગીનીમાં સચેત બન્નેથી મ્યુનીસીપાલીટીની બત્તીઓ આસપાસના અંધકારને પડકારી રહી હતી. ત્યાંથી ઉપડયા અને એકાદ કલાકની અંદર મહાબળેશ્વર પહોંચી ગયા અને અમારી બસે પેરેડાઇઝ હોટેલના કોંપાઉન્ડમાં પ્રવેશ કર્યો. જુદાં જુદાં કુટુંબો પોતાને અનુકુળ પડે તે મુજબ જુદા જુદા ઓરડામાં વહેંચાઈ ગયાં. ભોજન અમારા માટે તૈયાર જ હતું. તે વડે ક્ષુધાને શમાવીને થાકયાપાકયા રાત્રીના સૌ કોઇ નિદ્રાને વશ થયાં.

બીજે દિવસે સવારે ઉઠતાં માલુમ પડયું કે અમારામાંના બે ભાઇઓ તેમાં એક તો અમારા મંત્રી ચીમનભાઇની તબિયત થોડી બગડી હતી. તેમના માટે જરૂરી વૈદ્યકીય ઉપચાર કરવામાં આવ્યા, પણ સવારના ફરવામાં તેઓ જોડાઈ શકે તેમ હતુ જ નહિ અને તેથી તેમને મૂકીને દૂર તો કેમ જવાય? એટલે નજીકમાં આવેલ ધોબી વૉટર ફોલ્સ કરીને એક રમણીય એકાન્ત સ્થળ છે ત્યાં જવા અમે વિચાર કર્યો.

આ પર્યટનમાં મારૂં સ્થાન આગેવાનનું હતું અને બે ત્રણ વખત હું મહાબળેશ્વર આવી ગયેલો હોઇને ત્યાંના વિવિધ જોવાલાયક સ્થળોની મને ઠીક ઠીક માહીતી હતી. આ ધોબી વોટર ફોલ્સ ઉપર જે રસ્તે હું પહેલાં અનેકવાર ગયેલો તે જ રસ્તે અમારી મંડળીને હું દોરી ગયો. એ રસ્તો હતો ખૂબ ઝાડીવાળો અને સાંકડી પથ્થરના નાનાં મોટાં પગથિયાં વાળી અનિયમિત કેડીનો. આ કેડી ઉપર આવતાં મને એ ખ્યાલ ન રહ્યો કે અહિં તો હજુ ગઇ કાલ સુધી વરસાદ પડી ગયો હતો અને માટીને લીધે બધું ચીકણું લપસણું બની ગયું હતું. પરિણામ એ આવ્યું કે જે સાદો સીધો અને ટુંકો રસ્તો મેં માનેલો તે વક્ર, લપસણો અને વિકટ રસ્તો હોવાનું માલુમ પડ્યું. મંડળીમાં ભાઇઓ તેમજ બહેનો હતી અને બાળકો પણ હતાં. જરા આગળ ચાલીએ અને કોઇ ને કોઇ લપસે; એક વાર એક ભાઈ બાળકને ઉપાડીને ઉતરતા હતા તે પણ લપસ્યા અને બાળક સાથે પડયા પણ સદ્દભાગ્યે એમાંથી કોઇને ખાસ કોઇ ઇજા ન થઈ. અડધે આવ્યા પછી ભારે ભૂલ કરી એમ મનમાં થયું પણ હવે પાછા ફરવાનો કોઈ અર્થ નહોતો. જેમ તેમ કરીને બધાં હેમખેમ નીચે ઉતર્યા અને ખુલ્લી જગ્યામાં આવ્યાં. અહિં પર્વતમાંથી આવતાં ઝરણાંનો પ્રવાહ મંદ મંદ હળવા અવાજે વહી રહ્યો હતો અને નીચે ખીણમાં ધોધના આકારે પડી રહ્યો હતો. નજીકમાં ઉંડી ખીણ હતી અને આગળ મોટું મેદાન અને ચારે બાજુએ પર્વતો હોઇને દૃષ્ય અતિ રમણીય લાગતું હતું. બીજી બાજુએ ઉંચાણના ભાગ ઉપરથી

ધોધનું દૃશ્ય સ્પષ્ટ દેખાતું હતું અને તેના પ્રપાતનો અવાજ કર્ણપ્રિય લાગતો હતો. અહિં કલાકેક બધાંએ આનંદમાં પસાર કર્યો. આવ્યા એ રસ્તે પાછા કેમ જવું એ સવાલ હતો, પણ બાજુએ જરા લાંબો છતાં પહોળો રસ્તો છે એમ માલુમ પડયું. તે ઉપર થઇને આગળ ઉપર આવતી સુગમ કેડી દ્વારા રાજમાર્ગ ઉપર અમે આવી ચઢયા અને બારેક વાગ્યે હોટેલમાં પહોંચી ગયાં.

જે બે ભાઇઓ સવારના નરમ પડયા હતા તેઓ સાંજ સુધીમાં સારા થઇ ગયા અને સાંજે અમે 'ઓંબે પોઇન્ટ' જોવા માટે બસમાં બેસીને નીકળ્યા ત્યારે તે ભાઇઓ પણ જોડાયા. અમારી હોટેલથી ઓંબે પોઇન્ટ આશરે બે માઇલ દૂર છે. રસ્તામાં ગવર્મેન્ટ હાઉસ આવે છે, જ્યાં મહાબળેશ્વર જવા ઇચ્છતા પ્રવાસીઓને બહુ ઓછા ભાડામાં રહેવા વગેરેની સગવડ આપવામાં આવે છે. સાંજનો વખત હતો. પશ્ચિમ આકાશ અને તે બાજુનો આખો પ્રદેશ સૂર્યના પ્રકાશથી ઝળહળી ઉઠયો હતો. ઓંબે પોઇન્ટ ઉપરથી પ્રતાપગઢનો કોલ્લો, મહાડ જવાનો રસ્તો, નાનાં મોટાં ગિરિશિખરો અને ખીણમાં વહી રહેલી અરીસા માફક ચળકતી કોયના નદીની જળપટ્ટી દેખાતી હતી. દૂર પશ્ચિમ ક્ષિતિજની કોર તેના વિશિષ્ટ ચળકાટના કારણે અમારી આંખોને આકર્ષતી હતી. આ ચળકાટ તે દિશામાં આવેલ અરબ્બી સમુદ્રનું સૂચન કરતો હતો. આકાશ સ્વચ્છ હોય તો રાત્રીના સમયે મુંબઇની દીપમાળાનો ઝળહળાટ અહિંથી દૃષ્ટિગોચર થાય છે એમ અહિં વિચરનારા લોકો જણાવે છે. જમણી બાજુએ દૂર એક લાંબી ભૂશિર જેવી પર્વતપટ્ટી દેખાતી હતી. મેં ...થી-સંસ્થાના મંત્રી-શ્રી ચીમનભાઇને કહ્યું કે "એ લૉડવિક પોઇન્ટ છે, અને મારે મન મહાબળેશ્વરના બધા પોઇન્ટમાં એ સૌથી વધારે આકર્ષક છે." ચીમનભાઇ કહે કે "એમ છે તો ચાલો આપણે ત્યાં જઇએ." એટલે સૌ ઓંબે પોઇન્ટથી ઉપડયા, બસમાં બેઠાં, અને બસ લૉડવિક પોઇન્ટ તરફ હાંકી મૂકી.

પાછા ફરતાં ગવર્મેન્ટ હાઉસથી થોડું આગળ જતાં ડાબી બાજુના રસ્તા ઉપર વળવું પડે છે. એ આખો રસ્તો ગીચ ઝાડીથી ભરેલો છે. એ રસ્તા ઉપર બસ ચલાવતાં કોઇ ઝાડની ડાળી સાથે રખેને બસ મથાળેથી ભટકાઈ ન પડે એ ચિન્તાથી ડ્રાઇવરને સતત ઉંચે જોતાં રહેવું પડતું હતું. પાકી સડકનો છેડો આવ્યો અને બસ અટકીને ઉભી રહી. પછી બસમાંથી ઉતરીને સૌએ સાંકડા રસ્તા ઉપર ગીચ વનરાજીમાં પગે ચાલતાં આગળ વધવા માંડયું. બન્ને બાજુથી ટેકરીની પહોળાઇ સાંકડી બનતી જતી હતી. આગળ જતાં એક નાનો સરખો ચોક આવ્યો. તેની વચ્ચે એક સ્મરણ સ્તંભ હતો. તે સ્તંભ સ્વ. લૉડવીક સાહેબના સ્મરણમાં ઉભો કરવામાં આવ્યો હતો. જેવી રીતે મેલેટ સાહેબે માથેરાન શોધ્યું હતું તેવી રીતે મહાડ અને પ્રતાપગઢ બાજુએથી આવેલા લૉડવીક સાહેબે આ મહાબળેશ્વરને શોધ્યું હતું. બાજુએ નાની સરખી પાળ બાંધી હતી જ્યાં ઉભા રહીને પર્વતોની વિસ્તરેલી લીલા સ્વસ્થપણે માણી શકાતી હતી. જે ટેકરી ઉપર લૉડવીકનો સ્મરણસ્તંભ હતો તે સંકોચાતી સંકોચાતી ભૂશિર માફક આગળ જતી હતી અને બે છેડા જ્યાં ભેગા થતા હતા તેનો ઘાટ હાથીના માથા જેવો હતો. તેથી તેને 'એલીફન્ટસ હેડ' કહેવામાં આવે છે. ત્યાં પહોંચવા માટે ઝાડીમાં જ સાંકડા અને કોઇ કોઇ ઠેકાણે લપસણા રસ્તા ઉપર આગળ વધવાનું હતું. થોડું આગળ ચાલતાં ઝાડી ખલાસ થઇ ગઇ. સુકી લાગતી ટેકરીની બે બાજુ બહુ નજીક આવી ગઇ. ત્રણે બાજુએ ઊંડી ખીણો, જંગલો અને પર્વતો દેખાવા લાગ્યા. છેક છેડે સહીસલામતીથી ઉભા રહીને આસપાસનું દૃશ્ય નિહાળી શકાય તે માટે ચોતરફ છાતી સુધીની ગોળ દીવાલ બાંધવામાં આવી છે. આ બાંધેલી અટારી ઉપરથી દેખાતા દૃશ્યની અદ્‌ભુતતાનું વર્ણન કરવું અથવા તો વર્ણન દ્વારા તેનો ખ્યાલ આપવો અશકય છે. તે તો જે જુએ તે જ જાણે અને માણે. સૂર્ય અમારી ત્યાં પહોંચવાની જ રાહ જોઇ રહ્યો હતો. અમે પહોંચ્યા અને તરત જ સૂર્યબિંબ થોડે ઉંચેથી વાદળ અને ધુમ્મસમાં અદૃષ્ય થયું અને સંધ્યા પૂર બહારમાં ખીલી નીકળી. પંદર વીશ મીનીટ ત્યાં બધાં ઉભાં રહ્યાં અને નિસર્ગની અનુપમ લીલાને મુગ્ધ ભાવે નીહાળી રહ્યા. ધરતી ઉપર રજનીનો અંધારપટ ઉતરવા લાગ્યો. અમે પાછા ફર્યા અને સાંજના સાત સાડા સાતે હોટેલ ઉપર જઇ પહોંચ્યાં.

અપૂર્ણ

પરમાનંદ

વિનોબાનું તત્ત્વદર્શન

એક ભાઇનો પ્રશ્નનો જવાબ આપતાં નીતિ અને અદ્વૈતમ વિષે અને સુખદુઃખ સાથેના તેના સંબંધ વિષે વિનોબાજીએ જણાવ્યું કે: "ચેતનને હું સમુદ્ર જેવો સમજું છું. સમુદ્રમાં અખંડ તરંગો ઉઠે છે અને લીન થઇ જાય છે તેમ ચેતનમાં અનેક સંકલ્પો ઉઠે છે અને લીન થાય છે. સંકલ્પસ્વરૂપ હોવું એ જ ચેતનનું લક્ષણ છે. બાકી તો જડ એન્જિન ચાલે છે, શ્વાસ લેવાય તેવાં યંત્રો બને છે, ગ્રામોફોન બોલે છે; છતાં એ બધાં ચેતન નથી.

"તેથી કાં બધું ચેતન એ નાહકનો આભાસ છે, કાં બધું જડ છે, કાં એના જેવડા ગુણો છે એમ માનવું પડે. જે જડ છે, તે પણ સૂપ્ત ચેતન જ છે. એમ માનવામાં એ બ્રહ્મવાદ તરફ જઇ રહ્યું છે.

"સમુદ્રમાં જેમ તરંગ ઉપર ઉઠીને શમી જાય છે તેમ જીવ ઇશ્વરનો એક સંકલ્પ છે. એ ઉપર ઉઠે છે અને છેવટે સમુદ્રમાં લીન થાય છે. ઇશ્વરની વિવિધ કલ્પનાઓ વિવિધ તરંગો રૂપે ઉઠે છે, અને એનું સમાધાન થાય ત્યારે એ શમી જાય છે. તે સિવાય સૃષ્ટિમાં પાપપુણ્ય કે સુખદુઃખ નથી. મને આટલાથી સમાધાન છે, તેથી હું નિશ્ચિન્ત છું. જેમ પાપપુણ્ય વિષે હું તટસ્થતા રાખું છું તેમ સુખદુઃખ વિષે પણ તટસ્થ છું. એ ભૂમિકા આવી હોય તો પહેલી તટસ્થતા કામની. મારું પેટ દુખે છે ત્યારે હું તટસ્થતાથી કહું છું કે પેટ કાંઇક Active-સક્રિય બન્યું છે.

"પણ બીજી વાત સમજી લેવાની જરૂર છે કે મારા જ પાપથી મને દુઃખ મળે છે અને મારા જ પુણ્યથી મને સુખ મળે છે એ કલ્પના બરોબર નથી. એક છોકરો બીડી ફૂંકે એનાથી આખું ગામ સળગી શકે છે. જેમ શરીરના જુદાં જુદાં અંગોનાં પાપ જુદાં જુદાં ન ગણી શકાય, તેમ સમાજશરીરનાં અંગોનાં પાપ પણ આખા સમાજને લાગે છે. આપણે કાંઇ વ્યક્તિમાંથી અળગા જીવ નથી. પોતાના નસીબની માફક સામટું નસીબ પણ હોય છે. સામૂહિક પ્રારબ્ધની વાત સમજીએ તો વ્યક્તિત્વ માટેની ઘેલછા ઓછી થાય.

"આમ માનવીની નીતિની ભૂમિકા એક છે અને "ચિત્ત ચૈતન્યવિલાસ"ની ભૂમિકા એ બીજી છે; પણ નૈતિક ભૂમિકા પણ વ્યક્તિગત ન હોવી જોઇએ, સામૂહિક હોવી જોઇએ.

'ભૂમિપુત્ર'માંથી

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમજ કોઇ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો:
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા
કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂ. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂ. ૧

મળવાનું ઠેકાણું:
મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ.

સિદ્ધ થયેલો સંઘનો આર્થિક સંકલ્પ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મંત્રીઓ જણાવે છે કે :-

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેમજ તેની હસ્તક ચાલતા શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-ઉભયની ધસાતી જતી આર્થિક પરિસ્થિતિને લક્ષ્યમાં લઇને આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન બને તેટલી મહેનત કરીને રૂા. ૨૦૦૦૦-૦૦ ની રકમ એકઠી કરવાનો સંઘની કાર્યવાહક સમિતિએ સંકલ્પ કર્યો હતો. અને તે માટે કાર્યવાહક સમિતિના સભ્યોએ જ પોતા તરફથી સારી રકમો મંડાવવાની શરૂઆત કરી હતી. એ રીતે કાર્યવાહક સમિતિના સભ્યો તરફથી સંઘના ફાળામાં રૂા. ૩૨૨૨-૦૦ નોંધાયા હતા અને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન કરવામાં આવેલા પ્રયાસોના પરિણામે તે ફાળો રૂા. ૧૬૦૦૦-૦૦ સુધી પહોંચ્યો હતો. ત્યાર બાદ આજ સુધીના પ્રયત્નોના પરિણામે સંઘનો ફાળો તેણે કરેલા સંકલ્પની મર્યાદાને પહોંચી વળ્યો છે, બલ્કે થોડો આગળ વધ્યો છે. આ રીતે એકઠા થયેલ કુલ રૂા. ૨૦૦૭૫-૭૨ ની રકમમાં રૂા. ૧૨૧૨૨-૭૨ ની રકમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મળી છે અને રૂ. ૭૮૭૮-૦૦ ની રકમ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય માટે મળી છે. રૂ. ૨૫-૦૦ પ્રબુધ્ધ જીવન માટે મળેલ છે અને રૂા. ૫૦-૦૦ પ્રજ્ઞાચક્ષુઓને માટે મળેલ છે.

પ્રસ્તુત પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે થયેલી આ અર્થપ્રાપ્તિ જેટલી આનંદપ્રદ તેટલી જ ઉત્સાહવર્ધક છે. જે સરળતાથી સંઘને આ અર્થલાભ થયો છે અને જે ઉદાર ભાવથી જ્યાં જેની પાસે હાથ લંબાવ્યો ત્યાં તેની પાસેથી અમને ધર્યા પ્રમાણે અને કદિ કદિ ધાર્યાથી પણ વધારે અને તે પણ પુરા ઉમળકાથી અને પૂરી પ્રસન્નતા પૂર્વક-નાની મોટી રકમો મળી છે તે સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાં અનેક ભાઇ બહેનો ઊંડો રસ અને વિશ્વાસ સૂચવે છે. આ અર્થપ્રાપ્તિ સંઘના કાર્યવાહકો માટે ભારે પ્રોત્સહક અને પ્રેરક બની છે. આ માટે અમારા દાતાઓનો અમે અન્તઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ રીતે એકઠા થયેલા ફાળાની વિગતો નીચે મુજબ છે :-

૫૦૨-૦૦ શ્રી વીરચંદ પાનાચંદ ટ્રસ્ટ
૫૦૧-૦૦ ,, ચીમનલાલ પી. શાહ
૫૦૧-૦૦ ,, ટી. જી. શાહ
૫૦૧-૦૦ ,, નવલમલ કુંદનમલ ફીરોદિયા
૫૦૦-૦૦ ,, સમરતબહેન રામજી વિરાણી
૪૦૦-૦૦ ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૩૦૦-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫૧-૦૦ ,, ખીમજી માડણ ભુજપુરીઆ
૨૫૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫૧-૦૦ ,, આર. સી. એચ. બરાર એન્ડ કું.
૨૫૧-૦૦ ,, ચીમનલાલ ચકુભાઇ શાહ
૨૫૧-૦૦ ,, ખુશાલભાઇ ખેંગાર
૨૫૧-૦૦ ,, રમણિકલાલ મણિલાલ શાહ
૨૫૧-૦૦ ,, મણિલાલ લક્ષ્મીચંદ વોરા
૨૫૦-૦૦ ,, મતુભાઇ ગુલાબચંદ કાપડિયા
૨૫૦-૦૦ ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૨૫૦-૦૦ ,, હીરાબહેન દીપચંદ સંઘવી
૨૫૦-૦૦ ,, તારાચંદ ધનજીભાઇ મહેતા
૨૧૨-૧૩ ,, બોકસોમાં આવ્યા
૨૦૧-૦૦ ,, વસંતલાલ ભુરાલાલ
૨૦૧-૦૦ ,, લીલાધર પાસુ શાહ
૨૦૦-૦૦ ,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧૦૧-૦૦ ,, ચંદુલાલ સાંકળચંદ વકીલ
૧૦૧-૦૦ ,, ચીમનલાલ જે. શાહ
૧૦૧-૦૦ ,, કચ્છી વીશા ઓસવાળ પ્રિ. પ્રેસ
૧૦૧-૦૦ ,, નૌતમલાલ દીપચંદ શાહ
૧૦૧-૦૦ ,, ધીરજલાલ ધનજીભાઇ શાહ
૧૦૧-૦૦ ,, કુંવરજી રતનશી શાહ
૧૦૧-૦૦ ,, વીરજી શીવજી રેતીવાળા
૧૦૧-૦૦ ,, નંદલાલ છગનલાલ
૧૦૧-૦૦ ,, ગુણવંત ચુમા
૧૦૧-૦૦ ,, ત્રીભોવનદાસ લક્ષ્મીચંદ
૧૦૧-૦૦ ,, ગાંગજીભાઇ માડણ
૧૦૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૧-૦૦ ,, મોંઘીબહેન હીરાલાલ શાહ
૧૦૧-૦૦ ,, શાન્તિલાલ હરજીવન શાહ
૧૦૧-૦૦ ,, સરૂપચંદ એન. શ્રોફ
૧૦૧-૦૦ ,, ધીરજલાલ મોરારજી અજમેરા
૧૦૧-૦૦ ,, પ્રેમજી ભાણજી
૧૦૦-૦૦ ,, ભોગીલાલ મોહનલાલ ઝવેરી
૧૦૦-૦૦ શ્રી સારાભાઇ ડાહ્યાભાઇ
૧૦૦-૦૦ ,, લીલાવતીબહેન ચુનિલાલ કામદાર
૧૦૦-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૦-૦૦ ,, એક બહેન તરફથી
૮૨-૦૦ ,, ચંચળબહેનની થેલીમાં આવ્યા
૭૧-૦૦ ,, સેવંતીલાલ ખેમચંદ શાહ
૫૧-૨૫ ,, લખમશી નેણસી છેડા
૫૧-૦૦ ,, રતીલાલ ચીમનલાલ કોઠારી
૫૧-૦૦ ,, નાનચંદભાઇ શામજી
૫૧-૦૦ ,, પ્રવીણભાઇ મંગળદાસ શાહ
૫૧-૦૦ ,, પરમાનંદ કુંવરજી કાપડિયા
૫૧-૦૦ ,, પ્રવીણચંદ્ર ટી. શાહ
૫૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૧-૦૦ ,, મણિલાલ વાડીલાલ નાણાવટી
૫૧-૦૦ ,, ચંદુલાલ કેશવલાલ
૫૧-૦૦ ,, મફતલાલ ભીખાચંદ
૫૧-૦૦ ,, મણિલાલ ધીરજલાલ મહેતા
૫૧-૦૦ ,, લાલભાઇ બાપુલાલ શાહ
૫૧-૦૦ ,, કાંતિલાલ છોટાલાલ
૫૧-૦૦ ,, અંબાલાલ ચતુરભાઇ શાહ
૫૧-૦૦ ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૫૧-૦૦ ,, સુરજબહેન કોઠારી
૫૧-૦૦ ,, મેનાબહેન અજિતભાઇ દેસાઇ
૫૧-૦૦ ,, તારાબહેન ચીમનલાલ શ્રોફ
૫૧-૦૦ ,, ટોકરસી ભુલા
૫૧-૦૦ ,, લક્ષ્મીચંદ ડી. ઝવેરી
૫૧-૦૦ ,, શાહ ટ્રેડીંગ એજન્સી
૫૧-૦૦ ,, કાંતિલાલ વસા
૫૧-૦૦ ,, જયંતિલાલ અંબાલાલ શાહ
૫૧-૦૦ ,, રમણલાલ લાલભાઇ શેઠ
૫૧-૦૦ ,, ફતેહચંદ લલ્લુભાઇ
૫૧-૦૦ ,, શાંતિલાલ ચીમનલાલ
૫૧-૦૦ ,, લીલાવતીબહેન દેવીદાસ
૫૧-૦૦ ,, નાથુરામ પ્રેમીજી
૫૧-૦૦ ,, રતીલાલ ટી, વોરા
૫૦-૦૦ ,, અમીચંદ ખેમચંદ શાહ
૫૦-૦૦ ,, એક બહેન તરફથી
૫૦-૦૦ ડૉ. કે. જી. મુનસીફ
૫૦-૦૦ શ્રી પી. એચ. કામદાર
૫૦-૦૦ ,, શીવલાલ કે. મહેતા
૫૦-૦૦ શ્રી સારાભાઈ એન. શાહ
૩૧-૦૦ ડૉ. મુકુન્દ કે. પરીખ
૨૫-૨૫ શ્રી ચંપકલાલ પ્રેમજીની કું.
૨૫-૨૫ ,, પ્રવીણચંદ્ર એન્ડ કું.
૨૫-૨૫ ,, મણિબહેન ગાંગજી વેલજી
૨૫-૦૦ ,, દુલભજી કેશવજી ખેતાણી
૨૫-૦૦ ,, રમણલાલ ચદુલાલ શાહ
૨૫-૦૦ ,, કેશરીચંદ ભગુભાઇની કું.
૨૫-૦૦ ,, અનુભાઇ અમૃતલાલ ઝવેરી
૨૫-૦૦ ,, વિદ્યાબહેન મહાસુખલાલ શાહ
૨૫-૦૦ ,, શિવબહેન નાગરદાસ ગાંધી
૨૫-૦૦ ,, કમળાબહેન કેવળચંદ મહેતા
૨૫-૦૦ ,, મોતીબહેન જે. શાહ
૨૫-૦૦ ,, ભુરાલાલ મગનલાલ
૨૫-૦૦ ડૉ. એસ. સી. શેઠ
૨૫-૦૦ શ્રી રાયચંદ હીરાચંદ ઝવેરી
૨૫-૦૦ ,, મણિબહેન શીવલાલ શાહ
૨૫-૦૦ ,, મણિબહેન સવચંદ કાપડિયા
૨૫-૦૦ ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૨૫-૦૦ ,, લવણપ્રસાદ પુલચંદ શાહ
૨૫-૦૦ ,, દેવજી ઉમરસી
૨૫-૦૦ ,, રમણલાલ લાલભાઇ લાકડાવાલા
૨૫-૦૦ ,, જયચંદ એમ. શાહ
૨૫-૦૦ ,, મોહનલાલ નગીનદાસ જરીવાળા
૨૫-૦૦ ,, ખેતસી માવસી સાવલા
૨૫-૦૦ ,, લલિતાબહેન લાલભાઇ શેઠ
૨૫-૦૦ ,, નાનજીભાઇ દાણાવાળા
૨૫-૦૦ ,, રમણીકલાલ પ્રભુદાસ શાહ
૨૫-૦૦ ,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ
૨૫-૦૦ પ્રો. રમણલાલ શાહ
૨૫-૦૦ પ્રો. તારાબહેન શાહ
૨૨-૧૯ શ્રી પરમાનંદભાઇ માર્ફત
૨૧-૦૦ ,, ભારતીય વસ્ત્રાલય
૨૧-૦૦ ,, બીપીનચંદ્ર જયંતિલાલ
૨૧-૦૦ ,, રમણલાલ સી. શાહ
૧૫-૨૫ ,, ચનાભાઇ ખેતસી
૧૫-૦૦ ,, સરસ્વતી જે. ઝવેરી
૧૫-૦૦ ,, કાંતિલાલ સી. ભંડારી
૧૫-૦૦ ,, જી. ડી. દફતરી
૧૧-૦૦ ,, કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા

૧૧-૦૦ શ્રી શાંતિલાલ દેવજી નંદુ	૧૧-૦૦ શ્રી કાંતિલાલ છોટાલાલ	૫-૦૦ શ્રી ગંભીરલાલ ચુનિલાલ ડગલી
૧૧-૦૦ ,, વેણીબહેન વિનયચંદ કાપડિયા	૧૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ	૫-૦૦ ,, મનીશા દલાલ
૧૧-૦૦ ,, અમૃતલાલ જેસીંગલાલ પટણી	૧૧-૦૦ ,, જેઠુભાઈ વીરજી કારાણી	૫-૦૦ ,, ધીરજલાલ મલુકચંદ
૧૧-૦૦ ,, રમણુલાલ મણિલાલ પટણી	૧૧-૦૦ ,, સુભદ્રાબહેન શાહ	૫-૦૦ ,, હીરાલાલ ત્રંબકલાલ
૧૧-૦૦ ,, રમણીકલાલ વાડીલાલ	૧૧-૦૦ ,, મણિલાલ જોશી	૫-૦૦ ,, સેવંતીલાલ અંબાલાલ
૧૧-૦૦ ,, કાંતિલાલ નથુભાઈ પારેખ	૧૧-૦૦ ,, મૂળચંદભાઈ પ્રેમજી	૨-૦૦ ,, નેમચંદ કાળીદાસ
૧૧-૦૦ ,, કુસુમચંદ ડાહ્યાભાઇ	૧૧-૦૦ ,, પ્રકાશભાઈ ગાંધી	૨-૦૦ ,, વલ્લભદાસ સચદે
૧૧-૦૦ ,, નેમચંદ નાથાલાલ	૧૧-૦૦ ,, દીનકર લક્ષ્મીચંદ કોઠારી	૨-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૧-૦૦ ,, કસ્તુરચંદ ડી. શાહ	૧૦-૦૦ ,, મણિલાલ બી. નાણાવટી	૨-૦૦ ,, લલિતકુમાર શાહ
૧૧-૦૦ ,, છોટાલાલ કપુરચંદ શાહ	૧૦-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ	૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૧-૦૦ ,, ઝવેરચંદ રાઘવજી મોદી	૫-૧૫ ,, એક બહેન	
૧૧-૦૦ ,, પદ્મા વિજય શાહ	૫-૦૦ ,, ઇન્દ્રવદન મહેતા	૧૨૧૨૨-૭૨

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

૨૫૦૦-૦૦ શ્રી મણિબહેન નાનાલાલ હરિચંદ ચેરિટી ટ્રસ્ટ તરફથી	૧૦૧ શ્રી બાબુભાઇ	૧૦૧ મે. આર. મોહનલાલ એન્ડ કું.
૧૦૧ ધી બોમ્બે મશીન સ્ટોર્સ	૧૦૧ મે. ચંદુલાલ ટી. પરીખ એન્ડ કું.	૧૦૧ ,, ઇન્ડસ્ટ્રીયલ એન્જીનીઅરીંગ કું.
૧૦૧ શ્રી ડાહ્યાભાઇ ટી. શાહ	૧૦૧ ,, ઇમ્પીરીયલ ટયુબ એન્ડ હાર્ડવેર માર્ટ	૧૦૧ ,, એસ. સી. શેઠ એન્ડ કું.
૧૦૧ મે. મોતીલાલ કલ્યાણદાસ એન્ડ કું.	૧૦૧ ,, કાંતિલાલ ભોગીલાલ એન્ડ કું.	૧૦૧ ,, એમ. જે. થાણુવાળાની કું.
૧૦૧ ,, પી. રતિલાલ એન્ડ કું.	૧૦૧ ,, પ્રીમિયર મશીનરી સ્ટોર્સ કું..	૧૦૧ ,, સી. પી. શાહ એન્ડ બ્રધર્સ
૧૦૧ ,, મોર્ડન મશીન ટુલ્સ કું.	૧૦૧ ,, એમ. એમ. દેસાઇ એન્ડ કું.	૧૦૧ ,, ભારત ઇન્ડસ્ટ્રીયલ કું.
૧૦૧ ,, એમ. કાંતિલાલની કું.	૧૦૧ ,, એમ. એસ. દેસાઇ એન્ડ કું.	૧૦૧ ,, આર. સવાઈલાલ એન્ડ કું.
૧૦૧ ,, હીરાલાલ ગોકળદાસ	૧૦૧ ,, વીનસ હાર્ડવેર માર્ટ	૧૦૧ ,, ભારત ટ્રેડીંગ કું.
૧૦૧ ,, દીવાન બ્રધર્સ	૧૦૧ ,, મોદી બ્રધર્સ એન્ડ કું.	૧૦૧ ,, શેઠ સ્ટોર્સ ટ્રેડીંગ કું.
૧૦૧ ,, ન્યુ હિંદ એન્જીનીઅરીંગ કું.	૧૦૧ ,, યુ. ડી. પટેલની કું.	૧૦૧ ,, પ્રિમિયર મશીન ટુલ્સ કું.
૧૦૧ ,, બોમ્બે ટુલ્સ એન્ડ સપ્લાઈંગ કું.	૧૦૧ ,, રૂબી એન્જીનીઅરીંગ કું.	૧૦૧ ,, બાટલીબોય કું.
૧૦૧ ,, પારેખ ટ્રેડીંગ કું.	૧૦૧ ,, જે. ખુશાલદાસની કું.	૧૦૧ ,, ઇમ્પ્લીમેન્ટ્સ સેલ્સ કોર્પોરેશન
૧૦૧ ,, જી. વિઠ્ઠલદાસની કું.	૧૦૧ ,, મુળજીભાઈ છોટાલાલ એન્ડ કું.	૧૦૧ ,, એસ. એસ. એન્જીનીઅરીંગ એન્ડ કું.
૧૦૧ ,, સી. વાડીલાલ એન્ડ કું.	૧૦૧ ,, ટી. મોતીલાલ એન્ડ કું.	૧૦૧ ,, ધીરજલાલ એન્ડ કું.
૧૦૧ ,, રમેશ ટ્રેડીંગ કોર્પોરેશન	૧૦૧ ,, આર. બાબુલાલની કું.	૧૦૧ ,, સ્ટાન્ડર્ડ ટ્રેડીંગ એજન્સી લી.
૧૦૧ ,, બોમ્બે બેલ્ટીંગ કું.	૧૦૧ ,, મસરાણી મીલ જીન સ્ટોર્સ કું.	૨૫ ,, મોહનલાલ નગીનદાસ જરીવાળા
૧૦૧ ,, કીર્તિલાલ એન્ડ કું.	૧૦૧ ,, ચીમનલાલ દેસાઇ એન્ડ કું.	૭૮૭૮
૧૦૧ ,, શિશિર એન્ડ કું.	૧૦૧ ,, મશીન ટુલ્સ કું.	**પ્રજ્ઞા ચક્ષુઓ**
૧૦૧ ,, કમળાશંકર પી. જોશી એન્ડ કું.	૧૦૧ ,, મીલ સ્ટોર્સ કું.	૫૦ એક બહેન તરફથી
	૧૦૧ ,, રેપ્યુટ એન્જીનીઅરીંગ કું.	**પ્રબુદ્ધ જીવન**
		૨૫ શ્રી નંદલાલ શાહ

સંઘ સમાચાર

ઓકટોબર માસની ૩૧ મી તારીખે મળેલી મુંબઇ જૈન યુવક સંઘની મેનેજીંગ કમિટિની સભામાં નીચે મુજબની કાર્યવાહી થઇ હતી.

(૧) પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અને ત્યાર પછી આજ સુધીમાં સંઘ તેમજ સંઘ હસ્તક ચાલતા સાર્વજનિક વાચનાલય પુસ્તકાલય માટે એકઠા કરવામાં આવેલ રૂા. ૨૦૦૭૫-૭૨. ના ફાળા સંબંધમાં કાર્યવાહક સમિતિએ આનંદ તેમજ સંતોષ પ્રગટ કર્યો હતો અને આ માટે સંઘના દાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો.

(૨) આગામી વર્ષના પ્રારંભમાં સંઘના સભ્યોનું સમૂહ-ભોજન યોજવાનું નકકી કરવામાં આવ્યું હતું.

(૩) આગામી પોષ-માહ માસ દરમિયાન સંઘ તરફથી 'વસન્ત વ્યાખ્યાનમાળા' યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ વ્યાખ્યાનમાળા સાત દિવસ માટેની હશે અને મોટા ભાગે કોઇ પણ સોમવારથી રવિવાર સુધી સાંજના સમયની હશે અને હંમેશાં એક એક વ્યાખ્યાન રાખવામાં આવશે. વ્યાખ્યાનવિષયો મોટા ભાગે સામાજિક, આર્થિક, સાહિત્યક તેમ રાજકીય પ્રશ્નોને લગતા હશે. વ્યાખ્યાનમાળાના દિવસો હવે પછી નકકી કરવામાં આવશે. આ વ્યાખ્યાનમાળા માટે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, અધ્યાપક રમણુલાલ શાહ અને અધ્યાપિકા તારાબહેન રમણુલાલ શાહની એક સમિતિ નીમવામાં આવી છે અને તેના આયોજનની મુખ્ય જવાબદારી અધ્યાપક રમણુલાલ શાહ તથા તારાબહેનને સુપ્રત કરવામાં આવી છે.

(૪) સંઘનું નામપરિવર્તન કરવા અંગે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી, અને પ્રસ્તુત ફેરફારને અનુકુળ તેમ જ પ્રતિકુળ જુદાં જુદાં દૃષ્ટિબિન્દુઓની વિચારણા કરવામાં આવી હતી અને આ વિચારાઇ રહેલા નવા પગલા સંબંધી સંઘના સભ્યો તેમજ શુભેચ્છકો શું ધારે છે તે જાણી શકાય તે માટે પ્રબુદ્ધ જીવનમાં આ પ્રશ્નનો અંગે જાહેર ચર્ચા નિમંત્રવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

(૫) સંઘ અથવા તો વાચનાલય-પુસ્તકાલયને પોતાનું સ્વતંત્ર મકાન હોવાની આવશ્યકતાનો સભ્યોએ સ્વીકાર કર્યો હતો અને આજના સંયોગોમાં તે વિચારને વ્યવહારૂ આકાર કેવી રીતે આપી શકાય તે સંબંધમાં કેટલીએક ચર્ચા કરવામાં આવી હતી; અને આ બાબત ઉપર પોતાનું ધ્યાન સવિશેષ કેન્દ્રિત કરવા માટે સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઇ ભુજપુરીઆ જેઓ આ બાબતનો અહોભો અનુભવ ધરાવે છે તેમને ખાસ વિનંતિ કરવામાં આવી હતી.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડીસેંબર ૧, ૧૯૫૮, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

* અંધ સમાજનો પ્રશ્ન *

ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સપ્ટેંબર માસની ૧૩ મી તારીખ અને શનીવારના રોજ મુંબઈ ખાતે ઍલેક્ઝાંડ્રા કોલેજમાં શ્રી રવિશંકર સંતોકરામ ભટ્ટનું પહેલું વ્યાખ્યાન પૂરું થયા બાદ પ્રજ્ઞાચક્ષુ ડૉ. રાજેન્દ્ર વ્યાસ, જેમણે મુંબઈ યુનિવર્સિટીની એમ. એ. એલ્ એલ્. બી. ની પરીક્ષા પસાર કરી હતી, અને જેઓ હાલ મુંબઇની હાઇકોર્ટમાં વકીલાતનો વ્યવસાય કરી રહ્યા હતા અને જેમને તાજેતરમાં મુંબઇ યુનિવર્સિટી તરફથી પીએચ્. ડી. એટલે કે ડોકટરેટની ડીગ્રી એનાયત કરવામાં આવી હતી તેમનું મુંબઈ જૈન યુવક સંઘ તરફથી જાહેર સન્માન કરવાનો પ્રબંધ ગોઠવ્યો હતો. પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી પ્રમુખસ્થાને હતા. ઉપરના હેતુથી સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ ડૉ. રાજેન્દ્ર વ્યાસનો ઉપસ્થિત શ્રોતા વર્ગને પરિચય કરાવ્યો હતો અને ડૉ. રાજેન્દ્ર વ્યાસે સાધેલા પરમ પુરૂષાર્થની પ્રશંસા કરી હતી અને સંઘ તરફથી પુષ્પહાર પહેરાવીને તેમનું બહુમાન કર્યું હતું. ત્યાર બાદ ડૉ. રાજેન્દ્ર વ્યાસે પ્રસ્તુત સન્માન કાર્યને અંગે સંઘનો આભાર માનતાં જે લાક્ષણિક જવાબ આપ્યો તે નીચે મુજબ હતો :—

ડૉ. રાજેન્દ્ર વ્યાસનું આભારનિવેદન

અંધ સમાજનો પ્રશ્ન

આજે આપે અત્રે મને બોલાવીને મારૂં જે સન્માન કર્યું છે તે બદલ આપ સર્વેનો હું અત્યંત આભારી છું. ચક્ષુહીન માનવી કેળવણીના સર્વોચ્ચ શિખરે સર કરે છે તે બનાવે આપ સર્વેને મને માન આપવા પ્રેર્યા છે. ખરૂં પૂછો તો મને આ બાબત બિલકુલ આશ્ચર્યકારક કે અચંબાપ્રેરક લાગતી નથી. દૃષ્ટિવાન સમાજને તે લાગે છે. કારણ, દૃષ્ટિવાન સમાજની નેત્રવિહીન માનવી પ્રત્યેની માન્યતા કંઇક જુદી તરેહની છે. અંધ માનવીની તમે કલ્પના કરો ત્યારે તમારી સામે કયું માનસચિત્ર ખડું થાય છે? : ચીંથરેહાલ કપડામાં વીંટળાયેલો લાકડીને ટેકે ટેકે ચાલતો દેહ શહેરની કે ગામડાની ગલીએ ગલીએ આર્દ સ્વરે "આંધળાને કોઈ ભિક્ષા આપશો, બાપજી". એમ પોકારતો હોય એવા એક માનવીનું ચિત્ર તમારી સામે ખડું થાય છે. નિસ્તેજ, નિઃસહાય એવી આ માનવમૂર્તિ તમારા હૃદયમાં ઘડીભર માટે કંપારી ઉપજાવે છે. ખિસ્સું ભારે હોય તો કોઇક વાર હળવું પણ કરાવે છે. જ્યારે જ્યારે અંધ માનવી વિષે તમે કલ્પના કે વિચાર કરો છો ત્યારે તમારા મનમાં અંધ ભિખારીની પાર્શ્વભૂમિકા ખડી હોય છે, અને તેથી સામાન્ય માન્યતા જે અંધ માનવને કંઈ પણ સક્રિય અને નક્કર કરવાને અસમર્થ સમજે છે તેને કોઇ છૂટો છવાયો દૃષ્ટિહીન માનવ થોડુંઘણું કરી બતાવે છે ત્યારે સાશ્ચર્ય ધક્કો લાગે છે. આ સજ્જનજુની માન્યતા કેટલી ખોટી છે, કેટલી બીનપાયેદાર છે તે સુરદાસથી સુખલાલજી અને હોમરથી હેલન કેલરના જીવનકાળ દરમ્યાન થઇ ગયેલ અંધ વ્યક્તિઓએ પોતાની સફળતા અને સાર્થકતા દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે. તક, સહાય, સહકાર અને સાનુકૂળ વાતાવરણ મળે તો અંધ વ્યકિત શું ન કરી શકે તે ડૉ. હેલન કેલર અને પંડિત સુખલાલજીના દૃષ્ટાન્તો પૂરવાર કરી આપે છે. શ્રી પરમાનંદભાઇએ આજના મારા વિષયનું મથાળું "અંધ માનવીનો પ્રશ્ન" રાખ્યું છે. સીધી અને સોંસરવી ભાષા વાપરું તો "અંધ માનવીનો પ્રશ્ન એક જ છે. દૃષ્ટિવાન સમાજનું અંધો પ્રત્યેનું અંધત્વ કેવી રીતે દૂર કરવું તે." દૃષ્ટિવાન સમાજે એ સમજી લેવું અત્યંત જરૂરી છે કે માનવી અંધ બની જતાં તેની બુદ્ધિ કુંઠિત નથી થતી. કર્ણેન્દ્રીય અને સ્પર્શેન્દ્રિય તેના નેત્રોનું કામ કરે છે, અને બાકી રહેલ ઇન્દ્રિયોની મદદથી તે પોતાનું જીવન સમાજઉપયોગી કાર્યમાં વ્યતિત કરી શકે છે.

અંધ માનવીએ જીવનના દરેક ક્ષેત્રમાં પોતાનો ભાગ ભજવ્યો છે. આજે યુરોપ, અમેરિકા અને જાપાનમાં દૃષ્ટિહીન, દૃષ્ટિવાનની સરસાઇ કરી જીવનનિર્વાહ માટે અનેકવિધ પ્રવૃત્તિ કરી રહ્યા છે. દશ હજાર ચક્ષુહીનો ઇંગ્લેન્ડમાં—કારખાનાઓમાં, ઑફીસો, હોસ્પીટલો, શાળા અને કૉલેજો, પાર્લામેન્ટ અને ધાર્મિક સંસ્થાઓમાં નોકરી યા કાર્ય કરી રહ્યા છે. સોલીસીટર, અને બેરીસ્ટર, વ્યાપારી અને વૈજ્ઞાનિક, સામાજીક, આર્થિક, ધાર્મિક કે રાજદ્વારી એવું એક પણ ક્ષેત્ર નથી જ્યાં અંધ માનવીએ પોતાનો ફાળો ન આપ્યો હોય. બ્રીટીશ પાર્લામેન્ટમાં છેલ્લા સત્તર વર્ષથી સતત ચૂંટાઈ આવનાર અંધ સભ્ય સર આયન ફ્રેઝર (Sir. Ian Fraser) નું નામ વિશ્વવિખ્યાત છે.

પહેલા વિશ્વયુદ્ધમાં અઢાર વર્ષની વયે અંધ બનેલ આયન ફ્રેઝર પોતાની બાહોશિથી આજે બ્રિટીશ રાજકારણમાં અગત્યનું સ્થાન ધરાવે છે. બીજા વિશ્વયુદ્ધના ગોબેલ્સના પ્રચારકાર્યની ટક્કર ઝીલવા બ્રિટીશ સરકારે સર આયન ફ્રેઝરને બી. બી. સી. (B. B. C.) ના ગવર્નર નીમ્યા. ચક્ષુવિહીન માનવી સમાજની તથા રાષ્ટ્રની યુદ્ધના કપરા સમયમાં કેવી સેવા કરી શકે છે તેનું આ જ્વલંત ઉદાહરણ છે. આવી તો અનેક અંધ વ્યક્તિઓ પોતાની કાર્યદક્ષતા, બુદ્ધિમત્તા અને અથાગ પરિશ્રમથી અંધત્વને ઠોકરે મારી, સમાજની ઉદાસીનતા સામે ટક્કર ઝીલી, ઇતિહાસને પાને પોતાનાં નામ અમર કરી ગઇ છે.

તમને જાણીને આશ્ચર્ય થશે કે નિકોલસ સૉન્ડરસન જેઓ બાળવયથી શીતળાને લીધે અંધ થયા હતા, તેઓ અઢારમી સદીના એક વિખ્યાત ગણિતશાસ્ત્રી હતા. સર આઇઝેક ન્યૂટને પોતે નિવૃત્ત થતાં પોતાની જ જગ્યાએ કેમ્બ્રીજ યુનીવર્સીટીમાં ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે તેમની નિમણુંક કરી હતી. ત્રણસો વર્ષ પૂર્વે એક અંધ વ્યક્તિ આટલી ઊંચી પદવીએ પહોંચી શકે તે બતાવી આપે છે કે અંધત્વ માનવીની પ્રગતિને રૂંધી શકતું નથી. સૉન્ડરસનની એક સફળ અંધ વ્યક્તિ તરીકેની બીના વધુ નોંધપાત્ર તો એટલા માટે છે કે તેમના સમયમાં અંધોને મદદરૂપ થઇ પડે તેવી અદ્યતન સાધનસામગ્રી મોજુદ ન હતી. સૉન્ડરસનના સમયકાલ દરમિયાન એક બીજી અંધ વ્યક્તિ ઇતિહાસના પાના પર પોતાનું નામ અમર કરી ગઇ છે. તે અંધ વ્યક્તિ હતી જોહન મેટકાફ. સાત વર્ષની કુમળી વયે જોહન શીતળાનો ભોગ થઇ પડતાં અંધ થયા. પરંતુ અંધત્વની સામે પડકાર કરી જોહન એક યશસ્વી એન્જીનિયર બન્યા હતા. તેમના સમયના રસ્તાઓ ઘણા ખરાબ હતા. ચોમાસા દરમિયાન તો તે તદ્દન નકામા બની જતા. મેટકાફે રસ્તા બાંધવાની એક નવી જ રીત

શોધી કાઢી. હાલમાં મેટલ રોડ નામે જે પ્રચલિત છે તે રસ્તા મેટકાફે બાંધવા શરૂ કર્યા. પુલો અને નાળાંઓ બાંધવાની રીતમાં પણ તેમણે ઘણાં સુધારા કર્યા. રસ્તાની માપણી કરવા માટે પોતે સ્પર્શથી વાપરી શકે તેવા સાધનો શોધી કાઢયાં. સારાયે યોર્કશાયરના તે સમયના રસ્તા બાંધવાનું કામ તેમને સોંપાવામાં આવ્યું. સરકાર તરફથી તેમની લશ્કરમાં 'Royal Engineer' તરીકે નિમણુંક કરવામાં આવી, અને આજે પણ તેમના ગામની સુધરાઈની કચેરીમાં તેમનું ચિત્ર રાખવામાં આવ્યું છે.

જોહન મેટકાફ કોઈની મદદ વગર બધે એકલા ફરતા; ઘોડેસ્વારી પણ કરતા. તેમના વિષે એક કિસ્સો ઘણો ધ્યાન ખેંચે તેવો છે. એક અજાણ્યા મુસાફરને હેરોગેટ નામના શહેરમાં જવું હતું. સાંજ પડી ગઈ હતી, અને જંગલમાંથી પસાર થતા રસ્તાથી અજાણ્યો મુસાફર અજ્ઞાત હતો. જોહન મેટકાફ તે શહેરમાં જવાના હતા. તેથી તેના મિત્રે આ અજાણ્યા મુસાફરને મદદરૂપ થઇ પડવા સારૂ જોહનને વિનંતિ કરી. જોહને તે વિનંતિ કબૂલ કરી અને મિત્રને કહ્યું કે પોતે અંધ છે તે વિષે અજાણ્યા મુસાફરને જાણ ન કરવી. મેટકાફ સહીસલામત મુસાફરને હેરોગેટ લઈ આવ્યા, અને બન્ને જણા વિશ્રાન્તિગૃહમાં આરામ લેવા બેઠા. મુસાફરનું ધ્યાન મેટકાફ તરફ દોરાયું જ્યારે મેટકાફ ટેબલ પર પડેલા બ્રાન્ડીના પ્યાલાને બરોબર શોધવા માટે હાથ ટેબલ પર આમતેમ ફેરવતા હતા. પીણું લીધા બાદ બહાર નીકળતાં મુસાફરે વિશ્રાન્તિગૃહના માલિકને પૂછ્યું કે મેટકાફ પ્યાલો લેવા હાથ આમતેમ કેમ કરતો હતો. જ્યારે મુંબાફરને કહેવામાં આવ્યું કે જોહન મેટકાફ તદ્દન અંધ છે, ત્યારે તે સાશ્ચર્યથી પોકારી ઉઠયો, "મને પહેલાંથી ખબર હોત તો સો પાઉન્ડનું મને ઇનામ મળતું હોત તો પણ, હું આ અંધ સાથીદારની મદદ આ ગામનો રસ્તો શોધવા માટે ન લેત."

મુસાફરનું કથન શું સૂચવે છે? એ જ કે દૃષ્ટિહીન માનવીની કુશળતા વિષે દૃષ્ટિવાન માનવીઓ હંમેશાં કુશંકા સેવતા હોય છે. દૃષ્ટિહીન માનવી આજે દૃષ્ટિવાન સમાજ પાસે ફક્ત એક જ વસ્તુ માગે છે–દૃષ્ટિહીન માનવી વિષેની સાચી સમજ. અંધત્વને લીધે માનવી પાંગળો બની જાય છે, તેનું જીવન નિરુપયોગી થઈ જાય છે, એવી સર્જનજુની માન્યતામાં કેટલું તથ્ય છે તે તો ઉપરના દૃષ્ટાન્તોથી ચોખ્ખું સમજાય હશે. આજે વિજ્ઞાનની મદદથી અંધ માનવી અણુકલ્પેલા કાર્ય કરી શકે છે. ખાસ પ્રકારના માઇક્રોમીટરની મદદથી અંધ વ્યક્તિ એક ઇંચના વીસમા ભાગ જેટલી ઝીણી વસ્તુ માપી શકે છે. ગ્રેઇલ વૉલ્ટા મીટર તથા ઓમ (Ohm) મીટરની મદદથી નેત્રહીન કારીગર રેડીયો અને બીજાં વીજળીક સાધનો સમારી શકે છે. વિલાયત અને અમેરિકામાં જો આ બની શકે તો આપણા દેશમાં તે જરૂર થઇ શકે. પરંતુ આ માટે અદ્યતન તાલીમ કેન્દ્રની જરૂર છે, જે માટે પૈસા પુરતા પ્રમાણમાં મળતા નથી. ચારપગાંની પાંજરાપોળોને બાંધવામાં અને નિભાવવામાં થતું ખર્ચ બે પગાઓના ઉદ્ધારાર્થે વાપરવામાં આવે તો અંધજનકલ્યાણકાર્ય જેવાં અનેક કાર્યો સારી રીતે ચલાવી શકાય. **રાજેન્દ્ર વ્યાસ**

(ત્યાર બાદ પં. સુખલાલજીએ પ્રસ્તુત પ્રસંગને અનુલક્ષીને ડૉ. રાજેન્દ્ર વ્યાસનું બહુમાન કરતું જે પ્રવચન કર્યું હતું તે નીચે મુજબ હતું.)

પં. સુખલાલજીનું પૂરક પ્રવચન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘે ભાઇશ્રી રાજેન્દ્ર વ્યાસનું અત્યારે જે અભિનન્દન કર્યું તે કેવું અને કેટલું ઉચિત છે એની પ્રતીતિ એમનું લગભગ એક કલાક સુધી ચાલેલું ધારાવાહી પ્રવચન જ કરાવી આપે છે. એમનું આખું પ્રવચન એટલું બધું વિચારપૂર્ણ, સંકલિત અને સુસંબદ્ધ હતું કે જાણે એક ઘડાયેલો વકીલ જ બોલી રહ્યો હોય. એમની ઉચ્ચારશુદ્ધિ તો સહજ છે જ, પણ એમાં એક પણ શબ્દ કે અક્ષર નિરર્થક ન હતો. આ એક સિદ્ધિ કહેવાય. આ જોઇ એમ કહેવાનું મન થઇ જાય છે કે હવે આપણામાંથી કોઇને વકીલાત કરાવવાનું કામ હોય તો ભાઇ રાજેન્દ્રને જ વકીલ તરીકે રોકવા. અસ્તુ!

મેં ગત ફેબ્રુઆરીમાં રાજકોટ મુકામે એમને પહેલી વાર સાંભળ્યા ત્યારે જ મને એમની વિચારસ્પષ્ટતા અને સરલતાનું ભાન થયેલું. તેઓ માત્ર વિદ્યાવ્યાસંગી અને વિદ્વાન વકીલ નથી, પણ પ્રત્યક્ષ કાર્યકર્તા પણ છે. તેઓ રાત–દિવસ અંધ ભાઇઓ અને બહેનોના હિત માટે કાંઇ ને કાંઇ કરતા જ રહે છે. તે અર્થે અનેક સંસ્થાઓ ચલાવે છે, અને એવી સંસ્થાઓમાં રસપૂર્વક ભાગ પણ લે છે. તેમણે અનેક અંધોને સરકારી, અર્ધસરકારી કે ખાનગી ઑફિસોમાં યા કારખાનાંઓમાં ગોઠવ્યા છે, અને તે અંધો પણ ત્યાં સફળતાપૂર્વક કામ આપી રહ્યા છે.

કલકત્તામાં એક રૉય હતા, જે અંધ છતાં એમ. એ., એલએલ. બી. થયેલા. તેમને ઘણું કરી ત્યાંની યુનિવર્સિટીએ અંધયોગ્ય શિક્ષણમાં નિષ્ણાત થવા અમેરિકા મોકલેલા. ત્યાં તેમને એક સુયોગ્ય બાઈ વરી. બન્ને હિંદુસ્તાનમાં આવેલાં, પણ હું કલકત્તા ગયો ત્યારે મેં સાંભળ્યું કે તે યુગલ અમેરિકા પાછું ગયું છે. આવી જ એક બીજી ઘટના તરફ તમારું ધ્યાન ખેંચું. શ્રીયુત બલવંતરાય નામના એક સંગીતજ્ઞ આંખે અંધ છે. તે ભાવનગર તરફના પ્રશ્નોરા બ્રાહ્મણ છે. કંઠસંગીત અને વાદ્યની કળા તેમણે અસાધારણ રીતે સાધી છે. પંડિત ઓંકારનાથના તેઓ પ્રિય શિષ્ય છે. બન્યું એમ કે એક ગ્રેજ્યુએટ મહારાષ્ટ્રીય બહેને તેમને વરવા વિચાર્યું. બલવંતરાય તેમનો સ્વીકાર કરશે, એવી તેને ખાતરી નહીં હોય, તેથી એણે પોતાનો આશય પંડિત ઓંકારનાથને લખી જણાવ્યો. ઓંકારનાથજીએ ગુરુદક્ષિણા માગી, અને બલવંતરાયને છેવટે બાંધી લીધા. માતા–પિતા આદિનો વિરોધ છતાં એ બહેન બલવંતરાયને વરી. હું લગભગ બે વર્ષ પહેલાં કાશી ગયો ત્યારે બલવંતરાય મને મળેલા. તેઓ ત્યાંના સંગીત મહાવિદ્યાલયમાં એક અધ્યાપક છે. તેમણે પોતાની પત્નીનું ઓળખાણ કરાવ્યું. મેં તેનું નામ પૂછ્યું તો જાણ્યું કે એનું નામ વસુંધરા, તે વખતે તે એમ. એ. નો અભ્યાસ કરી રહી હતી. એ તો હવે પાસ પણ થઇ હશે. બલવંતરાયે કહ્યું કે વસુંધરાની પરીક્ષા થઈ જાય, ત્યાર બાદ એની વાચક તરીકે મદદ લઇને હું સંસ્કૃત શીખવા પ્રયત્ન કરવાનો છું. થોડા જ દિવસ પહેલાં કોઇ છાપામાં આવેલું કે અંધ વ્યક્તિઓની કવિતાઓની હરીફાઇમાં બલવંતરાયનું વિશિષ્ટ સ્થાન હતું. તે વખતે અમેરિકામાં શ્રીયુત ગગનવિહારી મહેતા હતા. ઘણું કરી તેમણે જ બલવંતરાયની કવિતાનો અનુવાદ કર્યો કે કરાવ્યો હશે. મેં એ કવિતાનો જે થોડો ભાગ ગુજરાતીમાં સાંભળ્યો તે ઉપરથી મને એટલું જણાયું કે બલવંતરાયની કવિત્વશક્તિ માર્મિક છે. કાશીના ગુજરાતી સમાજે એ યુગલનો સત્કાર કરેલો. આજે આપણે ભાઈ રાજેન્દ્રનો સત્કાર કરીએ છીએ.

મેં ઉપર જે લગ્નની વાત કરી તેનો કોઇ સંબંધ હવે મારા જીવન સાથે તો રહ્યો જ નથી. ભાઇશ્રી રાજેન્દ્ર લગ્નના પ્રપંચ વિષે શો વિચાર સેવતા હશે તે તો હું જાણતો નથી. પણ એટલું કહેવાનું મન તો થઇ જ જાય છે કે કોઈ સંસ્કારી અને સુશિક્ષિત કન્યા એમને વરે તો એ ભાગ્યવતી જ ગણાવી જોઇએ. એક તો એ પોતે એ દ્વારા ઘણું મેળવે અને બીજું ભાઈ રાજેન્દ્રના સેવાકાર્યમાં કીંમતી ફાળો પણ તેમની સાથે લગ્નથી જોડાનાર બહેન આપી શકે. પણ આ તો હું પ્રસંગવશ બોલી ગયો છું.

લગભગ ત્રણ–ચાર વર્ષ થયાં હશે. અચાનક રાજેન્દ્ર અમદાવાદમાં મારા મકાને આવી ચઢ્યા. જાણે ચિરપરિચિત હોઇએ એ રીતે જ એમણે આ પ્રથમ સમાગમે પણ વાતો શરૂ કરી. મને કહે કે, જુઓ, આવી ઘડિયાળ તમે રાખો. બીજાની મદદ સિવાય તમે પોતે જ એનો ટાઇમ આ રીતે જાણી શકશો. વળી કહે, જુઓ, તમે આવી એક સોટી રાખો, જે દેખાડીને તેમણે મને સમજાવ્યું કે એ વાળવાથી બીસામાં રહી જાય છે, અને બોલવાથી એની લંબાઈ

ટેકાનું કામ આપે છે. એમણે મને ટેપરેકોર્ડનું મશીન રાખવા અને બીજું કેટલુંય કરવા કહ્યું. તે વખતે મને એટલું તો થયું કે જો ભાઇ રાજેન્દ્ર જેવાં સાધનો અને તેમને મળ્યા તેવા માર્ગદર્શકો મને મળ્યા હોત તો સમય અને શક્તિનો થયો તે કરતાં વધારે સારો અને ઉચ્ચ કક્ષાનો ઉપયોગ થયો હોત. અસ્તુ!

અહીં છેવટે એક બાબત કહેવી યોગ્ય છે. જ્યારે રાજેન્દ્રે વકીલાત પાસ કરી ત્યારે તેમના કહ્યાપ્રમાણે તેમને મૌલાના આઝાદ તરફથી શિક્ષણખાતામાં જોડાવા કહેણ મળેલું. ભાઇ રાજેન્દ્રે મને કહ્યું કે મેં વિચાર્યું કે જો સરકારી તંત્રમાં જોડાઇશ તો પ્રતિષ્ઠા અને આર્થિક લાભ મળશે, પણ એ તંત્રમાં હું મારી સ્વતંત્રતા સાચવી નહીં શકું; માત્ર તંત્રનો એક ભાગ જ બની જઇશ. તેથી મેં એ ઑફરનો સ્વીકાર ન કર્યો. ભાઇ રાજેન્દ્રની અંધહિતકારક પ્રવૃત્તિને લીધે જ અંધ ભાઇ-બહેનોને રેલ્વે, બસ આદિનાં પ્રવાસમાં કન્સેશનનો લાભ મળે છે. હું એ જ લાભનો ઉપયોગ કરી અહીં આવ્યો છું, અને એટલા પ્રમાણમાં વ્યાખ્યાનમાળા ખાતે ઓછો ખર્ચ થશે, તેનો જશ એક રીતે ભાઇ રાજેન્દ્રને ફાળે જાય છે. તેથી આજે જે એમનો સત્કાર શ્રીયુત પરમાનંદભાઇએ જૈન યુવક સંઘ તરફથી કર્યો છે તે સર્વથા યોગ્ય જ છે. **પંડિત સુખલાલજી**

સંઘના નામપરિવર્તનનો પ્રશ્ન

એક વિચારણા

તા. ૩૧-૧૦-૫૮ ના રોજ મળેલી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભામાં સંઘનું નામપરિવર્તન કરવાનો પ્રશ્ન બહુ વિસ્તારથી ચર્ચાયો હતો. આવા પ્રશ્ન ઉપર મતભેદ હોય એ સ્વાભાવિક છે. મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો આજે લગભગ ૪૦૦ ની સંખ્યામાં છે. તદુપરાંત તેની વિવિધ પ્રવૃત્તિઓ વિષે રસ ધરાવતો એક બહોળો વર્ગ છે. પ્રસ્તુત વિષયમાં સંઘના સભ્યો તેમ જ સંઘ સાથે સહાનુભૂતિથી સંકળાયલો વર્ગ શું ધારે છે તેનો ખ્યાલ આવે તે હેતુથી આ પ્રશ્ન ઉપર પ્રબુદ્ધ જીવનમાં જાહેર ચર્ચા નિમંત્રવી-એ મુજબ ઉપર જણાવેલ કાર્યવાહક સમિતિની સભામાં ઠરાવવામાં આવ્યું હતું. તે અનુસાર શ્રી. પરમાનંદભાઇ તરફથી વ્યક્તિગત રીતે લખાયલું ચર્ચાપત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. આ પ્રમાણે સંઘના અન્ય સભ્યો તથા શુભેચ્છકોને આ પ્રશ્ન અંગેનાં પોતાનાં મન્તવ્યો સંઘના કાર્યાલય ઉપર લખી મોકલવા વિનંતિ કરવામાં આવે છે. આ રીતે મળતાં ચર્ચાપત્રોમાંથી અથવા તો લખાણોમાંથી ઉપયોગી ભાગ તારવીને તે તે લેખકના નામ સાથે પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવશે અને જેમનાં લખાણોમાં આગળ ઉપર પ્રગટ થયેલા વિચારોનું પુનરાવર્તન હશે અને કોઇ ખાસ નવું સૂચન નહિ હોય તેઓ નામ પરિવર્તનના પક્ષમાં છે કે વિરૂધ્ધમાં એટલું જ માત્ર પ્રબુદ્ધ જીવનમાં જાહેર કરવામાં આવશે. **મંત્રીઓ,**

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩. **મુંબઇ જૈન યુવક સંઘ.**

તા. ૨૮-૧૧-૫૮

સંઘના નામપરિવર્તનનો પ્રશ્ન

કેટલાએક સમયથી મને લાગ્યા કર્યું છે કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની આજની પરિસ્થિતિ અને પ્રવૃત્તિઓ ધ્યાનમાં લેતાં સંઘના નામમાં ફેરફાર કરવાની જરૂર ઉભી થઇ છે, કારણ કે આજથી ૩૦ વર્ષ પહેલાં ચોકકસ વિચારો, મર્યાદાઓ અને તત્કાલીન ચોકકસ આન્દોલનોના સંદર્ભમાં સંઘનું જે નામ નકકી કરવામાં આવ્યું હતું તેમાં અને સંઘની અદ્યતન પરિસ્થિતિ અને પ્રવૃત્તિઓના સ્વરૂપમાં ઘણું મોટું અન્તર પડયું છે. આજથી ૩૦ વર્ષ પહેલાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં-વિશેષે કરીને મુંબઇ તથા અમદાવાદ બાજુએ-બાલદીક્ષાના પ્રશ્ને સાધુશાહીની આપખુદીએ બહુ ગંભીર રૂપ ધારણ કર્યું હતું અને તેનો સામનો કરવા માટે અને તે સામે પ્રતિક્રિયાત્મક આન્દોલન ચલાવવા માટે મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપના કરવામાં આવી હતી. એ વખતે સંઘના નામાભિધાનમાં રહેલ દરેક શબ્દની સાર્થકતા ભાસતી હતી. અને એ વખતના બાલદીક્ષા વિરોધી આન્દોલનમાં મુંબઇ જૈન યુવક સંઘે બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. એ વખતે સંઘના સભ્યો કોઇ ગણ્યા ગાંઠયા અપવાદ સિવાય સૌ કોઇ શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય સાથે સંકળાયલા હતા અને તેની પ્રવૃત્તિઓ પણ શ્વે. મૂ. સંપ્રદાયના વર્તુળમાં રહીને ચલાવવામાં આવતી હતી.

સમયાન્તરે ૧૯૩૭ માં સંઘના બંધારણમાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા, બાલદીક્ષા વિરોધી આન્દોલનનું સ્થાન જૈન સમાજની એકતાના પ્રશ્નને આપવામાં આવ્યું અને જૈન સમાજના બધા ફિરકાનાં ભાઇ બહેનો સંઘમાં સભ્ય તરીકે જોડાઇ શકે એવો પ્રબંધ કરવામાં આવ્યો. આમ સંઘના મૂળ રૂપમાં મહત્વનો ફેરફાર થવા પામ્યો. એ દિવસોમાં ૧૯૩૮ ના મે માસથી સંઘના મુખપત્ર તરીકે 'પ્રબુધ્ધ જૈન' નામના પાક્ષિક પત્રનું પ્રકાશન શરૂ કરવામાં આવ્યું.

આ ઘટના બન્યાને ૧૪ વર્ષ પસાર થયાં અને સંઘે બે મહત્વનાં નવાં પગલાં ભર્યાં. સંઘમાં જૈનેતરોને સભ્ય તરીકે દાખલ કરી શકાય એ મુજબ સંઘના બંધારણમાં સુધારો કર્યો અને સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જૈન' નું 'પ્રબુદ્ધ જીવન' એ મુજબ નામપરિવર્તન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ નિર્ણયોના પરિણામે છેલ્લાં પાંચ વર્ષથી સંઘના મુખપત્રે 'પ્રબુદ્ધ જીવન' એ પ્રકારનું અસાંપ્રદાયિક નામ ધારણ કર્યું છે, એટલું જ નહિ પણ, નામ પરિવર્તન સાથે પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતાં લખાણોની ભાતમાં પણ સતત રૂપાન્તર થતું રહ્યું છે. વળી સંઘમાં કેટલીક જૈનેતર વ્યક્તિઓ પણ જોડાઇ છે, જો કે આની સંખ્યા હજુ બહુ મોટી નથી.

પર્યુષણ વ્યાખ્યાનમાળા સંઘ તરફથી લગભગ ૨૫ વર્ષથી ચલાવવામાં આવતી એક મહત્વની પ્રવૃત્તિ છે. આ વ્યાખ્યાનમાળાનો બાહ્ય આકાર એનો એ જ રહ્યો છે. પણ વ્યાખ્યાતાઓની તેમ જ વ્યાખ્યાન વિષયોની પસંદગી ઉત્તરોત્તર નવો ને નવો સંસ્કાર પામતી રહી છે. આજે આ વ્યાખ્યાનમાળા માત્ર જૈન સમાજનું જ નહિ પણ મુંબઇની સંસ્કારવાંછું વિશાળ ગુજરાતી જનતાનું એક મહત્ત્વનું આકર્ષણ બની રહેલ છે. તેના સમગ્ર આયોજનમાં સર્વધર્મસમભાવની આધુનીક દૃષ્ટિનું દર્શન થાય છે.

આમ સંઘના અદ્યતન સ્વરૂપમાં ત્રીશ વર્ષ પહેલાંની અપેક્ષાએ આમૂલ પરિવર્તન થયું છે એમ કહેવામાં અત્યુકિત થાય છે એમ મને લાગતું નથી. આ રીતે વિચારતાં સંઘનું ત્રીશ વર્ષ પહેલાં કરવામાં આવેલું નામાભિધાન સંઘના આજના સ્વરૂપનું દ્યોતક રહ્યું નથી. સામાન્ય રીતે આવી સંસ્થાઓનાં નામ વિશાળતા સૂચક હોય છે પણ તેનું કાર્ય સંકીર્ણતાદ્યોતક હોય છે; મુંબઇ જૈન યુવક સંઘની બાબતમાં આથી ઉલટું બન્યું લાગે છે. તેનું આજનું નામ 'મુંબઇ', 'જૈન', 'યુવક' એમ અનેક મર્યાદાઓનું સૂચક છે; તેનું કામ એ મર્યાદાઓને વટાવી જતું ઘણું વ્યાપક બન્યું દેખાય છે. કોઇ પણ સંસ્થાના નામ સાથે જે સ્થળમાં તે કામ કરતી હોય તે સ્થળનું નામ જોડાયલું રાખવાની કોઇ જરૂર છે જ નહિ. જે વિશાળ ધોરણ અને સર્વધર્મસમભાવની ભાવના ઉપર પ્રબુદ્ધ જીવન, પર્યુષણ વ્યાખ્યનમાળા, વાચનાલય અને પુસ્તકાલય, પર્યટનો અને સંઘની અન્ય પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે ધોરણ વિચારતાં સંઘના નામમાં 'જૈન' શબ્દનો કોઇ વિશેષ અર્થ રહ્યો નથી. જો કે એટલું જણાવવું જરૂરી છે કે આજે સંઘના સભ્યો ઘણા મોટા ભાગે જૈન સમાજ સાથે જોડાયલા છે. વળી સંઘની જ્યારે સ્થાપના કરવામાં આવી ત્યારે 'યુવક' શબ્દનું એક અનોખું પ્રભુત્વ અથવા તો ચલણ હતું. ત્રીશ વર્ષના ગાળે 'યુવક' શબ્દનું ચલણી મહત્વ ઘણું ઘટી ગયું છે. તદુપરાન્ત સંઘની બધી પ્રવૃત્તિઓમાં યુવકોના ઉન્માદને સ્થાને પ્રૌઢોનું ગાંભિર્ય વધારે અનુભવગો-

ચર થાય છે. તેથી આજે સંઘના નામમાં રહેલ 'યુવક' શબ્દ અપ્રસ્તુત લાગે છે. આમ જુનું નામ આજની વાસ્તવિકતાનું હવે દ્યોતક રહ્યું લાગતું નથી અને તેથી ફેરફારની અપેક્ષા રાખે છે.

તો પછી પ્રશ્ન એ થાય છે કે જુના નામના સ્થાને નવું નામ શું મૂકવું ? એ નામ એવું હોવું જોઇએ કે મુંબઇ જૈન યુવક સંઘની પરંપરાનું દ્યોતક હોય અને ફેરફારની દૃષ્ટિએ ખાસ ચોંકાવનારૂં ન હોય. આ દૃષ્ટિએ મુંબઇ જૈન યુવક સંઘના સ્થાને **'પ્રબુદ્ધ માનવ સંઘ'** એવું નામ હું સૂચવું છું આના વિકલ્પે બીજા નામોની સૂચનાઓને પૂરો અવકાશ છે, પણ 'પ્રબુદ્ધ' અને 'સંઘ' એ બે શબ્દોથી તો આપણે બધા દીર્ઘ કાળથી પરિચિત છીએ અને 'જૈન' શબ્દના સ્થાને 'માનવ' શબ્દ મૂકવો તે મને આજના સંદર્ભમાં વધારે પ્રસ્તુત લાગે છે. તેથી જો નામ બદલવાનો નિર્ણય કરવામાં આવે તો 'પ્રબુદ્ધ માનવ સંઘ' એ નામ સંઘના મોટા ભાગના સભ્યો માટે સહજ સ્વીકાર્ય બનશે એવી મને આશા છે.

આ નામપરિવર્તનનો મુદ્દો વિચારતાં બે વિચારો આપણી સામે આવે છે. એક તો ત્રીશ વર્ષથી ચાલતું અને જામેલું નામ જેણે આજે ઘણી મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે તે ફેરવવામાં સંઘને ઘણું ગુમાવવું પડશે. ગુડ વીલ તો નથી ને? જેને અંગ્રેજીમાં 'ગુડવીલ' કહે છે તેનું વ્યાપારી દુનિયામાં વિશેષે કરીને બહુ મોટું મૂલ્ય હોય છે. આ સંસ્થા એક વ્યાપારી સંસ્થા હોત તો નામ બદલવાનો આપણે સ્વપ્ને પણ વિચાર ન કરત. પણ આ સંસ્થા કોઈ વ્યાપારી સંસ્થા છે જ નહિ, ઉલટું મુંબઈ જૈન યુવક સંઘ વિષે સાધારણ જનતાના મનમાં જે ખ્યાલ બંધાયો છે તે વધારે સારી રીતે વ્યકત થાય એ હેતુથી નામ બદલવાનો આપણે વિચાર કરી રહ્યા છીએ. આમ હોવાથી ઉપર જણાવ્યા મુજબ નામપરિવર્તન કરવાથી સંઘની પ્રતિષ્ઠા વધશે, જરા પણ ઘટશે નહિ એમ હું માનું છું.

કોઈ પણ સંસ્થાના સભ્યોને જુના નામનો સ્વાભાવિક રીતે ઊંડો મોહ હોય છે. આ પરિસ્થિતિમાં કોઈ એક સંસ્થા દેશકાળનો વિચાર કરીને પોતાનું નામ બદલવાનો વિચાર કરે એ એક રીતે નાની સુની તેમ જ સહજ કલ્પનામાં આવે તેવી વાત નથી. એક રીતે આ એક ક્રાન્તિકારી વિચાર છે. પણ મુંબઈ જૈન યુવક સંઘનો જન્મ જ 'ક્રાન્તિ' શબ્દના ઉચ્ચાર સાથ થયો છે અને સમયે સમયે પોતાનું રૂપ તેમ જ બંધારણ તે બદલતો રહ્યો છે. તો આવી જેની પરંપરા છે તેવો સંઘ કોઇ એક સમયે પોતાનું નામ બદલવાનો વિચાર કરે તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

નામપરિવર્તનના અંગમાં બીજો વિચાર એ સામે આવે છે કે મુંબઈ જૈન યુવક સંઘ, જૈન સમાજના એક વિભાગમાંથી ઉભી થયેલી સંસ્થા છે. જૈન સમાજે સંઘને પોતાની પ્રવૃત્તિઓ વિકસાવવામાં અનેકવિધ મદદ–ખાસ કરીને આર્થિક મદદ-અનેક પ્રસંગે કરી છે, અને તે રીતે આજ સુધી પોષી છે. આજે પણ સંઘના સભ્યો ઘણા મોટા ભાગે જૈન છે. આ પરિસ્થિતિમાં એવો સહજ પ્રશ્ન થવા સંભવ છે કે સંઘનું અસાંપ્રદાયિકતાસૂચક એવું નામ સ્વીકારવાથી સંઘ જૈન સમાજ તરફથી આજ સુધી તેને મળતો ટેકો ગુમાવશે તો નહિ ને? સભ્યો પણ શું ઘટી જવા સંભવ નથી? અને તેના બદલામાં વિશાળ સમાજ આ સંઘને પૂરો ટેકો આપશે એમ માની લેવાને શું કારણ છે? નામપરિવર્તન કરવામાં અલબત્ત થોડું જોખમ તો રહેલું છે જ. પણ એમ છતાં ઉપર કલ્પવામાં આવ્યું છે તેટલું મોટું જોખમ નથી, કારણ કે ઉદાર વિચાર ધરાવતા જૈન સમાજના જે વર્ગે આજ સુધી સંઘને ટેકો આપ્યો છે તે, માત્ર નામપરિવર્તનના કારણે, સંઘથી વિમુખ અથવા તો અન્યમનસ્ક બને એમ એકાન્ત-પણે માની લેવાને કોઇ કારણ નથી આ જ વિચાર સંઘના સભ્યોને પણ લાગુ પડે છે. અને વિશાળ સમાજ ઉપર આવા મહત્વના ફેર-ફારની કશી અસર જ નહિ પડે એમ માની લેવાને પણ કોઈ કારણ નથી. આ બધું છતાં કેવળ સંઘના નામ સાથે 'જૈન' શબ્દ જોડાયેલો હોવાના કારણે જે કોઈ ટેકો આપતા રહ્યા હોય અથવા જે કોઈ ભાઇ બહેન સંઘમાં જોડાયલા હોય તેમનો સાથ ગુમાવવાનું જોખમ ખેડીને પણ સંઘે પોતાનું નામ બદલવું ઘટે છે–આવો મારો અભિ-પ્રાય છે. કારણ કે સંઘે જો વિકાસશીલ રહેવું હોય અને દેશના સામાન્ય માનસમાં ત્રીશ વર્ષના ગાળે જે પરિવર્તન થયું છે તેને પોતાના નામ તેમ જ રૂપમાં પ્રતિબિંબિત કરવું હોય તો સંઘ માટે નામપરિવર્તન એ એક અનિવાર્ય આવશ્યકતા ઉભી થઈ છે એમ મને લાગે છે.

આ નામપરિવર્તન સૂચવવા પાછળ મારા મનમાં એક લોભ પણ છે. કેવળ નામ સિવાય બીજી બધી રીતે અસાંપ્રદાયિક બનેલી આ સંસ્થા તરફ જૈનેતર ભાઇ બહેનો હજુ પૂરતા પ્રમાણમાં આકર્ષાતા નથી અને તેનું પ્રવેશદ્વાર સૌ કોઇ માટે ખુલ્લું મૂકાયલું હોવા છતાં બહુ ઓછા જૈનેતર ભાઇ બહેનો આ સંઘમાં જોડાયા છે. આનું કારણ પૂછતાં–વિચારતાં–સંઘનું સાંપ્રદાયિક નામાભિધાન તેમની આડે આવે છે એમ સ્પષ્ટપણે માલુમ પડ્યું છે. તો નામપરિવર્તન કરવામાં સંઘમાં જૈનેતર ભાઇ બહેનો ઠીક ઠીક સંખ્યામાં જોડાશે એવી મારી આશા છે અને એ રીતે કોઈ ને કોઇ શક્તિશાળી વ્યક્તિઓ પણ સંઘને પ્રાપ્ત થશે એવો મારો લોભ છે.

સંઘના નામપરિવર્તન અંગે છેલ્લાં દોઢ બે વર્ષથી મનમાં ઘોળાઈ રહેલા મારા આ વિચારો છે. આજ ને આજ આપણે આ ફેરફાર કરવો એવો મારો આગ્રહ નથી. સંઘના સભ્યો અને શુભે-ચ્છકો મારા આ અભિપ્રાયનો શાન્તિપૂર્વક વિચાર કરે અને તેના ગુણદોષનું તોલન કરે એવી મારી અપેક્ષા છે. નામપરિવર્તન અમુક એક સંસ્થાના અસ્તિત્વની દૃષ્ટિએ એક એવી મહત્ત્વની બાબત છે કે જેનો ઉતાવળે યા તો કેવળ બહુમતીના જોરે નિર્ણય લેવો ઘટે નહિ. આ બાબત હવે આપણે ગંભીરપણે વિચારતા થઇએ એટલી જ મારી માગણી છે. મને આશા છે કે આ વિચારણાનું જરૂર શુભ પરિણામ આવશે અને સંઘ વિકાસના માર્ગે જરૂર આગળ વધશે.

પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રાર્થના

પ્રાર્થના એ સંસ્કારથી ઉત્પન્ન થતી એક મહત્ત્વની જરૂરિયાત છે, એ જરૂરિયાત આત્માની છે, હૃદયની છે, ભાવનાઓની છે. એ એક દૈનિક વિશ્રાંતિ છે, ખોરાક છે અને સ્નાન પણ છે. પેટની અંદરનો મેલ કાઢીને શરીરને સાફ કરવાની જેટલી જરૂર છે એટલી જ જરૂર એ પ્રાર્થનાની પણ છે. સ્નાન કરીને નિર્મળ થવું જેટલું જરૂરી છે એટલી જ જરૂર પ્રાર્થનાની પણ, વાસના ધોઇને નિર્મળ થવા માટે છે. શારીરિક કર્મ કર્યા પછી જે રીતે જે પ્રમાણે ઊંઘ અને આરામ જરૂરી છે તે જ પ્રમાણે અનેક પ્રકારની વાસનાઓને વશ થયા પછી અને સંકલ્પ વિકલ્પથી થાકી ગયા પછી પ્રાર્થનાની શાંતિ અત્યંત જરૂરી છે. શરીરનું સંબલ ખતમ થઈ ગયા પછી, ફરીથી ખોરાક લેવાની જરૂરિયાત જે રીતે અનિવાર્ય છે, તેમ હૃદયનું સંબલ ખતમ ન થઈ જાય એટલા માટે પ્રાર્થનાનું મિષ્ટાન્ન એને સમયે સમયે ખવડાવવું જ જોઇએ. **કાકા કાલેલકર**

દર્શન અને ચિન્તન

પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ
બે વિભાગ ગુજરાતી : એક વિભાગ હિંદી : કુલ ત્રણ વિભાગમાં
કિંમત રૂા. ૨૧; પેકીંગ પોસ્ટેજ રૂા. ૪.

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
કિંમત રૂા. ૧૮.

પ્રબુદ્ધ જીવનની ફાઇલો : કિંમત રૂા. ૬.

પ્રબુદ્ધ જીવનના ગ્રાહક બનો : ★ વાર્ષિક લવાજમ રૂા. ૪

મળવાનું ઠેકાણું :

મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ.

★ ઈશ્વરવાદ – અનીશ્વરવાદ ★

(શ્રી રતિલાલ મફાભાઈ શાહ વીરમગામ બાજુએ આવેલા માંડલગામમાં વર્ષોથી એક શિક્ષકનો વ્યવસાય કરે છે અને અવકાશનો સમય વાંચન લેખનમાં વ્યતીત કરે છે. ધર્મસાહિત્યનું પણ તેમણે સારાં પ્રમાણમાં અવગાહન કર્યું છે. જૈન ધર્મનો તેમના ચિન્તન ઉપર સવિશેષ પ્રભાવ છે. નીચેનો તેમનો લેખ તેમના સ્વતંત્ર ચિન્તનનો એક પ્રયત્ન છે. **તંત્રી**)

જેમ બાળકને પિતાની ઓળખાણ આપવી પડતી નથી તેમ ભારતીય હૃદયને એ પિતાના ય પિતા પરમપિતા–પરમેશ્વરની ઓળખાણ કરવાની હોતી નથી. એ એ સંસ્કાર લઇને જ જન્મો હોય છે. ઇશ્વર તો એનો પ્રાણ છે–શ્વાસોશ્વાસ છે–જીવનનો ધબકાર છે. જીવનમાંથી જો એને રૂખસદ આપવામાં આવે તો પ્રાણ વિનાના દેહની જેમ એવા જીવનની કલ્પના જ કરી શકાતી નથી.

આપણા દેશમાં ગયા વર્ષે ભગવાન બુદ્ધની જયંતી બહુ મોટા પાયા ઉપર ઉજવાઇ ગઇ અને એમના ચરિત્ર, ઉપદેશ તથા તત્વજ્ઞાન અંગે સેંકડો લેખો, પુસ્તિકાઓ–ગ્રંથો પ્રકાશિત થયા. એ ભગવાન્ બુદ્ધે પ્રતિપાદિત કરેલા ધર્મનું સ્વરૂપ જોતાં આપણને માલુમ પડયું કે ઇશ્વર વિનાનો પણ ધર્મ હોઇ શકે છે એટલું જ નહી જનકલ્યાણ દ્વારા એ જગતનો આદર પણ પામી શકે છે.

ત્યારે આપણી સમક્ષ એક કૂટ સમસ્યા ખડી થાય છે કે ઇશ્વર છે કે નહિ? કારણ કે એક બાજુ વૈદિકઋષિઓ, મહમદ, ઇશુ, ગાંધી, અરવિંદ ઉપરાંત રોમેરોલાં જેવા પાશ્ચાત્ય તત્વજ્ઞો છે તો બીજી બાજુ કપિલ, જૈમિની, બુધ્ધ, મહાવીરાદિ તીર્થંકરો ઉપરાંત ડાર્વીન, હર્બર્ટ સ્પેન્સર તથા કાર્લમાર્કસ જેવા આજના વિચારકો પણ છે; જેમને ખોટું કહેવાનું કર્યું જ કારણ નથી. ત્યારે આપણે સહેજે જ એવા નિર્ણય પર જઈ પહોંચીએ છીએ કે કાંઇક ભૂલે છે યા તો કંઇક ભારે ગેરસમજ પેદા થઇ છે. કારણકે બન્ને તો એક સાથે સાચા કેવી રીતે હોઇ શકે?

ઇશ્વર નથી તો નથી. પણ જો છે તો તે આદિકાળથી છે કે એનું સર્જન પાછળથી થયું હતું એ શોધવા આપણે આદિમાનવ યુગ સુધી દૃષ્ટિ દોડાવવી પડશે. ઇતિહાસ ધર્મશાસ્ત્ર તથા પાછળથી વિજ્ઞાને આ બાબતમાં જે ઉંડું સંશોધન કર્યું છે એ ઉપરથી જણાય છે કે આદિમાનવ યુગમાં ઇશ્વરનું અસ્તિત્વ નહોતું. માનવ જ મૂળે જંગલી હતો અને આંતરપ્રેરણાને વશવર્તી ચાલતો ત્યારે એનામાં એની કલ્પના હોય પણ ક્યાંથી? પણ એક શુભ મૂહૂર્તે એને 'આ બધું શું?' એવો જે ભાવ આવ્યો એ એનામાં કૂટેલી વિચારશક્તિનું પ્રથમ કિરણ હતું. એ વિચારને કારણે અંધકાર ને આંધી, વાદળ ને વાવાઝોડું, સૂર્યચંદ્રના ગ્રહણ ને ગડગડાટ તથા ભરતી અને ઓટ ઉપરાંત રેલ અને ધરતીકંપ જેવા દૃશ્યો જોઇ એ ભયભીત બનતો. અને એ બધા પાછળ કોઇ આકાશી શક્તિ કામ કરી રહી છે એની કલ્પનાથી એ એને નમવા, પ્રાર્થવા તથા દયા યાચના કરવા લાગ્યો. પણ બીજી બાજુ જોયું તો વિરાટ વિશ્વ પોતાને કચડવા મથી રહ્યું હોય તેમ તડકો એને બાળતો, પાણી એને ડૂબાવતું તથા ઠંડી એને થીજવી નાખતી, પણ એક દિવસ 'હું પણ કંઇક છું' માટે એમાંથી બચવું જોઇએ એવી જીવમાત્રમાં પડેલી જીજીવિષાને કારણે 'અહં'વૃત્તિ પેદા થઇ આવી ને એથી એમાંથી બચવા એણે ઝાડનો આશ્રય લીધો. ગુફા કે ઉંચી ટેકરી શોધી અને એ રીતે તડકામાંથી–ઠંડીમાંથી બચ્યો. અને રેલથી પણ પોતાનું રક્ષણ કર્યું.

આમ જેમ જેમ એ સફળ થતો ગયો તેમ તેમ એનામાં આત્મવિશ્વાસ વધ્યો ને એને પરિણામે પુરૂષાર્થ આદરી વિરાટ વિશ્વ પર કાબુ જમાવવા પણ લાગ્યો. કુદરતના રહસ્યો નહિ ઉકેલાવાથી એક બાજુ અદ્‌ભૂત દૃશ્યો તથા અગમ્ય ઘટનાઓ ઉપરાંત પોતાનાથી બલિષ્ટ લાગતી જડ–ચેતન વ્યક્તિઓમાં દેવત્વ કલ્પી એ એની પ્રાર્થના –દયા યાચના કરવા તરફ ઢળ્યો હતો તો બીજી બાજુ અહં ને કારણે પુરૂષાર્થ તરફ પણ ઝૂક્યો હતો. એ પુરૂષાર્થના જોરે એણે આજે તો ધમધમતા નગરો, અદ્‌ભૂત સ્થાપત્યો, સંગીત–નૃત્ય–ચિત્ર જેવી લલિત-કળાઓ, અનુપમ સાહિત્ય, સમાજસંગઠન, વિશાળ રાજ્યો અને સંઘો ઉપરાંત આજના વિજ્ઞાનની પ્રગતિ સાધી ખુદ ઇશ્વરની સામે બળવો માંડ્યો હોય તેમ આજે તો એ મરેલાને જીવતા કરવાની, વિના સંયોગે સર્જન કરવાની તથા ઇચ્છા મુજબ સ્ત્રી–પુરૂષની જાતિ બદલવાની આશા રાખતો થયો છે. આમ માણસે તત્વો પર કાબુ મેળવ્યો છે. એમાં જય મેળવ્યો છે પણ બીજી બાજુ તત્વના મૂળ આંતર સ્વભાવને બદલવા એ અસમર્થ નીવડયો છે ને પરાજીત પણ બન્યો છે.

આમ જય–પરાજયની ભાવનામાંથી તેમ જ દયા–યાચના અને પુરૂષાર્થની વૃત્તિમાંથી જે બે વિચારપ્રવાહો વહેતા થયા છે એ જ પાછળથી શોધાયેલા ઇશ્વરવાદ અને અનીશ્વરવાદનાં મૂળ બીજો છે.

ધર્મશાસ્ત્રો કહે છે કે વેદો વ્યવસ્થિત બન્યા તથા વર્ણાશ્રમ–વ્યવસ્થા સ્થિર બની ત્યાં સુધી ઇશ્વરવાદનો પ્રાદુર્ભાવ નહોતો થયો. કારણકે પૂર્વમિમાંસા અને સાંખ્ય એ બન્ને જુના દર્શનો પક્કા અનીશ્વરવાદી હતા. આખું વિશ્વ ઋત જે વિશ્વનિયમ છે–એના આધારે જ ચાલે છે એવી માન્યતા ત્યારે હતી જે ઋતમાંથી જ પાછળથી કર્મવાદનો સિદ્ધાંત વિકસ્યો હતો. પણ દસ્યુ–દ્રવિડો–અનાર્યો સાથેના ઘોર યુધ્ધો પછી આર્યો વિજયી નીવડ્યા અને સમગ્ર ઉત્તર ભારતમાં ફેલાઈ ગયા ત્યારે વિરોધીઓ સામે લડવાનું ક્ષેત્ર ન રહ્યું હોઇ હવે એ અંદરોઅંદર બાખડવા લાગ્યા હતા, અને જીવન સંઘર્ષ ને કારણે એમ થવું સ્વાભાવિક પણ હતું. અત્યાર સુધી એ બધા જુદી જુદી ટોળીઓમાં વહેંચાયેલા હતા. જેથી એ બધી ટોળી-ઓને વશ રાખે એવા સમર્થ નેતાની જરૂર જણાઇ. આ કારણે આર્યોએ એવા એક નેતાને પસંદ કરી રાજા બનાવ્યો ને તેના માથે યુદ્ધ તથા વ્યવસ્થાનો ભાર નાંખી એના ગુજરાન માટે જમીનની આવકનો છઠ્ઠો ભાગ બાંધી આપ્યો. આ સમયમાં અનાર્યોએ વેદધર્મ સ્વીકાર્યો હતો, છતાં પોતાના કુલદેવતાઓને છોડી શકયા નહોતા, જેથી એ બધા દેવોને આર્યધર્મમાં સ્થાન તો મળ્યું હતું પણ એ દેવો ય ચડ–ઉતરતાપણાને કારણે, કલહનું કારણ થઈ પડયા હતા જેથી રાજાની જેમ એમને પણ એકસૂત્રે બાંધવાની કલ્પના સૂઝી આવી ને એક સર્વોપરિ સત્તાનું–ઇશ્વરનું સ્થાપન કરી એ બધા દેવોને એ ઇશ્વરનો જ અંશ છે એમ કહી એકસૂત્રે જોડી દેવામાં આવ્યા ને એ રીતે કલહ મિટાવી દેવામાં આવ્યો હતો.

જે ઇશ્વરનું આ રીતે સર્જન કરવામાં આવ્યું હતું અને જેનો પાછળથી શોધાયેલા સત્ય તરીકે સ્વીકાર કરવામાં આવ્યો હતો, એ ઇશ્વર કે કોઇ આકાશી દેવની સાથે ચમત્કારો ગૂઢતાઓ સહેજે જ જોડાઈ જાય છે. કારણકે એ સિવાય અપ્રત્યક્ષ–પારલૌકિક એવી સત્તાના મહત્વનો કશો જ અર્થ રહેતો નથી. ભક્તને પણ એ સિવાય ભકિત કે ભય પ્રગટતો નથી. એથી એને આપણી કલ્પના મુજબ આપણા જેવો માણસ કલ્પી હજાર હાથવાળો સર્વશકિતમાન અને હજાર આંખવાળો સર્વજ્ઞ કલ્પ્યો. પણ એમાં દોષ આવવાથી પાછળથી એને નિરાકાર–નિર્ગુણ કહ્યો. પણ એથી ભકતને સંતોષ ન થયો જેથી ફરી એને સાકાર સગુણ બનાવી બ્રહ્મની અચિંત્ય શકિતનું એ પરિણામ છે કહી ઇશ્વર–ઉપર બ્રહ્મની સ્થાપના કરવામાં આવી, પણ જ્યારે ઇશ્વર સાથે જોડાયેલા ચમત્કારો–ગૂઢતાઓને કારણે પુરોહિત વર્ગે પોતાનો સ્વાર્થ સાધવા એના નામે નવી નવી આજ્ઞાઓ જોડી એટલા બધા વિધિવિધાનો–ક્રિયાકાંડોને જન્મ આપ્યો કે એમાંથી અનેક પ્રકારના વહેમો, અજ્ઞાનતાઓ અને અંધશ્રધ્ધાઓ પેદા થઇ; જેને પરિણામે માનવ જીવન જ રૂંધાવા લાગ્યું હતું, ત્યારે મહાવીર અને બુદ્ધે ચારિત્ર્ય–સદ્‌ગુણ પર જ ભાર આપી ઇશ્વરનો જ ઇન્કાર કર્યો અને પુરૂષાર્થ–સ્વાવલંબનનું મહત્વ વધારી દીધું. આ કારણે દેવ–ઇશ્વરની અપેક્ષા માનવને પ્રતિષ્ઠા મળી અને એ પૂજવા લાગ્યો.

પણ યુગોના સંસ્કારોને કારણે માનવ ૫૦૦ વર્ષમાં જ ત્યાગ-તપના કંઈક કઠોર માર્ગથી કંટાળી ગયો. જીવનને ઉલ્લાસ આપનારી રસિકતાની એને ક્ષુધા લાગી હતી. એથી એ રસિક બન્યો, વિલાસ તરફ ઢળ્યો અને સંગીત-ચિત્ર-નૃત્ય જેવી લલિતકળાઓ તરફ ખેંચાયો. એની વિલાસક્ષુધા પૂર્ણ કરવા રસો, ભરમો અને માત્રાની શોધ થઇ, મંદિરોની દિવાલો પર નગ્ન- અશ્લીલ ચિત્રો દોરાયા તથા એની વૃત્તિઓને પોષક શૃંગાર-સાહિત્ય પણ રચાવા લાગ્યું. આ તક જોઇ માનવની ભાવના મુજબ ઇશ્વરનું નવ-સ્વરૂપ ઘડવામાં આવ્યું અને માનવ-પ્રતિષ્ઠા વધી ગઇ હોઇ ઇશ્વરને માનવ રૂપે અવતાર પદ આપી નીચે ઉતાર્યો. મહાવીર-બુદ્ધના યુગની હવા હોત તો એનું સ્વરૂપ જુદી રીતે ઘડવામાં આવ્યું હોત પણ નવી હવા પ્રમાણે એને રસિક ને વિલાસી બનાવ્યો તથા એ કાળમાં શક હૂણોના અત્યાચારથી થતા રહેતા હુમલાને કારણે શત્રુના પ્રતિકાર માટેની ભાવના પેદા કરવાની જરૂર હોઇ એને દુષ્ટોનું દમન કરનાર તથા અધર્મીઓનો નાશ કરી ધર્મનું સ્થાપન કરનાર-દંડસત્તાધારીનું રૂપ આપવામાં આવ્યું તથા ભક્તોના કલ્યાણ માટે ખરે બપોરે ખેપ કરનાર ભક્તવત્સલ પણ બનાવ્યો. એ કાળની હવા પ્રમાણે ઇશ્વરનું આ રૂપ જનતાને ખૂબ જ ગમી ગયું. પણ એની સાથે જે કૂરી ચમત્કારો-ગૂઢતાઓ પેદા થઈ એથી અનેક પ્રકારના વહેમો, ક્રિયાકાંડો, તથા અંધશ્રધ્ધાઓના જાળાં જામવા લાગ્યા ને આજે તો એના એવા મહા-વનો પથરાઈ ગયા છે, કે જેના પરિણામે રાજ્યપાલો, રાષ્ટ્રપતિ કે રાષ્ટ્રપિતા જેવા પણ ઘણીવાર એવા વહેમોને પુષ્ટ કરવામાં નિમિત્તરૂપ બની જાય છે.

પણ વિજ્ઞાનને કારણે આજે જે નવી દૃષ્ટિ ઉઘડી છે તેથી હવે આજના વિચારકો તથા યુવાનોને આ બધાના મૂળ ઇશ્વરમાંથી જ શ્રધ્ધા ડગવા લાગી છે. વળી આજના આ લોકશાહી યુગમાં સ્વાતંત્ર્ય અને સ્વમાનની ભાવનાને કારણે ઇશ્વરની એક હસ્તિ સત્તા ગમતી પણ નથી. ત્યારે કરવું શું ? કાં તો એને લોકશાહી રૂપ આપવું, કાં તો એનો ઉચ્છેદ કરવો એ સિવાય બીજો વિકલ્પ જણાતો નથી. ઇશ્વરે સૃષ્ટિ રચી હોય યા ન રચી હોય; પણ એનું સર્જન કરી આપણે એને સમયે સમયે આપણી મરજી મુજબ ઘડતા રહ્યા છીએ તો એને લોકશાહી રૂપ આપી કેવળ હૃદય ઠલવવા તથા આલંબન લેવા પુરતો સાક્ષી રૂપ જ કલ્પવો જોઇએ જેથી એની આજુ બાજુ લાગેલા વહેમો અને ચમત્કારોના જાળાં દૂર થઇ શકે અને આપણામાં પુરૂષાર્થ, સંગઠ્ઠન, સાહસ, સ્વાવલંબન, સ્વતંત્રવિચારણા અને પૂર્વગ્રહરહિત નિર્મલ વિવેકબુદ્ધિ પેદા થઇ શકે. અને દેશને આજે જરૂર પણ એની જ છે.

પણ જો ઇશ્વર એ સત્ય નથી પણ કેવળ કલ્પના જ છે તો એનો ઉચ્છેદ કરવાથી શું હાનિ છે ? જો બુદ્ધધર્મને ઇશ્વર વિના ચાલ્યું છે, ને એના વિના એણે પ્રતિષ્ઠા તથા આદર પણ પ્રાપ્ત કર્યો છે તો ઇશ્વરની હવે જરૂર પણ શું છે ?

વાત એમ છે કે હજારો યુગના સંસ્કાર આપણા હાડ-લોહીમાં ઉંડા ઉતર્યા છે. એ ઉચ્છેદી ન શકાય. વળી ઇશ્વર એ કલ્પના નથી પણ પાછળથી શોધાયેલા સત્ય તરીકે સર્વસ્વીકૃત તત્ત્વ છે. બીજી દૃષ્ટિએ એ કોરી કલ્પના પણ છે. એટલે આપણે તો ઇશ્વરવાદ અને નિરીશ્વરવાદ બન્ને વિચારધારાઓનો સમન્વય સાધવો છે. અને એ રીતે સમન્વય સાધવાની આપણી પાસે ભગવાન મહાવીરે શીખવેલી અનેકાંતવાદ-સાપેક્ષવાદની દૃષ્ટિ પણ છે તેમજ એ બન્ને વિચારધારાઓમાં સત્યાંશ પણ છે.

એક દૃષ્ટિએ જોઇએ તો ભાવુકતા-ઊર્મિશીલતાનું ભાજન ઇશ્વર છે, જ્યારે પુરૂષાર્થ-સ્વાવલંબનની વૃત્તિ ઇશ્વરને નહી માનવાનું પરિણામ છે. આ દૃષ્ટિએ ઇશ્વરવાદી પણ અનીશ્વરવાદી છે અને અનીશ્વરવાદી ઇશ્વરવાદી પણ છે. કારણકે ભારતીય હૃદયમાં ભાવુકતા યે છે અને પુરૂષાર્થ ભાવના પણ છે. ભાવુકતા વિના માણસ લાગણીશૂન્ય-જડ બની જાય અને પુરૂષાર્થ વિના એ નિર્બળ અને સત્વહીન બની જાય. *નાયમાત્મા બલહીનેન લભ્યઃ* પછી આવા નિર્બળ-સત્વહીનને ઇશ્વરપ્રાપ્તી કયાંથી થાય ? આમ બન્ને વાદ એક બીજા સાથે સંલગ્ન છે, એક બીજાના પુરક છે. છતાં જેનામાં ભાવુકતાનું તત્ત્વ વિશેષ છે એને ઇશ્વરવાદ અનુકૂળ બને છે અને જેનામાં સ્વતંત્ર વિચારણા અને પુરૂષાર્થનું બળ છે એને નીરીશ્વરવાદ વધુ ફાવટવાળો લાગે છે.

આમ છતાં પણ સાપેક્ષવાદની દૃષ્ટિએ જોઇએ તો પૂર્વ-પશ્ચિમ જેટલો એ દેખાતો ભેદ પણ ઓગળી જાય છે. સ્યાદ્વાદ કહે છે કે વસ્તુનું એકાંગી દર્શન અધુરા અવલોકનનું પરિણામ છે. પણ જ્યારે એની સર્વ બાજુઓનું યથાતથ્ય નીરીક્ષણ કરવામાં આવે છે ત્યારે જ વસ્તુનું યથાર્થ દર્શન થાય છે. આ દૃષ્ટિએ કેટલાક મતપંથો જેમ સમુદ્રમાં નદીઓ ભળે છે તેમ જીવ-શિવનો સંબંધ કલ્પે છે. કેટલાક-એવા પ્રવાહો સમુદ્રમાં ભળવા છતાં અમુક માઇલ સુધી એવા પ્રવાહો જુદા પણ તરી આવે છે તેમ બ્રહ્મમાં એકાકાર થવા છતાં જડ-ચૈતન્ય સૃષ્ટિની અંતર્ગત જુદાઇ સ્વીકારે છે. તો કોઈ નદી સાગરને નદીસાગર રૂપે ન જોતાં કેવળ જલબિંદુઓ (આત્માઓ) રૂપે તો કોઇ વળી કેવળ જલતત્ત્વરૂપે જ (બ્રહ્મરૂપે) જુએ છે. તો કોઈ વળી એને પણ શુન્યવાદી બૌધ્ધની જેમ ભ્રમ માની કેવળ H=O હાઇડ્રોજન-ઓક્ષીજનના સંયોગ રૂપે વર્ણવે છે. બાહ્ય દૃષ્ટિએ ભેદ હોવા છતાં મૂળમાં તો એ બધા પોતપોતાની દૃષ્ટિએ સાચા જ છે તેમ ઇશ્વરવાદ-નીરીશ્વરવાદના દૃષ્ટિકોણો પણ યથાર્થ છે. એકની દૃષ્ટિએ ઇશ્વર સાગરરૂપ છે, અન્યની દૃષ્ટિએ જલબિંદુઓનો સમૂહ જ છે. કેવળ શબ્દોનો જ ભેદ છે ને!

હિંદુ વિચારધારામાં અદ્વૈતવાદની દૃષ્ટિ પ્રાધાન્ય ભોગવતી હોઇ એ દૃષ્ટિએ ઇશ્વર અથવા જીવસમૂહ બન્ને એક જ વસ્તુ છે. એકમાં વ્યકિતગત રૂપે જોવાની દૃષ્ટિ છે તો બીજામાં સમષ્ટિ રૂપે જોવામાં આવે છે. પણ એથી ઇશ્વર જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ નથી કે જેનાથી આપણે ભિન્ન છીએ. સર્વ આત્માઓનો સમુહ જ ઇશ્વર હોઇ **ઇશ્વર જ અનંત રૂપે પ્રગટ થાય છે, નહિકે એ અનંત રૂપોને પ્રગટ કરે છે.** કારણ કે એ વિશ્વનું નિમિત્ત કારણ નથી પણ ઉપાદાન કારણ છે. આમ ઇશ્વરવાદ-નીરીશ્વરવાદ કેવળ વસ્તુને જોવાની રીતને કારણે છે.

બીજો એક દાખલો લઇ આ વિષય ફરી તપાસીએ :—

ધારો કે એક હજાર Soldiers સૈનિકોનું બનેલું એક લશ્કર છે. એમાં લશ્કર જેવી કોઈ સ્વતંત્ર વસ્તુ નથી કે જેને સૈનિકોથી જુદી તારવીને બતાવી શકાય. પણ સૈનિકોનો સમુહ જ સેના કે લશ્કર કહેવાય છે. છતાં એ લશ્કરને સ્વતંત્ર વ્યકિતત્વ ન હોઇ એ કશું જ કરવા અસમર્થ છે, જ્યારે લશ્કરીઓ જીવંત વ્યકિતઓ હોઇ એમનામાં કાર્યશકિત છે ને પુરૂષાર્થ છે—પણ લશ્કરમાં એ તાકાત નથી. એ કેવળ નામરૂપ છે. તેમ ઇશ્વર પણ કશું જ કરવા અસમર્થ છે એટલે જ એને નિર્ગુણ-નિરાકાર કહ્યો છે. ફકત એ કેવળ સાક્ષીરૂપ જ છે. છતાં જેમ લશ્કરના અંગ હોવાને કારણે લશ્કરીમાં ખુમારી છે, તેમ ઇશ્વરને કારણે જ જીવોને બળ-શકિત પ્રાપ્ત થાય છે. કારણ કે લશ્કરીઓ પોતાને એનું અંગ માને છે, એની શકિત-જોસ કે ખુમારી પણ એ કારણે જ છે તેમ ઇશ્વરનું પણ છે. એ સ્વતંત્ર શકિત કે વ્યકિત નથી છતાં એનું જ જગત પર સામ્રાજ્ય છે. જીવમાત્ર એનાથી જ બળ-ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે, તેમજ એની આજ્ઞાને વશ થવામાં-એના નિયમ પ્રમાણે ચાલવામાં એ પોતાનું કલ્યાણ-સામર્થ્ય અને શકિત અનુભવે છે. જેમ સૈનિકોનું આધારબળ લશ્કર છે તેમ આપણું હૃદય ઠાલવવાનું આશ્વાસન મેળવવાનું એ જ માત્ર આપણું આલંબન છે.

આ દૃષ્ટિએ ઇશ્વર એ વ્યકિત નથી રહેતી પણ એક વિશ્વ કાનુન બને છે. એને કર્મવાદીઓ કર્મ કહે છે, નીરીશ્વરવાદીઓ કુદરત કહે છે અને ઇશ્વરવાદીઓ ઇશ્વર નામ આપે છે. જે ઇશ્વર કાનુનરૂપે-ઘટઘટમાં રહેવા છતાં જડ-ચૈતન્યરૂપ અખિલ વિશ્વમાં વ્યાપ્ત છે. વિશ્વ એ નિયમને વશ વર્તીને જ ચાલે છે જેમાં યત્કિંચિત પણ કદી ફેરફાર થતો નથી.

મહાત્મા ગાંધીજી જણાવે છે કે સર્વસમર્થ ઇશ્વર—કર્તું, અકર્તું, અન્યથા કર્તું ય સમર્થ પરમેશ્વર આપણા જેવી વ્યકિત નથી. પણ તે દુનિયામાં સૌથી વધારે જીવંત શકિત અથવા કાનૂન છે (હરિજન બંધુ ૨૮-૬-૪૬) જે કાનુનને જગતના ભિન્ન ભિન્ન મતપંથોએ જુદા જુદા વિશેષણોથી સમજાવવા યત્ન કર્યો છે. આમ એ કાનુનને તો બન્ને માનતા હોઇ ઇશ્વરવાદ-અનીશ્વરવાદ એક જ વસ્તુ બને છે.

રતિલાલ મફાભાઈ શાહ

ગુણ–દોષ મીમાંસા

(ગુજરાત પ્રવેશ પછી બીજા જ દિવસે એટલે કે સપ્ટેંબર માસની નવમી તારીખે સૂરત જીલ્લામાં આવેલા કીકાકુઈ નામના એક નાનકડા ગામમાં વિનોબાજીનો મુકામ હતો એ દરમિયાન ત્યાં એકઠા થયેલા ગુજરાતના કાર્યકરોની ઓળખાણવિધિ પૂરી થવા બાદ વિનોબાજીએ એક વિચારગંભીર પ્રવચન કર્યું હતું. વિનોબા યાત્રા–પ્રસિદ્ધિ વિભાગ તરફથી મળેલી તે પ્રવચનની નકલ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

સાત સાડા સાત સાલ પહેલાં આ યાત્રા શરુ થઈ ત્યારે હિન્દુસ્તાનના નેતાઓમાંથી તેમજ સેવકોમાંથી ઘણાંખરાને હું કાં તો નામથી યા રુપથી જાણતો ન હતો; અને ગુણોથી તો સર્વથા અપરિચિત હતો. નામ, રુપ અને ગુણ આમ ત્રણેથી અપરિચિત હતો. અને કર્મની જાણકારી છાપામાં આવે પણ હું છાપાઓ બહુ વાંચતો નથી એટલે મને ઘણાનો પરિચય ન હતો. આ સાડા સાત વર્ષના પ્રવાસથી ઘણાંનો પરિચય થયો, વ્યક્તિગત તો બહુ ન થયો, પણ સામાન્ય પરિચય થયો. એટલે હિન્દુસ્તાનના સેવકો માટે મારી ભક્તિ વધી. ખાસ કરીને રચનાત્મક સેવા જેઓ કરી રહ્યા છે તેઓ લગભગ એક નિરાભાર સેવા કરી રહ્યા છે એટલે કે સેવાનો ઉપકાર અત્યારે બહુ મનાતો નથી એ કરી રહ્યા છે, ઘણાં નમ્ર ભાવે અને શ્રદ્ધાથી કરે છે. એ બધું મેં જોયું એટલે મારો આદર વધ્યો. અને હિન્દુસ્તાનના ભવિષ્ય વિષે બહુ આશા બંધાઈ. આ એક બાજુ હતી. બીજી બાજુ પણ હતી. દરેક વસ્તુને શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ હોય છે–એમ ચંદ્રને પણ હોય છે. ચંદ્રપ્રકાશનું મનુષ્યમાં જે પ્રતિબિંબ પડે છે તે પ્રતિબિંબ મનમાં પણ હોય છે. આપણા શાસ્ત્રમાં કહ્યું છે કે ચંદ્રમાં મનની પ્રતિમા હોય છે અને મન ચંદ્રપ્રકાશમાંથી થયેલું છે. તો આ મનને પણ બે પક્ષો હોય છે. એ પક્ષો ગુણ અને દોષને લગતા છે, પણ દોષને લગતા પક્ષનું મને આકર્ષણ થયું નહોતું. કેમકે મારા મનમાં એક વિચાર સ્થિર થયેલો છે કે દોષો માણસના "ગુણચ્છાયારુપે" હોય છે. એ દોષો વગર પેલા ગુણો સાકાર જ નથી થઈ શકતા. દોષ વિના ગુણો નિરાકાર જ રહે છે. કર્તવ્ય આવે અને તેની સાથે અહંકાર આવે તો ભલે આવે. ઉત્સાહની સાથે અતિક્રમણ–આક્રમણની વૃત્તિ હોઇ શકે અને નિવૃત્તિની સાથે આળસ હોઇ શકે વગેરે. એ બધાં બહુ આવશ્યક છે. સૃષ્ટિ યોજનામાં નિરાકાર ગુણોને સાકાર કરવા માટે એની આવશ્યકતા છે. ધોળા રંગના કાપડ પર બીજા રંગોની આકૃતિ સહેલાઇથી ઉઠે છે, એવી રીતે દોષો છાયારુપ હોય છે. તેથી ગુણગ્રહણ સહેલું થાય છે. આવો વિચાર મારા મનમાં સ્થિર હતો અને છે. તેથી મને ગુણોનું આકર્ષણ અત્યંત સ્વાભાવિક રીતે જ થાય છે. વળી મેં એક સિદ્ધાંત ઘડી કાઢયો છે કે ગુણો આત્માના હોય છે, અને દોષ દેહના હોય છે. દેહ નશ્વર (નાશવંત) હોઈ ટકવાનો નથી. માટે દોષ પણ ટકવાના નથી, ગુણો આત્માના હોય છે અને આત્મા અમર હોવાથી ગુણો સદાકાળ રહે છે. ગુણો સૂક્ષ્મરુપે સર્વત્ર હોય છે. જેમ હવામાં ધ્વનિ સર્વત્ર ફેલાયેલો હોય છે એ રેડિઓથી આપણને સમજાય છે, તેમ આગળ જતાં આપણને એ પણ જોવા મળશે કે રુપ પણ એ જ રીતે દુનિયામાં ફેલાયેલું છે, જેમ આ ધ્વનિ અને રૂપ સૂક્ષ્મરુપે રહે છે તેમ ગુણો પણ સૂક્ષ્મરુપમાં સર્વત્ર ફેલાયેલા રહે છે, જ્યારે દોષો શમી જાય છે. તેથી દોષોને સાકાર રહેવાપણું રહેતું નથી. ત્યારે કેવળ ગુણોને સાકાર બનાવવા સારુ જે દોષો આવેલા તે દોષોની હસ્તી, જેમ માણસ ચાલ્યો ગયો ને તેની સાથે તેની છાયા પણ મટી ગઇ તેમ, મટી જાય છે. પછી ઇતિહાસ લખવાવાળા તેને નાહક લખી-લખીને અમર કરવા મથે છે. પણ એ ઇતિહાસ રહેવાનો નથી. ગુણો શાશ્વત છે. તેની અસર સ્પષ્ટરુપે રહે છે. એનો અનુભવ પણ કરી શકાય છે. માણસો દેહ છોડીને ચાલ્યા ગયા, પણ તે ગુણરુપમાં નિરંતર વસે છે ને તેથી એમના રહેતાં–જીવતાં જેટલી અસર થતી તેનાં કરતાં તેમના જવા બાદ તે ગુણોની અસર ઘણી વધારે થયાં કરે છે. એ સ્પષ્ટ રીતે અનુભવાય છે. જો કે આપણને એ સમજાતું નથી હોતું કે એ અસર કયા સ્રોતમાંથી આવેલી છે, પણ એને લાયક યંત્ર હોય તો જોઈ શકાય.

ત્રીજી પણ એક માન્યતા મારામાં સ્થિર થએલી છે કે ગુણ અને દોષ મળીને માણસના જીવનનું એક મકાન બને છે. એમાં ગુણો દ્વારરુપ હોય છે અને દોષો દિવાલરુપ. દિવાલો એ દોષનું સ્થાન છે. ગમે તેટલું નાનું મકાન હોય એમાં એક દરવાજો હોય જ અને ગમે તેટલું વિશાળ મંદિર હોય, તેને અનેક દરવાજા અને બારીઓ હોય તોયે એને દિવાલ તો હોય છે જ. છેવટ કંઈ નહીં તો ઉપર છત તો હોય છે જ. એ એનાં વ્યક્તિત્વને ઢાંકવાનું કામ કરે છે. તેવી રીતે વ્યક્તિત્વને ઢાંકવાનું કામ દોષ કરે છે. વ્યક્તિત્વ એકદમ ખુલ્લું પ્રગટ થાય તો વ્યક્તિત્વ ગભરાઈ જાય છે. એટલે એને ઢાંકવું પડે છે, અને દોષથી એ જરા ઢંકાઈ જાય છે. તેથી મનુષ્યના જીવનમાં જરા નિરાંત રહે છે. જો ગુણો સાવ ખુલ્લામાં આવી જાય, ગુણો જ સાવ પ્રકાશમાં આવે તો નિરાંત નથી રહેતી. એના પર લોકાક્રમણનો ડર રહે છે. એમાંથી બચાવવા સારુ દોષો ઢાલરુપે કંઈક કામ કરે છે. હવે આપણે જો એટલું યાદ રાખીએ કે ગમે તેવા નીચમાં નીચ ગણાતા માણસમાં પણ કોઈ ગુણ તો હોય જ છે–જેમ દરેક મકાનને દરવાજો હોય છે–તો ધ્યાનમાં આવશે કે એનાં હૃદયમાં પ્રવેશ કરવો હોય તો ગુણ મારફત કરવો પડે. ગમે તેટલું મોટું મકાન હોય તો ભીંતમાંથી પ્રવેશ કરવા જઇએ તો અથડાઇએ. પણ દરવાજામાંથી–ગુણોમાંથી–સીધા જવાય. માણસના દિલમાં પ્રવેશ મેળવવો હોય તો ગુણો મારફત જઇએ. તેથી અથડામણ નહીં થાય. એ યુક્તિ સધાય તો દરેક મંદિરમાં પ્રવેશ મળવાનો જ.

ચોથી વસ્તુ જે મારા મનમાં છેલ્લા પાંચ–દશ વર્ષથી બહુ જોર કરે છે તે એ કે વિજ્ઞાનયુગમાં ગુણ–દોષોની હસ્તી સાપેક્ષ રુપે હોય છે. ગુણો અમુક પરિસ્થિતિમાં દોષરુપ થઈ શકે છે, અને દોષો અમુક પરિસ્થિતિમાં ગુણરુપ થઇ શકે છે. જ્ઞાનતત્વ તો Non–Moral નીતિવિચારથી અસ્પષ્ટ છે. Moral–નૈતિક–પણ નથી હોતું, તેમ Immoral–અનૈતિક પણ નથી હોતું. મારી એક ભૂમિકા મેં બતાવી કે ગુણ આત્માના છે અને દોષ દેહના છે. મારી બીજી ભૂમિકા એ છે કે બ્રહ્મમાં ગુણદોષ નથી. વિજ્ઞાનયુગમાં બ્રહ્મ સિવાય કોઇનું એ ચાલે એમ હું માનતો નથી. ભૂકંપ થાય છે ત્યારે આપણે કોઇના પર ગુસ્સો નથી કરી શકતા. ભૂકંપ પર પણ નથી કરી શકતા. નદીમાં પૂર આવે ને ગામડાંના ગામડાં તણાઈ જાય તો યે નદી પર દોષારોપણ નથી કરતા. ગંગા મૈયાના તો સ્તોત્ર જ ગાઇએ છીએ. જો કે આપણે ઘેર ગંગા આવવા માંગે તો તો ભાગી જ જઇએ. તો પણ એ દોષથી તો પર જ છે. એનાથી આપણને લાભ થાય છે છતાં એના પર નૈતિક ગુણારોપણ નથી કરી શકતા; અને નુકશાન કરે છે તોયે નૈતિક દોષારોપણ નથી કરી શકતા, કારણ કે ગંગાને જડ માનીએ છીએ. ઠીક, જે અર્થમાં ગંગા જડ છે બરાબર તે જ અર્થમાં દરેક માણસ પણ જડ છે. જે ચિનગારી આપણામાં હોય છે તે ગંગામાં પણ છે. જો કોઈ માણસ કહે કે ગંગામાં તે નથી તો તેને આપણે કહીએ કે જેવો આનંદ આપણા કોઇ પ્રિયજનને મળવાથી થાય છે તેવો આનંદ નદીને જોઇને આપણને કેમ થાય છે? માટે જે ચિનગારી આપણામાં છે તે ગંગામાં પણ છે જ. તેથી જેમ ગંગા ગુણદોષથી પર છે તેમ પ્રત્યેક વ્યક્તિ પણ ગુણ-દોષોથી પર છે.

આ જ સંદર્ભમાં બોલતાં મેં ત્રણ દિવસ પર કહ્યું હતું કે જેનું પ્રાણતત્વ એકવાક્યમાં આવી જાય. વિજ્ઞાનયુગમાં એવી કોઇ ઘટના નથી કે જે ક્ષોભનું કારણ હોઇ શકે. વિજ્ઞાનયુગમાં ક્ષોભને કારણ જ નથી. વિજ્ઞાનયુગમાં જે ઘટના બને છે તે ચિંતન માટે જ

હોય છે, ક્ષોભને માટે નહીં. આમ છતાં જેમને ક્ષોભ થાય તે Out of Date–જુનવાણી થઇ ગયા. તે આ જમાનાના નથી, તેને લાયક પણ નથી. માટે તેમને જમાના સાથે અથડામણ થાય છે. એ જ અથડામણ એ જ સંઘર્ષ આખી દુનિયામાં ચાલે છે. આજે યુગ આગળ નીકળી ગયો છે અને મન પાછળ રહી ગયું છે. એટલે આપણે જરા આ જીર્ણ જર્જર થયેલાં મનને છોડીએ તો સારું. મને ખબર છે કે જીર્ણ કપડું માણસ ઝટ છોડતો નથી. જેટલું જીર્ણ તેટલું તેની સાથે વધારે મમત્વ હોય છે. મારી ઉપરથી પણ કહું છું કે મારા કપડાં ફાટવા લાગે છે ત્યારે તેના ઉપર વધારે મમત્વ આવે છે. અને હું કહું છું કે એને જરા થીગડું મારજો એથી એનો વધુ સહવાસ મળે. તેમ આપણું મન પણ જીર્ણ થયું છે. જાણીએ છીએ કે એ કામનું નથી. આ યુગમાં તો એ બિલકુલ ઉપયોગી નથી. છતાં એને છોડવું જોઇએ. આ વાત આ સમયે બધાને વિશેષરૂપે કહું છું તેનો ઉદ્દેશ એ છે કે આ આપણે સેવા કરીએ છીએ તે બસ છે. તેથી વિશેષ કશો ખ્યાલ આપણા મનમાં ન હોય. એમાં કંઈ અહંકાર રાખવાપણું ન હોય. સેવા તો આપણો સ્વધર્મ છે. જો સ્વધર્મ હોય તો તેના વિષે અહંકાર ન થઈ શકે. કોઈ પણ ગધેડાને તેના ગધેડાપણાનો અહંકાર નથી થતો તે એનું "પણું" છે. તે "પણા" વગર રહી શકતો નથી. એ રીતે સ્વાભાવિકપણું હોય તો આપણે સ્વધર્માચરણમાં કંઈ ઝાઝું કરતા નથી. જેટલું કરવું ઘટે તેટલું જ કરીએ છીએ. એટલે બીજા સાથેની તુલના–ઓછપ અથવા મોટાઈ–એમાંથી એક પણ વૃત્તિની જરૂરત નથી. પરંતુ ઘણીવાર એમ જોવા મળે છે કે જ્યાં લઘુતાગ્રંથી હોય છે ત્યાં ગુરુતાગ્રંથી હોય જ છે. ઘણીવાર એ બન્ને ગ્રંથીઓ (Complexes) એક જ વખતે એક જ માણસમાં હોય છે. એ બન્ને ગ્રંથીઓની કોઈ જરૂરત જ નથી.

એ રીતે જો સ્વાભાવિકતાથી કામ કરતા થઇ જઇએ તો જેમ પાણી જીવનરુપ હોઇ બધાને પ્રિય થાય છે તેમ આપણે પણ બધાને પ્રિય જ થવાના. એ જીવન છે તો આ જગજીવન છે–દુનિયાનું જીવન છે. લોકો મને કહે છે તમને બધા exploit કરે છે. તો હું કહું છું કે સારું. હું exploit કરવા લાયક મનાયો તો કરે છે ને? કોઇને કાંઈ ઉપયોગી થવાય છે ને? એજ મુદ્દો છે. આપણે આપણું કામ સ્વાભાવિક રીતે કરીએ તો તેમાં કશું exploit થવાપણું છે જ નહિં. હું ઘણીવાર એ વિચાર પ્રગટ કરું છું કે આપણે મનથી ઉપર જવાનું છે. ઘણાને એ વાત સમજાતી નથી. આપણે ગાંધીજીનો હોઇને પણ એ જો નથી સમજ્યા તો ગાંધીજન નથી. બીજા ન સમજ્યા તો તેમને કાંઇ કહી શકાય નહીં. આજે આખી દુનિયામાં જે કાંઇ ચાલે છે–Politics–રાજકારણ વગેરે ચાલે છે તે બધું–વિજ્ઞાનયુગથી વિરુદ્ધ છે. છતાં તે જુના યુગથી ચાલતું આવ્યું છે. તેથી ચાલે છે, અને એટલા માટે દુનિયાની બધી જ મુશ્કેલીઓ એમાંથી જ પેદા થાય છે. જો એનો સ્પર્શ ઓછામાં ઓછો આપણને થાય તો, દુનિયાના પ્રલયકાળમાં આખી સૃષ્ટિ ડુબેલી પરંતુ જેમ માર્કંડે તરતા રહ્યા તેમ, આપણે પણ તરતા રહીએ. આપણે જેટલા પ્રમાણમાં તરતા રહીશું, તેટલા પ્રમાણમાં, સંભવ છે કે, દુનિયાનો પ્રલય ઓછો થશે, અને સૃષ્ટિ રચવાની શક્તિ કાયમ રહેશે. **વિનોબાજી**

કૂર્માચળની પરિક્રમા

મહાબળેશ્વરની યાત્રા હજુ આવતા અંકે પુરી થશે. એ પછીના અંકથી "કૂર્માચળની પરિક્રમા" ના બાકીના હપ્તા શરૂ કરવામાં આવશે. તંત્રી

વિષય સૂચિ

		પૃષ્ઠ
અંધશ્રદ્ધાનો પ્રશ્ન	રાજેન્દ્ર વ્યાસ	૧૩૯
સંઘના નામપરિવર્તનનો પ્રશ્ન	પરમાનંદ કુંવરજી કાપડિયા	૧૪૧
ઇશ્વરવાદ–અનિશ્વરવાદ	રતિલાલ મફાભાઈ શાહ	૧૪૩
ગુણ–દોષ મીમાંસા	વિનોબાજી	૧૪૫
મહાબળેશ્વરની યાત્રા	પરમાનંદ	૧૪૬

મહાબળેશ્વરની યાત્રા

(ગતાંકથી ચાલુ)

મહાબળેશ્વરમાં અમે પહોંચ્યા ત્યારથી જ મીઠી ગુલાબી ઠંડી અમે અનુભવી રહ્યા હતા. મુંબઇમાં શરદ ઋતુની ગરમી દિવસે તેમ જ રાત્રે અકળાવતી હતી. અહિં તો જાણે કે શિશિરનો પ્રારંભ ન હોય એવી શીતળતા મન તેમજ શરીરમાં પ્રફુલ્લતા–તાજગી–પ્રેરતી હતી. જ્યારે રાત્રીના સમયે ગરમ વસ્ત્ર ઓઢીને સુઇ રહેવું પડે એવી ઠંડક હોય છે ત્યારે રાત્રી પણ વધારે મધુર અને ગાઢ નિદ્રાપ્રેરક લાગે છે. મહાબળેશ્વરમાં પસાર કરેલી રાત્રીઓ આવી પ્રાણદાયી હતી અને દિવસે પણ મીઠી ઠંડકનો ચાલુ અનુભવ થતો હતો. અવાર નવાર ચાંલ્લી આવતી ઠંડા પવનની મંદ મંદ લહરિઓ ઝાડપાનને અને અમારાં દિલને ડોલાવતી હતી; અને શરદ્-ઋતુનું સ્વચ્છ નીલાંબર આકાશ આંખોનું સતત રંજન કરતું હતું.

બીજે દિવસે સવારે ચાપાણી સ્નાન આદિથી ધીમે ધીમે સૌ પરવાર્યા અને તૈયાર થઇને સાડા નવ લગભગ બહાર નીકળ્યા. બજારમાં થઇને એબીંગ્ટન પોઇન્ટ તરફ આખી મંડળી ઉપડી. આ લગભગ બે માઇલનો રસ્તો છે. આગલી સાંજે મુંબઇથી સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઈ ભુજપુરીઆ આવી ચુકયાં હતા. તેમના આવવાથી મંડળીમાં મહત્વની પુરવણી થઇ. જાતજાતના વિષય ઉપર ચર્ચા નીકળે, વાર્તાવિનોદ ચાલે અને રસ્તો કપાતો જાય; મંડળી પણ જુદાં જુદાં મંડળોમાં વહેચાઈ જાય–આ રીતે અમારો સંઘ આગળ વધી રહ્યો હતો. બાળકો માટે ટટ્ટુ અથવા તો ઉપાડનાર મજુર કર્યા હતા. આ વખતે આગળ ચાલતી મુખ્ય મંડળીમાં ચર્ચાનો વિષય હતો આપણા જીવનમાં ખાસ કરીને દવાદારૂ અને ખાનપાનમાં સીધી તેમ જ આડકતરી રીતે હિંસા કેટલા મોટા પ્રમાણમાં પ્રવેશી ચુકેલ છે અને આપણું ચિત્ત આસપાસ ચાલી રહેલી અને આપણા જીવનમાં ઘર કરી બેઠેલી હિંસા વિષે કેટલું જડ–નિષ્ઠુર બની બેઠું છે તેને લગતો હતો. આમાં આજનાં ઇન્જેકશનો, ઇંડાના બે પ્રકાર, મોટા પાયા ઉપર થતા ખારી બીસ્કીટ માટે વપરાતું તેલ, હિંસક ચંપલ અને જોડા, રેશમી વસ્ત્રો, મધ, વેજીટેબલ ઘી, કોડ લીવર ઓઇલ, ઇન્સ્યુલીન, જીવતા જાનવરો ઉપર થતા ઢગલાબંધ પ્રયોગો–આવી કેટલીયે બાબતોનો સમાવેશ થતો હતો. સામુદાયિક ચર્ચા–વાર્તાલાપમાં ઘણું યે નવું જાણવા સમજવાનું મળે છે, અને એકમેકના અનુભવજ્ઞાનની સારી આપલે થાય છે. વાત વાતમાં એબીંગ્ટન પોઇન્ટ આવી પહોંચ્યું. ત્યાંથી મહાબળેશ્વરની દક્ષિણ બાજુના વિભાગનું દર્શન થતું હતું. આંખો સામે લીલોતરી ગાલીચો પથરાયેલો પડયો હતો. સ્થળસ્થળના રૂપસૌન્દર્યમાં કોઇ ને કોઇ વિશેષતા હોય જ છે. અહિં કલાકેક રોકાઇને પાછા ફર્યા. પાછા ફરતાં બજાર આવી. મંડળીમાં જોડાયેલાં ભાઇબહેનો સુસ્થિત–સ્થિતિસંપન્ન–હોઇને બજારમાંથી પસાર થઇએ ત્યારે ભાતભાતની ખરીદી ચાલે એ સ્વાભાવિક છે. કોઇએ લાકડીઓ લીધી, કોઇએ બીસ્કીટ ચોકલેટ લીધાં, કોઇએ ફળ ખરીદ્યાં. બાર–એક વાગ્યા લગભગ હોટેલમાં પહોંચ્યાં.

જમ્યા, આરામ કર્યો, બપોરની ચા આવી, તૈયાર થયા અને બસમાં બેસીને લગભગ નવ માઇલ દૂર આવેલી 'આર્થર સીટ' નામની જગ્યાએ જવા માટે ઉપડયા. બે ત્રણ માઇલના અન્તરે એક નાનું સરખું ગામ આવે છે. તેને 'જુનું મહાબળેશ્વર' કહેવામાં આવે છે. આ ગામ પુરાણું છે. અહિં ગૌમુખનું એક જુનું મંદિર છે. અહિં એમ જણાવવામાં આવે છે કે જુદા જુદા પાંચ પ્રવાહો અહિં એકત્ર થઇને ગૌમુખદ્વારા એક પ્રવાહદ્વારા વહે છે. બાજુએ જુનું પુરાણું શિવાલય છે. અહિં જે શિવલિંગ છે તે પુરાણપ્રસિદ્ધ ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક છે અને તેથી આ સ્થળનો વૈદિક સમુદાયમાં–હિંદુઓમાં–ઘણો મોટો મહિમા છે. આ બન્ને મંદિરોનાં બાંધકામ લાક્ષણિક વિશેષતા ધરાવે છે અને આપણે કોઇ પુરાતન સ્થળમાં આવ્યા હોઇએ એવું અહિંનું વાતાવરણ લાગે છે.

આ બન્ને મંદિરો જોઇને અમે આગળ ચાલ્યા. રસ્તો મોટા ભાગે ઝાડપાનથી ઢંકાયલો હતો. સાંજનો ઠંડો પહોર હતો. થોડી વારે રસ્તાના છેડે પહોંચ્યા ત્યાંથી ચડ ઉતર કેડી ઉપર પર્વતની કોરે કોરે આગળ ને આગળ ચાલતાં એક ખૂણો અથવા તો પોઇન્ટ આવ્યું. અહિં નીચે એકદમ ઊંડી ખીણ હતી. પ્રવાસીઓ માટે રેઇલીંગ વાળું એક પ્લેટફોર્મ બાંધેલું હતું. આ જગ્યાને 'આર્થર સીટ' કહે છે. અહિંનું પર્વતી દ્રશ્ય ભારે વિલક્ષણ હતું. જાણે કે પર્વતોની એક એક બાજુ કરવતથી કાપી ન હોય એવી ઢગલાબંધ પર્વતની હારમાળા આપણી આંખ સામે આવીને ઉભી રહે છે. રંગભૂમિ ઉપર પર્વતની હારમાળા બતાવવા માટે ચીતરેલા પડદાઓની જેવી માંડ ગોઠવવામાં આવે છે તેવી જ આ રચના હતી, અને તેથી આ જાણે કે કોઇ કૃત્રિમ ગોઠવણ ન હોય એવો બે ઘડિ ભાસ થતો હતો. જમણી બાજુએ નીચેની ખીણમાંથી શરૂ થતી નદી ડાબી બાજુએ પશ્ચિમ તરફના નીચાણવાળા પ્રદેશો તરફ વહી જતી હતી. નીચે ઉતરી રહેલા સૂર્યનો પ્રકાશ પ્રતિબિંબિત થવાને લીધે નદીનો પટ અરીસા માફક ચકચકતો હતો. અહિં સાધારણ રીતે સખત પવન વાતો હોય છે અને કાગળ રૂમાલ જે કાંઇ નાંખો તે નીચે જવાને બદલે આંખો પહોંચે ત્યાં સુધી આકાશમાં ઊંચે ને ઊંચે અધ્ધર ને અધ્ધર ઉડી રહેલું નજરે પડે છે. પણ આજે પવન શાન્ત હતો. આ સ્થળે દેખાતું વિશિષ્ટ કોટિનું દૃષ્ય ભાગ્યે જ અન્યત્ર જોવા મળે છે અને તેથી મહાબળેશ્વર આવનાર અહિં આવવાનું કદિ ચૂકતો નથી. અહિં અડધો કલાક પસાર કર્યો અને બધાં પાછા ફર્યાં અને બસમાં બેસીને મહાબળેશ્વરમાં પ્રવેશ કરતાં એક સુન્દર સરોવર આવે છે તેના કિનારે આવી પહોંચ્યા અને બધાં સરોવરની પાળ ઉપર ગોઠવાયા.

મહાબળેશ્વર આવતા સહેલાણીઓ માટે સાંજના વખતનું આ સામુદાયિક મીલનસ્થાન છે. ઉનાળામાં જ્યારે મહાબળેશ્વરમાં બહારથી આવતાં કુટુંબોની ખૂબ ભરતી થાય છે ત્યારે અહિં પણ માણસોની સારી ભીડ જામે છે. એ દિવસોમાં સરોવર કિનારે ભાતભાતનાં માણસો–ફેશનેબલ પુરૂષો, સુસજ્જ સ્ત્રીઓ અને ગોળમટોળ બાળકો–જોવા મળે છે. સરોવરની બાજુએ એક હોટેલ છે. તે હોટેલ એક પારસી ગૃહસ્થ ચલાવે છે. આ પારસી ગૃહસ્થે કમનસીબે મોટી ઉમ્મરે એક પછી એક એમ બન્ને આંખો ગુમાવી છે અને એમ છતાં હોટેલનો વહીવટ તેઓ ચલાવે છે. તેમના તરફથી સરોવરમાં બોટો પણ ચલાવવામાં આવે છે. બોટો બે પ્રકારની છે. હલેસાથી ચલાવવાની અને એન્જિનથી ચાલતી. આ બોટો નાની મોટી હોય છે અને બોટના કદ મુજબ અને સમયની મર્યાદા મુજબ જુદું જુદું ભાડું લેવામાં આવે છે. સરોવર ઉપર નમણી દેખાતી નૌકાઓ પ્રવાસીઓને–નમણાં નરનારીઓને તેમ જ નિર્દોષતાની મૂર્તિ સમાં બાળકોને–પોતાની પીઠ ઉપર બેસારીને જ્યાં ત્યાં ઘુમી રહી હતી. પ્રસ્તુત હોટેલમાં મહાબળેશ્વર જેવા સ્થળે આવવાનો શું અર્થ છે એ સમજાવતાં લખાણો વાળાં કેટલાંક પાટીયાંઓ આપણું સહજ ધ્યાન ખેંચે છે. તેના બે ત્રણ નમુના આપણે જોઇએ. એક પાટીયામાં લખ્યું હતું કે "Minds are like parachutes. They won't function unless open."–"માનવીનાં મન પેરેશ્યુટ જેવાં છે, તે ખુલ્લે નહિ ત્યાં સુધી પૂરાં ક્રિયાશીલ બનતાં નથી." અન્યત્ર લખેલું હતું કે 'People who cannot find time for recreation are obliged sooner or later to find time for illness'–"જે લોકો આવા સ્થળોએ આવીને તાજગી મેળવવા માટે વખત કાઢી શકતા નથી તે લોકોને માંદા પડવા માટે વહેલાં મોડાં પણ વખત કાઢવો જ પડે છે." વળી બીજા એક પાટીયામાં લખ્યું હતું કે "As the sun colours flowers, so laughter colours life."–"જેમ સૂર્ય પુષ્પોને રંગે છે તેમ જીવન હાસ્યથી રંગાય છે." આ છેલ્લા સૂત્ર મુજબ અમારો આ પ્રવાસ સતત હાસ્યવિનોદ વડે રંગાઈ રહ્યો હતો.

આમ સાંધ્યા સમય અમે સરોવરકિનારે પસાર કર્યો અને રજનીનાં પગરણ શરૂ થયાં અને ચંદ્રરોશનીની ધવલતા આસપાસ પથરાવા લાગી ત્યારે અમે ત્યાંથી વિદાય થઇને પેરેડાઇઝ હોટેલમાં પ્રવેશ કર્યો. પછીના દિવસે સવારે વહેલાં તૈયાર થઇને પ્રતાપગઢ જવાનું અમે નક્કી કર્યું હતું. તે મુજબ બીજે દિવસે સવારે બધાં સાત–સાડા સાત લગભગ તૈયાર થઈ ગયાં અને બસમાં આરૂઢ થઇને પ્રતાપગઢના માર્ગે રવાના થયા.

પ્રતાપગઢ જવા માટે જે પર્વત ઉપર મહાબળેશ્વર વસેલું છે તે આખો પર્વત એટલે કે ૨૦૦૦ ફુટ લગભગ નીચે ઉતરવું પડે છે. ત્યાર પછી પ્રતાપગઢની ટેકરી ચડવાની રહે છે જેની ઉંચાઈ લગભગ ૧૫૦૦ ફુટની હોવા સંભવ છે. પહેલાના વખતમાં મહાબળેશ્વરનું ઉતરાણ પુરૂં થાય ત્યાં સુધી જ બસ કે મોટરમાં જવાતું હતું અને પછી પગે ચાલીને કે ડોળીમાં બેસીને પ્રતાપગઢ ચઢવું પડતું હતું. ચાલુ વર્ષ દરમિયાન પ્રતાપગઢનો ટોચ ઉપર શિવાજી મહારાજની ધાતુપ્રતિમા પંડિત જવાહરલાલે ખુલ્લી મૂકી તે પ્રસંગને અનુલક્ષીને મુંબઇ સરકાર તરફથી ઉપર પ્રતાપગઢના કીલ્લાના પગથિયાં શરૂ થાય છે ત્યાં સુધી સડક કરવામાં આવી છે. એ સડક હજુ કાચી છે; પૂરતી પહોળી નથી અને ચોમાસા દરમિયાન તેનો થોડોક ભાગ ધોવાઇ ગયો છે. તેથી અમારી બસથી ઉપર જવાનું શક્ય નહોતું. મોટરો તેમજ ટેકસીઓ તો અત્યારે પણ ઉપર ઠેઠ સુધી જઈ શકે છે. મહાબળેશ્વરની તળેટીમાં અમારી બસ સ્થગિત થઈ; બાળકો માટે ડોળીઓ અથવા તો ઉપરામણીયાં કરવામાં આવ્યાં. બાકીનાં અમે બધાંએ પગપાળા પર્વતારોહણ શરૂ કર્યું. કલાક દોઢ કલાકમાં બધાં ઉપર પહોંચી ગયાં. પ્રતાપગઢના જુના પુરાણા કીલ્લામાં માતા ભવાનીનું વિશાળ મંદિર છે. તે મંદિરમાં પ્રવેશ કરીને માતા ભવાનીનાં અમે દર્શન કર્યાં. આસપાસ થોડું ફર્યાં અને પછી એથી પણ વિશેષ ઉંચાણમાં જ્યાં શિવાજી મહારાજની ધાતુપ્રતિમા છે ત્યાં અમે પહોંચ્યા. અહિં ફરસબંધી ચોક છે; ફરતી સાદી રેઇલીંગ છે. વચ્ચે અશ્વારૂઢ પ્રતિમા માટે ઊંચી બેઠક–hedestol છે–અને તે ઉપર ઓગ્સાના બનાવેલા તેજીલા ઘોડા ઉપર સ્વાર થયેલા શિવાજી મહારાજની પ્રભાવશાળી મૂર્તિ આસપાસના પ્રદેશને પાવન કરે છે. હાથમાં ઉઘાડી તલવાર છે અને આ બધું સ્થિર હોવા છતાં જાણે કે અશ્વ અને શિવાજી મહારાજ ગતિમાન હોય એવો ગતીશીલતાનો પ્રસ્તુત શિલ્પનિર્માણ જોતાં-ભાસ થાય છે. વસ્તુતઃ પૂના, સતારા, જુન્નેર, પ્રતાપગઢ, સિંહગઢ–આ બધા શિવાજી મહારાજના પરાક્રમ–પ્રદેશો છે. એ પરાક્રમી પુરૂષે નાના સરખા સૈન્યની મદદ વડે વર્ષોથી ભારતમાં સ્થિર થયેલી મોગલ સલતનતને કેમ હચમચાવી નાંખી એની રોમાંચક કથાનાં સ્મરણો આ ભવ્ય શિલ્પનિર્માણ જોતાં કોઇ પણ ભારતવાસીના દિલમાં સ્ફુર્યા વિના રહેતા નથી. ભારતના ઇતિહાસમાં જેમનું નામ અમર છે એવા એ પ્રતાપી પુરૂષને અમે દિલથી વન્દન કર્યું. પ્રતાપગઢના મોટા કીલ્લાની અંદર બે પેટા કીલ્લા છે. નીચાણમાં આવેલ માતા ભવાનીના મંદિરનું રક્ષણ કરતો એક પેટા કીલ્લો; ટોચ ઉપર આવેલ ધાતુપ્રતિમા વાળા સ્થળનું રક્ષણ કરતો બીજો પેટા કીલ્લો. આ બીજા પેટા કીલ્લાના કાંગરા ઉપરથી અતિ વિસ્તીર્ણ પ્રદેશને આવરી લેતું અદ્‌ભુત દૃષ્ય જોવા મળે છે. એક બાજુએ મહાબળેશ્વરની ગંધર્વ નગરી; બીજી બાજુએ મહાડ તરફ લઈ જતો સર્પાકારે દૂર દૂર સુધી ફંટાયે જતો મોટરમાર્ગ, દૂર પશ્ચિમમાં ઝાંખી દેખાતી સમુદ્રપટ્ટી, બાકીની બાજુએ પર્વતશિખરોની અગણિત પરંપરા–આમ ચોતરફ દૃષ્ટિ ફેરવતાં આંખો થાકતી નથી અને મન ધરાતું નથી. ઘડિયાળનો કાંટો આગળ વધ્યે જતો હતો. અગિયાર વાગવા આવ્યા હતા, એટલે અહિંથી સભર મને અમે પાછા ફર્યા અને ઉતરવાનું શરૂ કર્યું. પ્રતાપગઢના કીલ્લાની બહાર નીકળતાં થોડુ ઉતર્યા બાદ જમણી બાજુએ સરદાર અફઝલખાન કે જેનો શિવાજીને અહિં ભેટો થયો હતો અને જેને શિવાજીએ વાઘનખ વડે હતપ્રાણ કર્યો હતો તેની કબર આવે છે, તે પણ અમે

જોઇ લીધી. મુસલમાનોને મન સરદાર અફઝલખાન એક શહીદ છે અને તેથી આ કબરનું તેમના માટે બહુ મોટું મહત્વ છે. આ કબર આસપાસ સુન્દર મકબરો બાંધવામાં આવ્યો છે અને અંદરથી પણ તેને ખૂબ શણગારવામાં આવ્યો છે. ત્યાં વળી હાંડીઓ ચઢાવવાની માનતા માનવામાં આવે છે. સૂર્ય મધ્યાકાશ સુધી આવી પહોંચ્યો હતો તેથી અહિં બહુ રોકાવું પાલવે તેમ નહોતું. એટલે અમે આગળ ચાલ્યા અને આખી ટેકરી ઉતરી ગયાં. છેક છેડે પાણીનું વહેણ આવ્યું. તેના પાણીથી હાથ મોઢું ધોયું અને તૃષા છીપાવીને તાજા થયા અને અમારી રાહ જોતી બસમાં બેસીને બે વાગ્યા લગભગ અમે નિવાસસ્થાને પહોંચી ગયાં. ભોજન કર્યું; થાકેલાં પાકેલાં કલાક બે કલાક બધાંએ આરામ કર્યો. સાંજના સૂર્યાસ્ત થવાને હજુ થોડી વાર હતી એ અરસામાં અમારામાંના ઘણા ખરા દોઢેક માઇલ ઉપર આવેલ 'વીલ્સન પોઇન્ટ' જોવા નીકળ્યા. આ વીલ્સન પોઇન્ટ એટલે મહાબળેશ્વરનું મથાળું. અહિં પણ બજાર વીંધીને જ જવાનું હતું. સતારા રોડ ઉપરથી ડાબી બાજુએ ફંટાતી કેડી ઉપર થઇને અમે ટેક ઉપર પહોંચી ગયાં. આ મથાળાની ભૂમિનો વિસ્તાર પણ સારો એવો છે અને જમીન બધી ખડક જેવી પથરાળ અને મોટા ભાગે સપાટ છે. ઉપર પહોંચ્યા એ ઘડિએ આજનો દિવસ અવસાન પામવાની તૈયારી કરી રહ્યો હતો અને સૂર્યનું લાલ બિંબ પશ્ચિમ આકાશના ક્ષિતિ જ ઉપર અધ્ધર તોળાઇ રહ્યું હતું. સૂર્ય આવતી કાલનો વાયદો આપીને અસ્ત પામવાની અણી ઉપર હતો. સામે પશ્ચિમમાં પ્રતાપગઢનો કીલ્લો દેખાતો હતો અને હવે તો ઉપરની કોર ઉપર શિવાજી મહારાજના પૂતળાને અમારી આંખો કાંઇક ખરેખર અને કાંઇક કલ્પનાથી તારવી શકતી હતી. ઉત્તર બાજુએ નીચાણમાં આવેલ શાન્ત સરોવર આસપાસના પ્રદેશને સવિશેષ રમણીય બનાવી રહ્યું હતું. પૂર્વમાં પંચગીનીની 'ટેબલલેન્ડ' નજરે પડતી હતી. દક્ષિણમાં લીલવણીનો ગાલીચો આંખોને ખૂબ ઠારતો હતો. આ ગાલીચો ઉગેલા ઘાસ વડે દેખાતી હરિયાળી જમીનનો નહોતો, પણ આખા પર્વત વિભાગને ઢાંકી દેતાં વૃક્ષોના મથાળાનો હતો, અને તેથી તેમાં વેલણબુટ્ટાની ભાત ઉઠતી હતી. અહિં ચારે તરફ દૂર દૂર સુધી બધું ખુલ્લું હોઇને આ દૃશ્ય સર્વદેશીયતાના એક નમુનારૂપ હતું.

પછીના દિવસે સવારના ભાગમાં મધમાખ ઉછેરના સરકારી કેન્દ્રની મુલાકાત લેવાનું નક્કી કર્યું હતું અને તે મુજબ મંડળીનો મોટો ભાગ તે બાજુ ફરી આવ્યો, અને મધમાખ ઉછેર તથા મધના અહિંસક ઉત્પાદન વિષે નવો પ્રકાશ પામીને તથા ઠીક પ્રમાણમાં મધના શીશા ખરીદીને પાછો ફર્યો. મહાબળેશ્વર મધુઉત્પાદનનું એક બહુ મોટું અને જાણીતું મથક છે અને સરકારી કેન્દ્ર ઉપરાંત બીજાં પણ બે ત્રણ ખાનગી કેન્દ્રો આ ઉદ્યોગ ચલાવી રહેલ છે. અને અહિંથી સારા પ્રમાણમાં મુંબઇ વગેરે સ્થળોએ મધની નિકાસ થાય છે.

બપોરના પંચગીની જવા માટે બસમાં નીકળ્યા. ત્યાં કેટલાએક સમયથી આરોગ્યપ્રાપ્તિ અર્થે વસતા મારા એક મિત્ર ભાઇ હીરાલાલ મોતીચંદ શાહ અને તેમનાં પુત્રી વસન્તબહેન અમારા અહિં આવવાની જાણ થતાં બે દિવસ પહેલાં મને મળવા આવી ગયેલાં અને પંચગીની આવવાનું અમારી આખી મંડળીને ખાસ નિમંત્રણ આપી ગયેલાં. વળી અમારા ખીમજીભાઇને તેમજ અન્ય કેટલાક મિત્રોને પ્રીન્સીપાલ પંડીતે સ્થાપેલી સંજીવની હાયસ્કૂલની રચના અને કાર્યવાહી જોવાની ખાસ ઇચ્છા હતી. વળી પંચગીનીની ટેબલ લેન્ડ-સપાટ ટોચભૂમિ-જે ભારતનું અને કદાચ જગતનું એક વિશિષ્ટ આશ્ચર્ય છે, તે જોવાનું બધાંને ભારે કૌતુક હતું. બપોરના ત્રણ વાગ્યા લગભગ મહાબળેશ્વરથી નીકળેલાં તે પોણા ચાર વાગ્યે અમે સંજીવની હાયસ્કૂલ આગળ પહોંચ્યા. તેના સ્થાપક આચાર્ય પંડિત જેઓ હવે નિવૃત્ત થયા છે અને જેમના જ્યેષ્ટ પુત્ર હાલ સંસ્થાના આચાર્ય તરીકેની જવાબદારી સંભાળે છે તેઓ અમને મળ્યા અને અમને બધે ફેરવ્યા. વેકેશનને લીધે નિશાળ બંધ હતી તેથી તેની ચાલુ કાર્યવાહી જોવાનું શક્ય નહોતું. એમ છતાં પ્રીન્સીપાલ પંડિત સાથેની વાતચિત દ્વારા અમને ઘણી ખરી માહીતી મળી શકી. આ residential school છે, એટલે કે જેમાં ભણતા વિદ્યાર્થીઓને રહેવા ખાવા વગેરેની બધી સગવડ આપવામાં આવે તે પ્રકારની નિશાળ છે. અમને જાણીને આશ્ચર્ય તેમજ આનંદ થયો કે આ નિશાળનો લાભ લેતા વિદ્યાર્થીઓમાં ૬૫ ટકા વિદ્યાર્થીઓ ગુજરાતી છે. સારૂં શિક્ષણ અને ઉત્કૃષ્ટ હવાપાણી-આ બન્નેનો અહિં સુયોગ છે.

અહિંથી અમે આગળ ચાલ્યા અને ગુજરાત હોટેલ કે જ્યાં અમારા મિત્ર ભાઇ હીરાલાલે ચા નાસ્તાની ગોઠવણ કરી હતી, ત્યાં અમે પહોંચ્યા. તે ભાવનગરના અને હું પણ ભાવનગરનો, એટલું જ નહિ પણ, અમે બન્ને ભાવનગરમાં એક જ શેરીમાં મોટા થયેલા શાખપાડોશી. લાંબા વખતથી મળેલા નહિ પણ મળ્યા એટલે પરસ્પર સ્વજનભાવનો અનુભવ થયો. બધાંએ ચાનાસ્તાને ન્યાય આપ્યો; આ માટે તેમનો બધાંએ આભાર માન્યો અને હોટેલ પાછળ ડોકાયું કરી રહેલી અને ઉંચાણના ભાગમાં બન્ને બાજુએ પથરાયલી ટેબલલેન્ડ નીહાળવા અમે પ્રસ્થાન કર્યું. જે સ્થળે અમે હતા ત્યાંથી ટેબલલેન્ડનું ઉંચાણ ૩૦૦-૪૦૦ ફુટથી વધારે નહિ હોય. વાર્તાવિનોદ કરતાં ઉપર ચઢી ગયાં અને સામે જોઇએ છીએ તો એક નાનું સરખું એરોડ્રોમ ન હોય એવું લગભગ સમતલ મેદાન અમારી નજરે પડયું. તેનો ઘેરાવો આશરે ત્રણ માઇલનો છે. ટેબલલેન્ડની નીચેના ભાગમાં આસપાસ બધે લાલ માટી છે, પણ ટેબલલેન્ડ ઉપરની માટી પીળી અથવા તો ચંન્દનના વિલેપન જેવી છે અને તેના ઉપર જે આછું આછું ખડ ઉગે છે તેનો રંગ આછો પીળો છે અને તેની સુંવાળપ સુંવાળા વાળના બ્રશ કરતાં પણ વધારે સુંવાળી-ફર જેવી-છે. આ ખડબચડી અને ઢાળઢોળાવવાળી દુનિયામાં, મક્કામાં જેમ કાબાનો કાળો પથ્થર સ્વર્ગમાંથી આવીને પડેલો છે તેની માફક, આ સપાટ મથાળાની ટેકરી જાણે કે સ્વર્ગમાંથી સીધી અહિં આવીને ચીટકી ગઇ હોય એમ આપણને લાગે છે.

અમારા અહિં આવવા સાથે સૂર્યે પોતાની તેજલીલા સંકેલવા માંડી હતી અને સૂર્યનો આથમતો તડકો ગરમીને બદલે ઠંડકનો અનુભવ કરાવતો હતો. આ વિશાળ પીતવર્ણી સમતલ ભૂમિ ઉપર અમારી મંડળી જેમાં હસતાં રમતાં બાળકો, રંગબેરંગી સાડીઓમાં સજ્જ થયેલી બહેનો અને વિવિધ પ્રકારના પોશાકવાળા પુરૂષોનો સમાવેશ થતો હતો તે કમળ, કુમુદ અને રંગબેરંગી પુષ્પોથી ભરેલી છાબડી જેવી લાગતી હતી. સૂર્ય અલોપ થયો, પણ સંધ્યા ખીલી નીકળી અને આકાશના જુદા જુદા ભાગો ઉપર લાલ, કેશરી, કિરમજી, સોનેરી, ગુલાબી, તાંબડો, લીલો, પીળો, પોપટીયો, ભૂરો, વાદળી-આમ જુદા જુદા રંગો છવાઇ ગયા. આ રંગલીલા નિહાળતાં અને જાણે કે કોઇ 'ફ્લાઇંગ કારપેટ'-બદામી રંગનો ઉડતો ગાલીચો ન હોય-એવી આ ટેબલ લેન્ડ ઉપર વિચરતાં અમે અધ્ધર આકાશમાં ઉડતા હોઇએ એવું સંવેદન અમે અનુભવ્યું અને અમારાં બધાનાં દિલ આનંદવિભોર બની ગયાં. એ સંધ્યા પણ થોડી વારમાં ઓલવાઇ ગઇ અને આ પ્રદેશ ઉપર તિમિરનું રાજ્ય ફેલાવાની શરૂઆત થઇ. એટલે અમે પણ ત્યાંથી મહાબળેશ્વર જવા માટે પાછા ફર્યા, પંચગીનીના યજમાનની રજા લઇને બસમાં બેઠા. શુદ્ધ બારસના ચંદ્રમાની જ્યોત્સ્ના વડે જ્યાં સર્વ કાંઇ રજસમય લાગતું હતું એવા મહાબળેશ્વરમાં રાત્રીના આઠ વાગ્યા લગભગ અમે પ્રવેશ કર્યો.

અપૂર્ણ **પરમાનંદ**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઇ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

યુવક જીવન

પ્રબુદ્ધ જૈન નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૧૬

મુંબઈ, ડીસેંબર ૧૫, ૧૯૫૮, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

❋ ગ્રામદાન ❋

('ગ્રામદાન' એ આજે વિનોબાજીની ગગનસ્પર્શી ઘોષણા છે. એક જૈન સંસ્કૃતિના નવેંબર માસના અંકમાં પ્રગટ થયો છે, જે નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી)

'ટાઇમ્સ'માં ફોરાપુટના ગ્રામદાન પ્રયોગ વિષે બે ત્રણ નાના લેખો હમણાં આવી ગયા. તેનો ભાવ એવો હતો કે ફોરાપુટનો આ પ્રયોગ લગભગ નિષ્ફળ ગયો છે.

ફોરાપુટનું કામ જોવાની તક મને પણ સદ્‌ભાગ્યે દોઢેક વર્ષ પર મળી હતી. તે વખતે જ આ કામ ઘણું મુશ્કેલ છે એમ લાગ્યું હતું, પણ ગ્રામદાન અંગે પૂછવું એમ ઘટે કે એ વિચાર નિષ્ફળ છે કે એ પ્રયોગ? ભૂલે જ જો એ વિચાર અણઘટતો હોય તો તેનો પ્રયોગ કરવાની પણ જરૂર ન ગણાય. પણ જો વિચાર સાચો–અરે વિચારનું બીજ પણ સાચું–હોય તો એક જ નહિ પણ અનેકવાર પ્રયોગ થવો જોઇએ. તે પ્રયોગની નિષ્ફળતામાંથી નાહિમતનું વાતાવરણ ન ઉભું થાય તે જોવું જોઇએ. આનો અર્થ લેશ માત્ર એવો નથી કે પ્રયોગની વિગતવાર છણાવટ ન થવી જોઇએ કે એ પ્રયોગના દોષોની માહિતગારી ન અપાવી જોઇએ. વિચારને માટે આથી મોટી આફત એક પણ નહિ થાય; કહેવાનું એટલું જ છે કે જો વિચાર સાચો હોય તો પ્રયોગની અવારનવારની નિષ્ફળતામાંથી સફળતા તરફ જવાનું જ વિચારવું જોઇએ. કોઈ પણ સત્યની શોધ માટે આ અનિવાર્ય શરત છે; ખુદ 'સત્યના પ્રયોગો' આવા નિરીક્ષણ ને પ્રયત્નોની નોંધવહી છે.

ગ્રામદાન પાછળનો વિચાર શું છે? અથવા તો એ વિકસતી વિચારસરણીનું બીજ શું છે?

એકમીજાના સુખ તે દુઃખ સહિયારાં કરવા તરફ લોકો વળે ને તે માટેની પ્રાથમિક શરત તરીકે પોતાની જમીનની માલિકીનો સ્વેચ્છાએ ત્યાગ કરે.

આ માલિકીત્યાગનો અર્થ સામૂહિક ખેતી, સહિયારી ખેતી એ પણ અનિવાર્ય નથી, તેમ જ તેનો અર્થ હરેક માણસને ટુકડો ટુકડો આપી દેવો એ પણ નથી. હિલચાલના એક યા બીજા તબક્કે એક યા બીજા જવાબદાર કાર્યકરે આવા અર્થો કાઢયા હશે; પણ વિનોબાજીએ અવારનવાર સ્પષ્ટ કર્યા પછી પણ તે તેમાંથી નીકળતું સહજ કે અનિવાર્ય અનુમાન નથી.

એનો સાદો અર્થ એટલો જ છે કે ગામની જમીનના માલેકો–

(૧) પોતાની જમીનો વેચી કે ગીરો નહિ મૂકી શકે.

(૨) કાર્યક્ષમ ખેતી માટે જે ધટક જરૂરી હશે તેનાથી વધારે જમીન તેના ધરની સંખ્યા જોતાં જરૂરી ન હોય તો નહિ રાખી શકે. આમાં પણ શરૂનાં દસ પંદર વર્ષ માટે વધારે આપી શકાય.

(૩) પંદર–વીશ કે ત્રીશ વર્ષે જમીન–વસતી, કાર્યક્ષમતા, આવક જેવું લક્ષમાં રાખી ફેરવહેંચણી થાય ત્યારે પોતાના ધરની સંખ્યા ઘટી હશે તો તેના પ્રમાણમાં જમીન બીજાને આપવાની તૈયારી રખાશે.

(૪) કાર્યક્ષમ ખેતી માટેનો ધટક ઠરાવવાથી ખેતી સિવાયના જે રહે તેને વાજબી મજૂરીવાળી કામગીરી આપવા ગામ સમસ્ત જવાબદાર રહેશે ને તે માટે પોતાને જે ફાળો આપવાનો આવશે તે આપવા માટે તે તૈયાર રહેશે.

એ પ્રશ્ન ઉપર મૌલિક માર્ગદર્શન આપતો શ્રી મનુભાઈ પંચોલીનો

આમાં કશું વાંધાભરેલું છે? એક સહિયારા કુટુંબમાં શું આ જ પ્રમાણે નથી ચાલતું? મારા ગામમાં ને આજુબાજુમાં એવાં કુટુંબો છે જેમના પાંચ દીકરા હોય છે, તેમાંના બે–ચાર ખેતી કરતા હોય છે ને એક બે બીજું કામ પણ કરતા હોય છે; કોઇએ દુકાન કાઢી હોય છે, કોઈ મારતર હોય છે, કોઈ ઘંટી પણ ચલાવતો હોય છે. દુકાન કે ઘંટી ચલાવનાર ભાઇને કામગીરી મળે ત્યાંસુધી પોતાની જમીન પોતાના ભાઇઓને ખેડી ખાવા દે છે; પણ તેનો ધંધો તૂટી પડે તો પોતાની જમીન પાછી માગે છે, ને આખુંપાતળું રળવા માંડે છે. અલબત્ત આવું ન બને તે માટે બાકીના ભાઇઓ જાગૃતિ રાખે છે, ને દુકાનવાળા કે ઘંટીવાળાને જરૂર પડયે મદદ કરવાની ફરજ સમજે છે. આમ કરવામાં એમનો પણ સ્વાર્થ છે. કારણ કે બીજો ધંધો કરનાર બે ભાઇઓ જમીન પર પાછા આવે તો તેમનો જમીનનો ધટક નાનો થઈ જાય; આ જાણકારીએ તેઓ પેલા બે ભાઈઓને મદદરૂપ થાય છે તેવું બને છે.

મારા ગામમાં વેજીટેબલ ઘી આવે છે ને તેથી ગોપાલકોની આજીવિકા તૂટી રહી છે; ઘાણનું તેલ આવે છે ને ઘાંચીઓ ભોં ભેગા થતા જાય છે, તેવું જ વણકરો ને કુંભારોનું છે. આમનું ધ્યાન રાખવાની ગામના લોકોને ફરજ પાડે તેવું કશું નથી. આ ઉપરાંત ઉભડ મજૂરો ને સાથીઓ છે; આમને રક્ષણ આપી દેશની પ્રાયાની ઇંટ જેવા ગામડામાં એકતા–સદ્‌ભાવ, નાગરિકતા ને ધર્માચરણની રોજિંદી તાલીમ મળે તેવું શું છે?

ગામમાં એવો પુષ્કળ માલ આવે છે જે થોડા મૂડી રોકાણથી સાધન સરંજામથી ગામમાંજ બની શકે. પણ તેનો વિચાર કોણ કરે? ગામના લોકોને તેવો વિચાર કરવાનું પ્રેરક કારણ કયાં છે? પરિણામે ગામડાં માત્ર કાચો માલ પેદા કરનારાં ને અર્ધબેકારીને આશ્રય આપનારાં ક્ષેત્રો બની રહ્યાં છે.

ગ્રામદાન આ પરિસ્થિતિમાં પરિવર્તન લાવી શકે તેવો વિચાર છે.

નહિતર આપણી આજની ખેતી ને અન્ય ઉદ્યોગોની વ્યવસ્થા શું આ જ ઢબે ચાલી શકવાની છે! ખેતી નાના ટુકડામાં વહેંચાતી જાય છે–ને ગામડામાં ઉદ્યોગો તો રહ્યા છે જ કયાં?

ખેતીમાં કાં તો સહકારી ઢબ આવે, કાં ખેતમજૂરોનું સંગઠન થઈ લગભગ સમાન મજૂરી મેળવે, કાં રાજ્યનાં મોટાં ખેતરો બને ને કાં ગામ જ જમીનની માલિકી સહુની કરી તેની જોડેના કાચા માલમાંથી પાકા માલ બનાવનારા ઉદ્યોગોનું કોઇને ખાસ અસમાન કમાણી ન થાય તેવી રીતે આયોજન કરે એટલે કે ગ્રામદાન–આ સિવાય કયો રસ્તો છે?

અને આ ચારે રસ્તામાં શું ગ્રામદાન વૈચારિક દૃષ્ટિએ વધારે સંપૂર્ણ નથી? ઊલટું તેમાં આગલા ત્રણ રસ્તાઓના ઉત્તમ અંશોનો મેળ મેળવી શકાય તેવું છે.

રોજી ને રોટીની અનિયમિતતા એ અશાંતિનું મુખ્ય કારણ છે; ને તે દૂર કરવા માટે કાં તો રાજ્યે સૌને કામ ને રોટી ને આશ્રયની ખાતરી આપવી જોઇએ—કાં વ્યક્તિ કે વ્યક્તિઓએ સમાજ સાથે ઝઘડીને તે ખાતરી મેળવવી જોઇએ. ને કાં તો સમાજે તે સામેથી ચાલીને આપવી જોઇએ. જે કોઈ ખાતરી આપશે તેણે માલિકીની પ્રથામાં મૂળભૂત પરિવર્તન તો કરવું પડશે જ. ગ્રામ-સમાજ પરસ્પરને આવી ખાતરી આપમેળે આપે એટલું જ ગ્રામદાનનું કહેવું છે.

રાજ્ય પણ આવી ખાતરી આપી શકે છે. બીજા દેશોમાં અપાઈ છે. પણ અહીં તે વ્યવહારુ ને ધ્યેય છે ખરું? તગાવી માટે દસ ધક્કા ખવરાવનાર ને બાર મહિને તુમાર કાઢનાર આપણા નોકરિયાત વર્ગને પૂરતું કામ ને સત્તા નથી?—કે લોકોને હજુ વધુ ઓશિયાળા બનાવવા? ને રાજ્ય પણ આખરે આ અર્ધબેકાર કે બેકાર ગ્રામજનોના મોટા ભાગને કામ ક્યાં આપશે? બહુ અંશે ગામમાં જ આપવાનું રહેશે. તો પછી ગામ જ મુખ્યત્વે તે કરે તે વ્યવહારુ ને દૃષ્ટિ નથી? સ્વરાજનો એ જ સાચો અર્થ નથી? સ્વરાજ એટલે રોજી ને રોટી મેળવવાનો હક્ક જ નહિ, આપવાની ફરજ ને વ્યવસ્થા. આ ફરજ ઉઠાવવાના ગૌરવથી વંચિત ગામડાંને સ્વરાજના ભોગભાગનો અનુભવ થશે પણ કર્તવ્યભાગના અનુભવ વિનાનાં ગામડાં નોકરોની નવી જમાતનાં ઓશિયાળાં નહિ થાય?

આ વિશાળ દેશમાં કોઇપણ કાર્યક્રમ લોકોના સાથ વિના સરખો થવાનો જ નથી. તેની પ્રતીતિ કોમ્યુનીટી પ્રોજેક્ટવાળાને પણ હવે થઇ છે ને તેથી જ તેઓને ઘટકની સલાહકાર સમિતિને વધારે સત્તાઓ આપવાનું સૂઝયું છે.

જીવનની મામૂલી બાબતોમાં તો પ્રજાને સત્તા સોંપવાનું આપ-ખૂદ રાજાઓએ પણ કર્યું છે. વિનોબાજી જીવનની મહત્ત્વની બાબ-તોમાં પ્રજા કામગીરી ને જવાબદારી ઉઠાવે તેને જ સ્વરાજનો સાચો અર્થ ગણે છે; ને એટલે જ એમણે ખેતી, ગ્રામઉદ્યોગો, નઈતાલીમ ને ગામની શાંતિના કાર્યક્રમોને ગ્રામદાનના પાયા ગણ્યા.

પણ તો સવાલ એ થાય જ કે કોરાપુટ કે બીજે ગ્રામદાનનો ઘાટ કેમ ઉપસતો નથી? 'ટાઇમ્સ'ના ઓબ્ઝર્વરે જેને Koraput Debacle (કોરપુટનો ફજેતો) કહ્યું તેવું કહેવાનું શા કારણે બને છે?

હરેક વિચારબીજ ધીમે ધીમે વિકસે છે; અનુભવે તેનું સ્વરૂપ ઘડાય છે; શરૂઆતના અતિ ઉત્સાહમાં તેમાં ન હોય તેવા બળનું પણ આરોપણ થાય છે. ગ્રામદાન-ભૂમિદાનની હિલચાલ પણ આ સર્વસામા-ન્ય નિયમોથી પર નથી રહી.

એમાં પણ એવા વિચારોનું મિશ્રણ થઇ ગયું છે જેણે આ હિલચાલ માથે એ તરંગી છે એવો આક્ષેપ મુકાય તેવું કર્યું છે. તેમાંના મહત્ત્વના આ છે.

(૧) શરૂઆતથી જાણે રાજ્યના સહકાર વિના કેવળ લોક-શક્તિના-ગ્રામજનોના બળે આ થઇ જશે તેવું તેમણે માન્યું. સમાજની અન્ય સંસ્થાઓની જેમ રાજ્ય પણ એવી ન અવગણી શકાય તેવી સંસ્થા છે. લોકશાહીમાં ને વિશેષે કરીને આપ લે પર અવલંબતા યંત્રપ્રધાન સમાજમાં રાજ્યસંસ્થા તે મહત્ત્વની અસર કરનારી સંસ્થા છે, તેનો સહકાર અથવા તો તેનો કબજો તે જ આવા મોટા ફેરફાર માટે અનિવાર્ય છે. તે વાતનો તેમણે ગંભીર-તાપૂર્વક વિચાર કર્યો નહોતો.

(૨) જે ગામોનું દાન મેળવાયું તેનું નવનિર્માણ કરવાનું કામ આયોજનપૂર્વક હાથ લીધું નહિ, એટલું જ નહિ, પણ તેમાંના મહ-ત્ત્વના આગેવાનોએ એવાં પણ વિધાનો કર્યાં કે અમારું એ કામ નથી. અમારું કામ તો ફક્ત પ્રાપ્તિનું છે. લોક તે નિર્માણ કરી લેશે. લોકમાં આવી અતુલ શ્રદ્ધા આશ્ચર્ય જરૂર પ્રેરે પણ તેમાં શ્રદ્ધા ન બેસે.

(૩) બીનપક્ષીય લોકશાહીની અપક્ષીય વાતોએ એક પક્ષનો પૂરા દિલનો સહકાર મેળવવામાં આડશ ઉભી કરી.

(૪) સંગઠનની કિંમત તંત્રમુક્તિ, નિધિમુક્તિ તે કાંચનમુક્તિના વિચારમાં સમજાઈ નહિ.

ભૂમિદાન-ગ્રામદાનની હિલચાલમાં આ સિવાય પણ ભાવુકતાએ જન્માવેલ કોઈ બીજી અતાર્કિક વાતો હશે. પણ ગ્રામદાનનો વિચાર નથી ઝિલાયો કે તેનો પ્રયોગ સફળ હજુ નથી દેખાતો તેમાં મુખ્ય અવરોધો ઉપલા ચાર લાગે છે.

પણ ભારે ને મૂળગત પરિવર્તન ઇચ્છનાર કોઈ પણ વિચાર-ણાને આવા ગૂંચવણ-નિષ્ફળતા કે શંકા-આશંકા, વાદ-પ્રતિવાદના તબક્કા આવે જ છે, એમાં કશું નવાઇ જેવું નથી. સવાલ આ હિલચાલને સફળ કેમ કરવી તે છે. આમાં આશા જોનારા ને શ્રદ્ધા ધરાવનારાઓએ જો આને યશસ્વી બનાવવી હશે તો આટલું કરવાનું રહેશે.

(૧) ગ્રામદાન પુનઃનિર્માણમાં રાજ્ય પાસેથી પણ સારી પેઠે સહકાર ને અનુકૂળતા લેવાની રહેશે. તે કાં તો રાજ્યના કબજાથી મળે ને કાં સહકારથી. દેશના ઉત્પાદન વધારાનો કોઇ પણ વ્યાપક કાર્યક્રમ આખરે મૂડીરોકાણની સગવડો સાથે સંકળાયેલો છે. ખેતી કે ગ્રામઉદ્યોગોનો વિકાસ પણ આવી સગવડ પર આધાર રાખે છે. તે જો ન મળે તો માત્ર પરિશ્રમના જોર પર નોંધપાત્ર વિકાસ વ્યાપ-ક ક્ષેત્રે થવાનો સંભવ નથી. આ સગવડો રાજ્ય આપી શકે

(૨) એની જ રીતે આ હિલચાલનો મોટો આધાર ગામડાંને ભાવનાશીલને પોતાના વિષય કે ધંધામાં નિપુણ કાર્યકરોની દોરવણી મળે તેના ઉપર છે. શ્રમને બુદ્ધિમંત ને ભાવનાશીલ ટેકનિશ્યનોની મદદ મળે તો જ તેમાં નોંધપાત્ર કામ થઈ શકે. વિવિધ કક્ષાએ ઉપયોગી થાય તેવા કાર્યકરોની તાલીમ અવિરતપણે ગ્રામપ્રાપ્તિની અગાઉથી ચાલે તેવું આયોજન થવું જોઇએ.

(૩) સર્વસંમતિ ને પક્ષવિહીન રીતે વહીવટ ચલાવવાના આગ્રહને સંશોધિત કરવો રહેશે. પરસ્પરાવલંબી સમાજમાં અપ્રત્યક્ષ પ્રશ્નોનું સ્થાન મહત્ત્વનું રહેશે ને આવા અપ્રત્યક્ષ પ્રશ્નોના ઉકેલો વિષે વિચારભેદ રહેશે. આ વિચારભેદ વ્યકત થઇ કેમ શકે? અમલી કેમ બને?

ગ્રામદાનના પુનર્નિર્માણમાં મૂડીરોકાણ ન મળે, દોરવણી આપ-નાર બુદ્ધિમંતોની મોટી ફોજ તૈયાર ન કરાય તો ને ત્રીજા મુદ્દા વિષે વધારે સંશોધન ન થાય તો ગ્રામદાનની સફળતાનો સંભવ ઓછો જ છે. આશા રાખીએ કે ગ્રામ-નવનિર્માણમાં રસ લેનારા આ મુદ્દાઓ વિષે વિશેષ વિચાર કરશે. **મનુભાઈ પંચોળી**

સંઘના ફાળામાં રૂા. ૫૦૦ ની પૂરવણી

ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે એકત્ર થયેલા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તથા શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયમાં બન્નેમાં મળીને રૂા. ૨૦૦૭૫ નો ફાળો એકઠો થયાની યાદી પ્રબુધ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ કરવામાં આવી હતી, તેમાં મેસર્સ કામાણી એન્જીનીઅરીંગ કોર્પોરેશન લીમીટેડ તરફથી સંઘના ફાળામાં રૂા. ૫૦૦] ની વિશેષ રકમ મળી છે જે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

'વિનોબાજીની પદયાત્રા'

તા. ૧૨-૧૨-૫૮ શુક્રવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ 'વિનોબાજીની પદયાત્રા' એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું અને તે પ્રસંગે તેઓ વિનોબાજીની પદયાત્રામાં થોડા દિવસ માટે ગયા નવેંબર માસ દરમિયાન જોડાયલા તેને લગતાં કેટલાંક સ્મરણો તેમણે રજુ કર્યા હતાં તેમ જ કેટલાક આનુષંગિક બાબતોનું વિવેચન કર્યું હતું.

મહાબળેશ્વરની યાત્રા

(ગતાંકથી ચાલુ)

હવે તો મહાબળેશ્વરમાં રહેવાનો એક જ દિવસ બાકી હતો. તો આજ રાત્રે બધાં કાં એકઠા ન મળીએ–એવા ભાવથી અમારી મંડળીમાંના એક શ્રી પ્રવીણભાઇએ નવ વાગ્યે ચા પાણી માટે અમને નોતર્યા. જમી પરવારી સ્વસ્થ બનીને અમે બધાં તેમને મળેલા વિશાળ ઓરડામાં (ત્યાં બે કુટુંબનો સમાવેશ કરવામાં આવ્યો હતો) એકઠાં થયાં. પર્યટનનો આગેવાન હું, સંઘના પ્રમુખ ખીમજીભાઈ અને વચ્ચેની પ્રમુખની ખુરશી એક–તો તે ઉપર કોણ બેસે એ બાબતનો અમારી વચ્ચે ઝગડો થયો, હું કહું કે ખીમજીભાઈ બેસે, ખીમજીભાઈ કહે કે અહિં તો મારે જ પ્રમુખસ્થાને બેસવુ જોઇએ. આખરે વચ્ચે સમાન આકારની બીજી મોટી ખુરશી ગોઠવીને ઝગડાનો નિકાલ લાવવામાં આવ્યો. શરૂઆતમાં વ્યક્તિગત પરિચયવિધિ થયો. થોડુંક પ્રાસગિક વિવેચન ચાલ્યું. સંઘે ધારેલી રૂ. ૨૦૦૦૦ ની રકમ હજુ એકઠી થઈ શકી નહોતી તે પુરી થવી જ જોઇએ, સંઘનો સંકલ્પ સંપૂર્ણ અંશમાં સાકાર થવો જોઇએ અને તેથી ન આપ્યું હોય તે આપે, આપ્યું હોય તે વધારે આપે, અને લાગવગ હોય તે પોતાના મિત્રો સ્વજનો પાસેથી મેળવી આપે–એવી મેં અપીલ કરી. એટલે એક યુવાન મિત્રે રૂ. ૨૫ આપ્યા હતા તેણે બીજા રૂ. ૨૦૧ જાહેર કર્યા, અન્ય મિત્રે ભરેલી રકમ બમણી કરી આપી, બીજા કેટલાક મિત્રોએ આ દિશાએ પ્રયત્ન કરવાનું માથે લીધું. એટલે રૂ. ૨૦૦૦૦ના લક્ષ્યાંકને પહોંચી જવાની શકયતા ઉભી થતી લાગી. ત્યારબાદ હોટેલના મેનેજર ભાઈ શાન્તિલાલભાઈ જેઓ આ સભામાં ઉપસ્થિત થયા હતા તેમનો અમને જોઇતી બધી સગવડો આપવા બદલ અમે આભાર માન્યો. એટલામાં ચા આવી, તેને બધાંએ ન્યાય આપ્યો. પછી ગાનતાનની શરૂઆત થઈ. તેની આગેવાની અમારા ખીમજીભાઇએ લીધી. તે કાંઇ સંગીતજ્ઞ નથી પણ તેમનામાં જીવનનો અજબ ઉલ્લાસ છે અને તેમના દિલમાં ગાવાનું તાન ભર્યું છે. બીજા અમારા એક છોટે ઉસ્તાદ છે. તે મુલુંડવાળા કસ્તુરચદભાઈ. વસ્તુતઃ તેમનો પણ કોઈ સંગીતજ્ઞ હોવાનો દાવો નથી, પણ આપણા મુસલમાની ઉસ્તાદોની તેઓ એવી સરસ નકલ કરે છે કે તેમને સાંભળીને હસી હસીને પેટમાં દુખ્યા વિના ન જ રહે. એક મનસુખાભાઈ કરીને નવા સાથી હતા. તેમની પાસે ચાલુ ગાયનોનો અખૂટ ભંડાર હતો અને તે પણ બધું મોઢે. માગો તે ગાઈ સંભળાવે. અને કંઠ ધીમો પણ ગાવાનું સરખું. વળી અમારા મંત્રી ચીમનલાલ જે. શાહ બાલકન–જી–બારીના એક આગેવાન કાર્યકર્તા છે, આ રીતે બાલકોના સહવાસથી વિનોદશીલતા એ તેમનો સહજ સ્વભાવ બની ગયો છે. તેમને સમવયસ્કો સાથે વધારે ફાવે છે અને બાળકો સાથે તેઓ તદ્રુપ બની જાય છે. મંડળીમાં બહેનો પણ હતી જ, અને તેમને તો સંગીત ગળથુથીમાં મળ્યું હોય એમ આપણે માનીએ. વળી અમારી સાથે પી. એચ્. કામદાર હતા. તેમના મોઢે કબીરના પાર વિનાના દુહા. એક વાર શરૂ કરે તો જલ્દિ પુરા જ ન થાય. આમ ગાનતાનની ભારે જમાવટ થઇ. એક ભજન ખીમજીભાઇ ગાય તો બીજા કોઇ રાગની વાનગી કસ્તુરભાઇ આલાપ અને તાનપલટા સાથે ચખાડે. વળી મનસુખભાઇ ચાલુ લોકગીત, ગરબી કે સીનેમાનું ગાયન સંભળાવે. આમ ખીમજીભાઇનાં ભજનો, કસ્તુરભાઇની 'નકલી' ઉસ્તાદી, મનસુખભાઈની ગરબીઓ, કામદારના દુહા, ચીમનભાઇના રમુજી વિનોદપૂર્ણ ટુચકા અને બહેનોના ગીતો વડે એક ભારે મનોરંજક કાર્યક્રમ ભજવાયો. રાત્રીના અગિયાર વાગ્યા એટલે હવે તો આરામ લેવો જોઇએ એમ સમજીને સૌ વીખરાયાં.

હવેનો દિવસ મહાબળેશ્વર માટે છેલ્લો હતો. આજે સવારે થોડે દૂર આવેલ લિંગમાળા ફોલ્સ જોવા જવાનું અમે નક્કી કર્યું હતું. નવ વાગ્યા લગભગ બધાં તૈયાર થયાં અને અમારી બસે પંચગીની જવાના રસ્તા તરફ પ્રયાણ કર્યું. મહાબળેશ્વરથી ત્રણ કે ચાર માઇલ જતાં જમણી બાજુએ એક સડક ફંટાતી હતી. તે સડક ઉપર બસ આગળ ચાલી, પણ થોડેક જતાં એક નાળું આવ્યું અને તે ઉપરનો રસ્તો ભાંગી ગયો હોવાથી બસ માટે આગળ વધવું અશકય બન્યું. ત્યાંથી દોઢેક માઇલ ચાલવાનું હતું. બધાં બસમાંથી ઉતરી ગયાં અને પગપાળા પ્રવાસ શરૂ થયો. રસ્તો મોટા ભાગે ગીચ ઝાડીમાંથી પસાર થતો હતો. કેટલુંક ચાલ્યા બાદ વહેતા ઝરણાનો અવાજ સંભળાયો; આગળ જતાં ખળખળ વહેતા જળપ્રવાહની બાજુએ અમે આવી પહોંચ્યા. એની બાજુએ બાજુએ આગળ વધતા રહ્યા અને કેટલુંક અન્તર કાપ્યું એટલે આખા પ્રદેશને ગજવતો એવો ઘોધનો અવાજ અમારા કાન સાથે અથડાવા લાગ્યો. થોડું ચઢાણ આવ્યું તે ઓળંગીને કૌતુકપ્રેર્યા આગળ વધ્યા અને ડાબી બાજુએ નીચે ખીણમાં ઢગલાબંધ પાણીને વેરી રહેલો અને ઠીક ઠીક ઉંચાઇએથી પડતો એક ધોધ નજરે પડયો. ધોધને અંગ્રેજીમાં વૉટર-ફૉલ કહે છે, પણ મરાઠીમાં 'ધબધબા' કહે છે. સામેનો ધોધ જોતાં અને તેની ગર્જના સાંભળતાં 'ધબધબા' શબ્દ યથાર્થ–યથાસૂચક–લાગ્યો. કેડીએ કેડીએ આગળ વધતાં એ જળપ્રપાતને અમે વધારે સ્પષ્ટતાથી જોઈ શકયા. કેડી ઉપર એક પાળ આવે છે. તે ઉપર ઉભા રહીને ધોધના દૃષ્યને તેના સંપૂર્ણ રૂપમાં અમે નિહાળી રહ્યા. ઉંચાઇએથી પડતો ધોધ એક પહોળા મોઢાના ખડક ઉપર, ત્યાંથી નીચે બીજા ખડક ઉપર અને ત્યાંથી તળીયાંના ખડક ઉપર એમ ત્રણ કટકે વિભાજિત થતો થતો ભૂતળને ભેટતો હતો અને ત્યાંથી નદીનો આકાર ધારણ કરીને ક્ષિતિજ પ્રદેશ તરફ વહી જતો હતો. તે ઉપર પડતાં સૂર્યકિરણોનાં વક્રીકરણને લીધે નીચાણમાં ગતિ કરી રહેલા જળપ્રવાહ ઉપર સતત મેઘધનુષ્ય રચાયે જતાં હતાં. જે ખીણમાં આ જળતાંડવ ચાલી રહ્યું હતું તે ખીણ વિસ્તૃત પ્રદેશને આવરી રહેતી હતી અને તેથી નિસર્ગની એક ભવ્ય રચના નિહાળવાનો આનંદરોમાંચ દિલ અનુભવતું હતું.

અહિં ઊંડી તૃપ્તિ અનુભવીને અમે પાછા ફર્યા. મહાબળેશ્વરની પાકી સડક ઉપર આવ્યા, થોડે આગળ જતાં જમણી બાજુએ કેઇટ્સ પોઇન્ટ તરફ જવા માટે વળ્યા. એ કેઇટ્સ પોઇન્ટ એ જગ્યા છે કે જ્યાં ખટાઉ કુટુંબની એક છોકરી બે ચાર વર્ષ પહેલાં પોતાના મિત્રો અથવા તો કુટુંબીજનો સાથે ફરવા નીકળેલી અને ખ્યાલ નહિ રહેવાથી કોર ઉપરથી નીચે ખીણમાં ગબડી પડેલી અને પ્રાણ ગુમાવેલા.

આ રસ્તો બીજા કેટલાક રસ્તાઓ માફક ચોમાસાને લીધે ત્રણેક મહીનાથી અણવપરાયલો હતો. એ ગાળામાં રસ્તામાં આવતા ઝાડોની ડાળો આમ તેમ નમી પડેલી હતી. આવા રસ્તા ઉપર બસ તો ભાગ્યે જ આવે. તેથી બસડ્રાઈવરને બસ ખૂબ સંભાળીને ચલાવવી પડતી હતી. એવામાં ધીમા વેગે ચાલી જતી અમારી બસ એકાએક અટકી. સામેના ઝાડની એક ડાળી રસ્તા ઉપર એવી રીતે લંબાયલી અને ઢળેલી હતી કે બસ આગળ આવી ન જ શકે. બસમાંથી બધા નીચે ઉતર્યા. ખીમજીભાઇ અને બીજા થોડાક મિત્રો ડાળી સાથે લટકી પડયા અને બે ત્રણ આંચકા સાથે એ ડાળીને ઝાડથી છુટી પાડી નાંખી અને બાજુએ ફેંકી દીધી. પછી નજીકમાં આવેલા કેઇટ્સ પોઇન્ટ ઉપર અમે પહોંચ્યાં. અહિં પણ એનું એ જ ભવ્ય પર્વતી દૃષ્ય હતું. નીચે વિશાળ ખીણમાં સાવિત્રી નદી વહી જતી હતી. સામે કમળગઢનો પર્વત દેખાતો હતો. જમણી બાજુએ પંચ-ગનીની ટેબલ લેન્ડ નજરે પડતી હતી. દૂર ડાબી બાજુના ખુણે પ્રતાપગઢનો કીલ્લો દૃષ્ટિગોચર થતો હતો. ઇશ્વર એક, પણ જુદા જુદા રૂપે તેનો ભાસ થાય છે તેમ પર્વત એક, પણ જુદા જુદા ખુણેથી નીહાળતાં તેમાં કાંઇ ને કાંઇ નવીનતાનો ભાસ થયા કરે છે.

કેઇટ્સ પોઇન્ટ પતાવીને હોટેલમાં પાછા ફર્યા દેશી હોટેલોમાં સાધારણ રીતે દર રવિવારે મિષ્ટાન્ન હોય છે, પણ અમે તો આવતી કાલે–શનિવારે–સવારે અહિંથી વિદાય થવાના હતા. તેથી હોટેલવાળા મિત્રોએ અમારા માટે ખાસ દુધપાક–પૂરીનું આજે જમણ કર્યું હતું. સૌએ આનંદપૂર્વક ભોજન કર્યું. આરામ કર્યો.

સાંજનો કોઇ નિશ્ચિત પ્રોગ્રામ નહોતો. કોઇને બજારમાં ખરીદી માટે જવાનું હતું. કેટલાંક સરોવરમાં બાળકોને નૌકાવિહાર માટે લઇ જવા ઇચ્છતાં હતાં. અમને થોડાંક ભાઇ બહેનોને વિચાર આવ્યો કે "ચાલો, લોડવીક પોઇન્ટ ફરીથી જઇએ અને ત્યાંનુ દૃશ્ય છેલ્લાં છેલ્લાં માણી લઇએ." આ વિચાર આવવા સાથે નિર્ણય કરીને, રથ મોટો અને વર નાનો એમ, અમારી નાની મંડળી વિશાળકાય બસમાં વિરાજિત થઇને નીકળી પડી. પાકા રસ્તાનો છેડો આવતાં બસ ઉભી રહી. અમે લેંડવિકનો સ્મરણસ્તંભ છે તે સ્થળે પહોંચ્યા. આ વખતે પશ્ચિમ આકાશમાં નીચે ગતિ કરી રહેલો સૂર્ય હાથી જેવા દેખાતા એક ભવ્ય બૃહત્કાય વાદળથી ઢંકાયલો હતો અને એ વાદળની કોર સોનેરી રંગે રંગાયલી હતી. ભુરા નિર્મળ આકાશ ઉપર સૂર્યને પોતાના પેટાળમાં સંતાડી રહેલા ધોળા તેમજ રાખોડીઆ રંગના તથા સોનેરી છાંટવાળા આ વાદળનું દર્શન ભારે આકર્ષક લાગતું હતું. આજે તો અદ્‌ભુત સૂર્યાસ્ત જોવા મળશે એવી આશાપૂર્વક અમે એલીફન્ટ્રસ હેડ-હાથી માથા-તરફ જવા માટે ઉતાવળે પગે ચાલવા માંડયું. આમ ઝાડીવાળો કેડીનો માર્ગ પૂરો કરીને આગળ આવ્યા અને એ પર્વતની લંબાતી અણીના છેડે આગાશી જેવું બાંધકામ છે ત્યાં જઇ પહોંચ્યા એટલામાં તો પેલું વાદળ અદૃષ્ય થઇ ગયું અને પશ્ચિમ આકાશમાંથી ધુમ્મસના ગોટેગોટા અમારી તરફ દોડી આવતા અમને દેખાયા. જોતા-જોતાંમાં ધુમ્મસ ચારે બાજુએ ફરી વળ્યું અને ધુમ્મસના મહાસાગરમાં અમે જ્યાં ઉભા હતા તે અટારી જેવું સ્થળ નાની નૌકા માફક તરતું હોય એવો ભાસ થવા માંડયો. આશા હતી કે ધુમ્મસનું આવરણ હમણાં શમી જશે અને સૂર્યનાં છેલ્લાં દર્શન કરવા મળશે. ઉપરથી અને સામેથી ધુમ્મસ થોડો વખત ઓસરી પણ ખરી, પણ વળી પાછાં ધુમ્મસનાં પૂર ચઢી આવ્યાં અને અમને બધાંને લગભગ ઢાંકી દીધાં. મહાબળેશ્વરના પાંચ દિવસના નિવાસ દરમિયાન ધુમ્મસના અનુભવથી અમે હજી સુધી વંચિત રહ્યા હતા. આવ્યા તે દિવસે રાત્રે ચંદ્રમાને આવાર નવાર ધુમ્મસથી ઢંકાતો અમે જોયો હતો, પણ પછી તો બધો સમય આકાશ ખુલ્લું અને સ્વચ્છ રહ્યું હતું. ધુમ્મસના આરોહ અવરોહની-આવરણ-અનાવરણની પ્રક્રિયા પર્વતને કોઇ જુદી જ ભવ્યતા-ગૂઢતા અર્પણ કરે છે. આજ સુધી અમે જે મહાબળેશ્વર જોયું તેમાં-તેના દર્શન અથવા તો પરિચયમાં-કાંઇ ઉણું અધુરું લાગતું હતું. આજે એ ઉણપ પુરાઇ ગઇ અને મહાબળેશ્વરની બધી બાજુનાં અમે દર્શન કર્યાં-અમારી યાત્રા સર્વ પ્રકારે સફળ થઇ એવો સંતોષ ધુમ્મસના આ અણધાર્યા આક્રમણે અમને કરાવ્યો. ધુમ્મસ જ્યારે ચારે બાજુએ ચઢી આવે છે ત્યારે શ્વાસ લઇએ છીએ તે હવા પણ કોઇ જુદા પ્રકારની જ લાગે છે. તે વખતે વધારે ઠંડી હોય છે એમ નથી હોતું. ઉલટું બંધિયારપણાની ઉષ્મા જેવું કાંઇક અનુભવાય છે. આમ કુદરતે અમને કોઇ જુદી જ લીલાનાં દર્શન કરાવ્યાં, વિવિધ રંગોની માયાથી મુકત કરીને એકરંગી બ્રહ્મની અમને ઝાંખી કરાવી અને જેને દિવ્ય દર્શન કહે છે તેનો જાણે કે અમને કાંઇક પરચો કરાવ્યો. સૂર્ય તો હવે આથમી ચુકયો હતો; અંધકાર ફેલાયે જતો હતો; એટલે અહિંથી હવે અમારે પાછા ફરવું જ જોઇએ એમ અમારું મન કહેવા લાગ્યું. કમને છતાં ઊંડા પરિતોષપૂર્વક અમે પાછા ફર્યાં. બીજે દિવસે સવારે બને તેટલાં વહેલાં તૈયાર થવાનો પ્રયત્ન કર્યો એમ છતાં નીકળતાં નીકળતાં આઠ વાગી ગયા. મહાબળેશ્વરને છેલ્લી સલામ કરીને પંચગનીને રસ્તે આગળ વધ્યા.

મુંબઇ બાજુ રહેતા લોકો માટે મુંબઇની નજીકમાં હવા ખાવાના બે મુખ્ય પર્વતમથકો છે: એક માથેરાન અને બીજું મહાબળેશ્વર. માથેરાન પ્રમાણમાં નાનું છે. અને તેની ઉંચાઇ ૨૮૦૦ ફીટ છે. મહાબળેશ્વર મોટું છે અને તેની ઉંચાઇ ૪૫૦૦ થી ૫૦૦૦ ફીટ છે. માથેરાનમાં મોટર ફેરવી શકાતી નથી; મહાબળેશ્વરમાં એક છેડેથી બીજે છેડે-બધે-મોટરથી ફરી ફરી શકાય છે. આને લીધે માથેરાનના રસ્તા ઓછા પહોળા અને ઝાડપાનથી સારી રીતે ઢંકાયલા છે; મહાબળેશ્વરના રસ્તા વધારે પહોળા હોય છે અને તેમાં પણ મુખ્ય રસ્તાઓ એકદમ ખુલ્લા-ઝાડપાનની છાયા વિનાના-જાણે કે નવરા હોય એવા-લાગે છે. માથેરાનમાં ઠંડી બહુ જ ઓછી હોય છે, જ્યારે મહાબળેશ્વરમાં ગરમી ભાગ્યે જ હોય છે, અને મોટા ભાગે શિયાળાની કડકડતી ઠંડી જ અનુભવાય છે. તબિયત સુધારવા માટે મહાબળેશ્વર વધારે પસંદ કરવા લાયક છે. માથેરાન સમુદ્રથી બહુ દૂર નહિ એવી એક છુટી પર્વતમાળ છે. મહાબળેશ્વર સહ્યાદ્રિનો જ એક વિભાગ છે. માથેરાન નમણું છે. સુન્દર છે. પણ મુંબઇ અતિ નજીક હોઇને તેના વાતાવરણની છાયા જાણે કે માથેરાન સુધી લંબાતી હોય એમ લાગે છે; મહાબળેશ્વર વિશાળ છે, ભવ્ય છે અને ત્યાં જતાં મુંબઇથી મન લગભગ છુટી જાય છે અને પહાડી વાતાવરણની ઘટ્ટતાને ચિત્ત સારા પ્રમાણમાં અનુભવે છે. કયાંનું પાણી હળવું અને કયાંનું પાણી ભારે એ વિષે માણસે માણસે મતભેદ છે. આપણે તો બન્ને ઠેકાણે એક સરખી પાચનકુશળતા અનુભવી છે.

બસમાં લાંબા કલાકોની મુસાફરી એ પણ એક વિશિષ્ટ અનુભવ છે, ભિન્ન ભિન્ન પ્રકૃતિનાં ભાઇઓ, બહેનો, બાળકો પોતપોતાનાં વર્તુળો જમાવે છે અને આનંદકલ્લોલનું વાતાવરણ પેદા કરે છે. કોઇ બારીએ બેસીને પસાર થતા પ્રદેશો જોયા કરવામાં આનંદ માને છે; કોઇ બે જણા રાજકારણ કે તાત્ત્વિક પ્રશ્નોની ચર્ચામાં ગરકાવ થઇ જાય છે. કોઇ ચાર જણાં વળી ગંજીપો જમાવે છે; નાનાં બાળકો અને મોટા પણ અન્તકડીની રમતે ચડે છે અને જાત જાતની કાવ્યપંકિતઓ અને ગીતપંકિતઓનો વરસાદ વરસવા માંડે છે. સાધારણ રીતે બહેનોમાંથી કોઇને કહીએ કે ગાઓ તો ગાય નહિં, પણ બસ ચાલવા માંડે છે અને ઠીક ઠીક આગળ ચલે છે ત્યારે વણબોલાવ્યાં તેમનાં મોઢાં એકાએક ખુલી જાય છે અને ગીતો અને ગરબીઓ વહેવા લાગે છે. વળી મંડળીમાં કોઇ કુંવારૂં હોય તો તે તો પરણે ત્યારે ખરો, પણ બસમાં એકઠી થયેલી બહેનો તો તેને પરણાવવાનું શરૂ જ કરી દે છે અને એક પછી એક લગ્નનાં ગીતો સૌના લાડને પાત્ર બનેલા તે કુંવારા બંધુને કેન્દ્રમાં રાખીને ગાવા માંડે છે અને 'પરણ્યા એટલે પ્યારા લાડી' એમ શરૂ કરીને ગદ્‌ગદ બનીને કન્યાને વળાવે છે. એ પ્રકરણ પુરું થાય છે એમાં વળી સામસામા દુહાની અને ચોપાઇની ફેકાફેંક શરૂ થાય છે. વળી કોઇ જાદુનાં ખેલના નામે બધાંનું ધ્યાન ખેંચે છે. આમ બસનો વિહાર સહજપણે અનેક રંગોથી રળિયામણો બને છે.

ઉપર જણાવ્યું તે મુજબ આવો આનંદવિહાર માણતાં માણતાં અમે એક વાગ્યે પૂના રીટ્ઝ હોટેલમાં પહોંચ્યાં. ભોજન તથા આરામ બાદ ચારેક વાગ્યે બધાં તૈયાર થયાં. બસ લઇને અમે આગાખાન પેલેસની બાજુએ આવેલી પ્રાતઃસ્મરણીય કસ્તુરબા તથા મહાદેવભાઇની સમાધિએ ગયાં. ત્યાં દર્શન કરી બંદ ગાર્ડન્સ ઉપર આવ્યાં. મૂળા મૂઠાના સંગમનું મનોરમ દૃશ્ય જોઇને પર્વતી ગયા. સૂર્યાસ્તનો એ સમય હતો. પર્વતીનાં મંદિરો જોયાં અને તેના કોલ્લાની દિવાલો ઉપરથી પૂના અને આસપાસનો પ્રદેશ નીહાળ્યો. રાત્રે હોટેલમાં બધાં પાછા ફર્યાં.

સવારના નવ વાગ્યા લગભગ અમે નેશનલ ડીફેન્સ એકેડેમી જોવા ઉપડયાં. આ સ્થળ પૂનાથી દશ અગિયાર માઇલ દૂર છે અને તેની બાજુએ ખડક વાસલાના નામથી ઓળખાતું એક વિશાળ સરોવર છે, જે પૂનાને પીવાનું પાણી પુરું પાડે છે. હવાઇ, દરિયાઇ, અને ખુશકી-Air-Navy and Land-લશ્કરી દળોના અધિકારીઓ-ઓફીસર્સ-તૈયાર કરવા માટે આ નેશનલ ડીફેન્સ એકેડેમી ઉભી કરવામાં આવી છે અને અહિં બે હજાર વિદ્યાર્થીઓ રહી શકે

અને પાયાની લશ્કરી તાલીમ પામી શકે એવી ગોઠવણ કરવામાં આવી છે. આની વિગતો આપવાને અહિં અવકાશ નથી. તેની હોસ્પેટલો, ભોજનાલય, વિજ્ઞાન શિક્ષણ વિભાગ, સ્વીમીંગ પૂલ, રમતગમતનું ઍમ્ફીથીએટર–આ બધું ખાસ જોવા જેવું છે. સામુદાયિક રસોડાની અને ભોજનશાળાની રચના આપણું ખાસ ધ્યાન ખેંચે તેવી છે. રસોડામાં ઘણી ખરી વસ્તુઓ યંત્રોની મદદ વડે તૈયાર કરવામાં આવે છે. જેને સામુદાયિક રસોડા ચલાવવા હોય તેણે આવાં યંત્રો વસાવવા ઘટે છે. ત્યાંની સ્વચ્છતા સૌથી વધારે ધ્યાન ખેંચે તેવી છે. એક સાથે ૧૫૦૦ કે ૨૦૦૦ વિદ્યાર્થીઓ જમવા બેસી શકે એવો મોટો ત્યાંનો હોલ છે અને તેટલા પ્રમાણમાં ટેબલ ખુરશી અને જરૂરી સામગ્રી વસાવવામાં આવી છે. આપણા નાતની વાડીઓ અને રસોડા જુઓ અને આ રચના જુઓ. બન્નેમાં જમીન આસમાનનો ફરક લાગે. સ્વચ્છતા અને વ્યવસ્થિતતા એટલે શું–તે વિષે આપણને અહિંથી ઘણું શિખવાનું મળે તેમ છે. ડીફેન્સ એક્ઝેડેમીમાં જોવા લાયક બધું જોઈ લીધું, તેને છેડે આવેલ ખડકવાસલાનું વિશાળ સરોવર પણ જોયું, અને હોટેલમાં એક વાગ્યે પાછા ફર્યા. ભોજન, થોડો આરામ અને મુંબઈ જવા માટે બધાં તૈયાર થવા લાગ્યા. સાડા ત્રણ વાગ્યા લગભગ અમારો પડાવ સંકેલીને પૂનાથી મુંબઇ તરફ અમે વિદાય થયા. આથમતો પહોર હતો; સૂર્યનો નમણો તડકો આખા પ્રદેશને આજવાળી રહ્યો હતો. એક પછી એક ગામ પસાર કરતાં લોણાવલા પહોંચ્યા. લોણાવલા ત્યાંની ચીકી માટે પ્રખ્યાત. પૂનાથી જેમ અમારામાંના કેટલાકે ભત ભાતની ખરીદી કરી હતી, તેમ અહિંથી પણ બાળબચ્ચાં અને સ્વજનો માટે ચીકી ખરીદ્યા વિના કેમ ચાલે ? બધી મળીને દોઢસોથી બસો રૂપીઆની ચીકી ખરીદાણી હશે. આમ લોણાવલામાં જ સાંજ પડી ગઈ. બસમાં બેઠાં અને આગળ ચાલ્યાં. ઘાટ ઉતર્યા અને ખપોલી આવ્યું. અહિંથી પસાર થયેલા ત્યારે અમે અહિંનાં જાણીતાં બટેટાવડાં ખાધાં હતાં અને મહાબળેશ્વર પહોંચ્યા અને બે ભાઇઓની તબિયત બગડી હતી. એટલે આ વખતે માત્ર ચા જ પીવી, બટેટાવડાં સામે જોવું જ નહિ એમ અમે પર્યટનના સૂત્રધારોએ નિર્ણય કરેલો, પણ જીભના લોલ્યને કોણ જીતી શકયું છે ? અને તેમાં પણ જ્યારે સહેલગાએ નીકળ્યા હોઇએ ત્યારે ? હોટેલમાં દાખલ થયા કે તરત જ બધાંએ ચા તો આવે ત્યારે ખરી, પણ બટેટાવડાં ઉપર જ હાથ ચલાવવા માંડયો. પછી તો સૂત્રધારો પણ- તેમાં સામેલ થઇ ગયા. ચા પણ પીધી અને બધાં નવી સ્ફૂર્તિ અનુભવતાં બસમાં આરૂઢ થયા અને આગળ ચાલ્યાં. ચતુર્દશીની રાત હતી. આકાશમાં પૂર્ણેન્દુ ધવલ કિરણો વરસાવી રહ્યો હતો. આખો પ્રદેશ ચાંદનીને લીધે નવલ-રૂપ ધારણ કરી રહ્યો હતો. બસની અંદર વાર્તાવિનોદ ગાનતાન ચાલી રહ્યાં હતાં. થાણા સમીપ આવી રહ્યું હતું. હવે થોડા વખતમાં એક પછી એક છુટાં પડીશું એ ભાવ સૌનાં ચિત્તને આવરી રહ્યો હતો. એ ભાવને વ્યક્ત કરતું ગાયન—

'હવે અમારે ઘેર જઇએ ભાઇ રામ રામ છે,
બોલ્યું ચાલ્યું માફ રે ભાઇ રામ રામ છે.'

બહેનોએ લલકારવા માંડ્યું અને પ્રવાસ દરમિયાન પ્રમુખ ભાઇઓની તેમ જ બહેનોની વિશેષતા, વિલક્ષણતા તેમ જ વિચિત્રતાનો એક પછી એક વિનોદવાહી જોડકણાંદ્વારા ઉલ્લેખ કરવા માંડયો. થાણાં આવ્યું અને થોડાંક છૂટાં પડયાં. પછી ઘાટકોપર, શિવ, માટુંગા, દાદર એમ જેને જ્યાંથી પોતાના નિવાસસ્થાને પહોંચવું સરળ પડે તેમ ઉતરવા લાગ્યાં. રાત્રે સાડા દશ વાગ્યા સુધીમાં સૌ કોઈ પોતપોતાને ઘેર પહોંચી ગયું. આ રીતે અમારો આઠ દિવસનો પ્રવાસ પૂરો થયો.

આ આઠ દિવસના પ્રવાસનો અમને કુલ રૂ. ૨૨૪૨ નો ખર્ચ થયો જેમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટનું બીલ રૂ. ૮૮૩–૩૦ નું ચુકવ્યું. આમાં ઓકટોબર માસની પંદરમી તારીખથી દશ ટકાના અણધાર્યા લાગુ પડેલા સરકારી ટેકસના રૂ. ૮૦ નો સમાવેશ થાય છે. મહાબળેશ્વર તથા પૂનાની હોટેલના કુલ રૂ. ૧૨૫૮ ચૂકવ્યા. અને બાકીના રૂ. ૧૦૧ નો પરચુરણ ખર્ચ થયો. ઉપર જણાવેલ ટેકસ તથા નેશનલ ડીફેન્સ એકેડેમી જોવાના અણધાર્યા કાર્યક્રમને લીધે ધાર્યા કરતાં થોડોક વધારે ખર્ચ આવ્યો. પરિણામે પર્યટનમાં જોડાનાર દરેકના ભાગે મૂળ રૂ. ૬૦ ને બદલે રૂ. ૬૬ નો ફાળો ભરવાનો આવ્યો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી આજ સુધી યોજાયલા પર્યટનોમાં આ સૌથી વધારે લાંબું અને પુરી સુખસગવડવાળું પર્યટન હતું. અજન્ટા એલોરાનું પર્યટન એક કળાયાત્રા હતી. આ પર્યટન પણ એક પ્રકારની સંસ્કારયાત્રા હતી. આ પર્યટનનો ઉદ્દેશ આઠ દિવસ કેવળ ખાવું પીવું અને મ્હાલવું એટલો જ નહોતો. પરસ્પર એકતાનો અનુભવ કરવો, વિચારોનો અનુભવોનો વિનિમય કરવો, એકમેકની બને તેટલા નજીક આવવું, નિસર્ગની ભવ્યતાનો પ્રત્યક્ષ પરિચય કરવો, પ્રકૃતિની અગાધ લીલાદ્વારા પરમ પુરૂષનું–પરમાત્માનું–દર્શન કરવું–આવો ભાવ અમો- સર્વના દિલમાં આ પર્યટન પાછળ રહેલો હતો એટલા જ માટે આ પર્યટન અમારા માટે એક પ્રકારની ધર્મિક યાત્રા હતી. પર્યટનથી પાછા ફરેલાં ભાઈબહેનો જે ઊંડી પરિતૃપ્તિ–માનસિક તેમ જ આધ્યાત્મિક–દાખવી રહ્યાં છે તે પર્યટનની પૂરી સફળતા પુરવાર કરે છે.

સમાપ્ત

પરમાનંદ

પરમ વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝનું જીવનકાર્ય

(ગયા નવેમ્બર માસની ૩૦ મી તારીખે ભારતભરમાં પરમ વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝની જન્મશતાબ્દી ઉજવવામાં આવી. ભારત સરકારના ટપાલ ખાતાએ તેમની સુન્દર છબીવાળી ટપાલ ટીકીટો કાઢીને તેમનું બહુમાન કર્યું. ભારતની આ ભવ્ય વિભૂતિના જીવનકાર્યનો સુરેખ પરિચય આપતો એક લેખ ભારત જ્યોતિમાં થોડા દિવસ પહેલાં પ્રગટ થયો હતો. તેના લેખકનું નામ હતું શ્રી એમ. વી. સી. રાવ. પ્રબુદ્ધ જીવનના વાચકોને એ મહાન વૈજ્ઞાનિકના જીવનકાર્યનો પરિચય થાય એ હેતુથી પ્રસ્તુત અંગ્રેજી લેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

આજે તો સામાન્યમાં સામાન્ય માણસ પણ જાણે છે અને માને છે કે છોડવાઓમાં જીવ હોય છે અને સજીવ પ્રાણીઓ માફક તે પણ ભિન્ન ભિન્ન પરિસ્થિતિ અને પ્રયોગો સામે ભિન્ન ભિન્ન પ્રકારના પ્રત્યાઘાતો દાખવે છે, વ્યક્ત કરે છે. પણ હજુ પચાસ વર્ષ પહેલાના વિજ્ઞાનશાસ્ત્રીઓ વનસ્પતિશાસ્ત્રના આ પાયાના સિધ્ધાન્ત વિષે શંકા–અશ્રદ્ધા–ધરાવતા હતા. અને જ્યારે વિજ્ઞાનની દુનિયામાં જેણે હજુ ખાસ ખ્યાતિ પ્રાપ્ત કરી નહોતી તેવા એક વિજ્ઞાનશાસ્ત્રીએ આવા સિદ્ધાન્તની પ્રરૂપણા કરી ત્યારે, દુનિયાના બીજા ભાગમાં વસતા તેના સમકાલીન અને વધારે ખ્યાતિને પામેલા વિજ્ઞાનશાસ્ત્રીઓ ભાગ્યે જ આ બાબત સ્વીકારી શકયા હતા અને લગભગ તે સર્વ લોકોએ આ બાબતને સ્વીકારવાની સ્પષ્ટ ના કહી હતી.

જે વિજ્ઞાનશાસ્ત્રીની આપણે વાત કરી રહ્યા છીએ તે હતા સર જગદીશચંદ્ર બોઝ, જેમણે જાહેર કર્યું કે જેવી રીતે કોઇ પણ માનવી કે પશુ મદ્ય કે એવા કોઇ સ્ફૂર્તિ–પ્રેરક દ્રવ્ય–Nervous Stimulus–ના અનુપાનની અસર વ્યક્ત કરે છે તેવી જ રીતે વનસ્પતિનો કોઇ છોડ પણ સદૃશ પ્રત્યાઘાત અનુભવે છે અને વ્યક્ત કરે છે. તેમણે કહેલું કે "એક રીતે એમ લાગે છે કે રીસામણીના વેલામાં વ્યક્ત થતી જીવનની પ્રક્રિયા માનવી સમાજના જીવન–ઇતિહાસને આબાદ રીતે રજુ કરે છે."

ત્યાર બાદ થોડા સમયના ગાળામાં તત્કાલીન વિજ્ઞાનશાસ્ત્રીઓને પોતાની ભૂલ સમજાણી અને આ પ્રખર બુદ્ધિશાળી મહામાનવનું ઊંચામાં ઊંચી રીતે બહુમાન કરવામાં આવ્યું. ૧૯૧૯ માં લંડનની રોયલ સોસાયટીની ફેલોશીપની ઉપાધિ તેમને અર્પણ કરવામાં આવી અને તે રીતે તેમણે કરેલી આ અદ્‌ભુત શોધની અનેક દિશાઓથી કદર કરવામાં આવી.

બોઝની શોધ સ્વતઃ તેમ જ તેના આનુષંગિક પરિણામની દૃષ્ટિએ ભારે ચમકાવનારી હતી. રોયલ સોસાયટી ઓફ લંડન જેવી પ્રતિભાસંપન્ન સંસ્થાના વર્તુલોમાં પણ તે શોધે ઘણો મોટો ક્ષોભ પેદા કર્યો હતો. પહેલાં તો બોઝ માત્ર ફીઝીક્સ–ભૌતિક શાસ્ત્ર–ના તજ્ઞ છે અને ફીઝીએલોજી–શરીરશાસ્ત્ર–ના પ્રદેશમાં તેઓ બીનઅધિકાર માથું મારે છે એ રીતે તેમનો વિરોધ કરવામાં આવ્યો. અંગ્રેજ વિજ્ઞાનશાસ્ત્રીઓ તેમની શોધનો સ્વીકાર કરવામાં આનાકાની કરવા લાગ્યા, અને તેમની સામે પૂર્વગ્રહો અને અંગત શત્રુતા દાખવતાં તત્વો ગતિમાન થયાં, અને રોયલ સોસાયટીએ તેમના પેપરનો–નિબંધનો–અસ્વીકાર જાહેર કર્યો. પણ બોઝમાં અમાપ ધૈર્ય અને હીંમત હતી અને એ વખતના ભારતના સેક્રેટરી ઓફ સ્ટેટ કે જેઓ બોઝની આ શોધથી ભારે ચકિત બન્યા હતા તેમણે બોઝને પોતાની શોધને આગળ વધારવામાં ખૂબ મદદ કરી અને બોઝે રોયલ ઈન્સ્ટીટ્યુટમાં રહીને પોતાનું સંશોધનકાર્ય આગળ ધપાવ્યું, અને તેમને ત્યાંના વૈજ્ઞાનિકો તરફથી ધાર્યા કરતાં પણ વધારે સહકાર મળ્યો.

પણ આ કાર્ય ચાલતું હતું એ દરમિયાન તેની સામે બીજી એક ગંભીર મુશ્કેલી આવીને ઉભી રહી. એ વખતના વૈજ્ઞાનિકોને ધીમે ધીમે પ્રકાશ સાંપડતો ગયો અને બોઝની શોધમાં તેમને વિશ્વાસ બેસતો ગયો તે દરમિયાન, એક અંગ્રેજ વૈજ્ઞાનિક કે જેણે ૧૯૦૧ ની સાલના જુન–માસમાં રોયલ સોસાયટી સમક્ષ બોઝે પોતાની શોધને લગતા રજુ કરેલા પ્રયોગો નજરે નિહાળ્યા હતા તેણે તે જ સાલના નવેંબર મહીનામાં બોઝની શોધને લગભગ મળતી શોધ જાહેર કરતો એક નિબંધ સોસાયટી સમક્ષ રજુ કર્યો અને એ પોતાના મૌલિક અવલોકન અને સંશોધનનું પરિણામ છે એમ જણાવ્યુ, અને જ્યારે બોઝે રોયલ સોસાયટી સમક્ષ પોતાની શોધ સવિશેષ સમર્થક દલીલો અને પ્રયોગોપૂર્વક રજુ કરી ત્યારે તેમને જણાવવામાં આવ્યું કે, બીજો એક વૈજ્ઞાનિક આ પ્રશ્નને લગતી શોધનું કાર્ય તેની પહેલાં પૂરું કરીને સોસાયટી સમક્ષ રજુ કરી ચૂકેલ છે.

પણ કેટલાક અંગ્રેજ વૈજ્ઞાનિકો અને ખાસ કરીને લીનીયન સોસાયટીના વૈજ્ઞાનિકો કે જેઓ બોઝની શોધનું કાર્ય પ્રારંભથી ઉંડા રસપૂર્વક નિહાળી રહ્યા હતા તેઓ બોઝની વ્હારે ધાયા અને આ બાબતની વ્યવસ્થિત તપાસ હાથ ધરવા તેમણે રોયલ સોસાયટીને વિનંતી કરી, અને તપાસના પરિણામે છેવટે સોસાયટીની ફેલોશીપ કે જેને પ્રાપ્ત કરવા માટે અનેક વૈજ્ઞાનિકો મથતા હોય છે તે ફેલોશીપ સાચા અને પૂરી યોગ્યતા ધરાવતા સંશોધક શ્રી જગદીશચંદ્ર બોઝને સુપ્રત કરવામાં આવી.

આ પ્રસંગે સદ્‌ગત જ્યોર્જ બર્નાર્ડ શૉ (જેઓ કેટલાય સમયથી નિરામિષાહારી બન્યા હતા) તેમણે બોઝના પ્રયોગો જોયા, અને "એક નાનામાં નાના માણસ તરફથી મોટામાં મોટા બાયોલોજીસ્ટને–જીવવિજ્ઞાન-શાસ્ત્રીને" એવી નોંધ સાથે પોતાના કૃતિસંગ્રહની એક નકલ તેમણે બોઝને ભેટ આપી, રોમે રોલાં તરફથી "નવી દુનિયાને પ્રગટ કરનારને" એ શબ્દો લખીને તેમની 'જીન ક્રીસ્ટોફર' નામની નવલકથા ભેટ આપવમાં આવી, અને લંડનથી પ્રગટ થતાં 'સ્પેક્ટેટર' ના તંત્રીએ તેમના માનમાં એક ભવ્ય ભોજનસમારંભ ગોઠવ્યો, જેમાં ગાલ્સવર્ધી, જોધસ, રેબેક્કા વેસ્ટ, યીટ્સ, બ્રાઉન અને અન્ય સુવિખ્યાત સાક્ષરો બોઝનું અભિનંદન કરવા માટે એકઠા થયા હતા.

પૂર્વ જીવન

જગદીશચંદ્ર બોઝનો જન્મ ઢાક્કામાં આવેલા એક ગામમાં વસતા ઉંચા ખાનદાન કુટુંબમાં ૧૮૫૮ ના નવેંબર માસની ૩૦ મી તારીખે થયો હતો. તેના પિતા શ્રી ભગવાનચંદ્ર બોઝ કે જેઓ એક સબ્‌ડીવીઝનલ ઓફીસર હતા તેમણે જગદીશને કોઈ અંગ્રેજી નિશાળમાં નહિ પણ સામાન્ય પ્રજાનાં બાળકો સાથે ભણે એવી એક ગામડાની નિશાળમાં ભણવા મૂકેલ. તેમની માતાનો જગદીશ ઉપર તેમ જ તેના અન્ય સર્વ ઉછરતી ઉમ્મરના મિત્રો પ્રત્યે ખૂબ પ્રેમ હતો અને આ માતપિતા ઉંચી જ્ઞાતિના હોવા છતાં તેમને મન નાંત જાતનો–ઉંચા નીચાનો–કોઈ ભેદ નહોતો.

થોડાંકે વર્ષ બાદ જગદીશ કલકત્તાની સેન્ટ ઝેવિયર્સ કોલેજ દ્વારા ગ્રેજ્યુએટ–સ્નાતક–થયો, અને ઇન્ડિયન સીવીલ સર્વીસને લગતી યોગ્યતા પ્રાપ્ત કરવા માટે ઈંગ્લાંડ જવાની ઈચ્છા તેના દિલમાં ઉદ્‌ભવી. એ દિવસોમાં આ ઇન્ડિયન સીવીલ સર્વીસની પરીક્ષા જે કોઈ હિંદી પસાર કરે તેણે જીવનમાં મોટામાં મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે એમ લેખાતું. પણ તેમના પિતા જેમને જગદીશની તીવ્ર અને મૌલિક બુદ્ધિની ખરી પરખ હતી તેમણે તેમને તે દિશાએ વળતા અટકાવ્યા. જગદીશના જણાવવા મુજબ તેમના પિતાએ એમ સલાહ આપેલી કે 'તું અન્ય કોઇનું નહિ પણ તારૂં પોતાનું શાસન કરવાને નિર્માયલો છે તારે વહીવટદાર નથી થવાનું. પણ સ્કોલર–પંડિત થવાનું છે.' આમ છતાં પણ તેને વિજ્ઞાનનો અભ્યાસ કરવા માટે ઈંગ્લાંડ મોકલવામાં આવેલ, અને પરિણામે ૧૮૮૪ માં લંડનની ક્રાઇસ્ટ કોલેજમાં ભણીને તે બી. એ. થયો, નેશનલ સાયન્સ સ્કોલરશીપ તેને મળી અને બીજે વર્ષે લંડન યુનિવર્સિટીની એમ. એસ. સી. ની ડીગ્રી તેણે પ્રાપ્ત કરી.

આમ વિદેશમાં અભ્યાસ પૂરો કરીને હિંદ ખાતે તે પાછો ફર્યો અને કલકત્તાની પ્રેસીડેન્સી કોલેજમાં ફીઝીક્સના અધ્યાપક તરીકે જોડાયો. અહિં પોતાના સુદૃઢ સિદ્ધાન્તો અને અણનમ જુસ્સાના કારણે એક નિમિત્ત ઉભું થતાં તેમણે એકદમ નામના મેળવી. એક જ વિષય શિખવવાનો હોય, અને એક સરખી યોગ્યતા હોય તો પણ જે કોલેજમાં તેઓ જોડાયા હતા તે કોલેજમાં અંગ્રેજ અધ્યાપકને જે પગાર મળતો તેના ૨/૩ ભાગનો જ પગાર હિંદી અધ્યાપકને મળતો હતો. અને જ્યારે હિંદી અધ્યાપકની નીકણુંક કામચલાઉ હોય ત્યારે–અને બોઝની નીમણુંક કામચલાઉ અધ્યાપક તરીકે જ કરવામાં આવી હતી–ઉપર જણાવેલથી પણ તેને અડધો પગાર મળતો હતો. આ ભેદભાવ સામે વિરોધ દાખવવા ખાતર બોઝે આ નિયમ બદલાય નહિ ત્યાં સુધી બીલકુલ પગાર લેવાની ના પાડી અને એ રીતે તેણે ત્રણ વર્ષ સુધી પગાર લીધો નહિ. કશી પણ આર્થિક આવકના અભાવે આ ત્રણ વર્ષ તેમણે ઘણી અગવડો ભોગવી અને ભારે કસોટીમાંથી તેને પસાર થવું પડ્યું. ત્રણ વર્ષના અન્તે અધિકારીઓને આ અન્યાયનું ભાન થયું. બોઝની નિમણુંક સ્થાયી સ્વરૂપની કરવામાં આવી અને ચડેલો બધો પગાર તેને એક સાથે આપવામાં આવ્યો.

૧૮૯૫ ની સાલથી બોઝે વિજ્ઞાનને લગતા વિચારપ્રેરક નિબંધો અને લેખો પ્રગટ કરવા માંડયાં. આમાંનો એક 'ઇલેકટ્રીક રીફ્લેકશન' ઉપરનો લેખ લંડનની રોયલ સોસાયટીને એટલો બધો ગમી ગયો કે તેમના સામયિકમાં તે લેખપ્રગટ કરવામાં આવ્યો, એટલું જ નહિ પણ, આગળના સંશોધન અંગે તેમના માટે અમુક રકમ પણ મંજુર કરવામાં આવી. બે વર્ષ બાદ બંગાળાની સરકારે પણ તેમના માટે અમુક રકમ મંજુર કરી.

વિજ્ઞાન પ્રત્યેની તેમની નિષ્કામ નિષ્ઠાનાં સુન્દર પરિણામો હવે એકદમ દેખાવા લાગ્યા. ૧૮૯૬ માં પોતાનાં સંશોધનનાં કેટલાંક નિર્ણયો બોઝ રોયલ સોસાયટી સમક્ષ રજુ કરવાને શક્તિમાન થયા, જેથી સોસાયટીના લોકો અશ્ચર્યચકિત બન્યા. તેમની માતૃસંસ્થા લંડનની યુનિવર્સિટી તેમના કાર્યથી ગર્વ લેતી બની અને 'ડોકટરેટ ઓફ સાયન્સ' ની ડીગ્રી વડે તેણે બોઝને વિભૂષિત કર્યા.

'ઇલેકટ્રીક ટેલીગ્રાફીક સીગ્નલ્સનું વાયરલેસ ટ્રાન્સમીશન' એ બોઝના સંશોધનનો બીજો વિષય હતો. સંયોગોના આકસ્મિક એકીકરણના પરિણામે પરદેશમાં આજ વિષય ઉપર બે જગવિખ્યાત વૈજ્ઞાનિકો–ઈટાલીનો અધ્યાપક માર્કોની અને અન્ય એક અમેરિકન વિજ્ઞાનશાસ્ત્રી–આ જ વિષય અંગે ગંભીર શોધ ચલાવી રહ્યા હતા. આથી પણ પહેલાં ૧૮૯૬ ની સાલમાં બંગાળના ગવર્નરની હાજરીમાં, કલકત્તાના ટાઉન હોલમાં એક પ્રયોગદ્વારા બેતારના મોજાનું

સંચરણ થતું ડૉ. બોઝે દેખાડ્યું હતું. એ પથરનું મોજું નક્કર ભીંત અને માણસોની હારને વીંધીને પસાર થયું હતું, એક મજબુત વજનદાર પદાર્થને તેણે ઉથલાવી પાડ્યો હતો, ઘંટડી વગાડી હતી અને છેવટે અંધીયાર ઓરડાની અંદર નાના સરખા પથ્થર અને માટીના દળને ધડાકો કરીને તોડી નાંખ્યું હતું.

દુન્યવી પ્રાસાદ્ધિ

૧૮૯૭ અને ૧૯૧૫ના ગાળામાં લંડનની રોયલ સોસાયટી અને રોયલ ઇન્સ્ટીટ્યુશન સમક્ષ વ્યાખ્યાનો આપવા માટે ત્રણવાર બોઝને લંડન બોલાવવામાં આવ્યા હતા. ૧૯૦૦ની સાલમાં પેરીસમાં ભરાયલી સાયન્સ કોંગ્રેસમાં ભારતના પ્રતિનિધિ તરીકે હિંદી સરકારે બોઝને મોકલ્યા હતા, અને ત્યાં ફ્રેંચ સાયન્સ કાઉન્સીલે તેમનું બહુમાન કર્યું હતું. ત્યાર બાદ ઓકસફર્ડ તેમજ કેંબ્રીજ તરફથી નિમંત્રણો તેમને પ્રાપ્ત થયાં હતાં. તેમણે યુરોપ તેમજ અમેરિકામાં વિસ્તૃત પ્રવાસ કર્યો હતો અને તેમનાં વ્યાખ્યાનો અને પ્રયોગોના દર્શન માટે ઢગલાબંધ કાર્યક્રમો ગોઠવાયા હતા, જેમાં વૈજ્ઞાનિકો ટોળે મળીને તેમને સાંભળવા એકઠા થતા હતા. ભારત ખાતે તેઓ પાછા ફર્યા ત્યારે કલકત્તાની યુનિવર્સિટીએ તેમનું 'ડોકટરેટ' ની પદવી વડે સન્માન કર્યું હતું, પંજાબ યુનિવર્સિટીએ એક વ્યાખ્યાનમાળા રજુ કરવા માટે તેમને રૂ. ૧૨૦૦ની રકમ આપી હતી. બોઝે નિયત કાર્યક્રમ મુજબ વ્યાખ્યાનો આપ્યા હતાં અને પોતાને મળેલી રૂ. ૧૨૦૦ની રકમ, યોગ્ય વિજ્ઞાન સંશોધકને એક વર્ષ સુધી દર માસે રૂ. ૧૦૦ની શિષ્યવૃત્તિ આપવાની સરતે, તેમણે પંજાબ યુનિવર્સિટીને પાછી આપી હતી.

બોઝને ૧૯૦૩માં સી. આઇ. ઈ. નો ઇલ્કાબ અને ૧૯૧૧ ના રાજ્યભિષેકના સમયે સી. એસ. આઇ. નો ઇલ્કાબ હિંદી સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો હતો ૧૯૧૫માં તેઓ અમેરિકાથી પાછા ફર્યા ત્યાર બાદ હિંદી સરકારે તેમની ૫૦ વર્ષની જન્મજયન્તી પ્રસંગે 'નાઇટહુડ' ની ઉપાધિ અર્પણ કરી એટલે કે 'સર' બનાવ્યા. ૧૯૧૭ની સાલમાં ૨૫ વર્ષ દરમિયાન મહેનત મજુરી દ્વારા એકઠી કરેલ સંપત્તિમાંથી તેમણે કલકત્તા ખાતે બોઝ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ ઉભું કર્યું અને ૧૯૧૭માં તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ ઇન્સ્ટીટ્યુટમાં નાત જાત કે ધર્મના કશા ભેદભાવ સિવાય સર્વ વિદ્યાર્થીઓને દાખલ કરવાનો પ્રબંધ કરવામાં આવ્યો. ૧૯૨૦માં વળી તેઓ યુરોપના લાંબા પ્રવાસે ઉપડ્યા અને અનેક યુનિવર્સિટીઓ સમક્ષ તેમણે ભાષણો આપ્યા. જો કે મોટા ભાગે તેઓ જ્યાં જતાં ત્યાં તેમનું ભારે સન્માન કરવામાં આવતુ અને આદરપૂર્વક સાંભળવામાં આવતા, એમ છતાં કેટલીક જગ્યાએ તેમની શોધ અને તેમાંથી તારવેલા સિધ્ધાન્તનો અશ્રધ્ધાળુ વૈજ્ઞાનિકો તરફથી સામનો કરવામાં આવતો અને તેમના દિલમાં પ્રતીતિ પેદા કરવા માટે બોઝને ખૂબ જહેમત ઉઠાવવી પડતી.

૧૯૨૮ ની સાલમાં બોઝની ૭૦મી વર્ષગાંઠ ચોતરફ ભારે ઉત્સાહ અને આદરપૂર્વક ઉજવવામાં આવી હતી. હિંદ તેમજ હિંદની બહારથી જાણીતા ક્ષેત્રો તરફથી શુભેચ્છાના પુષ્કળ સંદેશાઓ બોઝ ઉપર પાઠવવામાં આવ્યા હતા. આમાંથી એક સંદેશો ચીનના શિક્ષણમંત્રી તરફથી આવ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે, "વિજ્ઞાનને આધ્યાત્મિક સત્યના પ્રદેશમાં આપ ઉંચે લઇ જાઓ એવી વિશ્વ આપના વિષે આશા સેવે છે. આપના ગૌરવમાં આખું એશીઆ ભાગીદાર બને છે."

ડૉ. બોઝનો સિધ્ધાન્ત

ડૉ. બોઝની થીઅરી–સિધ્ધાન્ત–મુખ્યત્વે કરીને વનસ્પતિ અને પ્રાણીમાં રહેલ પ્રાણસંવેદનનું Nervous Impulse નું સરખાપણું સિધ્ધ કરવા સાથે સંબંધ ધરાવે છે. પહેલાં એવી માન્યતા પ્રવર્તતી હતી કે પ્રાણીઓમાં જે પ્રકારનું પ્રાણસંવેદન જોવામાં આવે છે તેવું પ્રાણસંવેદન વનસ્પતિમાં અસ્તિત્વ ધરાવતું નથી. પશ્ચિમના વૈજ્ઞાનિકોને આ નવા સિધ્ધાન્તથી ભારે સખ્ત આઘાત લાગ્યો હતો, કારણ કે એ વખતના બે બહુ મોટા અને જાણીતા, જર્મન વનસ્પતિ વિજ્ઞાનવિચારકો પીફર અને હેબરલેન્ટ જેમણે વનસ્પતિના પ્રદેશમાં બીજી અનેક શોધો કરી હતી તેમની શોધોમાં આવી કોઇ બાબતનું લેશ માત્ર સૂચન કરવામાં આવ્યું નહોતું. ડૉ. બોઝે આ માટે 'રેસોનન્ટ રેકર્ડર' નામનું એક અત્યન્ત નાજુક યંત્ર તૈયાર કર્યું હતું. આ યંત્ર એવું હતું કે જેમાં છોડવાના અન્તર્ભાગ ઉપર કોઇ પણ સ્ફુર્તિદાયક દ્રવ્ય (દા. ત. મદ્ય) ની થતી અસર અને ધબકારાની ગતિ નોંધાઇ શકતી હતી. આ સંબંધમાં જાણીતા તત્વચિન્તક આલ્ડસ હકસલી નીચે મુજબ જણાવે છે:–

"કલકત્તામાં આવેલ બોઝ ઇન્સ્ટીટ્યુટમાં અમે તેમની સાથે ફર્યા અને એક આશ્ચર્યમાંથી અન્ય આશ્ચર્યમાં ગરકાવ થતા રહેવાનો આનંદ અનુભવ્યો. કાળી કાચની પટ્ટી ઉપર સોય વડે છોડવાનો વિકાસ યંત્રિક રીતે આલેખાતો અમે જોયો. છોડને બહારથી વીજળીનો આંચકો આપવામાં આવ્યો અને છોડની અંદર અમે આંચકાની થરથરાટી પેદા થતી નિહાળી. અમે છોડવાને આહાર ગ્રહણ કરતો જોયો. આ પ્રક્રિયામાં ઓકસીજનનો વાયુ અલ્પ પ્રમાણમાં તે બહાર કાઢતો હતો. જ્યારે સૂર્યનો છોડવા ઉપર પ્રકાશ પડવા લાગ્યો ત્યારે ઘંટડી ઘણી વાર અને નિયમિત રીતે વાગવા લાગી. જ્યારે તેની ઉપર આવરણ ઢાંકવામાં આવ્યું ત્યારે તેની આહાર લેવાની પ્રક્રિયા બંધ થતી માલુમ પડી, અને ઘંટડી લાંબા ગાળે વાગવા લાગી અથવા વાગતી, બીલકુલ બંધ થઈ ગઇ. જે પાણીમાં છોડવો ઉભો રાખવામાં આવ્યો હતો તેમાં સ્ફુર્તિદાયક દ્રાવનું એક ટીપું નાંખવામાં આવ્યું અને જાણે કે કોઈ ટાઇપીસ્ટ ખૂબ ઝડપથી ટાઇપ કરવાં મંડ્યો હોય એ રીતે, ઘંટડી એકદમ જોરશોરથી વાગવા માંડી. પછી બોઝે ક્લોરોફોર્મ (ઉંઘાડવાની દવા) છોડવાને આપી. આ પ્રયોગ સંપૂર્ણ રીતે સફળ થયો. છોડવાએ જાગૃત અવસ્થા દરમિયાન નવી જગ્યાએ તરતજ મૂળ પકડ્યું અને તે વિકસવા લાગ્યો. ક્લોરોફોર્મનું વધારે પડતું પ્રમાણ જેવી રીતે માણસને તેવી જ રીતે છોડવાને પણ પ્રાણઘાતક નીવડતું અમે જોયું, ફુલને ઝેર આપવામાં આવે તો આપણે સ્પષ્ટપણે જોઇ શકીએ તેમ તે તરત જ કરમાવા માંડે છે. માણસના જીવનની છેલ્લી ઘડીઓ માફક તેની પણ છેલ્લી ઘડીઓ એટલી બધી વેદનાપૂર્ણ હોય છે કે તે યંત્રની મદદ દ્વારા નિહાળતાં આપણે આજ સુધી આ પદાર્થો વિષે કદિ પણ નહિ અનુભવેલી એવી ઊંડી સહાનુભૂતિ વડે આપણું દિલ હાલી ઉઠે છે.

"લાગણીપ્રધાન આત્માઓ કે જેમણે કત્તલખાનાનું દૃષ્ય જોઇને નિરામિષ આહારનો સ્વીકાર કર્યો હોય તેઓ જો પોતાના ખોરાકની મર્યાદા હજુ પણ ઘટાડવા માગતા ન હોય તો, તેમને આ બોઝ ઇન્સ્ટીટ્યુટના બારણે કદિ નહિ ચડવાની મારી સલાહ છે. છોડવાનું ખૂન થતું જોઇને તેમને કદાચ જમીનના પટાળમાં પેદા થતા રસાયણિક દ્રવ્યો ઉપર જ પોતાનો નિર્વાહ કરવાની લાગણી થઇ આવશે."

વિજ્ઞાનના એક નિષ્ટાવાન ઉપાસક હોવા ઉપરાંત ડૉ. બોઝ એક મહાન રાષ્ટ્રવાદી દેશભકત હતા. ડૉ. બોઝે એક ઠેકાણે કહ્યું હતું કે "કર્મનું અને નહિ કે નિષ્ક્રિયતાનું ભૂતકાળના ભારતમાં ગૌરવ કરવામાં આવ્યું હતું. જ્યાં સુધી સર્વ માટે સુખની પ્રાપ્તિ કરવામાં ન આવે–સર્વનો ઉત્કર્ષ સિધ્ધ ન થાય ત્યાં સુધી, આપણામાંથી કોઇ સુખનો અનુભવ ન જ કરી શકે જ્યારે ભારતભરમાં આપણને આવ્હાહન થઇ રહ્યું છે, આપણને પડકાર સંભળાઇ રહ્યો છે ત્યારે, આપણે તુચ્છ એવા ભોગોપભોગવાળું જીવન ગાળી ન જ શકીએ અથવા તો વ્યક્તિગત મોક્ષનો વિચાર કરી ન શકીએ" આજે બોઝનાં સ્મરણો અને તેમનું કલકત્તાનું ઇન્સ્ટીટ્યુટ એક એવી પ્રેરક જીવન્ત કથા રજુ કરે છે કે આજથી ૧૫ વર્ષ પહેલાં–૧૯૪૩ માં–બોઝનું અવસાન થયું એ હકીકત આપણે ભાગ્યે જ માની શકીએ તેમ છે.

મૂળ અંગ્રેજી: એમ. થી. સી. રાવ

અનુવાદક: પરમાનંદ

વિનોબાજીની પદયાત્રા

૧૯૫૫ની સાલમાં જગન્નાથપુરી ખાતે ભરાયલા સર્વોદય સંમેલનમાં ભાગ લેવાનું બન્યું ત્યારે વિનોબાજીનાં પહેલી વાર દર્શન કરવાનું બન્યું હતું, એટલું જ નહિ પણ, તેમને થોડો સમય પ્રત્યક્ષ મળવાનું પણ બન્યું હતું. પણ એ સમયે વિશેષ પરિચય સાધવાનું બની શકયું નહોતું. ત્યાર પછી ત્રણ તો સર્વોદય સંમેલનો ભરાઇ ગયાં; વચ્ચેના ગાળા દરમિયાન વિનોબાજી વિષે ઘણું વાંચવાનું તથા સાંભળવાનું પણ બન્યું. તેમની પદયાત્રા અખંડિત ચાલતી જ રહી. સમયના આ લાંબા ગાળા દરમિયાન વિનોબાજીની પદયાત્રામાં થોડા દિવસ જોડાઉં અને તેમને નજીકથી જોવા સાંભળવાની તક મેળવું એમ મનમાં ઘણી વાર ઇચ્છા સ્ફુરતી હતી, પણ એક યા બીજા કારણે એ મનની ઇચ્છા મનમાં જ સમાતી. ગયા મે માસની આખરમાં પંઢરપુર ખાતે સર્વોદય સંમેલન ભરાયું. પંઢરપુર તો મુંબઇની બહુ નજીક હતું. આમ છતાં પણ એ દિવસોમાં હું નૈનીતાલ બાજુ ફરી રહ્યો હતો, તેથી પંઢરપુરના સંમેલનમાં ભાગ લેવાનું બની ન શકયું. છેલ્લાં અઢી ત્રણ માસથી તેમણે ગુજરાતમાં પ્રવેશ કર્યો છે. દીવાળી લગભગમાં તેઓ ભાવનગર દ્વારા સૌરાષ્ટ્રમાં દાખલ થવાના હતા. સૌરાષ્ટ્રથી હું વધારે પરિચિત. ત્યાંના કાર્યકર્તાઓને હું ઠીક પ્રમાણમાં ઓળખું. તેથી વિનોબાજી ભાવનગર આવે ત્યારથી થોડા દિવસ તેમની પદયાત્રામાં જોડાવું એમ મેં વિચાર કર્યો.

પદયાત્રામાં જોડાવામાં મનથી મને થોડીક મુશ્કેલી હતી. એક તો પદયાત્રાના પડાવ સાધારણ રીતે દશથી બાર માઇલ હોય છે. આટલું લાંબુ અંતર પગેથી કાપવાનું મારા માટે અશકય તો નહિ, પણ ઘણું મુશ્કેલ હતું. વળી આટલું લાંબું ચાલીને નવા પડાવ ઉપર થાકયા પાકયા સુધ રહેવું પડે તો તેનો તો કાંઇ અર્થ જ નહિ. બીજું સવારના ત્રણ સાડા ત્રણ વાગ્યે વહેલાં ઉઠવાનું, તૈયાર થવાનું, સવારના વહેલાં ચાલવાનું, જ્યાં જઇએ ત્યાં કોઇ વિશેષ ખાસ સગવડ હોય નહિ, જે મળે તે ખાઇને ચલાવવાનું, સુવા માટે પોતના બીછાના ઉપર જ નિર્ભર રહેવાનું—આ બધું શરીરને માફક આવશે કે કેમ એ એક મનને મુંઝવતો સવાલ હતો. સૌરાષ્ટ્રના પ્રવાસને લગતી ગોઠવણો કરવાનું કામ ગુજરાત પ્રાન્તિક મહાસભાના મંત્રી શ્રી વજુભાઇ શાહને માથે હતું. તેમની સાથે ભાવનગરથી વિનોબાજીની પદયાત્રામાં મારા જોડાવા સંબંધમાં પત્રવ્યવહાર તો થયો જ હતો અને તે માટે તેમની મને અનુમતિ પણ મળી ગઇ હતી. ભાવનગર તેમને મળતાં, જરૂર પડે તો અને બારે, મારા માટે વાહનની સગવડ થઇ શકે તેમ છે એમ તેમણે જણાવ્યું એટલે મારી આ એક મોટી મુંઝવણ ટળી ગઇ. બીજું આજ કાલ શરીરે મને સારું રહેતું હોવાથી તથા કેટલાંક વર્ષથી લાગુ પડેલ કાયાબીટીસ અંગે હાલ કોઇ ખાસ તકલીફ નહિ હોવાથી પદયાત્રામાં મારું શરીર મને પૂરા સાથ આપશે એવી મનમાં શ્રદ્ધા પેદા થઇ અને ભાવનગરથી હું વિનોબાજીની પદયાત્રામાં જોડાયો.

ખંભાતથી વિનોબાજી સ્ટીમરોંચમાં નવેંબર માસની સાતમી તારીખે બપોરે રવાના થયા હતા. રાત્રીના ત્રણ વાગ્યે તેઓ ભાવનગરના જુના બંદરે ઉતર્યા અને સવારનું અજવાળું થાય ત્યાં સુધી તેઓ બંદર ઉપર જ રોકાયા, હું સવારે ઉઠીને બંદરના રસ્તે જે સ્થળે વિનોબાજીનુ સુ. નાનાભાઇ ભટ્ટ તથા શહેરના આગેવાનો તરફથી સ્વાગત થવાનું હતું તે સ્થળે પહોંચ્યો. થોડી વારમાં વિનોબાજી અમારી સમીપ આવી પહોંચ્યા. તેમને મેં નમન કર્યુ અને આગળ ચાલતા સન્માનસરઘસમાં અન્ય મિત્રો સાથે હું પણ જોડાયો. ભાવનગરમાં વિનોબાજીનાં બે અગત્યનાં પ્રવચનો થયાં. એક સવારના સાડા દશ વાગ્યે કાર્યકરોની સભામાં; બીજું સાંજે નગરજનોની જાહેર સભામાં. આ બન્ને પ્રવચનો સાંભળવાની તક મળી. આ બન્ને પ્રવચનોમાં સવારનું પ્રવચન ભારે લાક્ષણિક હતું. પદયાત્રામાં જોડાયેલા તેમ જ આ નિમિત્તે ભાવનગર આવેલા કેટલાક મિત્રોને મળવાનો અને તેમની સાથે પ્રાસંગિક બાબતો અંગે ચર્ચા કરવાનો પણ આજે સુયોગ સાંપડયો.

ભાવનગરથી પહેલો પડાવ—છ સાડા છ માઇલ દૂર—વરતેજ મુકામે હતો. ભાવનગરથી શરૂ થતી યાત્રામાં જોડાવા માટે સવારના સાડા ચાર વાગ્યે મારા નિવાસસ્થાનેથી વિનોબાજીનો જ્યાં ઉતારો હતો ત્યાં હું પહોંચી ગયો. બરોબર પાંચ વાગ્યે તેઓ બહાર નીકળ્યા. આગળ એક ભાઇ બત્તી લઇને ચાલવા લાગ્યા. પાછળ વિનોબાજી તથા તેમના સાથીઓ અને પાછળ પદયાત્રી સમુદાય ચાલવા લાગ્યો. હું પણ તેમાં જોડાઇ ગયો. પાએક માઇલ ઉપર સરકારી જેલ આવે છે. ત્યાં વિનોબાજી અને તેમનો યાત્રીસંઘ જાય અને કેદીઓને વિનોબાજી કાંઇક કહે એમ આગળથી નકકી કરવામાં આવ્યું હતું તે મુજબ, વિનોબાજી અને અમે બધાં જેલના દરવાજામાંથી અંદર દાખલ થયા. વહેલી સવારનો સમય, એટલે આસપાસ ઘોર અંધારું, ચોતરફ સુમસામ શાન્તિ, જેલની અભેદ્ય દિવાલો, તેની અંદર અમારું પ્રવેશવું—આ બધું વિલક્ષણ અને રોમાંચક લાગતું હતું. અંદર એક ચોગાન હતું. ત્યાં કેદીઓને એકઠા કરવામાં આવ્યા હતા. તેમની સમક્ષ અંદરના એક મકાનની પરશાળમાં વિનોબાજીને બેસાડવમાં આવ્યા. જેલના કેદીઓ તરફથી રૂા. ૮૦, તથા જેલના કર્મચારીઓ તરફથી રૂા. ૨૭।।।, એક કેદી તરફથી અઢી વીઘા જમીન, અને કેદીઓએ કાંતેલી ૧૬૫ સુતરની આંટીઓ—આટલું આ પ્રસંગે વિનોબાજીને ભેટ ધરવામાં આવ્યું. એ ભેટને પ્રેમભાવે સ્વીકારીને વિનોબાજીએ અત્યન્ત પ્રેમાળ કરુણાર્દ્ર સ્વરે જણાવ્યું કે "તમે અત્યારે જેલમાં છો એ રીતે મેં પણ ઘણાં વર્ષો જેલમાં કાઢયા છે, અને તમારી જેમ જેલમાં ફળવાનું અને એવું બધું કામ મેં પણ કર્યું છે, તેમ જ જેલમાં મેં વ્યાખ્યાનો પણ આપ્યાં છે. અત્યારે 'ગીતાપ્રવચનો'ના નામે જે પુસ્તક બહાર પડયું છે તે પુસ્તકના વ્યાખ્યાનો મેં જેલમાં જ આપ્યા છે. એ વ્યાખ્યાનો જેલના કેદીઓ સમક્ષ થયેલાં છે. કદી પણ મારામાં અને અન્ય કેદીઓમાં મેં ફરક માન્યો નથી. કેદીઓ કોઇ વિશેષ ગુનેહગાર છે એવું મને નથી લાગતું. કોઇ વાર કંઇ ભૂલ કરી નાખે એટલે જેલમાં જવાનું થાય, પણ જેલની જેઓ બહાર રહે છે તે બધા જ ભૂલ વગરના છે તેવું નથી. બધાંય ઓછી વધતી ભૂલ તો કરે જ છે. કેટલીક ભૂલો માટે આ દુનિયામાં અહિં સજા ભોગવવી પડે છે અને તેટલી સજા ભોગવી લીધાને કારણે તેમાંથી અહિં જ મુકિત મળી જાય છે; પરંતુ એવી પણ કેટલીક ભૂલો છે કે જેના માટે આ દુનિયામાં સજા થતી નથી, કારણ કે લોકોને એનો પત્તો જ લાગતો નથી. પરંતુ જે ભૂલોનો દંડ આ જગતમાં ન મળતો હોય, તેનો ભારે સખ્ત દંડ બીજી દુનિયામાં મળે છે. એટલે થોડાં ઘણાં પાપો તો અહિં સજા ભોગવીને ખતમ થાય છે, પરંતુ બીજાં ન કરવાનાં પાપો એવાં છે કે જેની સજા આગળ ઉપર જ મળે છે. જે ભૂલો તમે અહિં કરી તે બીજી વાર નહિ કરવાનું સ્મરણ રાખીને તમે જો જેલ છોડશો તો તમે સાધુ પુરૂષ, સન્ત પુરૂષ થઇ શકશો.

"તમે તમારા ટંકમાંથી ઓછું કરીને મને કંઇક દાન કર્યું તે સારું છે. મનુષ્યે સમાજને કંઇક ને કંઇક સમર્પણ કરીને જ ખાવું જોઇએ. બીજાને પહેલાં આપીએ અને પછી આપણે ખાઇએ તો આપણે જે ખાઇશું તેમાં આપણને બધાનો અશીર્વાદ મળી રહેશે, એટલે ખાવાનું પણ પચશે. પણ જો આપણે બીજાને આપ્યા વગર એમ ને એમ ખાઇએ તો તેના ઉપર બીજાની વાસના રહે અને તો આપણને ખાવાનું પચે નહિ. માટે આજે તમે જે નાનકડું કામ કર્યું છે તે પ્રકારનાં કામ તમે કરતા રહેશો તો તમે જીંદગી તરી જશો અને ધન્ય થઇ જશો. અને તમારો પૃથ્વી ઉપર ભાર

નહિ થાય. આપણે જો બીજાની ચિન્તા કર્યા વગર પોતાનું જ પેટ અને પોતાનું જ ઘર ભરવાની દાનત રાખીશું તો પૃથ્વીને લાગશે કે આનો તો મારા ઉપર ભાર થઇ રહ્યો છે. સેવા કરવાનું રાખીશું તો પૃથ્વીને કદિ પણ આપણો ભાર નહિ લાગે. પૃથ્વીને થશે કે આ તો મારા વહાલા પુત્રો છે તો આપણો તેને ભાર નહિ લાગે પણ આભાર લાગશે."

આમ ટુંકું છતાં સુમધુર અને કેદીઓ સહજમાં ગ્રહણ કરી શકે એવું પ્રવચન કરીને વિનોબાજી ત્યાંથી વિદાય થયા. થોડુંક આગળ ચાલ્યા એટલામાં ભાવનગર નરેશના રાજમહેલનો દરવાજો આવ્યો. દરવાજે મહારાજા વિનોબાજીની રાહ જોતા ઉભા હતા. વિનોબાજીનું તેમણે પુષ્પહારથી સ્વાગત કર્યું અને મહેલના બગીચાની અંદર થઇને આગળ જવા તેમને વિનંતિ કરી. અનેક નવપલ્લવિત વૃક્ષોથી સમૃદ્ધ એવા રાજમહેલના ઉદ્યાનમાં અમે દાખલ થયા, મહેલ સમીપ આવ્યા એટલે મહારાજાની ઇચ્છાને માન આપીને અંદરના હોલમાં વિનોબાજી અને અન્ય થોડાક સાથીઓ ગયા, અને પાંચેક મીનીટ મહારાજાની સાથે વાર્તાલાપ કરીને બહાર આવ્યા અને આગળ ચાલ્યા. આમ જેલમાંથી મહેલમાં અને મહેલમાંથી ખુલ્લા પ્રદેશમાં એ રીતે યાત્રીદળ આગળ ચાલ્યું અને આઠ વાગ્યા લગભગ વરતેજ મુકામે બધાં પહોંચ્યાં.

આ પહેલો દિવસ તો હું પણ સૌ સાથે પગપાળા ચાલ્યો. ત્યાર પછીના પડાવો દરમિયાન સળંગ ચાલવાને બદલે શરૂઆતના છ સાત માઇલ જે વાહન લભ્ય હોય તેમાં બેસી જતો અને પછી વિનોબાજી સાથે પદયાત્રામાં જોડાઈ જતો.

આ પદયાત્રાનો સાધારણ ક્રમ આ રીતનો રહેતો. સવારના ત્રણ વાગ્યે પદયાત્રિકોમાંથી કોઈ ભાઇ અથવા તો બે ત્રણ ભાઇ બહેનોની મંડળી સૌ કોઇને જાગવાની સૂચના તેમ જ પ્રેરણા આપતું ગાયન ગાતા નીકળે. આને સંસ્કૃત ભાષામાં 'વૈતાલિક' કહે છે. જ્યાં જ્યાં પદયાત્રિકો સૂતા હોય તે બધા વિભાગોમાં તેઓ ગાતા ગાતા ફરે. આ વૈતાલિક પંદરેક મીનીટ ચાલે. સવારના ૩ કલાક અને ૨૫ મીનીટના અરસામાં ઘંટ વાગે. એટલે યાત્રિકો બધાં વિનોબાજીના ઓરડા પાસે બહાર ખુલ્લી જગ્યા હોય ત્યાં એકઠાં થાય. વિનોબાજી પણ બહાર આવીને મુખ્ય સ્થાને બીરાજે. પ્રાર્થના શરૂ થાય. પ્રાર્થનામાં ઇશાવાસ્યઉપનિષદનો પાઠ શરૂ થાય અને તે પૂરો થતાં 'ૐ તત્સત્ શ્રી નારાયણતૂ'* એ મથાળાનું વિનોબાજીએ રચેલું સર્વ ધર્મના દેવોની પ્રાર્થના કરતું ભજન ગવાય. પ્રાર્થના પંદરેક મીનીટ સુધી ચાલે. પછીના કલાક દરમિયાન સૌ કોઇ તૈયાર થાય અને પેતપોતાનાં બીસ્તરા પેટી વગેરે એક ઠેકાણે એકઠાં લાવીને મૂકે, જેને પાછળથી ટ્રકમાં ભરીને બીજા પડાવના મુકામે પહોંચાડવામાં આવે. એકથી બીજા પડાવ સુધીનો ગાળો આઠ દશ માઇલનો હોય તો બરોબર પાંચ વાગ્યે અને તેથી વધારે અન્તર હોય તો તેના પ્રમાણમાં સાડા ચાર કે પોણા પાંચ વાગ્યે વિનોબાજીની પદયાત્રા શરૂ થાય. આગળ એક ભાઇ બત્તી સાથે ચાલે, પાછળ વિનોબાજી અને બાજુએ તેમની નજીકના સાથીઓ, પાછળ અન્ય પદયાત્રિકો અને મારી જેવા થોડા મર્યાદિત સમય માટે જોડાયલાં ભાઇ બહેનો. શરૂઆતમાં અંધારું હોય ત્યાં સુધી એટલે કે એકાદ કલાક વિનોબાજી મૌનપૂર્વક ચાલ્યા કરે. અજવાળું થાય પછી નિયત વ્યક્તિઓ સાથે અથવા તો પોતાના સાથીઓ સાથે તેમનો વાર્તાલાપ શરૂ થાય. કોઇ પણ પ્રશ્ન પૂછવામાં આવે એટલે વિનોબાજીની વાગધારા શરૂ થાય અને પ્રશ્ન કરનારને વિસ્તારથી પોતાનું દૃષ્ટિબિન્દુ અને વિચાર સમજાવવા વિનોબાજી પ્રયત્ન કરે. આમ જુદી જુદી વ્યક્તિઓ સાથે વાર્તાલાપ અને ચર્ચા, બીજો મુકામ આવે ત્યાં સુધી, અસ્ખલિતપણે ચાલ્યા કરે. વચમાં થોડા આરામ માટે ખોટી થવાની વાત જ નહિ. માર્ગમાં કોઇ મોટું ગામ આવે અને ત્યાંના ગામલોકો તરફથી તેમના સ્વાગતની ખાસ ગોઠવણ કરવામાં આવી હોય તો તે સ્થળે તેઓ થોડું ખોટી થાય અને એકઠા થયેલા ગામલોકોને ઉપદેશનાં બે વચનો સંભળાવે. સૂર્યોદય થાય તે અરસામાં મુસંબીનો રસ કે મધવાળું પાણી લેવા માટે ઉભા રહે, બધાંથી જુદા પડીને બાજુએ ખેતરમાં ઉભા ઉભા રસ યા પાણી મોઢામાં વાગોળતાં વાગોળતાં પી લે. એ વખતે પણ નજીકના કોઈ ભાઈ કે બહેન સાથે તેમની ચર્ચા તો ચાલતી જ હોય. વિનોબાજી અવાર નવાર કહે છે કે "આ પદયાત્રા અમારી ચાલતી 'સેમીનાર' છે. આમાં કોઈ પણ જોડાઇ શકે છે અને પ્રશ્નો પૂછી શકે છે." સાધારણ રીતે ચાલતાં બોલવું એ થાકને વધારનારૂં લેખાય છે, પણ વિનોબાજી ચાલવાથી તેમ જ બોલવાથી એટલા બધા ટેવાઇ ગયા છે કે આથી તેમને થાક લાગતો હશે એમ આપણને કદિ જણાતું નથી.

નિશ્ચિત મુકામે યાત્રીદળ પહોંચે એટલે ત્યાં પદયાત્રિકોને કેળાં, ખજુર, દૂધ, કદિ રોટલા અને કોઇ ઠેકાણે શીંગ પણ–આવો નાસ્તો આપવામાં આવે. ત્યાર બાદ નાવા ધોવા વગેરેમાં સૌ રોકાય. વિનોબાજી પણ મુકામે પહોંચ્યા બાદ એકાદ કલાકમાં સ્નાનાદિથી પરવારીને મુલાકાતો આપવા માટે તૈયાર થઇ જાય. અહિં એ જણાવવું રહી ગયું કે જ્યાં જ્યાં મુકામ હોય તે તે ગામમાં પ્રવેશવાની સાથે તે તે ગામના લોકો વિનોબાજીનું ઊડું ભાવભીનું સ્વાગત કરે છે અને નિયત સ્થળે તેમની સમક્ષ તેઓ એક નાનું સરખું પ્રવેશ પ્રવચન કરવાનું વિનોબાજીના ભાગે આવે છે.

બપોરના બાર વાગ્યે યાત્રિકોનું સમૂહભોજન હોય છે. આ ભોજનમાં સાધારણ રીતે રોટલી, દાળ, ભાત, એકાદ શાક અને કાંઇક અથાણા જેવું હોય છે. કોઈ કોઈ વાર–ખાસ કરીને આસપાસથી આવેલા લોકોને મોટી સંખ્યામાં જમાડવાના હોય ત્યારે–કાંઇક મિષ્ટાન્ન પણ હોય છે.

પ્રસ્તુત યાત્રીદળમાં સ્થાયી યાત્રિકો ૩૫ થી ૪૦ ની સંખ્યામાં હોય છે અને મારી જેવા ટુંકી મુદતના યાત્રિકો ૧૫ થી ૨૦ હોય છે. આમ યાત્રીદળ સાધારણ રીતે ૬૦ થી ૭૦ ભાઇ બહેનોનું બનેલું રહે છે.

બપોરના ભોજન પછી ૨॥ થી ૩॥ વાગ્યા સુધી સમૂહકાંતણ ચાલે છે, જ્યારે કોઇ ને કોઇ વિશિષ્ટ વ્યક્તિનું પ્રવચન અથવા તો અંદર અંદર ચર્ચા વાર્તાલાપ ચાલે છે. વિનોબાજી સાધારણ રીતે ૧૧॥ થી ૨॥ સુધીનો સમય ભોજન, આરામ તથા સ્વાધ્યાયમાં ગાળે છે. વિનોબાજીનો ખોરાક મોટા ભાગે પ્રવાહી હોય છે. તેઓ હંમેશાં પા રતલ મધ, બશેર લગભગ દૂધ, અને દુધમાં પલાળેલી કણકી, મુસંબીનો રસ અને કદિ કદિ દહીં યા છાશ લે છે. સ્વાધ્યાયમાં આજકાલ 'ધમ્મપદ'નું સંશોધન અને સંપાદન ચાલે છે. બીજું વાંચન પણ ચાલતું હશે. અઢી વાગ્યા બાદ પાછી મુલાકાતો શરૂ થાય છે. આ મુલાકાતો વ્યક્તિગત હોય છે, તેમ જ અમુક મંડળના પ્રતિનિધિઓની હોય છે. કોઇ મંડળની મુલાકાત હોય ત્યારે આવા મંડળના મુખી તરફથી તૈયાર કરવામાં આવેલી પ્રશ્નમાળા વિનોબાજીના હાથમાં મૂકવામાં આવે છે અને પ્રત્યેક પ્રશ્નનો વિનોબાજી વિસ્તારથી જવાબ આપે છે. આમ સાંજના સાડા ચાર સુધી ચાલતું હોય છે. ત્યાર બાદ જનતાની જાહેર સભા ગામના કોઈ પણ ખુલ્લા મેદાનમાં ગોઠવાયલી હોય છે. એક બાજુએ વિનોબાજી માટે ઠીક ઠીક ઊંચાઇવાળો વ્યાખ્યાનમંચ બનાવવામાં આવ્યો હોય છે. આ સાંજની

*ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ, પુરૂષોત્તમ ગુરૂ તૂ।
સિદ્ધ બુદ્ધ તૂ, સ્કન્દ વિનાયક સવિતા પાવક તૂ॥
બ્રહ્મ મરૂદ્ તૂ, યહ્વ શક્તિ તૂ, ધરણિ પિતા પ્રભુ તૂ।
રૂદ્ર વિષ્ણુ તૂ, રામકૃષ્ણ તૂ, રહીમ તાઓ તૂ॥
વાસુદેવ ગો–વિશ્વરૂપ તૂ, ચિદાનન્દ હરિ તૂ।
અદ્વિતીય તૂ અકાલ નિર્ભય આત્મ–લિંગ શિવ તૂ॥
ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ, પુરૂષોત્તમ ગુરૂ તૂ।

સભામાં ભાગ લેવા માટે આસપાસના ગામડાના અનેક લોકો આવી ચડ્યા હોય છે. કોઈ સભામાં હજાર, કોઈમાં પાંચ હજાર તો ભાવનગર રાજકોટ જેવા સ્થળોએ ૪૦ થી ૫૦ હજાર ભાઈ બહેનોની મેદની વિનોબાજીને સાંભળવા એકઠી થયેલી જોવા મળે છે. વિનોબાજીની પ્રવચન સભાઓની એ વિશેષતા છે કે તેમાં સ્વાગત વ્યાખ્યાન, સંદેશા વાંચન, આભાર વ્યાખ્યાન,—આવા કોઈ ઉપચારવિધિને જરા પણ સ્થાન હોતું જ નથી. પ્રારંભમાં કોઈ એક મુખ્ય માણસ વિનોબાજીના આગમન નિમિત્તે સૂતાંજલિ યા ભૂદાન યા સંપત્તિદાનના રૂપમાં જે કાંઈ એકઠું થયું હોય તેની જાહેરાત કરે અને પછી વિનોબાજીનું વ્યાખ્યાન શરૂ થાય. આ વ્યાખ્યાનોમાં તેઓ મુખ્યપણે ગ્રામદાન, શાન્તિસેના અને સર્વોદય પાત્રને લગભગ વિચારો આગળ ધરતા હોય છે, એમ છતાં પણ તેના અનુસંધાનમાં તેઓ બીજા અનેક વિષયો ઉપર વિવેચન કરતા રહે છે. આવાં દૈનિક પ્રવચનોમાં કેટલીક બાબતોનું પુનરાવર્તન થાય એ સ્વાભાવિક છે, કારણ કે તેમની આખી પદયાત્રા અને પ્રવચનસભાઓ ચોકકસ પ્રકારના એક મીશનના—ધર્મકાર્યના—હેતુથી પ્રેરાયલી હોય છે, અથવા તો દેશમાં આર્થિક અને સામાજિક ક્ષેત્રે તેમની કલ્પનાની એક પ્રકારની ક્રાન્તિ—જેને આપણે સર્વોદય ક્રાન્તિના નામે ઓળખી શકીએ—આવું ક્રાન્તિનિર્માણ કરવાના હેતુથી ચાલી રહી છે. આમ છતાં તેમનું એક પણ પ્રવચન એવું નથી હોતું કે જેમાં એક બે નવા વિચાર, નવી કલ્પના કે નવી દૃષ્ટિ રજુ થયેલ ન હોય. કોઈ પણ પ્રવચન આગળથી સુસંબદ્ધ રીતે વિચારાયલું અને ગોઠવાયલું હોતું નથી. આગળ પાછળની ચર્ચાના મુદ્દાઓ પકડીને તેમનું પ્રવચન શરૂ થાય છે અને પછી તેમની વિચારધારા જેમ તેમને ખેંચી જાય તે મુજબ—તેમની વાગ્ધારા વહેતી ચાલે છે. મોટા ભાગે જેવો શ્રોતાસમુદાય તે મુજબ તેમની વાણી પોતાનો ઘાટ પકડે છે. કદિ કદિ શ્રોતાગણને ભૂલી જઈને સમસ્ત ભારતને અથવા તો આખા જગતના લોકોને સંબોધતી વાણી—તેમના મોઢેથી પ્રસવતી—સાંભળવામાં આવે છે. કોઈ કોઈ વાર તેમનું વ્યાખ્યાન નબળું અથવા હળવું માલૂમ પડે છે તો કોઈ કોઈ વાર કોઈ એક વિષયનું સુસંબદ્ધ નિરૂપણ પોણા કલાક કે કલાકના વ્યાખ્યાનમાં તેઓ કરતા હોય છે અને તે પણ કાવ્યાત્મક રીતે અને ગંભીર તાત્વિક વિચરણાપૂર્વકનું. મર્યાદિત શ્રોતાવર્ગ સમક્ષ તેઓ ઘણી વખત વધારે ખીલે છે. કોઈ પણ પ્રશ્નમાળાના જવાબો આપતા તેમને સાંભળવામાં કોઈ જુદો જ રસ આવે છે. મનમાં કાંઈક રાખીને ચોતરફનો લાંબો વિચાર કરીને બોલવું તે તેમના સ્વભાવમાં નથી. તેઓ મુક્ત મને બોલે છે અને તેમની વાણી શાસ્ત્રગ્રંથોના અવતરણો દૃષ્ટાન્તો અને અનુભવનાં તારણોથી ભરેલી હોય છે. ઉપર જણાવ્યું તેવાં જાહેર સભાનાં પ્રવચનો મોટા ભાગે પોણા કલાકથી કલાક સુધી ચાલે છે. સૂર્યના આથમવા સાથે તેમનું પ્રવચન મોટા ભાગે સમાપ્ત થતું હોય છે.

જાહેર પ્રવચનના અન્તે પાંચ મીનીટ મૌન પ્રાર્થનાનો કાર્યક્રમ હોય છે. પોતાને કહેવાનું હોય તે કહેવાઈ રહે, એટલે પછી વિનોબાજી જણાવે છે કે "ભાઈઓ, હવે આપણે પાંચ મીનીટ મૌન પ્રાર્થના કરવાની છે. વ્યાખ્યાન ચાલતું હતું તે દરમિયાન કોઈ બોલે, ચાલે કે ઉભા રહે તેમાં કશું વાંધા જેવું નહોતું, પણ હવે સૌ એકદમ શાન્ત થઈ જાય, ઉભાં હોય તે બેસી જાય, બેઠા હોય તે ટટ્ટાર થઈને બેસે અને કોઈ કશો અવાજ ન કરે. આપણે બધાય સાથે મળીને શાન્તિપૂર્વક મૌનપૂર્વક સત્ય, પ્રેમ, કરૂણા—એ મહાન ગુણોનું ધ્યાન કરીએ સત્ય, પ્રેમ, કરૂણા. હવે ધ્યાન શરૂ થાય છે. "ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ" એમ કહીને તેઓ ધ્યાનસ્થ બની જાય અને સૌ પણ તેમના આદેશ મુજબ પાંચ મીનીટ પૂરી શાન્તિ જાળવે. પાંચ મીનીટ પૂરી થયા બાદ "સૌ ભાઈઓને પ્રણામ, જયં જગત્" કહીને તેઓ ઉભા થાય અને સભા વિસર્જન થાય.

સાંજના સાત વાગ્યે પદયાત્રીઓ જમવા માટે એકઠા થાય. સાંજનાં ભોજનમાં રોટલા, કઢી, ખીચડી અને એકાદ શાક—મોટા ભાગે આટલી વસ્તુઓ હોય છે. સભા પછી પણ વિનોબાજીની મુલાકાતો થોડો સમય ચાલતી હોય છે. પછી એક દોઢ કલાક તેમનો સ્વાધ્યાય ચાલે છે. પછી રાત્રે આઠ વાગ્યા પહેલાં પાંચેક મીનીટે ઘંટ વાગે અને આઠ વાગ્યે સાયંપ્રાર્થના શરૂ થાય છે. આ પ્રાર્થનામાં ગીતાનો બીજો અધ્યાય જેમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવવામાં આવ્યા છે તે અને 'ૐ તત્સત્ શ્રી નારાયણ તૂં' એ ભજન મુખ્યપણે હોય છે, એ ઉપરાંત આગળથી નક્કી કર્યું હોય તો એકઠી થયેલી મંડળીમાંથી કોઈ ભજન ગાય છે. પ્રાર્થનામાં પંદર મીનીટથી વધારે સમય લાગતો નથી. પ્રાર્થના બાદ વિનોબાજી આરામ કરે છે. પદયાત્રિકો પણ સાધારણ રીતે નવ સાડા નવ લગભગ સુઈ જતા હોય છે. વિનોબાજીની પદયાત્રાનો ક્રમ આ પ્રકારે ગોઠવાયલો રહે છે, એક ગામ યા શહેર અને એક દિવસ—આમ તેમણે મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં અને ગુજરાતમાંથી સૌરાષ્ટ્રના અમુક ભાગમાં, ત્યાંથી કચ્છમાં ત્રણ દિવસનો પ્રવાસ પતાવીને પાછા સૌરાષ્ટ્રના અન્ય વિભાગોમાં, અને ત્યાંથી તેમણે અમદાવાદ જીલ્લામાં પ્રવેશ કર્યો છે અને ચાલુ મહીનાની ૨૦ તથા ૨૧ મી તારીખે અમદાવાદ તથા સાબરમતી હરિજન આશ્રમમાં ગાળીને તેઓ જાન્યુઆરીની ૧૩ મી તારીખે ગુજરાત છોડીને રાજસ્થાનમાં પ્રવેશ કરવાના છે. ફેબ્રુઆરીની આખરમાં અજમેર ખાતે સર્વોદય સંમેલન છે. તે અરસામાં તેઓ અજમેર પહોંચી જશે એવી ધારણા છે અને ત્યાંથી આગળ વધતાં વધતાં મે માસની આખરમાં તેઓ કાશ્મીર પહોંચવા ધારે છે.

આગળ ઉપર જણાવ્યું તે મુજબ હું ભાવનગરથી જ વિનોબાજીની પદયાત્રામાં જોડાયો. પહેલો મુકામ વરતેજ હતો. ત્યાંથી સોનગઢ, સણોસરા, ઈંગરોલા અને માલપુરા એ મુજબના મુકામો સુધી હું વિનોબાજીની પદયાત્રામાં સાથે રહ્યો અને માલપુરાથી જ્યારે તેઓ ચાવંડ તરફ ઉપડ્યા ત્યારે હું સણોસરા થઈને નવેમ્બર માસની ૧૪મી તારીખે ભાવનગર પાછો આવ્યો. વળી પાછો નવેમ્બરની ૧૭મી તારીખે સાંજે ભાવનગરથી હું વીરનગર પહોંચ્યો. ત્યાંથી રાજકોટ આશરે ૩૦ માઇલ દૂર છે. વીરનગર વિનોબાજી ૧૮ મીની સવારે આવ્યા. વીરનગર તેમના સાન્નિધ્યમાં આખો દિવસ ગાળ્યો અને ત્યાંથી બીજે દિવસે સરધાર, પછી ત્રંબા અને પછી રાજકોટ—એમ પાછો ત્રણ દિવસ તેમની પદયાત્રામાં હું જોડાયો. સાધારણ રીતે કોઈ પણ ગામ યા શહેરમાં વિનોબાજી એક દિવસથી વધારે રોકાતા નથી. રાજકોટ ૨૨ મી તારીખે સવારે તેઓ આવ્યા અને બીજે દિવસે સવારે ન ઉપડતાં સાંજે ચાર વાગ્યે તેમની સ્વારી રાજકોટથી ઉપડી અને પાંચ માઇલ દૂર આવેલ ઘંટેશ્વર નામના એક નાનાં સરખા ગામડામાં તેમણે અને તેમના યાત્રીદળે રાતવાસો કર્યો. ઘંટેશ્વરના માર્ગે હું તેમની સાથે જોડાયલો અને રાત્રીના તેમની રજા લઈને હું રાજકોટ પાછો ફર્યો હતો. આ રીતે તેમની સાથે ૧૧ દિવસ રહેવા યા વિચારવાનું બન્યું. આ દિવસો દરમિયાન થયેલાં તેમનાં અનેક પ્રવચનો સાંભળ્યાં; જુદા જુદા મંડળો સાથે ચાલતી તેમની ચર્ચામાં ભાગ લેવાનું બન્યું; વળી તેમની સાથે ચાલતાં તેમ જ એક યા બીજા સ્થળે તેઓ સ્થિર થઈને રહ્યા હોય તે દરમિયાન પ્રત્યક્ષ ચર્ચાના પણ છુટા છવાયા પ્રસંગો મળ્યા. આમ તેમને અનેક બાજુએથી નીરખવાનો, જાણવાનો, સમજવાનો મને ઠીક ઠીક અવકાશ મળ્યો અને જે કામનાથી હું તેમની પદયાત્રામાં જોડાયો હતો તે કામના મોટા ભાગે સફળ થયાનો મેં સંતોષ અનુભવ્યો.

વિનોબાજીની આજે ચાલી રહેલી પદયાત્રા વિષે મારા મન ઉપર ઉઠેલા ચિત્રને રજુ કરવાનો આ મારો નમ્ર પ્રયાસ છે. એ અંગેનાં કેટલાંક સંવેદનો અને વિનોબાજીના ભવ્ય વ્યક્તિત્વ અને વિચારણા અંગે મારા મન ઉપર પડેલા પ્રત્યાઘાતો હવે પછી રજુ કરવા પ્રયત્ન કરીશ.

પરમાનંદ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯